યુ. જી. સી.ની આર્થિક સહાયની યોજના દ્વારા પ્રકાશિત ક્રમ નં. ૨૩

ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન

"પુરુષોત્તમદેવની લઘુપરિભાષાવૃત્તિનું વિવેચનાત્મક અધ્યયન"

A CRITICAL STUDY OF PURUṢOTTAMDEVA'S LAGHU-PARIBHĀṢĀVṚTTI

લેખક

ડૉ. વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ–૩૮૦૦૦૯

લેખકનો પરિચય

ડૉ. વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

એમ.એ. ૧૯૭૫; પાણિનીય વ્યાકરણ-શાસ્ત્રમાં પીએચ.ડી., ૧૯૭૯ અને ડિપ્લોમા ઇન લિંગ્વિસ્ટિક્સ, ૧૯૮૨.

જન્મ તારીખ : ૨૧ મી ફેબ્રુઆરી, ૧૯૫૩.

શૈક્ષણિક અનુભવ :

૧. અનુસ્નાતક, સંસ્કૃત વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાં, સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકેનો પાંચ વર્ષ છ મહિનાનો અનુભવ;

૨. હાલમાં સંસ્કૃત વિભાગ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-માં સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકે સેવા આપે છે.

હરિ ઓમ્ આશ્રમ પ્રેરિત ભાઈકાકા ઇન્ટર યુનિવર્સિટી સંશોધન લેખ સ્પર્ધા (૧૯૭૯)માં તથા All India Oriental Conference (શાંતિનિકેતન, ૧૯૮૦)ના ૩૦ મા અધિવેશનમાં શ્રી. ડી. કે. જૈન પ્રાઈઝના પુરસ્કારો મળ્યા છે.

પ્રકાશન :

૧. યાસ્ક પ્રણીત નિરુક્ત (૧, ૨, ૪ અને ૭) : વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદીનાં, ૨. સંજ્ઞા પ્રકરણ, અને ૩. કારક પ્રકરણ, તથા ૪. બાણભટ્ટ કૃત હર્ષચરિત (૧–૨) વગેરેના ગુજરાતીમાં પ્રસ્તાવના અને વિમર્શ સહિતના અનુવાદો પ્રકાશિત થયા છે.

કિંમત : રૂ. ૩૨–૦૦

યુ. જી. સી. ની આર્થિક સહાયની યોજના દ્વારા પ્રકાશિત ક્રમ-૨૩

ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન

પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'નું વિવેચનાત્મક અધ્યયન

અર્થાત્

(પાણિનીય-સંસ્કૃત-વ્યાકરણ શાસ્ત્રમાં પ્રાપ્ત થતી પરિભાષાઓ(metarules)નું વિવેચનાત્મક અધ્યયન)

A CRITICAL STUDY OF PURUṢOTTAMADEVA'S LAGHU-PARIBHĀṢĀVṚTTI

: લેખક :

ડૉ. વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ - ૩૮૦૦૦૯

નિવેદન

સંસ્કૃત વાઙ્મયમાં ઋગ્વેદ આદિ ચાર વેદોનો મહિમા અદ્વિતીય છે. કારણ કે આપણે વેદોને ઈશ્વરનું નિઃશ્વસિત માન્યાં છે. આ વેદોની રક્ષા કરવા માટે ભારતીય આર્યપ્રજાએ વેદકાળથી આરંભીને આજદિન સુધી અવિરતપણે અનુપમ પુરુષાર્થ કર્યો છે. વેદરક્ષાના હેતુથી પ્રેરાઈને જ ષડ્ વેદાંગો અને વિવિધ દર્શન-શાસ્ત્રાદિ પ્રવર્તાવ્યાં છે. આ વેદાંગોમાંથી સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રને વેદપુરુષનું (मुखं व्याकरणं प्रोक्तम्) 'મુખ' કહેવામાં આવ્યું છે. એટલે કે ષડ્ વેદાંગમાં વ્યાકરણ મુખ્ય-પ્રધાન-વેદાંગ છે.

વ્યાકરણવેદાંગ તરીકે મહર્ષિ પાણિનિએ રચેલો અષ્ટાધ્યાયી ગ્રન્થ જગત્માં સુવિખ્યાત છે. પાણિનિનું આ અષ્ટાધ્યાયી વ્યાકરણ અત્યંત લાઘવપૂર્ણ છતાંય સમ્પૂર્ણ છે; અને આથી કઠિનતમ હોવા છતાંય સર્વથા ઉપાદેય છે.

*

પાણિનીય સંસ્કૃત વ્યાકરણશાસ્ત્ર મુખ્યત્વે ત્રિવિધ પ્રવાહોમાં પ્રવહમાન બન્યું છે : (૧) શબ્દસિદ્ધિ, (૨) સૂત્રાર્થનિર્ણય, અને (૩) શબ્દાર્થ નિર્ણય. શબ્દસિદ્ધિ-વાક્યમાં વપરાતાં નામપદો અને ક્રિયાપદોની રૂપસિદ્ધિ કેવી રીતે કરવી ? -તે અંગેની ચર્ચાઓ કરતા અનેક વૃત્તિ/પ્રક્રિયા ગ્રન્થો; જેવા કે-કાશિકા, પ્રક્રિયા કૌમુદી, વૈયાકરણસિદ્ધાન્ત કૌમુદી વગેરે ઉપલબ્ધ થાય છે. તથા 'અષ્ટા-ધ્યાયી'માં રજૂ થયેલાં સૂત્રોનો અર્થ-નિર્ણય કે સૂત્રની પ્રવૃત્તિવિષયક માર્ગદર્શન આપતી અનેક પરિભાષાઓ (meta-rules) સૂત્ર રૂપે કે વચન રૂપે પ્રાપ્ત થાય છે. આવી પરિભાષાઓને એકત્ર કરીને જુદા જુદા પાણિનીય અને અપાણિનીય વૈયાકરણોએ પરિભાષાપાઠો તૈયાર કર્યા, તથા તેવી પરિભાષાઓ ઉપર વૃત્તિ/વ્યાખ્યાન ગ્રન્થોની પણ રચના કરી. આવા પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં વ્યાડિકૃત પરિભાષા-સૂચન, પુરુષોત્તમદેવકૃત લઘુપરિભાષાવૃત્તિ અને નાગેશ ભટ્ટ કૃત પરિભાષેન્દુશેખર જેવા ગ્રન્થો ખાસ નોંધપાત્ર છે. વ્યાકરણશાસ્ત્રની ત્રીજી શાખામાં શબ્દાર્થ-નિર્ણય કરી આપનારી ચર્ચાઓ જોવા મળે છે. તેમાં વાક્યપદીય, વૈયાકરણભૂષણ અને લઘુમંજૂષા જેવા ગ્રન્થો ઉલ્લેખનીય છે. આમાંથી ભર્તૃહરિના ત્રિકાંડી 'વાક્યપદીય' ગ્રંથથી સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રને દાર્શનિક સ્વરૂપ મળ્યું છે. તેમાં શબ્દબ્રહ્મ, અખંડ વાક્ય સ્ફોટાદિની ચર્ચાઓ જોવા મળે છે.

*

સ્વ. પ્રોફે. શ્રી કે. વી. અભ્યંકરજીએ 'પરિભાષાસંગ્રહ'નું સંપાદન કરીને, Ph.D. નો વિષય પસંદ કરવાની બાબતમાં પરોક્ષ રીતે મારી ઉપર ઉપકાર કર્યો છે, તથા સ્વ. પ્રોફે. શ્રી જે. એમ. શુક્લ સાહેબે મને મારા સંશોધન કાર્યમાં માર્ગદર્શન આપીને પ્રત્યક્ષ રીતે ઉપકૃત કર્યો છે. આ સાથે જ, પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં મારો પ્રવેશ કરાવનાર ગુરુવર્યોનાં નામોનો ઉલ્લેખ પણ કરવો જોઈએ– સ્વ. પંડિત શ્રી ચિમનલાલ જગજીવનરામ શાસ્ત્રીજી અને પંડિત–મૂર્ધન્ય શ્રી બાલકૃષ્ણ પંચોલીજીએ મને ખૂબ વાત્સલ્યથી વર્ષો સુધી પાણિનીય વ્યાકરણ ભણાવ્યું છે. તથા સંસ્કૃત ભાષા પ્રત્યે પ્રીતિ જન્માવીને, પૂજ્ય પ્રોફે. શ્રી પી. સી. દવે સાહેબે મને લીલયા સંસ્કૃતભાષા શીખવી છે. વિનીતભાવે પ્રણામપૂર્વક આજે આ સૌ ગુરુજનોના ઋણનો હું સ્વીકાર કરું છું.

મારા આ સંશોધન કાર્ય દરમ્યાન પ્રોફે. ટી. એસ. નાન્દીસાહેબ, પ્રોફે. એમ. સી. દવે, મારા સૌ કુટુમ્બીજનો, પ્રિયમિત્રો–રશ્મિકાન્ત બ્રહ્મભટ્ટ, હેમન્ત બ્રહ્મભટ્ટ, જનક સહેતા, જયંત મહેતા–ની શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ છે. એમના પ્રત્યે હું હાર્દિક આભારની લાગણી પ્રદર્શિત કરું છું. આ મહાનિબંધના મુદ્રણકાર્ય દરમ્યાન પ્રૂફ રીડિંગમાં શરૂથી અન્ત સુધી ઉત્સાહપૂર્વક મદદ કરનાર મારાં શ્રીમતી વૃન્દા ભટ્ટનો અને મારી નાની બહેન અરુણા ભટ્ટનો પણ હું આભાર માનું છું.

પીએચ. ડી. ના અભ્યાસ કાર્ય દરમ્યાન મને યુ. જી. સી.એ 'જુનીયર રીસર્ચ ફેલોશીપ' એનાયત કરીને તથા આ મહાનિબંધના પ્રકાશનમાં આર્થિક મદદ કરીને મને ઉપકૃત કર્યો છે. આ મહાનિબંધને પ્રકાશિત કરનાર ગુજરાત યુનિવર્સિટી અને તેના કાર્યવાહક સૌ અધિકારીઓ અને કર્મચારીઓનો પણ હું આભાર માનું છું. શ્રી ત્રિપુરા પ્રિન્ટિંગ પ્રેસે પણ મુદ્રણ કાર્યમાં જે નિષ્ઠા દાખવી છે તેની સાભાર નોંધ લઉં છું.

પાણિનીય વ્યાકરણશાસ્ત્રના અધ્યેતાને આ કાર્ય ઘણી રીતે ઉપકારક થશે એવી આશા છે. અભ્યાસીઓનાં સૂચનો સહર્ષ આવકાર્ય છે.

૧ લી ડિસેમ્બર, ૧૯૮૭ વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

અમદાવાદ

અનુક્રમણિકા

પ્રકાશક સંસ્થાનું નિવેદન
લેખકનું નિવેદન

વિભાગ-૧

પ્રકરણ	શીર્ષક	પૃષ્ઠ
૧.	પરિભાષા વિષે થોડું પ્રાસ્તાવિક	૩
૨.	પાણિનિનાં પરિભાષાસૂત્રો	૨૩
૩.	વ્યાડિ : પરિભાષાસૂચન અને પરિભાષાપાઠ	૪૯
૪.	કાત્યાયન પતંજલિએ રજૂ કરેલ પરિભાષાઓનું વિવેચન	૭૧
૫.	પરિભાષાઓનું કર્તૃત્વ અને સમયનિર્ણય	૮૭
૬.	પાણિનીય અને અપાણિનીય પરિભાષાપાઠો	૧૧૧
૭.	પુરુષોત્તમદેવનો જીવનસમય અને કૃતિઓ	૧૪૫

વિભાગ-૨

૮.	પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'-એક પરિચય	૧૫૫
૯.	'લઘુપરિભાષાવૃત્તિ'નો અનુવાદ (વ્યાડિ, સીરદેવ, નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશના પરિભાષા ગ્રન્થો સાથે તુલના સહિત)	૧૯૮
૧૦.	પુરુષોત્તમદેવકૃત 'લઘુપરિભાષાવૃત્તિ'ની આધારસામગ્રી	૫૫૭
૧૧.	પુરુષોત્તમદેવકૃત 'લઘુપરિભાષાવૃત્તિ'નું મૂલ્યાંકન	૫૮૬

વિભાગ-૩

૧૨(૧)	પાણિનીય પરિભાષાગ્રન્થોના તુલનાત્મક અભ્યાસની ભૂમિકા	૬૦૩
૧૨(૨)	સીરદેવ અને પુરુષોત્તમદેવ	૬૦૮
૧૩.	નીલકંઠ અને પુરુષોત્તમદેવ	૬૩૦
૧૪.	હરિભાસ્કર અને પુરુષોત્તમદેવ	૬૪૫
૧૫.	નાગેશ અને પુરુષોત્તમદેવ	૬૫૯
૧૬.	ઉપસંહાર	૬૭૭ થી ૬૯૮

પરિશિષ્ટ

(૧) અ કારાદિ ક્રમે પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં પ્રાપ્ત થતી પરિભાષાઓ ૭૦૧

(૨) અ કારાદિ ક્રમે વ્યાડિ, પુરુષોત્તમદેવ, સીરદેવ, નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશની કૃતિઓમાં મળતી પરિભાષાઓનો ક્રમાંક અને ભાષ્યોપસ્થિતિ સન્દર્ભ ૭૦૫

ગ્રન્થસૂચિ ૭૧૮ થી ૭૨૦

પુરુષોત્તમદેવની
'લઘુપરિભાષાવૃત્તિ'નું વિવેચનાત્મક અધ્યયન

*

ડૉ. વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

વિભાગ ૧

પ્રકરણ ૧ : પરિભાષા વિષે થોડું પ્રાસ્તાવિક

પ્રકરણ ૨ : પાણિનિનાં પરિભાષાસૂત્રો

પ્રકરણ ૩ : વ્યાડિઃ પરિભાષાસૂચન અને પરિભાષાપાઠ

પ્રકરણ ૪ : કાત્યાયન અને પતંજલિએ રજૂ કરેલ પરિભાષાઓનું વિવેચન

પ્રકરણ ૫ : પરિભાષાઓનું કર્તૃત્વ અને સમયનિર્ણય

પ્રકરણ ૬ : પરિભાષાપાઠો
(પાણિનીય અને અપાણિનીય પરિભાષાપાઠો)

પ્રકરણ ૭ : પુરુષોત્તમદેવનો જીવનસમય અને કૃતિઓ

પ્રકરણ ૧

પરિભાષા વિશે થોડું પ્રાસ્તાવિક

૧

પાણિનીય વ્યાકરણશાસ્ત્રની ચર્ચાઓ મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચી શકાય: (૧) શબ્દસિદ્ધિ, (૨) શબ્દાર્થ-નિર્ણય, અને (૩) સૂત્રાર્થ-નિર્ણય.[૧] આ ત્રણ વિભાગોમાં પ્રવહમાન બનેલી વ્યાકરણચર્ચાનું પ્રભવસ્થાન પાણિનિકૃત અષ્ટાધ્યાયી છે. અષ્ટાધ્યાયીમાં લગભગ ૩૯૯૬ સૂત્રો છે.[૨] તેમાંથી મોટાભાગનાં સૂત્રો લૌકિક અને વૈદિક શબ્દોની વ્યુત્પત્તિ (સિદ્ધિ) અંગે વિચાર કરે છે. શબ્દાર્થ નિર્ણય અંગેનાં સૂત્રો પ્રમાણમાં ઘણાં ઓછાં છે. આ સંદર્ભમાં વાર્તિકકારે ઘણા મહત્ત્વના નિયમો રજૂ કર્યા છે અને તેમાં ભાષ્યકારે પણ નોંધપાત્ર પૂર્તિ કરી છે. અષ્ટાધ્યાયીમાં એવાં કેટલાંક સૂત્રો પણ છે કે જે બીજાં સૂત્રોના અર્થઘટનમાં સહાયક બને છે. વળી, કેટલાંક સૂત્રો એવી પણ સ્પષ્ટતા કરી આપે છે કે બે સૂત્રોની યુગપત્ પ્રવૃત્તિમાં ઉપસ્થિત થયેલા સંઘર્ષને કેવી રીતે દૂર કરવો. આવાં સૂત્રોને પરિભાષાસૂત્રો અર્થાત્ સૂત્રો માટેનાં સૂત્ર–Meta–rules or Guiding rules કહે છે. તદુપરાંત, પાણિનિએ પોતાનાં કેટલાંક સૂત્રોમાં ક્યારેક વિશેષ યત્ન કરીને અથવા વિશિષ્ટ પ્રયોગ કરીને પોતાની પૂર્વે પ્રચલિત થયેલી પરિભાષાઓનો સ્વીકાર કર્યો છે.

---

૧. જુઓ : પરિભાષાસંગ્રહ, પ્રસ્તાવના (અંગ્રેજી), પાન–૨ અને ૩.

૨. વૈયાકરણ ગુરુ–શિષ્ય પરંપરામાં એક કારિકા પ્રસિદ્ધ છે. એ મુજબ સૂત્રોની સંખ્યા ૩૯૯૬ છે. જેમકે,

त्रीणि सूत्रसहस्राणि तथा नव शतानि च ।
षण्णवतिश्च सूत्राणां पाणिनिः कृतवान् स्वयम् ॥

પરંતુ "કાશિકા"માં પ્રાપ્ત થતાં સૂત્રોની સંખ્યા ૩૯૮૩ છે. આ સૂત્રસંખ્યામાં મહાભાષ્યસ્થ વાર્તિકોમાં ગણાયેલાં ૯ વચનો અને બે ત્રણ સૂત્રોનો પણ સમાવેશ થયેલો છે. તેને જો બાદ કરીએ તો સૂત્રસંખ્યા ૩૯૭૨ની થાય. વધારે વિગત માટે જુઓ : વ્યાકરણ–મહાભાષ્ય, (મરાઠી) પ્રસ્તાવના ખંડ, ભાગ ૯ મો, પાન ૧૧૮.

આમ, પાણિનીય વ્યાકરણશાસ્ત્રના ઉપર્યુક્ત ત્રણ પ્રવાહોનાં બીજ અષ્ટાધ્યાયીમાં રહેલાં છે. વાર્તિકોમાં તે અંકુરિત થઈને મહાભાષ્યમાં સુપલ્લવિત થયાં છે.

પાછળના સમયમાં વૈયાકરણોએ આ ત્રણેય પ્રવાહોને સ્પષ્ટપણે ત્રણ જુદા નામોથી વિભક્ત કરી દીધા છે. જેમકે; પ્રક્રિયા, અર્થવિચાર અને પરિભાષા. અર્થાત્ શબ્દસિદ્ધિ, શબ્દાર્થનિર્ણય અને સૂત્રાર્થ–નિર્ણય એ ત્રણેય પ્રવાહોને અનુલક્ષીને સ્વતંત્ર ગ્રંથોનું નિર્માણ થયું છે. કાશિકા,[3] પ્રક્રિયાકૌમુદી અને સિદ્ધાન્તકૌમુદી જેવા ગ્રંથો પ્રક્રિયા ગ્રંથો તરીકે ઓળખાય છે. 'વાક્યપદીય', 'વૈયાકરણભૂષણ' અને 'લઘુમંજૂષા' જેવા ગ્રંથો અર્થવિચારના ગ્રંથો તરીકે ઓળખાય છે. તથા 'પરિભાષાસૂચન', 'લઘુપરિભાષાવૃત્તિ' અને 'પરિભાષેન્દુશેખર' જેવા ગ્રંથો પરિભાષાગ્રંથો તરીકે ઓળખાય છે.

૨

પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં उपधा, पद, अङ्ग, बहुल, असिद्धत्व, योगविभाग ઇત્યાદિ પારિભાષિક શબ્દોની જેમ परिभाषा એ પણ એક પારિભાષિક શબ્દ છે. પાણિનીય વ્યાકરણશાસ્ત્રના અધ્યેતાઓને એ સુવિદિત છે કે આ 'परिभाषा' શબ્દ અષ્ટાધ્યાયીના એક પ્રકારના સૂત્રને માટે વપરાય છે.[4] ઉદાહરણ તરીકે, तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य। 1–1–66, तस्मादित्युत्तरस्य। 1–1–67 ઇત્યાદિ પરિભાષાસૂત્રો તરીકે ઓળખાય છે. આ ઉપરાંત મહાભાષ્યમાં सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य। અને व्यपदेशिवदेकस्मिन्। જેવાં શાસ્ત્રવ્યવસ્થાપક વચનોને માટે, एकदेशविकृतमनन्यत्। જેવાં લોકન્યાયસિદ્ધિ વચનને માટે તથા धातोः कार्यमुच्यमानं तत्प्रत्यये भवति। જેવાં જ્ઞાપકસિદ્ધિ વચનોને માટે પણ 'परिभाषा' શબ્દ વપરાયો છે.

---

૩. "પ્રક્રિયા–ગ્રંથ" એ શબ્દ રૂઢાર્થમાં પ્રક્રિયા કૌમુદી અને વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી જેવા ગ્રન્થો માટે જ વપરાય છે. પરંતુ અહીં આ શબ્દ "કાશિકા"ને માટે પણ વાપર્યો છે. કારણ કે તે ગ્રન્થ પણ શબ્દોના અન્વાખ્યાન–વ્યુત્પત્તિના અધ્યયનમાં ઉપયોગી છે. આ શરત સંતોષતા દરેક ગ્રન્થને "શબ્દસિદ્ધિ" વર્ણવતા ગ્રન્થોના સમુદાયમાં ગણી લઈને તેને માટે "પ્રક્રિયા ગ્રન્થ" શબ્દ વાપર્યો છે.

૪. સૂત્રોનાં છ પ્રકારનાં છે :

संज्ञा च परिभाषा च विधिर्नियम एव च।
अतिदेशोऽधिकारश्च षड्विधं सूत्रमुच्यते॥

'પરિભાષા' એ શબ્દ પાણિનિના અષ્ટાધ્યાયી ગ્રંથમાં મળતો નથી. સૌથી પ્રથમ આ શબ્દનો વાર્તિકકારે પ્રયોગ કર્યો છે.[૫] પરંતુ તેમણે પરિભાષાનું કોઈ લક્ષણ કે સ્વરૂપ રજૂ કર્યું નથી. ભાષ્યકાર પતંજલિએ અધિકારસૂત્ર અને પરિભાષાસૂત્રના ભેદની વિચારણા કરતાં, समर्थः पदविधिः । 2-1-1 સૂત્ર ઉપરના ભાષ્યમાં પરિભાષાસૂત્રનું પ્રવૃત્તિ-સ્વરૂપ આ પ્રમાણે વર્ણવ્યું છે: परिभाषा पुनरेकदेशस्था सती सर्वं शास्त्रमभिज्वलयति प्रदीपवत् ॥ અર્થાત્ પ્રદીપની જેમ પરિભાષા એકદેશમાં રહીને (જ) સકળ શાસ્ત્રને અભિજ્વલિત કરે છે. આ ભાષ્યવચનમાંથી સૂચન લઈને 'પરિભાષા' શબ્દને યૌગિક બતાવવામાં આવ્યો છે. જેમકે; परितो भाष्यते या सा परिभाषा प्रकीर्तिता ॥

પરંતુ આ શબ્દને શુદ્ધયૌગિક માની શકાય તેમ નથી, કારણ કે કેટલાંક સંજ્ઞા, અતિદેશ અને અધિકાર જેવાં સૂત્રોમાં તેની અતિવ્યાપ્તિ થવાનો સંભવ છે. માટે વૈદ્યનાથ પાયગુણ્ડેએ જણાવ્યું છે તે મુજબ આ શબ્દને યોગરૂઢ માનવો જોઈએ.[૬] પરિણામે જે સૂત્ર કે વચનને માટે परितः भाष्यते या सा इति । એવો વ્યુત્પત્યર્થ સંગત બની રહેતો હશે તથા સાથે સાથે વાર્તિકકાર અને ભાષ્યકારને અનુસરીને પરંપરાથી તેમને માટે જો 'પરિભાષા' શબ્દ વપરાતો હશે તો જ ત્યાં આ 'પરિભાષા' શબ્દનો પ્રયોગ કરવામાં આવશે.

અહીં વાસ્તવિક પરિસ્થિતિનું પર્યાલોચન કરતાં જણાય છે કે આ શબ્દ શુદ્ધરૂઢ અર્થમાં સ્થિર થયેલો છે. કારણ કે કેટલાંક એવાં પણ ભાષ્યવચનો ઉપલબ્ધ પરિભાષાપાઠો અને પરિભાષાવૃત્તિ ગ્રંથોમાં ઉમેરાયાં છે કે જે વચનો ભાષ્યકારે ચર્ચા દરમ્યાન કેવળ શંકા-સમાધાન અર્થે રજૂ કર્યાં હોય છે. આવાં વચનોને માટે પતંજલિએ 'પરિભાષા' શબ્દ વાપર્યો નથી; તથા તે વચનો સમગ્ર શાસ્ત્રમાં ઉપયોગી પણ હોતાં નથી. એટલે કે તેઓ કેવળ શાસ્ત્રના એક દેશમાં જ

૫. वर्गपाठ उपदेश इति चेदवरकालत्वात् परिभाषाया अनुपदेशः ॥ 1-1-65, वा० 4 અને अन्यनिर्देशस्तु निवर्तकस्तस्मात् परिभाषा ॥ 1-3-11, वा० 3

૬. तथा च शुद्धरूढमिदं परिभाषापदम् यद्वा योगरूढमस्तु । परितो भाष्यते या सेति योगसंभवात् । अत एवं परितो व्यापृतां भाषां परिभाषां प्रचक्षते इत्यभियुक्तोक्तिः । परिभाषा पुनरेकदेशस्थेत्यादिभाष्यं च संगच्छते । एतेन शुद्धयौगिकमिदमिति भ्रान्तोक्तिरपास्ता । संज्ञादिष्वतिप्रसंगादिति भावः ॥ परिभाषेन्दुशेखरः, गदाटीकोपेतः । पृ० २

વ્યવસ્થાપક બની રહેતાં હોય છે. જેમકે, उपपदविभक्तेः कारकविभक्तिर्बलीयसी। संप्रसारणं संप्रसरणाश्रयं च कार्यं बलवत् भवति। पूर्वत्रासिद्धीयमद्विर्वचने। ઇત્યાદિ. વળી, કેટલાંક એવાં પણ વચનો છે જે કેવળ સિદ્ધ સ્થિતિનું કથન કરનારાં હોય છે. તેમને માટે પણ 'પરિભાષા' શબ્દ વપરાય છે. ઉદાહરણ તરીકે, बहुव्रीहौ तद्गुणसंविज्ञानमपि भवति। આમ 'પરિભાષા' શબ્દ વિવિધ વાક્યોને માટે વપરાતો હોઈ તેને શુદ્ધરૂઢ માનવો જોઈએ.

૩

આ પરિભાષાનાં વિવિધ લક્ષણો આપવામાં આવ્યાં છે. જેમકે,

(૧) પરિભાષા શબ્દનો સૌથી પ્રથમ પ્રયોગ કરનાર વાર્તિકકારે પરિભાષાનું કોઈ લક્ષણ આપ્યું નથી. પરંતુ તેમણે કેટલાંક પરિભાષાસૂત્રોને માટે 'નિયમ' એવો શબ્દ વાપર્યો છે.[૭] તથા કેટલાંક પરિભાષાસૂત્રોનું પ્રયોજન દર્શાવતાં 'આ સૂત્ર નિયામાર્થ છે' એમ જણાવ્યું છે. આમાંથી સૂચન લઈને પરિભાષાનું એક લક્ષણ આ પ્રમાણે આપવામાં આવ્યું છે : अनियमे नियमकारिणी परिभाषा। અર્થાત્ પરિભાષા અનિયમમાં નિયમ કરનારી હોય છે.[૮] જેમકે, इको गुणवृद्धी। 1-1-3 આ પરિભાષા સ્થાનિનિયમાર્થ છે. પરિણામે सार्वधातुकार्धधातुकयोः। 7-3-84 થી અંગને ગુણ થાય છે, તે इक् ને જ સ્થાને થાય છે.

પરંતુ આ લક્ષણ પાણિનિનાં કેવળ પરિભાષાસૂત્રો પૂરતું મર્યાદિત રહે છે. તે લક્ષણ બીજા પરિભાષાવચનોને માટે વાપરી શકાય નહીં. કારણ કે લક્ષણસ્થ 'નિયમ' શબ્દ 'પરિસંખ્યા' અર્થમાં વપરાયો છે અને उपपदविभक्तेः कारकविभक्तिर्बलीयसी। गामादाग्रहणेषु अविशेषः। पूर्वत्रासिद्धीयमद्विर्वचने।

---

૭. तस्मिंस्तस्मादिति पूर्वेत्तिरयोंगाविशेषात् नियमार्थं वचनं दध्युदकम् पचत्योदनम् ॥ 1-1-66-67, वा० 2.

૮. આ નિયમનું સ્વરૂપ મીમાંસા પ્રોક્ત "નિયમ" પ્રકારનું હોતું નથી, પરંતુ "પરિસંખ્યા" પ્રકારનું હોય છે. વિશેષ ચર્ચા માટે જુઓ : પાણિનિનાં પરિભાષા સૂત્રો; પ્રકરણ ૨. જુઓ : "પરિભાષા સૂત્રોનું નિયમાર્થત્વ" સ્વાધ્યાય. (૧૮-૪).

જેવાં પરિભાષાવચનો વડે પરિસંખ્યા પ્રકારનો નિયમ પ્રાપ્ત થતો નથી.[૯]

જો ઉપર્યુક્ત લક્ષણમાંના 'નિયમ' શબ્દનો 'વ્યવસ્થા' એવો સામાન્ય અર્થ કરવામાં આવે તો 'અવ્યવસ્થામાં વ્યવસ્થા કરનારી પરિભાષા હોય છે.' એવું એક સર્વસંમત સામાન્યલક્ષણ બની શકે. કારણ કે તે લક્ષણ વ્યવસ્થાના અભાવમાં –કોઈ એક નિશ્ચિત વ્યવસ્થાના અભાવમાં–જે વ્યવસ્થાપક વચન હશે, તેને વિશે ઉપયુક્ત બની રહેશે.

(૨) અગાઉ જણાવ્યું છે તેમ પરિભાષાસૂત્રોનું પ્રવૃત્તિસ્વરૂપ વર્ણવતાં ભાષ્યકારે જણાવ્યું છે કે પ્રદીપની જેમ એકદેશમાં રહીને સકળ શાસ્ત્રને જે અભિજ્વલિત કરે છે, તેને પરિભાષા કહે છે. આ ભાષ્યવચનમાંથી સૂચન લઈને પરિભાષાનું એક લક્ષણ આ પ્રમાણે પણ આપવામાં આવ્યું છે :

परितः सर्वतः पूर्वत्रः परत्र व्यवहिते चानन्तरे च भाष्यते कार्यमनया सा परिभाषा ॥ 2–1–1 સૂત્ર ઉપર હરદત્તની પદમંજરી.

અથવા

एकदेशस्थिता शास्त्रभवने याति दीपताम् ।
परितो व्यापृतां भाषां परिभाषा प्रचक्षते ॥ 2–1–1

સૂત્રભાષ્યપ્રદીપ ઉપર નાગેશનો ઉદ્દ્યોત.

પાણિનિનાં પરિભાષાસૂત્રોનું તથા પાણિનીય પરિભાષાવચનોનું આ એક સામાન્યલક્ષણ બની રહે છે.

(૩) જયદેવ મિશ્ર જેવા તાર્કિકોએ પરિભાષાનું લક્ષણ આ પ્રમાણે આપ્યું છે : अप्रामाण्यज्ञानानास्कन्दितसाधुत्वप्रकारकबोधोपयोगिबोधजनकत्वम्-परिभाषत्वम् । અર્થાત્ અપ્રમાણિત જ્ઞાનથી અનાસ્કન્દિત (હુમણો નહીં પામેલ) અને વિધિસૂત્રોનું સાધુત્વ બોધન કરવામાં ઉપયોગી બનનાર જે શાસ્ત્ર તે પરિભાષા. ઉદાહરણ તરીકે, "तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1–1–66. એવી પરિભાષાના

---

૯. મીમાંસા સમ્મત "નિયમ" અને "પરિસંખ્યા"નું લક્ષણ 'મીમાંસાદર્શન' (ગુર્જર ટીકા)માં (પાન ૩૯) આ પ્રમાણે મળે છે.

विधिरत्यन्तमप्राप्ते नियमः पाक्षिके सति ।
तत्र चान्यत्र च प्राप्ते परिसंख्येति गीयते ॥

વ્યાકરણશાસ્ત્રમાં "નિયમ" શબ્દથી "પરિસંખ્યા"નો અર્થ અભિપ્રેત છે એમ "પરિભાષા" શબ્દથી (મીમાંસાના) "નિયમ"નો અર્થ અભિપ્રેત છે.

વ્યાપાર વિના इको यणचि । 6-1-77 સૂત્રનો अच् થી ઉપશ્લિષ્ટ इक् ને यण् થાય છે' એવો જ બોધ થાય છે. પરંતુ अच् નું ઉપશ્લિષ્ટત્વ તો પૂર્વ-પર સાધારણ છે. અર્થાત્ अच् નો ઉપશ્લેષ પૂર્વમાં અને પરમાં ગમે ત્યાં મળી શકે. તેથી આવો સૂત્રાર્થ તો અપ્રમાણિત છે-સંદિગ્ધ છે. આવે સમયે तस्मिन्निति० । 1-1-66 પરિભાષાથી" अच् થી અવ્યવહિત પૂર્વત્વ વિશિષ્ટ इक् ને यण् થાય છે" એવો બોધ થાય છે. આવો બોધ અપ્રમાણિત નથી અને સંદેહ રહિત છે.

પરંતુ, ઉપર્યુક્ત લક્ષણ પણ પાણિનિનાં પરિભાષાસૂત્રો પૂરતું સીમિત રહે છે. તેથી કાશીની વૈયાકરણ પરંપરામાં એક બીજું, લક્ષણ પણ પ્રચલિત છે. જેમ કે, सङ्केतग्राहकभिन्नत्वे सति विधिशास्त्रविशिष्टत्वम् । वैशिष्ट्यञ्च अननुवृत्या स्वजन्यप्रमात्मकवोधोपकारकत्वस्वप्रवृत्तिनिवृत्यन्यतरप्रयोजकत्वविशिष्टपाणिनिप्रयत्नन्यायान्यतरसिद्धित्वान्यतरसम्बन्धेन ॥ અહીં (૧) સંકેતબોધકભિન્નત્વ કહેવાથી સંજ્ઞા સૂત્રોમાં પરિભાષાનું આ લક્ષણ જશે નહીં, (૨) અહીં વૃત્તિરહિત એમ કહેવાથી અધિકાર સૂત્રોની અંદર આ લક્ષણ જશે નહીં, (૩) વિધિશાસ્ત્રના પ્રમાત્મક એટલે કે પ્રમાણિક અર્થબોધમાં ઉપકારક એમ કહેવાથી અષ્ટાધ્યાયીનાં પરિભાષાસૂત્રોનો સંગ્રહ થઈ ગયો, અને (૪) ન્યાયાન્યતરસિદ્ધિત્વ કહેવાથી જ્ઞાપક અને ન્યાયસિદ્ધ બધી જ પરિભાષાઓનો પણ સંગ્રહ થઈ જાય છે.[૧૦]

(૪) 'A Dictionary of Sanskrit Grammar'માં પ્રો. કે. વી. અભ્યંકરજીએ 'પરિભાષા' શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે :

परिभाषा

an authoritative statement or dictum, helping (1) the correct interpretation of the rules (sūtras) of grammar, or (2) the removal of conflict between two rules which occur simultaneously in the process of the formation of words (पदविधि), or (3) the formation of correct words.

परिभाषा can also be briefly defined as the convention of a standard author. Purusottamadeva applies the word परिभाषा to the maxim of standard writers,

परिभाषा हि न पाणिनीयानि वचनानि, किं तर्हि नानाचार्याणाम् ।...

૧૦. જુઓ : વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી, પં. શ્રી બાલકૃષ્ણ પંચોલીકૃત "રત્નપ્રભા' હિન્દી ટીકા સહિત, (૧૯૬૯) ભાગ-૧, પાન-૨૩.

૪

અનેકવિધ પ્રયોજનોને ઉદ્દેશીને રચાયેલી પરિભાષાઓ વિપુલ પ્રમાણમાં મળી આવે છે. પ્રા. કે. વી. અભ્યંકરજીએ 'પરિભાષાસંગ્રહ'ને અન્તે પરિશિષ્ટમાં પાણિનીય પરિભાષાપાઠ તથા પરિભાષાવૃત્તિ ગ્રંથોમાં મળતી કુલ પાંચસો પંચાવન પરિભાષાઓની યાદી આપી છે.[૧૧] કેવળ પાણિનીય પરિભાષાપાઠો અને પરિભાષાવૃત્તિ ગ્રંથોમાં નોંધાયેલી પરિભાષાઓ લગભગ બસો છે.[૧૨] આ પરિભાષાઓનું બે રીતે વર્ગીકરણ થઈ શકે તેમ છે :

(૧) પરિભાષાઓની સિદ્ધિ-અર્થે રજૂ કરવામાં આવેલા પ્રમાણોને આધારે.

(૨) પરિભાષા જે વિષયમાં સ્પષ્ટતા કે વ્યવસ્થા કરતી હોય તે વિષય વિભાગને અધારે.

(૧) ઉપર્યુક્ત પ્રથમ વર્ગીકરણ અનુસાર પરિભાષાઓના મુખ્યત્વે ત્રણ પ્રકાર છે. જેમકે,

ક. જ્ઞાપકસિદ્ધા,
ખ. ન્યાયસિદ્ધા, અને
ગ. વાચનિકી.

પરિભાષાઓની સિદ્ધિને અર્થે જે પ્રમાણો રજૂ કરવામાં આવે છે, તેને આધારે આ ત્રણ પ્રકારો પાડવામાં આવ્યા છે. આપણે ક્રમશઃ સોદાહરણ આ પ્રકારો સમજીશું.

ક. જ્ઞાપકસિદ્ધા પરિભાષાઃ પાણિનિનાં સૂત્રોમાંથી નિર્દેશો મેળવીને જે પરિ-

---

૧૧. આ સૂચિપત્ર દોષયુક્ત છે. જેમકે, (૧) કેટલીક પુનરુક્તિઓ થઈ છે. ઉદાહરણ તરીકે :
ક. 104–उभयगति भवतिरिह । અને 140–कृत्रिमाकृत्रिमयोरुभयगतिः० ।
ખ. 356–बहुव्रीहौ तद्गुणसंविज्ञानमपि । અને
360–भवति च बहुव्रीहौ० ।
(૨) કેટલીક પરિભાષાઓ બાકી રહી ગઈ છે. ઉદાહરણ તરીકે—
ક. 42–પછી अन्वर्था हि प्रत्ययसंज्ञा । અને
ખ. 58–પછી अलैवानर्थकेन तदन्तविधिम्० ।

૧૨. જુઓ : પરિશિષ્ટ—૨.

ભાષાઓનું અસ્તિત્વ સિદ્ધ કરવામાં આવતું હોય તે પરિભાષાને 'જ્ઞાપકસિદ્ધા પરિભાષા' કહે છે. જેમકે, स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । 1-1-68 સૂત્રસ્થ રૂપ ગ્રહણ વ્યર્થ પડીને જ્ઞાપન કરે છે કે अर्थवद्ग्रहणे नानर्थकस्य । એવી પરિભાષા પાણિનિ સમક્ષ છે. આવી બીજી પરિભાષાઓ प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । અને व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि सन्देहादलक्षणम् । વગેરે છે.

ख. ન્યાયસિદ્ધા પરિભાષા : આ પરિભાષાઓના બે પેટાપ્રકાર છે : જેમકે; ૧. લોકન્યાયસિદ્ધા, અને ૨. શાસ્ત્રીયન્યાયસિદ્ધા અથવા યુક્તિસિદ્ધા. લોકવ્યવહાર ઉપર કોઈ પરિભાષા આધૃત હોય ત્યારે તેને લોકન્યાયસિદ્ધા પરિભાષા કહે છે. "ગંગા નદી અને યમુના નદીમાં પ્રવેશેલી બીજી અનેક નદીઓ ગંગા અને યમુના નદી રૂપે જ ઓળખાય છે." "દેવદત્તાના ઉદરસ્થ ગર્ભનું 'દેવદત્તા' ગ્રહણથી ગ્રહણ થાય છે." તેવા લૌકિક-ન્યાયથી तदेकदेश भूतस्तद्ग्रहणेन गृह्यते । એવી પરિભાષા સિદ્ધ થાય છે. આવી બીજી લોકન્યાયસિદ્ધા પરિભાષાઓ कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे कार्यसंप्रत्ययो भवति । गौणमुख्ययोः मुख्ये कार्यसंप्रत्ययः । सत्यपि संभवे बाधनं भवति । વગેરે છે.

અહીં નોંધવું જોઈએ કે ભારતની શાસ્ત્રવ્યાસંગી વૈયાકરણ પરંપરાએ જે પરિભાષાઓ કેવળ લોકન્યાયસિદ્ધા જ છે, તે દરેકને માટે કોઈકને કોઈક જ્ઞાપક -પ્રમાણ શોધી કાઢવાનો પ્રયત્ન કર્યો છે. તથાપિ ભાષ્યકારે જે પરિભાષાની ઉપપત્તિમાં લોક પ્રમાણથી જ સંતોષ માન્યો હોય તેને આપણે લોકન્યાયસિદ્ધા પરિભાષા કહીશું.

શાસ્ત્રીયન્યાય અર્થાત્ કોઈ યુક્તિને આધારે રચાયેલી પરિભાષાને યુક્તિસિદ્ધા પરિભાષા કહે છે. જેમકે, 'ઉપસ્થિત થયેલાનો ત્યાગ કરીને અનુપસ્થિતની કલ્પના કરવામાં કશું પ્રમાણ નથી.' આ શાસ્ત્રીય ન્યાય ઉપર अनिर्दिष्टाः प्रत्ययाः स्वार्थे भवन्ति । એવી પરિભાષા સિદ્ધ થાય છે. 'પ્રથમ ઉપસ્થિત થયેલાં સૂત્રનો બાધ કરીને ચરિતાર્થ થયેલું અપવાદસૂત્ર બીજાં સૂત્રોનો બાધ કરવાની આકાંક્ષા રાખતું નથી.' એવી યુક્તિથી मध्येऽपवादा पूर्वान् विधीन् बाधन्ते नोत्तरान् । એવી પરિભાષા સિદ્ધ થાય છે. આવી બીજી યુક્તિસિદ્ધ પરિભાષાઓ अनन्तरस्य विधिर्वा प्रतिषेधो वा । उभयनिर्देशे पञ्चमीनिर्देशो बलीयान् । श्रुतानुमितयोः श्रोतः सम्बन्धो बलीयान् । વગેરે છે.

ગ. વાચનિકી પરિભાષાના બે પ્રકાર છે : ૧. સૂત્રસિદ્ધવાચનિકી અને ૨. સ્વ-

તંત્રવાચનિકી. આમાંથી પહેલા પ્રકારની પરિભાષા પાણિનિના કોઈક સૂત્રના અર્થ ઉપરથી જ પ્રાપ્ત થનારી હોય છે. જેમકે, निर्दिश्यमानस्यादेशा भवन्ति । એ પરિભાષા षष्ठी स्थानेयोगा । 1-1-49 સૂત્રના જ અર્થ ઉપરથી સિદ્ધ થાય છે. તથા प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य च ग्रहणम् । એ પરિભાષામાં કહેલો તદાદ્યંશ यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम् । 1-4-13 સૂત્રમાં... 'प्रत्यये' એવો યોગવિભાગ કરવાથી સિદ્ધ રહે છે. અને તદન્તાંશ येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રથી સિદ્ધ રહે છે. માટે આ પરિભાષાને સૂત્રસિદ્ધવાચનિકી પરિભાષા કહેવાય છે.

જે પરિભાષાના સમર્થનમાં જ્ઞાપક, લોકન્યાય 'शास्त्रीयन्याय' કે પાણિનિનું સૂત્ર ઉપસ્થિત કરવામાં ન આવ્યું હોય અને છતાંય કેવળ વાર્તિકકાર કે ભાષ્યકારના વચનસામર્થ્યથી તેનો સ્વીકાર કરવાનો હોય તો તેવી પરિભાષાને સ્વતંત્રવાચનિકી પરિભાષા કહે છે. આવી પરિભાષાઓ यस्मिन् विधिस्तदादावल्ग्रहणे । प्रत्ययग्रहणे चापञ्चम्याः । यथोद्देशं संज्ञापरिभाषम् । उपपदविभक्ते-र्कारकविभक्तिर्बलीयसी । વગેરે છે.

કેટલીક પરિભાષાની ઉપપત્તિ જ્ઞાપકથી પણ દર્શાવી શકાય છે અને સાથે સાથે તે જ પરિભાષાની લોકન્યાયથી પણ ઉપપત્તિ દર્શાવી શકાય છે. અથવા તો કોઈક પરિભાષાના અમુક અંશની જ સિદ્ધિ જ્ઞાપકાદિથી થતી હોય છે અને શેષ અંશમાં 'એકાદશાનુમતિ' દ્વારા સિદ્ધ માની લેવાની હોય છે.[૧૩] તેવા પ્રસંગોએ એવી પરિભાષાઓને ક્યા પ્રકારમાં મૂકવી, તે પ્રશ્ન છે. તેવી પરિભાષાઓને મિશ્ર પ્રકારની પરિભાષા કહેવી જોઈએ અથવા ઉપસ્થિત કરવામાં આવેલા જુદા જુદા પ્રમાણોથી જે પ્રમાણ બલવત્તર હોય તે મુજબ તે પરિભાષાનો પ્રકાર જાહેર કરવો જોઈએ.

(૨) પરિભાષા જે વિષયમાં વ્યવસ્થા કરનારી હોય, તે વિષયવિભાગને અનુસરીને પરિભાષાઓને બે પ્રકારમાં વિભક્ત થતી વર્ણવી શકાય. જેમકે; ક. શાસ્ત્રત્વસંપાદિકા અને ખ. શાસ્ત્રત્વાવચ્છિન્નોદ્દેશિકા.[૧૪] જે પરિભાષાની પ્રવૃત્તિ થયા પછી વિધિસૂત્રોનો અર્થ સુનિશ્ચિત થાય છે, તેને શાસ્ત્રત્વસંપાદિકા પરિભાષા કહે છે. ઉદાહરણ તરીકે, यस्मिन् विधिस्तदादावल्ग्रहणे । ની પ્રવૃત્તિ થયા પછી જ वान्तो यि प्रत्यये । 6-4-79 સૂત્રનો અર્થ નક્કી કરી શકાય છે. સૂત્રનો અર્થ

૧૩. ઉદાહરણ તરીકે, જુઓ : कृदग्रहणे गतिकारकपूर्वस्यापि ग्रहणम् ।
આ પરિભાષાના કારકાંશમાં કોઈ પ્રમાણ મળતું નથી.

૧૪. આ શબ્દો નાગેશ ભટ્ટે "परिभाषेन्दुशेखर"માં વાપર્યા છે.

એકવાર નક્કી થઈ ગયા પછી ક્યારેક કોઈ એક લક્ષ્યમાં બે સૂત્રો વચ્ચેના પ્રબલ-દુર્બલભાવનો એટલે કે બાધ્યબાધકભાવનો નિર્ણય કરી આપનારી પરિભાષાને શાસ્ત્રત્વાવચ્છિન્નોદ્દેશિકા પરિભાષા કહે છે. ઉદાહરણ તરીકે, वार्णादाङ्गं बलीयः। આ પરિભાષાથી इयाय। રૂપની સિદ્ધિ થાય છે. इ+इ+णल्। એવી સ્થિતિમાં अकः सवर्णे दीर्घः। 6-1-01 સૂત્રથી અંતરંગ સવર્ણદીર્ઘની પ્રાપ્તિ છે અને णिच् પ્રત્યય પરમાં હોવાથી अचो ञ्णिति। 7-2-15 સૂત્રથી બહિરંગ વૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. પરંતુ જો અંતરંગત્વને કારણે સવર્ણદીર્ઘ કરીશું તો અનિષ્ટ રૂપોની પ્રાપ્તિ થશે. તેને રોકવા માટે આ પરિભાષા કહેવામાં આવે છે; वार्णादाङ्गं बलीयो भवति। પરિણામે અંતરંગ સવર્ણદીર્ઘનો બાધ કરીને વૃદ્ધિ જ થાય છે.

૫

પરિભાષાઓનાં મુખ્યત્વે ત્રણ પ્રયોજનો છે :

(૧) સૂત્રના સાચા અર્થઘટનમાં ઉપયોગી બનવું,
(૨) પ્રક્રિયા દશામાં યુગપત્ ઉપસ્થિત થયેલાં બે સૂત્રો વચ્ચેના સંઘર્ષને દૂર કરવો, અને
(૩) શિષ્ટ પ્રયોગોને સાધુત્વબોધન કરવામાં ઉપયોગી બનવું.

પાણિનિએ અષ્ટાધ્યાયીમાં तस्मिन्निति०। 1-1-66 અને तस्मादित्युत्तरस्य। 1-1-67 જેવાં પરિભાષાસૂત્રો રજૂ કર્યાં છે. આવાં પરિભાષાસૂત્રોની પ્રવૃત્તિ થયા પછી જ इको यणचि। 6-1-77 અને उदः स्थास्तम्भोः पूर्वस्य। 8-4-69 જેવાં વિધિસૂત્રોનો સફળ વાક્યાર્થબોધ થાય છે. આની જેમ यस्मिन्विधिस्तदादावल्ग्रहणे। પરિભાષાની પ્રવૃત્તિ થયા પછી જ वान्तो यि प्रत्यये। 6-1-79 સૂત્રનો સાચો અર્થ નક્કી કરી શકાય છે. આ પાણિનિનાં સૂત્રોનો અર્થ કરવામાં કેટલીક પરિભાષાઓની જરૂર પડે છે. બીજી કેટલીક પરિભાષાઓ પાણિનિનાં સૂત્રોનો અર્થ કરવામાં સીધી ઉપકારક નથી પણ હોતી, તથાપિ તે પરિભાષાઓ કોઈ ગ્રન્થવ્યવસ્થા ઉપર પ્રકાશ પાડનારી, સૂત્ર પ્રવૃત્તિનો વિષય-પ્રદેશ વધારનારી કે ઘટાડનારી અથવા સૂત્રસ્થ દોષને દૂર કરનારી પણ હોય છે. ઉદાહરણ તરીકે, ૧. बहुव्रीहौ तद्गुणसंविज्ञानमपि भवति। प्रत्येकं च वाक्य-

૧૫. येन विधिस्तदन्तस्य। 1-1-72 સૂત્રવિહિત તદન્તવિધિ.

परिसमाप्तिः । જેવી પરિભાષાઓ અષ્ટાધ્યાયીસ્થ સૂત્રનિર્દેશોને સમજવામાં ઉપકારક બને છે. ૨. समासप्रत्ययविधौ प्रतिषेधः उगिद्वर्गग्रहणवर्जम् । જેવી પરિભાષા સૌત્રતદન્તવિધિનો સંકોચ કરનારી પરિભાષા છે. તથા प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । એ પરિભાષા સૂત્રવિહિત કાર્યનો વિષયપ્રદેશ વિસ્તૃત કરનારી છે. ૩. क्त्वाल्युट्तुमुन्खलर्थेषु वासरूपविधिर्नास्ति तथानुमचिरतृजवद्भावेभ्योनुम् पूर्वविप्रतिषेधेन । જેવી પરિભાષાઓ वा ऽसरूपोऽस्त्रियाम् । 3-1-94 અને विप्रतिषेधे परं कार्यम् 1-4-2 જેવાં સૂત્રોના દોષ દૂર કરનારી છે.

સૂત્રોનો અર્થ નક્કી થઈ ગયા પછી લક્ષ્યસિદ્ધિમાં તેનો વિનિયોગ કરવાનો હોય છે. ત્યારે કોઈ બે સૂત્રોની યુગપત્ પ્રવૃત્તિ થવા આવે તો શું કરવું ? કયા સૂત્રની પ્રથમ પ્રવૃત્તિ કરવી અને કયા સૂત્રની પછીથી પ્રવૃત્તિ કરવી અથવા નિવૃત્તિ કરવી ? તેવા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. પાણિનિએ સંઘર્ષના પ્રસંગે विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્રથી વ્યવસ્થા કરવાનું જણાવ્યું છે. તથાપિ સમગ્ર શાસ્ત્રકાર્યને દૃષ્ટિ સમક્ષ લેતાં તે સૂત્ર પર્યાપ્ત જણાતું નથી. તેથી બીજી કેટલીક પરિભાષાઓની પણ જરૂર રહે છે કે જે સૂત્રો વચ્ચેના પ્રબલદુર્બલભાવને, બાધ્યબાધકભાવને નક્કી કરી આપે. આવી પરિભાષાઓ सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तद्बाधितमेव । पुनःप्रसङ्गविज्ञानात् सिद्धम् । वार्णादाङ्गं बलीयो भवति । असिद्धं बहिरङ्गमन्तरङ्गे । ઇત્યાદિ છે.

પરિભાષાના ઉપર્યુક્ત બન્ને પ્રયોજનો અષ્ટાધ્યાયીને જ પ્રત્યક્ષ ઉપકારક છે. પરંતુ બીજી કેટલીક એવી પરિભાષાઓ પણ પ્રચારમાં આવી છે કે જે અષ્ટાધ્યાયીને સાક્ષાત્ ઉપકારક નથી. પરંતુ આવી પરિભાષાઓ શિષ્ટપ્રયોગોનું સાધુત્વ બોધન કરવાનો પ્રયત્ન કરે છે. એટલે કે આવી પરિભાષાઓ પ્રત્યક્ષ રીતે લક્ષ્યને ઉપકારક બનનારી છે, એમ કહેવું જોઈએ. ઉદાહરણ તરીકે, ૧.धामस्वायंभुवं ययुः । (कुमार० 2-1)ની સિદ્ધિ-અર્થે संज्ञापूर्वको विधिरनित्यः । પરિભાષા પ્રચારમાં આવી છે. ૨. दधतः पुरातनमुनेर्मुनिताम् । (कुरात० 6-1) તથા पुरातनीर्नदीः । (शिशु० 12-60) એવા પ્રયોગો अबाधकान्यपि निपातनानि भवन्ति । પરિભાષાથી ઉપપન્ન થાય છે. ૩. न विश्वसेत् पूर्वविरोधितस्य । તથા मण्डपे शयामि तत्परम् । જેવા પ્રયોગો गणकार्यमनित्यम् । પરિભાષાથી સિદ્ધ કરવામાં આવે છે.

૬

પાણિનીય પરંપરામાં પરિભાષાઓ વિષે સ્વતંત્ર પરિભાષાપાઠો અને પરિભાષાવૃત્તિ ગ્રન્થોની રચના વ્યાડિના સમયથી શરૂ થઈ હશે, એમ કહી શકીશું. પરંતુ આ પરિભાષાપાઠો અને પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં ઉપલબ્ધ થતી પરિભાષાઓમાંથી કેટલીક પરિભાષાઓ તો પાણિનિપૂર્વેથી પ્રચલિત હતી એમ સાબિત કરી શકાય છે. તેથી ઐન્દ્ર, કાશકૃત્સ્નાદિ વ્યાકરણોમાં આવી પરિભાષાઓ સૂત્ર રૂપે અથવા વચન રૂપે પઠિત હશે, એવી સંભાવના નકારી શકાય તેમ નથી. આ પાણિનિપૂર્વના પરિભાષાપાઠો કે પરિભાષાવૃત્તિ ગ્રંથો આજે ઉપલબ્ધ નથી.

પાણિનિનાં ઘણાં સૂત્રો આવી પાણિનિપૂર્વની પરિભાષાઓનું અસ્તિત્વ સૂચવે છે. આવી પરિભાષાઓને ભાષ્યકારે 'જ્ઞાપકસિદ્ધ પરિભાષા' કહી છે. વળી, કૈયટે પણ પૂર્વાચાર્યકૃત પરિભાષાનો નિર્દેશ કર્યો છે.[૧૬] પાણિનિએ આવી પૂર્વપ્રચલિત પરિભાષાઓનો સંગ્રહ કરી તેની ઉપર કોઈ વ્યાખ્યાન કર્યું હતું કે નહીં, તે વિષે આજે કોઈ પુરાવાઓ મળતા નથી. તથાપિ પંડિત યુધિષ્ઠિર મીમાંસકે કેટલીક હસ્તપ્રતોના અન્તે पाणिनीय, पाणिनिप्रोक्त અથવા पाणिनिविरचित । એવું જણાવેલું હોવાથી એવું અનુમાન કર્યું છે કે પાણિનિએ પણ સ્વ-તંત્ર સંબદ્ધ પરિભાષાઓ એકત્ર કરી તેની ઉપર વ્યાખ્યાન કર્યું હતું.[૧૭] આ અનુમાનના સમર્થનમાં તેમણે विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્ર ઉપરનું એક ભાષ્યવચન રજૂ કર્યું છે : पठिष्यति हि आचार्यः सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तद्बाधितमेव इति । ભાષ્યમાં आचार्य પદ પાણિનિ કે કાત્યાયન માટે જ વાપરવામાં આવે છે. પરંતુ ઉપર્યુક્ત પરિભાષાવચન સમગ્ર ભાષ્યમાં ક્યાંય વાર્તિકમાં ઉપલબ્ધ થતું નથી. તેથી પં. મીમાંસકજીનું માનવું છે કે આ સ્થળે આચાર્ય પદથી પાણિનિનો ઉલ્લેખ છે. પરંતુ આ અનુમાન સર્વાંશે યુક્તિસંગત નથી. કેમકે સંભવ છે કે જે વાર્તિકમાં આ પરિભાષાનો ઉલ્લેખ થયો હશે, તે

---

૧૬. पूर्वाचार्यैस्तावदेषा परिभाषा पठिता, इह त्वनन्तरग्रहणेन सैवाभ्यनुज्ञायते । भाष्यप्रदीप, 6-2-49.

૧૭. જુઓ : संस्कृत व्याकरणशास्त्र का इतिहास ।
ભાગ-૨, પૃષ્ઠ 286 : અને 287.

વાર્તિક મહાભાષ્યમાંથી લુપ્ત થયું હશે.[૧૮] વળી, પુનઃ પ્રસઙ્ગવિજ્ઞાનાદ્વા સિદ્ધમ્ । એવા વાર્તિકમાંના વિકલ્પાર્થક વા પદથી પણ સૂચિત થાય છે કે વાર્તિકકાર પૂર્વોક્ત કોઈ પક્ષનો વિકલ્પ નોંધે છે. આ પૂર્વોક્ત પક્ષ સકૃદ્ગતૌ० । એ જ છે, તેમ સુસ્પષ્ટ છે.

આમ, પાણિનિએ પોતાની પૂર્વેના વ્યાકરણોમાં પ્રચલિત થયેલી પરિભાષાઓનો સંગ્રહ કર્યો હોય તેનો કોઈ અસંદિગ્ધ પુરાવો આપણી પાસે નથી. પરંતુ પાણિનિએ પોતાના સૂત્રોમાં ક્યારેક વિશેષ યત્ન કરીને અથવા કોઈ વિશિષ્ટ પ્રયોગ કરીને કેટલીક પરિભાષાઓ ज्ञापित કરી છે. તથા અષ્ટાધ્યાયીમાં કેટલાંક પરિભાષાસૂત્રો પણ રજૂ કર્યાં છે. આ બન્નેનો અભ્યાસ કરવાથી પાણિનિપૂર્વેથી પ્રચલિત થયેલી પરિભાષાઓ કેટલી છે, તેમાં કેવા ફેરફાર કે નવા ઉમેરા થયા છે, અને પરિભાષાસૂત્રોનું સ્વરૂપ, પ્રયોજન ઇત્યાદિ કેવાં કેવાં છે ? તે જાણવું રસપ્રદ બની રહેશે.

વ્યાડિ : અગાઉ જણાવ્યું છે તેમ પાણિનીય પરંપરામાં પરિભાષાઓ વિશે સ્વતંત્ર પરિભાષાપાઠો અને પરિભાષાવૃત્તિ ગ્રન્થોની રચના વ્યાડિના સમયથી શરૂ થઈ હશે, તેમ આપણે સાધાર કહી શકીશું. હરિભાસ્કરના 'પરિભાષાભાસ્કર'માં જણાવ્યું છે[૧૯] કે केचित् व्याख्यानतो विशेषप्रतिपत्ति रित्याद्यः

---

૧૮. ભર્તૃહરિએ 'વાક્યપદીય'ના બીજા કાંડમાં ભાષ્યની અવનતિનો ઉલ્લેખ કર્યો છે :

प्रायेण संक्षेपरुचीनल्पविद्यापरिग्रहान् ।
संप्राप्य वैयाकरणान् संग्रहेऽस्तमुपागते ॥ 476
कृतेऽथ पतञ्जलिना गुरुणा तीर्थदर्शिना ।
सर्वेषां न्यायबीजानां महाभाष्ये निबन्धिते ॥ 477
अलब्धगाधे गांभीर्यादुत्तानइव सौष्ठवात् ।
तस्मिन्नकृतबुद्धीनां नैवावस्थितनिश्चयः ॥ 478
बैजिसौभवहर्यक्षैः शुष्कतर्कानुसारिभिः ।
आर्षे विप्लाविते ग्रन्थे संग्रहप्रतिकञ्चुके ॥ 479
यः पतञ्जलिशिष्येभ्यो भ्रष्टो व्याकरणागमः ।
काले स दाक्षिणात्येषु ग्रंथमात्रे व्यवस्थितः ॥ 480
पर्वतादागमं लब्ध्वा भाष्यबीजानुसारिभिः ।
स नीतो बहुशाखात्वं चन्द्राचार्यादिभिः पुनः ॥ 481

૧૯. જુઓ પરિભાષાસંગ્રહ, પાન ૩૩૪

सर्वाः परिभाषा व्याडिमुनिना विरचिता इत्याहुः । આ નિર્દેશોથી પાણિનીય પરિભાષાઓના પ્રથમ સંગ્રહકર્તા અને વ્યાખ્યાનકાર તરીકે વ્યાડિની પ્રસિદ્ધિ છે તેવું નિશ્ચિત થાય છે. પ્રા. કે. વી. અભ્યંકરે 'પરિભાષા-સંગ્રહ'માં व्याडिकृतं परिभाषासूचनम् અને व्याडिपरिभाषापाठः । શીર્ષકો નીચે બે કૃતિઓ પ્રકાશિત કરી છે. તેમાંથી પ્રથમ કૃતિમાં પરિભાષાઓ ઉપર કોઈ અજ્ઞાતનામ કર્તાની વૃત્તિ છે. આ વૃત્તિમાં ક્યાંય તેના કર્તા, સમય, દેશાદિની માહિતી નથી. વૃત્તિના અંતે इति श्रीव्याडीयपरिभाषावृत्तिः समाप्ताः । એમ જણાવેલું છે. એથી સૂચવાય છે કે વ્યાડિની શિષ્યપરંપરામાં તેના કોઈ અનુયાયીએ આ વૃત્તિ રચી હશે. પરંતુ પ્રારંભે व्याडिकृतं परिभाषासूचनम् । એમ જણાવીને આ ગ્રન્થનું કર્તૃત્વ વ્યાડિને નામે આરોપવામાં આવ્યું છે.

વ્યાડિને નામે મળતાં આ 'પરિભાષાસૂચન'માં ત્રાણું પરિભાષાઓ ઉપર વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. ગ્રન્થનું શીર્ષક સૂચવે છે તે મુજબ આ ગ્રન્થના કર્તાએ જે તે પરિભાષાની જ્ઞાપકચર્ચા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તથાપિ જ્ઞાપકચર્ચાની સાથે સાથે જ ટૂંકમાં પરિભાષાર્થ અને પ્રયોજનનો પણ નિર્દેશ કર્યો છે. પાણિનીય પરંપરામાં પરિભાષા વિષયક આ ગ્રન્થ પ્રાચીનતમ હોઈને તેનું દ્વિવિધ મહત્ત્વ છે. પતંજલિપૂર્વે કેટલી પરિભાષાઓ પ્રચારમાં હતી અને તેના વ્યાખ્યાનમાં ક્યા ક્યા જ્ઞાપકો, પ્રયોજનો ઇત્યાદિ શોધાયાં હતાં, તે આ ગ્રન્થના અભ્યાસથી જાણી શકાય છે. આ બન્ને પાસાઓનો પરવર્તી પરિભાષા-વિષયક ચર્ચાઓની સાથે તુલનાત્મક અભ્યાસ પણ કરી શકાય છે. જેના પરિણામે (૧) કેટલી પરિભાષાઓ નવી ઉમેરાઈ અને (૨) પરવર્તી પરિભાષા વ્યાખ્યાન ગ્રન્થોની આધાર સામગ્રી ક્યાંથી ઉપલબ્ધ થઈ, તેમાં શા ફેરફાર અને નવા ઉમેરા થયા વગેરે સંશોધનો પ્રાપ્ત થાય તેમ છે.

વ્યાડિને નામે 'પરિભાષાસૂચન' સિવાય જે એક સ્વતંત્ર પરિભાષાપાઠ મળી આવે છે, તેમાં કુલ એકસો ચાળીસ પરિભાષાઓ સંગૃહીત કરવામાં આવી છે, પરંતુ આ પાઠ શ્રદ્ધેય નથી. પરિણામે પરિભાષાસાહિત્યમાં તે પાઠનું ઐતિહાસિક મૂલ્ય રહ્યું નથી.

વ્યાડિને નામે મળતા આ 'પરિભાષાસૂચન' અને 'પરિભાષાપાઠ' વિષે આપણે આગળ ઉપર વિસ્તારથી અને વિગતે ચર્ચા કરીશું.

વાર્તિકકાર : કાત્યાયને પાણિનિનાં પરિભાષાસૂત્રોના સંદર્ભમાં કોઈ વિશેષ ચર્ચા કરી નથી. પરંતુ કેવળ, તેવાં સૂત્રો નિયમાર્થ હોય છે એમ જણાવ્યું

છે. પરંતુ બીજી તરફ તેમણે અન્ય પરિભાષાઓ માટે જે કામગીરી બજાવી છે તે અત્યંત મહત્ત્વની અને નોંધનીય છે. વાર્ત્તિકકારની મુખ્ય કામગીરી તો જો કે પાણિનિનાં સૂત્રો વિષે ઉક્ત, અનુક્ત અને દુરુક્તચિંતા પ્રવર્તાવવી એ છે. તથાપિ તેમણે પોતાની પૂર્વેના સમય સુધીમાં પ્રચલિત થયેલાં પરિભાષાવચનોનો ઉપયોગ કરીને પાણિનિનાં સૂત્રો ઉપર ઉક્તચિંતા પ્રવર્તક વાર્ત્તિકો રજૂ કર્યાં છે. આ પરિભાષાઓ વાર્ત્તિકકારના સમયમાં પૂર્ણ પ્રચારમાં હશે, તે કારણે વાર્ત્તિકકારે કેટલીક પરિભાષાઓનો સાંકેતિક પ્રતીકાત્મક નિર્દેશ કર્યો છે. જેમકે, अन्तरङ्गत्वात् । ...संनिपातलक्षणत्वात् । આ ઉપરાંત વાર્ત્તિકકારે અનુક્ત અને દુરુક્તચિંતા પ્રવર્તક વાર્ત્તિકમાં કેટલાંક અત્યંત ઉપયોગી એવાં અપૂર્વ વચનો રજૂ કર્યાં છે. તેમાંથી ઘણાં બધાં વચનો પાછળના સમયમાં પરિભાષા રૂપે પ્રચારમાં આવ્યાં છે.

વાર્ત્તિકકારે જે પરિભાષાઓ રજૂ કરી છે, તેમાંથી ઘણી બધી પરિભાષાઓનાં પ્રયોજનો, દોષાદિની પણ તેમણે વિગતે નોંધ લીધી છે. અર્થાત્ પાછળથી જે પરિભાષાવ્યાખ્યાન–વૃત્તિ–રચનાની પ્રવૃત્તિ વિકસી છે, તેની આધાર સામગ્રી પણ વાર્ત્તિકકારે સંગૃહીત કરી છે.

ભાષ્યકાર : પતંજલિએ પાણિનિનાં પરિભાષાસૂત્રોનું પ્રવૃત્તિ સ્વરૂપ, તેનાં પ્રયોજનો ઇત્યાદિ વિવિધ દૃષ્ટિકોણથી પરિભાષાસૂત્રોનો વિચાર કર્યો છે. તદુપરાંત વાર્ત્તિકકારે વાર્ત્તિકોમાં રજૂ કરેલી પરિભાષાઓ વિષે પણ વિગતે વિચારણા કરી છે. ભાષ્યકારે રજૂ કરેલી પરિભાષાની પ્રમાણચર્ચા, ઉપાદેયતા વગેરે મુદ્દાઓ વિશેષ નોંધપાત્ર છે. વળી, વાર્ત્તિકકારે જો કોઈ પરિભાષાનો પ્રતીકાત્મક ઉલ્લેખ કર્યો હોય તો ભાષ્યકાર તેને પૂર્ણ વાક્યમાં રજૂ કરે છે તથા અષ્ટાધ્યાયીના સંદર્ભમાં જરૂર જણાય ત્યાં પરિભાષાઓમાં નવા અંશો ઉમેરે છે અથવા તો ફેરફાર પણ કરે છે.

આ ઉપરાંત સમગ્ર મહાભાષ્યમાં પાણિનિનાં સૂત્રો ઉપર પતંજલિએ જે સર્વતોમુખી ચર્ચા કરી છે, તેમાંથી ઘણાં વાક્યો પાછળના સમયમાં 'પરિભાષા' રૂપે પ્રચલિત બન્યાં છે. આવા ભાષ્યવચનોનો પાણિનીય અને અપાણિનીય પરંપરાના પરિભાષાપાઠો અને પરિભાષાવૃત્તિ ગ્રંથોના રચયિતાઓએ સર્વાંશે યથેચ્છ ઉપયોગ કર્યો છે.

વાર્ત્તિકકાર અને ભાષ્યકારે રજૂ કરેલી પરિભાષા વિષયક વિવેચનાનો અને તદ્વિષયક તેમના પ્રદાનનો આગળ ઉપર અભ્યાસ કરીશું.

અપાણિનીય પરિભાષાપાઠો : મહાભાષ્યની રચના થયા પછી પાણિનીય પરંપરામાં છેક ૧૨મી સદી સુધી પરિભાષાવિષયક કોઈ સ્વતંત્ર પરિભાષાપાઠ કે પરિભાષાવૃત્તિ ગ્રંથ રચાયો હોવાની માહિતી નથી. પૂર્વભારતની વૈયાકરણ પરંપરામાં પુરુષોત્તમદેવે (૧૨મી સદી) लघुपरिभाषावृत्तिः । નામના એક ગ્રંથની રચના કરીને પાણિનીય પરંપરામાં પરિભાષાવિષયક સ્વતંત્ર ગ્રંથરચના પ્રવૃત્તિને પુનરુજ્જીવિત કરી છે. આ સમયગાળા દરમ્યાન અપાણિનીય પરંપરામાં પરિભાષાવિષયક સ્વતંત્ર પરિભાષાપાઠો અને પરિભાષાવૃત્તિ ગ્રંથો રચવાની પ્રવૃત્તિ સક્રિય હોય એમ જણાય છે. આ સમયગાળામાં ૧. શાકટાયન–પરિભાષાસૂત્રો, ૨. ચાંદ્ર પરિભાષાસૂત્રો, ૩. દુર્ગસિંહકૃત કાતન્ત્રપરિભાષાસૂત્રો ૪. ભાવમિશ્રકૃત કાતન્ત્રપરિભાષાસૂત્રો, ૫. કાતન્ત્રપરિભાષાસૂત્ર, ૬. કાલાપપરિભાષાસૂત્ર, ૭. ભોજદેવકૃત પરિભાષાસૂત્રો, અને ૮. હેમહંસગણિએ સંગૃહીત કરેલ સિદ્ધહેમવ્યાકરણનો ન્યાયસંગ્રહ –જેવા અગત્યના પરિભાષાપાઠો અને પરિભાષાવૃત્તિ ગ્રંથો અપાણિનીય પરંપરામાં રચાયા છે.

પાણિનીય તન્ત્રની સંજ્ઞાઓ, શાસ્ત્રીય યુક્તિઓ ઇત્યાદિમાં કેટલાક ફેરફાર કરીને પાણિનીતર વૈયાકરણોએ ચાંદ્રાદિ વ્યાકરણોની રચના કરી છે. અપાણિનીય પરિભાષાપાઠો અને પરિભાષાવૃત્તિ ગ્રંથોમાં પણ મહદંશે પાણિનીય પરંપરાનો જ પ્રભાવ જોવા મળે છે. અપાણિનીય પરંપરાના પ્રત્યેક પરિભાષાપાઠ કે પરિભાષાવૃત્તિ ગ્રંથમાં બે–પાંચ અપવાદોને બાદ કરતાં તમામ પરિભાષાઓ પતંજલિના મહાભાષ્યમાંથી સ્વીકારવામાં આવી છે.

પરંતુ આ અપાણિનીય પરંપરાના પરિભાષાપાઠોમાંથી જે થોડી ઘણી પરિભાષાઓ પાણિનીય તંત્રમાં પાછળથી પ્રચારમાં આવી છે, તેનાથી કેટલાંક ઇષ્ટરૂપોની સિદ્ધિ અથવા શિષ્ટપ્રયોગોને સાધુત્વબોધન કરવામાં સરળતા સાંપડી છે, તે પણ નોંધવું જોઈએ. ઉપર્યુક્ત તમામ અપાણિનીય પરિભાષાપાઠાદિનો આપણે વિગતે અભ્યાસ આગળ ઉપર કરીશું.

પુરુષોત્તમદેવ : પૂર્વભારત–બંગાળ–ની વૈયાકરણ પરંપરામાં ૧૨મી સદીના ઉત્તરાર્ધમાં પુરુષોત્તમદેવ નામના એક નોંધપાત્ર બૌદ્ધવૈયાકરણનો ઉદય થયો. જેમણે પાણિનિનાં સૂત્રો ઉપર 'કાશિકા' અને 'ભાગવૃત્તિ' જેવી 'ભાષાવૃત્તિ' નામની વૃત્તિનો

રચના કરી છે. તેમણે 'જ્ઞાપકસમુચ્ચય', 'હારાવલી', 'ત્રિકાંડશેષ', 'એકાક્ષરકોશ' અને 'પ્રાણાપણા' ઇત્યાદિ, વ્યાકરણના બીજા ગ્રંથો પણ રચ્યા છે. મહાભાષ્યની રચના પછી પાણિનીય પરંપરામાં સુષુપ્ત બનેલી પરિભાષાવિષયક સ્વતંત્ર ગ્રન્થો રચવાની પ્રવૃત્તિને આ પુરુષોત્તમદેવે પુનરુજ્જીવિત કરી છે. તેમણે 'મહાભાષ્ય', 'કાશિકા,' 'ન્યાય' તથા અપાણિનીય પરિભાષાપાઠોના પર્યાલોચન બાદ એકસો વીસ પરિભાષાઓનો સંગ્રહ કરી તેની ઉપર लघुपरिभाषावृत्तिः નામનો ગ્રન્થ રચ્યો છે. તેનો પ્રારંભ अर्थवद्ग्रहणे नानर्थकस्य પરિભાષાથી થાય છે. આ પુરુષોત્તમદેવના નામે એક સ્વતંત્ર પરિભાષાપાઠ પણ મળી આવે છે. જેમાં પંચાણું પરિભાષાઓ એકત્ર કરવામાં આવી છે તથા તેનો પ્રારંભ व्याख्यानतो विशेषप्रतिपत्तिः૦। પરિભાષાથી થાય છે. પરંતુ આ પાઠ શ્રદ્ધેય નથી. તેથી અન્ય પરિભાષાપાઠો સાથે તેનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે તે ઉપયોગી નથી.

પુરુષોત્તમદેવે પાણિનીય પરંપરામાં પરિભાષાવિષયક સ્વતંત્ર ગ્રન્થો રચવાની પ્રવૃત્તિને પુનરુજ્જીવિત કરી છે, તેમ પુનરુક્તિથી કહેવું જોઈએ. કારણ કે પુરુષોત્તમદેવની लघुपरिभाषावृत्तिः થી પ્રભાવિત થઈને પૂર્વભારતની વૈયાકરણ પરંપરામાં તેમના અનુગામી સીરદેવ અને હરિભાસ્કરે અનુક્રમે 'બૃહત્-પરિભાષાવૃત્તિ' તથા 'પરિભાષાભાસ્કર' નામના ગ્રન્થોની રચના કરી છે. બીજી તરફ, કાશીની વૈયાકરણ પરંપરામાં નીલકંઠે પણ પુરુષોત્તમદેવ અને સીરદેવાદિના ગ્રન્થોમાંથી પ્રેરણા મેળવીને એક 'પરિભાષાવૃત્તિ'ની રચના કરી છે. તદુપરાંત, નાગેશ ભટ્ટે નવા અભિગમથી[૨૦] પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં પ્રોજ્જ્વલ પ્રદીપ સમા 'પરિભાષેન્દુશેખર'ની રચના પણ પુરુષોત્તમદેવના આ ગ્રન્થના અનુસંધાનમાં કરી છે. આમ, પુરુષોત્તમદેવે પ્રારંભેલી પરિભાષાવ્યાખ્યાનની પ્રવૃત્તિ સતત વિકસતી રહીને સત્તરમી સદીમાં નાગેશના 'પરિભાષેન્દુશેખર'માં ચરમસીમાએ બિરાજે છે.

આ लघुपरिभाषावृत्तिः નો વિવેચનાત્મક અભ્યાસ કરવાથી પાણિનીય પરિભાષાઓના જ્ઞાપકપ્રયોજનાદિની ચર્ચાનો કેવી રીતે ઉદય અને વિકાસ થયો છે; તે જાણી શકાય છે. તદુપરાંત, પુરુષોત્તમદેવના અનુગામી પરિભાષાવૃત્તિકારો ઉપર लघुपरिभाषावृत्तिः નો કેટલો પ્રભાવ પડયો છે, તથા પરિભાષાના વિષયમાં કેવી રીતે સિદ્ધાન્ત કોટિનું વ્યાખ્યાન ક્રમશઃ વિકસતું ગયું? તેનો બહુ ઉપયોગી અને રસપ્રદ ઇતિહાસ પણ જાણવા મળે છે.

૨૦. નાગેશ ભટ્ટે નવા અભિગમથી અર્થાત્ મહાભાષ્યને જ એક માત્ર અંતિમ પ્રમાણ રૂપે સ્વીકારીને આ ગ્રંથની રચના કરી છે.

પુરુષોત્તમદેવની લઘુપરિભાષાવૃત્તિઃ નો વિવેચનાત્મક અભ્યાસ કરવો–એ પ્રસ્તુત મહાનિબંધનો મુખ્ય વિષય હોઈ તે અંગે આગળ ઉપર વિસ્તારથી સર્વાંગીણ ચર્ચા કરવામાં આવશે.

સીરદેવ : પુરુષોત્તમદેવની લઘુપરિભાષાવૃત્તિઃની રચના થયા પછી પચાસેક વર્ષો બાદ બીજા એક સીરદેવ નામના બૌદ્ધ વૈયાકરણે 'બૃહત્–પરિભાષાવૃત્તિ'ની રચના કરી છે. પાણિનીય પરિભાષાઓ ઉપર પુરુષોત્તમદેવે રજૂ કરેલા વ્યાખ્યાનનો સીરદેવે વિદ્વત્તાપ્રદર્શનાર્થે વિસ્તાર કરીને પુનઃપ્રસ્તાવ કર્યો છે. અપવાદ રૂપે સીરદેવે ક્યાંક ક્યાંક પુરુષોત્તમદેવની ચર્ચામાં ફેરફાર પણ કર્યા છે, અને નવા ઉમેરા પણ કર્યા છે, તથાપિ મહદંશે તેઓ પુરુષોત્તમદેવનું જ અનુસરણ કરે છે.

સીરદેવે બૃહત્પરિભાષાવૃત્તિમાં કુલ એકસો ત્રીસ પરિભાષાઓ રજૂ કરી છે તથા તેની ગોઠવણીમાં એક મહત્ત્વનો ફેરફાર કર્યો છે. પુરુષોત્તમદેવની જેમ સીરદેવે પણ અર્થવદ્ગ્રહણે પરિભાષાને પ્રથમ રજૂ કરી નથી. પરંતુ પુરુષોત્તમદેવે જે છેલ્લી પરિભાષા વ્યાખ્યાનતો વિશેષપ્રતિપત્તિઃ૦। રજૂ કરી છે. તેને સીરદેવે પ્રથમ રજૂ કરી છે. આમ કરવાનું કારણ એ છે કે સીરદેવે પોતાના બૃહત્પરિભાષાવૃત્તિ ગ્રન્થમાં પરિભાષાની ગોઠવણી માટે જે તે પરિભાષાના જ્ઞાપક –સૂત્રોના ક્રમને પ્રાધાન્ય આપ્યું છે. આથી પાણિનિનાં સૂત્રો ઉપરથી જે ક્રમે પરિભાષાઓ એક પછી એક જ્ઞાપિત થાય છે તે મુજબ સીરદેવે પરિભાષાઓને ગોઠવી છે. આ ક્રમે કુલ નવ્વાણું પરિભાષાઓ ગોઠવ્યા પછી સોથી એકસો ત્રીસ સુધી ન્યાયમૂલા પરિભાષાઓનું એક અલગ જૂથ રજૂ કરવામાં આવ્યું છે.

નીલકંઠ : કાશીની વૈયાકરણ પરંપરામાં ઈ.સ. ૧૬૫૦માં નીલકંઠ દીક્ષિતે એક 'પરિભાષાવૃત્તિ'ની રચના કરી છે. તેમાં એકસો ચાળીસ પરિભાષાઓ ઉપર વૃત્તિ રચી છે. આ વૃત્તિમાં પરિભાષાનો સંયોજન ક્રમ સીરદેવને અનુસરતો નથી. તેમણે પ્રારંભે રજૂ કરેલી કેટલીક પરિભાષાઓમાં પરિભાષાઓનો ભાષ્યોપસ્થિતિક્રમ ધ્યાનમાં રાખ્યો હોય તેમ જણાય છે. બીજું, નીલકંઠની આ વૃત્તિ અત્યંત સંક્ષિપ્ત છે, તેમાં જે તે પરિભાષાનો ભાષ્ય સંદર્ભ જ મુખ્યત્વે નોંધવામાં આવ્યો છે.

હરિભાસ્કર : ભાસ્કર અગ્નિહોત્રીના અંતેવાસી હરિભાસ્કર પૂર્વભારતની વૈયાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિકાર છે. તેમણે 'પરિભાષાભાસ્કર' નામની એક પરિભાષાવૃત્તિની રચના કરી છે.

હરિભાસ્કર પૂર્વભારતની વૈયાકરણ પરંપરાના હોવા છતાંય તેમણે કાશીની વૈયાકરણ પરંપરાના નીલકંઠની 'પરિભાષાવૃત્તિ'નો પણ સમુચિત ઉપયોગ કર્યો છે.

'પરિભાષાભાસ્કર'માં કુલ એકસોબત્રીસ પરિભાષાઓ છે. અર્થાત્ સીરદેવની અપેક્ષાએ તેમાં બે પરિભાષાઓ વધારે છે. પરંતુ પરિભાષાની ગોઠવણીમાં હરિભાસ્કરે પૂર્ણતઃ સીરદેવનું જ અનુસરણ કર્યું છે. આ પરિભાષાવૃત્તિમાં શિષ્ટ પ્રયોગોને સાધુત્વબોધન કરવાનો લાક્ષણિક પ્રયત્ન કરવામાં આવ્યો છે, તે નોંધપાત્ર છે. આ સિવાય, જે તે પરિભાષાના વ્યાખ્યાનના સંદર્ભમાં વિચારીએ તો હરિભાસ્કરે મહદંશે પુરુષોત્તમદેવ અને સીરદેવની ચર્ચાઓનો જ સારસંગ્રહ કર્યો છે.

નાગેશ : પાણિનિના લગભગ સમકાલીન એવા વ્યાડિએ પ્રારંભેલી અને બારમી સદીમાં પુરુષોત્તમદેવે પુનરુજ્જીવિત કરેલી પરિભાષાવિષયક સ્વતંત્ર ગ્રન્થો રચવાની પ્રવૃત્તિ સત્તરમી સદીમાં 'પરિભાષેન્દુશેખર' રચવાની સાથે સિદ્ધાન્તશિખરે આવી ચરિતાર્થ બને છે. પુરુષોત્તમદેવ અને નીલકંઠાદિએ પ્રવર્તાવેલી પરિભાષાવિષયક ચર્ચા–વિચારણાને નાગેશ ભટ્ટે નવા અભિગમથી સુમંડિત કરી છે. તેમણે કુલ એકસો વીસ પરિભાષાઓ ઉપર વ્યાખ્યાન કર્યું છે. વિશેષમાં તેમણે પરિભાષાની ગોઠવણી માટે જે તે પરિભાષાનો તર્કસંગત વિષય–વિભાગ તથા તે તે પરિભાષાઓની અગત્ય ધ્યાનમાં રાખીને એક નવી યોજના વિચારી છે, તદનુસાર 'પરિભાષેન્દુશેખર'માં ત્રણ તંત્ર છે : પહેલા તંત્રમાં કુલ સાડત્રીસ શાસ્ત્રત્વસંપાદિકા પરિભાષાઓ ઉપર વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. બીજા તંત્રમાં આડત્રીસથી સિત્તેર સુધી બાધબીજ–વ્યવસ્થાપિકા પરિભાષાઓ મૂકવામાં આવી છે અને ત્રીજા તંત્રશેષ પ્રકરણમાં ઇકોતેરથી એકસોવીસ સુધી પ્રકીર્ણ પરિભાષાઓ રજૂ કરી છે. ૯૩.૧ થી ૯૩.૧૦ અને ૧૨૦.૧, ૧૨૦.૨ એ પરિભાષાઓ ભાષ્યાનુક્ત હોઈ નાગેશે તે પરિભાષાઓનું પ્રત્યાખ્યાન કર્યું છે.

આપણે સીરદેવ, નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશના પરિભાષાગ્રન્થોનો પુરુષોત્તમદેવની લઘુપરિભાષાવૃત્તિઃ સાથે તુલનાત્મક અભ્યાસ કરતાં આ બધા ગ્રન્થો વિશે વિસ્તારથી આગળ ઉપર જોઈશું.

અહીં વિશેષમાં નોંધવું જોઈએ કે પુરુષોત્તમદેવે પુનરુજ્જીવિત કરેલી આ પ્રવૃત્તિ નાગેશ ભટ્ટના 'પરિભાષેન્દુશેખર' ગ્રન્થમાં આવીને વિરમી જતી નથી. તે આગળ ઉપર પણ પ્રવહમાન રહી છે. ઉદાહરણ રૂપે જોઈએ તો પરિભાષેન્દુશેખરસ્થ

ચર્ચાઓનું ખંડન કરવા માટે 'શેષાદ્રિ સુધી' નામના વૈયાકરણે એક પરિભાષાવૃત્તિની રચના કરી છે. તથા નાગેશ ભટ્ટ પછી રચાયેલા બીજા અનેક પરિભાષાવિષયક ગ્રન્થો હાલ પણ હસ્તપ્રત સ્વરૂપે ઉપલબ્ધ થાય છે.

આ પ્રમાણે, પાણિનીય પરંપરામાં પરિભાષાવિષયક સ્વતંત્ર ગ્રન્થો રચવાની પ્રવૃત્તિના સુપરિણામ રૂપે આપણને પુરુષોત્તમદેવની लघुपरिभाषावृत्तिः, સીરદેવની बृहत्परिभाषावृत्तिः અને નાગેશ ભટ્ટના परिभाषेन्दुशेखरः જેવા અત્યંત ઉપયોગી અને નોંધપાત્ર ગ્રન્થો મળ્યા છે.

પ્રકરણ ૨

પાણિનિનાં પરિભાષાસૂત્રો

વિષય પ્રસ્તાવ

અષ્ટાધ્યાયીગ્રન્થ સૂત્રશૈલીમાં રચાયેલો ગ્રન્થ છે. લાઘવની ભૂમિકાએથી વિશ્વતોમુખી બની રહેવાનું તેનું ધ્યેય છે. 'સ્વલ્પાક્ષર, અસંદિગ્ધ, સારવત્, વિશ્વતોમુખ, અસ્તોભ અને અનવદ્ય' એવા સૂત્રલક્ષણનું[1] દર્શન પણ સંભવ છે કે પાણિનિના ગ્રન્થના અધ્યયનથી પ્રાચીનોને લાધ્યું હોય. વળી, પાણિનિનાં સૂત્રોનું સ્વરૂપ જેમ અનેકવિધ જોવા મળે છે તેમ તેમનાં સૂત્રોના પ્રકાર પણ અનેક જોવા મળે છે. જેમકે, સંજ્ઞાસૂત્ર, પરિભાષાસૂત્ર, વિધિસૂત્ર, નિયમસૂત્ર, અતિદેશસૂત્ર અને અધિકારસૂત્ર.[2] આ બધામાંથી પરિભાષા રૂપ સૂત્રોને અલગ તારવીને આપણા અભ્યાસના સંદર્ભમાં તેમનો વિચાર કરવો રહ્યો.

'પરિભાષેન્દુશેખર' ના પ્રારંભે નાગેશ ભટ્ટ જણાવે છે કે ભાષ્ય અને વાર્તિકમાં ઉપનિબદ્ધ તેવી પરિભાષાઓનું અહીં વ્યાખ્યાન કરવામાં આવે છે.[3] વૈદ્યનાથ પાયગુણ્ડે આ શબ્દોનો અર્થ આ પ્રમાણે કરે છે. 'પાણિનિએ જેમને પરિભાષાઓ તરીકે સ્વીકારી છે તેવી પરિભાષાઓનો અહીં ઉલ્લેખ થશે નહીં'[4] આમ, પાણિનિનાં પરિભાષા-સૂત્રોનો સ્વતંત્ર અભ્યાસ કરવો તે પાછળના વૈયાકરણોનું ધ્યેય નથી. છતાં અતિવિસ્તારને પામેલા આ પરિભાષા સાહિત્યને સમગ્ર દૃષ્ટિએ વિચારીએ

---

૧. स्वल्पाक्षरमसंदिग्धं सारवत् विश्वतोमुखम् ।
अस्तोभमनवद्यञ्च सूत्रं सूत्रविदो विदुः ॥

૨. संज्ञा च परिभाषा च विधिर्नियम एव च ।
अतिदेशोऽधिकारश्च षड्विधं सूत्रमुच्यते ॥

૩. प्राचीनवैयाकरणतन्त्रे वाचनिकान्यत्र पाणिनीयतन्त्रे ज्ञापकन्यायसिद्धानि भाष्यवार्तिकयोरुपनिबद्धानि यानि परिभाषारूपाणि तानि व्याख्यायन्ते ॥ परिभाषेन्दुशेखरः ।

૪. सूत्रपाठस्थपरिभाषाणामत्र अव्याख्यानाय.....आह-भाष्येति ।

તો તેનાં મૂળ પાણિનિનાં અષ્ટાધ્યાયીમાં પણ રહેલાં જોવા મળે છે.[૫]

શાસ્ત્રરચના સમયે સંદેહની અપ્રાપ્તિ રહે તે માટે કોઈપણ શાસ્ત્રપ્રવર્તક પહેલાં પોતાને અભિપ્રેત તેવી ગ્રંથવ્યવસ્થા દૃઢમૂલ કરવાનો પ્રયત્ન કરે જ.

તેથી પાણિનિનાં ભાષાસૂત્રોનું પ્રયોજન અને તેમનું સ્વરૂપ આપણે જાણી લેવું આવશ્યક બને છે, જેથી પાછળથી વિકસેલા અને વિસ્તૃત બનેલા પરિભાષા સાહિત્યમાં ક્યાં નવાં પ્રયોજનો ઉમેરાયાં, તેના સ્વરૂપમાં શો ફેરફાર થયો વગેરે બાબતોને સમ્યક્‌પણે આપણે શોધી શકીએ.

આમ, સૌથી પહેલાં પાણિનિનાં પરિભાષા–સૂત્રોનો અભ્યાસ આપણે માટે પ્રસ્તુત બની રહે છે.

૧

મહર્ષિ પાણિનિએ અષ્ટાધ્યાયીના પ્રથમ અધ્યાયમાં કેટલાંક એવાં સૂત્રો મૂક્યાં છે જે તેમની ગ્રંથવ્યવસ્થા ઉપર પ્રકાશ પાડે છે તથા સૂત્રોના અર્થઘટનમાં સહાયક બને છે. અને તે રીતે આ સૂત્રો સમગ્ર શાસ્ત્રને ઉપકારક બની રહ્યાં છે. આવાં સૂત્રોને પાછળથી વૃત્તિકારો અને ટીકાકારોની પરંપરાએ ષડ્‌વિધ સૂત્રોમાંથી 'પરિભાષા' પ્રકારનાં સૂત્રો તરીકે ઓળખાવ્યાં છે.

પાણિનિએ પોતે અષ્ટાધ્યાયીમાં 'પરિભાષા' શબ્દ વાપર્યો નથી. વાર્તિકકાર કે ભાષ્યકાર પ્રત્યેક સૂત્રનો પ્રકાર નક્કી કરી આપતા નથી. ક્યારેક તેઓ અમુક સૂત્ર તે 'પરિભાષા સૂત્ર છે' તેવું વિધાન કરે છે, જેમકે, स्वरितेनाधिकारः । 1–3–11 इको गुणवृद्धी । 1–1–3, स्थानेऽन्तरतमः । 1–1–49, विप्रतिषेधे परं कार्यम् । 1–4–2, समर्थः पदविधिः 2–1–1ને સ્પષ્ટપણે 'પરિભાષા સૂત્રો' કહે છે. પણ આવાં સ્થળો ઘણાં ઓછાં છે.

---

૫. 'These three currents of gramar have their seeds in the Aṣṭādhyāyī, sprouts in the vārttikas and growth in the Mahābhāṣya of Patañjali.

Later grammarians completely separated these currents, which under the names of prakriyā, Arthavicāra and Paribhāṣā.

(परिभाषासंग्रह–प्रस्तावना पान–3)

બીજાં કેટલાંક એવાં સૂત્રો પણ મળે છે કે જેને પાછળથી 'કાશિકા'-'ન્યાસા'દિની પરંપરાએ પરિભાષા સૂત્રો કહ્યાં છે, પરંતુ ભાષ્યમાં તેઓને માટે કેવળ 'આ નિયમાર્થ છે' એટલું જ વિધાન થયેલું જોવા મળે છે. જેમકે, परश्च 3-1-2, । आद्युदात्तश्च । 3-1-31 स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा 1-1-68 સૂત્રના ઉપરના ભાષ્યમાં આ કયા પ્રકારનું સૂત્ર છે તે મુદ્દો પ્રસ્તુત બન્યો નથી. તેથી ભાષ્ય પછીના સમયમાં તે વિષે સંદેહને કારણે મતભેદ ઊભા થયેલા જોવા મળે છે. તેની નોંધ કૈયટની 'પ્રદીપ' ટીકામાં મળે છે. જેમકે, કેટલાક કહે છે : 'સ્વરૂપથી અને પર્યાયથી જ્યારે કાર્ય પ્રસક્ત રહે ત્યારે શ્રૂયમાણ (શબ્દ સ્વરૂપ) ને જ તે (કાર્ય) થાય અને પર્યાયને ન થાય માટે આ નિયમાર્થ પરિભાષા છે. તો વળી બીજાઓ કહે છે : 'પરિભાષા લિંગવતી હોય છે, જેમકે, इको गुणवृद्धी 1-1-3 એ પરિભાષાસૂત્ર. અહીં ગુણ અને વૃદ્ધિ લિંગ છે. અથવા (પરિભાષા) વિધ્યન્તરશેષભૂતા હોય છે. જેમકે विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 એ પરિભાષાસૂત્ર. (આ સૂત્ર) પર એવા વિધ્યન્તરના શેષભાવને પામે છે. પરંતુ આ स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । 1-1-68 સૂત્રનું લિંગ કે વિધ્યન્તરશેષભાવ વિદ્યમાન નથી. તેથી આ સંજ્ઞાસૂત્ર છે તેવું માને છે.'[૬] ન્યાસકારે પણ આ મત-ભેદની નોંધ લીધી છે.[૭]

વૃત્તિકારો અને ટીકાકારોની દૃષ્ટિએ વિચારીએ તો પણ આ વિષયમાં એકમત જોવા મળતો નથી. જેમકે, 'કાશિકા' અને 'ન્યાસે' परश्च 3-1-42 તથા आद्युदात्तश्च ।

---

૬. स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा 1-1-68 (प्रदीपः) स्वरूपस्य पर्यायाणां तद्विशेषाणां च ग्रहणे प्राप्ते नियमार्था परिभाषेयमिति केचिदाहुः ॥ अन्ये तु लिङ्गाभावाद्विध्यन्तरशेषभावाभावाच्च नेयं परिभाषा, अपि तु संज्ञासूत्रमिदमिति प्रतिपन्नाः ॥

૭. स्वं रूपं० । 1-1-68 (न्यासः) तत्र केचिदाहुः -स्वरूपस्य पर्यायाणाञ्च कार्ये प्रसक्ते श्रुयमाणस्यैव तद् यथा स्यात्, पर्यायाणां मा भूदिति नियमार्था परिभाषेयमिति। अन्ये तु-लिङ्गवती परिभाषा भवति, यथा, 'इको गुणवृद्धी' इति गुणवृद्धी लिङ्गम् । विध्यन्तरशेषभूता वा, यथा - 'विप्रतिषेधे परं कार्यम्' इति परस्य विध्यन्तरस्य शेषभावमापद्यते न चास्या लिङ्गं विध्यन्तरशेषभावो वा विद्यते इति संज्ञासूत्रमिदम्' इति प्रतिपन्नाः। यद्यपि वृत्तौ संज्ञाशब्दो नोच्चारितः तथापि 'स्वमेव रूपं शब्दस्य ग्राह्यम्' इत्येवं ब्रुवता वृत्तिकारेण संज्ञैवेत्याख्यातं भवति ।

3–1–3 એ સૂત્રોને અધિકારસૂત્ર અથવા પરિભાષા સૂત્ર તરીકે જાહેર કર્યાં છે. જ્યારે નાગેશ તે સૂત્રો ઉપરના ભાષ્યપ્રદીપોદ્યોતમાં તેમને અધિકારસૂત્રો ગણે છે.[૮] ભાષ્યવચનને અનુસરીને ભર્તૃહરિ તથા કૈયટે आद्यन्तवदेस्मिन् 1–1–21 અને येन विधिस्तदन्तस्य। 1–1–72 સૂત્રોને પરિભાષાસૂત્રો કહ્યાં છે.[૯] ન્યાસકારે તે બે સૂત્રોને અનુક્રમે અતિદેશ અને સંજ્ઞાસૂત્ર કહ્યાં છે.[૧૦]

આવી સ્થિતિ થવાનાં કારણો તપાસીએ તો પરિભાષાનું સ્વરૂપ અથવા લક્ષણ કાલાન્તરે ક્રમિક રીતે વિકસતું ગયું છે. સૌથી પ્રથમ વાર્તિકકારોએ 'પાણિનિનાં અમુક સૂત્રોનું શું પ્રયોજન છે' તેવી જિજ્ઞાસાથી વિચારતાં જોયું કે કેટલાંક સૂત્રો નિયમાર્થ છે. જેમકે:

(૧) तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1–1–66, तस्मादित्युत्तरस्य 1–1–67 પર વાર્તિક આ પ્રમાણે મળે છે :–तस्मिंस्तस्मादिति पूर्वोत्तरयोर्योगाविशेषात् नियमार्थं वचनं दध्युदकं पचत्योदनम् ॥ २ ॥

(૨) यथासंख्यमनुदेशः समानाम् 1–3–10 સૂત્રભાષ્યમાં વાર્તિક આ પ્રમાણે છે. :– संज्ञासमासनिर्देशात्सर्वप्रसङ्गोऽनुदेशस्य, तत्र यथासंख्यवचनं नियमार्थम् ॥ १ ॥

---

૮. आद्युदातश्च 3–1–3 (भाष्यप्रदीपोद्योतः) एते त्रयोऽप्यधिकाराः। यत्तु 'परश्च' – आद्युदात्तश्च' इत्यनयोः परिभाषात्वमुक्तम् तन्न, लिङ्गाभावात् न च प्रत्ययसंज्ञैव लिङ्गम् एकवाक्यतया त्रयाणामपि विधानेनान्यतरस्यान्यतरत्वायोगात् ॥

૯. येन विधिस्तदन्तस्येति परिभाषाया अवकाशः चयः जयः। आद्यन्तपरिभाषाया 'धातोरन्त०' मिदचोऽन्त्यात्, अचोऽन्त्यादिटि यत्र साक्षादन्तग्रहणमस्ति ॥ महाभाष्यदीपिका, 1–1–14, पृ. 170 निपात एकाजनाङ्' 1–1–14 (प्रदीपः) पारार्थ्यसामान्यात् संज्ञातिदेशौ परिभाषाशब्देनोक्तौ

૧૦. (૧) आद्यन्तवदेकस्मिन् । 1–1–21 सूत्र (न्यासः)..... तस्मादतिदेशोऽयमारभ्यते । (૨) येन विधिस्तदन्तस्य । 1–1–72 सूत्र (न्यासः) स्वं रूपं शब्दस्येत्ययमपवादः। इदमपि संज्ञासूत्रम्, न तु परिभाषा न ह्यत्र नियमरूपता परिभाषाधर्मो विद्यते ॥

આ જ પ્રમાણે 1-1-3, 1-1-48 તથા 1-2-28 સૂત્રો પર પણ આવાં વાર્ત્તિકો મળે છે.

આમ, જે સૂત્રો પાછળથી પરિભાષાસૂત્ર તરીકે ઓળખાયાં તેમને માટે વાર્ત્તિકકાર 'નિયમ' એવો શબ્દ વાપરતા હતા. આનો ઉલ્લેખ નાગેશના ભાષ્ય-પ્રદીપોદ્યોતમાં મળે છે : इको गुणवृद्धी । 1-1-3 સૂત્રભાષ્યમાં ભાષ્યકાર જણાવે છે કે 'આ પરિભાષાન્તર છે તેમ માનીને ક્રોષ્ટ્રીય વૈયાકરણોએ કહ્યું છે-નિયમનો બાધ કરીને વિપ્રતિષેધથી ગુણ કે વૃદ્ધિ થાય છે."[11] આમાંના 'નિયમ' પદને સમજાવતાં નાગેશ કહે છે કે अलोऽन्त्यस्य । પરિભાષાની પૂર્વાચાર્યોએ 'નિયમ' એવી સંજ્ઞા કરી છે.[12] આ ચર્ચા ઉપરથી જણાય છે કે, 'પરિભાષા અનિયમમાં નિયમ કરનારી હોય છે,[13] તેવું પરિભાષાસૂત્રોનું લક્ષણ વાર્ત્તિકકારને અભિપ્રેત છે.

મહાભાષ્યનો અભ્યાસ કરતાં જણાય છે કે પતંજલિએ વાર્ત્તિકકાર નિર્દિષ્ટ પરિભાષાસૂત્રોનું નિયમાર્થત્વ સ્વીકાર્યું છે, ઉપરાંત તેવાં નિયમાર્થ સૂત્રોનું પરાર્થત્વપણ છે તેમ પણ જાહેર કર્યું છે. પતંજલિએ પરિભાષાસૂત્રો સકળ શાસ્ત્રને ઉપકારક છે તેમ જોઈને આવાં સૂત્રો પરાર્થ છે તેમ નિર્દેશ્યું છે. વળી, આથીય આગળ વધીને તેમણે કેવળ 'પરાર્થ' એવા ગુણને જોઈને બીજાં કેટલાંક સંજ્ઞા-અતિદેશ પ્રકારનાં સૂત્રોને માટે 'પરિભાષા' એવો શબ્દ વાપર્યો છે. આનો નિર્દેશ આપણને નીચેની निपात एकाजनाङ् । 1-1-14 સૂત્રભાષ્યની ચર્ચામાં મળે છે: आद्यन्तवदेकस्मिन् 1-1-21 તથા येन विधिस्तदन्तस्त । 1-1-72 જેવી સાવકાશ અને (તથી) સમવસ્થિત (એક જ સમયે ઉપસ્થિત થતી) આ બે પરિ-ભાષાઓમાંથી आद्यन्तवदेकस्मिन् । 1-1-21 તે પરિભાષા અહીં થશે અને येन विधिस्तदन्तस्य 1-1-72 નહીં થાય-એવું કેવી રીતે?" આ ચર્ચામાં પારાર્થ્યસામાન્યને કારણે સંજ્ઞા અને અતિદેશ સૂત્રોને 'પરિભાષા' શબ્દથી કહ્યાં.

---

૧૧. इको गुणवृद्धी । 1-1-8 अत्र भाष्यम्-परिभाषान्तरमिति च मत्वा क्रोष्ट्रीयाः पठन्ति नियमादिको गुणवृद्धी भवतो विप्रतिषेधेन इति ॥

૧૨. इको गुणवृद्धी । 1-1-3 अत्र भाष्यप्रदीपोद्योतः-नियमादिति । अलोऽन्त्यपरिभाषायाः पूर्वाचार्यसंज्ञा नियम इति ॥

૧૩. अनियमे नियमकारिणी परिभाषा ॥

છે, તેમ કૈયટ જણાવે છે.[૧૪]

આનું સ્પષ્ટ કારણ એ છે કે ભાષ્યકારે પરિભાષાનું સ્વરૂપદર્શન વિશાળ અર્થમાં કર્યું છે. તેઓ समर्थः पदविधिः 2-1-1 સૂત્રભાષ્યમાં જણાવે છે કે—

'પરિભાષા એકદેશમાં રહીને સકળશાસ્ત્રને પ્રદીપની જેમ અભિજ્વલિત કરે છે. જેવી રીતે એકદેશસ્થ સુપ્રજ્વલિત પ્રદીપ આખા ઘરને પ્રકાશિત કરે છે.'[૧૫] આ ઉપરાંત ષષ્ઠી સ્થાનેયોગા। 1-1-49 સૂત્રભાષ્યમાં તે જણાવે છે કે—

'અધિકાર ત્રણ પ્રકારનો છે: કોઈ એક અધિકાર એકદેશમાં રહીને સકળ શાસ્ત્રને અભિજ્વલિત કરે છે. જેવી રીતે સુપ્રજ્વલિત પ્રદીપ આખા ઘરને પ્રકાશિત કરે છે.'[૧૬] કૈયટ ભાષ્યાશયને સ્પષ્ટ કરતાં જણાવે છે કે પારાર્થ્ય-સામ્યને કારણે પરિભાષાને પણ અધિકાર કહેવામાં આવે છે.[૧૭]

આમ, પતંજલિએ પરિભાષાસૂત્રોનું સકળ શાસ્ત્રોપયોગિત્વ અર્થાત્ પરાર્થત્વ પણ જોયું. આ ચર્ચા ઉપરથી સ્પષ્ટ થશે કે વાર્તિકકારના અભિપ્રાય મુજબ પાણિનિનાં પરિભાષાસૂત્રોને નિયમાર્થ કહેવાથી તે સૂત્રોનો કાર્યપ્રકાર સ્પષ્ટ થાય છે અને ભાષ્યકારના અભિપ્રાય મુજબ પરાર્થ કહેવાથી તે સૂત્રોનો પ્રવૃત્તિ-પ્રદેશ સ્પષ્ટ થાય છે.

---

૧૪. अ- निपात एकाजनाङ्। 1-1-14 अत्र भाष्यम्-एवमपि कुत एतत् द्वयोः परिभाषयोः सावकाशयोः समवस्थितयोः 'आद्यन्तवदेकस्मिन् -येन त्रिधिस्तदन्तस्य इति च। इयमहि परिभाषा भविष्यति आद्यन्त-वदेकस्मिन्निति। इयं च न भविष्यति येन विधिस्तदन्तस्य इति॥ व. (प्रदीपः) पारार्थ्यसाभान्यात् संज्ञातिदेशौ परिभाषाशब्देनोक्तौ।

૧૫. समर्थः पदविधिः। 2-1-1 अत्र भाष्यम् 'परिभाषा पुनरेकदेशस्था सती सर्वं शास्त्रमभिज्वलयति प्रदीपवत्। तद्यथा। प्रदीपः सुप्रज्वलितः एकदेशस्थः सर्वं वेश्माभिज्वलयति॥

૧૬. षष्ठी स्थानेयोगा। 1-1-49 अधिकारो नाम त्रिप्रकारः। कश्चिदेक-देशस्थः सर्वं शास्त्रमभिज्वलयति यथा प्रदीपः सुप्रज्वलितः सर्वं वेश्मा-भिज्वलयति।

૧૭. षष्ठी०। 1-1-49 (प्रदीपः) पारार्थ्यसाम्यात्परिभाषाप्यधिकार इत्युच्यते। कश्चिदिति। परिभाषारूप इत्यर्थः॥

૨

આપણે જોયું તે પ્રમાણે, વાર્તિકકારની સરખામણીમાં પતંજલિએ પરિભાષાનું સ્વરૂપદર્શન વિશાળ અર્થમાં કર્યું હોઈ પારાર્થ્ય સામ્યને કારણે સંજ્ઞા અને અતિદેશ પ્રકારના સૂત્રોને માટે પણ 'પરિભાષા' શબ્દ વાપર્યો છે. પરંતુ 'કાશિકા' અને 'ન્યાસ' આવાં સંજ્ઞાસૂત્રો કે અતિદેશસૂત્રોને પરિભાષાસૂત્રો રૂપે સ્વીકારવાં તૈયાર નથી. કારણ કે પાણિનિનાં સૂત્રોના સંદર્ભમાં 'આ પરિભાષા સૂત્ર છે કે નહીં' તેનો નિર્ણય કરવા માટે તેમણે વાર્તિકકારનો–'પરિભાષાસૂત્ર નિયમાર્થ હોવા વિષેનો–અભિપ્રાય અભિનિવેશપૂર્વક સ્વીકાર્યો હોય તેમ જણાય છે. આ રીતે 'કાશિકા' અને 'ન્યાસે' પરિભાષાનું સ્વરૂપદર્શન કાંઈક અંશે મર્યાદિત રાખ્યું છે. કેટલાંક ઉદાહરણો લેવાથી આ મુદ્દો વધારે સ્પષ્ટ થશે.

षष्ठी स्थानेयोगा । 1–1–49 જેવાં પરિભાષાસૂત્રોને માટે 'કાશિકા' સ્પષ્ટપણે જણાવે છે કે યોગનિયમાર્થ આ પરિભાષા છે, પરંતુ स्वं रूपं शब्दस्या शब्दसंज्ञा । 1–1–68 अणुदित् सवर्णस्य चाप्रत्ययः । 1–1–69 आदिरन्त्येन सहेता । 1–1–71 અને येन विधिस्तदन्तस्य । 1–1–72 જેવાં સૂત્રો કયા પ્રકારનાં છે તેની સ્પષ્ટતા કરતાં નથી. આ વચનોના સંદર્ભમાં ન્યાસને જોઈએ :

(૧) स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । 1–1–68 સૂત્ર ઉપર ન્યાસકાર જણાવે છે : 'વૃત્તિમાં સંજ્ઞા શબ્દ ઉચ્ચાર્યો નથી, છતાં પણ શબ્દનું પોતાનું જ રૂપ ગ્રાહ્ય છે તેમ કહેતાં વૃત્તિકારે આ સંજ્ઞા (સૂત્ર જ) છે તેમ વ્યાખ્યાન કર્યું છે.[૧૮]

(૨) अणुदित्सवर्णस्य चाप्रत्ययः । 1–1–69 સૂત્ર ઉપર ન્યાસકાર જણાવે છે : 'આ સંજ્ઞાસૂત્ર છે પરિભાષા (સૂત્ર) નહીં. તે (પરિભાષા) તો નિયમાર્થા હોય છે. અહીં अण् તથા उदित्ના સવર્ણોનું અને બીજાઓનું ગ્રહણ પ્રાપ્ત થયું નથી કે જેથી 'સવર્ણોનું જ ગ્રહણ થાય છે' તેવો નિયમ કરવામાં આવે.[૧૯]

(૩) आदिरन्त्येन सहेता 1–1–71 સૂત્ર ઉપર ન્યાસકાર જણાવે છે : સ્વ-

---

૧૮. જુઓ : ટિપ્પણી –7

૧૯. अणुदित्सवर्णस्य चाप्रत्ययः 1–1–69 (न्यासः) संज्ञासूत्रमदम् न परिभाषा । सा हि नियमार्था भवति । न चाणुदितां सवर्णानामन्येषाञ्च ग्रहणं प्राप्तम्, येन सवर्णानामेव ग्रहणं भवतीति नियमः क्रियते ।

રૂપવિધિનો પરિહાર કરવા માટે આ સૂત્રનો આરંભ છે. આ પણ સંજ્ઞાસૂત્ર છે."[૨૦]

(૪) येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપર ન્યાસકાર જણાવે છે: "स्वं रूपं० સૂત્રનો આ અપવાદ છે. આ પણ સંજ્ઞાસૂત્ર છે, નહીં કે પરિભાષા. અહીં નિયમ રૂપ પરિભાષા ધર્મ વિદ્યમાન નથી."[૨૧]

પાણિનિનાં પરિભાષાસૂત્રો વિષે 'કાશિકા' અને 'ન્યાસ'ના અભિગમની ઉપર્યુક્ત સ્પષ્ટતા પછી તેમણે ક્યાં ક્યાં સૂત્રોને પરિભાષાસૂત્ર કહ્યાં છે, તેની નોંધ લઈશું:

1. इको गुणवृद्धी । 1-1-3
2. आद्यन्तौ टकितौ । 1-1-46
3. मिदचोऽन्त्यात्परः । 1-1-47
4. एच इग्घ्रस्वादेशे । 1-1-48
5. षष्ठी स्थानेयोगा । 1-1-49
6. स्थानेऽन्तरतमः । 1-1-50
7. उरण् रपरः । 1-1-51
8. अलोऽन्त्यस्य । 1-1-52
9. ङिच्च । 1-1-53
10. आदेः परस्य । 1-1-54
11. अनेकाल्शित्सर्वस्य । 1-1-52
... तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66
13. तस्मादित्युत्तरस्य । 1-1-67
14. अचश्च । 1-2-28
15. यथा संख्यमनुदेशः समानाम् । 1-1-10
16. विप्रतिषेधे परं कार्यम् । 1-4-2
17. समर्थः पदविधिः । 2-1-1
18. परश्च । 3-1-2

---

૨૦. आदिरन्त्येन सहेता । 1-1-71 (न्यासः) स्वरूपविधिपरिहारायारम्भः । इदमपि संज्ञासूत्रम्...।

૨૧: येन विधिः० । 1-1-72 (न्यासः) स्वं रूपं शब्दस्येत्यस्यायमपवादः । इदमपि संज्ञासूत्रम्, न तु परिभाषा । न ह्यत्र नियमरूपता परिभाषाधर्मो विद्यते ।

19. आद्युदात्तश्च । 3-1-2
20. अनुदात्तौ सुप्पित्तौ । 3-1-4

ઉપર્યુક્ત ૨૦ સૂત્રોને 'કાશિકા' અને 'ન્યાસે' પરિભાષાસૂત્ર તરીકે સ્વીકાર્યાં છે.

वासरूपोऽस्त्रियाम् । 3-1-94 સૂત્રને હરદત્ત પરિભાષાસૂત્ર તરીકે જાહેર કરે છે. આ સૂત્રમાંના अस्त्रियाम् પદને સમજાવતાં ભાષ્યકાર બે પક્ષ રજૂ કરે છે : स्त्रियां न भवति । અને प्राक् स्त्रियाम् इति । આમાંથી પહેલો પક્ષ લઈશું તો પ્રકૃત સૂત્ર પરિભાષાસૂત્ર ગણાશે, અને બીજો પક્ષ લઈશું તો અધિકારસૂત્ર ગણાશે. ભાષ્યમાં આ બંને પક્ષોથી પ્રાપ્ત થતાં ઇષ્ટાનિષ્ટની ચર્ચા કરવામાં આવી છે. આ ચર્ચામાંથી જ સૂચન લઈને હરદત્તે वासरूपोऽस्त्रियाम् 3-1-94 સૂત્રને પરિભાષાસૂત્ર તરીકે જાહેર કર્યું છે. અને આ પક્ષ લેવાથી પ્રાપ્ત થતા અનિષ્ટના પરિહારાર્થે આ પરિભાષાસૂત્રને અનિત્ય માનવું જોઈએ, તેમ જણાવ્યું છે.[૨૨]

કાશિકાકારે જે સૂત્રોનો પ્રકાર દર્શાવ્યો નથી તેવાં કેટલાંક સૂત્રોના સંદર્ભમાં મતભેદ પ્રવર્તતો હશે તેમ જણાય છે. જેમકે, अणुदित्सवर्णस्य चाप्रत्ययः । 1-1-69, तपरस्तत्कालस्य । 1-1-70 અને आदिरन्त्येन सहेता । 1-1-71 સૂત્ર ઉપરની 'ન્યાસ' ટીકામાં "આ સંજ્ઞાસૂત્ર છે, પરિભાષાસૂત્ર નથી." તેવી ભાર-પૂર્વક સ્પષ્ટતા કરવામાં આવી છે.[૨૩] આથી એમ જણાય છે કે જેવી રીતે स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । 1-1-68 સૂત્ર વિષે વિભિન્ન મતો પ્રવર્તતા હતા તેમ આ સૂત્રો વિષે પણ 'ન્યાસ' પૂર્વે ચર્ચાઓ થતી હશે.

વળી, પરિભાષાસૂત્ર 'નિયમાર્થ' હોવા વિષેનો 'કાશિકા' અને 'ન્યાસ'નો આગ્રહ પણ સંભવતઃ સંજ્ઞા કે અતિદેશ પ્રકારનાં સૂત્રોને પરિભાષાસૂત્ર રૂપે નહીં ગણવા પૂરતો મર્યાદિત છે, કારણ કે 'કાશિકા'માં समर्थः पदविधिः । 2-1-1

---

૨૨. वासरूपोऽस्त्रियाम् । 3-1-94 (पदमञ्जरी) तस्मात् स्त्र्यधिकारस्य परस्तादपि वासरूपविधिरेषितव्यः, अर्हे कृत्यतृचश्च इत्यत्र कृत्य-तृज्ग्रहणं ज्ञापकम्-स्त्र्यधिकारस्य परस्तादनित्यैषा परिभाषेति । तस्मात्क्तल्युट्तुमुन्खलर्थेषु प्रतिषधोऽवक्तव्य एव ॥

૨૩. જુઓ : ટી૦ 19, तपरस्तत्कालस्य । 1-1-70 (न्यासः) સૂત્ર પણ સંજ્ઞાસૂત્ર છે. आदिरन्त्येन० । 1-1-71 સૂત્ર ઉપરની ન્યાસ ટીકામાં 'अपि' શબ્દના સામર્થ્યથી આ સૂચવાય છે તથા જુઓ : ટી. ૨૦.

જેવા સૂત્રને ભાષ્યકારને અનુસરીને પરિભાષાસૂત્ર કહ્યું છે, તેમ જણાય છે. ન્યાસકારે અહીં પદવિધિ ગ્રહણને લિङ्ग સમજીને આ સૂત્રને લિङ्गવતી પરિભાષા કહી છે.[૨૪]

ન્યાસકારે स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । 1-1--68 સૂત્ર ઉપરના 'ન્યાસ'માં મતાન્તરો નોંધ્યા પછી પોતાના મતે તે પરિભાષાસૂત્ર નથી, પણ સંજ્ઞાસૂત્ર જ છે તેવો નિર્ણય આપ્યો છે.[૨૫] 'પદમંજરી'માં હરદત્તે આ સૂત્રને 'પરિભાષાસૂત્ર' કહ્યું છે.[૨૬]

આમ, 'ભાષ્ય'-'કાશિકા'-'ન્યાસે' સ્વીકારેલાં અને કેવળ હરદત્તની 'પદમંજરી'માં જેને પરિભાષાસૂત્ર કહ્યું હોય તેવાં બધાં મળીને કુલ ૨૯ પરિભાષા સૂત્રો થાય છે:-

सूत्राणि

1. इको गुणवृद्धी । 1-1-3
2. आद्यन्तवदेकस्मिन् । 1-1-21
3. आद्यन्तौ टकितौ । 1-1-46
4. मिदचोऽन्त्यात्परः । 1-1-47
5. एच इग्घ्रस्वादेशे । 1-1-48
6. षष्ठी स्थानेयोगा । 1-1-49
7. स्थानेऽन्तरतमः । 1-1-50
8. उरण् रपरः । 1-1-51
9. अलोऽन्त्यस्य । 1-1-52
10. ङिच्च । 1-1-53
11. आदेः परस्य । 1-1-54
12. अनेकाल् शित्सर्वस्य । 1-1-55
13. तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66
14. तस्मादित्युत्तरस्य । 1-1-67
15. स्व रूपं शब्दस्य० । 1-1-68
16. येन विधिस्तदन्तस्य । 1-1-72
17. अचश्च । 1-2-28

---

૨૪. समर्थः पदविधिः । 2-1-1 (न्यासः)...कुतः पुनरेतद् विज्ञायते परिभाषेयम्, नाधिकार इति पदविधिग्रहणाल्लिङ्गात् ।

૨૫. જુઓ : ટી૦ 7.

18. यथा संख्यमनुदेशः० । 1-3-10
19. स्वरितेनाधिकारः । 1-3-11
20. विप्रतिषेधे परं कार्यम् । 1-4-2
21. समर्थः पदविधिः । 2-1-1
22. परश्च । 3-1-2
23. आद्युदात्तश्च । 3-1-3
24. अनुदात्तौ सुप्पितौ । 3-1-4
25. वासरूपोऽस्त्रियाम् । 3-1-64
26. अणुदित्सवर्णस्य० । 1-1-69
27. प्राग्दीव्यतोऽण् 4-1-83
28. प्राक् क्रीताच्छः । 5-1-1
29. अनुदात्तं पदमेकवर्जम् 6-1-158

૩

અષ્ટાધ્યાયીમાં પ્રાપ્ત થતાં પરિભાષાસૂત્રોના સંદર્ભમાં નીચેના મુદ્દા નોંધવા જરૂરી બને છે :

(૧) કુલ ૨૯ પરિભાષાસૂત્રોમાંથી ૨૧ સૂત્રો તો અષ્ટાધ્યાયીના પ્રથમ અધ્યાયમાં આવેલાં છે. તે મહદંશે કોઈકને કોઈક શાસ્ત્રસંકેતની સ્પષ્ટતા કરે છે તથા પાણિનિનાં સૂત્રોના અર્થ કરવામાં અત્યંત ઉપયોગી છે.

(૨) પ્રથમ અધ્યાયમાં આવેલાં આ પરિભાષાસૂત્રોને માટે વૈયાકરણોમાં 'પરિભાષાપ્રકરણ' એવો શબ્દ પ્રચલિત છે.[૨૭] પરંતુ આવા શબ્દપ્રયોગથી પરિભાષા પ્રકરણનો ચોક્કસ પ્રબંધ કે સમુદાય લક્ષિત છે તેમ નહીં કહી શકાય. કારણ કે आद्यन्तौ टकितौ । 1-1-46 अनेकाल्शित्सर्वस्य । 1-1-55 સુધીમાં આવેલાં

૨૬. स्वं रूपं० । 1-1-68 (पदमञ्जरी) स्वरूपस्य पर्यायाणां च ग्रहणे प्राप्ते नियमार्था परिभाषेयम् । शास्त्राङ्गत्वाच्च परिभाषाणां शास्त्र एव नियमः, न लोक इत्याह-शास्त्रे स्वमेवेत्यादि...॥

૨૭. आद्यन्तौ टकितौ । 1-1-46 (पदमञ्जरी) तस्मात्परिभाषापक्षमाश्रित्याह-आदिष्टिद्भवतीति । परेण परिभाषाप्रकरणेन साहचर्यादिति भावः ।

બધાં સૂત્રો પરિભાષા સૂત્રો છે. પણ તે પછી स्थानिवदादेशोऽनल्विधौ । 1-1-56 વગેરે અતિદેશસૂત્રો તથા अदर्शनं लोपः । 1-1-60 જેવાં સંજ્ઞા સૂત્રો આવેલાં છે, અને ત્યારબાદ ફરીથી तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य 1-1-66 તથા तस्मादित्युत्तरस्य । 1-1-67 એવાં બે પરિભાષાસૂત્રો આવેલાં છે. એટલે કે પ્રથમ અધ્યાયના પ્રથમપાદમાં આવેલાં આ પરિભાષા સૂત્રો માટે જો 'પરિભાષાપ્રકરણ' શબ્દ વાપર્યો હોય તો તે પ્રયોગ અંશતઃ જ સાચો છે.

બધાં પરિભાષાસૂત્રો પ્રથમ અધ્યાયના પ્રથમ પાદમાં જ નથી, પરંતુ પ્રથમ અધ્યાયના બીજા પાદોમાં પણ પ્રાપ્ત થાય છે. તથા બીજા અને ત્રીજા અધ્યાયમાં પણ એક બે પરિભાષા સૂત્રો પ્રાપ્ત થાય છે. પણ કુલ ૨૯ પરિભાષાસૂત્રોમાંથી ૨૧ પરિભાષાસૂત્રો પ્રથમ અધ્યાયમાં જ આવેલાં છે, તે વિચારે પ્રથમ અધ્યાયને માટે 'પરિભાષાપ્રકરણ' એવો શબ્દ વાપરવો હોય તો આપણે વાપરી શકીએ ખરા, પરંતુ તે શબ્દના મુખ્યાર્થમાં તો નહીં જ. કેવળ मल्लग्रामोऽयम् । તે ન્યાયે જ કહી શકીએ, કારણ કે પ્રથમ અધ્યાયમાં બીજા प्रगृह्यादि સંજ્ઞાસૂત્રો પણ આવેલાં છે.

(૩) અષ્ટાધ્યાયીના પ્રથમ અધ્યાયમાં નહીં આવેલાં समर्थः पदविधिः 2-1-1 કે वासरूपोऽस्त्रियाम् । 3-1-94 જેવાં પરિભાષાસૂત્રોના સંદર્ભમાં 'બૃહચ્છબ્દેન્દુશેખર'માં નાગેશે કરેલી સ્પષ્ટતા અહીં નોંધવી આવશ્યક બની રહે છે.

"(આમ પરિભાષાપ્રકરણ પૂર્ણ થયું.) કાર્યકાલપક્ષનું આશ્રયણ કરીને समर्थः पदविधिः । 2-1-1 વગેરે (પરિભાષા) સૂત્રોનો અન્યત્ર ઉપન્યાસ કર્યો છે. વળી, સૂત્રકારે પણ તે (પરિભાષાઓ)ને તેમ જ કહી છે અને અહીં (સિદ્ધાન્તકૌમુદીના પરિભાષા-પ્રકરણમાં) તો કેવળ સર્વશાસ્ત્રને જે ઉપકારિણી હોય તેમનો જ પાઠ કર્યો છે."[૨૮]

અર્થાત્ પ્રથમ અધ્યાયમાં આવેલાં પરિભાષાસૂત્રોનો ઉપયોગિતાની દૃષ્ટિએ વિષયપ્રદેશ મોટો છે, જ્યારે समर्थः पदविधिः 2-1-1 જેવા, બીજા અધ્યાયોમાં આવેલાં પરિભાષા સૂત્રોનો વિષયપ્રદેશ મર્યાદિત છે.

(૪) પરાર્થ અને મહદંશે નિયમાર્થ એવાં આ પરિભાષાસૂત્રોને માટે તેમના સ્વરૂપદર્શક બીજા બે શબ્દો પણ ટીકાકારોએ વાપરેલા જોવા મળે છે. તે શબ્દો

૨૮. (इति परिभाषाप्रकरणमिति) । समर्थः पदविधिरित्यादीनामन्यत्रोपन्यासस्तु कार्यकालपक्षमाश्रित्य । सूत्रकृतापि तस्यास्तथैव करणाच्चैव । सर्वशास्त्रोपकारिकाणामेवाऽत्र पाठाच्च ।

છે 'લિङ्गवती' અને विध्यङ्ग शेषभूता (અથવા विध्यन्तरशेषभूता).

न्यासकार इको गुणवृद्धी । 1-1-3 अचश्च 1-2-28 તથા परश्च 3-1-2 સૂત્રોને लिङ्गवती परिभाषाना उदाहरण રૂપે નોંધે છે.[૨૯] આવી પરિભાષાઓનો અભ્યાસ કરતાં જણાય છે કે તેઓ ગુણ-વૃદ્ધિ કે હ્રસ્વ-દીર્ઘાદિ લિङ्गોને જોઈને તે સૂત્રમાં સ્થાની સમર્પક પદની ઉપસ્થિતિ કરે છે. પરંતુ જ્યારે અમુક પરિભાષા विध्यङ्गशेषभूता છે તેમ કહેવામાં આવે ત્યારે તેનો અર્થ આ પ્રમાણે સમજવામાં આવે છે. પરિભાષાઓ વિધિસૂત્રોની શેષભૂતા હોઈ, તે વિધિસૂત્રોનો સંસ્કાર કરે ત્યારબાદ વિધિસૂત્રોની પ્રવૃત્તિ થઈ શકે છે. બીજી રીતે કહીએ તો વિધિસૂત્રોની અને પરિભાષાસૂત્રોની એકવાક્યતા સધાય ત્યાર પછી જ વિધિસૂત્રોનો અર્થબોધ થાય છે. આમ, પાણિનિનાં પ્રત્યેક પરિભાષાસૂત્રમાં આવું 'विध्यङ्ग-शेषभूतत्व' રહેલું છે જ. આના સમર્થનમાં पूर्वत्रासिद्धम् । 8-2-1 સૂત્રભાષ્યની પ્રારંભિક ચર્ચા રજૂ કરી શકાય. ત્યાં શંકા કરવામાં આવી છે કે જો સપાદસપ્તાધ્યાયીની દૃષ્ટિએ ત્રિપાદી અસિદ્ધ છે તેમ કહેશો તો અહીં ત્રિપાદીમાં જે સપ્તમીનિર્દેશ, પંચમીનિર્દેશ અને ષષ્ઠીનિર્દેશ કર્યા છે તે પણ અસિદ્ધ થઈ જશે.[૩૦] એટલે કે પ્રથમ અધ્યાયમાં આવેલા तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य

---

૨૯. (1) इको० । 1-1-3(न्यासः)लिङ्गवती चेयं परिभाषा, लिङ्गश्चास्याः गुणवृद्धिग्रहणम्, तत्रोपतिष्ठति ।

(2) अचश्च । 1-2-28 (न्यासः) परिभाषेयं लिङ्गवती स्थानिनियमार्था प्रदेशेषु ह्रस्वो नपुंसके प्रातिपदिकस्य इत्येवमादिषूपतिष्ठते...॥

(3) परश्च 3-1-2 (न्यासः) लिङ्गवती चेयं परिभाषा, लिङ्गश्चास्याः प्रत्ययसंज्ञैव ।

૩૦. पूर्वत्रासिद्धम् । 8-2-1 येयं सपादसप्ताध्यायी अनुक्रान्ता एतस्यां अयं पादोऽनोऽध्यायोऽसिद्धो वेदितव्यः । यदि सपादायां सप्ताध्याय्यामयं पादोऽनोऽध्यायोऽसिद्ध इत्युच्यते य इह सप्तमीनिर्देशः, पञ्चमीनिर्देशः, षष्ठीनिर्देशाश्चोच्यन्ते तेऽप्यसिद्धाः स्युः । तत्र को दोषः । झलो झलि (8-2-26), ह्रस्वादङ्गात् । (27), संयोगान्तस्य लोपः । (23) इत्येतेषां निर्देशानामसिद्धत्वात् तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 तस्मादित्युत्तरस्य । 1-1-67, षष्ठी स्थानेयोगा । 1-1-49 इत्येताः परिभाषा न प्रकल्पेरन् । नैष दोषः । यद्यपीदं तत्रासिद्धं तत्त्विह सिद्धम् । कथम् । कार्यकालं संज्ञापरिभाषम् । यत्र कार्यं तत्रोपस्थितं द्रष्टव्यम् ॥

1–1–66 तस्मादित्युत्तरस्य । 1–1–67 વગેરે પરિભાષાસૂત્રો ત્રિપાદીસ્થ વિધિ-સૂત્રોનો સંસ્કાર નહીં કરે. આ ચર્ચા ઉપરથી સ્પષ્ટ થાય છે કે પરિભાષાસૂત્રોમાં વિધ્યંગશેષભૂતત્વ રહેલું છે. આ જ કારણે પૂર્વત્રાસિદ્ધમ્ 8–2–1 સૂત્રભાષ્યમાં ભાષ્યકાર સંજ્ઞાસૂત્ર અને પરિભાષાસૂત્રના પ્રવૃત્તિ સ્વરૂપને સ્પષ્ટ કરતાં कार्यकालं संज्ञापरिभाषम् ।। જેવાં પરિભાષાવચનનો નિર્દેશ કરે છે. 'विध्यंगशेषभूता' શબ્દને સમજાવતાં ભાષ્યપ્રદીપોદ્યોતમાં જણાવે છે કે વિધેયની સાથે જ્યાં સાક્ષાત્ સંબંધ હોય ત્યાં આ પ્રકારની પરિભાષા છે.[31] આ સન્દર્ભમાં પાણિનિ–સૂત્ર પૂર્વત્રાસિદ્ધમ્ । 8–2–1 ઉપરની 'પદમંજરી'માં હરદત્તે મૂકેલા ત્રણ શ્લોકો દ્રષ્ટવ્ય છે.[32]

(૫) ભાષ્ય–વ્યાખ્યાનમાં ઉપલબ્ધ થતી, પરિભાષાસૂત્રો વચ્ચે રહેલા બાધ્ય–બાધકભાવની સ્પષ્ટતા પણ અહીં નોંધનીય છે.

વિશેષ વિધાનથી સામાન્ય વિધાનનો બાધ થાય છે.–તેવા અર્થનો એક ન્યાય ભાષ્યમાં મળે છે. જેમકે, 'સંભવ હોવા છતાંય બાધ થાય છે. જેવી રીતે લોકમાં બ્રાહ્મણોને દહીં આપો અને કૌણ્ડિન્યને છાશ.' આ લોકન્યાયથી અપવાદશાસ્ત્રનું ઉત્સર્ગશાસ્ત્રથી વધારે પ્રાબલ્ય છે તેમ સ્પષ્ટ થાય છે.[33] આના સંદર્ભમાં ઉદાહરણો લઈશું :

ક. ૧. शे मुचादीनाम् । 7–1–56 અને नपुंसकस्य झलचः । 7–1–72 જેવાં સૂત્રોમાં मिदचोऽन्त्यात्परः । 1–1–47 પરિભાષાસૂત્રની પ્રવૃત્તિ થઈને

---

૩૧. विधेयेन साक्षाद् यत्र सम्बन्धस्तत्र सा परिभाषेत्यर्थः । 1–1–50 (उद्योतः)

૩૨. पूर्वत्रासिद्धम् । 8–2–1 इत्यत्र पदमञ्जरी । संज्ञाः परार्था अत्यन्तं परिभाषाश्च तद्विधाः ।
न स्वातन्त्र्येण तास्तस्मात्कार्यावगतिहेतवः ।।
अनेकस्य प्रधानस्य शेषभूता भवन्त्विति ।
एताः केवलमाचार्यः पृथग्देशा उपादिशत् ।।
विधिवाक्यैस्तु संहत्य यत्र तत्र स्थितैरपि ।
बोधयन्त्यः स्वकार्याणि नैकपूर्वाः परा इमाः ।। इति ।।

૩૩. मिदचोऽन्त्यात्परः । 1–1–47 सूत्रभाष्यम् लौकिकोऽयं दृष्टान्तः । लोके हि सत्यपि संभवे बाधनं भवति । तद्यथा । दधि ब्राह्मणेभ्यो दीयतां तक्रं कौण्डिन्यायेति सत्यपि संभवे दधिदानस्य तक्रदानं निवर्तकं भवति ।

मुञ्चति। पयांसि ।જેવાં રૂપો બને છે. પરંતુ मिदचोऽन्त्यात्परः । 1-1-47 સૂત્રની પ્રવૃત્તિ સમયે ષષ્ઠી સ્થાનેયોગા । 1-1-49 સૂત્રની પણ પ્રવૃત્તિ કેમ ન થાય, તેવો સંદેહ થાય છે. તે જ પ્રમાણે रुधादिभ्यः श्नम् । 3-1-78 જેવા સૂત્રમાં मिदचोऽन्त्यात्परः। 1-1-47ની પ્રવૃત્તિ થઈને रुणद्धि । રૂપ બને છે. ત્યારે પણ સંદેહ થાય છે કે અહીં परश्च । 3-1-2 ની પ્રવૃત્તિ કેમ ન થાય.

અહીં બાધ્યસામાન્યચિંતાપક્ષનું આશ્રયણ કરીને मिदचोऽन्त्यापरः । 1-1-47 એવું અપવાદ પરિભાષાસૂત્ર ષષ્ઠી સ્થાનેયોગા । 1-1-49 તથા परश्च । 3-1-2 જેવાં ઉત્સર્ગ પરિભાષાસૂત્રોનો બાધ કરે છે.

ક. 2. मिदचोऽन्त्यात्परः । 1-1-47 અપવાદશાસ્ત્રની જેમ आद्यन्तौ टकितौ 1-1-46 અપવાદ પરિભાષાસૂત્ર ષષ્ઠી સ્થાનેયોગા। 1-1-46 તથા परश्च-3-1-2 નો પણ બાધ કેમ કરતું નથી ? આવા સંદેહના પ્રસંગે બાધ્યવિશેષ-ચિંતાપક્ષનું આશ્રયણ કરીને સંદેહ દૂર કરવામાં આવે છે કે आद्यन्तौ टकितौ । 1-1-46 કેવળ ષષ્ઠી સ્થાનેયોગા । 1-1-49 નો જ બાધ કરે છે, परश्च 3-1-2 નો નહીં. આથી गापोष्टक् । 3-2-8 અને व्रीहिशाल्योर्ढक् । 5-2-2 સૂત્રવિહિત टित्-कित् પ્રત્યયો આદ્યન્તને કેમ નથી થતાં, તેવો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

એકવાર ચરિતાર્થ થઈ ગયેલા અપવાદશાસ્ત્રનું પ્રાબલ્ય નષ્ટ થઈ ગયા પછી विप्रतिषेधे परं कार्यम् 1-4-2 પરિભાષાસૂત્રથી બળવાન શાસ્ત્રનો નિર્ણય કરવાનો હોય છે. ભાષ્યવ્યાખ્યાનથી આની સ્પષ્ટતા થાય છે. જેમકે, तुह्योस्तातङ्ङाशिष्यन्यतरस्याम् 7-1-35 સૂત્ર વિહિત तातङ् આદેશ અનેકાલ્ હોવાથી अनेकाल् शित्सर्वस्य 1-1-55 પરિભાષાસૂત્રથી સર્વાદેશ થવો જોઈએ, અને ङिच्च 1-1-53 પરિભાષાસૂત્ર अनेकाल्शित्सर्वस्य 1-1-55 એવા પરિભાષા-સૂત્રનો અપવાદ હોવાથી અન્ત્યાદેશ થવો જોઈએ આવી શંકા થાય છે.

પરંતુ तातङ् આદેશમાંનું ङित्व ગુણવૃદ્ધિનો નિષેધ કરવામાં ચરિતાર્થ થઈ જવાથી અપવાદત્વના આધારે તેને પ્રાપ્ત થયેલું પ્રબલત્વ નષ્ટ થઈ જાય છે. ત્યાર પછી विप्रतिषेधे परं कार्यम् 1-4-2 પરિભાષાસૂત્રની સાહાય્યથી अनेकालशित्सर्वस्य 1-1-55 તેવા પર સૂત્રથી तातङ् સર્વાદેશ થાય છે.

ગ. तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य 1-1-66 તથા तस्मादित्युत्तरस्य 1-1-67 પરિભાષાસૂત્રોથી પૂર્વને ક્યારે કાર્ય કરવું તથા પરને ક્યારે કાર્ય કરવું તેની વ્યવસ્થા સૂચવી છે. પરંતુ જ્યાં ઉભયનો નિર્દેશ હોય, (જેમકે, ङः सि धुट् 8-3-29) ત્યાં કેવી રીતે વ્યવસ્થા કરવી તેવો સંદેહ થાય છે. વાર્તિકકારે

આવા સંદેહના પ્રસંગે સૌકર્યાર્થે સ્પષ્ટતા કરી આપી છે કે જ્યાં ઉભયનો નિર્દેશ હોય ત્યાં પંચમી નિર્દેશ બળવાન છે.[૩૪] સૌકર્યાર્થે એટલા માટે કે આ વ્યવસ્થા પાણિનિપ્રોક્ત विप्रतिषेधे परं कार्यम् । 1-8-2 પરિભાષાસૂત્રથી જ સૂચિત છે તેમ તેમણે દર્શાવ્યું છે.

(૬) ભાષ્યકારે પારાર્થ્ય સામાન્યને કારણે જે आद्यन्तवदेकस्मिन् 1-1-21 અતિદેશ સૂત્રને 'પરિભાષાસૂત્ર' તરીકે ઓળખાવ્યું છે. તેમાં વાર્તિકકારે એક સૂત્ર-ન્યાસાન્તર પણ સૂચવ્યું છે. જેમકે, तत्र व्यपदेशिवद्वचनम् ॥ આવા ન્યાસાન્તરથી ઇષ્ટ એવો કાર્યપ્રદેશ વિસ્તૃત બની રહે છે. તથાપિ આગળ ઉપર ભાષ્યકારે अवचनात् लोकविज्ञानात् सिद्धम् ॥ वा. (5) તે વાર્તિકથી દર્શાવ્યું છે કે વચન કરવાની જરૂર નથી, કારણ કે તે લોકવ્યવહારથી સિદ્ધ થતું કથન છે.

(૭) આ જ પ્રમાણે ભાષ્યકારે જે येनविधिस्तदन्तस्य 1-1-72 સંજ્ઞાસૂત્રને પરિભાસૂત્ર તરીકે ઓળખાવ્યું છે, તેની અતિવ્યાપ્તિ રોકવા માટે समासप्रत्यय-विधौ प्रतिषेध उगिद्वर्णग्रहणवर्जम् ॥ वा. (3, 4) જેવા વાર્તિકને રજૂ કરવું પડે છે. અને ઉપરાંત બીજી तदन्तविधिविषयक પરિભાષાઓ પણ રજૂ કરવી પડે છે.

(૮) विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 પરિભાષાસૂત્રથી રજૂ કરવામાં આવેલી વ્યવસ્થા નિરપવાદપણે સમગ્ર શાસ્ત્રને લાગુ પડતી નથી. આથી વાર્તિકકારે 'પૂર્વવિપ્રતિષેધ' નામે પ્રચલિત બનેલાં વાર્તિકોને રજૂ કર્યાં છે. આવા પ્રસંગે ભાષ્યકાર विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્રોક્ત 'પર' શબ્દને ઇષ્ટ વાચી લેવાથી પૂર્વવિપ્રતિષેધ વચન કરવાની જરૂર રહેતી નથી તેમ જણાવે છે.[૩૫]

આમ, આવાં પરિભાષાસૂત્રોની સૂત્રકારને અભિપ્રેત હોય તેવી પ્રવૃત્તિને અદોષ

---

૩૪. तस्मादित्युत्तरस्य । 1-1-67 सूत्रभाष्ये-उभयनिर्देशे विप्रतिषेधात्पञ्चमी निर्देशः ॥ वा-3 ॥ इति ॥

૩૫. विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 अत्र भाष्यम्-विप्रतिषेधे परमित्युक्त्वाङ्गाधिकारे पूर्वमिति वक्तव्यम् । किं कृतं भवति । पूर्वविप्रतिषेधा न पठितव्या भवन्ति । गुणवृद्ध्यौत्वतृज्वद्भावेभ्यो नुम् पूर्वं विप्रतिषिद्धम् । नुमचिरतृज्वद्भावेभ्यो नुडिति ।...कथं ये पूर्वं विप्रतिषेधाः । विप्रतिषेधे परमित्येव सिद्धम् । कथम् । परशब्दोऽयं बहवर्थः । अस्तीष्टवाची परशब्दः । तद्यथा परं ग्रामगत इति । इष्टं धामेति गम्यते । तद्य इष्टवाची परशब्दस्तस्येदं ग्रहणं । विप्रतिषेधे परं यदिष्टं तद्भवति ।

અને અપ્રતિહત બનાવવા માટે ભાષ્યવ્યાખ્યાનની આવશ્યકતા રહે છે.

સૂત્ર શૈલીમાં રચાયેલા વ્યાકરણ ગ્રન્થને ઉપયોગી કહી શકાય તેવી બધી જ વ્યવસ્થાનું કાર્ય–શાસ્ત્ર સંકેતો સ્પષ્ટ કરવાથી માંડીને ગ્રન્થ યોજના સુધીનું કાર્ય–આ પરિભાષાસૂત્રો ઉત્તમ રીતે પાર પાડે છે. ચાન્દ્ર, શાકટાયન અને જૈનેન્દ્રાદિ વ્યાકરણોમાં પણ આ જ પાણિનિનાં પરિભાષાસૂત્રોનો થોડાક શબ્દ ફેરફાર સાથે ઉપયોગ થયેલો જોવા મળે છે.[૩૬] તેનાથી આ હકીકતનું સમર્થન થાય છે.

૪

હવે આપણે જ્યારે કહીએ છીએ કે પાણિનિનાં પરિભાષાસૂત્રો શાસ્ત્રસંકેતો સ્પષ્ટ કરી ગ્રન્થ વ્યવસ્થા ઉપર પ્રકાશ પાડે છે. ત્યારે એવા સંદેહને અવકાશ છે કે પૂર્વત્રાસિદ્ધમ્ । 8–2–1 કે અસિદ્ધવદત્રાભાત્ । 6–4–22 જેવા અધિકાર સૂત્રો પણ ગ્રન્થવ્યવસ્થાના સન્દર્ભમાં ઘણાં અગત્યનાં છે. માટે આવાં સૂત્રોને પણ પરિભાષાસૂત્ર કેમ ન કહેવાં ?

આ શંકાના પરિહાર માટે આપણને કૈયટનાં પ્રદીપ–વચનો થોડી સાહાય્ય કરી શકશે. સમર્થઃ પદવિધિઃ 2–1–1 સૂત્ર 'ભાષ્યપ્રદીપ'માં કૈયટ જણાવે છે તે પ્રમાણે પ્રદેશાન્તરમાં અર્થાત્ ષષ્ઠી સ્થાનેયોગા 1–1–49 સૂત્રભાષ્યમાં 'અધિકાર ત્રણ પ્રકારનો હોય છે.' તેમ કહેતાં ભાષ્યકારે પારાર્થ્યસામાન્યને કારણે અધિકાર અને પરિભાષાનો અભેદથી વ્યવહાર કર્યો છે.[૩૭] પરંતુ વાસ્તવમાં પરિભાષા અને અધિકાર વચ્ચે ઘણો તફાવત છે. સમર્થઃ પદવિધિઃ 2–1–1 સૂત્ર ભાષ્યમાં

---

૩૬. (1) चान्द्र — पाणिनीय

सप्तम्यां पूर्वस्य । 1–1–7	तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य 1–1–66
पञ्चम्यां परस्य । 1–1–8	तस्मादित्युत्तरस्य । 1–1–67
षष्ठ्यायान्तस्य । 1–1–10	षष्ठी स्थानेयोगा । 1–1–46

(2) जैनेन्द्र — पाणिनीय

अचश्च । 1–1–12	अचश्च । 1–2–28
स्थानेऽन्तरतमः । 1–1–47	स्थानेऽन्तरतमः । 1–1–50
अन्तेऽलः । 1–1–46	अलोऽन्त्यस्य । 1–1–52

૩૭. समर्थः पदविधिः । 2–1–1 अत्र सूत्रभाष्यप्रदीपः–प्रदेशान्तरेषु तु परार्थतासामान्याद् अधिकारपरिभाषयोरभेदेन व्यवहारो भाष्यकारस्य –अधिकारो नाम त्रिप्रकारः इति ।

અધિકાર અને પરિભાષાનો સ્પષ્ટપણે ભેદથી ઉલ્લેખ કરીને[૩૮] તેમના સ્વરૂપ અને ફળનું વર્ણન કર્યું છે. 'પ્રત્યેક સૂત્રની સાથે તેનો નિર્દેશ ન કરવો પડે તે અધિકારનું ફળ છે, અને સૂત્રે સૂત્રે તેની અનુપસ્થિતિ રહે તે અધિકારનું સ્વરૂપ છે. પરિભાષા લિઙ્ગવંતી હોય છે, તે તેનું સ્વરૂપ છે અને બધા વિધિસૂત્રોની પરિભાષાના દેશમાં ઉપસ્થિતિ થવાથી અથવા તે તે વિધિસૂત્રો ઉપર સ્વાર્થોપસ્થિતિ દ્વારા પરિભાષાની ઉપસ્થિતિ થવાથી તે (પરિભાષા)ની વ્યાપ્તિ થાય છે. આ પરિભાષાઓનું ફળ છે.'[૩૯] 'ભાષ્યપ્રદીપ' અને 'ભાષ્યપ્રદીપોદ્યોત'માંથી મળતી આ સ્પષ્ટતા ઉપરાંત પરિભાષા અને અધિકાર વચ્ચે જે મૂળભૂત તફાવત રહેલો છે, તેને આપણે નીચે મુજબ સમજીએ છીએ.

અધિકાર નવા વિષયનો–નવા પ્રકરણનો આરંભ સૂચવે છે. અને લાઘવાર્થે તેનો ઉત્તરોત્તર સૂત્રોમાં પુનઃનિર્દેશ કરવામાં આવતો નથી. વળી, અધિકાર સાવધિ હોય છે. જ્યારે પરિભાષાસૂત્ર અનિયમ પ્રસંગે સંદેહ ઊભો થતાં ઉપસ્થિત થાય છે.

આ ચર્ચા ઉપરથી આપણે એટલું જ કહી શકીએ કે ગ્રન્થ–વ્યવસ્થા માટે પાણિનિએ પરિભાષા સૂત્રો ઉપરાંત पूर्वत्रासिद्धम् । 8–2–1 અને असिद्धवदत्राभात् । 6–4–22 જેવાં સૂત્રોને ઉપયોગમાં લીધાં છે. પરંતુ તેમને અધિકાર સૂત્રો જ ગણવાં જોઈએ. તેમને પરિભાષા સૂત્રો કહી શકાય નહીં.

'પદમંજરી'માં હરદત્ત જણાવે છે તે પ્રમાણે पूर्वत्रासिद्धम् 8–2–1 જેવા અધિકાર સૂત્રને પરિભાષા ગણશો તો અનિષ્ટની પ્રાપ્તિ થશે. જેમકે, સર્વત્ર અષ્ટાધ્યાયીમાં પૂર્વની પ્રત્યે પર અસિદ્ધ થઈ જવાથી तेन, तैः, तस्य વગેરે

---

૩૮. समर्थः पदविधिः । 2–1–1 कः पुनरधिकारपरिभाषयोर्विशेषः ।

૩૯. समर्थः 0 2–1–1 सूत्रभाष्यप्रदीप एवं उद्द्योतः । प्रदीपः । अधिकारः प्रतियोगमिति॥ स्वरूपे पृष्टे फलाख्यानं तद्द्वारेण स्वरूपावबोधार्थम् । अधिक्रियमाणस्य हि प्रतियोगमुपस्थाने सति तदनिर्देशः फलं संपद्यते ॥ परिभाषा पुनरिति ॥ लिङ्गोपादानेन परिभाषा क्रियमाणा यत्र यत्र तल्लिङ्गोपलम्भस्तत्तद्व्याप्नोति इत्यर्थः । उद्योतः । फलाख्यानम् । तस्यानिर्देशार्थं इत्येतत् ॥ स्वरूपम् । योगे योगेऽनुपस्थितिरूपम् ॥ लिङ्गोपादानेनेति । स्वरितत्वप्रयुक्ताधिकारेणोत्तरत्र तत्तत्पदोपस्थितिरधिकारान्तरं दृष्ट्वा व्याख्यानाद्वा निवृत्तिश्च । परिभाषा तु लिङ्गवती सर्वत्र तेषां सर्वेषामत्रोपस्थित्या परिभाषाया वा तत्रतत्रोपस्थित्या स्वार्थोपस्थितिद्वारा व्याप्तिरिति भावः ।

રૂપોમાં ઇન વગેરે લગાડતી વખતે ત્યદાદિત્વ ના અસિદ્ધત્વને કારણે અદન્ત નિમિત્તક ઇન વગેરે આદેશો નહીં થાય.[૪૦] આમ ગ્રન્થવ્યવસ્થામાં ગમે તેટલાં મહત્ત્વના હોય છતાંય અધિકાર સૂત્રોને તો અધિકાર સૂત્રો તરીકે જ ગણવાં જોઈએ.

અધિકાર અને પરિભાષાસૂત્ર વચ્ચેનો ભેદ જોયા પછી, હવે આપણે નિયમસૂત્ર અને પરિભાષાસૂત્ર વચ્ચેનો ભેદ જોઈશું :

છ પ્રકારના સૂત્રોમાં નિયમસૂત્ર અને પરિભાષાસૂત્રનું ભેદથી ગ્રહણ કરવામાં આવ્યું છે. પણ આપણે અગાઉ જોયું છે તે મુજબ પરિભાષાસૂત્ર નિયમાર્થ હોય છે. षष्ठी स्थानेयोगा । 1-1-49 સૂત્ર ભાષ્યમાં षष्ठ्याः स्थानेयोगवचनं नियमार्थम् ॥ તેવું કાત્યાયનનું વાર્ત્તિક છે. તથા अणुदित्सवर्णस्य चाप्रत्ययः । 1-1-69 સૂત્ર ઉપર ન્યાસકાર જણાવે છે કે આ સંજ્ઞાસૂત્ર છે. પરિભાષાસૂત્ર નથી. (કારણ કે) પરિભાષા તો નિયમાર્થા હોય છે.[૪૧] વળી, अलोऽन्त्यस्य 1-1-52 જેવા પરિભાષાસૂત્રની પૂર્વાચાર્યોએ 'નિયમ' એવી સંજ્ઞા પાડી છે. તેમ 1-1-50 સૂત્ર ઉપરના ભાષ્યપ્રદીપોદ્યોતમાં નાગેશે જણાવ્યું છે.[૪૨] તેથી પ્રશ્ન થાય કે अनुदात्तङित आत्मनेपदम् 1-3-12 ઉપર आत्मनेपदवचनं नियमार्थम् ॥ તેવું વાર્ત્તિક મળે છે અને આ સૂત્રનો નિયમાર્થ પ્રારંભ કરવામાં આવ્યો છે. તેમ ભાષ્યકાર પણ જણાવે છે. તો આ સૂત્રને પણ પરિભાષાસૂત્ર કહી શકાય કે નહીં.

આમ, આ ચર્ચાથી, પરિભાષા સૂત્રમાં કયા પ્રકારનું નિયમત્વ રહેલું છે, જે પરિભાષાસૂત્રને નિયમસૂત્રથી જુદું પાડવામાં કારણભૂત બને છે, તે શોધવાનો અહીં ઉપક્રમ સ્વીકારવામાં આવ્યો છે.

तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 तस्मादित्युत्तरस्य 1-1-67 તેવાં પરિભાષાસૂત્રનાં સંદર્ભમાં ભાષ્યકારે આ પ્રમાણે ચર્ચા કરી છે : 'સપ્તમી વિભક્તિ અને પંચમી વિભક્તિનો અવિશેષણપણે પૂર્વની સાથે પણ યોગ છે અને પરની સાથે પણ યોગ છે. તેથી નિયમાર્થ આ સૂત્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગ્રામે દેવદત્તः । તેમ કહેતાં ગ્રામ સાથે દેવદત્તનો પૂર્વમાં યોગ છે કે પરમાં અર્થાત્ અધિકરણ એવા ગ્રામમાં દેવદત્તનો પૂર્વમાં યોગ છે કે પરમાં ?

---

૪૦. पूर्वत्रासिद्धम् । 8-2-1 । पदमंजरी । अथ परिभाषा स्यात् सर्वत्रैवाष्टाध्याय्यां पूर्वं प्रति परस्यासिद्धत्वात् तेन तैः तस्यइत्यादाविनादिषु कर्तव्येषु त्यदाद्यत्वस्यासिद्धत्वादकारान्तनिमित्ता इनादयो न स्युः ॥

૪૧. જુઓ : ટી. 19.

૪૨. જુઓ : ટી. 31.

તેવો સંદેહ થાય છે. તે જ પ્રમાણે અહીં ઇકો યણચિ 6-1-77ની પ્રવૃત્તિમાં સંદેહ થાય છે. (જેમકે) દધ્યુદકમ્ ॥ પચત્યોદનમ્ આ ઉદાહરણોમાં બંને ઇક્ છે, અને બંને અચ્ છે. તેથી સંદેહ થાય છે કે અચિ પૂર્વસ્ય કે અચિ પરસ્ય ॥ તથા તિઙ્ઙતિઙઃ 8-1-28 સૂત્રમાં અતિઙઃ પૂર્વસ્ય કે અતિઙઃ પરસ્ય તેવો સંદેહ થાય છે. અહીં ઇષ્ટ છે અચિ પૂર્વસ્ય અને અતિઙઃ પરસ્ય પણ આ પ્રયત્ન વિના સિદ્ધ થવાનું નથી તેથી 'નિયમાર્થ' આ સૂત્રનો પ્રારંભ કરવામાં આવે છે"૪૩ આ ભાષ્યચર્ચા ઉપરથી જણાય છે કે જ્યાં સંદેહ હોય છે એટલે કે અનિયમની સ્થિતિ હોય છે. ત્યાં પરિભાષાસૂત્રથી નિયમ કરવામાં આવે છે. ષષ્ઠી સ્થાનેયોગા। 1-1-49 સૂત્ર ભાષ્યમાંથી સૂચન લઈને૪૪ હરદત્તે આ મુદ્દાને નીચે મુજબ વિશદ કર્યો છે :

"પરિભાષાઓનું શાસ્ત્રાઙ્ગત્વ હોવાથી ષષ્ઠી સ્થાનેયોગા 1-1-49 જેવા સૂત્ર વડે શાસ્ત્રમાં આવો નિયમ કરવામાં આવે છે, અને તે નિયમ પણ અનિયમ-પ્રસંગમાં કરવામાં આવે છે તેમ દર્શાવે છે. લોકમાં જેવી રીતે અનિયમનો પ્રસંગ હોય ત્યારે નિયમ કરવામાં આવે છે તેમ અહીં શાસ્ત્રમાં પણ અનિયમનો પ્રસંગ હોય ત્યારે નિયમ કરવો જોઈએ. જેમકે, લોકમાં બીજે ગામ જવાની ઇચ્છાવાળો પુરુષ કોઈકને કહે છે. "આપ મને રસ્તો બતાવો" ત્યારે તે જ્યાં

---

૪૩. तस्मिन्निति० । 1-1-66-67 इत्यत्र भाष्यम् तस्मिंस्तस्मादिति पूर्वोत्तरयोर्योगयोः अविशेषान्नियमार्थोऽयमारम्भः । ग्रामं देवदत्तः पूर्वः पर इति संदेहः । ग्रामाद्देवदत्तः पूर्वः पर इति संदेह इति संदेहः । एवमिहापि-दध्युदकम् । पचत्योदनम् ॥ इको यणचि इति उभौ इकौ उभावचौ । अचि पूर्वस्य अचि परस्येति संदेहः । तिङ्ङतिङः इति-अतिङः पूर्वस्य अतिङः परस्येति संदेहः । इष्यते चाचि पूर्वस्य स्याद्, अतिङश्च परस्येति । तच्चान्तरेण वचनं न सिध्यतीति नियमार्थं वचनम् इति ॥

૪૪. षष्ठी स्थानेयोगा । 1-1-49 योगस्यासंदिग्धत्वात् । संदेहे नियमः न चावयवषष्ठ्यादिषु संदेहः । किं वक्तव्यमेतत् । नहि । कथमनुच्यमानं गंस्यते ? लौकिकोऽयं दृष्टांतः । तद्यथा लोके-कश्चित् कंचित्-किंचित्पृच्छति-ग्रामान्तरं गमिष्यामि पन्थानं मे भवानुपदिशत्विति । स तस्मायाचष्टे-अमुष्मिन्नवकाशे हस्तदक्षिणो ग्रहीतव्यः अमुष्मिन्नवकाशे हस्तवाम इति । यस्तत्र तिर्यक्पथो भवति, न तस्मिन् संदेह इति कृत्वा नासावुपदिश्यते । एवमिहापि संदेहे नियमः ।

બે માર્ગો હોવાને કારણે સંદેહ હશે ત્યાં જ રસ્તો બતાવશે કે "આ તરફ આ માર્ગે જવું." તે જ પ્રમાણે અહીં અસ્તેર્ભૂ 2-8-52 તેવું સૂત્ર ઉપસ્થિત થતાં સંદેહ થાય છે કે અસ્ ધાતુને સ્થાને ભૂ આદેશ કરવો કે તેની અનન્તર. ત્યારે ષષ્ઠી સ્થાનેયોગા । 1-1-49 સૂત્રથી નિયમ કરવામાં આવે છે, સ્થાને યોગા જ."[૪૫]

આના ઉપરથી સ્પષ્ટ થાય છે કે અનિયમની સ્થિતિમાં જે સૂત્ર રજૂ કરવામાં આવે છે તે નિયમાર્થ બને છે. અને આવા પ્રકારના નિયમાર્થ સૂત્રને જ પરિભાષાસૂત્ર કહે છે. આ અર્થમાં જ અનિયમે નિયમકારિણી પરિભાષા । તેવું લક્ષણ આપવામાં આવ્યું છે.

હવે અમુક સૂત્ર તે નિયમસૂત્ર છે તે નક્કી કરવા માટે કયું પ્રમાણ સ્વીકારવામાં આવ્યું છે તે જોઈશું.

અષ્ટાધ્યાયીમાં આવેલાં કેટલાંક સૂત્રોમાં એવ કારનું ગ્રહણ કરવામાં આવ્યું છે.[૪૬] ત્યાં એવ કાર ગ્રહણ સામર્થ્યથી જ તે સૂત્ર નિયમસૂત્ર છે, તેમ નક્કી કરી શકાય છે. વિશેષમાં ભાષ્યકાર કહે છે કે જે સ્થિતિ સિદ્ધ જ હોય તેનું પુનઃ વિધાન કરવા માટે આરંભવામાં આવેલો વિધિ, એવ કાર વિના પણ નિયમાર્થ બની જશે.[૪૭] આ ભાષ્યવચન ઉપરથી "સિદ્ધે સત્યારમ્ભો નિયમાર્થઃ । એવો ન્યાય વૈયાકરણોએ સ્વીકાર્યો છે. તેના આધારે અમુક સૂત્ર નિયમસૂત્ર છે કે નહીં તેનો નિર્ણય કરવાનો રહે છે.

અહીં અનિયમની સ્થિતિ હોતી નથી, પણ તેથી ઉલટું કોઈ એક સ્થિતિ સિદ્ધ જ હોય છે. તેથી પુનઃ વિધાનના સામર્થ્યથી તે વિધિ નિયમાર્થ બનતો

---

૪૫. ષષ્ઠી સ્થાનેયોગા । 1-1-49 । પદમંજરી । एतेन शास्त्रेऽयं नियमः शास्त्राङ्गत्वात्परिभाषाणाम्, तत्राप्यनियमप्रसङ्गे इति दर्शयति। अनियमप्रसंगे नियमः कर्तव्यो लोकवत्, तद्यथा-लोके ग्रामान्तरं जिगमिषुः कश्चित् कञ्चिदाह-पन्थानं मे भवानुपदिशतु इति स यत्र संदेहः, पथि द्वैविध्यात्, तत्रैवोपदिशति न अमुष्मिन्नवकाशेऽनेन पथा गच्छ इति, एवमिहापि अस्तेर्भूः अस्तेः स्थानेऽनन्तरो वेति संदेहे नियमः क्रियते-स्थानेयोगैवेति ॥

૪૬. અમૈવાવ્યયેન । 2-2-20 અજાદી ગુણવચનાદેવ । 5-3-58 વગેરે.

૪૭. उपमानं शब्दार्थप्रकृतावेव । 6-2-80 सूत्रभाष्यः-एवकारः किमर्थः नियमार्थः । नैतदस्ति प्रयोजनम् । सिद्धे विधिः आरभ्यमाणोऽन्तरेणाप्येवकारं नियमार्थो भविष्यति ॥

હોય છે. આમ સિદ્ધ સ્થિતિમાં પુનઃ વિધાનાર્થે આરંભાયેલું સૂત્ર નિયમસૂત્ર તરીકે ઓળખાય છે.

પૂર્વમીમાંસાના ઉદાહરણોની સાહાય્યથી પણ આ મુદ્દો સમજાવી શકાય. જેમકે, વ્રીહીનવહન્તિ। તેવું એક વાક્ય છે. અહીં વૈતુષ્યાર્થે નખવિદલન પણ પ્રાપ્ત હતું અને અવહનન પણ. તેવી સ્થિતિમાં અવહન્તિ કહેવાથી નખવિદલનનો નિષેધ થઈ જાય છે. આને પૂર્વમીમાંસામાં 'નિયમવિધિ' કહેવામાં આવ્યો છે. આ પ્રકારનો નિયમવિધિ આપણને વ્યાકરણશાસ્ત્રમાં પરિભાષાસૂત્રોમાં પ્રાપ્ત થાય છે. જેમકે, દધિ+ઉદકમ્। તેવી સ્થિતિમાં इको यणचि 6-1-77 સૂત્રથી यण् ની પ્રાપ્તિ છે. પરંતુ इ અને उ બન્ને इक् છે. તથા તે બન્ને अच् છે. તેથી સંદેહ થાય છે કે કોને यण् કરવો. અહીં तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य। 1-1-66 પરિભાષાસૂત્રથી નિયમ રજૂ કરવામાં આવે છે કે अच् થી અવ્યવહિત પૂર્વને જ यण् થાય છે.

આ જ પ્રમાણે મીમાંસકો જેને 'પરિસંખ્યાવિધિ'થી ઓળખે છે, તેને વૈયાકરણો 'નિયમવિધિ' કહે છે. નીચેના ભાષ્યવચનથી આને સમર્થન મળે છે.

"(શબ્દ કે અપશબ્દ) બેમાંથી ગમે તે એકના ઉપદેશથી કામ ચાલશે. જેમકે, ભક્ષ્યનો નિયમ કરવાથી અભક્ષ્યનો પ્રતિષેધ સમજાઈ જાય છે. 'પાંચ પાંચનખવાળાં ભક્ષ્ય છે' તેમ કહેતાં સમજાય છે કે આનાથી બીજા જે તે અભક્ષ્ય છે અથવા તો અભક્ષ્યનો પ્રતિષેધ કરવાથી ભક્ષ્યનો નિયમ થાય છે. જેમકે, 'ગ્રામ્ય કુક્કુટ અભક્ષ્ય છે, ગ્રામ્યસૂકર અભક્ષ્ય છે' તેમ કહેતાં સમજાઈ જાય છે કે આરણ્ય ભક્ષ્ય છે."૪૮

ભાષ્યપ્રદીપોદ્યોતમાં નાગેશે આની સ્પષ્ટતા કરતાં ચર્ચા કરી છે કે આ ઉદાહરણ તો પરિસંખ્યાનું છે, તેનો નિયમસ્વરૂપે કેવી રીતે વ્યવહાર કરવામાં આવે છે? પરિસંખ્યા અને નિયમ વચ્ચે તો ભેદ છે. જેમકે, પાક્ષિક અપ્રાપ્તિ-પૂર્વક અપ્રાપ્તાંશપૂરક વિધિને નિયમવિધિ કહે છે. જ્યારે પરિસંખ્યાવિધિ તો અન્યનિવૃત્તિફલા છે. આનું સમાધાન એ છે કે નિયમવિધિમાં પણ અપ્રાપ્તાંશ-

---

૪૮. महाभाष्य आह्निक-१. अन्यतरोपदेशेन कृतं स्यात्। तद्यथा भक्ष्यनियमेनाभक्ष्यप्रतिषेधो गम्यते। पञ्च पञ्चनखा भक्ष्याः। इत्युक्ते गम्यते एतद्-अतोऽन्येऽभक्ष्या इति॥ अभक्ष्यप्रतिषेधेन वा भक्ष्यनियमः। तद्यथा अभक्ष्यो ग्राम्यकुक्कुटः अभक्ष्यो ग्राम्यसूकरः इत्युक्ते गम्यते एतद् आरण्यो भक्ष्य इति॥

પરિપૂરણ રૂપ ફલબોધન દ્વારા આર્થી અન્યનિવૃત્તિ (આર્થી અન્યનિવૃત્તિ એટલે વ્રીહીનવહન્તિ માં જેવી રીતે અવઘાત વિધિથી અર્થતઃ નખવિદલનની નિવૃત્તિ થાય છે.) તેથી નિયમ અને પરિસંખ્યાનો અભેદ માની ઉપર્યુક્ત ભાષ્યચર્ચા રજૂ કરવામાં આવી છે.૪૯

'પ્રૌઢમનોરમા'ના પરિભાષા-પ્રકરણમાં આવેલા "अच् પરમાં રહેતા यण् થાય છે, તેમ કહેવાથી વ્યવહિતમાં અને અવ્યવહિતમાં (સૂત્ર) પ્રાપ્ત રહે છે. ત્યારે અવ્યવહિતને જ થાય તેવો નિયમ કરવામાં આવે છે. તથા પૂર્વને અને પરને પ્રાપ્ત થાય છે ત્યારે પૂર્વને જ થાય છે તેવો નિયમ કરવામાં આવે છે."૫૦ વિધાનને સમજાવતા હરિદીક્ષિત પોતાની 'શબ્દરત્ન' નામની ટીકામાં નીચે મુજબ જણાવે છે.

"...જો પરિભાષાસૂત્ર નહીં હોય તો ઉદાહરણોમાં કેવળ વિધિસૂત્ર જ પ્રવૃત્ત થશે. અને વ્યવહિતાદિમાં પણ પ્રવૃત્તિ થશે. પરિભાષાસૂત્રથી આવી પ્રવૃત્તિને દૂર કરવામાં આવે છે. તેવા અભિપ્રાયથી 'પ્રૌઢમનોરમા'માં नियम्यते તેવું પદ મૂક્યું છે."

આ માટે જ ભાષ્યમાં પરિભાષાઓનો નિયમ રૂપે વ્યવહાર કરવામાં આવ્યો છે. પરિભાષાઓનું પરિસંખ્યાવિધિ રૂપ નિયમત્વ નથી. પરંતુ વ્રીહીનવહન્તિ ની જેમ આર્થનિયમત્વ છે. માટે જ संज्ञा च परिभाषा च विधिर्नियम एव च। તેમ કારિકામાં પરિભાષાપદને પૃથક્ મૂકવામાં આવ્યું છે, તેમ અમે 'સૂત્રશિરોમણિ-ગ્રન્થમાં[૫૧] સમજાવ્યું છે."૫૨

---

૪૯. पूर्वोक्त सन्दर्भः। भाष्यप्रदीपोद्योतः। ननु अस्य परिसंख्यात्वात् कथं नियमत्वेन व्यवहारः। अस्ति च नियमपरिसंख्ययोः भेदः। पाक्षिका-प्राप्तिकाप्राप्तांशपरिपूरणफलो नियमः। अन्यनिवृत्तिफला च परि-संख्या इति। चेन्न, नियमेप्यप्राप्तांशपरिपूरण-रूपफलबोधनद्वारार्था-न्यनिवृत्तेः। सत्त्वेन अभेदमाश्रित्योक्तेः॥

૫૦. अचि यण् इत्युक्ते व्यवहितेऽव्यवहिते च सनि प्राप्तमव्यवहिते एवेति, पूर्वस्य परस्य च प्राप्तं पूर्वस्यैवेति च नियम्यते।
प्रौढमनोरमा। परिभाषाप्रकरण. पृ. 72, 74.

૫૧. હરિ દીક્ષિતનો અનુપલબ્ધ ગ્રન્થ.

૫૨. तथापि यदि परिभाषासूत्रं न स्यात्, तदा केवल एव विधिः उदाहर-णेषु प्रवर्तेत, तथा च व्यवहितादावपि प्रवृत्तिः स्यात्। सा चानेन व्यावर्त्यते। इति अभिप्रायेण नियम्यते इत्युक्तम्। (क्रमशः)

૫

પાણિનિનાં પરિભાષાસૂત્રોને આમ વ્યાપક દૃષ્ટિકોણથી જ્યારે આપણે તપાસીએ છીએ ત્યારે એક મુદ્દો એ પણ ચર્ચાસ્પદ બને છે કે શું પાણિનિનાં પરિભાષાસૂત્રો અપૂર્વ છે.

'પરિભાષેન્દુશેખર' ગ્રન્થના પ્રારંભે નાગેશ ભટ્ટ જણાવે છે કે પ્રાચીન વૈયાકરણ તંત્રમાં વચન રૂપે પઠિત, આ પાણિનીય તંત્રમાં જ્ઞાપકન્યાયસિદ્ધ અને ભાષ્ય તથા વાર્તિકમાં ઉપનિબદ્ધ જે પરિભાષા રૂપ વચનો તેનું વ્યાખ્યાન કરવામાં આવે છે.[૫૩] વૈદ્યનાથ પાયગુણ્ડે વાચનિકાનિ શબ્દનો અર્થ આ પ્રમાણે કરે છે: "ઇન્દ્ર વગેરેના વ્યાકરણતંત્રમાં સૂત્ર રૂપે પઠિત."[૫૪]

વૈદ્યનાથ પાયગુણ્ડેની આવી નોંધ ઉપરથી કોઈ એવું અનુમાન કરે કે પાણિનિનાં પરિભાષાસૂત્રો પાણિનિનાં પોતાનાં નથી. પરંતુ તેમને પરંપરાથી ઇન્દ્રાદિ વૈયાકરણોનાં પરિભાષાસૂત્રો પ્રાપ્ત થયાં હતાં.

આવા અનુમાનને સ્વીકારતાં પહેલાં આપણે થોડો વિચાર કરવો પડશે.

બોપદેવના 'કવિકલ્પદ્રુમ'માં આઠ શાબ્દિકોનો ઉલ્લેખ છે: ઇન્દ્ર, ચન્દ્ર, કાશકૃત્સ્ન, આપિશલિ, શાકટાયન, પાણિનિ, અમર તથા જૈનેન્દ્ર.[૫૫] આ આઠ શાબ્દિકોમાંથી ચન્દ્ર, અમર, જૈનેન્દ્ર તથા શાકટાયન (જો 'શાકટાયન'

अत एव भाष्ये परिभाषाणां नियमतया व्यवहारः कृतः। परिभाषाणां न परिसंख्याविधिरूपनियमत्वम्। अपि तु व्रीहीनवहन्ति इतिवदार्थ-नियमत्वम्। अत एव च संज्ञा परिभाषा च विधिर्नियम एव च। इति कारिकायां परिभाषापदं पृथक् पठितमिति प्रपञ्चितमस्माभिः सूत्रशिरोमणौ ॥ शब्दरत्नः, परिभाषाप्रकरणम्।

૫૩. प्राचीनवैयाकरणतन्त्रे वाचनिकान्यत्र पाणिनीयतन्त्रे ज्ञापकन्यायसिद्धानि भाष्यवार्त्तिकयोरूपनिबद्धानि यानि परिभाषारूपाणि तानि व्याख्यायन्ते ॥

૫૪. । गदा । पायगुण्डे–ननु कास्ताः परिभाषा अत आह प्राचीनेति । इन्द्रादीत्यर्थः । वाचनिकानि सूत्ररूपेण पठितानि ॥

૫૫. कविकल्पद्रुम –ना प्रारंभे कह्युं छे:

इन्द्रश्चन्द्र काशकृत्स्नापिशली शाकटायनः।
पाणिन्यमरजैनेन्दा जयन्त्यष्टादिशाब्दिकाः ॥

શબ્દથી જૈન શાકટાયનનો ઉલ્લેખ કરવો અભિપ્રેત હોય તો) આ ચારેય શાબ્દિકો પાણિનિ કરતાં અર્વાચીન છે. તથા "પ્રાચીન વૈયાકરણતંત્રમાં" આ શબ્દમાંના 'પ્રાચીન' શબ્દના સ્વારસ્યથી આપણે કહી શકીએ કે નાગેશને ચન્દ્ર, અમર, જૈનેન્દ્ર તથા શાકટાયન વૈયાકરણો અભિપ્રેત નથી. તેમના વ્યાકરણ ગ્રન્થોમાંના પરિભાષાવચનો કે પરિભાષાસૂત્રો નાગેશને અભિપ્રેત ન હોઈ શકે. કારણ કે તેઓ પરિભાષાસૂત્રો અને પરિભાષાવચનો માટે પાણિનિના અષ્ટાધ્યાયીના તથા પતંજલિના મહાભાષ્યના ઋણી છે. તેથી હવે કેવળ ઇન્દ્ર, કાશકૃત્સ્ન અને આપિશલિના સંદર્ભમાં આ મુદ્દો વિચારવાનો પ્રાપ્ત થાય છે.

'પરિભાષેન્દુશેખર'ના પ્રાસ્તાવિક વચનોમાં નાગેશ ભટ્ટ જે અર્થમાં 'વાચનિકી' શબ્દ વાપરે છે. તેને ધ્યાનમાં લેતાં એવું અનુમાન નીકળે છે કે પાણિનિનાં પુરોગામી એવા ઇન્દ્ર, કાશકૃત્સ્ન, આપિશલિ આદિના વ્યાકરણગ્રંથોમાં સ્વતંત્ર-વાચનિક એવા પરિભાષા રૂપ વચનો કે જે અહીં પાણિનીયતંત્રમાં જ્ઞાપકન્યાયસિદ્ધ છે તેમનું વ્યાખ્યાન કરવામાં આવે છે.

વળી, 'પરિભાષેન્દુશેખર'માં પાણિનિનાં પરિભાષાસૂત્રોનાં વ્યાખ્યાનનો પ્રસંગ નથી. નાગેશ ભટ્ટ આ સંદર્ભમાં જ એટલે કે પરિભાષાસૂત્રોથી ભિન્ન એવાં પરિભાષાવચનો જે ભાષ્યવાર્ત્તિકમાં ઉપનિબદ્ધ છે તેમનું વ્યાખ્યાન કરે છે, તેમ આગળ ઉપર જણાવે છે. આ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને "પ્રાચીન વૈયાકરણ તંત્રમાં ઇત્યાદિ" પ્રારંભિક વચનોનું અર્થઘટન કરવું જોઈએ. તે મુજબ 'વાચનિક' શબ્દનો અર્થ 'પરિભાષાવચનો' જ કરવો જોઈએ. વૈદ્યનાથ પાયગુણ્ડે મુજબ "સૂત્ર રૂપે પઠિત" તેવો અર્થ ન થઈ શકે. કારણ કે આગળ જણાવ્યું છે તેમ અહીં પરિભાષાસૂત્રોનો ઉલ્લેખ પ્રસ્તુત નથી.

જો પાયગુણ્ડેની સમજૂતીને સ્વીકારીએ અને 'પ્રાચીન વૈયાકરણ તંત્રમાં વાચનિક' તે શબ્દોને "પાણિનીય તંત્રમાં જ્ઞાપકન્યાયસિદ્ધ" એવા શબ્દોનાં વિશેષણ રૂપે લઈએ તો તેનો અર્થ આ પ્રમાણે થશે. "ઇન્દ્ર વગેરેના વ્યાકરણોમાં જે સૂત્ર રૂપે પરિભાષાઓ હતી, તે અહીં પાણિનીય તંત્રમાં જ્ઞાપકન્યાયસિદ્ધ છે." એટલે કે પાણિનીય તંત્રમાં જ્ઞાપકન્યાયસિદ્ધ પરિભાષાઓથી ભિન્ન જે બીજા સૂત્ર રૂપે પરિભાષાઓ બાકી રહી તે પાણિનિ–ની પોતાની કૃતિ છે.

બીજી તરફ જો એવું અર્થઘટન કરીએ કે ઇન્દ્ર કાશકૃત્સ્નાદિના વ્યાકરણોમાંના સ્વતંત્ર વાચનિક પરિભાષાવચનો અહીં પાણિનીયતંત્રમાં જ્ઞાપકન્યાયસિદ્ધ છે, તો નાગેશ ભટ્ટની ઉપર્યુક્ત પ્રસ્તાવનામાં ઇન્દ્ર–કાશકૃત્સ્નાદિના પરિભાષાસૂત્રોનો

ઉલ્લેખ પ્રસ્તુત બનતો નથી. તેથી પાણિનિનાં પરિભાષાસૂત્રો તેમની પોતાની કૃતિ (રચના) છે કે તેમણે પોતાના પુરોગામીઓમાંથી તે સ્વીકાર્યાં છે, તે વિષે કોઈ સૂચન મળતું નથી.

ત્રીજી તરફ વિદ્વાનોનું માનવું છે કે ઇન્દ્ર–કાશકૃત્સ્ન આપિશલિના વ્યાકરણ ગ્રંથો મહદંશે પૂર્ણ હતાં, અને તેમાંથી પાણિનિએ ઘણી સાહાય્ય મેળવી છે. તેથી આપણે એક તર્ક કરી શકીએ કે પાણિનિનાં અનુગામીઓએ જેવી રીતે પાણિનિનાં પરિભાષાસૂત્રોને થોડાઘણાં ફેરફાર સાથે સ્વીકાર્યાં છે, તેમ પાણિનિએ પણ પોતાના પુરોગામીઓમાંથી આવાં પરિભાષાસૂત્રો સ્વીકાર્યાં હોય.

પરંતુ પાણિનિપૂર્વેના ઇન્દ્ર, કાશકૃત્સ્ન, આપિશલિ આદિના વ્યાકરણગ્રંથો આપણને હાલ ઉપલબ્ધ નથી. તેથી પુરાવાઓના અભાવમાં આ મુદ્દો અનિર્ણિત રહે છે.

પ્રકરણ ૩

વ્યાડિ: પરિભાષાસૂચન અને પરિભાષાપાઠ

૧

વ્યાડિ–અપર નામ દાક્ષાયણ અને તેમની કૃતિ 'સંગ્રહ' વિશે આપણને અનેકવિધ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. વૈયાકરણનિકાયમાં વ્યાડિને પાણિનીય પરિભાષાઓના રચયિતા પણ માનવામાં આવ્યા છે.[1] આ સન્દર્ભમાં પ્રા. કે. વી. અભ્યંકરજીએ સંપાદિત કરેલા 'પરિભાષાસંગ્રહ'માં 'પરિભાષાસૂચન' અને 'વ્યાડિ પરિભાષાપાઠ' નામની બે કૃતિઓ વ્યાડિને નામે પ્રકાશિત કરવામાં આવી છે. તેથી આપણને વ્યાડિ વિશે વિગતે વિચારવાનું પ્રાપ્ત થાય છે.

પ્રા. અભ્યંકરજીનું માનવું છે કે ઉપર્યુક્ત બન્ને કૃતિઓ સંગ્રહકાર વ્યાડિએ રચી છે.[2] પરંતુ 'પરિભાષાસૂચન'માં તેના કર્તાનો નામોલ્લેખ નથી. વ્યાકરણ-

---

૧. केचित्तु व्याख्यानतो विशेषप्रतिपत्तिरित्यादिसर्वपरिभाषा व्याडिमुनिना विरचिता इत्याहुः ॥

–परिभाषा–१३२, परिभाषाभास्करः
परिभाषासंग्रहः –पृ० 374

૨. The oldest of the known works on Vyākaraṇa Paribhāṣās is the Paribāṣāvṛtti of Vyāḍi. A living tradition among grammarians, trained, in the traditional method, is, that Vyāḍi was the first writer on Vyākaraṇa Paribhāṣās. This tradition is supported by a remark made by Haribhaskara at the end of his Paribhāṣābhāskara which states that some grammarians belive that all Paribhāṣā statements, headed by the Paribhāṣā व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणम् । are made by the sage Vyāḍi. There is a strong belief thnt Vyāḍi was a great grammarian who wrote a gigantic work named

(ક્રમશઃ)

શાસ્ત્રના અન્ય ગ્રન્થોમાં પણ સંગ્રહકાર વ્યાડિએ 'પરિભાષાસૂચન' નામના ગ્રન્થની રચના કરી હતી, તેવો ઉલ્લેખ નથી. હરિભાસ્કરના જણાવ્યા મુજબ કેટલાક વૈયાકરણોએ પાણિનીય પરિભાષાઓના રચયિતા તરીકે વ્યાડિને સ્વીકાર્યા છે.[3] પરંતુ વૈયાકરણ-સમુદાયમાં હરિભાસ્કર ઘણા અર્વાચીન છે. અને તેમને પ્રત્યક્ષ સ્વરૂપે 'પરિભાષાસૂચન'ની માહિતી નથી. હરિભાસ્કરની પૂર્વે કોઈએ પણ આવો મત નોંધ્યાની માહિતી નથી. જો ॐ अथ परिभाषासूचनं व्याख्यास्यामः। થી આરંભાયેલી આ કૃતિને અંતે व्याडिकृतं परिभाषासूचनं समाप्तमिति। કે इति व्याडिमुनिना विरचिता परिभाषावृत्तिः समाप्ता। એવું સ્પષ્ટપણે જણાવેલું હોત તો 'પરિભાષાસૂચન'નું કર્તૃત્વ સંદિગ્ધ ન રહેત; પણ અહીં તો इति व्याडीयपरिभाषावृत्तिः समाप्ता। તેવું જણાવેલું છે. પરિણામે 'વ્યાડીય' શબ્દમાંથી અન્યકર્તૃત્વનો અર્થ પણ નીકળે છે. જેમકે, વ્યાડિએ રચેલી અથવા સંગૃહીત કરેલી પરિભાષાઓ ઉપર બીજા કોઈ વૈયાકરણે રચેલી પરિભાષાવૃત્તિ સમાપ્ત થઈ. અથવા, વ્યાડિના સંપ્રદાયમાંથી-વ્યાડિની ગુરુશિષ્યપરંપરામાં-તેના કોઈ અનુયાયીએ રચેલી પરિભાષાવૃત્તિ સમાપ્ત થઈ. આ પ્રમાણે 'પરિભાષાસૂચન'નું કર્તૃત્વ સંદિગ્ધ બન્યું છે.

પ્રા. અભ્યંકરજી 'પરિભાષાસૂચન' સંગ્રહકાર વ્યાડિની કૃતિ છે એવું મંતવ્ય દર્શાવે છે, એનો અર્થ એ થયો કે આ કૃતિ પાણિનિના 'અષ્ટાધ્યાયી' ગ્રન્થની સમકાલિક છે. કારણ કે વ્યાડિ અંગે આપણને જે ઉલ્લેખો પ્રાપ્ત થાય છે તેના

'Saṁgraha' which discussed exhaustively all important problems in Sanskrit Vyākaraṇa S'āstra. Bhartṛhari in his Vākyapadīya has referred to the work and stated that Patañjali, the great grammarian, drew a lot of information and subject matter from the 'Saṁgraha'. The work of Vyāḍi on Paribhāṣās, which is printed in the present collection of Paribhāṣās for the first time, is named Paribhāṣāvṛtti in the colophon of both the manuscripts of the work which are used...' and so on, up to the page 14.

—Paribhāṣāsaṁgraha, Introduction, 11–14.

૩. જુઓ : ટિપ્પણ-૧

આધારે વિદ્વાન વૈયાકરણોએ જે નિર્ણયો તારવ્યા છે, તે મુજબ વ્યાડિ અને દાક્ષાયણ બન્ને નામો એક જ વ્યક્તિનાં છે, અને તેમની કૃતિનું નામ 'સંગ્રહ' હતું. વળી, સંસ્કૃત વ્યાકરણ-પરંપરામાં આ વ્યાડિને પાણિનિના મામા ગણવામાં આવ્યા છે અને એ રીતે વ્યાડિને પાણિનિના સમકાલિક સ્થાપવામાં આવ્યા છે. તેથી ઉપર્યુક્ત મંતવ્યની વિરુદ્ધમાં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે:

'પરિભાષાસૂચન'માં બે સ્થળે વાર્ત્તિકકાર અને વાર્ત્તિકોનો ઉલ્લેખ છે.[૪] હવે જો પાણિનિના સમકાલિક એવા સંગ્રહકાર વ્યાડિએ આ 'પરિભાષાસૂચન'ની રચના કરી હોય તો વાર્ત્તિકકારનો અને વાર્ત્તિકોનો ઉલ્લેખ આ ગ્રન્થમાં કેવી રીતે હોઈ શકે? આવી શંકાના પરિહાર માટે પ્રા. અભ્યંકરજીએ એમ જણાવ્યું છે કે વ્યાડિના સમયમાં પણ અંશતઃ વાર્ત્તિક રચનાનો પ્રારંભ થઈ ચૂક્યો હતો, અને તેમાંથી કેટલાંક વાર્ત્તિકોનો અહીં ઉલ્લેખ થયો છે.[૫] પરંતુ આ સમાધાન સર્વાંશે યુક્તિસંગત નથી. કારણ કે वृतौ भवं वार्त्तिकम्। તેવી વ્યુત્પત્તિ અનુસાર અષ્ટાધ્યાયીની રચના પછી સૂત્રોના પદચ્છેદાદિ દર્શાવતા કુણિ, નિર્લૂર, શ્વોભૂતિ વગેરેના વૃત્તિગ્રન્થોની રચના થઈ હતી. કાલક્રમે આવા વૃત્તિગ્રન્થોમાંથી વાર્ત્તિકોની ઉત્પત્તિ થઈ છે. અને વાર્ત્તિકની રચનાપ્રવૃત્તિના અનુસન્ધાનમાં જ્ઞાપકશોધાદિની પ્રવૃત્તિને સમજાવી શકાય. કારણ કે કેટલાંક વાર્ત્તિકોમાં 'જ્ઞાપક' શબ્દનો ઉપયોગ

---

૪. (क) न पूजनात्। 5-4-69 इत्यत्र वार्त्तिककारेणोक्तं स्वत्योर्ग्रहणं कर्तव्यम्। 5-4-69 वा० 1 तन्न वक्तव्यम् भवति॥ -परिभाषा-6.
(ख) तत्र यद्वक्ष्यति वार्त्तिककारः 'लोहितादिडाज्भ्यः क्यष्वचनं भृषादिष्वितराणि (3-1-93, वा० 1-2) तन्न वक्तव्यं भवति॥ परिभाषा-32
परिभाषासूचनम्, परिभाषासङ्ग्रहः। पृ० 6 एवं 16

૫. As Vyāḍi has used a number of Pāṇini's rules in deducing his Paribhāṣās and, as he has actually quoted a few Vārttikas he appears to have flourished a few decades after Pāṇini, when there was an addition of a few Vārttikas only to the Sūtrapāṭha of Pāṇini.

—Paribhāṣāsaṁgraha,
Introduction, p. 14.

થયેલો જોવા મળે છે.[૬] આમ સૂત્રરચના, વૃત્તિરચના, વાર્તિકરચના અને જ્ઞાપકશોધાદિની પ્રવૃત્તિનો વિકાસ થવા માટે જરૂરી એવા સમયગાળાનો વિચાર કરતાં 'પરિભાષાસૂચન'નું કર્તૃત્વ પાણિનિના સમકાલિક સંગ્રહકાર વ્યાડિનું કેવી રીતે હોઈ શકે તે એક પ્રશ્ન છે.

'પરિભાષાસંગ્રહ'માં પ્રકાશિત થયેલા 'પરિભાષાસૂચન'ને પ્રારંભે व्याडिकृतं परिभाषासूचनम् । એવું શીર્ષક આપવામાં આવ્યું છે. પરંતુ સંભવ છે કે તેવું શીર્ષક સંપાદકશ્રીએ જ પોતે આપ્યું હોય. સંપાદકશ્રીએ આ 'પરિભાષાસૂચન'ની હસ્તપ્રતનું પ્રાપ્તિસ્થાન કે તેનો સમય વગેરે કશું જ જાહેર કર્યું નથી. તેથી આ મુદ્દો વધારે સંદિગ્ધ બન્યો છે. 'પરિભાષાસૂચન'માંથી જ તેના કર્તા કોણ છે તે વિશે કોઈ પ્રત્યક્ષ પુરાવો મળતો નથી અને ઉપર્યુક્ત ચર્ચામાં જોયું તે પ્રમાણે પાણિનિના સમકાલિક સંગ્રહકાર વ્યાડિ તેના કર્તા હોય તેમ સંભવિત નથી. પરિણામે સંભવ છે કે 'પરિભાષાસૂચન'ના કર્તા સંગ્રહકાર વ્યાડિથી ભિન્ન બીજા કોઈક વ્યાડિ હશે, અથવા કોઈકે તે ગ્રન્થને વ્યાડિના નામે પ્રસિદ્ધ કર્યો હશે.

હવે આપણે 'પરિભાષાસૂચન'નો રચના સમય વિચારીશું : પ્રા. અભ્યંકરજીએ 'પરિભાષાસૂચન'ને સંગ્રહકારની કૃતિ માની છે અને સંગ્રહકાર વ્યાડિ તો કાત્યાયન અને પતંજલિની પૂર્વે થઈ ગયા છે. તેનો અર્થ કે 'પરિભાષાસૂચન'ની રચના કાત્યાયનની પહેલાં થઈ ગઈ હતી. પ્રા. અભ્યંકરજીએ આના અનુસન્ધાનમાં એમ પણ જણાવ્યું છે કે કાત્યાયનને અને પતંજલિને આ 'પરિભાષાસૂચન'નો પરિચય છે. આ અભિપ્રાયના સમર્થનમાં તેમણે જણાવ્યું છે કે संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य । ઇત્યાદિ ચાર-પાંચ પરિભાષાઓનાં પ્રમાણ ભાષ્યમાં ઉપસ્થિત કર્યાં નથી. આવી પરિભાષાઓ માટે संनिपातलक्षणत्वात् । કે बहिरङ्गलक्षणत्वात् । જેવા સામાન્ય-નિર્દેશો કરીને ભાષ્યકાર આગળ વધે છે. આથી એમ સૂચિત થાય છે કે વાર્તિકકાર અને ભાષ્યકારને વ્યાડિના 'પરિભાષાસૂચન'નો ઘનિષ્ઠ પરિચય છે. પતંજલિ મહાભાષ્યના અધ્યેતા પાસેથી વ્યાડિના 'પરિભાષાસૂચન'નો પરિચય હોય તેવી અપેક્ષા રાખે છે.[૭] પરંતુ આ દલીલ

---

૬. आडि परुपवचनं तु ज्ञापकं अन्तरङ्गबलीयस्त्वस्य ।
6-1-108, वा० 9.

૭. A careful scruting of the Mahābhāṣya passagess, refering to the Paribhāṣās explained in his work by Vyāḍi, shows that the authors of Vārttiks and Mahābhāṣya generally

પણ સ્વીકાર્ય નથી. કારણ કે હાલ ઉપલબ્ધ થતા (પ્રા. અભ્યંકરજીએ 'પરિભાષા-સંગ્રહ'માં પ્રકાશિત કરેલા) 'પરિભાષાસૂચન'ના વિગતે અભ્યાસ કરતાં તરત જ માલૂમ પડે છે કે તેમાં પરિભાષા-વિષયક જે વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું છે તે સૂક્ષ્મતાપૂર્વક અને વ્યાપકસન્દર્ભમાં સિદ્ધાન્તકોટિનું નથી. આ સ્થિતિ કદાચ 'પરિભાષાસૂચન'ની પ્રાચીનતા નિર્દેશતી હશે, પણ ભાષ્યકારને આ ગ્રન્થની માહિતી હતી અને તેઓ તેની ઉપર આધાર રાખે છે એમ તો નહીં કહી શકાય. કારણ કે ભાષ્યકાર આવા અપૂર્ણ અને સિદ્ધાન્ત-ચર્ચાની દૃષ્ટિએ અલ્પવિકસિત 'પરિભાષાસૂચન' ઉપર ક્યારેય આધાર રાખી શકે નહીં. તદુપરાંત, शोभना खलु दाक्षायणस्य संग्रहस्य कृतिः । કહીને ભાષ્યકાર પતંજલિએ વ્યાડિના 'સંગ્રહ'ની મુક્ત કંઠે પ્રશંસા કરી છે.[૮] અર્થાત્ પતંજલિ ગુણગ્રાહી વૈયાકરણ છે. તેઓ,

---

refer, in a quite passing manner, to such paribhāṣās as are fully explained by Vyāḍi in his work. Patañjali does not adduce any proof for their existence in the S'āstra. For example, wherever the Paribhāṣās असिद्धं बहिरङ्गमन्तरङ्गे, येन नाप्राप्ते यो विधिरारभ्यते, संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य, and the like, occur in the Mahābhāṣya, Patañjali makes simple remarks अन्तरङ्गत्वात् सिद्धम्, न वा बहिरङ्गलक्षणत्वात् अपवादत्वात् संनिपातलक्षणत्वात् and the like. Presumably he expects the students of the Mahabhāṣya to have been familiar with the Paribhāṣā work of Vyāḍi.

–Paribhāṣāsaṁgraha, Introduction, p. 13.

પ્રો. વેઝલર અને પ્રો. કાર્ડોનાને પણ શ્રી અભ્યંકરસાહેબનો આ મત સ્વીકાર્ય નથી.

K. V. Abhyankar thinks the Paribhāṣā-sūcan of Vyāḍi cotedates Patañjali : "The Style and Contents of...before the Mahābaṣya of Patañjali." Wezler, who has given a summary of opinions on this issue, disagrees with Abhyankar and concludes, I think correctly, that general considerations are not sufficient to permit reaching conclusions...

Pāṇini, A Survey of Research, p. 168.

૮. જુઓ : 2–3–66 सूत्र उपरनुं महाभाष्य

વ્યાડિના 'પરિભાષાસૂચન'નું પ્રા. અભ્યંકરજી નિર્દિષ્ટ ઉપર્યુક્ત મહત્ત્વ જોતાં હોય તો વ્યાડિના પરિભાષાસૂચનનો નામોલ્લેખ કરવાનું ક્યારેય ચૂકે નહીં. હકીકતમાં તો સમગ્ર ભાષ્યમાં 'પરિભાષાસૂચન' જેવા કોઈ પરિભાષાવૃત્તિ ગ્રન્થમાંથી પરિભાષાવિષયક અવતરણ મળતું નથી તથા પરિભાષાના રચયિતા તરીકે કોઈનોય નામોલ્લેખ મળતો નથી. આ જ વસ્તુ સૂચવે છે કે ભાષ્યકારને 'પરિભાષાસૂચન'ની માહિતી નથી.

આપણે પ્રસંગપ્રાપ્ત એ પણ વિચારણા કરીશું કે કેટલીક પરિભાષાઓના સન્દર્ભમાં સંનિપાતલક્ષણત્વાત્ । અને વહિરङ्गलક્ષણત્વાત્ । જેવા સામાન્ય-નિર્દેશો કરીને જ વાર્તિકકાર અને ભાષ્યકાર કેવી રીતે આગળ વધી શક્યાં છે: પાણિનિએ અષ્ટાધ્યાયીમાં કેટલાંક પરિભાષાસૂત્રો મૂક્યાં છે, પણ આ સૂત્રોથી શાસ્ત્રીય-ચર્ચાઓ દરમ્યાન ઉપસ્થિત થતા બધા પ્રશ્નોનું સમાધાન થઈ શકતું નથી. પતંજલિ સુધીના સમયગાળામાં પ્રચલિત બનેલા પરિભાષાસમૂહમાંથી બહુસંખ્ય પરિભાષાઓની પ્રવૃત્તિ વિના પાણિનિનાં સૂત્રોનું અર્થઘટન કે સૂત્રપ્રવૃત્તિ લગભગ અશક્ય છે. તેથી સ્વાભાવિક પણે પ્રશ્ન થાય કે પાણિનિએ આવી પરિભાષાઓને અષ્ટાધ્યાયીમાં કેમ રજૂ કરી નથી. કાશિકાકારે જેમની સૂક્ષ્મેક્ષિકાની પ્રશંસા કરી છે,[૯] તેવા મહાવૈયાકરણ પાણિનિને संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य । તથા असिद्धम् वहिरङ्गमन्तरङ्गे । જેવી પરિભાષાઓની આવશ્યકતા ધ્યાનમાં ન હોય તેવું તો બને જ નહીં. આવી પરિસ્થિતિમાં નીચે મુજબ અનુમાન કરવાનું પ્રાપ્ત થાય છે.

વિદ્વાનોના માનવા પ્રમાણે પાણિનિ વ્યાકરણશાસ્ત્રના આદ્ય-પ્રવર્તક નથી. પાણિનિએ પોતાના પુરોગામીઓ પાસેથી પ્રાપ્ત થયેલા વ્યાકરણશાસ્ત્રને સુસંકલિત કરી તેમાં પોતાને અભીષ્ટ તેવા ઉમેરાઓ પણ કર્યા છે. વિશેષમાં, આપણે જાણીએ છીએ તે મુજબ પોતાના સમકાલિકોને અમુક પારિભાષિક શબ્દો વિદિત છે તેમ માનીને પાણિનિએ ઘણા પારિભાષિક શબ્દોની વ્યાખ્યા પણ આપી નથી. આ જ પ્રમાણે સંભવ છે કે તેઓ પરિભાષાઓના સંદર્ભમાં પુરોગામીઓને અનુસર્યા હોય. પોતાની પૂર્વેથી અસ્તિત્વમાં અને પ્રચારમાં આવેલી પરિભાષાઓ જેવી રીતે પોતાના પુરોગામીઓના વ્યાકરણને ઉપકારક બની રહી તેમ પોતાના અષ્ટાધ્યાયી વ્યાકરણને પણ ઉપકારક બની રહેશે; તેમ જાણતા પાણિનિએ આવી પરિભાષાઓને પોતાના વ્યાકરણમાં મૂકી નથી. પતંજલિએ મહાભાષ્યમાં ઘણી

---

૯. महती सूक्ष्मेक्षिका वर्तते सूत्रकारस्य ।
उदक् च विपाशः । 4-2-74 इत्यत्र काशिका ।

પરિભાષાઓના સન્દર્ભમાં જણાવ્યું છે કે આવી પરિભાષા છે, તેમ આચાર્ય-પ્રવૃત્તિ એને જ્ઞાપિત કરે છે.[૧૦] પાણિનિ પૂર્વેથી પ્રચલિત થયેલી આવી પરિભાષાઓનો સંનિપાતલક્ષણત્વાત્ । કે વહિરઙ્ગલક્ષણત્વાત્ । જેવા સામાન્ય નિર્દેશો કરી વાર્ત્તિકકાર અને ભાષ્યકાર યથેચ્છ ઉપયોગ કરે જ. તેનાથી એવું સિદ્ધ નથી થતું કે વ્યાડિના 'પરિભાષાસૂચન'ની અસર નીચે વાર્ત્તિકો અને મહાભાષ્યની રચના થઈ છે.

'પરિભાષાસૂચન'માં येन नाप्राप्ते यो विधिः आरभ्यते स तस्य बाधको भवति ॥ 42 ના વ્યાખ્યાનમાં એમ જણાવવામાં આવ્યું છે કે दीधीवेवीटाम् । 1-1-6 સૂત્રનું પ્રત્યાખ્યાન કરતા પક્ષમાં 'પદકાર' રજૂ કરેલું अदीधयुः । ઉદાહરણ ઉપપન્ન થાય છે.[૧૧] અહીં 'પરિભાષાસૂચન'ના કર્તા સ્પષ્ટપણે કાત્યાયનના 'दीधीवेव्योश्छन्दोविषयत्वात् दृष्टानुविधित्वाच्च च्छन्दसोऽदीधेद् अदीधयुरिति च गुणदर्शनादप्रतिषेधः । 1-1-6 वा-ना. વાર્ત્તિકનો ઉલ્લેખ કરે છે. પતંજલિએ 'લક્ષણે પદકારોનું અનુસરણ કરવાનું નથી, પણ પદકારોએ લક્ષણનું અનુસરણ કરવાનું છે.'[૧૨] તેવા વિધાનથી 'પદકાર' એવા શબ્દથી કાત્યાયનનો ઉલ્લેખ કર્યો છે. કાત્યાયને પદપાઠ તથા વાજસનેય સંહિતાનું પ્રાતિશાખ્ય રચ્યું હતું, તે સુવિદિત છે.[૧૩] આના ઉપરથી એમ સાબિત થાય છે કે 'પરિભાષાસૂચન'ની રચના નિશ્ચયપૂર્વક 'પદકાર' કાત્યાયન પછી જ થઈ છે.

---

૧૦. किं पुनर्वर्णौत्सत्ताविव णकारो द्विरनुबध्यते । एतज्ज्ञापयत्याचार्यो भवत्येषा परिभाषा व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणमिति ॥ लण् । मा० सू०; ६ इत्यत्र महाभाष्यम् ॥

૧૧. किमेतस्य ज्ञापने प्रयोजनम् । अदीधयुरिति पदकारस्य प्रत्याख्यानपक्षे उदाहरणमुपपन्नं भवति । परिभाषा-42 परिभाषासूचनम् । परिभाषासंग्रहः पृ. 21

૧૨. न लक्षणेन पदकारा अनुवर्त्याः । पदकारैर्नाम लक्षणमनुवर्त्यम् । यथा लक्षणं पदं कर्तव्यम् । 3-1-109 एवं 4-1-207 इत्यत्र महाभाष्यम् ॥

૧૩. Patanjali, in fact, refers by the term पदकार to Kātyāyana, who wrote the Padapāṭha and the Prātis'akhya of the Vājasaneyi-Saṁhitā in the following statement न लक्षणेन पदकारा अनुवर्त्याः...।

–A Dictionary of Sanskrit Grammar, p. 234.

આ પ્રમાણે 'પરિભાષાસૂચન'ની પૂર્વસીમા નક્કી થયા પછી, તેની ઉત્તર-સીમા નક્કી કરવાનો પ્રયત્ન કરીશું.

સંગ્રહકાર વ્યાડિથી ભિન્ન બીજા જે કોઈ 'પરિભાષાસૂચન'ના કર્તા હોય તેમણે 'પરિભાષાસૂચન'માં ક્યાંય ભાષ્યકાર પતંજલિનું નામોચ્ચારણ કર્યું નથી. ભાષ્યની રચના પછીના સમયના વ્યાકરણ ગ્રન્થોમાં કોઈએ ભાષ્યકારનો નામોલ્લેખ ન કર્યો હોય અથવા તેમાંથી અવતરણ ન લીધું હોય, તેવું જાણમાં નથી. તેથી એ સ્પષ્ટ છે કે 'પરિભાષાસૂચન'ની રચના ભાષ્યકારની પૂર્વે થઈ ગયેલી છે. વળી, ભાષ્યને જોયા પછી જો આ વૃત્તિની રચના થઈ હોય તો ભાષ્યના પ્રભાવથી એનું સ્વરૂપ કાંઈક જુદું જ હોય, આપણે જાણીએ છીએ કે 'પરિભાષાસૂચન'માં હજી શાસ્ત્રીયચર્ચાઓનું ઊંડાણ નથી. તેથી ભાષ્ય પછી આની રચના થઈ હશે, તેમ કહી શકાય નહીં.

'પરિભાષાસૂચન'ની રચના ભાષ્યપૂર્વે થઈ છે, તે વિષે વિદ્વાનોમાં બહુ મત-ભેદ નથી. પરંતુ આ 'પરિભાષાસૂચન' અને 'મહાભાષ્ય'ના કેટલાક અંશો પરસ્પર સામ્ય ધરાવે છે.[૧૪] તેથી કોઈ સ્વાભાવિક રીતે એવું અનુમાન કરવા તરફ વળે

---

૧૪. उदाहरण तरीके –

(१) समुदायेऽपि वाक्यं परिसमाप्यते। तद्यथा गर्गाः शतं दण्डयन्तामित्युक्ते अर्थिनश्च राजानो हिरण्येन भवन्ति न च प्रत्येकं दण्डयन्ति। परिभाषा–२६। परिभाषासूचनम्।

सरखावो :

ननु चायमप्यस्ति दृष्टान्तः समुदाये वाक्यपरिसमाप्तिरिति। तद्यथा। गर्गाः शतं दण्डयन्तामिति। अर्थिनश्च राजानो हिरण्येन भवन्ति। न च प्रत्येकं दण्डयन्ति। 1–1–7 इत्यत्र महाभाष्यम्।

(2) इह शास्त्रे पर्जन्यवल्लक्षणं दृष्टम्। तद्यथा। पर्जन्यो यावदूनं पूर्णं चाभिवर्षति, नापूर्णमभिवर्षति। परिभाषा–64। परिभाषासूचनम्। सरखावो :

कृतकारि खल्वपि शास्त्रं पर्जन्यवत्। तद्यथा। पर्जन्यो यावदूनं पूर्णं च सर्वमभिवर्षति। 1–2–9 इत्यत्र महाभाष्यम्।

(३) यत्र उभयं प्राप्नोति अन्तश्च आदिश्च तत्रान्तादिवद्भावो

(ક્રમશઃ)

કે ભાષ્યકારે 'પરિભાષાસૂચન'ની વ્યાખ્યાનસામગ્રીનો ઉપયોગ કર્યો હશે. પરંતુ આ તર્કને સ્વીકારવામાં એક સાહસ રહેલું છે. જેમકે, ભાષ્યકારે 'પરિભાષાસૂચન'નો ઉપયોગ કર્યો છે અને છતાંય તેનો નામોલ્લેખ કર્યો નથી; તેમ માનવાનું થાય. આપણે અગાઉ જણાવ્યું છે તે મુજબ તો પતંજલિ ગુણગ્રાહી વૈયાકરણ છે. તેમણે 'સંગ્રહ'નો જો પ્રશંસાપૂર્વક નામોલ્લેખ કર્યો છે, તો 'પરિભાસૂચન'નો નામોલ્લેખ કેમ નહીં કર્યો હોય ? તે પ્રશ્ન અનુત્તર રહે છે. તેથી સંભવ છે કે 'પરિભાષા-સૂચન' અને 'મહાભાષ્ય'ની ચર્ચાનો મૂળસ્રોત કોઈ ત્રીજો ગ્રન્થ હોય. કાત્યાયન પછી રચાયેલા આ 'પરિભાષાસૂચન'ની આસપાસના સમયમાં જે વ્યાકરણચર્ચાઓ થતી રહી હશે, તેનો વારસો 'પરિભાષાસૂચન'ના કર્તાને અને ભાષ્યકાર પતંજલિને મળ્યો હશે; એમ કહી શકાય. કૈયટની 'ભાષ્યપ્રદીપ' ટીકામાં ભાષ્યપૂર્વે અસ્તિત્વ ધરાવતી 'કુણિ' વગેરેની વૃત્તિઓના નિર્દેશો મળે છે.[૧૫] તે અહીં ઉક્ત સંભાવનાના સમર્થક બને છે. આમ કોઈ અજ્ઞાત નામ વૈયાકરણે રચેલી આ 'પરિભાષાસૂચન'

न भवति । तद्यथा । लोके उभयोस्तुल्यवर्णयोरेकः प्रेष्यो भवति स तयोः पर्यायेण कर्म करोति । यदा च तौ युगपदप्युपगच्छतः न च परस्परविरोधिनौ भवतः तदा क्रमेण करोति । यदा तु विरोधिनौ भवतः तदैकस्यापि न करोति कर्म । परिभाषा–44 । परिभाषासूचनम् ।

सरखावो :

उभयत आश्रये नान्तादिवत् । किं वक्तव्यमेतत् । न हि कथमनुच्यमानं गंस्यते । लौकिकोऽयं दृष्टान्तः । तद्यथा । लोके यो द्वयोस्तुल्यबलयोरेकः प्रेष्यो भवति स तयोः पर्यायेण कार्यं करोति । यदा तु तमुभौ युगपत् प्रेषयतो नानादिक्षु च कार्ये भवतस्तत्र यद्य-सावविरोधार्थी भवति तत उभयोः न करोति । 6–1–85 इत्यत्र महाभाष्यम् ।

૧૫. (૧) ક. 1–1–38 સૂત્રભાષ્યને સમજાવતાં 'દીપિકા'માં ભર્તૃહરિ જણાવે છે કે 'अत एषां व्यावृत्त्यर्थं कुणिनापि तद्धितग्रहणं कर्तव्यम् । ... अतो गणपाठ एव ज्यायान् अस्यापि वृत्तिकारस्य इत्येतदनेन प्रतिपादयति ।

ख. 1–1–75 સૂત્રભાષ્યપ્રદીપમાં કૈયટ જણાવે છે કે कुणिना प्राग्ग्रहणमाचार्यनिर्देशार्थं व्यवस्थितविभाषार्थं च व्याख्यातम् ।... भाष्यकारस्तु कुणिदर्शनमशिश्रयत् ।

નામની કૃતિથી ભાષ્યકાર પતંજલિ અપરિચિત હોય તેમ જણાય છે.

આમ 'પરિભાષાસૂચન'નું કર્તૃત્વ અને સમય ઘણી રીતે સંદિગ્ધ અને વિવાદાસ્પદ છે. છતાં પણ કેટલાક વૈયાકરણોએ વ્યાડિને બધી પાણિનીય પરિભાષાઓના કર્તા માન્યા છે અને વ્યાડિને નામે 'પરિભાષાસૂચન' અને એક 'પરિભાષાપાઠ' મળી આવ્યાં છે, તે જોતાં સંભવ છે કે પરિભાષાના વિષયમાં સંગ્રહકાર વ્યાડિનું કોઈક રીતે પ્રદાન હોય. જેમકે, પાણિનિપૂર્વેથી પ્રચારમાં આવેલી પરિભાષાઓને વ્યાડિએ એકત્ર કરી હોય અને તેમાં બીજા કેટલાક ઉમેરા કરીને એક પરિભાષાપાઠ તૈયાર કર્યો હોય. જેની ઉપર તેમના કોઈક અનુયાયીએ 'પરિભાષાસૂચન'ની અર્થાત્ 'વ્યાડીય પરિભાષાવૃત્તિ'ની રચના કરી હોય.

પ્રા. અભ્યંકરજીએ આ કૃતિને સંગ્રહકાર વ્યાડિની કૃતિ માની છે. પરંતુ આ મતને સ્વીકારતાં જે શંકાઓ ઊભી થાય છે અને બીજી કેટલીક વિપક્ષી દલીલો ઉપસ્થિત થાય છે તેને અહીં રજૂ કરીને અટકીશું. આ વિષયમાં કોઈ અંતિમ વિધાન થઈ શકે તેમ નથી. કારણ કે પ્રસ્તુત મહાનિબંધનો આ મુખ્ય વિષય નથી. અને પ્રા. અભ્યંકરજીએ આ કૃતિની હસ્તપ્રતના સમય વગેરેની માહિતી આપી નથી. તેથી આ વિષયમાં વધારે લખવું એ ભયાવહ છે. છતાં પણ ભવિષ્યમાં જો કોઈ સંશોધક આ દિશામાં પુનઃવિચારણા કરશે અને તેમાં ઉપર્યુક્ત શંકાઓ અને વિપક્ષી દલીલો કામે લાગશે તો પ્રસ્તુત પ્રયત્ન સાર્થક ગણાશે.[૧૬] હાલ પૂરતું તો ઉપર્યુક્ત શંકાઓ અને વિપક્ષી દલીલો જોતાં સંભવ છે કે કોઈ અજ્ઞાત વૈયાકરણે આની રચના કરીને તેને વ્યાડિને નામે ચઢાવી દીધી હશે; અને તેનો રચના સમય કાત્યાયન અને પતંજલિના સમયની મધ્યમાં હશે. આ મહાનિબંધમાં આ સંભાવનાનો સ્વીકાર કરીને પાણિનીય પરિભાષાઓની અને તેની ઉપરના અન્ય પરિભાષાવૃત્તિ-ગ્રન્થોની વિચારણા કરવામાં આવી છે.

૨

'પરિભાષાસૂચન' સિવાય, વ્યાડિને નામે એક સ્વતંત્ર પરિભાષાપાઠ પણ મળી આવે છે. આ પરિભાષાપાઠમાં કુલ ૧૪૦ પરિભાષાઓ મળી આવે છે. તેમાંથી ૮૭ પરિભાષાઓ 'પરિભાષાસૂચન'ની પરિભાષાઓ સાથે સર્વાંશે સામ્ય ધરાવે છે, બાકીની ૫૩ પરિભાષાઓ 'પરિભાષાસૂચન'માં મળતી નથી.

---

૧૬. જુઓ : Paribhasa Sucanasya Kartrtvam Samayas'ca.–Proceedings of the 5th World Sanskrit Conference (oct. 1981), Pub. Rashtriya Sanskrit Sansthan, New Delhi, 1985 (pp.42–48) by Dr. V. M. Bhatt.

ઉપર જણાવ્યું છે તે મુજબ વ્યાડિએ પાણિનિ પૂર્વેથી પ્રચલિત થયેલી પરિભાષાઓને એકત્ર કરી તથા અષ્ટાધ્યાયીનાં સૂત્રોના સંદર્ભમાં કેટલીક નવી પરિભાષાઓ રચીને અથવા નવી પ્રચારમાં આવેલી પરિભાષાઓનો સંગ્રહ કર્યો હશે. આથી એ વિચારણીય છે કે આવી પરિભાષાઓનો સંગ્રહ તે કયો. અર્થાત્ પરિભાષાપાઠમાં મળતી પરિભાષાઓ પહેલાં એકત્ર કરી હશે કે 'પરિભાષાસૂચન' માં મળતી પરિભાષાઓ પહેલાં સંગૃહીત કરી હશે ? આમાંથી પ્રથમ પક્ષ સ્વીકારીએ તો એવું માનવું પડે કે ૧૪૦ની સંખ્યાવાળો પરિભાષાપાઠ પહેલાં રચવામાં આવ્યો હતો, અને તેમાંથી ૮૭ પરિભાષાઓને પસંદ કરીને તથા તેમાં નવી ૬ પરિભાષાઓ ઉમેરીને 'પરિભાષાસૂચન'ની રચના કરવામાં આવી હતી. પરંતુ આ પક્ષ સ્વીકારવાથી પ્રશ્ન એ ઉદ્ભવે છે કે 'પરિભાષાસૂચન'ના કર્તાએ ૧૪૦ પરિભાષાઓમાંથી ૮૭ પરિભાષાઓને જ શા માટે સ્વીકારી–પસંદ કરી. જો તેના પ્રત્યુત્તરમાં એમ કહેવામાં આવે કે પરિભાષાપાઠમાં કેટલીક પરિભાષાઓ અતિસામાન્યકક્ષાની અને સિદ્ધાર્થનું કથન કરનારી છે, જેમકે; सदृशं करणमनुकरणम् । અને अलिङ्गमसंख्यमव्ययम् । વગેરે. માટે આવી પરિભાષાઓના જ્ઞાપકાદિ દર્શાવવાની જરૂર નથી. આ કારણે 'પરિભાષાસૂચન'ના કર્તાએ તેમને વ્યાખ્યાનને યોગ્ય ગણી નથી.

તો આ પક્ષની વિરુદ્ધમાં એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે 'પરિભાષાસૂચન' માં જેમને સ્વીકારવામાં આવી નથી તેવી પરિભાષાપાઠની બાકી રહેલી પ્રત્યેક પરિભાષા શું સામાન્યકક્ષાની અને સિદ્ધાર્થનું કથન કરનારી જ છે ? આ પ્રશ્નનો જવાબ હકારમાં મળશે નહીં. કારણ કે–

1. विभक्तौ लिङ्गविशिष्टाग्रहणम् । 30
2. अन्तरङ्गे कार्ये बहिरङ्गमसिद्धम् स्यात् । 43
3. नानर्थकेऽलोऽन्त्यविधिरनभ्यासविकारे । 62
4. निर्दिश्यमानस्यादेशा भवन्ति । 106
5. अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग्बाधते । 126 વગેરે.

ઉપર્યુક્ત પરિભાષાઓનો, તેની અગત્ય જોતાં, 'પરિભાષાસૂચન'માં સ્વીકાર કરી તેના જ્ઞાપકાદિની ચર્ચા કરવી આવશ્યક છે. આ ઉપરથી તો એમ જણાય છે કે 'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થતી પરિભાષાઓને જ પ્રથમ સંગૃહીત કરવામાં આવી હશે. આ એકત્ર કરેલી પરિભાષાઓ ઉપર 'પરિભાષાસૂચન' નામના વ્યાખ્યાન ગ્રન્થની રચના થયા પછી તે એકત્ર કરેલી પરિભાષાઓના સમૂહમાં

કાર્યક્રમ સુધારા-વધારા થઈને હાલ ઉપલબ્ધ થતો ૧૪૦ની સંખ્યાવાળો પરિભાષા-પાઠ તૈયાર થયો હશે.

વ્યાડિને નામે મળતા પરિભાષાપાઠમાં, 'પરિભાષાસૂચન'માં મળતી પરિભાષાઓની અપેક્ષાએ જે નવા ફેરફાર અને ઉમેરા થયેલા માલૂમ પડે છે તેનું પૃથક્કરણ આ પ્રમાણે છે :

(૧) 'પરિભાષાસૂચન'ની નિમ્નોક્ત પરિભાષાઓ પરિભાષા પાઠમાં મળતી નથી.

1. कृत्रिमाकृत्रिमयोरुभयगतिर्भवति । 7
2. उकार एवैको भाव्यमानोऽपि सवर्णान् गृह्णाति । 31
3. सकृद्गतौ विप्रतिषेधे बाधितम्...। 35[१६]
4. असिद्धं बहिरङ्गमन्तरङ्गे । 36
5. धातूपसर्गयोरन्तरङ्गं कार्यं भवति । 37
6. संज्ञाविधौ तदन्तविधिर्नास्ति । 71
7. समुदायेषु शब्दाः प्रवृत्ताः अवयवेष्वपि वर्तन्ते । 85

(૨) 'પરિભાષાસૂચન'ની પરિભાષાઓના શબ્દદેહમાં પણ ક્યારેક ફેરફાર કરીને નવા સ્વરૂપે 'પરિભાષાપાઠ'માં પરિભાષાઓ રજૂ કરવામાં આવે છે :

1. वर्णैकदेशा वर्णग्रहणेन गृह्यन्ते । 26, परिभाषासूचन,
   न ह्येकदेशा वर्णग्रहणेन गृह्यन्ते । 31, परिभाषापाठ
2. भाव्यमानोऽण् सवर्णान्न गृह्णाति । 30, परिभाषासूचन
   भाव्यमानोऽण् सवर्णान् गृह्णाति । 35, परिभाषापाठ
3. उदित् स्ववर्गमेव गृह्णाति न सवर्णमात्रम् । 55, परिभाषासूचन
   अणुदित्सवर्णमेव गृह्णाति न वर्णमात्रम् । 66, परिभाषापाठ

(૩) પરિભાષાપાઠમાં નવી ઉમેરાયેલી કેટલીક સામાન્યપ્રકારની-સિદ્ધ સ્થિતિનું કથન કરનારી-પરિભાષાઓ :-

1. अवयवेन विग्रहः समुदायः समासार्थः । 8
2. अलिङ्गमसंख्यमव्ययम् । 98

---

૧૬. આ બન્ને પરિભાષાઓ 'પરિભાષાસૂચન' માં બે વાર રજૂ થઈ છે. જુઓ : પરિભાષા-૩૬-૭૯ અને ૩૫-૮૧. વ્યાડિને નામે મળતા પરિભાષાપાઠમાં આવી એકની એક પરિભાષા બેવાર રજૂ કરી નથી. ઉક્ત બન્ને પરિભાષાઓ એક-એકવાર પરિભાષાપાઠમાં રજૂ થઈ છે. જુઓ : પરિભાષા-૪૦ અને ૪૨.

3. सदृशं करणमनुकरणम् । 109
4. कृदभिहितो भावो द्रव्यवत् प्रकाशते । 111
5. रूढिषु नावयवार्थाः प्रकाशन्ते । 112
6. प्रतिज्ञानुनासिक्याः पाणिनीयाः । 121
7. प्रतिज्ञास्वरिताः पाणिनीयाः । 122
8. क्विबन्ता धातुत्वं न जहति प्रातिपदिकत्वं च । 132
9. नैकमुदाहरणं योगारम्भं प्रयोजयति । 133
01. सकृदुक्तार्थस्य प्रयोगः । 61 અને
11. ग्रन्थाधिक्यादर्थाधिक्यम् । 88

(૪) પરિભાષાપાઠમાં નવી ઉમેરાયેલી કેટલીક મહત્ત્વની પરિભાષાઓ :–

1. मध्येऽपवादा पूर्वान् विधीन्० । 10
2. अस्ति च संभवो यदुभयम्० । 29
3. उभयथा वाक्यपरिसमाप्तिः । 31
4. वार्णादाङ्गं बलीयः । 39
5. अन्तरङ्गानपि...लुग्बाधते । 128
6. अनिनस्मन्ग्रहणानि..... । 129 વગેરે

(૫) કાત્યાયનના વાર્તિકોનો આ પરિભાષાપાઠમાં પરિભાષા રૂપે સ્વીકાર થયો હોય તેવી:–

1. विभक्तौ लिङ्गविशिष्टाग्रहणम् । 30
2. नानर्थकेऽलोऽन्त्यविधिरनभ्यासविकारे । 62
3. अनन्त्यविकारेऽन्त्यसदेशस्य एव ग्रहणम् । 63
4. सति शिष्टस्वरो बलीयानन्यत्र विकरणेभ्यः । 104
5. निर्दिश्यमानस्यादेशा भवन्ति । 106
6. पदाङ्गाधिकारे तस्य च ग्रहणं भवति तदुत्तरस्य च । 125
7. यस्मिन् विधिस्तदादावल्ग्रहणे । 127
8. लुप्तोऽप्यनुबन्धः कार्यं प्रति विशेषको भवति । 134

(૬) પરિભાષાપાઠમાં નવી ઉમેરાયેલી કેટલીક પ્રકીર્ણ પરિભાષાઓ :

1. लघ्वक्षरं हि संज्ञाविधानमनित्यम् । 135
2. अक्षरविधिस्थादपि योगविभागो गरीयान् । 93
3. अनित्यमातिदेशिकम् । 95
4. अभिधयवल्लिङ्गवचनानि भवन्ति । 73

5. अवयवप्रसिद्धेः समुदायप्रसिद्धिर्बलीयसी । 108
6. प्रत्ययाप्रत्ययोः प्रत्यये संप्रत्ययः । 72
7. सहचरितासहचरितयोः सहचरितस्यैव ग्रहणम् । 67
8. प्रधानाप्रधानयोः प्रधाने संप्रत्ययः । 120
9. कृताकृतप्रसङ्गी यो विधिः स नित्यः । 117
10. दृष्टानुविधिच्छन्दसि बाहुल्यवत् । 68
11. स्वार्थिका एव प्रत्ययाः प्रकृतितो लिङ्गवचनानि अतिवर्तन्ते । 74
12. गामादाग्रहणेष्वविशेषः ।
13. यत एवकारस्ततोऽन्यत्रावधारणम् । 131
14. चक्रकेष्विटतो व्यवस्था । 139

(૭) ભાષ્યકારના સમય પછી ફેરફાર કે ઉમેરા પામેલી પરિભાષાઓ :

૧. गतिकारकोपपदानां कृद्भिः सह समासवचनं प्राक्सुबुत्पत्तेः । 138 વાર્તિકમાં આ પરિભાષાનો प्राक्सुबुत्पत्तेः અંશ મળતો નથી, તે ભાષ્યકારે ઉમેરેલો છે. તેથી એમ જણાય છે કે આ અંતિમ સુધારા-વધારા-વાળું સ્વરૂપ ધરાવતી પરિભાષા ભાષ્યકાર પછીના સમયમાં ઉમેરાઈ છે.

૨. नाजानन्तर्ये बहिष्ट्वप्रक्लृप्तिः । 44. આ પરિભાષા જો કે 'પરિભાષાસૂચન'માં મળે છે, પરંતુ તેમાં અંશતઃ ફેરફાર કરીને અહીં ભાષ્યોક્ત સ્વરૂપે રજૂ કરી છે. 'પરિભાષાસૂચન'માં તે આ સ્વરૂપે મળે છે: नाजानन्तर्ये बहिष्प्रक्लृप्तिः । 80

૩. विधिनियमसंभवे विधिरेव ज्यायान् । 130 આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં, વાર્તિકમાં કે મહાભાષ્યમાં ઉપલબ્ધ થતી નથી.

"तत्रापूर्वो विधिरस्तु नियमोऽस्तु इति,

अपूर्व एव विधिर्भविष्यति न नियमः । 6-4-49" સૂત્રભાષ્યમાંથી સૂચન લઈને કાતન્ત્રપરિભાષાપાઠ (3) પરિ. ૮૪ માં તે પ્રથમવાર રજૂ થઇ છે.

આમ આ પરિભાષાપાઠમાં નવા ઉમેરા થતા રહ્યા છે, તેવા સ્પષ્ટ નિર્દેશો મળી આવે છે. પરિણામે તેની પ્રાચીનતા વિશ્વસનીય નથી. વળી, પ્રા. અભ્યંકરજીએ આ પરિભાષા પાઠની હસ્તપ્રતનો સમય પણ આપ્યો નથી. તેને કારણે પણ આ પરિભાષાપાઠની પ્રાચીનતા અને કર્તૃત્વ અંગે કશો નિર્ણય થઈ શકતો નથી. આથી આપણે જ્યારે 'પરિભાષાપાઠો' એ પ્રકરણમાં 'પાણિનીય પરિભાષાપાઠો અને અપાણિનીય પરિભાષા પાઠો' વિશે વિગતે વિચારણા કરીશું ત્યારે વ્યાડિના નામે મળતા

આ પરિભાષાપાઠની અનુકાલિક અસરો તપાસીશું નહીં. અને તેવી જ રીતે આ પરિભાષાપાઠમાં રજૂ થયેલા પરિભાષાઓના વિષયો, તેની ગોઠવણી વગેરેની સમીક્ષા પણ કરીશું નહીં. કારણકે, ઉપર જણાવ્યું તેમ આ પરિભાષાપાઠ વિશ્વસનીય નથી.

૩

'પરિભાષાસૂચન' માં કુલ ૯૩ પરિભાષાઓ ઉપર વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. આ ૯૩ પરિભાષાઓની આપણે ત્રિવિધ સમીક્ષા કરીશું : (૧) પરિભાષાઓનો શબ્દદેહ, (૨) વિષય-વિભાગ, અને (૩) ગોઠવણી.

(૧) અહીં મહદંશે પરિભાષાઓના શબ્દદેહ પૂરેપૂરા વિકસિત સ્વરૂપમાં અને ક્રિયાપદ સહિતના હોય છે. ઉદા. તરીકે :

क. कृत्रिमाकृत्रिमयोरुभयगतिर्भवति । 7
ख. भूतपूर्वगतिरिह शास्त्रे संभवति । 14
ग. इतरेतराश्रयाण्यपि कार्याणि शास्त्रेषु प्रकल्पन्ते । 24
घ. यं विधिं प्रत्युपदेशोऽनर्थकः स विधिर्बाध्यते । 48

કેટલીક પરિભાષાઓ પ્રાચીનતાના અંશો જાળવી રાખે છે. ઉદાહરણ તરીકે :

क. एकानुबन्धकग्रहणे न द्व्यनुबन्धकस्य । 46
(एकानुबन्धकग्रहणे न द्व्यनुबन्धकस्य । 37 लघुपरि०)
ख. नाजानन्तर्ये बहिरङ्गप्रक्लृप्तिः । 80
(नाजानन्तर्ये बहिष्टवप्रक्लृप्तिः 7 42 लघुपरि०)
नाजानन्तर्ये बहिष्ट्वप्रक्लृप्तिः । 51 परिभाषेन्दुशेखर:)
ग. गौणमुख्ययोः मुख्ये संप्रत्ययः । 4
(गौणमुख्ययोः मुख्ये कार्यसंप्रत्ययः । 5 लघुपरि०)
घ. संज्ञाविधौ तदन्तविधिर्नास्ति । 71
(संज्ञाविधौ प्रत्ययग्रहणे तदन्तविधिर्नास्ति । 81 लघुपरि०)

(૨) 'પરિભાષાસૂચન'માં કયા કયા વિષય માટે કેટલી પરિભાષાઓ રજૂ થઈ છે; તેનો અભ્યાસ કરતાં જણાય છે કે—

૧. પરિભાષાસમૂહમાં અગ્રગણ્ય ગણાયેલી પરિભાષાઓમાંથી બે પરિભાષાઓ અહીં જોવા મળે છે :

कार्यकालं संज्ञापरिभाषम् । 50
व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणम् । 58

૨. પ્રક્રિયા દરમ્યાન કાર્યિન્નો નિર્ણય કરવા ઉપયોગી બનતી પરિભાષાઓમાંથી:-

અનુબન્ધ વિષયક :

क. उच्चरित प्रध्वंसिनोऽनुबन्धाः । 11
ख. नानुबन्धकृतमनेकाल्त्वम् । 12
ग. नानुबन्धकृतमसारूपप्यम् । 13
घ. एकानुबन्धग्रहणे न द्व्यनुबन्धकस्य । 46
ङ. निरनुबन्धग्रहणे न सानुबन्धकस्य । 47

અનુવૃત્તિ વિષયક :

क. एकयोगनिर्दिष्टानामप्येकदेशानुवर्तनम् । 23
ख. चानुकृष्टमुत्तरत्र नानुवर्तते 59

તદન્તવિધિ વિષયક :

क. एकस्मिन्नपि व्यपदेशिवद्भावोऽप्रातिपदिकग्रहणेन । 61
ख. प्रातिपदिकविधौ तदन्तविधिर्नास्ति । 69
ग. संज्ञाविधौ तदन्तविधिर्नास्ति । 71
घ. कृद्ग्रहणे गतिकारकपूर्वस्यापि ग्रहणम् । 93

કાર્યિન્ તરીકે અર્થવાન શબ્દસ્વરૂપનું ગ્રહણ કરવું કે અનર્થકનું અથવા લાક્ષણિકનું ગ્રહણ કરવું કે પ્રતિપદોક્તનું ? ઇત્યાદિ વિષયક :

क. अर्थवद्ग्रहणे नानर्थकस्य ।
ख. न वर्णग्रहणेषु । 2
ग. लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्य ग्रहणम् । 3
घ. गौणमुख्ययोर्मुख्ये संप्रत्ययः । 4
ङ. औपदेशिकप्रायोगिकयोरौपदेशिकस्य ग्रहणम् । 5
च. कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे संप्रत्ययः । 6
छ. कृत्रिमाकृत्रिमयोरुभयगतिर्भवति । 7
ज. न निमित्तकार्यं नैमित्तिकस्य । 19
झ. प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । 25

સૂત્રો વચ્ચેના બાધ્યબાધકભાવને સ્પષ્ટ કરનારી પરિભાષાઓમાંથી,

અપવાદ વિષયક

क. अभ्यासविकारेष्वपवादा नोत्सर्गान्विधीन् बाधन्ते । 20

ख. असति संभवे बाधनं भवति । 21
ग. सत्यपि संभवे बाधनं भवति । 22
घ. येन नाप्राप्ते यो विधिरारभ्यते स तस्य बाधको भवति । 42
ङ. अपवादविषयेऽप्युत्सर्गसमावेशः । 83

અંતરંગ-બહિરંગ વિષયક

क. असिद्धं बहिरङ्गमन्तरङ्गे । 36
ख. धात्पसर्गयोरन्तरङ्गं कार्यं भवति । 37
ग. असिद्धं बहिरङ्गमन्तरङ्गे । 79
घ. नाजानन्तर्ये बहिष्प्रक्लृप्तिः । 80
ङ. अन्तरङ्गविधेः प्रतिपदविधिर्बलीयान् । 89

વિધિ-પ્રતિષેધ વિષયક

क. पुरस्तादपवादा अनन्तरान् विधीन् बाधन्ते । 9
ख. अनन्तरस्य विधिर्वा प्रतिषेधो वा । 16
ग. सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं बाधितमेव तत् । 35
घ. अकृतव्यूहाः पाणिनीयाः । 65
ङ. सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तद्बाधितमेव । 81
च. पुनःप्रसङ्गविज्ञानात् सिद्धम् । 82
छ. नविकरणस्वरो लसार्वधातुकस्वरं बाधते । 84
ज. धातुप्रातिपदिकादनुबन्धप्रातिपदिकं बलीयः । 90

૪. પાણિનિનાં સૂત્રોની પ્રવૃત્તિ અસંદિગ્ધ પણે થાય, તેમાં ઉપયોગી થનારી પરિભાષાઓ આ પ્રમાણે છે :

क. भवति च बहुव्रीहौ तद्गुणसंविज्ञानमपि । 8
ख. ताच्छीलिकेषु वाऽसरूपविधिर्नास्ति । 27
ग. प्रत्येकं वाक्यपरिसमाप्तिः । 28
घ. समुदायेऽपि वाक्यपरिसमाप्तिः । 29
ङ. भाव्यमानोऽण् सवर्णान् न गृह्णाति । 30
च. उकार एवैको भाव्यमानोऽपि सवर्णान् गृह्णाति । 31
छ. उभयत आश्रये नान्तादिवत् भवति । 44

ज. अर्थवशाद् विभक्तिविपरिणामो भवति । 63
झ. अतन्त्रं तरनिर्देशः । 66
ट. प्रधानान्वाचयशिष्टयोः प्रधानशिष्टे संप्रत्ययः । 67

૫. નિત્યત્વ-અનિત્યત્વ વિષયક પરિભાષાઓ આ પ્રમાણે છે :

क. समासान्तविधिरनित्यः । 75
ख. अनित्यमागमशासनम् । 76
ग. शब्दान्तरस्य प्राप्नुवन् विधिरनित्यो भवति । 77
घ. लक्षणान्तरेण प्राप्नुवन् विधिरनित्यः । 78
ङ. एकानुबन्धकृतमनित्यम् । 85

૬. જુદા જુદા વિષયોને રજૂ કરતી પ્રકીર્ણ પરિભાષાઓ આ પ્રમાણે છે :

क. अभिधानलक्षणाः कृत्तद्धितसमासाः । 72
ख. पर्जन्यवल्लक्षणप्रवृत्तिः । 64
ग. द्विबद्धं सुबद्धं भवति । 92
घ. समुदायेषु शब्दाः प्रवृत्ताः अवयवेष्वपि वर्तन्ते । 85
ङ. अव्यक्तगुणसंदेहे नपुंसकलिङ्गं प्रयुज्यते । 87 વગેરે.

આ પ્રમાણે 'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થતી પરિભાષાઓનો અભ્યાસ કરતાં જણાય છે કે તે પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં પ્રક્રિયા દરમ્યાન ઉપસ્થિત થતાં ઘણા પ્રશ્નોને સમજાવવા પ્રયત્ન કરે છે. તથાપિ તેમને પર્યાપ્ત કહી શકાય નહીં. કારણ કે કોઈ એક વિષયને લગતી પરિભાષાઓ પૂરતી સંખ્યામાં ઉપસ્થિત થઈ નથી. ઉદાહરણ તરીકે—

૧. પાણિનિનાં સંજ્ઞાસૂત્રો તથા પરિભાષાસૂત્રો પ્રવૃત્તિ સ્વરૂપ સમજાવતી એક પરિભાષા; कार्यकालं संज्ञापरिभाषम् । 50 ને રજૂ કરવામાં આવી છે: પરંતુ તેના પૂર્વાંગ રૂપ 'यथोद्देशं संज्ञापरिभाषम् । પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી નથી.

૨. प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । પરિભાષાને અતિવ્યાપ્તિ દોષથી મુક્ત કરવા જરૂરી ગણાયેલી विभक्तौ लिङ्गविशिष्टाग्रहणम् । એવી પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી નથી.

૩. તદન્તવિધિ વિષયક પરિભાષાઓ ચાર મળે છે. પછીના સમયના પુરુષોત્તમદેવાદિના પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં તેની સંખ્યા ૧૦ થી ૧૧ જેટલી છે.

૪. અંતરંગ–બહિરંગ, તથા અપવાદ વિષયક અદોષ વ્યવસ્થા રજૂ કરવા માટે જરૂરી પરિભાષાઓ; अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग्बाधते । અને मध्येऽपवादा पूर्वान् विधिन् बाधन्ते नोत्तरान् ।

આ બે 'પરિભાષાસૂચન'માં મળતી નથી.

(૩) 'પરિભાષાસૂચન'ની પરિભાષાઓનો અભ્યાસ કરતાં એ પણ જણાય છે કે 'પરિભાષાસૂચન'માં વ્યાખ્યાન માટે ઉપસ્થિત થતી પરિભાષાઓની ગોઠવણી; અર્થાત્ રજૂઆતનો ક્રમ તર્કસંગત કે વિષય–વિભાગાનુસારી નથી. જેમકે, અપવાદ-પદાર્થને સમજાવતી પરિભાષા 'येन नाप्राप्ते यो विधिरारभ्यते स तस्य बाधको भवति । 42 અથવા सत्यपि संभवे बाधनं भवति । 22 જેવી પરિભાષાની રજૂઆત થાય તે પહેલાં, અપવાદ બલીયસ્ત્વનો સંકોચ કરતી પરિભાષા; अभ्यासविकारेष्वपवादा नोत्सर्गान् विधीन् बाधन्ते । 20 રજૂ કરવામાં આવી છે. તેવી જ રીતે કાર્યિન્યી સ્પષ્ટતા કરતી કે તદ્દન્તવિધિ વિષયક પરિભાષાઓને ક્રમશઃ એક જ સ્થળે મૂકવામાં આવી નથી. એટલે વિષયવિભાગની આયોજના જોવા મળતી નથી. જો કે આ મુદ્દો તેની પ્રાચીનતા તરફ અંગુલિનિર્દેશ કરતો હશે.

૪.

'પરિભાષાસૂચન'માં રજૂ થયેલા વ્યાખ્યાનનું પરીક્ષણ કરતાં જણાય છે કે મહદંશે દરેક પરિભાષાના વ્યાખ્યાનમાં ત્રણ મુદ્દાઓ ચર્ચવામાં આવે છે. જેમ કે, પરિભાષાર્થ, જ્ઞાપક અને પ્રયોજન. સૌથી પહેલાં જે તે પરિભાષાઓનો અર્થ રજૂ કરવામાં આવતો નથી. ત્યાર પછી જે તે પરિભાષામાં કયું જ્ઞાપક પ્રમાણ છે, તે નિર્દેશવા તરફ ધ્યાન રોકવામાં આવે છે. જો અનેક જ્ઞાપક નિર્દેશો પ્રાપ્ત થતા હોય તો તેમાંથી કયા જ્ઞાપકને અંતિમ પ્રમાણભૂત માનવું તેની ચર્ચા પણ જોવા મળે છે. ઉદા. ત., પરિભાષા ૧, ૨ અને ૩ના વ્યાખ્યાનને આપણે નોંધી શકીએ. તદુપરાંત લોકન્યાયસિદ્ધ પરિભાષાના પણ જ્ઞાપક દર્શાવવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે. આના ઉદા. ત. પરિભાષા ૨૮ અને ૨૯ના વ્યાખ્યાનને જોવા જોઈએ. પાછળના સમયમાં ભાષ્યકાર પતંજલિએ જે પરિભાષાને સ્વતંત્ર વાચનિક સ્વરૂપે ઉચ્ચારી છે, તેવી कार्यकालं संज्ञापरिभाषम् । 50 પરિભાષાનું પણ જ્ઞાપક દર્શાવ્યું છે. વળી, જ્ઞાપકના અભાવમાં गौणमुख्ययोर्मुख्ये संप्रत्ययः । 4 તથા औपदेशिक प्रायोगिकयोः प्रायोगिकस्य ग्रहणम् । 5 પરિભાષાઓનો સ્વીકાર કરવામાં આવ્યો

નથી. આમ, પરિભાષાના સમગ્ર વ્યાખ્યાનમાં જ્ઞાપકચર્ચાનો મુદ્દો નોંધપાત્ર ગણવામાં આવ્યો છે.

જો કે 'પરિભાષાસૂચન'ના કર્તાએ ગ્રન્થશીર્ષકમાં જ આ મુદ્દાને ઇંગિતથી રજૂ કરી દીધો છે, તે પણ અહીં નોંધવું જોઈએ. આ ગ્રન્થના પ્રાસ્તાવિક વચનોમાં જણાવ્યું છે કે—હવે અમે 'પરિભાષાસૂચન'નું વ્યાખ્યાન કરીશું. 'હવે' શબ્દ અધિકાર અર્થમાં છે. પરિભાષાસૂચન નામના શાસ્ત્રનો પ્રારંભ થયેલો જાણવો. અહીંથી શરૂ કરીને આગળ ઉપર 'આ પરિભાષા આ સૂત્ર ઉપર સિદ્ધ થાય છે. તે બીજી પરિભાષા પેલા બીજા સૂત્ર ઉપર સિદ્ધ થાય છે.'[૧૦] આ પ્રાસ્તાવિક વચનોને આધારે જણાય છે કે 'પરિભાષાસૂચન'ના કર્તા પરિભાષાઓના જ્ઞાપક-સ્થળ દર્શાવવાનો ઉપક્રમ સ્વીકારીને ચાલે છે. આ સન્દર્ભમાં 'પરિભાષાસૂચન' તેવા શીર્ષકનો અર્થ આ પ્રમાણે થશે : 'પરિભાષાનું સૂચન.' એટલે કે 'પરિભાષાનું જ્ઞાપક.' પહેલાં સંક્ષેપમાં સાદો પરિભાષાર્થ રજૂ કરીને કથં જ્ઞાયતે । એવો પ્રશ્ન કરવામાં આવે છે. તેનાથી જ્ઞાપકચર્ચાને હાથ ધરવામાં આવે છે, જે સમગ્ર વ્યાખ્યાનનો મોટો ભાગ રોકે છે. અને અગાઉ જણાવ્યું તે મુજબ લોકન્યાય-સિદ્ધ કે સ્વતંત્રવાચનિકી પરિભાષાનાં પણ જ્ઞાપક દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આથી 'પરિભાષાસૂચન' એવા શીર્ષકની અન્વર્થતા સિદ્ધ થાય છે.

આ જ્ઞાપક ચર્ચા પછી, વ્યાખ્યાનમાં છેલ્લો મુદ્દો પ્રયોજન-નિર્દેશનો હોય છે. ગ્રન્થકર્તાએ પ્રયોજનનિર્દેશના મુદ્દા પરત્વે ઓછું ધ્યાન આપ્યું છે. પરિભાષાના વ્યાખ્યાનમાં પ્રયોજનનિર્દેશના મુદ્દાને આવશ્યક ગણ્યો છે. તથાપિ પ્રયોજનોને એક-બે ઉદાહરણોથી વધારે ઉદાહરણો રજૂ કરીને અને તેને વિસ્તારથી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નથી.

'પરિભાષાસૂચન'ના પ્રારંભે કેટલીક પરિભાષાઓના વ્યાખ્યાનમાં વ્યાખ્યાનકર્તાની દૃષ્ટિ ટીકાત્મક જણાય છે. જેમકે, ૧. लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्य ग्रहणम् । 3 ના વ્યાખ્યાનને અંતે જણાવ્યું છે કે પ્રયોજનનો અભાવ હોવાથી આ પરિભાષા નથી. અને આ પરિભાષા માટે જે જ્ઞાપકો રજૂ કરવામાં આવ્યાં છે, તેનો પરિહાર કરવો. ૨. गौणमुख्ययोः मुख्ये सम्प्रत्ययः । : 4 પરિભાષા વિષે જણાવ્યું છે કે આ પરિભાષાનું જ્ઞાપક મળતું નથી અને लक्षण-प्रतिपदोक्तयो० । કે औपदेशिकप्रायोगिकयोः० । તે બે પરિભાષામાંથી કોઈ એક વડે પ્રકૃત પરિભાષાનું ખંડન થતું હોવાથી આ પરિભાષા નથી.

આવું જ औपदेशिकप्रायोगिकयोः 0 । 15 તથા कृत्रिमाकृत्रिमयोः । 16 પરિભાષાઓના સન્દર્ભમાં પણ જણાવવામાં આવ્યું છે.

પરંતુ પાછળથી આવી શાસ્ત્રીય ટીકાત્મક દૃષ્ટિ અદૃશ્ય થઈ ગઈ છે. પહેલી ૧૦ પરિભાષાઓનું વ્યાખ્યાન કર્યા પછી, વ્યાખ્યાનમાં એકતાનતા આવેલી જણાય છે. જેમાં ચર્ચાના ઉપર્યુક્ત ત્રણ મુદ્દાઓ જ જોવા મળે છે.

વળી, પરિભાષાના આ વ્યાખ્યાનમાં વ્યાપકતા, ઊંડાણ કે સૂક્ષ્મતા પણ જોવા મળતા નથી. પરિણામે અહીં સિદ્ધાન્તકોટિનું વિષયનિરૂપણ થઈ શક્યું નથી. આના સમર્થનમાં બે ઉદાહરણો જોઈએ :

૧. असिद्धं बहिरङ्गमन्तरङ्गे । 79 આ પરિભાષાના જ્ઞાપક અને પ્રયોજન વિષે ચર્ચા કરતાં વ્યાખ્યાનકર્તાએ એવી સ્પષ્ટતા નથી કરી કે આ પરિભાષા જાત-બહિરંગને કે પ્રાપ્ત-બહિરંગને અસિદ્ધ કરે છે અથવા તો બન્ને પ્રકારના બહિરંગને.

૨. येन नाप्राप्ते यो विधिरारभ्यते स तस्य बाधको भवति । 42 તથા सत्यपि संभवे बाधनं भवति । 22 પરિભાષાઓ કયા પ્રકારના બાધબીજના તત્ત્વને પ્રસ્તુત કરે છે, તેની સ્પષ્ટતા કરવામાં આવી નથી.

વિશેષમાં એ પણ નોંધવું જોઈએ કે આ ગ્રંથમાં પરિભાષાઓના વ્યાખ્યાન દરમ્યાન મતાન્તરનોંધોનો અભાવ છે. તેથી પરમતદૂષણોદ્ભાવન તથા સ્વમતસ્થાપન માટે જટિલ વાક્યરચનાનો આશ્રય લેવો પડ્યો નથી. પરંતુ તેને બદલે સમગ્ર વ્યાખ્યાનની નાનાં, સરળ ગદ્યવાક્યોમાં ગૂંથણી કરવામાં આવી છે.

ઉપસંહાર :

વ્યાડિને નામે મળતો 'પરિભાષાસૂચન' નામનો ગ્રંથ પાણિનીય અને અપાણિનીય પરિભાષાવિષયક ગ્રંન્થોમાં સૌથી પ્રાચીન છે. પ્રા. અભ્યંકરજીના મતે આ સંગ્રહકાર વ્યાડિની કૃતિ છે. પરંતુ પરિભાષાસૂચનના અંતરંગ અને બહિરંગ પરીક્ષણથી જણાય છે કે સંગ્રહકાર વ્યાડિની આ કૃતિ ન પણ હોઈ શકે. સંભવતઃ પાણિનિપૂર્વેથી પ્રચલિત થયેલી પરિભાષાઓને વ્યાડિએ એકત્ર કરી તથા કેટલીક નવી ઉમેરીને પરિભાષાઓનો એક સંગ્રહ કર્યો હશે. જેની ઉપર કોઈ અજ્ઞાત નામ વૈયાકરણે 'પરિભાષાસૂચન'ની રચના કરી હશે. અને આ 'પરિભાષાસૂચન'નો રચના સમય કાત્યાયન અને પતંજલિના સમયની મધ્યનો હશે. આમ, આ કૃતિ ભાષ્યપૂર્વે રચાઈ છે, તથાપિ ભાષ્યકારને તેનો પરિચય નથી અને ભાષ્યની રચના થયા પછી વૈયાકરણ સમુદાયમાંથી તે વિસ્મૃત થઈ ગઈ હોય તેમ જણાય છે. ભાષ્યકારે કે અન્ય વૈયાકરણે 'પરિભાષાસૂચન'નો નામોલ્લેખ કર્યો નથી, તે હકીકત આ અનુમાનનું સમર્થન કરે છે. છતાંય પાણિનીય કે અપાણિનીય પરિભાષા-

સાહિત્યમાં આ કૃતિ પ્રાચીન છે, તેમાં સંદેહ નથી. અંતરંગ પરીક્ષણ કરવાથી આ કૃતિની પ્રાચીનતા નિર્દેશતા અનેક પુરાવાઓ મળી રહે છે.

વ્યાડિને નામે એક સ્વતંત્ર પરિભાષા પાઠ પણ મળે છે. પરંતુ આ પાઠ શ્રદ્ધેય નથી. કારણ કે પરિભાષાપાઠમાં અનેક નવા ઉમેરા અને ફેરફારો થયા છે. તેવા સ્પષ્ટ નિર્દેશો મળે છે. તદુપરાંત, 'પરિભાષાસંગ્રહ'ના સંપાદકશ્રીએ આ પાઠની હસ્તપ્રતનો સમય, સ્થળ વગેરેની માહિતી આપી નથી. આથી તેની પ્રાચીનતા અને કર્તૃત્વ વિષે વિશ્વસનીય નિર્ણયો લઈ શકાતા નથી. પરિણામે અન્ય પાણિનીય કે અપાણિનીય પરિભાષાપાઠની સાથે તુલનાત્મક અભ્યાસ કરવામાં આ પાઠ બીનઉપયોગી બની ગયો છે.

'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થતી પરિભાષાઓ શબ્દદેહની દૃષ્ટિએ વિચારતાં જણાય છે કે પ્રાચીનતાની અસરો જાળવી રાખે છે. વિષયવિભાગ મુજબ પૃથક્કરણ કરતાં જણાય છે કે તે પ્રક્રિયા દરમ્યાન ઉપસ્થિત થતા પ્રશ્નોનું સમાધાન કરવા માટે પર્યાપ્ત નથી. અહીં પરિભાષાઓની ગોઠવણી તર્કસંગત નથી. સમગ્ર વ્યાખ્યાન પરિભાષાર્થ, જ્ઞાપક ચર્ચા અને પ્રયોજનનિર્દેશ; એવા ત્રણ મુદ્દાઓ પૂરતુ સીમિત છે. તેમાં સિદ્ધાંતકોટિનું વિષયનિરૂપણ નથી. છતાંય પરિભાષા ક્ષેત્રે આ કૃતિનું મહત્ત્વ ઓછું નથી. કારણ કે પરિભાષાઓનો સ્વતંત્ર અભ્યાસ કરવા પરિભાષાઓને એકત્ર કરી, તેની પ્રમાણભૂતતા અને ઉપયોગીતા જેવાં અગત્યનાં પાસાંઓની વિચારણા કરવી; તેનો આ કૃતિ પ્રાચીનતમ નમૂનો છે. કમનસીબે ભાષ્યની રચના થયા પૂર્વે આ ગ્રન્થ વૈયાકરણ-સમુદાયમાંથી વિસ્મૃત થયો હોય એમ જણાય છે.

પ્રકરણ-૪

કાત્યાયન અને પતંજલિએ કરેલું પરિભાષાઓનું વિવેચન

આપણે અગાઉના પ્રકરણોમાં પાણિનિનાં પરિભાષાસૂત્રો અને વ્યાડિને નામે મળતા પરિભાષાસૂચન તથા પરિભાષાપાઠનો વિસ્તારથી અભ્યાસ કર્યો. હવે સમયાનુક્રમમાં કાત્યાયન અને પતંજલિએ કેટલી પરિભાષાઓ રજૂ કરી છે, તેનો અભ્યાસ કરવાનું પ્રાપ્ત થાય છે.

અષ્ટાધ્યાયીનાં સૂત્રો યથાર્થ રીતે સ્વલ્પાક્ષર છે. તેથી આ સૂત્રોનાં અર્થદર્શનાદિ માટે વ્યાખ્યાનની જરૂર રહે છે. કાત્યાયનનાં ઉક્તચિંતાપ્રવર્તક વાર્તિકોમાં આ વ્યાખ્યાનનો પ્રારંભ થયેલો જોવા મળે છે. વાર્તિકકારે સંદેહની નિવૃત્તિપૂર્વક ઈષ્ટ એવી શાસ્ત્રવ્યવસ્થાનું દર્શન કરાવવા માટે વાર્તિકોમાં પરિભાષાઓનો ઉલ્લેખ કર્યો છે. પતંજલિએ આવી પરિભાષાઓને વિગતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. વિશેષમાં પતંજલિએ એવી પરિભાષાઓના અનુસન્ધાનમાં કેટલીક નવી પરિભાષાઓ પણ રજૂ કરી છે. આમ, મહાભાષ્યમાં પરિભાષા વિષયક ચર્ચા-વિચારણા વાર્તિકકાર અને ભાષ્યકારનાં વચનોમાં એક સાથે ગૂંથાયેલી હોવાથી તેને એક જ શીર્ષક નીચે તપાસવાનો ઉપક્રમ ઉચિત ગણાશે.

૧.

વાર્તિકકારે अणुदित्सवर्णस्य चाप्रत्ययः । 1-1-69 અને स्वरितेनाधिकारः । 1-3-11 સૂત્રોને માટે 'પરિભાષા' શબ્દ વાપર્યો છે.[1] ભાષ્યકારે પણ षष्ठी स्थानेयोगा । 1-1-49, तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 तस्मादित्युत्तरस्य । 1-1-67 જેવાં બીજાં કેટલાંક સૂત્રોને માટે 'પરિભાષા' શબ્દ વાપર્યો છે.[2] આ ઉપરાંત ભાષ્યકારે संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य । જેવાં શાસ્ત્રીયકાર્યવ્યવસ્થાપક વચનો, एकदेशविकृतमनन्यवत् । જેવાં લૌકિકન્યાયથી સિદ્ધ થનારાં વચનો તથા धातोः कार्यमुच्यमानं तत्प्रत्यये कार्यं भवतीति । જેવાં જ્ઞાપકવચનોને માટે પણ 'પરિભાષા' શબ્દ વાપર્યો છે.[3]

---

1. જુઓ : 1-1-69. વા-4 અને 1-3-11. વા-3.
2. જુઓ : 8-2-1 સૂત્રભાષ્ય
3. જુઓ : 1-1-39, 4-1-83 અને 7-2-114 સૂત્ર ઉપરનું ભાષ્ય.

કાત્યાયનનાં વાર્ત્તિકોમાં પણ આ પ્રકારનાં વચનોનો નિર્દેશ અથવા સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે. પરંતુ તેમણે આવાં વચનોને માટે 'પરિભાષા' શબ્દ વાપર્યો નથી.

વાર્ત્તિકકારે પાણિનિનાં પરિભાષાસૂત્રો વિષે જણાવ્યું છે કે તે સૂત્રો નિયમાર્થ હોય છે.[4] અને ભાષ્યકારે આ સન્દર્ભમાં આગળ વધીને નિર્દેશ્યું છે કે પરિભાષા-સૂત્રો પરાર્થ પણ હોય છે.[5] પરંતુ આ ચર્ચા અષ્ટાધ્યાયીમાં અનુલ્લેખિત એવાં संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य। કે एकदेशविकृतमनन्यवत्। ઇત્યાદિ પરિભાષાવચનોને યથાર્થ રૂપે લાગુ પાડી શકાતી નથી. બીજી તરફ, આવાં પરિભાષાવચનોનાં સ્પષ્ટ લક્ષણ કે સ્વરૂપની ચર્ચા પણ વાર્ત્તિકકાર અને ભાષ્યકારે કરી નથી.

૨.

વાર્ત્તિકકારે પાણિનિનાં સૂત્રોનું દૃઢીકરણ અને સ્પષ્ટીકરણ કરવા માટે વાર્ત્તિકોની રચના કરી છે અને આ વાર્ત્તિકોમાં કેટલાંક નવાં પરિભાષાવચનોનો અવતાર કરવામાં આવ્યો છે. અથવા તો પાણિનિપૂર્વેથી તથા પોતાના સમયની પહેલાંથી પ્રચલિત થયેલાં પરિભાષાવચનોની પણ સાહાય્ય લેવામાં આવી છે. આવાં પરિભાષાવચનોને ભાષ્યકારે સોદાહરણ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે: દા.ત; (૧) વાર્ત્તિકકારે પાણિનિનાં સૂત્રોને નિર્દોષ બનાવવાં અનુક્તચિંતાપ્રવર્તક વાર્ત્તિકો તથા દુરુક્તચિંતાપ્રવર્તક વાર્ત્તિકો રચ્યાં છે. જેમકે, સૂત્રકારે येन विधिस्तदन्तस्य। 1-1-72 સૂત્રથી તદન્ત વિધિનું વિધાન કર્યું છે. પરંતુ તદાદિ વિધિ અર્થે કોઈ વિશેષ યત્ન કર્યો નથી. અહીં વાર્ત્તિકકારે यस्मिन्विधिस्तदादावलग्रहणे। (वा. 26)ને રજૂ કરીને તેની પૂર્તિ કરી છે. આ વાર્ત્તિક પાછળના સમયમાં 'પરિભાષા' રૂપે પ્રચલિત બન્યું છે. ભાષ્યકારે વાર્ત્તિકકારના આ પ્રયત્નને સમજાવતાં જણાવ્યું છે કે જો अल् પરમાં રહેતાં કોઈ વિધિ કહેવામાં આવી હોય તો તે अल् થી તદાદિનું એટલે કે अल् જેને પ્રારંભે હોય તેવા સમુદાયનું ગ્રહણ થાય છે.[6] વિશેષમાં, આ વચનનું પ્રયોજન વિચારતાં ભાષ્યકારે જણાવ્યું છે કે જો આવું વચન નહીં કહેવામાં આવે તો अचि श्नुधातुभ्रुवां य्वोरियङुवङौ। 6-4-77 થી श्रियौ। भ्रुवौ। જેવાં ઉદાહરણોમાં જ इयङ् અને उवङ् થશે.

4. જુઓ: "પાણિનિનાં પરિભાષાસૂત્રો", પાન 29 અને 30
5. એજન, પાન 30 અને 31
6. જુઓ: येन विधिस्तदन्तस्य। 1-1-72 सूत्रभाष्य.

પરંતુ શ્રિયઃ । ભ્રુવઃ । માં અજાદિ પ્રત્યય પરમાં રહેતો હોવાથી ઇયઙ્ । ઉવઙ્ । થશે નહીં.[7]

આ જ પ્રમાણે, येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રને અતિવ્યાપ્તિદોષમાંથી મુક્ત કરવા માટે વાર્ત્તિકકારે प्रत्ययग्रहणं चापञ्चम्याः । (वा. 28) એવું દુરુક્તચિંતાપ્રવર્તક વાર્ત્તિક રજૂ કર્યું છે. અર્થાત્ જ્યાં પ્રત્યયનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હોય ત્યાં તે પ્રત્યયથી તદન્તનું ગ્રહણ થાય છે, તે પ્રકૃત સૂત્રનું પ્રયોજન છે. પરંતુ તે પ્રત્યયમાં કોઈ પંચમ્યન્ત પદનો અન્વય ન હોવો જોઈએ. ભાષ્યકાર સમજાવે છે કે दृषत्तीर्णा परिषत्तीर्णा જેવાં ઉદાહરણોમાં रदाभ्यां निष्ठा तो नः पूर्वस्य च दः । 8-2-42 સૂત્રથી त કારને न કારાદેશ ન થાય, તે માટે अपञ्चम्याः । પદથી તદન્તવિધિમાં સંકોચ રજૂ કરવામાં આવ્યો છે.[8] પ્રસ્તુત ઉદાહરણમાં रदाभ्याम् । એવા પંચમ્યન્ત પદનો નિષ્ઠા પ્રત્યયમાં અન્વય છે. તેથી નિષ્ઠાપ્રત્યયાન્તનું ગ્રહણ થતું નથી.

(૨) પાણિનિનાં 'સ્વલ્પાક્ષર' સૂત્રોનું સમ્યક્ અર્થદર્શન કરાવવા માટે વાર્ત્તિકકારે બહુસંખ્ય ઉક્તચિંતાપ્રવર્તક વાર્ત્તિકો રચ્યાં છે. આવાં વાર્ત્તિકોમાં તેમણે પોતાની પૂર્વેના સમયમાં પ્રચલિત થયેલાં કેટલાંક પરિભાષાવચનોનો ઉપયોગ કર્યો છે. આવાં પરિભાષાવચનોમાંથી કેટલાંક તો પાણિનિપૂર્વેથી પ્રચારમાં હશે, એમ ભાષ્યકારનાં વચનો ઉપરથી અનુમાની શકાય છે:

વાર્ત્તિકકારે પોતાના એક વાર્ત્તિકમાં બે પરિભાષાઓનો નિર્દેશ કર્યો છે. જેમકે, ૧. अर्थवद्ग्रहणे नानर्थकस्य इति । અને ૨. प्रत्ययाप्रत्ययेः प्रत्ययस्येव ग्रहणं भवतीति ।[9]

ઉપર્યુક્ત પ્રથમ પરિભાષાના સન્દર્ભમાં ભાષ્યકાર જણાવે છે કે स्वरूपं शब्दस्याशब्दसंज्ञा । 1-1-68 સૂત્રમાં સ્વ એવા શબ્દ ઉપરાંત રૂપ એવા શબ્દનું ગ્રહણ કર્યું છે, તે જ્ઞાપન કરે છે કે अर्थवद्ग्रहणं नानर्थकस्य । એવી

---

7. अल्ग्रहणेषु यस्मिन्विधिस्तदादाविति वक्तव्यम् । किं प्रयोजनम् । अचिश्नुधातुभ्रुवां य्वोरियङुवङौ (6-4-77) इतीहैव स्यात् श्रियो भ्रुवौ । श्रियः भ्रुवौ इत्यत्र न स्यात्॥ 1-1-72 सूत्रभाष्य. (Vol I, p. 188-189).
8. अपञ्चम्या इति किमर्थम् । दृषत्तीर्णा परिषत्तीर्णा ॥. 1-1-72 सूत्रभाष्य ।
9. अर्थवद्ग्रहण प्रत्ययग्रहणाभ्यां सिद्धम् 6-4-1. वा-॥.

પરિભાષા (પાણિનિ સમક્ષ) છે.[10]

પરંતુ આવી પરિભાષાઓ અષ્ટાધ્યાયીમાં પાણિનિએ રજૂ કરી નથી. તેથી જો પૂર્વપક્ષી એમ વિચારે કે પાણિનિનાં સૂત્રોના સમુચિત અર્થઘટન માટે અર્થવદ્ગ્રહણે નાનર્થકસ્ય । ઇત્યાદિ પરિભાષાઓ અપૂર્વવચન રૂપે કરવાની જરૂર છે. તો ભાષ્યકાર જણાવે છે કે ના, આવી પરિભાષા કરવાની જરૂર નથી. કારણ કે આચાર્યપ્રવૃત્તિ જ્ઞાપિત કરે છે કે અમુક પરિભાષા છે જ.[11]

આ જ પ્રમાણે, વાર્તિકકારે નિર્દેશેલી एकदेशविकृतमनन्यवत् । अननुबन्धकग्रहणे हि न सानुबन्धकस्य । વગેરે પરિભાષાઓને પતંજલિએ અપૂર્વવચન રૂપે સ્વીકારી નથી.[11] જ્ઞાપકાદિથી આવી પરિભાષાઓ સિદ્ધ થાય છે, એમ દર્શાવીને ભાષ્યકારે સિદ્ધ કર્યું છે કે આવી પરિભાષાઓ પાણિનિપૂર્વેથી પ્રચલિત હતી અથવા પાણિનિને અભિપ્રેત હતી. ભાષ્યકારના આ પ્રયત્નની પાછળ પાણિનિના ગ્રંથમાં રહેલી આંતરિક એકતા અને અશૈથિલ્ય નિર્દેશવાનો આશય છે. અન્યથા, વાર્તિકકારના અભિગમથી જો આ પરિભાષાઓને અપૂર્વવચન રૂપે સ્વીકારવામાં આવે તો પાણિનિના ગ્રંથની સુદૃઢતાનો પ્રશ્ન ઊભો થાય.

(૩) વાર્તિકકારે રજૂ કરેલાં આવાં વિવિધ પરિભાષાવચનોને પૂર્ણશબ્દસ્વરૂપમાં મૂકીને વિગતે સમજાવવાનો તથા તેની પરીક્ષા કરવાનો પ્રયત્ન પણ ભાષ્યકારે કર્યો છે. આ પ્રયત્નથી પરિભાષાઓ અસંદિગ્ધ તથા નિર્દોષ બની છે.

ક. વાર્તિકોમાં ક્યારેક અમુક પરિભાષાનો માત્ર પ્રતીકાત્મક નિર્દેશ જ કરવામાં આવે છે. જેમકે,

૧. सतो वृद्ध्यादिषु संज्ञाभावात्तदाश्रय इतरेतराश्रयत्वादप्रसिद्धिः (1-1-9, વા. 8). આ વાર્તિકમાં જે ન્યાયનો નિર્દેશ કરવામાં આવ્યો છે, તેને ભાષ્યકાર પૂર્ણ શબ્દોમાં આ પ્રમાણે રજૂ કરે છે: इतरेतराश्रयाणि च कार्याणि

10. रूपग्रहणं किमर्थं न स्वं शब्दस्याशब्दसंज्ञा भवतीत्येव रूपं शब्दस्य संज्ञा भविष्यति । न ह्यन्यत्स्वं शब्दस्यास्त्यन्यदतो रूपात् । एवं तर्हि सिद्धे सति यद् रूपग्रहणं करोति तज्ज्ञापयति आचार्योऽस्त्यन्यद्रूपात्स्वं शब्दस्येति । किं पुनस्तत् । अर्थः । किमेतस्य ज्ञापने प्रयोजनम् । अर्थवद्ग्रहणे नानर्थकस्येत्येषा परिभाषा न कर्तव्या भवति ॥ 1-1-68 सूत्रभाष्य (Vol. I, p. 175, 20-24).

11. જુઓ: 4-1-81 અને 4-2-9 સૂત્ર ઉપરનું ભાષ્ય.

न प्रकल्पन्ते । ભાષ્યકારે આવા ન્યાયનું પ્રતિવિધાન પણ કર્યું છે: ननु च भो इतरेतराश्रयाणि अपि कार्याणि दृश्यन्ते । २: न वानन्तरस्य प्रतिषेधात् । (7-2-3, वा. 2). એ વાર્તિકમાં વાર્તિકકારે अनन्तरस्य विधिर्वा प्रतिषेधो वेति । એવી એક વ્યવસ્થાનો નિર્દેશ કર્યો છે. ભાષ્યકારે વાર્તિકકારના આ આશયને સ્પષ્ટ કર્યો છે.

આ જ પ્રમાણે, वार्तिककार अन्तरङ्गत्वात् ।, बहिरङ्गत्वात् । संनिपातलक्षणत्वात् । ઇત્યાદિ પ્રતીકાત્મક નિર્દેશો કરીને જે જે પરિભાષાનો ઉલ્લેખ કરતા હોય છે, તેને ભાષ્યકાર સ્પષ્ટ કરી આપે છે.

ખ. ક્યારેક વાર્તિકકારે રજૂ કરેલી પરિભાષામાં કોઈ દોષ હોય તો ભાષ્યકાર એવી પરિભાષાના શબ્દસ્વરૂપમાં ફેરફાર પણ કરી નાખે છે. જેમકે, न वाभ्यासविकारेष्वपवादस्योत्सर्गाबाधकत्वात् । 7-4-82., वा. 2)માં अभ्यासविकारेष्वपवादा उत्सर्गान् न बाधन्ते । એવી પરિભાષા રજૂ થઈ છે. પરંતુ ભાષ્યકારે આ પરિભાષામાં ફેરફાર કરીને अभ्यासविकारेषु बाधका न बाधन्ते इति । એવા સ્વરૂપે રજૂ કરી છે. તથા धातोः स्वरूपग्रहणे वा तत्प्रत्ययविज्ञानात्सिद्धम् 7-2-114, वा-2 । માં રજૂ થયેલી धातोः स्वरूपग्रहणे तत्प्रत्यये कार्यसंविज्ञानम् । એવી પરિભાષામાં ભાષ્યકારે धातोः कार्यमुच्यमानं तत्प्रत्यये भवतीति । એ પ્રમાણે ફેરફાર સૂચવ્યો છે.

ગ. ભાષ્યકાર ક્યારેક વાર્તિકકારના પ્રયત્નમાં પૂર્તિ પણ કરે છે. જેમકે, वार्तिककारे अननुबन्धकग्रहणे हि न सानुबन्धकस्य । 4-1-15, वा. 2 । એવી એક જ અનુબન્ધ વિષયક પરિભાષાનો પ્રસ્તાવ કર્યો છે. ત્યાં ભાષ્યકારે જણાવ્યું છે કે तदनुबन्धकग्रहणेऽतदनुबन्धकग्रहणं नेति । એવી પરિભાષા પણ રજૂ કરવી જોઈએ. આ બીજી પરિભાષાનો સહયોગ મળે તે પછી જ એક કે એકથી વધારે અને જુદા જુદા અનુબન્ધો જોડવા પાછળનો નિયમ સુસ્પષ્ટ બને છે.

ઘ. अलोऽन्त्यात्पूर्व उपधा 1-1-65 સૂત્ર ઉપર વાર્તિકકાર જણાવે છે કે अन्त्यविज्ञानात्सिद्धमिति चेन्नानर्थकेऽलोऽन्त्यविधिरनभ्यासविकारे । वा. 2 । અર્થાત્ अलोऽन्त्यस्य 1-1-52 ની બાધકપરિભાષા अनर्थकेऽलोऽन्त्यविधिर्न इति । કરવી જોઈએ. પરંતુ ભાષ્યકારે આ પરિભાષાના પ્રયોજનોની અન્યથા સિદ્ધિ દર્શાવીને જાહેર કર્યું છે કે આવી પરિભાષા કરવાની જરૂર નથી.[12]

---

12. तस्मान्नार्थोऽनया परिभाषया नानर्थकेऽलोऽन्त्यविधिरिति ॥ 1-1-65 सूत्रभाष्य, (Vol. I, p. 171, 9).

આ જ પ્રમાણે, વાર્તિકકારે विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્ર ઉપર अन्तरङ्गं च । वा. 8 । એવું વાર્તિક રજૂ કરીને अन्तरङ्गं च बलीयो भवतीति । એવી અપૂર્વ પરિભાષાનો પ્રસ્તાવ કર્યો છે. પરંતુ ભાષ્યકારે તે સ્થળે જણાવ્યું છે કે આ પરિભાષા સ્વીકારવાની જરૂર નથી. કારણ કે આ પરિભાષાનાં પ્રયોજનો असिद्धं बहिरङ्गमन्तरङ्गे । એવી પરિભાષાથી જ સિદ્ધ રહે છે.[13]

આમ, વાર્તિકકારે રજૂ કરેલી પરિભાષાઓની ઉપયોગીતા-અનુપયોગીતા વગેરેની પણ ભાષ્યકારે ચર્ચા-વિચારણા કરી છે.

૪. વિશેષમાં અહીં નોંધવું જોઈએ કે કાત્યાયને પોતાનાં વાર્તિકોમાં પરિભાષા વચનોનો કેવળ પ્રસ્તાવ કે અવતાર જ કર્યો નથી. પરંતુ તેમણે પરિભાષાઓનાં પ્રયોજન-દોષાદિની નોંધ પણ ટૂંકમાં લીધી છે. આથી પતંજલિએ રજૂ કરેલી જે તે પરિભાષાની વિગતપૂર્ણ સર્વાંગીણ ચર્ચામાં કાત્યાયનનો સહયોગ પણ નોંધપાત્ર છે. ઉદાહરણ તરીકે—

ङ्याप्प्रातिपदिकात् 4-1-1 સૂત્રસ્થ ङ्याग्रहण અનર્થક છે, તેવો આક્ષેપ રજૂ કરવા માટે વાર્તિકકારે એક વાર્તિક રજૂ કર્યું છે :

ङ्याब्ग्रहणमनर्थकं प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणात् (वा. 4) આ વાર્તિકમાં પાણિનિપૂર્વેથી પ્રચલિત થયેલી એક પરિભાષા, જેમકે, प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणं भवति । નો ઉપયોગ કરવામાં આવ્યો છે. વાર્તિકકારે આ સ્થળે ङ्याप् ગ્રહણનું પ્રયોજન વિચારવા ઉક્ત પરિભાષાથી સૂત્રમાં પ્રથમ દોષોદ્ભાવન કરીને તે પરિભાષાના પ્રયોજનાદિની નોંધ નીચેનાં વાર્તિકોમાં લીધી છે :

૧. प्रयोजनं सर्वनामस्वरसमासतद्धितविधिलुगलुगर्थम् । वा. 5 ।
૨. मानिनि च विधिप्रतिषेधार्थम् । वा. 6 ।
૩. प्रत्ययग्रहणोपचारेषु च । वा. 7 ।

તથા આ પરિભાષાનો સ્વીકાર કરવાથી પ્રાપ્ત થતા દોષોની પણ વાર્તિકકારે નોંધ લીધી છે :

૧. अतिप्रसङ्ग उपपदविधौ । वा. 5 ।
૨. यञिञोः फकि । वा. 9 ।

---

13. ...उभे तर्हि कर्तव्ये । नेत्याह । अनयैव सिद्धम् ।...
જુઓ : 1-4-2 सूत्रभाष्य, (Vol I, p. 310, 2-3).

૩. समासान्तेषु च । वा. 10 ।

૪. महदात्वे प्रियादिषु । वा. 11 ।

૫. ञ्नित्स्वरे । वा. 12 ।

૬. राज्ञः स्वरे ब्राह्मणकुमारयोः वा. 13 ।

૭. समाससंघातग्रहणेषु चा । वा. 14 ।

વાર્તિકકારે નોંધેલા આ પ્રયોજનો અને દોષોને ભાષ્યકારે વિગતે સમજાવ્યાં છે. જેમકે, सर्वनाम्नस्तृतीया च । 2-3-27 સૂત્રથી સર્વનામ શબ્દોને કહેલી તૃતીયા અને ષષ્ઠી વિભક્તિને જો આ પરિભાષા નહીં હોય તો भवता हेतुना । भवतः हेतोः । એવાં ઉદાહરણોમાં જ થશે. પરંતુ भवत्या हेतुना । भवत्याः हेतोः । એવાં ઉદાહરણોમાં જ થશે નહી. कुशूल कूपकुम्भशाल बिले । 6-2-102 સૂત્રોક્ત અન્તોદાત્ત સ્વર कुशूल बिलम् । માં જ થશે, कुशुलीबिलम् । માં થશે નહીં. પરંતુ જો આ પરિભાષા સ્વીકારશો તો ત્યાં પણ અન્તોદાત્ત સ્વર થશે."[14] આ જ પ્રમાણે સમાસ, તદ્ધિતવિધિ વગેરેમાં પ્રકૃત પરિભાષાનું પ્રયોજન છે; તે સોદાહરણ ભાષ્યકારે સ્પષ્ટ કર્યું છે. અને પ્રયોજનોની જેમ દોષોને પણ વિગતે સમજાવ્યાં છે. જેમકે, "द्विषत्परयोस्तापेः । 3-2-39 સૂત્રથી द्विषत् શબ્દ ઉપપદમાં રહેતાં तापि એવા णिजन्त ને કહેલો खच् પ્રત્યય જેવી રીતે द्विषंतमः । માં થાય છે, તેવી રીતે द्विषतीतापः । માં થવા આવશે; જો આ પરિભાષાને સ્વીકારીશું તો આ જ પ્રમાણે यञ् પ્રત્યયાન્ત અને इञ् પ્રત્યયાન્ત શબ્દથી फक् પ્રત્યયનું વિધાન રહે તેમાં, સમાસાન્ત પ્રત્યયમાં, પ્રિયાદિ શબ્દો ઉત્તરમાં રહેતા महत् શબ્દને आत्व નું વિધાન કરવામાં, ञित्-नित् સ્વરોના સ્થાનમાં, ब्राह्मण અને कुमार શબ્દ ઉત્તરપદમાં રહેતાં પૂર્વપદ राजन् શબ્દમાં વૈકલ્પિક પ્રકૃતિસ્વર કહ્યો છે. તેમાં અને સમાસસંઘાત ગ્રહણમાં આ પરિભાષાનો અતિપ્રસંગ થાય છે. તેને પણ ભાષ્યકારે વિગતે સમ-

---

14. इदं तर्हि प्रयोजनम् । सर्वनाम्नस्तृतीया च (2-3-27) इहैव स्यात् भवता हेतुना भवतो हेतोरिति । भवत्या हेतुना भवत्या हेतोरित्यत्र न स्यात् । सर्वनाम ॥ स्वर । कुशूलकूपकुम्भशालं बिले (6-2-102) इहैव स्यात् कुशूलबिलम् । कुशूलीबिलमित्यत्र न स्यात् । स्वर ॥
4-1-1 सूत्रभाष्य (Vol. II, p. 192, 10-15)

જાવ્યા છે.[15] આમ, મહાભાષ્યમાં ઘણી બધી પરિભાષાઓની ચર્ચા-વિચારણા વાર્તિકકાર અને ભાષ્યકારના સહપ્રયત્નથી આપણને પ્રાપ્ત થયેલી છે.

વળી, વાર્તિકકારે રજૂ કરેલી પરિભાષાના પ્રયોજન-દોષાદિની વિચારણાના અનુસંધાનમાં ભાષ્યકારે એક આવશ્યક મુદ્દાની ચર્ચા પણ કરી છે. વાર્તિકકારે તો પરિભાષાના પ્રયોજનો પણ નોંધ્યા અને દોષો પણ નોંધ્યાં. પરંતુ જો પરિભાષાનો દોષગ્રસ્ત પ્રસ્તાવ કરવામાં આવે તો સ્વાભાવિક પણે એમ થાય કે દોષો છે, માટે પરિભાષા ન કરશો. આ પરિભાષાને બદલે કોઈ ઉપાયાન્તરને વિચારો-આવા પ્રસંગે ભાષ્યકારનો દૃષ્ટિકોણ ખાસ નોંધપાત્ર બની રહ્યો છે. જે આપણે ભાષ્યકારના જ શબ્દોમાં જોઈશું :

"આ પ્રમાણે આ પરિભાષાના આટલા દોષો છે અને આટલાં પ્રયોજનો છે. આ દોષો લગભગ પ્રયોજનો જેટલા જ છે અથવા તેથી વધારે છે. માટે આ પરિભાષા સ્વીકારવાથી કોઈ અર્થ દેખાતો નથી.

શું દોષો છે માટે પરિભાષા ન કરવી તથા શાસ્ત્રની રચના (પ્રવૃત્તિ) ન કરવી ? ભિક્ષુકો માટે શું તપેલી ચૂલા ઉપર ચઢાવવી ? અને હરણો છે માટે શું જવ ન રોપવા ? (અર્થાત્ અવશ્ય રોપવા). અહીં પરિભાષાના સ્વીકારથી પ્રાપ્ત થતા દોષો ગણાવ્યા છે અને પ્રયોજનોને તો કેવળ ઉદાહરણ રૂપે આવ્યાં છે. 'એવું શા માટે ?' દોષોનું લક્ષણ હોતું નથી. માટે આ પરિભાષાનાં જે પ્રયોજનો છે, તેમને પરિભાષા કરવી જોઈએ. અને તેમ કરવાથી પ્રાપ્ત થતા દોષોને માટે પ્રતિવિધાન કરવું જોઈએ."[16]

---

15. अतिप्रसङ्ग उपपदविधौ । 8 । उपपदविधावतिप्रसङ्गो भवति द्विषत्परयोस्तापेः (3–2–39) यथेह भवति द्विषंतप इत्येवं द्विषतीताप इत्यत्रापि स्यात् ।...
समाससंघातग्रहणेषु चातिप्रसङ्गो भवति। बहोर्नञ्वदत्तरपदभूम्नि (6–2–175) यथेह भवति बहुगोमान् बहुयवमानेवं बहुगोमती बहुयवमतीत्यत्रापि स्यात् ॥ 4–1–1 सूत्रभाष्य, (Vol. II, p. 193–194).

16. एतेऽस्याः परिभाषाया दोषा एतानि च प्रयोजनानि स्युः । एते दोषाः समा भूयांसो वा तस्मान्नार्थोऽनया परिभाषया । न हि दोषाः सन्तीति परिभाषा न कर्तव्या लक्षणं वा न प्रणेयम् । न हि भिक्षुकाः सन्तीति स्थालयो नाधिश्रीयन्ते न च मृगाः सन्तीति यवा नोप्यन्ते । दोषाः

આમ, દોષગ્રસ્ત પરિભાષાના સ્વીકાર વિષે ભાષ્યકારનો દૃષ્ટિકોણ વ્યવહારુ જણાય છે.

૩.

ભાષ્યકારે વાર્તિકસ્થ પરિભાષાઓના પ્રયોજનાદિને સ્પષ્ટ કરવા પૂરતું જ પરિભાષા-વિષયક વિવેચન સીમિત રાખ્યું નથી. પરંતુ તેમણે લગભગ બધી જ પરિભાષાઓનાં પ્રમાણ રજૂ કરવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે.

વાર્તિકકારે વાર્તિકોમાં નિર્દેશેલી પરિભાષાઓ પાણિનિના અષ્ટાધ્યાયી ગ્રંથમાં સાક્ષાત્ પઠિત નથી. પરિણામે આવી પરિભાષાઓની ઉપાદેયતા કેટલી, એવો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય. આ વિષે વિચાર કરતાં જણાય છે કે વાર્તિકકારે અમુક પરિભાષા માનવામાં શું પ્રમાણ ? તેની સહદંશે ચર્ચા કરી નથી. કેવળ એ ચાર સ્થળોએ અમુક અમુક પરિભાષાના પ્રમાણનો નિર્દેશ કર્યો છે જેમકે,

(૧) आडि परररूपवचनं तु ज्ञापकमन्तरङ्गबलीयस्त्वस्य । (6-1-108 वा. 9) આ વાર્તિકમાં "અંતરંગશાસ્ત્ર બલવત્તર છે એવી પરિભાષાના જ્ઞાપકનો નિર્દેશ કર્યો છે.

(૨) उभयनिर्देशे विप्रतिषेधात् पञ्चमीनिर्देशः । (1-1-67 वा. 3). આ વાર્તિકમાં "સૂત્રમાં જ્યારે પંચમી અને સપ્તમી, એમ બન્ને વિભક્તિઓનો નિર્દેશ હોય ત્યારે પંચમી નિર્દેશને બળવાન ગણવો."[૧૭] એ પરિભાષા જે યુક્તિને આધારે સિદ્ધ થાય છે, તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે. અને

(૩) क्वचिदेकवचनात् लोकविज्ञानात्सिद्धम् । (1-1-21 वा. पू.) એવાં વાર્તિકોમાં व्यपदेशिवदेकस्मिन्कार्यं भवतीति । જેવી પરિભાષાઓ માનવા પાછળ કોઈ લૌકિક ન્યાય પ્રમાણ રૂપે રહેલો છે, એમ જાહેર કરે છે.

खल्वपि साकल्येन परिगणिताः प्रयोजनानामुदाहरणमात्रम् । कुत एतत् । न हि दोषाणां लक्षणमस्तीति । तस्माद्यान्येतस्याः परिभाषायाः प्रयोजनानि तदर्थमेषा कर्तव्या प्रतिविधेयं च दोषेषु ॥

4-1-1 सूत्रभाष्य

17. अथ यत्रोभयं निर्दिश्यते किं तत्र पूर्वस्य कार्यं भवति आहोस्वित्परस्येति ॥

उभयनिर्देशे विप्रतिषेधात्पञ्चमीनिर्देशः ॥3॥

उभयानिर्देशे विप्रतिषेधात्पञ्चमीनिर्देशो भविष्यति ॥...

1-1-66-67 सूत्रभाष्य, (Vol. I, p. 173).

આમ, વાર્તિકકારે પરિભાષામાં પ્રમાણ રજૂ કર્યાં હોય તેવાં કેટલાંક ઉદાહરણો પ્રાપ્ત થાય છે. તથાપિ વાર્તિકકારની અપેક્ષાએ ભાષ્યકારે લગભગ બધી જ પરિભાષાઓનાં પ્રમાણ રજૂ કરવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે.

અમુક પરિભાષા પાણિનિનાં સૂત્રોની જેમ જ ઉપાદેય છે એમ સાબિત કરવા માટે ભાષ્યકારે મહદંશે પાણિનિનાં સૂત્રોમાંથી સૂચનો શોધી કાઢયાં છે. આવાં સૂચનને જ્ઞાપક કહેવામાં આવે છે. પાણિનિએ સૂત્ર રચના દરમ્યાન ક્યાંક જો વિશેષ કે વિશિષ્ટ પ્રયત્ન કર્યો હોય અને તેનું બીજું કોઈ પ્રયોજન ન હોય (અર્થાત્ તેવા વિશેષ પ્રયત્નની ગેરહાજરીમાં ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત થતી હોય તો) તે વિશેષ પ્રયત્ન કોઈક વચનાન્તર જ્ઞાપિત કરવા માટે છે, એમ નક્કી થાય. ઉદાહરણ તરીકે વામદેવાડ્ડયડડયૌ 4–2–9 સૂત્ર ઉપરનું ભાષ્ય જોઈશું : "આ સૂત્રમાં ડયત્ અને ડય એવા પ્રત્યયોમાં શા માટે ડ કાર અનુબંધ રૂપે જોડયો છે ?

ડ કાર ઇત્ સંજ્ઞક પ્રત્યય પરમાં રહેતાં ટે : 6–4–143 સૂત્રથી ટિ લોપ થઈ શકે, એટલા માટે.

આ પ્રયોજન ન હોઈ શકે. કારણ કે યસ્યેતિ ચ । 6–4–148 સૂત્રથી લોપ થઈને પણ તે સિદ્ધ રહેશે.

તો પછી, જો આ રીતે ઇષ્ટ સિદ્ધિ થઈ જતી હોય તો આચાર્યે આ બે પ્રત્યયોને ડિત્ કરણ કરીને જ્ઞાપિત કર્યું છે, કે સૂત્રમાં જ્યાં અનુબંધ રહિતનું ગ્રહણ કર્યું હોય ત્યાં તેનાથી અનુબંધ સહિતનું ગ્રહણ થતું નથી. અને સૂત્રમાં જે અનુબંધ લાવીને કોઈ એક શબ્દનું ગ્રહણ કર્યું હોય તેનાથી ઈતર અનુબંધ વાળા શબ્દનું ગ્રહણ થતું નથી. એવી બે પરિભાષાઓ છે."[૧૮] આમ ભાષ્યકારે પાણિનિનાં સૂત્રોમાં જ પડેલાં જ્ઞાપકો વડે શોધી કાઢયું કે આવી પરિભાષાઓ પાણિનિને અભિપ્રેત હતી.

જે પરિભાષાઓનાં આવાં જ્ઞાપકો નથી મળી શકતાં તેવી પરિભાષાઓને લોકન્યાયથી સિદ્ધ કરવાનો ભાષ્યકારે પ્રયત્ન કર્યો છે. જેમકે, एकदेशविकृतस्यानन्यत्वात्सिद्धम् । (1–1–56–वा. 10)ને સમજાવતાં પતંજલિ જણાવે છે કે જે

---

18. वामदेवाड्डयड्डयौ । 4–2–9 किमर्थो डकारः । डितीति लोपो यथा स्यात् । नैतदस्ति प्रयोजनम् । यस्येति लोपेनाप्येतत्सिद्धम् ॥ एवं तर्हि सिद्धे सति यद्ययतौ डितौ करोति तज्ज्ञापयति आचार्यो भवत एते परिभाषे अननुबन्धकग्रहणे न सानुबन्धकस्य तदनुबन्धकग्रहणे नातदनुबन्धकस्य ग्रहणमिति ॥...

4–2–9 सूत्रभाष्ये, (Vol. II, p. 274, 1–5)

એકદેશમાં વિકૃત હોય છે તે અનન્યવત્ થાય છે. આથી તિઙ્ નું ગ્રહણ કરવાથી પચતુ। પચન્તુ। વગેરેનું પણ ગ્રહણ થશે. જેવી રીતે કૂતરો તેના કાન કે પૂંછડું કપાઈ જતાં કૂતરો જ રહે છે પણ તે કૂતરો અશ્વ કે ગર્દભ બની જતો નથી.[19] આમ, આ પરિભાષા લોકન્યાયથી સિદ્ધ થાય છે. અન્યત્ર, પતંજલિએ એ પણ જણાવ્યું છે કે પાણિનિને પણ આવાં લોકન્યાયો સંમત હતા. प्रान्दीव्यतोऽण् । 4-1-83 સૂત્રભાષ્યમાં પૂર્વપક્ષી શંકા કરે છે કે સૂત્રમાં दिव्यत् એવો વિકૃત નિર્દેશ શા માટે કરવામાં આવ્યો છે. પતંજલિ આનું સમાધાન કરતાં જણાવે છે કે આ વિકૃત નિર્દેશથી આચાર્ય જ્ઞાપિત કરે છે કે एकदेशविकृतमनन्यवत् । એવી પરિભાષા છે.[20]

આ ઉપરાંત ભાષ્યકારે પરિભાષાઓનાં પ્રમાણોપન્યાસ અર્થે એક 'સૂત્રયોગ-વિભાગ' નામની શાસ્ત્રીય આયોજના પણ સ્વીકારેલી છે. જેમકે, प्रत्ययग्रहणे यस्मात्स प्रत्ययो विहितः तदादेस्तदन्तस्य च ग्रहणं भवति । એ પરિભાષાનો એક વાર્તિકમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. પતંજલિએ આ પરિભાષાને સિદ્ધ કરવા માટે જણાવ્યું છે કે अङ्ग સંજ્ઞા કરનારા સૂત્ર (1-4-13)માં यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्यये । એટલો યોગવિભાગ કરી તેમાં गृह्यमाणं પદનો અધ્યાહાર કરીશું. (અને येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રથી તદન્ત વિધિનો

---

19. एकदेशविकृतस्योपसंख्यानं कर्तव्यम् । किं प्रयोजनम् । पचतु पचन्तु । तिङ्ग्रहणेन ग्रहणं यथा स्यात् ॥

एकदेशविकृतस्यानन्यन्वत्सिद्धम् ॥ 10 ॥

एकदेशविकृतमनन्यवद्भवति इति तिङ्ग्रहणेन ग्रहणं भविष्यति । तद्यथा । श्वा कर्णे वा पुच्छे वा छिन्ने श्वैव भवति नाश्वो न गर्दभ इति ॥ (1-1-56, सूत्रभाष्य, Vol. I, page 176, 5-10)

20. किं पुनः कारणं विकृतनिर्देशः क्रियते । एतज्ज्ञापयत्याचार्यो भवत्येषा परिभाषैकदेशविकृतमनन्यवद्भवतीति । किमेतस्य ज्ञापने प्रयोजनम् । एकदेशविकृतेषूपसंख्यानं चोदितं तन्न कर्तव्यं भवति ॥

4-1-83 सूत्रभाष्य, (Vol. II, p. 235, 5-8).

તો લાભ પ્રાપ્ત થવાનો જ છે.) એ રીતે ઉક્ત પરિભાષા સિદ્ધ રહેશે.[૨૧]

આ જ પ્રમાણે ભાષ્યકારે ક્યારેક સમગ્ર સૂત્ર ઉપરથી પણ પરિભાષાઓને સિદ્ધ કરી બતાવી છે. દા.ત., निर्दिश्यमानस्यादेशा भवन्ति । પરિભાષાને ષષ્ઠી સ્થાનેયોગા 1-1-49 સૂત્ર ઉપરથી સિદ્ધ કરી બતાવી છે.[૨૨]

પરિભાષામાં પ્રમાણોપન્યાસની ચર્ચાના અનુસંધાનમાં એક વિશેષ ચર્ચા પણ કરવી જરૂરી છે. येनविधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપર વાર્તિકકારે यस्मिन्-विधिस्तदादावल्ग्रहणे । એવી પરિભાષાને રજૂ કરી છે અને सहयुक्तेऽप्रधाने 2-3-19 સૂત્ર ઉપર उपपदविभक्तेः कारकविभक्तिर्बलीयसी । એ પરિભાષાને ભાષ્યકારે રજૂ કરી છે. આવી પરિભાષાઓ માટે કોઈ પ્રમાણ રજૂ કરવામાં આવ્યાં નથી. આવી પરિભાષાઓ 'स्वतंत्र वाचनिकी' પરિભાષા રૂપે ઓળખાય છે. સંભવ છે કે કોઈ આવી પરિભાષાઓને અપ્રમાણિત માની અનુપાદેય કહે. પરંતુ પાણિનીય વૈયાકરણ પરંપરામાં આવી પરિભાષાઓ પણ સૂત્રતુલ્ય ઉપાદેય ગણાઈ છે. કારણ કે અષ્ટાધ્યાયી સૂત્રશૈલીમાં રચાયેલો ગ્રંથ હોવાથી તેને ભાષ્ય-વ્યાખ્યાનની આવશ્યકતા છે. આથી આપણે ભાષ્યકારના વચનને પ્રમાણભૂત માનીને ચાલવું રહ્યું. આ અર્થમાં જ त्रिमुनि व्याकरणम् । કહેવાયું છે.

પાણિનિએ लण् । 6 એવા પ્રત્યાહાર સૂત્રમાં ण्કારને બીજીવાર અનુબંધ રૂપે જોડ્યો છે. આથી પ્રશ્ન થાય છે કે વર્ણો જાણે ખૂટી પડ્યા હોય તેમ ण્કારને

---

21. सिद्धं तु प्रत्ययग्रहणे यस्मात्स तदादितदन्तविज्ञानात् ।।7।। सिद्धमेतत् । कथम् । प्रत्ययग्रहणे यस्मात्स प्रत्ययो विहितस्तदादेस्तदन्तस्य च ग्रहणं भवतीत्येषा परिभाषा कर्तव्या ।। कः पुनरत्र विशेष एषा परिभाषा क्रियेत् प्रत्यययहणं वा । अवश्यमेषा परिभाषा कर्तव्या । बहुन्येतस्याः परिभाषायाः प्रयोजनानि ।... सा तर्हि एषा परिभाषा कर्तव्या । न कर्तव्या । एवं वक्ष्यामि । यस्मात्प्रत्ययविधिस्तदादिप्रत्यये गृह्यमाणे गृह्यते । ततोऽङ्गम् । अङ्गसंज्ञं च भवति यस्मात्प्रत्ययविधिस्तदादिप्रत्यये ।। 1-4-13 सूत्रभाष्य, (Vol. I, p. 317-316).

22. न तर्हीदानीमयं योगो वक्तव्यः । वक्तव्यश्च । किं प्रयोजनम् । षष्ठयन्तं स्थानेन यथा युज्येत यतः षष्ठ्युच्चारिता । किं कृतं भवति । निर्दिश्यमानस्यादेशा भवन्तीत्येषा परिभाषा न कर्तव्या भवति ।। 1-1-49 सूत्रभाष्य, (Vol. I, p. 119, 25-27).

શા માટે બે વાર અનુબંધ રૂપે જોડવામાં આવ્યો છે. આનું સમાધાન કરતા પતંજલિએ જણાવ્યું છે કે (ણ્કારને બીજીવાર અનુબંધ રૂપે જોડીને) આચાર્ય જ્ઞાપિત કરે છે કે વ્યાખ્યાનતો વિશેષપ્રતિપત્તિઃ ન હિ સંદેહાદલક્ષણમ્। તેવી પરિભાષા છે.[23] અર્થાત્ વ્યાખ્યાનથી વિશેષ પ્રતિપત્તિ કરવી, કોઈ સંદેહને કારણે શાસ્ત્રપ્રવૃત્તિ ન અટકાવવી. એનું પાણિનિએ પોતે જ સૂચવ્યું છે. અર્થતઃ ફલિત થયું કે સૂત્રકારે જ ભાષ્યવ્યાખ્યાનની અનિવાર્યતા જ્ઞાપિત કરી છે.

આ પ્રમાણે, ભાષ્યકારે જે તે પરિભાષાના જ્ઞાપકાદિની ચર્ચા વડે પ્રમાણોપન્યાસની અતીવ મહનીય કામગીરી બજાવી છે.

૪.

અગાઉ જણાવ્યું છે તેમ વાર્તિકકારે संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य। અને लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्। ઇત્યાદિ પરિભાષા વચનોને માટે 'પરિભાષા' શબ્દ વાપર્યો નથી. તેમણે કેવળ પાણિનિનાં બે સૂત્રોને વિષે જ 'પરિભાષા' શબ્દ ઉચાર્યો છે.[24] તથાપિ વાર્તિકકારનાં ઘણાં વાર્તિકો પાછળના સમયમાં 'પરિભાષા' રૂપે પ્રચલિત બન્યાં છે. આ જ પ્રમાણે, મહાભાષ્યમાં પતંજલિએ ચર્ચા દરમ્યાન જે વ્યવસ્થાપક વચનો, જ્ઞાપકવચનો કે લોકન્યાય ઇત્યાદિનો ઉલ્લેખ કર્યો છે. તેમાંથી પણ કેટલાંક વચનો પાછળના સમયમાં 'પરિભાષા' રૂપે પ્રચલિત બન્યાં છે. ભાષ્યકારે પોતે આવાં વચનોને માટે 'પરિભાષા' શબ્દ વાપર્યો નથી. ઉદાહરણ તરીકે—

(૧) न वानन्तरस्य प्रतिषेधात्। (7-2-3 वा. 2) વાર્તિકમાં વાર્તિકકારે अनन्तरस्य विधिर्वा प्रतिषेधो वेति। એવી એક વ્યવસ્થાનો નિર્દેશ કર્યો છે. તથા અનુબન્ધ જેને જોડવામાં આવે છે તેનો તે અનુબન્ધ અવયવ છે એમ માની કે પછી અનવયવ માની જોડવામાં આવે છે? એવી જિજ્ઞાસાના

23. किं पुनर्वर्णोत्सत्ताविव णकारो द्विरनुबध्यते। एतज् ज्ञापयत्याचार्यो भवत्येषा परिभाषा व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणमिति। अणुदित्सवर्णं परिहाय पूर्वेणाण्ग्रहणं परेणेण्ग्रहणमिति व्याख्यास्यामः॥ शिवसूत्र-6, (Vol. I, p. 35, 15-18).

24. अणुदित्सवर्णस्य चाप्रत्ययः। 1-1-69 અને स्वरितेनाधिकारः। 1-3-19 સૂત્રોને 'પરિભાષા' સૂત્ર કહ્યાં છે. જુઓ : ટિપ્પણી-।

સંદર્ભમાં વાર્તિકકારે अनुबन्धाः अनेकान्ताः તથા एकान्ताः એવા બે પક્ષો एकान्तस्तत्रोपलब्धेः (1-3-9 वा. 9) અને अनेकान्ते वृत्तिविशेष : (वा. ११) એ બે વાર્તિકોમાં રજૂ કર્યા છે. પરંતુ વાર્તિકકારે આ પ્રકારનાં વચનોને માટે 'પરિભાષા' શબ્દ વાપર્યો નથી. તથા ભાષ્યકારે પણ આવાં વચનોને માટે 'પરિભાષા' શબ્દ વાપર્યો નથી. અને છતાંય પાછળના સમયમાં આ વચનો પરિભાષા રૂપે પ્રચલિત બન્યાં છે.

(૨) વાર્તિકકારે सिद्धं तु लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणात् । (6-2-2 वा. 2)માં लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् । એ પરિભાષાનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ સમગ્ર અષ્ટાધ્યાયીના સન્દર્ભમાં આ પરિભાષાથી પર્યાપ્ત ઇષ્ટ વ્યવસ્થા પ્રાપ્ત થતી નથી. તેથી ભાષ્યકારે गौणमुख्ययोः मुख्ये कार्यसंप्रत्ययः એવા એક વચનને ओत् 1-1-15 સૂત્ર ઉપરના ભાષ્યમાં રજૂ કર્યું છે. તથા ભાષ્યકારે એ પણ જોયું કે लक्षणप्रतिपदोक्तयोः । પરિભાષાનો સ્વીકાર કરવાથી કેટલાક દોષ પ્રાપ્ત થાય છે. આ દોષોનું પરિગણન કરીને તેમણે કહ્યું છે કે गामादाग्रहणेष्वविशेषः इति અર્થાત્ गा, मा અને दा એવા સ્વરૂપનું ઉચ્ચારણ કરીને જ્યાં કાર્યો કહેવામાં આવ્યાં હોય ત્યાં તે गा વગેરે સ્વરૂપથી प्रतिपदोक्तनું જ ગ્રહણ થાય છે, लाक्षणिकनું નહીં, એવી કોઈપણ પ્રકારની ચર્ચા કરવી નહીં/કરશો નહીં.[25]

ભાષ્યકારના ઉપર્યુક્ત વચનો गौणमुख्ययोः । અને गामादाग्रहणेष्वविशेषः પાછળના સમયમાં પરિભાષા રૂપે પ્રચલિત બની ગયાં છે.

પાણિનિનાં સૂત્રો ઉપરથી જ અષ્ટાધ્યાયીના સંદર્ભમાં કેટલાંક જ્ઞાપકવચનો પ્રાપ્ત થાય છે. જેમકે, सर्वो द्वन्द्वो विभाषयैकवद्भवति इति । (1-2-63 સૂત્ર ભાષ્ય), यत्रानेकविधमान्तर्यं तत्र स्थानत एवान्तर्यं बलीयो भवति । (1-1-50 સૂત્ર ભાષ્ય), विभाषा समासान्तो भवति । (6-2-117 સૂત્ર ભાષ્ય) ઇત્યાદિ જ્ઞાપકો ભાષ્યકારે શોધી બતાવ્યાં છે. તેમાંથી કેટલાંક જ્ઞાપકો પાછળના સમયમાં પરિભાષા રૂપે સ્વીકારાયાં છે. ભાષ્યકારે પોતે તો આવાં જ્ઞાપકોને 'પરિભાષા' રૂપે ઓળખાવ્યાં નથી.

---

25. ...दोष एवैतस्याः परिभाषाया लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैवेति गामादाग्रहणेष्वविशेषः इति ॥

1-1-20 सूत्रभाष्य, (Vol. I, p. 74, 20-23).

આ જ પ્રમાણે, ભાષ્યકારે ચર્ચા દરમ્યાન કેટલાંક લોકન્યાયોનો પણ ઉપયોગ કર્યો હોય અને તેવાં લોકન્યાયને આધારે વિપક્ષી સામે દલીલ કરી હોય છે. ઉદા. તરીકે, તક્રકૌણ્ડિન્ય–ન્યાયનો ઉપયોગ કરીને ભાષ્યકારે અનેક સ્થળે જણાવ્યું છે કે सत्यपि संभवे बाधनं भवति । અર્થાત્ બે કાર્યોનો સંભવ હોય તો પણ વિશેષકાર્યથી સામાન્યકાર્યનો બાધ થઈ જાય છે.[૨૬] હવે, આવું વચન પણ પાછળના સમયમાં પરિભાષા રૂપે પ્રચલિત બન્યું છે.

આ ઉપરાંત ભાષ્યકારે જે ચર્ચાઓ કરી હોય તેની પાછળ રહેલા આશયને શોધી કાઢીને પણ અમુક પરિભાષાઓ રચવામાં આવી છે. જેમ કે,

૧. पञ्चम्यपाङ्परिभिः । 2–3–10 સૂત્રમાં (परि શબ્દ વર્જનાર્થક જ છે કે અવર્જનાર્થ ? તેની ચર્ચા ભાષ્યકારે આ પ્રમાણે કરી છે : (परि એ શબ્દ વર્જનાર્થક જ છે, એવો કોઈ નિયમ નથી. કારણ કે) परि શબ્દ દૃષ્ટાપચાર હોવાથી વર્જનાર્થક પણ છે અને અવર્જનાર્થક પણ છે. પરંતુ अप શબ્દ દૃષ્ટાપચાર નથી, તે કેવળ વર્જનાર્થક જ છે. હવે તે अप શબ્દનો જોડીદાર બની શકે તેવો વર્જનાર્થક ભિન્ન બીજો કયો શબ્દ હોઈ શકે ? જેવી રીતે, આ બળદનો બીજો જોડીદાર જોઈએ છે, એમ કહેતા બીજા બળદને જ લાવવામાં આવે છે, ઘોડાને કે ગર્દભને નહીં.[૨૭]

આ ચર્ચામાં, ભાષ્યકારે સાહચર્યનો નિયમ ઉપયોગમાં લીધો છે, એમ સૂચવાય છે. તેની ઉપરથી सहचरितासहचरितयोः सहचरितस्यैव ग्रहणम् । એવી પરિભાષા ધ્વનિત થાય છે.

---

26. यदप्युच्यतेऽसति खल्वपि संभवे बाधनं भवत्यस्ति च संभवो यदुभयं स्यादिति । नैतदस्ति । सत्यपि संभवे बाधनं भवति । तद्यथा । दधि ब्राह्मणेभ्यो दीयतां तक्रं कौण्डिन्यायेति सत्यपि दधिदानस्य संभवे तक्रदानं निवर्तकं भवति । एवमिहापि सत्यपि संभवे प्रथमद्विवचनस्य द्वितीयद्विवचनं बाधिष्यते ॥

6–1–2 सूत्रभाष्य, (Vol. III, p. 6, 20–25).

27. इतरत्रापि यद्यपि तावदयं परिदृष्टापचारो वर्जने चावर्जने चायं खल्वपशब्दोऽदृष्टापचारो वर्जनार्थ एव तस्य कोऽन्यो द्वितीयः सहायो भवितुमर्हत्यन्यदतो वर्जनार्थात् । तद्यथा । अस्य गोर्द्वितीयेनार्थ इति गौरेवानीयते नाश्वो न गर्दभः ॥

2–3–8 सूत्रभाष्य, (Vol. I, p. 447, 1–5).

૨. નિયમ કરવાથી પરાર્થકલ્પના, પ્રાપ્તબાધ વગેરે દોષો આવે છે. તથા જ્યાં વિધિ અને નિયમ બન્નેનો સંભવ રહે ત્યાં વિધિ જ માનવી યોગ્ય છે, એવા આશયવાળી એક ભાષ્યચર્ચા છે: 'ત્યાં અપૂર્વ વિધિ પણ થઈ શકશે અને નિયમ પણ થશે. તો ત્યાં અપૂર્વ વિધિ જ થશે, નિયમ થશે નહિં.'[૨૮] (૬-૪-૪૯ સૂત્રભાષ્ય) આ ભાષ્યવચનમાંથી विधिनियमसंभवे विधिरेव ज्यायान् । એવી પરિભાષા ધ્વનિત થાય છે.

૫.

આ પ્રમાણે પરિભાષાઓના સંદર્ભમાં મહાભાષ્યનો અભ્યાસ કરતાં જણાય છે કે—

(૧) અષ્ટાધ્યાયીને ઉપકારક હોય તેવી તમામ પરિભાષાઓનો મહાભાષ્યમાં પ્રસ્તાવ થયો છે.

(૨) તે દરેક પરિભાષાનાં પ્રયોજન, દોષ, પ્રમાણ ઇત્યાદિ વિવિધ પાસાઓનો વિગતે વિચાર કરવામાં આવ્યો છે. અને

(૩) ભાષ્યમાં ચર્ચા દરમ્યાન ઉચ્ચારાયેલાં ઘણાં વચનો પણ પરિભાષારૂપે પ્રચલિત બન્યાં છે.

(પરિભાષાસૂચનને બાદ કરતાં) પાણિનીય પરંપરા તમામ પરિભાષાપાઠો અને પરિભાષા વૃત્તિગ્રન્થોનું પર્યાલોચન કરતાં જણાય છે કે નહીંવત્ અપવાદોને છોડીને તમામ પરિભાષાઓ મહાભાષ્યમાંથી જ સ્વીકારવામાં આવી છે. વળી, મહાભાષ્યકારે રજૂ કરેલી જે તે પરિભાષાના પ્રયોજન દોષ, પ્રમાણાદિની ચર્ચામાંથી પરિભાષાવૃત્તિકારોને પોતપોતાના ગ્રન્થો માટે વ્યાખ્યાન સામગ્રી પણ મળી રહી છે. આથી આપણે મહાભાષ્યને પરિભાષા સાહિત્યની ગંગોત્રી કહેવી જોઈએ.

---

28. तत्रापूर्वो विधिरस्तु नियमोऽस्त्वित्यपूर्व एव विधिर्भविष्यति, न नियमः ॥

6-4-49 सूत्रभाष्य, (Vol. III, p. 201, 15).

પ્રકરણ ૫

પરિભાષાઓનું કર્તૃત્વ અને સમયનિર્ણય

પરિભાષાઓના કર્તૃત્વ અને સમય અંગે ત્રિવિધ મત પ્રવર્તે છે : (૧) નાગેશ ભટ્ટે 'પરિભાષેન્દુશેખર'ના પ્રારંભિક વચનોમાં જણાવ્યું છે કે પ્રાચીન વૈયાકરણ તન્ત્રમાં વાચનિકી (અને) પાણિનીય તન્ત્રમાં જ્ઞાપક-ન્યાયથી સિદ્ધ થતી, ભાષ્ય તથા વાર્તિકમાં ઉપનિબદ્ધ એવી પરિભાષાઓનું અહીં વ્યાખ્યાન કરવામાં આવે છે.[1] આ પ્રારંભિક વચનોને સમજાવતાં તેમના શિષ્ય વૈદ્યનાથ પાયગુણ્ડે જણાવે છે કે પ્રાચીન વૈયાકરણતન્ત્રમાં એટલે ઇન્દ્ર વગેરે વૈયાકરણોના વ્યાકરણતન્ત્રમાં સૂત્ર રુપે પઠિત[2] એવી પરિભાષાઓનું અહીં વ્યાખ્યાન કરવામાં આવે છે.—આ ચર્ચા ઉપરથી એવું ધ્વનિત થાય છે કે જાણે બધીજ પરિભાષાઓ પાણિનિપૂર્વે પ્રચલિત હતી અને ઇન્દ્રાદિ વૈયાકરણોના વ્યાકરણમાં સૂત્ર રુપે તેમને રજૂ કરવામાં આવી હતી. (૨) પંડિત યુધિષ્ઠિર મીમાંસકે, તેમના संस्कृत व्याकरण-शास्त्रका इतिहास (ભાગ-૨)માં જણાવ્યું છે કે બધી જ પરિભાષાઓ પાણિનિએ પોતે રચી હતી. આ અનુમાનની ચર્ચા તેમણે નીચે મુજબ કરી છે :

"નિષ્કર્ષ—પૂર્વાપર બધા જ પક્ષો ઉપર વિચાર કરીને અમે એવા નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે પાણિનિએ સ્વ-તન્ત્ર સમ્બદ્ધ કોઈ પરિભાષાપાઠનું પ્રવચન કર્યું હતું. અમારા વિચારની પુષ્ટિ મહાભાષ્ય 1-4-2ના पठिष्यति ह्याचार्यः सकृद्गतौ विप्रतिषेधे यद् बाधितं तद् बाधितमेव इति । વચનથી પણ થાય છે. કારણ કે મહાભાષ્યમાં आचार्य પદનો નિર્દેશ પાણિનિ અને કાત્યાયનને માટે જ થાય છે. નાગેશે આની ઉપર લખ્યું છે કે आचार्य શબ્દથી અહીં વાર્તિકકાર અભિપ્રેત છે. પરંતુ સંપૂર્ણ મહાભાષ્યમાં ક્યાંય આ પરિભાષા વાર્તિક રુપમાં પઠિત નથી. માટે અહીં પાણિનિને માટે વપરાયેલો 'आचार्य' શબ્દ

---

૧. प्राचीनवैयाकरणतन्त्रे वाचनिकान्यत्र पाणिनीयतन्त्रे ज्ञापकन्याय-सिद्धानि भाष्यवार्तिकयोर्निबद्धानि यानि परिभाषारूपाणि तानि व्याख्यायन्ते ॥ पारिभाषेन्दुशेखरः (तत्त्वादर्शः), पान-1.

૨. ननु कास्ताः परिभाषा अत आह-प्राचीनेति । (इन्द्रादीत्यर्थः) वाच-निकानि, सूत्ररूपेण पठितानि ॥ परिभाषेन्दुशेखरः (गदा), पान-1.

પરિભાષાપાઠના પાણિનીય પ્રવચનને જ સ્પષ્ટ કરી રહ્યો છે. આથી જ તેમનું અનુકરણ કરતાં પાણિનિના ઉત્તરવર્તી વૈયાકરણો પણ તે જ પ્રમાણે સ્વ-તન્ત્ર સમ્બદ્ધ પરિભાષા-પાઠોનું લગભગ પ્રવચન કરતા આવ્યા છે."[૩] (૩) હરિભાસ્કર અગ્નિહોત્રીના સમય (ઈ.સ. 1650 ની આસપાસ)માં એક મત એવો પ્રચલિત હતો કે व्याख्यानतो विशेषप्रतिपत्तिः, न हि संदेहादलक्षणम् । ઇત્યાદિ બધી જ પરિભાષાઓ વ્યાડિ મુનિએ રચી છે.[૪,૫]

પરંતુ આ ત્રણેય મતો ખોટા છે. હરિભાસ્કરે જણાવ્યું છે એમ આ પરિભાષાવચનો તો જુદા જુદા અનેક આચાર્યોએ રચ્યાં છે.[૬] આવો અભિપ્રાય હરિભાસ્કરની પૂર્વે પુરુષોત્તમદેવ અને સીરદેવે પણ અભિવ્યક્ત કર્યો છે.[૭]

હવે આપણે આ અંગે વિગતે ચર્ચા કરીશું.

૧.

પાણિનિપૂર્વેની પરિભાષાઓ

પાણિનિએ પોતાના પુરોગામી વૈયાકરણોના ઉલ્લેખો કર્યા છે.[૮] આથી વિદ્વાનો એવું અનુમાન કરે છે કે પાણિનિએ અષ્ટાધ્યાયીની રચનામાં આવા

---

૩. જુઓ : संस्कृत व्याकरणशास्त्रका इतिहास । भा-2, पान-286, 287.

૪. केचितु व्याख्यानतो विशेषप्रतिपत्त्यादिसर्वपरिभाषा व्याडिमुनिना विरचिता इत्याहुः ॥ परिभाषासंग्रहः, पान-374.

૫. હરિભાસ્કરે આ ઉપરાંત બીજા બે મતોનો પણ ઉલ્લેખ કર્યો છે: यत्तु मथुरानाथभट्टाचार्या वदन्ति पाणिनिवचनमिदमिति तदतिरभसादिति ध्येयम् । अत एव वार्तिककारवचनमिदमिति वदन्तो मीमांसका अपि प्रत्युक्ताः ॥ એજન, પાન-374.

૬. वस्तुतस्तु नानाचार्याणामिमानि वचनानि... ॥ એજન, પાન-374.

૭. परिभाषा हि न पाणिनीयानि वचनानि । किं तर्हि, नानाचार्याणाम् ॥ અને परिभाषा हि नाम न साक्षात्पाणिनीयवचनानि, किं तर्हि, नानाचार्याणाम् ॥ એજન, પાન-160 અને 268.

૮. જુઓ : (૧) वा सुप्यापिशलेः । 6-1-92, (૨) तृषिमृषिकृषेः काश्यपस्य । 1-2-25, (૩) ओतो गार्ग्यस्य । 5-3-20, (૪) ई चाक्रवर्मणस्य । 6-1-130, (૫) लङः शाकटायनस्यैव । 3-4-111, (૬) अवङ् स्फोटायनस्य । 6-1-123, વગેરે.

પુરોગામી વૈયાકરણોનો ઉપયોગ કર્યો હશે. આથી જ તેમણે પોતાના અમુક પારિભાષિક શબ્દોને સમજાવ્યા નથી અને प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् ।, अर्थवद्ग्रहणे नानर्थकस्य । જેવાં પરિભાષાવચનોને અષ્ટાધ્યાયીમાં રજૂ કર્યાં નથી, કે લિઙ્ગાનુશાસન, ગણપાઠ, ધાતુપાઠ ઇત્યાદિની જેમ પરિભાષાઓની યાદી આપી નથી. આવી પરિભાષાઓ જો તેમના પુરોગામીઓના વ્યાકરણમાં વપરાતી હોય અને પોતાના સમયમાં તે પ્રચલિત હોય તો—અર્થાત્ પાણિનિના સમકાલીનોને આવાં પરિભાષાવચનો કે અમુક પારિભાષિક શબ્દો સુવિદિત હોય તો—એ કારણે પણ પાણિનિએ તેમને અષ્ટાધ્યાયીમાં રજૂ ન કર્યાં હોય. આ ચર્ચા યુક્તિયુક્ત હોવાથી એવું માનવું પડે છે કે પાણિનિપૂર્વેથી પરિભાષાઓ પ્રચલિત હતી. પરંતુ હાલ પાણિનિપૂર્વેનો કોઈ વ્યાકરણ ગ્રન્થ ઉપલબ્ધ નહીં હોવાથી આ પરિભાષાઓ કઈ કઈ અને તેમના કર્તા કોણ કોણ છે તે જાણવું મુશ્કેલ છે.

તથાપિ મહાભાષ્યમાં કેટલીક પરિભાષાઓને વિષે કહે છે કે—एतज्ज्ञापयत्याचार्यः भवत्येषा परिभाषैकदेशविकृतमनन्यवद्भवतीति ॥ 4-1-83 સૂત્રભાષ્ય । અહીં 'भवति एषा परिभाषा...[૯]' એવા શબ્દોના સ્વારસ્ય ઉપરથી સૂચિત થાય છે કે આવી આવી અમુક પરિભાષાઓ છે જ; અર્થાત્ પાણિનિના સમયમાં પણ આવી પરિભાષાઓ વિદ્યમાન હતી જ.

---

૯. We have proof and some will be afforded in the sequel –that pāṇini was not the inventor of tne grammatical system preserved in his work, though he improved the system of his predecessors, and made his own additions to it. We shall see, moreover, that he availed himself of the technical means of the older grammarians, and, in such a case, nevar gave any explanation of those technicalities which must have been known to his contemporaries, and, therefore, required no remark.

pāṇini, T. Goldstücker, page-127. અને જુઓ : अथ शब्दानुशासनम् । (काशिका) ઉપર 'पदमञ्जरी'–कथं पुनरिदमाचार्येण पाणिनिनाऽवगतमेते साधव इति । आपिशलेन पूर्वव्याकरणेन ॥

પાણિનિનાં સૂત્રો કે સૂત્રોનું એકાદ પદ કોઈ કારણસર અસંગત જણાતું હોય ત્યારે તેના ઉપરથી એક જ્ઞાપકવચન શોધી કાઢવામાં આવે છે. આવાં જ્ઞાપક-વચનોનું અસ્તિત્વ જો સ્વીકારવામાં આવે તો તે સૂત્રો કે સૂત્રોના એકાદ પદ અસંગત જણાતા નથી. આવાં જ્ઞાપકવચનો પાણિનિપૂર્વેથી પ્રચલિત હોવાનું અને પાણિનિને સમ્મત હોવાનું અનુમાન કરવામાં આવે છે. પરિણામે કેટલીક જ્ઞાપકસિદ્ધ પરિભાષાઓ પાણિનિપૂર્વેની છે, એમ નક્કી થઈ શકે છે. ઉદાહરણ તરીકે, આવી એક પરિભાષાની વિચારણા કરીશું :

સૂત્રમાં જે શબ્દસ્વરૂપને કાર્યનું વિધાન કર્યું હોય તે શબ્દસ્વરુપ સાર્થક પણ હોય છે અને નિરર્થક પણ હોય છે. તે બન્નેમાંથી જે અર્થવાન શબ્દસ્વરૂપ હોય તેને જ કાર્ય કરવું, તેવી વ્યવસ્થા કરતી પરિભાષા अर्थवद्ग्रहणे नानर्थकस्य । છે. વાર્તિકકારે "धात्वन्तस्य चार्थवद्ग्रहणात् । 6-1-67, वा-2 તથા अर्थवद्ग्रहणप्रत्ययग्रहणाभ्यां सिद्धम् । 6-4-1, वा-11 માં આ પરિ-ભાષાનું સૂચન કર્યું છે. વાર્તિકકારે પરિભાષાનું આખું શબ્દસ્વરૂપ આપ્યું નથી. કેવળ अर्थवद्ग्रहणात् सिद्धम् । એટલો પ્રતીકાત્મક નિર્દેશ જ કર્યો છે. ભાષ્ય-કારે તેને ઉપર્યુક્ત વિકસિત શબ્દસ્વરૂપમાં રજૂ કરી છે. વળી, મહાભાષ્યમાં જણાવ્યું છે કે स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । 1-1-68 સૂત્રમાં स्वं એવા શબ્દ ઉપરાંત रूप એવા શબ્દનું ગ્રહણ કર્યું છે, તે જ્ઞાપન કરે છે કે अर्थवद्ग्रहणे नानर्थकस्य । એવી પરિભાષા છે.

પાણિનિએ સૂત્રરચના દરમિયાન ક્યાંક જો વિશેષ કે વિશિષ્ટ પ્રયત્ન કર્યો હોય, અને તેનું અન્ય કોઈ પ્રયોજન ન હોય તો તે વાક્યાન્તરનું જ્ઞાપન કરવા માટે છે એવું નક્કી થાય. ભાષ્યકારે જ કહ્યું છે: सिद्धे विधिरारभ्यमाणो ज्ञापकार्थो भवति ॥ (इको गुणवृद्धी । 1-1-3 સૂત્રભાષ્ય). અહીં પતંજલિએ स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । 1-1-68 સૂત્રમાં પડેલા જ્ઞાપક વડે જ શોધી કાઢયું કે આ પરિભાષા પાણિનિને અભિપ્રેત હતી. અર્થાત્ આ પરિભાષા પાણિનિપૂર્વેથી પ્રચલિત હતી. અને આથી જ વાર્તિકકારે તેનો પ્રતીકાત્મક નિર્દેશ કર્યો છે.

પરંતુ અહીં એક મહત્ત્વનો મુદ્દો નોંધવાનો એ છે કે બધી જ્ઞાપકસિદ્ધ પરિભાષાઓ પાણિનિપૂર્વેની છે, એમ નહીં કહી શકાય. કારણ કે બીજી એવી કેટલીક જ્ઞાપકસિદ્ધ પરિભાષાઓ પણ મળી આવે છે કે જે પાણિનિ પછીથી રચાઈ

હોય એમ લાગે છે. આવી પરિભાષા વિશેષતઃ અષ્ટાધ્યાયીના સૂત્રોના સંદર્ભમાં રજૂ થયેલી પરિભાષાઓ છે. ઉદાહરણ તરીકે—

नानुबन्धकृतमसारूप्यम् । આ પરિભાષા પાણિનિના ददातिदधात्योर्विभाषा । 3-1-139 સૂત્રમાં વિકલ્પે શ નું વિધાન થયું છે, તેનાથી જ્ઞાપિત થાય છે. આમ, આ પરિભાષા જ્ઞાપકસિદ્ધ છે, તથાપિ તે પાણિનિ પૂર્વેની નથી. કારણ કે તે સ્પષ્ટપણે वासरूपोऽस्त्रियाम् । 3-1-64 સૂત્રના અનુસંધાનમાં રજૂ થઈ છે. અર્થાત્ આ સૂત્રની રચના થયા પછી એ પરિભાષા અસ્તિત્વમાં આવી છે. માટે દરેક જ્ઞાપકસિદ્ધ પરિભાષા પાણિનિપૂર્વેની પરિભાષા છે એમ નહીં કહી શકાય; એ મુદ્દો ધ્યાનમાં રાખવો જોઈએ.

૨.

અનુપાણિનિકાળની પરિભાષાઓ

પાણિનિપૂર્વેથી પ્રચલિત હોય અને પાણિનિએ જેને સ્વીકારી હોય તેવી પરિભાષાઓની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. પરંતુ અષ્ટાધ્યાયીની રચના થઈ ગયા પછી અષ્ટાધ્યાયીને ઉપકાર બને એવી બીજી અનેક પરિભાષાઓ રચવામાં આવી છે. આવી પરિભાષાઓની સંખ્યા સૌથી વધારે છે. આવી પરિભાષાઓ કોઈ એક વ્યક્તિને હાથે રચાઈ નથી. મહદંશે વ્યાડિ, કાત્યાયન અને બીજા વાર્તિકકારો તથા પતંજલિ એ ત્રણ વૈયાકરણોએ આવી પરિભાષાઓ રચી છે.

૧. હરિભાસ્કરના ગ્રંથમાંથી મળતા પૂર્વોક્ત ઉલ્લેખ મુજબ બધી પરિભાષાઓ વ્યાડિમુનિએ રચી છે, એમ માનવામાં આવે છે. બીજી તરફ, પ્રા. કે. વી. અભ્યંકરજીએ પણ 'પરિભાષાસંગ્રહ'માં 'વ્યાડિકૃત પરિભાષાસૂચનમ્' અને વ્યાડિને નામે મળતો એક પરિભાષાપાઠ પ્રકાશિત કર્યો છે. આથી કોઈ એવી કલ્પના કરે કે આ 'પરિભાષાસૂચન' અને 'પરિભાષાપાઠ'માં મળતી પરિભાષાઓ વ્યાડિએ રચી હશે; તો તે કલ્પના યોગ્ય નથી. કારણ કે આપણે અગાઉ[૧૦] આ અંગે સપ્રમાણ ચર્ચા કરી છે કે હાલ મળતા 'પરિભાષાસૂચન' અને 'પરિભાષાપાઠ'ના સમય અને કર્તૃત્વ સંદિગ્ધ છે. પરંતુ વ્યાડિને નામે બધી જ પરિભાષાઓનું કર્તૃત્વ આરોપવામાં આવે છે અને તેમના નામે એક પરિભાષાપાઠ તથા પરિભાષાવૃત્તિ ગ્રંથ મળી જ આવે છે, ત્યારે વ્યાડિએ પણ બધી નહીં, તો પણ અમુક પરિભાષાઓ રચી હશે એવી સંભાવના સ્વીકારવામાં વાંધો નથી.

૧૦. જુઓ : प्रकरण-3, पान-59 થી 71.

આવી પરિભાષાઓ કઈ કઈ છે, તે અંગે આપણે આગળ ઉપર જોઈશું. જ્યાં એવું અનુમાન કરવાનું પ્રાપ્ત થતું હોય કે અમુક પરિભાષા કાત્યાયનની કૃતિ નથી, પણ તે કાત્યાયનપૂર્વેની છે; ત્યારે એ પરિભાષા જો 'પરિભાષાસૂચન'માં મળતી હોય તો આપણે એવી કલ્પના કરી શકીએ કે તે વ્યાડિની રચના હશે. પરંતુ આ એક કલ્પના જ હશે, એમ ફરીવાર ધ્યાન રાખવું. કારણ કે જો 'પરિભાષાસૂચન'ની રચના કાત્યાયન પછી થઈ હશે એવા પુરાવાઓ તરફ ધ્યાન આપો તો એમ માનવું પડે કે કાત્યાયનપૂર્વે રચાયેલી હોય તેવી જે પરિભાષા જણાય છે તે કાત્યાયનપૂર્વેના અન્ય કોઈ વાર્તિકકારની કૃતિ હશે. માટે આવી પરિભાષાઓનો માત્ર સમયગાળો નક્કી થઈ શકશે.

૨. કાત્યાયને પોતાના વાર્તિકમાં પણ ઘણી પરિભાષાઓનો નિર્દેશ કર્યો છે. જે વાર્તિકમાં પરિભાષાઓનો ઉલ્લેખ હોય તેને 'પરિભાષાવાર્તિક' કહેવામાં આવે છે.[૧૧] આવાં પરિભાષાવાર્તિકોમાં ઉલ્લેખાયેલી તમામ પરિભાષાઓ કાત્યાયને રચી છે, એમ નહીં માની શકાય. કારણ કે એવું શક્ય છે કે કાત્યાયને પોતાના સમય પૂર્વે પ્રચલિત થયેલી પરિભાષાઓનો પણ ઉલ્લેખ કર્યો હોય. અને બીજી તરફ એવું પણ શક્ય છે કે તેમણે પોતે જ અમુક પરિભાષાઓ રચીને તેનાથી શાસ્ત્રચર્ચા આગળ વધારી હોય. આથી અહીં શોધવાનું એ રહે છે કે કઈ પરિભાષા કાત્યાયને પોતાના પુરોગામી આચાર્ય પાસેથી સ્વીકારી હશે અને કઈ પરિભાષા તેમણે પોતે રચી હશે.

કાત્યાયનના વાર્તિકોનું લક્ષણ આપવામાં આવ્યું છે.[૧૨] તે મુજબ 'વાર્તિક ઉક્ત, અનુક્ત અને દુરુક્ત-ચિંતા પ્રવર્તક હોય છે.' આ ત્રિવિધ વાર્તિકોમાંથી ઉક્તચિંતાપ્રવર્તક વાર્તિકોની સંખ્યા સૌથી વધારે છે.[૧૩] આવાં ઉક્તચિંતાપ્રવર્તક વાર્તિકોમાં કાત્યાયને પાણિનિનાં સૂત્રોનો અર્થ અને પ્રયોજનાદિ દર્શાવવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે. આવાં વાર્તિકોમાં ક્યારેક પરિભાષાઓનો પણ ઉલ્લેખ કરવામાં

---

૧૧. व्याकरणमहाभाष्य, प्रस्तावना खण्ड (भाग सातवा), पान–214 थी 220.

૧૨. पाराशर पुराणमां "उक्तानुक्तदुरूक्तानां" चिन्ता यत्र प्रवर्तते । तं ग्रंथं वार्तिकं प्राहुर्वार्तिकज्ञा मनीषिणः ॥ એવી વ્યાખ્યા આપી છે. નાગેશ ભટ્ટે "ઉક્ત" શબ્દને દૂર કરીને सूत्रोऽनुक्तदुरूक्तचिन्ताकरत्वं वार्तिकत्वम् । એવી વ્યાખ્યા આપી છે.

૧૩. નવાહ્નિક પ્રકરણમાં 579 વાર્તિકો છે, તેમાંના 70 વાર્તિકો સિવાય બાકીનાં બધા જ ઉક્તચિંતાપ્રવર્તક વાર્તિકો છે.

આવે છે. ઉદાહરણ તરીકે—

(૧) કાર્યિન્‌ના નિર્ણયમાં તદન્તવિધિ વિષયક પરિભાષાઓ અત્યંત મહત્ત્વની છે. પાણિનિએ પોતે જ येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર વડે એક પરિભાષા રજૂ કરી છે. આમાંથી જ સૂચન લઈને પાણિનિ પછીના સમયમાં प्रत्ययग्रहणं यस्मात्स प्रत्ययो विहितस्तदादेस्तदन्तस्य च ग्रहणं भवतीति । એવી પરિભાષા રચાઈ છે. વાર્તિકકારે આ પરિભાષાનો ઉલ્લેખ सिद्धं तु प्रत्ययग्रहणे यस्मात्स तदादितदन्तविज्ञानात् । 1-4-13 વા. 7 માં કર્યો છે. આ પરિભાષા વાર્તિકકારની કૃતિ હોય એમ જણાતું નથી. કારણ કે તેનો सिद्धं तु અને... विज्ञानात् એવા શબ્દોથી, પૂર્વપ્રચલિત પરિભાષારૂપે અહીં નિર્દેશ કરવામાં આવ્યો છે. વાર્તિકકાર જો દુરુક્તચિંતા પ્રવર્તક કે અનુક્તચિંતા પ્રવર્તક વાર્તિકમાં કોઈ પરિભાષાનો પ્રસ્તાવ કરે અને તે પરિભાષા 'પરિભાષા-સૂચન'માં પણ ન મળતી હોય તો અવશ્ય જાણવું કે તે વાર્તિકકારની પોતાની કૃતિ છે. પરંતુ અહીં પ્રસ્તુત પરિભાષા તો ઉક્તચિંતાપ્રવર્તક વાર્તિક રજૂ થઈ છે, જેમાં તેઓ પોતાની પૂર્વેના સમયમાં પ્રચલિત થયેલી પરિભાષાનો ઉપયોગ કરીને દલીલ કરી રહ્યા છે.

એક તરફથી પાણિનિએ પોતે येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રમાં તદન્તવિધિની અપૂર્વ રચના કરી છે અને બીજી તરફ ભાષ્યકારે प्रत्ययग्रहणे० । પરિભાષાને જ્ઞાપકસિદ્ધિ દર્શાવી નથી. આથી જણાય છે કે આ પરિભાષા પાણિનિ પછી અને વાર્તિકકારની પૂર્વે રચાઈ છે. પરંતુ આ પરિભાષાનો ચોક્કસ કર્તા કે સમય અજ્ઞાત છે, 'પરિભાષાસૂચન'માં પણ આ પરિભાષા મળતી નથી.

(૨) વાર્તિકકારે અનુબંધના સ્વરૂપની ચર્ચા કરી છે. જેમકે; પ્રત્યય, આગમ, આદેશાદિને લગાડવામાં આવતાં અનુબંધો તે પ્રત્યાદિના અવયવ બનીને રહે છે કે નહીં ? तस्य लोपः । 1-3-9 સૂત્ર ઉપર एकान्तस्तत्रोयलब्धेः । (વા-૭) અને अनेकान्ते वृत्तिविशेषः । (વા-11) એવાં બે વાર્તિકો મળે છે. તેમાં 'અનુબંધો અવયવ માનીને જોડવામાં આવે છે.' અને 'અનુબંધો અનવયવ રૂપે જોડવામાં આવે છે.' એવા બંને પક્ષોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ બંનેય પક્ષો વાર્તિકકારની પૂર્વેના સમયથી પ્રચલિત થયેલા જણાય છે. પરંતુ અનુબંધનાં સ્વરૂપ વિષયક આ બે પક્ષો પાણિનિપૂર્વે પ્રચલિત હતા કે કેમ ? તે કહેવું મુશ્કેલ છે.

વાર્તિકકારે ઉપર્યુક્ત વાર્તિકોમાં અનુબંધોના સ્વરૂપ વિષે વિચારણા કરી છે, તે અષ્ટાધ્યાયીમાં અનુબંધોના વિશેષ પ્રકારના આસંજનને કારણે પ્રસ્તુત

બની છે. વળી, આ વિચારણા ઉક્ત ચિંતાપ્રવર્તક વાર્તિકમાં રજૂ થઈ છે. તેથી એવું અનુમાની શકાય કે આ બે પક્ષો પાણિનિ પછી તથા વાર્તિકકાર પૂર્વે પ્રચલિત બન્યા હશે. 'પરિભાષાસૂચન'માં अनेकान्ता अनुबन्धा इति । કે एकान्ताः । એવી પરિભાષાઓ મળતી નથી. સૌથી પ્રથમ વાર્તિકકારમાં ઉપલબ્ધ થતા આ પક્ષો ઘણા લાંબા સમય પછી સૌથી પ્રથમ નાગેશ ભટ્ટે 'પરિભાષેન્દુશેખર'માં પરિભાષા રૂપે રજૂ કર્યા છે.[૧૪]

(૩) આ શાસ્ત્રમાં પાણિનિપૂર્વેથી પ્રચલિત થયેલી લિઙ્ગવિશિષ્ટ પરિભાષાનો[૧૫] સ્વીકાર કરવાથી અષ્ટાધ્યાયીના સૂત્રોના સંદર્ભમાં ક્યાં ક્યાં પ્રયોજનો સિદ્ધ થશે તથા અષ્ટાધ્યાયીના ક્યાં ક્યાં તેની અતિવ્યાપ્તિ થશે તેની વિગતપૂર્ણ ચર્ચા આપણને સૌ પ્રથમ વાર્તિકકારના વાર્તિકોમાં પ્રાપ્ત થાય છે. युवोरनाकौ । 7–1–1 સૂત્ર ઉપર વાર્તિકકાર એક ઉક્તચિંતાપ્રવર્તક વાર્તિકમાં જણાવે છે કે न वा विभक्तौ लिङ्गविशिष्टाग्रहणात् । (वा–13). અર્થાત્ "ના, (નુમ્ વિધિમાં ઝલ્ ગ્રહણ કરવાની જરૂર નથી;) કારણ કે વિભક્તિ નિમિત્તક કાર્ય કર્તવ્ય રહે ત્યાં લિઙ્ગવિશિષ્ટ પરિભાષાની પ્રવૃત્તિ થતી નથી." અહીં વાર્તિકકારે લિઙ્ગવિશિષ્ટ પરિભાષાની અપવાદ विभक्तौ लिङ्गविशिष्टग्रहणं नेति । પરિભાષાનો ઉલ્લેખ કર્યો છે. આ પરિભાષા વાર્તિકકારની કૃતિ નથી. કારણ કે તે ઉક્તચિંતાપ્રવર્તક વાર્તિકમાં રજૂ થઈ છે. આ પરિભાષા પાણિનિપૂર્વેની હોય તે માટેના કોઈ પુરાવા મળતા નથી. ભાષ્યકારે પણ તેને સ્વતંત્રવાચનિકી રૂપે સ્વીકારી છે. તેને માટે કોઈ જ્ઞાપક પ્રમાણાદિને ઉપસ્થિત કરેલ નથી.

(૪) પ્રક્રિયા અવસ્થામાં સૂત્રવિહિત કાર્યો લાક્ષણિક શબ્દસ્વરૂપને કરવા કે પ્રતિપદોક્ત શબ્દસ્વરૂપને તેવો સંદેહ થાય છે. આવા પ્રસંગે लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैवेति । પરિભાષાથી વ્યવસ્થા કરવામાં આવે છે. વાર્તિકકારે તેને सिद्धं तु लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणात् । 6–2–2, वा–2માં રજૂ કરી છે.

વાર્તિકકારે પોતાના સમયથી પૂર્વે પ્રચલિત થયેલી આ પરિભાષાને ચર્ચાન્તર્ગત દલીલ વાક્ય રૂપે सिद्धम् અને ग्रहणात् જેવાં પદોથી ઉપયોગમાં લીધી છે. બીજું, ભાષ્યકારે તેને જ્ઞાપકસિદ્ધા દર્શાવી નથી. આથી જણાય છે કે આ

---

૧૪. જુઓ : પરિભાષા 4 અને 5 મી, પરિભાષેન્દુશેખર.

૧૫. प्रातिपदिकग्रहणं लिङ्गविशिष्टस्यापि ग्रहणम् ॥

પરિભાષા પાણિનિ પછી અને કાત્યાયની પૂર્વેના સમયમાં પ્રચલિત થઈ હશે. આ પરિભાષા વ્યાડિના 'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થાય છે, તેથી સંભવ છે કે તેને વ્યાડિએ રચી હોય અથવા વ્યાડિએ પ્રથમવાર સંગૃહીત કરી હોય.

ઉક્તચિંતાપ્રવર્તક વાર્તિકમાં રજૂ થયેલી આવી પરિભાષાઓ કાત્યાયન પૂર્વેથી પ્રચલિત થઈ હોય એમ જણાય છે. કારણ કે કાત્યાયને આવી પરિભાષાઓને પંચમ્યન્તવાળી વાક્યરચનામાં, અર્થાત્ દલીલવાક્યમાં ગોઠવી હોય છે. આથી, આવી પરિભાષાઓ જાણે તેમના સમયમાં પ્રચલિત હોય અને કાત્યાયન પોતે તેમને સ્વીકારીને ચાલતાં હોય એમ જણાય છે.

હવે, આવી જે પરિભાષાઓ કાત્યાયનપૂર્વેથી પ્રચલિત થઈ હોય એમ જણાય છે, તેના કર્તૃત્વ અંગે કશો નિર્ણય થઈ શકે એમ નથી. કેમકે જો આવી પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી હોય અને પ્રા. અભ્યંકરજી જેમ માને છે તેમ આપણે 'પરિભાષાસૂચન'ને કાત્યાયનપૂર્વેની રચના માનીએ તો આવી પરિભાષાને વ્યાડિએ રચી છે એમ માનવું પડે. અને જો તેને કાત્યાયન પછીની રચના માનીએ તો આવી પરિભાષાને અજ્ઞાતકર્તૃક માનવી પડે. આવી પરિભાષાનો સમય પાણિનિ પછી અને કાત્યાયનની પૂર્વેનો છે; એટલું જ કેવળ નક્કી કહી શકાય.

બીજી તરફ, કાત્યાયનના અનુક્તચિંતાપ્રવર્તક વાર્તિકમાં કે દુરુક્તચિંતાપ્રવર્તક વાર્તિકમાં જે પરિભાષાઓ રજૂ થઈ હોય છે તે કાત્યાયનની પોતાની નવી રચના હોય છે. આવી પરિભાષાઓનો પંચમ્યન્તવાળા વાક્યમાં નિર્દેશ હોતો નથી. ઉદાહરણ તરીકે—

(૧) येन विधिस्तदन्तस्य : 1-1-72 સૂત્ર ઉપર વાર્તિકકારે पदाङ्गाधिकारे तस्य च तदन्तस्य । (वा-21) એવું અનુક્ત ચિંતાપ્રવર્તક વાર્તિક રજૂ કર્યું છે. જેમાં સૌત્રતદન્તવિધિથી ભિન્ન એવું એક અલગ તદન્તવિધિવિષયક અપૂર્વ વચન કરવાનો પ્રસ્તાવ છે. આ વચન પાછળથી પરિભાષા રૂપે પ્રચલિત બન્યું છે. આ વચન 'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થતું નથી તથા તેને અનુક્તચિંતાપ્રવર્તક વાર્તિકમાં રજૂ કર્યું છે. તેથી જણાય છે કે આ વાર્તિકકારની પોતાની કૃતિ છે. ભાષ્યકારે સૌત્રતદન્તવિધિને જ જ્યાયાન્ માનીને વાર્તિકકારના પ્રસ્તાવને સ્વીકાર્યો નથી.[૧૬] તેની પરથી પણ સાબિત થાય છે કે તે વાર્તિકકારની કૃતિ છે.

---

૧૬. किं पुनरत्र ज्यायः । तदन्तविधिरेव ज्यायान् ॥

1-1-72, सूत्रमहाभाष्य.

(૨) येन विधिस्तदन्यस्य 1-1-72 સૂત્રનાં પ્રયોજનો વિચારતાં વાર્તિકકારે એક વાર્તિક રજૂ કર્યું છે: प्रत्ययग्रहणं चापञ्चम्याः । (वा-28). અર્થાત્ જ્યાં પ્રત્યયનું ઉચ્ચારણ કર્યું હોય ત્યાં તે પ્રત્યય વડે તદન્તનું ગ્રહણ થાય છે; તે પ્રકૃત સૂત્રનું પ્રયોજન છે. "પરંતુ ત્યાં, તે પ્રત્યયમાં પંચમ્યન્ત પદનો અન્વય નં હોવો જોઈએ." આમ, આ વાર્તિકમાં ઉકતચિંતા અને દુરુકતચિંતા એક સાથે કરવામાં આવી છે. વાર્તિકના પૂર્વાર્ધમાં येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રનું પ્રયોજન વિચાર્યું છે અને ઉત્તરાર્ધમાં એ સૂત્રની પ્રવૃત્તિનો સંકોચ રજૂ કર્યો છે, જે વાર્તિકકારનું પોતાનું સૂચન છે. આ વાર્તિક પાછળના સમયમાં प्रत्ययग्रहणे चापञ्चम्याः । એવા ફેરફાર સાથે તદન્તવિધિની અપવાદ પરિભાષા રૂપે પ્રચલિત બન્યું છે. આ 'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થતી નથી. આમ તે વાર્તિકકારની કૃતિ છે.

(૩) येन विधिस्तदन्तस्य । 1-1-72 એ પરિભાષાસૂત્રના અપવાદવચન રૂપે વાર્તિકકારે એક વાર્તિક રજૂ કર્યું છે: यस्मिन् विधिस्तदादावलग्रहणे । (वा-29). અર્થાત્ "જે अल् પરમાં રહેતાં એકાદ વિધિ કહ્યો હોય તે अल् વડે તદાદિનું, —એટલે કે अल् છે આરંભમાં જેની તેવા સમુદાયનું-ગ્રહણ થાય છે." આ વાર્તિક પાછળના સમયમાં પરિભાષા રૂપે પ્રચલિત બન્યું છે. આ વચન 'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થતું નથી. તેથી સિદ્ધ થાય છે કે તે વાર્તિકકારની કૃતિ છે.

(૪) येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રની અતિવ્યાપ્તિ રોકવા માટે વાર્તિકકારે समासप्रत्ययविधौ प्रतिषेधः । (वा-3) અને उगिद्वर्णवर्जम् । (वा-4) એવા દુરુકતચિંતાપ્રવર્તક બે વાર્તિકો રજૂ કર્યાં છે. વાર્તિકકારે અષ્ટાધ્યાયીનું પર્યાલોચન કરતાં જોયું કે उगित् અને વર્ણગ્રહણને છોડીને સમાસ અને પ્રત્યયવિધિમાં તદન્તવિધિ થાય તો તે અનિષ્ટજનક છે. પરિણામે તેનો પ્રતિષેધ કરવો જોઈએ. આ બન્ને વાર્તિકો પાછળના સમયમાં પુરુષોત્તમદેવાદિના પરિભાષાવૃત્તિગ્રન્થોમાં પરિભાષા રૂપે સ્વીકારાયાં છે.[૧૭]

પરંતુ તે અષ્ટાધ્યાયીના પર્યાલોચન પછી, येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રવિહિત તદન્તવિધિની દુરુકતચિંતા પ્રવર્તાવનારાં વાર્તિકો હોવાથી સ્પષ્ટ છે કે તે વાર્તિકકારની કૃતિ છે. આ બે પ્રતિષેધવચનો 'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થતાં નથી.

* * *

૧૭. જુઓ : પરિભાષા-80 લઘુપરિભાષાવૃત્તિ.

અત્યાર સુધીની ચર્ચામાં આપણે પાણિનિપૂર્વેની અને કાત્યાયનપૂર્વેની પરિભાષાઓ વિષે વિચાર્યું. આના અનુસંધાનમાં એક વિશેષ ચર્ચા કરીશું :

प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य च ग्रहणं भवति । એવી તદન્તવિધિ વિષયક પરિભાષાથી અને व्यदेशिवदेकस्मिन् । જેવી અતિદેશવિધાયક પરિભાષાથી કાર્યિન્નો વિસ્તાર થાય છે. હવે તેમના જેવી બીજી એક પરિભાષા પણ છે, જે કાર્યિન્નો વિસ્તાર કરી આપે છે; તેના કર્તૃત્વ અને સમયાદિ વિષે વિચારીશું.

ङ्याप्प्रातिपदिकात् । 4-1-1 સૂત્ર ઉપર વાર્તિકકાર જણાવે છે કે ङ्याप्ग्रहणं अनर्थकं प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणात् । (वा. 4) અર્થાત્ સૂત્રમાં ङी અને आप् એ બે પ્રત્યયોનું ઉચ્ચારણ ન કર્યું હોત તો પણ ચાલી શકત. કારણ કે 'પ્રતિપદિકના ગ્રહણથી લિંગવિશિષ્ટનું પણ ગ્રહણ થાય છે;' એવી પરિભાષા છે.

આના અનુસંધાનમાં નરેન્દ્રચંદ્ર નાથ જણાવે છે કે આ પરિભાષા પાણિનિની રચેલી કે પાણિનિને જ્ઞાત નથી. કારણ કે જો આવી પરિભાષા પાણિનિના સમયમાં પ્રચલિત હોત તો તેમણે ઉક્તસૂત્રમાં ङी અને आप् એવા સ્ત્રીત્વબોધક પ્રત્યયોનું ગ્રહણ ન કર્યું હોત. વિશેષમાં નરેન્દ્રચંદ્રનાથે એમ પણ જણાવ્યું છે કે આ પરિભાષા કાત્યાયનની પણ મૌલિક રચના નથી. જો આ પરિભાષા વાર્તિકકારની કૃતિ હોત તો प्रातिपदिकग्रहणे.....ग्रहणम् । એવું પ્રથમાન્ત પદ હોત; નહીં કે ग्रहणात् । એવું પંચમ્યન્ત. અર્થાત્ આ પરિભાષા વાર્તિકકાર પૂર્વે પ્રચલિત થયેલી છે અને તેથી તેઓ તેનો...ग्रहणात् એવા પદથી પંચમ્યન્ત નિર્દેશ કરે છે.

પ્રા. જ્યોર્જ કાર્દોના નરેન્દ્રચંદ્રનાથના ઉપર્યુક્ત પ્રથમ મુદ્દાને સ્વીકારે છે કે આ પરિભાષા પાણિનિને જ્ઞાત ન હતી. પરંતુ તેમણે નરેન્દ્રચંદ્રનાથના બીજા મુદ્દાનો સ્વીકાર કર્યો નથી. પ્રા. જ્યોર્જ કાર્દોના જણાવે છે કે વાર્તિકકારને તેમના પુરોગામીઓ પાસેથી આ પરિભાષા જ્ઞાત હોય કે નહીં;—પણ ઉક્ત વાર્તિકમાં "...અનર્થક છે, કારણ કે..." એવી વાક્યરચનાના સન્દર્ભમાં કાત્યાયનને માટે ग्रहणात् એવી પંચમી વિભક્તિ વાપરવી અનિવાર્ય હતી.[૧૮]

---

૧૮. જુઓ : Pāṇini, A Survey of Research by George Cardona (III., 1. 3. 7), page–168.

પ્રા. નરેન્દ્રચંદ્રનાથ અને પ્રા. જ્યોર્જ કાર્દોનોએ રજૂ કરેલી ઉપર્યુક્ત ચર્ચા સાથે સમ્મત થઈ શકાય એમ નથી. કારણ કે આ પરિભાષા પાણિનિપૂર્વેથી પ્રચલિત છે અને પાણિનિને સુવિદિત છે, ङ्याप्प्रातिपदिकात् । 4-1-1 સૂત્રમાં ङी અને आप् પ્રત્યયોનું ગ્રહણ કર્યું છે. તેથી એવું સાબિત નથી થતું કે પાણિનિને प्रातिपदिकग्रहणे० । પરિભાષાની માહિતી નથી. કારણ કે સ્વયં પાણિનિએ कुमारः श्रमणादिभिः । 2-1-70 અને युवाखलतिपलितवलिनजरतीभिः । 2-1-67 સૂત્રમાં कुमारः અને युवा એવા પુલિંગ શબ્દોનું ઉત્પાદન કરીને આ પરિભાષાનું અસ્તિત્વ જ્ઞાપિત કર્યું છે; સ્વીકાર્યું છે. ભગવાન ભાષ્યકારે પણ કહ્યું છે કે આવી પરિભાષા છે.[૧૯] હવે અહીં પ્રશ્ન થશે કે જો પાણિનિને આ પરિભાષાના અસ્તિત્વની ખબર હતી તો ङ्याप्प्रातिपदिकात् । 4-1-1 સૂત્રમાં ङी અને आप्નું ગ્રહણ શા માટે કર્યું છે. નરેન્દ્રચંદ્રનાથની ધ્યાન બહાર આ પ્રશ્નનો ઉત્તર રહી ગયો હોય તેમ જણાય છે. ङ्याप्प्रातिपदिकात् । 4-1-1 સૂત્ર ઉપર જ વાર્તિકકારે એ પણ જણાવ્યું છે કે तद्धितविधानार्थं तु ॥ (वा-16). અર્થાત્ તદ્ધિતનું વિધાન કરવા માટે સૂત્રમાં ङी અને आप्નું ગ્રહણ કરવું જોઈએ, કે જેથી ङ्यन्त અને आबन्तથી જ તદ્ધિત પ્રત્યયની ઉત્પત્તિ થાય. આમ, ङ्याप्प्रातिपदिकात् । 4-1-1 સૂત્રમાં ङी અને आप् પ્રત્યયનું પ્રયોજન ङ्याबन्तात्तद्धितोत्पत्तिर्यथा स्यात् । એ જ્ઞાપિત કરવા માટે છે. હવે જો ङी અને आप्નું ગ્રહણ સાર્થક-અન્ય પ્રયોજનાર્થે-હોય તો એમ કેવી રીતે કહી શકાય કે પાણિનિને प्रातिपदिकग्रहणे० । પરિભાષાની માહિતી ન હતી એ માટે તેમણે ङी, आप्નું ગ્રહણ કર્યું છે.

બીજું, ग्रहणात् એવા પંચમ્યન્ત પદ ઉપરથી નરેન્દ્રચંદ્રનાથે આ પરિભાષા વાર્તિકકારની નથી, પણ વાર્તિકકાર પૂર્વે એ પ્રચારમાં આવેલી છે, એમ જણાયું છે તે મુદ્દાનો સ્વીકાર કરી શકાય એમ છે. જો કે પ્રા. કાર્દોનાને નરેન્દ્રચંદ્રનાથની દલીલ સચોટ લાગી નથી. પરંતુ અગાઉ જણાવ્યું છે એ મુજબ જો વાર્તિકકાર ઉક્તચિંતાપ્રવર્તક વાર્તિકમાં કોઈ પરિભાષાનો નિર્દેશ કે ઉપયોગ કરતા હોય તો તે વાર્તિકકારની કૃતિ હોતી નથી. કારણ કે વાર્તિકકારના સમય સુધીમાં જે વ્યવસ્થાઓ અને સિદ્ધાન્તો પ્રચારમાં આવી ગયા છે તેમનો ઉપયોગ કરીને તેઓ પાણિનિનાં સૂત્રો ઉપર 'ઉક્તચિંતા' પ્રવર્તાવે છે. જ્યારે તેમને કાંઈક નવીન-અપૂર્વ કહેવાનું હોય છે ત્યારે તેઓ તે તે વ્યવસ્થાઓ કે સિદ્ધાન્તોને

૧૯. જુઓ : 2-1-67, સૂત્રભાષ્ય.

અનુક્તચિંતા કે દુરુક્તચિંતા રૂપે રજૂ કરતા હોય છે. પ્રકૃતમાં પણ વાર્તિકકારે ङ्याप् ગ્રહણનું પ્રયોજન વિચારવા માટે–અર્થાત્ ઉક્તચિંતા પ્રવર્તાવતાં–પાણિનિ-પૂર્વેથી પ્રચલિત થયેલી પરિભાષાને સ્વીકારીને '...ग्रहणात्' એવી દલીલ કરી છે.

* * *

૩. પતંજલિએ મહાભાષ્યમાં પદે પદે અનેક પરિભાષાઓનો નિર્દેશ કર્યો છે અને તેમનાં પોતાનાં ઘણાં ચર્ચાવાક્યો પણ પરિભાષા જેવાં દેખાય છે. આ પરિભાષાઓ સ્પષ્ટપણે બે ભાગમાં વહેંચાઈ જાય છે: (૧) પોતાના પુરોગામી-ઓની પરિભાષાઓને ભાષ્યકારે એકત્રિત કરી હોય તેવી પરિભાષાઓ અને (૨) ભાષ્યકારની પોતાની નવી રચના હોય તેવી પરિભાષાઓ.

(૧) ભાષ્યકાર પોતાના પુરોગામીઓની પરિભાષાઓની અર્થાત્ પોતાના સમયપૂર્વે પ્રચલિત થયેલી પરિભાષાઓનો ભાષ્યમાં નિર્દેશ કરતા હોય છે ત્યારે તેઓ ઇતિ કરણથી તેવી પરિભાષાનો નિર્દેશ કરે છે. જેમકે,

ક. निर्दिश्यमानस्यादेशा भवन्तीति । 6-4-130 सूत्रभाष्य.

ખ. धातोः कार्यमुच्यमानं तत्प्रत्यये भवतीति । 7-2-114 सूत्रभाष्य

આમ, ઇતિકરણથી નિર્ણય થઈ શકે છે કે આ પરિભાષા ભાષ્યકારની કૃતિ નથી. આવી ઇતિ કરણથી સંગૃહીત કરેલી પરિભાષાઓ પાણિનિપૂર્વેની, કાત્યાયનપૂર્વેની કે કાત્યાયનની તથા વ્યાડિની હોઈ શકે.

(૨) હવે, ભાષ્યકારે પોતે રચેલી જે પરિભાષાઓ છે તેના વિષે અહીં વિચારણા કરવી ઈષ્ટ છે. ભાષ્યકારે પોતે અનેક નવી પરિભાષાઓ રચી છે. પરંતુ 'અમુક પરિભાષા ભાષ્યકારની કૃતિ છે' એવો નિર્ણય કરવા માટે અનેક દૃષ્ટિકોણથી આ મુદ્દો તપાસવો પડે એમ છે. જેમકે;

ક. અષ્ટાધ્યાયીના સંદર્ભમાં તેમણે નવાં જ્ઞાપક વચનો શોધી કાઢ્યાં છે: प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । 1-1-62 સૂત્ર ઉપરના ભાષ્યમાં જણાવ્યું છે કે આ સૂત્રથી વર્ણાશ્રયમાં પ્રત્યયલક્ષણ થતું નથી, એમ સૂચવવા માટે સૂત્રમાં બીજીવાર 'પ્રત્યય'નું ગ્રહણ કર્યું છે.[૨૦] અર્થાત્ प्रत्ययलोपे तल्लक्षणम् । એવું જો કહ્યું હોત તો 'સર્વનામ વસ્તુમાત્રનો પરામર્શ કરનાર' હોવાથી પ્રત્યય સ્વરૂ-

૨૦. अथ द्वितीयं प्रत्ययग्रहणं किमर्थम् । प्रत्ययलक्षणं यथा स्याद्वर्णलक्षणं मा भूदिति ॥ 1-1-62 सूत्रमहाभाष्य.

પાશ્રિત કાર્યોમાં તો પ્રત્યયલક્ષણ થાત જ, પરંતુ વિશેષમાં વર્ણસ્વરુપાશ્રિત કાર્યોમાં પ્રત્યયલક્ષણ થવા આવત. તે ન થાય એ માટે પાણિનિએ બીજીવાર 'પ્રત્યય'નું ગ્રહણ કર્યું છે.

પૂર્વોક્ત સૂત્રસ્થ દ્વિતીય 'પ્રત્યય' ગ્રહણનું પ્રયોજન પહેલ-વહેલું ભાષ્યકારે નિર્દેશ્યું હોવાથી આ વચનના કર્તા ભાષ્યકાર છે એમ નક્કી થાય છે. આવું વચન વાર્તિકમાં કે 'પરિભાષાસૂચન'માં મળતું નથી.

ખ. પાણિનિપૂર્વેથી પ્રચલિત થયેલી પરિભાષા અષ્ટાધ્યાયીમાં સર્વાંશે સ્વીકાર્ય બની શકે તેમ છે કે નહીં; તેની સૂક્ષ્મેક્ષિકાથી વિચારણા કરતાં ક્યારેક ભાષ્યકારને કોઈ સંકોચ વચન પણ રજૂ કરવું પડયું હોય છે. આવું વચન પાછળથી પરિભાષા રૂપે પ્રચલિત થાય છે. જેમકે—

अर्थवद्ग्रहणे नानर्थकस्य । પરિભાષા પાણિનિપૂર્વેથી પ્રચાર પામી છે અને પાણિનિને સમ્મત પણ છે, તેવું પૂર્વોક્ત વાર્તિક અને જ્ઞાપક ઉપરથી ફલિત થાય છે. તથાપિ ભાષ્યકારે જોયું કે સમગ્ર તંત્રમાં આ પરિભાષા પ્રવૃત્ત કરી શકાય એમ નથી. આથી તેમણે જણાવ્યું કે સૂત્રમાં જ્યાં જ્યાં अन्, इन् अस् તથા मन् નું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં ત્યાં અનર્થકનું પણ ગ્રહણ કરવું. પરિણામે अन् આદિના ગ્રહણથી અનર્થકમાં પણ તદન્તવિધિ સિદ્ધ રહે છે. येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપરના ભાષ્યમાં રજૂ થયેલું अनिनस्मन्ग्रहणान्यर्थवता चानर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति । એવું વચન પાછળથી પરિભાષા રૂપે પ્રચલિત થયું છે. અષ્ટાધ્યાયીના સંદર્ભમાં આ પરિભાષાની રચના થઈ હોવાથી તેનો સમય પાણિનિપૂર્વેનો નથી. વળી, આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં કે વાર્તિકમાં રજૂ થઈ નથી. આથી સિદ્ધ થાય છે કે સ્વતંત્રવાચનિકી એવી આ પરિભાષા ભાષ્યકારની કૃતિ છે.

ગ. ક્યારેક કાત્યાયનની રચેલી પરિભાષામાં પણ ભાષ્યકાર ઉમેરો કરે છે. આવા ઉમેરાવાળો પાઠ જ પાછળથી સ્વીકારાયો હોય એમ જોવા મળે છે. જેમકે, સમાસવિધિના સંદર્ભમાં વાર્તિકકારે એક અનુક્તચિંતાપ્રવર્તક વાર્તિકમાં જણાવ્યું છે કે गतिकारकोपपदानां कृद्भिः सह समासवचनम् । 4-1-48, वा-4. આ પરિભાષા વાર્તિકકારની કૃતિ છે. કારણ કે તે અનુક્તચિંતાપ્રવર્તક વાર્તિકમાં રજૂ થઈ છે અને કોઈ જ્ઞાપકનિર્દેશથી તેની સિદ્ધિ થઈ શકતી નથી. ભાષ્યકારે આ પરિભાષાને અષ્ટાધ્યાયીના સંદર્ભમાં તપાસીને તેમાં प्राक् सुबुत्पत्तेः । એટલો અંશ નવો ઉમેર્યો છે. જેથી આ પરિભાષા विप्रतिषेधे परं कार्यम् । 1-4-2

ની જેમ કાર્યવ્યવસ્થાપક બની રહે છે. પુરુષોત્તમદેવાદિ દરેક પરિભાષાવૃત્તિકારે ભાષ્યકારોક્ત નવા અંશ સહિતનો પરિભાષાપાઠ સ્વીકાર્યો છે. અહીં આ પરિભાષાના ઉત્તરાંશનું કર્તૃત્વ ભાષ્યકારનું છે, એમ કહેવું જોઈએ.

घ. व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणम् ।

એવી પાણિનિપૂર્વેથી પ્રચલિત થયેલી અને પાણિનિને અભીષ્ટ જે પરિભાષા છે; તેના કહેવા મુજબ ભાષ્યકારે પોતાના વચન સામર્થ્યથી પણ કેટલીક સ્વતંત્ર વાચનિકી પરિભાષાઓ રજૂ કરી છે : येन विधिस्तदन्तस्य । 1-1-72 तदन्तविधि વિધાયક પરિભાષાસૂત્રનો અર્થાનુવાદ કરનારી प्रत्ययग्रहणे यस्मात्स प्रत्ययो विहितः तदादेस्तदन्तस्य च ग्रहणम् । પરિભાષામાં 'પ્રત્યય ગ્રહણથી તદાદ્યંશ અને તદન્તાંશ બન્નેની ઉપસ્થિતિ થાય છે' એમ જણાવ્યું છે. પરંતુ ભાષ્યકારે જોયું છે કે જ્યાં સ્ત્રીપ્રત્યય અનુપસર્જનીભૂત હોય ત્યાં તદાદ્યંશની ઉપસ્થિતિ અનિષ્ટકારક છે. જેમકે, परमकारीषगन्धीपुत्रः । ઉદાહરણની જેમ अतिकारीषगन्ध्यापुत्रः । માં પણ ष्यङः संप्रसारणं पुत्रपत्योस्तत्पुरुषे । 6-1-13ની પ્રવૃત્તિ થવા આવે છે. માટે આવા સંદર્ભમાં તદાદ્યંશનું નિષેધક વચન રજૂ કરવું આવશ્યક છે. તેમણે જણાવ્યું છે કે અનુપસર્જન સ્ત્રીપ્રત્યયમાં તદાદિનું ગ્રહણ થતું નથી.[૨૧]

ભાષ્યકારે રજૂ કરેલું આ નિષેધવચન પાછળથી પરિભાષા રૂપે પ્રચલિત બન્યું. આવી પરિભાષા 'પરિભાષાસૂચન'માં નથી, તેમ જ વાર્તિકમાં પણ તેનો નિર્દેશ નથી. સ્પષ્ટ પણે આ ભાષ્યકારની કૃતિ છે.

આ જ પ્રમાણે, यथोद्देशं संज्ञापरिभाषम् । અને कार्यकालं संज्ञापरिभाषम् । એવી પરિભાષાઓને પણ ભાષ્યકારની કૃતિ માનવી જોઈએ.

ङ. આ ઉપરાંત, ભાષ્યકારનાં કેટલાંક ચર્ચા-વાક્યોને પણ પાછળથી પરિભાષા રૂપે સ્વીકારવામાં આવ્યાં છે. જેમકે,

(૧) उभयत आश्रये नान्तादिवत् ॥ 6-1-85, सूत्रभाष्य ।
(૨) ननु च भो अभेदका अपि गुणाः दृश्यन्ते ॥ 1-1-1 सूत्रभाष्य ।
(૩) उणादयोऽव्युत्पन्नानि प्रातिपदिकानि ॥ 7-1-2 सूत्रभाष्य ।
(૪) नञिवयुक्तमन्यसदृशाधिकरणं तथा ह्यर्थगतिः ॥ 3-1-12 सूत्रभाष्य ।

---

૨૧. अस्त्रीप्रत्ययेनानुपसर्जनेन । 6-1-13, सूत्रमहाभाष्य.

૩.

મહાભાષ્યના રચનાકાળ પછીની પરિભાષાઓ :

મહાભાષ્યની રચના થઈ ગયા પછી જે પરિભાષાઓ રચાઈ છે તે સંખ્યાની દૃષ્ટિએ ઘણી ઓછી છે. આવી પરિભાષાઓની રચના બે રીતે થઈ હોય એમ જોવા મળે છે : (૧) કોઈ સૂત્ર ઉપરની ભાષ્યચર્ચામાંથી તે ધ્વનિત થતી હોય છે અને (૨) કાશિકાકારાદિ વૃત્તિકારોએ અને પરિભાષાવૃત્તિકારોએ નવાં જ્ઞાપકવચનો નિર્દેશીને તેને પરિભાષા રૂપે પ્રચલિત કરી હોય છે. મહદંશે આવી પરિભાષાઓ શિષ્ટ પ્રયોગોના સાધુત્વ બોધન માટે રચાઈ છે.—ઉદાહરણ તરીકે જોઈએ તો —

(૧) ક. सहचरितासहचरितयोः सहचरितस्यैव ग्रहणम् । આ પરિભાષા विपराभ्यां जेः ॥ 1-3-19 અને कर्मप्रवचनीययुक्ते द्वितीया । 2-3-8 સૂત્ર ઉપરની ભાષ્યચર્ચામાંથી ધ્વનિત થાય છે. જેમકે, विपराभ्यां जेः 1-3-19 સૂત્ર ઉપર ચર્ચા કરવામાં આવી છે : "આ (1-3-19) સૂત્રમાં वि અને परा એવા ઉપસર્ગોનું જ ગ્રહણ કરવું જોઈએ; કે જેથી परा जयति सेना । એવા ઉદાહરણમાં આત્મનેપદ ન થઈ જાય. (પૂર્વપક્ષી) 'તો સૂત્રમાં ઉપસર્ગ એવા પદનું ગ્રહણ કરવું જોઈએ.' (સિદ્ધાન્તી) આવું કહેવાની ('ઉપસર્ગ' પદનું ગ્રહણ કરવાની) જરૂર નથી. જો કે અહીં (સૂત્રમાં) परा શબ્દ દૃષ્ટાપચાર છે. અર્થાત્ તે ઉપસર્ગ તરીકે અને અનુપસર્ગ તરીકે પણ મળી આવે છે. પરંતુ આ वि શબ્દ તો અદૃષ્ટાપચાર છે, એટલે કે કેવળ ઉપસર્ગ તરીકે જ તેની પ્રાપ્તિ થાય છે માટે જે वि પોતે ઉપસર્ગ છે, તેનો દ્વિતીય (ઉપસર્ગ ભિન્ન) (તત્સદૃશ સાથી) બીજો કયો परा શબ્દ હોઈ શકે ? અર્થાત્ वि નો સાથી, જે ઉપસર્ગ હોય તે જ परा શબ્દ અહીં સૂત્રમાં હોવો જોઈએ. જેવી રીતે 'આને બળદના બીજા જોડીદારની જરૂર છે;' એમ કહેવાથી બીજા બળદને જ લાવવામાં આવે છે, નહીં કે ગાયને કે ઘોડાને."[૨૨] આ ચર્ચામાંથી સહચરિત પરિભાષા ધ્વનિત થાય છે.

---

૨૨. यद्यपि तावदयं पराशब्दो दृष्टापचार उपसर्गश्चानुपसर्गश्चायं तु खलु विशब्दो दृष्टापचार उपसर्ग एव । तस्यास्य कोऽन्यो द्वितीयः सहायो भवितुमर्हत्यन्यदत उपसर्गात् । तद्यथा । अस्य गौर्द्वितीयेनार्थ इति गोरेवोपादीयते नाश्वो न गर्दभ इति ॥

1-3-19, सूत्रमहाभाष्य.

ख. कार्यमनुभवन् हि कार्यी निमित्ततया नाश्रीयते । અહીં स्थण्डिलाच्छयितरि व्रते । 4-2-15 સૂત્રસ્થ शयितरि એવો નિર્દેશ અથવા कुटादि ગણમાં कुङ् નો પાઠ કર્યો છે, તે આ પરિભાષાના न हि कार्यी निमित्ततयाश्रीयते । એ અંશનો જ્ઞાપક છે. આ જ્ઞાપકો ભાષ્યોક્ત નથી, પણ પાછળથી સીરદેવાદિ પરિભાષાકારોએ દર્શાવ્યાં છે. પરંતુ આ પરિભાષાનો कार्यमनुभवन् એવો પૂર્વાંશ द्विर्वचनेऽचि । 1-1-59 સૂત્ર ઉપરના ભાષ્યમાંથી ધ્વનિત થયેલો છે.[૨૩]

(૨) क. संज्ञापूर्वको विधिरनित्यः । આ પરિભાષા ભાષ્યમાં પ્રાપ્ત થતી નથી. और्गुणः । 6-4-146 સૂત્ર ઉપર કાશિકાકારે જણાવ્યું છે કે ओरोत् એવું કહેવાને બદલે આ સૂત્રમાં गुणः પદનું ગ્રહણ કર્યું છે. તેનું પ્રયોજન એ છે કે સંજ્ઞાપૂર્વકનો જે વિધિ હોય એ અનિત્ય થાય. પરિણામે स्वायंभुवम् એવો પ્રયોગ સિદ્ધ થાય છે.[૨૪] કાશિકાકારોક્ત આ જ્ઞાપકવચન પાછળના સમયમાં પરિભાષા રૂપે પ્રચલિત બનેલ છે.

ख. गणकार्यमनित्यम् । આ પરિભાષા દુર્ગસિંહકૃત 'કાતન્ત્રપરિભાષાસૂત્રવૃત્તિ'માં પહેલ વહેલી રજૂ થઈ છે. તેને પુરુષોત્તમદેવે સ્વીકારી છે અને પાણિનીય વ્યાકરણમાં સ્થાન અપાવ્યું છે. જેમ કે, क्षिमूष सहने । ધાતુ भिदादि હોવાથી જ अङ् સિદ્ધ હતો છતાંય તેને षित् કરણ કર્યું છે. તેથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે, એમ તેમણે જણાવ્યું છે.[૨૫] આવી પરિભાષાથી પુરુષોત્તમદેવે न विश्वसेत् पूर्वविरोधितस्य । અને मण्डपे शयामि । જેવા પ્રયોગોની સિદ્ધિ થતી દર્શાવી છે.

૪.

પરિભાષાઓનો સમયનિર્ણય અને કર્તૃત્વ કેવી રીતે નક્કી કરવું; તેની આટલી ચર્ચા કર્યા પછી આપણે જે પરિભાષાઓનો સમય અને કર્તૃત્વ સંદિગ્ધ રહે છે, તેની ચર્ચા કરીશું :

---

૨૩. अज्ग्रहणस्येतत्प्रयोजनमिह मा भूत् । जेघ्रीयते देघ्मीयते इति ॥
1-1-56, सूत्रमहाभाष्य.

૨૪. ओरोदिति वक्तव्ये गुणग्रहणं संज्ञापूर्वको विधिरनित्यो यथा स्यात् तेन स्वायंभुव इति सिद्धं भवति ॥ 6-4-46, सूत्र उपर काशिका.

૨૫. अयमर्थः क्षमूष सहने इत्यस्य भिदादित्वादेवाङि सिद्धे षित्करणेन ज्ञापितः । परिभाषासंग्रह, पृष्ठ-156.

(૧) વાર્તિકકારે અનુબન્ધવિષયક બે પક્ષો જ્યાં રજૂ કર્યા છે ત્યાં પતંજલિએ ચર્ચા કરી છે: "અનુબન્ધ અવયવ છે અને અનવયવ છે; એમ બન્ને પ્રકારે કહેવાયું. તો આ બન્ને પક્ષોમાંથી ન્યાય્ય પક્ષ કયો છે? અનુબન્ધ અવયવ (एकान्तः) છે; એ જ પક્ષ ન્યાય્ય છે.[૨૬] પરંતુ અનુબન્ધો અવયવ છે, તેવી સિદ્ધાંત વ્યવસ્થા સ્વીકારવામાં આવે તો ત્રિવિધ દોષાપત્તિ થાય છે. જેમ કે, (૧) અસરૂપ વિધિમાં દોષ આવે છે; (૨) दिव औत् । 7-1-84 સૂત્રોક્ત औत् આદિ સર્વાદેશ થવા આવે છે. અને (૩) दाधाघ्वदाम् । 1-1-20 સૂત્રસ્થ अदाप् એ પદમાં આવેલા दाप् શબ્દથી दैप् ધાતુનો સંગ્રહ થતો નથી, માટે दाप् અને दैप्નો પૃથક્ નિર્દેશ કરવો જોઈએ. આ ત્રિવિધ દોષાપત્તિનો પરિહાર કરતાં ભાષ્યકાર જણાવે છે કે (૧) ददाति दधात्योर्विभाषा । 3-1-139 સૂત્રમાં વિકલ્પે श નું વિધાન. (૨) अनेकाल्शित्सर्वस्य । 1-1-55 સૂત્રમાં शित् ગ્રહણ અને (૩) उदीचां माङो व्यतीहारे। 3-4-19 સૂત્રમાં मेङ् ધાતુનો आत्व વિશિષ્ટ નિર્દેશ કરીને પાણિનિએ અષ્ટાધ્યાયીમાં અનુબન્ધ વિષયક ત્રિવિધ વ્યવસ્થા જ્ઞાપિત કરી છે. જેમ કે, नानुबन्धकृतमसारूप्यम् । (૨) नानुबन्धकृतमनेकाल्त्वम् । અને (૩) नानुबन्धकृतमनेजन्तत्वम् । આ ત્રિવિધ જ્ઞાપકવચનોથી અનુબન્ધોને અવયવ માનવાથી પ્રાપ્ત થતા દોષો નિવૃત્ત થાય છે.

આ ત્રણ જ્ઞાપકવચનોમાંથી नानुबन्धकृतमनेजन्तत्वम् । સિવાયનાં બાકીનાં બે જ્ઞાપકવચનો 'પરિભાષાસૂચન'માં પરિભાષા રૂપે રજૂ થયાં છે. પરંતુ ભાષ્ય પછીના તમામ પાણિનીય પરિભાષાપાઠો અને પરિભાષાવૃત્તિ ગ્રંથોમાં આ ત્રણ જ્ઞાપકવચનો પરિભાષા રૂપે રજૂ થયાં છે.

આ ત્રણેય જ્ઞાનપકવચનો પાણિનિપૂર્વેના છે, તેમ કહી શકાશે નહીં. કારણ કે તે ત્રણેય જ્ઞાપકવચનો પાણિનિસ્વીકૃત અષ્ટાધ્યાયીસ્થ વ્યવસ્થાના ઉદ્બોધક છે. જો પરિભાષાસૂચનને ભાષ્યકાર પછીની કૃતિ માનો તો ઉક્ત ત્રણેય પરિભાષાઓનું કર્તૃત્વ પતંજલિને અર્પવું જોઈએ.

टिड्ढाणञ्द्वयसज्दघ्नञ्मात्रच् । 4-1-15 સૂત્ર ઉપરના ભાષ્યમાં પતંજલિ જણાવે છે કે अननुबन्धकग्रहणे हि सानुबन्धकस्य ग्रहणम् न भवतीति । અને तदनुबन्धकग्रहणेऽतदनुबन्धकग्रहणं नेति । એવી પરિભાષાઓ છે.

---

૨૬. उभयमिदमनुबन्धेषुक्तमेकान्ता अनेकान्ता इति । किमत्र न्याय्यम् । एकान्ता इत्येव न्याय्यम् ॥ 1-3-9, सूत्र महाभाष्य.

વામદેવાડ્ડયડ્ડયૌ । 4-2-9 સૂત્રમાં ય અને યત્ પ્રત્યયોને ડિત્ કરણ કરીને આચાર્ય પાણિનિએ આવી અનુબન્ધવિષયક બે પરિભાષાઓ જ્ઞાપિત કરી છે.

ભાષ્યકારે આ બેને જ્ઞાપકસિદ્ધિ પરિભાષા કહી છે. તથાપિ એ બે જ પરિભાષાઓ પાણિનિપૂર્વે પ્રચલિત હશે એમ નિઃસંશયપણે કહી શકાય એમ નથી. કારણ કે ભાષ્યકારે નિર્દેશેલી તદનુબન્ધકગ્રહણે૦ । પરિભાષા અને અથવા વાર્તિકકારે અવતારેલી અનુવન્ધકગ્રહણે૦ । પરિભાષા જ પાણિનિપૂર્વે પ્રચલિત હશે, એમ કોઈ કહે તો એવો પણ પ્રશ્ન પૂછી શકાય કે, 'પરિભાષાસૂચન'માં મળતી એકાનુવન્ધકગ્રહણે૦ । અને નિરનુવન્ધકગ્રહણે૦ । પરિભાષાઓ પાણિનિપૂર્વે શા માટે પ્રચલિત ન હોઈ શકે ? 'પરિભાષાસૂચન'માં મળતી આ પરિભાષાઓ પણ વામદેવાડ્ડચડ્ડયો । 4-2-9 સૂત્ર ઉપરથી જ જ્ઞાપિત થાય છે.

અહીં વાસ્તવિક પરિસ્થિતિનું પર્યાલોચન કરતાં એમ જણાય છે કે પાણિનિએ આગમ, પ્રત્યયાદિને જુદા જુદા અને એક કે એકથી વધારે અનુબન્ધો જોડયા છે. તેથી અમુક નિયમો પ્રાપ્ત થાય છે, એમ પાછળથી શોધાયું છે. જેમકે, વામદેવાડ્ડચડ્ડચૌ । 4-2-9 સૂત્રમાં ચ અને યત્ પ્રત્યયોના ડિત્ કરણથી પરિભાષાસૂચનકારે એકાનુવન્ધકગ્રહણે૦ । અને નિરનુવન્ધગ્રહણે૦ । એવી બે પરિભાષાઓને જ્ઞાપિત થતી માની છે. ઉક્તચિંતાપ્રવર્તક વાર્તિકમાં વાર્તિકકારે અનનુવન્ધકગ્રહણે હિ ન સાનુવન્ધકસ્ય । 4-1-15 વા. 2 એ પરિભાષાને અવતારી છે. અને ભાષ્યકારે તેના જ અનુસંધાનમાં તદનુવન્ધકગ્રહણેઽતદનુવન્ધકસ્ય નેતિ । એવી પરિભાષાને અવતારી છે. વિશેષમાં પતંજલિએ પણ આ બે પરિભાષાઓને વામદેવાડ્ડચડ્ડચૌ । 4-2-9 સૂત્ર વિહિત ય અને યત્ પ્રત્યયોના ડિત્ કરણ સામર્થ્યથી જ્ઞાપિત થતી માની છે.

આગમો અને પ્રત્યયાદિને વિવિધ અનુબંધો જોડવા પાછળ કોઈ ચોક્કસ પ્રકારના નિયમો અને પ્રયોજનો પાણિનિને અભિપ્રેત છે, એટલું તો સર્વસંમત બને એમ છે. પરંતુ તે કયા નિશ્ચિત શબ્દસ્વરૂપમાં પાણિનિપૂર્વે પ્રચલિત હતા કે પાણિનિને અભિપ્રેત હતાં તે કહેવું મુશ્કેલ છે. વ્યાડિ, વાર્તિકકાર અને ભાષ્યકાર એ ત્રણેયમાંથી કોઈની પાસે આની ચોક્કસ માહિતી નથી. સંભવ છે કે પાણિનિપૂર્વે આ ચતુર્વિધ પરિભાષાઓથી ભિન્ન એવી કોઈ પરિભાષા પ્રચલિત હોય અથવા આ ચારમાંથી કોઈ એક, બે, ત્રણ કે ચારેય પ્રચારમાં હોય. આ વિષયમાં કોઈ એકાન્તિક નિર્ણય લેવો તે સાહસ છે.

(૨) આ શાસ્ત્રમાં આગમની પ્રવૃત્તિ કર્યા પછી બીજા કોઈ કાર્યની પ્રાપ્તિ થાય તો તે કાર્ય આગમવિશિષ્ટ આગમીને થાય છે. કારણ કે આગમ આગમીનો અવયવ બનીને રહે છે. આ વ્યવસ્થા કહેનાર પરિભાષા છે : आगमा यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । વાર્તિકકારે આ પરિભાષાને दाधाध्वदाप् । 1-1-20 સૂત્ર ઉપર न वार्थवतो ह्यागमस्तद्गुणीभूतस्तद्ग्रहणेन गृह्यते यथान्यत्र । વા. 5 । માં રજૂ કરી છે. સંભવતઃ વાર્તિકકાર આ પરિભાષાના પ્રવર્તક હશે. કારણ કે આ પરિભાષાનું જ્ઞાપકવચન ભાષ્યકારે ઉચ્ચાર્યું નથી. તથા 'પરિભાષાસૂચન'માં પણ આ પરિભાષા પ્રાપ્ત થતી નથી. 'પરિભાષાસૂચન'માં આ જ અર્થવાળું એક પરિભાન્તર મળે છે. જેમકે, तद्भक्तस्तद्ग्रहणेन गृह्यते । 17 आने मुक् । 7-2-82 સૂત્ર ઉપર વાર્તિકકાર અને ભાષ્યકારે अनुक्रमे अभक्ते च । વા. 2 અને अदुपदेशभक्तोऽदुपदेशग्रहणेन ग्राहिष्यते । એવા વચનોમાં આ तद्भक्तस्तद्ग्रहणेन गृह्यते । પરિભાષાનો નિર્દેશ કર્યો છે. એટલે કે વાર્તિકકારની પૂર્વેના સમયમાં तद्भक्तस्तद्ग्रहणेन गृह्यते । એવી પરિભાષા પ્રચલિત હશે. જેમાં ફેરફાર કરીને વાર્તિકકારે એ જ પરિભાષાર્થને નવા શબ્દોમાં રજૂ કર્યો છે.

પૂર્વોક્ત પરિભાષાથી 'આગમ આગમીનો અવયવ થાય છે.' એવી વ્યવસ્થા તો સૂચવાય છે. પરંતુ પ્રકૃતિને પ્રત્યય લાગે ત્યારે તે કેવા સ્વરૂપે રહે છે, તેની વ્યવસ્થા કરવા માટે तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते । એવી પરિભાષા છે. પતંજલિએ ह्रस्वनद्यापो नुट् । 7-1-54 સૂત્ર ઉપરના ભાષ્યમાં आगमस्तन्मध्यपतितत्वाद्धातुग्रहणेन ग्रहणात् । એ વાક્યમાં આ પરિભાષાનો સ્વીકાર કર્યો છે. આ જ પરિભાષાના અર્થને કહેનારી બીજી એક પરિભાષા પણ પ્રચારમાં છે. જેમકે, तदेकदेशभूतस्तद्ग्रहणेन गृह्यते । વાર્તિકકારે येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપર तदेकदेशविज्ञानाद्वा सिद्धम् । (વા. 7)માં આ પરિભાષાનો નિર્દેશ કર્યો છે. અને ભાષ્યકારે જણાવ્યું છે તે મુજબ नेदमदसोरकोः । 7-1-11 સૂત્રસ્થ अकोः એવા નિષેધથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે. પરંતુ અહીં એ મુદ્દો સંદિગ્ધ રહે છે કે પાણિનિપૂર્વે એક જ અર્થવાળી આ બે પરિભાષાઓમાંથી કઈ પરિભાષા પ્રચારમાં હશે. સંભવ છે કે બંને સ્વરૂપે તેઓ પ્રચારમાં હોય, કારણ કે 'પરિભાસૂચન'માં આ બન્નેય પરિભાષાઓ પ્રાપ્ત થાય છે અને ભાષ્યમાં પણ તે બંનેનો નિર્દેશ છે.

(૩) આ શાસ્ત્રમાં પરત્વ, નિત્યત્વ, અંતરંગત્વ અને અપવાદિત્વાદિ

વિષયક બીજી અનેક પરિભાષાઓ પ્રચલિત છે. તે દરેકનો રચના સમય જો કે પાણિનિ પછીનો છે, તથાપિ આ અંતરંગત્વાદિ બાધકબીજો કયા સમયમાં પ્રચલિત થયાં હશે, તેના પ્રથમ નિર્દેશક કોણ હશે, તે સંદિગ્ધ છે. એક તરફથી જોતાં તે પાણિનિપૂર્વેના હોય તેમ જણાય છે. તો બીજી તરફથી તે પાણિનિ પછીના હોય એમ જણાય છે. આની વિગતે ચર્ચા કરવાથી આ મુદ્દો સ્પષ્ટ થશે :

પાણિનિએ અષ્ટાધ્યાયીનાં સૂત્રો વચ્ચેનો પ્રબલ-દુર્બલભાવ અને સિદ્ધા-સિદ્ધભાવનો નિર્ણય કરવા માટે બે સૂત્રો રજૂ કર્યાં છે : (૧) विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 અને पूर्वत्रासिद्धम् । ૮-2-1. આમાંથી પહેલું (1-4-2) સૂત્ર જણાવે છે કે સમાન બળવાળા અનેક શાસ્ત્રોની એક જ સ્થળે યુગપત્ પ્રાપ્તિ થતાં જે પરશાસ્ત્ર(થી કાર્ય કહ્યું) હોય તેની જ પ્રવૃત્તિ કરવી. આમ, પાણિનિએ પોતાનાં સૂત્રો વચ્ચેનો પ્રબલ-દુર્બલભાવ નક્કી કરવા માટે આ સૂત્ર રજૂ કરીને 'પરત્વ'નો બાધકબીજ તરીકે ઉલ્લેખ કર્યો છે. આ સૂત્રથી સપાદ-સપ્તાધ્યાયીમાં વ્યવસ્થા થાય છે. પરંતુ શેષ ત્રિપાદીમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

એ (ત્રિપાદી) વિભાગને માટે પાણિનિએ પૂર્વોક્ત (૮-2-1) અધિકારસૂત્ર મૂક્યું છે. આ સૂત્ર જણાવે છે કે સપાદસપ્તાધ્યાયીની દૃષ્ટિએ ત્રિપાદી અસિદ્ધ છે. વળી, આ સૂત્ર અધિકારસૂત્ર હોવાથી બીજી એક વ્યવસ્થા એ પ્રાપ્ત થાય છે કે ત્રિપાદીમાં પણ પૂર્વ પૂર્વ સૂત્રની દૃષ્ટિએ પર પર સૂત્ર અસિદ્ધ છે, અર્થાત્ ત્રિપાદીમાં પૂર્વ પૂર્વ સૂત્ર બળવાન છે.

પાણિનિએ विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્રની રચના કરી તે પછી આ સૂત્રને બે રીતે સમજવામાં આવતું. જેમકે, કેટલાક વ્યક્તિપક્ષ વાદીઓ આ સૂત્રને નિયમસૂત્ર સમજતાં. બીજા કેટલાક જાતિપક્ષવાદીઓ આ સૂત્રને વિધિ-સૂત્ર સમજતાં. પરિણામે દ્વિવિધ વ્યવસ્થા પ્રાપ્ત થઈ :

(૧) सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तद्बाधितमेव ॥

(૨) पुनः प्रसंगविज्ञानात्सिद्धम् ।

આ બન્ને વચનો પાણિનિના પૂર્વોક્ત (1-4-2) સૂત્રની રચના થયા પછીથી તૈયાર થયાં છે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી. પરંતુ આ પરિભાષા-વચનોનો ચોક્કસ સમય શું હશે? અથવા તેના કર્તા કોણ હશે? તે વિવાદસ્પદ છે. આ (1-4-2) સૂત્ર ઉપરના ભાષ્યમાં પતંજલિએ જણાવ્યું છે કે આચાર્ય सकृद्गतौ विप्रतिषेधे० । એવું વચન કરશે અને ફરીથી એવું (એક બીજું)

વચન પણ કરશે કે पुनः प्रसंगविज्ञानात्सिद्धम् ।[૨૭]—અહીં ભાષ્યકારે ઉચ્ચારેલો 'આચાર્ય' શબ્દ કોને માટે વપરાયો હશે તે વિશે મતભેદ પ્રવર્તે છે. એક તરફ, ભાષ્યપ્રદીપોદ્યોતના કર્તા નાગેશ ભટ્ટ જણાવે છે કે आचार्यः वार्तिककारः । અને બીજી તરફ, પંડિત યુધિષ્ઠિર મીમાંસક જણાવે છે કે पुनः प्रसंगविज्ञानात्० । એ વાક્ય વાર્તિક (7-4-10, વા-3)માં મળે છે; પરંતુ सकृद्गतौ विप्रतिषेधे० । એવું વચન કયાંય વાર્તિકમાં હોય એમ જોવા મળતું નથી. આથી, તેમના (પં. યુધિષ્ઠિર મીમાંસકના) મતે અહીં आचार्य પદ પાણિનિને માટે વપરાયું છે. (આના આધારે તેમણે એવું પણ અનુમાન કર્યું છે કે પાણિનિએ પોતે પણ કોઈક પરિભાષાપાઠનું વ્યાખ્યાન કર્યું હતું; જે આજે અનુપલબ્ધ છે.)[૨૮]

પરંતુ પં. યુધિષ્ઠિર મીમાંસકનો અભિપ્રાય એકદમ સ્વીકાર્ય બને એમ નથી. કારણ કે (૧) પાણિનિનાં ઘણાં સૂત્રો ઉપરનું ભાષ્ય આજે મળતું નથી. આવા કોઈક અંશમાં આ પરિભાષાનો વાર્તિકમાં ઉલ્લેખ થયો હોવા છતાંય તે આજે લુપ્ત થયું હોય એમ બનવું શક્ય છે. (૨) પાણિનિએ જો કોઈ પરિભાષાપાઠ રચ્યો હોય તો ગણપાઠ, ધાતુપાઠ, લિંગાનુશાસનની સાથે સાથે તે પણ મળી આવવો જોઈએ. પણ મળતો નથી. (૩) વાર્તિકકારે પ્રસ્તુત કરેલી અથવા વાર્તિકકારની પૂર્વેથી પ્રચલિત થયેલી કેટલીક પરિભાષાઓને પતંજલિએ પાણિનિના સૂત્ર ઉપરથી જ સિદ્ધ કરી બતાવી હોય છે. તેવી જ રીતે પતંજલિએ આ સૂત્ર (1-4-2)નું નિયમસૂત્ર અને વિધિસૂત્ર રૂપે અર્થઘટન કરીને અનુક્રમે सकृद्गतौ० । અને पुनः प्रसंगविज्ञानात्० । એ પરિભાષાઓની પણ સિદ્ધિ કરી બતાવી છે.

બીજી તરફ, વાર્તિકકારે ऋतश्च संयोगादेः० । 7-4-10 સૂત્ર ઉપર पुनः प्रसंगविज्ञानात्...। વા-3, એવું વાર્તિક રજૂ કર્યું છે. આ વાર્તિક ઉક્તચિંતાપ્રવર્તક હોવાથી તે વાર્તિકકારનું તો નથી જ, પણ વાર્તિકકારની પૂર્વેથી પ્રચલિત થયું હોય એમ જણાય છે.

* * *

विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્ર ઉપર વાર્તિકકારે એક પ્રસ્તાવ રજૂ કર્યો છે : अन्तरङ्गं च (વા-8) અર્થાત્ "અન્તરંગ શાસ્ત્ર બળવાન છે"

---

૨૭. एतावदिह सूत्रं विप्रतिषेधे परिमिति । पठिष्यति ह्याचार्यः । सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तद् बाधितमेवेति । पुनश्च पठिष्यति । पुनःप्रसङ्गविज्ञानात्सिद्धमिति ॥ 1-4-2 सूत्रमहाभाष्य.

૨૮. જુઓ : પાદટીપ-3.

એવું વચન કરવું જોઈએ. આમાંથી સૂચન લઈને પુરુષોત્તમદેવે अन्तरङ्गबहिरङ्गयोरन्तरङ्गं बलवत् । 43 ॥ એવી પરિભાષાને પ્રચારમાં મૂકી છે.

હવે આપણે આ પરિભાષાનો રચના સમય વિચારીએ. કેટલાક વિદ્વાનોનું મન્તવ્ય એવું છે કે આ પરિભાષા વાર્તિકકાર કાત્યાયનની રચના છે. કારણ કે (૧) આ પરિભાષા અનુક્તચિંતાપ્રવર્તક વાર્તિકમાં રજૂ થઈ છે, અને (૨) સમગ્ર અષ્ટાધ્યાયીમાં अन्तरङ्ग અને बहिरङ्ग એવા કોઈ શબ્દો મળતા નથી. આથી આ પરિભાષા પાણિનિપૂર્વેથી પ્રચલિત હોવી શક્ય નથી. પરંતુ આ અભિપ્રાય પણ વિવાદાસ્પદ છે. કારણ કે આ પરિભાષા કાત્યાયનની છે એમ કહેવા માટેના જો પુરાવાઓ મળતા હોય તો બીજી તરફ, તે પાણિનિપૂર્વેની હોવાના પુરાવાઓ પણ રજૂ કરી શકાય એમ છે.

अन्तरङ्गं च बलीयः । એવી પરિભાષા રજૂ કરી, તેના અનુસંધાનમાં પતંજલિએ બીજી એક પરિભાષાનું પણ સૂચન કર્યું છે : असिद्धम् बहिरङ्गमन्तरङ्गे । (असिद्धं बहिरङ्गलक्षणमन्तरङ्गलक्षणे इति ।) વિશેષમાં-જણાવ્યું છે કે વાર્તિકકારે રજૂ કરેલી અને પોતે સૂચવેલી એમ બન્નેય પરિભાષાઓ કરવાની જરૂર નથી. કેમકે असिद्धम् बहिरङ्गमन्तरङ्गे । એવી એક જ પરિભાષાથી બન્નેનાં પ્રયોજનો સિદ્ધ થઈ જશે. વળી, આગળ ઉપર ભાષ્યકારે એ પણ જણાવે છે કે असिद्धम् बहिरङ्गम्० । પરિભાષાને કોઈ અપૂર્વ પરિભાષા તરીકે સ્વીકારવાની જરૂર નથી. કારણ કે वाह ऊठ् । 6-4-132 સૂત્રમાં ઊઠ્નું વિધાન કર્યું છે, તેનાથી જ આ પરિભાષાનું અસ્તિત્વ જ્ઞાપિત થઈ જાય છે. અર્થાત્ આ પરિભાષા પાણિનિપૂર્વેની છે અને પાણિનિને વિદિત પણ છે.

અહીં કોઈ કહે કે આ જ્ઞાપક-પ્રદર્શનની પાછળ તો ભાષ્યકાર પતંજલિનું બુદ્ધિવિલસિત પણ હોઈ શકે. માટે આ પરિભાષાને કાત્યાયનની જ માનવી જોઈએ. તો તે પણ યુક્તિયુક્ત નથી. કારણ કે 'અંતરંગ બલીયસ્ત્વ'નું જ્ઞાપકવચન તો વાર્તિકકારે પોતે પણ એક સ્થળે દર્શાવ્યું છે. જેમકે, आडि परुपवचनं तु ज्ञापकमन्तरङ्गबलीयस्त्वस्य । 6-1-108, वा-9. આમ, વાર્તિકકાર કાત્યાયન પોતે પણ સ્વીકારે છે કે અંતરંગ પરિભાષા તેમની મૌલિક કૃતિ નથી.

બીજું, થોડીવાર માટે કદાચ એમ માની લો કે કાત્યાયને જ પહેલ-વહેલી 'અંતરંગ' પરિભાષાને રજૂ કરી છે અને આ પરિભાષાને वाह ऊठ् । 6-4-132, થી પતંજલિએ જ્ઞાપકસિદ્ધા દર્શાવી છે એ એમનું બુદ્ધિવિલસિત છે; પ્રૌઢીવાદ છે, તો પણ નિમ્નોક્ત બે મુદ્દાઓનો જવાબ આપી શકાય તેમ નથી.

(૧) પતંજલિએ असिद्धम् बहिरङ्गमन्तरङ्गे । પરિભાષાનું જ્ઞાપક તો મળી રહ્યું, પણ તે પરિભાષાનું સંકોચવચન રજૂ કરતી नाजानन्तर्ये बहिष्ट्व-प्रक्लृप्तिः । પરિભાષાનું જ્ઞાપક તેમને ક્યાંથી મળી રહ્યું ? પતંજલિએ તો આ પરિભાષાને પણ षत्वतुकोरसिद्धः । 6-1-86 સૂત્રથી જ્ઞાપિત કરી બતાવી છે.

(૨) આ અંતરંગ પરિભાષાની અપવાદ પરિભાષાઓ, જેવી કે अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो ल्यप् बाधते । તથા अन्तरङ्गानपि विधीन् बहिरंगो लुग् बाधते । પરિભાષાઓના પણ પાણિનિનાં સૂત્રોમાંથી જ જ્ઞાપકો મળી રહે છે.

એવી સ્થિતિમાં अन्तरङ्गं च बलीयः । એવી કોઈક પરિભાષા, કે જે 'અંતરંગ કાર્ય બલિષ્ઠ છે' એવું બોધન કરતી હોય તે પાણિનિને વિદિત અને સ્વીકૃત હશે એમ માનવું અનિવાર્ય બની રહે છે. અન્યથા તે તે જ્ઞાપકનિર્દેશો અનુપપન્ન થઈ જશે.

નિષ્કર્ષ :

ઉપર્યુક્ત ચર્ચા ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે બધી જ પરિભાષાઓ પાણિનિપૂર્વેથી પ્રચલિત નથી કે વ્યાડિમુનિએ પણ રચી નથી. પરંતુ આ બધી પરિભાષાઓ જુદા જુદા સમયે રચાઈ છે. તેમાંથી જે પરિભાષાઓ પાણિનિપૂર્વેની હોવાની સંભાવના છે, તેમમા કર્તા કોણ હશે તે આજે જાણી શકાય એમ નથી. પણ જે પરિભાષાઓ અનુપાણિનિકાળની છે, તે પરિભાષાઓના કર્તા મહદંશે નક્કી થઈ શકે એમ છે. આવી પરિભાષાઓ વ્યાડિ, કાત્યાયન અને ભાષ્યકારે રજૂ કરી છે. આ સિવાય વૃત્તિકાર-વામન અને જયાદિત્ય-અને પરિભાષાવૃત્તિ ગ્રંથો લખનાર વૈયાકરણોએ પણ કેટલીક નવી જ પરિભાષાઓ રજૂ કરી છે.

પ્રકરણ ૬

પરિભાષાપાઠો

(પાણિનીય અને અપાણિનીય પરિભાષાપાઠો)

ભૂમિકા :

પાણિનીય પરંપરાના પરિભાષાસાહિત્યનો પરિચય કરતાં માલૂમ પડે છે કે 'વ્યાડિકૃત પરિભાષાસૂચન' અને 'વ્યાડિનો પરિભાષાપાઠ' સૌથી જૂના છે. પ્રો. કે. વી. અભ્યંકરજીએ વ્યાડિની આ બે કૃતિઓનો સમય મહાભાષ્યની પૂર્વેનો સ્વીકાર્યો છે.[1]

બારમી સદીમાં પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ' અને એક સ્વતંત્ર પરિભાષાપાઠની રચના કરીને પાણિનીય વ્યાકરણ પરંપરામાં પરિભાષાના વિષયને પુનરુજ્જીવિત કર્યો છે. વ્યાડિ અને પુરુષોત્તમદેવની વચ્ચેના આ સમયગાળામાં પાણિનીય પરંપરામાં રચાયેલ પરિભાષાવિષયક બીજા કોઈ ગ્રન્થની કે પરિભાષાપાઠની આપણને માહિતી નથી. પરંતુ આ સમયગાળા દરમ્યાન અપાણિનીય સંસ્કૃતવ્યાકરણ પરંપરામાં પરિભાષાઓ ઉપર બે વ્યાખ્યાન ગ્રંથો અને છ પરિભાષાપાઠોની રચના થઈ છે, તે નોંધપાત્ર ઘટના છે.

અહીં સ્વાભાવિક રીતે જ એવી જિજ્ઞાસા જન્મે છે કે આ અપાણિનીય પરિભાષાપાઠોની રચના કેવી રીતે થયેલી છે, આ પરિભાષાપાઠોની રચના શું મૌલિક હતી કે પતંજલિના મહાભાષ્યમાંથી તેમણે સાહાય્ય લીધી હતી. આના અનુસંધાનમાં એવી પણ જિજ્ઞાસા થાય કે અપાણિનીય પરિભાષાપાઠોની કેટલી અને કેવી અસરો પાણિનીય પરંપરાના પરિભાષાપાઠો ઉપર પડી છે.

વળી, બારમી સદીમાં પુરુષોત્તમદેવે લઘુપરિભાષાવૃત્તિની રચના કર્યા પછી પાણિનીય પરંપરામાં બીજા અનેક પરિભાષાવૃત્તિકારો થયા છે. આમ, પાણિનીય અને અપાણિનીય સંસ્કૃવ્યાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિ ગ્રંથોમાં અને સ્વતંત્ર

---

૧. જુઓ : परिभाषासंग्रहः I, प्रस्तावना, पान-12

પરિભાષાપાઠો રૂપે અનેક પરિભાષાપાઠો મળી આવે છે. પરિણામે એવી પણ જિજ્ઞાસા થાય કે આ બધા પરિભાષાપાઠો કોઈ એક પરિભાષાપાઠને આદર્શ માનીને અનુસરે છે કે નહીં અથવા તેઓ કોઈ ચોક્કસ શાખાઓમાં વિભક્ત થઈ જાય છે કે નહીં ? જો કે આ વિષેની પહેલવહેલી વિચારણા પ્રો. કે. વી. અભ્યંકરજીએ કરી હતી. જેમકે, વ્યાકરણ પરિભાષાઓ ઉપર (વૃત્તિ) લખનારાઓની ત્રણ પરંપરા હતી. પરિભાષાને સમજાવનારા ઘણા (વૃત્તિ) લેખકોને આ ત્રણ પરંપરામાંથી ગમે તે એકમાં મૂકી શકાય છે. પાણિનિએ સૂત્રો રચ્યાં અને કાત્યાયને તેની ઉપર વાર્તિકો રચ્યાં તે પછી તરત જ વ્યાડિ નામના પરિભાષાવૃત્તિકારે સ્થાપેલી પરંપરા પ્રથમ અને પ્રાચીન છે. ચાંદ્રવ્યાકરણ અને શાકટાયન વ્યાકરણના રચયિતાઓ પરિભાષાની બાબતમાં વ્યાડિને અનુસરે છે. વ્યાડિની પરંપરાની પરિભાષાઓનો સંગ્રહ अर्थवद्ग्रहणे नानर्थकस्य ग्रहणम् । પરિભાષાથી શરૂ થાય છે. સમયાનુક્રમમાં બીજી પરિભાષાપરંપરા કાતંત્ર સંસ્કૃત વ્યાકરણની છે. આ પરંપરાના વૈયાકરણોએ પોતાના પરિભાષાગ્રંથોમાં પાણિનિનાં ઘણાં પરિભાષાસૂત્રોને ઉમેર્યાં છે. આ પરંપરામાં પરિભાષાને 'પરિભાષાસૂત્ર' કહેવામાં આવે છે અને તેમણે एकदेशविकृतमनन्यवत् । પરિભાષાને પ્રથમ મૂકી છે. આ પરંપરામાં પ્રાપ્ત થતી પરિભાષાકૃતિઓ બે વિભાગમાં વહેંચાઈ જાય છે. જેને 'પરિભાષાસૂત્ર' અને 'બલાબલસૂત્ર' એવાં નામથી ઓળખવામાં આવે છે. બારમી સદીમાં પુરુષોત્તમદેવે પરિભાષાવૃત્તિ લેખકોની ત્રીજી પરંપરા સ્થાપી છે. તેમણે व्याख्यानतो विशेषप्रतिपत्तिः न हि संदेहादलक्षणम् । પરિભાષાને પહેલી મૂકી છે; અને પરિભાષાઓને ત્રણ વિભાગમાં વહેંચી નાખી છે. બધા જ અર્વાચીન પરિભાષાલેખકો આ ત્રીજી પરંપરાને અનુસરે છે.[૨]

ઉપર્યુક્ત વિચારણામાં, अर्थवद्ग्रहणं० । एकदेशविकृतम्० । અને व्याख्यनतो विशेषप्रतिपत्तिः० । એવી ત્રણ પરિભાષાઓમાંથી કઈ પરિભાષાને પ્રથમ રજૂ કરવામાં આવી છે. તે જોઈને જે તે પરિભાષાપાઠ કઈ પરંપરાનો છે તેનો નિર્ણય લેવામાં આવ્યો છે. વળી, આ અભિપ્રાય 'પરિભાષાસંગ્રહ' ના સંપાદન પૂર્વેનો છે. તેથી આજના સંદર્ભમાં તે 'જીર્ણોક્તિ' છે. કમનસીબે પ્રો. અભ્યંકરજીએ 'પરિભાષાસંગ્રહ'ની વિસ્તૃત પ્રસ્તાવનામાં આ વિષે મૌન સેવ્યું છે. આની વિશેષ આલોચના યથાપ્રસંગ આગળ ઉપર કરવામાં આવશે.

---

૨. જુઓ : परिभाषेन्दुशेखरः ।, (तत्त्वादर्शः), પ્રસ્તાવના, પાન 7 અને 8

૧.

શાકટાયન પરિભાષાસૂત્રો :

અપાણિનીય પરિભાષાપાઠોમાં 'શાકટાયનપરિભાષાસૂત્રો' નામનો એક વિવાદાસ્પદ પરિભાષાપાઠ મળી આવે છે. આ પરિભાષાપાઠના શીર્ષક ઉપરથી સૂચવાય છે તે પ્રમાણે તેના કર્તા 'શાકટાયન' નામના કોઈ વૈયાકરણ છે. પરંતુ ઇતિહાસમાં 'શાકટાયન' નામથી બે વૈયાકરણો નોંધાયા છે. એક, પાણિનિના અષ્ટાધ્યાયીગ્રન્થમાં ઉલ્લેખાયેલા પ્રાચીન વૈયાકરણ. આ શાકટાયનનો ઋક્પ્રાતિશાખ્ય, યાસ્કનું નિરુક્ત અને પતંજલિના મહાભાષ્યમાં પણ ઉલ્લેખ છે.[૩] બીજા છે અભિનવ શાકટાયન અથવા જૈન શાકટાયન. તેરમી સદીમાં બોપદેવે કવિકલ્પદ્રુમની 'કામધેનુ' નામની ટીકામાં આ શાકટાયનનો ઉલ્લેખ કર્યો છે.[૪] યાસ્ક અને પાણિનિ વગેરેએ ઉલ્લેખેલા શાકટાયનના કોઈ ગ્રન્થ આજે ઉપલબ્ધ નથી. પરંતુ અર્વાચીન જૈન શાકટાયનનો 'શાકટાયન-વ્યાકરણ' નામનો ગ્રન્થ હાલ ઉપલબ્ધ છે. આ શબ્દાનુશાસન ઉપર 'અમોઘવૃત્તિ' નામની સ્વોપજ્ઞ ટીકા પણ જૈન શાકટાયને રચી છે. આ ઉપરથી જણાય છે કે રાષ્ટ્રકૂટ રાજાઓમાં 'અમોઘવર્ષ – પહેલા'ના સમયમાં આ શાકટાયન થઈ ગયા હશે. અમોઘવર્ષ રાજાનો આભિલેખિક સમય લગભગ ૮૧૭ થી ૮૭૭ ઈ. સ. ગણવામાં આવ્યો છે. જૈન શાકટાયનનો આ સમય લગભગ સર્વસ્વીકૃત છે.

આ શાકટાયનનું બીજું નામ પાલ્યકીર્તિ હતું. પાર્શ્વનાથ-ચરિતમાં વાદિરાજ સૂરિએ આ નામનો ઉલ્લેખ કર્યો છે.[૫] તથા, 'શાકટાયન પ્રક્રિયાસંગ્રહ'માં

---

૩. જુઓ : (क) व्योर्लघुप्रयत्नतरः शाकटायनस्य । 8-3-18
(ख) लड़ः शाकटायनस्यैव । 3-4-111
(ग) तस्मादन्यमवसाने तृतीयं गार्ग्यः स्पर्शं, प्रथमं शाकटायनः । (पटल 1-13-1, ऋग्वेदप्रातिशाख्यम्)
(घ) तत्र नामान्याख्यातजानीति शाकटायनो नैरूक्तसमयश्च । निरूक्त 1-12.
(ङ) नाम च धातुजमाह निरूक्ते व्याकरणे शकटस्य च तोकम् ॥ 3-3-1 सूत्रभाष्य.

૪. इन्द्रटश्चन्द्रः काशकृत्स्नापिशली शाकटायनः ।
पाणिन्यमरजैनेन्द्रा जयन्त्यष्टादिशाबिदकाः ॥

૫. कुतस्त्या तस्य सा शक्तिः पाल्यकीर्तेः महौजसः ।
श्रीपादश्रवणं यस्य शाब्दिकान् कुरूते जनान् ॥
पार्श्वनाथचरितम् 1-25

પ્રારંભે અભયચંદ્રે આ પાલ્યકીર્તિને પ્રણામ કર્યા છે. આના ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે 'શાકટાયન વ્યાકરણ'ના કર્તાનું નામ પાલ્યકીર્તિ છે. પરંતુ અહીં એ સ્પષ્ટ થતું નથી કે પાલ્યકીર્તિનું વ્યાકરણ 'શાકટાયન-વ્યાકરણ' રૂપે કેવી રીતે ઓળખાતું થયું.

સૂત્રશૈલીમાં આ રચાયેલા વ્યાકરણમાં ચાર અધ્યાય છે, તે દરેકમાં ચાર ચાર પાદ છે અને કુલ ૩૨૦૦ સૂત્રો છે. અહીં વેદ-વ્યાકરણવિષયક સૂત્રોને છોડી દેવામાં આવ્યાં છે. વિષયવિભાગની દૃષ્ટિએ આ વ્યાકરણ કાતન્ત્ર વ્યાકરણને અનુસરે છે. ચાંદ્ર વ્યાકરણને અનુસરીને આ વ્યાકરણમાં નિપાત, સર્વનામ, આત્મનેપદ અને પરસ્મૈપદ જેવી પારિભાષિક સંજ્ઞાઓને સ્થાને ચાદિ, સર્વાદિ, તङ્ અને अतङ् એવા શબ્દો વાપરવામાં આવ્યા છે. આ વ્યાકરણના ગણપાઠ અને ધાતુપાઠની રચના શાકટાયને કરી છે, તથા અમોઘવૃત્તિ નામની સ્વોપજ્ઞ ટીકાની પણ રચના કરી છે. આ ઉપરાંત યક્ષવર્મન્ નામના વૈયાકરણે 'ચિંતામણિવૃત્તિ' નામની ટીકા પણ રચી છે.

હવે આપણી ચર્ચાનો વિષય એ છે કે આ વ્યાકરણને ઉપકારક એવો 'શાકટાયનપરિભાષાસૂત્રો' એ નામથી ઉપલબ્ધ થતો પરિભાષાપાઠ ઉપર્યુક્ત બે શાકટાયનમાંથી કયા શાકટાયને રચ્યો છે.

પ્રો. કે. વી. અભ્યંકરજીએ 'પરિભાષાસંગ્રહ'માં ઈન્ડિયા ઓફિસની બે હસ્તપ્રતોનો ઉપયોગ કરીને ૯૮ની સંખ્યાવાળો 'શાકટાયન પરિભાષાસૂત્રો'નો પાઠ રજૂ કર્યો છે. આ પરિભાષાપાઠ વ્યાડિને નામે મળતા 'પરિભાષાસૂચન'માંના પરિભાષાપાઠને અનુસરે છે. તથા વ્યાડિને નામે મળતા આ પરિભાષાસૂચનની ૧૩ પરિભાષાઓને છોડી દઈને આ પાઠમાં ૧૮ નવી પરિભાષાઓ ઉમેરવામાં આવી છે.

આ શાકટાયન પરિભાષાસૂત્રોના કર્તૃત્વ વિષે પ્રો. અભ્યંકરજીનું માનવું છે કે પ્રાચીન શાકટાયનના વ્યાકરણમાં સુધારાવધારા કરીને નવમી સદીના અર્વાચીન પાલ્યકીર્તિ શાકટાયને રચેલાં સૂત્રો ઉપર અભયાચાર્ય અને યક્ષવર્મનની વૃત્તિઓ મળે છે. પ્રસ્તુત પરિભાષાપાઠ આ વૃત્તિઓ ઉપર આધારિત નથી. પરંતુ નિરુક્ત અને ભાષ્યમાં જે શાકટાયનનો ઉલ્લેખ છે, તે પ્રાચીન શાકટાયનની પરંપરાનો છે.[૬] પ્રો. અભ્યંકરજીએ પોતાના આ અભિપ્રાયના સમર્થન માટે આ

---

૬. જુઓ : परिभाषासग्रहः ।, प्रस्तावना, पान 16 अने 17.

પાઠમાં વપરાયેલા સ્પર્ધ, દ્વિર્ભાવ, સરૂપ, શ્લુક્ જેવા શબ્દો અને अकृतव्यूहाः शाकटायनीयाः । તેવી પરિભાષાને નોંધી છે.

'શાકટાયન-વ્યાકરણ'ની પ્રસ્તાવનામાં રોબર્ટ બીરવે નામના વિદ્વાને 'ઈન્ડિયા ઓફિસ'ની ચાર હસ્તપ્રતોનો ઉપયોગ કરીને ૧૦૦ની સંખ્યાવાળો પરિભાષાપાઠ તૈયાર કર્યો છે. જેમાં પ્રો. અભ્યંકરજીએ રજૂ કરેલી પરિભાષાઓ કરતાં બે પરિભાષાઓ વધારે છે. જેમકે,

(૧) यं प्रति निमित्तमेव न स बाध्यते । 51

(૨) कृतमपि शास्त्रं निवर्तयन्ति । 71

પ્રો. અભ્યંકરજીએ આ પરિભાષાઓને પરિભાષા-૫૦ અને પરિભાષા-૬૯ ના જ એક અંશ રૂપે રજૂ કરી છે.

રોબર્ટ બીરવેનું આ પરિભાષાપાઠને વિષે માનવું છે કે અહીં प्रकृतिग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । 68 એ પરિભાષા સિવાયની બીજી બધી પરિભાષાઓ પૂર્વેની પરંપરામાંથી લેવામાં આવી છે. તથા ૧૦૦ની સંખ્યાવાળા પાઠનો કર્તા કોઈ અજ્ઞાત શાકટાયન છે, પણ અમોઘવૃત્તિનો કર્તા પાલ્યકીર્તિ શાકટાયન નથી. કારણ કે अनन्त्रं तरनिर्देशः प्रवृद्धबालविशिष्टयोः । 72 ને માટે अल्पाच्तरम् । પા. સૂ., 2-2-38 જેવું કોઈ સૂત્ર શાકટાયન-વ્યાકરણમાં નથી. તથા શાકટાયન વ્યાકરણ ઉપરની અમોઘવૃત્તિમાં મળતી અમુક પરિભાષાઓ ૧૦૦ની સંખ્યાવાળા આ પરિભાષા-પાઠમાં નથી.

વિશેષમાં, રોબર્ટ બીરવેનું પણ એમ માનવું છે કે આ પરિભાષાપાઠ પ્રાચીન શાકટાયનનો હોય તેમ પણ સંભવિત નથી. (આપણે અગાઉ જોયું છે તેમ) विप्रतिषेध, अभ्यासविकार, त्रासरूप જેવા પારિભાષિક શબ્દોને સ્થાને આ શાકટાયન પરિભાષાપાઠમાં स्पर्द्ध, द्विर्भाव सरूप જેવા શબ્દો વપરાયા છે. જેના ઉપરથી પ્રો. અભ્યંકરજીએ તો એમ માન્યું છે કે આ પરિભાષાપાઠ પ્રાચીન શાકટાયનનો છે. પરંતુ રોબર્ટ બીરવેએ આ મત પણ સ્વીકાર્યો નથી. કારણ કે તેમના જણાવ્યા મુજબ આ स्पर्द्ध વગેરે શબ્દો જૈનેન્દ્ર વ્યાકરણથી વધારે જૂના નથી. વળી, શબ્દની કરકસર કરનાર ચંદ્રગોમિને આ શબ્દો વાપર્યા નથી.[૭]

આમ, આ પરિભાષાપાઠના કર્તૃત્વ વિષે વિદ્વાનોમાં મોટો મતભેદ પ્રવર્તે

---

૭. જુઓ : शाकटायनव्याकरण । प्रस्तावना ।, (रोबर्ट बीरवे) પાન 65 થી 100.

છે. અહીં પ્રો. કે. વી. અભ્યંકરજીને અનુસરીને આ પાઠને પ્રાચીન માનીએ તો પણ પરિણામે કોઈ મહત્ત્વનો ફેર પડતો નથી. કારણ કે પ્રો. અભ્યંકરજીનું આ પાઠને પ્રાચીન માનવાની સાથે જ, એ પણ માનવું છે કે આ પાઠ વ્યાડિ પછી જ રચાયો છે.[૮] તેથી 'વ્યાડિ'ના પરિભાષાસૂચનમાં મળતાં પરિભાષાપાઠથી શાકટાયનનો પરિભાષાપાઠ અમુક અંશે પ્રભાવિત થયો હશે.

શાકટાયનના પરિભાષાસૂત્રોમાં મળતી પરિભાષાઓનું પૃથક્કરણ કરતાં જણાય છે કે —

क. (૧) વ્યાડિના 'પરિભાષાસૂચન'માં મળતી હોય તેવી કુલ ૭૫ પરિભાષાઓ અહીં રજૂ કરવામાં આવી છે.

(૨) આ પરિભાષાપાઠમાંથી ચાંદ્ર વગેરે અનુકાલીન અપાણિનીય પરિભાષાપાઠોમાં કુલ ૧૧ પરિભાષાઓ સ્વીકારાઈ છે.

(૩) અન્યત્ર અપાણિનીય કે પાણિનીય પરિભાષાપાઠોમાં ન હોય તેવી કુલ ૭ પરિભાષાઓ છે.

ख (૧) નિમ્નોક્ત ચાર પરિભાષાઓ વ્યાડિના 'પરિભાષાસૂચન'માં મળતી નથી.[૯] તેમજ અપાણિનીય પરિભાષાપાઠોમાં પણ મળતી નથી. જેમકે.

૧. उभयनिर्देशे पञ्चमीनिर्देशो बलीयान् । 97
૨. तदनुबन्धकग्रहणे नातदनुबन्धकस्य । 49
૩. नानर्थकेऽलोऽन्त्यविधिः । 55
૪. ग्रहणवता प्रातिपदिकेन तदन्तविधिर्नास्ति । 73

પરંતુ આ પરિભાષાઓનો મહાભાષ્યમાં વાર્તિક-સ્વરૂપે અથવા ચર્ચાન્તર્ગત અવતાર થયેલો છે. પરિણામે તે અપૂર્વ નથી. શાકટાયનને, કેવળ પરિભાષાપાઠમાં આને પ્રથમવાર રજૂ કરવાનો યશ આપી શકાય.

(૨) બીજી તરફ, એક પરિભાષા, જેવી કે, सहचरितासहचरितयोः सहचरितस्यैव ग्रहणम् । 39 તેનો ભાષ્યમાં સ્પષ્ટ શબ્દોમાં ક્યાંય

---

૮. જુઓ : ટિપ્પણ 6.

૯. પાણિનીય કે અપાણિનીય પરિભાષાપાઠોમાં ઉપલબ્ધ થતી પરિભાષાઓનું પૃથક્કરણ તપાસતાં વ્યાડિને નામે મળતા પરિભાષાપાઠને ધ્યાનમાં લીધો નથી. કારણ કે એ પાઠ વિશ્વસનીય નથી. આની ચર્ચા 'વ્યાડિ; પરિભાષાસૂચન અને પરિભાષાપાઠ' પ્રકરણમાં કરવામાં આવી છે.

ઉલ્લેખ થયો નથી; તે એક ભાષ્ય-ચર્ચા ઉપરથી ધ્વનિત થાય છે. તેથી આ પરિભાષાને એક નવીન ઉમેરો કહી શકાય. જે પાણિનીય પરંપરાના પરિભાષા-વિષયક ગ્રન્થોમાં સ્વીકારાઈ છે.

ચાંદ્ર-વ્યાકરણ પરંપરાનો પરિભાષાપાઠ :

પતંજલિએ મહાભાષ્યની રચના કરી તે પછી લગભગ પાંચ સદીઓ બાદ ચંદ્રગોમિન્ નામના વૈયાકરણે એક સંસ્કૃત-વ્યાકરણની રચના કરી. 'વાક્યપદીય'-માં ભર્તૃહરિએ ચંદ્રાચાર્યના નામથી આ ચંદ્રગોમિન્નો ઉલ્લેખ કર્યો છે.[૧૦] આથી ભર્તૃહરિની પૂર્વે ચંદ્રગોમિન્ થયા તે નિશ્ચિત છે.

પાણિનિકૃત અષ્ટાધ્યાયી ગ્રન્થની જેમ ચંદ્રગોમિને રચેલું વ્યાકરણ પણ સૂત્રશૈલીમાં છે. તથા મહદંશે પાણિનિમાંથી જ સાહાય્ય મેળવીને તેની રચના કરવામાં આવી છે. ચંદ્રગોમિને લઘુ, વિસ્પષ્ટ અને સંપૂર્ણ વ્યાકરણ રચવાનો આદર્શ સેવ્યો છે. પાણિનીય વ્યાકરણની જેમ ચાંદ્ર-વ્યાકરણમાં પણ ઉપસર્ગવૃત્તિ, લિંગાનુશાસન, વર્ણસૂત્ર અને કોશને ઉપાંગ તરીકે માનવામાં આવ્યાં છે. પરંતુ હાલ તે ઉપલબ્ધ નથી. આ સિવાય ચાંદ્ર-વ્યાકરણના ઉપકારક ઉપાંગ રૂપે ઉણાદિ સૂત્રપાઠ, ધાતુપાઠ અને પરિભાષાપાઠ મળે છે.

ચાંદ્ર-પરિભાષાપાઠને 'ચાંદ્ર-પરિભાષાસૂત્રો' પણ કહેવામાં આવે છે. આ પરિભાષા પાઠમાં કુલ ૮૬ પરિભાષાઓ છે અને अर्थवद्ग्रहणे नानर्थकस्य ग्रहणम् । પરિભાષાને પ્રથમ મૂકવામાં આવી છે. આ પરિભાષાપાઠનું પૃથક્કરણ કરતાં માલૂમ પડે છે કે —

ક. (૧) વ્યાડિના 'પરિભાષાસૂચન'માં મળતી હોય તેવી કુલ ૫૦ પરિભાષાઓ આ પાઠમાં મળી આવે છે.

(૨) અન્ય પાણિનીય કે અપાણિનીય પરિભાષાપાઠમાં ન મળતી હોય તેવી કુલ ૧૫ પરિભાષાઓ છે. આ પરિભાષાઓ નવી ઉમેરેલી છે.

---

૧૦. पर्वतादागमं लब्ध्वा भाष्यबीजानुसारिभिः ।
स नीतो बहुशाखत्वं चन्द्राचार्यादिभिः पुनः ॥
वाक्यपदीयः काण्ड-2, का. 481.

तथा चन्द्राचार्यादिभिर्लब्ध्वादेशं तस्मात्तदागमम् ।
प्रवर्वितं महाभाष्यं स्वं च व्याकरणं कृतम् ॥
राजतरंगिणी, 1-176.

(૩) ઉપર્યુક્ત ૧૫ પરિભાષાઓ ઉપરાંત બીજી નવી ઉમેરેલી પરિભાષાઓમાંથી જે અપાણિનીય પરિભાષાપાઠોમાં સ્વીકારાઈ છે, તેવી કુલ ૮ પરિભાષાઓ છે.

(૪) શાકટાયનના પરિભાષાપાઠોમાંથી કુલ ૨ પરિભાષાઓ સ્વીકારી છે.

ખ. બાકી રહેલી ૧૩ પરિભાષાઓમાંથી નિમ્નોક્ત ૯ પરિભાષાઓ ભાષ્યમાં ઉપલબ્ધ થાય છે.

૧. आगमा गुणीभूतास्तदग्रहणेन गृह्यन्ते । 7
૨. यस्मिन् विधिस्तदादावल्ग्रहणे । 6
૩. व्यपदेशिवद्भावः एकस्मिन् । 17
૪. निर्दिश्यमानस्यादेशा भवन्ति । 19
૫. णौ कृतं च (स्थानिवद्भावः) । 21
૬. पूर्वत्रासिद्धीयमद्विर्वचने । 24
૭. उपपदविभक्तेः कारकविभक्तिर्बलीयसी । 69
૮. सूत्रे लिङ्गवचनमप्रमाणमविवक्षितत्त्वात् । 70
૯. कृताकृतप्रसङ्गो विधिर्नित्यः । 76

આ ૯ પરિભાષાઓ વ્યાડિના 'પરિભાષાસૂચન'માં રજૂ થઈ નથી. ચંદ્રગોમિને પ્રથમવાર જ આ પરિભાષાઓને પરિભાષાપાઠમાં સમાવી છે. પાણિનીય વ્યાકરણ પરંપરાના પરિભાષાપાઠોએ પણ આ પરિભાષાઓનો સ્વીકાર કર્યો છે. પરંતુ ચંદ્રગોમિને આ મૌલિક – અપૂર્વ – પરિભાષાઓ રજૂ કરી છે એમ નહીં કહી શકાય. કારણ કે ઉપર જણાવ્યું છે તેમ આ પરિભાષાઓ મહાભાષ્યમાં રજૂ થઈ ચૂકી છે.

ચાંદ્ર–પરિભાષાપાઠમાં મળતી નિમ્નોક્ત બે પરિભાષાઓ મહાભાષ્યમાં મળતી નથી. જેમકે,

૧. श्रुतानुमितयोः श्रोतौ बलीयान् । 49
૨. वत्स्यं त्प्रवृत्या शास्त्रे कार्यम् । 56

આ બે પરિભાષાઓને પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'માં સ્વીકારી છે. જેને સીરદેવાદિ અનુસર્યા છે. આટલા અંશે પાણિનીય પરંપરા ચંદ્રગોમિનની ઋણી છે.

આ બે પરિભાષાઓને બાદ કરતાં ચંદ્રગોમિનનો પરિભાષા પાઠ મહદંશે મહાભાષ્યની સાહાય્યથી તૈયાર થયો છે તેવું જણાય છે. ચંદ્રગોમિને કેટલીક પરિભાષાઓમાં સ્વશાસ્ત્રાનુકૂલ ફેરફારો પણ કર્યા છે. ઉદાહરણ તરીકે—

૧. नामग्रहणे लिङ्गविशिष्टस्यापि । 3
૨. अन्यार्थे तद्गुणसंविज्ञानमपि । 12
૩. भाव्यमानोत् सवर्णं गृहणाति । 44

આ ઉપરાંત બીજા પણ કેટલાક ફેરફાર જોવા મળે છે. જેમકે—

૧. अजानन्तर्ये न वहिरंगपरिभाषा । 46
૨. इतरेतरं कार्यमसद्वत् । 54
૩. नञिवयुक्ते सदृशसंप्रत्ययः । 65
૪. ज्ञापकेऽर्थमनित्यम् । 77

કાતન્ત્ર વ્યાકરણના પરિભાષાપાઠો :

શર્વવર્મન્ નામના વૈયાકરણને કાતન્ત્ર વ્યાકરણનો રચયિતા માનવામાં આવે છે, કથાસરિત્સાગરમાં વર્ણવેલી દંતકથા મુજબ રાજા સાતવાહનની વિનંતિથી શર્વવર્માએ આ વ્યાકરણની રચના કરી હતી. આ વ્યાકરણના 'કાલાપ' અને 'કૌમાર' એવાં નામાન્તરો પણ છે.

આ વ્યાકરણનો રચના સમય સંદિગ્ધ છે. પ્રા. કે.વી. અભ્યંકરજીના મતે આ વ્યાકરણની રચના પતંજલિ પછી ચાર-પાંચ સદી પછી થઈ હશે.[૧૧]

આ વ્યાકરણમાં ચાર અધ્યાય છે. તેમાં વિષયોની ગોઠવણી પાણિનિથી તદ્દન ભિન્ન છે : (૧) અધ્યાય પહેલામાં સન્ધિ-પ્રકરણ (૨) અધ્યાય બીજામાં નામ -પ્રકરણ, (૩) અધ્યાય ત્રીજામાં આખ્યાતપ્રકરણ અને (૪) અધ્યાય ચોથામાં કૃત્-પ્રકરણ રજૂ થયું છે. આ છેલ્લા અધ્યાયનું કર્તૃત્વ સંદિગ્ધ છે. કાત્યાયન વરરુચિને તેના કર્તા માનવામાં આવે છે.

કાતન્ત્ર વ્યાકરણ ઉપર દુર્ગસિંહે વૃત્તિ લખી હતી. આ ઉપરાંત, તેમણે ધાતુપાઠ અને ઉણાદિપાઠની પણ રચના કરી હતી. પરંતુ હાલમાં આ ઉપાંગો મળતાં નથી. આ સિવાય, કાતન્ત્રવ્યાકરણને ઉપકારક એવા બે પરિભાષાવૃત્તિગ્રંથો અને બે પરિભાષાપાઠો મળી આવે છે.

(૧) કાતન્ત્ર પરિભાષાસૂત્રવૃત્તિ :

દુર્ગસિંહને આ પરિભાષાવૃત્તિના કર્તા માનવામાં આવે છે, તેઓ ક્યા સમયમાં થઈ ગયા તે સંદિગ્ધ છે. કારણ કે નિરુક્તના ટીકાકાર 'દુર્ગાચાર્ય'થી

---

૧૧. જુઓ : व्याकरणमहाभाष्यम् । प्रस्तावना खण्ड, सातवा भाग, (मराठी) पान-375.

આ દુર્ગસિંહ અભિન્ન છે કે નહીં; તે વિષે કોઈ નિર્ણય થઈ શકતો નથી. એક દંતકથા મુજબ આ દુર્ગસિંહને વિક્રમસંવત શરૂ કરનાર રાજા વિક્રમાદિત્યના ભાઈ માનવામાં આવે છે. બીજી તરફ 'આ કાતન્ત્ર પરિભાષાસૂત્રવૃત્તિ'માં ભટ્ટિકાવ્યનો એક સ્થળે ઉલ્લેખ થયો છે.[૧૨] પરિણામે આ વૃત્તિનો સમય આપણે છઠ્ઠી–સાતમી સદી પછીનો અનુમાની શકીએ.

દુર્ગસિંહકૃત 'કાતન્ત્રપરિભાષાસૂત્રવૃત્તિ'માં મળતો પરિભાષાપાઠ અપાણિનીય સંસ્કૃત વ્યાકરણ પરંપરામાં બીજો અગત્યનો પરિભાષાપાઠ છે. આ પરિભાષાવૃત્તિનો પ્રારંભ एकदेशविकृतमनन्यवत् । પરિભાષાથી થાય છે. અને તેમાં કુલ ૬૫ પરિભાષાઓ રજૂ કરવામાં આવી છે. દુર્ગસિંહના આ પરિભાષાપાઠને 'કાતન્ત્રપરિભાષાસૂત્રમ્' અને 'કલાપપરિભાષાસૂત્રમ્' નામના બે સ્વતંત્ર પરિભાષાપાઠો મહદંશે અનુસરે છે. દુર્ગસિંહકૃત આ 'કાતન્ત્રપરિભાષાસૂત્રવૃત્તિ' માં મળતી પરિભાષાઓનું પૃથક્કરણ કરતાં જણાય છે કે—

ક. (૧) આ પરિભાષાપાઠની કુલ ૨૪ પરિભાષાઓ વ્યાડિના 'પરિભાષાસૂચન'-માં મળે છે.

(૨) આ પરિભાષાપાઠની કુલ ૧૫ પરિભાષાઓમાં પાણિનિનાં સૂત્રોનો અંશતઃ ફેરફાર સાથે અથવા ફેરફાર વગર સ્વીકાર કરવામાં આવ્યો છે.

(૩) શાકટાયન અને ચાંદ્ર પરિભાષાપાઠમાંથી કુલ ૩ પરિભાષાઓ સ્વીકારી છે.

(૪) અપાણિનીય પરંપરાના અનુગામી પરિભાષાપાઠોમાં સ્વીકારાયેલી કુલ ૭ પરિભાષાઓ છે. આ પરિભાષાઓ નવી ઉમેરેલી છે.

(૫) અન્ય પાણિનીય કે અપાણિનીય પરિભાષાપાઠમાં ન મળતી હોય તેવી કુલ ૧૩ પરિભાષાઓ છે. આ પણ નવી ઉમેરેલી પરિભાષાઓ છે.

ખ. બાકીની ત્રણ પરિભાષાઓમાંથી એક પરિભાષા મહાભાષ્યમાંથી અંશતઃ ફેરફાર સાથે તૈયાર કરવામાં આવી છે. જેમ કે,

૧. योऽनादिष्टात्स्वश्त् पूर्वस्तं प्रति स्थानिवत् । II योऽनादिष्टादचः पूर्वस्तस्य विधिं प्रति स्थानिवद्भाव...। (1-1-57 સૂત્ર ભાષ્ય).

આ પરિભાષા વ્યાડિના 'પરિભાષાસૂચન' કે પરિભાષાપાઠમાં રજૂ થઈ નથી. તથાપિ ભાષ્યોક્ત હોઈ અપૂર્વ નથી. પરંતુ આ સિવાયની બે પરિભાષાઓ, જેવી કે;

---

૧૨. જુઓ : परिभाषासंग्रहः ।, पान-54.

૨. गणकार्यमनित्यम् । 29 અને

૩. न श्तिवनुबन्धगणसंख्यैकस्यरोक्तेषु । 13

આ ભાષ્યોક્ત નથી. આ બન્ને પરિભાષાઓનો પાણિનીય પરંપરાના પરિભાષાપાઠોમાં પાછળથી સ્વીકાર થયો છે.

ગ. આ ઉપરાંત, કેટલીક પરિભાષાઓમાં પોતાના શસ્ત્રને અનુકૂળ એવા ફેરફારો પણ કરવામાં આવ્યા છે. જેમ કે, प्रकृतिग्रहणेचेक्रीयितलुगन्तस्यापि ग्रहणम् । 12 અહીં પાણિનીય પરિભાષાનું સ્વરૂપ આ પ્રમાણે છે: प्रकृतिग्रहणे यङ्लुगन्तस्यापि ग्रहणम् ।

(૧) કાતન્ત્રપરિભાષાસૂત્રવૃત્તિ :

આ પરિભાષાવૃત્તિના પ્રાસ્તાવિક વચનોમાં જણાવ્યું છે તે મુજબ આ પરિભાષાવૃત્તિના કર્તા 'ભાવશર્મા' છે અને પુષ્પિકામાં જણાવ્યું છે તે મુજબ તેના કર્તા 'ભાવમિશ્ર' છે.[13] આ કર્તાનો સમય અજ્ઞાત છે.

અહીં કુલ ૬૨ પરિભાષાઓ ઉપર વૃત્તિ રચવામાં આવી છે. તથા अर्थवद्ग्रहणे नानर्थकस्यग्रहणम् । પરિભાષાને પ્રથમ રજૂ કરવામાં આવી છે. આ પરિભાષાપાઠને કાતન્ત્ર વ્યાકરણ પરંપરાનો બીજો એક સ્વતંત્ર પરિભાષાપાઠ ગણવો જોઈએ. કારણ કે તે દુર્ગસિંહની પરિભાષાવૃત્તિમાં મળતી પરિભાષાઓની સાથે સામ્ય કરતાં વૈષમ્ય વધારે ધરાવે છે. શબ્દ-સ્વરૂપ અને ઉપસ્થિત ક્રમાદિની દૃષ્ટિએ આ પરિભાષાપાઠ 'કાતન્ત્રપરિભાષાસૂત્રમ' નામના પરિભાષાપાઠ સાથે પણ સામ્ય ધરાવતો નથી. એટલે કે ભાવમિશ્રનો પરિભાષાપાઠ કાતન્ત્ર વ્યાકરણના બીજા પરિભાષાપાઠોથી જુદો પડી જાય છે. તેથી સંભવ છે કે ભાવમિશ્રના પરિભાષાપાઠમાં પ્રાચીનતાના અંશો જળવાઈ રહ્યા હોય. કાતન્ત્ર વ્યાકરણના બીજા પરિભાષાપાઠો ઘણા અંશે પાણિનીય પરંપરાના પ્રભાવથી તૈયાર થયા છે. ભાવમિશ્રકૃત કાતન્ત્રપરિભાષાવૃત્તિમાં મળતી પરિભાષાઓનું પૃથક્કરણ કરતાં જણાય છે કે—

ક. (૧) વ્યાડિના 'પરિભાષાસૂચન'માં મળતી હોય તેવી ૧૫ પરિભાષાઓ આ પાઠમાં મળે છે.

---

૧૩. ...भाष्यन्ते परितो यस्मात्परिभाषास्ततः स्मृताः ।
परिभाषासंग्रहः । पान–67
तासामर्था प्रयोगाश्च लिख्यन्ते भावशर्मणा.... ।
इति श्रीभावमिश्रकृता परिभाषावृत्तिः । એજનઃ પાન–75.

(૨) આ પાઠની ૯ પરિભાષાઓમાં પાણિનિનાં અષ્ટાધ્યાયીસૂત્રોનો અંશતઃ ફેરફાર સાથે અથવા ફેરફાર વગર સ્વીકાર થયો છે.

(૩) શાકટાયન અને ચંદ્રગોમિન્‌ના પરિભાષાપાઠમાંથી કુલ ૮ પરિભાષાઓ સ્વીકારી છે.

(૪) અપાણિનીય પરંપરાના અનુકાલીન પરિભાષાપાઠોમાં કુલ ૬ પરિભાષાઓ સ્વીકારાઈ છે. આ પરિભાષાઓ નવી છે.

(૫) દુર્ગસિંહની પરિભાષાસૂત્રવૃત્તિમાંથી કુલ ૯ પરિભાષાઓ સ્વીકારી છે.

(૬) અન્ય પાણિનીય કે પરિભાષાપાઠમાં ઉપલબ્ધ ન હોય તેવી કુલ ૧૧ પરિભાષાઓ છે.

ખ. બાકી રહેલી જ પરિભાષાઓમાંથી નિમ્નોક્ત ૩ પરિભાષાઓ ભાષ્યવચન ઉપર આધૃત છે. આથી તેમને અપૂર્વ કહી શકાય નહીં.

૧. उत्सर्गापवादयोरपवादविधिर्बलवान् । 52

૨. अपवादविषयं परिहृत्योत्सर्गः प्रवर्तते । 55

૩. परान्नित्यं नित्यादन्तरङ्गमन्तरङ्गाच्चानवकाशं बलीयः । 56

અવશિષ્ટ રહેલી એકયોગનિર્દિષ્ટાનાં सहैव प्रवृत्तिः सहैव निवृत्तिः । 9 પરિભાષા ભાષ્યોક્ત નથી. આ પરિભાષાનો પાણિનીય પરંપરાના પ્રત્યેક પરિભાષાપાઠે સ્વીકાર કર્યો છે.

(૩) કાતન્ત્રપરિભાષાસૂત્રમ્ :

આ પરિભાષાપાઠનો સમય અને કર્તા જ્ઞાત નથી. પરંતુ આ પરિભાષાપાઠ દુર્ગસિંહની 'કાતન્ત્રપરિભાષાસૂત્રવૃત્તિ'માં મળતા પરિભાષાપાઠને સદંશે અનુસરે છે. આ પરિભાષાપાઠનો પ્રારંભ एकदेशविकृतमनन्यवत् । 1 પરિભાષાથી કરવામાં આવ્યો છે. આ પરિભાષા પાઠ બે વિભાગોમાં વહેંચાયેલો છે. જેમકે, (૧) પરિભાષાસૂત્રમ્ અને (૨) બલાબલસૂત્રમ્ ક્રમાંક ૧ થી ૬૭ સુધી પરિભાષાસૂત્રો છે તથા ૬૮ થી ૯૬ સુધીમાં બલાબલસૂત્રો છે.

આ પરિભાષાપાઠમાં ઉપર્યુક્ત બે વિભાગ પાડવામાં આવ્યા છે, તો પણ તે નામોની યથાર્થતા સર્વાંશે જળવાઈ નથી. કારણ કે 'પરિભાષાસૂત્રમ્' નામના પહેલા વિભાગમાં आगमात्सर्वादेशो विधिर्बलवान् । 44 એવી પરિભાષા પણ જોવા મળે છે. 'બલાબલસૂત્રમ્' નામના બીજા વિભાગમાં स्थितानामन्वाख्यानं हि व्याकरणम् । 89 અને यादृग्जातीयस्य विप्रतिषेधो विधिरपि

तादृग्जातीयस्य । 90 પરિભાષાઓ પણ મળે છે. તથા आगमादेशयोरागमो विधिर्बलवान् । પરિભાષા બન્ને વિભાગોમાં જોવા મળે છે.

'કાતન્ત્રપરિભાષાસૂત્રમ'માં મળતી પરિભાષાઓનું પૃથક્કરણ કરતાં જણાય છે કે—

ક. (૧) વ્યાડિના 'પરિભાષાસૂચન'માં મળતી હોય તેવી કુલ ૨૭ પરિભાષાઓ આ પરિભાષા પાઠમાં સ્વીકારવામાં આવી છે.

(૨) પાણિનિનાં કેટલાંક અષ્ટાધ્યાયી સૂત્રોને અંશતઃ ફેરફાર સાથે અથવા ફેરફાર વગર આ પાઠની કુલ ૧૬ પરિભાષાઓમાં સ્વીકાર કરવામાં આવ્યો છે.

(૩) શાકટાયન અને ચન્દ્રગોમિનૂ-પુરોગામી-ના પરિભાષાપાઠોમાંથી કુલ ૧૦ પરિભાષાઓ સ્વીકારી છે.

(૪) અપાણિનીય પરંપરાના અનુકાલીન પરિભાષાપાઠોમાં કુલ ૭ પરિભાષાઓ સ્વીકારવામાં આવી છે.

(૫) પૂર્વોક્ત બે કાતન્ત્ર પરિભાષાવૃત્તિ ગ્રંથોમાંથી ૪ પરિભાષાઓ સ્વીકારી છે.

(૬) અન્ય અપાણિનીય કે પાણિનીય પરિભાષાપાઠમાં ન મળતી હોય તેવી કુલ ૨૯ પરિભાષાઓ છે.

ખ. બાકીની ૩ પરિભાષાઓમાંથી બે પરિભાષાઓ, જેવી કે, पूर्वपरयोः परविधिर्बलवान् । 70 અને नित्यादन्तरङ्गं बलीयः । 93 ભાવમિશ્રે રજૂ કરેલી પરિભાષા ૫૯ ના પ્રભાવથી તૈયાર થયેલી છે. અવશિષ્ટ રહેલી પરિભાષા विधिनियमसंभवे विधिरेव ज्यायान् । 84 અગાઉના પરિભાષા પાઠોમાં મળતી નથી. તથાપિ આ ત્રણેય પરિભાષાઓ ભાષ્યમાંથી સૂચન લઈને તૈયાર થઈ છે. તથા અપૂર્વ-મૌલિક-કૃતિ નથી.

(૪) કાલાપ પરિભાષાસૂત્રમ :

આ પરિભાષાપાઠનો સમય અને કર્તા અજ્ઞાત છે. અહીં असति वाधे । 1 પરિભાષાને પ્રથમ રજૂ કરવામાં આવી છે. આ પરિભાષાપાઠ દુર્ગસિંહના પરિભાષાપાઠને અનુસરે છે. તેમાં કુલ ૧૧૮ પરિભાષાઓ છે. તેમાં 'પરિભાષાસૂત્ર' અને 'બલાબલસૂત્ર' એવા વિભાગો પાડવામાં આવ્યા નથી. પરંતુ 'કાતન્ત્રપરિભાષાસૂત્રમ્'માં પ્રાપ્ત થતા ક્રમને બદલી નાંખીને તથા કેટલીક પરિભાષાઓ નવી ઉમેરીને આ પાઠ તૈયાર કરવામાં આવ્યો છે. આ પરિભાષાપાઠમાં મળતી પરિભાષાઓનું પૃથક્કરણ કરતાં જણાય છે કે—

ક. (૧) વ્યાડિના 'પરિભાષાસંચન'માં મળતી હોય તેવી કુલ ૨૭ પરિભાષાઓ આ પાઠમાં સ્વીકારવામાં આવી છે.

(૨) આ પાઠની કુલ ૧૭ પરિભાષાઓમાં પાણિનિનાં સૂત્રોને અંશતઃ ફેરફાર સાથે અથવા ફેરફાર વગર સ્વીકારવામાં આવ્યા છે.

(૩) શાકટાયન અને ચન્દ્રગોમિન્‌ના પરિભાષાપાઠમાંથી કુલ ૧૦ પરિભાષાઓ સ્વીકારી છે.

(૪) અપાણિનીય પરંપરાના અનુકાલીન પરિભાષાપાઠોમાં કુલ ૯ પરિભાષાઓ આ પાઠમાંથી સ્વીકારાઈ છે.

(૫) પૂર્વોક્ત કાતન્ત્ર પરિભાષાપાઠોમાંથી ૫ પરિભાષાઓ લેવામાં આવી છે.

(૬) અન્ય અપાણિનીય કે પાણિનીય પરિભાષાઠોમાંથી ન મળતી હોય તેવી કુલ ૪૬ પરિભાષાઓ છે. આ પરિભાષાઓ નવી ઉમેરેલી છે,

ખ. બાકીની ૩ પરિભાષાઓમાંથી ૨ પરિભાષાઓ, જેવી કે परान्नित्यम् । 51 અને नित्यादन्तरङ्गं बलीयः । 117 ભાષ્યોક્ત તત્ત્વાર્થને રજૂ કરે છે. તથા ભાવમિશ્રકૃત પરિભાષાવૃત્તિ ગ્રંથની પરિભાષા—૫૯ ના પ્રભાવથી તૈયાર થયેલી છે. અપૂર્વ નથી. પરંતુ ત્રીજી પરિભાષા नञा निर्दिष्टनित्यम् । 37 ભાષ્યોક્ત નથી. અપૂર્વ છે. પાણિનીય પરંપરામાં આ પરિભાષાનો સ્વીકાર થયો છે. નાગેશ ભટ્ટે પોતાના 'પરિભાષેન્દુશેખર'માં પરિભાષાને રજૂ કરી છે.

પ્રા. અભ્યંકરજીએ કાતન્ત્ર-વ્યાકરણના પરિભાષાપાઠોને વ્યાડિભિન્ન એક સ્વતંત્ર પરંપરાના ગણ્યા છે. કારણ કે આ પરંપરાના પરિભાષાપાઠોનો પ્રારંભ एकदेशविकृतमनन्यवत् । પરિભાષાથી થાય છે. પરંતુ આ વિધાન હકીકતથી વિસંગત છે. 'કાલાપપરિભાષાસૂત્રમ્' નામનો પરિભાષાપાઠ असति वाधे । પરિભાષાથી શરૂ થાય છે. અને ભાવમિશ્રની 'કાતન્ત્રપરિભાષાસૂત્રવૃત્તિ' માં अर्थवद्ग्रहणे नानर्थकस्य । પરિભાષા પ્રથમ છે. ભાવમિશ્રે રજૂ કરેલી પરિભાષાઓ દુર્ગસિંહની 'કાતન્ત્રપરિભાષાસૂત્રવૃત્તિ'માં મળતી પરિભાષાઓ સાથે સામ્યને બદલે વધુ વૈષમ્ય ધરાવે છે.

'કાતન્ત્રપરિભાષાસૂત્રમ્'. 'કાલાપ પરિભાષાસૂત્રમ્' અને દુર્ગસિંહકૃત 'કાતન્ત્ર-પરિભાષાસૂત્રવૃત્તિ'માં મળતો પરિભાષાપાઠ પરસ્પર સામ્ય ધરાવે છે. તથાપિ તેમને એક સ્વતંત્ર પરિભાષા પરંપરાના પાઠો કહી શકાય નહીં. કારણ કે આ ત્રણેય પરિભાષાપાઠો ના પૃથક્કરણનો અભ્યાસ કરવાથી માલૂમ પડે છે કે તે મહાભાષ્યની રચના થયા પછી રચાયેલા હોવાથી મહદંશે પાણિનીય પરિભાષાઓને જ સ્વીકારે છે.

ભોજદેવકૃત પરિભાષાસૂત્રો :

ઈ. સ. ૧૦૬૨માં માલવના પરમાર રાજાઓના વંશમાં જન્મેલા રાજા ભોજે 'સરસ્વતી-કંઠાભરણ' નામથી એક સંસ્કૃત-વ્યાકરણની રચના કરી છે. તેમાં આઠ અધ્યાય છે. અને તે દરેકમાં ચાર પાદ છે. આ વ્યાકરણ મહદંશે પાણિનિનાં અષ્ટાધ્યાયી વ્યાકરણ ઉપર આધૃત છે. પાણિનિનાં વ્યાકરણમાં જે પ્રત્યયોને જે અનુબન્ધો સાથે ઉચ્ચારવામાં આવ્યા છે, તેમને તે જ પ્રમાણે ભોજદેવે સ્વીકાર્યા છે. વિશેષમાં ભોજદેવે ભાષ્ય, વાર્તિક અને 'કાશિકા'નો સૂક્ષ્મ અભ્યાસ કરીને પોતાનાં સૂત્રોની રચના કરી છે. આ સાથે ગણપાઠ અને ઉણાદિસૂત્રપાઠને પણ મૂળ સૂત્રોમાં જ વણી લીધા છે. પરિણામે 'સરસ્વતીકંઠાભરણ'ની સૂત્ર-સંખ્યા છ હજાર થવા પામી છે. ભોજદેવના આ વ્યાકરણ ઉપર બે ટીકાઓ પ્રાપ્ત થાય છે. (૧) દંડનાથની 'હૃદયહારિણી' ટીકા સને (૨) કૃષ્ણલીલાની શુકમુનિની 'પુરુષકાર' ટીકા. હેમચંદ્રનાં 'સિદ્ધહેમશબ્દાનુશાસન' ઉપર આ ભોજના વ્યાકરણનો પ્રભાવ જણાય છે.

'સરસ્વતીકંઠાભરણ'ના પહેલાં અધ્યાયના બીજા પાદના અઢારમાં સૂત્રથી એકસોને પાંત્રીસમાં સૂત્ર સુધીમાં ભોજદેવે પરિભાષાસૂત્રોને રજૂ કર્યા છે. આમ, ભોજદેવના પરિભાષાપાઠમાં કુલ ૧૧૮ પરિભાષાસૂત્રો છે. ભોજદેવનો આ પરિભાષા પાઠ અપાણિનીય પરંપરાનાં પરિભાષાપાઠોમાં ચોથો નોંધનીય પરિભાષાપાઠ છે. જેમાં પાણિનીય વ્યાકરણની ઘણી પરિભાષાઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

ભોજદેવના 'સરસ્વતીકંઠાભરણ'માં પ્રાપ્ત થતાં પરિભાષાસૂત્રોનું પૃથક્કરણ કરતાં માલૂમ પડે છે કે—

ક. (૧) વ્યાડિના 'પરિભાષાસૂચન'માં મળતી હોય તેવી કુલ ૪૬ પરિભાષાઓ ભોજદેવના પરિભાષાસૂત્રોમાં રજૂ થઈ છે.

(૨) પાણિનિનાં સૂત્રોનો અંશતઃ ફેરફાર સાથે અથવા ફેરફાર વગર કુલ ૨૯ પરિભાષા સૂત્રોમાં સ્વીકાર થયો છે.

(૩) શાકટાયન અને ચન્દ્રગોમિન્ વગેરેનાં પરિભાષા પાઠોમાંથી ૨૧ પરિભાષાઓનો સ્વીકાર થયો છે.

(૪) અપાણિનીય પરંપરામાં, હેમચન્દ્રના વ્યાકરણને ઉપકારક એવા હેમહંસગણિકૃત 'ન્યાયસંગ્રહ' (પરિભાષાપાઠ)માં કુલ ૬ પરિભાષાઓ સ્વીકારાઈ છે.

(૫) અન્યત્ર અપાણિનીય કે પાણિનીય પરિભાષાપાઠમાં ન મળતી હોય તેવી કુલ ૧૨ પરિભાષાઓ છે.

ખ. બાકીની નિમ્નોક્ત ૪ પરિભાષાઓ પાણિનીય પરંપરાનાં પરિભાષાપાઠોમાં સ્વીકારાઈ છે :

१. प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेरपञ्चम्याः । 24
२. धातोः स्वरूपग्रहणे तत्प्रत्यये कार्यविज्ञानम् । 92
३. संप्रसारणं संप्रसारणाश्रयं च । 113
४. लुगन्तरङ्गेभ्यः । 115

પરંતુ આ પરિભાષાઓ ભાષ્યોક્ત હોઈ અપૂર્વ કે મૌલિક નથી. તથાપિ પરિભાષાપાઠમાં આ પરિભાષાઓને પ્રથમવાર રજૂ કરવાનો યશ ભોજદેવને આપવો જોઈએ.

હેમહંસગણિનો 'ન્યાયસંગ્રહ' અર્થાત્ પરિભાષાપાઠ :

હેમચન્દ્રાચાર્ય નામના જૈન વિદ્વાને ૧૧મી સદીમાં 'સિદ્ધહેમશબ્દાનુશાસન' નામના એક બૃહદ્વ્યાકરણની સાંગોપાંગ રચના કરી છે. આ વ્યાકરણના પહેલા ૭ અધ્યાયોમાં સંસ્કૃત ભાષાનું વ્યાકરણ રજૂ કરવામાં આવ્યું છે. છેલ્લા ૮મા અધ્યાયમાં શૌરસેની, માગધી પૈશાચી, અપભ્રંશ વગેરે પ્રાકૃત ભાષાઓનું વ્યાકરણ રજૂ કરવામાં આવ્યું છે.

હેમચન્દ્રાચાર્યે પોતાના વ્યાકરણ ઉપર સ્વોપજ્ઞ લઘ્વીવૃત્તિની રચના કરી છે. તદુપરાંત 'શબ્દમહાર્ણવન્યાસ' અથવા 'બૃહન્ન્યાસ'ની અને 'બૃહતીવૃત્તિ'ની તેમણે રચના કરી છે. આ વ્યાકરણના ઉપકારક અંગો, જેવા કે, ધાતુપાઠ, ઉણાદિસૂત્રો, લિંગાનુશાસન તથા ગણપાઠની રચના પણ હેમચન્દ્રાચાર્યે કરી છે.

આ સિવાય, હેમચન્દ્રનાં શિષ્ય હેમહંસગણિએ 'સિદ્ધહેમવ્યાકરણ'ને ઉપકારક એવી પરિભાષાઓનો એક 'ન્યાયસંગ્રહ' તૈયાર કર્યો છે. જેમાં કુલ ૧૪૦ પરિભાષાઓ સંગ્રહીત કરવામાં આવી છે. આ પરિભાષાઓમાંથી પ્રારંભિક ૫૭ પરિભાષાઓ હેમચન્દ્રે પોતે જ બૃહત્વૃત્તિને અંતે રજૂ કરી છે. ત્યારપછીની ૫૮ થી ૧૪૧ સુધીની પરિભાષાઓ હેમહંસગણિએ એકત્ર કરી છે.

ભોજદેવના પરિભાષાપાઠમાંથી અમુક પરિભાષાઓ આ 'ન્યાયસંગ્રહ'માં સ્વીકારમાં આવી છે. તથાપિ તે ભોજદેવના પરિભાષાપાઠનું કેવળ અનુસરણ કરે છે તેમ નહીં કહી શકાય. ભોજદેવના પરિભાષાપાઠની અસર છે, છતાં પણ આ

પરિભાષાપાઠમાં તમામ પુરોગામી પરિભાષાપાઠની સાહાય્ય પણ લેવામાં આવી છે. હેમહંસગણિના 'ન્યાય-સંગ્રહ'માં મળતી પરિભાષાઓનું પૃથક્કરણ કરતાં જણાય છે કે —

क. (१) વ્યાડિના 'પરિભાષાસૂચન'માં મળતી હોય તેવી કુલ ૩૬ પરિભાષાઓનો આ પાઠમાં સ્વીકાર કરવામાં આવ્યો છે.

(२) પાણિનિનાં સૂત્રોનો અંશતઃ ફેરફાર સાથે અથવા ફેરફાર વગર કુલ ૫ પરિભાષાઓમાં સ્વીકાર કર્યો છે.

(३) શાકટાયન અને ચન્દ્રગોમિન્ વગેરે પુરોગામીઓમાંથી કુલ ૩૮ પરિભાષાઓનો આ પાઠમાં સ્વીકાર કરવામાં આવ્યો છે.

(४) અન્યત્ર અપાણિનીય કે પાણિનીય પરિભાષાપાઠમાં ન મળતી હોય તેવી પરિભાષાઓ કુલ ૫૭ છે.

ख. પ્રાક્રીની ૬ પરિભાષાઓમાં ૫ પરિભાષાઓ મહાભાષ્યમાંથી સ્વીકારી છે જેમકે,

१. प्रत्ययाप्रत्यययोः प्रत्ययस्यैव । 59
२. गामादाग्रहणेष्वविशेषः । 77
३. अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो यबादेशो बाधते । 79
४. गतिकारकोपपदानां कृद्भिः सह समासवचनं प्राक् सुबुत्पत्तेः । 88
५. उणादयो व्युत्पन्नानि नामानि । 103

ઉપર જણાવ્યું તેમ આ પરિભાષાઓ પતંજલિના મહાભાષ્યમાંથી સ્વીકારી છે. પરિણામે આ પરિભાષાઓને અપૂર્વ કહી શકાય નહીં. કેવળ, પરિભાષાપાઠમાં પ્રથમવાર રજૂ કરવાનું માન હેમહંસગણિને આપવું જોઈએ. વિશેષમાં, હેમહંસગણિએ રજૂ કરેલી आत्मनेपदमनित्यम् । 194 પરિભાષાને થોડાક ઉમેરા સાથે નાગેશ ભટ્ટે આ પ્રમાણે રજૂ કરી છે :

अनुदात्तेत्वलक्षणमात्मनेपदमनित्यम् । 193.4 આ પરિભાષા ભાષ્યોક્ત નથી. પરિણામે આ અપાણિનીય પરિભાષા પાણિનીય પરંપરામાં નવી ઉમેરાઈ છે, તેમ કહી શકાય.

જૈનેન્દ્ર પરિભાષાપાઠ[૧૪] :

જૈનેન્દ્ર વ્યાકરણનો કોઈ પરિભાષાપાઠ હાલ ઉપલબ્ધ નથી. પણ 'મહાવૃત્તિ'માં કેટલીક પરિભાષાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેથી એવું અનુમાન નીકળે છે કે આ વ્યાકરણમાં પણ સ્વશાસ્ત્રોપયોગી પરિભાષાઓને એકત્ર રજૂ કરતો હોઈ પરિભાષાપાઠ ઉપલબ્ધ થતો નથી. પરિણામે અન્ય પરિભાષાપાઠો સાથે તેનો તુલનાત્મક અભ્યાસ કરવાનો પ્રાપ્ત થતો નથી.

પ્રા. કે. વી. અભ્યંકર સાહેબે 'મહાવૃત્તિ'ને આધારે કેટલીક જૈનેન્દ્ર પરિભાષાઓને એકત્ર કરીને તેની ઉપર વૃત્તિની રચના કરી છે. પરિભાષાઓને વિધિપ્રકરણ, તદન્તવિધિ–પ્રકરણાદિ વિભાગોમાં વહેંચી દીધી છે.

પ્રા. અભ્યંકરજીએ એકત્ર કરેલી પરિભાષાઓમાંથી એક પણ પરિભાષા એવી નથી કે જે વ્યાડિ, શાકટાયન, ચાંદ્રાદિ પુરોગામી પરિભાષાપાઠમાં ન હોય, મહાભાષ્યમાં પણ ન હોય અને છતાંય તે પરિભાષા પછીના સમયમાં પાણિનીય પરિભાષાપાઠમાં સ્વીકારાઈ હોય. તદુપરાંત પ્રા. અભ્યંકરજીએ કોઈ ચોક્કસ અપાણિનીય કે પાણિનીય પરિભાષાપાઠનું અનુસરણ કરવાનો દૃષ્ટિકોણ સેવ્યો નથી. પરિણામે આ સંદર્ભમાં કોઈ ચર્ચા કરવી એ અસ્થાને છે.

અપાણિનીય પરિભાષાપાઠોનું આ પ્રમાણે પૃથક્કરણ કર્યા પછી તેનો અભ્યાસ કરતાં નીચે મુજબ નિષ્કર્ષ નીકળે છે :

પ્રત્યેક અપાણિનીય પરિભાષાપાઠોનો રચના સમય મહાભાષ્ય પછીનો છે. અને મહાભાષ્યની રચના થઈ તે પહેલાં વ્યાડિના 'પરિભાષાસૂચન'ની રચના થઈ હોવાની શક્યતા છે. પરિણામે અપાણિનીય પરિભાષાપાઠના કર્તાઓએ ઉક્ત કૃતિઓનો છૂટથી ઉપયોગ કર્યો હશે. અપાણિનીય પરિભાષાપાઠોનાં પૃથક્કરણ તપાસવાથી આ હકીકત સ્પષ્ટ થઈ જાય છે. એટલે કે પ્રથમ તબક્કે તો એ મુદ્દો જ નોંધવાનો પ્રાપ્ત થાય છે, કે દરેક અપાણિનીય પરિભાષાપાઠ ઉપર મહદંશે પાણિનીય પરંપરાનું ઋણ છે. પરિણામે આ અપાણિનીય પરિભાષાપાઠોને આપણે પ્રા. અભ્યંકરજીની જેમ કોઈ ચોક્કસ પરિભાષાપાઠની પરંપરામાં વિભક્ત કરી શકીશું નહીં. પ્રત્યેક અપાણિનીય પરિભાષાપાઠમાં લગભગ ૫૦ ટકા જેટલી

૧૪. સમયાનુક્રમની દૃષ્ટિએ જૈનેન્દ્રવ્યાકરણ કરતાં હેમચન્દ્રનું વ્યાકરણ ઉત્તરકાલીન છે. છતાં પણ જૈનેન્દ્રવ્યાકરણની પરિભાષાઓને એકત્ર કરી પ્રા. અભ્યંકરજીએ અર્વાચીન સમયમાં તેની ઉપર વૃત્તિ રચી છે. તે કારણે અહીં જૈનેન્દ્રના પરિભાષાપાઠની વિચારણા અંતે મૂકી છે.

પરિભાષાઓ તો પાણિનીય પરંપરાની જ હોય છે. અને બાકીના પચાસ ટકામાં વિવિધ વ્યાકરણોમાંથી એકત્ર કરેલી પરિભાષાઓનું મિશ્રણ છે, પણ કોઈ એકનું વિશિષ્ટ અનુકરણ નથી. આમ, અપાણિનીય વ્યાકરણ પરંપરાના પરિભાષાપાઠો કોઈ એક જુદી પરિભાષા પરંપરાને અનુસરતા નથી અથવા તો તેમની પોતાની સ્વતંત્ર કહી શકાય તેવી પરંપરા નથી. તેમના પોતાના વ્યાકરણની જરૂરિયાતના અનુલક્ષ્યમાં તેમણે પાણિનીય પરંપરામાંથી પરિભાષાઓ સ્વીકારીને બીજી કેટલીક ઉમેરી છે.

અપાણિનીય પરંપરાના પરિભાષાપાઠોમાં મહદંશે પાણિનીય પરંપરાની પરિભાષાઓ હોય છે તેમ નોંધ્યા પછી આપણે અપાણિનીય પરિભાષાપાઠોમાં કેટલીક નવી ઉમેરાયેલી પરિભાષાઓ વિષે વિચારીશું (૧) આ પરિભાષાઓ ઉપર મહાભાષ્યની કે 'પરિભાષાસૂચન'ની અસર નથી. આવી પરિભાષાઓ બે પ્રકારની હોય છે. જેમકે,

ક. જેમનો કેવળ અપાણિનીય પરિભાષાપાઠોમાં જ સ્વીકાર થયો હોય.

ખ. અને અન્યત્ર, અપાણિનીય કે પાણિનીય પરિભાષાપાઠમાં ક્યાંય ન મળતી હોય તેવી પરિભાષાઓ.

અહીં એ મુદ્દો સ્પષ્ટ છે કે ઉપર્યુક્ત પ્રકારની પરિભાષાઓની પાણિનીય પરંપરાના પરિભાષાપાઠોમાં કોઈ પ્રભાવક અસર પડી નથી. આ સિવાય, નવી ઉમેરાયેલી પરિભાષાઓના બીજા પણ બે પ્રકાર છે. જેમકે,

૧. વ્યાડિના 'પરિભાષાસૂચન'માં ન મળતી હોય, તથાપિ ભાષ્યોક્ત હોય તેવી પરિભાષાઓ.

૨. વ્યાડિના 'પરિભાષાસૂચન'માં ન મળતી હોય અને મહાભાષ્યમાં પણ ન મળતી હોય તેવી પરિભાષાઓ.

આમાંથી પહેલાં પ્રકારની પરિભાષાઓ પાણિનીય પરંપરાના પરિભાષા-પાઠોમાં સ્વીકારાઈ હોય તો પણ આવી પરિભાષાઓ ભાષ્યોક્ત હોવાથી અપૂર્વ નથી. ઉદાહરણ તરીકે જોઈએ તો—

૧. नानर्थकेऽलोऽन्त्यविधिः । 55
नानर्थऽलोऽन्त्यविधिरनभ्यासविकारे । 1-1-65 वा-२, सूत्रभाष्य.

૨. यस्मिन् विधिस्तदादावल्ग्रहणे । 6
अल्ग्रहणेषु यस्मिन्विधिः तदादाविति । 1-1-72 सूत्रभाष्य.
૩. योऽनादिष्टात्स्वरात्पूर्वस्तं प्रति स्थानिवत् । 11
योऽनादिष्टादचः पूर्वस्तस्य विधिं प्रति
स्थानिवद्भावः... । 1-1-57 सूत्रभाष्य.

સંભવ છે કે પાણિનીય પરંપરાના પરિભાષાલેખકે આ પરિભાષાઓને મહાભાષ્યમાંથી સ્વીકારી હોય. તેથી આવી પરિભાષાઓને પરિભાષાપાઠમાં પ્રથમવાર રજૂ કરવાનો યશ જ કેવળ જે તે અપાણિનીય પરંપરાના પરિભાષાપાઠના કર્તાને આપવો જોઈએ.

પરંતુ અહીં બીજા પ્રકારની પરિભાષાઓ ભાષ્યોક્ત નથી. અને છતાંય પાણિનીય પરંપરાના પરિભાષા પાઠોમાં તેમનો સ્વીકાર થયો છે. આ માટેનો યશ અપાણિનીય પરંપરાના પરિભાષાપાઠોને ફાળે જાય છે આ પરિભાષાઓ નીચે મુજબ છે.

૧. सहचरितासहचरितयोः सहचरितस्यैव ग्रहणम् । 39 । शाकटायन० ।
૨. श्रुतानुमितयोः श्रौतो बलीयान् । 49 । चान्द्र० ।
૩. वर्त्स्यत्प्रवृत्या शास्त्रे कार्यम् । 56 । चान्द्र० ।
૪. गणकृतमनित्यम् । 26 । दुर्गसिंह - कातन्त्र० ।
૫. न शितवनुबन्धगहणे संख्यैकस्वरोक्तेषु । 13 । " ।
૬. एक्योगनिर्दिष्टानां सहैव प्रवृत्तिः० । 9 । भावमिश्र - कातन्त्र० ।
૭. विधिनियमसंभवे विधिरेव ज्यायान् । 84 । कातन्त्र० ।
૮. नत्रा निर्दिष्टमनित्यम् । 37 । कालाप० ।
૯. लात्मनेपदमनित्यम् । 14 । हेमहंसगणि० ।

અહીં એ ધ્યાન ઉપર આવ્યું હશે કે અપાણિનીય પરંપરાનાં પરિભાષાપાઠોનું પ્રદાન સંખ્યાની દૃષ્ટિએ નહીંવત્ છે. તથાપિ પાણિનીય પરંપરાનાં ઘણા પરિભાષાપાઠો તથા પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં આ પરિભાષાઓનો સ્વીકાર થયો છે. આ પરિભાષાઓની મદદથી પાણિનીય પરંપરામાં શિષ્ટ પ્રયોગોને સાધુત્વબોધન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.[૧૫]

---

૧૫. ઉદાહરણ તરીકે—પુરુષોત્તમદેવે गणकार्यमनित्यम् । 109 એવી પરિભાષા કાતન્ત્રમાંથી સ્વીકારી છે. આ પરિભાષા વડે તેમણે न विश्वसेत् पूर्वविरोधितस्य । એવા પ્રયોગને સાધુત્વબોધન કર્યું છે.

પાણિનીય પરંપરાનાં વ્યાકરણ ગ્રન્થોમાં આ પરિભાષાઓનો આવો ફળદાયી ઉપયોગ કરવામાં આવ્યો છે. તે નોંધવાની સાથે સાથે એ પણ નોંધવું જોઈએ કે નાગેશ ભટ્ટે આમાંની કેટલીક પરિભાષાઓને સ્વીકારી નથી. નાગેશ ભટ્ટે પોતાના 'પરિભાષેન્દુશેખર' ગ્રન્થમાં અનેકવાર સ્પષ્ટ કર્યું છે કે જે તે પરિભાષાને ભાષ્યનું સમર્થન મળવું જ જોઈએ. ઓછામાં ઓછું તે ભાષ્યવ્યાખ્યાનમાંથી ધ્વનિત પણ થતી હોવી જોઈએ. અન્યથા ભાષ્યમાં ધ્વનિત પણ ન હોય તેવી પરિભાષા સ્વીકાર્ય નથી. પરિણામે નાગેશ ભટ્ટે ઉપર્યુક્ત પરિભાષાઓમાંથી જે પરિભાષાને ભાષ્યનું સમર્થન નથી મળ્યું તે તે પરિભાષાનું ખંડન કર્યું છે.[૧૬] આવી અસ્વીકાર્ય –પ્રત્યાખ્યાત–પરિભાષાઓના અભાવમાં નાગેશ ભટ્ટે ઉપાયાન્તરોનો નિર્દેશ કરીને ઇષ્ટસિદ્ધિ કરી બતાવી છે, અથવા તો જે તે રૂપોને અસાધુ જાહેર કર્યાં છે.

૩.

પાણિનીય પરંપરાના પરિભાષાપાઠોમાં બે અગત્યના પરિભાષાપાઠ છે, જેનો હવે આપણે વિગતે અભ્યાસ કરીશું. આ બે પરિભાષાપાઠો વ્યાડિનાં 'પરિભાષા-સૂચન' અને પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ' નામના બે પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં ઉપલબ્ધ થાય છે.

વ્યાડિનો સમય મહાભાષ્યકાર પતંજલિ પૂર્વેનો સ્વીકારવામાં આવ્યો છે. આ સમયમાં વ્યાડિએ પાણિનીય પરંપરામાં પ્રચલિત બનેલી ઘણી પરિભાષાઓ એકત્ર કરી હશે. જેની ઉપર કોઈ અજ્ઞાતનામ વૈયાકરણે 'પરિભાષાસૂચન' નામના પરિભાષાવૃત્તિ ગ્રન્થની રચના કરી છે. અને તેનું કર્તૃત્વ વ્યાડિને નામે આરોપ્યું છે. આ ઉપરાંત વ્યાડિને નામે એક સ્વતંત્ર પરિભાષાપાઠ પણ મળે છે. જેમાં કુલ ૧૪૦ પરિભાષાઓ એકત્ર કરવામાં આવી છે. આ પરિભાષાપાઠનો પ્રારંભ પણ अर्थवद्ग्रहणे नानर्थकस्य । પરિભાષાથી થાય છે. પરંતુ આ પરિભાષાપાઠ વિશ્વસનીય નથી.[૧૭] પરિણામે અન્ય પરિભાષાપાઠો સાથે તુલનાત્મક અભ્યાસ કરવા માટે તે અનુપયોગી બન્યો છે.

---

૧૬. જુઓ (क)...तन्न । भाष्येऽदर्शनात् । भाष्येऽनुक्तज्ञापितार्थस्य साधुतानियामकत्वे मानाभावात्...। परिभाषेन्दुशेखरः परिभाषा 93–5. (ख) तन्न । तयोर्निर्मूलत्वाद् भाष्याव्यव हृतत्वाच्च । परिभाषेन्दुशेखरः परिभाषा 123. (ग) तदपि न । भाष्यानुक्तत्वात् । परिभाषेन्दुशेखरः परिभाषा 124.

૧૭. જુઓ : "વ્યાડિ પરિભાષાસૂચન અને પરિભાષાપાઠ" પ્રકરણ ૩.

વ્યાડિને નામે આરોપાયેલા 'પરિભાષાસૂચન'માં આપણને જે પરિભાષાપાઠ મળે છે, તે સૌથી પ્રાચીન છે. પરિણામે આ પરિભાષાપાઠની કેટલી અનુકાલિક અસરો પડી છે તે વિચારવું જોઈએ.

'પરિભાષાસૂચન'માં કુલ ૯૩ પરિભાષાઓ ઉપર વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. તેમાંની નિમ્નોક્ત પરિભાષાઓ લગભગ બધા જ પરિભાષાપાઠોમાં સ્વીકારાઈ છે.

1,5,6,9,10,12,16,18,20,21,22,23,28,29,32,33,35, (અને 81),36, (અને 79),40,41,42,46,47,50,53,54,57,58,59,60,63,68,75,76,82,83,86,91, અને 93. (કુલ 39)

પરંતુ અહીં નોંધવું જોઈએ કે મહાભાષ્યની રચના થયા પછી વૈયાકરણ-સમુદાયમાંથી 'પરિભાષાસૂચન' ગ્રન્થ વિસ્મૃત થયો હોય તેમ જણાય છે. કારણ કે આ ગ્રન્થનો નામોલ્લેખ કે ઉદ્ધરણ ક્યાંય પ્રાપ્ત થતાં નથી. તેથી મહાભાષ્યની રચના થયા પછી રચાયેલા આ અપાણિનીય પરિભાષાપાઠોમાં મહાભાષ્યની જ પ્રત્યક્ષ અસર હોવાનો વધુ સંભવ છે. માટે જ અપાણિનીય પરિભાષાપાઠોના પૃથક્કરણમાં "વ્યાડિના 'પરિભાષાસૂચન'માંથી આટલી પરિભાષાઓ સ્વીકારી છે." એવું વિધાન કરવાને બદલે "અમુક અપાણિનીય પરિભાષાપાઠની અમુક પરિભાષાઓ વ્યાડિના 'પરિભાષાસૂચન'માં પણ મળે છે." તેવું વિધાન કર્યું છે. આવી પરિભાષાઓ મહાભાષ્યમાં પણ મળે છે.

પ્રા. અભ્યંકરજીના મતે પરિભાષાપાઠોને ત્રણ ચોક્કસ પરંપરામાં વિભક્ત કરી શકાય છે. આ ત્રણ પરંપરાઓમાંની પહેલી પરંપરા વ્યાડિએ સ્થાપેલી છે, જેમાં अर्थवद्ग्रहणे नानर्थकस्य । પરિભાષાને પ્રથમ મૂકવામાં આવી છે. શાકટાયનનો પરિભાષાપાઠ અને ચાન્દ્ર વ્યાકરણનો પરિભાષાપાઠ આ પરંપરાના છે.[૧૮]

પ્રા. અભ્યંકરજીના ઉપર્યુક્ત અભિપ્રાયની સાથે અમારે થોડો મતભેદ છે. ચાન્દ્રપરિભાષાપાઠ अर्थवद्ग्रहणे नानर्थकस्य । પરિભાષાથી પ્રારંભાય છે. તે વાત સાચી, તથાપિ તેને વ્યાડિની પરંપરાનો પરિભાષાપાઠ ગણાવી શકાય નહીં. કારણ કે ચાન્દ્ર પરિભાષાપાઠ શાકટાયનપરિભાષાપાઠની જેમ મોટી સંખ્યામાં 'પરિભાષાસૂચન'સ્થ પરિભાષાઓને સ્વીકારતો નથી. શાકટાયનના પરિભાષાપાઠમાં કુલ 98 પરિભાષાઓ છે. તેમાંથી 75 પરિભાષાઓ 'પરિભાષાસૂચન'માંથી જ સ્વીકારેલી છે. બીજી તરફ ચંદ્રગોમિન્‌ના પરિભાષાપાઠમાં કુલ 86 પરિભાષાઓ છે.

---

૧૮. જુઓ : परिभाषेन्दुशेखरः । (तत्त्वादर्शः), प्रस्तावना पान 7–8.

તેમાંથી 50 પરિભાષાઓને 'પરિભાષાસૂચન'માંથી સ્વીકારવામાં આવી છે. બાકીની 36 પરિભાષાઓ મહદંશે મહાભાષ્યમાંથી સ્વીકારી છે અથવા નવી ઉમેરેલી છે. આમ, ચાન્દ્રપરિભાષાપાઠ વ્યાડિના 'પરિભાષાસૂચન'માં મળતા પરિભાષાપાઠનું અનુકરણ કરે છે તેમ નહીં કહેવાય. માત્ર શાકટયનના પરિભાષાપાઠને આપણે વ્યાડિની પરંપરાનો પરિભાષાપાઠ ગણીશું.

હવે આપણે પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં મળતા પરિભાષાપાઠ વિશે વિચારીશું. પાણિનીય પરંપરાના તમામ પરિભાષાપાઠોમાં આ પરિભાષાપાઠ અત્યંત મહત્ત્વનો છે.

વ્યાડિના 'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થતો પરિભાષાપાઠ સૌથી પ્રાચીન હોઈ સ્વાભાવિક રીતે કોઈ એવું અનુમાન કરવા તરફ વળે કે,પાણિનીય પરંપરાના તમામ પરિભાષાપાઠોનો મૂળ સ્રોત આ પ્રાચીન પાઠ હશે. પરંતુ વાસ્તવમાં તેમ નથી. વ્યાડિના 'પરિભાષાસૂચન' પછી પાણિનીય પરંપરામાં છેક 12મી સદીમાં પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચના કરી છે. આ સમયગાળા દરમિયાન પરિભાષાક્ષેત્રે ઘણી ચર્ચાઓ અને નવા ઉમેરા 'મહાભાષ્ય', 'કાશિકા' અને 'ન્યાસાદિ' ગ્રન્થોમાંથી સુલભ બન્યા હતા. પરિણામે પુરુષોત્તમદેવને માટે પરિભાષાઓ તથા તેના જ્ઞાપક-પ્રયોજનાદિની ચર્ચાઓ પસંદ કરવા માટે જો વ્યાડિ સહાયક બન્યા હોય તો તે કેવળ એકલા જ સહાયક ન હતા. પુરુષોત્તમદેવે વ્યાડિના 'પરિભાષાસૂચન'માં મળતી હોય તેવી કુલ 63 પરિભાષાઓને જ પોતાની 'લઘુપરિભાષાવૃત્તિ'માં રજૂ કરી છે. બાકીની 57 પરિભાષાઓ મહાભાષ્ય, કાશિકા, ન્યાસ અને અપાણિનીય પરંપરાના પરિભાષાપાઠોમાંથી સ્વીકારી છે. 'પરિભાષાસૂચન' અને 'લઘુપરિભાષાવૃત્તિ'માં મળતી પરિભાષાઓનો ઉપસ્થિતિક્રમ તપાસતાં 40 પરિભાષાઓ સુધી સામ્ય છે, ત્યાર પછી આ ક્રમમાં ઘણું વૈષમ્ય જણાય છે. વળી 'પરિભાષાસૂચન'માં મળતી હોય તેવી જે 63 પરિભાષાઓ 'લઘુપરિભાષાવૃત્તિ'માં રજૂ કરી છે, તે પણ એક બે અપવાદને બાદ કરતાં, મહદંશે ભાષ્યોક્ત છે જ. આથી પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં મળતા પરિભાષાપાઠનું ગ્રથન સ્વતંત્રપણે થયું છે. 'લઘુપરિભાષાવૃત્તિ-માં મળતી પરિભાષાઓનું પૃથક્કરણ કરતાં જણાય છે કે,

ક. વ્યાડિના 'પરિભાષા સૂચન'માં પણ મળતી હોય તેવી કુલ 63 પરિભાષાઓ પુરુષોત્તમદેવે રજૂ કરી છે. જે ક્રમથી આ પ્રમાણે છે :

1,2,3,4,5,6,7,8,10,11,12,15,17,19, 20,21,23,25,26,28,29,30,31,32, 36,37,39,40,41,42,46,50,51,60,62,64,65, 67,71,72,73,79,81,82,83,84,86, 87,88,89,90,91,94,96,97,98,100,104,106,107,113,114, અને 120.

ख. અપાણિનીય પરંપરાના પરિભાષાપાઠોમાં પ્રથમવાર રજૂ થયેલી 28 પરિભાષાઓ છે. આ પરિભાષાઓ વ્યાડિના 'પરિભાષાસૂચન'માં રજૂ થઈ નથી, તથાપિ ભાષ્યોક્ત હોઈ પાણિનીય પરિભાષાઓ છે:

૧. मध्येऽपवादाः पूर्वान् विधीन् बाधन्ते नोत्तरान् 16। शाकटायन
૨. नानुबन्धकृतमनेजन्तत्वम् । 13, शाकटायन
૩. एकदेशविकृतमनन्यवत् । 14, शकटायन
૪. आगमा यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । 18 (चान्द्र)
૫. अस्ति च संभवो यदुभयं स्यात् ।22 (चन्द्र)
૬. णौ कृतं स्थानिवद्भवति । 33 (चान्द्र)
૭. यो ह्यनादिष्टादचः पूर्वस्तस्य विधिं प्रति स्थानिवद्भावः । 34 (कातन्त्र)
૮. निर्दिश्यमानस्यादेशाः भवन्ति । 35 (चान्द्र)
૯. तदनुबन्धकग्रहणे नातदनुबन्धकस्य । 38 (शकटयन)
૧૦. अन्तरङ्गबहिरङ्गयोरंतरङ्गं बलवत् । 43 (,,)
૧૧. गतिकारकोपपदानां कृद्भिः सह...प्राक् सुबुत्पत्तेः । 47 (हेमहंसगणि)
૧૨. उपपदविभक्तेः कारकविभक्तिर्बलीयसी । 48 (चान्द्र)
૧૩. अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो ल्यप् बाधते । 54 (हेमहंसगणि)
૧૪. धातोः स्वरूपग्रहणे तत्प्रत्यये कार्यसंविज्ञानम् । 55 (भोज)
૧૫. उभयनिर्देश पञ्चमीनिर्देशो बलीयान् । 63 (शाकटायन)
૧૬. अन्तरङ्गानपि... लुग्बाधते 68 (भोज)
૧૭. गामादाग्रहणेष्वविशेषः । 69 (हेमहंसगणि)
૧૮. उणादयोऽव्युत्पन्नानि प्रातिपदिकानि । 70 (हेमहंसगणि)
૧૯. ग्रहणवता प्रातिपदिकेन तदन्तविधिः नास्ति । 78 (शाकटायन)
૨૦. यस्मिन् विधिस्तदादावल्ग्रहणे । 75 (चान्द्र)
૨૧. अनिनस्मन्ग्रहणान्यर्थवता चानर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति । 77 (शाकटायन)

૨૨. प्रत्ययाप्रत्ययोः प्रत्ययस्यैव ग्रहणम् । 92 (हेमहंस)
૨૩. नानर्थकेऽलोऽन्त्यविधिः । 93 (शाकटायन)
૨૪. संप्रसारणं संप्रसारणाश्रयं च कार्यं बलवत् । 103 (भोज)
૨૫. यथोद्देशं संज्ञापरिभाषम् । 105 (शाकटायन)
૨૬. पूर्वत्रासिद्धीयमद्वित्वे । 110 (चान्द्र)
૨૭. सूत्रे लिङ्गवचनमतन्त्रम् । 117 (चान्द्र)
૨૮. प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य । 44 (भोज)

ગ. અષ્ટાધ્યાયી પરંપરાના પરિભાષાપાઠોમાં રજૂ થયેલી ભાષ્યાનુકૃત કુલ પાંચ પરિભાષાઓ પુરુષોત્તમદેવે સ્વીકારી છે. તે આ પ્રમાણે છે.

૧. वत्सर्यत्प्रवृत्येह कार्याणि क्रियन्ते । 16 (चान्द्र)
૨. एकयोगनिर्दिष्टानां सह वा० । 24 (कातन्त्र-२)
૩. सहचरितासहचरितयोः सहचरितस्यैव० । 49 (शाकटायन)
૪. श्रुतानुमितयोः श्रौतः सम्बन्धो बलीयान् । 103 (चान्द्र)
૫. गणकार्यमनित्यम् । 109 (कातन्त्र-१)

ઘ. મહાભાષ્ય-કાશિકા વગેરેમાંથી નવી રજૂ કરેલી પરિભાષાઓ :

૧. विभक्तौ लिङ्गविशिष्टाग्रहणम् । 27
૨. स्त्रीप्रत्ययेनानुपसर्जनेन । 45
૩. वर्णाश्रये प्रत्ययलोपलक्षणनिषेधः । 52
૪. विकरणेभ्यो नियमो बलीयान् । 53
૫. सर्वे विधयश्छन्दसि विकल्प्यन्ते । 56
૬. अभेदकाः इह शास्त्रे गुणाः । 57
૭. स्वार्थिकाः प्रकृतितो लिङ्गवचनान्यतिवर्तन्तेऽपि । 58
૮. संदेहे बहुवचनं प्रयोक्तव्यम् । 61
૯. ताच्छीलिके णेऽण्कृतानि कार्याणि भवन्ति । 66
૧૦. वार्णादाङ्गं बलीयः । 74
૧૧. कृतलयुट्तुमुन्खलर्थेषु वासरूपविधिर्नास्ति । 76
૧૨. समासप्रत्ययविधौ तदन्तविधिप्रतिषेधः उगिद्वर्णग्रहणवर्जम् । 80
૧૩. अङ्गाधिकारे तस्य तदुत्तरपदस्य च । 85
૧૪. न हि कार्यी निमित्तत्वेनाश्रीयते । 95
૧૫. अबाधकान्यपि निपातनानि भवन्ति । 99

૧૬. अवयवसिद्धेः समुदायसिद्धिः बलीयसी । 101
૧૭. नुमचिरतृजवद्भावेभ्यो नुट् पूर्वविप्रतिषेधेन । 108
૧૮. पूर्वत्रासिद्धीये न स्थानिवत् । 112
૧૯. ज्ञापकसिद्धं न सर्वत्र । 118
૨૦. क्वचिदपवादविषयेऽपि उत्सर्गोऽभिनिविशते । 115
૨૧. गर्भवट्टाबादयो भवन्ति । 116

ડ. ભાષ્યાનુક્ત હોય તેવી ત્રણ પરિભાષાઓ પુરુષોત્તમદેવે નવી ઉમેરી છે. આ પરિભાષાઓ પુરુષોત્તમદેવની પૂર્વેના કોઈપણ પરિભાષાપાઠમાં રજૂ થઈ નથી.

૧. विधिविधानविधिभाजां त्रयाणां सन्निधाने तदन्तविधिर्भवति । 111
૨. अगत्या खलु परिभाषाश्रीयते । 119
૩. भवति हि क्रियाविशेषणानां कर्मत्वं नपुंसकलिङ्गता च । 59

હવે પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં મળતા પરિભાષાપાઠની પછીના સમયમાં પરિભાષાપાઠો ઉપર કેટલી અસરો પડી છે, તેનો અભ્યાસ કરીશું :

પૂર્વભારતની વૈયાકરણ પરંપરામાં સીરદેવે 'બૃહત્પરિભાષાવૃત્તિ' નામના ગ્રંથની રચના કરી છે. પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ના વિસ્તૃતીકરણના અનુસંધાનમાં જાણે આ ગ્રંથની રચના કરવામાં આવી હોય, તેમ જણાય છે. અહીં ૧૩૦ પરિભાષાઓ ઉપર વૃત્તિ રચવામાં આવી છે. તેમાંથી કુલ ૧૧૬ પરિભાષાઓ પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માંથી સ્વીકારેલી છે. આ સિવાય સીરદેવે ૧૩ નવી પરિભાષાઓ ઉમેરી છે જેમકે,

૧. वर्णाश्रये विधौ नान्तादिवत्वम् । 61
૨. क्वचिद् विकृतिरपि प्रकृतिं गृह्णाति । 41
૩. विधौ परिभाषोपतिष्ठते नानुवादे । 89
૪. उपजातनिमित्तोऽप्युत्सर्ग उपजनिष्यमाणनिमित्तेनापवादेन बाध्यते । 93
૫. परिहृत्यापवादविषयमुत्सर्गोऽभिनिविशते । 94
૬. प्रधानाप्रधानयोः प्रधाने कार्यसंप्रत्ययः । 102

૭. पित्स्वरात् चित्स्वरो वलीयान् । 108
૮. पर्यायशब्दानां गुरुलाघवचर्चा नाद्रियते । 122
૯. अनिर्दिष्टार्थाः प्रत्ययाः स्वार्थे भवन्ति । 125
૧૦. युगपदधिकरणवचनो द्वन्द्वः । 127
૧૧. पूर्वं धातुः साधनेन युज्यते पश्चादुपसर्गेण । 128
૧૨. अन्ये तु पूर्वं धातुरुपसर्गेण युज्यते... । 129
૧૩. समासकृत्तद्धितेषु सम्बन्धाभिधानमन्यत्र
रूढ्यभिन्नरूपाव्यभिचरितसम्बन्धेभ्यः । 130

બાકીની એક પરિભાષા विधिनियमसंभवे विधिरेव ज्यायान् । 109 આને કાતન્ત્ર –પરિભાષાસૂત્રમાંથી સ્વીકારી છે. આ પરિભાષા પુરુષોત્તમદેવે રજૂ કરી નથી.

નીલકંઠની 'પરિભાષાવૃત્તિ'માં કુલ ૧૪૦ પરિભાષાઓ રજૂ કરવામાં આવી છે. તેમાંથી ૧૧૪ (+૨)[૧૯] પરિભાષાઓ પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માંથી સ્વીકારી છે. સીરદેવે ઉપર્યુક્ત જે ૧૩ નવી પરિભાષાઓ ઉમેરી છે. તેમાંથી (युगपदधिकरणवचनो द्वन्द्वः । 127 અને समासकृत्तद्धितेषु० । 130 એ બે પરિભાષાઓ સિવાય, બાકીની) ૧૧ પરિભાષાઓ પણ નીલકંઠે સ્વીકારી છે. પુરુષોત્તમદેવની ૩૩,૩૭,૯૪ અને ૧૦૮ ક્રમાંકવાળી પરિભાષાઓ નીલકંઠે સ્વીકારી નથી.

વિશેષમાં, વ્યાડિના 'પરિભાષાસૂચન' શાકટાયનના પરિભાષાસૂત્રો અને કાતન્ત્ર પરિભાષાસૂત્રોમાં મળતી નિમ્નોક્ત ત્રણ પરિભાષાઓ નીલકંઠે રજૂ કરી છે. આ ત્રણ પરિભાષાઓને પુરુષોત્તમદેવે રજૂ કરી નથી.

૧. येन नाप्राप्ते यो विधिः० । 48
૨. उभयथापि वाक्यपरिसमाप्तिः । 106
૩. विधिनियमसंभवे विधिरेव ज्यायान् । 96

---

૧૯. પુરુષોત્તમદેવની समासप्रत्ययविधौ तदन्तविधिप्रतिषेधः, उगिद्वर्णग्रहणवर्जम् ॥ પરિભાષાઃ ૮૦ને નીલકંઠે બે પરિભાષાઓમાં વિભક્ત કરી છે જેમ કે, (૧) समासप्रत्ययविधौ प्रतिषेधः । 121 અને (૨) उगिद्वर्णग्रहणवर्जम् । 122. ...એ જ પ્રમાણે, પુરુષોત્તમદેવની अकृतव्यूहाः पाणिनीयाः प्रवर्तितमपि शास्त्रं व्यावर्तयन्ति ॥ પરિભાષાઃ ૧૦૪ ને નીલકંઠે બે પરિભાષાઓમાં વિભક્ત કરી છે. જેમ કે, (૧) अकृतव्यूहाः पाणिनीयाः । 61 અને (૨) कृतमपि निवर्तयन्ति । 65.

આ ઉપરાંત નીલકંઠે પોતે કુલ ૧૧ પરિભાષાઓ નવી ઉમેરી છે. જે આ પ્રમાણે છે :

૧. अलैवानर्थकेन तदन्तविधिः । 13
૨. उणादयो व्युत्पन्नान्यपि । 21
૩. प्रत्ययग्रहणे चापश्चम्याः । 32
૪. कृतमपि निवर्तयन्ति । 65
૫. हल्स्वरप्राप्तौ व्यञ्जनमविद्यमानवत् । 68
૬. श्रुतानुमितयोः श्रुतेनैव सम्बन्धः । 101
૭. पदाङ्गाधिकारे तस्य च तदन्तस्य च । 108
૮. बाधकान्येव निपातनानि । 109
૯. लक्ष्ये लक्षणस्य सकृदेव प्रवृत्तिः । 112
૧૦. निषेधाश्च बलीयांसो भवन्ति । 113
૧૧. णौ कृतं द्वित्वे न स्थानिवत् । 127

હરિભાસ્કરના 'પરિભાષાભાસ્કર' માં ૧૩૨ પરિભાષાઓ છે. તેમાંથી કુલ ૧૧૫ પરિભાષાઓ પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માંથી સ્વીકારવામાં આવી છે. સીરદેવે નવી ઉમેરેલી ૧૩ પરિભાષાઓમાંથી (परिहृत्यापवाद० । 94 અને अन्ये पूर्वं धातुरुपसर्गेण० । 129 પરિભાષાઓ સિવાયની) કુલ ૧૧ પરિભાષાઓ પણ સ્વીકારી છે. તથા નીલકંઠની જેમ હરિભાસ્કરે પણ એક એક પરિભાષા શાકટાયનનાં પરિભાષાસૂત્રો અને કાતન્ત્રપરિભાષાસૂત્રોમાંથી સ્વીકારી છે, જેમકે,

૧. क्वचिदुभयथा वाक्यपरिसमाप्तिः । 82
૨. विधिनियसंभवे विधिरेव ज्यायान् । 111

આ ઉપરાંત હરિભાસ્કરે પોતે પણ ૪ નવી પરિભાષાઓ ઉમેરી છે. જેમકે,

૧. संनियोगशिष्टानां सह वा प्रवृत्तिः० । 14
૨. समासश्च द्विपदाश्रयत्वाद्बहिरङ्गोऽपि ल्यप् बाधते । 35
૩. भावाभावात्मको हि विकल्पः । 126
૪. अन्वर्था हि प्रत्ययसंज्ञा । 128

નાગેશ ભટ્ટે 'પરિભાષેન્દુશેખર'માં કુલ ૯૩ પરિભાષાઓ પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માંથી સ્વીકારી છે. તથા સીરદેવ અને નીલકંઠના પરિભાષાવૃત્તિ-

ગ્રન્થોમાંથી અનુક્રમે છ અને સાત પરિભાષાઓ સ્વીકારી છે.[૨૦] વિશેષમાં નાગેશ ભટ્ટે પુરુષોત્તમદેવ, સીરદેવ, નીલકંઠ અને હરિભાસ્કરમાં ન મળતી હોય તેવી કેટલીક પરિભાષાઓ રજૂ કરી છે. આ પરિભાષાઓ વ્યાડિના 'પરિભાષાસૂચન, શાકટાયન, ચાન્દ્ર, કાતન્ત્રાદિના પરિભાષાપાઠોમાંથી સ્વીકારવામાં આવી છે. આવી કુલ ૧૩ પરિભાષાઓ છે.

૧. उभयगतिरिह भवति । 9 (परिभाषासूचन)
૨. व्यपदेशिवदेकस्मिन् । 30 (चान्द्र)
૩. पूर्वपरनित्यान्तरङ्गापवादानामुत्तरोत्तरं वलीयः । 38 (कातन्त्र–२)
૪. परान्नित्यं वलवत् । 42 (कातन्त्र)
૫. शब्दान्तरस्य प्राप्नुवन् विधिरनित्यो भवति । 43 (परिभाषासूचन)
૬. लक्षणान्तरेण प्राप्नुवन् विधिरनित्यः 45 (,,)
૭. क्वचित्कृताकृतप्रसङ्गमात्रेणापि नित्यता । 46 (,,)
૮. अनुदात्तेत्वलक्षणमात्मनेपदमनित्यम् । 93.4 (हेमहंसगणि)
૯. नञ्घटितमनित्यम् । 93.5 (कातन्त्र–४)
૧૦. श्तिपा शपानुबन्धेन निर्दिष्टं यद्गणेन च ।
यत्रैकाज्ग्रहणं चैव पञ्चैतानि न यङ्लुकि । 120.3 (कातन्त्र–१)
૧૧. पदगौरवाद्योगविभागो गरीयान् । 121 (परिभाषासूचन)
૧૨. विधिनियमसंभवे विधिरेव ज्यायान् । 100 (कातन्त्र–३)
૧૩. येन नाप्राप्ते यो विधिः० । (परिभाषाने अलग गणो तो) (परिभाषासूचन)

આ ઉપરાંત ભાષ્યચર્ચાને આધારે નાગેશ ભટ્ટે બીજી ૧૬ પરિભાષાઓ નવી ઉમેરી છે. જે અગાઉના પરિભાષાપાઠોમાં રજૂ થયેલી નથી. આ પરિભાષાઓ આ પ્રમાણે છે

૧. अनेकान्ता अनुबन्धा इति । 8
૨. एकान्ताः । 5

---

૨૦. 'પરિભાષેન્દુશેખર'માંની ૬૪, ૯૩, ૧૦, ૯૭, ૧૧૩, ૧૧૫ અને ૧૨૦. ૧ ક્રમાંકવાળી પરિભાષાઓ સીરદેવમાંથી સ્વીકારી છે. તથા ૨૪, ૨૯, ૮૦, ૯૫, ૧૦૦, ૧૧૦ અને ૧૧૨ ક્રમાંકવાળી પરિભાષાઓ નીલકંઠમાંથી સ્વીકારી છે.

૩. यत्रानेकविधमान्तर्यं तत्र स्थानतः आन्तर्यं बलीयः । 13
૪. भाव्यमानोऽप्युकारः सवर्णान् गृह्णाति । 20
૫. शब्दान्तरात्प्राप्नुवतः शब्दान्तरे प्राप्नुवतश्चानित्यत्वम् । 44
૬. यस्य च लक्षणान्तरेण निमित्तं विहन्यते न तदनित्यम् । 48
૭. यस्य च लक्षणान्तरेण निमित्तं विहन्यते तदप्यनित्यम् । 48
૮. स्वरभिन्नस्य प्राप्नुवन् विधिरनित्यो भवति । 49
૯. पूर्वोत्तरनिमित्तकार्यात्पूर्वमन्तरङ्गोप्येकादेशो न । 53
૧૦. पूर्वं ह्यपवादा अभिनिविशन्ते पश्चादुत्सर्गाः । 62
૧૧. प्रकल्प्य वापवादविषयं तत उत्सर्गोऽभिनिविशते । 63
૧૨. अपवादो यद्यन्यत्र चरितार्थस्तर्ह्यन्तरङ्गेण बाध्यते । 65
૧૩. लादेशेषु वासरूपविधिर्नास्ति । 69
૧૪. आतिदेशिकमनित्यम् । 93.6
૧૫. एकस्या आकृतेश्चरितः प्रयोगो द्वितीयस्याः तृतीयस्याश्च न भविष्यति । 118
૧૬. अर्धमात्रा लाघवेन पुत्रोत्सवं मन्यन्ते वैयाकरणाः । 122

અગાઉ જણાવ્યું છે તે મુજબ નાગેશ ભટ્ટે 'લઘુપરિભાષાવૃત્તિ'માંથી ૯૩ પરિભાષાઓ સ્વીકારી છે. પરંતુ નિમ્ન ક્રમાંકિત ૨૯ પરિભાષાઓ નાગેશે સ્વીકારી નથી.

૨,૭,૧૬,૨૦,૨૧,૨૨,૨૩,૩૧,૩૩,૩૪,૩૭,૪૩,૫૧,૫૮,૫૯,૬૧,૮૦,૮૫,૮૮, ૮૯,૯૫,૯૬,૯૮,૯૯,૧૧૧,૧૧૨,૧૧૩,૧૧૬, અને ૧૧૯.

પુરુષોત્તમદેવના અનુગામી પરિભાષાપાઠોનું ઉપર મુજબ વિગતે પૃથક્કરણ કર્યા પછી, આ વિષે જો સામાન્ય તારણ રજૂ કરવું હોય તો પુરુષોત્તમદેવની નિમ્નોક્ત ૮૯ પરિભાષાઓને નાગેશ ભટ્ટ પર્યન્તના પ્રત્યેક પરિભાષાવૃત્તિકારે પોતપોતાના પરિભાષાવૃત્તિ ગ્રન્થમાં સ્વીકારી છે :

૧,૩,૪,૫,૬,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫,૧૭,૧૮,૧૯,૨૪,૨૫,૨૬,૨૭,૨૮, ૨૯,૩૦,૩૨,૩૫,૩૬,૩૭,૩૮,૩૯,૪૦,૪૧,૪૨,૪૪,૪૫,૪૬,૪૭,૪૮,૪૯,૫૦,૫૨,૫૩ ૫૪,૫૫,૫૬,૫૭,૬૨,૬૩,૬૪,૬૫,૬૬,૬૭,૬૮,૬૯,૭૦,૭૧,૭૨,૭૩,૭૪,૭૫,૭૬,૭૭, ૭૮,૭૯,૮૧,૮૨,૮૩,૮૪,૮૬,૮૭,૯૦,૯૧,૯૨,૯૩,૯૩,૧૦૦,૧૦૧,૧૦૨,૧૦૩,૧૦૪, ૧૦૫,૧૦૬,૧૦૭,૧૦૯,૧૧૦,૧૧૪,૧૧૫,૧૧૭,૧૧૮ અને ૧૨૦.

આમ, અર્વાચીન સમયની પાણિનીય પરિભાષા પરંપરાનો આદિ પ્રેરક પરિભાષાપાઠ આપણને પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં મળે છે. આપણે જોયું તે પ્રમાણે પુરુષોત્તમદેવના પ્રત્યેક અનુકાલીન પરિભાષાવૃત્તિકારે મહદંશે પુરુષોત્તમદેવે જ રજૂ કરેલી પરિભાષાઓ સ્વીકારી છે. જોકે અહીં એ નોંધવું જોઈએ કે સીરદેવ અને નાગેશ જેવા પરિભાષાલેખકોએ પરિભાષાઓની ગોઠવણી વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કર્યો છે.[૨૧] તથાપિ 'લઘુપરિભાષાવૃત્તિ'માં મળતો પરિભાષાપાઠ નાગેશ ભટ્ટ પર્યંતના પરિભાષાવૃત્તિકારોને માટે આદર્શરૂપ બની રહ્યો છે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

'પરિભાષેન્દુશેખર'માં મળતાં પરિભાષાપાઠના મૂળસ્રોતરૂપે પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં મળતાં પરિભાષાપાઠને આપણે નિર્દેશીએ છીએ ત્યારે એક શંકા જન્મે છે. જેમકે, 'પરિભાષેન્દુશેખર'ના પરિભાષાપાઠ ('લઘુપરિભાષાવૃત્તિ'માં મળતા પરિભાષાપાઠ કરતા) પુરુષોત્તમદેવને નામે જ ઉપલબ્ધ થતો બીજો એક સ્વતંત્ર પરિભાષાપાઠ છે. તેની સાથે વધારે સામ્ય ધરાવે છે. પુરુષોત્તમદેવના આ સ્વતંત્ર પરિભાષાપાઠ અને 'પરિભાષેન્દુશેખર'ના પાઠને સરખાવતા પ્રથમ તબક્કે જ તેમના ઉપસ્થિતિક્રમ અને નવા ઉમેરા વચ્ચેનું સામ્ય જણાઈ આવે છે. આથી નાગેશ ભટ્ટે પુરુષોત્તમદેવના આ સ્વતંત્ર પરિભાષાપાઠમાંથી પ્રેરણા મેળવી છે. અથવા તો તેનો ઉપયોગ કર્યો છે. એમ શા માટે ન કહેવું જોઈએ? આ સંદર્ભમાં પ્રા. અભ્યંકરજીએ પણ જણાવ્યું છે કે પુરુષોત્તમદેવે व्याख्यानतो विशेषप्रतिपत्तिः० । પરિભાષાને પ્રથમ રજૂ કરતી ત્રીજી પરંપરા સ્થાપી છે. આ પરંપરાને બધા અર્વાચીન પરિભાષાવૃત્તિલેખકો અનુસરે છે.[૨૨] પરંતુ આ વિધાન પુનઃ સમીક્ષ્ય છે.

પુરુષોત્તમદેવની 'ભાષાવૃત્તિ'[૨૩]ને અંતે પરિશિષ્ટરૂપે આ પરિભાષાપાઠ આપ્યો.

---

૨૧. સીરદેવે 'બૃહત્પપરિભાષાવૃત્તિ'માં પરિભાષાઓને જ્ઞાપકસૂત્રોના ક્રમે રજૂ કરી છે. જેમ કે, लण् । મા. સૂ. 6 માંના બીજીવાર અનુબન્ધ રૂપે વપરાયેલા ण् કાર ઉપરથી જ્ઞાપિત થયેલી व्याख्यानतो विशेषप्रतिपत्तिः० । પરિભાષાને સીરદેવે પ્રથમ મૂકી છે. નાગેશ ભટ્ટે 'પરિભાષેન્દુશેખર'માં પરિભાષાઓને "શાસ્ત્રત્વસંપાદકપ્રકરણ", "બાધબીજપ્રકરણ" અને "તન્ત્રશેષપ્રકરણ" એવા વિષયાનુસારી પ્રકરણોમાં રજૂ કરી છે.

૨૨. જુઓ : परिभाषेन्दुशेखरः । तत्त्वादर्शः । પ્રસ્તાવના, પાન ૭ અને ૮

૨૩. જુઓ : ભાષાવૃત્તિઃ (રાજશાહી, ૧૯૧૮)

પરિશિષ્ટ ૪ થું આ પાઠ પરિભાષાસંગ્રહમાં "૧૨અ"ના ક્રમાંકથી રજૂ કર્યો છે.

છે. તેમાં કેવળ ૯૫ પરિભાષાઓ રજૂ થઈ છે. અને તેનો પ્રારંભ વ્યાખ્યાનતો વિશેષપ્રતિપત્તિઃ ન હિ સંદેહાદલક્ષણમ્ ।[૨૪] પરિભાષાથી થાય છે. આ પરિભાષાપાઠની સાથે નાગેશ ભટ્ટના 'પરિભાષેન્દુશેખર'માં મળતી પરિભાષાઓ ઉપસ્થિતિક્રમની દૃષ્ટિએ અત્યંત સામ્ય ધરાવે છે, તે વાત સાચી છે. પરંતુ પુરુષોત્તમદેવને નામે મળતો આ પરિભાષાપાઠ શ્રદ્ધેય નથી, એવું જણાય છે કે આ પરિભાષાપાઠ પણ પુરુષોત્તમદેવે રચ્યો નથી. પણ પાછળથી કોઈકે તેને 'ભાષાવૃત્તિ'ને અંતે જોડી દીધો છે. આ અનુમાનનું સમર્થન કરતાં કારણો નીચે મુજબ છે:

(૧) પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચનામાં જ આ પાઠના ક્રમનું અને પરિભાષાઓનું અનુસરણ કેમ ન કર્યું ?

'લઘુપરિભાષાવૃતિ'ની રચના થયા પછી આ પરિભાષાપાઠ રચાયો હશે તેમ કોઈ કહે તો–

(૨) આ પરિભાષાપાઠની ઘણી પરિભાષાઓને પુરુષોત્તમદેવે જ 'ભાષાવૃત્તિ'માં એકપણ વાર ઉપયોગમાં લીધી નથી.

(૩) આ પરિભાષાપાઠ વિષય-વિભાગની દૃષ્ટિએ વધારે સુસંકલિત અને તર્કસંગતિવાળો છે. વળી, અત્યંત જરૂરી કહી શકાય તેવા નવા ઉમેરા સાથેનો છે. તેથી સહજ પ્રશ્ન થાય કે સીરદેવ, નીલકંઠ અને હરિભાસ્કરે આ પાઠનો અંશતઃ પણ ઉપયોગ કેમ ન કર્યો. અર્થાત્ તેની વધુ સિદ્ધાંતનિષ્ઠ પરિભાષાઓને કેમ ન સ્વીકારી ?

(૪) 'લઘુપરિભાષાવૃત્તિ'માં (અને 'ભાષાવૃત્તિ'માંપણ) वामदेवाड्डयड्डयौ । 4/2/9 સૂત્રથી જ્ઞાપિત થતી निरनुबन्धकग्रहणे० । અને एकानुबन्धकग्रहणे० । તેવી બે પરિભાષાઓ ઉપરાંત યુક્તિસિદ્ધ तदनुबन्धकग्रहणे० । પરિભાષા પણ રજૂ થઈ છે. જ્યારે આ પાઠમાં તો કેવળ એક જ निरनुबन्धकग्रहणे० । પરિભાષા રજૂ થઈ છે.

---

૨૪. ઉદાહરણ તરીકે.

૧. अनेकान्ता अनुबन्धाः । 4

૨. एकान्ताः । 5

૩. कृताकृतप्रसङ्गि नित्यम् । 43

૪. शब्दान्तरस्य प्राप्तुवन् विधिरनित्यो भवति । 44

૫. विधिनियमसंभवे विधिरेव ज्यायान् । 184 વગેરે.

(૫) લગભગ નાગેશ ભટ્ટના સમયમાં પ્રચલિત બનેલી પરિભાષાઓ, જેવી કે,

૧. अर्धमात्रा लाघवेन पुत्रोत्सवं मन्यन्ते वैयाकरणाः । 45

૨. पूर्वपरनित्यांतरङ्गापवादानामुत्तरोत्तरं बलीयः । 38

આ પાઠમાં જોવા મળે છે. પુરુષોત્તમદેવે 'ભાષાવૃત્તિ'માં આ પરિભાષાઓનો ઉલ્લેખ કર્યો નથી. અને 'કાશિકા'દિ પ્રાચીન વૃત્તિ ગ્રન્થોમાં પણ આ પરિભાષાઓ ઉપલબ્ધ થતી નથી. આથી સિદ્ધ થાય છે કે આ પરિભાષાપાઠ પુરુષોત્તમદેવે રચેલો નથી.

ઉપસંહાર :

ઉપલબ્ધ પરિભાષાસાહિત્યમાં વ્યાડિના 'પરિભાષાસૂચન'માં મળતો પરિભાષાપાઠ સૌથી પ્રાચીન છે. આ 'પરિભાષાસૂચન'ની રચના થયા પછી પતંજલિએ 'મહાભાષ્ય'માં આવી અનેક પરિભાષાઓનો ઉપયોગ કર્યો છે. વળી, ચર્ચાન્તર્ગત બીજાં અનેક શાસ્ત્રવ્યવસ્થાપક વચનો ઉચ્ચાર્યાં છે, જે પાછળના સમયમાં પરિભાષારૂપે સ્વીકારાયાં છે. આ 'પરિભાષાસૂચન' અને મહાભાષ્યમાંથી પ્રેરણા મેળવીને અપાણિનીય અને પાણિનીય પરંપરાના પરિભાષાપાઠો તૈયાર થયા છે.

પાણિનીય પરંપરામાં વ્યાડિના 'પરિભાષાસૂચન' પછી મહાભાષ્યની રચના થતાં પરિભાષા વિષયક સ્વતંત્ર વ્યાખ્યાન ગ્રન્થો કે પરિભષાપાઠોની પ્રવૃત્તિ બંધ પડેલી જણાય છે. વ્યાડિના 'પરિભાષાસૂચન' પછી છેક ૧૨મી સદીમાં પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચના કરી છે. પરંતુ 'પરિભાષાસૂચન' અને 'લઘુપરિભાષાવૃત્તિ'ની વચ્ચેના સમયગાળામાં ચાંદ્ર, કાતન્ત્રાદિ અપાણિનીય સંસ્કૃત વ્યાકરણ પરંપરાઓમાં છ પરિભાષાપાઠો અને બે પરિભાષાવૃત્તિ ગ્રન્થોની રચના થયેલી છે. જો કે આ પરિભાષાપાઠોએ પાણિનીય પરિભાષાઓનો જ મહદંશે સ્વીકાર કર્યો છે, તથાપિ તેમણે ક્યારેક નવી પરિભાષાઓ પણ ઉમેરી છે. આવી નવી ઉમેરેલી પરિભાષાઓનો પાણિનીય પરંપરાના પરિભાષાપાઠોમાં પુરુષોત્તમદેવાદિએ સ્વીકાર પણ કર્યો છે. આવી પરિભાષાઓનો શાસ્ત્રમાં સંદેહનિવૃત્તિ અર્થે ઉપયોગ કરવામાં આવે છે અને તદુપરાંત શિષ્ટ પ્રયોગોનું સાધુત્વબોધન કરવા માટે પણ કેટલીક પરિભાષાઓનો ઉપયોગ કરવામાં આવે છે, તે આ પરિભાષાઓની નોંધપાત્ર વિશેષતા છે.

પાણિનીય પરંપરામાં પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં મળતો પરિભાષાપાઠ અત્યંત મહત્ત્વનો છે. પૂર્વભારતની વૈયાકરણ પરંપરાના સીરદેવ અને હરિભાસ્કરે લગભગ સર્વાંશે પુરુષોત્તમદેવ પ્રસ્તુત પરિભાષાઓનો સ્વીકાર કરીને તેની ઉપર 'બૃહત્પરિભાષાવૃત્તિ' અને 'પરિભાષાભાસ્કર'ની રચના કરી છે. આ સાથે

કાશીની વૈયાકરણ પરંપરાના નીલકંઠ અને નાગેશ ભટ્ટે પણ પુરુષોત્તમદેવપ્રસ્તુત પરિભાષાઓમાંથી મોટી સંખ્યામાં પરિભાષાઓને સ્વીકારી છે, તે નોંધપાત્ર છે. વ્યાડિના 'પરિભાષાસૂચન'નો અન્યત્ર નામોલ્લેખ પ્રાપ્ત થતો નથી. તેથી તે વૈયાકરણ સમુદાયમાંથી ધીમે ધીમે વિસ્મૃત થયો હોય તેમ જણાય છે. જો કે હરિભાસ્કરે નોંધ્યું છે કે व्याख्यानतो विशेषप्रतिपत्तिः० । વગેરે પરિભાષાઓ વ્યાડિએ રચી છે તેમ કેટલાક કહે છે.[૨૫] તથાપિ મહાભાષ્ય કે કાશિકાદિ જેવા ગ્રન્થોમાં આ ગ્રન્થનો નામોલ્લેખ કે ઉદ્ધરણ પ્રાપ્ત થતું નથી. એટલે પાણિનીય પરંપરામાં મહાભાષ્યાદિ ગ્રન્થોમાં પરિભાષાઓ એકત્ર કરી તે પરિભાષાઓના અર્થ, પ્રયોજન, જ્ઞાપક-પ્રમાણાદિની વિચારણા અર્થે સ્વતંત્ર ગ્રન્થ રચના કરવાની પ્રવૃત્તિનું પ્રેરક-સ્થાન પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં મળતો પરિભાષાપાઠ છે.

---

૨૫. केचित्तु व्याख्यानतो विशेषप्रतिपत्तिरित्यादिसर्वपरिभाषा व्याडिमुनिना विरचिता इत्याहुः ॥ પરિભાષાસંગ્રહ પાન-૩૭૪.

પ્રકરણ ૭

પુરુષોત્તમદેવનો જીવનસમય, વૃત્તાન્ત અને કૃતિઓ

કાશિકાની રચના થયા પછી પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરામાં મૈત્રેયરક્ષિત પુરુષોત્તમદેવ, સીરદેવ અને શરણદેવ ઇત્યાદિ અનેક વિદ્વાનોએ પાણિનીય વ્યાકરણનો ઉંડો અભ્યાસ કરીને વ્યાકરણશાસ્ત્રના અનેક ગ્રંથો રચ્યા છે. આ બૌદ્ધ વૈયાકરણોમાંથી ખાસ નોંધપાત્ર વૈયાકરણ તરીકે મૈત્રેયરક્ષિત અને પુરુષોત્તમદેવ છે. કારણ કે તેમના અનુગામી વૈયાકરણોએ પુરુષોત્તમદેવ અને મૈત્રેયરક્ષિતનો અનેકવાર નામોલ્લેખ કર્યો છે.

"પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'નું વિવેચનાત્મક અધ્યયન" આ મહાનિબંધનો વિષય હોવાથી, પ્રાસંગિક રીતે પુરુષોત્તમદેવના જીવનસમય, વૃત્તાન્ત અને અન્યકૃતિઓ વિષે પણ જાણવું રસપ્રદ બની રહેશે.

૧.

પુરુષોત્તમદેવનો જીવન સમય[1] :

પુરુષોત્તમદેવે લઘુપરિભાષાવૃત્તિ ઉપરાંત પાણિનિનાં સૂત્રો ઉપર ભાષાવૃત્તિ નામની એક વૃત્તિ પણ રચી છે. આ ભાષાવૃત્તિની ઉપર સૃષ્ટિધરાચાર્ય ચક્રવર્તીએ ભાષાવૃત્તિવિવૃત્તિ નામની ટીકા રચી છે. એ ટીકાને પ્રારંભે તેમણે જણાવ્યું છે કે રાજા લક્ષ્મણસેનને વૈદિક પ્રયોગોનું સાધુત્વજ્ઞાન અનીપ્સિત હોવાથી, તેમની (રાજાની) આજ્ઞાથી પ્રસ્તુત (ભાષાવૃત્તિ રૂપી ગ્રંથ રચના) કર્મમાં જોડાયેલા (પુરુષોત્તમદેવ) ઇત્યાદિ.[2] આ ઉલ્લેખ પરથી સૂચિત થાય છે કે પુરુષોત્તમદેવ રાજા

---

૧. संस्कृत व्याकरणशास्त्रका इतिहास । भाग–।, पृ. 400 – 402 ને આધારે.

૨. वैदिकप्रयोगानर्थिनो लक्ष्मणसेनस्य राज्ञ आज्ञया प्रकृते कर्मणि प्रसजन्...।

– 'भाषावृत्यर्थविवृत्ति'ને પ્રારંભે.

લક્ષ્મણસેનના સમયમાં થઈ ગયા છે. રાજા લક્ષ્મણસેનનો સમય જો કે વિવાદસ્પદ છે, તો પણ અનેક વિદ્વાનોનું માનવું છે કે રાજા લક્ષ્મણસેનનો સમય વિ. સં. ૧૧૭૪ (અર્થાત્ ઈ.સ. ૧૨૩૧) છે. આથી પુરુષોત્તમદેવનો સમય પણ ઈ.સ. ૧૨૩૦ની આસપાસનો મનાય છે.

આ સમયનિર્ણયમાં બીજી યુક્તિઓ પણ આ પ્રમાણે આપવામાં આવે છે :

૧. શરણદેવે શકાબ્દ ૧૦૯૫ અર્થાત્ વિ. સં. ૧૨૩૦ (ઈ.સ. ૧૨૮૭)માં દુર્ઘટવૃત્તિની રચના કરી છે. શરણદેવે પુરુષોત્તમદેવનો અનેકવાર ઉલ્લેખ કર્યો છે, તેથી ફલિત થાય છે કે પુરુષોત્તમદેવનો સમય વિ. સં. ૧૨૩૦ પૂર્વેનો છે.

૨. બીજી તરફ, સર્વાનંદે અમરટીકાસર્વસ્વની રચના શકાબ્દ ૧૦૮૧ અર્થાત્ વિ.સં. ૧૨૧૬(ઈ.સ. ૧૨૭૩)માં કરી છે. આ ટીકાસર્વસ્વમાં પુરુષોત્તમદેવકૃત ભાષાવૃત્તિ, ત્રિકાંડશેષ, હારાવલી ઇત્યાદિના ઉલ્લેખો છે. તેથી પણ ફલિત થાય છે કે પુરુષોત્તમદેવનો સમય વિ.સં. ૧૨૧૬ પૂર્વેનો છે.

પુરુષોત્તમદેવે પોતે તો પોતાના જીવનસમય અંગે કોઈ ઉલ્લેખ કર્યો નથી, પણ લક્ષ્મણસેન રાજાના રાજ્યકાલ તથા ઉપર્યુક્ત બે અનુગામી ગ્રંથોના ઉદ્ધરણો ઉપરથી સાબિત થાય છે કે પુરુષોત્તમદેવ ઈ.સ. ૧૨૩૦ની આસપાસ થઈ ગયા હશે.

૨.

પુરુષોત્તમદેવનો જીવનવૃત્તાન્ત[૩]

પુરુષોત્તમદેવે પોતાના કોઈ પુસ્તકમાં પોતાના જીવનવૃત્તાન્ત વિષે કાંઈ જ લખ્યું નથી. આથી તેમનો જીવનવૃત્તાન્ત અજ્ઞાત છે.

પુરુષોત્તમદેવે અષ્ટાધ્યાયીનાં સૂત્રો ઉપર ભાષાવૃત્તિની રચના કરી છે. આ ભાષાવૃત્તિ માં પ્રત્યાહાર પરિગણન કરતાં લખ્યું છે કે अश्, हश्, वश्, झश्, जश् पुनर्वश्...આ વાક્યમાંના પુનઃ શબ્દથી પુરુષોત્તમદેવ બંગદેશ નિવાસી હતા એમ જણાય છે. કારણ કે બંગાળમાં વ અને વનું એક સરખું પ વર્ગીય વ એવું ઉચ્ચારણ થાય છે. માટે પુરુષોત્તમદેવે ઉચ્ચારણજન્ય પુનરુક્તદોષ રોકવા 'પુનઃ' શબ્દ લખ્યો છે.

વળી, ભાષાવૃત્તિ માંના કેટલાક ઉલ્લેખો પરથી જણાય છે કે પુરુષોત્તમદેવ બૌદ્ધમતાનુયાયી હશે. આવા ઉલ્લેખો નીચે મુજબ છે :

---

૩. જુઓ : ટિપ્પણી – ૧.

૧. जिनः पातु वः । 3-3-173,
૨. न दोषप्रति बौद्धदर्शने । 2-2-9,
૩. महाबोधिं गन्तास्म । 3-3-17,
૪. प्रणम्यशास्त्रे सुगताय तायिने । 1-4-32, વગેરે.

ભાષાવૃત્તિ ના પ્રારંભે મંગલશ્લોકમાં પણ તેમણે "नमो बुद्धाय भाषायाम् ...। એમ કહ્યું છે. આમ, ભાષાવૃત્તિમાં જિન, બૌદ્ધદર્શન અને મહાબોધિ પ્રત્યે આદરભાવ પ્રદર્શિત કર્યો છે તેથી જણાય છે કે પુરુષોત્તમદેવ બૌદ્ધધર્મને અનુસરનાર હતા.

૩.

પુરુષોત્તમદેવની અન્ય કૃતિઓ :

પુરુષોત્તમદેવે લઘુપરિભાષાવૃત્તિ સિવાય પણ બીજા અનેક ગ્રંથો રચ્યા છે. આ ગ્રંથો વ્યાકરણ અને કોશને અનુલક્ષીને રચવામાં આવ્યા છે. જેમકે, (વ્યાકરણ ગ્રંથો :)

૧. भाषावृत्ति,
૨. महाभाष्यवृत्त-प्राणपणा નામની લઘુવૃત્તિ,
૩. ज्ञापकसमुच्चय,
૪. दुर्घटवृत्ति,
૫. कारककारिका અને/અથવા कारकचक्र,
૬. उणादि (सूत्र) वृत्ति
૭. वर्णदेशना
૮. गणवृत्ति

અને (કોશ ગ્રંથો :)

૯. त्रिकाण्डशेष (કોશ) અથવા अमरकोश परिशिष्ट,
૧૦. हारावली,
૧૧. एकाक्षरकोष
૧૨. द्विरूपकोष તથા
૧૩. शब्दभेदप्रकाश અથવા शब्दद्वैधकोश વગેરે.

આમાંથી ૧. भाषावृत्ति, ૨. त्रिकाण्डशेष, ૩. हारावली અને ૪. एकाक्षरकोष પ્રકાશિત થઈ ચૂક્યા છે. બાકીના ગ્રંથો હસ્તલિખિત સ્વરૂપે ગ્રંથભંડારોમાં વિદ્યમાન છે.

અહીં આપણે આ ગ્રંથોમાંથી કેટલાકનો પરિચય કરીશું :

૧. भाषावृत्ति :

રાજા લક્ષ્મણસેનની આજ્ઞાથી આ વૃત્તિની રચના કરવામાં આવી છે. આ ભાષાવૃત્તિમાં કેવળ લૌકિક શબ્દોની વ્યુત્પત્તિ ચર્ચતા પાણિનિની અષ્ટાધ્યાયીનાં સૂત્રો ઉપર જ વૃત્તિ-મુખ્યત્વે સૂત્રાર્થ અને ઉદાહરણો-રજૂ કરવામાં આવી છે. અહીં સ્વર અને વૈદિકી પ્રક્રિયા અંગેનાં સૂત્રો ઉપર વૃત્તિ રચવામાં આવી નથી. આ સંદર્ભમાં તે વૃત્તિનું भाषावृत्ति એવું નામ અન્વર્થ હોય એમ જણાય છે.

આ વૃત્તિ સુબોધ શૈલીમાં સૂત્રાર્થ સમજાવે છે તથા काशिकाથી જુદા હોય એવાં ઉદાહરણો રજૂ કરે છે. तदुपरांत, रघुवंश, भारवि, भट्टि, माघ, जाम्बवती-विजय, भामह, वेणीसंहार, वाल्मीकि અને अमरकोश ઇત્યાદિ અનેક કવિઓ, કાવ્યો અને ગ્રંથકારોના ઉલ્લેખો તેમની આ વૃત્તિમાંથી મળી આવે છે.[૪]

પોતાની भाषावृत्ति ને काशिका અને 'भागवृत्ति'ની સાથે સરખાવતાં તેમણે भाषावृत्ति ને અંતે જણાવ્યું છે કે—

"काशिका અને भागवृत्ति ના સિદ્ધાંતોને જાણવાની બુદ્ધિ હોય તો હે બંધુ ! આ મારી भाषावृत्ति નો વિચાર કરો."[૫]

આ भाषावृत्ति ઉપર બંગદેશ નિવાસી શ્રી સૃષ્ટિધર ચક્રવર્તીએ भाषा-वृत्त्यर्थविवृत्ति નામની ટીકા લખી છે. આ ટીકા बालानां सुखबोधाय જેવી છે અને તે ટીકા ત્રુટિત અવસ્થામાં મળી આવે છે. વળી, પં. યુધિષ્ઠિર મીમાંસક જણાવે છે કે તે ટીકા જેટલા અંશમાં મળી આવે છે તેટલા અંશમાં પણ કેટલીક ઉપહાસાસ્પદ અશુદ્ધિઓ રહેલી છે.[૬] તેથી વિદ્વાનોને માટે તે ઉપયોગી નથી.

૨. महाभाष्यलघुवृत्ति :[૭]

પુરુષોત્તમદેવકૃત भाष्यवृत्तिના વ્યાખ્યાતા શંકર પંડિતે લખ્યું છે કે—

---

૪. જુઓ : भाषावृत्ति, परिशिष्ट - २, (भाषावृत्तावुदाहृत्तानि पूर्वसूरीणांवचांसि ।)

૫. काशिकाभागवृत्योश्चेत् सिद्धान्तं बोद्धुमस्ति धीः ।
तदा विचिन्त्यतां भ्रातर्भाषावृत्तिरियं मम ॥
(श्रीपुरुषोत्तमदेवस्य) ।

૬. જુઓ : संस्कृतव्याकरणास्त्रका इतिहास । भा - । पृ. 482.

૭. જુઓ : ટિપ્પણી - ।

अथ भाष्यवृत्तिव्याचिख्यासुर्देवो विघ्नविनाशाय सदाचारपरिप्राप्त-मिष्टदेवतानतिस्वरूपं मङ्गलमाचचार। तत्पद्यं यथा–

नमो बुधाय बुद्धाय यथात्रिमुनिलक्षणम्।
विधीयते प्राणपणा भाषायां लघुवृत्तिका॥

આ વિધાનથી જણાય છે કે પુરુષોત્તમદેવે જે ભાષ્યવૃત્તિ રચી હતી તેનું નામ પ્રાણપણા હતું. અહીં પુરુષોત્તમદેવને માટે 'દેવ' એવો શબ્દ વાપરવામાં આવ્યો છે. પરંતુ શંકર વિરચિત વ્યાખ્યાના ટીકાકાર મણિકંઠે દેવકૃત વ્યાખ્યાનું નામ प्राणपणित લખ્યું છે. જેમકે, श्रीदेवव्याख्यातप्राणपणितभाष्यग्रन्थस्य... । (इ. हि. क्वाटर्ली, पृ. 303.) આ લઘુવૃત્તિ પ્રકાશિત નહીં થઈ હોવાથી તેના વિશે વિશેષ માહિતી આપી શકાય એમ નથી.

૩. ज्ञापकसमुच्चयः આ કૃતિમાં પુરુષોત્તમદેવે લગભગ ૪૦૦ જેટલા જ્ઞાપકોનો સંગ્રહ કર્યો છે અને તેને સમજાવવામાં આવ્યા છે[૮] સંભવતઃ આ કૃતિમાંથી પ્રેરણા મેળવીને, નાગેશ ભટ્ટે ज्ञापकसंग्रहની રચના કરી છે.

૪. दुर्घटवृत्तिः–પુરુષોત્તમદેવકૃત આ दुर्घटवृत्ति આજે અપ્રાપ્ય છે. પરંતુ શરણદેવે લખેલી दुर्घटवृत्ति ઉપલબ્ધ છે. 'તેમાં પાણિનિના સૂત્રોથી જે શબ્દોનું અન્વાખ્યાન કરવું મુશ્કેલ હોય તેવા શબ્દોને આ વૃત્તિમાં સમજાવવામાં આવ્યા છે. આ કૃતિનું સ્વરૂપ છે કે તેમાં પાણિનિનાં અમુક પસંદ કરેલાં સૂત્રો ઉપર કે જે સૂત્રો મુશ્કેલ શબ્દસ્વરૂપને સમજાવવામાં ઉપયોગી બનતાં હોય તેની ઉપર ટીકા (વૃત્તિ) લખવામાં આવી છે કે—

अमरकोशटीकासर्वस्य[૯]માં સર્વાનંદે લખ્યું છે કે पुरुषोतमदेवेन गुर्विणी इत्यस्य दुर्घटेऽसाधुत्वमुक्तम्। તેથી સૂચિત થાય છે કે પુરુષોત્તમદેવે પણ કોઈ दुर्घटवृत्ति નામની વૃત્તિ રચી હતી. પરંતુ અહીં કોઈ શંકા કરે કે સર્વાનંદે ભૂલથી 'शरणदेवेन' એમ લખવાને બદલે 'श्री पुरुषोत्तमदेवेन' લખ્યું હશે. અર્થાત્ પુરુષોત્તમદેવ કોઈ दुर्घटवृति રચી જ નહીં હોય–પરંતુ આ શંકા ખોટી છે. કારણ કે (૧) શરણદેવની (વિ. સં. ૧૨૩૦) दुर्घटवृत्तिની પૂર્વે સર્વાનંદે વિ. સં. ૧૨૧૬) टीकासर्वस्वની રચના કરી છે. તથા (૨) શરણદેવે दुर्घटवृत्तिમાં 'गुर्विणी'નું

---

૮. Dictionary of Sanskrit Grammar.
ને આધારે, (જુઓ : પાન – 151)

૯. એજન, પાન – 185

સાધુત્વ બતાવ્યું છે અને પુરુષોત્તમદેવે તેનું અસાધુત્વ બતાવ્યું છે એમ ઉપર્યુક્ત ઉદ્ધરણ કહે છે. આથી સૂચિત થાય છે કે પુરુષોત્તમદેવે પણ કોઈક દુર્ઘટવૃત્તિ રચના કરી હતી, જે હાલ અનુપલબ્ધ છે.[૧૦]

૫. कारकचक्र અને/અથવા कारककारिका: શ્લોકબદ્ધ આ કૃતિમાં કારકની સમજૂતી આપવામાં આવી છે એની ઉપર ટીકા પણ મળે છે, કે જે સંભવતઃ कारककौमुदी નામ ધરાવતી હશે. આ कारकचक्रनुं જ બીજું નામ कारककारिका હોવાની સંભાવના છે.[૧૧]

૬. उणादि (सूत्र) वृत्तिः આ કૃતિમાં ઉણાદિ સૂત્રો ઉપર વૃત્તિ રચવામાં આવી છે. આ પ્રકારની બીજી ઉણાદિ સૂત્ર વૃત્તિઓ પણ ઉજ્જ્વલદત્ત, ગોવર્ધન, રામચંદ્ર દીક્ષિત અને હરિદત્તની મળી આવે છે.[૧૨]

૭.૮. वर्णदेशना અને गणवृत्तिः આ બન્ને કૃતિઓ હસ્તપ્રત રૂપે વિદ્યમાન હોઈ બીજી કોઈ વિગત પ્રાપ્ત નથી. 9, 10, 11, 12, 13. त्रिकाण्डषे, અથવા अमरकोशपरिशिष्ट, हारावली, एकाक्षरकोश, द्विरूपकोश અને शब्दभेदप्रकाश અથવા शब्दद्वैधकोशः ।

આ બધી કૃતિઓ lexicographical work પ્રકારની છે. અર્થાત્ શબ્દકોશ પ્રકારની છે, તેમાંથી પહેલી કૃતિઓ ખાસ નોંધપાત્ર છે. વળી, त्रिकाण्डशेष, हारावली અને एकाक्षरकोश પ્રકાશિત પણ થયા છે. પ્રોફે. એ.એન. જાનીસાહેબે વિદ્વત્તાપૂર્ણ "A Critical Study of 'Sriharsa's Naisadhiya – caritam" (Oriental Institute, Baroda, 1957, pp. 117 – 120) ગ્રન્થમાં શ્રીહર્ષના નામે ચઢેલી કૃતિઓની ચર્ચા કરતાં જણાવ્યું છે કે શ્રીહર્ષના નામે પણ, 'દ્વિરૂપકોશ'ની રચના ચઢાવવામાં આવી છે. તેમણે લખ્યું છે કે — આવા અનેક દ્વિરૂપકોશો રચાયા હશે. કેમકે હાલમાં આપણને ભરતમલ્લિક, મહેશ્વર, પુરુષોત્તમદેવ અને શ્રીહર્ષના નામે ચાર 'દ્વિરૂપકોશ' તો પ્રાપ્ત થાય છે જ. (આ બધા દ્વિરૂપકોશો અનેક જગ્યાએથી પ્રકાશિત થયા છે; જેના પ્રકાશનની વિગતો શ્રી જાનીસાહેબે પોતાના પૂર્વોક્ત ગ્રન્થમાં આપી છે. કોશસાહિત્યના રસિકોને તે માહિતી ખૂબ ઉપયોગી છે.)

---

૧૦. जुओ : टिप्पणी – ।

૧૧. Dictionary of Sanskrit Grammar,
ને આધારે. (जुओ : पान – 110)

૧૨. एजन, पान – 73.

આ જ પ્રમાણે, 'શબ્દભેદ પ્રકાશ' નામનો કોશ પણ, પુરુષોત્તમદેવના નામે તથા શ્રીહર્ષના નામે પણ પ્રાપ્ત થાય છે. એની વિગતો શ્રી જાનીસાહેબે પોતાના ગ્રન્થમાં (એજન, પૃ. ૧૧૯ ઉપર) આપી છે. (આ વિગતો તરફ ધ્યાન દોરવા માટે હું તેમનો આભારી છું.)

ત્રિકાણ્ડશેષમાં ત્રણ વિભાગ છે, જેમાં પચીસ પ્રકરણ અને એકસો ત્રેપન શ્લોકો છે.

"પુરષોત્તમદેવે રચેલી આ હારાવલી સાધુ પુરુષોના કંઠમાં પ્રિયાની જેમ રહેલી છે. નાદના મોહવાળી ગોષ્ઠિઓમાં આ હારાવલી વિદ્વદ્જનો તરફથી માન અપાવનારી છે."[૧૩] એમ કહીને પુરષોત્તમદેવે પોતે જ આ કૃતિની પ્રશંસા કરી છે. હારાવલીના બીજા એક શ્લોક ઉપરથી જણાય છે કે વાચસ્પતિ, વ્યાડિ અને વિક્રમાદિત્યે પણ જુદા જુદા અનેક કોષોનું નિર્માણ કર્યું છે. એ કોષ ગ્રન્થમાંથી અને વિશેષતઃ બીજા કોષ ગ્રન્થોમાંથી સાર લઈને બાર વર્ષે આ હારાવલીની પુરષોત્તમદેવે રચના કરી છે.[૧૪]

આ જ પ્રમાણે પુરષોત્તમદેવના નામે જે એકાક્ષરકોશ મળી આવે છે, તેમાં પણ જણાવ્યું છે કે આગમ, અભિધાન, ધાતુઓ અને શબ્દાનુશાસનમાંથી (વિગતો લઈને) એકાક્ષરકોશની રચના કરવામાં આવી છે.[૧૫] આ કોષમાં 'અ' કારાદિ વર્ણોના અર્થો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. જેમકે, 'અ' કાર એ વાસુદેવનો વાચક છે અને 'આ' કાર એ પિતામહનો વાચક છે.[૧૬]

---

૧૩. साध्वी सताम्मजतु कण्ठमसौ प्रियेव ।
हारावली विरचिता पुरुषोत्तमेन ॥4॥ हारावली ॥ तथा
गोष्ठीषु वादपरमोहफलासु केषां हारावली ।
न विदधाति विदग्धमानम् ॥ 5, व ॥ हारावली ॥

૧૪. ...कोषा वाचस्पति व्याडि विक्रमादित्यनिर्मिताः ।
273 ॥ आदाय सारमेतेषामन्येषां च विशेषतः । हारावली
निर्मितेयं मया द्वादशवत्सरैः । 274 ॥ हारावली ॥

૧૫. आगमेभ्योऽभिधानेभ्यो धातुभ्यः शब्दशासनात् ।
एवमेकाक्षरं नामाभिधानं रचितं मया ॥38॥

૧૬. आकारो वासुदेवः स्यादाकारस्तु पितामहः ॥

વિભાગ ૨

પ્રકરણ ૮ : પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ' — એક પરિચય

પ્રકરણ ૯ : 'લઘુપરિભાષાવૃત્તિ' — નો અનુવાદ
(વ્યાડિ, સીરદેવ, નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશના પરિભાષાગ્રન્થો સાથે તુલના સહિત.)

પ્રકરણ ૧૦ : પુરુષોત્તમદેવકૃત 'લઘુપરિભાષાવૃત્તિ'ની આધારસામગ્રી

પ્રકરણ ૧૧ : પુરુષોત્તમદેવકૃત 'લઘુપરિભાષાવૃત્તિ'નું મૂલ્યાંકન

પ્રકરણ – ૮

પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ' – એક પરિચય

૧.

પૂર્વ ભારતના બૌદ્ધ વૈયાકરણોની પરંપરામાં પુરુષોત્તમદેવનું સ્થાન નોંધપાત્ર છે. 'વૈયાકરણગજપંચાનન' બિરુદથી સમલંકૃત એવા આ વૈયાકરણે પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં કેટલાક અપૂર્વગ્રન્થો રચીને વ્યાકરણશાસ્ત્રની ચર્ચાઓને જુદી જુદી શાખાઓમાં પ્રવહમાન કરી છે. પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં પાણિનિનાં સૂત્રોનું સર્વતોમુખી અર્થઘટન કરવા માટે મહાભાષ્યનું અધ્યયન કરવું અનિવાર્ય છે. આ મહાભાષ્યમાં પાણિનિનાં સૂત્રોનું અર્થઘટન કરવામાં ઉપયોગી બનતાં અનેક જ્ઞાપક–વચનો અને વિપુલ પરિભાષાવચનોની પદે પદે ચર્ચા કરવામાં આવી છે. પુરુષોત્તમદેવે આનું પરિશીલન કરીને આ વિષયમાં બે સ્વતંત્ર ગ્રન્થોનું નિર્માણ કર્યું છે. જેમકે, 'જ્ઞાપકસમુચ્ચય' (અથવા 'જ્ઞાપકસંગ્રહ') અને 'લઘુપરિભાષાવૃત્તિ.'

પુરુષોત્તમદેવના આ 'જ્ઞાપકસમુચ્ચય'થી પ્રેરાઈને સત્તરમી સદીમાં નાગેશ ભટ્ટે પણ 'જ્ઞાપકસંગ્રહ' નામનો ગ્રંથ રચ્યો છે.[1] જ્ઞાપકવચનો ઉપરના તેમના આ ગ્રન્થનો બહુ પ્રચાર થયો હોય એમ જણાતું નથી. બીજી તરફ, તેમની 'લઘુપરિભાષાવૃત્તિ'નું પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં અસાધારણ સ્થાન છે. કારણ કે આ ગ્રન્થની રચનાએ સીરદેવ અને હરિભાસ્કર જેવા બૌદ્ધ પરંપરાના લેખકોને તો પરિભાષા વિષયક સ્વતંત્ર ગ્રન્થ રચવાની પ્રેરણા પૂરી પાડી જ છે. પરન્તુ આ ગ્રન્થની પ્રભાવક અસર નીચે કાશીક્ષેત્રમાં પણ નીલકંઠદીક્ષિતે 'પરિભાષાવૃત્તિ'ની રચના કરી છે. તથા વૈયાકરણ શિરોમણિ નાગેશ ભટ્ટે 'પરિભાષેન્દુશેખર' રચીને પુરુષોત્તમદેવે પ્રવહમાન કરેલી આ શાખાનું સન્માન કર્યું છે.

પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'ને પ્રારંભે એક પ્રાસ્તાવિક શ્લોક મૂક્યો છે :

अथातः परिभाषाणां वचनानां च तादृशाम् ।
संक्षिप्य ललितां वृत्तिं प्रस्तौति पुरुषोत्तमः ॥

---

૧. એન. એસ. રામાનુજ તાતાચાર્યે આ ગ્રંથ તિરુપતિથી પ્રકાશિત કર્યો છે. (ઈ. સ. ૧૯૭૨)

આ શ્લોકમાં જણાવ્યા મુજબ પુરુષોત્તમદેવ પરિભાષાઓ અને તાદશવચનો ઉપર સંક્ષેપથી (સંક્ષેપપૂર્વક) 'લલિતા' નામની વૃત્તિ રચી રહ્યાં છે.

આ પ્રાસ્તાવિક શ્લોકમાંથી જ 'પરિભાષાવૃત્તિ'ના સ્વરૂપ વિષે કેટલાંક સૂચનો મળી રહે છે. જેમકે, અહીં પરિભાષાઓ અને તેનાં જેવું જ કાર્ય કરનાર વચનો ઉપર ટૂંકામાં વૃત્તિ રજૂ કરવામાં આવશે. અર્થાત્ 'વૃત્તિ' કહેવાથી, અહીં પરિભાષાઓનો અર્થ, તેના જ્ઞાપક—ન્યાયાદિ પ્રમાણ, પ્રયોજન, ઉદાહરણ—પ્રત્યુદાહરણ અને પ્રવૃત્તિ—સ્વરૂપાદિની સ્પષ્ટતા કરવામાં આવશે. આ વૃત્તિ સંક્ષેપથી રચવામાં આવી છે અને એટલે જ તે 'લઘુપરિભાષાવૃત્તિ' એ નામથી ઓળખાય છે. અને એટલે જ તે છતાંય પુરુષોત્તમદેવ જણાવે છે તેમ તે લલિતા છે. અર્થાત્ સુગમ છે.

૭.

વ્યાડિને નામે મળતા પરિભાષાસૂચનની પ્રાસ્તાવિક ચર્ચામાં જણાવ્યું છે કે 'પરિભાષાસૂચન' નામના શાસ્ત્રનો પ્રારંભ થાય છે, એમ જાણવું. હવે પછી આગળ ઉપર જે જણાવીશું તે 'આ પરિભાષા અમુક સૂત્ર ઉપર(થી) સિદ્ધ થાય છે 'અને' 'આ પરિભાષા આ સૂત્ર ઉપર(થી) સિદ્ધ થાય છે'—અહીં 'પરિભાષાસૂચન' શીર્ષક અને પૂર્વોક્ત પ્રાસ્તાવિક વચનોમાંથી ધ્વનિત થાય છે કે આ ગ્રંથનો ઉદ્દેશ મુખ્યત્વે કરીને જે તે પરિભાષાઓનાં જ્ઞાપકો ચર્ચવાનો છે. વળી, સમગ્ર ગ્રંથનું અવલોકન કરતાં જણાય છે કે હકીકતમાં દરેક પરિભાષાનાં જ્ઞાપકો ચર્ચવા તરફ જ આ ગ્રંથના કર્તાનું વધારે રોકાયેલું રહે છે. લોકન્યાયસિદ્ધ પરિભાષાને પણ આ ગ્રંથમાં જ્ઞાપકસિદ્ધ બતાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તે આ અર્થઘટનનું સમર્થન કરે છે. પરંતુ ઉપર જણાવ્યું તેમ પુરુષોત્તમદેવનો ગ્રંથ હેતુ જે તે પરિભાષાનાં જ્ઞાપકો નિર્દેશવા પૂરતો સીમિત નથી. તેમને તો પરિભાષાઓ અને તાદશ વચનો ઉપર 'વૃત્તિ'ની રચના કરવી છે. અને તે પણ લલિતા હોય તેવી. વ્યાડિના 'પરિભાષાસૂચન'ને અંતે પણ તે કૃતિને 'પરિભાષાવૃત્તિ' તરીકે જ ઓળખાવી છે. અને વૃત્તિમાં દરેક પરિભાષાનાં પ્રયોજનો પણ દર્શાવ્યાં છે. તથાપિ તેમાં પરિભાષાર્થ સ્પષ્ટ કરવાં કે પ્રયોજનોને સમજાવવા તરફ પૂરતું ધ્યાન આપવામાં આવ્યું નથી. પુરુષોત્તમદેવમાં તો સ્પષ્ટપણે દરેક પરિભાષાના અંગ—પ્રત્યંગાદિની વિગતે ચર્ચા કરવામાં આવી છે.

૩.

પાણિનીય વ્યાકરણશાસ્ત્ર પરંપરામાં વ્યાડિને નામે મળતો 'પરિભાષાસૂચન' નામનો ગ્રંથ અતિપ્રાચીન છે. પરંતુ આ ગ્રંથની રચના ભાષ્યપૂર્વે થઈ હોય તો પણ ભાષ્યકારના સમયમાં તે પ્રચલિત હોય તેમ જણાતું નથી. પુરુષોત્તમદેવે પણ સર્વત્ર ભાષ્ય અને ન્યાસનો જ નામોલ્લેખ કરીને તેમાંથી પોતાની આધાર સામગ્રી લીધી છે. અને ક્યાંય 'પરિભાષાસૂચન'નું નામ નિર્દેશ્યું નથી.[2] બીજું પુરુષોત્તમદેવના સમયમાં પરિભાષાઓ ઉપર વૃત્તિ રજૂ કરતો કોઈ ગ્રંથ પ્રચારમાં હશે કે કેમ તેની માહિતી મળતી નથી.[3] આથી આપણે પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ને જ પાણિનીય વ્યાકરણશાસ્ત્ર પરંપરાના પરિભાષાવિષયક ગ્રંથોમાં આદ્યગ્રંથ ગણીશું.

બીજું, 'લઘુપરિભાષાવૃત્તિ'માં આવેલી પરિભાષાઓનું વ્યાખ્યાન સ્વરૂપ અને ઉપસંહારનાં વાક્યો જોતાં જણાય છે કે પુરુષોત્તમદેવની સમક્ષ પરિભાષાવૃત્તિ ગ્રંથ વિદ્યમાન નહીં હોય. તેમણે દરેક પરિભાષાના વ્યાખ્યાનમાં તે તે પરિભાષાઓનાં પ્રથમદર્શી અર્થ, તેના જ્ઞાપક-ન્યાય વચનો, પ્રયોજનો અને તેમના પ્રવૃત્તિ સ્વરૂપ આદિને જ વિશદ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમણે જરૂર પડે ભાષ્ય અને ન્યાસના મંતવ્યોનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ કોઈ પુરોગામી પરિભાષાવૃત્તિ ગ્રંથનું ઉદ્ધરણ કે ખંડન રજૂ કર્યું નથી. કેવળ જે તે પરિભાષાને સરળતાપૂર્વક સમજાવવાનો જ પ્રયત્ન કર્યો છે.

---

૨. અમુક પરિભાષાઓનાં જે જ્ઞાપકો પરિભાષાસૂચન માં રજૂ થયા છે, તે જ જ્ઞાપકો પુરુષોત્તમદેવે પણ રજૂ કર્યા છે. તથાપિ આ 'પરિભાષાસૂચન'નું નામ ભાષ્યકારે કે પુરુષોત્તમદેવે ક્યાંય ઉલ્લેખ્યું નથી. તેથી માલુમ પડે છે કે પુરુષોત્તમદેવને પરંપરાથી પરોક્ષ રીતે આવાં જ્ઞાપકો મળ્યાં હશે. અર્થાત્ વ્યાડિના 'પરિભાષાસૂચન'નો પ્રત્યક્ષ પરિચય નહીં હોય.

૩. પુરુષોત્તમદેવે સમાસપ્રત્યયવિધૌ પ્રતિષેધઃ । (પરિ-૮૦) ના વ્યાખ્યાનમાં જણાવ્યું છે કે ઇયં ચ પરિભાષા પ્રમાદાત્ પરિભાષાસુ દૃશ્યતે । આથી કોઈને સંદેહ થાય કે પુરુષોત્તમદેવ સમક્ષ પરિભાષા વિષયક કોઈ ગ્રંથ હોવો જોઈએ. પરંતુ આ વિધાનથી પરિભાષાની કોઈ યાદી (પાઠ)નો જ કેવળ નિર્દેશ થતો હોય એમ પણ બને, બીજું, આ ઉલ્લેખથી વ્યાડિના 'પરિભાષાસૂચન' કે 'પરિભાષાપાઠ'નો તો નિર્દેશ નથી જ નથી. કારણ કે પુરુષોત્તમદેવે જે પરિભાષાને વિષે આ વિધાન કર્યું છે તે પરિભાષા વ્યાડિના પરિભાષાપાઠ કે 'પરિભાષાસૂચન' માં પ્રાપ્ત થતી નથી.

પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'માં કુલ ૧૨૦ પરિભાષાઓ ઉપર વ્યાખ્યાન રજૂ કર્યું છે. એનો અર્થ એમ નહીં કે એમના સમયમાં આટલી જ પરિભાષાઓ પ્રચલિત હતી. કારણ કે તેમણે આ કૃતિને અંતે જણાવ્યું છે કે...આ પ્રમાણે, આ માર્ગે શબ્દક્રિયામાં ઉપયોગી થતાં બીજાં ન્યાય વાક્યોને પણ લિંગ અને ઉદાહરણ(ની મદદ)થી સમજી લેવાં જોઈએ.[૪] અર્થાત્ પોતે તો આ કૃતિ રચીને માત્ર દિગ્દર્શન કરાવ્યું છે. આવાં બીજાં વાક્યો જેવાં કે, सापेक्षमसमर्थं भवति । नित्यसापेक्षं प्रधानसापेक्षमस्ति । सामर्थ्यान्तिरवकाशा हि विधयः । ઇત્યાદિને પણ ભેગાં કરવાં જોઈએ. આમ ગ્રંથના અંતે જે જણાવ્યું છે કે આ પ્રકારનાં બીજાં વચનોને પણ એકત્ર કરી તેમનો શબ્દક્રિયામાં ઉપયોગ કરવો, તેના ઉપરથી સ્પષ્ટપણે એવું સૂચન નીકળે છે કે પરિભાષાવિષયક આ ગ્રંથ પહેલ વહેલો હશે.

૪.

'લઘુપરિભાષાવૃત્તિ'માં મળતી પરિભાષાઓ ક્યા ક્યા પ્રકારની છે, તેની કોઈ વિશેષ ચર્ચા પુરુષોત્તમદેવે કરી નથી. પરંતુ પહેલી જ પરિભાષા अथर्ववद्-ग्रहणे नानर्थकस्य । ના વ્યાખ્યાનમાં પ્રશ્ન કરવામાં આવ્યો છે કે આ પરિભાષા લિંગવતી છે કે વિધ્યંગશેષભૂતા ? આનો પ્રત્યુત્તર આપતાં પુરુષોત્તમદેવે જણાવ્યું છે કે પ્રસ્તુતપરિભાષા લિંગવતી નથી. કારણ કે इको गुणवृद्धी । 1-1-3 ની જેમ આ પરિભાષાનું લિંગ જોવા મળતું નથી. આથી આ પરિભાષા વિધ્યંગશેષભૂતા છે. વિધ્યંગની શેષભૂત એટલે કે વિધિ સૂત્રોના એકદેશ જેવી આ પરિભાષા હોવાથી તેને વિધ્યંગશેષભૂતા કહેવાશે. અર્થાત્ अर्थवद्-ग्रहणे० । જેવી પરિભાષાઓ વિધિસૂત્રની સાથે જોડાઈને-એકવાક્યતા પામીને-સૂત્રાર્થ કરી આપતી હોવાથી તેને વિધ્યંગશેષભૂતા કહે છે. આ ચર્ચામાંથી સૂચવાય છે કે પુરુષોત્તમદેવના મતે લિંગવતી પરિભાષા એટલે પાણિનિનાં પરિભાષાસૂત્રો[૫] અને વિધ્યંગશેષભૂતા પરિભાષાઓ એટલે अर्थवद्ग्रहणे० । જેવાં પરિભાષા-વચનો કારણ કે લિંગવતી પરિભાષાના ઉદાહરણ તરીકે કોઈ પરિભાષાવચનનો વૈયાકરણે ઉલ્લેખ કર્યો હોય એવું જાણમાં નથી. આમ, પુરુષોત્તમદેવના મતે બધાં જ પરિભાષાવચનોને વિધ્યંગશેષભૂતા પરિભાષાઓ કહેવી જોઈએ. તેમણે પહેલી

૪. एवमनया दिशा अन्यान्यपि शब्दक्रियोपयोगन्यायवाक्यानि लिङ्गोदाहरणाभ्यां समनुगन्तव्यानि । संनिहितानि शक्तिशः ॥

૫. જો કે વિધ્યંગશેષભૂતાના ઉદાહરણ તરીકે પાણિનિનાં કેટલાંક પરિભાષાસૂત્રો મળે છે. પણ પુરુષોત્તમદેવે તેને ઉદાહરણ તરીકે ઉલ્લેખ્યું નથી.

પરિભાષાના અંતે બીજી બધી પરિભાષાઓના પણ વિધ્યંગભાવને શોધી કાઢવાની ભલામણ કરી છે.[૬] અહીં, જો પરિભાષાવચનોમાં પણ લિંગવતી પરિભાષાઓનાં ઉદાહરણો મળતાં હોત તો પુરુષોત્તમદેવે તે તે પરિભાષાઓનાં લિંગને પણ શોધી કાઢવાની ભલામણ કરી હોત.

ઉપરની ચર્ચા ઉપરથી સ્પષ્ટ થયું હશે કે દરેક પરિભાષાવાચનને 'વિધ્યંશેષભૂતા પરિભાષા' કહેવાય છે. પરંતુ આ થઈ પરિભાષાવચનોના સામાન્યપ્રકારની વાત. આ વિષે બીજા એક દૃષ્ટિકોણથી વિચારણા કરવી જોઈએ. પુરુષોત્તમદેવે अर्थवद्ग्रहणे० । પરિભાષાના વ્યાખ્યાનમાં જણાવ્યું છે કે કેટલીક પરિભાષાઓ ન્યાયમૂલા છે. જેમકે, આ જ પરિભાષા अर्थवद्ग्रहणे० । તે ન્યાયમૂલા પરિભાષા છે. કારણ કે "અર્થનું પ્રતિપાદન કરવા માટે શબ્દોનું અન્વાખ્યાન કરવામાં આવે છે" એવી સ્થિતિમાં અનર્થકનું ઉપાદાન કરવું ઉચિત નથી. આમ (શાસ્ત્રીય) ન્યાયથી अर्थवद्ग्रहणे० । પરિભાષા સિદ્ધ થાય છે. બીજી કેટલીક પરિભાષાઓ વચનમૂલા છે. અર્થાત્ ભાષ્યકારાદિના વચનથી પ્રમાણભૂત છે. જેમકે, लुग्विकरणालुग्विकरणयोरलुग्विकरणस्यैव ग्रहणमिति।[૭] આ ચર્ચા ઉપરથી જણાય છે કે તે તે પરિભાષાઓના પ્રમાણ ઉપરથી પણ પરિભાષાઓના પ્રકાર પાડવામાં આવ્યા છે.

'લઘુપરિભાષાવૃત્તિ'ને અંતે ઉપસંહારમાં પુરુષોત્તમદેવે જણાવ્યું છે કે અમારી સમજ પ્રમાણે કેટલીક જ્ઞાપકસિદ્ધ, વચનસિદ્ધ પરિભાષાઓ,[૮] તથા કેટલાંક (પરિભાષા જેવાં) વચનોને અમે સમજાવ્યાં છે. અર્થાત્ પુરુષોત્તમદેવે પરિભાષાઓ જે જે પ્રમાણ ઉપરથી સિદ્ધ થાય છે તેને આધારે પરિભાષાઓ ત્રણ પ્રકારની છે, એમ નિર્દેશ્યું છે. આ ઉપરાંત પરિભાષાઓના સમૂહમાં ક્યારેક ઉપર્યુક્ત ત્રણ પ્રકારમાંથી કોઈ એક પણ પ્રકારની ન ગણાવી શકાય તેવી પરિભાષાઓ પણ પ્રાપ્ત થાય છે. તો તેને વિષે પુરુષોત્તમદેવે પ્રાસ્તાવિક શ્લોકમાં અને અહીં ઉપસંહારમાં સ્પષ્ટ કર્યું જ છે કે 'તાદશ વચનોને' પણ સમજાવવામાં આવ્યાં છે.

---

૬. एवमन्यत्रापि परिभाषाणां विध्यङ्गभाव उन्नेयः ।

૭. परिभाषासंग्रहः, पृ. 112.

૮. વચનસિદ્ધ અને ન્યાયસિદ્ધ પરિભાષાઓને બીજા પેટાવિભાગમાં પણ વિભક્ત કરી શકાય છે. જેમકે, સૂત્રસિદ્ધવાચનિકી અને સ્વતંત્રવાચનિકી; શાસ્ત્રીયન્યાયસિદ્ધ અને લૌકિકન્યાયસિદ્ધ. આની વિશેષ સમજૂતી આગળ ઉપર રજૂ કરવામાં આવી છે.

'લઘુપરિભાષાવૃત્તિ'માં રજૂ થયેલી પરિભાષાઓના આ પ્રકારોને આપણે સોદાહરણ સમજીશું.

(૧) જ્ઞાપકસિદ્ધ પરિભાષાઓ પુરુષોત્તમદેવે જણાવ્યું છે કે સૂત્ર કે સૂત્રોના એકદેશથી અન્યથા ઉપપત્તિ ન થતી હોય ત્યારે તેને જ્ઞાપક રૂપ માનીને આ પરિભાષાઓને પ્રમાણિત કરવામાં આવે છે.[૯] આમ, પરિભાષાઓ જ્યારે પાણિનિનાં જ સૂત્રો ઉપરથી જ્ઞાપિત થયેલી હોય ત્યારે તેને જ્ઞાપકસિદ્ધ પરિભાષા કહે છે. ભાષ્યકારે પણ કહ્યું છે કે જ્યારે અમુક સ્થિતિ સિદ્ધ જ હોય ત્યારે તેને માટે નવો વિધિ આરંભવામાં આવે તો તે જ્ઞાપકાર્થ બની રહે છે.[૧૦]

આવી જ્ઞાપકસિદ્ધ પરિભાષાનું ઉદાહરણ (क) प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । 26 એવી પરિભાષા છે. ભાષ્યકારે युवा खलति० । 2-1-67 સૂત્રમાં युवा । युवन् । એવા પુંલિંગ શબ્દનું जरती એવા સ્ત્રીલિંગ શબ્દની સાથે સમાનાધિકરણ્ય અનુપપન્ન રહેતાં આ પરિભાષાને જ્ઞાપિત કરી છે.[૧૧] (ख) अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो ल्यप् बाधते । 54 એવી પરિભાષા પણ જ્ઞાપકસિદ્ધ પરિભાષાનું ઉદાહરણ છે. अदो जग्धिर्ल्यप्तिकिति । 2-4-36 સૂત્રમાં પાણિનિએ ल्यप्નું ગ્રહણ કર્યું છે. તે આ પરિભાષાના અસ્તિત્વમાં જ્ઞાપક છે. જેમકે प्रजग्ध्य । એ ઉદાહરણમાં અંતરંગત્વને કારણે જ क्त्वा અવસ્થામાં त કારાદિ કિત્ પરમાં રહેતાં जग्धની સિદ્ધિ રહેવાની હતી, તેવી સ્થિતિમાં 'ल्यप् પરમાં રહેતા' એમ કહેવાની જરૂર ન હતી. પરંતુ क्त्वानी જગ્યાએ થનાર ल्यप् આદેશ બહિરંગ હોવા છતાંય પ્રથમ પ્રવૃત્ત થાય છે. હવે જો તે પ્રથમ પ્રવૃત્ત થાય તો કિત્ પ્રત્યય પરમાં ન રહેતાં अद्ને સ્થાને जग्ध આદેશ થશે નહિં. માટે પાણિનિએ સૂત્રમાં ल्यपि ગ્રહણ કર્યું છે. આમ,

---

૯. .....सूत्रसूत्रैकदेशान्यथानुपपत्तिलक्षणेन ज्ञापकेनैताः प्रमाणयन्ति ॥ परिभाषासंग्रहः, पान-112.

૧૦. सिद्धे विधिरारभ्यमाणो ज्ञापकार्थो भवति ॥ 1-1-3, सूत्रभाष्य.

૧૧. युवा खलतिपलितवलिनजरतीभिः । 2-1-67 अयुक्तोऽयं निर्देशः । समानाधिकरणेनेति वर्तते, कः प्रसङ्गो यद्व्यधिकरणानां समासः स्यात् ॥ एवं तर्हि ज्ञापयत्याचार्यो यथाजातीयकमुत्तरपदं तथाजातीयकेन पूर्वपदेन समस्यत इति । किमेतस्य ज्ञापने प्रयोजनम् । प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणं भवतीत्येषा परिभाषा न कर्तव्या भवति ॥ सूत्रभाष्य.

પાણિનિએ ત્યપિ ગ્રહણ કરીને સૂચવ્યું છે કે બહિરંગ હોવા છતાંય, અંતરંગ વિધિઓનો બાધ કરીને ત્યપ્‌ની પ્રથમ પ્રવૃત્તિ થાય છે.

(૨) ન્યાયસિદ્ધ પરિભાષાઓ : આવી પરિભાષાઓ દ્વિવિધ હોઈ શકે છે. જેમ કે, શાસ્ત્રીય ન્યાયથી-યુક્તિથી સિદ્ધ થનારી પરિભાષાઓ અને લોકન્યાયથી-લોકવ્યવહારને આધારે સિદ્ધ થતી પરિભાષાઓ.

૧. ઉદાહરણ તરીકે (ક) પુરુષોત્તમદેવે- अर्थवद्ग्रहणे नानर्थकस्य । ૧ પરિભાષાને ન્યાયમૂલા પરિભાષા કહી છે. "અર્થોનું પ્રતિપાદન કરવા માટે જ શબ્દોનું અન્વાખ્યાન કરવામાં આવે છે, એવી સ્થિતિમાં અનર્થક (શબ્દ સ્વરૂપ)નું ઉપાદાન થાય તે યોગ્ય નથી. "એવા શાસ્ત્રીય તર્ક (યુક્તિ) ઉપર આ પરિભાષા ઊભી છે. તેથી તેને શાસ્ત્રીયન્યાયસિદ્ધ પરિભાષા કહેવાય છે.[૧૨] (ખ) अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वा । આ ૧૭મી પરિભાષા પ્રત્યાસત્તિન્યાયં ઉપર આધૃત છે.[૧૩] (ગ) अवयवसिद्धः समुदायसिद्धिर्बलीयसी । આ ૧૦૧મી પરિભાષાને વિષે કહેવામાં આવ્યું છે કે સમુદાય બધાનું ગ્રહણ કરનારો હોવાથી તેનું પ્રાધાન્ય છે. પરિણામે અવયવાશ્રિત કાર્યોની અપેક્ષાએ સમુદાયાશ્રિતકાર્ય જ (પ્રથમ) પ્રવર્તે છે.[૧૪] (ઘ) ज्ञापकसिद्धेः न सर्वत्र । ૧૧૮. અહીં 'જ્ઞાપક' શબ્દનો અર્થ 'વાચક' થતો નથી. પરંતુ કેવળ 'ઇંગિતમાત્રથી સૂચક' એવો થાય છે માટે "જ્ઞાપકસિદ્ધ પરિભાષાઓ ક્વચિત્ જ અર્થાત્ ઇષ્ટસિદ્ધિમાં જ ઉપયોગમાં લેવામાં આવે છે. બધે નહીં" એ યોગ્ય જ છે.[૧૫] આમ કહીને પુરુષોત્તમદેવે તેને યુક્તિથી સિદ્ધ કરી બતાવી છે. આ પરિભાષાને શાસ્ત્રીયન્યાય સિદ્ધ પરિભાષા કહેવાશે.

૨. હવે લોકન્યાયસિદ્ધ પરિભાષાઓનાં ઉદાહરણ જોઈએ : (ક) प्रत्येकं वाक्यपरि समाप्तिर्ज्ञेया । 29 પુરુષોત્તમદેવ જણાવે છે કે આ પરિભાષાને

---

૧૨. अर्थप्रतिपादनाय खलु शब्दान्वाख्यानमित्यनर्थकोपादानस्यायुक्तत्वात्॥ परिभाषासंग्रहः, पान-112.

૧૩. अयं चार्थः प्रत्यासत्तिन्यायसिद्ध एव ॥ एजन, पान-120.

૧૪. समुदायस्य सर्वानुग्राहित्वेन प्राधान्यात् । तेनावयवाश्रयात्समुदायाश्रयमेव कार्यं प्रवर्तते ॥ एजन, पान-154.

૧૫. ज्ञापकं हि नाम न वाचकं, किं तर्हि इङ्गितेन सूचकं क्वचिदेव इष्टसिद्धावाश्रीयते, न सर्वत्रेति युज्यते 'ज्ञापकसिद्धं न सार्वत्रिकम्' इति ॥ एजन, पान-160.

વિષે ભાષ્યમાં લૌકિકન્યાય જ પ્રદર્શિત કરવામાં આવ્યો છે. જેમકે, 'દેવદત્ત-યજ્ઞદત્ત અને વિષ્ણુમિત્રને ભોજન કરાવો' એમ કહ્યા પછી 'પ્રત્યેકને ભોજન કરાવો' એમ કહેવું પડતું નથી. અને છતાંય પ્રત્યેકને ભોજન કરાવવામાં આવે છે.[૧૬] એમ પાણિનિના વૃદ્ધિ-આદિ સંજ્ઞા વિધાયક સૂત્રોની પ્રત્યેકમાં વાક્યપરિસમાપ્તિ થાય છે. અર્થાત્ 'આની વૃદ્ધિ સંજ્ઞા થાય છે.' 'ઐ કારની વૃદ્ધિસંજ્ઞા થાય છે' અને 'ઔ કારની વૃદ્ધિ સંજ્ઞા થાય છે.' એવો સૂત્રાર્થ મળે છે. – આ પ્રમાણે જ પરિભાષાની લોકવ્યવહારને આધારે સિદ્ધિ દર્શાવવામાં આવે છે, તેને લૌકિકન્યાયસિદ્ધ પરિભાષા કહે છે. (ख) पर्जन्यवल्लक्षणप्रवृत्तिः । 86 આ પરિભાષા જણાવે છે કે લક્ષણ સૂત્ર – ની પ્રવૃત્તિ મેઘની જેમ થાય છે. અર્થાત્ જેમ મેઘ જળમાં (જળાશયમાં) પણ વર્ષે છે, તેમ સ્થળમાં પણ વર્ષે છે, એમ સૂત્રોક્ત વિધિ પણ અમુક સ્થિતિ સિદ્ધ હોય તો પણ અને અમુક સ્થિતિ સિદ્ધ ન હોય તો પણ પ્રવૃત્ત થાય છે. ભાષ્યકારે કહ્યું છે કે શાસ્ત્ર તો મેઘની જેમ કૃતકારિ (કરેલાને પણ ફરીથી કરે એવું) છે, પણ (અગ્નિ)ની જેમ અકૃતકારિ નથી. અર્થાત્ અગ્નિ જેમ બાળેલાને ફરી બાળતો નથી, તેમ શાસ્ત્રની પ્રવૃત્તિ વિષે નથી.[૧૭]

જો અહીં કોઈને પ્રશ્ન થાય કે શું આવી શાસ્ત્રીય અને લૌકિક ન્યાય સિદ્ધ પરિભાષાઓને ઉપાદેય માનવી ? આવો પ્રશ્ન થવાનું કારણ એ છે કે પાણિનિએ આવી પરિભાષાઓને સૂત્ર રૂપે અષ્ટાધ્યાયીમાં મૂકી નથી. – તો આના સમાધાન માટે જણાવવાનું કે ૧. ङमो ह्रस्वादचि ङमुण् नित्यम् । 8-3-32 જેવા સૂત્રમાં तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 અને तस्मादित्युत्तरस्य । 1-1-67 એવા બન્ને સૂત્રોની યુગપત્ પ્રવૃત્તિ થવા આવે છે, ત્યારે શું કરવું ? તો વાર્તિક-કાર કાત્યાયને જણાવ્યું છે કે उभयनिर्देशे विप्रतिषेधात् पञ्चमीनिर्देशः । 1-1-66-67 वा-3 અહીં વાર્તિકકારે એક યુક્તિ વાપરી विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્રથી વ્યવસ્થા સૂચવી છે. આવી યુક્તિના આધારે તેમણે

---

૧૬. लौकिक एवायं न्यायो भाष्ये प्रदर्शितः । यदुक्तं देवदत्तयज्ञदत्त-विष्णुमित्रा भोज्यन्तामित्युक्तं, न पुनरुच्यन्ते प्रत्येकमिति । अथ च प्रत्येकं भोजयन्त इति ॥ एजन, पान-125.

૧૭. इह शास्त्रे पर्जन्यवन्मेघवल्लक्षणं प्रवर्तते । तदुक्तं भाष्ये । 6-1-127 कृतकारि खल्विदं शास्त्रं मेघवन्नाकृतकारि दहनवत् । यदि ह्य-कृतकारि स्यात् दीर्घस्य दीर्घो न भवति, दहनोऽपि दग्धं न दहति ॥ एजन, पान-149.

उभयनिर्देशे पञ्चमीनिर्देशो बलीयान्। પરિભાષા રજૂ કરી છે. અને ભાષ્યકારે તેને સ્વીકારી છે. તેથી જણાય છે કે આવી યુક્તિસિદ્ધ પરિભાષાને ઉપાદેય ગણવી. ૨. प्राग्दीव्यतोऽण् । 4–1–83 સૂત્ર ભાષ્યમાં પતંજલિએ પ્રશ્ન કર્યો છે કે दीव्यत् એવો વિકૃત નિર્દેશ કેમ કર્યો છે? તે સૂચવે છે કે પાણિનિ एकदेश विकृतमनन्यवत् भवति। એવી પરિભાષાને સ્વીકારીને ચાલે છે. આ एकदेशविकृत०। પરિભાષા લોકન્યાય ઉપર આધૃત છે. જેમકે, કૂતરાનો કાન કપાઈ ગયા છતાંય તે કૂતરો જ કહેવાય છે. ઘોડો કે ગધેડો નથી કહેવાતો. આમ, પાણિનિએ પણ લૌકિકન્યાયને સ્વીકારીને ઇષ્ટ વ્યવસ્થાઓ માની છે. તેથી આપણે પણ લોકન્યાય ઉપર આધારિત પરિભાષાને ઉપાદેય માનવી જોઈએ.[૧૮]

(૩) વચનમૂલા અથવા વાચનિકી પરિભાષાઓના પણ બે પ્રકાર છે. જેમકે, ૧. સ્વતંત્ર વાચનિકી અને ૨. સૂત્રસિદ્ધવાચનિકી.

૧. જે પરિભાષાઓને જ્ઞાપકસિદ્ધ કે ન્યાયસિદ્ધ ન બતાવવામાં આવી હોય પણ વાર્તિકકાર કે ભાષ્યકારના વચન માત્રથી જ સ્વીકારી લેવાની હોય તેને સ્વતંત્રવાચનિકી પરિભાષા કહે છે. ઉદાહરણ તરીકે–यथोद्देशं संज्ञापरिभाषम्। 105 અને कार्यकालं संज्ञापरिभाषम्। 106 આ બે પરિભાષાઓને વિષે પુરુષોત્તમદેવે જણાવ્યું છે કે ભાષ્યકારે આ બે પરિભાષાઓનું યથેષ્ટ આશ્રયણ કર્યું છે એટલા માત્રથી જ તે પ્રમાણભૂત છે.[૧૯] અર્થાત્ ભાષ્યકારના કહેવાથી જ આ પરિભાષાઓને સ્વીકારી લેવી જોઈએ. તેને માટે બીજા કોઈ પ્રમાણની અપેક્ષા નથી.

આ જ પ્રમાણે, स्त्रीप्रत्ययेनानुपसर्जनेन। 45 પરિભાષા પણ ष्यङः

---

૧૮. प्राग्दीव्यतोऽण् । 4–1–83 अयुक्तोऽयं निर्देशो न हि तत्र कश्चिद्दीव्यच्छब्दः पठ्यते । कस्तर्हि । दीव्यतिशब्दः । कथं तर्हि निर्देशः कर्तव्यः ।... किं पुनः कारणं विकृतनिर्देशः क्रियते । एतज्ज्ञापयत्याचार्यो भवत्येषा परिभाषैकदेशविकृतमनन्यवत्भवतीति ॥ तथा च—
स्थानिवदादेशोऽनल्विधौ । 1–1–56 सूत्रभाष्ये—
.....एकदेशविकृतमनन्यवद्भवतीति तिङ्ग्रहणेन ग्रहणं भविष्यति । तद्यथा श्वा कर्णे वा पुच्छे वा छिन्ने श्वैव भवति नाश्वो न गर्दभ इति ॥

संप्रसारणम्० । 6-1-13 સૂત્રભાષ્યમાં પતંજલિએ રજૂ કરી છે. એટલા માત્રથી જ તે પ્રમાણભૂત છે.

૨. જે પરિભાષાની સિદ્ધિ પાણિનિના સૂત્ર ઉપરથી જ કરવામાં આવતી હોય અને જેના વિષે જ્ઞાપક કે ન્યાયાદિ ઉપસ્થિત ન કરવામાં આવતાં હોય તેને સૂત્રસિદ્ધ વાચનિકી પરિભાષા કહે છે. ઉદાહરણ તરીકે-प्रत्ययग्रहणं यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य । 44 પરિભાષાને ભાષ્યકારે यस्मात्प्रत्ययविधिस्तदादिप्रत्ययेऽङ्गम् । 1-4-13 સૂત્ર યોગવિભાગ કરીને સિદ્ધ કરી છે.[૨૦] એ જ પ્રમાણે निर्दिश्यमानस्यादेशा भवन्ति । 35 એ પરિભાષા षष्ठी स्थानेयोगा । 1-1-49 સૂત્રનો જ અર્થ છે.

૫.

હવે આપણે लघुपरिभाषावृत्तिः માં પ્રાપ્ત થતી પરિભાષાઓનું વિષયાનુસારી પૃથક્કરણ જોઈશું.

પુરુષોત્તમદેવે लघुपरिभाषावृत्ति માં પરિભાષાઓને જે ક્રમમાં એક પછી એક રજૂ કરી છે તેની સમીક્ષા કરતાં જણાય છે કે પરિભાષાઓને ગોઠવવામાં તેમણે કોઈ ચોક્કસ નિયમ કે વ્યવસ્થાનું આશ્રયણ કર્યું નથી. અર્થાત્ કોઈ એક વિષયની પરિભાષાઓને એકત્ર કરીને તેને જૂથમાં અને તર્કસંગત ક્રમમાં રજૂ કરવી, અથવા પરિભાઓની અગત્ય વિચારી તેમને રજૂ કરવામાં કોને પહેલું પ્રાધાન્ય આપવું ?-એવી કોઈ વ્યવસ્થિત રીતે પરિભાષાઓને ગોઠવવામાં આવી નથી.[૨૧] એટલે હવે પછીની ચર્ચામાં આપણે એ જોઈશું કે પુરુષોત્તમદેવે કયા વિષયની કેટલી પરિભાષાઓ રજૂ કરી છે. આ સાથે, કોઈ એક વિષયની પરિ-

---

૧૯. यथेष्टं च भाष्यकारेणानयोः परिभाषयोस्तत्र तत्राश्रयणादेव प्रामाण्यमिति ॥ परिभाषासंग्रहः, पान-155.

૨૦. ..... सा तर्हि एषा परिभाषा कर्तव्या । न कर्तव्या । एवं वक्ष्यामि । यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्यये गृह्यमाणे गृह्यते । ततोऽङ्गम् । अङ्गसंज्ञं च भवति यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्यये ॥ —1-4-13, सूत्रभाष्ये.

૨૧. પુરુષોત્તમદેવના અનુગામી પરિભાષાવૃત્તિકારો, જેવાં કે, સીરદેવ અને નાગેશ, તેમણે પરિભાષાઓની ગોઠવણીમાં એક ચોક્કસ પ્રકારની વ્યવસ્થા ઉપજાવી છે. પરંતુ પુરુષોત્તમદેવમાં આ જોવા મળતું નથી. કારણ કે 'લઘુપરિભાષાવૃત્તિ' આ પ્રકારનો પહેલો ગ્રન્થ છે.

ભાષાઓને એક જ વિષય-વિભાગ નીચે મૂકીને તે તે પરિભાષાઓ શું શું કાર્ય કરે છે તેની પણ વિચારણા કરીશું.

૧. કાર્યિન્‌નું સ્વરૂપ નક્કી કરનારી પરિભાષાઓ :

પાણિનિએ કાર્યિન્‌નું[૨૨] સ્વરૂપ અને સ્થાન નક્કી કરવા માટે तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-9-66 तस्मादित्युत्तरस्य 1-1-67 અને स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । 1-1-68 ઇત્યાદિ પરિભાષા સૂત્રો રજૂ કર્યાં છે. મહાભાષ્યકારે આવાં બીજાં કેટલાંક પરિભાષાવચનોનો પણ ઉલ્લેખ કર્યો છે. જેમકે, अर्थवद्ग्रहणं नानर्थकस्य । लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् । ઇત્યાદિ. વ્યાકરણશાસ્ત્રમાં મોટા ભાગનાં સૂત્રો પ્રત્યયકાર્ય, આગમકાર્ય, આદેશકાર્ય, વર્ણવિકાર આદિનું વિધાન કરવા માટે રજૂ થયાં છે. તથા લગલગ દરેક સૂત્રમાં કાર્યિન્, કાર્ય અને નિમિત્ત એ ત્રણેયનો પ્રત્યક્ષ કે પરોક્ષ નિર્દેશ કરવામાં આવ્યો હોય છે.[૨૩] આ વિગતો ઉપરથી જ કાર્યિન્‌નું સ્વરૂપ નક્કી કરવું, એ કેટલું જરૂરી છે તે સ્પષ્ટ થઈ જાય છે.

પુરુષોત્તમદેવે કાર્યિન્‌નું સ્વરૂપ નક્કી કરનારી અનેક પરિભાષાઓ રજૂ કરી છે. જેમકે,—

(૧) अर्थवद्ग्रहणे नानर्थकस्य(પરિ-૧)થી 'અર્થવાન્ શબ્દ સ્વરૂપનું ગ્રહણ કર્યું હોય ત્યારે અનર્થક શબ્દ સ્વરૂપનું ગ્રહણ થતું નથી' એમ જણાય છે. પુરુષોત્તમદેવે આ પરિભાષાને 'સ્વરૂપવિધિ વિષયા' કહી છે. स्वं रूपं० । 1-1-68 સૂત્રથી શબ્દનું પોતાનું રૂપ (વર્ણાનુપૂર્વી) કાર્યિન્ તરીકે ઉપસ્થિત થાય છે. તેના

---

૨૨. कार्यिन्—
The word or wording that undergoes the operation,
सतौ हि कार्येण कार्येण भवितव्यम् । 1-1-1, वा० ७ ।
an operatee—
Dictionary of Sanskrit Grammar, page-120.

૨૩. જુઓ :
A large majority of the rules in grammar is devoted to prescribing operation..... and generaly the three factors kāryin, Kārya and Nimitta are directly or indirectly mentioned in all rules which prescribe grammatical operations.
परिभाषेन्दुशेखरः । तत्त्वादर्शः, पान-१४.

અનુસંધાનમાં આ પરિભાષા જણાવે છે કે અર્થવાન્ શબ્દસ્વરૂપને જ કાર્ય થાય છે. વિશેષમાં, પુરુષોત્તમદેવે આ પરિભાષાને વિધ્યઽંગશેષભૂતા કહી છે. આથી તે प्रादूहोढोढ्येषैष्येषु । 6-1-89, (वा-4 જેવા વચનની સાથે એકવાક્યતા પામીને અર્થવાન્ ઊઢનું ગ્રહણ કરાવે છે. પણ ઊઢવાન્ માંના અનર્થક ઊઢનું ગ્રહણ કરાવતી નથી. આ પરિભાષા અનિત્ય હોવાથી अनिनस्मन्ग्रहणान्यर्थवता चानर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति। એવી પરિભાષા પણ પ્રાપ્ત થાય છે.

(૨) न वर्णग्रहणेषु । (પરિ – ૨) આ પરિભાષા પૂર્વોક્ત પરિભાષાનો સંકોચ કરનારી છે. પરિણામે વર્ણગ્રહણના પ્રસંગે અનર્થક શબ્દસ્વરૂપનું પણ કાર્યિન્ તરીકે ગ્રહણ થાય છે. કેટલાક પરિભાષાવૃત્તિકારોએ આ સંકોચવચનને સ્વતંત્ર પરિભાષા રૂપે રજૂ કર્યું નથી.

(૩) लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् । (પરિ–૩) આ પરિભાષા જણાવે છે કે લક્ષણાથી, ઉપચારથી પ્રાપ્ત થનાર અને સાક્ષાત્ ઉચ્ચરિત શબ્દ–સ્વરૂપને એમાંથી સાક્ષાત્ શબ્દોચ્ચરિતનું જ કાર્યિન્ તરીકે ગ્રહણ કરવું. લક્ષણાથી પ્રાપ્ત થનારનું નહીં. अर्थवद्ग्रहणे० । પરિભાષા અનિત્ય હોવાથી કેટલાંક સ્થળે અનિષ્ટની પ્રાપ્તિ થાય છે. તેની નિવૃત્તિ અર્થે આ પરિભાષાનું આશ્રયણ કરવામાં આવ્યું છે.[૨૪]

ભાષ્યકારે આ પરિભાષાનો અનેક સ્થળે ઉપયોગ કર્યો છે. પરંતુ તેમણે આ પરિભાષાની ઉપપત્તિ આપી નથી. પુરુષોત્તમદેવે 'ન્યાસ'ને આધારે આને જ્ઞાપકસિદ્ધ દર્શાવી છે. નાગેશ ભટ્ટે આ પરિભાષાને તન્ત્રશેષપ્રકરણમાં મૂકી છે.

गा, मा અને दा સ્વરૂપ ધાતુઓના ગ્રહણ સમયે આ પરિભાષાનો બાધ થાય છે. અનિત્યત્વને કારણે તેની ક્વચિત્ પ્રવૃત્તિ થતી નથી.

(૪) औपदेशिकप्रायोगिकयोः औपदेशिकस्यैव ग्रहणम् । (પરિ–૪) પરિભાષાથી કોઈ અપૂર્વ વ્યવસ્થા સૂચવવામાં આવી નથી. પરંતુ પૂર્વોક્ત પરિ-

---

૨૪. इकोऽचि विभक्तौ । 7-1-73 સૂત્રભાષ્ય:

इह तर्हि शुचीनाम् इन्हन्पूषार्यम्णां शौ, सौ च (6-4-12-13) इत्यस्मानिनयमान्न प्राप्नोति दीर्घत्वम् । अर्थवद्ग्रहणे नानर्थकस्येत्येवं न भविष्यति । नैषा परिभाषेह शक्या विज्ञातुम् । इह हि दोषः स्यात् । वाग्मीति । एवं तर्हि लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैवेति ॥

ભાષાનો જુદા શબ્દોમાં અનુવાદ કરવામાં આવ્યો છે. અહીં ઔપદેશિક એટલે પ્રતિપદોક્ત અને પ્રાયોગિક એટલે લાક્ષણિક.

પુરુષોત્તમદેવે 'ન્યાસ'ને આધારે આ પરિભાષા રજૂ કરી છે. પરંતુ નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશે આ પરિભાષા સ્વીકારી નથી. કારણ કે ભાષ્યમાં તે ઉપલબ્ધ થતી નથી.

(૫) गौणमुख्ययोः मुख्ये कार्यसंप्रत्ययः । (પરિ – ૫) શબ્દશ્રુતિ માત્રથી જે (શબ્દ)નો અર્થ પ્રતીત થતો હોય તેને મુખ્ય શબ્દ કહે છે. અને ઉપચરિતાર્થ-વૃત્તિવાળા શબ્દને—એટલે કે પ્રયત્નથી ઉત્પન્ન કરવામાં આવતાં શબ્દને – ગૌણ શબ્દ કહે છે. આ બે પ્રકારના શબ્દોમાંથી મુખ્ય શબ્દ વિષે જે સૂત્રોક્ત કાર્યની પ્રવૃત્તિ થાય છે. જેમકે अग्नेर्ढक् । 4/2/33 । સૂત્રવિહિત ઢક્ અગ્ન્યર્થક અગ્નિ શબ્દને જ લાગે છે. પરંતુ માણવક અર્થવાળા અગ્નિ શબ્દને લાગતો નથી.

પુરુષોત્તમદેવે આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધ વર્ણવી છે. તથા લોકન્યાયથી પણ ઉત્પન્ન થતી દર્શાવી છે. જેમકે, गौरनुबध्यताम् । એમ કહેતા વાહીકને બાંધવામાં આવતો નથી.

(૬) एकदेशविकृतमनन्यवत् । (પરિ–૧૪) થી "શબ્દનો એકદેશ વિકૃત થયેલો હોય તો પણ તે શબ્દ અનન્યવત્ માનવામાં આવે છે." स्थानिवदादेशोऽनल्विधौ । 1/1/56 સૂત્ર ઉપર ભારદ્વાજીય સંપ્રદાયના વૈયાકરણોએ एकदेशविकृतस्योपसंख्यानम् कर्तव्यम् । વા 9 એવું વાર્તિક રજૂ કર્યું છે. આ (રૂપ) અતિદેશથી કાર્યિનનું સ્વરૂપ વિકૃત થયેલું હોય તો પણ તેને અનન્યવત્ માનીને हिनुमीना 8/4/15 । સૂત્રવિહિત ણત્વ प्रहिणोमि। प्रमिणीते । જેવાં રૂપોમાં થાય છે.

कर्णच्छेदेऽपि श्वा श्वैव, नाश्वो नापि गर्दभः । એવા લોકન્યાયથી આ પરિભાષાર્થ સિદ્ધ રહે છે. તો પણ प्राग्दीव्यतोऽण् । 8/1/83 જેવા સૂત્રમાં दीव्यत् એવા વિકૃત નિર્દેશથી પણ આ પરિભાષાર્થ સૂત્રકારને માન્ય હતો એમ જ્ઞાપિત થાય છે.

(૭) निर्दिश्यमानस्यादेशा भवन्ति । (પરિ–૩૫) આ પરિભાષાથી સૂત્રમાં "જે સ્થાનિ નિર્દિશ્યમાન હોય તેને જ આદેશ થાય છે. "षष्ठी स्थानेयोगा । 1/1/49 સૂત્રથી અનિર્ધારિત સંબંધવિશેષવાળી ષષ્ઠી 'સ્થાન' પદાર્થની સાથે જોડાય છે આ સૂત્રને વિશદ કરતી અથવા તેનો અનુવાદ કરતી આ પરિભાષા છે. તેમ ભાષ્યકારનું કહેવું છે પરિણામે અનિર્ધારિત સંબંધવિશેષ-

વાળા ષષ્ઠ્યન્ત પદોને નિર્દિશ્યમાન સ્થાનિ ગણીને તેને આદેશો થાય છે. આમ, આ પરિભાષા પણ સ્પષ્ટપણે કાર્યિન્નો નિર્ણય કરવામાં ઉપયોગી બને છે.

વિશેષમાં, પુરુષોત્તમદેવ નોંધે છે કે આ પરિભાષાથી તદન્તવિધિનો વ્યવચ્છેદ થાય છે. येन विधिस्तदन्तस्य । 1/1/72 સૂત્રોક્ત તદન્તવિધિથી કાર્યિન્ના સ્વરૂપનો વિસ્તાર કરવામાં આવે છે. પરંતુ निर्दिश्यमान० । પરિભાષાથી તદન્તવિધિબોધિત કાર્યન્નો સ્વીકાર કરવામાં આવતો નથી. જેમકે, पादः पत् । 6/4/130 સૂત્રોક્ત पत् આદેશ પાદાન્ત દ્વિપાદ શબ્દને થતો નથી.

પુરુષોત્તમદેવે રજૂ કરેલી આ ચર્ચા બીજાંકૂર ન્યાયે સમય જતાં, સુપલ્લવિત થઈને આપણને નાગેશના परिभाषेन्दुशेखर માં પ્રાપ્ત થાય છે. કાર્યિન્ના સ્વરૂપની ચર્ચા કરનાર અન્ય વચનોની સાથે આ પરિભાષાની એકવાક્યતા કેવી રીતે કરવી, વગેરેનું ત્યાં વિશદ વ્યાખ્યાન કરવામાં આવ્યું છે,[૨૫]

આગમવિષયક પરિભાષાઓ :-

आगमा यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । (પરિ-૧૮) આગમો આગમીના ગુણીભૂત અર્થાત્ અવયવ સ્વરૂપ બનીને રહે છે. આથી આગમીના ગ્રહણથી આગમનું પણ ગ્રહણ થાય છે. આ પરિભાષા લોકન્યાયથી સિદ્ધ થાય છે. જેમકે, लोकेऽपि देवदत्तस्याङ्गाधिक्ये तद्विशिष्टस्यैव देवदत्तग्रहणेन ग्रहणं दृश्यते ॥ આ પરિભાષા પ્રત્યક્ષપણે તો આગમનું પ્રવૃત્તિ સ્વરૂપ સ્પષ્ટ કરી આપે છે. તથાપિ પરોક્ષપણે કેટલાંક સન્દર્ભોમાં[૨૬] તે કાર્યિન્નો નિર્ણય કરવામાં પણ ઉપયોગી બની રહે છે. જેમકે, दा રૂપની दाघाघ्वदाप् 1/1/20 થી વિધીયમાન ઘુસંજ્ઞા प्रणिदापयति । જેવા ઉદાહરણમાં પુગાગમ સહિતના दाप् ની પણ થઈ શકે છે.

આ પરિભાષાના પાઠમાં અનેક ફેરફાર થતા રહ્યા છે. परिभाषासूचन માં આ પરિભાષાનો तद्भक्तस्तद्ग्रहणेन गृह्यते । 17 એવો પાઠ મળે છે. મહાભાષ્યમાં તેનો પાઠ આ પ્રમાણે મળે છે. अर्थवतो ह्यावगमस्तद्गुणीभूतस्तद्ग्रहणेन

---

૨૫. જુઓ : આ પરિભાષાનો અનુવાદ અને उपसंहार, પ્રકરણ-૯, માં જોવો.

૨૬. બીજા કેટલાંક સન્દર્ભોમાં નિમિત્તનો નિર્ણય કરવામાં પણ તે મદદ કરે છે. જેમકે, सर्वेषाम् અહીં સુડાગમ વિશિષ્ટ आम् પ્રત્યયમાં ઝલાદિત્વ નિમિત્તક एत्व થાય છે.

गृह्यते । 1/1/20 वा-5 । અને નીલકંઠને અનુસરીને નાગેશ ભટ્ટે यदागमास्तद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यते । એવો પાઠ આપ્યો છે.

(૯) तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते । (પરિ-૧૯) આ પરિભાષા જણાવે છે કે अकच् વગેરે પ્રત્યયો જે (પ્રકૃતિ)ના મધ્યપાતી હોય, તેના ગ્રહણથી તે તે પ્રત્યયોનું પણ ગ્રહણ થાય છે. જેમકે, सर्त्रक । विश्वक । ની પણ સર્વનામસંજ્ઞા થાય છે. તથા भिनत्ति । જેવા રૂપમાં ધાતુગ્રહણથી श्नम् વિકરણ પ્રત્યયનું પણ ગ્રહણ થાય છે. આ પરિભાષા छत्त्रिणो यान्ति । જેવા લોકવ્યવહારથી સિદ્ધ છે.

आगमास्तद्गुणीभूताः । પરિભાષા આગમવિષયક હતી અને આ પરિભાષા પ્રત્યયાદિવિષયક છે. પરંતુ આ પરિભાષાથી મધ્યે પડેલાને તદ્વ્યપદેશ કરવામાં આવે છે.[૨૭] આથી આ પરિભાષા પણ કાર્યિન્નો વિચાર કરતી વખતે आगमास्तद्गुणीभूता० । ની જેમ ઉપયોગી બની રહે છે.

येन विधिस्तदन्तस्य । 1-9-72 સૂત્ર ઉપરના ભાષ્યમાં આ પરિભાષાનો तदेकदेशभूतस्तद्ग्रहणेन गृह्यते । એવો પાઠ મળે છે. પરિભાષાસૂચન માં આ વચનને એક સ્વતંત્ર પરિભાષા રૂપે રજૂ કરવામાં આવ્યું છે. પરંતુ પુરુષોત્તમદેવાદિ બીજા કોઈ પરિભાષાવૃત્તિકારે પોતાના ગ્રન્થમાં તેમ કર્યું નથી.

તદન્તવિધિવિષયક પરિભાષાઓ :

(૧૦) प्रत्ययग्रहणे यस्मात्स विहितः० । (પરિ-૪૪) તદન્તવિધિવિષયક આ પરિભાષા છે. આ ઉપરાંત પુરુષોત્તમદેવે તદન્તવિધિવિષયક ૪૫,૪૬,૭૫, ૭૮,૭૯,૮૦,૮૧,૧૧૧ ઇત્યાદિ પરિભાષાઓ પણ મૂકી છે. પરંતુ પરોક્ષ રીતે આ પરિભાષાઓ કાર્યિન્નો નિર્ણય કરવામાં ઉપયોગી બની રહે છે.

આ પરિભાષા જણાવે છે કે જ્યાં પ્રત્યયનું ગ્રહણ કર્યું હોય ત્યાં તદાદિતદન્તનું એટલે કે જે પ્રકૃતિને પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું હોય તે પ્રકૃતિથી શરૂ કરીને, પ્રત્યયના અંત ભાગ સુધીના શબ્દસ્વરૂપનું ગ્રહણ થાય છે. સૂત્રકારે येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રથી જે તદન્તવિધિ કહી છે. તેની પૂરક આ પરિભાષા છે. જ્યાં પ્રત્યયનું ગ્રહણ કરીને કોઈ કાર્યનું વિધાન કર્યું હોય ત્યાં આ તદન્તવિધિથી પ્રાપ્ત થતાં શબ્દસ્વરૂપને કાર્યિન્ રૂપે સ્વીકારવાનું હોય

૨૭. એટલે કે મધ્યપતિતને પણ મુખ્ય વ્યવહારનું નિમિત્ત બનાવી શકાય છે.

છે. જેમકે, ષ્યડઃ સમ્પ્રસારણમ્૦ । 6-1-13 સૂત્રવિહિત સંપ્રસારણ ષ્યડન્તને થાય છે.

આ પ્રત્યયગ્રહણે૦ । 44 પરિભાષાના અપવાદ વચન રૂપે પ્રત્યયગ્રહણે ચાપચ્ચમ્યાઃ । એવી એક પરિભાષા નીલકંઠ અને નાગેશમાં મળે છે. પરંતુ પુરુષોત્તમદેવે તેને રજૂ કરી નથી. મહાભાષ્યમાં યેન વિધિસ્તદન્તસ્ય । 1-1-72 સૂત્ર ઉપર આ સંકોચવચન વાર્તિકસ્વરૂપે રજૂ થયું છે. પરંતુ ભાષ્યકારે તેને માટે 'પરિભાષા' એવો શબ્દ નહીં વાપર્યો હોવાથી, કદાચ પુરુષોત્તમદેવે તેને અહીં તદન્તવિધિના પ્રકરણમાં રજૂ નહીં કરી હોય તો પણ અહીં નોંધવું જોઈએ કે તદન્તવિધિના વિષયમાં આ સંકોચ વચનની ઉપસ્થિતિ અનિવાર્ય છે.

(૧૧) સ્ત્રીપ્રત્યયેનનાનુપસર્જનેન । (પરિ-૪૫)થી અનુપસર્જન સ્ત્રીપ્રત્યયમાં તદાદિનિયમની પ્રવૃત્તિ થતી નથી. અર્થાત્ તદન્તવિધિથી પ્રાપ્ત થનાર તદાદ્યંશની ઉપસ્થિતિ થતી નથી. પરિણામે અનુપસર્જન સ્ત્રીપ્રત્યય ગ્રહણના વિષયમાં તત્પ્રત્યયાન્ત સંઘાતનું ગ્રહણ થઈ શકે છે. જેમકે, परमकारीषगन्धीपुत्रः । અહીં "ષ્યડન્ત" પદથી ષ્યડન્તાન્ત परमकारीषगन्ध्या । નું પણ ગ્રહણ શક્ય બને છે.

કાલાન્તરે આ પરિભાષાના પાઠમાં ફેરફાર થઈને સ્ત્રીપ્રત્યયે ચાનુપસર્જનેન । એવો પાઠ પ્રચારમાં આવ્યો છે.

(૧૨) કૃદ્ગ્રહણેન गतिकारकपूर्वस्यापि ग्रहणम् । (પરિ-૪૬) આ પરિભાષાથી જ્યાં કૃતપ્રત્યયનું ગ્રહણ કર્યું હોય ત્યાં ગતિપૂર્વક અને કારકપૂર્વકના કૃદન્તનું પણ ગ્રહણ થાય છે. અર્થાત્ કૃત્પ્રત્યયના વિષયમાં કેવળ જે પ્રકૃતિને કૃત્ પ્રત્યય થયો હોય તદાદિનું જ ગ્રહણ થતું નથી. ત્યાં ગતિ અને કારક સહિતના તદાદિ કૃદન્તનું પણ ગ્રહણ થાય છે. પ્રત્યયગ્રહણે૦ । પરિભાષાથી તદાદિતદન્તવિધિ થતાં ગતિપૂર્વ અને કારકપૂર્વના કૃદન્તનું ગ્રહણ અપ્રાપ્ત હતું તેને પ્રાપ્ત કરાવવા માટે આ અપવાદવચન રજૂ કરવામાં આવ્યું છે. પરિણામે ગતિપૂર્વ અને કારકપૂર્વનું કૃદન્ત શબ્દ સ્વરૂપ કાર્યિન્ રૂપે ગૃહીત થાય છે.

(૧૩) સંજ્ઞાવિધૌ પ્રત્યયગ્રહણે તદન્તવિધિર્નાસ્તિ । (પરિ-૮૧) આ પરિભાષા તદન્તવિધિ કરનારી પ્રત્યયગ્રહણે૦ । (પરિ-૪૪) ની અપવાદ છે. તેનાથી સંજ્ઞાવિધિમાં પ્રત્યય ગ્રહણ હોય તો પણ તદન્તવિધિ થતી નથી. સુપ્તિઙન્તં પદમ્ । 1-4-13 સૂત્રમાં અન્ત ગ્રહણ કરીને સૂત્રકારે આ પરિભાષા જ્ઞાપિત કરી છે.

આ જ પ્રમાણે, સૂત્રકારે હૃદયસ્ય હૃલ્લેખયદણલાસેષુ૦ । 6-3-50 સૂત્રમાં

ગ્રહણ કરીને उत्तरपदाधिकारे प्रत्ययग्रहण न तदन्तग्रहणम्। એવી પણ પરિભાષા જ્ઞાપિત કરી છે. આ પરિભાષા પણ प्रत्ययग्रहणे०। પરિભાષાનો અપવાદ છે. પરંતુ પુરુષોત્તમદેવ, સીરદેવ, નીલકંઠ તથા હરિભાસ્કરે તેને રજૂ કરી નથી. કેવળ નાગેશ ભટ્ટે તેને પરિભાષેન્દુશેખરમાં સ્વીકારી.

(૧૪) ગ્રહણવતા प्रातिपदिकेन तदन्तविधिर्नास्ति। 78 અને व्यपदेशिवद्भावोऽप्रातिपदिके०। 79 આ બે પરિભાષાઓ પણ તદન્તવિધિનો બાધ કરનારી છે. આ પરિભાષાઓ જણાવે છે કે જે સૂત્રમાં પ્રાતિપદિકનું ગ્રહણ કરીને કોઈ વિધિ કહેવામાં આવ્યો હોય ત્યાં તદન્તવિધિ થતી નથી. અને એ જ પ્રમાણે જ્યાં પ્રાતિપદિકનું ગ્રહણ કર્યું હોય ત્યાં વ્યપદેશિવદ્ભાવ થતો નથી.

પુરુષોત્તમદેવે આ બે પરિભાષાઓને રજૂ કરતાં પહેલાં व्यपदेशिवदेकस्मिन्। એવી પરિભાષા રજૂ કરવાની જરૂર હતી, પણ રજૂ કરી નથી. આથી સીરદેવ, નીલકંઠ અને હરિભાસ્કરે પણ તેને રજૂ કરી નથી. બીજી તરફ व्यपदेशिवदेकस्मिन्। એ પરિભાષાને સ્વીકારવી અનિવાર્ય છે. કારણ કે उणिद्वर्णग्रहणवर्जम्। વાર્તિકથી अत इञ्। 4-1-15 સૂત્રમાં તદન્તવિધિ થાય છે. પરિણામે अस्यापत्यमिः। એવા ઉદાહરણમાં अदन्त प्रातिपदिकत्वनो અભાવ રહેતાં ઇષ્ટસિદ્ધિ થતી નથી. ત્યાં व्यपदेशिवदेकस्मिन्। ની મદદથી अदन्त प्रातिपदिकत्व માનીને इः। એવું રૂપ બનાવવામાં આવે છે. આમ આ व्यपदेशिवद्भाव તદન્તવિધિમાં ઉપકારક છે, અને તે રીતે કાર્યિન્ના સ્વરૂપ નિર્ણયમાં પણ ઉપયોગી બને છે.

પુરુષોત્તમદેવે આ બન્ને પરિભાષાઓ 'ભાષ્યમાં પ્રખ્યાત છે.' એમ જે કહ્યું છે તે ચિન્ત્ય છે. કારણ કે ભાષ્યમાં આ બંનેય પરિભાષાઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

આ બે પરિભાષાઓમાંથી ગ્રહણવતા०। परिभाषा समासप्रत्ययविधौ प्रतिषेधः। એવા વાર્તિકમાંના પ્રત્યયાંશનો જ અનુવાદ કરનારી છે એમ નાગેશ ભટ્ટે સ્પષ્ટ કર્યું છે.

(૧૫) अङ्गाधिकारे तस्य तदुत्तरपदस्य। (પરિ-૮૫) આ પરિભાષા અંગાધિકારમાં તદન્તવિધિ કરનારી છે. येन विधिस्तदन्तस्य। 1-1-72 સૂત્ર ઉપરના ભાષ્યમાં पदाङ्गाधिकारे तस्य तदुत्तरपदस्य। એવું વાર્તિક રજૂ કરવામાં આવ્યું છે તથા સૌત્ર તદન્તવિધિને જ પર્યાપ્ત ગણીને તેનું પ્રત્યાખ્યાન

પણ કરવામાં આવ્યું છે. વળી, ભાષ્યકારે तदुत्तरपदस्य એવા પાઠમાં ફેરફાર કરીને तदन्तस्य એવો પાઠ સૂચવ્યો છે. આથી નીલકંઠ અને નાગેશ पदाङ्गाधिकारे तस्य तदन्तस्य । એવો પાઠ સ્વીકાર્યો છે. પરંતુ પુરુષોત્તમદેવે ન્યાસ ને આધારે આ પરિભાષાનો પૂર્વોક્ત પાઠ સ્વીકાર્યો છે. અને સીરદેવ તથા હરિભાસ્કર તેમને અનુસર્યા છે.

નાગેશ ભટ્ટે સ્પષ્ટ કર્યું છે કે આ પરિભાષાથી पदाधिकार पदस्य । पदात् । 8-1-16, 17 માં અને ઉત્તર પદાધિકાર (अलुगुत्तरपदे । 6-3-1) માં તદન્તવિધિ થાય છે.

(૧૬) यस्मिन् विधिस्तदादावल्ग्रहणे । (પરિ-૭૫) આ પરિભાષા તદાદિવિધિ કરનારી છે. સપ્તમી વિભક્તિમાં अल् ગ્રહણ કરીને અને તે (अल्ग्रहण) ને વિશેષણીભૂત બનાવીને જે વિધિનો આરંભ કર્યો હોય તે વિધિ તદાદિમાં જાણવો. આમ, આ પરિભાષા તદાદિવિધિ કરનારી હોવાથી તદન્તવિધિની અપવાદ છે.

(૧૭) अनिनस्मन्ग्रहणान्यर्थवता चानर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति । (પરિભાષા ૭૭) આ પરિભાષાથી જ્યાં अन्, इन् અને मन् નું ગ્રહણ કર્યું હોય ત્યાં તે તે अन् આદિ સાર્થક કે નિરર્થક પ્રત્યયોમાં તદન્તવિધિ થાય છે. अर्थवद्ग्रहणे० । (પરિ-૧) અનિત્ય હોવાથી આ પરિભાષાપ્રાપ્ત થાય છે. અને તે રીતે તદન્તવિધિની પ્રવૃત્તિમાં ઉપકારક બનીને કાર્યિન્નો નિર્ણય કરવામાં મદદ કરે છે.

(૧૮) समासप्रत्ययविधौ प्रतिषेधः, उगिद्वर्णग्रहणवर्जम् । (પરિ-૮૦) આ પરિભાષાથી "સમાસ અને પ્રત્યયવિધિમાં તદન્તવિધિનો પ્રતિષેધ કરવામાં આવે છે. પરંતુ उगित् અને વર્ણગ્રહણને છોડીને 'येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપર વાર્તિકકારે દુરુક્ત ચિંતાપ્રવર્તક આ વાર્તિક રજૂ કર્યું છે. પરંતુ 'પ્રમાદને કારણે' તે વાર્તિક અહીં પરિભાષાઓના સમુદાય વચ્ચે ઉપલબ્ધ થાય છે, એમ પુરુષોત્તમદેવે જણાવ્યું છે.

(૧૯) त्रिविधत्रिधातविधिभाजां त्रयाणां संनिधाने तदन्तत्रिविधिर्भवति (પરિ. ૧૧૧) પુરુષોત્તમદેવે તદન્તવિધિ વિષયક એક નવી પરિભાષા બનાવીને અહીં રજૂ કરી છે. તેમણે જણાવ્યું છે તે મુજબ येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રના સામર્થ્યથી જે અર્થ પ્રાપ્ત થાય છે તેને જ પરિભાષા રૂપે અહીં રજૂ કરવામાં આવ્યો છે.

નાગેશ ભટ્ટે આ પરિભાષા સ્વીકારી નથી. કારણ કે તેમણે પ્રત્યયગ્રહણે યસ્માત્૦ । એ તદન્તવિધિવિષયક પરિભાષાના વ્યાખ્યાનમાં જ 'અંગ' સંજ્ઞા કરનારા સૂત્રમાંથી તદાદ્યંશની અને યેન વિધિઃ૦ । સૂત્ર વડે તદન્તાંશની સિદ્ધિ થાય છે એમ સ્વીકાર્યું છે. (તથી તેમને પુરુષોત્તમદેવની જેમ તદન્તાંશની સિદ્ધિ માટે એક અલગ પરિભાષા માનવાની જરૂર રહી નથી.)

(૨૦) न हि कार्यी निमित्तत्वेनाश्रीयते । (પરિ–૬૫) આ પરિભાષા વડે જણાવવામાં આવે છે કે જે કાર્યી હોય તે નિમિત્ત સ્વરૂપે ક્યારેય ગૃહીત થતો નથી.

કાર્યિન્‌ના સ્વરૂપ નિર્ણયમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપયોગી બનતી પરિભાષાઓની સાથે આવી પરિભાષા પણ રજૂ કરવી અત્યંત જરૂરી છે. કારણ કે સામાન્યતઃ પાણિનિએ પોતાનાં સૂત્રોમાં જે કાર્યભાક્ બને છે તેનો અસંદિગ્ધપણે નિર્દેશ કર્યો જ છે. તથાપિ ક્યારેક તદન્તવિધિને કારણે કાર્યિન્‌ના સ્વરૂપમાં વિસ્તાર પણ થતો હોય છે. આવા તદન્તવિધિથી પ્રાપ્ત થતાં કાર્યિન્‌માં ક્યારેક નિમિત્તનો પણ અન્તર્ભાવ થઈ ગયો હોય છે. તે વખતે કાર્યિન્‌ને સ્પષ્ટ પણે નિમિત્તથી જુદો પાડીને દર્શાવવો પડે છે. આ જ પ્રમાણે ક્યારેક સનાદ્યન્ત ધાતુઓમાં પણ નિમિત્તનો અન્તર્ભાવ થઈ ગયો હોય છે. આવા દરેક સન્દર્ભોમાં કાર્યિન્‌નું શબ્દ સ્વરૂપ મર્યાદિત અને નિશ્ચિત કરવું પડે છે. આવા પ્રયોજનને ઉદ્દેશીને ઉપર્યુક્ત પરિભાષા પ્રસ્તુત કરવામાં આવી છે.

આ પરિભાષમાં कार्यमनुभवन् એટલો અંશ ઉમેરવો અનિવાર્ય છે એમ સીરદેવ અને નાગેશાદિ એ સ્પષ્ટ કર્યું છે.

અનુબન્ધવિષયક પરિભાષાઓ :

અનુબન્ધ[૨૮] : (mute significatory letter) :

આગમ, પ્રત્યય, આદેશાદિને इत् સંજ્ઞક વર્ણો લગાડવામાં આવે છે. આ વર્ણોને અનુબન્ધ કહેવામાં આવે છે. આવા અનુબંધો આગમ પ્રત્યયાદિને વિશેષિત કરવા સ્ત્રીપ્રત્યયનું વિધાન કરવા, પ્રત્યાહાર બનાવવા, સ્વરનું વિધાન કરવા માટે –એમ જુદાં જુદાં પ્રયોજનોને અનુલક્ષીને વાપરવામાં આવ્યા હોય છે. આ અનુબંધોનું સ્થાન નક્કી કરવા માટે પાણિનિએ કેટલાંક પરિભાષા–સૂત્રો પણ

૨૮. જુઓ :
Dictionary of Sanskrit Grammar, page–25.

આવ્યાં છે.[૨૯]

આ અનુબન્ધો જેને લગાડવામાં આવે છે તેના તે અવયવ બનીને રહે છે કે અનવયવ બનીને રહે છે, તેની ચર્ચા મહાભાષ્યમાં કરવામાં આવી છે. ત્યાં બે પક્ષો રજૂ થયા છે : (૧) અનુબંધો અવયવ (एकान्त:) છે. અને (૨) અનુબન્ધો અનવયવ (अनेकान्ता :) છે. ભાષ્યકારે આ બે પક્ષોમાંથી પહેલો પક્ષ સ્વીકાર્યો છે. આ પક્ષ સ્વીકારવાથી પ્રાપ્ત થતા દોષોને નિવૃત્ત કરવા માટે તેમણે ત્રણ જ્ઞાપક વચનોનો પણ નિર્દેશ કર્યો છે. જેમકે, (૧) नानुबन्धकृतमनेकालत्वम् । (૨) नानुबन्धकृतमसारूप्यम् । અને (૩) नानुबन्धकृतमनेजन्तत्वम् ॥

પાણિનિએ પ્રત્યય, અગમ, આદેશાદિને જુદા જુદા અનુબંધો શા માટે જોડ્યા હશે તેની વિચારણા પણ ભાષ્યમાં કરવામાં આવી છે. वामदेवाड्ड्य-ड्ड्यौ । 4-2-6 સૂત્રભાષ્યમાં જણાવવામાં આવ્યું છે કે અને तदनुबन्धकग्रहणे नातदनुबन्धकस्य । અને निरनुबन्धकस्य ग्रहणे सानुबन्धकस्य ग्रहणं न । મહાભાષ્યમાં પ્રાપ્ત થતી આ ચર્ચામાંથી સૂચન (પ્રેરણા) મેળવીને જુદા જુદા પરિભાષાવૃત્તિકારોએ જુદી જુદી સંખ્યામાં અનુબન્ધવિષયક પરિભાષાઓ સ્વીકારી છે. જેમકે, પુરુષોત્તતદેવે...

(૨૧) (૨૨) અને (૨૩) नानुबन्धकृतमनेकाल्त्वम् । (પરિ-૧૧) नान-बन्धकृतमसारूप्यम् । (પરિ-૧૨) અને नानुबन्धकृतमनेजन्तत्वम् । (પરિ-૧૩) આ પરિભાષાઓ જણાવે છે કે અનુબન્ધકૃત અનેકાલત્વ, અસારૂપ્ય અને અને જન્તત્વનું આશ્રયણ કરવામાં આવતું નથી.

આ ઉપરાંત પુરુષોત્તમદેવે બીજી પણ અનુબંધવિષયક ત્રણ પરિભાષાઓ રજૂ કરી છે.

(૨૪) निरनुबन्धकग्रहणे, न सानुबन्धकस्य । (પરિ-૩૬)

(૨૫) एकानुबन्धकग्रहणे न द्व्यनुबन्धकस्य । (પરિ-૩૭) અને

(૨૬) तदनुबन्धकग्रहणे नातदनुबन्धकस्य । (પરિ-૩૮) આ પરિભાષાઓ જણાવે છે કે (૧) જ્યાં અનુબંધરહિતનાનું ગ્રહણ હોય ત્યાં અનુબંધસહિતનાનું ગ્રહણ થતું નથી અને (૨) જ્યાં એક અનુબન્ધવાળાનો નિર્દેશ હોય ત્યાં બે અનુબન્ધવાળાનું ગ્રહણ થતું નથી. અને (૩) જ્યાં અમુક ચોક્કસ અનુબન્ધનું

---

૨૯. दा.त., मिदचोऽन्त्यात्परः । 1-9-47, ङिच्च । 1-1-53, आद्यन्तौ टकितौ । 1-1-46 વગેરે.

ગ્રહણ હોય ત્યાં તેનાથી ભિન્ન હોય એવા બીજા કોઈ અનુબંધવાળાનું ગ્રહણ થતું નથી.

ઉપર્યુક્ત ત્રણ પરિભાષાઓમાંથી एकानुबन्धग्रहणे ० । (પરિ-૩૭) પરિભાષા ભાષ્યમાં પ્રાપ્ત થતી નથી. સંભવતઃ તેમણે એ પરિભાષા વ્યાડિના નામે મળતા परिभाषासूचनमांथी સ્વીકારી હશે. અથવા તે ન્યાસ માં રજૂ થઈ હોવાથી પુરુષોત્તમદેવે તેને ન્યાસમાંથી સ્વીકારી હોય એમ પણ બને.

પુરુષોત્તમદેવે રજૂ કરેલી અનુબન્ધવિષયક આ છ પરિભાષાઓ સીરદેવ અને હરિભાસ્કરે પણ સ્વીકારી છે.

પુરુષોત્તમદેવે तदनुबन्धकग्रहणे ० । (પરિ-૩૮) ને યુક્તિસિદ્ધ માની છે અને निरनुबन्धक० । તથા एकानुबन्धकग्रहणे० । (પરિ-૩૬ અને ૩૭) ને જ્ઞાપકસિદ્ધિ વર્ણવી છે. પરંતુ નીલકંઠે ભાષ્યકારને અનુસરીને तदनुबन्धकग्रहणे० । અને निरनुबन्धकग्रहणे० । પરિભાષાને જ જ્ઞાપકસિદ્ધ માની છે. પણ एकानुबन्धकग्रहणे० । પરિભાષા ભાષ્યમાં ઉપલબ્ધ થતી નથી, એ કારણે નીલકંઠે તેને રજૂ કરી નથી. નાગેશે પણ एकानुबन्धकग्रहणे० । પરિભાષાને રજૂ કરી નથી. અને અનુબન્ધોનું સ્વરૂપ સ્પષ્ટ કરતા પૂર્વોક્ત બે પ્રશ્નોને 'પરિભાષા' રૂપે રજૂ કર્યા છે.

વ્યાડિને નામે મળતા परिभाषासूचनमां नानुबन्धकृतमनेजन्तत्वम् । એ પરિભાષા મળતી નથી. આ સિવાયની ઉપર્યુક્ત પાંચ પરિભાષાઓ મળે છે. વળી, વિશેષમાં અહીં (૧) उच्चरितप्रध्वंसिनोऽनुबन्धाः । અને (૨) एकानुबन्धकृतमनित्यम् । એવી બે પરિભાષાઓ વધારે મળે છે. પરંતુ આ બે પરિભાષાઓ પછીના સમયના કોઈપણ પરિભાષાવૃત્તિ ગ્રન્થમાં મળતી નથી.

परिभाषासूचनकारे एकानुबन्धकृतमनित्यम् । પરિભાષાને જ્ઞાપકસિદ્ધ દર્શાવી છે. અને તેનાથી (૧) ज्योतिरधिकृत्य कृते ग्रन्थे ज्योतिषम् અને (૨) सोमेन्द्रावस्य चरोर्देवता सामेन्द्रश्चरुः એવાં પ્રયોજનોની સિદ્ધિ કરી બતાવી છે. संज्ञापूर्वको विधिरनित्यः । પરિ-૮૩)થી કરી બતાવી છે.

આ અનુબન્ધવિષયક પરિભાષાઓ આપાતતઃ કાર્યિન્‌ના નિર્ણયમાં પણ ઉપયોગી બનતી હોવાથી તેને અહીં રજૂ કરી છે.

૨. સૂત્રાર્થ નિર્ણયમાં ઉપયોગી બનનારી પરિભાષાઓ :

પાણિનિએ સૂત્રાર્થ કરવા માટે પરિભાષાસૂત્રો બનાવ્યાં છે, એ આપણે જોયું છે. આવાં પરિભાષાસૂત્રો ઉપરાંત બીજાં પણ કેટલાંક પરિભાષા વચનો કરવાં જરૂરી

બન્યાં છે. આવાં પરિભાષાવચનો, જે સૂત્રાર્થ કરવામાં ઉપયોગી બનતાં હોય છે તેમને શાસ્ત્રીય યુક્તિથી સિદ્ધ કરવામાં આવે છે. અથવા તો લોકવ્યવહાર ઉપરથી પણ સિદ્ધ કરવામાં આવતાં હોય છે. લોકવ્યવહારમાં જ્યારે શબ્દપ્રયોગ થાય ત્યારે અમુક જ પ્રકારનું તેનું અર્થઘટન થાય છે, કેમ કે આવા ચોક્કસ પ્રકારના અર્થઘટન પાછળ શબ્દાર્થબોધના અમુક નિયમો કામ કરતા હોય છે. આવા નિયમોના આધારે પણ પરિભાષાવચનો ઘડવામાં આવતાં હોય છે.

(૧) बहुव्रीहौ तद्गुणसंविज्ञानमपि भवति । (પરિ–૬) બહુવ્રીહિ બે પ્રકારનો હોઈ શકે : ૧. तद्गुणसंविज्ञान અને ૨. अतद्गुणसंविज्ञान બહુવ્રીહિ. સૂત્રકારે सर्वादीनि सर्वनामानि । 1/1/27 જેવાં સૂત્રોમાં બહુવ્રીહિ સમાસનો ઉપયોગ કર્યો છે. આથી સૂત્રાર્થ કરતી વખતે સંદેહ થાય છે કે 'सर्व' શબ્દની 'सर्वनाम' સંજ્ઞા કરવી કે નહિ ? આવા સંદેહની નિવૃત્તિ કરવા માટે જણાવવામાં આવે છે કે બહુવ્રીહિમાં तद्गुणसंविज्ञानનું પણ ગ્રહણ થાય છે. આથી, सर्व શબ્દની પણ सर्वनाम સંજ્ઞા થાય છે. આમ, આ પરિભાષા પાણિનિનાં સૂત્રોનો અર્થ કરતી વખતે ઉપયોગી બને છે.

(૨) अर्थाद्विभक्तिविपरिणामः (પરિ–૮૮) આ પરિભાષા જણાવે છે કે અર્થવિશાદ્ વિભક્તિ વિપરિણામ (પણ) કરવામાં આવે છે. આ પરિભાષા લોકવ્યવહારથી સિદ્ધ રહે છે. જેમ કે, उच्चानि गृहाणि अस्य देवदत्तस्य, आमन्त्रयस्वैनम् । પાણિનિનાં સૂત્રોમાં પણ ક્યારેક વિભક્તિ વિપરિણામ કરવાની આવશ્યકતા જણાય છે. જેમ કે आङो नाऽस्त्रियाम् । 7–3–12 સૂત્રમાં अच्च घेः । 7–3–119 સૂત્રમાંથી અનુવૃત્ત થતા ષષ્ઠ્યન્ત घेः । પદને પંચમી વિભક્તિમાં વિપરિણામ કરીને घेरुत्तमस्याङो नाभावो भवति, अस्त्रियाम् । એવો સૂત્રાર્થ કરવામાં આવે છે. આ બન્ને પરિભાષાઓ શબ્દવ્યવહાર ઉપર આધૃત છે.

(૩) कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे कार्यसंप्रत्ययः । (परि. ७)

આ પરિભાષા જણાવે છે કે સૂત્રમાં કૃત્રિમ અને અકૃત્રિમ શબ્દસ્વરૂપનું ગ્રહણ કર્યું હોય છે ત્યારે કૃત્રિમ શબ્દને વિષે જ કાર્યસંપ્રત્યય રહે છે. એટલે કે કૃત્રિમ શબ્દને જ કાર્ય થાય છે—આ પરિભાષા પ્રાથમિક દૃષ્ટિએ કાર્યિનનો નિર્ણય કરનાર પરિભાષા હોય તેમ જણાય છે. પરંતુ સૂત્રમાં કૃત્રિમાકૃત્રિમ સામાન્ય શબ્દનું ઉપાદાન કર્યું હોય ત્યારે છે શબ્દથી કૃત્રિમ શબ્દનું ગ્રહણ કરવું કે અકૃત્રિમ શબ્દનું તેવો સંદેહ થાય છે. તેવે વખતે આ પરિભાષા ઉપસ્થિત થતી હોઈ સૂત્રાર્થ નિર્ણય કરનારી આ પરિભાષા કહેવાશે.

શાસ્ત્રમાં આવી પરિભાષા હોવા છતાં કોઈ ચોક્કસતા પ્રવર્તતી નથી. કારણ કે સૂત્રમાં ક્યારેક કૃત્રિમાકૃત્રિમ સામાન્ય ગ્રહણના પ્રસંગે અકૃત્રિમનું ગ્રહણ કરવું ઇષ્ટ હોય છે. આથી ભાષ્યકારે નિર્દેશ્યું છે કે उभयगतिरिह भवति । ઉદાહરણ તરીકે–सप्तम्यधिकरणे च । 1–3–36 સૂત્રમાં કૃત્રિમ અધિકરણનું જ ગ્રહણ થાય છે અને विप्रतिषिद्धं चानधिकरणवाचि । 2–4–13માં અકૃત્રિમ દ્રવ્યાર્થક અધિકરણનું જ ગ્રહણ થાય છે. પુરુષોત્તમદેવે આ ભાષ્યવચનની નોંધ લીધી છે.

(૪) उभयनिर्देशे पञ्चमीनिर्देशो बलीयान् । (પરિ. ૬૩) આ પરિભાષા જણાવે છે કે સપ્તમીનિર્દેશ અને પંચમીનિર્દેશ એ બન્નેનો નિર્દેશ હોય ત્યાં પંચમીનિર્દેશ બળવાન છે. સૂત્રકારે तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1–1–66 तस्मादित्युत्तरस्य । 1–1–67 એવાં પરિભાષાસૂત્રોથી સપ્તમી અને પંચમી વિભક્તિના નિર્દેશ હોય ત્યારે કેવો સૂત્રાર્થ કરવો, તેની વ્યવસ્થા સૂચવી છે. પરંતુ કોઈ એક સૂત્રમાં પંચમી અને સપ્તમી બન્ને વિભક્તિનો નિર્દેશ કર્યો હોય તો સૂત્રાર્થ કેવી રીતે કરવો તે વિષે કોઈ સ્પષ્ટતા કરી નથી. આવે પ્રસંગે विप्रतिषेधे परं कार्यम् । 1–4–2 સૂત્રની મદદ લઈને વાર્તિકકારે જણાવ્યું છે કે પંચમીનિર્દેશને બળવાન ગણવો. આથી ङसि घुट् । 8–3–29 જેવા સૂત્રમાં આગમીનો નિર્દેશ નથી. છતાંય પંચમી (ङः) નિર્દેશને બળવાન ગણીને ङात्परस्य सस्य घुड् वा स्यात् । એવો સૂત્રાર્થ કરવામાં આવે છે.

નાગેશ ભટ્ટે આ પરિભાષાને બાધબીજ પ્રકરણમાં મૂકી છે તથાપિ ઉપર જોયું તે મુજબ આ પરિભાષા સૂત્રાર્થ કરવામાં ઉપયોગી બની રહે છે.

(૫) (૬) प्रत्येकं वाक्यपरिसमाप्तिः । (પરિ–૨૯) અને क्वचित्समुदायेन वाक्यपरिसमाप्तिः । (પરિ–૩૦) वृद्धिरादैच् । 1–1–1 તથા अदेङ्गुणः । 1–1–2 જેવાં સૂત્રોનો અર્થ કરતી વખતે સંદેહ થાય છે કે आ, ऐ, औ, –એ પ્રત્યેક વર્ણોની વૃદ્ધિ સંજ્ઞા થાય છે કે आ, ऐ, અને औ એ ત્રણેય વર્ણોના સમુદાયની વૃદ્ધિ સંજ્ઞા થાય છે. આના સંદર્ભમાં ભાષ્યકારે ચર્ચા કરી છે અને બે પક્ષો રજૂ કર્યા છે : (૧) પ્રત્યેકમાં વાક્યની પરિસમાપ્તિ થાય છે, અને (૨) ક્વચિત્ સમુદાયમાં વાક્યની પરિસમાપ્તિ થાય છે. જેવી રીતે લોકમાં (૧) 'દેવદત્ત, યજ્ઞદત્ત અને વિષ્ણુમિત્રને જમાડો' એમ કહેતાં પ્રત્યેકને જમાડવામાં આવે છે. તથા (૨) 'ગર્ગોને સો રૂપિયાનો દંડ કરો' એવી રાજ–આજ્ઞા થતાં પ્રત્યેક ગર્ગને સો રૂપિયાનો દંડ કરવામાં આવતો નથી. પરંતુ ગર્ગકુળના બધા માણસોને સામૂહિક દંડ કરવામાં

આવે છે. આમ, લોકવ્યવહારને આધારે બેમાંથી ગમે તે એક પ્રકારે ઇષ્ટ એવો સૂત્રાર્થ કરવાનો હોય છે.

(૭)(૮) एकयोगनिर्दिष्टानां सह वा प्रवृत्तिः सह वा निवृत्तिः । (પરિ-૨૪) અને क्वचिदेकदेशोऽप्यनुवर्तते । (પરિ-૨૫) આ બે પરિભાષાઓ અનુવૃત્તિના સ્વરૂપ વિષે સ્પષ્ટતા કરે છે. સૂત્રોનો અર્થ કરતી વખતે અનુવૃત્તિ જ્ઞાન હોવું અનિવાર્ય છે. તેથી ઉપર્યુક્ત બે પરિભાષાઓ જણાવે છે કે (૧) એકયોગ (સૂત્ર)માં નિર્દેશેલા પદોની એક સાથે (સામૂહિક) અનુવૃત્તિ આવે છે અથવા તેમની એક સાથે જ નિવૃત્તિ થાય છે. (૨) ક્વચિત્ એકદેશની એટલે કે સૂત્રમાંના એકાદ પદની પણ અનુવૃત્તિ આવે છે.

અહીં નોંધવું જોઈએ કે બે પરિભાષાઓ કેવળ અનુવૃત્તિના દ્વિવિધ સ્વરૂપને સ્પષ્ટ કરે છે. પરંતુ ક્યાં એકદેશની અનુવૃત્તિ આવે છે અને ક્યાં સમગ્ર સૂત્રની અનુવૃત્તિ આવે છે, તેની વ્યવસ્થા જાણવા માટે તો ભાષ્યવ્યાખ્યાનની આવશ્યકતા રહે છે.

(૯) चानुकृष्टमुत्तरत्र नानुवर्तते । (પરિ-૮૭) આ પરિભાષા પણ અનુવૃત્તિવિષયક સ્પષ્ટતા કરે છે. જેમ કે, ચકારથી અનુવૃત્ત થતું પદ કે સૂત્ર ઉત્તરત્ર (પછીના સૂત્રોમાં) અનુવૃત્ત થતું નથી.

આ પરિભાષા અનિત્ય હોવાથી અને ઉપર જણાવ્યું તેમ અનુવૃત્તિવિષયક તમામ વ્યવસ્થા ભાષ્ય-વ્યાખ્યાનથી સમજવાની હોવાથી નાગેશ ભટ્ટે આ પરિભાષાનું પ્રત્યાખ્યાન કર્યું છે.

(૧૦) भाव्यमानोऽण् सवर्णान् न गृह्णाति (પરિ-૩૧) अणुदित्० । 1-1-69 સૂત્ર વડે, જાતિપક્ષ વડે અને ગુણો અભેદક હોવાને કારણે अण्ના સવર્ણભેદોનું ગ્રહણ થવા આવે છે. તેની નિવૃત્તિ કરવા માટે આ પરિભાષા છે. આ પરિભાષા જણાવે છે કે જો अण् ભાવ્યમાન એટલે કે વિધીયમાન હોય તો તેના સવર્ણભેદોનું ગ્રહણ થતું નથી.

વિશેષમાં પુરુષોત્તમદેવે સ્પષ્ટ કર્યું છે કે दिव उत् । 6-1-131 જેવાં સૂત્રોમાં તપર કરણના સામર્થ્યથી उकार ભાવ્યમાન હોવા છતાંય સવર્ણભેદોનું ગ્રહણ કરે છે. નાગેશ ભટ્ટે આવી સ્પષ્ટતા કરવાને બદલે भाव्यमानेन सवर्णानां ग्रहणं न । (19) એવી પરિભાષા માન્યા પછી भाव्यमानोऽप्युकारः सवर्णान् गृह्णाति । (૨૦) એવી એક જુદી પરિભાષા માની છે.

(૧૧) उदित्सवर्णं गृह्णाति, न सवर्णमात्रम् । પરિ-૮૯) આ પરિભાષા પણ, अणुदित्० । 1-1-69 સૂત્રથી उदित् ગ્રહણના વિષયમાં સવર્ણમાત્રનું ગ્રહણ થવા આવે છે. તેની નિવૃત્તિ કરવા માટે છે. આ પરિભાષા જણાવે છે કે उदित् પોતાના સવર્ણભેદોનું ગ્રહણ કરે છે. પરંતુ સવર્ણમાત્રનું ગ્રહણ કરતો નથી. જેમ કે, चोः कुः । 8-2-30 સૂત્રમાં उदित् कु ના ગ્રહણથી કંઠસ્થાનીય અને સ્પૃષ્ટ પ્રયત્નવાળા क, ख, ग, घ, અને ङ એ પાંચ સવર્ણોનું ગ્રહણ થાય છે. પરંતુ કંઠસ્થાનીય ઈષદ્વિવૃતપ્રયત્નવાળા હકારનું ગ્રહણ થતું નથી.

अणुदित्० । 1-1-69 સૂત્રની મદદથી સવર્ણભેદોનું ગ્રહણ કરતી વખતે ઉપર્યુક્ત બન્નેય પરિભાષાઓને ધ્યાનમાં રાખવી જરૂરી છે. અન્યથા युनो वुच् । 6-4-88 કે चोः कुः । 8-2-30 જેવાં સૂત્રોનો અર્થ અનિષ્ટાપત્તિને ઊભી કરશે.

(૧૨) प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । (પરિ-૨૬) સૂત્રમાં પ્રતિપાદિકનું ગ્રહણ કરીને કોઈ કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય તો તે કાર્ય લિંગ વિશિષ્ટ પ્રાતિપદિકને પણ થાય છે.

कुमारः श्रमणादिभिः । 2-1-70 સૂત્ર ઉપરથી આ પરિભાષાર્થ સૂચિત થયેલો છે. એટલે કે પાણિનિએ સૂત્રોની રચનામાં આવી વ્યવસ્થા સ્વીકારી છે. આથી कुसुलकूपकुम्भशालं बिले । 6-2-102 જેવા સૂત્રની પ્રવૃત્તિ कुसुलीबिलम् । ઇત્યાદિ ઉદાહરણોમાં પણ થાય છે, તેમ સૂત્રાર્થ વખતે ધ્યાનમાં રાખવું જોઈએ.

(૧૩) विभक्तौ लिङ्गविशिष्टाग्रहणम् । (પરિ-૨૭) આ પરિભાષા જણાવે છે કે જે સૂત્રમાં વિભક્ત્યાશ્રિત કાર્યોનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યાં લિંગવિશિષ્ટ પ્રાતિપદિકનું ગ્રહણ થતું નથી.

ભાષ્યકારે પૂર્વોક્ત પરિભાષા (૨૬)ની સાત સ્થળે અપ્રવૃત્તિ જાહેર કરી છે. તેમાંના એક સ્થળે અહીં સ્વતંત્ર પરિભાષા રૂપે રજૂ કરવામાં આવ્યું છે.

(૧૪) लुग्विकरणालुग्विकरणयोः लुग्विकरणस्यैव ग्रहणम् । (પરિ-૬૭) આ પરિભાષા જણાવે છે કે લુગ્વિકરણ અને અલુગ્વિકરણ ધાતુઓમાંથી અલુગ્વિકરણ ધાતુનું જ ગ્રહણ થાય છે. गापोष्टक् । 3-2-8 જેવા સૂત્રનો અર્થ કરતી વખતે સંદેહ થાય છે કે અહીં पा पाने (पिबति)નું ગ્રહણ કરવું કે पा रक्षणे (पाति)નું ગ્રહણ કરવું. આવા સંદેહના પ્રસંગે આ પરિભાષા મદદ કરે છે અને જણાવે છે કે અલુગ્વિકરણ ધાતુનું જ ગ્રહણ કરવું.

(૧૫) गामादाग्रहणेष्वविशेषः । (પરિ-૬૯) આ પરિભાષા પણ ધાતુગ્રહણના સંદર્ભમાં સ્પષ્ટ કરનારી છે. જેમકે, સૂત્રમાં गा, मा અને दा સ્વરૂપ ધાતુઓનું ગ્રહણ કર્યું હોય ત્યાં અવિશેષ પણે બધા જ गा, मा અને दा સ્વરૂપ ધાતુઓનું ગ્રહણ થાય છે.

(૧૬) सहचरितासहचरितयोः सहचरितस्यैव ग्रहणम् । (પરિ-૪૯) આપણે જાણીએ છીએ કે વાક્યાર્થબોધમાં સાહચર્યનો નિયમ પણ કામ કરે છે. તેને આધારે આ પરિભાષા જણાવે છે કે સંદેહના પ્રસંગે સહચરિત અને અસહચરિત-એ બેમાંથી સહચરિતનું જ ગ્રહણ કરવું. પરિણામે पञ्चम्यपाङ्परिभिः 2-3-10માં વર્જનાર્થક अपना સાહચર્યથી परि પણ વર્જનાર્થક જ ગૃહીત થાય છે.

(૧૭) प्रत्ययाप्रत्ययोः प्रत्ययस्यैव ग्रहणम् । (પરિ-૯૨) પ્રત્યય અને અપ્રત્યય-એમ ઉભયના ગ્રહણ પ્રસંગે સંદેહ થાય ત્યારે કેવળ પ્રત્યયનું જ ગ્રહણ કરવું, એમ કહેનારી આ પરિભાષા છે.

પુરુષોત્તમદેવ જણાવે છે કે ભાષ્યકારે આ પરિભાષા સ્વીકારી નથી અને अर्थवद्ग्रहणो० । (પરિ-૧)થી જ આ પરિભાષા ગતાર્થ છે. તથાપિ તેને સૌકર્યાર્થ રજૂ કરવામાં આવે છે.

સીરદેવાદિએ प्रधानाप्रधानयोः प्रधाने कार्यसंप्रत्ययः । (સી. પરિ-૧૦૨) એવી એક જુદી પરિભાષા પણ આપી છે.

(૧૮) नञिवयुक्तमन्यसदशाधिकरणे तथा ह्यर्थः (तथा ह्यर्थगतिः) । (પરિ-૯૭) જે શબ્દ नञ् કે इवथी યુક્ત હોય તે તત્સદશ અર્થ આપનારો બને છે. પર્યુદાસ પ્રતિષેધના વિષયમાં नञ्ના જુદા જુદા છ અર્થોમાંથી જ્યારે 'તત્સદશ' અર્થ લેવામાં આવે છે. ત્યારે આ પરિભાષાર્થ સંપન્ન રહે છે. આ પરિભાષાનો ઉપયોગ કરીને अञ्चेश्छन्दस्यसर्वनामस्थानम् । 6-1-170 જેવાં સૂત્રોનો અર્થ કરવામાં આવે છે.

(૧૯) अभेदका इह शास्त्रे गुणाः । (પરિ-૫૭) પાણિનિએ लुङ्लङ्लृङ्क्ष्वडुदात्तः । 6-4-71 કે अनुदात्तादेरञ् । 4-2-44 જેવાં સૂત્રોમાં उदात्त, अनुदात्त વગેરે શબ્દોનું ગ્રહણ કર્યું છે, તેનું શું પ્રયોજન છે? એને સ્પષ્ટ કરવા માટે આ પરિભાષા રજૂ કરવામાં આવે છે. શાસ્ત્રમાં જ્યાં उदात्तादि ગુણનું આશ્રયણ કર્યું હોય ત્યાં તે ગુણ અન્યનો ભેદક બને છે, અન્યથા નહીં. આમ, આ પરિભાષા એક સામાન્ય સ્પષ્ટીકરણ રજૂ કરીને સૂત્રાર્થમાં મદદ કરે છે.

(૨૦) સૂત્રે લિઙ્ગવચનમતન્ત્રમ્ । (પરિ–૧૧૭) આ પરિભાષાથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે સૂત્રો લક્ષ્યાર્થ છે. બીજા શબ્દોમાં કહીએ તો સૂત્રો લક્ષ્ય-પરાધીન છે. આથી સૂત્રોક્ત લિઙ્ગ–વચનને અતન્ત્ર અર્થાત્ અવિવક્ષિત જાણવાં. લક્ષ્યને અધીન રહીને જ લિઙ્ગ–વચનની પ્રવૃત્તિ કરવી. સૂત્રકારે કોઈક લિઙ્ગથી અને વચનથી નિર્દેશ તો કરવો જ પડે. તેથી તેને વિવક્ષિત ન ગણવાં.

નાગેશે આ પરિભાષાને તન્ત્રશેષપ્રકરણમાં મૂકી છે. તથાપિ આ પરિભાષા સૂત્રાર્થ કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી છે, અને સૂક્ષ્મતાથી વિચારીએ તો લક્ષ્ય અને લક્ષણ એ બેમાંથી લક્ષ્યનું જ પ્રાધાન્ય છે, એ સિદ્ધાન્ત પણ આમાંથી સૂચિત થાય છે.

૩. અષ્ટાધ્યાયીને સહાયક પરિભાષાઓ :

પાણિનિનાં સૂત્રો ઉપર વ્યાખ્યાન કરતી વખતે વાર્તિકકાર અને ભાષ્યકારે કેટલાંક પરિભાષા વચનો રજૂ કર્યાં છે. જેમ કે, (૧) સ્થાનિવદાદેશોઽનલ્વિધૌ । 1–1–56 સૂત્ર ઉપર એકદેશવિકૃતમનન્યવત્, (૨) આદ્યન્તવદેકસ્મિન્ 1–1–21 સૂત્ર ઉપર વ્યપદેશિવદેકસ્મિન્ । (૩) યેન વિધિસ્તદન્તસ્ય । 1–1–72 સૂત્ર ઉપર સમાસપ્રત્યયવિધૌ પ્રતિષેધઃ । યસ્મિન વિધિસ્તદાદાવલ્ગ્રહણે અને પદાઙ્ગાધિકારે તસ્ય તદન્તસ્ય ચ । વગેરે અને (૪) વિપ્રતિષેધે પરં કાર્યમ્ 1–4–2 સૂત્ર પર અન્તરઙ્ગાચ્ચ । ઇત્યાદિ. આપણે અગાઉ જોયું છે તે મુજબ આ પરિભાષાવચનો પ્રત્યક્ષપણે અષ્ટાધ્યાયીની ઊણપો દૂર કરીને શાસ્ત્રીય કાર્ય પ્રસંગે જરૂરી એવા કાર્યિનના સ્વરૂપ નિર્ણય ઇત્યાદિ કાર્યોમાં મદદ કરે છે. આ જ પ્રમાણે બીજી પણ કેટલીક પરિભાષાઓ મળે છે કે જે અષ્ટાધ્યાયીનાં સૂત્રોમાં રહેલા દોષ કે સદેહોને દૂર કરે છે.

વાઽસરૂપોઽસ્ત્રિયામ્ । 3–1–94 સૂત્રને વિષે જણાવવામાં આવ્યું છે કે–

(૧) તાચ્છીલિકેષુ ચ વાસરૂપવિધિર્નાસ્તિ । (પરિ–૨૮) અર્થાત્ તાચ્છી-લિકાધિકાર (૩,૨,૧૩૪)માં વાસરૂપ વિધિ થતી નથી. પરિણામે અસરૂપ પ્રત્યય વિકલ્પે બાધક થતાં નથી. પરંતુ નિત્ય બાધક થાય છે.

(૨) ક્તલ્યુટ્તુમુન્ખલર્થેષુ વાસરૂપવિધિર્નાસ્તિ । (પરિ–૭૬) અર્થ ક્ત, લ્યુટ્, તુમુન્ અને ખલર્થક પ્રત્યયોમાં પણ વાસરૂપ વિધિ થતી નથી.

લાદેશેષુ વાસરૂપવિધિર્નાસ્તિ । એવી પણ એક પરિભાષા આ સૂત્રના સંદર્ભમાં પ્રાપ્ત થાય છે. જેને પુરુષોત્તમદેવે રજૂ કરી નથી.

पूर्वत्रासिद्धम् । 8-2-1 સૂત્રને વિષે જાણવામાં આવ્યું છે કે—

(૩) पूर्वज्ञासिद्धीयमद्वित्वे । (પરિ-૧૧૦) અર્થાત્ દ્વિર્વચન કરવું હોય ત્યારે पूर्वत्रासिद्धम् । 8-2-1 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. स्थानिवदादेशोऽनल्विधौ । 1-1-56 સૂત્રને વિષે જણાવવામાં આવ્યું છે કે—

(૪) पूर्वत्रासिद्धीये न स्थानिवत् । (પરિ-૧૧૨) અર્થાત્ पूर्वत्रासिद्धम् । 8-2-1 સૂત્રના અધિકારમાં कुत्व, पत्व ઇત્યાદિ કાર્યો કરવાનાં હોય ત્યારે સ્થાનિવદ્ભાવ થતો નથી.

(૫) णौ कृतं स्थानिवद् भवति । (પરિ-૩૩) અર્થાત્ (सनादि) णि પ્રત્યય પરમાં રહેતાં વૃદ્ધિ વગેરે કાર્યોનો સ્થાનિવદ્ભાવ થાય છે.

(૬) यो ह्यनादिष्टादचः पूर्वस्तस्य विधिं प्रति स्थानिवद्भावः । (પરિ-૩૮) અર્થાત્ અનાદિષ્ટ અચ્થી પૂર્વમાં આવેલાં વર્ણને કાર્ય કરવું હોય ત્યારે સ્થાનિવદ્ભાવ થાય છે.

अचः परस्मिन् पूर्वविधौ । 1-1-57 સૂત્રમાં पूर्व શબ્દ સંબંધવાચક હોવાથી ૧. अच् ની અપેક્ષાએ पूर्वत्व ૨. આદેશની અપેક્ષાએ पूर्वत्व અને ૩. નિમિત્તની અપેક્ષાએ पूर्वत्व-એવા ત્રણ પક્ષો ઉપસ્થિત થાય છે. તેમાંથી પ્રથમ પક્ષને સ્વીકારવાથી ઉપર્યુક્ત પરિભાષા સિદ્ધ થાય છે.

अलोऽन्त्यस्य । 1-1-52 સૂત્ર ઉપર જણાવવામાં આવે છે કે—

(૭) नानर्थकेऽलोऽन्त्यविधिः । (પરિ-૯૩) અર્થાત્ અનર્થક શબ્દ સ્વરૂપમાં अलोऽन्त्यस्य । 1-1-52 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. આ પરિભાષામાં કેટલાક લોકો अनभ्यासविकारे એટલો અંશ ઉમેરે છે. પરિણામે અભ્યાસવિકાર કરનાર કાર્યોમાં अलोऽन्त्यस्य । 1-1-52 સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે છે.

ભાષ્યકારે આ પરિભાષાનાં પ્રયોજનોને ઉપાયાન્તરથી સિદ્ધ કરીને આ પરિભાષાનું પ્રત્યાખ્યાન કર્યું છે. અર્થાત્ આ પરિભાષા પાણિનિનાં સૂત્રમાં દોષાપત્તિ દર્શાવી શકતી નથી. કેવળ શાસ્ત્રીય કાર્યોમાં સરળતા પડે એ માટે સ્વીકારવી હોય તો જ તેનો નિર્દેશ કરવો.

अन्तादिवच्च । 6-1-85 સૂત્ર ઉપર જણાવવામાં આવે છે કે—

(૮) उभयत आश्रयणे नान्तादिवत् । (પરિ-૫૧) અર્થાત् अन्तादिवच्च । 6-1-85 સૂત્રથી એકી સાથે (યુગપત્) અન્તવદ્ભાવ અને આદિવદ્ભાવનું આશ્રયણ થતું નથી.

સીરદેવે આના અનુસંધાનમાં જણાવ્યું છે કે वर्णाश्रये विधौ नान्तादिवत्वम् । (સી. પરિ–૬૧) એવી પણ પરિભાષા છે.

प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । 1–1–62 સૂત્ર ઉપર જણાવવામાં આવ્યું છે કે– (૯) वर्णाश्रये प्रत्ययलोपलक्षणनिषेधः (પરિ–૫૨) અર્થાત્ વર્ણાશ્રિત વિધિમાં પ્રત્યયલક્ષણ થતું નથી.

विप्रतिषेधे परं कार्यम् । 1–4–2 સૂત્ર ઉપર જણાવ્યું છે કે— (૧૦) नुमचिरतृज्वद्भावेभ्यो नुट् पूर्वविप्रतिषेधेन । (પરિ–૧૦૮) અર્થાત્ નુમ્, अचि रत्वं, तृज्वद्भाव જેવાં કાર્યોની અપેક્ષાએ પૂર્વવિપ્રતિષેધથી નુટ્ આગમની પહેલાં પ્રવૃત્તિ થાય છે. અર્થાત્ નુડાગમ કરવો હોય તો વિપ્રતિષેધના બળ ઉપર નુમ્, अचि रत्वं અને तृज्वद्भाव જેવાં કાર્યોની પૂર્વપ્રવૃત્તિ થતી નથી. આમ, પરિગણિત સંદર્ભોમાં વિપ્રતિષેધે 0–1–4–2 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

૪. વિધિ-સ્વરૂપને સ્પષ્ટ કરનારી પરિભાષાઓ:

(૧) सर्वा द्वन्द्वो विभाषयैकवद्भवति । (પરિ–૫૦) આ પરિભાષા જણાવે છે કે બધા પ્રકારના દ્વન્દ્વ એટલે કે સમાહાર અને ઇતરેતર દ્વન્દ્વ વિકલ્પે એકવદ્ભાવને પામે છે. અહીં એક સ્પષ્ટતા કરવી જરૂરી છે કે द्वन्द्वश्च प्राणितूर्यसेनाङ्गानाम् । 2–4–2 ઇત્યાદિ સૂત્રોથી રજૂ થયેલ પ્રકરણનો વિષય ન હોય તેવાં જ દ્વન્દ્વને અહીં બધા પ્રકારના દ્વન્દ્વ તરીકે સમજવાના છે. (આથી સૂચવાય છે કે दधिपयआदि નો ઇતરેતર દ્વન્દ્વ જ થાય છે. प्राण्यंगादिનો સમાહાર દ્વન્દ્વ જ થાય છે. અને वृक्षमृगादि નો ઉભયવિધ દ્વન્દ્વ થાય છે. હવે જે બાભ્રવ્યશાલિકાયનાદિ અપરિગણિત શબ્દો રહ્યા તેમનો દ્વન્દ્વ જ વિકલ્પે એકવદ્ થાય છે.

(૨) गतिकारकोपपदानां कृद्भिः सह समासवचनं प्राक्सुबुत्पत्तेः । (પરિ–૪૭) કૃદન્ત શબ્દોનો ગત્યાદિની સાથે પહેલાં સમાસ કરવો કે કૃદન્ત શબ્દોથી (૫૨ માં) સુબુત્પત્તિ કરવી ? આ સંદેહના પ્રસંગે જણાવવામાં આવે છે કે સુબુત્પત્તિની પૂર્વે ગતિકારક અને ઉપપદની સાથે કૃદન્તનો સમાસ કરવો.

(૩) गर्भवट्टावादयो भवन्ति । (પરિ–૧૧૬) થી જણાવવામાં આવે છે કે જેવી રીતે ગર્ભ મધ્યમાં રહે છે તેવી રીતે ટાપ્ વગેરે સ્ત્રીપ્રત્યયો પ્રાતિપદિક અને સ્વાદિ પ્રત્યયોની મધ્યમાં રહે છે.

(૪) सर्वे विधयश्छन्दसि विकल्प्यन्ते । (પરિ-૫૬) પાણિનિનાં સૂત્રો અનુસાર વેદના પ્રત્યેક શબ્દની વ્યુત્પત્તિ આપી શકાતી નથી. આથી જણાવવામાં આવે છે કે વેદમાં બધી જ વિધિઓ વિકલ્પે થાય છે. વસ્તુતઃ વેદમાં दृष्टानुविधियश्छन्दसि । એ નિયમ જ ઉચિત છે.

(૫) उणादयोऽव्युत्पन्नानि प्रातिपदिकानि । (પરિ-૭૦) પાણિનિએ કેટલાંક પરોક્ષવૃત્તિ શબ્દોની વ્યુત્પત્તિ આપવાનો પણ પ્રયત્ન કર્યો છે. તથા उणादयो बहुलम् । 3-3-1 જેવા સૂત્રથી उणादि પ્રત્યયોનો સ્વીકાર પણ કર્યો છે. આથી શાસ્ત્રકારોએ ઉણાદિ નિષ્પન્ન શબ્દો વિષે બે પ્રકારના અભિપ્રાય વ્યક્ત કર્યા છે જેમકે, ૧. ઉણાદિ નિષ્પિન્ન શબ્દો અવ્યુત્પન્ન હોય છે. અર્થાત્ તેમને રૂઢ શબ્દો માનીને સ્વીકારવા જોઈએ. આ અભિપ્રાય પાણિનિનો છે, એમ ભાષ્યકારાદિએ સ્પષ્ટ કર્યું છે. ૨. ઉણાદિ નિષ્પન્ન શબ્દો વ્યુત્પન્ન છે. આ અભિપ્રાય શાકટાયન જેવા વૈયાકરણનો છે.

૫. પ્રક્રિયા (સાધનિકા) અવસ્થામાં ઉપયોગી બનનારી પરિભાષાઓ :

(૧) व्यवस्थितविभाषयापि कार्याणि क्रियन्ते । (પરિ-૬૨). 'વ્યવસ્થિતવિભાષા' વડે પણ કાર્યો કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે गो+अक्षन् । એવી સ્થિતિમાં अवङ्स्फोटायनस्य । 6-1-123 સૂત્રની વિકલ્પે પ્રવૃત્તિ થાય તો गवाक्षः । અને गोऽक्षम् એવાં બે રૂપો પ્રાપ્ત થાય. પરંતુ 'વાતાયન' અર્થમાં કેવળ गवाक्षः એવું જ રૂપ ઇષ્ટ છે. આથી આ સૂત્રમાં 'વ્યવસ્થિતવિભાષા'નું આશ્રયણ કરવામાં આવે છે. પરિણામે વાતાયન અર્થમાં તે સૂત્રની નિત્યપ્રવૃત્તિ જાહેર કરવામાં આવે છે. અને પ્રાણ્યઙ્ગ અર્થમાં અપ્રવૃત્તિ જાહેર કરવામાં આવે છે.

(૨) सामान्यातिदेशे विशेषस्यानतिदेशः । (પરિ-૬૪) પાણિનિએ કેટલાંક અતિદેશ સૂત્રો રજૂ કર્યાં છે. તે સંદર્ભમાં જણાવવામાં આવે છે કે સામાન્યનો અતિદેશ કર્યો હોય તો વિશેષનો અતિદેશ કરવો નહીં. ઉદાહરણ તરીકે गाङ्कुटादिभ्यः0 । 1-2-1 સૂત્રથી ञित्, णित् પ્રત્યયોને ङित् સામાન્યનો અતિદેશ કર્યો છે. તેથી क्ङिति च । 1-1-5 સૂત્રોક્ત ગુણનિષેધ થશે, પણ यङ् પ્રત્યયના નિમિત્તે થનારાં કાર્યો, જેવાં કે, દ્વિર્વચન ઇત્યાદિ, તેનો અતિદેશ થતો નથી. આ પરિભાષા ન હોય તો પ્રક્રિયા અવસ્થામાં સંદેહ ઉપસ્થિત થાય છે.

(૩) संनियोगशिष्टानामन्यतरापाये उभयोरप्यपायः । (પરિ-૬૫) આ પરિભાષા જણાવે છે કે वनो र च । 4-1-7 જેવાં સૂત્રોથી संनियोग-शिष्ट (બે) કાર્યોમાંથી કોઈ એક કાર્યનો પ્રક્રિયાદશામાં વિનાશ થાય તો બીજા કાર્યનો પણ એટલે કે ઉભયનો વિનાશ થાય છે.

(૪) संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य । (પરિ-૧૦) આ પરિભાષા જણાવે છે કે પ્રક્રિયા દશામાં જે વિધિ संनिपात લક્ષણ (અમુક-બે -વર્ણોના સાંનિધ્યને કારણે ઉપસ્થિત થયો) હોય તે (વિધિ) संनिपातના વિનાશ-માં નિમિત્ત એટલે કે કારણભૂત બનતો નથી.

(૫) अङ्गवृत्तेः पुनरङ्गवृत्तावविधिर्निष्ठितस्य । (પરિ-૭૧) પ્રક્રિયા દશામાં અંગ કાર્યની પ્રવૃત્તિ થઈ ગયા પછી પ્રાપ્ત થયેલા નિષ્ઠિત અંગને (પ્રયોગને યોગ્ય એવા અંગને) ફરીથી (બીજું કોઈ) અંગ-કાર્ય થતું નથી.

(૬) पर्जन्यवल्लक्षणप्रवृत्तिः । (પરિ-૮૬) આ પરિભાષાથી જણાવવામાં આવે છે કે પ્રક્રિયા અવસ્થામાં, પર્જન્યની જેમ લક્ષણની પ્રવૃત્તિ થાય છે. જેવી રીતે વરસાદ જળ (જળાશય)માં અને સ્થળમાંય વરસે છે તેવી રીતે શાસ્ત્ર-પ્રવૃત્તિ પણ સિદ્ધ-સ્થિતિમાં પણ થાય છે.

(૭) इतरेतराश्रयाण्यपि हि कार्याणि प्रकल्पन्ते । (પરિ-૯૬) ઇતરે-તરાશ્રિત કાર્યો વિરોધને કારણે થતાં નથી, એવો ન્યાય છે. પરંતુ આ શાસ્ત્રમાં તો ઇતરેતરાશ્રિત કાર્યો પણ થાય છે इग्यणः सम्प्रसारणम् । 1-1-45 સૂત્રની પ્રવૃત્તિ વખતે આ પરિભાષાની આવશ્યકતા ઊભી થાય છે.

(૮) प्रकृतिवदनुकरणं भवति । (પરિ-૧૧૪) પ્રક્રિયા દશામાં "અનુ-કરણને (પણ) પ્રકૃતિવત્ માનવામાં આવે છે." એવા નિયમનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આથી અનુકરણ પણ કાર્યિન્ બની શકે છે. આવા અનુકરણને મૂળ શબ્દના લિંગ અને વચન પ્રાપ્ત થઈ શકે છે.

(૯) (૧૦) सांप्रतिकाभावे भूतपूर्वगतिः (પરિ-૧૫) અને वर्त्स्यत् प्रवृत्त्येह कार्याणि क्रियन्ते । (પરિ-૧૬) અમુક કાર્યની પ્રવૃત્તિ કરવા માટે કોઈ નિમિત્ત કે સ્થાનિનો સંપ્રતિ અભાવ હોય તો ત્યાં ભૂતપૂર્વગતિનો સ્વીકાર કરવામાં આવે છે તથા ભવિષ્યમાં પ્રાપ્ત થનાર નિમિત્તાદિનો સ્વીકાર કરીને પણ કાર્યની પ્રવૃત્તિ થાય છે. આવા અર્થોનું બોધ કરનારી આ બે પરિભાષાઓ પ્રક્રિયાદશામાં ઉપકારક છે, તે સ્પષ્ટ છે.

(૧૧) निमित्तिकार्यं न तन्निमित्तस्य । (પરિ-૯૪) અમુક નિમિત્તને કારણે પ્રાપ્ત થનાર કાર્યને નિમિત્તકાર્ય કહે છે. આવું નિમિત્તકાર્ય તેના નિમિત્તને પ્રાપ્ત થતું નથી. જેમકે, अचो रहाभ्यां द्वे । 8-4-46 સૂત્રવિહિત દ્વિત્વ રેફ અને હકારને થતું નથી.

(૧૨) ताच्छीलिके णेऽप्यणकृतानि कार्याणि भवन्ति । (પરિ-૬૬) આ પરિભાષા વડે જણાવવામાં આવે છે કે ताच्छीलिकाधिकारमां ण પ્રત્યયના શબ્દ સ્વરૂપને अण् પ્રત્યયાન્ત માનીને अणन्त ને થતાં કાર્યો કરવાં જોઈએ. આ પરિભાષા એક રીતે તો કાર્યનો અતિદેશ કરનારી છે. તથાપિ પ્રત્યક્ષપણે પ્રક્રિયાદશામાં તેનો વિનિયોગ છે.

(૧૩) अनन्त्यविकारेऽन्त्यसदेशस्य । (પરિ-૧૦૭) અનન્ત્યને જે વિકાર કહ્યો હોય તે અન્ય વર્ણના નિકટવર્તીને થાય છે. જેમકે, सान्तमहतः संयोगस्य । 6-4-10 સૂત્રોક્ત દીર્ઘ यशांसि । જેવા ઉદાહરણમાં श કારોત્તરવર્તી अ કારને થાય છે. પરંતુ य કારોત્તરવર્તી अ કારને થતો નથી.

(૧૪) धातोः स्वरूपग्रहणे तत्प्रत्यय एव कार्यसंविज्ञानम् । (પરિ-૫૫) ધાતુનું સ્વરૂપગ્રહણ કરીને કોઈ કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય તો ધાતુનિમિત્તક પ્રત્યય પરમાં હોય ત્યારે જ તે કાર્ય કરવું. આ પરિભાષાના પાઠમાં ભાષ્યકારે ફેરફાર સૂચવ્યો છે. જેમકે, धातोः कार्यमुच्यमानं तत्प्रत्यय एव भवति ।

આ પરિભાષાર્થ પણ પ્રક્રિયા દરમ્યાન ધ્યાનમાં રાખવો જરૂરી છે.

(૧૫) निमित्तापाये नैमित्तिकस्याप्यपायः । (પરિ-૧૧૩) કોઈ એક નિમિત્તને કારણે પ્રાપ્ત થયેલાં કાર્યને નૈમિત્તિક કહે છે. આવાં નૈમિત્તિક કાર્યનો નિમિત્તનો વિનાશ થતાં વિનાશ થાય છે.

પ્રક્રિયા અવસ્થામાં આ પરિભાષાના અર્થને ધ્યાનમાં રાખીને કાર્યની પ્રવૃત્તિ કે અપ્રવૃત્તિ કરવાની હોય છે. અર્થાત્ આ પરિભાષા अकृतव्यूहाः पाणिनीयाः । નો જ અર્થ કહેનારી છે.

(૧૬) (૧૭) प्रकृतिग्रहणे यङ्लुगन्तस्यापि ग्रहणम् । (પરિ-૭૨) અને प्रकृतिग्रहणे ण्यधिकस्यापि कार्यं भवति । (પરિ-૭૩) આ પરિભાષાઓ જણાવે છે કે સૂત્રકારે પ્રકૃતિનું ગ્રહણ કરીને કોઈ કાર્યનું વિધાન કર્યું હોય તો તે यङ्लुगन्त ને પણ લાગે છે. અને ण्यधिक ને પણ લાગે છે. પ્રક્રિયા

દશામાં યઙ્લુગન્તાદિનાં રૂપો સિદ્ધ કરવા માટે આ પરિભાષાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

(૧૮) સ્વરવિધૌ વ્યઞ્જનમવિદ્યમાનવત્ । (પરિ-૩૨) આ પરિભાષા જણાવે છે કે સ્વરવિધિના પ્રસંગે વ્યંજનને અવિદ્યમાનવત્ ગણવાના હોય છે. અન્યથા, સ્વરવિધિ શક્ય નથી. કેટલાક પરિભાષાવૃત્તિકારોએ ભાષ્યને આધારે હલ્સ્વરપ્રાપ્તૌ વ્યઞ્જનમવિદ્યમાનવત્ । એવી પરિભાષા પણ સ્વીકારી છે.

(૧૯) યોગવિભાગાદિષ્ટસિદ્ધિઃ । (પરિ-૧૦૦) પ્રક્રિયા દરમ્યાન યોગ-વિભાગથી કેવળ ઇષ્ટસિદ્ધ જ કરવી, પણ તેની અતિવ્યાપ્તિ કરીને દોષાપત્તિની શંકા ન કરવી જોઈએ.

૬. સૂત્રપ્રવૃત્તિનો ક્રમ નક્કી કરી આપનારી પરિભાષાઓ અથવા સૂત્રો વચ્ચેના બાધ્ય બાધકભાવનો નિર્ણય કરવામાં ઉપયોગી બનતી પરિભાષાઓ :

પાણિનિએ અષ્ટાધ્યાયીમાં વિપ્રતિષેધે પરં કાર્યમ્ । 1-4-2 અને પૂર્વત્રાસિદ્ધમ્ । 8-2-1 એવાં બે અતિમહત્ત્વનાં સૂત્રો રજૂ કર્યાં છે. અહીં પ્રક્રિયા અવસ્થામાં "બે સૂત્રોની યુગપત્ પ્રવૃત્તિ થવા આવે ત્યારે તે બે સૂત્રોમાંથી જે પરસૂત્ર હોય, તેની પહેલાં પ્રવૃત્તિ કરવી" એમ વિપ્રતિષેધે૦ । 1-4-2 સૂત્ર જણાવે છે તથા "સપાદસપ્તાધ્યાયીની દૃષ્ટિએ ત્રિપાદી અસિદ્ધ છે. એટલે કે ત્રિપાદીએ કરેલા કાર્યને સપાદ સપ્તાધ્યાયીનાં સૂત્રો માન્ય રાખતાં નથી. (સપાદસપ્તાધ્યાયીની દૃષ્ટિએ ત્રિપાદીએ કરેલું કાર્ય ન થયા બરોબર છે)" એમ પૂર્વત્રાસિદ્ધમ્ । 8-2-1 સૂત્ર જણાવે છે. વળી, આ સૂત્ર અધિકાર સૂત્ર હોવાથી ત્રિપાદીમાં તેની ઉત્તરત્ર અનુવૃત્તિ થાય છે. પરિણામે ત્રિપાદીમાં પણ પૂર્વ પૂર્વ સૂત્રની દૃષ્ટિએ પર સૂત્ર અસિદ્ધ છે. એટલે ત્રિપાદીમાં પૂર્વ સૂત્રની દૃષ્ટિએ પર સૂત્રે કરેલું કાર્ય અસિદ્ધ છે.

બીજું, ત્રિપાદીમાં વિપ્રતિષેધે૦ । 1-4-2 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. કેવળ સપાદસપ્તાધ્યાયીમાં જ વિપ્રતિષેધે૦ । 1-4-2ની પ્રવૃત્તિ થાય છે. પરિણામે ત્રિપાદીમાં વિપ્રતિષેધે૦ । 1-4-2 થી કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી. આમ, પાણિનિએ સૂત્રોનો પ્રવૃત્તિ ક્રમ નક્કી કરવા માટે અને સૂત્રો સૂત્રો વચ્ચેનાં પ્રબલ-દુર્બલ ભાવને સ્પષ્ટ કરવા માટે ઉપર્યુક્ત બે સૂત્રો રજૂ કર્યાં છે.

આ ચર્ચાના અનુસંધાનમાં વાર્તિકકાર અને ભાષ્યકારે પણ વિસ્તૃત અને સૂક્ષ્મ ચર્ચાઓ કરી છે. સૂત્રો વચ્ચેના પ્રબલ-દુર્બલભાવ કે બાધ્ય-બાધકભાવની

વ્યવસ્થા સૂચવતાં બીજાં અનેક વચનો ઉચ્ચાર્યાં છે, જે પાછળથી પરિભાષા રૂપે પ્રચલિત બન્યાં છે.

પુરુષોત્તમદેવે મહાભાષ્ય અને તેના અનુગામી ગ્રન્થોમાંથી સૂત્રોનો પ્રવૃત્તિનો ક્રમ નક્કી કરનારી, સૂત્રો વચ્ચેનાં બાધ્ય-બાધકભાવને વર્ણવતી લગભગ છવ્વીસ પરિભાષાઓ લઘુપરિભાષાવૃત્તિમાં રજૂ કરી છે:

(૧) (૨) सकृद्गतौ० । (પરિ-૩૯) અને पुनः प्रसंग० । (પરિ-૪૦) પુરુષોત્તમદેવ જણાવે છે કે विप्रतिषेधे० । 1-4-2 સૂત્ર ઉપર વ્યક્તિપક્ષ અને જાતિપક્ષનું આશ્રયણ કરીને અનુક્રમે આ બે પરિભાષાઓ ભાષ્યકારે રજૂ કરી છે. જેમ કે, (૧) વ્યક્તિપક્ષમાં પ્રત્યેક લક્ષ્યમાં લક્ષણની પ્રવૃત્તિ થાય છે. આથી એક જ સ્થળે બે શાસ્ત્રોની યુગપત્ પ્રવૃત્તિ પ્રાપ્ત રહે ત્યારે બંને શાસ્ત્રો (સૂત્રો)ની પર્યાયથી પ્રવૃત્તિ કરવી, એમ કોઈ કહે તો તે ઉચિત નથી. કારણ કે અહીં विप्रतिषेधे० । 1-4-2 સૂત્ર નિયમ કરે છે કે યુગપત્ ઉપસ્થિત થયેલાં બે સૂત્રોમાંથી જે પરસૂત્ર હોય તેની જ પ્રવૃત્તિ કરવી અને પૂર્વસૂત્રની પ્રવૃત્તિ ન કરવી. આ રીતે પહેલી પરિભાષા સિદ્ધ થાય છે કે એકવાર વિપ્રતિષેધની નિવૃત્તિ થઈ જાય પછી બાધિત થયેલ વિધિ ફરીથી પ્રવૃત્ત થઈ શકતો નથી. એટલે કે બાધિત વિધિ કાયમને માટે બાધિત જ રહે છે.

(૨) જાતિપક્ષમાં લક્ષણની કોઈ એક લક્ષ્યમાં પ્રવૃત્તિ થતાં તે ચરિતાર્થ બની જાય છે. આથી અન્યત્ર ચરિતાર્થ થયેલાં બે સૂત્રોને કોઈ એક સ્થળે યુગપત્ પ્રવૃત્ત થવાનો પ્રસંગ આવે તો વિપ્રતિષેધને કારણે તે બન્નેય સૂત્રો અપ્રવૃત્ત રહે છે, આ વખતે विप्रतिषेधे० । 1-4-2 સૂત્ર નિયમાર્થ બનતું નથી, પરંતુ પરવિધ્યર્થ બને છે. અહીં विप्रतिषेधे० । 1-4-2 સૂત્ર જણાવે છે કે બે સૂત્રોમાંથી જે પરસૂત્ર હોય તેની પ્રવૃત્તિ કરવી અને જો પરસૂત્રની પ્રવૃત્તિ થઈ ગયા પછી પૂર્વ સૂત્રને પ્રવૃત્ત થવા માટેનું નિમિત્ત ચાલુ રહેતું હોય તો તેની પણ પ્રવૃત્તિ કરવી.

નાગેશ ભટ્ટે જાતિપક્ષ અને વ્યક્તિપક્ષનું આશ્રયણ રજૂ કરવામાં આવેલી આ ઉપપત્તિને સ્વીકારી નથી.

(૩) अन्तरङ्गबहिरङ्गयोरन्तरङ्गं बलवत् । (પરિ-૪૩) विप्रतिषेधे० । 1-4-2 સૂત્ર ઉપર વાર્તિકકારે જણાવ્યું છે કે અંતરંગ કાર્ય બળવાન હોય છે. આમાંથી સૂચન લઈને પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે.

અંતરંગકાર્ય અને બહિરંગકાર્ય કોને કહેવું, તેની ચર્ચા પુરુષોત્તમદેવે કરી નથી. પરંતુ સીરદેવાદિએ નિર્દેશ્યું છે કે अल्पापेक्षमन्तरङ्गम् । बह्वापेक्षं बहिरङ्गम् । संज्ञापेक्षं बहिरङ्गम् । ઇત્યાદિ. નાગેશ ભટ્ટે આવી વ્યાખ્યાઓનો સ્વીકાર કર્યો નથી. તેમના મતે અપરનિમિત્તક કાર્યને અંતરંગ અને પરનિમિત્તક કાર્યને બહિરંગ કહેવાય છે.

આ પરિભાષાથી જાતબહિરંગ (પ્રવૃત્ત થઈ ચૂકેલા બહિરંગ) કાર્યનો બાધ થાય છે. અર્થાત્ તેને અસિદ્ધત્વનું બોધન થાય છે.

(૪) असिद्धं बहिरङ्गमन्तरङ्गे । (પરિ–૪૧)થી જણાવવામાં આવે છે કે અંતરંગ કાર્ય કર્તવ્ય રહે ત્યારે (પ્રાપ્ત) બહિરંગકાર્ય અસિદ્ધ થાય છે. પુરુષોત્તમદેવના મતે આ પરિભાષા પ્રાપ્ત બહિરંગકાર્યને અસિદ્ધત્વનું બોધન કરે છે.

મહાભાષ્યમાં પૂર્વોક્ત પરિભાષા (૪૩)નો અસ્વીકાર કર્યો છે અને જણાવ્યું છે કે બન્ને પરિભાષાઓનાં પ્રયોજનો असिद्धं बहिराङ्गमन्तरङ्गे । થી સિદ્ધ થશે. પુરુષોત્તમદેવ આ ભાષ્યોક્ત ચર્ચા જાણતા હોવા છતાંય સુખપ્રતિપત્યર્થે જાતબહિરંગ કાર્યના અસિદ્ધત્વ માટે અને પ્રાપ્તબહિરંગ કાર્યના અસિદ્ધત્વને માટે બે જુદી પરિભાષાઓ રજૂ કરે છે.

(૫) नाजानन्तर्ये बहिष्ट्वप्रक्लृप्तिः । (પરિ–૪૨) આ પરિભાષા જણાવે છે કે अच् ના આનન્તર્યમાં જે અંતરંગ કે બહિરંગ કાર્ય કરવામાં આવે છે, ત્યાં બહિરંગની પ્રકલ્પના કરવાની હોતી નથી. અર્થાત્ अच् ની પછી તરત જ આવેલા બીજા કોઈપણ નિમિત્તને આધારે અંતરંગ કાર્ય કરવું હોય તો ત્યાં પૂર્વે પ્રવર્તેલા બહિરંગ કાર્યને બહિરંગ ન સમજવું. આમ, આ પરિભાષાથી પૂર્વોક્ત પરિભાષા (૪૧)નો અપવાદ રજૂ કરવામાં આવ્યો છે.

નાગેશ ભટ્ટે જણાવ્યું છે કે આ પરિભાષા અનાવશ્યક છે. કારણ કે (૧) ભાષ્યમાં આ પરિભાષા विप्रतिषेधे० । 1–4–2 સૂત્ર સિવાય અન્યત્ર ક્યાંય ઉલ્લેખ પામી નથી. અને (૨) असिद्धं बहिरङ्गमन्तरङ्गे પરિભાષાથી જ્યાં અનિષ્ટાપત્તિ થતી હોય ત્યાં તેને અનિત્ય માનવી.

(૬) (૭) अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो ल्यप्बाधते । (પરિ–૫૪) અને अन्तरङ्गानपि विधीन् बहिरङ्गौ लुग्बाधते । (પરિ–૬૮) આ બંનેય પરિભાષાઓ અંતરંગ પરિભાષાની અપવાદ છે. જેમકે, (૧) ल्यप् બહિરંગ હોવા છતાંય અંતરંગ કાર્યનો બાધ કરે છે. (૨) लुग् પણ બહિરંગ હોવા છતાંય અંતરંગ કાર્યોનો બાધ કરે છે.

નીલકંઠ જણાવે છે કે એક રીતે આ પરિભાષાઓ રજૂ કરવાની જરૂર નથી. કારણ કે अकृतव्यूहाः पाणिनीयाः । પરિભાષાથી જ આ પરિભાષાનું પ્રયોજન સિદ્ધ થઈ જાય છે. પરંતુ બીજી તરફ નાગેશ ભટ્ટ अकृतव्यूहा० । પરિભાષાને ભાષ્યાનુક્ત કહીને પ્રત્યાખ્યાત કરી છે અને આ બે પરિભાષાઓ ભાષ્યોક્ત હોઈ સ્વીકારી છે.

(૮) अकृतव्यूहाः पाणिनीयाः प्रवर्तितमपि शास्त्रं व्यावर्तयन्ति । (પરિ-૧૦૪) પુરુષોત્તમદેવ આ પરિભાષાનો અર્થ સમજાવતાં જણાવે છે કે જેમણે વિશેષ રૂપે નિશ્ચય કર્યો નથી એવા પાણિનીય અનુયાયીઓ, પ્રવૃત્ત કરેલા શાસ્ત્રને પણ નિવૃત્ત કરે છે. વિશેષમાં નોંધ્યું છે કે 'प्रवृत्तं वचनशतेनापि न निवर्तते । એવા ન્યાયનો આ પરિભાષા અપવાદ છે. પરંતુ આ ન્યાયને ધ્યાનમાં રાખીને અથવા प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनमेव वरम् । એવા લોકન્યાયને અનુસરીને કેટલાક વૈયાકરણોએ આ પરિભાષાનો અર્થ આ પ્રમાણે કર્યો છે. જેમણે કાર્યની સ્થિતિ (પ્રવૃત્તિ) રૂપ નિશ્ચય નથી કર્યો એવા પાણિનીય અનુયાયીઓ નિમિત્તને વિનાશોન્મુખ જોઈને કાર્યની પ્રવૃત્તિ કરતાં નથી.

પુરુષોત્તમદેવે પરિભાષાના પાઠમાં પરિભાષાના અર્થને પણ प्रवर्तितमपि शास्त्रं व्यावर्तयन्ति । એવા ઉત્તરાંશમાં સમાવી લીધો છે. વળી, પુરુષોત્તમદેવે આ પરિભાષાના જ અર્થનો અનુવાદ કરતી निमित्तापाये नैमित्तिकस्याप्यपायः । (પરિ-૧૧૩) એવી પણ એક પરિભાષા રજૂ કરી છે. પરંતુ અગાઉ જણાવ્યું છે તેમ ભાષ્યકારે આ પરિભાષાઓ ઉલ્લેખી નથી. તેથી નાગેશના મતે તે સ્વીકાર્ય નથી.

(૯) (૧૦) असति संभवे बाधनं भवति । (પરિ-૨૧) અને अस्ति च संभवो यदुभयं स्यात् । (પરિ-૨૨) પુરુષોત્તમદેવ આ પરિભાષાઓને સમજાવતાં જણાવે છે કે (૧) શાસ્ત્રમાં બે કાર્યોનો (એક જ સ્થળે વિરોધને કારણે) સમાવેશ શક્ય હોતો નથી. આવે પ્રસંગે કોઈ એક (બળવાન) કાર્યથી બીજા કાર્યનો બાધ થાય છે. અને (૨) જ્યારે બન્ને કાર્યોનો (અવિરોધ હોય ત્યારે) એકત્ર સમાવેશ થવો શક્ય છે. આથી ત્યાં બન્ને કાર્યો થાય છે.

મહાભાષ્યમાં असति संभवे बाधनं भवति । એ વચનને વાર્તિક સ્વરૂપે રજૂ કરવામાં આવ્યું છે. ભાષ્યસન્દર્ભ જોતાં જણાય છે કે અહીં બાધ્ય-બાધકભાવનું નિયામક તત્ત્વ 'अनवकाशत्व' છે. એમ વાર્તિકકાર સૂચવવા માગે છે. પરંતુ પુરુષોત્તમદેવે બાધ્ય-બાધકભાવનું નિયામક તત્ત્વ 'વિરોધ' છે, એમ માનીને આ વચનને રજૂ કર્યું છે.

બીજું, મહાભાષ્યમાં अस्ति य संभवो यदुभयं स्यात् । એ વચન પ્રત્યાક્ષેપવાદીનું છે. તેને અનવધાનને કારણે પુરુષોત્તમદેવે પરિભાષા રૂપે રજૂ કરી દીધું છે.

(૧૧) सत्यपि संभवे बाधनं भवति । (પરિ-૨૩) પુરુષોત્તમદેવ તક્કૌણ્ડિન્યન્યાયને આધારે આ પરિભાષાને સમજાવતાં જણાવે છે કે વિશેષ-શાસ્ત્રથી સામાન્યશાસ્ત્રનો બાધ થાય છે. સામાન્યશાસ્ત્ર અને વિશેષશાસ્ત્ર બન્નેની પ્રવૃત્તિ થવી શક્ય હોવા છતાંય (અપવાદત્વને કારણે) વિશેષશાસ્ત્રથી સામાન્ય-શાસ્ત્રનો બાધ થાય છે.

નાગેશ ભટ્ટના 'પરિભાષેન્દુશેખર'નું પર્યાલોચન કરતા જણાય છે કે અનવ-કાશત્વ બે પ્રકારનું હોઈ શકે : (૧) तदप्राप्तियोग्ये चरितार्थ्यं हि एतस्य बाधकत्वे बीजम् । અને (૨) तत्प्रवृत्युत्तरं चरितार्थ्येऽपि तदव्याप्तेऽवकाशो नास्तीति । આ બન્ને પ્રકારનું અનવકાશત્વ અનુક્રમે असति संभवे बाधनं भवति । અને सत्यपि संभवे बाधनं भवति । એવાં વચનથી રજૂ કરવામાં આવ્યું છે.

નાગેશ ભટ્ટે આ ત્રણમાંથી એક પણ વચનને પરિભાષા રૂપે રજૂ કર્યું નથી. તેમણે અપવાદનું પ્રાબલ્ય દર્શાવવા માટે अंतरङ्गादपवादो बलीयान् । તેવી પરિભાષા રજૂ કરી છે. અને તેમાનાં અપવાદ શબ્દને સમજાવતાં જણાવ્યું છે કે येन नाप्राप्ते यो विधिरारभ्यते स तस्य बाधको भवति । આ વ્યાખ્યાન सत्यपि संभवे बाधनं भवति । પરિભાષાનું ફલિતાર્થકથન છે.

(૧૨) (૧૩) पुरस्तादपवादा अनंतरान् विधीन बाधन्ते नोत्तरान् । (પરિ-૮) અને मध्येऽपवादाः पूर्वान् विधीन् बाधन्ते नोत्तरान् । (પરિ-૯) આ બે પરિભાષાઓ જણાવે છે કે (૧) પૂર્વે આવેલાં અપવાદ શાસ્ત્રો પોતાના પછી તરત જ આવેલા વિધિનો (જ) બાધ કરે છે. પરંતુ તેની ઉત્તરમાં આવેલા વિધિનો બાધ કરતાં નથી. (૨) મધ્યમાં આવેલાં અપવાદશાસ્ત્રો પોતાની પૂર્વે આવેલા વિધિનો જ બાધ કરે છે. પરંતુ પોતાની ઉત્તરમાં આવેલા વિધિનો બાધ કરતા નથી.

અપવાદશાસ્ત્રનું આ પ્રકારનું બાધકત્વ શા માટે છે ? તે વિષે વિચાર કરતાં જણાય છે કે પૂર્વમાં આવેલા કે મધ્યમાં આવેલા અપવાદશાસ્ત્રો અનુક્રમે પોતાની અનન્તર અને પૂર્વે આવેલાં વિધિઓનો બાધ કરીને ચરિતાર્થ થઈ ગયાં હોય છે. પરિણામે પોતાનું પ્રબલત્વ ગુમાવે છે. અને પોતાનાથી ઉત્તરમાં આવેલા વિધિનો બાધ કરી શકતાં નથી. ત્યાં અનન્તર કે પૂર્વ વિધિનો બાધ કરીને

ચરિતાર્થ (સાવકાશ) થઈ ગયેલાં અપવાદશાસ્ત્રો, અને તેમની અપેક્ષાએ પાછળથી ઉપસ્થિત થનારાં પરસૂત્રોની વચ્ચે विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્રથી બાધ્ય-બાધકભાવ નક્કી કરવાનો હોય છે.

सत्यपि संभवे० । જેવી પરિભાષાથી અથવા अन्तरङ्गादपवादो० । (નાગેશની) પરિભાષાથી અપવાદશાસ્ત્રનું પ્રાબલ્ય સૂચવ્યું છે. અપવાદશાસ્ત્ર બે પ્રકારે ઉત્સર્ગ શાસ્ત્રનો બાધ કરે છે. (૧) પોતાના (અપવાદના) વિષયમાં જે કોઈ સામાન્યશાસ્ત્રની પ્રાપ્તિ થાય, તે સર્વનો અપવાદશાસ્ત્ર બાધ કરે છે. આને બાધ્યસામાન્યચિંતા પક્ષ કહે છે. તથા (૨) આ (ઉપર્યુક્ત) બે પરિભાષાઓ (૮ અને ૯) જે રીતે અપવાદશાસ્ત્રનું બાધકત્વ વર્ણવે છે તે રીતે અપવાદશાસ્ત્ર ઉત્સર્ગશાસ્ત્રનો બાધ કરે છે. આને બાધ્યવિશેષચિંતા પક્ષ કહે છે.

पुरस्ताद्० । પરિભાષાના વ્યાખ્યાનમાં પુરુષોત્તમદેવ જણાવે છે કે अनन्तरस्य विधि र्वा भवति० । (પરિ-૧૭) થી જ આ पुरस्ताद्० । પરિભાષાનો અર્થ સિદ્ધ હતો છતાંય પ્રપંચાર્થે તેને રજૂ કરવામાં આવે છે.

(૧૪) अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वा । (પરિ-૧૭) થી જણાવવામાં આવે છે કે અનન્તરને જ અર્થાત્ નિકટવર્તીને જ વિધિ કે પ્રતિષેધ થાય છે. આ પરિભાષાનો અર્થ પ્રત્યાસતિ ન્યાયમૂલક છે, અને પુરુષોત્તમદેવે અગાઉ સૂચવ્યું છે તે મુજબ मध्येऽपवादा० । ન્યાયાદિની અપેક્ષાએ अनन्तरस्य० । (પરિ-૧૭) એવો ન્યાય પ્રબલ છે.

(૧૫) अभ्यासविकारेष्वपवादा नोत्सर्गान् विधीन् बाधन्ते । (પરિ-૨૦) અર્થાત્ 'અભ્યાસવિકારનાં કાર્યોમાં અપવાદશાસ્ત્ર ઉત્સર્ગ શાસ્ત્રનો બાધ કરતું નથી' ભાષ્યકારે આ પરિભાષાના પાઠમાં ફેરફાર કરીને સૂચવ્યું છે કે अभ्यासविकारेषु बाध्यबाधकभावो नास्तीति । અર્થાત્ અહીં અપવાદ શબ્દ 'બાધક'પરક છે.

(૧૬) क्वचिदपवादविषयेऽपि उत्सर्गोऽभिनिविशते । (પરિ-૧૧૫) અર્થાત્ "ક્વચિત્ અપવાદના વિષયમાં પણ ઉત્સર્ગશાસ્ત્રની પ્રવૃત્તિ થાય છે." પુરુષોત્તમદેવે આ પરિભાષામાંના 'ક્વચિત્' શબ્દનું સ્વારસ્ય સમજાવતાં સ્પષ્ટ કર્યું છે કે 'ક્વચિત્' પદથી 'અપવાદ વિષયને છોડીને ઉત્સર્ગશાસ્ત્રની પ્રવૃત્તિ થાય છે.' એવી પણ વ્યવસ્થા હોય એમ સૂચવાય છે.

પુરુષોત્તમદેવે આ પરિભાષાની પ્રવૃત્તિને સ્પષ્ટતાપૂર્વક રજૂ કરી નથી. પરંતુ નાગેશે તેને સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે અહીં 'અપવાદ' શબ્દ 'બાધક'

પરક છે. આથી જ્યાં સામાન્યશાસ્ત્રની પ્રથમ પ્રવૃત્તિ થઈ ગયા પછી વિશેષશાસ્ત્રની પ્રવૃત્તિનું નિમિત્ત નષ્ટ થતું હોય ત્યાં વિશેષશાસ્ત્ર સામાન્યશાસ્ત્રની પ્રથમ પ્રવૃત્તિ રોકે છે. અને પોતાનો એટલે કે વિશેષશાસ્ત્રની પ્રથમ પ્રવૃત્તિ થયા પછી જો સામાન્યશાસ્ત્રની પ્રવૃત્તિનું નિમિત્ત નષ્ટ ન થતું હોય તો તેની પણ પ્રવૃત્તિ થાય છે એવો આ પરિભાષાનો અર્થ છે. – અન્યત્ર તો અપવાદશાસ્ત્રના વિષયમાં સામાન્યશાસ્ત્રની પ્રવૃત્તિ બાધિત જ રહે છે.

(૧૭) उपपदविभक्तेः कारकविभक्तिर्बलीयसी । (પરિ-૪૮) આ પરિભાષાથી જણાવવામાં આવે છે કે ઉપપદવિભક્તિઓની અપેક્ષાએ કારક-વિભક્તિઓ બળવાન હોય છે. પુરુષોત્તમદેવાદિએ કારકવિભક્તિના પ્રબલત્વમાં અંતરંગત્વાદિ જુદાં જુદાં કારણો આપ્યાં છે. પરંતુ નાગેશ ભટ્ટે સ્પષ્ટ કર્યું છે તેમ કેવળ ભાષ્યકારના વચન પ્રામાણ્ય માત્રથી જ કારકવિભક્તિઓ બળવાન છે.

(૧૮) विकरणेभ्यो नियमो बलीयान् । (પરિ-૨૩) આ પરિભાષા જણાવે છે કે વિકરણોની પ્રવૃત્તિ થાય તે પૂર્વે આત્મનેપદ અને પરસ્મૈપદના નિયમોની પ્રવૃત્તિ થાય છે. ત્યાર પછી જ વિકરણોની પ્રવૃત્તિ થાય છે. કારણ કે જો પરત્વ અને નિત્યત્વને કારણે स्य, तासादि વિકરણોની પહેલાં પ્રવૃત્તિ થાય તો તેમનું વ્યવધાન થવાથી અનુદાત્તોત્ અને ક્ષિત્ ધાતુઓને આત્મનેપદ થાય છે. વગેરે વ્યવસ્થા થશે નહીં – આ પરિભાષાર્થમાં કાલાન્તરે ઘણો ફેરફાર થયો છે, એ નાગેશની ચર્ચા જોવાથી સ્પષ્ટ થાય છે.

(૧૯) वार्णादाङ्गं बलीयः । (પરિ-૭૪) વર્ણાશ્રિત કાર્યની અપેક્ષાએ અંગકાર્ય એટલે કે અંગાધિકાર પ્રોક્ત કાર્ય બળવાન છે, આથી તેની પ્રથમ પ્રવૃત્તિ કરવી. પુરુષોત્તમદેવ, અહીં સ્પષ્ટતા કરે છે કે જ્યાં વર્ણાશ્રિત કાર્ય અને અંગાધિકાર પ્રોક્ત કાર્યનું નિમિત્ત એક જ હોય ત્યાં આ પરિભાષાની પ્રવૃત્તિ થાય છે. પરંતુ જ્યાં તે બે કાર્યોનાં નિમિત્ત જુદાં જુદાં હોય ત્યાં અંતરંગ પરિભાષાથી વ્યવસ્થા કરવી. આ મુદ્દા સાથે નીલકંઠ સમ્મત થતા નથી. નાગેશ ભટ્ટ જણાવે છે તેમ આ પરિભાષાની 'સમાન કાર્યિન્'માં પ્રવૃત્તિ થાય છે.

(૨૦) (૨૧) सर्वविधिभ्य इड्विधिर्बलीयान् । (પરિ-૯૦) અને सर्व-विधिभ्यो लोपविधिर्बलवान् । (પરિ-૯૧) આ બે પરિભાષાઓ જણાવે છે કે સર્વ પ્રકારની વિધિઓની અપેક્ષાએ ઇડ્ આગમવિધિ અને લોપ વિધિ બળવાન

છે. અર્થાત્ ઇડ્ આગમની પ્રવૃત્તિ કરવા હોય કે લોપ્ની પ્રવૃત્તિ કરવી હોય તો તેનો કોઈ રીતે બાધ થતો નથી. અને તેમની પ્રવૃત્તિ પહેલાં રહે છે. પરંતુ આ પરિભાષાઓ ભાષ્યમાં મળતી નથી તેથી સ્વીકાર્ય નથી એમ પુરુષોત્તમદેવ અને નાગેશાદિએ જણાવ્યું છે.

(૨૨) संप्रसारणं संप्रसारणाश्रयञ्च कार्यं बलवत् । (પરિ-૧૦૩) આ પરિભાષાથી જણાવવામાં આવે છે કે સંપ્રસારણ કાર્ય અને તદાશ્રિતકાર્ય અન્ય કાર્યોની અપેક્ષાએ બળવાન છે. 'પૂર્વ સૂત્રની અપેક્ષાએ પરસૂત્ર બળવાન છે' એવી (૧/૪/૨) વ્યવસ્થાનો આ પરિભાષા અપવાદ રજૂ કરે છે, એમ પુરુષોત્તમદેવના વ્યાખ્યાન ઉપરથી જણાય છે.

વિશેષમાં, પુરુષોત્તમદેવે એ પણ નોંધ્યું છે કે 'આ પરિભાષાનાં પ્રયોજનો નથી' એમ કહીને ભાષ્યકારે આ પરિભાષા સ્વીકારી નથી. તથાપિ વ્યાખ્યાનના ગૌરવગ્રસ્ત માર્ગને છોડીને એટલે કે પ્રક્રિયા લાઘવને અર્થે આ પરિભાષા સ્વીકારી છે.

(૨૩) समासान्तो विधिरनित्यः । (પરિ-૮૨) પાણિનિએ समासान्ताः । 5-4-68 એવા અધિકાર સૂત્ર નીચે સમાસાન્ત પ્રત્યયોનું વિધાન કર્યું છે. પરંતુ ભાષ્યકારે નિર્દેશ્યું છે કે द्वित्रिभ्यां पादन्मूर्धसु बहुव्रीहौ । 6-2-197 સૂત્રમાં સમાસાન્ત પ્રત્યયની પ્રવૃત્તિ કર્યા વિના मूर्धसु એવો નિર્દેશ કર્યો છે. તેથી સમાસાન્તવિધિ અનિત્ય છે એમ જ્ઞાપિત થાય છે.

પુરુષોત્તમદેવે વિધિઅનિત્યત્વ દર્શાવતી બીજી ત્રણ પરિભાષાઓ આપી છે. જેમકે, (૧) संज्ञापूर्वको विधिरनित्यः । 83 (૨) अनित्यमागमशासनम् । 84 (૩) गणकार्यमनित्यम् । 109. પરંતુ આ ત્રણેય પરિભાષાઓ શિષ્ટ પ્રયોગોનું સાધુત્વ બોધન કરવા માટે ઉપયોગમાં લેવાઈ છે.

અનિત્યત્વવિષયક અનેક પરિભાષાઓ ભાષ્યમાં મળે છે. ઉદાહરણ તરીકે ૧. शब्दान्तरस्य प्राप्नुवन्विधिरनित्यो भवति । ૨. शब्दान्तरात्प्राप्नुवतः शब्दान्तरे प्राप्नुवतश्चानित्यम् । ૩. लक्षणान्तरेण प्राप्नुवन् विधिरनित्यः ૪. स्वरभिन्नस्य प्राप्नुवन् विधिरनित्यो भवति । વગેરે. પરંતુ આ બધા-માંથી समासान्तो विधिरनित्यः । (પરિ-૮૨) સિવાય એકપણ પરિભાષા પુરુષોત્તમદેવે આપી નથી. અને તેમને અનુસરીને સીરદેવાદિએ પણ તે પરિભાષાઓ રજૂ કરી નથી. છેક પાછળના સમયમાં નાગેશ ભટ્ટે તેને રજૂ કરી છે.

૭. ઇષ્ટસિદ્ધિ કરનારી પરિભાષાઓ અથવા શિષ્ટ પ્રયોગોને સાધુત્વ-બોધન કરનારી પરિભાષાઓ :

(૧) संज्ञापूर्वको विधिरनित्यः । (પરિ–૮૩) આ પરિભાષાથી જણાવવામાં આવે છે કે संज्ञापूर्वक એવો વિધિ એટલે કે સંજ્ઞાને નિમિત્તે પ્રાપ્ત થયેલ ગુણ-વૃદ્ધ્યાદિ કાર્યો અનિત્ય છે. પરિણામે ज्योतिषम् તથા धाम स्वायंभुवं ययुः (कुमार० 2–1) જેવા પ્રયોગો સિદ્ધ થઈ શકે છે.

(૨) अनित्यमागमशासनम् । (પરિ–૮૪) આ પરિભાષાથી જણાવવામાં આવે છે કે આગમવિધાયક શાસ્ત્ર અનિત્ય છે. આ પરિભાષા ભાષ્યોક્ત નથી. તેથી નાગેશે તેને સ્વીકારી નથી. પરંતુ પુરુષોત્તમદેવે તેને अपि शाकं पचानस्य । અને सागरं तर्तुमिच्छति । જેવા પ્રયોગોને સાધુત્વબોધન કરવા માટે રજૂ કરી છે.

(૩) गणकार्यमनित्यम् । (પરિ–૧૦૯) આ પરિભાષા જણાવે છે કે પાણિનિએ भिदादि, अदादि એવા ગણને ઉદ્દેશીને કાર્ય કહ્યું હોય તે અનિત્ય છે. આથી न विश्वसेत् पूर्वविरोधितस्य ॥ અને मण्डपे शयामि तत्परम् । ઇત્યાદિ પ્રયોગોને સાધુત્વ પ્રાપ્ત થાય છે.

(૪) अबाधकान्यपि निपातनानि भवन्ति । (પરિ–૯૯) પુરુષોત્તમદેવ જણાવે છે કે આ પરિભાષા નથી અને ભાષ્યવચન પણ નથી. ભાષ્યમાં તો बाधकान्येव निपातनानि इति । એવો પાઠ છે. પરંતુ જયાદિત્યે લક્ષ્યાનુરોધથી ઉપર્યુક્ત પાઠ આપ્યો છે. આથી दधतः पुरातनमुनेर्मुनिताम् । (किरात० 6–11) અને पुरातनीर्नदीः । (शिशु० 12–60) એવા પ્રયોગો ઉપપન્ન થાય છે.

૮. પરિભાષા વિષયકપરિભાષા :

(૧) (૨) यथोद्देशं संज्ञापरिभाषम् । (પરિ–૧૦૫) અને कार्यकालं संज्ञापरिभाषम् । (પરિ–૧૦૬) અપેક્ષાબુદ્ધિવાળા અને ઉપેક્ષાબુદ્ધિવાળા પ્રતિપત્તાની દૃષ્ટિએ અષ્ટાધ્યાયીના સંજ્ઞાસૂત્રો અને પરિભાષાસૂત્રોનો ક્યાં વાક્યાર્થબોધ થાય છે ? તેની સ્પષ્ટતા કરતા બે પક્ષો છે. તેને અહીં પરિભાષા રૂપે રજૂ કરવામાં આવ્યાં છે.

નાગેશ ભટ્ટે ભાષ્યપર્યાલોચનને અન્તે સૂક્ષ્મ ચર્ચા કરીને એમ સિદ્ધ કર્યું છે કે અષ્ટાધ્યાયીમાં સંજ્ઞા સૂત્રો અને પરિભાષા સૂત્રોની કેવા સ્વરૂપે પ્રગતિ થાય

છે. તદ્વિષયક સ્પષ્ટતા કરતા બે પક્ષોને અહીં પરિભાષા રૂપે રજૂ કરવામાં આવ્યા છે.

(૩) ज्ञापकसिद्धं न सर्वत्र । (પરિ-૧૧૮) આ પરિભાષાથી જણાવવામાં આવે છે કે જ્ઞાપક એ વાચક નથી. પણ ઈંગિતમાત્રથી સૂચક છે. આથી તેનું ક્વચિદ્ જ ઇષ્ટસિદ્ધિમાં આશ્રયણ થાય છે.

પાણિનિએ જ્ઞાપકસિદ્ધવચનને સૂત્ર રૂપે રજૂ કર્યું નથી. તે જ હકીકત, તેની સાર્વત્રિક પ્રવૃત્તિના નિષેધમાં પર્યાપ્ત કારણ છે.

(૫) अगत्या खलु परिभाषाश्रीयते । (પરિ-૧૧૯) પુરુષોત્તમદેવ જણાવે છે કે પરિભાષાઓ પાણિનિનાં પોતાનાં વચનો નથી. પરંતુ જુદા જુદા આચાર્યોનાં વચનો છે. પાણિનીય અનુશાસનમાં મુખ્ય લક્ષણથી ક્વચિદ્ ઇષ્ટ વિષયમાં અસિદ્ધિ રહેતી હોય ત્યારે આવી પરિભાષાઓનો આશ્રય લેવામાં આવે છે. આવી પરિભાષાઓનું આશ્રયણ કરીને ક્યાંય અનિષ્ટાપત્તિ કરવી નહીં.

૯. પ્રકીર્ણ પરિભાષાઓ :

(૧) भवति हि क्रियाविशेषणानां कर्मत्वं नपुंसकलिङ्गता च । (પરિ-૫૯) અર્થાત્ ક્રિયા – વિશેષણમાં કર્મત્વ અને નપુંસકત્વ રહે છે.

(૨) अव्यक्ते गुणसंदेहे नपुंसकलिङ्गं प्रयुज्यते । (પરિ-૬૦) અર્થાત્ ગુણો અવ્યક્ત હોય ત્યારે સંદેહ થાય છે. આવે વખતે નપુંસકલિંગનો પ્રયોગ કરવો જોઈએ. જેમકે, સ્ત્રી કે પુરુષનો જ જન્મ થતો હોવા છતાંય સંદેહને કારણે किं जातम् । એવો પ્રશ્ન કરવામાં આવે છે.

(૩) संदेहे बहुवचनं प्रयोक्तव्यम् (પરિ-૬૧) અર્થાત્ સંદેહના વિષયમાં બહુવચનનો પ્રયોગ કરવો જોઈએ.

આ ત્રણેય પરિભાષાઓ કોઈપણ પ્રકારના શાસ્ત્રીય કાર્યમાં ઉપયોગી બનતી નથી. કેવળ વાગ્-વ્યવહાર વિષયક સ્પષ્ટતા કરનારી છે.

(૪) अवयवसिद्धेः समुदायसिद्धिर्बलीयसी । (પરિ-૧૦૧) આ પરિભાષા જણાવે છે કે અવયવાશ્રિત કાર્યોની અપેક્ષાએ સમુદાયાશ્રિત કાર્ય બળવાન છે.

કેટલાક પરિભાષાવૃત્તિકારોએ આ પરિભાષાનો પાઠ આ પ્રમાણે આપ્યો છે. अवयवप्रसिद्धेः समुदायप्रसिद्धिर्बलीयसी । અર્થાત્ અવયવાર્થ (પ્રકૃતિ અને પ્રત્યયની કલ્પનામાંથી ઉદ્ભૂત થતા અર્થ)ની અપેક્ષાએ સમુદાયમાંથી (રૂઢિને કારણે) પ્રાપ્ત થનાર અર્થ બળવાન હોય છે. રૂઢ્યર્થ યૌગિકાર્થમાં પ્રતિબંધક બને છે.

(૫) स्वार्थिका प्रकृतितो लिङ्गवचनान्यतिवर्तन्तेऽपि । (પરિ–૫૮) આ પરિભાષા જણાવે છે કે कल्पप्, रूपम् વગેરે સ્વાર્થિક પ્રત્યયો જે પ્રકૃતિને લાગ્યા હોય તેના લિંગ અને વચનનું અતિક્રમણ પણ કરે છે, અને અનુસરણ પણ કરે છે.

(૬) श्रुतानुमितयोः श्रौतः संबन्धो बलीयान् । (પરિ–૧૦૨) પુરુષોત્તમદેવે આ પરિભાષાને માઠરકૌણ્ડિન્ય ન્યાયથી સિદ્ધ થતી વર્ણવી છે. જેવી રીતે 'બ્રાહ્મણોને ભોજન કરાવો અને માઠર–કૌણ્ડિન્ય તેમને પીરસે' એમ કહેતા, સ્પષ્ટપણે સંભળાતી પીરસવાની ક્રિયાથી બ્રાહ્મણત્વને કારણે અનુમિત થતી ભોજન ક્રિયાનો બાધ થાય છે. તેવી રીતે अचो रहाभ्यां द्वे । 8–4–46 સૂત્રમાં रहाभ्याम् એવા પદમાં નિમિત્તત્વ રૂપે સંભળાતા રેફ અને હકારનું यर् પ્રત્યાહાર સ્થિતત્વને કારણે અનુમિત થતું કાર્યિત્વ બાધિત થાય છે.

કેટલાકે प्रकरणादितः श्रुतेर्बलवत्त्वम् । એવા મીમાંસાના ન્યાયથી આ પરિભાષાને સિદ્ધ કરી બતાવી છે.

(૭) प्रतिपदविधानाद्योगविभागो गरीयान्[૩૦] । (પરિ–૯૮) પ્રતિપદનું વિધાન કર્યું હોય ત્યાં યોગવિભાગથી સિદ્ધિ દર્શાવવી જોઈએ નહીં. કારણ કે યોગવિભાગ તે ગૌરવગ્રસ્ત છે.

આ પરિભાષા પ્રક્રિયામાં કે સૂત્રાર્થસંપાદિત કરવામાં કોઈ રીતે ઉપયોગી નથી કેવળ સૂત્રરચના શૈલી વિષે વિવેચન કરનારી છે.

પુરુષોત્તમદેવે ગ્રન્થને અંતે व्याख्यानतो विशेषप्रतिपत्तिः न हि संदेहादलक्षणम् । (પરિ–૧૨૦) પરિભાષાને રજૂ કરી છે. આ પરિભાષા જણાવે છે કે વ્યાખ્યાનથી વિશેષ પ્રતિપત્તિ કરવી, પરંતુ સંદેહ હોવાને કારણે શાસ્ત્રની અપ્રવૃત્તિ થતી નથી.

પાણિનિનાં સૂત્રો સારવત્ અને સ્વલ્પાક્ષર છે. આથી તેમના અર્થઘટનમાં ક્યારેક સંદેહની પ્રાપ્તિ થાય છે. આવે વખતે ભાષ્યવ્યાખ્યાનની આવશ્યકતા રહે છે. માટે આવા ભાષ્યવ્યાખ્યાનને પણ સૂત્ર તુલ્ય પ્રમાણભૂત માનવું જોઈએ.

આમ, આ પરિભાષા સકળશાસ્ત્રને અસંદિગ્ધતા અને સુદૃઢતા અર્પવા માટે જરૂરી છે.

---

૩૦. પ્રા. અભ્યંકરજીએ बलीयान् એવો પાઠ સ્વીકાર્યો છે. પરંતુ તે અનુચિત છે. જુઓ : પ્રકરણ–૯, પરિભાષા ૯૮ ની ટિપ્પણી બીજી.

પ્રકરણ ૯

પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'નો અનુવાદ

તથા

વ્યાડિ, સીરદેવ, નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશના પરિભાષાગ્રન્થો સાથે તુલનાત્મક અભ્યાસ

अर्थवद्ग्रहणे नानर्थकस्य ॥ १ ॥

(અર્થવાન્ શબ્દસ્વરૂપનું ગ્રહણ શક્ય હોય ત્યારે અનર્થક શબ્દસ્વરૂપનું ગ્રહણ થતું નથી)

અર્થવાન્ શબ્દસ્વરૂપ અને અનર્થક શબ્દસ્વરૂપ તે બેમાંથી કોનું ગ્રહણ કરવું, તે વિષે વિચાર કરતાં 'અર્થવાન્ શબ્દસ્વરૂપનું જ ગ્રહણ થાય છે. બીજાનું નહીં.' જેમકે, दाधा घ्वदाप् । 1-1-20 સૂત્રમાં અર્થવાન્ दा અને धा ધાતુઓનું જ ગ્રહણ થાય છે. પરંતુ दाशृ दाने અને धावु गतिशुद्धयोः ધાતુઓના એકદેશનું ગ્રહણ થતું નથી. શે 1-1-13 સૂત્રોક્ત પ્રગૃહ્ય સંજ્ઞા કરવા માટે सुप् ને સ્થાને થનારા આદેશનું જ ગ્રહણ થાય છે, પરંતુ काशे । कुशे । જેવા પદોના એકદેશ રૂપ અનર્થક શેનું ગ્રહણ થતું નથી.

આ પરિભાષા સ્વરૂપવિધિ વિષયક છે. કારણ કે अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । 1-2-45 સૂત્રમાં अर्थवद् પદનું ગ્રહણ કર્યું છે. તેથી प्रलम्बत इति । માં અનર્થક અવ્યયથી પણ લુક્ સિદ્ધ રહે છે.

અહીં (વ્યાકરણ શાસ્ત્રમાં) કેટલીક પરિભાષાઓ ન્યાયમૂલક છે. જેમકે, આ अर्थवद् ग्रहणे० । પરિભાષા. અર્થોનું પ્રતિપાદન કરવા માટે શબ્દોનું અન્વાખ્યાન (કરવામાં આવ્યું) છે; કારણ કે અનર્થકનું ગ્રહણ કરવું અયોગ્ય છે.[1] કેટલીક પરિભાષાઓ વચનમૂલક છે. જેમકે, लुग्विकरणालुग्विकरणयोरलुग् विकरणस्यैव

---

૧. આ વાક્યની સંગતિ બે પ્રકારે વિચારી શકાય : (૧) આ વાક્યથી પ્રકૃત પરિભાષાને યુક્તિસિદ્ધ દર્શાવી છે. અથવા (૨) આ વાક્યથી 'લઘુપરિભાષાવૃત્તિ'માં સૌથી પ્રથમ આ પરિભાષા મૂકવાનું કારણ નિર્દેશ્યું છે.

ગ્રહણમિતિ ।[2] આ બન્ને પ્રકારની પરિભાષાઓનું પ્રામાણ્ય પાણિનિનાં સૂત્રોની જેમ પૃથક્[3] જ ઇષ્ટ છે. (કારણ કે) આ પરિભાષાઓ વિધિ-નિગ્રહમાં[4] જોડાયેલી છે. તેમ છતાં તેમને સૂત્રો કે સૂત્રોના એકદેશોના અનુપપત્તિ-લક્ષણ રૂપ જ્ઞાપક વડે પ્રમાણિત કરવામાં આવે છે.

પ્રકૃત પરિભાષાના અસ્તિત્વમાં स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । 1-1-68 સૂત્રસ્થ स्वं रूपं એવા શબ્દોનું ગ્રહણ જ્ઞાપક છે. ત્યાં કહ્યું છે : શબ્દ પ્રતીતિમાં ઉપદેશની અપેક્ષા નહિ હોવાને (અનપેક્ષાને) કારણે, શબ્દ રૂપ ત્યાજ્ય નથી તે (અસાધારણત્વને) કારણે અને શબ્દનો તેના સ્વ-રૂપ સાથે નિત્ય સંબંધ હોવાને (નિત્ય સંબંધિત્વને) કારણે (શબ્દનું) સ્વ-રૂપ જ પ્રથમ ઉપસ્થિત થાય છે, અર્થ નહિ; અર્થ શબ્દરૂપથી અન્ય હોવાને કારણે. માટે स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । 1-1-68 સૂત્રમાં स्व ગ્રહણથી જ રૂપનો સ્વીકાર સિદ્ધ હતો, ત્યારે "વ્યાકરણમાં (શબ્દના) સ્વ-રૂપની જેમ અર્થ પણ સ્વીકારાય છે." તે સૂચવવા માટે આ સૂત્રમાં રૂપ ગ્રહણ કરવામાં આવ્યું છે. રૂપની જેમ અર્થનો પણ સ્વીકાર થાય છે" તેમ (કહો તો) 'અર્થવાન્ શબ્દનું ગ્રહણ થાય છે.' (તેવો નિર્ણય થશે). આવો અર્થ अर्थवद्ग्रहणे० । પરિભાષાનો જ અર્થ બની રહે છે.

અથવા, व्रश्चभ्रस्ज० । 8-2-36 સૂત્રમાં કરેલું भ्राज ગ્રહણ આ પરિભાષાના અસ્તિત્વમાં જ્ઞાપક છે. જો નિરર્થકનું પણ ગ્રહણ થતું હોય તો राज ગ્રહણ વડે જ भ्राज શબ્દના એકદેશ राज શબ્દનું ગ્રહણ સિદ્ધ થાય છે. તેથી यजराजभ्राज० એવું भ्राजનું પૃથક્ ગ્રહણ ન કર્યું હોત. પરંતુ કર્યું તો છે. માટે તે જ્ઞાપક બને છે. જેમકે, "અર્થવાન્નું જ ગ્રહણ થાય છે, બીજાનું નહીં."

હવે આ પરિભાષા લિંગવતી છે કે વિધ્યંગશેષભૂતા ? આ પરિભાષા લિંગવતી નથી. કારણ કે इको गुणवृद्धी । 1-1-3ની જેમ આ પરિભાષાનું કોઈ

---

૨. लुग्विकरणालुग्विकरणयोः० । પરિભાષા ભાષ્યમાં કંઠરવથી ઉચ્ચરિત નથી, પણ ધ્વનિત છે. તેથી પુરુષોત્તમદેવના 'वचनमूलाः' શબ્દનો અર્થ "ભાષ્યકારના વચન પર આધારિત" એવો કરવો જોઈએ. આ ઉપરથી એમ સમજવું પડે કે વચનમૂલા પરિભાષા ભાષ્યમાં સ્પષ્ટપણે પઠિત પણ હોઈ શકે અને ધ્વનિત પણ હોઈ શકે. નાગેશ ભટ્ટે 'વાચનિકી' અને 'ધ્વનિતા' એવા બે પારિભાષિક શબ્દો વાપર્યા છે.

૩. 'સૂત્ર રૂપે ઉચ્ચરિત હોય' એવું અપેક્ષિત છે.

૪. નિગ્રહ અર્થાત્ નિષેધ.

લિંગ નિર્દેશ્યું નથી. આ પરિભાષા તો વિધ્યંગોની એટલે કે વિધિસૂત્રોની શેષભૂતા છે, અર્થાત્ (વિધિસૂત્રોના) એકદેશત્વને પ્રાપ્ત થયેલી છે. જેમકે, શે। 1-1-13 સૂત્રથી, આ પરિભાષાની સાથે જોડાઈને અર્થવાન્ શબ્દનું ગ્રહણ થઈને પ્રગૃહ્ય સંજ્ઞાનું વિધાન કરવામાં આવે છે. આ પ્રમાણે અન્યત્ર પણ પરિભાષાઓના વિધ્યંગભાવને વિચારવો.

વ્યાડિ : (૧) *

આ પરિભાષાના જ્ઞાપકની ચર્ચા કરતાં પરિભાષાસૂચનકારે જણાવ્યું છે કે વ્રશ્ચભ્રસ્જ૦। 8-2-36 સૂત્રમાં राजथी पृथक् भ्राज શબ્દનું ગ્રહણ કરીને આચાર્યે આ પરિભાષા સૂચવી છે. એ જ પ્રમાણે दयायासश्च। 3-1-37 સૂત્રમાં आस् ગ્રહણથી कास्નું ગ્રહણ સિદ્ધ હતું, તેવી અવસ્થામાં कास्નું ગ્રહણ પણ આ પરિભાષામાં જ્ઞાપક છે.

પરંતુ આ भ्राज અને कास् ગ્રહણનાં અન્ય પ્રયોજન હોઈ, स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा। 1-1-68 સૂત્રસ્થ રૂપ ગ્રહણને જ, વ્યાખ્યાનને અંતે જ્ઞાપક રૂપે સ્વીકારવામાં આવ્યું છે.

काशे। कुशे। वभ्रुशे। જેવાં રૂપોમાં પ્રગૃહ્ય સંજ્ઞાની પ્રવૃત્તિ ન થાય, તે આ પરિભાષાનું પ્રયોજન છે. વિશેષમાં જણાવવામાં આવ્યું છે કે આ પરિભાષાની ક્યારેક અતિવ્યાપ્તિ થાય છે, માટે જ્યાં અનિષ્ટ હોય ત્યાં આનો પ્રતિષેધ કરવામાં આવે છે.

સીરદેવ : ૯ *

આ પરિભાષાનાં પ્રયોજન નીચે મુજબ જણાવે છે :

(૧) वनो र च। 4-1-7 સૂત્રથી क्वनिप्। અને वनिप् જેવા સાર્થક પ્રત્યયોનું ગ્રહણ થઈને घीवरी। घीवरी। જેવાં ઉદાહરણો સિદ્ધ થાય છે. પરંતુ अतिशुनी। अतियूनी। જેવાં ઉદાહરણોમાં અનર્થક वन्નું ગ્રહણ થતું નથી. (તેથી वनो र च। 4-1-7ની પ્રવૃત્તિ થતી નથી).

(૨) इन्हन्पूषार्यम्णाम्०। 6-4-12 સૂત્રમાં અર્થવાન ક્વિબન્ત हन्નું જ ગ્રહણ થાય છે. તેથી प्लीहानौ। प्लीहानः। જેવાં ઉદાહરણોમાં પણ નિયમથી

---

* "વ્યાડિ (૧), સીરદેવ (૯), નીલકંઠ (૧૧)..." આવી રીતે કૌંસમાં બતાવેલ આંકડાઓ જે તે પરિભાષાવૃત્તિકારના પરિભાષાવૃત્તિગ્રંથમાંનો તે તે પરિભાષાનો ક્રમાંક દર્શાવે છે.

દીર્ઘવ્યાવૃત્તિ થતી નથી, (કારણ કે 'પ્લીહન્'માંનો હન્ ભાગ નિરર્થક છે, તેનું ગ્રહણ થતું નથી).

સીરદેવે વિશેષમાં નોંધ્યું છે કે आतो लोप इटि च । 6-4-64 સૂત્રમાં તો इट् ગ્રહણથી નિરર્થક આગમ અને સાર્થક પ્રત્યય—બન્નેનું ગ્રહણ થાય છે.

આ પરિભાષાની પ્રયોજનવિચારણાના સંદર્ભમાં સીરદેવ પુરુષોત્તમદેવે રજૂ કરેલાં પ્રયોજનોની અન્યથા સિદ્ધિ દર્શાવે છે. જેમ કે, दाशृ અને धावु ધાતુઓના અનર્થક એકદેશનું ગ્રહણ થઈને प्रनिदाशति અને प्रतिधावति જેવાં રૂપોમાં घु સંજ્ઞા થવા છતાંય नेर्गदनद० । 8-4-17 સૂત્રથી णत्व થવાનું નથી. કારણ કે दा અને धा શબ્દોની પ્રત્યે निनु ઉપસર્ગત્વ નથી એમ ભાષ્યકારે જણાવ્યું છે. જેમકે, दा અને धा પ્રત્યે ક્રિયાયોગ નથી. ०सनि मीमाघु० । 7-4-54 જેવા સૂત્રમાં घु અંગનું ગ્રહણ હોવાથી અને સકાર આદિમાં ન હોવાને કારણે दिदाशिषति । ઉદાહરણમાં પણ દોષ આવવાના નથી.

એ જ પ્રમાણે काशे । कुशे । જેવાં રૂપોમાં शे શબ્દનું લાક્ષણિકત્વ હોવાથી પ્રગૃહ્ય સંજ્ઞાનો અભાવ રહેવાનો છે, તેવું ન્યાસકારે જ शे 1-1-13 સૂત્ર ઉપર વ્યાખ્યાન કર્યું છે.

પુરુષોત્તમદેવે આ પરિભાષાને સ્વરૂપવિધિ-વિષયા કહી છે. કારણ કે अर्थवद्० । 1-2-45 સૂત્રમાં अर्थवद्નું ગ્રહણ કર્યું છે તેથી प्रलम्बते જેવા ઉદાહરણમાં પ્ર એવા અનર્થક શબ્દથી આવેલા सुप्નો अव्ययादाप्सुपः । 2-4-82 સૂત્રથી लुक् સિદ્ધ થાય છે. આને સમજાવતાં સીરદેવ જણાવે છે કે निपातानामनर्थकानामर्थवत्कृतानि कार्याणि भवन्ति । (મહાભાષ્ય: 1-2-45, વા-12) તેવા ભાષ્યવચનને કારણે અનર્થક શબ્દનું અવ્યયત્વ, ઉપસર્ગત્વ અને પ્રાતિપદિકત્વ સિદ્ધ રહે છે. આનું જ્ઞાપક છે: अधिपरी अनर्थकौ । 1-4-93 સૂત્રથી અનર્થક अधि । परि । ની ઉપસર્ગ સંજ્ઞાને રોકવા માટે નિપાત સંજ્ઞાના અધિકાર (1-4-56)માં કર્મપ્રવચનીય સંજ્ઞાનું વિધાન કર્યું છે. અને આથી જ, 'અનર્થક નિપાતની પ્રાતિપદિક સંજ્ઞા કહેવી જોઈએ.' એવા (વાર્તિક)નું ભાષ્યમાં ખંડન કરવામાં આવ્યું છે. અહીં જો કોઈ શંકા કરે કે નિપાતત્વને કારણે જે અવ્યયત્વ, તેના સામર્થ્યથી જ सुब्लुक् ની સિદ્ધ રહેશે; તો તે શંકા ઉચિત નથી. કારણ કે સ્વરાર્થત્વ માત્રથી નિપાતત્વ ઉપપન્ન રહે છે અને પ્રકર્ષાર્થની અવગતિ તો પ્રકરણાદિથી થઈ જવાને કારણે પ્ર શબ્દનું આનર્થક્ય સિદ્ધ રહે છે. અહીં "અનર્થક (પ્રશબ્દ)થી વિભક્તિનો અભાવ રહે છે" તેવો પૂર્વપક્ષ નહીં કરવો

જોઈએ. કારણ કે प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा । 2-3-46 સૂત્રમાં 'પ્રાતિપદિક'નું ગ્રહણ છે. અને તેનું પ્રયોજન એ છે કે અનર્થક એવા પ્રાતિપદિકમાત્રથી પણ પ્રથમા થાય છે.

નીલકંઠ : (૧૧) *

નીલકંઠે આ પરિભાષાનું પ્રયોજન જણાવતાં નોંધ્યું છે કે प्राद्रूहोढोढ्येषैष्येषु० । 6-1-89, વા-4માં ઊઢ ગ્રહણથી ઊઢવત્ શબ્દનું પણ ગ્રહણ થતું નથી.

નીલકંઠે આ પરિભાષાને ન્યાયમૂલા વર્ણવી છેઃ જ્યારે શબ્દનો અર્થ અવિનાભૂત બનીને ઉપસ્થિત થયો હોય ત્યારે તેનો શબ્દની પ્રત્યે વિશેષણ રૂપે અન્વય કરવો જો શક્ય હોય તો તે અર્થનો સર્વથા ત્યાગ કરવો યોગ્ય નથી; કારણ કે તેમાં કશું પ્રમાણ નથી. વિશેષમાં, તેમણે જણાવ્યું છે કે આ પરિભાષા વિશિષ્ટરૂપોપાદનમાં જ પ્રવર્તે છે.

હરિભાસ્કર : (૯) *

નીલકંઠે રજૂ કરેલું ઉપર્યુક્ત પ્રયોજન નોંધ્યા પછી હરિભાસ્કર એક નવું પ્રયોજન રજૂ કરે છે : જેમકે, तीयस्य ङित्सु० । 1-1-36, વા-3 થી पटुजातीय । જેવા ઉદાહરણમાં વિકલ્પે સર્વનામ સંજ્ઞા થતી નથી. (કારણ કે पटुजातीय શબ્દમાંનો तीय ભાગ અનર્થક છે, તેથી એ શબ્દનું तीय પ્રત્યયાન્ત રૂપે ગ્રહણ થતું નથી).

ત્યાર પછી, આ પરિભાષાના જ્ઞાપકની ચર્ચા કરતાં તેમણે જણાવ્યું છે કે पूर्वपरावरदक्षिण० । 1-1-34 સૂત્રમાં पर શબ્દથી પૃથક્ अपर શબ્દનું ગ્રહણ કર્યું છે, તે અહીં જ્ઞાપક છે.

આ બન્ને મુદ્દાની અપૂર્વતા સિદ્ધ કરવા હરિભાસ્કરે મોટો પ્રયત્ન કર્યો છે. પૂર્વોક્ત પ્રયોજનની સિદ્ધિ કરવા માટે દૂરાકૃષ્ટ વ્યાખ્યાન કર્યું છે. વળી, જ્ઞાપકની અપૂર્વતા બતાવવા માટે પરંપરાથી પ્રચલિત બનેલા જ્ઞાપકોને ચિન્ત્ય જાહેર કર્યા છે અને નીલકંઠે દર્શાવેલા ભાષ્યસંમત ન્યાયને વિશે મૌન સેવ્યું છે.

નાગેશ : (૧૪) *

નાગેશે આ પરિભાષાનું પ્રયોજન નીલકંઠમાંથી સ્વીકાર્યું છે. આ પરિભાષાના પ્રમાણ માટે નીલકંઠે જે ન્યાય (યુક્તિ) રજૂ કર્યો છે તેમાં થોડા ફેરફાર કરીને તેને આ પ્રમાણે મૂક્યો છેઃ "વિશિષ્ટ રૂપોપાદાનમાં ઉપસ્થિત થયેલા

અર્થનો શબ્દની પ્રત્યે વિશેષણ રૂપે અન્વય સંભવિત હોય ત્યારે તે અર્થનો ત્યાગ કરવામાં કોઈ પ્રમાણ નથી." આ ન્યાય આ પરિભાષાનું મૂળ છે.

આ પછી નાગેશ ભટ્ટ જણાવે છે કે પ્રકૃત પરિભાષામાંના અર્થ શબ્દથી (જેવી રીતે અન્વય-વ્યતિરેક સિદ્ધ લૌકિક અર્થનું ગ્રહણ થાય છે, તેવી જ રીતે) વ્યાકરણશાસ્ત્રમાં પ્રસિદ્ધ થયેલ અન્વય-વ્યતિરેક સિદ્ધ શાસ્ત્રીય અર્થનું પણ ગ્રહણ થાય છે. તદુપરાંત બીજાઓ—વ્યાડિ, પુરુષોત્તમદેવ, સીરદેવાદિ-એ આ પરિભાષાના અપવાદ રૂપે "न वर्णग्रहणेषु" પરિભાષાને એક સ્વતંત્ર પરિભાષા રૂપે રજૂ કરી છે. પરંતુ નાગેશ ભટ્ટે આ પરિભાષાના વ્યાખ્યાનની અંતર્ગત જ જણાવી દીધું છે કે આ પરિભાષા 'વર્ણગ્રહણમાં પ્રવૃત્ત થતી નથી, તેમ लस्य। 3-4-77 સૂત્ર ઉપરના ભાષ્યમાં જણાવ્યું છે.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચા સપ્રમાણ અને સમતોલ છે. સામે પક્ષે વ્યાડિ, સીરદેવ અને હરિભાસ્કરની ચર્ચા ક્રમશઃ અસંપૂર્ણ, પાંડિત્યપ્રદર્શક અને દૂરાકૃષ્ટ છે.

વળી, સીરદેવે પુરુષોત્તમદેવે દર્શાવેલા પ્રયોજનોનું ખંડન કર્યું છે, તેના અનુસંધાનમાં જણાવવાનું કે પુરુષોત્તમદેવે રજૂ કરેલું પ્રથમ પ્રયોજન "दाशृ दाने અને धावु गतिशुद्धयोः। તેના અનર્થક એકદેશનું ગ્રહણ ન થાય." તેમાં સરળતાથી પ્રયોજન સમજાવવાનો ઉદ્દેશ છે. અને "काशे। कुशे। જેવા પદોના એકદેશ અનર્થક શેનું ગ્રહણ ન થાય" તેવું બીજું પ્રયોજન તો ભાષ્યોક્ત છે. તેથી ન્યાસકારને આધારે સીરદેવે રજૂ કરેલું, આ પ્રયોજનનું ખંડન પણ ચિન્ત્ય છે.

નાગેશ ભટ્ટે રજૂ કરેલું વ્યાખ્યાન સંપૂર્ણ છે, તથાપિ નીલકંઠને આભારી છે. નાગેશ ભટ્ટ પ્રમાણમાં અર્વાચીન વૈયાકરણ હોવાથી તેમને કાશીની શાસ્ત્રીય ચર્ચાઓનો લાભ મળેલો છે.

न वर्णग्रहणेषु ॥ २ ॥

(વર્ણ ગ્રહણમાં-વર્ણાશ્રિત કાર્યોમાં-"અનર્થકનું ગ્રહણ થતું નથી." એવો નિષેધ લાગતો નથી.)

પૂર્વ પરિભાષાનો આ અપવાદ છે. વર્ણો-અકાર, ઇકાર વગેરે—તેમના ગ્રહણ પ્રસંગે अर्थवद्ग्रहणे०। પરિભાષા ઉપસ્થિત થતી નથી. જેમકે, अस्य च्वौ 7-4-32 સૂત્રથી છે ઈત્વ નું વિધાન થયું છે તે અનર્થક અકારને માટે

પણ પ્રવૃત્ત થાય છે. યથા–શુક્લીકરોતિ । અન્યથા, જો અર્થવાનને જ વિધિ પ્રાપ્ત રહેતો હોય તો કૃષ્ણવાચક અકારને જ (ઈત્વ) થાય. એ જ પ્રમાણે, इको यणचि । 6–1–77 સૂત્ર વડે (અનર્થક કે સાર્થક अच् માત્ર પરમાં રહેતાં इक् માત્રને यण् થાય છે.[1] યથા–दध्यत्र । देव्यमुत्र । અને यस्येति च । 6–4–148 સૂત્રોક્ત લોપ કેવળ ઇ કાર, અ કારનો જ થાય છે, પણ સાર્થક (અકાર, ઇકાર) નો (લોપ) થતો નથી.

भक्ष्येण मिश्रीकरणम् । 2–1–35, आगस्त्यकौण्डिन्ययोः अगस्तिकुण्डिनच् 2–4–70, काश्यपकौशिकाभ्याम् ऋषिभ्याम्० । 4–3–103 વગેરે સૂત્રનિર્દેશો આ પરિભાષામાં પ્રમાણ છે; જ્ઞાપક છે.[2]

तिप्तस्झि० । 3–4–78 સૂત્રમાંના इट् પ્રત્યયના ट કારનું પ્રત્યાખ્યાન કરતાં ન્યાસકારે પ્રૌઢિવાદથી વર્ણગ્રહણમાં પણ अर्थवद्ग्रहणे नानर्थकस्य । પરિભાષા(ની પ્રવૃત્તિ) કહી છે.[3]

વ્યાડિ : (૨)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાની જ્ઞાપકચર્ચા આ પ્રમાણે કરવામાં આવી છે. इट्–वहि–महिङ् પ્રત્યયોમાંના इट्ને टित्કરણ કર્યું છે એ અહીં જ્ઞાપક છે. વિશેષણાર્થ (तिप् વગેરે આદેશોના સાથે इट् પ્રત્યયનું તુલ્યત્વ હોવાથી आद्यन्तौ टकितौ 1–1–46ની મદદથી દેશવિધાનાર્થ टित्કરણ નથી.) નહીં કર્યું હોય તો ચાલી શકશે. કેમકે (इटोऽत्) 3–4–106 ને બદલે) एरत् । એવું સૂત્ર કરીશું, આમ કરવાથી वहि અને महिङ् ના ઇ કારને પણ अत् ની પ્રાપ્તિ થવા આવશે એવી શંકા ન કરવી. કારણ કે અર્થવાન ઇ કારનું જ ગ્રહણ થાય છે. અહીં वहि અને महिङ् ના જે ઇ કાર છે તે અનર્થક છે. માટે તેઓ અનર્થક હોવાથી તેમને अत ની પ્રાપ્તિ થશે નહીં. આમ,

---

૧. અન્યથા, ङीप् વગેરે સંબંધી સાર્થક इक् ને જ, સાર્થક अच् પરમાં રહેતાં यण् થાય.

૨. भक्ष વગેરે શબ્દોના એકદેશ અ કાર વગેરે અનર્થક હોવાથી अर्थवद्ग्रहणे० । પરિભાષાની પ્રવૃત્તિ થતાં यस्येति च । 6–4–148 સૂત્રોક્ત લોપ ન થવો જોઈએ, પરંતુ પાણિનિએ આવા નિર્દેશો કર્યા છે. તેથી જ્ઞાપિત થાય છે કે વર્ણગ્રહણમાં अर्थवद्ग्रहणे० । પરિભાષા લાગતી નથી.

૩. જુઓ : ન્યાસ, ભાગ–૩, પાન–૧૧૫

અર્થવદ્ગ્રહણે૦ । પરિભાષાથી જ ઇષ્ટ સિદ્ધ પ્રાપ્ત હતી, ત્યારે વિશેષણાર્થે જે ટિત્કરણ કર્યું છે તે જ્ઞાપિત કરે છે કે આ (ઇટ્ પ્રત્યયમાં) વર્ણ છે, ત્યાં વર્ણગ્રહણમાં આ અર્થવદ્ગ્રહણે૦ । પરિભાષા પ્રવૃત્ત થતી નથી.

આ ટિતકરણના સંદર્ભમાં જ, આનાથી તદ્દન વિરુદ્ધ પ્રકારની ચર્ચા કરીને ન્યાસકારે વર્ણગ્રહણમાં પણ અર્થવદ્ગ્રહણે૦ । પરિભાષાની પ્રવૃત્તિ કરી બતાવી છે : તિપ્તસ્ઝિ૦ । 3–4–78 સૂત્રમાં ઇટ્ ને ટિત્કરણ કર્યું છે, તે કાશિકાકારના મતે વિશેષણાર્થ છે. (इटष्टकार इटोऽत् । 3–4–106 इति विशेषणार्थः । तिवादिभिरादेशैः तुल्यत्वात् न देशविध्यर्थः । इति काशिकायाम् ॥). અહીં ન્યાસકારે શંકા કરી છે કે આ ટ કાર વિશેષણાર્થ નહીં હોય તો પણ કશુંય અનિષ્ટ પ્રાપ્ત થવાનું નથી. કારણ કે ઇટોઽત્ । 3–4–106 સૂત્રમાં લિઙ્ સ્થાનિક જે ઇટ્ આદેશ છે તેનું વિધાન છે; માટે લિઙ્ સ્થાનિક ઇ કારથી ભિન્ન એવા ઇ કારની પ્રાપ્તિ થવી અસંભવિત છે. કોઈ એમ કહે કે તે તિપ્ વગેરેનો અવયવ છે. તો તે પણ ઉચિત નથી. કારણ કે તે લ કારને સ્થાને આદેશ થયેલો નથી. કેવળ તિપ્ વગેરે સમુદાયો જ લ કારના આદેશો છે, પરંતુ તે તિપ્ વગેરેના અવયવભૂત ઇ કારાદિ લ કારને સ્થાને આદેશ થયા નથી. આમ, અર્થવદ્ગ્રહણે૦ । પરિભાષાથી અર્થવાન્ ઇ કારનું (જ) ગ્રહણ શક્ય છે ત્યારે તિપ્ વગેરેનો અવયવભૂત ઇ કારના ગ્રહણનો પ્રસંગ જ ક્યાં છે ? તે અવયવભૂત ઇ કારો અર્થવાન નથી; તિપ્ વગેરે સમુદાયો જ અર્થવાન્ છે. માટે ટ કાર કરવો જોઈએ. —આ ચર્ચાનો ઉપસંહાર કરતાં અર્થાત્ આમ ટિત્ કરણનું ખંડન કર્યા પછી ન્યાસકારે જણાવ્યું છે કે હકીકતમાં તો આ ટ કાર કરવાની જરૂર નથી, પણ જે આ પ્રમાણે સમજવા શક્તિમાન નથી તેને માટે તો તે કરવો જરૂરી જ છે.[3]

સીરદેવ : (૧૦)

આ પરિભાષાના, પુરુષોત્તમદેવે રજૂ કરેલાં પ્રયોજનોને વિશદપણે સમજાવ્યાં પછી એક વિશેષ સમજૂતી રજૂ કરતાં સીરદેવ કહે છે : इको झल् 1–2–9 તે સૂત્રમાં इक् એવો જે વર્ણસમુદાય છે, તે શું સાર્થક પ્રત્યાહાર (સ્વરૂપે) ગ્રહણ કરવાનો છે કે નિરર્થક ધાતુ (સ્વરૂપે) ? અહીં રક્ષિતે અર્થવદ્ગ્રહણે૦ । પરિભાષા વડે પ્રત્યાહારગ્રહણ થાય છે, એમ કહ્યું છે. જેથી પ્રત્યાહારનું ગ્રહણ થવાનું છે એમ નક્કી થઈ ગયા પછી ઉત્તરકાલમાં વર્ણગ્રહણ થશે; નહીં કે પહેલાથી જ.

સીરદેવે આ પરિભાષાની પ્રવૃત્તિનો ક્યાં સંકોચ કરવો, તેની પણ ચર્ચા

કરી છેઃ પૂર્વપક્ષ : જો વર્ણગ્રહણમાં अर्थवद्ग्रहणे० । પરિભાષા ન લાગે તો વિજ ઇટ્ । 1-2-2 સૂત્રમાં અર્થવાન્ ઇટ્ નું ગ્રહણ છે? તેવી ન્યાસકારે શંકા શા માટે કરી છે? તથા કેવી રીતે 'ઇટોઽત્ । 3-4-106 સૂત્રમાં સાર્થક ઇટ્ નું ગ્રહણ થાય છે.' એમ કહેવાયું છે? અથવા તો કેવી રીતે સીયુટ્ આગમની પ્રવૃત્તિ કર્યા પછી કેવળ ઇટ્ નું જ સાર્થકત્વ છે? કારણ કે સીયુટ્ આગમ સહિતનાનું જ સાર્થકત્વ છે. જેમ भिन्द्युः । એ રૂપમાં उस्नुं આનર્થક્ય રહ્યું છે.

સિદ્ધાંતી : આવા પ્રકારના પ્રશ્નોનું સમાધાન કરતાં સીરદેવ જણાવે છે કે ત્યાં વર્ણાશ્રિત પ્રતિષેધ લાગતો નથી.

પરંતુ જો આવો નિયમ હોય તો इको यणचि । 6-1-87 સૂત્રમાં અનુબંધનું ઉપાદાન હોવાથી આ પરિભાષા ન લાગવી જોઈએ. અર્થાત્ ઙીપ્ આદિ સંબંધે હોય તેવા જ સાર્થક इक् ને સાર્થક अच् પરમાં રહેતાં यण् થવો જોઈએ. પરંતુ સીરદેવે કહ્યું છે કે इको यणचि । 6-1-87 સૂત્રમાં ક કાર અનુબંધ-સમુદાયને લાગેલો છે. તેથી ઇ કાર વગેરેને સાનુબંધ કહી શકાય નહીં. આ સંદર્ભમાં નિયમ એવો છે કે સમુદાયને લાગેલા અનુબંધો અવયવોના પણ અનુબન્ધ છે, તેમ સ્વીકારાતું નથી.

સીરદેવ આ પરિભાષાનું બીજું જ્ઞાપક નિર્દેશે છે : उञः 1-1-17 સૂત્ર પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક છે, જો अर्थवद्ग्रहणे० । પરિભાષા વર્ણગ્રહણમાં પણ પ્રવૃત્ત થતી હોય તો उ ઇતિ એટલું જ સૂત્ર કર્યું હોય તો પણ ત્યાં ઇતિ શબ્દનો ઇ કાર અનર્થક હોવાથી अर्थवद्ग्रहणे० । પરિભાષાની મદદથી જ यण् આદેશનો પ્રસંગ નહીં રહે. તે મુજબ उञः । ની પ્રગૃહ્ય સંજ્ઞા કરવાની જરૂર ન હતી. છતાંય એ સંજ્ઞા કરી છે, તેથી જ્ઞાપિત થાય છે કે વર્ણગ્રહણમાં अर्थवद्ग्रहणे० । પરિભાષા લાગતી નથી.

નીલકંઠ : (૧૨)

નીલકંઠે પ્રકૃત પરિભાષા વિષે કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

હરિભાસ્કર : (૧૦)

તેઓ ईदूतौ च सप्तम्यर्थे । 1-1-17 સૂત્ર નિર્દેશને જ્ઞાપક ગણે છે અને વિશેષમાં જણાવે છે કે કૈયટે ભાષ્યના સાતમા અધ્યાયમાં કહ્યું છે તે મુજબ આ પરિભાષા જ્યાં વર્ણસમુદાયનું ગ્રહણ કર્યું હોય ત્યાં પ્રવર્તતી નથી.

નાગેશ : (–)

નાગેશ ભટ્ટે આને જુદી પરિભાષા ગણી નથી. अर्थवद्ग्रहणे० । પરિભાષાના વ્યાખ્યાનમાં જ તેનો સમાવેશ કર્યો છે.

ઉપસંહાર :

अर्थवद्ग्रहणे० । પરિભાષાનો સંક્ષેપ રજૂ કરનારી આ પરિભાષા છે. આ પરિભાષાના અનેક જ્ઞાપક પ્રમાણો રજૂ કરવામાં આવ્યાં છે. વળી, નાગેશે બતાવ્યું છે તે પ્રમાણે પૂર્વોક્ત પરિભાષાની પ્રવૃત્તિ વર્ણગ્રહણમાં થતી નથી, તે સિદ્ધાંતને આધારે જ येन विधिस्तदन्तस्य । 1–1–72 સૂત્રભાષ્યમાં अलैवानर्थकेन तदन्तविधिः । તેવું વાર્તિક રજૂ કરવામાં આવ્યું છે.

સીરદેવે આ પરિભાષાના અનુસન્ધાનમાં સ્પષ્ટતા કરી છે કે જ્યાં અનુબન્ધનું ઉપાદાન કરવામાં આવ્યું છે, ત્યાં આ न वर्णग्रहणषु પરિભાષા પ્રવૃત્ત થતી નથી. અર્થતઃ જે કૈયટે કહ્યું છે તે જ ફલિત થાય છે કે જ્યાં વર્ણસમુદાયનું ગ્રહણ હોય છે ત્યાં પ્રકૃત પરિભાષા પ્રવૃત્ત થતી નથી.

लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणं, न तु लाक्षणिकस्य ।३।

(લાક્ષણિક અને પ્રતિપદોક્ત શબ્દોમાંથી પ્રતિપદોક્ત શબ્દનું જ ગ્રહણ થાય છે, લાક્ષણિકનું નહીં.)

લક્ષણ એટલે લાક્ષણિક, જે ઉપચારથી સિદ્ધ થયેલ હોય તે. પ્રતિપદોક્ત એટલે વિશેષ રૂપે જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોય તે; કારણ કે પ્રતિપદશબ્દનું વિશેષાર્થત્વ છે.

લાક્ષણિક અને પ્રતિપદોક્ત–આ બેમાંથી એકની પસંદગી સમયે પ્રતિપદોક્તનું જ ગ્રહણ થાય છે; પરંતુ જે ખંડશઃ વ્યુત્પાદિત હોય તેવા લાક્ષણિકનું ગ્રહણ થતું નથી. इङ् ધાતુને णिच् કર્યા પછી क्रीङ्जीनां णौ । 6–1–48 સૂત્રથી आत्व અને (अर्तिह्रीव्लीरीक्नूयीक्ष्माय्यातां पुग्णौ । 7–3–36 સૂત્રથી) पुक् કર્યા પછી आप् એવું રૂપ સંપન્ન થાય છે; તો પણ તે લાક્ષણિક હોવાથી

---

૧. (तथा च प्रकृते तुकोऽकरणहेत्वन्तरसत्वेऽप्यक्षतिः ।
उपायस्योपायान्तरादूषकत्वादिति न्यायात् । उक्तं हि भर्तृहरिणापि ।
उपेयप्रतिपत्त्यर्था, उपाया अव्यवस्थिता इति ।

પરિભાષાભાસ્કર, પરિભાષા–૪.

विभाषापः 6-4-57 સૂત્રથી अव्याप्यः गतः । એ પ્રયોગમાં णि ને अय આદેશ થતો નથી. પરંતુ आप्लृ ધાતુમાંથી પ્રાપ્ત થયેલું आप् રૂપ પ્રતિપદોક્ત હોવાથી (णि ને વિકલ્પે अय् આદેશ) થાય છે જ. જેમ કે, प्राप्य । અને प्रापयद् । એ જ પ્રમાણે, दक्षिणपूर्वस्यै । ઉદાહરણમાં विभाषा दिक्समासे० 1-1-28 સૂત્રથી સર્વનામ સંજ્ઞાનું વિધાન કરવા ડિડ્નામાન્યન્તરાલે 2-2-26 સૂત્રોક્ત પ્રતિપદોક્ત બહુવ્રીહિનું જ ગ્રહણ થાય છે. પરંતુ 'या पूर्वा सोत्तरा यस्योन्मुग्धस्य सः पूर्वोत्तरः ।' તે સ્થળે (પ્રતિપદોક્ત સમાસ નહીં હોવાથી, સર્વનામ સંજ્ઞાના અભાવમાં) पूर्वोत्तराय देहि । તેમ થશે.

कर्तरि भुवः खिष्णुच्खुकञौ । 3-2-57 સૂત્રમાં खिष्णुच् પ્રત્યયનું इ કારાદિત્વ આ પરિભાષામાં જ્ઞાપક છે. આ પ્રત્યયનું इ કારાદિત્વ રૂપસિદ્ધયર્થ નથી, કારણ કે भू ધાતુ ઉદાત્ત હોવાથી જ (आर्धधातुकस्येड्वलादेः 7-2-35 થી) ઇડાગમ થતાં आढयंभविष्णुः । રૂપ સિદ્ધ થઈ શકે તેમ છે.

પરંતુ कृत्योकेष्णुच्चार्वादयश्च । 6-2-160 સૂત્રમાં કૃદ્ અજાદિ પ્રત્યયોનું ગ્રહણ હોઈ સ્વરવિધિમાં પ્રતિપદોક્તનું જ ગ્રહણ થાય અને પરિણામે अनाढ्यंभविष्णुः રૂપમાં नञ् થી ઉત્તરમાં આવેલા इष्णुच् પ્રત્યયાન્તને જ અન્તોદાત્ત થાય (તેમ ઇષ્ટ છે). (હવે જો खिष्णुच् પ્રત્યયને इ કારાદિત્વ ન આપ્યું હોત તો) इट् આગમ કરીને પ્રાપ્ત કરેલા इष्णुच् નું લાક્ષણિકત્વ હોવાથી (कृत्योकेष्णुच्चार्वादयश्च 6-2-160 સૂત્રથી) તેનું ગ્રહણ ન થયું હોત. (આથી કહ્યું છે કે) खिष्णुच् પ્રત્યયનું इ કારાદિત્વ આ પરિભાષાનું જ્ઞાપક છે.

આ પરિભાષાનું અનિત્યત્વ, 'यावत् पुरानिपातयोर्लट् 3-3-4 સૂત્રમાં 'निपातयोः ।' તેનું વિશેષણ મૂકીને જ્ઞાપિત કરવામાં આવ્યું છે. જો આ પરિભાષા નિત્ય હોત તો પ્રતિપદોક્તત્વને કારણે જ यावत् અને पुरा એવા નિપાતને (જ) થાત; પરંતુ ક્તવન્ત અને તૃતીયાન્ત હોય તેવા લાક્ષાણિક यावत्-पुरा ને થાત નહીં. (માટે પ્રશ્ન થાય છે કે) 'निपातयोः' તેવું વિશેષણ મૂકવાથી શું (પ્રયોજન) ? પરંતુ સૂત્રકારે આવું વિશેષણ મૂક્યું જ છે; તેના ઉપરથી આ પરિભાષાનું અનિત્યત્વ સિદ્ધ થાય છે. પરિણામે घा ગ્રહણના પ્રસંગે घेट નું પણ ગ્રહણ થાય છે.

વ્યાડિ (3) :

અહીં પરિભાષાના શબ્દસ્વરૂપમાં एव કારનું ગ્રહણ કરવામાં આવ્યું નથી. પરંતુ વ્યાખ્યાનમાં જ્ઞાપકચર્ચા પ્રસંગે एव કાર વિશિષ્ટ પરિભાષાનું સ્વરૂપ

ઉલ્લેખ્યું છે. આ મુદ્દો 'પરિભાષાસૂચન'ના કર્તા અને 'પરિભાષાપાઠ'ના કર્તા એક જ છે તે બાબતે શંકા ઉત્પન્ન કરે છે. પરિભાષાસૂચનકારે આ પરિભાષાના જ્ઞાપક તરીકે कर्तरि भुवः खिष्णुच्खुकञौ 3–2–57 સૂત્રમાં खिष्णुच् પ્રત્યયનું જે इ કારાદિ ઉચ્ચારણ કર્યું છે, તેની ચર્ચા કરીને જ્ઞાપક રૂપે તેનો અસ્વીકાર કર્યો છે. खिष्णुच् પ્રત્યયના इ કારાદિત્વનું અન્ય પ્રયોજન છે. જેમકે, अलंकृञादि (3–2–136) સૂત્રોક્ત इष्णुच् નું પણ ગ્રહણ થાય. આમ, खिष्णुच् પ્રત્યયનું इ કારાદિત્વ સામાન્યગ્રહણાર્થ છે, જ્ઞાપકાર્થ નથી.

ત્યાર પછી, આ પરિભાષાના જ્ઞાપક રૂપે વ્રીહ્યાદિ ગણમાં આવેલા 'महाप्रवृद्धाः' શબ્દના પાઠને સ્વીકારવામાં આવ્યો છે. 'का उस्रा इति कोस्रा ।' અહીં उस्यपदान्तात् । 6–1–96 સૂત્રથી પરરૂપ ન થઈ જાય, તે આ પરિભાષાનું પ્રયોજન જણાવવામાં આવ્યું છે. પરંતુ સાથે સાથે આ પ્રયોજનનું પ્રત્યાખ્યાન પણ કરવામાં આવ્યું છે. જેમકે; 'अपदान्तात्' પદથી જ પરરૂપનો અભાવ રહેવાનો છે. પરરૂપને રોકવા માટે પ્રકૃત પરિભાષાની પ્રવૃત્તિ અપેક્ષિત નથી.

આથી, વ્યાખ્યાનને અંતે જણાવવામાં આવ્યું છે કે પ્રયોજનના અભાવમાં આવી (પ્રકૃત) પરિભાષા નથી. અને પૂર્વોક્ત જ્ઞાપકનો પરિહાર કરવો જોઈએ.

સીરદેવ : (૩૯)

આ પરિભાષાના અનુસંધાનમાં સીરદેવે કેટલીક વિશેષ ચર્ચાઓ કરી છે, જેમકે; શંકા : જો પ્રકૃત પરિભાષા હશે તો ह्वावामश्च 3–2–2 સૂત્રમાં मा ગ્રહણથી मेङ् નું ગ્રહણ થશે નહીં. સમાધાનઃ गामादाग्रहणेष्वविशेषः । પરિભાષાથી પ્રકૃત પરિભાષાનો બાધ થઈ જાય છે. તેથી લાક્ષણિક मेङ् નું પણ ગ્રહણ થઈ શકશે. પરંતુ અહીં मा माने નું પણ ગ્રહણ થઈ જશે, તેમ નહીં કહી શકાય. કારણકે गामादाग्रहणेष्वविशेषः । પરિભાષાથી लुग्विकरणालुग्किरणयोः अलुग्विकरणस्यैव ग्रहणम् । પરિભાષાનો પણ બાધ થવો ઇષ્ટ નથી.

પ્રકૃત પરિભાષામાં વપરાયેલા લાક્ષણિક શબ્દનો અર્થ ખંડશઃ 'વ્યુત્પાદિત' તેમ કરવામાં આવ્યો છે. પુરુષોત્તમદેવે નિર્દેશેલો આ અર્થ સીરદેવે પણ પ્રારંભે સ્વીકાર્યો છે. પરંતુ આગળ ઉપર સ્પષ્ટતા કરી છે કે આ અર્થ સર્વસંમત નથી. અને પરિણામે विभाषा दिक्समासे बहुव्रीहौ । 1–1–28 સૂત્રોક્ત सर्वनामसंज्ञાની પ્રવૃત્તિ કરવા માટે दिङ्नामान्यतराले । 2–2–26 સૂત્રવિહિત પ્રતિપદોક્ત બહુવ્રીહિનું ગ્રહણ થાય છે. જેમકે, दक्षिणपूर्वस्यै देहीति । પરંતુ

या पूर्वा सोत्तरा यस्योन्मुग्धस्य तस्मै पूर्वोत्तरायेति । જેવાં ઉદાહરણમાં अनेकमन्यपदार्थे । 2-2-24 થી બહુવ્રીહિ થયો હશે, તેનું ગ્રહણ થશે નહીં.

આ પરિભાષાની પ્રવૃત્તિવિષયક એક નોંધ એ પણ કરવામાં આવી છે કે ऋत इद्धातोः । 7-1-100 – સૂત્ર ઉપર ऋ વર્ણગ્રહણમાં પણ આ પરિભાષા પ્રવૃત્ત થાય છે.

નીલકંઠ : (૧૦૦)

નીલકંઠ પરિભાષાનો અર્થ આ પ્રમાણે આપે છે: જેના અર્થની ઉપસ્થિતિ વિલમ્બિત હોય તે લાક્ષણિક. તેની અપેક્ષાએ જેના અર્થની શીઘ્રોપસ્થિતિ હોય તે પ્રતિપદોક્ત. આ બન્નેમાંથી પ્રતિપદોક્તનું જ ગ્રહણ કરવું તે ઉચિત છે. અર્થાત્ આ પરિભાષા લોકન્યાયને આધારે રચવામાં આવી છે.

હરિભાસ્કર : (૪૧)

પુરુષોત્તમદેવ અને સીરદેવના लक्षणं लाक्षणिकम् उपचारादिति । તેવા વ્યાખ્યાનને હરિભાસ્કર ચિન્ત્ય ગણે છે. કારણકે તેમના મતે લક્ષણનો અર્થ અનુમેય થાય છે અને પ્રતિપદોક્તનો અર્થ પ્રત્યક્ષ થાય છે. અર્થાત્ 'અનુમેય અને પ્રત્યક્ષ એ બેમાંથી પ્રત્યક્ષનું જ ગ્રહણ થાય છે.'

આવા પરિભાષાર્થના આધારે આગળ ઉપર કહ્યું છે કે વસ્તુતઃ આ પરિભાષા प्रत्यक्षानुमानयोः प्रत्यक्षं बलीयः । એવા ન્યાય ઉપર નિર્ભર છે.

નાગેશ : (૧૦૫)

નાગેશ ભટ્ટે નીલકંઠને આધારે પરિભાષાર્થ આપીને આ પરિભાષાને લોકન્યાયમૂલા કહી છે. તેમણે જણાવ્યું છે કે ओत् 1-1-25 સૂત્રભાષ્યમાં પતંજલિએ આ પરિભાષાનો સંચાર કર્યો હોવાથી તેની વર્ણગ્રહણમાં પણ પ્રવૃત્તિ થાય છે. વળી, भुवश्च महाव्याहृतेः 8-2-71 સૂત્રમાં महाव्याहृतेः । એવા પદનું ગ્રહણ કર્યું છે., તેથી સૂચિત થાય છે કે આ પરિભાષા અનિત્ય છે.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે આ પરિભાષાનાં અર્થ, પ્રયોજનો, જ્ઞાપક અને નિત્યાનિત્યત્વની વિચારણા રજૂ કરી છે. તેમણે જ્ઞાપકચર્ચાના સન્દર્ભમાં 'કાશિકા' અને 'ન્યાસ'માંથી સૂચન મેળવ્યું છે. ભાષ્યવ્યાખ્યાનને અનુસરીને કાશિકાકારે અને ન્યાસકારે ખિષ્ણુચ્ પ્રત્યયના इ કારાદિત્વનું ञ્ થી ઉત્તરમાં આવેલા પદને – ઉત્તરપદને અન્તોદાત્ત સ્વર મળે એવું પ્રયોજન ગણાવ્યું છે. પરંતુ આ પ્રયોજન નિર્દેશમાં ગર્ભિત

રીતે પ્રસ્તુત પરિભાષાના અસ્તિત્વનો સ્વીકાર થયેલો છે. તેથી પુરુષોત્તમદેવે સુખપ્રતિપત્યર્થે ક્વિપ્ણુચ્ પ્રત્યયના ઇકારાદિત્વને જ્ઞાપક રૂપે રજૂ કર્યું છે. તમણે આ પરિભાષાના અનિત્યત્વની ચર્ચા ન્યાસકારને આધારે કરી છે.

સીરદેવે જણાવ્યું છે કે પ્રસ્તુત પરિભાષાનો गामादाग्रहणेष्वविशेषः । પરિભાષાથી બાધ થાય છે. નીલકંઠે અર્થોપસ્થિતિની શીઘ્રતા અને તનુ વિલંબિતપણું એ મુદ્દાને ધ્યાનમાં લઈને આ પરિભાષાને સમજાવી છે. હરિભાસ્કરના મતે 'પ્રત્યક્ષ અને અનુમાન એ બેમાંથી પ્રત્યક્ષ બળવાન છે' એવા ન્યાય ઉપર આ પરિભાષા ઊભી છે. અને નાગેશે સ્પષ્ટ કર્યું છે એમ આ પરિભાષા વર્ણગ્રહણમાં પણ પ્રવૃત્ત થાય છે.

औपदेशिकप्रायोगिकयोरौपदेशिकस्यैव ग्रहणम् ॥4॥

(ઔપદેશિક અને પ્રાયોગિક એ બે પ્રકારના શબ્દોમાંથી ઔપદેશિકનું જ ગ્રહણ થાય છે.)

ઉપદેશમાંથી નિષ્પન્ન થયેલાને ઔપદેશિક કહે છે. પ્રયોગમાંથી નિષ્પન્ન થયેલાને પ્રાયોગિક કહે છે. આ બન્નેમાંથી ઔપદેશિકનું જ ગ્રહણ થાય છે. જેમકે; तरप्तमपौ घः 1-1-22 સૂત્રવિહિત घ સંજ્ઞા વડે ઔપદેશિક तरप् પ્રત્યયનું જ ગ્રહણ થાય છે. પરંતુ नदीतरः । આ ઉદાહરણમાં तृ ધાતુને अप् પ્રત્યય લાગીને નિષ્પન્ન થયેલ પ્રયોગસ્થ तर् શબ્દનું ગ્રહણ થતું નથી. જો ગ્રહણ થતું હોય તો घरूपकल्पचेलऽब्रुवगोत्रमतहतेषु ङ्योऽनेकाचो ह्रस्वः । 6-3-43... સૂત્રથી ङીને હ્રસ્વ થઈ જાય.

श्वीदितो निष्ठायाम् । 7-2-14 સૂત્રમાં इट् નો નિષેધ કરવા માટે श्वि ગ્રહણ કર્યું છે, તે પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. જો આ શાસ્ત્રમાં પ્રાયોગિકનું પણ ગ્રહણ થતું હોત તો (श्वि ધાતુને) સંપ્રસારણ કરીને પૂર્વરૂપ કરતાં शूनः शूनवान् । એ ઉદાહરણોમાં उगन्तत्व ને કારણે श्युकः किति । 7-2-11 સૂત્ર વડે જ इट् નો નિષેધ સિદ્ધ છે; તેવી સ્થિતિમાં પૃથક્ श्वि ગ્રહણ ન કર્યું હોત.

અહીં આક્ષેપ કરવામાં આવે છે: જો આ જ્ઞાપક સિદ્ધ પરિભાષાર્થ વડે પ્રાયોગિકનું ગ્રહણ દૂર કર્યું છે તો પછી શા માટે ક્યાંક (પ્રાયોગિકના ગ્રહણનો) નિષેધ કરવા માટે उपदेशेऽजनुनासिक इत् । 1-3-2 તથા स्यसिच्सीयुट्तासिसु भावकर्मणोरुपदेशेऽज्झनग्रहदृशां वा चिण्वदिट् च 6-4-62 વગેરે સૂત્રોમાં उपदेश ગ્રહણ કરવામાં આવે છે?

સમાધાનઃ "જ્ઞાપકાદિથી જે પ્રતિપત્તિ થાય છે તે ગૌરવગ્રસ્ત છે." "માટે આ ગૌરવગ્રસ્ત પ્રતિપત્તિના પરિહાર અર્થે તે તે સૂત્રોમાં ઉપદેશ પદનું ગ્રહણ કરવામાં આવ્યું છે." તેવો સિદ્ધાન્ત છે.

વ્યાડિ (૫) :

પરિભાષાસૂચનમાં જણાવ્યું છે કે ઇવીદિતો નિષ્ઠાયામ્ 7-2-14 સૂત્રસ્થ ઇવ ગ્રહણ પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક છે. નદીતરઃ । એ ઉદાહરણમાં ઘિ સંજ્ઞા ન થાય તે આ પરિભાષાનું પ્રયોજન છે. 'પરિભાષાસૂચન'માં નિર્દિષ્ટ આ જ્ઞાપક અને પ્રયોજનનો પુરુષોત્તમદેવે સ્વીકાર કર્યો છે.

આ પછી પરિભાષાસૂચનકારે આ પરિભાષાનું પ્રત્યાખ્યાન કર્યું છે : ઔપદેશિક એટલે પ્રતિપદોક્ત, અને પ્રાયોગિક એટલે જેનો પ્રયોગ થાય છે તે અથવા જે પ્રયોગને યોગ્ય છે તે. અહીં लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्य ग्रहणम् । 3 પરિભાષા પ્રવૃત્ત થશે, માટે પ્રકૃત પરિભાષા સ્વીકાર્ય નથી. આના અનુસન્ધાનમાં પ્રકૃત પરિભાષાના જ્ઞાપક અને પ્રયોજનનું પણ પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે.

સીરદેવ : (૮૧)

સીરદેવે આ પરિભાષાનો અર્થ, જ્ઞાપક અને પ્રયોજનાદિની ચર્ચા 'લઘુપરિભાષાવૃત્તિ'માંથી સ્વીકારી છે. વિશેષમાં સીરદેવે આ પરિભાષાના જ્ઞાપક અને પ્રયોજનની પુનઃ સમીક્ષા પણ કરી છે. જેમકે;

(૧) एकाच उपदेशऽनुदात्तात् । 7-2-10 સૂત્રમાંથી ઉપદેશ ગ્રહણની અનુવૃત્તિ શ્ર્યુકઃ કિતિ । 7-2-11 સૂત્રમાં આવે છે. તેથી ઉપદેશમાં જે ઉગન્ત હશે તેને જ ઇટ્ નો પ્રતિષેધ થશે. જ્યારે શુનઃ । એ રૂપમાં ઉપદેશાવસ્થાનું ઉગન્તત્ત્વ નથી. અને આથી જ ઇવીદિતો નિષ્ઠાયામ્ । 7-2-14 સૂત્રમાં ઇવ ગ્રહણ કર્યું છે; તેમ રક્ષિતે જણાવ્યું છે. આમ, જો ઇવ ગ્રહણનું અન્ય પ્રયોજન હોય તો તે પ્રકૃતાર્થમાં જ્ઞાપક બની શકે નહીં.

પરંતુ સીરદેવ જણાવે છે કે જ્ઞાપકવાદીનો અહીં અભિપ્રાય આ પ્રમાણે છે : શ્ર્યુકઃ કિતિ । 7-2-11 સૂત્રમાં ઉપદેશ ગ્રહણનો અધિકાર આવતો નથી.

(૨) આ પરિભાષાનું કોઈ પ્રયોજન નથી. કારણ કે तरप्तमपौ घः । 1-1-22 સૂત્રમાં તરપ્ નાં સાહચર્યથી અને लक्षणप्रतिपदोक्तयोः० । પરિભાષાથી તરપ્ પ્રત્યયનું જ ગ્રહણ થાય છે. અર્થાત્ નદીતરઃ । એ ઉદાહરણમાં ઙીને હ્રસ્વાપત્તિ પ્રાપ્ત થવાની નથી.

આ પ્રત્યાખ્યાનના અનુસન્ધાનમાં સીરદેવે જણાવ્યું છે કે આ આક્ષેપ પણ ઉચિત નથી. કારણ કે 'उपायस्यानुपायतोपालम्भो न रूपाय गौरवमिति । એવું વચન છે. અર્થાત્ "અનુપાયથી ઉપાયનો ઉપાલંભ થઈ શકે નહિ, કારણ કે (તેમ કરવાથી) રૂપમાં ગૌરવ પ્રાપ્ત થશે." આ વચનની સ્પષ્ટતા માટે હરિભાસ્કરનાં વચનો ઉપયોગી છે. "એક ઉપાય બીજા ઉપાયથી દૂષિત બની શકતો નથી. કારણ કે 'સામાન્ય રીતે ઉપેયના જ્ઞાન માટે ઉપાયો (યોજવાનું કાર્ય) અનિશ્ચિત હોય છે.' (ભર્તૃહરિને નામે उपेयप्रतिपत्त्यर्था उपाया अव्यवस्थिताः । એવું વચન અહીં રજૂ કર્યું છે)"[1] જો પ્રકૃતમાં ઉપાયાન્તરથી ઉપાલંભ આપશો તો नदीतरः । રૂપમાં 'तर' એ પ્રત્યય નથી, પણ तृ ધાતુમાંથી બનેલું કૃદન્ત શબ્દસ્વરૂપ છે તેમ સિદ્ધ કરવા બે નિયમો કામે લગાડવા પડશે. જેમકે, साहचर्यनो નિયમ અને लक्षणप्रतिपदोक्तयोः० । એવી પરિભાષા, જે ગૌરવગ્રસ્ત માર્ગ છે.

નીલકંઠ : (૧૩૫)

નીલકંઠે આ પરિભાષાને નિર્મૂલ જાહેર કરી છે. તેમણે તેનાં બે કારણો જણાવ્યાં છે : (૧) સૂત્રકારે પોતાના સૂત્રોમાં ઉપદેશ ગ્રહણ કર્યું છે, તેથી જણાય છે કે આ પરિભાષા સૂત્રકારને અસમંત છે. (૨) दादेर्धातोर्घः । 8-2-32 એ સૂત્ર ઉપરના ભાષ્યમાં अवोक् । રૂપમાં ઘત્વ ની અપ્રાપ્તિ અર્થે ભાષ્યકારે જે સમાધાન રજૂ કર્યું છે તેના ઉપરથી પણ જણાય છે કે ભાષ્યકારને પણ આ પરિભાષા અસંમત છે.

હરિભાસ્કર : (૮૪)

પ્રારંભે હરિભાસ્કરે પરિભાષાનું પ્રયોજન આ પ્રમાણે વર્ણવ્યું છે : दादेर्धातोर्घः । 8-2-32 સૂત્રવિહિત ઘત્વ ઔપદેશિક દાદિ ધાતુને જ થાય છે. પરિણામે अवोक् અને दामलिट् । જેવાં ઉદાહરણોમાં ક્રમથી અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ થતી નથી.

હરિભાસ્કરે રજૂ કરેલી આ પરિભાષાના અનિત્યત્વની ચર્ચા દૂરાકૃષ્ટ થયેલી જણાય છે. ઉપસંહારમાં તેમણે જણાવ્યું છે કે वस्तुतः एकाचो बशो भष्० । 8-2-37 સૂત્રમાં અનુવૃત્ત થતાં धातोः પદમાં વ્યધિકરણ ષષ્ઠી છે. તેનાથી

---

૧. (तथा च प्रकृते तुकोऽकरणहेत्वन्तरसत्त्वेऽप्यक्षतिः ।
उपायस्योपायान्तरादूषकत्वादिति न्यायात् । उक्तं हि भर्तृहरिणापि ।
उपेयप्रतिपत्त्यर्था, उपाया अव्यवस्थिता इति ।

પરિભાષાભાસ્કર, પરિભાષા-૪.

"ધાતુનો જે દાદિ અવયવ" તેવું દાદેર્ધાતોર્ઘ: 8-2-32 સૂત્રનું વ્યાખ્યાન કરીશું. પરિણામે અધોક્ વગેરેમાં અતિવ્યાપ્તિ આદિનો નિરાસ થઈ શકે છે. આ પ્રમાણે ભાષ્યકારે નિર્દેશેલી દિશા વડે એમ નક્કી થાય છે કે ઔપદેશિક-પ્રાયોગિકયો:૦ । તેવી પરિભાષા ન હોવી જોઈએ.

નાગેશ : (૧૨૩)

નાગેશ ભટ્ટે પણ આ પરિભાષાને નિર્મૂલ કહી છે. કારણ કે (ઉપદેશ નું ગ્રહણ કરનાર) સૂત્રકાર અને વાર્તિકકારને તે અસંમત છે. તથા, તરપ્તમપૌ ઘ: 1-1-21 સૂત્ર ભાષ્યમાં ભાષ્યકારે જણાવ્યું છે કે આ વ્યાકરણશાસ્ત્રમાં જ્યાં જ્યાં સાનુબન્ધક શબ્દસ્વરૂપનું ગ્રહણ કરવામાં આવે છે ત્યાં ત્યાં તે શબ્દ વડે તેવા જ સાનુબન્ધક શબ્દસ્વરૂપનું ગ્રહણ થાય છે. અને શબ્દસ્વરૂપનો નિર્ણય કરવા માટે લૌકિક શબ્દસ્વરૂપનો આશ્રય લેવામાં આવે છે. પણ જો લોકમાં તેવો સાનુબંધક શબ્દ ન મળતો હોય તો બીજા પ્રકારના પ્રયોગનું આશ્રયણ કરવામાં આવે છે. અને તે બીજા પ્રકારનો પ્રયોગ તે ઉપદેશ છે. અર્થાત્ પ્રાયોગિક શબ્દસ્વરૂપનું ગ્રહણ થવું સંભવિત જ નથી, પરિણામે ઔપદેશિકનું જ ગ્રહણ થાય છે. આમ, ભાષ્યકારને આ પરિભાષા અસંમત છે.

વિશેષમાં નાગેશ ભટ્ટે નોંધ્યું છે કે દાદેર્ધાતોર્ઘ: 8-2-32 સૂત્રમાં દાદિ-પદનો અર્થ આ પ્રમાણે કરવામાં આવે છે: "ઉપદેશમાં સાક્ષાત્ ઉચ્ચરિત અને દ કારથી શરૂ થતો હોય તેવો ધાતુ." લક્ષણાથી આવો અર્થ કરવામાં આવતો હોવાથી કોઈ દોષાપત્તિ થવાની નથી.

ઉપસંહાર :

આ પરિભાષાના જ્ઞાપક અને પ્રયોજનની ચર્ચા પુરુષોત્તમદેવે 'પરિભાષાસૂચન' ને આધારે રજૂ કરી છે, પરંતુ 'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થતું આ પરિભાષાનું પ્રત્યાખ્યાન પુરુષોત્તમદેવે રજૂ કર્યું નથી. તેથી ઊલટું, આ પરિભાષાનું સમર્થન કર્યું છે. આ બધી વિગતોમાં સીરદેવ પુરુષોત્તમદેવને અનુસરે છે.

સૌથી પ્રથમ નીલકંઠે આ પરિભાષાને નિર્મૂલ જાહેર કરી છે અને નાગેશ ભટ્ટે તે મુદ્દાને સુપ્રતિષ્ઠિત કર્યો છે.

गौणमुख्ययोः मुख्ये कार्यसंप्रत्ययः ॥५॥

(ગૌણાર્થક અને મુખ્યાર્થક શબ્દોમાંથી મુખ્યાર્થક જે શબ્દ હોય તેમાં જ કાર્યજ્ઞાન થાય છે.)

શબ્દ સાંભળવા માત્રથી જે અર્થ પ્રતીયમાન થાય છે તેને મુખ્ય કહે છે. અને જે અર્થ પ્રયત્નપૂર્વક ઉપપન્ન રહે છે તેને ગૌણ કહે છે. તે બન્નેમાંથી મુખ્ય (અર્થમાં આવેલા શબ્દ)માં જ કાર્યનો યોગ રહે છે. જેમકે, आग्नेय : इति । અહીં अग्नेर्ढक् । 4-2-33 સૂત્રવિહિત ઢક્ પ્રત્યય 'અગ્નિ' અર્થવાળા અગ્નિ શબ્દને જ થાય છે. પરંતુ 'માણવક' અર્થમાં વપરાયેલા अग्नि શબ્દને, જે ઉપચરિતાર્થ વૃત્તિવાળો[1] ગૌણ શબ્દ છે, તેને થતો નથી.

આ પરિભાષા ન્યાયમૂલા છે. કહેવામાં આવ્યું છે કે આ લૌકિક ન્યાય જ છે. (જેમકે,) લોકમાં गौः अनुबध्यताम् । કહેતાં વાહીક[2] વિષે કાર્યસંપ્રત્યય થતો નથી.

द्यावापृथिवीशुनासीरमरुत्वदग्नीषोमवास्तोष्पतिगृहमेधाच्छ च । 4-2-32 સૂત્રમાં, अग्नीषोम શબ્દમાં ષત્વાર્થ જે નિપાતન કરવામાં આવ્યું છે; તે પણ અહીં જ્ઞાપક છે "अग्नेः स्तुत्स्तोमसोमाः । 8-3-82" સૂત્રથી મુખ્ય એવા હ્રસ્વ इ કારાન્ત અગ્નિ શબ્દથી પરમાં આવેલા સોમ શબ્દને કહેવામાં આવેલું ષત્વ, ઈદગ્નેઃ સોમવરુણયોઃ । 6-3-37 સૂત્રથી ઈત્વ કર્યા પછી "एकदेशविकृतमनन्यवद् भवति ।" પરિભાષા વડે "તે આ જ છે" તેવી સંપ્રતિપત્તિ થતાં ગૌણત્વને કારણે પ્રાપ્ત થતું નથી, માટે 'अग्नीषोम' તેવા નિર્દેશથી કરવામાં આવેલું ષત્વાર્થ જ્ઞાપક જ છે.

अग्नेः स्तुत्स्तोमसोमाः । 8-3-82 સૂત્રના સામર્થ્યથી જ ષત્વ થઈ જશે, તેવી આશંકા ન કરવી જોઈએ. કારણ કે अग्नीषोमौ (अग्नि અને सोम) નામની કોઈક બે વ્યક્તિઓ હોય ત્યાં અદેવતા-દ્વન્દ્વમાં એ સૂત્ર ચરિતાર્થ છે.

લક્ષ્યવશાત્ ક્યાંક ગૌણ-અર્થનો પણ સ્વીકાર કરવામાં આવે છે. જેમકે, (૧) शीतोष्णाभ्यां कारिणि । 5-2-72 સૂત્રોક્ત कन् વિધિમાં शीतकोऽलसः उष्णको दक्ष इति અને (૨) गोतो णित् । 7-1-90 તેવા નિર્દેશમાં गौ શબ્દના પ્રાધાન્યને કારણે અર્થાશ્રયે રહેલો ગૌણત્વ કે મુખ્યત્વનો વિચાર નહીં કરવાનો હોવાથી गौर्वाहीकः । તથા गां वाहीकमानेय । જેવાં ઉદાહરણોમાં વૃદ્ધિ અને आत्व થયાં છે.

---

૧. લક્ષણાવૃત્તિથી પ્રાપ્ત.

૨. બુદ્ધિમાન્દ્યત્વને કારણે જેના વિષે गौरयम् એવો શબ્દ વપરાય છે તે 'વાહીક' નામની વ્યક્તિમાં શાસ્ત્રકાર્યનો વિનિયોગ થતો નથી.

વ્યાડિ (૪) :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનો અસ્વીકાર કરવામાં આવ્યો છે. આ પરિભાષામાંના 'ગૌણ' શબ્દને 'લાક્ષણિક' અને 'પ્રાયોગિક' શબ્દોનો અનન્યાર્થ ગણવામાં આવ્યો છે. તેજ પ્રમાણે 'મુખ્ય' શબ્દને 'પ્રતિપદોક્ત' અને 'ઔપદેશિક' શબ્દોનો અનન્યાર્થ ગણવામાં આવ્યો છે. અને આ રીતે लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्य ग्रहणम् । કે औपदेशिकप्रायोगिकयोरोपदेशिकस्य ग्रहणम् । પરિભાષાઓમાંથી ગમે તે એક પરિભાષા વડે પ્રકૃત પરિભાષાનું ખંડન થાય છે.

આ પ્રત્યાખ્યાનના અનુસંધાનમાં જણાવવામાં આવ્યું છે કે પ્રકૃત પરિભાષાનું જે જ્ઞાપક કહેવામાં આવ્યું છે તે પણ અજ્ઞાપક જ છે. કારણ કે આ પરિભાષા નહીં હોય તો પણ હ્રસ્વ ઇ કારાન્ત अग्नि શબ્દથી પરમાં षत्व સાવકાશ હોવાથી દીર્ઘકારાન્ત अग्नी શબ્દથી ન થાય. તેવા પ્રયોજન માટે अग्नीषोमौ શબ્દમાં षत्व નું નિપાતન કર્યું છે અથવા તો अग्नीषोमौ શબ્દમાંનું षत्व લાક્ષણિક નથી. કારણ કે આ દીર્ઘ ઈ કારાન્ત अग्नी શબ્દ एकदेशविकृतमनन्यवद्भवति ॥ થી હ્રસ્વ ઇ કારાન્ત अग्नि શબ્દ જ છે. આમ તે જ अग्नेः स्तुत्० । 8-3-82 સૂત્રથી હ્રસ્વ ઇ કારાન્ત અને દીર્ઘ ઈ કારાન્ત अग्नि-अग्नी શબ્દથી (પરમાં) षत्व પ્રાપ્ત થાય છે.

અથવા તો विभाषेटः 8-3-79 સૂત્રમાંથી विभाषा પદની અનુવૃત્તિ अग्नेः स्तुत्स्तोमसोमाः ૮-3-82 સૂત્રમાં આવે છે. અને ત્યાં તે વ્યવસ્થિત વિભાષા બને છે. આથી સૂત્રાર્થ થશે : 'હ્રસ્વેકારાન્ત अग्नि શબ્દથી પરમાં આવેલા सोम શબ્દમાં षत्व થતું જ નથી, અને દીર્ઘકારાન્ત अग्नि શબ્દથી પરમાં આવેલા सोम શબ્દમાં षत्व થાય છે જ. આમ, अग्निसोमौ माणवकौ । ઉદાહરણમાં षत्व न थाय' : એવું પ્રયોજન જ નથી.

આ જ પ્રમાણે, गोऽभवत् તે પણ પ્રકૃત પરિભાષાનું પ્રયોજન નથી. કારણ કે ओत् । 1-1-15 સૂત્રમાંનું તપર-કરણ સવર્ણાભાવને કારણે પ્રત્યાખ્યાત છે. આમ, તે ઓકાર તત્કાલનું અવધારણ નહીં કરતાં નિપાતસંજ્ઞામાં અવધારણ કરે છે. જેમકે, નિપાત એવો છે ઓકાર તેની પ્રગૃહ્યસંજ્ઞા થાય છે અને જે ઓકાર નિપાત પણ છે અને અનિપાત પણ છે; તેની પ્રગૃહ્યસંજ્ઞા થતી નથી. આમ गोऽभवत् । માં જે च्व्यन्त છે તે નિપાત છે. તેથી જ્ઞાપકાભાવને કારણે અને અગાઉ જણાવ્યું છે તે मुख्य लक्षणप्रतिपदोक्तयोः । કે औपदेशिकप्रायो-

ગિકયોઃ । તે બેમાંથી એક પરિભાષા વડે પ્રત્યાખ્યાન થતું હોવાથી પ્રકૃત પરિભાષા નથી.

સીરદેવ : (૧૦૦)

સીરદેવ આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધા માનતા નથી, કારણ કે તેમણે આને ન્યાયમૂલા પરિભાષાઓના વિભાગમાં મૂકી છે.

તેમણે પુરુષોત્તમદેવથી જુદા પડીને, अग्नीसोम શબ્દમાંના ષત્વ નિપાતનને આ પરિભાષાના જ્ઞાપક રૂપે રજૂ કર્યું છે. અને વૃત્તિકારને આધારે જણાવ્યું છે કે મુખ્યાર્થમાં વર્તમાન હોય તેવા अग्निषोमौ શબ્દમાં अग्नेः स्तुत्स्तोमसोमाः । 8-3-82 સૂત્રથી ષત્વ થાય છે જ. અને अग्निसोमौ माणवकौ । જેવા ઉપચરિતાર્થ વૃત્તિવાળા अग्नि શબ્દથી પરમાં આવેલા सोम ના स કારને ષત્વ નથી થતું તેમાં લોકવ્યવહાર કારણભૂત છે. જેમકે, गौरनुबध्यताम् । તેમ કહેતાં વાહોકનું બંધન થતું નથી.

વિશેષમાં તેમણે ઉમેર્યું કે ન્યાસકારે अग्नेः स्तुत्० । 8-3-82 સૂત્રમાં विभाषेटः । 8-3-79 સૂત્રમાંથી અનુવૃત્ત થતી વિભાષાને વ્યવસ્થિતવિભાષા માનીને કહ્યું છે કે દીર્ઘેકારાન્ત अग्नि શબ્દથી પરમાં આવેલા જ सोम શબ્દના स કારને ષત્વ થાય છે.

ત્યાર પછી पुरुषोत्तमदेवेन तु व्याख्यातम् । કહીને પુરુષોત્તમદેવની જ્ઞાપક ચર્ચા વગેરેનો યથાવત્ અવતાર કર્યો છે.

નીલકંઠ : (૧૪)

તેઓ જણાવે છે કે इणः षीध्वंलुङ्लिटां धोऽङ्गात् । 8-3-78 સૂત્રમાં अङ्ग ગ્રહણ કર્યું હોવાથી આ પરિભાષાનું અનિત્યત્વ સૂચવાય છે. જેમકે, परिवेक्षिषीध्वम् । આ રૂપમાં 'षीध्वम्'ના ગૌણત્વને કારણે જ મૂર્ધન્યાદેશ ढ કારની અપ્રવૃત્તિ સિદ્ધ હતી, એવી અવસ્થામાં તેની નિવૃત્તિને અર્થે अङ्ग ગ્રહણની કોઈ આવશ્યકતા ન હતી. તે વ્યર્થ બનીને પ્રકૃત પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપન કરે છે.

હરિભાસ્કર : (૧૦૨)

તેમણે પૂર્વોક્ત ચર્ચાને નવા સ્વરૂપે રજૂ કરી છે. મુખ્યાર્થક શબ્દથી જ શાસ્ત્રપ્રવૃત્તિ સંપન્ન રહે છે અને ગૌણાર્થક શબ્દથી નહીં. આવા પરિભાષાર્થને સમજાવવા હરિભાસ્કરે ભર્તૃહરિની એક કારિકા રજૂ કરી છે. જેમકે—

अभिव्यक्तपदार्था ये स्वतन्त्रा लाकविश्रुताः ।
शास्त्रार्थस्तेषु कर्तव्यः शब्देषु, न तदुक्तिषु ॥ वाक्यपदीय

(ભર્તૃહરિના નામે મળતો આ શ્લોક 'વાક્યપદીય'ની સમીક્ષિત આવૃત્તિ-(સં. કે. વી. અભ્યંકર અને લીમયે, પૂના)-માં મળતો નથી.)
અર્થાત્ 'તત્સદૃશ'માં શાસ્ત્ર પ્રવર્તતું નથી.

गौर्वाहीकः । કે गामानय જેવાં ઉદાહરણોમાં ક્વચિત્ લક્ષ્યવશાત્ અને गौणमुख्यन्याय અર્થાશ્રિત હોવાથી વૃદ્ધિ તથા આત્વ ની પ્રવૃત્તિ પુરુષોત્તમદેવે વર્ણવી છે. તેના અનુસંધાનમાં કૈયટ અને દીક્ષિતોના અભિપ્રાયને નોંધતા હરિ-ભાસ્કરે જણાવ્યું છે કે—

(૧) પ્રાતિપાદિક (સંજ્ઞાને નિમિત્તે થતાં) કાર્યોમાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી. અને તેથી गौर्वाहीकः । વગેરેમાં વૃદ્ધિ વગેરે સિદ્ધ રહે છે.
(૨) આ गौणमुख्यन्याय अर्थवद्ग्रहणे० । મૂલક હોવાથી અને અર્થો-પસ્થિતિને કારણે રૂપવિશેષનું ગ્રહણ સાપેક્ષ હોવાથી વિશિષ્ટરૂપના ઉપાદાનમાં જ પરિભાષા પ્રવૃત્ત થાય છે. માટે गां वाहीकं पाठय । જેવાં ઉદાહરણોમાં, વર્ણોને કાર્યોનું વિધાન થયેલું હોઈ वृद्धि-आत्व જેવાં કાર્યો કરવામાં પ્રકૃત પરિભાષા પ્રવૃત્ત થતી નથી.

નાગેશ : (૧૫)

આ પરિભાષાનો અર્થ સમજાવતાં નાગેશે સ્પષ્ટ કર્યું છે કે 'गौण' શબ્દનો અર્થ અપ્રસિદ્ધત્વ અને गौणलाक्षणिकत्व એમ બે રીતે સમજવાનો છે. गौण શબ્દ तत आगतः । 4-3-74 સૂત્ર વડે गुण શબ્દમાંથી નિષ્પન્ન થયેલો છે. પ્રસિદ્ધ સંજ્ઞીમાં રહેનારા ગુણોનો અપ્રસિદ્ધ સ્થળમાં આરોપ કરવાથી અપ્રસિદ્ધગૌણત્વની પ્રાપ્તિ થાય છે. જેમકે, अग्निसोमौ माणवकौ । અને, અન્યના ગુણોનો આરોપ જેમાં કરવામાં આવે છે તેમાં જો તત્સદશગુણ રહેલા હોય તો ત્યાં गौणलाक्षणिकत्व પ્રાપ્ત થાય છે. જેમકે, गौर्वाहीकः ।

આ સ્પષ્ટતાથી प्रियत्रयाणाम् । જેવા ઉદાહરણમાં ઉપર્યુક્ત બે પ્રકારના ગૌણત્વથી ભિન્ન એવું ત્રીજા પ્રકારનું અર્થાત્ ઉપસર્જન રૂપ ગૌણત્વ રહેતું હોવાથી त्रेस्त्रयः । 7-1-53 થી त्रय આદેશ થાય છે. અહીં ત્રીજા પ્રકારના ગૌણત્વના વિષયમાં પ્રસ્તુત પરિભાષા અપ્રવૃત્ત રહે છે.

પ્રાતિપદિક કાર્યોમાં આ પરિભાષાની પ્રવૃત્તિ થતી નથી, પણ કેવળ પદ-કાર્યમાં જ તેની પ્રવૃત્તિ થાય છે. આનું કારણ સમજાવતાં નાગેશ નોંધે છે કે

गौर्वाहीकः । જેવા ઉદાહરણમાં गौः । એવું રૂપ પરિનિષ્ઠિત થયા પછી તેનો પદાન્તર (वाहीक)ની સાથે સંબંધ કરતી વેળાએ ગૌણત્વની પ્રતીતિ થાય છે. પણ પ્રાતિપદિકને સંસ્કાર કરતી વેળાએ આવી ગૌણત્વની પ્રતીતિ થતી નથી. આથી પ્રાતિપદિકને વિભક્તિ પ્રત્યય લગાવીને પદ તૈયાર કરતી વખતે પ્રાતિપદિકને જે કાર્યો થાય છે તે અંતરંગ હોવાને કારણે તેની પ્રથમ પ્રવૃત્તિ થઈ જાય છે. અને 'જાતકાર્યોનો બાધ થવો યોગ્ય નથી' એ કારણે પ્રાતિપદિક કાર્યોમાં આ ન્યાયની અપ્રવૃત્તિ રહે છે.

નાગેશે અહીં 'પદકાર્યમાં આ પરિભાષાની પ્રવૃત્તિ થાય છે' તેવો અર્થ પણ સૂક્ષ્મતાથી વિચાર્યો છે : વિશેષ અર્થનો બોધ કરાવનાર અને વર્ણાનુપૂર્વી વિશિષ્ટ શબ્દસ્વરૂપનું સૂત્રમાં સ્પષ્ટ ઉચ્ચારણ કરીને જ્યાં કાર્ય કહેવામાં આવ્યું હોય તેવા પદ કાર્યમાં જ આ ન્યાય લાગૂ પડે છે. આનો અર્થ એ કે राजश्वशुराद्यत् 4-1-137 સૂત્રમાં વર્ણાનુપૂર્વી વિશિષ્ટ અને વિશેષ અર્થના વાચક श्वशुर શબ્દનું જે ગ્રહણ કર્યું છે, તેવા ગ્રહણને કારણે પદકાર્ય કરતી વેળાએ આ પરિભાષા લાગૂ પડે છે. જ્યાં મુખ્યાર્થ વાચક श्वशुर શબ્દ હશે ત્યાં જ અપત્યાર્થક यत् પ્રત્યય લાગીને श्वशुर्यः । શબ્દ બને છે. પણ સદશ અર્થમાં श्वशुर શબ્દ હશે ત્યારે તેનાથી અપત્યાર્થક यत् પ્રત્યય નહીં લાગે, અને अत इञ् 4-1-95 સૂત્રથી इञ् પ્રત્યય લાગીને श्वाशुरिः । જ બનશે.

अत इञ् 8-1-95 સૂત્રમાં प्रातिपदिक પદની અનુવૃત્તિ આવતી હોવા છતાંય, તેનાથી કોઈ ચોક્કસ વર્ણાનુપૂર્વી વિશિષ્ટ અને વિશેષાર્થવાચક શબ્દનું ગ્રહણ થતું નથી. પરિણામે ગૌણાર્થ વાચક સુબન્તને પણ અપત્યાર્થક પ્રત્યય લગાવતાં તે સૂત્રની પ્રવૃત્તિ નિર્બાધિત રહે છે અને તેવા સૂત્રમાં પ્રકૃત પરિભાષા લાગતી નથી.

આ ચર્ચાના અનુસન્ધાનમાં જ આગળ ઉપર જણાવ્યું છે કે 'નિપાત' શબ્દ 'પ્રાતિપદિક' શબ્દ જેવો નથી. કારણ કે चादयोऽसत्त्वे 1-4-57 એ સૂત્રમાં ઉલ્લેખેલા चादि ગણથી તે ગણમાં સાક્ષાત્ પઠિત જે च વગેરે વિશેષાર્થ વાચક અને વિશિષ્ટ આનુપૂર્વીવાળા શબ્દો છે, તેમનું જ ગ્રહણ થાય છે. માટે નિપાતને ઉદ્દેશીને કાર્ય કરનાર ओत् 1-1-15 સૂત્રમાં પ્રકૃત પરિભાષા લાગશે. પરિણામે अगौः गौः अभवत् इति गोऽभवत् જેવા ઉદાહરણમાં ऊर्यादिच्विडाचश्च 1-4-61 સૂત્રવિહિત નિપાતસંજ્ઞાવાળા च्व्यन्त गो શબ્દનું ओदन्त નિપાત રૂપે ગ્રહણ નહીં થતાં प्लुतप्रगृह्या अचि नित्यम् । 6-1-125 સૂત્રની અપ્રવૃત્તિ રહેશે. આમ,

ગોઽભવત્ રૂપમાં દોષ નથી. આ પછી અગ્નીષોમૌ માણવકૌ અને અગ્નિસોમૌ માણવકૌ । કેવી રીતે સિદ્ધ રહે છે, તેની ચર્ચા કરી છે.

ત્યાર બાદ, ફરીથી એક વાર આ પરિભાષાની કેવળ પદકાર્યમાં જ પ્રવૃત્તિ થાય છે, તે મુદ્દાને વિશદ કરવાનો પ્રયત્ન કર્યો છે. જેમકે, गां पाठय । એવા પ્રયોગમાં મુખ્યાર્થક गो પદાર્થને ભણાવવાની-પાઠન-ક્રિયા સંભવિત નહીં હોવાથી વિભક્તિ પ્રત્યય લાવતી વેળાએ જ વક્તાને ગૌણાર્થની પ્રતીતિ છે, તથાપિ अपदं न प्रयुञ्जीत । એવો ભાષ્યસિદ્ધાન્ત હોવાથી, તથા વાક્યપ્રયોગ કર્યા પછી જ શ્રોતાને ગૌણાર્થની પ્રતીતિ થતી હોવાથી જ્યાં સુધી શ્રોતાને ગૌણાર્થ બોધ થાય નહીં ત્યાં સુધી આ પરિભાષાની પ્રવૃત્તિ નહીં થઈ શકતી હોવાથી અને ભાષ્યકારે પોતે જ आत्वं त्वं संपद्यते । अमहान् महान् भूतः, તથા त्वद्भवति । જેવાં વાક્યોમાં આદેશ અને ઉપધા દીર્ઘ કાર્યો કર્યાં છે, તેના ઉપરથી જ સૂચવાય છે કે આ ન્યાય પદકાર્યમાં જ લાગે છે. જો વાક્યસંસ્કાર પક્ષ લઈએ તો त्व આદેશ અને ઉપધા દીર્ઘ વગેરે કાર્યોની અપ્રાપ્તિ રહે.

વિશેષમાં નાગેશે એમ પણ કહ્યું છે કે વક્તાને પણ પાઠનક્રિયાની સાથે गाम् નો અન્વય કરતી વેળાએ જ ગૌણાર્થની પ્રતીતિ થાય છે.

ત્યાર પછી, ત્રીજી વાર જુદાં જુદાં પ્રમાણોથી નાગેશ દર્શાવે છે કે આ પરિભાષાની કેવળ પદકાર્યોમાં જ પ્રવૃત્તિ થાય છે :

(૧) अभिव्यक्तपदार्था ये... ।એ ભર્તૃહરિનો શ્લોક પણ પદકાર્ય વિષયક છે.

(૨) पूर्वपरावर० । 1-1-34 સૂત્રમાં 'असंज्ञायाम्' પદ મૂકીને સૂત્રકારે અને संज्ञोपसर्जनीभूतास्तु न सर्वादयः 1-1-27 वा०२ ॥ જેવું વાર્તિક રચીને વાર્તિકકારે, તથા અન્વર્થસંજ્ઞાનું આશ્રયણ કરીને પૂર્વોક્ત વાર્તિક અને असंज्ञायाम् પદનું ખંડન કરતા ભાષ્યકારે સૂચવ્યું છે કે આ ન્યાય (પરિભાષા) પદકાર્યમાં જ લાગે છે.

અંતે, ભાષ્યોક્ત સ્પષ્ટતા મૂકી છે કે આ ન્યાય અર્થાશ્રયે રહેનારો છે; પણ જ્યાં वृद्धि, आत्व જેવાં કાર્યો શબ્દાશ્રયે રહેલાં હોય છે ત્યાં આ ન્યાય

૩. અહીં મુખ્યાર્થમાં कन् પ્રત્યય થતો નથી. કારણ કે તેનું અભિધાન કરવામાં આવ્યું નથી.

લાગતો નથી.[૪]

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે આ પરિભાષાના વ્યાખ્યાનમાં 'ગૌણ' શબ્દનો અર્થ 'જેનો અર્થ પ્રયત્નપૂર્વક ઉપપન્ન રહેતો હોય' તેવો (અર્થાત્ ગૌણલાક્ષણિકત્વ) કર્યો છે. તેમાં નાગેશ ભટ્ટે દર્શાવ્યા પ્રમાણે અપ્રસિદ્ધત્વ પ્રકારનું ગૌણત્વ પણ છે.

પુરુષોત્તમદેવે આ પરિભાષાને લોકન્યાયસિદ્ધ કહ્યા પછી તેનું જ્ઞાપક પણ રજૂ કર્યું છે. પરંતુ સીરદેવે આ જ્ઞાપકને સ્વીકાર્યું નથી અને આ પરિભાષાને ન્યાયમૂલા પરિભાષાઓના વિભાગમાં મૂકી છે.

નીલકંઠે આ પરિભાષાને અનિત્ય જાહેર કરી છે. કૈયટ અને દીક્ષિતના અભિપ્રાયને ધ્યાનમાં લઈને હરિભાસ્કરે જણાવ્યું છે કે પ્રાતિપદિકકાર્યમાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી. આ મુદ્દાને નાગેશે વધારે સૂક્ષ્મતાથી વિશદ કર્યો છે.

વ્યાડિએ આ પરિભાષાને સ્વીકારી નથી. કારણ કે તેમના મતે લક્ષણપ્રતિપદોક્તયોઃ૦ । અને ઔપદેશિકપ્રાયોગિકયોઃ૦ । એ બેમાંથી ગમે તે એક પરિભાષા વડે આનું ખંડન થાય છે. આના અનુસન્ધાનમાં તેમણે પ્રકૃત પરિભાષાનાં પ્રયોજન અને તેના જ્ઞાપકનો પણ અસ્વીકાર કર્યો છે.

बहुव्रीहौ तद्गुणसंविज्ञानमपि ॥6॥

(બહુવ્રીહિ સમાસમાં તદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિનું પણ ગ્રહણ થાય છે.)

અહીં 'ગુણ' શબ્દથી વિશેષણ અને ઉપલક્ષણ એવા અર્થો લેવાના છે. જેમકે, ચિત્રગુત્વ વગેરે. તે છે ગુણ જેનો, તેને તદ્ગુણ કહે છે. બહુવ્રીહિ સમાસમાં તદ્ગુણ એટલે કે વિશેષણ સહિતના અર્થનું સંવિજ્ઞાન – સંપ્રત્યય – થતું હોય

---

૪. एवं तर्हि गौणमुख्ययोर्मुख्ये कार्यसंप्रत्यय इति । तद्यथा । गौरनुबन्ध्यौऽजोऽग्नीषोमीय इति न वाहीकोऽनुबध्यते । कथं तर्हि वाहीके वृद्धयात्वे भवतः । गौस्तिष्ठति । गामानयेति । अर्थाश्रय एतदेवं भवति । यद्धि शब्दाश्रयं शब्दमात्रे तद्भवति । शब्दाश्रये च वृद्धयात्वे ॥ 1-1-15, સૂત્રભાષ્ય ।
અર્થાત્ અર્થને આધારે કહેવામાં આવેલાં કાર્ય કરવાના હોય ત્યારે ગૌણમુખ્ययोः૦ । એ પરિભાષાથી વ્યવસ્થા થાય છે. અને જ્યાં કેવળ શબ્દને આધારે જ કાર્ય કહેવામાં આવેલ હોય ત્યાં અર્થ ઉપર ધ્યાન નહીં આપતાં તે શબ્દ માત્રને જોઈને જ કાર્યો કરવામાં આવે છે.

છે.[1] જેમકે, सर्वादीनि सर्वनामानि । 1-1-27 સૂત્રમાં सर्व શબ્દની પણ સર્વનામ સંજ્ઞા થાય છે. तसौ मत्वर्थे । 1-4-19 સૂત્રમાં ઉપલક્ષણભૂત મતુપ્ પ્રત્યયની પણ भ સંજ્ઞા થાય છે. આ પરિભાષામાં अपि શબ્દ હોવાને કારણે ક્યાંક અતદ્ગુણસંવિજ્ઞાન પણ જાણવો જોઈએ. ભાષ્યમાં કહ્યું છે : લોકની જેમ પાણિનિના શાસ્ત્રમાં પણ તદ્ગુણ અને અતદ્ગુણ બહુવ્રીહિ વડે આ સિદ્ધ છે. લોકમાં તદ્ગુણ અને અતદ્ગુણ, એમ બે પ્રકારનો બહુવ્રીહિ જોવા મળે છે. જેમકે, लम्बकर्णमानय । અને चित्रगुमानय ।

અહીં તદ્ગુણબહુવ્રીહિના ગ્રહણમાં आढ्यसुभगस्थूलपलितनग्नान्धप्रियेषु च्व्यर्थेष्वच्वौ कृञः करणे ख्युन् । 3-2-56 સૂત્રમાં 'च्व्यर्थेषु ।' એમ કહ્યા પછી 'अच्वौ' એવા પ્રતિષેધનું ગ્રહણ કર્યું છે તે જ્ઞાપક છે.[2] જો બહુવ્રીહિ અતદ્ગુણ જ થતો હોત તો 'च्वि' છે અર્થ જેનો "તેવા ઉપલક્ષણત્વને કારણે જ च्व्यन्त ન થશે નહીં. તેવી સ્થિતિમાં अच्वौ । તેવો પ્રતિષેધ કરવાની શી જરૂર હતી ? પરંતુ તેવો પ્રતિષેધ કર્યો છે; જે પ્રસ્તુત અર્થને જ્ઞાપિત કરે છે.

વ્યાડિ : (૮)

વ્યાડિએ 'પરિભાષાસૂચન'માં આ પરિભાષાને રજૂ કરી છે. અહીં તેમણે કોઈ વિશેષ નોંધનીય મુદ્દાની ચર્ચા કરી નથી.

સીરદેવ : (૪૨)

સીરદેવે પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચાને વિશદ કરવાનો પ્રયાસ કર્યો છે. વિશેષમાં, પ્રકૃત પરિભાષાની જ્ઞાપક ચર્ચા કર્યા પછી सर्वादीनि - सर्वनामानि । 1-1-27 સૂત્રવિહિત સર્વનામસંજ્ઞા सर्व શબ્દની પણ થાય છે, તેને સમજાવતાં તે જણાવે છે કે "सर्व છે આદિમાં જેની" તેવા વિગ્રહમાં 'વિશ્વા'દિ શબ્દો અન્યપદાર્થ નથી. તે જ પ્રમાણે તેના અવયવ સ્વરૂપે પણ 'सर्व' શબ્દ નથી. પરંતુ જેમાં અવયવોનો ભેદ સ્પષ્ટ થાય છે તેવો સમુદાય, અહીં અન્યપદાર્થ છે. 'सर्व' શબ્દ તે સમુદાયની અન્તર્ગત છે, તેથી તેની પણ સંજ્ઞા થાય છે. આમ, યુક્તિથી પણ ઇષ્ટાર્થની સિદ્ધિ થાય છે; તેમ વર્ણવ્યું છે.

નીલકંઠ : (૫૬)

નીલકંઠે વિશિષ્ટ શૈલીમાં આ પરિભાષાને સમજાવી છે. જેમકે, તે ગુણોનું

---

૧. M. હસ્તપ્રતમાં कार्यः પદને રજૂ કર્યું નથી. તે પાઠ અહીં સ્વીકાર્યો છે.

૨. P. હસ્તપ્રતનો પાઠ અર્થબોધની દૃષ્ટિએ સરળ હોવાને કારણે અહીં સ્વીકાર્યો છે. જેમકે, इत्युक्त्वा अच्वौ इति प्रतिषेधो ज्ञापकः ।

એટલે કે અવયવ પદાર્થોનું સંવિજ્ઞાન બહુવ્રીહિમાં થાય છે. તેનો અર્થ એ કે અન્વયી એવા વિશેષ્યની સાથે તે અવયવ પદાર્થોનો અન્વય થાય છે.

પરિભાષાના શબ્દદેહમાં પ્રયોજાયેલો હિ શબ્દ 'પ્રસિદ્ધિ' અર્થમાં છે.[૩] તથા સંયોગ સંબંધ કે સમવાય સંબંધ, એ બેમાંથી કોઈ એક સંબંધથી જ્યાં અન્યપદાર્થ સંબંધી હોય ત્યાં પ્રાયઃ તદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ થાય છે. જેમકે, लम्बकर्णानय । અથવા चित्रगुमानय ।[૪]

હરિભાસ્કર : (૪૪)

હરિભાસ્કરે કોઈ નોંધનીય ચર્ચા રજૂ કરી નથી.

નાગેશ : (૭૭)

નાગેશ ભટ્ટે નીલકંઠે પ્રસ્તુત કરેલો પરિભાષાર્થ અને તદ્ગુણ–અતદ્ગુણ બહુવ્રીહિની પ્રાપ્તિ ક્યાં થશે; તેની ચર્ચાનો સ્વીકાર કર્યો છે.

તદ્ગુણ બહુવ્રીહિ અને અતદ્ગુણ બહુવ્રીહિના लम्बकर्णः । અને चित्रगुः । તેવાં ઉદાહરણો લોકમાં મળે છે. તેની જેમ सर्वादीनि सर्वनामानि 1–1–27 અને जक्षित्यादयः षट् । 6–1–6 તે ઉદાહરણો શાસ્ત્રમાં મળે છે.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે આ પરિભાષાની સર્વાંગીણચર્ચા રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. નીલકંઠે રજૂ કરેલી ચર્ચા સૂક્ષ્મતાપૂર્ણ છે, જેનો નાગેશ ભટ્ટે સ્વીકાર કર્યો છે.

कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे कार्यसंप्रत्ययः ॥ ७ ॥

(કૃત્રિમ–પારિભાષિક– અને અકૃત્રિમ એ પ્રકારના શબ્દોમાંથી જે કૃત્રિમ શબ્દ હોય છે, તેનામાં કાર્યનું જ્ઞાન થાય છે.)

આ વ્યાકરણશાસ્ત્રમાં જે વિશિષ્ટ સંજ્ઞા રૂપે કહ્યું છે અર્થાત્ જે પારિભાષિક છે તેને કૃત્રિમ કહે છે. આવા કૃત્રિમ શબ્દથી જે ભિન્ન હોય છે તેને અકૃત્રિમ કહે છે. તે બંનેમાંથી જે કૃત્રિમ હોય તેને વિષે જ કાર્યની સંપ્રતિપત્તિ રહે છે. એટલે કે કૃત્રિમમાં જ કાર્યનું પરિજ્ઞાન થાય છે.

---

૩. નીલકંઠે भवति हि बहुव्रीहौ० । એવો ભાષ્યોક્ત પાઠ સ્વીકાર્યો છે.

૪. અહીં પ્રથમ ઉદાહરણ તદ્ગુણબહુવ્રીહિનું છે જેમાં લાંબા કાનનો સમવાય-સંબંધે અન્યપદાર્થ (ગર્દભ)માં યોગ છે. બીજું ઉદાહરણ અતદ્ગુણબહુવ્રીહિનું છે. જેમાં चित्रगु – (ચિત્ર–વિચિત્ર ગાયો) સંયોગ સંબંધે અન્ય પદાર્થ (દેવદત્ત)માં યોગ્ય છે.

જેમકે, कर्मणि द्वितीया । 2-3-2 સૂત્રમાં 'કર્મ' પદથી कर्तुरीप्सिततमं कर्म । 1-4-49 સૂત્રોક્ત પારિભાષિક કર્મનું જ ગ્રહણ થાય છે, પરંતુ લૌકિક ક્રિયાનું ગ્રહણ થતું નથી. તેમ જ एको गोत्रे 4-1-93 સૂત્રમાં 'ગોત્ર' પદથી पौत्रप्रभृति अपत्यम् गोत्रम् । 4-1-162 સૂત્રોક્ત પારિભાષિક 'ગોત્ર'નું જ ગ્રહણ થાય છે; પણ અપત્યમાત્રનું ગ્રહણ થતું નથી.

આ પરિભાષા ન્યાયમૂલા છે. જેમ લોકમાં "નીલવૃષને છોડી મૂકવો અથવા કાપી નાંખવો જોઈએ" એમ કહેવામાં આવતાં કાળા વૃક્ષને છોડી મૂકવામાં કે કાપી નાખવામાં આવતો નથી. પરંતુ "જે વર્ણે લાલ હોય અને જેના પૂંછડાનો અગ્રભાગ સફેદ હોય, તથા જેનાં ખરી અને શીંગડાં શ્વેત હોય તેને નીલવૃષ કહે છે." તેવા સ્મૃતિવાક્ય વડે પરિભાષિત જે નીલવૃષ હોય તેને છોડી મૂકવામાં કે કાપી નાખવામાં આવે છે.

પ્રસ્તુત કરવામાં આવેલી આ પરિભાષાનો કોઈક પ્રસંગે જ આશ્રય કરવામાં આવે છે. અર્થાત્ એની સાર્વત્રિક પ્રવૃત્તિ થતી નથી. જેમકે, ભાષ્યકારે જણાવ્યું છે કે આ શાસ્ત્રમાં ઉભયગતિ થાય છે. અર્થાત્ કૃત્રિમ અને અકૃત્રિમ બન્નેનું ગ્રહણ થાય છે. જેમકે, कर्मणि द्वितीया । 2-3-2 સૂત્રમાં કૃત્રિમ – પારિભાષિક કર્મનું ગ્રહણ થાય છે. कर्तरि कर्मव्यतिहारे । 1-3-14 સૂત્રમાં અકૃત્રિમનું ગ્રહણ થાય છે. આ પ્રમાણે कर्तृकरणयोस्तृतीया । 2-3-18 સૂત્રમાં કૃત્રિમ-પારિભાષિક-કરણનું ગ્રહણ થાય છે. कण्वमेघेभ्यः करणे । 3-1-17 સૂત્રમાં અકૃત્રિમનું ગ્રહણ થાય છે. सप्तम्यधिकरणे च । 2-3-36 સૂત્રમાં કૃત્રિમ પારિભાષિક અધિકરણનું ગ્રહણ થાય છે તથા विप्रतिषिद्धं चानधिकरणवाचि । 2-4-13 સૂત્રમાં અકૃત્રિમનું ગ્રહણ થાય છે. આ પ્રમાણે આ શાસ્ત્રમાં ઉભયગતિ જોવા મળે છે.

આવા ઉભયગતિ અંગેના ભાષ્યવચનમાં આચાર્ય પાણિનિની સંમતિ દર્શાવતું જ્ઞાપક પણ રજૂ કરવામાં આવ્યું છે. संख्याया अतिशदन्तायाः कन् । 5-1-22 સૂત્રમાં त्यन्त અને शदन्त નો જે પ્રતિષેધ કરવામાં આવ્યો છે, તે અહીં જ્ઞાપક છે. સંખ્યા એવી કૃત્રિમ સંજ્ઞા शदन्त સંભવે નહિ. કારણ કે ष्णान्ता षट् । 1-1-24 સૂત્રમાં ष्णान्ता શબ્દ 'સંખ્યા' એવી કૃત્રિમ સંજ્ઞાનું વિશેષણ બન્યો છે. અને 'સંખ્યા' એવી કૃત્રિમ સંજ્ઞા शदन्ता[1] નથી.

---

૧. પરિભાષાસંગ્રહમાં "न हि कृत्रिमा संख्या ष्णान्तास्तीति ।" એ પ્રમાણે છપાયું છે. પણ તર્કસંગતિની દૃષ્ટિએ ત્યાં મુદ્રણદોષ જણાય છે. વસ્તુતઃ અહીં 'ષ્ણાન્તા'ને બદલે 'શદન્તા૦' એમ હોવું જોઈએ.

શું પરસ્પર વિરોધી એવાં આ બે વાક્યો પ્રમાણભૂત છે ? જો કૃત્રિમનું ગ્રહણ થતું હોય તો કેવી રીતે ઉભયગતિ થાય ? અને જો ઉભયગતિ થતી હોય તો કેવી રીતે અકૃત્રિમનું ગ્રહણ થાય ? તેના ઉત્તરમાં જણાવવામાં આવે છે કે "બધાં ભૂતો–પ્રાણીઓને હણવાં ન જોઈએ" અને "પશુઓને યજ્ઞ (માં હણવાને) માટે સર્જવામાં આવ્યાં છે" (એવાં બંને પરસ્પર વિરોધી વચનો જેવી રીતે પ્રમાણભૂત ગણવામાં આવે છે,) તેવી રીતે આચાર્ય–કાત્યાયન અને પતંજલિ–ના વચન પ્રામાણ્યથી આ બંને વાક્યો પણ પ્રમાણભૂત છે. મિહિરે પણ કહ્યું છે : "મુનિઓના વચનો વચ્ચે વિરોધ આવે તેવા પ્રસંગે ક્યા વચનથી સંગતિ વિચારવી ?' અથવા તો અહીં સામાન્ય અને વિશેષ વડે આ બંને વચનોને પ્રયોજવાં. આ પ્રમાણે અન્યત્ર પણ વિરોધાભાવ સમજવો.

વ્યાડિ : (૬ અને ૭)

અહીં કૃત્રિમાકૃત્રિમયોઃ કૃત્રિમેઃ સંપ્રત્યયઃ । 6 પરિભાષાનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. મહારાજઃ શબ્દમાં સમાસાન્ત પ્રત્યય સિદ્ધ રહે માટે આ પરિભાષાનો જો સ્વીકાર કરવામાં આવતો હોય તો તેમ કરવાની જરૂર નથી. કારણ કે ન પૂજનાત્ । 5–4–69 સૂત્રોક્ત સમાસાન્ત નિષેધ પ્રકૃત ઉદાહરણમાં લાગવાનો જ નથી. અહીં 'પૂજન' શબ્દથી કેવળ સુ અને અતિ એવા ઉપસર્ગોનું જ ગ્રહણ થાય છે; તેમ કાષ્ઠાદિ ગણમાં સ્વતી કલ્યાણે । એવા નિર્દેશમાં કલ્યાણ ગ્રહણ કર્યું છે તેના ઉપરથી જ સૂચિત છે. પૂજનાત્પૂજાયામ્૦। 8-1-67 સૂત્રમાં પૂજિત શબ્દથી કાષ્ઠાદિ જ નિર્દિષ્ટ છે. આમ જો સ્વતી કલ્યાણવાચક હશે તો જ પૂજા વ્યક્ત રહેવાની છે. આમ, સ્વતી કલ્યાણે । માં કલ્યાણ ગ્રહણ વ્યર્થ બની જ્ઞાપન કરે છે કે કલ્યાણવાચક સુ અને અતિ ની પૂજન એવી સંજ્ઞા થાય છે.

આથી ન પૂજનાત્ 5–4–69 સૂત્રોક્ત નિષેધ "સુ અને અતિ થી ભિન્ન બીજા કોઈ પણ પૂજનાર્થક શબ્દને લાગશે નહીં" તેવી અવસ્થામાં કૃત્રિમાકૃત્રિમયોઃ કૃત્રિમે સંપ્રત્યયઃ । પરિભાષા કહેવાની જરૂર નથી.

આ પછી વ્યાડિએ સ્વતંત્ર પરિભાષા રૂપે કૃત્રિમાકૃત્રિમયોરુભયગતિઃ ભવતિ । 7 પરિભાષાને રજૂ કરી છે. તેના વ્યાખ્યાનમાં દર્શાવ્યું છે કે પાણિનિનાં સૂત્રોમાં કરણ, અધિકરણ વગેરે શબ્દોથી ક્યાંક કૃત્રિમનું ગ્રહણ થાય છે અને

કર્યાંક અકૃત્રિમનું. એ જ પ્રમાણે, 'સંખ્યા' કાર્યોમાં અકૃત્રિમ સંખ્યાનું પણ ગ્રહણ થાય છે.

સીરદેવ : (૧૦૧)

આ પરિભાષાના જ્ઞાપક કે લોકન્યાયાદિની ચર્ચામાં ઉતર્યા વિના સીરદેવે આ પરિભાષાના પ્રયોજનની વિચારણામાં જ રસ દાખવ્યો છે.

જેમકે, कण्वादिभ्यो गोत्रे । 4-2-111 અને इञश्च । 4-2-112 જેવાં સૂત્રોથી પારિભાષિક ગોત્ર વાચક इञन्त શબ્દને अण् પ્રત્યય થાય છે, दाक्षेः अमी दाक्षाः छात्राः । પરંતુ લૌકિક ગોત્ર વાચક યુવપ્રત્યયાન્ત 'પાણિનિ' શબ્દમાં अण् થતો નથી, તેથી औत्सर्गिकं वृद्धाच्छः । 4-2-114 લાગીને पाणिनीयाः । બને છે.

અહીં ગોત્ર શબ્દથી કૃત્રિમનું ગ્રહણ કરવું કે અકૃત્રિમનું, તેની સ્પષ્ટતા કરવા માટે જ સમગ્ર વ્યાખ્યાન પ્રસ્તુત કરવામાં આવ્યું છે; गोत्रोक्षोष्ट्रोरभ्रराजराजन्य० । 4-2-36 સૂત્રોક્ત राजन्य શબ્દે જ્ઞાપિત કર્યું છે કે પ્રત્યયાધિકારમાં લૌકિક (અકૃત્રિમ) ગોત્રનું ગ્રહણ થતું નથી. તેથી પ્રત્યયાધિકારમાં આવેલાં સૂત્રો, જેવાં કે; अणिञोरनार्षयोः 4-1-78, कण्वादिभ्यो गोत्रे 4-2-111, इञश्च 4-2-112 તેમાં શાસ્ત્રીય (કૃત્રિમ) ગોત્રનું જ ગ્રહણ થાય છે. આના સમર્થનમાં 'કાશિકાવૃત્તિ'નું વચન પણ રજૂ કર્યું છે કે પ્રત્યયવિધિથી ભિન્ન સ્થળે અન્યત્ર લૌકિક ગોત્રનું ગ્રહણ થાય છે.

બીજા કેટલાકના મતે આ શાસ્ત્રમાં ઉભયગતિ થાય છે, તેથી ક્વચિત્ શાસ્ત્રીય ગોત્રનું ગ્રહણ થાય છે. આ કારણે ઉપર્યુક્ત સૂત્રોમાં કૃત્રિમપરિભાષા વડે શાસ્ત્રીય (કૃત્રિમ) ગોત્રનું ગ્રહણ રહે છે. અને यस्कादिभ्यो गोत्रे 2-4-63 તથા गोत्रोक्षोष्ट्रोरभ्र०। 4-2-36 જેવાં સૂત્રોમાં પ્રત્યયવિધિ હોવા છતાંય લૌકિક (અકૃત્રિમ) ગોત્રનું ગ્રહણ રહે છે. આ મતમાં राजन्य ગ્રહણ અપત્યપ્રત્યયાન્ત શબ્દને પ્રાપ્ત કાર્યાન્તરની નિવૃત્તિને અર્થે છે. આના અનુસંધાનમાં 'કાશિકાવૃત્તિ'માં જણાવ્યું છે કે અપત્યાધિકારથી અન્યત્ર લૌકિક ગોત્રનું ગ્રહણ થાય છે.

સીરદેવે આ પરિભાષાને લોકન્યાયમૂલા પરિભાષાઓના વિભાગમાં મૂકી છે. પણ વ્યાખ્યાનમાં તે ન્યાયને રજૂ કર્યો નથી.

નીલકંઠ : (૮૮)

નીલકંઠને આ પરિભાષાના વ્યાખ્યાનમાં કોઈ વિશેષ રસ નથી. તેમણે આ પરિભાષાને અનિત્ય કહી છે. પરંતુ संख्याया अतिशदन्तायाः कन् । 5-1-22 સૂત્રસ્થ शदन्त ના પર્યુદાસથી આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત રહે છે; તેમ

કહ્યા પછી આ અનિત્યત્વને આધારે ભાષ્યકારે નિર્દેશેલ પરિભાષાન્તર ઉભયગતિરિહ ભવતિ । ને રજૂ કર્યું નથી.

હરિભાસ્કર : (૧૦૩)

કૃત્રિમ અને અકૃત્રિમ તે બંનેમાંથી કૃત્રિમમાં જ કાર્યસંપ્રત્યય રહેવાનું કારણ જણાવતાં હરિભાસ્કરે નોંધ્યું છે કે સંજ્ઞા શબ્દો સર્વે અર્થોનું અભિધાન કરવામાં શક્તિમાન હોવા છતાંય વ્યવહારને માટે તેમની વિશિષ્ટાર્થ શક્તિનો સ્વીકાર થયો હોવાથી અર્થાન્તરની પ્રતીતિ થવાનો પ્રસંગ નથી.

નાગેશ :

તેમણે આ પરિભાષાને રજૂ કરી નથી, પરંતુ ઉભયગતિરિહ ભવતિ । ને રજૂ કરી છે. અને તેનું ભાષ્યાનુસારી વ્યાખ્યાન કર્યું છે.

અહીં એક વિશેષ ચર્ચા કરીને તેમણે જણાવ્યું છે કે 'મારા (પાણિનિના) શાસ્ત્રમાં આ શબ્દ વડે આ જ અર્થ ગ્રહણ કરવો,' તેવા નિયમને માટે સંજ્ઞા સૂત્રો છે; તેમ કોઈ કહે તો તે ઠીક નથી. કારણ કે જે શબ્દ પહેલાં જે અર્થ નહોતો આપતો તે અર્થ આપવા માટે સંજ્ઞા સૂત્રો છે, એમ પણ કહી શકાય છે. અર્થાત્ સંજ્ઞાસૂત્રોમાં વિધિત્વ પણ દર્શાવી શકાય છે. આથી સંજ્ઞાસૂત્રો નિયમાર્થ છે અને તે નિયમાર્થત્વને આધારે આ પરિભાષા કૃત્રિમા કૃત્રિમન્યાય મૂલક છે; તેમ નહીં કહી શકાય.

સંજ્ઞાસૂત્રો નવો અર્થ આપવા માટે છે; તેમ કહેવામાં વાંધો નથી. કારણ કે 'બધા શબ્દો બધા અર્થોના વાચક છે.' તે સિદ્ધાંત તો યોગીઓની દૃષ્ટિએ જ છે; આપણી દૃષ્ટિએ નહીં.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવની ચર્ચા મૌલિક અને ભાષ્યથી અવિરોધી છે. તેમણે ઉભયગતિરિહ ભવતિ । એવા પરિભાષાન્તરને વ્યાખ્યાનમાં જ ગૂંથી લીધું છે. પરિણામે વ્યાડિની જેમ આ પરિભાષાન્તર અલગ પરિભાષા રૂપે રજૂ કરવાની જરૂર પડી નથી.

સીરદેવને આ પરિભાષાના સન્દર્ભમાં વિશેષ કાંઈ કહેવાનું નથી. આથી તેમણે ગોત્ર શબ્દ વડે ક્યાં લૌકિક ગોત્રનું અને ક્યાં શાસ્ત્રીય–કૃત્રિમ–ગોત્રનું ગ્રહણ થાય છે ? તેની ચર્ચા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

નીલકંઠ અને હરિભાસ્કરની ચર્ચાઓમાંથી પણ કશું નોંધનીય નથી. નાગેશ ભટ્ટ આ પરિભાષાના કૃત્રિમાકૃત્રિમન્યાયબીજત્વનું ખંડન કર્યું છે.

पुरस्तादपवादा अनन्तरान् विधीन् बाधन्ते नोतरान् ॥८॥

(પૂર્વે આવેલા અપવાદશાસ્ત્રો પોતાના પછી તરત સૌથી પહેલું જે ઉત્સર્ગ-શાસ્ત્ર આવે તેનો બાધ કરે છે, પરંતુ તે પછીના ઉત્સર્ગશાસ્ત્રોનો બાધ કરતા નથી.)

પૂર્વે કહેલા અપવાદો નિકટવર્તી ઉત્સર્ગનો બાધ કરે છે, પણ જેમાં બીજાં સૂત્રોનું વ્યવધાન થયું હોય તેવા (ઉત્સર્ગ) નો નહીં. અહીં उत्तर શબ્દ વ્યવહિત અર્થમાં છે. જેમકે, हवावामश्च 3-2-2 સૂત્રોક્ત અપવાદ (अण् પ્રત્યય) નિકટવર્તી आतोऽनुपसर्गे कः । 3-2-3 સૂત્રવિહિત क નો બાધ કરે છે. પરંતુ વ્યવહિત ताच्छीलिक णिनि । 3-2-78 પ્રત્યયનો બાધ કરતો નથી. જેમકે, स्वर्गहवायी । धान्यमायी ।

इको झल् । 1-2-9 સૂત્ર ઉપર ન્યાસકારે જણાવ્યું છે કે આ પરિભાષા બાધ્યવિશેષચિંતા પક્ષમાં પ્રવૃત્ત થાય છે; સમુદાય માત્રની અપેક્ષામાં[2] નહીં.

परिमाणाख्यायां सर्वेभ्यः । 3-3-20 સૂત્રસ્થ सर्व ગ્રહણ આ પરિભાષાનું જ્ઞાપક છે. द्वौ सकारौ । त्रयः सकाराः એ ઉદાહરણમાં (ऋदोरप् । 3-3-57) अप् પ્રત્યયનો બાધ કરવા માટે આ (सर्व ગ્રહણ) કરવામાં આવે છે. અન્યથા; पुरस्तादपवाद० । ન્યાયથી નિકટવર્તી एरच् । 3-3-56 એ સૂત્રનો જ બાધ થાત.

"પ્રકૃત પરિભાષાર્થ તો अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वा । પરિભાષા વડે જ સિદ્ધ થાય છે." આ શંકા સાચી છે. પણ પ્રપંચાર્થે પ્રકૃત પરિભાષા છે.

વ્યાકિ: (૯)

અહીં પરિભાષાના પાઠમાં नोत्तरान् એ અંશ ઉલ્લેખાયો નથી. सेसिचि कृतचृतच्छृदतनृतः । 7-2-57 માં चृत ને स કાર પરમાં રહેતા इड् નો વિકલ્પે પ્રતિષેધ કહ્યો છે, તે અહીં જ્ઞાપક છે.

આ પરિભાષાનું પ્રયોજન વર્ણવતાં જણાવ્યું છે કે बहुव्रीहौ । 1-1-29 સૂત્રોક્ત પ્રતિષેધ, પોતાની અનન્તર આવેલા विभाषा दिक्समासे बहुव्रीहौ । 1-1-28 ને વૈકલ્પિકત્વ અર્પે છે; પણ द्वन्द्वे च । 1-1-31 ને નહીં.

---

૧. અપવાદ સૂત્ર કયા ચોક્કસ ઉત્સર્ગશાસ્ત્ર (સૂત્ર)નો બાધ કરે છે; તેની વિચારણા કરતો પક્ષ. આ પક્ષમાં બે પરિભાષાઓ, જેવી કે; પરિભાષા આઠ અને નવ, વ્યવસ્થા કરે છે.

૨. मद्विषये यद्प्राप्तं तत्सर्वमहं बाध्ये । એમ કહેતા બાધ્યસામાન્યચિંતા પક્ષમાં નહીં.

સીરદેવ : (૪૪)

પુરુષોત્તમદેવની ચર્ચાને સર્વાંશે સ્વીકાર્યા પછી આ પરિભાષા 'अनन्तरस्य विधिर्वा प्रतिषेधो वा' । ના સ્વરૂપની છે, તેવા પુરુષોત્તમદેવનિર્દિષ્ટ અન્તિમ મુદ્દાને વિગતે સમજાવવાનો સીરદેવે પ્રયત્ન કર્યો છે. આ સિવાય બીજી કોઈ વિશેષ નોંધ નથી.

નીલકંઠ (૪૯)

આ પરિભાષાની અવતરણિકામાં પ્રાસ્તાવિક સન્દર્ભ આ પ્રમાણે છે : येन नाप्राप्ते यो विधिः ० । 48 – પરિભાષાથી અપવાદશાસ્ત્ર બાધક બને છે. અહીં 'येन' નો येन कार्येण એવો અર્થ લેતાં, એવી આકાંક્ષા જન્મે છે કે કયા સૂત્રથી વિહિત કાર્યનો અપવાદશાસ્ત્ર બાધ કરે છે. આ વિષયમાં આદ્યવ્યવસ્થાપક વચન પ્રકૃત પરિભાષા છે.

નીલકંઠે આ પરિભાષાને ન્યાયમૂલા જાહેર કરી છે. જેમકે, અપવાદશાસ્ત્રની નજીક પ્રથમ ઉપસ્થિત થયેલ ઉત્સર્ગશાસ્ત્રનું અતિક્રમણ કરીને બીજા કોઈ ઉત્સર્ગ-શાસ્ત્રનો બાધ કરવામાં પ્રમાણ નથી.

હરિભાસ્કર : (૪૬)

હરિભાસ્કરે પુરુષોત્તમદેવ અને સીરદેવને અનુસરીને આ પરિભાષાની ચર્ચા કરી છે.

આ પરિભાષાની પ્રવૃત્તિ ક્યાં થાય છે, તે વિષે 'કૌસ્તુભ'માં આ પ્રમાણે જણાવ્યું છે : 'જ્યાં ઉભય વિધિઓની અપવાદતા સંભવિત હોય ત્યાં જ આ પરિભાષાનું અવતરણ થાય છે.' પરંતુ હરિભાસ્કર જણાવે છે કે આ મત શ્રદ્ધેય નથી, કારણ કે कर्मण्यण् । 3–2–1 વગેરે સૂત્રગત ભાષ્યાદિ ગ્રન્થ સાથે અને સ્વગ્રંથ (કૌસ્તુભ) સાથે પણ વિસંવાદ ઊભો થાય છે.

નાગેશ : (૫૯)

આ પરિભાષાની અવતરણિકામાં તેમણે જણાવ્યું છે કે 'येन नाप्राप्ते०' । પરિભાષાસ્થ येन પદનો 'येन कार्येण' એવો અર્થ કરતાં, एत्येधत्यूठ्सु । 6–1–86 સૂત્રોક્ત વૃદ્ધિ વડે પરરૂપ કાર્યનો બાધ થાય છે એવો નિર્ણય કર્યા પછી; કયા સૂત્ર વડે[3]

---

૩. एङि पररूपम् । 6–1–94 અને ओमाङोनैश्च । 6–1–95 એ બેમાંથી કયા સૂત્ર વડે.

કહેવામાં આવેલા પરરૂપ કાર્યનો બાધ થાય છે એવી બાધ્યવિશેષચિન્તા ઉત્પન્ન થતાં પ્રકૃત પરિભાષા કહેવામાં આવે છે.

આ પરિભાષાની પ્રમાણ-ચર્ચા અથવા તાત્પર્યાર્થ-વિચારણા આ પ્રમાણે કરવામાં આવી છેઃ અપવાદ શાસ્ત્ર પોતાનાથી ભિન્ન સૂત્રનો બાધ કરવો જ જોઈએ, માટે અપવાદ-શાસ્ત્રની આગળ જે સામાન્ય-શાસ્ત્ર ઉપસ્થિત થાય છે; તેનો બાધ કરીને અપવાદ-શાસ્ત્ર ચરિતાર્થ થાય છે. હવે અહીં, જે સામાન્યશાસ્ત્રનો બાધ કર્યો, તેની આગળ આવેલા બીજા સામાન્યશાસ્ત્રનો પણ તે અપવાદશાસ્ત્ર બાધ કરે છે; તેમ કહેવામાં કોઈ પ્રમાણ નથી. વળી, આ અપવાદશાસ્ત્રની આકાંક્ષા નિવૃત્ત થઈ જતાં આગળ જે બીજાં સામાન્યશાસ્ત્ર કહ્યાં હોય, તે શાસ્ત્રોનો પણ વિપ્રતિષેધે परं कार्यम् । 1-4-2 સૂત્રથી બાધ કરીને અપવાદશાસ્ત્ર બાધક બને છે; તેમ કહેવામાં કોઈ પ્રમાણ નથી.

ઉપર્યુક્ત બન્ને મુદ્દાઓ, નીલકંઠની 'પરિભાષાવૃત્તિ'માંથી દિશાસૂચન મેળવીને રજૂ કરવામાં આવ્યા છે.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી ચર્ચા બાધ્યવિશેષચિન્તા પક્ષને વિગતે વિશદ કરે છે. અને એની સાથે સીરદેવાદિ કોઈ વ્યાખ્યાનકર્તાને મતભેદ નથી.

સૌથી પ્રથમ નીલકંઠે પ્રસ્તુત પરિભાષાને યુક્તિસિદ્ધ બતાવી છે; તે મુદ્દો નોંધનીય છે. આ મુદ્દાને નાગેશે વિસ્તારથી સમજાવ્યો છે.

मध्येऽपवादाः पूर्वान् विधीन् बाधन्ते नोत्तरान् ॥९॥

(મધ્યે આવેલાં અપવાદસૂત્રો પોતાની પૂર્વે આવેલાં ઉત્સર્ગસૂત્રનો બાધ કરે છે, પણ પોતાનાં ઉત્તરવર્તી જે ઉત્સર્ગસૂત્રો હોય તેનો બાધ કરતાં નથી.)

જેમકે; इणो यण् । 6-4-81 તેવો મધ્યમાં આવેલો અપવાદ પૂર્વોક્ત[1] इयङ् વિધિનો બાધ કરે છે; यन्ति । ईयतुः । ईयुः । પરંતુ પરમાં આવેલ વૃદ્ધિ[2] અને ગુણનો[3] બાધ કરતો નથી; अयनम् । आयकः । આ જ રીતે कृञ्

---

૧. अचि श्नुधातुभ्रुवां य्वोरियङुवङौ । 6-4-77
૨. वृद्धिरेचि । 6-1-88
૩. आद्गुणः । 6-1-87

ધાતુને હેત્વાદિમાં કહેલી ટ વિધિ,[૪] પૂર્વે આવેલ અણ્નો[૫] બાધ કરે છે, પણ પરમાં આવેલ તાચ્છીલિક ણિનિનો[૬] બાધ કરતી નથી, શ્રાદ્ધકારીતિ ।

સૂત્રકાર વડે વહુવ્રીહેરૂધસો ઙીષ્ । 4-1-25 સૂત્રસ્થ ઙીષ્ સ્વરિતત્વયુક્ત પઠિત છે અને તે પ્રમાણે વૃત્તિકાર વડે પ્રતિપાદિત પણ છે; તે અહીં જ્ઞાપક છે. જેમકે, અનુવૃત્તિના સામર્થ્યથી અન ઉપધાલોપિનોઽન્યતરસ્યામ્ । 4-1-28 સૂત્રવિહિત ભાવિ ઙીપ્ નો બાધ કરવા માટે (તે સ્વરિતત્વની પ્રતિજ્ઞા) છે; ઘટોઘ્ની ।[૭] અન્યથા; આ (બહુવ્રીહેરૂધસો ઙીષ્ ।[૮] 4-1-25 અપવાદશાસ્ત્ર) અનન્તરત્વને કારણે ઙીપ્નો પ્રતિષેધ કરનાર આગળનાં બે સૂત્રોનું જ બાધક થાત.

ઙીપ્ અને ઙીષ્ ના સ્વરમાં વિશેષ છે.[૯] ઇણો યણ્ । 6-4-81 સૂત્ર ઉપર ન્યાસકારે આ પરિભાષાનું ન્યાયમૂલકત્વ વર્ણવ્યું છે.

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૪૭)

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી ચર્ચાનો સ્વીકાર કર્યો છે. 'ઙીપ્' અને 'ઙીષ્'ના સ્વરમાં વિશેષ છે એવી પુરુષોત્તમદેવની નોંધના અનુસન્ધાનમાં સીરદેવે 'સ્વર પણ ભેદક હોય છે' એમ કહીને તેની વિસ્તારથી ચર્ચા કરી છે. આ ચર્ચા પ્રકૃત પરિભાષા સાથે પ્રત્યક્ષ સંબંધ ધરાવતી નથી, પરિણામે તે વિષયાન્તરનો નિદર્શ બની રહે છે.

નીલકંઠ : (૫૦)

પુરસ્તાદપવાદા० । પરિભાષાને માટે જે ન્યાય કહ્યો હતો તે ન્યાય ઉપર જ આ પરિભાષા નિર્ભર છે. વળી, તેમણે પુરુષોત્તમદેવે રજૂ કરેલી જ્ઞાપકચર્ચાનો સ્વીકાર કર્યો છે. વિશેષમાં તેમણે જણાવ્યું છે કે જ્યારે કોઈ બે કાર્યો એક જ

૪. कृञो हेतुताच्छील्यानुलोम्येषु । 3-2-20
૫. कर्मण्यण् । 3-2-1
૬. सुप्यजातौ णिनिः ताच्छील्ये । 3-2-78
૭. ઙીષન્ત છે.
૮. संख्याव्ययादेर्ङीप् । 4-1-26 અને दामहायनान्ताच्च । 4-1-27
૯. 'ઙીપ્ કે ઙીષ્ બન્નેમાંથી ગમે તે પ્રત્યય થશે, તો પણ રૂપમાં તફાવત પડવાનો નથી.' એવી શંકાના પરિહાર માટે આ વાક્ય છે.

ધર્મથી અવચ્છિન્ન ન હોય, પરંતુ જુદા જુદા ધર્મોથી અવચ્છિન્ન હોય ત્યારે તે બે કાર્યો વડે येन नाप्राप्ते० । ન્યાયની પ્રાપ્તિ થતી નથી. પરિણામે આ બે પરિભાષાઓનો વિષય ત્યાં ઉપસ્થિત થતો નથી.

હરિભાસ્કર : (૪૯)

હરિભાસ્કરે સીરદેવની ચર્ચાનો સારસંગ્રહ રજૂ કર્યો છે. વિશેષમાં કોઈ નોંધ મૂકી નથી

નાગેશ : (૬૦)

નાગેશ જણાવે છે કે "પ્રથમ ઉપસ્થિત થયેલ સામાન્યસૂત્રનો બાધ કરીને ચરિતાર્થ થયેલું અપવાદસૂત્ર ઈતરસૂત્રોનો બાધ કરવાની આકાંક્ષા રાખતું નથી." તે યુક્તિ આ પરિભાષામાં પ્રમાણ છે; બીજ છે.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે રજૂ કરેલી આ પરિભાષાની ચર્ચા સીરદેવાદિએ સ્વીકારી છે. આ પરિભાષાના તાત્પર્યાર્થમાં કોઈ મતભેદ નથી.

संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य ॥१०॥

(સંનિપાત–સન્નિધિ–ને કારણે થયેલો વિધિ, તે સંનિપાતના નાશમાં નિમિત્ત બનતો નથી.)

આનન્તર્યલક્ષણ (જે) વિધિ, તે આનન્તર્યના વિઘાતમાં નિમિત્ત બનતો નથી. એટલે કે જેના આનન્તર્યમાં જે વિધિ થાય છે, (તે વિધિ) તે આનન્તર્યનો વિરોધ કરતો નથી.

कृन्मेजन्तः । 1–1–39 સૂત્ર ઉપર ભાષ્યકારે આ પરિભાષા રજૂ કરી છે. જેમકે :

(૧) शतानि । આ ઉદાહરણમાં (जस् > शि) વિભક્તિના સંનિધાનમાં ઉપસ્થિત થયેલ નુમ્ આગમને કર્યા પછી; તે નુમ્ આગમ વિભક્તિપ્રત્યયના લુક્માં નિમિત્ત નહીં બની શકવાથી (शतान्+शि તે સ્થિતિમાં) ष्णान्ता षट् । 1–1–24 સૂત્રથી ષટ્સંજ્ઞા થતી નથી. જો ષટ્સંજ્ઞા થાય તો षड्भ्यो लुक् । 7–1–22 સૂત્રથી વિભક્તિપ્રત્યય (शि) નો લુક્ થાય.

(૨) આ પ્રમાણે, कटौ । पद्घतौ । તેવાં ઉદાહરણોમાં (अच्च घेः ।

---

૧. જુઓ: ૭/૪/૧ અને ૭/૪/૩ ઉપરની કાશિકાવૃત્તિ.

7–3–116 સૂત્રથી घि સંજ્ઞક અંગને અન્તાદેશ) અ કાર કર્યા પછી અજાદ્યતષ્ટાપ્ । 4–1–4 સૂત્રથી ટાપ્ પ્રત્યય થતો નથી.

(૩) इयेषा । उवोषा જેવાં ઉદાહરણોની સિદ્ધિમાં ગુણ કર્યા પછી (इ एष् अ । उओष् अ । તે સ્થિતિમાં) इज्ञादेश्च गुरुमतोऽनृच्छः । 3–1–36 સૂત્રથી आम् – થતો નથી.

(૪) मथित्तं पण्यमस्य माथितिकः । તે ઉદાહરણમાં (ठस्येकः । 7–3–50 સૂત્રથી) ઠ ને સ્થાને થયેલા इक्ने નિમિત્તે यस्येति च । 6–4–148 સૂત્રથી અકારનો લોપ થઈને જ્યારે (माथित् એવા અંગમાં) तान्तता (त કારાન્તત્વ) ઊભી થાય છે ત્યારે इसुसुक्तान्तात्कः । 7–3–51 સૂત્રથી (इक्નો સ્થાનિવદ્ભાવ કરીને, ઠને) क આદેશ થતો નથી.

नाम् પરમાં રહેતાં (नामि । 6–4–63થી) પ્રાપ્ત દીર્ઘનો न तिसृचतसृ । 6–4–4 સૂત્રથી પ્રતિષેધ કરવામાં આવે છે, તે અહીં જ્ઞાપક છે. આ પરિભાષા અસ્તિત્વમાં હોવાથી વિભક્તિના નિમિત્તમાં त्रिचतुरोः स्त्रियां तिसृचतसृ । 7–2–99 સૂત્રવિહિત तिसृ અને चतसृ એવા ઋ કારાન્ત આદેશો વિભક્તિમાં વ્યવધાનકારી એવા ङीप् પ્રત્યયની પ્રત્યે નિમિત્ત બનતા નથી; તેથી (नामि । 6–4–3 સૂત્રોક્ત) દીર્ઘની પ્રાપ્તિના પ્રસંગમાં ઉક્ત પ્રતિષેધવચન ઉપપન્ન બની રહે છે. અન્યથા (ऋन्नेभ्यो ङीप् । 4–1–5 સૂત્રવિહિત) ङीप् પ્રત્યયના વ્યવધાનમાં नामि । 6–4–3 સૂત્રવિહિત દીર્ઘની અપ્રાપ્તિ હોવાથી અને ङीप् પ્રત્યય ગુણ 'દીર્ઘ' કે 'અદીર્ઘ'થી અવિશેષિત હોવાથી દીર્ઘનો પ્રતિષેધ અનર્થક બની જાત.

આ પરિભાષા અનિત્ય છે. જો આ પરિભાષા નિત્ય હોત તો–(૧) दाक्षिः। प्लाक्षिः । જેવાં ઉદાહરણોમાં અ કારના સંનિપાતમાં (अदन्तत्व ને કારણે) કરવામાં આવેલો, अत इञ् । 4–1–95 સૂત્રોક્ત इ પ્રત્યય અ કાર લોપમાં નિમિત્ત ન બની શકત. (૨) क्रापयति । ઉદાહરણમાં (क्रीङ्जीनां णौ 6–1–48[1] સૂત્રવિહિત) आत्व पुक् । ના વિધાનમાં નિમિત્ત ન બનત. (૩) अदीदिपत् । ઉદાહરણમાં पुक् આગમ પરમાં રહેતાં હ્રસ્વ ન થઈ શકત. (૪) यासाम् । ઉદાહરણમાં, વિભક્તિના નિમિત્તે त्यदादीनाम् अः । 7–2–102 સૂત્રવિહિત અ કાર अजाद्यतष्टाप् । 4–1–4 સૂત્રોક્ત) टाप् વિધિમાં નિમિત્ત ન બની શકત. (૫) पपिवान् । तस्थिवान् જેવાં ઉદાહરણોમાં वस्वेकाजाद्घसाम् । 7–2–67 સૂત્રોક્ત इट् વિધિ, आतो लोप इटि च । 6–4–64 સૂત્રવિહિત આ કાર લોપમાં નિમિત્ત ન બનત. અને (૬) हे नदि । हे कुमारि । ઉદાહરણોમાં (अम्बार्थनद्योः

હ્રસ્વઃ । 7-3-107 સૂત્રથી) નદીસંજ્ઞક શબ્દોને કહેવામાં આવેલું હ્રસ્વત્વ એङ् ह्रस्वात्संबुद्धेः 6-1-69 સૂત્રોક્ત) સંબુદ્ધિલોપમાં નિમિત્ત બનશે નહીં.

कष्टाय ક્રમણે । 3-1-14 સૂત્રમાંના કષ્ટાય એવા નિર્દેશમાં અકારાન્તત્વને નિમિત્તે ङेर्यः । 7-1-13 સૂત્રથી य આદેશ કર્યા પછી; यञ् પરમાં રહેતા सुपि च । 7-3-102 સૂત્રથી अ કારને દીર્ઘ કરવામાં આવ્યો છે, તેના ઉપરથી આ પરિભાષાનું અનિત્યત્વ સૂચવાય છે.

વ્યાડિ : (૧૦)

આ પરિભાષાની જ્ઞાપક-ચર્ચામાં જણાવ્યું છે કે वृक्षाय प्लक्षाय જેવાં ઉદાહરણોમાં દીર્ઘ કરવા માટે अतो दीर्घो यञि । 7-3-101 સૂત્ર કરવાની જરૂર ન હતી, કારણ કે अकृत्सार्वधातुकयोः । 7-4-25 સૂત્ર વડે જ તે સિદ્ધ રહેવાનો છે. એવી અવસ્થામાં 'य પરમાં રહેતાં દીર્ઘ થાય છે' એમ જે કહ્યું તેના ઉપરથી જ્ઞાપિત થાય છે કે અકારાન્ત સંનિપાત જાતીયક (ङेर्यः । સૂત્ર પ્રાપ્ત य કાર) अ કારના વિઘાતમાં નિમિત્ત બનતો નથી. આની ઉપરથી પ્રકૃત પરિભાષાનું અસ્તિત્વ સૂચવાય છે.

આ પછી વ્યાખ્યાનકારે આ પરિભાષાના પ્રયોજન રૂપે शतानि । सहस्राणि । જેવાં ઉદાહરણોને સમજાવ્યાં છે. પરંતુ આગળ ઉપર તેનું પ્રત્યાખ્યાન કર્યું છે. જેમકે, ष्णान्ताषट् । 1-1-24 સૂત્રમાં अन्त ગ્રહણનું પ્રત્યાખ્યાન કરીને તેનું પ્રયોજન નિર્દેશતાં કહ્યું કે જે સંખ્યા નિત્ય ष કારાન્ત અને न કારાન્ત હોય તેની જ षट् સંજ્ઞા થાય છે. આ (शतानि) સંખ્યા નિત્ય न કારાન્તા નહીં હોવાથી षट् સંજ્ઞાનો પ્રસંગ જ નથી, તો પછી કેવી રીતે षट् સંજ્ઞાશ્રિત जस-शस् નો लुक् પ્રાપ્ત રહેવાનો છે ?

આ જ પ્રમાણે इजादेश्च गुरुमतोऽनृच्छः । 3-1-36 અને अच्चे घेः । 7-3-119 સૂત્રોમાંના मतुप्निर्देश અને अत् કરણનાં અન્ય પ્રયોજનો નિર્દેશીને, વ્યાખ્યાનકારે इयेष उवोष અને शकटौ । पद्यत्तौ । જેવાં પ્રયોજનોનું પણ ખંડન કર્યું છે.

વ્યાખ્યાનને અંતે જણાવ્યું છે કે આમ આ પરિભાષાનાં બધાં પ્રયોજનોનું ખંડન થઈ જતું હોવાથી બીજાં પ્રયોજનો શોધવાં જોઈએ.

સીરદેવ : (૬૪)

સીરદેવે મહદંશે પુરુષોત્તમદેવના વ્યાખ્યાનને અનુસરીને આ પરિભાષાને સમજાવી છે. પરંતુ પુરુષોત્તમદેવે નિર્દેશેલું આ પરિભાષાના અનિત્યત્વનું જ્ઞાપક-

પ્રમાણે સીરદેવ સ્વીકારતા નથી. સીરદેવના મતે नलोपः सुप्स्वरसंज्ञातुग्विधिषु कृति । 8-2-2 સૂત્રસ્થ તુક્ ગ્રહણ જ આ પરિભાષાના અનિત્યત્વમાં જ્ઞાપક છે. જો આ પરિભાષા નિત્ય હોત તો वृत्रहभ्याम् । જેવા રૂપમાં આ પરિભાષા વડે જ તુક્ની અપ્રાપ્તિ રહેત, તેવી અવસ્થામાં તુક્ ગ્રહણ અનર્થક બની જાય છે.

નીલકંઠ : (૭૫)

નીલકંઠ પરિભાષાર્થ આ પ્રમાણે રજૂ કરે છે: સંનિપાત એટલે બેનો સંબંધ તે સંબંધના નિમિત્તો જે વિધિ રહેલો હોય તે વિધિ, તે સંબંધના વિઘાતક વિધિની પ્રત્યે અનિમિત્ત રહે છે.

પુરુષોત્તવદેવાદિથી જુદા પડીને નીલકંઠ આ પરિભાષાનું જ્ઞાપક આ પ્રમાણે રજૂ કરે છે: वामि ह्रस्वश्च । એવું સૂત્ર નહીં કરીને वामि । 1-4-5 તથા ङितिह्रस्वश्च । 1-4-6 એવાં બે સૂત્રો આચાર્યે કર્યાં છે, તેના ઉપરથી પ્રકૃત પરિભાષા જ્ઞાપિત થાય છે.

હરિભાસ્કર : (૬૬)

અહીં આ પરિભાષાના મૂળમાં પ્રસિદ્ધ લૌકિક ન્યાય રહેલો છે તેમ જણાવીને (પુરુષોત્તમદેવ અને) સીરદેવ પ્રોક્ત જ્ઞાપકનું ખંડન કરવામાં આવ્યું છે. જેમકે, तिसृ । चतसृ । શબ્દોનો પાઠ स्वस्रादि ગણમાં કર્યો હોવાથી न षट्स्वस्रादिभ्यः । 4-1-10 સૂત્રથી ङीप्ની અપ્રાપ્તિ જ રહેવાની છે. તેથી नामि । 6-4-3 સૂત્રોક્ત દીર્ઘની પ્રાપ્તિને રોકવા માટે न तिसृचतसृ । 6-4-4 એવો નિષેધ જરૂરી છે. આમ, न तिसृचतसृ । 6-4-4 નિષેધ પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક બની શકે તેમ નથી. પરંતુ स्वस्रादि ગણમાં તે બે શબ્દોનો પાઠ હોવાથી પ્રકૃત પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે.

નાગેશ : (૫)

હરિભાસ્કરે આ પરિભાષાને પ્રસિદ્ધ ન્યાયમૂલા કહી છે; નાગેશે આ મુદ્દાને સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે 'ઉપજીવ્યનો વિરોધ કરવો અયોગ્ય છે;' તેવા ન્યાયમૂલક આ પરિભાષા છે.

પરિભાષામાં વપરાયેલા 'सन्निपात' શબ્દનો 'બેનો સંબંધ' એવો અર્થ આપીને તેમણે વિશેષ સ્પષ્ટતા ઉમેરી છે કે અહીં 'સંનિપાત' શબ્દ વડે કેવળ પૂર્વ-પરનો સમ્બન્ધ લેવાનો નથી. પરંતુ વિશેષ્ય-વિશેષણભાવ રૂપ સંબંધ પણ ગ્રહણ કરવાનો છે. આને પરિણામે ग्रामणिकुलम् । વગેરેમાં નપુંસક હ્રસ્વત્વ થયા પછી પણ ह्रस्वस्य पिति कृति तुक् 6-1-71 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

આ પરિભાષામાં વપરાયેલા સંનિપાત' શબ્દથી બધા પ્રકારના સંબંધનું ગ્રહણ થાય છે. તેથી જ વાર્તિકકારે આ પરિભાષાનો દોષ ગણાવતી વખતે કહ્યું છે કે वर्णाश्रयः प्रत्ययो वर्णविचालस्यानिमित्तं स्यादिति ॥

નાગેશે આ પરિભાષાના સંદર્ભમાં બીજી બે સ્પષ્ટતાઓ પણ આગળ ઉપર નોંધી છે. જેમકે; (૧) જ્યાં સંનિપાતનો વાસ્તવિક નાશ થઈ ગયો હોય ત્યારે ત્યાં અસિદ્ધત્વને કારણે અથવા સ્થાનિવદ્ભાવને કારણે તે નાશ નથી થયો તેવો આતિદેશિક સંનિપાતવિઘાતનો અભાવ માની શકાતો નથી. કારણ કે ભાષ્યકારે આવા સ્થળે પણ પ્રકૃત પરિભાષાની પ્રવૃત્તિ માની અતિવ્યાપ્તિ દોષ દર્શાવ્યો છે. (૨) અન્ય સૂત્રની પ્રવૃત્તિ થઈને, જે બંનેના સંનિપાતનો નાશ થાય છે તે બંનેનો નિર્દેશ; તે બંનેના સંનિપાતને આધારે થનાર કાર્યનું જે સૂત્રમાં વિધાન હોય તે સૂત્રમાં હોવો જ જોઈએ—તેવો આગ્રહ નથી. આ કારણે જ दाक्षिः । એવા સ્થળે, अ કારાન્ત પ્રકૃતિ दक्ष અને इञ् પ્રત્યય, આ બન્નેના સંનિપાતને આધારે થયેલી અંગ સંજ્ઞા (આ પરિભાષા હોવાથી) यस्येति च । 6-4-148 સૂત્રથી दक्षमांना अ કારનો લોપ કરવામાં નિમિત્ત નહીં બને—આવી શંકા કરીને ભાષ્યકારે कृन्मेजन्तः । 1-1-39 સૂત્રભાષ્યમાં આ પરિભાષાને અનિત્ય માની ઉક્ત શંકાનું સમાધાન કર્યું છે. આ ચર્ચા વડે આપણે જોઈ શકીએ છીએ કે અંગસંજ્ઞાવિધાયક સૂત્રમાં अदन्त પ્રકૃતિનું ગ્રહણ કર્યું નથી. જો ઉપર્યુક્ત આગ્રહ રાખવામાં આવતો હોત તો ભાષ્યકારે આ શંકા કરી ન હોત.

આ પરિભાષાની ચર્ચાનું સમાપન કરતાં નાગેશે જણાવ્યું છે કે 'न यासयोः । 7-3-45 સૂત્રનિર્દેશથી પ્રકૃત પરિભાષા અનિત્ય છે, અને ભાષ્યકારે ગણાવેલાં આઠ સ્થળો સિવાય અન્યત્ર આ પરિભાષા નિત્ય છે. કારણ કે ભાષ્યકારે જ કહ્યું છે કે બધા દોષો પરિગણિત કરી લેવામાં આવ્યા છે. જે આઠ સ્થળે આ પ્રકૃત પરિભાષા અનિત્ય છે. તે નીચે મુજબ છે:

(૧) दाक्षिः । વર્ણાશ્રિત પ્રત્યયવિધિ વર્ણના નાશમાં કારણભૂત બનતો નથી, પરંતુ પ્રકૃત પરિભાષા અનિત્ય માનવાથી दाक्षिः । રૂપ બની શકે છે.

(૨) क्रापयति । અહીં आत्व થઈ ગયા પછી पुक् વિધિ કરવા માટે પરિભાષાને અનિત્ય માનવી પડી છે.

(૩) अदीदपत् । અહીં पुगागम થઈ ગયા પછી હ્રસ્વ વિધિ કરવા માટે પરિભાષાને અનિત્ય માનવી પડી છે.

(૪) यासा । જેવાં રૂપોમાં त्यदादि अ કાર થયા પછી ટાપ્ ની પ્રવૃત્તિ માટે પરિભાષાને અનિત્ય માનવી પડી છે.

(૫) पपिवान् । અહીં ઇડાગમ કર્યા પછી આ કાર લોપ અર્થે આ પરિભાષાને અનિત્ય માનવી પડી છે.

(૬) अग्निमान् । परमवाचा । અહીં ह्रस्वनुड्भ्यां मतुप् । 6-1-176 અને अन्तोदात्तादुत्तरपदात् । 6-1-169 । સૂત્રો વડે मतुप् અને વિભક્તિ પ્રત્યય ટા ઉદાત્ત થાય તે પછી તેની પૂર્વેનાં વર્ણોને નિઘાત થાય તે માટે પ્રકૃત પરિભાષાને અનિત્ય માનવી પડી છે.

(૭) नदि । कुमारि । વગેરેમાં હ્રસ્વ થયા પછી સમ્બુદ્ધિ પ્રત્યયનો લોપ કરવા માટે આ પરિભાષાને અનિત્ય માનવી પડી છે.

(૮) कष्टाय । અહીં य આદેશ કર્યા પછી सुपि च । 7-3-102 થી દીર્ઘ કરવા માટે પ્રકૃત પરિભાષાને અનિત્ય માનવી પડે છે.

ઉપસંહાર :

ભાષ્યમાં આ પરિભાષાની ઉપપત્તિદર્શક જ્ઞાપક રજૂ કર્યું નથી, તથાપિ ભાષ્યચર્ચામાંથી જ સૂચન લઈને પુરુષોત્તમદેવે આ પરિભાષાનું જ્ઞાપક યુક્તિપૂર્વક રજૂ કર્યું છે. તથા આ પરિભાષાની લગભગ સર્વાંગીણ ચર્ચા પ્રસ્તુત કરી છે. સીરદેવે પુરુષોત્તમદેવનું અનુસરણ કર્યું છે અને કોઈ વિશેષ વિગત આપી નથી. કેવળ પ્રકૃત પરિભાષાના અનિત્યત્વમાં જ્ઞાપકાન્તરનો નિર્દેશ કર્યો છે.

હરિભાસ્કરે પુરુષોત્તમદેવે નિર્દેશેલા જ્ઞાપકનું ખંડન કરીને પ્રકૃત પરિભાષાને ન્યાયમૂલા કહી. આ ન્યાયનું સ્વરૂપ આપણને નાગેશની ચર્ચામાંથી જાણવા મળે છે. નાગેશે પરિભાષાર્થને સૂક્ષ્મતાથી સમજાવીને 'संनिपात' શબ્દનો અર્થ 'વિશેષણવિશેષ્યભાવરૂપ સંબંધ' પણ લેવાનો છે, તેવી સ્પષ્ટતા કરી છે. આ પરિભાષાના સંદર્ભમાં નાગેશે જણાવ્યું છે કે ભાષ્યકારે નિર્દેશેલા આઠ સ્થળે જ આ પરિભાષા અનિત્ય છે.

नानुबन्धकृतमनेकाल्त्वम् ॥ ११ ॥

(અનુબન્ધકૃત અનેકાલ્ત્વનું આશ્રયણ થતું નથી.)

અનુબન્ધકૃત અનેકાલ્ત્વનું આશ્રયણ થતું નથી. પરિણામે द्यौः । અને

द्युभ्याम् । રૂપોમાં दिव् ને औत्[1] અને उत्[2] એવા સર્વાદેશ થતા નથી.

અનેકાલત્વને કારણે જ સર્વાદેશ સિદ્ધ હતો. તેવી પરિસ્થિતિમાં अनेकाल्-शित्सर्वस्य । 1-1-55 સૂત્રમાં કરેલું शित् કરણ અહીં જ્ઞાપક છે. જો અનુબન્ધકૃત અનેકાલત્વનો સ્વીકાર થતો હોય તો વ્યતિબૂમવે । વગેરે રૂપોમાં એશ વગેરેનું[3] शित्व- હોવા છતાંય, અનેકાલત્વને કારણે જ સર્વાદેશ સિદ્ધ રહે છે. અને તેને કારણે પૃથક્ शित् કરણ ન કર્યું હોત.

પરંતુ જો આમ થતું હોત તો, डा-णल् વગેરેના સર્વાદેશત્વનું સમાધાન કરવું જોઈએ.[4]

વ્યાડિ : (૧૨)

'પરિભાષાસૂચન'માં કોઈ વિશેષ નોંધ નથી. ऊदुपधाया गोहः 6-4-89 સૂત્રસ્થ ऊद् આદેશ અનેકાલ્ છે, પરંતુ તે સર્વાદેશ થશે નહીં. કારણ કે द्कार અનુબન્ધ સહિતનો તે અનેકાલ્ છે; સ્વતંત્રપણે નહીં.

સીરદેવ : (૬)

(अर्वन् શબ્દના) अर्वन्तौ । अर्वन्तः । રૂપોમાં अर्वणस्त्रसावनञः । 6-4-127 સૂત્રવિહિત तृ આદેશ અન્ત્ય न् કારને જ થાય, સમગ્ર अर्वन् શબ્દને ન થાય; તે આ પરિભાષાનું પ્રયોજન છે.

સીરદેવે આ પ્રમાણે પ્રયોજન નિર્દેશ કર્યા પછી પુરુષોત્તમદેવોક્ત પ્રયોજનોનું ખંડન કર્યું છે. તેમણે જણાવ્યું કે दिव उत् । 6-1-131 સૂત્રથી उ કારનું વિધાન છે. જેમકે, तपरस्तत्कालस्य । 1-1-70 સૂત્રથી उत् એવી સંજ્ઞા उ કારમાત્રની કરવામાં આવી છે. પરિણામે दिव उत् । 6-1-131 સૂત્ર વડે કેવળ उકારનું જ વિધાન કરવામાં આવે છે; उत् શબ્દનું નહીં.

---

૧. दिव औत् । 7-1-84

૨. दिव उत् । 6-1-131

૩. लिटस्तझयोरेशिरेच् । 3-4-81

૪. અર્થાત્ જો અનુબન્ધકૃત અનેકાલત્વનું આશ્રયણ થતું નથી. તો પછી (लुटः प्रथमस्य डारौरसः । 2-4-85 – સૂત્રોક્ત) डा અને (परस्मैपदानां णलतुसुस्थलथुसुस्णल्वमाः । 3-4-82 સૂત્રોક્ત) णल् – જેવા આદેશો કેવી રીતે સર્વાદેશ બન્યા છે ? તે સમજાવવું જોઈએ. આ સમજૂતી આપણને સીરદેવના વ્યાખ્યાનમાં મળશે.

વિશેષમાં સીરદેવે સ્પષ્ટ કર્યું છે કે "અનુબન્ધો અવયવ હોય છે" તેવો પક્ષ સ્વીકારો ત્યારે જ આ પરિભાષા પ્રસ્તુત બને છે.

સંભવ છે કે નાગેશ ભટ્ટે ઉપર્યુક્ત સ્પષ્ટીકરણમાંથી પ્રેરણા મેળવીને 'પરિભાષેન્દુશેખર'માં અનુબન્ધોનું સ્વરૂપ સ્પષ્ટ કરતી બે પરિભાષાઓ, अनेकान्ता अनुबन्धा इति । 4 અને एकान्ताः । 5 રજૂ કરી હોય.

પ્રકૃત પરિભાષાના અસ્તિત્વમાં ડા–णल् આદેશોનું સર્વાદેશત્વ સિદ્ધ રહેતું નથી. આ માટે પુરુષોત્તમદેવે જણાવ્યું હતું કે વિશેષયત્ન કરીને આવા આદેશોનું સર્વાદેશત્વ સિદ્ધ કરવું જોઈએ. આથી સીરદેવ જણાવે છે કે णल् આદિ આદેશોનું સર્વાદેશત્વ આનુપૂર્વીથી સિદ્ધ રહે છે. જેમકે, णल् નો સર્વાદેશ થયા પછી, णल् નો ण કાર 'ઉપદેશ' કહેવાશે. તેમાં પ્રત્યયાદિત્વ આવતાં चुटू । 1–3–7 સૂત્રથી इत् સંજ્ઞા થશે અને ત્યાર પછી અનુબન્ધત્વ મળશે. આમ, જ્યાં સર્વાદેશપૂર્વકનું અનુબન્ધત્વ રહેતું હોય ત્યાં; તે અનુબન્ધત્વ સર્વાદેશતાનો નાશ કરવા માટે શક્તિમાન બનતું નથી. કારણ કે સર્વાદેશતાની પહેલેથી જ નિષ્પત્તિ રહેતી હોય છે.

નીલકંઠ : (૬)

સીરદેવની ઉપર્યુક્ત ચર્ચાનો તત્ત્વાર્થ સંગૃહીત કરીને નીલકંઠે પ્રકૃત પરિભાષાનો અર્થ આપ્યો છે. જેમકે, इत् સંજ્ઞકવર્ણકૃત અને સર્વાદેશમાં પ્રયોજકીભૂત અનેકાલ્ત્વનું આશ્રયણ થતું નથી. બીજી વિશેષ નોંધ નથી.

હરિભાસ્કર : (૬)

પરિભાષાભાસ્કરમાં કોઈ વિશેષ ચર્ચા નથી.

નાગેશ : (૬)

તેમણે સીરદેવોક્ત ચર્ચાનો ઉપયોગ કરીને આ પરિભાષાનું વ્યાખ્યાન કર્યું છે. જેમકે, આ પરિભાષાની અવતરણિકામાં જણાવ્યું છે કે "અનુબંધો અવયવ છે." તેવો પક્ષ લેતાં પ્રકૃત પરિભાષા રજૂ કરવી પડે છે. અન્યથા औश् આદિની સર્વાદેશતા સિદ્ધ રહેતાં अनेकाल्० । 1–1–55 સૂત્રમાં शित् ગ્રહણ વ્યર્થ જશે.

ત્યાર પછી તેમણે સીરદેવે નિર્દેશેલાં પ્રયોજનનો સ્વીકાર કર્યો છે. અને 'डाणल्' આદિના વિષયમાં સર્વાદેશત્વ આનુપૂર્વીથી સિદ્ધ રહે છે તેમ જણાવીને સીરદેવોક્ત સમાધાનનો પણ સ્વીકાર કર્યો છે.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે આ પરિભાષાના જ્ઞાપક, પ્રયોજનાદિની વિગતે ચર્ચા કરી છે. વિશેષમાં તેમણે ધ્યાન દોર્યું છે કે પ્રકૃત પરિભાષાના અસ્તિત્વમાં ડાણલ્ આદિ આદેશોનું સર્વાદેશત્વ સિદ્ધ કરવા વિશેષ યત્ન કરવો પડશે.

સીરદેવે, આના અનુસંધાનમાં ચર્ચા આગળ ચલાવી છે અને જણાવ્યું છે કે આ પરિભાષાનું સાચું પ્રયોજનસ્થળ કયું છે. આ પરિભાષા ક્યારે પ્રસ્તુત બને છે અને ડા,ણલ્ આદિના સર્વાદેશત્વને સિદ્ધ કરવા માટે શી યુક્તિ રજૂ કરવી પડશે. આમ, સીરદેવે સર્વાંગીણ ચર્ચા રજૂ કરી છે; જેનો નાગેશ ભટ્ટે પણ સંવાંશે સ્વીકાર કર્યો છે.

नानुबन्धकृतमसारूप्यम् ॥ १२ ॥

(અનુબન્ધગત અસારૂપ્યને સ્વીકારવામાં આવતું નથી)

અનુબન્ધકૃત અસારૂપ્યનું આશ્રયણ થતું નથી. પરિણામે गोदः જેવા आतोऽनुपसर्गे कः । 3-2-3 સૂત્રવિહિત પ્રત્યયના વિષયમાં (वासरूपोऽस्त्रियाम् । 3-1-94 वासरूप વિધિ વડે कर्मण्यण् 3-2-1 સૂત્રોક્ત अण् પ્રત્યય થતો નથી.

विभाषाकृवृषोः । 3-1-120 સૂત્ર વડે ण्यत्‌ના વિષયમાં વિકલ્પે क्यप्‌નું વિધાન કર્યું છે તે અહીં જ્ઞાપક છે. જો અનુબન્ધકૃત અસારૂપ્યનો સ્વીકાર થતો હોય તો वासरूप વિધિ વડે જ कृत्यम् । कार्यम् । અને वृष्यम् । वर्ष्यम् । જેવાં રૂપોમાં क्यप् અને ण्यत् પ્રત્યયો સિદ્ધ રહેત.

વ્યાડિ : (૧૩)

પુરુષોત્તમદેવમાં પ્રાપ્ત થતી ચર્ચા અહીં વિશદ રૂપે મળે છે. બીજી કોઈ વિશેષ નોંધ નથી.

સીરદેવ : (૩૮)

'અનુબન્ધકૃત અસારૂપ્યનો સ્વીકાર નથી થતો' એવા પરિભાષાર્થની પૂર્વપક્ષીએ એક યુક્તિથી સિદ્ધિ દર્શાવી છે. જેમકે, જો અનુબન્ધકૃત વૈરુપ્યનો પણ સ્વીકાર થતો હોય તો वाऽसरूपोऽस्त्रियाम् । 3-1-94 સૂત્રસ્થ असरूप ગ્રહણ વ્યર્થ છે. આથી असरूप ગ્રહણ સામર્થ્યથી પ્રયોગગત અસારૂપ્યનું આશ્રયણ થશે. એવી સ્થિતિમાં क અને अण् પ્રત્યયોનું પ્રયોગમાં અસારૂપ્ય નથી. પરિણામે ત્યાં वासरूप વિધિ થશે જ નહીં. અર્થાત્ પ્રકૃત પરિભાષા કરવાની જરૂર નથી.

---

૧. अस्यां पुक्कियां सीरदेवाशयो दूरधिगमः ॥
પરિભાષાસંગ્રહ: પાન-૨૮૨.

આ પૂર્વપક્ષનો પરિહાર કરતાં જણાવ્યું છે કે અનુબન્ધ સારૂપ્યમાં વાસરૂપ વિધિની પ્રવૃત્તિ ન થાય તે માટે असरूप ગ્રહણ કર્યું છે. જેમ (૧) इगुपधज्ञाप्रीकिरः कः 3-1-35 અને मूलविभुजादिभ्य उपसंख्यानम्। 3-2-5, वा-2 વિહિત क છે. તથા (૨) पचाद्यच् 3-1-134 અને हरतेरनुद्यमनेऽच्। 3-2-9 સૂત્રોથી अच्નું વિધાન છે.

(હવે જો પૂર્વપક્ષી જણાવે કે અનુબન્ધ સારૂપ્યમાં પણ વાસરૂપ વિધિ થતી હોય તો નિત્ય એવા ઉપપદ સમાસના અભાવને કારણે मूलानां विभुजोऽशस्य हरः। એવો પ્રયોગ પણ થાય. માટે પૂર્વોક્ત અભિપ્રાય- આ પરિભાષાનો અસ્વીકાર-અપ્રતિહત છે.

તો સીરદેવ જણાવે છે કે આ ખોટું છે. કારણ કે मूलविभुजादिभ्यः। તે વાર્તિક અનર્થક છે. અને अकारादनुपपदात्सोपपदो भवति विप्रतिषेधेन। એવું વચન છે. વિશેષમાં સીરદેવ જણાવે છે કે અંતરંગત્વને કારણે નિરુપપદ થશે અને પછી વાસરૂપ વિધિથી સોપપદ થશે. - પરંતુ "બૃહત્પરિભાષાવૃત્તિ ટિપ્પણી"માં શ્રીમાન્ શર્માએ જણાવ્યું છે એ મુજબ આ ફક્કિકા રજૂ કરવામાં સીરદેવનો શો આશય છે, તે દુરધિગમ છે.)[1]

નીલકંઠ : (૮)

અહીં સીરદેવે પ્રસ્તુત કરેલી ચર્ચાને સ્વીકારીને ભાષ્યોક્ત જ્ઞાપક રજૂ કરવામાં આવ્યું છે. જેમકે, ददातिदधात्योर्विभाषा 3-1-139 સૂત્રસ્થ વિભાષા ગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. અન્યથા, વાસરૂપ ન્યાયથી જ ण् પ્રત્યયની પ્રવૃત્તિ થઈને दायः। धायः। અને श પ્રત્યયની પ્રવૃત્તિ થઈને ददः। दधः। એવાં રૂપો સિદ્ધ રહે છે. તેવી પરિસ્થિતિમાં વિભાષા ગ્રહણનું શું પ્રયોજન છે? અર્થાત્ વિભાષા ગ્રહણ આ પરિભાષામાં જ્ઞાપક બને છે.

હરિભાસ્કર : (૪૦)

સીરદેવે રજૂ કરેલી ચર્ચાનો તેમણે અતિસંક્ષેપમાં નિર્દેશ કર્યો છે અને બીજી કોઈ વિશેષ નોંધ મૂકી નથી.

નાગેશ : (૮)

નાગેશ ભટ્ટે પણ સીરદેવાદિ વડે રજૂ કરવામાં આવેલી ચર્ચાનો સ્વીકાર કર્યો છે અને વિશેષ નોંધનીય કોઈ ચર્ચા કરી નથી.

ઉપસંહાર :

આ પરિભાષાના વ્યાખ્યાનમાં કોઈ મતભેદ રજૂ થયા નથી. તથાપિ આ પરિભાષાના જુદાં જુદાં પ્રયોજનો અને જ્ઞાપકો નિર્દેશીને નાવીન્ય પ્રદર્શનનો શોખ પોષવામાં આવ્યો છે.

नानुबन्धकृतमनेजन्तत्वम् ॥१३॥

(અનુબન્ધ પ્રયુક્ત અનેજન્તત્વ સ્વીકારાતું નથી)

અનુબન્ધકૃત અનેજન્તત્વ[1] નું આશ્રયણ થતું નથી. પરિણામે દાપ્ ધાતુની જેમ દૈપ્ ધાતુને પણ दाधाघ्वदाप् । 1-1-20 સૂત્રોક્ત ઘુ સંજ્ઞાનો પ્રતિષેધ લાગે છે. અને अवदातं मुखम् । એવો પ્રયોગ થાય છે.

उदीचां माङो व्यतीहारे । 3-4-19 સૂત્રમાં વ્યતીહાર અર્થવાળા મેઙ્ ધાતુને આત્વ કરીને[2] નિર્દેશ કર્યો છે તે અહીં જ્ઞાપક છે. પરંતુ જો મેઙ્ ધાતુને અનેજન્ત માન્યો હોત તો આત્વ ન થયું હોત.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા રજૂ કરવામાં આવી નથી.

સીરદેવ : (૪૫)

કેટલાક વ્યાખ્યાનકારોએ આ પરિભાષાનું પ્રયોજન વર્ણવતાં જણાવ્યું છે કે दाधाघ्वदाप् । 1-1-20 સૂત્રમાં दा અને धा ગ્રહણથી देङ् અને धेट्નું પણ ગ્રહણ થાય છે. અન્યથા અનુબન્ધ જવા છતાંય ઉપદેશમાં એજન્તત્વના અભાવને કારણે, चेता । स्तोता । ની જેમ આત્વ નો અભાવ રહેતાં देङ् અને धेटનું ગ્રહણ થશે નહીં.

સીરદેવ જણાવે છે કે આ પ્રયોજન ઉચિત નથી. કારણ કે स्यसिच्सीयुट्तासिषु० । 6-4-62 સૂત્રમાં अच् ગ્રહણ કરીને ગ્રહનું ઉપાદાન કર્યું છે; તેનાથી "ઉપદેશને આશ્રયે જે કાર્ય કરવામાં આવે છે. તેમાં અનુબન્ધનું આશ્રયણ થતું નથી." તેવો અર્થ જ્ઞાપિત કરવામાં આવ્યો છે. પરિણામે અનુબન્ધ લુપ્ત થયા પછી પણ એજન્તત્વના આશ્રયણથી આત્વ થશે જ. અને આત્વ થશે તો दा-धा

---

૧. एच् પ્રત્યાહારસ્થ વર્ણ જેને અંતે નથી તે અનેજન્ત. અનેજન્તનો ભાવ તે અનેજન્તત્વ.

૨. आदेच उपदेशेऽशिति । 6-1-45

થી દેङ्-ઘેટનું પણ ગ્રહણ થશે. અર્થાત્ પ્રકૃત પરિભાષાનું ઉપર્યુક્ત પ્રયોજન નથી.

ત્યાર પછી સીરદેવે, પુરુષોત્તમદેવે નિર્દેશેલા પ્રયોજનને રજૂ કર્યું છે. વિશેષમાં, આ સન્દર્ભમાં એક નવીન ચર્ચાને પણ રજૂ કરી છે. જેમકે, અદાપ્ (1-1-20) નિષેધ દૈપ્ને પણ લાગુ પડે અને તેને પરિણામે અવદાતમ્ । એવાં રૂપની સિદ્ધિ થાય તે જ જો આ પરિભાષાનું પ્રયોજન હોય તો દાધા ઘ્વપિત્ । એવો સૂત્રન્યાસ કરો. દાધા ઘ્વપિત્ । એવું સૂત્ર કરવાથી દૈપ્ ધાતુ પણ પિત્ હોવાથી ઘુ - સંજ્ઞાનો પ્રતિષેધ સિદ્ધ રહેશે. અને આવું સૂત્ર કરવાથી લાઘવ પણ થાય છે. નાનુબન્ધકૃતમનેજન્તત્વમ્ । પરિભાષાનો પણ આશ્રય લેવો નહીં પડે.

ઉપર્યુક્ત ચર્ચાનો પ્રત્યુત્તર આપતાં સીરદેવ જણાવે છે કે દાધાઘ્વપિત્ । એવું સૂત્ર કરવાથી લક્ષણપ્રતિપદોક્તયોઃ० । પરિભાષા અહીં (1-1-20) પ્રવર્તતી નથી" એ અર્થમાં ઘ્વપિત્ પ્રમાણ નહીં થાય. અદાપ્ એવો નિર્દેશ કરવાથી જેવી રીતે પ્રતિષેધમાં લાક્ષણિક દૈપ્નું પણ ગ્રહણ થાય છે. તેવી રીતે વિધિમાં પણ દા-ધા ગ્રહણથી લાક્ષણિકનું ગ્રહણ પણ ઉપપન્ન રહે છે. - આ લાભ 'ઘ્વપિત્' નિર્દેશ કરવાથી પ્રાપ્ત થશે નહીં.

આ સન્દર્ભમાં આગળ ચર્ચા ચલાવતાં સીરદેવ જણાવે છે કે અપૌ એવો નિર્દેશ પણ નહીં કરી શકાય. કારણ કે પ્રણિદાપયતિ । ઉદાહરણમાં પુક્ આગમ થતાં અપૌ તેવો પ્રતિષેધ પ્રવૃત્ત થવાની શંકાનો પ્રસંગ આવે છે, પરંતુ જો 'અપિતૌ' તેવો નિર્દેશ કરવામાં આવે તો ઉક્ત શંકાનો પરિહાર થઈ શકે, તો પણ તેવો નિર્દેશ કર્યો નથી.

નીલકંઠ : (૭)

તેમણે કોઈ વિશેષ ચર્ચા રજૂ કરી નથી.

હરિભાસ્કર : (૪૬)

અવદાતમ્ મુખમ્ । એ પ્રયોજન નિર્દેશના સન્દર્ભમાં હરિભાસ્કરે સીરદેવમાંથી સૂચન લઈને, જણાવ્યું છે કે દિવાદિ ગણમાં દાપ્ શોધને । તેવો ધાતુ વાંચવો જોઈએ. એટલે કે અવદાતમ્ એ રૂપમાં દાપ્ ધાતુ જ છે, દૈપ્ નથી. - આવો ભાષ્યકારનો આશય છે.

નાગેશ : (૭)

તેઓ પ્રકૃત પરિભાષાની જ્ઞાપક ચર્ચામાં સૂક્ષ્મતા કરતાં જણાવે છે કે उदीचां माङो व्यतीहारे । 3-4-19 સૂત્રમાં मेङ् ધાતુને એજન્ત માનીને આત્વ

કર્યું છે, તે અહીં પ્રમાણ છે.- અહીં કોઈ એવી શંકા કરે કે અનુબન્ધ વિશિષ્ટ મેડ્ને ધાતુત્વ જ પ્રાપ્ત થવાનું નથી. કારણ કે અનુબન્ધનો લોપ થયા પછી જ ધાતુત્વ રહે છે; તેવું न धातुलोप आर्धधातुके । 1-1-4 સૂત્ર ઉપર ભાષ્ય અને 'પ્રદીપ'માં સ્પષ્ટ કર્યું છે. પરિણામે આત્વ જ કેવી રીતે થશે ?

પરંતુ નાગેશ ભટ્ટ ઉપર્યુક્ત શંકાનો પ્રત્યુત્તર આપતાં જણાવે છે કે आदेच उपदेशेऽशिति । 6-1-45 એવાં આત્વ વિધાયક સૂત્રમાં धातोः । 6-1-8 સૂત્રની અનુવૃત્તિ નિવૃત્ત થઈ ગઈ છે.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે વિશદ વ્યાખ્યાન કરીને સર્વાંગીણ પરિભાષાર્થ મૂક્યો છે. સીરદેવે નાવીન્ય પ્રદર્શનાર્થ ઉપાયાન્તરે અને લાઘવથી પ્રસ્તુત પ્રયોજન સિદ્ધ કરી શકાય કે નહીં, તેની રસપ્રદ ચર્ચા રજૂ કરી છે. નીલકંઠ અને હરિભાસ્કરને વિશેષ કાંઈ કહેવાનું નથી. અને નાગેશ ભટ્ટે આ પરિભાષાના જ્ઞાપકના દૃઢીકરણાર્થે જે વિશેષ યત્ન કર્યો છે, તે નોંધપાત્ર છે.

एकदेशविकृतमनन्यवत् ॥ १४ ॥

(કોઈ શબ્દનો એકદેશ-એક અંશ-વિકૃત થયો હોય, તો પણ તે શબ્દ અન્ય-વત્ બનતો નથી અર્થાત્ એનો એ જ શબ્દ છે એમ ગણાય છે.)

નટ, પટ, ઘટ વગેરેના આદિ વર્ણનો બીજા પ્રકારે વ્યવહાર થતો જોવા મળે છે, એ કારણે આ અતિદેશ કહેવામાં આવ્યો છે. પરિણામે अतिजरसैः । ઉદાહરણમાં (अतिजर એવા સામાસિક શબ્દમાંના जर શબ્દને) जरस આદેશ (जरायाः जरसन्यतरस्याम् । 7-2-101 સૂત્રથી) સિદ્ધ થાય છે.

અવયવ-એકદેશ-વિકૃત થવાથી વિકૃત થયેલો શબ્દ-અવયવી-અન્ય શબ્દ જેવો થતો નથી, તેથી प्रहिणोमि । અને प्रमिणीते તેવાં રૂપોમાં हिनुमीना 8-4-15 સૂત્રથી णत्व સિદ્ધ રહે છે. कारिषीयास्ताम् । રૂપમાં સાવકાશ થતાં कारिषीष्ट એ રૂપમાં सी શબ્દનું सिच्-सीयुट् ગ્રહણથી ગ્રહણ સિદ્ધ રહે છે.[1]

પ્રક્રિયાદશામાં प्राग् दीव्यतोऽण् 8-1-83 સૂત્રસ્થ दीव्यत् એવા (વિકૃત)

---

૧. આ વાક્યોમાં પુરુષોત્તમદેવનો શો આશય છે, તે સ્પષ્ટ થતું નથી.

નિર્દેશની સિદ્ધિને અર્થે ભાષ્યકારે આ પરિભાષા રજૂ કરી છે.[૨] શબ્દને નિત્ય સ્વીકારતાં શબ્દમાં એકદેશ વિકાર નથી જ, કારણ કે પદો અખંડ છે.[૩]

आढ्यसुभग० । 3-2-56 સૂત્રમાં अच्चौ એવો પ્રતિષેધ કર્યો છે તે આ પરિભાષામાં જ્ઞાપક છે. તથા (અષ્ટાધ્યાયીનાં સૂત્રોમાં) तस्मै । तस्मात् । तस्मिन् । એવા આચાર્યનિર્દેશોમાં ત્યદાદિત્વ ને કારણે,[૪] એકદેશમાં વિકૃત થયેલા तद् આદિ શબ્દોને સર્વનામ સંજ્ઞા નિમિત્તક કાર્યો કર્યા છે તે પણ જ્ઞાપક છે.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં વ્યાખ્યાન માટે આ પરિભાષા રજૂ કરવામાં આવી નથી.

પરંતુ गौणमुख्ययोर्मुख्ये संप्रत्ययः । 4 પરિભાષાની ચર્ચા કરતાં આ પરિભાષાનો ઉલ્લેખ થયો છે. જેમકે, एकदेशविकृतमनन्यवदिति त्वग्निशब्द एव ।

આપણે 'વ્યાડિના પરિભાષાસૂચન અને પરિભાષાપાઠ'નો વિચાર કરતાં જોયું છે. તે મુજબ 'પરિભાષાસૂચન'ના કર્તા વ્યાડિ નથી, કોઈ અજ્ઞાતનામ વૈયાકરણ છે. તેથી एकदेशविकृतमनन्यवत् । પરિભાષાનો 'પરિભાષાસૂચન'માં ઉલ્લેખ થયો હોવા છતાંય, તે વ્યાડિને જ્ઞાત હતી તેમ કહી શકાશે નહીં.

સીરદેવ : (૪૦)

સીરદેવે, આ પરિભાષા લોકન્યાયસિદ્ધા પણ છે, તેમ દર્શાવ્યું છે. જેવી રીતે લોકમાં કૂતરાનો કાન કપાઈ જવા છતાંય તે કૂતરો જ રહે છે અને અશ્વ કે ગદર્ભ થતો નથી. તેવી રીતે આ શાસ્ત્રમાં પણ એકદેશવિકૃત થવા છતાંય જે તે શબ્દ અનન્યવત્ રહે છે.

---

૨. किं पुनः कारणं विकृतनिर्देशः क्रियते । एतज्ज्ञापयत्याचार्यो भवत्येषा परिभाषैकदेशविकृतमनन्यवद्भवतीति । किमेतस्याः ज्ञापने प्रयोजनम् । एकदेशविकृतेषूपसंख्यानं चोदितं तन्न कर्तव्यं भवति । 4-1-82 સૂત્રભાષ્ય.

૩. सर्वे सर्वपदादेशा दाक्षीपुत्रस्य पाणिनेः ।
एकदेशविकारे हि नित्यत्वं नोपपद्यते ॥ 1-1-20
અને 7-1-27 સૂત્રો ઉપરનું ભાષ્ય.

૪. त्यदादीनामः । 7-2-102 સૂત્રથી त्यद्, तद् વગેરે શબ્દોને अ કાર આદેશ થાય છે. જેમકે, तद्>अ—त । (द् ને સ્થાને अ અને પછી પરરૂપ થઈને त.) હવે આ એકદેશમાં વિકૃત થયેલા तद्>त ની પણ સર્વનામ સંજ્ઞા થાય છે, કારણ કે આ પરિભાષાએ એ પ્રકારનો અતિદેશ રજૂ કર્યો છે.

નીલકંઠ : (૨૫)

નીલકંઠ જણાવે છે કે આ પરિભાષા स्थानिवत्० 1-1-56 સૂત્ર ઉપરના ભાષ્યમાં વાર્તિક રૂપે પઠિત છે. તથા स्थानिवत्० । 1-1-56 સૂત્રમાં आदेश ગ્રહણથી જે અર્થ સિદ્ધ રહે છે, તેનું આ પરિભાષા નિરૂપણ કરે છે.

હરિભાસ્કર : (૪૨)

હરિભાસ્કરે આ પરિભાષાની પ્રયોજનવિચારણામાં જણાવ્યું છે કે સુદ્યો એવા ભાષિતપુંસ્ક શબ્દને ह्रस्वो नपुंसके प्रातिपदिकस्य । 1-3-47થી હ્રસ્વ કર્યા પછી પણ तृतीयादिषु भाषितपुंस्कं पुंवद् गालवस्य । 7-1-14 સૂત્રવિહિત પુંવદ્ભાવ થાય છે; તેવું 'રૂપમાલા'માં જણાવ્યું છે. આ પ્રયોજનમાં પુંવદ્ભાવ થતો નથી તેમ માધવાચાર્યે 'ધાતુવૃત્તિ'માં જણાવ્યું છે.

આમ, પ્રકૃત પરિભાષાના પ્રયોજનમાં આચાર્યોમાં મતભેદ પ્રવર્તે છે; તેની હરિભાસ્કરે નોંધ લીધી છે.

નાગેશ : (૩૭)

આ પરિભાષાના 'अनन्यवत्' શબ્દને સમજાવતાં નાગેશ જણાવે છે કે अन्यवत् નહીં તે अनन्यवत्. આ પ્રમાણે અન્યની સાથે સાદૃશ્યનો નિષેધ કરવાથી અન્યત્વનો અભાવ સુસ્પષ્ટ થઈ જાય છે.

આવી પરિભાષા હોવાથી એકદેશમાં વિકૃત થયેલા શબ્દથી પણ અર્થબોધ શક્ય બને છે. અન્યથા, વિકૃત શબ્દસ્વરૂપને મૂળ શબ્દથી ભિન્ન માનશો તો; જે વર્ણક્રમમાં અર્થબોધ કરાવવાની શક્તિ છે, તે વર્ણક્રમનું જ્ઞાન નહીં થતું હોવાથી તેવા વિકૃત શબ્દ સ્વરૂપથી અર્થબોધ થશે નહીં.

प्राग्दीव्यतोऽण् 4-1-83 સૂત્રસ્થ दीव्यत् એવા વિકૃત નિર્દેશનું સમર્થન કરવા માટે ભાષ્યકારે આ પરિભાષા રજૂ કરી છે. અહીં दीव्यत् એવા અશાસ્ત્રીય રૂપને આ પરિભાષા લાગુ પાડી છે તેના ઉપરથી સિદ્ધ થાય છે કે આ પરિભાષા જેવી શાસ્ત્રીય કાર્યને લાગૂ પડે છે તેવી અશાસ્ત્રીય કાર્યને પણ લાગૂ પડે છે.

આ ઉપરાત નાગેશ ભટ્ટે આ પરિભાષાની ક્યાં પ્રવૃત્તિ થઈ શકે છે અને ક્યાં નથી થઈ શકતી, તેની પણ સ્પષ્ટતા કરી છે. જેમકે;

૧. વિકૃત અવયવને કાર્ય કરવામાં આ પરિભાષા લાગૂ પડતી નથી. એટલે કે અવયવ વિકૃત થતાં પૂર્વે જેવો હતો, તેવો જ તે અવયવ છે; તેવું માનીને કાર્ય થતું નથી. જેવી રીતે પૂંછડી કપાયેલા કૂતરા વિષે "પૂંછડીવાળો કૂતરો" એવો વ્યવહાર થઈ શકતો નથી.

૨. ઉક્ત યુક્તિને આધારે 'અકૃતપરિમાણ' ગ્રહણમાં પણ આ પરિભાષા લાગુ પડતી નથી. અર્થાત્ જે સૂત્રમાં વર્ણાનુપૂર્વીવિશિષ્ટ વર્ણો ઉચ્ચારીને, તે વર્ણસમુદાયમાં કોઈ કાર્યનું વિધાન કર્યું હોય તો તેવે સ્થળે તે વર્ણસમુદાયમાંથી કોઈ વર્ણ બદલાઈ જતાં તેવા વિકૃત વર્ણસમુદાયને પણ આ પરિભાષા લાગતી નથી.

૩. જ્યાં અર્ધું કે અર્ધાથી અધિક શબ્દસ્વરૂપ બદલાઈ ગયું હોય ત્યાં જાતિબોધક અવયવનો મોટો ભાગ અનુપલબ્ધ થતાં તત્ત્વની અપ્રતીતિ થાય છે. તેથી 'તે જ આ શબ્દ છે.' એવી બુદ્ધિ થઈ શકતી નથી. પરિણામે અહીં પ્રકૃત અતિદેશ લાગતો નથી.

વિશેષમાં, નાગેશ ભટ્ટ જણાવે છે કે અર્ધા કે અર્ધાથી વધારે વિકૃત થયેલા શબ્દસ્વરૂપને કાર્ય કરવા માટે; તથા વિકૃતાવયવવાળો જે અનલ્ આદેશ, તેમાં સ્થાનિત્વ બુદ્ધિ કરવા માટે स्थानिवदादेशोऽनल्विधौ । 1–1–56 સૂત્ર છે. આવી વ્યવસ્થા કરવાથી પ્રકૃત પરિભાષાને સ્વીકારવા છતાંય स्थानिवत्० । સૂત્ર વ્યર્થ બનતું નથી. બીજું; ક્વચિત લક્ષ્યાનુરોધથી अभीयात् જેવા રૂપની સિદ્ધિને અર્થે આ પરિભાષાનું આશ્રયણ થતું નથી.

ઉપસંહાર :

'વ્યાડિ'ના પરિભાષાસૂચનમાં આ પરિભાષાને વ્યાખ્યાન માટે રજૂ કરવામાં આવી નથી. પાણિનીય સંપ્રદાયમાં સૌથી પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષાને રજૂ કરી છે. તેમણે આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધા વર્ણવી છે. બીજી તરફ સીરદેવાદિએ ભાષ્યકારને અનુસરીને આ પરિભાષાને લોકન્યાયમૂલા દર્શાવી છે. નાગેશે જણાવ્યું છે કે વિકૃતાવયવનિબન્ધન કાર્યમાં, અકૃતપરિમાણ ગ્રહણમાં અને જ્યાં શબ્દસ્વરૂપ અર્ધું કે અર્ધાથી વધારે વિકૃત થઈ ગયું હોય ત્યાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી.

આ પરિભાષા કાર્યિન્ના સ્વરૂપનો નિર્ણય કરવામાં સહાયક બને તેવો અહિદેશ રજૂ કરે છે.

सांप्रतिकाभावे भूतपूर्वगतिः ॥ १५ ॥

(અમુક પ્રકારનું શબ્દસ્વરૂપ વર્તમાનમાં ન મળતું હોય તો અને જો તે ભૂતકાળમાં તેવું હોય તો તેનું આશ્રયણ થાય છે.)

જો વર્તમાનમાં અભાવ હોય તો ભૂતપૂર્વ (સ્થિતિનું અર્થાત્ શબ્દસ્વરૂપનું) આશ્રયણ થાય છે. જેમ કે, वृक्षैः । આ ઉદાહરણમાં બહુવચને झल्येत् 7–3–103

સૂત્રથી એત્વ કર્યા પછી પણ ભૂતપૂર્વ ગતિથી અતોં ભિસ ઐસ્ । 7-1-9 ની પ્રવૃત્તિ થાય છે.[1] તથા પञ्चभिः त्रपुभिः क्रीतेन पञ्चत्रपुणा । વગેરે ઉદાહરણોમાં इगन्तकालकपालभगालशरावेषु द्विगौ 6-2-29 એ સૂત્રથી इगन्त ઉત્તરપદમાં રહેતાં પૂર્વપદને પ્રકૃતિસ્વર કહેવામાં આવ્યો છે, તે नुम् આગમ કર્યા પછી અનિગન્ત થઈ જવા છતાંય ભૂતપૂર્વ ગતિથી થાય છે. આ ઉદાહરણમાં स्वरविधौ व्यञ्जनमविद्यमानवत् । પરિભાષા વડે વ્યવસ્થા ન કરવી. કારણ કે ભાષ્યમાં તે પરિભાષાને 'हल् સ્વરની પ્રાપ્તિ'માં એવા વિશેષણથી વિશેષિત કરવામાં આવી છે.

વળી, આ પરિભાષામાં 'સાંપ્રતિકના અભાવમાં' એવું ગ્રહણ કર્યું હોવાથી हे गौः । આ ઉદાહરણમાં ભૂતપૂર્વ (गो એવા) એગન્ત શબ્દથી પરમાં एङ्ह्रस्वात्संबुद्धेः । 6-1-69 સૂત્રથી સમ્બુદ્ધિનો લોપ થતો નથી.[2] (એ જ પ્રમાણે) हे बटो । આ ઉદાહરણમાં સંપ્રતિ એગન્તત્વ વિદ્યમાન હોવાથી (સંબુદ્ધિનો લોપ થતો નથી.)

અહીં ભૂતપૂર્વ ગતિના આશ્રયણમાં अचो यत् । 3-1-91 સૂત્રમાંનું अच् ગ્રહણ જ્ઞાપક છે. કેમકે हलन्त ધાતુને (ऋहलोर्ण्यत् 3-1-124 સૂત્રથી) ण्यत् કહેવામાં આવશે. પરિણામે બાકી રહેલા અજન્ત ને જ यत् પ્રત્યયની પ્રાપ્તિ રહે છે. એવી સ્થિતિમાં दित्स्यम् । वित्स्यम् । એ રૂપોમાં 'आर्धधातुके' એવી વિષયસપ્તમીમાં अत् નો લોપ કરતાં ભૂતપૂર્વ અજન્ત ને પણ यत् પ્રત્યય થાય એવા હેતુથી સૂત્રમાં अच् ગ્રહણ કર્યું છે. અહીં જો ભૂતપૂર્વગતિનું આશ્રયણ ન થતું હોય તો આવા અર્થની પ્રાપ્તિ ક્યાંથી થશે ?

વ્યાડિ : (૧૪)

પરિભાષાસૂચન'માં આ પરિભાષાનો પાઠ આ પ્રમાણે મળે છેઃ भूतपूर्वगतिरिह शास्त्रे संभवति । અર્થાત્ આ પાઠમાં 'सांप्रतिकाभावे' એ મહત્ત્વનો અંશ જ નથી; જે પુરુષોત્તમદેવે મૂક્યો છે.

ઓક ઉચઃ કે 7-3-64 એ સૂત્રને આ પરિભાષાના જ્ઞાપક રૂપે નિર્દેશ્યું છે. પરંતુ આ જ્ઞાપકચર્ચા પાઠ (Text)ની અપૂર્ણતાને કારણે વ્યવસ્થિત પ્રાપ્ત થતી નથી. આ પરિભાષાનાં બે પ્રયોજનો બતાવવામાં આવ્યાં છે : (૧) पव्यम्

---

૧. જુઓ : एत्वं भिसि परत्वाच्चेदत ऐस् क्व भविष्यति ।
कृतेऽप्येत्वे भौतपूर्वदिस्तु नित्यस्तथा सति ॥
—મહાભાષ્યમાં 7-1-9-10 ઉપર શ્લોકવાર્તિક.

૨. हेगौः । એવા રૂપમાં સંપ્રતિ एजन्तत्व विद्यमान છે, માટે.

અહીં ऋहलोर्ण्यत् । 1-1-124 સૂત્રથી ण्यत् ની પ્રાપ્તિ રહે છે. પરંતુ આ ભૂતપૂર્વ અજન્ત છે એમ માનીને अचो यत् । 3-1-97 સૂત્રથી यत् પ્રત્યય થાય છે. (૨) वायूनाम् । इक्षूणाम् । આ ઉદાહરણોમાં ભૂતપૂર્વગતિથી नामन्यतरस्याम् । 6-1-177 સૂત્રથી સ્વર સિદ્ધ રહે છે.

સીરદેવ : (૩૭)

પુરુષોત્તમદેવે રજૂ કરેલી આ પરિભાષાની ચર્ચાને સીરદેવે અક્ષરશઃ સ્વીકારી છે. વિશેષમાં તેમણે આ પરિભાષાનાં બે નવાં પ્રયોજનો નિર્દેશ્યાં છે. જેમકે, (૧) આયામ (વિસ્તાર) અર્થવાળા आछि ધાતુને लिट् પરેમાં રહેતાં દ્વિર્વચન તથા અભ્યાસને હ્રસ્વ કરતાં ભૂતપૂર્વગતિનું આશ્રયણ કરીને "આ દ્વિમાત્રિક आ કાર છે" તેમ માનીને अत आदेः 7-4-70 સૂત્રથી દીર્ઘ થવા આવે છે, પરંતુ તપરકરણને કારણે દીર્ઘ થતો નથી. (૨) आञ्छ । आञ्छतुः । आञ्छुः । આ રૂપોમાં तस्मान्नुड् द्विहलः । 7-4-71 સૂત્રથી નુડાગમ થતો નથી.

નીલકંઠ : (૫૫)

પાંડિત્યપૂર્ણ શૈલીમાં નીલકંઠે આ પરિભાષાનો અર્થ આપ્યો છે. તેઓ જણાવે છે કે તાચ્છીલિકકાર્યોમાં પ્રયોજકીભૂત ધર્મોથી જ્યારે અનવચ્છિન્ન હોય ત્યારે પૂર્વનું વિદ્યમાનત્વ લઈને શાસ્ત્રને પ્રવર્તાવવું જોઈએ. વિશેષમાં તેમણે આ પરિભાષાને ન્યાયસિદ્ધા કહી છે; પરંતુ ન્યાયની ચર્ચા કરી નથી.[3]

હરિભાસ્કર : (૩૯)

હરિભાસ્કરે સીરદેવને અનુસરીને આ પરિભાષાની ચર્ચા કરી છે. વિશેષમાં તેમણે

एत्वं मिसि परत्वाच्चेदत ऐस क्व भविष्यति ।
कृतेऽप्येत्वे भौतपूर्वादैस्तु नित्यस्तथा सति ॥

આવા, ભાષ્યમાં પ્રાપ્ત થતા શ્લોકવાર્તિકનો આશય સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે

---

૩. સંભવતઃ અહીં काकवद् देवदत्तस्य गृहम् । એવા લોકન્યાયનો નિર્દેશ છે. જેમકે,

लोके यथा देवदतीयगृहोपरितनकाकेऽङ्ययने काकवदिति व्यवहारो यथा वा केनचिद् देवदत्तेन स्वीयगृहे विक्रीतेऽन्येन क्रीतेऽपि देवदत्तस्य गृहमिति व्यवहारस्तथा शास्त्रेऽपि तत्त्वाभावे भूतपूर्वगत्या तद्व्यवहार-इति ॥

પદ્-દન્ વગેરે શબ્દોને પૃથક્ શબ્દો જ ગણવા; નહીં કે પાદ-દન્ત - વગેરેના આદેશો. પરિણામે પદ્ભિઃ । વગેરે રૂપોમાં ભૂતપૂર્વગતિનું આશ્રયણ કરવા છતાંય ઐસ્ત્વનો અભાવ રહે છે, આવો કેટલાકનો મત છે. પરંતુ વસ્તુતઃ દ્વિપાદ્ભિઃ વગેરેમાં ભૂતપૂર્વગતિનું આશ્રયણ કરતાં ઐસ્ત્વ આવી પડે છે. (એવા અભિપ્રાયથી ઉપર્યુક્ત વાર્તિક મૂકવામાં આવ્યું છે.)

નાગેશ : (૭૭)

નાગેશે આ પરિભાષાને ન્યાયસિદ્ધા કહી છે. જેમકે, तत्तद्वचनसामर्थ्यं-न्यायसिद्धेयम् । એટલે કે વાક્યમાં કે સૂત્રમાં જેટલા શબ્દો વાપર્યા હોય તે બધા શબ્દો અર્થબોધક હોય છે. તેમાંથી એક પણ શબ્દ નિરર્થક હોતો નથી. પ્રત્યેક શબ્દમાં રહેનારી આ સ્વાર્થદ્યોતક શક્તિને આધારે આ પરિભાષા સિદ્ધ થાય છે.

સૂત્રમાં ઉચ્ચારેલો પ્રત્યેક શબ્દ અર્થબોધક હોવાથી, જો શબ્દ સદ્યઃ સ્થિતિ-દર્શક ન હોય તો તે પૂર્વકાલિક સ્થિતિ દર્શાવનાર શબ્દ છે-એમ સમજવું જોઈએ.[૪]

આવી પરિભાષા હોવાથી उगिदचां सर्वनामस्थाने चाधातोः । 7-1-80 સૂત્રમાંનો अधातोः એવો નિષેધ સાંપ્રતિક સ્થિતિને લાગુ પડી શકતો નથી, તો પણ તેને નિરર્થક નહીં ગણતાં પૂર્વસ્થિતિબોધક જાણવો જોઈએ.

नामि । 6-1-6 સૂત્રભાષ્યમાં આ પરિભાષા સ્પષ્ટ ઉલ્લેખ પામી છે.

ઉપસંહાર :

'કાશિકા' અને 'ન્યાસ'માંથી સૂચન લઈને પુરુષોત્તમદેવે આ પરિભાષાનાં જ્ઞાપક અને પ્રયોજનોની ચર્ચા કરી છે.

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા રજૂ કરવામાં આવી છે, પરંતુ તેના જ્ઞાપક અને પ્રયોજનાદિને પુરુષોત્તમદેવે સ્વીકાર્યાં નથી. વળી, પરિભાષાના પાઠમાં પણ "सांप्रतिकाभावे" એટલો મહત્ત્વનો અંશ ઉમેર્યો છે. આવો પાઠ નાગેશ સુધી સર્વસ્વીકાર્ય બન્યો છે.

वत्स्यत्प्रवृत्त्येह कार्याणि क्रियन्ते ॥१६॥

(ભાવિ સ્થિતિનું આશ્રયણ કરીને પણ અહીં વ્યાકરણશાસ્ત્રમાં કાર્યો થાય છે.)

(આ પરિભાષા પણ) સામ્પ્રતિકના અભાવમાં જ (પ્રવૃત્ત થાય છે.) આ શાસ્ત્રમાં સામ્પ્રતિકના અભાવમાં ભવિષ્યમાં થનારી પ્રવૃત્તિનું આશ્રયણ કરીને કાર્યો

---

૪ જુઓઃ પરિભાષેન્દુશેખર, મરાઠી ભાષાન્તર, પાન-૩૭૨.

કરવામાં આવે છે. જેમકે, निन्यतुः । અને निन्युः । અહીં ભાવિ અનેકાચ્ત્વનો આશ્રય કરીને દ્વિર્વચનની પૂર્વે જ एरनेकाचोऽसंयोगपूर्वस्य । 6-4-82 સૂત્રથી यण् આદેશ થયો છે. અન્યથા, (દ્વિર્વચનની પૂર્વે) यण् આદેશનું નિમિત્ત જન્મ્યું નહીં હોવાથી (इयङ् આદેશ થયો હોત). આ જ પ્રમાણે ભાવિ શિદન્તતાનું આશ્રયણ કરીને शदेः शितः । 1-3-60 એ સૂત્ર વડે शीयते એમ આત્મનેપદ કરવામાં આવે છે. તેવી જ રીતે सुसाम्नी । ઉદાહરણમાં अन उपधालोपिनोऽन्यतरस्याम् । 4-1-28 સૂત્રથી ङीप्‌ની પ્રવૃત્તિ કરવા માટે ભાવિ ઉપધા લોપિત્વને નિમિત્ત રૂપે આશ્રિત કરવું પડે છે.

वस्वेकाचाद्घसाम् । 7-2-67 સૂત્રસ્થ एकाच् ગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. અહીં लिट् લકારમાં દ્વિર્વચન અવશ્ય થવાનું જ છે. અને તે રીતે કોઈ एकाच् છે જ નહીં; એવી અવસ્થામાં ભવિષ્યમાં થનાર एत्व, અભ્યાસ લોપાદિ કાર્યોની પ્રવૃત્તિ થયા પછી ઉત્તરકાલમાં જે एकाच् મળવાનો છે તેને માટે एकाच् ગ્રહણ કર્યું છે. આ પ્રમાણે एकाच् ગ્રહણની સાર્થકતા ત્યારે જ થાય કે જ્યારે શાસ્ત્રમાં ભાવિપ્રવૃત્તિથી કાર્યો થતાં હોય.

સાંપ્રતિકના અભાવમાં સૂત્રની અનુપપતિ રહેતાં, તે અનુપપત્તિ વડે તેના પ્રમાણને[1] સ્વીકારીને જ્ઞાપક રૂપે વર્ણવવામાં આવે છે.

વ્યાડિ : (૧૫)

'પરિભાષાસૂચન'માં वसुप्रवृत्त्या इह शास्त्रे कार्यं भवति । એવો પાઠ મળે છે. પરંતુ 'સી' હસ્તપ્રતમાં ते वत्स्यंत्प्रवृत्त्या चेह शास्त्रे कार्यम् । એ પ્રમાણે મળે છે. આ પરિભાષાના વ્યાખ્યાનને તપાસતાં ઉપર્યુક્ત બીજો પાઠ વધુ ઉચિત જણાય છે. આ વ્યાખ્યાનમાંથી પુરુષોત્તમદેવે આ પરિભાષાનાં જ્ઞાપક અને પ્રયોજનને સ્વીકાર્યાં છે.

સીરદેવ : (૮૪)

સીરદેવે પુરુષોત્તમદેવની ચર્ચાનો મહદંશે સ્વીકાર કર્યો છે. પુરુષોત્તમદેવે રજૂ કરેલા જ્ઞાપકની પુનઃ સમીક્ષા કર્યા પછી, વિશેષમાં તેમણે જ્ઞાપકાન્તર રૂપે अन उपधालोपिनोऽन्यतरस्याम् । 7-1-28 સૂત્રનો નિર્દેશ કર્યો છે.

આ પછી તેમણે "वत्स्यंत् प्रवृत्त्या" એવા પદમાં લઘુપધ ગુણ કેવી રીતે

---

૧. અથવા—"તે અનુપપત્તિને પ્રમાણ રૂપે સ્વીકારીને—"

થયો છે; તેની ચર્ચા રજૂ કરી છે. આ ચર્ચા ઘણી દૂરાકૃષ્ટ અને પ્રત્યક્ષ ઉપકારક નથી.

નીલકંઠ : (૧૪૦)

નીલકંઠે પ્રક્ષિપ્ત અને નિર્મૂલ પરિભાષાના વિભાગમાં આ પરિભાષાને મૂકી છે. તેમણે આ પરિભાષાને ન્યાયસિદ્ધ કહી છે. પણ કયા ન્યાયથી તે સિદ્ધ થાય છે ? તે પ્રદર્શિત કર્યું નથી.

હરિભાસ્કરે સીરદેવની ચર્ચાનો સારસંગ્રહ કર્યો છે. વિશેષમાં, નીલકંઠે આ પરિભાષાને ન્યાયસિદ્ધા કહી હતી તે ન્યાયનું સ્વરૂપ પ્રદર્શિત કર્યું છે. જેમકે, (૧) परिव्राजकः सर्वभूताभयदक्षिणां दत्वा गच्छेदिति । અને (૨) यथा च ओदनं पचति । આ બન્ને વાક્યપ્રયોગમાં परिव्राजकः અને ओदनम् એવા શબ્દો ભાવિ સંજ્ઞાનું આશ્રયણ કરીને વાપરવામાં આવ્યા છે.

નાગેશ : (–)

તેમણે આ પરિભાષા મૂકી નથી.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં રજૂ થયેલા આ પરિભાષાનાં જ્ઞાપક અને પ્રયોજનને પુરુષોત્તમદેવથી માંડીને હરિભાસ્કર સુધીના સૌ પરિભાષાવૃત્તિકારોએ સ્વીકાર્યાં છે.

કાશીની પરંપરામાં નીલકંઠે આ પરિભાષાને પ્રક્ષિપ્ત અને નિર્મૂલ કહી; કારણ કે ભાષ્યમાં આવી કોઈ પરિભાષા નથી. નાગેશ ભટ્ટે આ પરિભાષાને પડતી મૂકી છે.

પરંતુ અહીં નોંધવું જોઈએ કે ભાષ્યમાં આવી કોઈ પરિભાષા રજૂ થઈ નથી, તે સાચું; પરંતુ ભાષ્યકારે સંપ્રસારણાદિ સંજ્ઞાઓનું સમર્થન કરવા સૂત્ર-નાટકન્યાયનો[૨] ઉપયોગ કર્યો છે અને ભાવિની સંજ્ઞાઓને પણ સ્વીકારી છે.

---

૨. જુઓઃ एवं तर्हि भाविनीयं संज्ञा विज्ञास्यते । तद्यथा । कश्चित्कंचित् तन्तुवायमाह । अस्य सूत्रस्य शाकट वयेति । स पश्यति यदि शाटको न वातव्योऽथ वातव्यो न शाटकः शाटको वातव्यश्चेति विप्रतिषिद्धम् । भाविनी खल्वस्य संज्ञाभिप्रेता म मन्ये वातव्यो यस्मिन्नुते शाटक इत्येतद्भवतीति । एवमिहापि स यणः भवति यस्याभिनिर्वृत्तस्य संप्रसारणमित्येषा संज्ञा भविष्यति ॥ 1–1–45–સૂત્રભાષ્ય,

अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वा ॥१७॥

(અનન્તરને જ વિધિ કે પ્રતિષેધ થાય છે.)

વિધિ અને પ્રતિષેધ અનન્તર સૂત્રને જ થાય છે. યથા; सुपि स्थः । 3-2-4 એવી વિધિ, અનન્તર क प्रत्ययની[1] જ થાય છે, પણ જે વ્યવહિત अण् પ્રત્યયની વિધિ છે,[2] તે થતી નથી. અને सुडनपुंसकस्य । 1-1-43 સૂત્રોક્ત નપુંસક પ્રતિષેધ અનન્તર એવા સુટ્ને પ્રાપ્ત હોઈને[3] તેને જ લાગે છે. પણ ત્રિ सर्वनामस्थानम् । 1-1-42 સૂત્રવિહિત સર્વનામસ્થાન સંજ્ઞાનો પ્રતિષેધ થતો નથી. આથી कुण्डानि । તેવા નપુંસકના ઉદાહરણમાં પણ સર્વનામસ્થાન પરમાં રહેતાં દીર્ઘ સિદ્ધ થાય છે. તથા नेटि । 7-2-4 સૂત્રોક્ત વૃદ્ધિનિષેધ પણ અનન્તર જે હલન્તલક્ષણા વૃદ્ધિ છે,[4] તેને જ લાગે છે; પરંતુ વ્યવહિત सिचि वृद्धि[5]ને તે નિષેધ લાગતો નથી. જેમકે, अलावीत् । માં.

આ પરિભાષાર્થ પ્રત્યાસત્તિ ન્યાયમૂલક જ છે. અનુવૃત્તિ માટે જરૂરી એવા સ્વરિતત્વનિમિત્તની અપેક્ષા રાખ્યા વગર આ અર્થ પરિભાષિત કરવામાં આવ્યો છે. સ્વરિતત્વના સામર્થ્યથી જ વ્યવહિતને પણ વિધિ અને નિષેધ થાય છે. જેમકે, करणे यजः । 3-2-85 સૂત્રથી खश्थી વ્યવહિત થવા છતાં णिनि એવા પ્રત્યયની વિધિ થાય છે.[6] અને न षट्स्वस्रादिभ्यः । 4-1-10 સૂત્રથી વ્યવહિત થઈ જવા છતાંય (ऋन्नेभ्यो ङीप् । 4-1-5 સૂત્રોક્ત) ङीप्નો નિષેધ થાય છે.

અહીં 'અનન્તરને જ વિધિ થાય છે' એ અર્થમાં अपवर्गे तृतीया । 2-3-6 સૂત્રસ્થ तृतीया પદ જ્ઞાપક છે. જેમકે અહીં (अन्तरान्तरेण युक्ते । 2-3-4 અને कालाध्वनोरत्यन्तसंयोगे । 2-3-5 એવાં) બે અનન્તર સૂત્રો વડે દ્વિતીયાનું વિધાન થવાથી (तृतीया च होश्छन्दसि । 2-3-3 સૂત્રસ્થ)

---

૧. आतोऽनुपसर्गे कः । 3-2-3

૨. कर्मण्यण् ॥ 3-2-1

૩. ='सर्वनामस्थान' સંજ્ઞા પ્રાપ્ત છે, એને

૪. वदव्रजहलन्तस्याचः । 7-2-3

૫. सिचि वृद्धिः परस्मैपदेषु । 7-2-1

૬. सुप्यजातो णिनिस्ताच्छील्ये । 3-3-78 સૂત્રમાં णिनि સ્વરિતત્વ યુક્ત હોઈ, आत्ममाने खश्च । 3-2-83 નું વ્યવધાન પડવા છતાંય करणे यजः । 3-2-85 થી णिनि થાય છે.

થયો છે; તેની ચર્ચા રજૂ કરી છે. આ ચર્ચા ઘણી દૂરાકૃષ્ટ અને પ્રત્યક્ષ ઉપકારક નથી.

નીલકંઠ : (૧૪૦)

નીલકંઠે પ્રક્ષિપ્ત અને નિર્મૂલ પરિભાષાના વિભાગમાં આ પરિભાષાને મૂકી છે. તેમણે આ પરિભાષાને ન્યાયસિદ્ધ કહી છે. પણ કયા ન્યાયથી તે સિદ્ધ થાય છે ? તે પ્રદર્શિત કર્યું નથી.

હરિભાસ્કરે સીરદેવની ચર્ચાનો સારસંગ્રહ કર્યો છે. વિશેષમાં, નીલકંઠે આ પરિભાષાને ન્યાયસિદ્ધા કહી હતી તે ન્યાયનું સ્વરૂપ પ્રદર્શિત કર્યું છે. જેમકે, (૧) परिव्राजकः सर्वभूताभयदक्षिणां दत्वा गच्छेदिति । અને (૨) यथा च ओदनं पचति । આ બન્ને વાક્યપ્રયોગમાં परिव्राजकः અને ओदनम् એવા શબ્દો ભાવિ સંજ્ઞાનું આશ્રયણ કરીને વાપરવામાં આવ્યા છે.

નાગેશ : (–)

તેમણે આ પરિભાષા મૂકી નથી.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં રજૂ થયેલા આ પરિભાષાનાં જ્ઞાપક અને પ્રયોજનને પુરુષોત્તમદેવથી માંડીને હરિભાસ્કર સુધીના સૌ પરિભાષાવૃત્તિકારોએ સ્વીકાર્યાં છે.

કાશીની પરંપરામાં નીલકંઠે આ પરિભાષાને પ્રક્ષિપ્ત અને નિર્મૂલ કહી; કારણ કે ભાષ્યમાં આવી કોઈ પરિભાષા નથી. નાગેશ ભટ્ટે આ પરિભાષાને પડતી મૂકી છે.

પરંતુ અહીં નોંધવું જોઈએ કે ભાષ્યમાં આવી કોઈ પરિભાષા રજૂ થઈ નથી, તે સાચું; પરંતુ ભાષ્યકારે સંપ્રસારણાદિ સંજ્ઞાઓનું સમર્થન કરવા સૂત્ર-નાટકન્યાયનો[૨] ઉપયોગ કર્યો છે અને ભાવિની સંજ્ઞાઓને પણ સ્વીકારી છે.

---

૨. જુઓઃ एवं तर्हि भाविनीयं संज्ञा विज्ञास्यते । तद्यथा । कश्चित्कंचित् तन्तुवायमाह । अस्य सूत्रस्य शाकट वयेति । स पश्यति यदि शाटको न वातव्योऽथ वातव्यो न शाटकः शाटको वातव्यश्चेति विप्रतिषिद्धम् । भाविनी खल्वस्य संज्ञाभिप्रेता म मन्ये वातव्यो यस्मिन्नुते शाटक इत्येतद्भवतीति । एवमिहापि स यणः भवति यस्याभिनिर्वृत्तस्य संप्रसारणमित्येषा संज्ञा भविष्यति ॥ 1–1–45–સૂત્રભાષ્ય,

अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वा ॥१७॥

(અનન્તરને જ વિધિ કે પ્રતિષેધ થાય છે.)

વિધિ અને પ્રતિષેધ અનન્તર સૂત્રને જ થાય છે. યથા; सुपि स्थः । 3-2-4 એવી વિધિ, અનન્તર ક પ્રત્યયની[1] જ થાય છે, પણ જે વ્યવહિત अण् પ્રત્યયની વિધિ છે,[2] તે થતી નથી. અને सुडनपुंसकस्य । 1-1-43 સૂત્રોક્ત નપુંસક પ્રતિષેધ અનન્તર એવા સુટ્ને પ્રાપ્ત હોઈને[3] તેને જ લાગે છે. પણ शि सर्वनामस्थानम् । 1-1-42 સૂત્રવિહિત સર્વનામસ્થાન સંજ્ઞાનો પ્રતિષેધ થતો નથી. આથી कुण्डानि । તેવા નપુંસકના ઉદાહરણમાં પણ સર્વનામસ્થાન પરમાં રહેતાં દીર્ઘ સિદ્ધ થાય છે. તથા नेटि । 7-2-4 સૂત્રોક્ત વૃદ્ધિનિષેધ પણ અનન્તર જે હલન્તલક્ષણા વૃદ્ધિ છે,[4] તેને જ લાગે છે; પરંતુ વ્યવહિત सिचि वृद्धि[5] ને તે નિષેધ લાગતો નથી. જેમકે, अलावीत् । માં.

આ પરિભાષાર્થ પ્રત્યાસત્તિ ન્યાયમૂલક જ છે. અનુવૃત્તિ માટે જરૂરી એવા સ્વરિતત્વનિમિત્તની અપેક્ષા રાખ્યા વગર આ અર્થ પરિભાષિત કરવામાં આવ્યો છે. સ્વરિતત્વના સામર્થ્યથી જ વ્યવહિતને પણ વિધિ અને નિષેધ થાય છે. જેમકે, करणे यजः । 3-2-85 સૂત્રથી खश्थी વ્યવહિત થવા છતાં णिनि એવા પ્રત્યયની વિધિ થાય છે.[6] અને न षट्स्वस्रादिभ्यः । 4-1-10 સૂત્રથી વ્યવહિત થઈ જવા છતાંય (ऋन्नेभ्यो ङीप् । 4-1-5 સૂત્રોક્ત) ङीप्નો નિષેધ થાય છે.

અહીં 'અનન્તરને જ વિધિ થાય છે' એ અર્થમાં अपवर्गे तृतीया । 2-3-6 સૂત્રસ્થ तृतीया પદ જ્ઞાપક છે. જેમકે અહીં (अन्तरान्तरेण युक्ते । 2-3-4 અને कालाध्वनोरत्यन्तसंयोगे । 2-3-5 એવાં) બે અનન્તર સૂત્રો વડે દ્વિતીયાનું વિધાન થવાથી (तृतीया च होश्छन्दसि । 2-3-3 સૂત્રસ્થ)

---

૧. आतोऽनुपसर्गे कः । 3-2-3

૨. कर्मण्यण् ॥ 3-2-1

૩. ='સર્વનામસ્થાન' સંજ્ઞા પ્રાપ્ત છે, એને

૪. वदव्रजहलन्तस्याचः । 7-2-3

૫. सिचि वृद्धिः परस्मैपदेषु । 7-2-1

૬. सुप्यजातो णिनिस्ताच्छील्ये । 3-3-78 સૂત્રમાં णिनि સ્વરિતત્વ યુક્ત હોઈ, आत्ममाने खश्च । 3-2-83 નું વ્યવધાન પડવા છતાંય करणे यजः । 3-2-85 થી णिनि થાય છે.

તૃતીયા અન્તરિત થઈ ગઈ છે; તેથી અપવર્ગે તૃતીયા । 2–3–6 સૂત્રમાં ફરીથી કરવામાં આવે છે.

આ જ પ્રમાણે 'અનન્તરને જ પ્રતિષેધ થાય છે' એ અર્થમાં न क्वचिद दीर्घश्च 6–4–36 સૂત્રસ્થ દીર્ઘગ્રહણ જ્ઞાપક છે. જેમકે આ પરિભાષા વડે यन्तिः तन्तिः એ ઉદાહરણમાં न किंचि दीर्घश्च । 6–4–39 સૂત્રથી કેવળ अनुदात्तोपदेशवनतितनोत्यादीनाम् अनुनासिकलोपो झलि क्ङिति । 6–4–37 સૂત્રસ્થ અનુનાસિકનો જ નિષેધ થાય છે; પણ વ્યવહિત 'अनुनासिकस्य क्विझलोः क्ङिति 6–4–15 સૂત્રવિહિત દીર્ઘનો પ્રતિષેધ નહીં થાય, તે માટે (न क्वचिद दीर्घश्च । 6–4–39 સૂત્રમાં ફરીથી) દીર્ઘ ગ્રહણ કર્યું છે.

વ્યાડિ: (૨૬)

આ પરિભાષાની જ્ઞાપક ચર્ચા વિસ્તારથી કર્યા પછી यथा विध्यनुप्रयोगः पूर्वस्मिन् । 3–4–4 સૂત્રસ્થ પૂર્વ ગ્રહણને જ્ઞાપક રૂપે સ્વીકાર્યું છે.

कुण्डानि तिष्ठन्ति । ઉદાહરણમાં સર્વનામસ્થાન સંજ્ઞા સિદ્ધ રહે તે આ પરિભાષાનું પ્રયોજન છે. આ મુદ્દાનો પુરુષોત્તમદેવે સ્વીકાર્યો છે.

વિશેષમાં, सामन्त्रितम् । 2–3–48 સૂત્રમાં सा ગ્રહણથી આ પરિભાષાના અનિત્યત્વને જણાવવામાં આવ્યું છે.

સીરદેવ : (૪૮)

પુરુષોત્તમદેવપ્રસ્તુત ચર્ચાનો મહદંશે સ્વીકાર કર્યો છે. પણ વિશેષ નોંધનીય કોઈ મુદ્દો ઉમેર્યો નથી.

નીલકંઠ : (૫૧)

તેમણે 'સિદ્ધાન્તકૌમુદી' તથા મનોરમાદિની સાહાય્યે આ પરિભાષાનું ફળ આ પ્રમાણે વર્ણવ્યું છે: ऋतो भारद्वाजस्य । 7–2–63 એવા ભારદ્વાજનિયમ પ્રાપ્તિ નિષેધ, કેવળ अचस्तास्वत्० । 7–2–61 અને उपदेशेऽत्वत० । 7–2–62 સૂત્ર પ્રાપ્ત નિષેધને જ લાગે છે, પણ ક્રચાદિ નિયમ પ્રાપ્તિ[૭] इट् નિષેધનો નિષેધ કરતો નથી.

જ્ઞાપકાદિની ચર્ચા સીરદેવને અનુસરીને કરવામાં આવી છે: બીજો કોઈ વિશેષ નોંધનીય મુદ્દો નથી.

---

૭. कृसृभृवृस्तृदुस्रुश्रुत्वो लिटि । 7–2–13

હરિભાસ્કર : (૫૦)

પુરુષોત્તમદેવને અનુસરીને હરિભાસ્કરે આ પરિભાષાની ચર્ચા કરી છે. વિશેષમાં તેમણે જણાવ્યું છે કે ક્વચિત્ યોગવિભાગ સામર્થ્યથી આ પરિભાષા બાધિત થાય છે.

નાગેશ : (૬૧)

પુરુષોત્તમદેવાદિ પુરોગામીઓની ચર્ચાના ઘણા અંશો નાગેશે સ્વીકાર્યા છે. વિશેષમાં જણાવ્યું છે કે अष्टाभ्य औश् । 7-1-21 સૂત્રભાષ્યપ્રદીપમાં કૈયટે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે मध्येऽपवाद।० । તથા पुरस्तादपवादा अनन्तरान्० । એ ન્યાયોની અપેક્ષાએ પ્રકૃત अनन्तरस्य० । ન્યાય વધારે પ્રબળ છે.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માંથી આંશિક સૂચન લઈને પુરુષોત્તમદેવે આ પરિભાષાની જે ચર્ચા રજૂ કરી છે, તેને સીરદેવાદિ સૌ અનુગામીઓ અનુસર્યા છે.

आगमा यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते ॥ १८ ॥

(આગમો જેના ગુણીભૂત–અવયવ રૂપ–બનીને રહેલા હોય તે આગમીના ગ્રહણથી તે તે આગમોનું પણ ગ્રહણ થાય છે.)

आद्यन्तौ टकितौ । 1-1-46 સૂત્રમાં टित् અને कित् આગમોને ક્રમથી આદ્યવયવત્વ અને અન્તાવયવત્વનો અતિદેશ કરવામાં આવ્યો છે. मिदचोऽन्त्यात्परः । 1-1-47 સૂત્રમાં अन्त ગ્રહણ[1]ની અનુવૃત્તિ લાવીને मित् આગમને પણ અન્તાવયવત્વનો અતિદેશ કરવામાં આવ્યો છે.

આથી कुण्डा શબ્દમાં नूम् આગમનું ધાતુગ્રહણથી[2] ગ્રહણ થતું હોવાથી गुरोश्च हलः । 3-3-103 સૂત્રવિહિત अ કાર પ્રત્યય થાય છે. અને सर्वेषाम् । ઉદાહરણમાં સુડાગમનું सुप् ગ્રહણથી ગ્રહણ થતું હોવાથી ઝલાદિ सुप् પરમાં રહેતાં एत्व[3] સિદ્ધ રહે છે.

જો કે "અવયવીના ગ્રહણથી અવયવનું ગ્રહણ થાય છે" એવા ન્યાયથી આ પરિભાષાર્થ સિદ્ધ છે. તથાપિ न क्त्वा सेट् 1-2-18 સૂત્રોક્ત કિત્વનો પ્રતિષેધ

---

૧. आद्यन्तौ टकितौ । 1-1-46 સૂત્રમાંથી.

૨. धातोः । 3-9-19 એવા અધિકારથી વિહિત હોવાથી કહ્યું કે ધાતુ ગ્રહણથી.

૩. बहुवचने झल्येत् । 7-3-103

અહીં જ્ઞાપક છે, એમ કહેવાયું છે. જો क्त्वा ગ્રહણથી इट्નું ગ્રહણ થાય[૪] છે તો इट् ના વ્યવધાનથી જ क्ङिति च 1-1-5 સૂત્રવિહિત ગુણ પ્રતિષેધ નથી, તેવી સ્થિતિમાં न क्त्वा सेट् 1-2-18 તેવો પ્રતિષેધ કરવાની શી જરૂર હતી ? બીજા કેટલાક क्ङिति च । 1-1-5 સૂત્રમાં નિમિત્ત સપ્તમી હોવાથી આ જ્ઞાપકને દુર્બલ માનીને આ પરિભાષાનું ન્યાયસિદ્ધત્વ જ ઇચ્છે છે.

तद्भक्तस्तद्ग्रहणेन गृह्यते। એ વચનથી પ્રકૃત પરિભાષાનો જ અર્થ કહેવામાં આવે છે, તે પરિભાષાન્તર નથી.

વ્યાડિ : (૧૭)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનો પાઠ જુદો મળે છે. જેમકે : तद्भक्तस्तद्ग्रहणेन गृह्यते। અહીં न क्त्वा सेट् । 1-2-18 સૂત્રોક્ત કિત્વ પ્રતિષેધ જ્ઞાપક છે. અને सर्वेषाम् । ઉદાહરણમાં સુડાગમનું सुप् ગ્રહણથી ગ્રહણ થાય છે, પરિણામે વહુવચને झल्येत् । 7-3-103 સૂત્રથી एत्व થાય છે, તે આ પરિભાષાનું પ્રયોજન છે. પુરુષોત્તમદેવે આ બંન્ને મુદ્દાઓનો સ્વીકાર કર્યો છે.

સીરદેવ : (૪)

પુરુષોત્તમદેવને અનુસરીને સીરદેવે આ પરિભાષાને "अवयवाश्चावयविग्रहणेन गृह्यन्ते । તેવા ન્યાયથી સિદ્ધ માની છે. સુખપૂર્વક પ્રતિપત્યર્થે કેટલાકે આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધા પણ દર્શાવી છે. સીરદેવે णेरनिटि । 6-1-51 સૂત્રસ્થ अनिटि । એવા પ્રતિષેધને જ્ઞાપક રૂપે વર્ણવ્યું છે.

જો આ પરિભાષાનો સ્વીકાર કરવામાં આવે તો બે શંકાઓ જન્મે છે : (૧) चिच्छिदतुः चिच्छिदुः જેવાં રૂપોમાં हलादिः शेषः 7-4-60થી तुक् આગમની નિવૃત્તિ પ્રાપ્ત થાય છે. (૨) प्रातिपदिकान्तनुम्विभक्तिषु च । 8-4-11 માં नुम् ગ્રહણનું પ્રયોજન જણાતું નથી. આ શંકાઓના સમાધાનમાં સીરદેવે જણાવ્યું છે કે आटत्तुः । आटुः । વગેરેની સિદ્ધિ માટે हलादिः शेषः । 7-4-60 સૂત્રમાં જાતિપક્ષ માન્યો છે. लक्ष्ये लक्षणं सकृदेव प्रवर्तते । તે ન્યાયથી पपाठ માં हलादिः शेषः । 7-4-60 સૂત્ર અનાદિ हल् ની નિવૃત્તિ કરે છે. ત્યાર પછી चिच्छिदतुः । માં हलादिः शेषः । 7-4-60 ની પ્રવૃત્તિ કર્યા પછી જે तुक् આગમ કર્યો હશે તેની નિવૃત્તિ પ્રાપ્ત થતી નથી. કારણ કે तुक् ની નિવૃત્તિ કરવા માટે કોઈ લક્ષણ નથી. ઉપર્યુક્ત બીજી શંકાનો નિરાસ કરવા માટે સીરદેવે ભર્તૃ-

૪. ..."ગ્રહણ નથી થતું" એમ હોવું જોઈએ.

હરિના વચનને ઉદ્ધૃત કર્યું છે. "प्राहिण्वद् । જેવા ઉદાહરણમાં, જ્યાં પ્રાતિપદિકાન્ત ન કાર નહીં હોય, તેને માટે સૂત્રમાં નુમ્ નું ગ્રહણ કર્યું છે."

આ શંકા અને સમાધાનના અનુસંધાનમાં સીરદેવે વિસ્તૃત ચર્ચા કરી છે.

નીલકંઠ : (૪)

નીલકંઠે આ પરિભાષાનો પાઠ બદલી નાંખ્યો છે. જેમકે, यदागमास्तद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । આ પાઠ નાગેશ ભટ્ટે 'પરિભાષેન્દુ શેખર'માં સ્વીકાર્યો છે.

નીલકંઠે ભાષ્યને આધારે આ પરિભાષાને લોકન્યાયસિદ્ધ કહી છે. તથા નેટિ 7-2-4 સૂત્રોક્ત નિષેધથી જ્ઞાપિત થઈ હોઈ જ્ઞાપકસિદ્ધા પણ કહી છે. વિશેષમાં જણાવ્યું છે કે आने मुक् । 7-2-82 સૂત્રથી आन પરમાં રહેતા मुक् નું વિધાન કર્યું છે તેનાથી જ્ઞાપિત થાય છે કે વર્ણગ્રહણમાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી. उरण् रपरः । 1-1-51 સૂત્ર ઉપરના ભાષ્યમાં આ મુદ્દો સ્પષ્ટ કર્યો છે.

હરિભાસ્કર : (૪)

હરિભાસ્કરે પુરુષોત્તમદેવ અને સીરદેવને અનુસરીને આ પરિભાષાના પ્રયોજન અને જ્ઞાપકને રજૂ કર્યાં છે. વિશેષમાં તેમણે આ પરિભાષાના એક પ્રયોજનાન્તરની વિસ્તૃત ચર્ચા કરી છે : षट्+सन्तः । તેવી સ્થિતિમાં ङः सि धुट् 8-3-26 સૂત્રથી धुट् આગમ કરવામાં આવે છે. षट् धु् > त्+सन्तः । ત્યાર પછી धुट् ના પરાદિત્વને કારણે ટ વર્ગના પદાન્તત્વથી न पदान्ताट्टोरनाम् 8-4-42 સૂત્રોક્ત ષ્ટુત્વ નિષેધ લાગે છે. (અહીં આ પરિભાષાની સાહાય્યથી धुट् આગમ, પરમાં આવેલા 'सन्तः' શબ્દનો આદિ અવયવ બનીને રહે છે. હરિભાસ્કર જણાવે છે કે ષ્ટુત્વ નિષેધ લાગી શકે માટે જ ङः सि धुक् । એવું સૂત્ર કરવામાં આવ્યું નથી. અને 'મનોરમા'માં પણ "માટે જ વક્ષ્યમાણ तुक् આગમ અહીં કર્યો નથી" એમ કહ્યું છે. આ પરિભાષા વડે જ भूयात् । વગેરે રૂપોમાં आद्युदात्तश्च । 3-1-3 સૂત્રવિહિત ઉદાત્ત સ્વર પ્રાપ્ત છે, તેવી સ્થિતિમાં यासुट् परस्मैपदेषूदात्तो ङिच्च । 3-4-103 સૂત્રમાં यासुट् ને ઉદાત્તનું વિધાન કરવાની શી જરૂર હતી ? આનો પ્રત્યુત્તર આપતાં હરિભાસ્કર જણાવે છે કે અન્ય આગમોને અનુદાત્તત્વનું જ્ઞાપન કરવા માટે यासुट् ને ઉદાત્તત્વનું વિધાન કર્યું છે.

હરિભાસ્કરે સીરદેવોક્ત णेरनिटि । 6-4-51 સૂત્રસ્થ अनिट् ગ્રહણને જ્ઞાપક

તરીકે રજૂ કર્યું છે. અને સાથે સાથે નીલકંઠ નિર્દિષ્ટ નેટિ 7-2-4 સૂત્રોક્ત વૃદ્ધિનિષેધને તથા અઘરાણિ૦ । 1-1-34 તેવા સૂત્રનિર્દેશને જ્ઞાપક રૂપે મૂક્યાં છે.

નાગેશ : (૧૧)

નાગેશ ભટ્ટે નીલકંઠને અનુસરીને यदागमास्तद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । એવો પરિભાષાનો પાઠ સ્વીકાર્યો છે. નાગેશે પરિભાષાર્થ આ પ્રમાણે આપ્યો છે : "જેને ઉદ્દેશીને આગમ કહ્યો હોય, તેને તે આગમ થઈ ગયા પછી શાસ્ત્રમાં તે આગમ તેના (અર્થાત્ આગમીના) અવયવ રૂપે બોધિત થાય છે. આથી આગમરહિતના શબ્દથી આગમ સહિતના શબ્દનો બોધ થાય છે."

અહીં નાગેશ સમજાવે છે કે પરિભાષાના 'तद्गुणीभूताः' (તેના અવયવ બનેલા) શબ્દથી આ પરિભાષાનું બીજકથન પણ થઈ જાય છે. જેમકે, લોકમાં દેવદત્તને અધિક અંગ હોતાં. 'દેવદત્ત' પદથી અધિક અંગવાળા દેવદત્તનું ગ્રહણ થાય છે. તે જ પ્રમાણે "જેને ઉદ્દેશીને આગમ કહ્યો હોય" તેના શબ્દોથી प्रनिदारयति । ઉદાહરણમાં 'दार्' નીપ ઘુ સંજ્ઞા થતી નથી.

નીલકંઠથી જુદા પડીને નાગેશ ભટ્ટે જણાવ્યું છે કે આને મુક્ 7-2-82 સૂત્રથી મુક્ નું વિધાન કર્યું છે, તેના સામર્થ્યથી જ્ઞાપિત થાય છે કે આ પરિભાષા અનિત્ય છે. અન્યથા पचमानः । રૂપમાં અ કારને મુક્ આગમ કર્યા પછી આ પરિભાષા વડે મુક્ વિશિષ્ટ અ કારને સવર્ણદીર્ઘ કરતાં મુક્ વિધાન વ્યર્થ જશે. વળી, આ પરિભાષાને અનિત્ય માનવાથી દિદીયે । રૂપમાં યણાદિ કાર્ય થતાં નથી. તથા जहार રૂપમાં आत औ णलः । 7-1-34 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. આ સન્દર્ભમાં નાગેશ ભટ્ટે ઉમેર્યું છે કે ઉક્ત જ્ઞાપકથી અર્થાત્ મુક્ વિધાન સામર્થ્યથી "આ પરિભાષા વર્ણગ્રહણમાં અપ્રવૃત્ત રહે છે" તેવું ન કહેવું જોઈએ. કારણ કે આવું જ્ઞાપક સ્વીકારવાથી ત્રણ સ્થળે ભાષ્યોકિત અસંગત થાય છે જેમકે,

(૧) आने मुक् । 7-2-82 સૂત્રભાષ્યમાં "અંગાવયવ અ કારને મુક્ આગમ થાય છે" તેવો સૂત્રાર્થ કરીને पचमानः । ઉદાહરણમાં तास्यनुदात्तेत्० । 6-1-186 સૂત્રવિહિત સ્વર થશે નહીં, તેવી શંકા કરવામાં આવી છે. અને ત્યાર પછી "અ નો અવયવ જે મુક્ તેનું અ કાર ગ્રહણથી ગ્રહણ થશે" તેમ

---

૫. કારણ કે प्र + नि + द + णिच् । એ સ્થિતિમાં ऋ કારની વૃદ્ધિ થઈને उरण् रपरः । 1-1-51 સૂત્રથી आ ને રપરત્વ થયું છે. આ दृ ને ઉદ્દેશીને થયો નથી.

કહી સમાધાન કર્યું છે.—અહીં ભાષ્યકારે વર્ણગ્રહણમાં પણ પ્રકૃત પરિભાષાને પ્રવૃત્ત કરી છે.

(૨) ङमो ह्रस्वादचि ङमुट् नित्यम् । 8-3-32 સૂત્રનો "ङमन्त पदनो અવયવ જે ङम् તે હ્રસ્વથી પરમાં આવેલો હોય તો ङमुट् આગમ થાય છે." એવો અર્થ કરીને कुर्वन्नास्ते । ઉદાહરણમાં ङम्ને ङमुट् આગમ કર્યા પછી णत्वની આશંકા કરવામાં આવી છે. અને यदागमाः० । ન્યાયથી આદિ न् કારનું પણ પદાન્ત ગ્રહણથી ગ્રહણ થાય છે, તેમ જણાવીને पदान्तस्य । 8-4-37 સૂત્રોક્ત નિષેધ પ્રવૃત્ત કર્યો છે. અર્થાત્ આ પરિભાષા વડે આગમોમાં આગમીધર્મ પણ આવે છે, તેવો ભાષ્યાશય છે. —અહીં પણ ભાષ્યકારે વર્ણગ્રહણમાં પ્રકૃત પરિભાષાને પ્રવૃત્ત કરી છે.

(૩) ભાષ્યકારની એવી દૃષ્ટિ છે કે अ કારરૂપ ગુણને અને आકારરૂપ વૃદ્ધિને उरण्रपरः । 1-1-51 સૂત્રથી 'રપર' કર્યા પછી જ રેફવિશિષ્ટ अ અને आ ને, એટલે કે अर् અને आर् ને ऋ કારના ગુણ અને વૃદ્ધિ જાણવા. અહીં પણ જો પ્રકૃત પરિભાષાને વર્ણગ્રહણમાં અપ્રવૃત્ત માનવામાં આવશે તો ભાષ્યકારનું ઉપર્યુક્ત કથન અસંગત બની જશે.

વૈયકરણોએ શબ્દને નિત્ય માન્યો છે. ભાષ્યમાં તેના સંદર્ભમાં જણાવ્યું છે કે "नित्येषु च शब्देषु कूटस्थैरविचालिभिर्वर्णैर्भवितव्यमनपायोपजनविकारिभिः ।' (મહાભાષ્યઃ આહ્નિક : ૨) આથી પ્રશ્ન થાય છે કે જો આ પરિભાષા સ્વીકારવામાં આવે તો[૬] શબ્દનિત્યત્વને હાનિ પહોંચે. આનું સમાધાન કરતાં ભાષ્યકારે જણાવ્યું છે કે આગમ રહિત (શબ્દસ્વરૂપ)ને સ્થાને આગમસહિતનો આદેશ થાય છે. આને સમજાવતાં નાગેશ ભટ્ટ જણાવે છે કે આર્ધધાતુક પ્રત્યયને इड् આગમ થાય છે. અર્થાત્ इड् આગમ રહિત વલાદિ આર્ધધાતુક પ્રત્યયના પ્રસંગે सेड् આર્ધધાતુક બુદ્ધિ કરવી જોઈએ. અર્થતઃ એમ ફલિત

૬. અર્થાત્ નિત્યશબ્દોમાં કૂટસ્થ અને અવિચળ વર્ણો હોવા જોઈએ, કે જેમાં કશાનો નાશ ન થાય, જેમાં કશું નવું ન ઉમેરી શકાય અને જે અવિકારી હોય. –આવો ભાષ્યોક્ત સિદ્ધાંત છે. બીજી તરફ, આ પરિભાષા તો નવા ઉમેરાને–ઉપજનને (આગમને) સ્વીકારીને ચાલવાની વાત કરે છે. હવે જો શબ્દ નિત્ય હોય તો ઉપર કહ્યું એમ એમાં કશું નવું ઉમેરાવું ન જોઈએ. તેથી શબ્દનિત્યત્વને હાનિ પહોંચવાની અહીં શંકા થાય છે.

થાય છે કે આદેશની જેમ અહીં પણ બુદ્ધિવિપરિણામ થાય છે. એમ માનવાથી શબ્દનિત્યત્વને હાનિ પહોંચતી નથી.

કેટલાક પૂર્વપક્ષીઓનું એમ માનવું છે કે स्थानिवदादेशोऽनल्विधौ । 1-1-56 સૂત્રથી જ આ यदागमाः० । પરિભાષા ગતાર્થ છે. નાગેશ ભટ્ટને આ અભિપ્રાય સંમત નથી. તેથી તેઓ જણાવે છે કે स्थानिवत्० । 1-1-56 સૂત્રથી 'આનુમાનિક' સ્થાન્યાદેશભાવનું ગ્રહણ થતું નથી. કારણ કે स्थानिवत्० । 1-1-56 સૂત્ર સાક્ષાત્ અષ્ટાધ્યાયી બોધિત સ્થાન્યાદેશભાવમાં ચરિતાર્થ છે. વિશેષમાં નાગેશ ભટ્ટ જણાવે છે કે જો स्थानिवत्० । 1-1-56 સૂત્રથી પણ આનુમાનિક સ્થાન્યાદેશભાવનું ગ્રહણ થાય છે, તેમ માનશો તો તે સ્થળે निर्दिश्यमानस्यादेशा भवन्ति । પરિભાષાની અપ્રવૃત્તિ થશે. પરિણામે अङ् આગમ સહિતના पा ધાતુને पिब् આદેશ થવા આવશે. તેવી સ્થિતિમાં "ला વસ્થામાં જ अङ् આગમ થાય છે." તેવી ભાષ્યોક્તિ અસંગત બની જશે. એથી સૂચવાય છે કે આનુમાનિક સ્થાન્યાદેશભાવમાં स्थानिवत्० । 1-1-56 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. તેને માટે તો પ્રકૃત પરિભાષા ઉપયોગી બને છે.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે આ પરિભાષાનાં પ્રયોજન સમજાવ્યા પછી જ્ઞાપક વડે તેની ઉપપત્તિ દર્શાવી છે. પરંતુ આ પરિભાષા "અવયવીના ગ્રહણથી અવયવનું પણ ગ્રહણ થાય છે" એવા ન્યાયથી સિદ્ધ માનવા તરફ તેમનું મનોવલણ છે, તેમ જણાય છે. નાગેશ ભટ્ટે પણ नेटि । 7-2-4, णेरनिटि । 6-4-51 સૂત્રોને જ્ઞાપકરૂપે સ્વીકાર્યા છે. તથાપિ તેમણે પણ लोकेऽपि देवदत्तस्य अङ्गाधिक्ये तादृबशिष्टस्यैव देवदत्तग्रहणेन ग्रहणं दृश्यते । એવા લોકન્યાયથી આ પરિભાષાની સિદ્ધિ થાય છે તેમ દર્શાવ્યું છે. વિશેષમાં પુરુષોત્તમદેવે એક મહત્ત્વની નોંધ કરી છે કે तद्भक्तः तद्ग्रहणेन गृह्यते । તે પ્રકૃત પરિભાષાનો જ અર્થ કહેનાર વચન છે; પરિભાષાન્તર નથી.

નીલકંઠે આ પરિભાષાનો પાઠ બદલીને यदागमास्तद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । એવો રાખ્યો છે, જે નાગેશ ભટ્ટે પણ સ્વીકાર્યો છે.

સીરદેવ અને હરિભાસ્કરે આ પરિભાષાના સ્વીકારથી પ્રાપ્ત થતી કેટલીક શંકાઓ અને તેના સમાધાન તથા પ્રયોજનાન્તરની ચર્ચાઓ કરી છે.

નાગેશ ભટ્ટે આ પરિભાષા ઉપર અધિકૃત વ્યાખ્યાન કર્યું છે. જેમાં

પરિભાષાર્થ નોંધપાત્ર છે. નાગેશે પોતાના વ્યાખ્યાનમાં "આ પરિભાષા વર્ણ-ગ્રહણમાં પ્રવૃત્ત થતી નથી." એવા નીલકંઠના વિધાનની સમીક્ષા કરીને ખંડન કર્યું છે, અને વિશેષમાં બે નવા મુદ્દાઓની ચર્ચા કરી છે. જેમકે, આ પરિભાષા સ્વીકારવા છતાંય શબ્દ નિત્યત્વ કેવી રીતે અખંડ રહે છે અને स्थानिवत्०। 1-1-56 સૂત્રથી પ્રકૃત પરિભાષા ગતાર્થ નથી.

तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते ॥ १९ ॥

(તે પ્રત્યય જેની મધ્યમાં પડ્યો હોય તેના ગ્રહણથી તે પ્રત્યયનું પણ ગ્રહણ થાય છે.)

જે જેનો મધ્યપાતી હોય તે તેના ગ્રહણથી ગૃહીત થાય છે.[1] જેમકે, भिनत्ति। અહીં श्नम् વિકરણ પ્રત્યયનું ધાતુ ગ્રહણથી ગ્રહણ થાય છે, માટે 'ધાતુ અન્તોદાત્ત થાય છે' તે મુજબ[2] મધ્યોદાત્તતા સિદ્ધ રહે છે. अभिनत्। આ રૂપમાં श्नम् સહિતનાની અંગ સંજ્ઞા થતાં अट् આગમ થયો છે, અને सर्वके। विश्वके। આ રૂપોમાં अकच् પ્રત્યય સહિતના શબ્દસ્વરૂપની સર્વનામ સંજ્ઞા થવાથી जस् ને શી ભાવ થાય છે.

તેની મધ્યમાં પડેલાને, તે શબ્દ માનીને તેને વિશે વ્યપદેશ અર્થાત્ મુખ્ય વ્યવહાર કરવામાં આવે છે. छत्रिणो यान्ति। તેવા લૌકિક વ્યવહારથી જ આ અર્થ સિદ્ધ છે.[3] અને नेदमसोरकोः। 7-1-11 આ સૂત્રમાંનું अकोः તેવું પદ પણ અહીં જ્ઞાપક છે. येन विधिस्तदन्तस्य। 1-1-72 સૂત્ર ઉપરના ભાષ્યમાં કહ્યું છે: इदम्-अदस् ને કહેવામાં આવેલું કાર્ય, इकम અને અમુક એવા શબ્દાન્તરને

---

૧. જેવી રીતે સૂત્રમાં ઉચ્ચારવામાં આવેલા શબ્દથી તે સૂત્રમાં નિર્દેશેલા શબ્દ-સ્વરૂપનું ગ્રહણ થાય છે તેવી જ રીતે તે શબ્દની મધ્યમાં એટલે કે તે શબ્દના આદિ અને અંતની વચ્ચે કોઈ (પ્રત્યય સ્વરૂપ) વર્ણ ઉમેરાઈને તે શબ્દ બન્યો હોય તો તેવા વર્ણ સહિત તે શબ્દનું ગ્રહણ થાય છે.

૨. धातोः। 6-1-162

૩. સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'માં આની સ્પષ્ટતા આ પ્રમાણે કરી છે: આ લૌકિક ન્યાય છે. જેમકે, 'આ ભટ્ટગ્રામ છે' ત્યાં અભટ્ટો પણ ભટ્ટોનો વ્યપદેશ પ્રાપ્ત કરે છે. તથા (मल्लग्रामोऽयम्। 'આ મલ્લોનું ગામ છે' એમ કહેતાં) અમલ્લો પણ મલ્લોના વ્યપદેશને-વ્યવહારને પ્રાપ્ત કરે છે. (જુઓ: પરિભાષાસંગ્રહ, પાન-૨૩૯).

પ્રાપ્ત જ કેવી રીતે રહેવાનું છે ? માટે અકોઃ તેવો પ્રતિષેધ કરવાની શી જરૂર હતી ?' આમ અકોઃ પ્રતિષેધ "આવી પરિભાષા છે" તેમ જ્ઞાપિત કરે છે.

"અહીં જો અકોઃ । (7-1-11) તેવા પદની ભાષ્યકારે જ્ઞાપકતા કહી છે, તો પછી કેવી રીતે નેદમદસોરકોઃ । 7-1-11 માં, અહીં "इदम्-अदस् ને ક કારથી પરમાં જ" તેવા નિયમથી સિદ્ધિ બતાવીને નિષેધદ્વયનું પ્રત્યાખ્યાન કર્યું છે ?" આ શંકા સાચી છે. પરંતુ ભગવાન્ ભાષ્યકાર આમ માને છે કે આ અકોઃ । (7-1-11) પદ જ્ઞાપક નથી બનતું પણ एतत्तदोः सुलोपोऽकोरनञ् समासे हलि । 6-1-132 સૂત્રમાંનું અકોઃ તેવું પદ જ્ઞાપક બને છે.

વ્યાડિ : (૧૮)

'પરિભાષાસૂચન' પ્રમાણે નેદમદસોરકોઃ । 7-1-11 એમાંનો પ્રતિષેધ આ પરિભાષાનો જ્ઞાપક છે તથા भिनत्ति । छिनत्ति જેવાં ઉદાહરણો આ પરિભાષાનાં પ્રયોજનો છે. આથી વિશેષ નોંધ તેમાં નથી.

સીરદેવ : (૭૫)

તેઓ પુરુષોત્તમદેવનું અનુસરણ કરે છે અને વિશેષ નોંધ રજૂ કરતા નથી.

નીલકંઠ : (૮૧)

તેમણે આ પરિભાષા સ્વીકારી છે, પરંતુ તેની ઉપર કોઈ વ્યાખ્યાન રજૂ કર્યું નથી. કેવળ ભાષ્યસન્દર્ભની નોંધ લીધી છે.

હરિભાસ્કર : (૭૭)

હરિભાસ્કર આ અંગે વિશેષ નોંધ રજૂ કરતા નથી.

નાગેશ : (૯૦)

નાગેશે આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધા કહી છે. येन विधिः० । 1-1-72 સૂત્રભાષ્યને અનુસરીને तदेकदेशभूतं तद्ग्रहणेन गृह्यते । (એટલે કે કોઈ શબ્દની વચ્ચે બીજો કોઈ વર્ણ આવીને તે વર્ણ તે શબ્દનો અવયવ બની ગયો તો તે શબ્દથી તેવા વર્ણ-અવયવ-સહિતના શબ્દનું ગ્રહણ થાય છે.) એવી રીતે આ પરિભાષાનો પાઠ આપ્યો છે.

ઉપસંહાર :

મહાભાષ્ય तन्मध्यमतितः० । પરિભાષાનો એકવાર[૪] ચર્ચા દરમ્યાન ઉલ્લેખ

૪. आमस्तन्मध्यपतितत्वाद् धातुग्रहणेन ग्रहणात् ॥
—ह्रस्वनद्यापो नुट् । 7-1-54 સૂત્રભાષ્ય.

થયો છે અને तदेकदेशभूतं० । એવા પાઠનો બે વાર[૫] ઉલ્લેખ થયો છે. ભાષ્યકારે આ દ્વિતીય પાઠના સંદર્ભમાં જ જ્ઞાપક-ચર્ચા કરી છે.

પરંતુ પુરુષોત્તમદેવે આ પરિભાષાનો પાઠ તથા તેનાં જ્ઞાપકાદિની ચર્ચા 'કાશિકા' અને 'ન્યાસ'માંથી મહદંશે સ્વીકારી હોઈ तदेकदेशभूतं० । એવા પાઠનો તેમણે ઉલ્લેખ કર્યો નથી.

લગભગ સમાન અર્થવાળા આ પરિભાષાના દ્વિવિધ પાઠોને વ્યાડિએ અલગ અલગ સ્વતંત્ર પરિભાષા (જુઓ : પરિભાષા ૧૮ અને ૬૨) રૂપે રજૂ કર્યા છે. વળી, એ બંને પરિભાષાઓના જ્ઞાપક રૂપે नेदमदसोरकोः । 7-1-11 સૂત્રસ્થ अकोः એવા નિષેધને જ રજૂ કર્યો છે.

अभ्यासविकारेष्वपवादा नोत्सर्गान् विधीन् बाधन्ते ॥ २० ॥

('અભ્યાસ'માં વિકાર જન્માવનારાં કાર્યોમાં જે અપવાદશાસ્ત્ર હોય છે, તે ઉત્સર્ગશાસ્ત્રનો બાધ કરતાં નથી).

અભ્યાસાશ્રિત કાર્યોમાં બાધકો બાધ્યવિધિઓનો બાધ કરતા નથી. અહીં 'ઉત્સર્ગ' અને 'અપવાદ' એ બે શબ્દો બાધ્ય અને બાધક વિધિઓના ઉપલક્ષણ છે. આથી અંતરંગત્વને કારણે, પરત્વને કારણે કે અપવાદત્વને કારણે, જે બાધક વિધિની પ્રાપ્તિ થાય છે; તે દરેક; અભ્યાસ વિકારમાં બાધક બનતી નથી. પરિણામે डोढौक्यते । એ રૂપમાં; अचकाङ्क्षत् । વગેરે રૂપોમાં સાવકાશ અભ્યાસ હ્રસ્વ[૧] નો પરત્વને કારણે दीर्घोऽकितः 7-4-83 સૂત્રથી બાધ મતો નથી.[૨] (અન્યથા.)[૩] હ્રસ્વનો બાધ કરવા માટે દીર્ઘ કરશો તો औ કારને औ કાર જ થશે. એ જ પ્રમાણે अचीकृतत् । વગેરે રૂપોમાં; अचिक्वणत् । રૂપમાં સાવકાશ सन्यतः । 1-4-79 સૂત્રોક્ત इत्व, दीर्घौ लघोः । 7-4-94 સૂત્રથી[૪] બાધિત થતું નથી.

---

૫. (૧) येन विधिस्तदन्तस्य । 1-1-72 અને (૨) यस्मात्प्रत्ययविधिः० 1-4-13 સૂત્રભાષ્યમાં.

૧. ह्रस्वः । 7-4-59

૨. મૂળ સંસ્કૃત પાઠમાં 'न' નથી. તેની ગેરહાજરીમાં પ્રકૃત ચર્ચા અસંગત બનતી હોવાથી અનુવાદમાં 'न' ઉમેરવો જરૂરી માન્યો છે.

૩. આ વાક્યમાં स्यात् એવો लिङ્ ' લ કારનો પ્રયોગ હોવાથી 'અન્યથા' અર્થની પ્રાપ્તિ થાય છે.

૪. પરત્વને કારણે.

તથા મીમાંસતે। એ રૂપમાં માન્બધદાનૂશાન્ભ્યો દીર્ઘશ્ચાભ્યાસસ્ય। 3-1-6 સૂત્રવિહિત દીર્ઘથી[૫] સન્યતઃ। 7-4-76 સૂત્રનો બાધ થતો નથી.

દીર્ઘોઽકિતઃ। 8-4-83 સૂત્રસ્થ અકિત્ ગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. અહીં અકિત્ ગ્રહણ જંગધ્યતે। જેવાં રૂપોમાં દીર્ઘોઽકિતઃ। 7-4-83 સૂત્રથી દીર્ઘ ન થાય તે માટે છે. અભ્યાસ વિકારમાં અપવાદ બાધક બનતો હોય તો નુક્ આગમ[૬] કર્યા પછી અનજન્તત્વ ને કારણે જ દીર્ઘ થશે નહીં, તેવી સ્થિતિમાં અકિત્ ગ્રહણનું શું પ્રયોજન હતું? પરંતુ અકિત્ ગ્રહણ કર્યું છે. તેથી તે આ પરિભાષાર્થમાં જ્ઞાપક બને છે.

વ્યાડિ : (૨૦)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનો અર્થ આ પ્રમાણે કરવામાં આવ્યો છે: 'અભ્યાસવિકારમાં અપવાદો ઉત્સર્ગોનો બાધ કરતા નથી.' દીર્ઘોઽકિતઃ। 7-4-83 સૂત્રોક્ત અકિતઃ પ્રતિષેધ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે અને મીમાંસતે। રૂપમાં અપવાદ હોવા છતાંય પૂર્વે દીર્ઘત્વની પ્રવૃત્તિ થતી નથી પણ ઇત્વ થાય છે, તે આ પરિભાષાનું પ્રયોજન છે.

સીરદેવ : (૯૬)

સીરદેવે કોઈ વિશેષ ચર્ચા કરી નથી, પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો સાર આપ્યો છે.

નીલકંઠ : (૫૨)

ભાષ્યમાંથી સૂચન લઈને નીલકંઠે પરિભાષાનો પાઠ બદલી નાંખ્યો છે: अभ्यासविकारेषु बाध्यबाधकभावो नास्ति ॥

આ પરિભાષાની ક્યાં પ્રવૃત્તિ થાય છે; તેની સ્પષ્ટતા કરતાં કૈયટે જણાવ્યું છે કે જ્યાં અભ્યાસવિકારમાં ઉપસ્થિત થયેલા બધાં જ સૂત્રોની પ્રવૃત્તિ (એક પછી એક) થાય છે, ત્યાં જ આ પરિભાષાની પ્રવૃત્તિ થાય છે. પરંતુ કૈયટનો આ અભિપ્રાય સ્વીકાર્ય નથી. કારણ કે પંપશ્યતે।જેવાં રૂપોમાં નુક્આગમ કર્યા પછી દીર્ઘની પ્રાપ્તિ રહેવાની નથી અને મીમાંસતે। જેવાં રૂપોમાં માન્-બધ્ વગેરેને દીર્ઘ કર્યા પછી સન્યતઃ। 8-4-89 સૂત્રથી ઇત્વની પ્રાપ્તિ નથી. આવી સ્થિતિમાં

૫. અંતરંગત્વને કારણે.

૬. નુગતોઽનુનાસિકાન્તસ્ય। 7-4-85.

गुणो यङ्लुकोः । 7–4–82 સૂત્રભાષ્યમાં આપેલા मीमांसते । અને अचीकरत् । ઉદાહરણો અસંગત બની જશે.

હરિભાસ્કર : (૯૮)

તેઓ પુરુષોત્તમદેવાદિની ચર્ચાને અનુસરે છે.

નાગેશ : (૬૬)

નાગેશે પણ નીલકંઠને અનુસરીને પરિભાષાનો પાઠ ભાષ્યકારે નિર્દેશ્યા પ્રમાણે સ્વીકાર્યો છે. તથા પરિભાષાની ચર્ચામાં પણ તેમણે નીલકંઠનું સર્વાંશે અનુસરણ કર્યું છે.

ઉપસંહાર :

સૌ પ્રથમ 'પરિભાષાસૂચન'માં આ પરિભાષા રજૂ થઈ છે. તેનાં જ્ઞાપક અને પ્રયોજનો નાગેશ સુધીના તમામ પરિભાષાવૃત્તિ–ગ્રંથોમાં સ્વીકાર્ય રહ્યાં છે. પરંતુ વ્યાડિએ પરિભાષાર્થમાં અપવાદ અને ઉત્સર્ગ શબ્દોને યથાવત્ રાખ્યા છે.

પુરુષોત્તમદેવથી આરંભીને નાગેશ સુધી સૌ કોઈ પરિભાષાવૃત્તિકારે अपवाद શબ્દને 'બાધક' એવા સામાન્ય અર્થમાં જ લીધો છે. નીલકંઠ અને નાગેશે તો પરિભાષાપાઠને ફેરફાર સાથે જ રજૂ કર્યો છે. જેમકે, अभ्यासविकारेषु वाध्य-बाधकभावो नास्ति ॥

આ પરિભાષાનાં જ્ઞાપક અને પ્રયોજન વિષે સૌ પરિભાષાવૃત્તિકારોમાં એકમત પ્રવર્તે છે. વિશેષમાં, કૈયટે રજૂ કરેલી આ પરિભાષાની પ્રવૃત્તિ વિષયક નોંધનું નીલકંઠ દ્વારા પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે.

असति संभवे बाधनं भवति ॥ २१ ॥

अस्ति च संभवो यदुभयं स्यात् २२ ॥

(શાસ્ત્રને ચરિતાર્થ થવાનો સંભવ–અવકાશ–ન હોય તો તે અન્ય શાસ્ત્રનો બાધ કરે છે. અને સંભવ હોય તો બન્ને શાસ્ત્રોની પ્રવૃત્તિ થાય છે.)

શાસ્ત્રમાં બે કાર્યોની વચ્ચે વિરોધ હોવાથી બન્નેનો સમાવેશ અશક્ય બને છે. પરિણામે કોઈક બળવાન કાર્યથી બીજા કાર્યનો બાધ થાય છે. અને જો બન્ને કાર્યોનો (તેમની વચ્ચે અવિરોધ હોવાથી–) સમાવેશ શક્ય હોય તો બન્ને કાર્યો થાય છે.

(પ્રકૃત પરિભાષાના પાઠમાં) यत् શબ્દ यदि ના અર્થમાં છે. च કાર ભિન્નક્રમ[1] છે અને तु શબ્દના અર્થમાં तदा નો અધ્યાહાર કરવાનો છે.

જેમકે, तथाजातीयः । એ ઉદાહરણમાં પ્રકારવચનમાં थाल् પ્રત્યય થયા પછી थालन्त શબ્દથી પ્રકારવચનમાં जातीयर् પ્રત્યય પણ થાય છે. કારણ કે આ બે કાર્યો વચ્ચે વિરોધ નથી. અહીં प्रकारमात्रे[2] थाल् । 5-3-23 સૂત્રથી थाल् પ્રત્યય થયો છે અને પ્રકારવાન્માં जातीयर् પ્રત્યય[3] થયો છે. સામ અહીં न् લોપ કરવા માટે પ્રત્યયના અદર્શનની લોપ સંજ્ઞા થાય છે. કારણ કે વિરોધનો અભાવ છે.

જ્યાં (બે કાર્યો વચ્ચે) વિરોધ છે, ત્યાં એક જ કાર્ય થાય છે. જેમકે, वृक्षैः ।[4] અહીં एत्व[5]થી પણ અદન્તત્વ નો નાશ થાય છે અને दीर्घत्व[6]થી પણ-આ પ્રમાણે વિરોધ છે.[7]

અહીં અવિરોધમાં પણ अजादेर्द्वितीयस्य । 6-1-2 સૂત્ર एकाचो द्वे प्रथमस्य । 6-1-1 સૂત્રનો બાધ કરે છે. એકનું દ્વિર્વચન કર્યા પછી બીજાનું દ્વિર્વચન અપ્રાપ્ત રહેતું હોવાને કારણે, लिटि धातोरनभ्यासस्य । 6-1-8 સૂત્રથી બાધ થાય છે.[8]

नित्यं कौटिल्ये गतौ । 3-1-23 સૂત્રસ્થ 'नित्य'ગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. ગત્યર્થક ધાતુઓથી કૌટિલ્ય અને ક્રિયાસમભિહાર અર્થમાં આવેલા પ્રત્યયોમાં વિરોધનો અભાવ હોવાથી (બન્નેનો સમાવેશ) સંભવિત રહે છે. આમ, પ્રાપ્ત

---

૧. च કારનો 'बाधनं भवति'ની સાથે અન્વય થવા આવે છે. તેને રોકવા માટે કહ્યું કે च કાર ભિન્નક્રમ છે. અર્થાત્ આ च કારનો 'उभयं स्यात्' ની સાથે અન્વય કરવાનો છે.

૨. કાશિકામાં प्रकारवचने थाल् । 5-3-23 એ પ્રમાણે સૂત્ર મળે છે.

૩. प्रकारवचने जातीयर् । 5-3-69 સૂત્રથી.

૪. वृक्षेभ्यः । એ ઉદાહરણ હોવું જોઈએ.

૫. बहुवचने झल्येत् । 7-3-103

૬. सुपि च । 7-3-102

૭. આ ઉદાહરણ असति संभवे० । પરિભાષા ૨૧નું છે.

૮. આ મુદ્દો सत्यपि संभवे बाधनं भवति નો છે. અનવધાનથી અહીં રજૂ કર્યો હોય તેમ જણાય છે.

સમભિરાર યડ્ નો બાધ કરવા માટે નિત્ય ગ્રહણ છે. આ પ્રયોજનથી કરવામાં આવેલું નિત્ય ગ્રહણ, અન્યત્ર[૯] ઉભયની પ્રવૃત્તિમાં પ્રમાણ જ્ઞાપિત કરે છે.

વ્યાડિ : (૨૧)

અહીં 'પરિભાષાસૂચન'માં असति संभवे बाधनं भवति । એ પરિભાષા મળે છે. પરંતુ अस्ति च संभवो यदुभयं स्यात् । એ પરિભાષા મળતી નથી.

वृक्षेभ्यः । प्लक्षेभ्यः । જેવાં ઉદાહરણોમાં सुपि च । 7-3-102 સૂત્રથી દીર્ઘત્વ અને બહુવચને झल्येत् । 7-3-103 સૂત્રથી એત્વ પ્રાપ્ત થાય છે. પણ એકમાં બન્નેનો સમાવેશ થવો શક્ય નહીં હોવાથી એત્વ થી દીર્ઘત્વનો બાધ થાય છે. પ્રકૃત પરિભાષાનું આ પ્રયોજન છે.

दीर्घोऽक्तिः । 7-4-83 સૂત્રસ્થ अकितः એવો પ્રતિષેધ અહીં જ્ઞાપક છે. જેમકે, जङ्गम्यते । ઉદાહરણમાં અભ્યાસને નુક્ અને अच् ને દીર્ઘત્વ-આ બન્નેનો સમાવેશ શક્ય છે. આ સ્થિતિમાં આચાર્ય જુવે છે કે જ્યાં બન્નેનો સંભવ હોય ત્યાં બાધ થતો નથી, માટે अकितः એવો પ્રતિષેધ કરવાની જરૂર છે. આમ, અર્થાપત્તિથી એવું ફલિત થાય છે કે જ્યાં !(બન્નેનો) સંભવ હોય ત્યાં બાધ થતો નથી અને અસંભવ હોય છે ત્યાં બાધ થાય છે.

સીરદેવ : (૩૬)

સીરદેવે પુરુષોત્તમદેવની ચર્ચાનો મહદંશે સ્વીકાર કર્યો છે. પુરુષોત્તમદેવે નિર્દેશેલાં પ્રયોજનો ઉપરાંત તેમણે-સીરદેવે - કેટલાંક નવીન પ્રયોજનો પણ વર્ણવ્યાં છે. જેમકે, चोरयति । धारयति । વગેરે રૂપોમાં આર્ધધાતુકસંજ્ઞા પ્રત્યયસંજ્ઞાનો બાધ કરતી નથી. તેમણે કોઈ નોંધનીય મુદ્દો રજૂ કર્યો નથી.

નીલકંઠ : (૪૫-૪૬)

આ પરિભાષાઓનો સુસ્પષ્ટ તાત્પર્યાર્થ સૌથી પ્રથમ નીલકંઠમાંથી મળે છે : ઉત્સર્ગ અને અપવાદશાસ્ત્રનો એકત્ર સમાવેશ થવો શક્ય નહીં હોવાથી તેમની વચ્ચે બાધ્ય-બાધકભાવ ઇષ્ટ છે. કેમકે વિરોધ બાધ્ય-બાધકભાવનો નિયામક છે. આવો પરિભાષાર્થ ન્યાયસિદ્ધ છે, તેમ ભાષ્યમાં સ્પષ્ટ કર્યું છે.

ઉપર્યુક્ત પરિભાષાનું જ સમર્થન એ अस्ति च संभवो यदुभयं स्यात् । એવી પરિભાષા છે. અહીં च શબ્દ चेत्‌ના અર્થમાં છે. પરિણામે "જો સંભવ હશે તો કાર્યો થશે" એવો પરિભાષાર્થ નિષ્પન્ન થાય છે.

---

૯. ગત્યર્થક ધાતુભિન્ન ધાતુઓથી પરમાં.

હરિભાસ્કર : (૩૬-૩૭)

તેમણે સીરદેવને અનુસરીને આ બે પરિભાષાઓની ચર્ચા કરી છે. વિશેષમાં તેમણે જણાવ્યું છે કે अस्ति च संभवो यदुभयं स्यात् । એ પરિભાષાના પાઠમાં स्यात् । એવું તિઙન્ત પદ વિધિ-અર્થમાં છે; अस्ति કે भवति અર્થમાં નહિ.

નાગેશ : (-)

સ્વતંત્ર પરિભાષા રૂપે આ વચનોનો સ્વીકાર કર્યો નથી. अन्तरङ्गा-दपवादो बलीयान् । 57 પરિભાષાના અપવાદ પદને સમજાવવા येन नाप्राप्ते यो विधिरारभ्यते स तस्य बाधको भवति । એવા વચનને પ્રસ્તુત કરવામાં આવ્યું છે. એની ચર્ચા કરતાં असति संभवे बाधनं भवति । એવી પરિભાષા વિશે નાગેશે પોતાનો અભિપ્રાય જણાવ્યો છે.

પરંતુ આ ચર્ચા सत्यपि संभवे बाधनं भवति । ની સાથે સંકલિત હોઈ આપણે એને આગળ ઉપર જોઈશું.

सत्यपि संभवे बाधनं भवति ॥२३॥

(બે શાસ્ત્રોની – બારા ફરતી – પ્રવૃત્તિ થવી શક્ય હોય તો પણ; – અપવાદ-શાસ્ત્રથી ઉત્સર્ગશાસ્ત્રનો – બાધ થાય છે.)

(પરિભાષાના પાઠમાં) 'ક્વચિત્' એટલું શેષ છે. અર્થાત્ કોઈકવાર (બન્ને કાર્યોનો) સંભવ હોય તો પણ (વિશેષ કાર્યથી સામાન્ય કાર્યનો) બાધ થાય છે. જેમકે, વર્તમાન क्त થી ભૂત क्तનો, શૈષિક ઢક્ થી અપત્ય ઢક્નો, સ્મ પરક लट् થી વર્તમાન लट्નો સામાન્ય વિશેષ ભાવ માત્રથી બાધ થાય છે.

આ લૌકિકન્યાય છે : 'બ્રાહ્મણોને દહીં આપો અને કૌણ્ડિન્ય (નામના બ્રાહ્મણ) ને છાશ. 'અહીં સામાન્યપણે કહેલાનોવિશેષથી બાધ થાય છે.

विभाषा सुपो बहुच् पुरस्तात् । 5-3-68 સૂત્રમાંનું विभाषा ગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. અહીં बहुच વડે ईषदसमाप्तौ कल्पब्देश्यदेशीयरः । 5-3-67 સૂત્રવિહિત कल्पप् વગેરેનો સમાવેશ કરવા માટે विभाषा ગ્રહણ છે. कल्पप् અને बहुच् પ્રત્યયો ભિન્ન દેશના હોવાથી તેમની વચ્ચે વિરોધનો અભાવ છે, પરિણામે ત્યાં બાધ્ય-બાધકભાવ નથી; એમ જો કહેશો તો બન્નેના સમાવેશ અર્થે विभाषा ગ્રહણ કરવાની શી જરૂર હતી ? આમ विभाषा ગ્રહણ કરીને

૧. જુઓ : परिभाषेन्दुशेखर; परिभाषा—૫૭.

જ્ઞાપિત કરવામાં આવ્યું છે કે બે કાર્યો વચ્ચે અવિરોધ હોય તો પણ સામાન્ય વિશેષમાત્રથી બાધ થાય છે.

વ્યાડિ : (૨૨)

'પરિભાષાસૂચન'માં તક્રકૌણ્ડિન્યન્યાયથી આ પરિભાષાની સિદ્ધિ દર્શાવી છે; પણ તેના જ્ઞાપકનો નિર્દેશ કર્યો નથી. આ પરિભાષાનું પ્રયોજન જણાવતાં કહ્યું છે કે સર્વનામ શબ્દોને અકચ્નું વિધાન કર્યું છે; એ (अकच्) અધિકારવિહિત क् – પ્રત્યયનો બાધ કરે છે. અહીં ઉભયનો સમાવેશ સંભવિત હતો.

સીરદેવ : (૮૬)

આ પરિભાષાની ચર્ચામાં સીરદેવે ઘણા નવા અંશો ઉમેર્યા છે. આ પરિભાષાના પ્રયોજનનો નિર્દેશ કરતાં તેમણે જણાવ્યું છે કે औनिनिषति । રૂપમાં अजादे र्द्वितीयस्य । 6–1–82 સૂત્ર વડે एकाचो द्वे प्रथमस्य । 6–1–81 સૂત્રનો બાધ થાય છે. त्वाष्ट्रो जागतः । એ ઉદાહરણમાં આદિ અચની વૃદ્ધિ વડે अचौ ञ्णिति । 7–2–115 અને अत उपधायाः । 7–2–116 સૂત્રનો બાધ થાય છે.

અનુશતિકાદિ ગણમાં पुष्करसत् શબ્દનો પાઠ કર્યો છે, તેનો આ પરિભાષાના જ્ઞાપક રૂપે સીરદેવે સ્વીકાર કર્યો છે. આ જ્ઞાપકચર્ચા માટે તેમને ભાષ્યમાંથી સૂચન મળ્યું છે. અહીં આદિ–વૃદ્ધિ અને ઉપધા – વૃદ્ધિ ભિન્ન ભિન્ન વિષયવાળા હોવાથી આદિ – વૃદ્ધિ વડે ઉપધા–વૃદ્ધિનો બાધ થવાનો ન હતો, પરિણામે पौष्करसादिः । એવા ઇષ્ટ રૂપની સિદ્ધિ થઈ જશે. એવી સ્થિતિમાં पुष्करसत्– શબ્દનો પાઠ વ્યર્થ બની પ્રકૃતાર્થમાં જ્ઞાપક બને છે.

વિશેષમાં, પુરુષોત્તમદેવે નિર્દેશેલા જ્ઞાપકનું પ્રત્યાખ્યાન કરતા સીરદેવે જણાવ્યું છે કે કલ્પપ્ વગેરે પ્રત્યયોનું પક્ષમાં વિધાન કરવા માટે વિભાષા ગ્રહણ કર્યું છે, તેવું 'કાશિકાવૃત્તિ'માં વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.

નીલકંઠ : (૪૭)

નીલકંઠે કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

હરિભાસ્કર: (૮૯)

હરિભાસ્કરે સીરદેવને અનુસરીને આ પરિભાષાની ચર્ચા કરી છે.

નાગેશ : (૫૭)

નાગેશ ભટ્ટે સ્વતંત્ર પરિભાષા રૂપે આ પરિભાષાનો અવતાર કર્યો નથી. પરંતુ ભાષ્યમાં सत्यपि संभवे बाधनं भवति । એવા ન્યાયનો સ્વીકાર કરવામાં

આવ્યો છે. તેને આધારે નાગેશ ભટ્ટે अन्तरङ्गादपवादो वलीयान् (57) એવી પરિભાષા રજૂ કરી છે. અહીં અપવાદ પદાર્થની येन नाप्राप्ते यो विधिरारभ्यते स तस्य बाधको भवति । એવી સમજૂતી રજૂ કરવામાં આવી છે. તેમાં सत्यपि संभवे बाधनं भवति । નો જ તાત્પર્યાર્થ વિશદ કરવામાં આવ્યો છે.

सत्यपि संभवे बाधनं भवति । એવા ભાષ્યવચનના અનુસન્ધાનમાં નાગેશે સિદ્ધાંતસ્થિતિને સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે असति संभवे बाधनं भवति । એવો વાર્તિકકારનો મત છે. આ મતમાં ઉત્સર્ગ અને અપવાદશાસ્ત્રની એક જ લક્ષ્યમાં યુગપત્ પ્રવૃત્તિ થવાનો સંભવ ન હોય ત્યારે અપવાદશાસ્ત્ર ઉત્સર્ગશાસ્ત્રનો બાધ કરે છે. કારણ કે બન્નેમાં વિરોધ હોવો એ જ બાધકત્વમાં કારણભૂત છે.

પરંતુ ભાષ્યકારે આ મતને અર્થાત્ असति संभवे बाधनं भवति । એવા વાર્તિકકારના મતને सत्यपि संभवे बाधनं भवति એવા વચનથી દૂષિત કર્યો હોઈ લક્ષ્યસિદ્ધિને માટે એ ઉપયોગી નથી.

ઉપસંહાર :

સૂત્રો વચ્ચેનો બાધ્ય-બાધકભાવ નક્કી કરતી વખતે પહેલાં બાધબીજનો નિર્ણય કરવો પડે છે. ઉપર્યુક્ત પરિભાષાઓ આવા બાધબીજને રજૂ કરે છે. असति संभवे बाधनं भवति । એ પરિભાષા વડે બાધકબીજ તરીકે વિરોધને પુરુષોત્તમદેવાદિએ રજૂ કર્યું છે. પરંતુ सत्यपि संभवे बाधनं भवति । પરિભાષા વડે કયા પ્રકારનું બાધકત્વ રજૂ થયું છે, તેની સ્પષ્ટતા તેમણે કરી નથી.

વસ્તુતઃ વાર્તિકકારે असति संभवे बाधनं भवति । એવી પરિભાષા વડે અનવકાશ નામનું બાધ-બીજ રજૂ કર્યું છે. અર્થાત્ જ્યાં જ્યાં વિશેષશાસ્ત્ર પ્રવૃત્ત થઈ શકે છે ત્યાં ત્યાં સર્વત્ર સામાન્યશાસ્ત્રની પ્રાપ્તિ અવશ્ય હોય છે જ. આથી જો સામાન્ય શાસ્ત્રની બધે જ પહેલાં પ્રવૃત્તિ થઈ જતી હોય તો વિશેષશાસ્ત્રને પ્રવૃત્ત થવા માટે કોઈ ઉદાહરણ મળશે જ નહીં. આમ, વિશેષશાસ્ત્રને અનવકાશપ્રયુક્ત વૈયર્થ્ય પ્રાપ્ત થશે. પરંતુ કોઈપણ પાણિનીય સૂત્ર કે સૂત્રમાંનો એક અક્ષર પણ વ્યર્થ નથી એવો ભાષ્યકારનો અભિપ્રાય છે. આથી વિશેષશાસ્ત્ર વ્યર્થ ન જતાં સામાન્યશાસ્ત્રનો બાધ કરે છે. – આમ, આ પરિભાષાથી અનવકાશ નામનું બાધબીજ રજૂ થયું છે.

પરંતુ ભાષ્યકારે असति च संभवो यद्युभयं स्यात् । એમ કહીને વાર્તિકકારની ઉપર્યુક્ત પરિભાષામાં દોષાપત્તિ આપી છે. અર્થાત્ સામાન્યશાસ્ત્રની પહેલાં

પ્રવૃત્તિ થઈ ગયા પછી વિશેષ શાસ્ત્રને ચરિતાર્થ થવા અવકાશ ન મળે તો તે સામાન્યશાસ્ત્રનો અનવકાશત્વના બળ ઉપર બાધ કરનાર છે જ. પરંતુ જો સામાન્યશાસ્ત્રની પ્રવૃત્તિ થઈ ગયા પછી વિશેષશાસ્ત્રને પણ પ્રવૃત્ત થવાનો સંભવ હોય તો શું ? આવે પ્રસંગે તો વિશેષશાસ્ત્ર સામાન્યશાસ્ત્રનો બાધ નહીં કરી શકે ને ? આમ, વાર્તિકકારના ઉપર્યુક્ત અભિપ્રાયમાં થોડીક ઊણપ છે.

તેથી ભાષ્યકારે सत्यपि संभवे बाधनं भवति । એવી એક નવી પરિભાષા રજૂ કરી છે. આ પરિભાષા અપવાદત્વ નામના બાધબીજને રજૂ કરે છે. અર્થાત્ સામાન્યશાસ્ત્ર પ્રવૃત્ત થયા પછી વિશેષશાસ્ત્રને પ્રવૃત્ત થવાનો અવકાશ-સંભવ હોય; અને એ રીતે વિશેષશાસ્ત્ર ચરિતાર્થ થઈ શકે એમ હોય તો પણ આવા સંદર્ભોમાં સામાન્યશાસ્ત્ર જ્યાં ન વ્યાપ્યું હોય-ન પ્રવૃત્ત થયું હોય-તેવી કોઈ જગ્યા વિશેષશાસ્ત્રને પ્રવૃત્ત થવા મળવાની નથી. (આવું એક વિશેષ પ્રકારનું અનવકાશત્વ અહીં છે.) તેથી અપવાદત્વના બળે વિશેષશાસ્ત્ર સામાન્યશાસ્ત્રનો પહેલેથી જ કાયમને માટે બાધ કરી દે છે. આથી જ अपवादः सर्वतो बलीयान् । એમ કહેવાય છે.

નાગેશ ભટ્ટે આ અનવકાશત્વ અને અપવાદત્વ નામના બે પ્રકારના બાધબીજોને નીચેના શબ્દોમાં રજૂ કર્યા છે :

(૧) तदप्राप्तियोग्येऽचारितार्थ्यं ह्येतस्य बाधकत्वे बीजम् ।
(૨) तत्प्रवृत्त्युत्तरं चारितार्थ्येऽपि तदव्याप्तोऽवकाशो नास्ति इति ॥

एकयोगनिर्दिष्टानां सह वा प्रवृत्तिः सह वाः निवृत्तिः ॥ २४ ॥

(કોઈ એક સૂત્રમાં નિર્દેશવામાં આવેલાં પદોની એક સાથે જ પ્રવૃત્તિ થાય છે, અર્થાત્ અનુવૃત્તિ આવે છે અથવા તો તે પદોની એક સાથે જ નિવૃત્તિ થાય છે.[૧])

એક વાક્યમાં નિર્દેશેલાં પદોની પ્રવૃત્તિ કે નિવૃત્તિ એક સાથે જ થાય છે, નહીં કે એકની પ્રવૃત્તિ થાય અને અન્યની નિવૃત્તિ. ઉદાહરણ તરીકે—(૧) अतोलान्तस्य । 7-2-2 સૂત્રમાં सिचि वृद्धिः परस्मैपदेषु । 7-2-1 સૂત્રમાંથી બધાં પદોની અનુવૃત્તિ થાય છે. (૨) भावे 3-3-18 સૂત્રમાં सृ स्थिरे । 3-3-17 સૂત્રમાંના બધાં

૧. કોઈ એક સૂત્રમાંના પદોની ઉત્તરોત્તર સૂત્રોમાં જો અનુવૃત્તિ થાય તો તે સૂત્રમાંનાં બધાં જ પદોની એક સાથે જ અનુવૃત્તિ થાય છે અને નિવૃત્તિ થાય તો તે બધા જ પદોની નિવૃત્તિ થાય છે. અર્થાત્ કોઈ એકાદ પદની અનુવૃત્તિ થાય અને બીજા પદોની અનુવૃત્તિ ન થાય એમ બનતું નથી.

પદોની નિવૃત્તિ થાય છે. અર્થાત્ કોઈપણ પદની અનુવૃત્તિ થતી નથી.

ક્ત્વવિધિનું વિધાન કરતા હનઃ સિચ્ । 1-2-14 સૂત્રમાં કરેલું સિચ્ ગ્રહણ પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક છે. જો એક સૂત્રમાં નિર્દેશેલાં (બે પદો)માંથી એકની (જ) અનુવૃત્તિ થતી હોય અને બીજાની નહીં, તો લિડ્.સિચાવાત્મનેપદેષુ । 1-2-11 સૂત્રમાંથી લિડ્ ગ્રહણની અનુવૃત્તિ આવશે નહીં અને કેવળ સિચ્ ની જ અનુવૃત્તિ આવશે; તેવી સ્થિતિમાં સિચ્ ગ્રહણ અનર્થક બની જશે.

આ પરિભાષા અનિત્ય છે. પરિણામે ર ઋતો હલાદેર્લઘોઃ । 6-4-161 સૂત્રમાં તુરિષ્ઠેમેયસ્સુ । 6-4-154 સૂત્રમાંથી 'ઇષ્ઠેમેયસ્સુ' એટલાની જ અનુવૃત્તિ આવે છે અને 'તુઃ' ની અનુવૃત્તિ આવતી નથી.

વ્યાડિ : (—)

પરિભાષાસૂચનમાં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૪)

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી આ પરિભાષાની ચર્ચા સીરદેવે સર્વાંશે સ્વીકારી છે. વિશેષમાં તેમણે આ પરિભાષાના વ્યાખ્યાનમાં બે વિષયાન્તરો ઉમેરીને ચર્ચાને અનાવશ્યક લંબાવી છે. આ બે વિષયાન્તરો આ પ્રમાણે છે :

(૧) ઉશ્ચ 1-2-12 સૂત્રમાં લિડ્સિચાવાત્મનેપદેષુ । 1-2-11 સૂત્રોક્ત બધાં પદોની અનુવૃત્તિ આવે છે. તેથી સૂત્રાર્થ આ પ્રમાણે થશે : 'ઋવર્ણાન્ત ધાતુથી પરમાં આવેલા આત્મનેપદના લિડ્ અને સિચ્ ક્ત્ થાય છે.' અહીં સૂત્રાર્થમાં ઋ પદથી ઋવર્ણાન્ત ધાતુનું ગ્રહણ થાય છે; પણ ઋ ગતૌ ધાતુનું ગ્રહણ થતું નથી. આના અનુસંધાનમાં ન્યાસકાર અને રક્ષિતના અભિપ્રાયો રજૂ કરવામાં આવ્યા છે. જે પરિભાષામાં પ્રત્યક્ષ ઉપકારક નથી.

(૨) ઉપદેશેઽજનુનાસિક ઇત્ । 1-3-2 સૂત્રમાંથી લશક્વતદ્ધિતે 1-3-8 સૂત્રમાં ઉપદેશ ગ્રહણની અનુવૃત્તિ આવે છે કે નહીં ? તે વિષે રક્ષિત અને અનુન્યાસકારનો વિવાદ રજૂ કરવામાં આવ્યો છે. તે પણ પ્રકૃત ચર્ચામાં પ્રત્યક્ષ ઉપકારક નથી.

નીલકંઠ : (૧૯)

નીલકંઠે આ પરિભાષાની સ્વતંત્રપણે ચર્ચા કરી છે અને પુરુષોત્તમદેવ કે સીરદેવનું અનુસરણ કર્યું નથી. પરિભાષાના પાઠમાં વપરાયેલો 'વા' શબ્દ અવધારણાર્થે છે એમ જાહેર કરીને તેમણે પરિભાષાર્થ આ પ્રમાણે આપ્યો છેઃ સૂત્રમાં પરસ્પર અન્વિત પદોની સાથે જ પ્રવૃત્તિ કે નિવૃત્તિ થાય છે.

નેડ્ વશિ કૃતિ । 7–2–8 એ સૂત્રમાંથી ઇડ્ ની અનુવૃત્તિ આવતી હોવા છતાંય આર્ધધાતુકસ્યેડ્૦ । 7–2–35 સૂત્રમાં ફરીથી ઇડ્ ગ્રહણ કરવામાં આવ્યું છે, તે પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે.

ભાષ્યકારના મતે આ પરિભાષા વાચનિકી છે. અને ઝોઽન્તઃ । 7–1–3 તથા સમર્થાનાં પ્રથમાદ્વા । 4–1–82 વગેરે સૂત્રોમાં એકદેશની અનુવૃત્તિ પણ જોવા મળે છે, તેથી જણાય છે કે આ પરિભાષા અનિત્ય છે.

હરિભાસ્કર : (૧૪)

તેમણે एकयोगनिर्दिष्टानाम्૦ । એવા પાઠમાં ફેરફાર કરી, તેને સ્થાને संनियोगशिष्टानाम् એવું પદ મૂક્યું છે. અને સીરદેવને અનુસરીને આ પરિભાષાની ચર્ચામાં પરિભાષાનો અર્થ અને જ્ઞાપકાદિ રજૂ કર્યાં છે.

વિશેષમાં તેમણે જણાવ્યું છે કે वस्तुतः આ પરિભાષા क्वचिदेकदेशोऽप्यनुवर्तते । એવી પરિભાષામાંના क्वचित् શબ્દનો જ પ્રપંચ છે.

નાગેશ : (૧૭)

તેમણે નીલકંઠમાંથી સૂચન લઈને આ પરિભાષાનો અર્થ રજૂ કર્યો છે. નાગેશ ભટ્ટના મતે આ પરિભાષા લોકન્યાયસિદ્ધા છે.[૨] તેમણે નીલકંઠે રજૂ કરેલા જ્ઞાપકનું ખંડન કર્યું છે. જેમકે, નેડ્ વશિ કૃતિ । 7–2–8 સૂત્રમાંથી ઇડ્ ની અનુવૃત્તિ આવતી હોવા છતાંય आर्धधातुकस्य इड् वलादेः । 7–2–35 સૂત્રમાં ફરીથી ઇડ્ નું ગ્રહણ એટલા માટે કરવામાં આવ્યું છે કે ન કાર સહિતના ઇડ્ ની અનુવૃત્તિ ન આવે. અહીં પ્રકૃત્ત પરિભાષા હોવાથી ન કાર સહિત ઇડ્ ની અનુવૃત્તિ પ્રાપ્ત હતી; આ પ્રમાણે નીલકંઠે જ્ઞાપક વર્ણવ્યું છે. પરંતુ નાગેશ ભટ્ટે જણાવ્યું છે કે दीधीवेवीटाम् । 1–1–6 સૂત્રભાષ્યમાં, दीधीवेवीटाम् । 1–1–6 સૂત્રસ્થ ઇડ્ ગ્રહણનું પ્રત્યાખ્યાન કરવા માટે કહ્યું છે કે नेड् वशि कृति । 7–2–8 સૂત્રમાંથી ઇડ ની અનુવૃત્તિ આવતી હોવા છતાંય आर्धधातुकस्येड् वलादेः । 7–2–35 સૂત્રમાં ફરીથી જે ઇડ્ ગ્રહણ કર્યું છે, તેનું પ્રયોજન એ એ છે કે ઇડ્ ને ગુણ રૂપ વિકાર પ્રાપ્ત ન થાય. અને नेड् वशि कृति । 7–2–8 સૂત્રસ્થ નઞ્ ની નિવૃત્તિ તો क्वचिदेकदेशोऽप्यनुवर्तते । એવી પરિભાષા

૨. एककार्यनियुक्तादीनां वहनां लोके तथैव दर्शनादिति भावः ॥ પરિભાષેન્દુશેખર; પરિભાષા–૧૭.

વડે પણ સિદ્ધ છે. આમ आर्धधातुकस्येड् वलादेः। 7-2-35 સૂત્રસ્થ इड् ગ્રહણનું અન્ય પ્રયોજન નિર્દેશ્યું હોઈ તે પ્રકૃતાર્થમાં જ્ઞાપક બની શકશે નહીં.

વિશેષમાં નાગેશે ઉમેર્યું છે કે दीधीवेवीटाम्। 1-1-6 સૂત્રભાષ્યની ઉપર્યુક્ત ઉક્તિ તો એકદેશીની છે. વસ્તુતઃ आर्धधातुकस्येड् वलादेः। 7-2-35 સૂત્રસ્થ इड् ગ્રહણનું ભાષ્યકારે પ્રત્યાખ્યાન કર્યું હોઈ તે પ્રકૃતાર્થમાં જ્ઞાપક બનશે નહીં.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે આ પરિભાષાને સરળતાથી સમજાવી છે અને છતાંય તેની સર્વાંગિણી ચર્ચા કરી છે. પરંતુ નીલકંઠે જે જ્ઞાપક નિર્દેશ્યું છે તેનું નાગેશે ખંડન કર્યું છે. આ ચર્ચા નોંધપાત્ર છે.

નાગેશે બતાવ્યું છે તે પ્રમાણે "કોઈ એક કાર્યમાં સાથે પ્રવૃત્ત થયેલાઓની એક સાથે જ પ્રવૃત્તિ કે નિવૃત્તિ જોવા મળે છે" એવા લોકન્યાય ઉપર જ આ પરિભાષા આધૃત છે.

क्वचिदेकदेशोऽप्यनुवर्तते ॥ २५ ॥

(ક્વચિત્ એકદેશની પણ અનુવૃત્તિ આવે છે.)

પૂર્વોક્ત પરિભાષાનો આ અપવાદ છે. આ પરિભાષા જણાવે છે કે ક્વચિત્ લક્ષ્યસ્થિતિ અનુસાર સૂત્રનો એકદેશ કે પદનો એકદેશ પણ અનુવૃત્ત થાય છે. ઉદાહરણ તરીકે—

(૧) ब्रुवः पञ्चानाम्०। 3-4-84 સૂત્રમાં विदो लटो वा। 3-4-84 સૂત્રમાંથી लटः માત્રની જ અનુવૃત્તિ આવે છે, પરંતુ विदःની નહીં.

(૨) अजाद्यतष्टाप्। 4-1-4 સૂત્રમાં પણ, ङ्याप्प्रातिपदिकात्। 4-1-1 સૂત્રમાંથી प्रातिपदिकात् એટલાની અનુવૃત્તિ આવે છે, અને ङ्यापૂની નહીં.

(૩) दामहायनान्ताच्च। 4-1-27 સૂત્રમાં संख्याव्ययादेः०। 4-1-26 સૂત્રમાંથી संख्या ગ્રહણની અનુવૃત્તિ આવે છે, પણ अव्ययादिની નહીં.

(૪) झोऽन्तः। 7-1-3 સૂત્રમાં પણ आयनेयीनीयियः फढखछघां प्रत्ययादीनाम्। 7-1-2 સૂત્રમાંથી आदि ગ્રહણની નિવૃત્તિ થવા છતાંય (કેવળ) प्रत्यय ગ્રહણની અનુવૃત્તિ આવે છે.

(૫) येषां च विरोधः शाश्वतिकः । 2-4-9 સૂત્રમાં क्षुद्रजन्तवः । 2-4-8 સૂત્રમાંથી जन्तु ગ્રહણ અનુવૃત્ત થાય છે.

तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 સૂત્રમાં इति કરણ કર્યું હોવા છતાંય तस्मादित्युत्तरस्य । 1-1-67 સૂત્રમાં ફરીથી જે इति - કરણ કર્યું છે, તે આ પરિભાષામાં જ્ઞાપક છે.[1] જો પદોથી (એક) સાથે જ અનુવૃત્તિ થતી હોય તો નિર્દિષ્ટ ગ્રહણની જેમ इति કરણની પણ પૂર્વસૂત્રમાંથી જ અનુવૃત્તિ થઈ શકશે, તેવી સ્થિતિમાં तस्मादित्युत्तरस्य । 1-1-67 સૂત્રમાં ફરીથી इति કરણની શી જરૂર હતી ? આમ, तस्मादित्युत्तरस्य । 1-1-67 માં इति કરણ કરતાં આચાર્ય જણાવે છે કે ક્વચિત્ એકદેશની પણ અનુવૃત્તિ થાય છે જ. આથી કેવળ નિર્દિષ્ટ ગ્રહણ જ અનુવૃત્ત થાય છે; इति કરણ નહીં.

વ્યાડિ : (૨૩)

'પરિભાષાસૂચન'માં 'एकयोगनिर्दिष्टानामप्येकदेशानुवर्तनम् । એ પ્રમાણે આ પરિભાષાનો પાઠ મળે છે. અહીં अपि શબ્દના સામર્થ્યથી દ્વિવિધ અર્થ સિદ્ધ રહે છે. જેમકે; (૧) કોઈ એક સૂત્રમાં નિર્દેશેલાં પદોમાંથી એકદેશની અનુવૃત્તિ પણ આવે છે અને એકદેશની નિવૃત્તિ પણ થાય છે. (૨) એક સૂત્રમાં નિર્દેશેલાં પદોની એક સાથે પ્રવૃત્તિ કે નિવૃત્તિ થાય છે. પરંતુ 'પરિભાષાસૂચન'માં આ બીજા અર્થની રજૂઆત કરતી પરિભાષા एकयोगनिर्दिष्टनां सह वा प्रवृत्तिः सह वा निवृत्तिः । જોવા મળતી નથી.

तस्मादित्युत्तरस्य । 1-1-67 સૂત્રસ્થ इति કરણથી પ્રકૃત પરિભાષા જ્ઞાપિત થાય છે. તથા આવી પરિભાષાથી જે પ્રયોજન સિદ્ધ થાય છે તે આ પ્રમાણે છે: दामहायनान्ताच्च । 4-1-27 સૂત્રમાં संख्याव्ययादेर्ङीप् । 4-1-26 સૂત્રમાંથી संख्यादिनी અનુવૃત્તિ આવે છે, પણ अव्ययादिनी નિવૃત્તિ થાય છે. 'પુરુષોત્તમદેવે પોતાની ચર્ચામાં આ બન્ને મુદ્દાઓનો સ્વીકાર કર્યો છે.

---

૧. અર્થાત् तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 સૂત્રમાં इति ગ્રહણ કર્યું છે. આ इति પદ ઉત્તર સૂત્ર तस्मादित्युत्तरस्य । 1-1-67 માં અનુવૃત્ત થઈ શકે એમ છે. છતાં પણ પાણિનિએ (1-1-67માં) ફરીથી इति ગ્રહણ કર્યું છે; આથી આ બીજી વાર કરવામાં આવેલું इति ગ્રહણ પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક છે.

સીરદેવ : (૮)

તેઓ આ પરિભાષાની ચર્ચા પુરુષોત્તમદેવને અનુસરીને કરે છે. તથાપિ તેમણે એક વિશેષ બાત એ પણ નોંધી છે કે સ્વરિતત્વની પ્રતિજ્ઞાના[૨] બળથી પ્રકૃત પરિભાષાર્થ સિદ્ધ રહે છે.

નીલકંઠ : (૧૦)

નીલકંઠે પણ સ્વરિતત્વની પ્રતિજ્ઞાથી આ પરિભાષાર્થ સિદ્ધ થાય છે તેમ વર્ણવ્યું છે. બીજી કોઈ વિશેષ નોંધ મૂકી નથી.

હરિભાસ્કર : (૮)

આ પરિભાષાનાં પ્રયોજનો આ પ્રમાણે વર્ણવવામાં આવ્યાં છે: (૧) आयनेयीनीयियः० । 7-1-2 સૂત્રમાંથી, झोऽन्तः । 7-1-3 સૂત્રમાં એકદેશભૂત પ્રત્યય ગ્રહણની અનુવૃત્તિ આવે છે. તેથી शयान्तैः । માં અવ્યાપ્તિ થતી નથી. (૨) विसर्जनीयस्य सः । 8-3-34 સૂત્રમાં, खरवसानयोः० । 8-3-15 સૂત્રમાંથી खर् ગ્રહણની અનુવૃત્તિ આવે છે. તેથી रामः । વગેરેમાં અતિવ્યાપ્તિ થતી નથી. અથવા તો – गोः पादान्ते । 7-1-57 સૂત્રમાંથી अन्त – ગ્રહણની અનુવૃત્તિ इदितो नुम्धातोः । 7-1-48 સૂત્રમાં આવે છે. તેથી इदन्त ને नुम् નું વિધાન થવાથી चष्टे । વગેરે રૂપમાં नुम् થતો નથી. હરિભાસ્કરે આ પ્રયોજનોને, દૂરાકૃષ્ટ ચર્ચાઓ ઉમેરીને વિસ્તારથી રજૂ કર્યા છે.

આ પછી તેમણે સીરદેવાદિએ નિર્દેશેલા જ્ઞાપકને રજૂ કરીને પરિભાષાના क्वचित् પદથી એકદેશની અનુવૃત્તિ સર્વત્ર પ્રાપ્ત થતી નથી, તે મુદ્દાને સમજાવ્યો છે. आर्धधातुकस्येड् वलादेः । 7-2-35 સૂત્રસ્થ इड् ગ્રહણથી ક્વચિત્ એકદેશની અનુવૃત્તિ સિદ્ધ રહે છે. અન્યથા नेड् वशि कृति । 7-2-8 સૂત્રમાંથી इड्ની અનુવૃત્તિ આવતાં (7-2-35માં) इड् ગ્રહણ વ્યર્થ જશે.

નાગેશ : (૧૮)

પક્ષાત્તિઃ । 5-2-25 સૂત્રભાષ્યપ્રદીપમાં કૈયટે 'एकयोगनिर्दिष्टानाम्' પદનો અર્થ આ પ્રમાણે કર્યો છે: "સમુદાય રૂપ અર્થનો વાચક જે દ્વન્દ્વ સમાસ,

---

૨. स्वरितेनाधिकारः । 1-3-11 સૂત્રથી પાણિનિએ જણાવ્યું છે કે સ્વરિતત્વની નિશાની જોઈને અનુવૃત્તિનો પ્રારંભ કે નિવૃત્તિ થાય છે, (આ સૂત્રના દ્વિવિધ અર્થો થાય છે. વિશેષ સમજૂતી માટે જુઓ આ સૂત્ર ઉપરનું ભાષ્ય).

તેમાં નિર્દિષ્ટ." પરંતુ નાગેશે તો જણાવ્યું છે કે સ્વરિતત્વની પ્રતિજ્ઞાથી જ અનુવૃત્તિ વિષયક વ્યવસ્થા સ્વીકારવી જોઈએ.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન' અને વાર્તિકકારે[3] નિર્દેશેની एकयोगनिर्दिष्टानामप्येकदेशानुवर्तनम् । પરિભાષામાંથી સમય જતાં ઉપર્યુક્ત બે પરિભાષાઓ (૨૪ અને ૨૫) તૈયાર થઈ છે.

આ પરિભાષાના સન્દર્ભમાં પુરુષોત્તમદેવની ચર્ચાઓ સર્વસમ્મત રહી છે. પણ નીલકંઠ અને નાગેશના પરિભાષાર્થો વધારે ઉચિત જણાય છે.

આ બે પરિભાષાઓ અનુવૃત્તિ વિષયક વ્યવસ્થા સૂચવે છે. પરંતુ સીરદેવે પ્રથમ સ્પષ્ટ કર્યું છે તે મુજબ આ વિષયમાં સ્વરિતત્વની પ્રતિજ્ઞા જ વધારે પ્રમાણભૂત છે.

વિશેષમાં અહીં એ પણ ઉમેરવું જોઈએ કે स्वरितेनाधिकारः । 1-3-11 સૂત્રથી અનુવૃત્તિની પ્રવૃત્તિ કે નિવૃત્તિવિષયક સ્પષ્ટતા જરૂર થાય છે. પણ ક્યાં સ્વરિતત્વની પ્રતિજ્ઞા છે અને ક્યાં સુધી અનુવૃત્તિ લઈ જવાની છે કે ક્યાં અનુવૃત્તિની નિવૃત્તિ થાય છે; તે બાબતે ભાષ્યવ્યાખ્યાન જ અંતિમ પ્રમાણ છે.

प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् ॥२६॥

(સૂત્રમાં પ્રાતિપદિકનું ગ્રહણ કર્યું હોય ત્યારે તે પ્રાતિપદિકથી લિંગવિશિષ્ટ પ્રાતિપદિકનું પણ ગ્રહણ કરવું જોઈએ.)

સ્વરૂપથી અથવા સંજ્ઞા વડે જ્યાં પ્રાતિપદિકનું ગ્રહણ કરવામાં આવે છે, ત્યાં લિંગવિશિષ્ટ એટલે કે લિંગાધિક પ્રાતિપદિકનું પણ ગ્રહણ થાય છે. 'લિંગ' ગ્રહણથી અહીં લિંગની અભિવ્યક્તિ કરનારા ટાપ્ વગેરે પ્રત્યયો લેવાના છે. કારણ કે અભિધાનમાં અભિધેયનો ઉપચાર થાય છે. જેમકે, सर्वनाम्नस्तृतीया च । 2-3-27 સૂત્ર વડે જેવી રીતે भवता हेतुना । ઉદાહરણમાં તૃતીયા વિભક્તિ થાય છે, તેવી રીતે भवत्या हेतुना । ઉદાહરણમાં પણ થાય છે. कुसूलकूपकुम्भशालं बिले । 6-2-102 સૂત્ર વિહિત પૂર્વપદને અન્તોદાત્ત સ્વર જેવી રીતે कुसूलबिलम् । માં થાય છે, તેવી રીતે कुसूलीबिलम् । માં પણ થાય છે. पूर्वसदृश० । 2-1-31 સૂત્રોક્ત તત્પુરુષસમાસ જેવી રીતે दाससदृशः । માં થયો છે તેવી રીતે दाससदृशी

3. एकयोगे चैकदेशानुवृत्तिरन्यत्रापि ॥ वा-६, 6-1-93, સૂત્રભાષ્ય.

માં પણ થાય છે. તૃજન્ત શબ્દોની સાથે ષષ્ઠીનો સમાસ નિષેધ[1] જેવી રીતે અપાં સ્રષ્ટા । ઉદાહરણમાં પ્રવૃત્ત થાય છે, તેવી રીતે અપાં સ્રષ્ટ્રી । માં પણ પ્રવૃત્ત થાય છે. अचित्तहस्तिधेनोष्ठक् । 4-2-47 સૂત્ર વિહિત ઠક્ પ્રત્યય જેવી રીતે હસ્તિનાં સમૂહો હાસ્તિકમ્ । માં લાગે છે, તેવી રીતે હસ્તિનીનાં સમૂહો હાસ્તિકમ્ । માં પણ લાગે છે. નૈન્સિદ્ધવધ્નાતિષુ ચ । 6-3-19 સૂત્રોક્ત સપ્તમીનો અલુક્નિષેધ જેવી રીતે સ્થણ્ડિલશાયી । માં પ્રવૃત્ત થાય છે. તેવી રીતે સ્થણ્ડિલશાયિની । માં પણ પ્રવૃત્ત થાય છે. શયવાસવા સિષ્વકાલાત્ । 6-3-18 સૂત્રોક્ત સપ્તમીનો અલુક્ જેવી રીતે ગ્રામેવાસી ઉદાહરણમાં રહે છે તેવી રીતે ગ્રામેવાસિનીમાં પણ રહે છે. કુમારમાચષ્ટે કુમારયતિ । માં જેવી રીતે प्रातिपदिकाद्धात्वर्थे बहुलमिष्ठवच्च । (ચુરાદિગણ - ગણસૂત્ર)થી વિહિત णिच् થાય છે, તેવી રીતે કુમારીમાચષ્ટે કુમારયતિ । માં પણ થાય છે. તથા ईयसश्च । 5-4-156 સૂત્રોક્ત સમાસાન્ત નિષેધ જેવી રીતે વહુશ્રેયાન્ । ઉદાહરણમાં લાગે છે, તેવી રીતે વહુશ્રેયસી । માં પણ લાગે છે.

"સર્વનામ, સ્વર, સમાસ, તદ્ધિતવિધિ, લુક્ અને અલુક્ એટલા પ્રયોજન અર્થે[2] કાત્યાયને પ્રાતિપદિકના ગ્રહણમાં લિઙ્ગવિશિષ્ટનું પણ ગ્રહણ થાય છે.[3] એવી પરિભાષા અપૂર્વવચન રૂપે કરી છે; એટલા માત્રથી જ તે પ્રમાણભૂત છે. ભાષ્યકારે તો સરળતાને માટે (અર્થાત્ સૌકર્યથી) युवा खलतिपलित-वलिन-जरतीभिः । 2-1-67 સૂત્રમાં 'યુવા' એવા (પુલ્લિંગ) શબ્દ સ્વરૂપનું 'જરતી' એવા (સ્ત્રીલિઙ્ગ) શબ્દની સાથે સામાનાધિકરણ્ય અનુપપન્ન રહે છે, તે દ્વારા જ્ઞાપિત કરી છે.

કેટલાક વૈયાકરણો આ પરિભાષાને સ્વરૂપવિધિવિષયા માનતા નથી. તેથી કુમારયતિ । વગેરેની સિદ્ધિને અર્થે યત્નાન્તરનું આશ્રયણ કરવું પડશે.[4]

महतीप्रियः । વગેરેમાં આ પરિભાષાનું અનિત્યત્વ છે. ભાષ્યમાં आन्महतः समानाधिकरणजातीययोः । 6-3-46 સૂત્રોક્ત આત્વનો અભાવ દર્શાવ્યો છે.[5]

---

૧. तृजकाभ्यां कर्तरि । 2-1-95

૨. ङ्याप्प्रातिपदिकात् । 4-1-1 સૂત્ર ઉપર વાર્તિક-૫.

૩. ङ्याप्प्रातिपदिकात् । 4-1-1 વાર્તિક—૪.

૪. પાદટીપમાં—"2 M. om. कुमारमाचष्टे & read तेन for तैश्च"—આવો એક ફેરફાર નોંધેલો છે. તેને સ્વીકારીને અહીં સમજૂતી આપવામાં આવી છે.

૫. महतीप्रियः । એવા ઉદાહરણમાં આત્વનો અભાવ દર્શાવ્યો છે.

અને કૃદિકારાદક્તિનઃ । 4-1-46 વા૦ 1 વડે, દિતિનું ગ્રહણ થાય છે. પણ ઙીષન્ત દિતી શબ્દનું ગ્રહણ થતું નથી. પરિણામે દિત્યદિત્યાદિત્યપત્યુત્તરપદાણ્ય્યઃ । 4-1-85 સૂત્રવિહિત ણ્ય પ્રત્યયનો દિતી શબ્દથી અભાવ રહે છે. આથી દૈતેયઃ । એવા ઉદાહરણમાં સ્ત્રીમ્યો ઢક્ । 4-1-120 સૂત્રથી ઢક્ સિદ્ધ રહે છે.

હરતેરનુદ્યમનેऽચ્ । 3-2-9 સૂત્રોક્ત અચ્ પ્રકરણમાં ગ્રહ ધાતુથી અચ્ પ્રત્યયનો વિધિ કરવા માટે શક્તિલાङ્ગલાङ્કુશયષ્ટિતોમરઘટઘટીધનુઃ ષુ ગ્રહેરુપસંખ્યાનામ્ । એવું વાર્ત્તિક રજૂ કરવામાં આવ્યું છે. તેમાં ઘટ અને ઘટી એવા શબ્દોનું ગ્રહણ કર્યું છે, તેથી આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે. આથી દ્વિષતીતાપઃ । એ ઉદાહરણમાં દ્વિષત્પરયોસ્તાપેઃ । 3-2-39 સૂત્રોક્ત ખચ્ પ્રત્યય લાગતો નથી. અને મદ્રરાજ્ઞી । એ ઉદાહરણમાં રાજાહઃ સખિભ્યષ્ટચ્ । 5-4-91 સૂત્રવિહિત ટચ્ પ્રત્યય લાગતો નથી.

વ્યાડિ : (૨૫)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાની જ્ઞાપકચર્ચા આ પ્રમાણે કરવામાં આવી છે : કુમારઃ શ્રમણાદિભિઃ । 2-1-70 સૂત્રથી કુમારઃ શબ્દનો શ્રમણા વગેરે શબ્દોની સાથે સમાસ કહેવામાં આવ્યો છે. અહીં કુમાર શબ્દ પુંલિંગમાં છે અને શ્રમણા વગેરે સ્ત્રીલિંગમાં છે. અને આ સૂત્ર સમાનાધિકરણના અધિકારમાં આવેલું છે. તેથી કુમાર અને શ્રમણા વગેરે શબ્દોની વચ્ચે સામાનાધિકરણ્ય જ પ્રાપ્ત થતું નથી. આથી સૂચવાય છે કે આચાર્ય પાણિનિ જુવે છે કે કુમાર નું ગ્રહણ કરવાથી લિંગવિશિષ્ટનું પણ ગ્રહણ થાય છે.

પરંતુ અહીં પ્રશ્ન થાય છે કે જો આચાર્ય પાણિનિએ કુમારઃ શ્રમણાદિભિઃ । 2-1-70 સૂત્ર રચીને આ પરિભાષાના અસ્તિત્વને જ્ઞાપિત કર્યું છે, તો ङ્યાપ્પ્રાતિપદિકાત્ । 4-1-1 સૂત્રમાં ङ્યાપ્ ગ્રહણ શા માટે કર્યું છે ? પરિભાષાસૂચનકારે આ પ્રશ્નની વિસ્તારથી ચર્ચા કરીને નિર્દેશ્યું છે કે સ્ત્રીપ્રત્યયવિશિષ્ટ પ્રાતિપદિકનું ઉચ્ચારણ કર્યું હોય ત્યાં આ પરિભાષાની પ્રવૃત્તિ ન થાય એ માટે ङ્યાપ્ ગ્રહણનું પ્રયોજન છે.

સીરદેવ : (૨૮)

સીરદેવે આ પરિભાષાનું વ્યાખ્યાન કરવામાં યથાપ્રસંગ કેટલાક નવીન મુદ્દાઓને પણ ચર્ચ્યા છે. જેમકે, પુરુષોત્તમદેવે આ પરિભાષાનું પ્રયોજન વર્ણવતા જણાવ્યું છે કે अचित्तहस्तिधेनोष्ठक् । 4-2-47 સૂત્ર વિહિત ઠક પ્રત્યય

हस्तिनीनां समूहो हास्तिकम् । એવા ઉદાહરણમાં પણ પ્રવૃત્ત થાય છે. અહીં સીરદેવ જણાવે છે કે આ પ્રયોજન ઠીક નથી. કારણ કે ઠક્ પ્રત્યયની ઉત્પત્તિ પૂર્વે જ भस्याढे तद्धिते । 6-3-55 वा० 11 વડે પુંવદ્ભાવ થઈ જાય છે. આના અનુસંધાનમાં વિશેષ ચર્ચા કરીને સીરદેવે એ પણ દર્શાવ્યું છે કે भस्याढे तद्धिते । 6-3-35 वा० 11 માંના तद्धिते પદમાં પર સપ્તમી છે. તેવો પક્ષ લેવાથી हास्तिकम् । એવું ઉક્ત પ્રયોજન સંગત બની રહે છે.

સીરદેવે આ પરિભાષાના ભાષ્યોક્ત જ્ઞાપકની પણ પુનઃસમીક્ષા કરી છે. તેમણે પ્રશ્ન કર્યો છે કે આ પરિભાષાનું અસ્તિત્વ સ્વીકારશો તો પણ युवतिः । અને जरती । શબ્દો ભિન્નાર્થક હોવાથી સમાસ અનુપપન્ન રહેશે. જેમકે, युवतिः । એ દ્વિતીય-વયા છે અને जरती વૃદ્ધા-ઘરડી ડોશી-ને કહેવામાં આવે છે. -આનું સમાધાન કરતાં જણાવ્યું છે કે ચાંચલ્યના અભાવને કારણે યુવતિ जरती જેવી છે અથવા ચાંચલ્યને કારણે વૃદ્ધા યુવતી જેવી છે; એમ માની સામાનાધિકરણ્ય સાબિત કરી શકાય છે. પરંતુ જો આમ થાય તો કોઈ યુવાન ઉચ્છનસ્તનત્વને કારણે અને શ્મશ્રુશૂન્યત્વને કારણે વૃદ્ધા જેવો છે. તથા વૃદ્ધા પ્રગલ્ભતાને કારણે યુવાન છે. તો આવા સન્દર્ભમાં પણ સામાનાધિકરણ્ય છે. તો પછી युवा खलती० । 2-1-67 સૂત્રથી પ્રકૃત પરિભાષા શા માટે જ્ઞાપિત કરવામાં આવી છે? સીરદેવે આ પ્રશ્નને સમજાવતાં જણાવ્યું છે કે युवजरती । ઉદાહરણમાં युवन् અને जरती નો સમાસ થાય છે, પણ તેમાં ઉપચારથી સિદ્ધ કરેલા સામાનાધિકરણ્યની પ્રતીતિ થાય છે. જેવી રીતે पञ्चभुक्तः । શબ્દથી સ્વાભાવિક રીતે पञ्चभिः भुक्तमस्य । એવા અર્થની પ્રતીતિ થાય છે. તેવી युवजरती । માં થતી નથી. ભાષ્યકારે વર્ણવેલી લિઙ્ગવિશિષ્ટ પરિભાષાની અન્યથા અનુપપત્તિ કરવાથી આ આશયનું અનુમાન થાય છે.

બીજી એક ચર્ચા કરતાં સીરદેવ જણાવે છે કે ઉક્ત જ્ઞાપકથી लिङ्गविशिष्टग्रहणे प्रातिपदिकस्यापि ग्रहणमिति । એવા વિપરિત અર્થનું જ્ઞાપન થતું નથી. કારણ કે એવો અર્થ જો જ્ઞાપિત કરવામાં આવે તો कुमारः श्रमणादिभिः । 2-1-70 સૂત્રમાં श्रमणा વગેરે સ્ત્રીલિંગ શબ્દોનો નિર્દેશ અનર્થક બની જાય.

વિશેષમાં સીરદેવ એક સ્પષ્ટતા કરે છે કે આ પરિભાષા સ્વરૂપવિધિવિષયા છે તથા અસ્વરૂપવિધિવિષયા પણ છે.

આ પરિભાષાનું વ્યાખ્યાન સમાપ્ત કરતાં પહેલાં સીરદેવે समर्थः पदविधिः ।

2–1–1 એવું પરિભાષાસૂત્ર ઉપસ્થિત થવાથી પ્રાતિપદિકગ્રહણે એવા શબ્દોમાં ષષ્ઠી સમાસ થયો છે એમ જણાવી समर्थः पदविधिः । 2–1–1 સૂત્રમાં विधिः શબ્દનો શો અર્થ છે, તેની અતિવિસ્તારથી ચર્ચા કરી છે. જે ચર્ચા પ્રકૃત પરિભાષામાં પ્રત્યક્ષ ઉપયોગી જણાતી નથી.

નીલકંઠ : (૩૮)

નીલકંઠે જાણે સીરદેવનો પ્રતિવાદ કરતા હોય એમ પ્રારંભે જ જણાવ્યું છે કે પ્રાતિપદિકગ્રહણે એ શબ્દમાં બહુવ્રીહિ સમાસ છે. જેમકે, प्रातिपदिकं गृह्यते यस्मिन्शास्त्रे तत् ।

વિશેષમાં, નીલકંઠે આ પરિભાષાની પ્રવૃત્તિ ક્યાં થાય છે તેની સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે अपि શબ્દના સામર્થ્યથી કેવળ પ્રાતિપદિકનું પણ ગ્રહણ થાય છે. તથા લિઙ્ગપ્રત્યયરહિતનું પ્રાતિપદિકત્વ નિર્દેશ્યું હોય ત્યાં જ આ પરિભાષા પ્રવૃત્ત થાય છે.

હરિભાસ્કર : (૨૮)

હરિભાસ્કર મહદંશે સીરદેવે રજૂ કરેલા વ્યાખ્યાનનો સારસંગ્રહ કરતા હોય છે. તેના ઉત્તમ નિર્દેશન રૂપ આ પરિભાષાનું વ્યાખ્યાન છે.

નાગેશ : (૭૧)

પુરુષોત્તમદેવે આ પરિભાષાને અનિત્ય કહી છે. તેના અનુસંધાનમાં નાગેશ ભટ્ટે એક સ્પષ્ટતા આ પ્રમાણે કરી છે: ङ्याप्प्रातिपदिकात् । 4–1–1 સૂત્ર ઉપરના ભાષ્યમાં આ પરિભાષાની ચર્ચા કરવામાં આવી છે. ત્યાં પતંજલિએ જણાવ્યું છે કે (૧) ઉપપદવિધિ કરનાર दिवषत्परयोस्तापेः । 3–2–39 સૂત્રમાં, (૨) राजाहसखिभ्यष्टच् । 5–4–91 જેવાં સમાસાન્તવિધિ કરનાર સૂત્રોમાં, (૩) महत् શબ્દને आत्व કરનાર आन्महतः समानाधिकरणजातीययोः । 6–3–46 સૂત્રમાં, (૪) ञित् પ્રત્યયાન્ત અને नित् પ્રત્યયાન્ત પ્રાતિપદિકને આદ્યુદાત્ત કરનાર ञिन्त्यादिर्नित्यम् । 6–1–197 સૂત્રમાં, (૫) કર્મધારય સમાસમાં બ્રાહ્મણ અને કુમાર શબ્દો પરમાં રહેતાં राजन–શબ્દને વિકલ્પે પ્રકૃતિસ્વર કરનાર राजा च । 6–2–59 સૂત્રમાં, (૬) પૂર્ણ સામાસિક શબ્દને સ્વર કહેનાર बहोर्नञ्वदुत्तरपदभूम्नि । 6–2–165 સૂત્રમાં અને (૭) વિભક્તિ પ્રત્યયના નિમિત્તે કાર્ય કરનાર उगिदचां सर्वनामस्थाने० । 7–1–80 અને अत्वसन्तस्य चाधातोः । 6–4–14 સૂત્રોમાં આ પરિભાષાની પ્રવૃત્તિ થતી નથી. અર્થાત્

આટલાં સ્થળોએ પ્રકૃત પરિભાષા અનિત્ય છે. નાગેશે અહીં એક વિશેષ સ્પષ્ટતા કરી છે કે જે સૂત્રમાં સમાસાન્ત વિધિ કહી હોય ત્યાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી. પરંતુ આ સંદર્ભમાં એ ધ્યાન પર લેવાનું છે કે જે સૂત્રમાં અવયવ-ગ્રહણ હોય ત્યાં જ આ પરિભાષા લાગતી નથી. જ્યાં પૂર્ણ સામાસિક શબ્દથી સમાસાન્ત વિધિ કહી હોય ત્યાં તો આ પરિભાષા પ્રવૃત્ત થાય છે જ. અહીં નાગેશ ભટ્ટ એક બીજી સ્પષ્ટતા કરે છે કે ઉપર ગણાવેલા સાત સ્થળોએ જ આ પરિભાષાની અનિત્યત્વને કારણે અપ્રવૃત્તિ રહે છે. કારણ કે ङ्याप्प्रातिपदिकात् । 4-1-1 સૂત્રભાષ્યમાં જણાવ્યું છે કે બધા જ દોષો ગણી બતાવવામાં આવ્યા. અર્થાત્ ઉપર ગણાવેલાં સાત સ્થળો સિવાય અન્યત્ર તે અનિત્ય નથી.

નાગેશ ભટ્ટે આ પરિભાષાનો અર્થ આ પ્રમાણે કર્યો છે : "જ્યારે સામાન્ય રૂપથી કે વિશેષ રૂપથી પ્રાતિપાદિકબોધક શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે લિઙ્ગબોધક પ્રત્યયવિશિષ્ટનું પણ તેનાથી ગ્રહણ થાય છે." પરંતુ આવો પરિભાષાર્થ માનવાથી बहुव्रीहेरूधसो ङीष् । 4-1-25 સૂત્ર ઉપરની ભાષ્યચર્ચા અસંગત બની જાય છે. જેમકે, ત્યાં કહ્યું છે : "कुण्डोघ्नी । ઉદાહરણમાં नद्यृतश्च । 5-4-1-153 સૂત્રથી નદ્યન્ત બહુવ્રીહિ શબ્દને कप् પ્રત્યય થવા આવે છે." પરંતુ અહીં જે कुण्डोघ्नी । એવો નદ્યન્ત શબ્દ છે, તેમાં બહુવ્રીહિત્વનો અભાવ છે તેથી કેવી રીતે कप्ની પ્રાપ્તિ થવા આવે છે ? કારણ કે कुण्डोघस् । શબ્દ બહુવ્રીહિ છે, कुण्डोघ्नी । નહીં. નાગેશ ભટ્ટ આ અસંગતિનો પરિહાર કરતાં જણાવે છે કે કોઈ શબ્દથી સ્ત્રીપ્રત્યય લાવીને તેનું ઉચ્ચારણ કર્યું હોય તો, પૂર્વેના સ્ત્રીપ્રત્યયરહિત શબ્દમાં જે પ્રાતિપદિકત્વ ધર્મ અને પ્રાતિપદિકત્વ-વ્યાપ્યધર્મ હોય, તેમનો આ પરિભાષાની મદદથી સ્ત્રીપ્રત્યયવિશિષ્ટ શબ્દમાં અતિદેશ કરવામાં આવે છે. અર્થાત્ कुण्डोघस् શબ્દમાં રહેલ પ્રાતિપદિકત્વ-વ્યાપક-ધર્મ અને બહુવ્રીહિત્વ-તદ્વ્યાપ્ય-ધર્મનો कुण्डोघ्नी । માં અતિદેશ કરવામાં આવે છે. આથી જ ભાષ્યકારે कुण्डोघ्नी । શબ્દમાં कप्ની પ્રાપ્તિ થાય છે, તેમ કહ્યું છે.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાની સજ્ઞાપક પ્રયોજન ચર્ચા કરવામાં આવી છે. પરંતુ તેના અનિત્યત્વની ચર્ચા કરી નથી. આ પરિભાષાની હાજરીમાં પાણિનિએ ङ्याप्प्रातिपदिकात् । 4-1-1 સૂત્રમાં ङ्याप् ગ્રહણ શા માટે કર્યું છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે સ્ત્રીપ્રત્યયમાં આ પરિભાષાની પ્રવૃત્તિ ન થાય તે માટે ङ्याप् ગ્રહણ કર્યું છે.

વસ્તુતઃ ઙ્યાપ્ ગ્રહણનું પ્રયોજન "ઙ્યાવન્તથી તદ્ધિત પ્રત્યયની ઉત્પત્તિ થાય" એવું ભાષ્યમાં નિર્દેશવામાં આવ્યું છે. પરંતુ 'પરિભાષાસૂચનની ઉપર્યુક્ત ચર્ચા, 'પરિભાષાસૂચન'ની રચના પતંજલિ પૂર્વે થયેલી છે એમ નિર્દેશે છે.

પુરુષોત્તમદેવે આ પરિભાષાની વિગતે વિસ્તૃત ચર્ચા કરી છે. આ પરિભાષાની પ્રયોજનવિચારણા કર્યા પછી તેમણે અનિત્યત્વના મુદ્દાને પણ ઉલ્લેખ્યો છે. તથાપિ ભાષ્યોક્ત અનિત્યત્વનાં બધાં જ સ્થળોને સમજાવ્યાં નથી. સૌથી પ્રથમ નાગેશ ભટ્ટે જ એ મુદ્દા પરત્વે ધ્યાન દોર્યું છે કે "બધા જ દોષો ગણી બતાવવામાં આવ્યા છે" તેવા ભાષ્યવચન ઉપરથી સૂચવાય છે કે ભાષ્યનિર્દિષ્ટ સાત સ્થળોએ જ આ પરિભાષાની અનિત્યત્વને કારણે અપ્રવૃત્તિ છે.

विभक्तौ लिङ्गविशिष्टाग्रहणम् ॥ २७ ॥

(વિભક્તિ કાર્યોમાં પ્રાતિપદિકગ્રહણથી લિઙ્ગવિશિષ્ટ પ્રાતિપદિકનું ગ્રહણ થતું નથી.)

આગળ ઉપર જે કહ્યું કે લિઙ્ગવિશિષ્ટ પ્રાતિપાદિકનું પણ ગ્રહણ થાય છે. તે (પરિભાષા) નિયમ વિભક્તિ પ્રત્યયને આશ્રયે કહેલાં કાર્યોમાં પ્રવર્તતો નથી. આથી, शुना । शुनः । એવાં રૂપે માં न गोश्वन्त्साववर्णराडङ्क्रुङ्कृद्म्वः । 6-1-182 સૂત્ર વડે श्वन् શબ્દથી વિહિત તૃતીયાવિભક્તિને ઉદાત્તનો પ્રતિષેધ કહ્યો છે. તે પ્રતિષેધ षिद्गौरादिभ्यो ङीष् । 4-1-41 સૂત્રોક્ત ङीष् પ્રત્યય પ્રવૃત્ત કર્યા પછી शुन्या । शुन्यै । રૂપોમાં લાગતો નથી. પરંતુ તે રૂપોમાં उदात्तयणो हल्पूर्वात् । 6-1-174 સૂત્રથી વિભક્તિ પ્રત્યયને ઉદાત્તતા જ થાય છે. આ જ પ્રમાણે यूना । यूनः । એવાં રૂપોમાં श्वयुवमघोनामतद्धिते । 6-4-133 સૂત્રોક્ત સંપ્રસારણ થયું છે. તે युवतीः पश्य । युवत्या । વગેરે રૂપોમાં થતું નથી. उगिदचां सर्वनामस्थाने चाधातोः । 7-1-80 સૂત્ર વિહિત नुम्, गौमान् । એવા રૂપમાં થાય છે, પણ गोमती । માં થતો નથી. सुपन्थाः । એ રૂપમાં पथिमथ्यृभुक्षामात् । 7-1-85 સૂત્રથી आत्व થાય છે, પણ ङीप् પરમાં રહેતા भ સંજ્ઞક टि નો લોપ થઈને સિદ્ધ થતા सुपथी । રૂપમાં થતું નથી. सुपुमान् । पुंसोऽसङ् । 7-1-86 સૂત્રોક્ત असुङ् થાય છે. પણ उगित्त्वने કારણે ङीप् થતાં सुपुंसी । માં થતો નથી. सखा । सखायौ । રૂપોમાં सख्युरसंबुद्धौ । 7-1-92 અને अनङ् सौ । 7-1-93 સૂત્રોથી णिद्वद्भाव અને अनङ् આદેશ થાય છે. પરંતુ सखी । सख्यौ । રૂપમાં થતાં નથી.

તથા હે ભોઃ । હે ભગોઃ । ઉદાહરણોમાં વિભાષા भवद्भगवदघवतामौच्चावस्य । 8-3-1, વા૦ 2 વડે ઓ કાર થાય છે. પરંતુ હે भवति કે હે भगवति । એવાં ઉદારહણોમાં થતો નથી.

युवोरनाकौ । 7-1-1 સૂત્ર ઉપરના ભાષ્યમાં આ પરિભાષા રજૂ કરવામાં આવી છે. વળી, मतुवसो रु संबुद्धौ छन्दसि । 8-3-1 સૂત્ર ઉપર ન્યાસકારે આ પરિભાષા સ્વીકારી છે, તેટલાથી તે પ્રમાણ છે.

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા રજૂ થઈ નથી.

સીરદેવ : (૨૯)

પુરુષોત્તમદેવે રજૂ કરેલી પ્રયોજનવિચારણાનો સીરદેવે સ્વીકાર કર્યો છે. પરંતુ એક પ્રયોજન વિશેષ યત્નથી તે વર્ણવે છે. જેમકે, श्वयुवमघोनामतद्धिते । 6-4-113 સૂત્રથી युवतीः पश्य । ઉદાહરણમાં સંપ્રસારણ થતું નથી. આ પ્રયોજનના સંદર્ભમા બીજા કેટલાકનું આ પ્રમાણે કહેવું છે : अल्लोपोऽनः । 6-4-134 સૂત્રમાં अनः તેવો યોગવિભાગ કરીને "अन्नन्त એવા श्वन्, युवन्, मघवन्, શબ્દોને સમ્પ્રસારણ થાય છે," તેવો અર્થ કરીશું. જો આવો અર્થ નહીં કરવામાં આવે તો युवति । શબ્દને આ પરિભાષાથી સંપ્રસારણનો અભાવ રહેશે. પરંતુ તે શબ્દને कृदिकारादक्तिनः । 4-1-45 (ગણસૂત્ર) વડે ङीप् કર્યા પછી, युवती । શબ્દને સમ્પ્રસારણ થશે જ.

નીલકંઠ : (૩૯)

નીલકંઠે કોઈ વિશેષ ચર્ચા કરી નથી. તથાપિ આ પરિભાષા પૂર્વોક્ત પરિભાષાના અનિત્યત્વને કારણે સિદ્ધ થાય છે, તેમ જણાવ્યું છે. આ મુદ્દા પ્રત્યે પુરુષોત્તમદેવ કે સીરદેવે ધ્યાન દોર્યું નથી.

હરિભાસ્કર : (૨૯)

હરિભાસ્કર જણાવે છે કે આ પરિભાષાથી "વિભક્તિ પરમાં રહે ત્યારે જ, લિઙ્ગવિશિષ્ટનું ગ્રહણ થતું નથી" એવો નિયમ કરવામાં આવતો નથી. પરંતુ વિભક્તિસ્થાનિક કાર્ય કર્તવ્ય રહે ત્યારે પણ લિઙ્ગવિશિષ્ટનું ગ્રહણ થતું નથી. જેવી રીતે शुना । शुने । રૂપોમાં सावेकाचस्तृतीयादिविभक्तिः । 6-1-168 સૂત્રોક્ત વિભક્તિના ઉદાત્ત સ્વરનો न गोश्वन् साववर्ण० । 6-1-182થી નિષેધ થઈ જાય છે, તેવી રીતે शुन्या । शुन्यै । રૂપોમાં પણ उदात्तयणो हल्पूर्वात् ।

6–1–174 સૂત્રથી પ્રાપ્ત વિભક્તિસ્વરનો નિષેધ થઈ જશે. તેથી આ પરિભાષા કરવી જોઈએ, એમ ભાષ્યમાં જણાવ્યું છે તેના ઉપરથી ઉપર્યુક્ત વ્યવસ્થા સૂચવાય છે.

નાગેશ : (૭૨)

પૂર્વોક્ત "प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् ।" પરિભાષાના વ્યાખ્યાનમાં જણાવ્યું છે કે 'આ લિઙ્ગવિશિષ્ટ પરિભાષા વિભક્તિનિમિત્તક કાર્યોમાં પ્રવર્તતી નથી.' તે વચનને જ અહીં સ્વતંત્ર પરિભાષા રૂપે રજૂ કર્યું છે, એમ નાગેશ ભટ્ટ કહે છે.

ઉપસંહાર :

પરિભાષાસૂચનમાં આ પરિભાષા મળતી નથી. સૌથી પ્રથમ ભાષ્યચર્ચાને આધારે પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે.

પુરુષોત્તમદેવે પૂર્વોક્ત લિઙ્ગવિશિષ્ટ પરિભાષાને અનિત્ય જાહેર કરી છે. તથાપિ આ પરિભાષાને તે અનિત્યત્વથી સિદ્ધ થતી કહી નથી. પરંતુ લિઙ્ગવિશિષ્ટ પરિભાષાના એક સ્વતંત્ર અપવાદ રૂપે રજૂ કરી છે. સીરદેવ આ સ્થિતિને અનુસરે છે.

નીલકંઠ અને નાગેશે આ પરિભાષાને પૂર્વોક્ત પરિભાષાના અનિત્યત્વથી સિદ્ધ થતી જણાવી છે અને છતાંય સ્વતંત્ર અપવાદ હોય તેમ માનીને સ્વતંત્ર પરિભાષા રૂપે મૂકી છે. આમ થવાનું મુખ્ય કારણ ભાષ્યકારે જ આ પરિભાષાને સ્વતંત્ર પરિભાષા માની છે, તે છે. આ પરિભાષાનાં પ્રયોજનો ભાષ્યમાં વિગતે ચર્ચેલાં હોઈ, તે વિષયમાં વ્યાખ્યાનકારોને કોઈ મતભેદ નથી.

ताच्छीलिकेषु च वासरूपविधिर्नास्ति ॥ २८ ॥

(તાચ્છીલિકાધિકારમાં વાસરૂપવિધિ (3–1–94) પ્રવૃત્ત થતી નથી.)

તાચ્છીલિકાધિકાર (आ क्वेस्तच्छीलतद्धर्मतत्साधुकारिषु । 3–2–134) વિહિત પ્રત્યયવિધિમાં ભિન્નાર્થક ભિન્ન જાતીય અથવા તો સમાનાર્થક સમાનજાતીય પ્રત્યયો વાસરૂપવિધિથી થતા નથી.[1] જેમકે, अलङ्कृञिराकृञ्प्रजनोत्पचोत्पतोन् मद्रूच्त्रपत्रपवृतुवृधुसहचर इष्णुच् । 3–2–136 સૂત્રથી इष्णुच्

---

૧. અર્થાત્ वासरूपोऽस्त्रियाम् । 3–1–54 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. પરિણામે અસરૂપ પ્રત્યય નિત્ય બાધક બને છે.

પ્રત્યય થઈને अलङ्करिष्णुः । એવું જ રૂપ બને છે; પરંતુ વાસરૂપવિધિથી ण्वुल् પ્રત્યય થઈને अलंकारकः । એવું રૂપ બનતું નથી. તથા स्थेशभासपिसकसो वरच् । 3-2-175 સૂત્રથી वरच् વિધિ થતાં भास्वरः । એવું જ રૂપ મળે છે; પરંતુ વાસરૂપવિધિથી अनुदात्तेतश्च हलादेः । 3-2-149 સૂત્રથી युच् પ્રત્યય કરીને भासनम् । એવું રૂપ થતું નથી.

निन्दहिंसक्लिशखादविनाशपरिक्षिपपरिरटपरिवादिव्याभाषासूयो वुञ् । 3-2-146 સૂત્રથી तृच् નો બાધ કરવા માટે वुञ्નું વિધાન કર્યું છે, તે અહીં જ્ઞાપક છે. જો ભિન્નજાતીય तृच् વગેરે પ્રત્યયો તાચ્છીલિકમાં વાસરૂપવિધિથી થતાં હોય તો (तृच् અને वुञ्ના વિકલ્પમાં) तृन् અને ण्वुल् પ્રત્યયો વડે निन्दिता । અને निन्दकः । એવાં બે રૂપો અવશ્ય થવાનાં જ છે; તેની સ્થિતિમાં वुञ् વિધાનનું શું પ્રયોજન હતું ? આમ આ वुञ् વિધાન જ્ઞાપિત કરે છે કે તાચ્છીલિકાધિકારમાં ભિન્ન જાતીય પ્રત્યયો, જેવાં કે, तृच् વગેરે, વાસરૂપવિધિથી થતા નથી.

તથા, लषपतपदस्थाभूवृषहनकमगमशॄभ्य उकञ् । 3-2-154 સૂત્રવિહિત उकञ्નો સમાવેશ કરવા માટે जुचङ्क्रम्यदन्द्रम्यसृगृधिज्वलशुचलषतपदः । 3-2-150 સૂત્રમાં पद् ધાતુને युच નું વિધાન કર્યું છે; તે અહીં જ્ઞાપક છે. જો તાચ્છીલિકાધિકારમાં સમાનજાતીય પ્રત્યયો વાસરૂપવિધિથી બાધક થતા હોય તો लषपतपद० । 3-2-154 સૂત્રવિહિત उकञ् ના વિષયમાં પણ વાસરૂપવિધિથી पद् ધાતુને અનુદાત્તેત્લક્ષણ (3-2-149 સૂત્રવિહિત) युच् પણ સિદ્ધ છે; તેની સ્થિતિમાં ફરીથી जुचङ्क्रम्यदन्द्रम्य० । 3-2-150 સૂત્રથી युच्નું વિધાન કરવાનું શું પ્રયોજન હતું ? આ युच् વિધાન જ્ઞાપિત કરે છે કે તાચ્છીલિકાધિકારમાં સમાનજાતીય પ્રત્યયોમાં વાસરૂપવિધિ થતી નથી.

આ પરિભાષા અનિત્ય છે. सूददीपदीक्षश्च । 3-2-153 સૂત્રમાં दीप् ધાતુને युच् પ્રત્યયનો પ્રતિષેધ કર્યો છે; તેનાથી આ અનિત્યત્વ જ્ઞાપિત રહે છે. જો "તાચ્છીલિકાધિકારમાં વાસરૂપવિધિ થતી નથી," આવી પરિભાષા (નિત્ય) હોય તો नमिकम्पिस्म्यजकमहिंसदीपो रः । 3-2-167 સૂત્રથી दीप् ધાતુને र પ્રત્યયનું વિશેષ વિધાન કર્યું છે તેનાથી જ युच् પ્રત્યયનો બાધ થઈ જશે. તેની સ્થિતિમાં તેનો પ્રતિષેધ કરવાની શી જરૂર હતી ? આમ, सूददीपदीक्षश्च । 3-2-153 સૂત્રથી युच् નો પ્રતિષેધ કર્યો છે તે જ્ઞાપિત કરે છે કે ક્યાંક (વાસરૂપ વિધિથી અસરૂપ પ્રત્યયનો) સમાવેશ થાય છે. પરિણામે कम्रा युवतिः । અને कमना युवतिः । એમ र અને युच् બન્ને પ્રત્યયોનો સમાવેશ સિદ્ધ થાય છે.

આ જ પ્રમાણે गन्ता । અને गामुकः । તે ઉદાહરણોમાં तृन् અને उकञ् પ્રત્યયોનો; તથા विकत्थी । અને विकत्थनः । એ ઉદાહરણોમાં युच् અને घिनुण् પ્રત્યયોનો સમાવેશ સિદ્ધ થાય છે.

વ્યાડિ : (૨૭)

આ પરિભાષાનું જ્ઞાપક આ પ્રમાણે વર્ણવે છે : जुचङ्क्रम्य० । 3-2-150 સૂત્રથી पद् ધાતુને युच् નું વિધાન કરવામાં આવ્યું છે,ત્ર અહીં જ્ઞાપક છે. કારણ કે पद् ધાતુ अनुदात्तोत् હોઈ अनुदात्तोतश्च हलादेः । 3-2-149 સૂત્રથી युच् સિદ્ધ હતો. તેની સ્થિતિમાં પુનઃ पद् ગ્રહણનું કોઈ પ્રયોજન ન હતું. આમ, पद् ગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક બને છે.

भासतेः भास्वर इति । અહીં વાસરૂપવિધિથી युच् ન થાય તે ઉક્તાર્થનું પ્રયોજન છે. અને, सूददीपदीक्षश्च । 3-2-153 સૂત્રસ્થ दीप् ગ્રહણથી આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થતું હોઈ युच् અને र બન્નેનો સમાવેશ થઈ क्रम्रा । અને कमनम् । સિદ્ધ રહે છે.

સીરદેવ : (૪૩)

પુરુષોત્તમદેવે રજૂ કરેલી આ પરિભાષા ઉપરની ચર્ચાનો મહદંશે સીરદેવે સ્વીકાર કર્યો છે. કેવળ જ્ઞાપક-વચનોમાં અંશતઃ શબ્દફેર કર્યો છે : જેમકે; (૧) તાચ્છીલિક પ્રત્યયોની અતાચ્છીલિક પ્રત્યયોની સાથે વાસરૂપવિધિ થતી નથી. અને (૨) તાચ્છીલિક પ્રત્યયોની તાચ્છીલિક પ્રત્યયોની જ સાથે વાસરૂપવિધિ થતી નથી.

નીલકંઠ : (૫૩)

'निन्दहिंसक्लिश० । 3-2-146 સૂત્રથી वुञ् વિધાન કર્યું છે. તેનાથી જ્ઞાપિત થાય છે કે તાચ્છીલિક કૃત્ પ્રત્યયોની અતાચ્છીલિક કૃત્ પ્રત્યયોની સાથે વાસરૂપવિધિ થતી નથી.' આવો એક જ જ્ઞાપિતાર્થ નીલકંઠે રજૂ કર્યો છે. પુરુષોત્તમદેવ અને સીરદેવની જેમ તેમણે દ્વિવિધ જ્ઞાપિતાર્થ રજૂ કર્યા નથી.

હરિભાસ્કર : (૪૫)

સીરદેવે રજૂ કરેલી ચર્ચાનો સાર-સંગ્રહ રજૂ કર્યો છે.

નાગેશ : (૬૭)

આ પરિભાષાની ચર્ચામાં કોઈ નવો મુદ્દો તેમણે રજૂ કર્યો નથી. પરંતુ પુરોગામીઓની ચર્ચાનો સ્વીકાર કર્યો છે.

ઉપસંહાર :

આ પરિભાષાનાં જ્ઞાપક તથા પ્રયોજનની ચર્ચા 'પરિભાષાસૂચન'માંથી જે પ્રચાલિત બનેલી છે તેમાં જ વિશેષ વિસ્તાર થઈને પુરુષોત્તમદેવની ચર્ચા મળે છે. અને પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી ચર્ચાથી વિશેષ કાંઈ નવું કોઈ પારિભાષાવૃત્તિકારને કહેવાનું નથી

પુરુષોત્તમદેવને આ પરિભાષાની ચર્ચાસામગ્રીમાં 'કાશિકા' અને 'ન્યાસ'ની પણ મદદ મળી હોય તેમ જણાય છે. 'પરિભાષાસૂચન'માં આ પરિભાષાની વિગતે વિચારણા થઈ નથી.

प्रत्येकं वाक्यपरिसमाप्तिर्ज्ञेया ॥ २९ ॥

(સંજ્ઞાદિ વિધાયક શાસ્ત્રમાં પ્રત્યેક સંજ્ઞીમાં વાક્યનો પરિસમાપ્તિ થાય છે, એમ જાણવું જોઈએ.)[1]

આ શાસ્ત્રમાં વાક્યો અર્થાત્ વિશેષ્ય-વિશેષણો પ્રત્યેકમાં પરિસમાપ્ત થાય છે. જેમ वृद्धिरादैच् । 1-1-1 સૂત્રવિહિત વૃદ્ધિસંજ્ઞા પ્રત્યેક આ કાર ઐ કાર અને ઔ કારની થાય છે, તથા अदेङ्गुणः । 1-1-2 સૂત્રવિહિત ગુણ સંજ્ઞા પ્રત્યેક અ કાર, એ કાર અને ઓ કારની થાય છે, नलोपः सुप्स्वरसंज्ञा० । 8-2-2 અહીં વિધિ શબ્દ પ્રત્યેક सुप् વગેરેની સાથે જોડાય છે.

આ લૌકિક-ન્યાય ભાષ્યમાં પ્રદર્શિત કરવામાં આવ્યો છે. જેમકે કહ્યું છે: 'દેવદત્ત-યજ્ઞદત્ત-વિષ્ણુમિત્રને ભોજન કરાવો' એમ કહ્યા પછી ફરીથી 'પ્રત્યેકને (ભોજન કરાવો)' તેમ કહેવામાં આવતું નથી; અને તો પણ પ્રત્યેકને ભોજન કરાવવામાં આવે છે.

णलुत्तमो वा । 7-1-91 આ સૂત્રમાંનું उत्तम એવા પદનું णल्

---

૧. ઉદાહરણ તરીકે— वृद्धिरादैच । 1-1-1 સૂત્રથી વૃદ્ધિ સંજ્ઞા કરવામાં આવી છે. અહીં સંજ્ઞાઓ ત્રણ છે: આ કાર, ઐ કાર અને ઔ કાર. આથી શંકા થાય છે કે—

(૧) 'આ કારની વૃદ્ધિ સંજ્ઞા થાય છે; 'ઐ' કારની વૃદ્ધિસંજ્ઞા થાય છે; 'અને' ઔ કારની વૃદ્ધિસંજ્ઞા થાય છે.' (૨) 'આ કાર, ઐ કાર અને ઔ કાર-એ ત્રણે વર્ણોના સમુદાયની વૃદ્ધિ સંજ્ઞા થાય છે.' – આ બેમાંથી કયા પ્રકારે સૂત્રાર્થ કરવો ? પ્રસ્તુત પરિભાષા ઉપર નિર્દેશેલા પ્રથમ પ્રકારના સૂત્રાર્થની હિમાયત કરે છે.

એવું વિશેષણ આ પરિભાષામાં જ્ઞાપક છે. જો પ્રત્યેકની સાથે સંબંધ ન થતો હોત તો ત્રણેયના સમુદાયની સાથે ઉત્તમ સંજ્ઞાનો સંબંધ થવાથી; णल् એવું પદ વિશેષણ ન બની શક્યું હોત.

વ્યાડિ : (૨૮)

અહીં લોકન્યાય અને જ્ઞાપકથી પ્રકૃત પરિભાષાર્થ સિદ્ધ કરી બતાવ્યો છે; પણ વિશેષ કોઈ નોંધ મૂકી નથી.

સીરદેવ : (૯૮)

તેમણે પણ આ પરિભાષાને લોકન્યાય અને જ્ઞાપકથી સિદ્ધ થતી માની છે. વિશેષમાં તેમણે કહ્યું છે કે શબ્દશક્તિથી જ આ પ્રમાણે સ્વાભાવિક રીતે પ્રત્યેકમાં વાક્યની પરિસમાપ્તિ થતી જોવા મળે છે.

નીલકંઠ : (૧૦૪)
હરિભાસ્કર : (૮૦)
નાગેશ : (૧૧૬)
} આ પરિભાષાવૃત્તિકારોએ કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

ઉપસંહાર :

સૂત્રાર્થ નિર્ણયમાં ઉપયોગી બનતી આ પરિભાષા લોકન્યાયને આધારે રહેલી છે.

આ પરિભાષાના વ્યાખ્યાનમાં કોઈપણ ટીકાકારને વિશેષ કાંઈ કહેવાનું નથી. કેવળ આ પરિભાષાની જ્ઞાપક-ચર્ચામાં એક નાનો સરખો મતભેદ છે. જેમકે પુરુષોત્તમદેવે णलुत्तमो वा । 7-1-91 સૂત્રના उत्तम પદને વિશેષ્ય અને णल् ને વિશેષણ ગણ્યું છે. પુરુષોત્તમદેવને અનુસરીને હરિભાસ્કરે પણ આમ જ કર્યું છે.

બીજી તરફ 'પરિભાષાસૂચન'ના કર્તાએ અને સીરદેવે આથી ઉલટું એટલે કે णल् ને વિશેષ ગણીને उत्तम ને વિશેષણ માન્યું છે. આ બન્ને પક્ષોમાંથી પુરુષોત્તમદેવનો પક્ષ વધુ તર્કસંગત છે.

क्वचित् समुदायेन वाक्यपरिसमाप्तिः ॥ ३० ॥

(સંજ્ઞાદિ વિધાયક શાસ્ત્રમાં-ક્વચિત્ સંજ્ઞીઓના સમુદાયમાં પણ વાક્યની પરિસમાપ્તિ થાય છે.)[1]

---

૧. ઉપર વર્ણવેલા દ્વિવિધ સૂત્રાર્થોમાંથી બીજા પ્રકારના સૂત્રાર્થની આ પરિભાષા હિમાયત કરે છે.

જેમકે, હલોઽનન્તરાઃ સંયોગઃ । 1-1-7 અહીં સમુદાયની સાથે (સંયોગ) સંજ્ઞાનો સંબંધ થાય છે.

આ પણ લોકન્યાય જ છે તેમ ભાષ્યમાં દર્શાવ્યું છે. જેમકે : 'ગર્ગ નામના કુળના પુરુષોને સો રૂપિયાનો દંડ કરો' એવો હુકમ કરવામાં આવે ત્યારે, જો કે રાજાઓ દ્રવ્યાર્થી હોય છે તો પણ ગર્ગ કુળના પ્રત્યેક પુરુષને સો રૂપિયાનો દંડ કરવામાં આવતો નથી. (પરંતુ બધાયને ભેગાં મળીને સો રૂપિયાનો દંડ કરવામાં આવે છે)

પ્રથમયોઃ પૂર્વસવર્ણઃ । 6-1-102 અહીં 'પ્રથમા અને દ્વિતીયાનાં છ વચન' એ અર્થમાં પ્રયોજાયેલ 'પ્રથમયોઃ' એવું પદ જ્ઞાપક છે. અહીં પ્રથમા એવો શબ્દ, સુપ્ ના (પ્રથમ) ત્રિક સુ-ઔ-જસ્ એવા સમુદાયની સંજ્ઞા થાય અને સામીપ્ય ને કારણે 'અમ્-ઔટ્-શસ્ એ ત્રિકમાં (પણ) પ્રવૃત્ત થાય ત્યારે (જ) 'પ્રથમયોઃ' એવો નિર્દેશ સાધુ ઠરે છે.

પરંતુ જો પ્રત્યેક (પ્રત્યય)ને 'પ્રથમા' શબ્દ લાગે તો એકવચનના સુ નું પ્રથમા શબ્દથી ગ્રહણ થાય અને સામીપ્યને કારણે અમ્નું ગ્રહણ થાય. તે રીતે લાઘવાર્થે 'સ્વમોઃ' એવો જ નિર્દેશ કર્યો હોય. માટે 'પ્રથમયોઃ' તેવા નિર્દેશથી 'સમુદાયમાં વાક્ય પરિસમાપ્તિ થાય છે' તેમ (આચાર્ય) જણાવે છે.

પ્રત્યેકં વાક્યપરિસમાપ્તિર્જ્ઞેયા । અને સમુદાયેન વાક્યપરિસમાપ્તિઃ । આ બે પક્ષમાંથી યથેષ્ટનું આશ્રયણ કરવું. અને વળી જે ઉભયથા વાક્યપરિસમાપ્તિઃ । એમ કહેવામાં આવે છે, તે પણ આ બે પક્ષોનો જ અર્થ છે; પણ એ પરિભાષાન્તર નથી. આ (ઉભયથા વાક્યપરિસમાપ્તિઃ ।)ને પણ લોક સિદ્ધ-અર્થ જ કહેવામાં આવે છે. જેમકે, 'ગર્ગોની સાથે ભોજન ન કરવું જોઈએ' તેમ કહેતાં, તેમાંથી પ્રત્યેકની સાથે તથા તે સમુદિત થયા હોય ત્યારે પણ તેમની સાથે ભોજન કરવામાં આવતું નથી.

કેટલાક તો 'ઉભયથા વાક્યપરિસમાપ્તિઃ ।' એ પણ પરિભાષાન્તર છે તેમ કહે છે. અને એ રીતે 'બહુષુ બહુવચનમ્' । 1-4-21 તથા કર્મણિ દ્વિતીયા । 2-3-2 તેવાં સ્વાદિ વિધિનાં સૂત્રોમાં એકવાક્યતા પક્ષ જે કહેવામાં આવ્યા છે તે બન્ને ઉપપન્ન થાય છે.

વ્યાડિ : (૨૯)

અહીં 'પરિભાષાસૂચન'માં વિશેષ નોંધ નથી.

સીરદેવ : (૭૯)

પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો સીરદેવે અક્ષરશઃ સ્વીકાર કર્યો છે. કેવળ પ્રકૃતાર્થના સમર્થનમાં 'શબ્દશક્તિ અહીં પ્રમાણ છે' તેવી મૌલિક નોંધ તેમણે મૂકી છે. આ સાથે તેમણે મતાન્તરની નોંધ લેતાં એક યુક્તિ પણ રજૂ કરી છે. જેમકે, સો રૂપિયા એ અહીં પ્રધાન કર્મ છે, જ્યારે ગર્ગો તેમનું અંગ હોવાથી ગૌણ કર્મ છે. તેથી ગૌણમાં ભેદ સમજવો અર્થાત્ પ્રત્યેક ગર્ગનો 'સો' દંડ કરવો, એ યોગ્ય નથી.

નીલકંઠ : (૧૦૫)

તેઓ 'કોઈ સ્થળે સમુદાયમાં પણ વાક્યપરિસમાપ્તિ થાય છે.' એવા પરિભાષાર્થને સમજાવતાં કહે છે કે જ્યાં અન્વર્થતા વગેરે ગમક થતાં હોય ત્યાં આ પ્રમાણે વાક્યપરિસમાપ્તિ થાય છે. જેમકે, સંયોગસંજ્ઞા બેની અથવા ઘણાની થાય છે. તેમણે બીજી કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

હરિભાસ્કર : (૧૧૭)

તેમણે વિશેષ નોંધ મૂકી નથી.

નાગેશ : (૧૧૭)

તેમણે પણ વિશેષ નોંધ મૂકી નથી.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે ભાષ્યાનુસારી વ્યાખ્યાન રજૂ કર્યું છે અને તેથી બીજા કોઈ ટીકાકારને કાંઈ વિશેષ કહેવાનું નથી.

भाव्यमानोऽण् सवर्णान्न गृह्णाति ॥ ३१ ॥

(ભાવ્યમાન અર્થાત્ વિધીયમાન[1] જે અણ્ તે પોતાના સવર્ણ ભેદોનું ગ્રહણ કરતો નથી)

વિધીયમાન અણ્ સવર્ણોનું ગ્રહણ કરતો નથી. (આવું પરિભાષાવચન કરવું પડે છે કારણ કે–) अणुदित्सवर्णस्य० । 1-1-69 થી સવર્ણગ્રહણ પ્રાપ્ત રહે છે. (પરંતુ આવી પરિભાષા હોવાથી) इह । આ રૂપમાં इदम इश् । 6-3-3

---

૧. प्रतीयते विधीयते इति प्रत्ययः । – એવી વ્યુત્પત્તિ અનુસાર ભાવ્યમાન અર્થાત્ વિધીયમાનનો અર્થ 'પ્રત્યય સ્વરૂપે નહીં આવેલો' એવો થશે.

વડે સ્થાનિના આન્તર્યને (સાદૃશ્યને) કારણે દ્વિમાત્રિક સવર્ણ (દીર્ઘ ઈ કાર) થતો નથી. (બભૂવ। જેવા રૂપમાં) ભુવો વુક્ । 6-4-88 સૂત્રવિહિત વુક્ આગમ સાનુનાસિક થતો નથી. હે અનડ્વન્ । રૂપમાં અમ્ સમ્બુદ્ધૌ । 7-1-69 સૂત્રોક્ત અમ્ આગમ દીર્ઘ થતો નથી.

ઈ હલ્યઘોઃ । 6-4-113 સૂત્રમાં કરેલું દીર્ઘ ઈ કારનું વિધાન અહીં જ્ઞાપક છે. જો વિધીયમાન અણ્ સવર્ણોનો ગ્રાહક હોય તો ઇનાભ્યસ્તયોરાતઃ । 6-4-112 સૂત્રમાંથી અનુવૃત્ત થતાં આ કારને સ્થાને ઇ હલ્યઘોઃ । તેવું સૂત્ર કરીને હ્રસ્વ ઇ કારનું જ વિધાન કર્યું હોત. જેથી આન્તરતમ્યને કારણે આ (હ્રસ્વ ઇ કાર) દીર્ઘ થઈ જશે. (પરંતુ આમ કર્યું નથી, તેથી) દીર્ઘત્વનું વિધાન આ પ્રકૃતાર્થનું જ્ઞાપક બને જ છે.

કેટલાક આ જ્ઞાપકસિદ્ધ પરિભાષાને પૃથક્ પરિભાષા રૂપે ઇચ્છતા નથી. કારણ કે અણુદિત્સવર્ણસ્ય ચાપ્રત્યયઃ । 1-1-69 એ સૂત્રમાંના 'અપ્રત્યયઃ' શબ્દનો જ અર્થ પરિભાષા રૂપે પઠિત છે. જેમકે, પ્રતીયતે ભાવ્યતે વિધીયતે ઇતિ પ્રત્યયઃ । એટલે કે જેનું વિધાન કરવામાં આવે છે તે પ્રત્યય. અને જે પ્રત્યય નહીં તે અપ્રત્યય, અર્થાત્ અભાવ્યમાન (એટલે કે જેનું વિધાન કરવામાં આવતું નથી તે). આથી "અપ્રત્યય, અણ્ સવર્ણોનું ગ્રહણ કરે છે" તેનો સૂત્રાર્થ નક્કી થતાં "ભાવ્યમાન અણ્ સવર્ણોનું ગ્રહણ કરતો નથી" એવું સ્પષ્ટપણે ફલિત થાય છે.

ક્યાંક ભાવ્યમાન અણ્ સવર્ણોનું ગ્રહણ (પણ) કરે છે. પરિણામે અદસો-સેર્દાદુ દો મઃ । 8-2-80 સૂત્રોક્ત ઉ કાર વિધીયમાન હોવા છતાંય અમૂભ્યામ્ । વગેરે રૂપોમાં સ્થાનીના આન્તર્યથી દીર્ઘ થાય છે.

દિવ ઉત્ । 6-1-131 સૂત્રસ્થ તપર કરણ આ અર્થમાં[2] જ્ઞાપક છે જો ભાવ્યમાન અણ્ સર્વથા સવર્ણોનું ગ્રહણ ન કરતો હોય તો દ્યુભ્યામ્ । વગેરે રૂપમાં દીર્ઘ (ઊ કાર)ની નિવૃત્તિ સિદ્ધ જ રહેવાની હતી. ત્યારે તપર કરણથી શું પ્રયોજન હતું ? આ તપર કરણ જ્ઞાપિત કરે છે કે ક્યાંક ભાવ્યમાન અણ્ પણ સવર્ણોનું ગ્રહણ કરે છે. અથવા તો શાસ ઇદઙ્હલોઃ । 6-4-34 સૂત્રસ્થ તપર કરણ આ અર્થનું,[3] જ્ઞાપક બનશે.

વ્યાડિ : (૩૦-૩૧)

'પરિભાષાસૂચન'માં ભાવ્યમાનોઽણ્ સવર્ણાન્ન ગૃહ્ણાતિ । 30 પરિભાષાને

---

૨. 'ક્વચિત્ ભાવ્યમાન અણ્ સવર્ણોનું ગ્રહણ કરે છે.' એ અર્થમાં.

૩. જુઓ : ટિપ્પણ - ૨.

અનિત્ય માની નથી; પરંતુ દિવ ઉત્ । 6-1-131 સૂત્રસ્થ તપર કરણથી" उकार एवैको भाव्यमानोऽपि सवर्णान् गृह्णाति । 31 તેવું પરિભાષાન્તર જ્ઞાપિત થાય છે, તેવું જણાવ્યું છે.

પુરુષોત્તમદેવની જેમ પ્રકૃત પરિભાષાને સૂત્રસિદ્ધવાચનિકી દર્શાવવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો નથી. કેવળ તેને જ્ઞાપકસિદ્ધ દર્શાવવામાં આવી છે.

સીરદેવ : (૧૧)

પુરુષોત્તમદેવની ચર્ચાનો સીરદેવે સર્વાંશે સ્વીકાર કર્યો છે. તેમણે કોઈ વિશેષ વિગત રજૂ કરી નથી.

નીલકંઠ : (૧૬)

નીલકંઠ તેમની 'પરિભાષાવૃત્તિ'માં ભાષ્યોક્ત ચર્ચાને આધારે આ પરિભાષાને મન્દપ્રયોજના વર્ણવે છે. જેમકે, अणुदित्सवर्णस्य चाप्रत्ययः । 1-1-69 સૂત્રસ્થ 'अप्रत्ययः' તેવા નિષેધને કારણે જ इशादेश સવર્ણોનું ગ્રહણ કરી શકવાનો નથી. આમ अप्रत्ययः પદથી જ જો સવર્ણગ્રહણાભાવ સિદ્ધ રહેતો હોય તો પ્રકૃત પરિભાષાની કોઈ જરૂર નથી.

ઉપર્યુક્ત પ્રત્યાખ્યાન સાચું છે, છતાં પણ જો પ્રકૃત પરિભાષા ન હોય તો अप्रत्ययः એવા નિષેધનો उदित् અંશમાં પણ સંબંધ થઈ જશે. આથી જો પ્રકૃત પરિભાષા સ્વીકારી હશે તો તેનો કેવળ अण् અંશમાં જ સંબંધ રહેશે. હવે જો અહીં કોઈ એમ કહે કે चोः कुः । 8-2-30 વગેરે વિધિપ્રદેશોમાં उदित्-કરણ કર્યું છે તેનાથી જ 'अप्रत्ययः' તેવા નિષેધનો उदित् અંશમાં સંબંધ થવાનો નથી; તો આ પરિભાષા મન્દપ્રયોજના છે એમ સ્વીકારવું પડે.

હરિભાસ્કર : (૧૧)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

નાગેશ : (૧૯)

તેમણે भाव्यमानेन सवर्णानां ग्रहणं न । એવી પરિભાષા સ્વીકારી છે. અને તેનો પરિભાષાર્થ વિશેષ સ્પષ્ટતાપૂર્વક રજૂ કર્યો છે. જેમકે, अणुदित्० । 1-1-69 સૂત્રસ્થ अप्रत्ययः એવા પદના સામર્થ્યથી સૂચવાય છે કે, પ્રત્યયમાં આવેલા વર્ણોથી अणुदित्० । 1-1-66 સૂત્રથી પ્રાપ્ત થયેલા, જાતિપક્ષનું આશ્રયણ કરીને પ્રાપ્ત થયેલા અને अभेदकाः गुणाः । એવા સિદ્ધાંતને આધારે પ્રાપ્ત થયેલા સવર્ણોનું ગ્રહણ થતું નથી.

भाव्यमानेन सवर्णानां ग्रहणं नेति। પરિભાષા માનવાથી એવી સ્પષ્ટતા કરવી જરૂર બને છે કે चोः कुः। 8-2-30 વગેરેમાં उदित् કરણ સામર્થ્યથી ભાવ્યમાન હોવા છતાંય સવર્ણનું ગ્રહણ થાય છે.

તથા अमू । વગેરેમાં अदसोसेर्दादु दो मः। 8-2-80 સૂત્રથી દીર્ઘ વિધાન સિદ્ધ રહે તે માટે भाव्यमानोऽप्युकारः सवर्णान् गृह्णाति। તેવું પરિભાષાન્તર પણ સ્વીકારવું પડે છે.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવની ચર્ચા સર્વાંગીણ અને સંપૂર્ણ છે. સીરદેવાદિ દરેક અનુગામીઓ તેને અનુસર્યા છે. નાગેશ ભટ્ટે भाव्यमानोऽण् सवर्णान् न गृह्णाति। તેવા પ્રચલિત પરિભાષા સ્વરૂપને સ્વીકાર્યું નથી. પરંતુ ભાષ્યમાં જે પ્રકારે આ આ પરિભાષાનું સ્વરૂપ મળે છે, જેમકે, भाव्यमानेन सवर्णानां ग्रहणं नेति તેને સ્વીકાર્યું છે. અને તેનો અપવાદ રજૂ કરવા માટે भाव्यमानोऽप्युकारः सवर्णान् गृह्णाति। એવું પરિભાષાન્તર સ્વીકાર્યું છે.

આ સન્દર્ભમાં સમીક્ષા કરતાં નીચેના મુદ્દાઓ પ્રાપ્ત થાય છે :

(૧) भाव्यमानोऽण् सवर्णान्नि गृह्णाति। તેવી પરિભાષા સ્વીકારો તો 'अप्रत्ययः' તેવા નિષેધની उदित् અંશમાં અપ્રવૃત્તિ રહે, તેવો એક ફાયદો થાય છે. પરંતુ તે સાથે જ अमूभ्याम्। વગેરેની સિદ્ધિને અર્થે આ પરિભાષા અનિત્ય માનવી પડે; તે માટે વ્યાખ્યાનમાં વિશેષ વિધાન કરવું પડે.

(૨) भाव्यमानेन सवर्णानां ग्रहणं नेति। તેવી પરિભાષા માનવાથી ઇષ્ટ વ્યવસ્થાર્થે બે પ્રકારે વિશેષ યત્ન કરવા પડશે. જેમકે, (એક) उदित् અંશમાં ઉક્ત પરિભાષાની પ્રવૃત્તિ થવા આવશે, ત્યાં चोः कुः। 8-2-30 વગેરે સૂત્રોમાંના उदित् કરણ સામર્થ્યથી અપ્રવૃત્તિ જાહેર કરવી પડશે. અને બીજું, अमूभ्याम् વગેરેની સિદ્ધિને અર્થે (આ પરિભાષાને અનિત્ય માનવી પડશે અથવા) भाव्यमानोऽप्युकारः सवर्णान् गृह्णाति। તેવું પરિભાષાન્તર સ્વીકારવું પડશે.

स्वरविधौ व्यञ्जनमविद्यमानवत् ॥ ३२ ॥

(સ્વરવિધિ કરતી વખતે વ્યંજનો જાણે વિદ્યમાન નથી એમ માનવામાં આવે છે.)

ઉદાત્તાદિ સ્વરોના વિધાનમાં વ્યંજન અવિદ્યમાનવત્ થાય છે. જેથી 'तव्य' પ્રત્યયના આદિ त કારનું અવિદ્યમાનત્વ હોવાથી પ્રત્યયાદિ अ કારને ઉદાત્તત્વ થયું

છે. राजदृषद् । અહીં ઉદાહરણ હલન્ત હોવા છતાંય समासस्य । 6–1–223 સૂત્રથી (ષકારોત્તરવર્તી અ કારને) અન્તોદાત્તત્વ થાય છે.

अनुदात्तादेश्च । 4–3–140 સૂત્રવિહિત अञ् પ્રત્યયનો બાધ કરવા માટે विल्वादिभ्योऽण् । 4–3–136 સૂત્ર રચવામાં આવ્યું છે, તે અહીં જ્ઞાપક છે. જો વ્યંજન અવિદ્યમાનવત્ ન થતા હોય તો त्रिल्वादि શબ્દો અનુદાત્તાદિ છે; તેથી (તેમને अनुदात्तादेश्च । 4–3–140 સૂત્રવિહિત अञ् ની પ્રાપ્તિ જ નથી થવાની; તેવી સ્થિતિમાં) बिल्वादिभ्योऽण् । 4–3–136 સૂત્ર વ્યર્થ જશે. કારણ કે અનુદાત્તાદિ તો સ્વરોનો ધર્મ છે; જ્યારે बिल्वादि – શબ્દો તો હલાદિ છે. આમ છતાંય विल्वादिभ्योऽण् । 4–3–136 સૂત્ર રચવામાં આવ્યું જ છે તેથી ઉક્તાર્થનું તે જ્ઞાપક બને છે.

જો સ્વરવિષયમાં વ્યંજન અવિદ્યમાનવત્ થતા હોય તો उदश्वित्वान् । એ ઉદાહરણમાં ह्रस्वनुडभ्यां मतुप् । 6–1–176 સૂત્રવિહિત मतुम् ને ઉદાત્ત થઈ જશે; આવો આક્ષેપ કરીને समासस्य । 6–1–223 એ સૂત્ર ઉપરના ભાષ્યમાં કહ્યું છે કે તો પછી "વ્યંજનને સ્વર પ્રાપ્ત રહે ત્યારે વ્યંજન અવિદ્યમાનવત્ થાય છે."

પરંતુ અહીં કોઈ પ્રશ્ન કરી શકે કે વ્યંજનને સ્વરની પ્રાપ્તિ જ કેવી રીતે રહેશે.[1] આ આક્ષેપને માટે પણ ભાષ્યમાં કહ્યું છે કે उच्चैरुदात्तः । 1–2–29 વગેરે સૂત્રોમાં अचश्च । 1–2–28 સૂત્રમાંના ષષ્ઠ્યન્ત अच् ગ્રહણની અનુવૃત્તિ આવતી નથી. (પરિણામે हल् ને સ્થાને જ ઉદાત્ત વગેરે સ્વર થાય છે).

ભાષ્યમાં, આ પ્રકારના બીજા આક્ષેપોનો પણ પરિહાર કરવામાં આવ્યો છે.[2]

---

૧. કારણ કે ઉદાત્ત વગેરે, એ સ્વરોના (अच् ના) ધર્મ છે, વ્યંજનના (हल् ના) નહીં.

૨. જેમકે, "ઉદાત્તની આગળ સ્વરિત સ્વર કર્તવ્ય રહે ત્યારે વ્યંજન અવિદ્યમાનવત્ થાય છે." જેવી પરિભાષા પણ કરવી જોઈએ.

સિદ્ધાન્તી કહે છે કે આવું પરિભાષાન્તર કરવાની જરૂર નથી. કારણકે उदात्तादनुदात्तस्य स्वरितः । 8–4–66 – સૂત્રમાં જે 'અનુદાત્ત' શબ્દનું ગ્રહણ છે, તેનાથી नोच्चैरनुदात्तः । 1–2–30 સૂત્રોક્ત પરિભાષિક અનુદાત્તનું ગ્રહણ કરવાનું નથી. પરંતુ 'અવિદ્યમાન છે ઉદાત્ત જેની મધ્યમાં તે અનુદાત્ત.' એવા અન્વર્થ 'અનુદાત્ત' શબ્દનું ગ્રહણ કરવાનું છે; વગેરે.

વ્યાડિ : (૩૩)

यतोऽनावः । 6-1-213 સૂત્રોક્ત 'अनावः' એવું પ્રતિષેધવચન આ પરિભાષામાં જ્ઞાપક છે. नाव्यम् । તે ઉદાહરણમાં આદ્યુદાત્તની પ્રાપ્તિ જ થવાની નથી. કારણ કે તે શબ્દ સ્વરાદિ નથી. તેવી સ્થિતિમાં अनावः । એવો પ્રતિષેધ કરવાની જરૂર ન હતી. આમ તે પ્રતિષેધ વ્યર્થ થઈને પ્રકૃતાર્થને જ્ઞાપિત કરે છે.

સીરદેવ: (૫૩)

પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચાને સીરદેવે મહદંશે સ્વીકારી છે. આ પરિભાષા સ્વીકારવાથી उदश्वित्वान् । જેવા ઉદાહરણમાં मतुप्‌ને સ્વરની પ્રાપ્તિ રહે છે. આ અનિષ્ટની નિવૃત્તિ કેવી રીતે થાય છે, તે પુરુષોત્તમદેવે નિર્દેશ્યું છે. પરંતુ સીરદેવે આ સન્દર્ભમાં વૃત્તિકારનો મત પણ ટાંક્યો છે. કાશિકાકારના કહેવા મુજબ અહીં લક્ષ્યાનુરોધથી પ્રકૃત પરિભાષા અનાશ્રિત રહે છે.

પુરુષોત્તમદેવે રજૂ કરેલી પરિભાષાની જ્ઞાપક ચર્ચાને સીરદેવે સ્વીકારી છે. તેમણે વિશેષમાં જણાવ્યું છે કે इमनिजादि શબ્દોને જે चित् કરણ કર્યું છે તે પણ પ્રકૃત પરિભાષાનું જ્ઞાપક – લિંગ – છે.

નીલકંઠ : (૬૭)

તેમણે જણાવ્યું છે કે नोत्तरपदेऽनुदात्तादौ० । 6-2-142 સૂત્રભાષ્યમાં આ પરિભાષાની ચર્ચા કરવામાં આવી છે. તેમણે स्वरविधौ એ પદનો 'સ્વરને ઉદ્દેશીને જ્યાં કાર્યનું વિધાન થાય છે ત્યાં' એવો અર્થ કર્યો છે. વિશેષમાં તેમણે हल्स्वरप्राप्तौ व्यञ्जनमविद्यमानवत् । 68 એવી એક બીજી જુદી પરિભાષા પણ રજૂ કરી છે. આ પરિભાષામાં यतोऽनावः । 6-1-213 સૂત્રોક્ત अनावः નિષેધને જ્ઞાપક ગણવામાં આવ્યો છે.

હરિભાસ્કર : (૫૫)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

નાગેશ : (૭૬)

નાગેશે નીલકંઠમાંથી સૂચન લઈને પરિભાષાર્થ અને જ્ઞાપકને ચર્ચ્યા છે. 'स्वरविधौ – એવા પરિભાષાના શબ્દોનો અર્થ નીલકંઠે "સ્વરને ઉદ્દેશીને જ્યાં કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યાં" એવો કરી બતાવ્યો છે. પરિણામે "સ્વર-વિધાયક સૂત્રોમાં આ પરિભાષા લાગતી નથી" એવા અર્થનો લાભ થાય છે. આથી નાગેશે સ્પષ્ટ કર્યું છે કે આ અર્થના લાભથી જ उदश्वित्वान् । જેવા

ઉદાહરણમાં હ્રસ્વનુડભ્યાં મતુપ્ । 6-1-176 સૂત્રવિહિત ઉદાત્તસ્વર ત્ કારના વ્યવધાનમાં પ્રવૃત્ત થઈ શકતો નથી.

વિશેષમાં, નાગેશ ભટ્ટે આ પરિભાષા વિષે કૈયટનો અભિપ્રાય પણ ઉલ્લેખ્યો છે. જેમકે, આ પરિભાષા અનાવશ્યક છે. કારણ કે જપા કુસુમન્યાયે વ્યંજનો અચ્ત્વ – થી ઉપરક્ત થતા હોય છે. પરિણામે અનુદાત્તાદિ, અન્તોદત્ત જેવી સંજ્ઞાઓ હલાદિ અને હલન્ત શબ્દોમાં પણ પ્રવૃત્ત કરી શકાય છે.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે રજૂ કરેલી સમજૂતીને સીરદેવ અને હરિભાસ્કર અનુસર્યા છે. આ ત્રણેય પરિભાષાવૃત્તિકારોએ हल्स्वरप्राप्तौ व्यञ्जनमविद्यमानवत् ॥ એવા વચનને સ્વતંત્ર પરિભાષાવચન માન્યું નથી. सांप्रतिकाभावे भूतपूर्वगतिः ॥ 15 પરિભાષા ઉપરની ટીકામાં પુરુષોત્તમદેવે સ્પષ્ટ કર્યું છે તે મુજબ ભાષ્યમાં આ स्वरविधौ व्यञ्जनमविद्यमानवत् ॥ પરિભાષાને "हल्स्वरप्राप्तौ ।" વિશેષણથી વિશેષિત કરવામાં આવી છે.

બીજી તરફ કાશીની પરંપરામાં નીલકંઠે અને નાગેશે આ બન્ને વચનોને (સ્વતંત્ર) પરિભાષા રૂપે રજૂ કર્યાં છે. આ ઉપરાંત આ બન્ને પરંપરાઓએ 'स्वरविधौ' પદનો જુદો જુદો અર્થ કર્યો છે; તે પણ નોંધનીય છે.

णौ कृतं स्थानिवद् भवति ॥ ३३ ॥

(णि પ્રત્યય પરમાં રહેતાં અર્થાત્ તેના નિમિત્તે કરવામાં આવેલાં કાર્યોનો સ્થાનિવદ્ભાવ થાય છે.)

णि પરમાં રહેતા જે વૃદ્ધિ વગેરે કાર્યો કરવામાં આવ્યાં હોય છે તેનો સ્થાનિવદ્ભાવ થાય છે. આથી जुहावयिषति । વગેરે રૂપોમાં અભ્યાસનું उ વર્ણાન્તત્વ સિદ્ધ રહે છે.[1]

---

૧. हु दाने । ધાતુને णिच् પ્રત્યય કરીને, તેનાથી પરમાં सन् પ્રત્યય કરવામાં આવ્યો છે. (हु + युक् + णिच् + सन् + तिप्) અહીં ધાતુના उ કારને अचो ञ्णिति 7-2-115 સૂત્રથી વૃદ્ધિ અને एचोऽयवायावः । 6-1-78 થી आव् આદેશ કરવામાં આવ્યા છે. >हावयिषति । અહીં द्विर्वचनेऽचि । 1-1-59 સૂત્રથી સ્થાનિવદ્ભાવ થઈ શકવાનો નથી. કારણકે અહીં णि પ્રત્યયનો अच् પરમાં છે, દ્વિર્વચનમાં નિમિત્ત બને તેવો अच् પરમાં નથી. પરંતુ જો પ્રકૃત પરિભાષા હશે તો જ णि પરમાં રહેતાં વૃદ્ધિ વગેરે અજાદેશોનો સ્થાનિવદ્ભાવ થતા અભ્યાસનું उ વર્ણાન્તત્વ સિદ્ધ રહેશે.

ओः पुयण्ज्यपरे । 7-4-80 સૂત્રમાં અભ્યાસનું વિશેષણ જે "ओः" તેવું પદ મૂકવામાં આવ્યું છે તે અહીં જ્ઞાપક છે. આ સૂત્ર વડે अ વર્ણ પરક પ વર્ગ, यण्, ज કાર પરમાં હોય ત્યારે અભ્યાસના उ કારને इत्व નું વિધાન કરવામાં આવે છે. જેમકે; बिभावयिषति । रिरावयिषति । जिजावयिषति । વગેરેમાં. હવે જો णि પ્રત્યય પરમાં રહેતાં જે વૃદ્ધિ, आव् આદેશલક્ષણ કાર્યો કરવામાં આવ્યા છે તેનો સ્થાનિવદ્ભાવ નહીં થાય તો અભ્યાસનો अ કાર ક્યાંથી મળવાનો છે કે જેને इत्वनुं વિધાન કરવામાં આવ્યું છે ?[૨]

અહીં ओः पुयण्ज्यपरे । 7-4-80 ને જ્ઞાપક રૂપે સ્વીકારવામાં આવ્યું છે. તે તેનાં ઉદાહરણો સરખાં જ ઉદાહરણોમાં લાગતું હોવાથી, अ વર્ણ પરક પ વર્ગ, यण् અને ज કાર સદૃશ બીજા વર્ણો જે अ વર્ણપરક હશે તે જ સ્થાનિવદ્ભાવને પામે છે. પરિણામે अचिकीर्तद् । રૂપમાં સ્થાનિવદ્ભાવ થતો નથી.[૩] તથા शुशावयिषति । વગેરેમાં णौ च संश्चङोः । 6-1-31 તેવા સૂત્રથી व કારનું જે સમ્પ્રસારણ કરવામાં આવ્યું છે તે णि - પ્રત્યય પરમાં રહેતાં થયેલું છે, તો પણ દ્વિર્વચન કરતી વેળાએ તેનો સ્થાનિવદ્ભાવ થતો નથી.[૪] (તેનું કારણ એ છે કે) द्विर्वचनेऽचि । 1-1-59 આ સૂત્ર ઉપરના ભાષ્યમાં णि પ્રત્યય પરમાં રહેતાં કરવામાં આવેલા અજાદેશનું જ સ્થાનિવત્વ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.

અને 'ज्ञापकसिद्धं न सर्वत्र' । તેવા વચનથી अधिजिगापयिषति ।

---

૨. આમ, અભ્યાસનું વિશેષણ ओः પદનું ગ્રહણ કરતાં આચાર્ય સમજે છે કે णि પ્રત્યય પરમાં રહેતા વૃદ્ધ્યાદિ કાર્યો સ્થાનિવત્ થાય છે - આ રીતે 'ओः' પદ અન્યાર્થનું જ્ઞાપન કરીને સ્વાંશે ચરિતાર્થ થાય છે.

૩. अचिकीर्तद् । રૂપમાં क કાર अ વર્ણપરક નથી, તેથી ત્યાં પ્રકૃત જ્ઞાપકની પ્રવૃત્તિ થતી નથી અને પરિણામે સ્થાનિવદ્ભાવ થતો નથી.

૪. કારણ કે श्वि+सन+णि । આ સ્થિતિમાં संप्रसारणं संप्रसारणाश्रयं च बलीयो भवति । એવા વચનથી અંતરંગ એવા વૃદ્ધિ વગેરે કાર્યોનો બાધ થાય છે. અને પ્રથમ સંપ્રસારણ થયા પછી જ તે વૃદ્ધિ-આદિની પ્રવૃત્તિ થાય છે. હવે જ્યારે પ્રકૃત પરિભાષાથી સ્થાનિવદ્ભાવ થવા આવશે ત્યારે વૃદ્ધિ-આદિ અજાદેશ કાર્યોનો જ સ્થાનિવદ્ભાવ થશે, પણ સંપ્રસારણનો સ્થાનિવદ્ભાવ થશે નહીં. (સંપ્રસારણ એ અજાદેશ નથી માટે.)

રૂપમાં ણિ પ્રત્યય પરમાં રહેતા इङ् ને જે गाङ् આદેશ આપવામાં આવ્યો છે તેનો દ્વિર્વચન કરતી સમયે સ્થાનિવદ્ભાવ થતો નથી.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા રજૂ નથી કરી.

સીરદેવ : (૯૫)

આ પરિભાષાની પ્રવૃત્તિ – આદિ વિષયક બે સ્પષ્ટતા પુરુષોત્તમદેવે કરી છે. જેમકે, (૧) જ્ઞાપકના તુલ્યજાતીયકત્વને કારણે अ વર્ણ પરક પ વર્ગાદિ સદશ બીજા બે વર્ણો જ્યાં अ વર્ણપરક હશે ત્યાં જ સ્થાનિવદ્ભાવ થાય છે:, (૨) ણિ પરમાં રહેતા કરવામાં આવેલા વૃદ્ધ્યયાદિ અજાદેશનો જ સ્થાનિવદ્ભાવ થાય છે. આમાંથી પ્રથમ સ્પષ્ટતાને કારણે अचिकीर्तद् । માં સ્થાનિવદ્ભાવનો અભાવ રહે છે, તેમ જણાવ્યું છે. આ ચર્ચા ભાષ્યને અનુસરીને કરી છે.

પરંતુ સીરદેવ આ મુદ્દા સાથે સમ્મત થતા નથી. તેઓ જણાવે છે કે सिषेधयिषति । અને ओजढत् । જેવાં રૂપોમાં સ્થાનિવદ્ભાવથી દ્વિર્વચન કરવામાં આવ્યું છે; અને તે જ પ્રમાણે लोपः पिवतेरीच्चाभ्यासस्य । 7–4–4 સૂત્ર ઉપર કાશિકાકારે अपीप्यत् । રૂપમાં પ્રકૃત જ્ઞાપકની પ્રવૃત્તિ કરી દ્વિર્વચન કહ્યું છે, તે અસંગત બની જશે.

માટે કોઈ વિશેષ સ્પષ્ટતાથી अचिकीर्तद्માં સ્થાનિવદ્ભાવનો અભાવ કહેવો જોઈએ નહીં. પરંતુ ज्ञापकसिद्धं न सर्वत्र । તેનાથી જ अचिकीर्तद् । માં વ્યવસ્થા કરવી રહી, અને આમ કરવાથી જ अधिजिगापयिषति । રૂપને સમજાવી શકાય છે.

નીલકંઠ : (–)

તેમણે આ પરિભાષા રજૂ કરી નથી.

હરિભાસ્કર : (૯૭)

ણિ પ્રત્યયના વિષયમાં જે કાર્ય કરવામાં આવ્યું હોય તેનો દ્વિવર્વચન કરતી વખતે સ્થાનિવદ્ભાવ થાય છે. द्विर्वचनेऽचि । 1–1–59 સૂત્રભાષ્યમાં આ પરિભાષાનો પાઠ હોવાથી આ પરિભાષા પણ રૂપાતિદેશને રજૂ કરનારી છે, એમ સિદ્ધ થાય છે.

द्विर्वचनेऽचि । 1–1–59 સૂત્રમાં अच् નું ગ્રહણ કર્યું છે. ભાષ્યોક્ત

રીતિથી તેનું પ્રયોજન જેઘ્રીયતે । દેધ્મીયતે જેવાં રૂપોમાં સ્થાનિવદ્ભાવની નિવૃત્તિ કરવી તે છે અને કૌસ્તુભકાર મુજબ અધિજગે । એવા ઉદાહરણમાં સ્થાનિવદ્ભાવની નિવૃત્તિ કરવી તે પ્રયોજન છે.

હરિભાસ્કર અહીં એક મહત્ત્વની સ્પષ્ટતા કરે છે કે ણૌ એવા પદમાં વિષયસપ્તમી છે. જેના પરિણામે पुस्फरयिषति । अपुस्फरत् । જેવાં ઉદાહરણોમાં સ્થાનિવદ્ભાવથી उ કાર સંભળાય છે. પરંતુ જો સીરદેવને અનુસરીને અહીં પરસપ્તમી લઈશું તો આ રૂપો સિદ્ધ થશે નહીં.

ણૌ એવા પદની સાથે तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 એવી પરિભાષાની ઉપસ્થિતિ થાય છે એમ કહી શકાય નહીં. કારણ કે ણૌ એવા પદનો आसत्तिवशात् कृतम् ની સાથે પહેલા સંબંધ થાય છે. પરિણામે विधौ परिभाषोपतिष्ठते नानुवादे । એવી પરિભાષાનો પણ નિષેધ થઈ જાય છે. આમ, અહીં ણૌ ને વિષયસપ્તમી ગણવાથી पुस्फरयिषति । જેવા રૂપમાં વ્યવહિતને પણ સ્થાનિવદ્ભાવની સિદ્ધિ થાય છે.

વિશેષમાં હરિભાસ્કરે જણાવ્યું છે કે 'ज्ञापकसिद्धं न सर्वत्र । એવી પરિભાષાથી अचिकीर्तद् । રૂપમાં વ્યવસ્થા કરવી, અન્યથા अधिजिगापयिषति । એવા રૂપમાં કેવી રીતે ઈષ્ટ સિદ્ધિ કરીશું ?' એવું જે સીરદેવે કહ્યું છે તે વ્યર્થ છે અને ભાષ્યવિરુદ્ધ છે. આ પ્રત્યાખ્યાનથી જણાય છે કે પુરુષોત્તમદેવે કરેલું ભાષ્યાનુસારી વ્યાખ્યાન હરિભાસ્કરને માટે સ્વીકાર્ય છે.

નાગેશ : (–)

પરિભાષેન્દુશેખરમાં નાગેશે આ પરિભાષા રજૂ કરી નથી.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે અને તેની વિશદ સમજૂતી રજૂ કરી છે. સીરદેવે એમાં કેટલાક વાંધા ઉઠાવ્યા છે, પણ હરિભાસ્કરે તેનો પરિહાર કર્યો છે.

કાશીની વૈયાકરણ પરંપરાના લેખકોએ, જેવાકે; નીલકંઠ અને નાગેશે આ પરિભાષાને રજૂ કરી નથી. તેમ જ 'પરિભાષાસૂચન'માં પણ આ પરિભાષા રજૂ થઈ નથી.

यो ह्यनादिष्टादचः पूर्वस्तस्य विधिं प्रति स्थानिवद्भावः ॥ ३४ ॥

(જે અનાદિષ્ટ અચ્‌ની પૂર્વે હોય છે, તેને વિધિ કરવાનો પ્રસંગ ઊભો થાય તો તે વિધિની પ્રત્યે સ્થાનિવદ્‌ભાવ થાય છે.)

अचः परस्मिन् पूर्वविधौ । 1-1-57 સૂત્રમાં પૂર્વ શબ્દ સંબંધિશબ્દ[1] છે. આથી 'अच् ની અપેક્ષાએ પૂર્વ,' 'આદેશની અપેક્ષાએ પૂર્વ' નિમિત્તની અપેક્ષાએ પૂર્વ' એમ કહેવામાં આવ્યું છે. આ ત્રણેયમાંથી જ્યારે લક્ષ્યાનુરોધથી अच् ની અપેક્ષાએ પૂર્વત્વનું આશ્રયણ થાય છે ત્યારે આ સૂત્રાર્થ જ પરિભાષા રૂપે રજૂ કરવામાં આવે છે. જેમકે, પરનિમિત્તક અજાદેશ પૂર્વને કાર્ય કર્તવ્ય રહે ત્યારે સ્થાનિવત્ થાય છે. કોનાથી પૂર્વને ? તો, જેને આદેશ કરવામાં આવ્યો નથી તેવા અનાદિષ્ટ અચ્‌થી પૂર્વને.

આ પરિભાષા આ પ્રમાણે સિદ્ધ થતી હોવાથી पटयति । ઉદાહરણમાં (टि) લોપ કર્યા પછી; पटु શબ્દમાં અનાદિષ્ટ અચ્ उ કાર છે, તેથી પૂર્વ એટલે કે पटु શબ્દના अ કારને ઉપધા વૃદ્ધિ પ્રાપ્ત થાય છે. પરંતુ ત્યાં ઉપધાવૃદ્ધિની પ્રત્યે टि લોપનો સ્થાવદ્‌ભાવ થાય છે. તથા आयन् । અને आसन् । એવાં રૂપોમાં इणो यण् । 6-4-81 અને इनसोरल्लोपयोः । 6-4-111 સૂત્રોની પ્રવૃત્તિ થઈ ગઈ છે. ત્યાં અનાદિષ્ટ અચ્‌ની પૂર્વે એટલે કે इण् गतौ અને अस् भुवि એવી પ્રકૃતિના અનાદિષ્ટ અચ્‌ની પૂર્વે आडजादीनाम् । 6-4-72 થી आट् આગમની પ્રાપ્તિ થાય છે. તે સમયે आट् આગમના વિધાનની પ્રત્યે પરત્વને કારણે પ્રથમ પ્રવૃત્ત થઈ ગયેલા यण् અને अ કાર લોપનો સ્થાનિવદ્‌ભાવ થાય છે.

પરંતુ જ્યાં આદિષ્ટ अच् ની પૂર્વે આવેલાને વિધિ કરવાનો હશે ત્યાં પરનિમિત્તક અજાદેશનો) સ્થાનિવદ્‌ભાવ થતો નથી. જેમકે, वैयाकरणः । सौवश्वः । અહીં (અનાદિષ્ટ) अच् ની પૂર્વે[2] ऐच् નો સંભવ જ નથી. કારણ કે स કાર અને व કાર પૂર્વમાં રહેતા હોય ત્યાં જ તે ऐच् નું વિધાન કરવામાં આવ્યું છે.[3] આથી ऐच् ના વિધાનની પ્રત્યે य કાર અને व કારનો સ્થાનિવદ્‌ભાવ થતો નથી.

---

૧. એટલે કે કોનાથી પૂર્વ; એવી અપેક્ષાવાળો છે.

૨. वि+आकरण । અને सु+अश्व । એ સ્થિતિમાં.

૩. આદિષ્ટ અચ્‌ની સ્થિતિમાં જ, એટલે કે व्याकरण । અને स्वश्व । સ્થિતિમાં જ व કાર અને સકારની પૂર્વે તે પ્રવૃત્ત થઈ શકશે. પરંતુ અનાદિષ્ટ એટલે કે वि+आकरण । અને सु+अश्व । એ સ્થિતિમાં તો અનાદિષ્ટ અચ્‌થી પૂર્વે इ કાર અને उ કાર છે; તેને ऐच्‌નું વિધાન કર્યું નથી.

મૈત્રેય રક્ષિતે अभ्यासस्यासवर्णे । 6-4-78 સૂત્રસ્થ असवर्ण ગ્રહણને પ્રકૃતાર્થમાં જ્ઞાપક રૂપે વર્ણવ્યું છે.[૪] 'પરંતુ જો આમ જ્ઞાપક સ્વીકારવામાં આવે તો तन्वति । એ ઉદાહરણમાં यण् આદેશ કર્યા પછી આદિષ્ટ अच् ની પૂર્વે આવેલા વલાદિ પ્રત્યયને इट् આગમના વિધાનની પ્રત્યે અજાદેશનો સ્થાનિવદ્ભાવ થશે નહીં.' ના, આવો દોષ આવશે નહીં. લક્ષ્યાનુરોધથી આદેશની અપેક્ષાએ જ પૂર્વત્વ જાણવું જોઈએ.[૫]

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૬૭)

પુરુષોત્તમદેવે વર્ણવેલાં ઉદાહરણ અને પ્રત્યુદાહરણની ચર્ચામાં અંશતઃ દોષ રહેલા છે. તેથી સીરદેવે તે ઉદાહરણાદિને આ પ્રમાણે રજૂ કર્યાં છે: पटयति । રૂપમાં ट શબ્દના अ કારથી એટલે કે અનાદિષ્ટ अच् થી પૂર્વમાં प શબ્દનો જે अ કાર છે; તેને अत उपधायाः । 7-2-116 થી પ્રાપ્ત વૃદ્ધિની પ્રત્યે લોપનો સ્થાનિવદ્ભાવ થતો નથી.

આદિષ્ટ अच् ની પૂર્વે આવેલાને કાર્ય કરવાનું હોય ત્યારે તો સ્થાનિવદ્ભાવ થતો નથી. જેમકે; वैयाकरणः । सौत्रश्वः । આથી આ રૂપોમાં एचोऽयवायावः । 6-1-78 ની પ્રાપ્તિ થતી નથી. અહીં (અનાદિષ્ટ) अच् ની પૂર્વે वि અને सु ને ऐच् આગમનો સંભવ જ નથી. કારણ કે य કાર અને व કાર પૂર્વમાં રહે ત્યાં જ ऐच् નું વિધાન કરવામાં આવ્યું છે.

સીરદેવ જણાવે છે કે ઉપર્યુક્ત સંદર્ભમાં ન્યાસકારે असिद्धं वहिरङ्गमन्तरङ्गे । પરિભાષાથી સમાધાન કર્યું છે. ન્યાસકારના મતે अचीकरत् । એવા રૂપને ઉદાહરણ તરીકે ટાંકવું જોઈએ.

વિશેષમાં સીરદેવ જણાવે છે કે ક્વચિત્ આદિષ્ટ अच्થી પૂર્વને કાર્ય કર્તવ્ય રહે ત્યારે પણ સ્થાનિવદ્ભાવ થાય છે. અન્યથા, 'સવર્ણવિધિની પ્રત્યે સ્થાનિવદ્ભાવનો પ્રતિષેધ થાય છે. (1-1-58)' એ વચન અનુપપન્ન થશે.

નીલકંઠ :

નીલકંઠે આ પરિભાષાના પ્રયોજનાદિની ચર્ચા કરી નથી. આ પરિભાષા

૪, હરિભાસ્કરે આ જ્ઞાપક સમજાવ્યું છે. માટે આગળ ઉપર તેની ચર્ચા જુઓ.

૫. પૂર્વેની ચર્ચાની સાથે આ ચર્ચાની સંગતિ થતી નથી.

अचः परस्मिन् पूर्वविधौ । 1-1-57 સૂત્ર અને તેની ઉપરના अचः पूर्व-विज्ञानादेचोः सिद्धम् । (1)—એવા વાર્તિકથી સિદ્ધ થતાં અર્થનું કથન કરે છે.

નીલકંઠ જણાવે છે કે આ પરિભાષા हूवावामश्च । 3-2-2 સૂત્ર ઉપરના ભાષ્યમાં સ્પષ્ટ છે. પરંતુ આ સૂત્ર ઉપરનું ભાષ્ય ઉપલબ્ધ થતું નથી.

હરિભાસ્કર : (૬૯)

પુરુષોત્તમદેવે નોંધેલા રક્ષિતોક્ત જ્ઞાપકને હરિભાસ્કર આ પ્રમાણે સમજાવે છે : अभ्यासस्यासवर्णे । 6-4-78 સૂત્રસ્થ असवर्ण ગ્રહણ આ પરિભાષામાં જ્ઞાપક છે. જો આદિષ્ટ અચ્‌ની પૂર્વે કાર્ય કરતા સ્થાનિવદ્‌ભાવ થતો હોય તો इयेष । उवोष । જેવાં ઉદાહરણોમાં ગુણનો સ્થાનિવદ્‌ભાવ થાય પછી असवर्ण અચ્ પરમાં મળશે જ નહીં. તેવી સ્થિતિમાં असवर्णे એવો નિષેધ વ્યર્થ જશે. જો કોઈ એમ કહે કે इयर्ति । વગેરેમાં असवर्ण અચ્ પરમાં મળશે; તો उरभ्यासस्य । એવું સૂત્ર નથી કર્યું તે જ્ઞાપક બનશે.

નાગેશ : (–)

'પરિભાષેન્દુશેખર'માં આ પરિભાષા રજૂ કરવામાં આવી નથી.

ઉપસંહાર :

ન્યાસકારે अचः परस्मिन् पूर्वविधौ । 1-1-57 સૂત્ર ઉપરની 'કાશિકા-વૃત્તિ'ને સમજાવતાં आदेशापेक्षं पूर्वत्वम्, अजपेक्षं पूर्वत्वम् । અને निमित्तापेक्षं पूर्वत्वम् । એવા ત્રણ પક્ષો રજૂ કર્યા છે. પુરુષોત્તમદેવે તે ચર્ચા-માંથી સૂચન લઈને अजपेक्षं पूर्वत्वम् પક્ષથી સ્વીકારીને પ્રકૃત પરિભાષા રજૂ કરી છે.

આ પરિભાષા 'પરિભાષાસૂચન' કે 'પરિભાષેન્દુશેખર'માં પ્રાપ્ત થતી નથી. બીજી તરફ પુરુષોત્તમદેવે રજૂ કરેલા આ પરિભાષાના વ્યાખ્યાનને જ સીરદેવા-દિએ વિશદ કરવાનો પ્રયત્ન કર્યો છે.

निर्दिश्यमानस्यादेशा भवन्ति ॥ ३५ ॥

(સૂત્રમાં નિર્દેશેલા સ્થાનીને જ આદેશો થાય છે.)

આમાં પણ षष्ठी स्थानेयोगा । 1-1-49 સૂત્રનો (જ) અર્થ પરિભાષા રૂપે રજૂ કરવામાં આવ્યો છે. જેમકે, ત્યાં ભાષ્યમાં કહ્યું છે : સ્થાનમાં છે યોગ જેનો તે स्थानेयोगा । કહેવાશે. નિપાતનથી અહીં સપ્તમીનો અલુક્ છે. ષષ્ઠી

વિભક્તિ જ સ્થાનેયોગા છે. બીજી કોઈ વિભક્તિ સંભળાતી નથી. ષષ્ઠ્યન્ત પદ 'સ્થાનમાં છે યોગ જેનો' એવા અર્થમાં પ્રયોજાય છે. અને તેથી, જેનાથી (પરમાં) ષષ્ઠી ઉચ્ચારવામાં આવે છે, તેનાથી કાર્યનો યોગ કરનારી તે ષષ્ઠી બને છે. અર્થાત્ નિર્દિશ્યમાનને આદેશો થાય છે. ઉદાહરણ તરીકે; પાદઃ પત્ 6-4-130 સૂત્રસ્થ પાદઃ । એવું ષષ્ઠ્યન્ત પદ આદેશની સાથે જોડાય છે. પરંતુ તદન્ત અંગ આદેશની સાથે જોડાતું નથી.[1]

આ પરિભાષાથી તદન્તવિધિનો વ્યવચ્છેદ (પ્રતિષેધ) કરવામાં આવે છે. જેમકે, (તદન્તવિધિ થશે તો) ષ્યઙઃ સંપ્રસારણમ્૦ । 6-1-13 સૂત્રથી ષ્યઙન્ત પૂર્વપદના યણ્ ને ઇક્ થવા આવશે. પરિણામે વારાહીપુત્રઃ । જેવા ઉદાહરણમાં વ કારને સંપ્રસારણ પ્રાપ્ત થશે. પરંતુ ષષ્ઠી સ્થાનેયોગા । 1-1-49 એવું સૂત્ર હોવાથી ષ્યઙ્ ને જ સંપ્રસારણ થાય છે. તેવી જ રીતે ક્રિયાસ્તામ્ । અને ક્રિયાસ્તમ્ । જેવાં રૂપોમાં યાસુટ્[2] આગમ સહિતનાને તામ્ વગેરે[3] આદેશો થઈ જતાં નથી.

વ્યાડિ : ( )

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા પ્રાપ્ત થતી નથી.

સીરદેવ : (૫)

સીરદેવે પરિભાષાનો અર્થ આ પ્રમાણે આપ્યો છે : 'ષષ્ઠી વિભક્તિ વડે નિર્દિષ્ટ સમુદાયને અથવા તેના એકદેશને આદેશો થાય છે.' આથી પાદઃ પત્ । 6-4-130 સૂત્રમાં ષષ્ઠી વિભક્તિ વડે નિર્દિષ્ટ પાદ્ ને સ્થાને જ પદ્ આદેશ થાય છે. પરંતુ દ્વિપદઃ પશ્ય । એવા ઉદાહરણમાં અઙ્ગાધિકારે તસ્ય તદુત્તરપદસ્ય ચ । ૭૭ -- પરિભાષા વડે તદન્તને પદ્ આદેશ થતો નથી. તથા ઉદસ્થાત્ । એવા રૂપમાં અટ્ આગમને ઉદઃ સ્થાસ્તમ્ભોઃ પૂર્વસ્ય । 8-4-61 સૂત્રોક્ત પૂર્વસવર્ણ થતો નથી.

વિશેષમાં સીરદેવે 'કાશિકા' અને 'ન્યાસ'ના વચનોની સમીક્ષા પણ કરી છે : શીઙો રૂટ્ । 7-1-6 સૂત્ર ઉપર ન્યાસકાર જણાવે છે કે ઝ કાર સ્થાની અદ્ આદેશને રૂટ્ આગમનું વિધાન કરવામાં આવ્યું છે. કારણ કે જો પૂર્વેથી જ ઝ કારને રૂટ્ આગમ કર્યો હોત તો ઝ કારને અત્ આદેશ ન થઈ શકત.

---

૧. પરિણામે દ્વિપાદ એવા પાદાન્ત અંગને સ્થાને પત્ આદેશ થતો નથી.
૨. યાસુટ્ પરસ્મૈપદેષુ ઉદાત્તો ઙિચ્ચ । 3-4-103
૩. તસ્થસ્થમિપાં તાન્તન્તામઃ । 3-4-101

પરંતુ સીરદેવ જણાવે છે કે પ્રકૃત પરિભાષાના અસ્તિત્વમાં આવું સમાધાન આપવાની જરૂર નથી. કારણ કે પ્રકૃત પરિભાષા હોવાથી ન્યાસોક્ત દોષની પ્રાપ્તિ જ થતી નથી.

બીજું; મપર્યન્તસ્ય । 7-2-91 સૂત્ર ઉપર કાશિકાકાર જણાવે છે કે મપર્યન્તસ્ય। એવો અધિકાર કરવાની શી જરૂર છે. 'યુવકામ્ । આવકામ્ । જેવાં ઉદાહરણોમાં અકચ્ સહિતને યુવ, આવ આદેશો ન થઈ જાય, તે માટે મપર્યન્તસ્ય । એવા અધિકારની જરૂર છે.'-પરંતુ સીરદેવ જણાવે છે કે આ સમાધાન પણ પ્રકૃત પરિભાષા તરફ દુર્લક્ષ્ય સેવીને રજૂ કર્યું છે. અર્થાત્ આ પરિભાષાના અસ્તિત્વથી ઉક્ત દોષ આવશે જ નહીં.

નીલકંઠ : (૫)

નીલકંઠે આ પરિભાષાના વ્યાખ્યાનમાં કેટલાક નવા મુદ્દાઓને રજૂ કર્યા છે. જો કે તે મુદ્દાઓ તેમના મૌલિક ચિંતનમાંથી પરિણમ્યા નથી. પરંતુ તે કાશીની વૈયાકરણ પરંપરાના ભટ્ટોજિ દીક્ષિતાદિના ગ્રંથોમાંથી તેમને પ્રાપ્ત થયા છે.

આ પરિભાષા અવયવષષ્ઠીના વિષયપ્રદેશમાં પણ પ્રવૃત્ત થાય છે. જેથી અત્તિસ્યઃ। જેવાં ઉદાહરણોમાં ત કાર અને દ કારને સત્વ થતું નથી.

રીઙ્ અને રિઙ્ આદેશોનું ઙિત્વ આ પરિભાષાની વર્ણગ્રહણમાં અપ્રવૃત્તિ જાહેર કરે છે. આ પરિભાષાની જેમ अलोऽन्त्यस्य । 1-1-52 ઇત્યાદિ પરિભાષાસૂત્રો પણ કાર્યિનનો નિર્ણય કરી આપનારાં છે. પરંતુ પોતપોતાના નિમિત્તો જોઈને કાર્ય કરવા ઉપસ્થિત થનારાં તે સૂત્રો પ્રકૃત પરિભાષાની સાથે એકત્ર મળીને કાર્ય કરે છે. આથી તેમની વચ્ચે વિરોધનો અભાવ હોવાથી તેઓ પરસ્પરનો બાધ કરતાં નથી. વળી, તે બન્ને સમાન બળવાળાં હોઈને તથા પરાર્થ હોઈને તેમની વચ્ચે અંગાંગિભાવ પણ નથી.

નાગેશ ભટ્ટે ઉપર્યુક્ત ત્રણ મુદ્દાઓમાંથી બીજા મુદ્દાનો સ્વીકાર કર્યો નથી.

હરિભાસ્કર : (૫)

હરિભાસ્કરે નીલકંઠના ઉપર્યુક્ત મુદ્દાઓની નોંધ લીધી નથી.

નાગેશ : (૧૨)

નાગેશ ભટ્ટ આ પરિભાષાની અવતરણિકામાં જણાવે છે કે જો यदागमा० ।

પરિભાષાને સ્વીકારવામાં આવે તો उदस्थात् । જેવાં ઉદાહરણોમાં પણ પૂર્વ-સવર્ણાપત્તિ પ્રાપ્ત થશે. માટે निर्दिश्यमानस्यादेशा भवन्ति । એવી પરિભાષા પણ રજૂ કરવી પડશે.

નાગેશ ભટ્ટ આ પરિભાષાને સૂત્રસિદ્ધવાચનિકી દર્શાવે છે. 'षष्ठी स्थानेयोगा । 1-1-49 સૂત્રની બે વાર આવૃત્તિ કરવી અને બીજીવાર આવૃત્ત કરેલા સૂત્રોનો અર્થ આ પ્રમાણે થશે. षष्ठ्यन्त એવું જે निर्दिश्यमान એટલે કે ઉચ્ચાર્યમાણ-સજાતીય, અથવા નિર્દિશ્યમાનના અવયવ રૂપ જે સ્થાની તેની સાથે સ્થાનિ-નિરૂપિતસંબંધથી જોડાય છે. પરંતુ જે (ગૌણત્વેન) પ્રતીયમાન હોય તે સ્થાન ની સાથે જોડાતું નથી.' આ પ્રમાણે પરિભાષાર્થ આપ્યા પછી વ્યક્તિપક્ષમાં સંદેહ ઊભો થાય છે. જેમકે; अस्य च्वौ । 7-4-32 સૂત્રથી દીર્ઘભેદોને કાર્યની -આદેશોની અપ્રાપ્તિ થશે. કારણ કે સૂત્રમાં હ્રસ્વ अ કાર નિર્દિશ્યમાન છે. દીર્ઘભેદો નિર્દિશ્યમાન નથી. આ શંકાનો પરિહાર કરતાં તે જણાવે છે કે જાતિપક્ષમાં દોષ આવશે નહીં. એટલે કે अस्य च्वौ । 7-4-32 સૂત્રમાં જાતિ-નિર્દેશ કર્યો છે. જાતિપક્ષનું સમર્થન કરતાં નાગેશ જણાવે છે કે न भूसुधियोः । 6-4-85 એવા નિષેધથી જ્ઞાપિત થાય છે કે ગ્રહણકશાસ્ત્રથી ગૃહીત થતા દીર્ઘાદિ ભેદોને પણ નિર્દિશ્યમાનનાં કાર્યો કહેવામાં આવે છે.

આ પરિભાષાને સ્વીકારવાથી કેટલીક શંકાઓ જન્મે છે. જેમકે अचि श्नुधातुभ्रुवां० । 6-4-77 સૂત્રમાં युवोः । તેવા પદથી સ્થાનીનો સ્પષ્ટ નિર્દેશ છે. તથાપિ इयङ्/उवङ્માં શા માટે ङित् કરણ કર્યું ? નાગેશ ભટ્ટ કહે છે કે જો આ ङित् કરણ કરવામાં નહીં આવે તો यूवोः । પદને વિશેષણ માની येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રથી તદન્તવિધિ થતાં इवर्णान्त । उवर्णान्त । (એવા સમગ્ર) ધાતુને इयङ् । उवङ् । ની પ્રાપ્તિ થશે. આવી સ્થિતિમાં इयङ् । उवङ् । નું ङित् કરણ અન્ત્યાદેશ અર્થે જરૂરી છે.

रीङृतः । 7-4-27 અને रिङ्शयग्लिङ्क्षु । 7-4-28 સૂત્રોમાં કરેલું ङित् કરણ કેવળ સ્પષ્ટીકરણાર્થે છે. નીલકંઠના મતે વર્ણગ્રહણમાં આ પરિભાષાની અપ્રવૃત્તિ જ્ઞાપિત કરવા માટે તે ङित् કરણ છે; તેનો નાગેશ ભટ્ટે સ્વીકાર કર્યો નથી. કારણ કે ભાષ્યકારે हयवरट् । મા૦સૂ૦૫ । સૂત્ર ઉપરના ભાષ્યમાં આ પરિભાષાને વર્ણગ્રહણમાં પ્રવૃત્ત કરી છે.

આ શાસ્ત્રમાં 'કોને કાર્ય કરવું ?' તેની વ્યવસ્થા સૂચવનારાં અર્થાત્ કાર્યિન્-નું સ્વરૂપ નક્કી કરનારાં અનેક વચનો છે. જેવાં કે; येन विधिस्तदन्तस्य ।

1-1-72, यदागमास्तद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । અને પ્રકૃત निर्दिश्यमानस्यादेशा भवन्ति । આ સંદર્ભમાં સંદેહ જન્મે છે કે ક્યાં વ્યવસ્થાપક વચનથી પ્રાપ્તિ કાર્યિન્નો સ્વીકાર કરવો. નાગેશ ભટ્ટ આ શંકાનું સમાધાન કરતાં જણાવે છે કે निर्दिश्यमानस्यादेशा भवन्ति । પરિભાષા વડે येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રબોધિત તદન્તને અને यदागमा० । પરિભાષાથી પ્રાપ્ત કાર્યિન્ને સ્થાનિત્વભાવનું બોધન થાય છે. અર્થાત્ તદન્તાંશમાં અને આગમવિશિષ્ટ આગમીમાં સ્થાનિત્વનો અભાવ રહે છે.

अलोऽन्त्यस्य । 1-1-52 ઇત્યાદિ સૂત્રો અને પ્રકૃત પરિભાષા વચ્ચે બાધ્ય-બાધકભાવ કે અંગાઙ્ગિભાવ નથી; તેવા નીલકંઠે રજૂ કરેલા મુદ્દાનો નાગેશે સ્વીકાર કર્યો છે. વિશેષમાં નાગેશે જણાવ્યું છે કે अनेकाल्शित्सर्वस्य । 1-1-55 સૂત્રસ્થ सर्व પદથી પ્રકૃત પરિભાષાબોધિત સ્થાનિનું જ ગ્રહણ થાય છે. आदेः परस्य । 1-1-54 અને अलोऽन्त्यस्य । 1-1-52 સૂત્રો આ પરિભાષાનો બાધ કરે છે; એમ નહીં કહી શકાય. કારણ કે ભાષ્યકારે उदः स्थास्तम्भोः पूर्वस्य । 8-4-61 અને पादः पत् । 6-4-130 સૂત્રભાષ્યમાં આ પરિભાષાનો સંચાર કર્યો છે. આ જ પ્રમાણે, આ પરિભાષા તે બે સૂત્રોનો બાધ કરે છે; એમ પણ નહીં કહી શકાય. કારણ કે જો આ પરિભાષા તે સૂત્રોનો બાધ કરશે તો તે સૂત્રો નિર્વિષય બની જશે. અર્થાત્ ક્યાંય ચરિતાર્થ થઈ શકશે નહીં.

આ પરિભાષાની પ્રવૃત્તિ-અપ્રવૃત્તિ વિષયક સ્પષ્ટતા કરતાં નાગેશ ભટ્ટ જણાવે છે કે આ ન્યાય अकच् પ્રત્યયના વિષયમાં પ્રવૃત્ત થતો નથી अव्ययसर्वनाम्नां अकच् प्राक्टेः । 5-3-71 સૂત્રોક્ત अकच् પ્રત્યય જ્યાં થયો હોય ત્યાં આ निर्दिश्यमानस्यादेशा भवन्ति । એ પરિભાષા પ્રવૃત્ત થતી નથી. કારણ કે ત્યાં સ્થાનિવદ્ભાવની જેમ तन्मध्यपतितन्यायથી अकच् સહિત શબ્દમાં अकच् સહિત શબ્દમાં अकच् રહિત શબ્દની બુદ્ધિ થતાં કાર્ય સંપન્ન રહે છે.

નાગેશે 'અવયવષષ્ઠીના વિષયમાં પણ પ્રકૃત પરિભાષા પ્રવૃત્ત થાય છે;' તે મુદ્દાનો નીલકંઠમાંથી સ્વીકાર કર્યો છે.

ઉપસંહાર :

સૌથી પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષાને પાણિનીય પરંપરાના પરિભાષાવૃત્તિ ગ્રંથમાં રજૂ કરી છે. ભાષ્યમાંથી સૂચન લઈને તેમણે આ પરિભાષાને સૂત્રસિદ્ધવાચનિકી દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

પુરુષોત્તમદેવે રજૂ કરેલો પરિભાષાર્થ તદ્દન સરળ-સાદો છે. જ્યારે ઇષ્ટ

વ્યવસ્થાના સન્દર્ભમાં નાગેશ ભટ્ટે રજૂ કરેલો પરિભાષાર્થ સુવ્યાપ્ત છે. એ જ પ્રમાણે, પ્રકૃત પરિભાષાથી તદન્તવિધિનો બાધ થાય છે, એમ પુરુષોત્તમદેવે રજૂ કર્યું. આ વિચાર વિકસીને પરિણત થતાં નાગેશ ભટ્ટના 'પરિભાષેન્દુશેખર'માં આ પ્રમાણે મળે છે : પ્રકૃત પરિભાષાથી येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રબોધિત તદન્તને અને यदागमाः० । પરિભાષાથી પ્રાપ્ત કાર્યિન્‌ને સ્થાનિત્વાભાવ બોધન કરે છે.

કાશીની પરંપરાના વૈયાકરણોએ નિર્દેશ્યું છે કે अलोऽन्त्यस्य । 1-1-52 ઇત્યાદિ સૂત્રો અને પ્રકૃત પરિભાષા વચ્ચે બાધ્ય-બાધકભાવ કે અંગાંગિભાવ નથી. તથા અવયવષષ્ઠીના વિષયમાં પણ આ પરિભાષા પ્રવૃત્ત થાય છે.

निरनुबन्धकग्रहणे न सानुबन्धकस्य ॥ ३६ ॥
एकानुबन्धकग्रहणे न द्व्यनुबन्धकस्य ॥ ३७ ॥

(નિરનુબન્ધક પ્રત્યયના ગ્રહણમાં સાનુબન્ધક પ્રત્યયનું ગ્રહણ થતું નથી અને એકાનુબન્ધક પ્રત્યયના ગ્રહણમાં દ્વયનુબન્ધક પ્રત્યયનું ગ્રહણ થતું નથી.)

જેમકે, पुरणगुणसुहितार्थसदव्ययतव्यसमानाधिकरणेन । 2-2-11 એ ષષ્ઠીસમાસ નિષેધક સૂત્રમાં નિરનુબન્ધક तव्य પ્રત્યયનું ગ્રહણ કર્યું છે, ત્યારે तव्यत् નું ગ્રહણ થતું નથી.[1] यतोऽनावः । 6-1-213 સૂત્રમાં એકાનુબન્ધક यत् પ્રત્યયનું ગ્રહણ છે, ત્યારે ण्यत् નું ગ્રહણ થતું નથી.[2]

वामदेवाड् ड्यड्ड्यौ । 4-2-9 સૂત્રમાં ड्य અને ड्यत् પ્રત્યયોને ડિત્ કરણ કર્યું છે, તે આ બે પરિભાષાઓનું જ્ઞાપક છે. यस्येति च । 6-4-148 સૂત્રોક્ત લોપ વડે જ वामदेव શબ્દની સિદ્ધિ થાય છે. માટે ડિત્ કરણ કરવાની જરૂર નથી. પરંતુ अवामदेव्यम् । એ રૂપમાં ययतोश्चातदर्थे । 6-2-156 સૂત્ર વડે નઞ્ થી પરમાં આવેલા ઉત્તરપદને અન્તોદાત્ત વિધિમાં, निरनुबन्धक० । અને एकानुबन्धक० । પરિભાષાઓના બળથી આ (ड्य) य અને (ड्यत्) यत् નું ગ્રહણ ન થઈ જાય એ માટે તે કરવામાં આવ્યું છે. આ પ્રમાણે આ ડિત્વ, આ બે પરિભાષાઓના અસ્તિત્વમાં જ્ઞાપક છે.

અહીં निरनुबन्धक० । પરિભાષા પ્રત્યયના વિષયમાં જ્ઞાપિત થઈ હોવાને કારણે, વર્ણગ્રહણમાં પ્રવર્તતી નથી; એમ કેટલાક કહે છે. જો આ પરિભાષા વર્ણગ્રહણમાં પણ પ્રવૃત્ત થતી હોય તો દીર્ઘ ઈ કાર અને દીર્ઘ ઊ કારની નદી

---

૧. કારણ કે तव्यत् સાનુબંધક પ્રત્યય છે.

૨. કારણ કે ण्यत् દ્વયનુબંધક પ્રત્યય છે.

સંજ્ઞા[3] જે નિરનુબન્ધક હશે, જેમકે; લક્ષ્મીઃ । ચૂમઃ । તેમની જ થશે. કુમારી । બ્રહ્મબન્ધૂ । એ બે સાનુબન્ધક દીર્ઘ ઈ કાર અને દીર્ઘ ઊ કારની થશે નહીં.

વ્યાડિ : (૪૬-૪૭)

'પરિભાષાસૂચન'માં આ બન્ને પરિભાષાઓનું વ્યાખ્યાન જુદું જુદું કર્યું છે, તથાપિ બન્નેનું જ્ઞાપક એક જ નિર્દેશ્યું છે. તેમાં બીજી કોઈ નોંધનીય ચર્ચા રજૂ કરી નથી.

સીરદેવ : (૫૦-૫૧)

પુરુષોત્તમદેવે રજૂ કરેલી પ્રયોજન અને જ્ઞાપકની ચર્ચામાં થોડો ઉમેરો કરીને સીરદેવ તેને વિશદ કરે છે. જેમકે, निरनुबन्धकग्रहणे० । પરિભાષા હોવાથી दिव उत् । 6-1-131 સૂત્રમાં दिवु ધાતુને उत्व થતું નથી. પરિણામે अक्षद्यूः । રૂપની સિદ્ધિ થાય છે.

તેમણે જ્ઞાપક ચર્ચાના સન્દર્ભમાં ભાષ્યોક્ત શ્લોકને ઉદ્ધૃત કર્યો છે :

सिद्धे यस्येतिलोपेन किमर्थं ययतौ डितौ ।
ग्रहणं माऽतदर्थे भूद्वामदेव्यस्य नञ्स्वरे ॥ इति ॥

વિશેષમાં 'निरनुबन्धकग्रहणे० । પરિભાષા પ્રત્યયવિષયમાં પ્રવૃત્ત થતી નથી.' તેવો અનુન્યાસકારનો અભિપ્રાય સ્પષ્ટ કર્યા પછી ન્યાસકારના મતે આ પરિભાષાની સામાન્ય સ્વરૂપે પ્રવૃત્તિ થાય છે; તેની પણ નોંધ લીધી છે. તદુપરાંત, एकानुबन्धक० । પરિભાષા वसोः सम्प्रसारणम् । 6-4-131 સૂત્ર ઉપર ઉપસ્થિત થતી નથી, તેવી વ્યવસ્થા સૂચવી છે. વસુના उगित् કરણ સામર્થ્યથી આ વ્યવસ્થા પ્રમાણિત થાય છે અને પરિણામે वसु ગ્રહણથી, क्वसु અને वसु ઉભયનું ગ્રહણ થાય છે.

નીલકંઠ : (૬૯-૭૦)

નીલકંઠે एकानुबन्धकग्रहणे० । પરિભાષાને રજૂ કરી નથી. તેને બદલે तदनुबन्धकग्रहणे० । પરિભાષાને સ્વીકારી છે.

निरनुबन्धकग्रहणे० । અને तदनुबन्धकग्रहणे० । પરિભાષાઓનો 'दिव औत् । 7-1-84 સૂત્રભાષ્યમાં સંચાર કર્યો છે, તેથી તે બન્ને પ્રત્યયાપ્રત્યય

---

૩. यू स्त्र्याख्यौ नदी । 1-4-3.

વિષયક છે.' તેવું કેટલાક કહે છે. પરંતુ 'વર્ણગ્રહણમાં આ બે પરિભાષાઓ પ્રવૃત્ત થતી નથી.' તેવું ઔઙ આપઃ । 7-1-18 સૂત્ર ભાષ્યમાં સ્પષ્ટ છે.

હરિભાસ્કર : (૫૨-૫૩)

નિરનુબન્ધક० । પરિભાષાની મદદથી દિવ ઔત્ । 7-1-84 સૂત્રવિહિત ઔત્વ, દિવુ ધાતુને થતું નથી. પરિણામે અક્ષદ્યૂઃ । રૂપની સિદ્ધિ થાય છે. સીરદેવનિર્દિષ્ટ આ પ્રયોજનનો હરિભાસ્કરે સ્વીકાર કર્યો નથી. હરિભાસ્કર જણાવે છે કે "अघात्वधिकारात् सिद्धम् ।" 7-1-84 वा०२ થી આ પ્રયોજનની સિદ્ધિ થઈ જાય છે. આથી વિશેષ કોઈ નોંધનીય ચર્ચા તેમણે કરી નથી.

નાગેશ : (૮૧-૮૨)

નાગેશ ભટ્ટે પણ નીલકંઠની જેમ एकानुबन्धक० । પરિભાષાને સ્વીકારી નથી. एकानुबन्धकग्रहणे० । પરિભાષાનો અર્થ ભાષ્યસંમત નથી.

આ પરિભાષાઓના જ્ઞાપક ઉપરથી એમ સિદ્ધ થાય છે કે જ્યાં અનુબન્ધરહિત શબ્દને એક કે અનેક અનુબન્ધ જોડાવાથી તે શબ્દ એકાનુબન્ધકસહિત અથવા અનેકાનુબન્ધસહિત બન્યો હોય છે, ત્યાં જ આ પરિભાષાઓ પ્રવૃત્ત થાય છે.

ઉપસંહાર :

वामदेवाड् ड्यड्ड्यौ । 4-2-9 સૂત્રવિહિત ड्य અને ड्यत् પ્રત્યયોના ડિત્ કરણથી निरनुबन्धकग्रहणे० । અને एकानुबन्धकग्रहणे० । પરિભાષાઓ જ્ઞાપિત થાય છે, તેવું 'પરિભાષાસૂચન'માં નિરૂપણ થયું છે. કાશિકાકારે પણ આ જ પ્રમાણે ઉક્ત પરિભાષાઓ જ્ઞાપિત કરી છે. પરિણામે પુરુષોત્તમદેવે તેને અનુસરીને આ બે પરિભાષાઓ સ્વીકારી છે.

પરંતુ ભાષ્યમાં एकानुबन्धकग्रहणे० । પરિભાષાને રજૂ કરી નથી. તેથી કાશીની પરંપરાના નીલકંઠ અને નાગેશે एकानुबन्धकग्रहणे० । પરિભાષાને तदनुबन्धकग्रहणे० । પરિભાષાને રજૂ કરી છે. આ મતભેદ નોંધનીય છે.

આ પરિભાષાઓનાં જ્ઞાપક, પ્રયોજનાદિ વિષે બીજા કોઈ નોંધનીય મતભેદ નથી.

तदनुबन्धकग्रहणे नातदनुबन्धकस्य ॥ ३८ ॥

(અમુક અનુબન્ધનું ગ્રહણ કર્યું હોય ત્યારે તે સિવાયના અનુબન્ધવાળા પ્રત્યયાદિનું ગ્રહણ થતું નથી.)

તે છે અનુબન્ધ જેનો, તેને તદનુબન્ધક કહે છે. તદનુબન્ધકના ગ્રહણ પ્રસંગે તચ્છૂન્યનું અર્થાત્ તે અનુબન્ધ સિવાયનાનું ગ્રહણ થતું નથી. પરિણામે ચઙિ । 6-1-11 થી च કારાનુબન્ધક अङ् પ્રત્યય[1] પરમાં રહેતા થતું દ્વિર્વચન, अपुषत् । તેવા રૂપમાં च કારાનુબન્ધશૂન્ય अङ् પ્રત્યય પરમાં રહેતા થતું નથી. चङ् માં च કાર એવા અનુબન્ધના ઉચ્ચારણ સામર્થ્યથી આ દ્વિર્વચન થતું નથી.

આ પરિભાષા ન્યાયમૂલા છે. અહીં 'તે છે અનુબન્ધ જેનો' એવા અવધારણવાળા બહુવ્રીહિ સમાસનું આશ્રયણ હોવાથી; वसोः संप्रसारणम् 6-4-131 સૂત્ર ઉપરના 'ન્યાસ'માં वसु ગ્રહણથી क्वसु ની નિવૃત્તિ થાય છે, તેની શંકા કરવામાં આવી છે. પરંતુ शतृ પ્રત્યયને સ્થાને થનાર वसु પ્રત્યયના उ કારોચ્ચારણ સામર્થ્યથી સામાન્યનું ગ્રહણ થાય છે; તેવું પ્રતિપાદન કર્યું છે.[2]

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૫૨)

સીરદેવે પરિભાષાર્થના સન્દર્ભમાં વિશેષ ચર્ચા કરતાં જણાવ્યું છે કે 'તે છે અનુબન્ધ જેનો, તેનું ગ્રહણ થાય છે. તે અનુબન્ધ જ્યાં ન હોય ત્યાં તે (અતદનુબન્ધક)નું ગ્રહણ થતું નથી.' તેવો બીજો અર્થ છે.

સીરદેવે પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલાં જ્ઞાપક પ્રયોજનાદિનો સ્વીકાર કર્યો છે.

નીલકંઠ : (૭૦)

નીલકંઠે આ પરિભાષાને ન્યાયમૂલા કહી નથી. પરંતુ ભાષ્યકારને અનુસરીને જ્ઞાપકસિદ્ધા વર્ણવી છે. વિશેષમાં, આ પરિભાષાનો પ્રવૃત્તિ-અપ્રવૃત્તિ પ્રદેશ સ્પષ્ટ

---

૧. अस्यतिवक्तिख्यातिभ्योऽङ् । 3-1-52 થી 59

૨. ननु च एकानुबन्धकग्रहणे० । इति, तदनुबन्धकग्रहणे० । इति वा न क्वसोरिह ग्रहणेन भवितव्यम्, तत कथंपपुषः, पेचुष इत्यत्र संप्रसारणं भवति ? इत्याह-वसुग्रहणे क्वसोरपि ग्रहणमिष्यते इत्यादि । तत्तु शत्रादेशस्य वसोरुकारानुबन्धकरणाद् वेदितव्यम् । उकारानुबन्धस्य ह्येतदेव फलम्-इह सामान्येन ग्रहणं यथा स्यात् । ननु चोगित्त्वार्थं तत् स्यात् 1 नैतत्, उगित्कार्यस्य स्थानिवद्भावेनैव सिद्धत्वात् । 6-4-131 काशिका तस्योपरि न्यासः ।

કરતાં જણાવ્યું છે કે આ પરિભાષા પ્રત્યયાપ્રત્યય વિષયમાં પ્રવૃત્ત થાય છે; પણ વર્ણગ્રહણમાં તેની અપ્રવૃત્તિ રહે છે.

હરિભાસ્કર : (૫૪)

હરિભાસ્કરે આ પરિભાષાની મદદથી સિદ્ધ થતાં શિષ્ટ પ્રયોગોની ચર્ચા કરી છે. જેમકે, તદનુબન્ધકના ગ્રહણમાં તદનુબન્ધકરહિતનું ગ્રહણ થતું નથી. યથા–માङि लुङ् । 3–3–175 અહીં મા भवतु । કે भविष्यति । જેવાં ઉદાહરણોમાં अङित् મા શબ્દનું ગ્રહણ કરવાથી તે તે રૂપોનું સાધુત્વ સિદ્ધ રહે છે. मा जीवन् यः परावज्ञाम् । એવા માધપ્રયોગમાં माङ्याक्रोशेन । 3–2–126, વા૦૬ તેવા વાર્તિક વડે શપ્ આદેશનું વિધાન કર્યું છે; તેના સામર્થ્યથી લટ્ થયો છે.

કેટલાક ટીકાકારો न माङ्योगे । 6–4–74 સૂત્રમાં अङित् मा શબ્દનું ગ્રહણ નથી, તેથી समये तिष्ठ सुग्रीव मा विभीषणमन्वगाः । અને यस्यांतरायो मैवाभूः । તેવા અનુક્રમે રામાયણ અને ભાગવતના પ્રયોગો સમજાવે છે. અહીં છાંદસ્ અડ્ આગમ થયો છે, તેવું શ્રીધર જણાવે છે. પરંતુ આ શ્રીધરોક્તિ આદરણીય નથી, તેમ કેટલાક કહે છે; જે હરિભાસ્કરને મતે ઉચિત નથી. કારણ કે न माङ्योगे । 6–4–74 સૂત્રની જેમ माङि लुङ् । 3–3–175 સૂત્રની અપ્રવૃત્તિ થતાં લોટ્ થી लुङ् નો બાધ થવા આવશે. આથી लुङ् લકારની પ્રવૃત્ત્યર્થે (ङित्) माङ् ને સ્વીકારવો જોઈશે અને अङ् આગમ છાન્દસ છે, તે વિધાન યોગ્ય છે.

પુરુષોત્તમદેવ અને સીરદેવના વ્યાખ્યાનનું સમર્થન કરવા ભાષ્યાશયને થોડોક વિકૃત કરીને રજૂ કર્યો છે. જેમકે, ભાષ્ય વગેરેમાં આ પરિભાષા एकानुबन्धक० । પરિભાષાનો જ અર્થવાદ કરે છે તેમ માનીને ङ्यत् પ્રત્યય ના ङित्व ને જ્ઞાપક રૂપે વર્ણવ્યું છે.

વસ્તુઃ ભાષ્યમાં तदनुबन्धक० । પરિભાષાને જ જ્ઞાપિત કરવામાં આવી છે. एकानुबन्धक० । પરિભાષાનો તો ઉલ્લેખ કર્યો જ નથી.

નાગેશ : (૮૨)

નાગેશે નીલકંઠના વ્યાખ્યાનની મદદ લઈને આ પરિભાષાને સમજાવી છે. પણ વિશેષ કોઈ ચર્ચા કરી નથી.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે एकानुबन्धक० । પરિભાષાને જ્ઞાપકસિદ્ધ વર્ણવી હોઈ, આ પરિભાષાને ન્યાયમૂલા જાહેર કરવી પડી છે. સીરદેવ અને હરિભાસ્કરે આ સન્દર્ભમાં પુરુષોત્તમદેવનું અનુસરણ કર્યું. પરંતુ નીલકંઠ અને નાગેશ ભટ્ટે આ પરિભાષાને ભાષ્યોક્ત જ્ઞાપકથી જ પ્રમાણિત કરી છે.—આમ પરિભાષાની પ્રામાણ્યચર્ચામાં મતભેદ જોવા મળે છે.

આ પરિભાષાના પ્રયોજનના સન્દર્ભમાં હરિભાસ્કરનું વ્યાખ્યાન ધ્યાનપાત્ર બન્યું છે. કારણ કે હરિભાસ્કરે રામાયણ, ભાગવત અને માઘકાવ્યના પ્રયોગોની ઉપપત્તિ વિચારી છે. પરંતુ આ પરિભાષાના શાસ્ત્રીય પ્રયોજનો દરેક વ્યાખ્યાકારે લગભગ સમાન વર્ણવ્યા છે.

सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तद्बाधितमेव ॥ ३९ ॥

पुनः प्रसङ्गविज्ञानात् सिद्धम् ॥ ४० ॥

(સૂત્રો વચ્ચેનો વિપ્રતિષેધ[1] એકવાર દૂર થતાં જે વિધિ બાધિત થયો હોય તે કાયમને માટે બાધિત રહે છે.

બાધિત થયેલ વિધિને પ્રવૃત્ત થવા જો ફરીથી પ્રસંગ પ્રાપ્ત થાય તો તે ફરીથી પ્રવૃત્ત થઈ શકે છે.)

विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્ર ઉપર આ બે વચનો જાતિપક્ષ અને વ્યક્તિપક્ષના ફળ રૂપે પરિભાષા સ્વરૂપે રજૂ કરવામાં આવ્યા છે. જેમકે; વ્યક્તિ—પદાર્થમાં, પ્રત્યેક લક્ષ્યમાં લક્ષણનો વ્યાપાર થતો હોવાથી પર્યાયથી બન્ને

---

૧. સમાનબળવાળાં બે શાસ્ત્રોની એક જ ઉદાહરણમાં યુગપત્ પ્રાપ્તિ થતાં જે વિરોધ ઊભો થાય છે તેને 'વિપ્રતિષેધ' કહે છે. કોઈ બે વિધિઓ જુદા જુદા ઉદાહરણોમાં ઉપયોગી થનારા હોય તે કોઈ ત્રીજા ઉદાહરણોમાં એક સાથે પ્રાપ્ત રહે ત્યારે તે બે વિધિ કરનાર શાસ્ત્રોને 'સમાનબળવાળા' કહેવાય છે.

અન્યત્ર ચરિતાર્થ થયેલા બે વિધિઓની જ્યારે કોઈ એક ઉદાહરણમાં યુગપત્ પ્રાપ્તિ રહે છે ત્યારે તેની યુગપત્ પ્રવૃત્તિ અશક્ય હોઈ પરસૂત્ર અને પૂર્વસૂત્ર એમ બન્નેની (ઉભયપ્રસંગ) પ્રાપ્તિ થાય છે. આવે (ઉભયપ્રસંગને) સમયે विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્રથી 'પરસૂત્રની પ્રવૃત્તિ કરવી' એવો નિયમ જાહેર કરવામાં આવે છે.

વિધિઓની પ્રાપ્તિ રહે છે.[૨] ત્યારે વિપ્રતિષેધે પરં કાર્યમ્ । 1-4-2 સૂત્રથી નિયમ કરવામાં આવેઃ 'પરની જ પ્રવૃત્તિ થાય; પૂર્વની નહીં.' પરિણામે આ પરિભાષા સિદ્ધ રહે છે કે એકવાર વિપ્રતિષેધ દૂર થતાં જે વિધિ બાધિત થયો હોય તો તે કાયમ બાધિત જ રહે છે. આથી અક્ષી તે કૃષ્ણપિङ्गले કપેઃ। આ ઉદાહરણમાં ई च द्विवचने । 7-1-77 સૂત્ર પર હોવાથી, તેનાથી બાધિત થયેલ इकोऽचि विभक्तौ 7-1-73 સૂત્રોક્ત नुम् ની પ્રવૃત્તિ થતી નથી. स्तात् । વગેરે રૂપમાં तातङ् નો સ્થાનિવદ્ભાવ થતાં धि ભાવ થતો નથી.

જાતિ-પદાર્થમાં, લક્ષ્યમાં લક્ષણની એકવાર જ પ્રવૃત્તિ થાય છે અને વિષયાન્તરમાં બન્ને વિધિઓ ચરિતાર્થ થઈ છે, ત્યાં વિપ્રતિષેધનો વિષય ઉપસ્થિત થતાં બન્ને વિધિઓની અપ્રવૃત્તિ જ પ્રાપ્ત રહે છે. ત્યારે (विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્રથી) 'પર કાર્ય કરવું" એવો (નિર્ણય થતાં, विप्रतिषेधे परं कार्यम् । 1-4-2) આ સૂત્રનો પરિવિધિની પ્રત્યે વ્યાપાર થવાથી પૂર્વવિધિની નિવૃત્તિ થાય છે; એટલે કે પૂર્વવિધિની અપ્રવૃત્તિ થાય છે. ત્યાર પછી જો સંભવ હોય તો પૂર્વ સૂત્રની પણ પ્રવૃત્તિ થાય છે.[૩] પરિણામે આ પરિભાષા સિદ્ધ રહે છેઃ 'ફરીથી પ્રવૃત્તિનો પ્રસંગ ઉપસ્થિત થતાં (પૂર્વસૂત્રની પ્રવૃત્તિ પણ) સિદ્ધ રહે છે.' આથી લોટ લ કારમાં भिद् ધાતુથી हि પરમાં રહેતા भिन्धकीति । એ ઉદાહરણમાં, અજ્ઞાતાદિ અર્થની વિવક્ષામાં अकच् અને धि ભાવની પ્રાપ્તિ રહે

---

૨. 'सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तत्बाधितमेव । વ્યક્તિપક્ષમાં પ્રત્યેક લક્ષ્યમાં લક્ષણની પ્રવૃત્તિ થાય છે. અહીં બે શાસ્ત્રોની યુગપત્ પ્રાપ્તિ રહેતાં પર્યાયથી તેમની પ્રવૃત્તિ થવા આવે છે. ત્યારે विप्रतिषेधे० । 1-4-2 સૂત્ર નિયમ કહે છે કે परमेव, न पूर्वम् ।

પ્રત્યેક લક્ષ્યમાં લક્ષણની પ્રવૃત્તિ થતી હોવાથી પ્રત્યેક લક્ષ્યસંસ્કાર સમયે ફરીથી ઉપસ્થિત થયેલાં લક્ષણોને ચરિતાર્થ થવું આવશ્યક છે; માટે કહ્યું કે પર્યાયથી પ્રાપ્તિ થવા આવે ત્યારે.

૩. पुनः प्रसङ्गविज्ञानात्सिद्धम् । જાતિપક્ષમાં લક્ષણની એકવાર જ પ્રવૃત્તિ થાય છે. અહીં અન્યત્ર ચરિતાર્થ થયેલા હોઈ બંને સૂત્રોની અપ્રવૃત્તિ પ્રાપ્ત થાય છે. ત્યારે विप्रतिषेधे० 1-4-2 સૂત્ર પરવિધ્યર્થી બનીને કહે છે કે પરસૂત્રની પ્રવૃત્તિ કરવી. અહીં પૂર્વોક્ત નિયમનો અભાવ રહેવાથી પરશાસ્ત્રની પ્રવૃત્તિ કરી દીધા પછી પૂર્વશાસ્ત્રની પ્રવૃત્તિનો પ્રસંગ ઊભો થાય તો એ પણ પ્રવર્તી શકે છે.

છે. ત્યારે પરત્વને કારણે ધિ ભાવ કર્યા પછી અકચ્‌ની પણ પ્રવૃત્તિ થાય છે. ઈજતુઃ । ઈજુઃ । એ રૂપોમાં પરત્વને કારણે સંપ્રસારણ કર્યા પછી દ્વિર્વચન (પણ) થાય છે.

જ્યાં પૂર્વે પ્રવર્તેલા પરવિધિનો પૂર્વવિધિ બાધ કરતી નથી ત્યાં પુનઃ — પ્રસડગવિજ્ઞાનાત્ । એ પરિભાષા સિદ્ધ રહે છે. અને જ્યાં (પૂર્વસૂત્રની પ્રવૃત્તિથી) પરવિધિનો બાધ થવાની શંકા થાય છે ત્યાં પરવિધિના સામર્થ્યથી આ પરિભાષા (અથવા પૂર્ણસૂત્ર) પ્રવર્તતી નથી.

વ્યાડિઃ (૩૫)

'પરિભાષાસૂચન'માં सकृद्गतौ० । પરિભાષાને બે વાર રજૂ કરવામાં આવી છે. તેમાંથી પ્રથમવાર ક્રમાંક 35 નીચે રજૂ કરેલી પરિભાષાનું જ્ઞાપક આ પ્રમાણે વર્ણવ્યું છે :

कर्तरि कर्मव्यतिहारे । 1–3–14 સૂત્રસ્થ कर्तृ ગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. અહીં વિચારણા કરવામાં આવે છે કે જો कर्तृ ગ્રહણ નહીં કરો તો न गतिहिंसार्थेभ्यः । 1–3–15 સૂત્રવિહિત પ્રતિષેધ ભાવ અને કર્મમાં પણ લાગી જશે. પરિણામે व्यतिगम्यन्ते ग्रामाः । व्यतिहन्यन्ते दस्यवः । જેવાં રૂપો બની શકશે નહીં. ત્યારે કહેવામાં આવે છે કે पुनः प्रसंगविज्ञानात् सिद्धम् । એ ન્યાયથી ઇષ્ટ રૂપની પ્રાપ્તિ થશે; માટે कर्तृ ગ્રહણની જરૂર નથી. આવી સ્થિતિમાં कर्तृ ગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક બને છે.

આ પરિભાષાના પ્રયોજન રૂપે शिष्टात् । એ રૂપનો ઉદ્દેશ કરવામાં આવ્યો છે. અહીં પરત્વને કારણે तातङ् આદેશની પ્રવૃત્તિ થઈ ગયા પછી પુનઃ પ્રસંગને કારણે શા ભાવ અને જ ભાવ થતા નથી.

(૮૧)

'પરિભાષાસૂચન'માં सकृद्गतौ० । પરિભાષાને બીજીવાર રજૂ કરવામાં આવે ત્યારે तनादिकृञ्भ्य उः 3–1–79 સૂત્રસ્થ कृञ् ગ્રહણનો જ્ઞાપક રૂપે ઉલ્લેખ છે. અહીં કહેવામાં આવે છે કે कृञ् ગ્રહણના અભાવમાં પણ अकृत । એવું એક રૂપ જ મળશે. કારણ કે तनादिभ्यस्तथासोः । 2–4–79 થી વિભાષા સિચ્‌ની લુક્ થયા પછી, પક્ષમાં ह्रस्वादङ्गात् । 8–2–27 થી લોપ થશે.

સિદ્ધાન્તી કહે છે; तनादिभ्यस्तथासोः । 2–4–79થી એકવાર બાધિત થયેલું ह्रस्वादङ्गात् । 8–2–27 સૂત્ર ફરીથી પ્રવૃત્ત થઈ શકશે નહીં. પરિણામે સિચના

શ્રવણવાળું અનિષ્ટ રૂપ પણ મળશે. તેને રોકવા માટે પૃથક્ કૃઞ્નું ગ્રહણ કર્યું છે. કૃઞ્ ગ્રહણનું પૃથક્ ઉપાદાન કરીને આચાર્યે નિયમ કર્યો છે કે બીજા કોઈ તનાદિ કાર્યો કૃઞ્ને થતાં નથી. પરિણામે तनादिभ्यस्तथासोः । 2-4-79ની પ્રથમથી જ પ્રવૃત્તિ થશે નહીં અને अकृत ।ની સિદ્ધિમાં પહેલેથી જ ह्रस्वादङ्गात् । 8-2-27 સૂત્રની પ્રવૃત્તિ થશે.

અહીં કૃઞ્ ગ્રહણ ઉક્ત નિયમમાં જ્ઞાપક બને છે, તેમાં આધાર રૂપે પ્રકૃત પરિભાષાના અસ્તિત્વનો સ્વીકાર થયો છે.

આ ઉપરાંત આ પરિભાષાને विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્રથી પણ સિદ્ધ કરવામાં આવી છે. અને આ પરિભાષાનું પ્રયોજન वृक्णः । એ રૂપમાં चोः कुः । 8-2-30થી બાધિત ષત્વ વિધાયક व्रश्चभ्रस्ज० । 8-2-26 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી, તે છે.

(૮૨)

पुनःप्रसङ्गविज्ञानात्सिद्धम् । આ પરિભાષાને માટે કોઈ જ્ઞાપક રજૂ કરવામાં આવ્યું નથી પણ विप्रतिषेधे० । 1-4-2 સૂત્રથી તેને સિદ્ધ કરવામાં આવી છે.

અહીં એ નોંધવું જોઈએ કે विप्रतिषेधे० । 1-4-2 સૂત્રથી આ બે પરિભાષાઓને સિદ્ધ થતી દર્શાવી છે, તથાપિ 'લક્ષ્યમાં લક્ષણ એક જ પ્રવૃત્ત થાય છે' ઇત્યાદિ નિયમોને આધારે જાતિપક્ષ કે વ્યક્તિપક્ષનું નિરૂપણ કરવામાં આવ્યું નથી.

पपतुः । એ રૂપમાં દ્વિર્વચન અને આ કાર લોપની એક સાથે પ્રાપ્તિ રહે ત્યારે નિત્યત્વ અને પરત્વને કારણે લોપની પ્રથમ પ્રવૃત્તિ કર્યા પછી; પુનઃપ્રસંગની ઉપસ્થિતિ થતાં, દ્વિર્વચન પણ થયું છે; તે આ પરિભાષાનું પ્રયોજન છે.

સીરદેવ : (૨૦) (૨૧)

આ બે પરિભાષાઓની પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચાનો સીરદેવે સ્વીકાર કર્યો છે. પરંતુ આ પરિભાષાઓની પ્રવૃત્તિ વિષે પુરુષોત્તમદેવે જે સામાન્ય નિયમ વ્યાખ્યાનના અંત ભાગમાં નોંધ્યો છે; તેનો સીરદેવે સ્વીકાર કર્યો નથી. કારણ કે, (પૂર્વે પ્રવર્તેલી પરવિધિનો બાધ ન થતો હોય ત્યાં પુનઃપ્રસંગના વિજ્ઞાનની ઉપસ્થિતિ થાય છે.' એવો સામાન્ય નિયમ કહેવાથી) अक्षी ते कृष्णपिङ्गले । ઉદાહરમમાં ई च द्विवचने । 7-1-77થી ई કાર થયા પછી नुम् આગમની

પણ પ્રવૃત્તિ થશે; જે અનિષ્ટ છે. માટે સીરદેવે પોતાનો અભિપ્રાય આપ્યો છે કે અહીં લક્ષ્ય સ્થિતિથી વ્યવસ્થા જાણવી.

ત્યાર પછી સીરદેવે, 'पुनःप्रसङ्गविज्ञानात्०।' એવા નિર્દેશમાં 'पुनः' શબ્દમાં પદત્વાશ્રિત વિસર્જનીય કેવી રીતે થાય છે? તેની અતિવિસ્તૃત ચર્ચા રજૂ કરી છે. આ ચર્ચા પ્રકૃતને ઉપકારક નથી.

નીલકંઠ : (૨૫) (૨૬)

નીલકંઠની પરિભાષાવૃત્તિમાં આ પરિભાષાઓ વિષે વિશેષ નોંધ નથી.

હરિભાસ્કર : (૨૦) (૨૧)

હરિભાસ્કરે પણ કોઈ વિશેષ ચર્ચા કરી નથી. આ પરિભાષાની ઉત્પત્તિ જાતિપક્ષ અને વ્યક્તિપક્ષને આધારે રજૂ કરી છે. ('ન્યાસ' અને 'ભાષ્યપ્રદીપ'માં જિનેન્દ્રબુદ્ધિ તથા કૈયટે પણ આ જ પ્રમાણે પ્રકૃતાર્થની ઉત્પત્તિ વર્ણવી છે.) પણ નાગેશ ભટ્ટે આ ચર્ચાનું ખંડન કર્યું છે.

નાગેશ ભટ્ટે આ પરિભાષાઓની ઉપપત્તિ નીચે મુજબ દર્શાવી છેઃ અસંકીર્ણ ઉદાહરણમાં ક્યાંક ચરિતાર્થ થયેલ બે કાર્યોનો કોઈ એક સંકીર્ણ ઉદાહરણમાં યુગપત્ પ્રવૃત્તિ અશક્ય હોય છે અને બાધ્ય-બાધકભાવનો પણ અભાવ હોય છે. આથી ण्वुल्तृचौ । 3-1-133 સૂત્રની જેમ તે બન્ને કાર્યોની પર્યાયથી પ્રવૃત્તિ થવા આવે છે. ત્યારે विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્ર નિયમાર્થ બનતાં सकृद्गति ન્યાયની સિદ્ધિ થાય છે.

લોકવ્યવહાર જોવા મળે છે કે સમાન સ્વામિત્વ ધરાવતી બે વ્યક્તિઓનો એક નોકર હોય તો તે એક પછી એક (પર્યાપથી) બન્નેનું કાર્ય કરે છે. હવે જો તેઓ તે નોકરને એક જ સમયે ભિન્ન ભિન્ન દિશામાં મોકલે તો બેમાંથી એકનું પણ કામ તે કરી શકતો નથી. કારણ કે જુદી જુદી દિશાનાં બે કાર્ય એક સાથે થવા સંભવિત નથી. આ જ પ્રમાણે બે શાસ્ત્રોની કોઈ એક લક્ષ્યમાં એક સમયે પ્રવૃત્તિ થવી અશક્ય છે. ત્યારે બંને શાસ્ત્રોની અપ્રવૃત્તિ પ્રાપ્ત થતાં विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્ર પરવિધ્યર્થ બને છે. પરિણામે પરસૂત્રની પ્રથમ પ્રવૃત્તિ થાય છે. ત્યાર પછી જો પૂર્વસૂત્રની પણ પ્રાપ્તિ રહે તો તે પણ થાય છે. આ રીતે पुनः प्रसंगविज्ञानात्०। પરિભાષા ઉપપન્ન થાય છે.

કૈયટ વગેરેએ જણાવ્યું છે કે વ્યક્તિપક્ષમાં જેટલાં લક્ષ્ય હશે તેટલી વાર લક્ષણની આવૃત્તિ થાય છે. હવે કોઈ એક લક્ષ્ય માટે ઉપસ્થિત થયેલાં બે શાસ્ત્રોનું

અચારિતાર્થ્ય રહેવાથી પર્યાયથી બન્નેની પ્રાપ્તિ રહે છે. ત્યારે વિપ્રતિષેધે૦ । 1–4–2 સૂત્ર નિયમાર્થ બનતાં સકૃદ્‌ગતિ ન્યાયની સિદ્ધિ થાય છે. આ પક્ષમાં આ નિયમના સામર્થ્યથી પૂર્વશાસ્ત્રની અનુપસ્થિતિ રહે છે. (–અનુપપ્લવ રહે છે).

જાતિપક્ષમાં કોઈ એક લક્ષ્યમાં અન્યત્ર ચરિતાર્થ થયેલ બે શાસ્ત્રોની સત્પ્રતિપક્ષ ન્યાયથી એકત્ર યુગપત્ પ્રવૃત્તિ અસંભવિત છે. માટે બન્નેની અપ્રવૃત્તિ પ્રાપ્ત થાય છે, ત્યારે વિપ્રતિષેધે૦ । 1–4–2 સૂત્ર પરવિધ્યર્થ બને છે. આ પ્રમાણે પુનઃ પ્રસઙ્ગવિજ્ઞાનાત્૦ । પરિભાષાની સિદ્ધિ રહે છે.

પરંતુ નાગેશ ભટ્ટે આ ઉપર્યુક્ત ઉપપત્તિઓ સ્વીકારી નથી. તેનાં કારણો નીચે મુજબ જણાવ્યાં છે:

(૧) વ્યક્તિપક્ષમાં પ્રત્યેક લક્ષ્યમાં લક્ષણની પ્રવૃત્તિ થાય છે. અને જાતિપક્ષમાં પ્રવૃત્તિ નથી તેમ કહેવામાં કશું પ્રમાણ નથી. ભાષ્યમાં न ब्राह्मणं हन्यात् । એ ઉદાહરણને જાતિપક્ષનું આશ્રયણ કરીને જાત્યાશ્રિત સકલ વ્યક્તિવિષયક વર્ણવવામાં આવ્યું છે.

(૨) ભાષ્યકારે પ્રસ્તુત કરેલું ण्वुल्तृचौ । 3–1–133 દૃષ્ટાન્ત વ્યક્તિપક્ષમાં જ પ્રત્યેક લક્ષ્યમાં પ્રવર્તે છે અને જાતિપક્ષમાં પ્રત્યેકલક્ષ્યમાં નથી પ્રવર્તતું એમ કહેવામાં કશું પ્રમાણ નથી.

(૩) વળી, વ્યક્તિપક્ષમાં પણ એમ કહી શકાય કે અન્યત્ર ચરિતાર્થ થયેલ બે શાસ્ત્રો એક સંકીર્ણ ઉદાહરણમાં પરસ્પર વિરુદ્ધ કાર્ય કરનાર હોઈ અપ્રવૃત્ત રહે છે. અને જાતિપક્ષમાં જાત્યાશ્રિત વ્યક્તિને સૂત્ર લાગે છે અને ત્યાર પછી બીજી વ્યક્તિને લાગતું નથી; એમ કહેવામાં પણ કશું વિનિગમક નથી.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં सकृग्दतौ૦ । પરિભાષાના બે જ્ઞાપકો વર્ણવ્યા છે. પણ તે સાથે જ તેને અને પુનઃ પ્રસંગ । પરિભાષાને વિપ્રતિષેધે૦ । 1–4–2 સૂત્રથી પણ સિદ્ધ થતી દર્શાવી છે. પરંતુ તેમાં જાતિપક્ષ કે વ્યક્તિપક્ષથી એ ઉપપત્તિ વર્ણવી નથી. જ્યારે 'કાશિકા'–'ન્યાસ'માંથી સૂચન લઈને પુરુષોત્તમદેવે આ પરિભાષાઓને જાતિપક્ષ અને વ્યક્તિપક્ષની મદદથી સિદ્ધ થતી વર્ણવી છે. પુરુષોત્તમદેવને અનુસરીને સીરદેવ, હરિભાસ્કર અને નીલકંઠે તેવી જ ચર્ચા કરી છે. જ્યારે નાગેશ ભટ્ટે સૂક્ષ્મેક્ષિકાથી ભાષ્યપર્યાલોચન કરી પૂર્વાચાર્યોએ રજૂ કરેલી આ પરિભાષાઓની ઉપપત્તિઓનું ખંડન કર્યું છે.

असिद्धं बहिरङ्गमन्तरङ्गे ॥ ४१ ॥

(અંતરંગ કાર્ય કરવાનું હોય ત્યારે–પૂર્વે પ્રવર્તેલું–બહિરંગ કાર્ય અસિદ્ધ થાય છે.)

જ્યારે અંતરંગ કાર્ય કર્તવ્ય રહે ત્યારે બહિરંગ કાર્ય અસિદ્ધ થાય છે. પરિણામે पचावेदम् । એ ઉદાહરણમાં બહિરંગ आद्गुणः 6–1–87ના અસિદ્ધત્વને કારણે લોટ્ લ કારના ए કારને एत ऐ । 3–4–93 સૂત્રથી ऐ કાર થતો નથી.

वाह ऊठ् । 6–4–132 સૂત્રથી છાન્દસ પ્રયોગોમાં ण्वि પ્રત્યયાન્ત वह ધાતુને ऊठ् આદેશનું વિધાન કર્યું છે; તે આ પરિભાષામાં જ્ઞાપક છે. ત્યાં કહ્યું છે: સંપ્રસારણનો આરંભ કર્યો જ છે.[1] પરની સાથે[2] પૂર્વરૂપ થશે. પછી ण्वि પ્રત્યયના પ્રત્યયલક્ષણ વડે उ કારનો ગુણ ओ કાર થશે. ત્યાર પછી वृद्धिरेचि । 6–1–88 ની પ્રવૃત્તિ થઈને प्रष्ठौहः । વગેરે સિદ્ધ રહેશે. અને અનકારાન્ત[3] ઉપપદમાં રહેતાં वह ધાતુને ण्वि પ્રત્યય થયેલો જોવા મળતો નથી.[4] તેવી સ્થિતિમાં ऊठ् ગ્રહણનું શું પ્રયોજન છે ? પરંતુ જો असिद्धं बहिरङ्गमन्तरङ्गे । તેવી પરિભાષા હોય તો, ધાતુપ્રત્યય ण्विनुं વિધાન થતાં અંતરંગ ગુણ કર્તવ્ય રહેશે ત્યારે भ સંજ્ઞા નિમિત્તક પ્રત્યયાશ્રિત બહિરંગ સંપ્રસારણ (નું સિદ્ધત્વ) નથી. તેવે સમયે કોને સ્થાને ગુણ થશે ? આમ, ऊठ्ગ્રહણ પરિભાષાના અસ્તિત્વમાં જ્ઞાપક બને છે.

न लोपः सुप्स्वरसंज्ञातुग्विधिषु कृति । 8–2–2 સૂત્રવિહિત तुक् વિધિમાં न લોપનું અસિદ્ધત્વ કહ્યું છે; તેનાથી આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થયું છે. જો આ પરિભાષા નિત્ય હોય તો આ જ પરિભાષા વડે वृत्रहभ्याम् । એ ઉદાહરણમાં જ્યારે અંતરંગ तुक् કર્તવ્ય રહેશે ત્યારે બહિરંગ न લોપ અસિદ્ધ થશે. પરિણામે (तुक् આગમ વિનાનું, ઇષ્ટ) वृत्रहभ्याम् । રૂપ સિદ્ધ જ રહેશે.

---

૧. वाह ऊठ् । 6–4–132 ની પૂર્વના સૂત્ર वसोः संप्रसारणम् । 6–4–131 થી સંપ્રસારણનો પ્રારંભ કર્યો જ છે.

૨. प्रष्ठ + उ = आह । અહીં સંપ્રસારણ થયા પછી પર आह ની સાથે.

૩. वारि + वह् + ऊह + क्विप् = वार्यूहा ॥

૪. અર્થાત્ જ્યાં ण्वि પ્રત્યય નહીં થયો હોય તેને માટે ऊठ् ગ્રહણ છે. એવું નહીં કહી શકાય.

આ પરિભાષાના અનિત્યત્વને કારણે अम् । આ ઉદાહરણમાં અંતરંગ ઉત્વ અને મત્વ કર્તવ્ય રહે છે ત્યારે બહિરંગ એકાદેશનું અસિદ્ધત્વ થતું નથી.

धातोस्तन्निमित्तस्यैव ।[૫] 6-1-80 સૂત્રમાં નિમિત્ત ગ્રહણ કરીને આચાર્યે જ્ઞાપિત કર્યું છે કે આ પરિભાષા અનિત્ય છે. पौयमानिः । આ ઉદાહરણમાં, કે જેમાં ધાતુનિમિત્તક य કારાદિ પ્રત્યય પરમાં નથી, ત્યાં वान्त આદેશ ન થાય તે માટે આ નિમિત્ત ગ્રહણ છે.

જ્યાં ધાતુનિમિત્તક य કારાદિ પ્રત્યય પરમાં ન હોય ત્યાં वान्त – આદેશ રોકવા માટે જો આ નિમિત્ત ગ્રહણ હોય તો નિમિત્ત ગ્રહણ કરવાની જરૂર નથી; આ પરિભાષા વડે જ તે સિદ્ધ રહેશે, કારણ કે બાહ્યપ્રત્યયને આશ્રિત રહીને વૃદ્ધિ પ્રવર્તે છે. તેથી બહિરંગ છે.[૬]

આથી तन्निमित्त ગ્રહણ તત્ત્વમાં (અનિત્યત્વમાં) જ્ઞાપક બને છે.[૭]

વ્યાડિ : (૩૬) (૭૯)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા જુદા જુદા ક્રમાંક નીચે બે વાર રજૂ કરવામાં આવી છે. પરંતુ પ્રથમવાર ક્રમાંક ૩૬ નીચે રજૂ કરેલી આ પરિભાષા કેવળ પરિભાષા-૩૭નો પ્રસ્તાવ કરે છે. આ પરિભાષાની ચર્ચા ત્યાં ઉપલબ્ધ થતી નથી.

આ પરિભાષાના જ્ઞાપક – પ્રયોજનાદિની ચર્ચા માટે આપણે ક્રમાંક ૭૯ નીચે આપેલી પરિભાષા જોવી પડે છે. અહીં वाह ऊठ् । 6-4-132 સૂત્રસ્થ ऊठ् – ગ્રહણને જ્ઞાપક બતાવ્યું છે. અને પ્રયોજન-નિર્દેશ કરતાં જણાવ્યું છે કે ग्रामणिकुलम् । એવા ઉદાહરણમાં બહિરંગ લક્ષણ નપુંસક-હ્રસ્વત્વના અસિદ્ધત્વને કારણે અંતરંગ तुक् આગમની પ્રવૃત્તિ થતી નથી. અહીં નપુંસક આશ્રિત હ્રસ્વત્વ બાહ્યાશ્રિત હોઈ બહિરંગ છે અને હ્રસ્વાશ્રિત આગમ વર્ણ-સ્વરૂપ હોઈને અંતરંગ છે.

---

૫. p હસ્તપ્રતમાં હવે પછીની ચર્ચા છોડી દેવામાં આવી છે. આ પાઠ વધુ ઉચિત જણાય છે, કેમકે नलोपः सुप्स्वर० । 8-2-2 સૂત્રસ્થ तुक् ગ્રહણથી જ્ઞાપિત થતાં અનિત્યત્વની ચર્ચા થઈ ચૂકી છે. વળી, સીરદેવમાં પણ આ ચર્ચા નથી.

૬. શંકાપક્ષ

૭. સમાધાન પક્ષ.

સીરદેવ : (૬૯)

આ પરિભાષાનાં તેમણે અનેક પ્રયોજનો આપ્યાં છે. જેમકે,

(૧) पचावेदम् । અહીં બહિરંગ आद्गुणः । 6-1-87 ના અસિદ્ધત્વને કારણે एत ऐ । 3-4-93 ની પ્રવૃત્તિ થતી નથી.

(૨) ग्रामणिकुलम् । અહીં तुक् આગમ થતો નથી.

(૩) नार्कुटः । नापत्यम् । અહીં खरवसानयोर्विसर्जनीयः । 8-3-15 ની પ્રવૃત્તિ થતી નથી.

(૪) राजानि । અહીં संयोगान्तस्य लोपः । 8-2-23ની પ્રવૃત્તિ થતી નથી.

વિશેષમાં તેમણે અન્તે જણાવ્યું છે કે अकृतव्यूहाः० । પરિભાષાના વ્યાખ્યાનમાં આ પરિભાષાના પ્રવૃત્તિઅભાવમાં ઉપાયાન્તરનું વર્ણન કરવામાં આવ્યું છે. (જુઓ: પરિભાષા-૪૯)

નીલકંઠ : (૫૮)

નીલકંઠે રજૂ કરેલો પરિભાષાર્થ નોંધપાત્ર છે : 'અલ્પાશ્રિત કાર્ય કરવાનું હોય ત્યારે બહ્વાશ્રિત કાર્ય અસિદ્ધ થાય છે.' આ પરિભાષાર્થમાંથી આપણને અંતરંગ અને બહિરંગની વ્યાખ્યા મળી રહે છે. જેમકે, અલ્પ નિમિત્તોને આધારે ઉપસ્થિત થતું કાર્ય અંતરંગ છે અને ઘણાં નિમિત્તોને આધારે ઉપસ્થિત થતું કાર્ય બહિરંગ છે.

इच एकाचोम्प्रत्ययवच्च । 6-3-68 અને विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્રભાષ્યમાં અનુક્રમે જણાવ્યું છે કે ઉત્તરપદાધિકારમાં આ પરિભાષા પ્રવર્તતી નથી, તથા આ પરિભાષાથી જ સક્લેષ્ટસિદ્ધિ થતી હોવાથી अन्तरङ्गं बलीयः । તેવી પરિભાષા કરવાની જરૂર નથી.

હરિભાસ્કર : (૭૧)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

નાગેશ : (૫૦)

'પરિભાષેન્દુશેખર'માં આ પરિભાષાની ચર્ચા અતિવિસ્તારથી રજૂ કરવામાં આવી છે. તેમાં મુખ્યત્વે ચાર વિષયો જોવા મળે છે. જેમકે; પરિભાષાર્થ, અંતરંગ

બહિરંગની વ્યાખ્યાઓ, પરિભાષામાં જ્ઞાપક પ્રમાણ, લોકન્યાય તથા અનિત્યત્વાદિ અને પરિભાષાની ક્યાં ક્યાં અપ્રવૃત્તિ રહે છે ? – આપણે વિગતે આ ચર્ચાને જોઈએ :

'બહિરંગશાસ્ત્ર પ્રવૃત્ત થવાને માટે જે નિમિત્તસમુદાયની અપેક્ષા છે, તે નિમિત્ત-સમુદાયની મધ્યમાં જેના નિમિત્તો અન્તર્ભૂત થયેલા છે તેને અંતરંગશાસ્ત્ર કહે છે. અને અંતરંગશાસ્ત્રને પ્રવૃત્ત થવા માટે જે નિમિત્તસમુદાયની અપેક્ષા છે, તેની બહાર જેના નિમિત્ત રહેલાં છે તેને બહિરંગશાસ્ત્ર કહે છે' આ પ્રમાણે પ્રથમ અંતરંગ અને બહિરંગ શબ્દોને સમજાવ્યાં છે. અહીં अन्तः એટલે મધ્યમાં અને अङ्ग એટલે શબ્દરૂપ નિમિત્ત. નાગેશે સ્પષ્ટ જણાવ્યું છે કે अङ्ग શબ્દથી શબ્દરૂપ નિમિત્તનું જ ગ્રહણ કરવાનું છે, કારણ કે શબ્દશાસ્ત્રમાં તેનું જ પ્રાધાન્ય છે.

અંતરંગ – બહિરંગ શબ્દોનો ઉપર્યુક્ત અર્થ આપ્યા પછી નાગેશ ભટ્ટે પરિભાષાનો અર્થ આ પ્રમાણે આપ્યો છે : અંતરંગકાર્ય કરવાનું હોય ત્યારે જાતબહિરંગ અને તત્કાલપ્રાપ્ત બહિરંગકાર્ય અસિદ્ધ થાય છે. આમ, પ્રકૃત પરિ-ભાષા વડે જ દ્વિવિધ બહિરંગનું અસિદ્ધત્વ જાહેર થતું હોઈને, નાગેશે જણાવ્યું છે કે अन्तरङ्गं बहिरङ्गाद् बलीयः । એવું પરિભાષાન્તર છે, તેવા કથનનું ખંડન થઈ જાય છે. असिद्धं बहिरङ्गमन्तरङ्गे । – પરિભાષાનું આશ્રયણ કરીને विप्रतिषेधे परं कार्यम् । 1–4–2 સૂત્રભાષ્યમાં ઉક્ત પરિભાષાન્તરનું ખંડન કરવામાં આવ્યું છે.

નાગેશ ભટ્ટે પોતાના પુરોગામી વૈયાકરણોએ રજૂ કરેલી અંતરંગ–બહિરંગની વિવિધ વ્યાખ્યાઓની સમીક્ષા કરીને, તે વ્યાખ્યાઓનો પરિહાર કર્યો છે. જેમકે,

૧. અર્થનિમિત્તકનું બહિરંગત્વ નથી. કારણ કે અંતરંગ–બહિરંગ શબ્દોના अङ्ग શબ્દથી શબ્દરૂપ નિમિત્તનું જ ગ્રહણ થાય છે. અને શબ્દશાસ્ત્રમાં શબ્દનું જ પ્રાધાન્ય છે, અર્થનું નહીં.

૨. येन विधिस्तदन्तस्य । 1–1–72 સૂત્રભાષ્ય 'પ્રદીપ'માં કૈયટે ઘણાં નિમિત્તોની અપેક્ષા રાખે તેને બહિરંગ અને થોડાં નિમિત્તની અપેક્ષા રાખે તેને અંતરંગ કહ્યું છે. (बह्वपेक्षं बहिरङ्गमल्पापेक्षमन्तरङ्गम् ।) અને તેના અનુસન્ધાનમાં સંજ્ઞાની અપેક્ષાએ ઉપસ્થિત થતા કાર્યને પણ બહિરંગ કહ્યું છે. (संज्ञापेक्षस्यापि बहिरङ्गत्वम् ।)

પરંતુ નાગેશ ભટ્ટ જણાવે છે કે ઉપર્યુક્ત અભિપ્રાય સ્વીકાર્ય નથી. येन विधिस्तदन्तस्य । 1–1–72 સૂત્રભાષ્યમાં ભાષ્યકારે કહ્યું છે કે इको यणचि । 6–1–77 સૂત્રમાં પણ જો તદન્તવિધિ પ્રવૃત્ત થાય તો स्योनः । આ ઉદાહરણમાં

અંતરંગત્વને કારણે યણ્ આદેશ ગુણનો બાધક થાય એમ ઇષ્ટ છે. તેની સિદ્ધિ ન થાય. કેમકે ઊત્ત શબ્દને આશ્રયે યણ્ આદેશ છે અને ન શબ્દને આશ્રયે ગુણ છે, વહ્વપેક્ષં (ત્રહિરડંગમ્..... એવી વ્યાખ્યા સ્વીકારીએ તો યણ્ આદેશને બદલે ગુણ અંતરંગ થઈ જાય, જે અનિષ્ટ છે. આમ ભાષ્યકારે જ આ વ્યાખ્યાના સ્વીકારથી પ્રાપ્ત થતી અનિષ્ટાપત્તિ તરફ અંગૂલિનિર્દેશ કર્યો છે.) પરિણામે ગુણ અંતરંગ થઈને પ્રથમ પ્રવૃત્ત થશે.

આ ભાષ્યચર્ચાને સમજાવતાં કૈયટે જણાવ્યું છે કે સિવ્ ધાતુને ઔણાદિક ન પ્રત્યય થતાં ગુણ, વ લોપ અને ઊઠ્ની પ્રાપ્તિનો પ્રસંગ છે. ત્યારે અપવાદત્વને કારણે ઊઠ્ વ્લોપનો બાધ કરે છે અને અંતરંગત્વને કારણે ગુણનો બાધ કરે છે. અહીં ગુણ બહિરંગ છે, કેમકે તેને અડંગ સંજ્ઞા, ઇક્ સંજ્ઞા, લઘુ સંજ્ઞા, ઉપધા સંજ્ઞા – અને આર્ધધાતુકસંજ્ઞાની અપેક્ષા છે. જ્યારે ઊઠ્ અંતરંગ છે, કેમકે તેને વ કારાન્ત અંગ, પરમાં પ્રત્યય અને તે પ્રત્યય અનુનાસિકથી શરૂ થનાર હોવો જોઈએ તેટલાની અપેક્ષા છે. અર્થાત્ અલ્પાપેક્ષત્વને કારણે અંતરંગ છે. આ વિવરણમાં સંજ્ઞાપેક્ષત્વનું બહિરંગત્વ છે, તેમ પણ સ્પષ્ટ કહ્યું જ છે. પરંતુ આ કૈયટોક્તિ સ્વીકાર્ય નથી. કેમકે ઉપર જોયું તેમ ભાષ્યકારે તદન્તવિધિમાં બહુપદાર્થની અપેક્ષાએ બહિરંગત્વનો નિર્ણય લેવાય તો દોષ આવે છે એમ કહ્યું છે; તે વિસંગત થઈ જશે.

વિશેષમાં નાગેશ ભટ્ટે જણાવ્યું છે કે બહિરંગ અને અંતરંગ શબ્દોમાંથી બહ્વપેક્ષત્વ અને અલ્પાપેક્ષત્વ એવા અર્થો નીકળી શકતા નથી. જો તેમ હોત તો ભાષ્યકારે જ असिद्धं वह्वपेक्षमल्पापेक्षे । એની પરિભાષા રજૂ કરી હોત.

આ જ પ્રમાણે, સંજ્ઞાપેક્ષ કાર્યનું બહિરંગત્વ પણ અસ્વીકાર્ય છે. નાગેશ ભટ્ટે જણાવ્યું કે સંજ્ઞાપેક્ષ કાર્યનું બહિરંગત્વ નથી માટે જ नलोपः सुप्स्वरसंज्ञातुग्विधिषु कृति । 8–2–2 સૂત્રસ્થ તુક્ ગ્રહણ ચરિતાર્થ છે. અન્યથા, वृत्रहभ्याम् । એ ઉદાહરણમાં પદસંજ્ઞા નિમિત્તક ન લોપ બહિરંગ થવાથી તુક્ ગ્રહણ વ્યર્થ જશે.

૩. આ ચર્ચાના જ અનુસન્ધાનમાં જણાવ્યું છે કે પરંપરાથી નિમિત્તત્વ સ્વીકારીને બહિરંગત્વનું આશ્રયણ કરવામાં પણ કશું પ્રમાણ નથી. કારણ કે वृत्र+हन्+क्विप्+भ्याम् । – આ સ્થિતિમાં, જો કે भ्याम् એવો સુપ વિભક્તિ પ્રત્યય પદ સંજ્ઞામાં નિમિત્ત છે, તો પણ સાક્ષાત્ ન લોપમાં નિમિત્ત નથી. ભાષ્યકારે પણ આ મુદ્દો ધ્વનિત કર્યો છે.

૪. અંતરંગ – બહિરંગની એક આવી પણ વ્યાખ્યા આપવામાં આવી છેઃ જેને વિશેષ નિમિત્તની અપેક્ષા છે, તેની સરખામણીમાં જેને સામાન્ય નિમિત્તની અપેક્ષા છે તે અંગરંગ છે. કારણ કે જેને વિશેષની અપેક્ષા હશે તેને સામાન્ય નિમિત્તની તો અપેક્ષા હશે જ. એ રીત તેને વિશેષનિમિત્તની એટલી અધિક અપેક્ષા થવાથી તે બહિરંગ થશે. જેમકે, रुदादिभ्यः सार्वधातुके । 7–2–76 ઇડ – વિધાયક આ સૂત્રની પ્રવૃત્તિમાં રુદાદિત્વની અને સાર્વધાતુકત્વની અપેક્ષા છે, તેમાંય વળી સાર્વધાતુકનું જ્ઞાન કરવા માટે પ્રકૃતિના ધાતુત્વનું જ્ઞાન કરવું પડશે. અને પ્રત્યયના પ્રત્યયત્વનું પણ જ્ઞાન કરવું પડશે. આમ ઇડ્ આગમને વિશેષ નિમિત્તની અપેક્ષા છે. જ્યારે યાસુડ્ આગમને કોઈ વિશેષ પ્રકૃતિના કે પ્રત્યયના નિમિત્તની અપેક્ષા નથી. તેથી યાસુડ્ અંતરંગ છે.

अनुदात्तङित आत्मनेपदम् । 1–3–12 સૂત્રભાષ્યપ્રદીપમાં કૈયટે કહ્યું છે કે લ કાર માત્રની અપેક્ષા કરતા હોઈને तिप् આદિ પ્રત્યયો અંતરંગ છે. પણ લ કાર વિશેષની અપેક્ષા કરતા હોઈને स्य – तास् આદિ પ્રત્યયો બહિરંગ છે.

પરંતુ ઉપરની ચર્ચા જોતાં જણાય છે કે કૈયટની આ વ્યાખ્યા ઉચિત નથી. અહીં स्य–तास् વગેરે પ્રત્યયોને લ કાર વિશેષની અપેક્ષા હોવા છતાંય સામાન્ય લ કારની પણ તેને અપેક્ષા નથી.

આ, 'વિશેષાપેક્ષ કાર્યની સરખામણીમાં સામાન્યાપેક્ષ કાર્ય અંતરંગ છે.' તેવા પૂર્વપક્ષી મતાન્તરનું સ્થાપન કર્યા પછી નાગેશ જણાવે છે કે આ મત પણ ઉચિત નથી. કારણ કે વિશેષનિમિત્ત વ્યાપ્ય હોય છે અને સામાન્યનિમિત્ત વ્યાપક હોય છે. અહીં વ્યાપ્યત્વ સ્વરૂપે વિશેષની ઉપસ્થિતિ થતાં અનુમાન વડે વ્યાપકની પણ ઉપસ્થિતિ થાય છે. તો પણ તે વ્યાપક નિમિત્ત બને એમાં કશું પ્રમાણ નથી. આથી વ્યાપ્ય એવા વિશેષનિમિત્તને વ્યાપકના અધિક નિમિત્તની જરૂર પડે છે, તેવું સિદ્ધ થઈ શકતું નથી. વળી, ભાષ્યમાં આવા પ્રકારના અંતરંગ–બહિરંગભાવનો ક્યાંય પણ ઉલ્લેખ નથી.

૫. 'પૂર્વ સ્થાનિક કાર્ય અંતરંગ હોય છે અને પર સ્થાનિક કાર્ય બહિરંગ હોય છે.' તેવા મતનો પણ નાગેશ ભટ્ટે સ્વીકાર કર્યો નથી. કારણ કે, જો આવો અભિપ્રાય ભાષ્યકારને સમ્મત હોત તો स्रजिष्ठः । આ ઉદાહરણમાં विन्मतोर्लुक् । 5–3–65સૂત્રથી इष्ठन् પ્રત્યય પરમાં રહેતા विन् પ્રત્યયનો લુક્ થાય પછી टेः । 6–4–155 સૂત્રવિહિત ટિ લોપની પ્રાપ્તિના નિવારણ અર્થે ભાષ્યકારે જાતિપક્ષનું આશ્રયણ ન કર્યું હોત. ઉક્ત અભિપ્રાય મુજબ તો स्रग्विन् । એવા સ્થાનિમાં

પરસ્થાનિક વિન્ લોપ રૂપ કાર્ય બહિરંગ છે. તેની અપેક્ષાએ સ્રજ્ । એવા સ્થાનિમાં પૂર્વસ્થાનિક ટિ લોપ રૂપ કાર્ય અંતરંગ છે. પરિણામે વિન્ લોપનું અસિદ્ધત્વ સ્પષ્ટ છે અને ટિ લોપની પ્રાપ્તિ જ નથી. એવી સ્થિતિમાં ભાષ્યકારે વિન્મતોર્લુક્ । 5-3-65 એ અપવાદાત્મક સૂત્રથી એકવાર જે ટિ લોપનો બાધ થયો છે, તે પછીથી પ્રાપ્ત થનાર સર્વે ટિ લોપનો બાધ કરે છે એવા જાતિ-પક્ષને સ્વીકારવાની જરૂર ન હતી.

વિશેષમાં નાગેશ ભટ્ટે પૂર્વોક્ત મતના પરિહારને પુષ્ટ કરવા માટે કહ્યું છે કે ભાષ્યમાં આવા પ્રકારનું બહિરંગત્વ ક્યાંય આશ્રિત કરવામાં આવ્યું નથી. અને પરિભાષામાં અङ्ग શબ્દ નિમિત્તપરક છે, સ્થાનિપરક નહીં.

નાગેશ ભટ્ટે આ પ્રમાણે અંતરંગ-બહિરંગની જુદી જુદી પાંચ વ્યાખ્યા-ઓનું ખંડન કર્યું છે. ત્યાર પછી તેમણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં જણાવ્યું છે કે—

૬. સ્યતાસી લૃલુટોઃ । 3-1-33 સૂત્રવિહિત સ્ય અને તાસ્ પ્રત્યયોને પરમાં નિમિત્ત, જેવા કે; લૃટ્ લૃઙ્ અને લુટ્ લ કાર હોવાની આવશ્યકતા છે. તેથી તે બહિરંગ છે. લસ્ય । 3-4-77 અને તિપ્તસ્ઝિ० । 3-4-78 સૂત્રો વડે લ કારના સ્થાને તિપ્ આદિ આદેશો થાય છે. આ આદેશોને થવા માટે પરમાં કોઈ નિમિત્ત હોવાની જરૂર નથી. પરિણામે આ તિપ્ વગેરે પ્રત્યયો, સ્ય-તાસ્ આદિ પ્રત્યયોની અપેક્ષાએ અંતરંગ છે, એમ નક્કી થાય છે.

ઉપર્યુક્ત ચર્ચા ઉપરથી 'अपरनिमित्तकमन्तरङ्गं, परनिमित्तकं बहिरङ्गम् ॥ એવી વ્યાખ્યા નાગેશ ભટ્ટને અભિપ્રેત છે, તેમ જણાય છે.

૭. આ ઉપરાંત નાગેશ ભટ્ટે અંતરંગ શબ્દની બીજી પણ એક વ્યાખ્યા આપી છે : असुसुवद् । એ રૂપમાં अचि श्नुधातुभ्रुवां० । 6-4-77 સૂત્રોક્ત उवङ् ની પ્રવૃત્તિ અલ્પનિમિત્તત્વના અભાવને કારણે થતી નથી, પણ પરત્વને કારણે पुगन्तलघूपधस्य च । 7-3-86 સૂત્રોક્ત લઘૂપધ ગુણ પ્રવૃત્ત થાય છે; એમ જો કોઈ કહે તો તે ઉચિત નથી. કારણ કે अ+सुसु+अ+त । આ સ્થિતિમાં उवङ् ની પ્રવૃત્તિમાં અન્તઃ કાર્યરૂપ અંતરંગત્વનો સદ્ભાવ છે. અને અન્તઃ કાર્યત્વ એટલે પૂર્વે જેના નિમિત્તની ઉપસ્થિતિ થઈ છે તે. અહીં ઉક્ત સ્થિતિમાં લઘૂપધગુણમાં નિમિત્ત એવા तृ પ્રત્યયની અપેક્ષાએ उवङ् ની પ્રવૃત્તિમાં નિમિત્ત એવા अ ની પૂર્વોપસ્થિતિ છે.

આ ચર્ચા ઉપરથી સ્પષ્ટ થાય છે કે पूर्वोपस्थितनिमित्तकमन्तरङ्गं परोपस्थितनिमित्तकं बहिरङ्गम् ॥ એવી અંતરંગ-બહિરંગ શબ્દોની વ્યાખ્યા પણ નાગેશસમ્મત છે.

પરંતુ આ પ્રમાણેના અંતરંગત્વને વિશદ કરતાં નાગેશ ભટ્ટે જણાવ્યું છે કે આ અંતરંગત્વ લોકન્યાયસિદ્ધ છે. જેમકે, મનુષ્ય સવારમાં ઊઠીને પોતાના શરીર સંબંધી સ્નાનાદિ કાર્યો કરે છે, પછી મિત્રોનાં અને ત્યાર બાદ સંબંધીઓનાં. એ જ પ્રમાણે શાસ્ત્રમાં પણ જાતિ-વ્યક્તિ-લિંગ-સંખ્યા અને કારક એ ક્રમે અર્થબોધ થાય છે, એમ માનીને શાસ્ત્રકારે એ જ ક્રમે તે તે કાર્યો કરવાં એવો નિયમ નક્કી કર્યો છે. આથી पट्व्या । આ ઉદાહરણમાં, (पटु++ई+आ આ સ્થિતિમાં) અંતરંગત્વને કારણે પૂર્વે પૂર્વયણાદેશ પ્રવૃત્ત થાય છે અને ત્યારે પરયણાદેશ બહિરંગ છે.

આ पूर्वोपस्थितनिमित्तकमन्तरङ्गत्वम् । પ્રકારનું અંતરંગત્વ જ્યારે અંતરંગ અને બહિરંગ કાર્યોની યુગપત્ પ્રવૃત્તિ પ્રાપ્ત હોય ત્યારે અંતરંગકાર્યની પૂર્વપ્રવૃત્તિમાં જ કેવળ નિયામક છે. જેમકે, पट्व्या । અહીં पटु+ई+आ એ પ્રમાણે પદો છૂટા પાડીને અન્વાખ્યાન કરતાં બન્ને યણ્ આદેશોની પ્રાપ્તિ છે. ત્યારે પૂર્વયણાદેશ ની પ્રથમ આવૃત્તિ થવા પૂરતું જ पूर्वोपस्थितनिमित्तकमन्तरङ्गत्वम् । લાગૂ પડે છે. પરંતુ જ્યાં બહિરંગ કાર્ય પહેલેથી જ પ્રવૃત્ત થઈ ચૂક્યું હોય ત્યાં ઉક્ત પ્રકારનું અંતરંગ કાર્ય બહિરંગકાર્યને અસિદ્ધત્વનું બોધન કરી શકતું નથી.

વળી, ક્રમિક અન્વાખ્યાનમાં, જે પૂર્વોક્ત ઉદાહરણ આપ્યું છે તેમાં पटु+ई માં યણ્ આદેશની પ્રવૃત્તિ થઈને રૂપ તૈયાર થઈ જશે તે પછી જ टा પ્રત્યયની સાથે યણ્ કાર્ય થશે. આ ઉદાહરણમાં પૂર્વપ્રવૃત્તિકત્વ રૂપ અંતરંગત્વ એ પણ બોધિત કરે છે કે નિમિત્તના અભાવમાં પર યણાદેશ રૂપ બહિરંગકાર્યનું અસિદ્ધત્વ અપ્રાપ્તિ-સ્વરૂપનું છે.

પુરુષોત્તમદેવાદિ પરિભાષાવૃત્તિકારોએ वाह ऊठ् । 6-4-132 સૂત્રસ્થ ઊઠ્ ગ્રહણને પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક ગણ્યું છે અને આ સંદર્ભમાં વિશેષમાં જણાવ્યું છે કે અનકારાન્ત ઉપપદમાં રહેતા ણ્વિ પ્રત્યયનું અભિધાન છે. તેથી તદર્થે પણ ઊઠ્ ગ્રહણ છે, તેમ નહીં કહી શકાય. આ મુદ્દાની વિગતે ચર્ચા કરતાં નાગેશ ભટ્ટે પણ જણાવ્યું છે કે अ કારાન્ત ઉપસર્ગ પૂર્વમાં રહેતા કે અનકારાન્ત ઉપપદમાં રહેતા वह् ધાતુને અને वाह ધાતુને ણ્વિ અને विच પ્રત્યયનું અન-

ભિધાન હોઈ પ્રૌહઃ અને વાર્યૂહા । એવાં રૂપો બનતાં જ નથી. વળી, વાર્યૂહા । જેવાં રૂપો ઊહ ધાતુને ક્વિપ્ પ્રત્યય કરીને સિદ્ધ કરી શકાય અને ધાતુઓ અનેકાર્થ હોઈ અર્થની પણ સંગતિ બની રહેશે. જ્યારે પ્રૌહઃ । એ રૂપ તો અસાધુ જ છે.

પુરુષોત્તમદેવાદિ પુરોગામી પરિભાષાવૃત્તિકારોએ न लोपः सुप्स्वरसंज्ञातुग्विधिषु कृति । 8-2-2 સૂત્રસ્થ તુક્ ગ્રહણથી પ્રકૃત પરિભાષાને અનિત્યત્વનું બોધન કર્યું છે. પરંતુ નાગેશ ભટ્ટે આ સન્દર્ભમાં જણાવ્યું છે કે 'સંજ્ઞા સાપેક્ષનું બહિરંગત્વ નથી.' માટે જ न लोपः सुप्स्वर० । 8-2-2 સૂત્રમાં તુક્ ગ્રહણ ચરિતાર્થ છે. જેમકે, वृत्रहभ्याम् । આ ઉદાહરણમાં न लोप પદ સંજ્ઞાને નિમિત્તે થયો હોવા છતાંય 'સંજ્ઞા સાપેક્ષનું બહિરંગત્વ ગણાતું નથી.' માટે તુક્ ગ્રહણની આવશ્યકતા છે. આમ નાગેશ ભટ્ટના અભિપ્રાય મુજબ તુક્ ગ્રહણ પ્રકૃત પરિભાષાના અનિત્યત્વમાં જ્ઞાપક બની શકે નહીં. नाजानन्तर्ये बहिष्ट्वप्रकल्पिः । 51 પરિભાષાના षत्वतुकोरसिद्धः । 6-1-86 સૂત્રસ્થ તુક્ ગ્રહણ જ્ઞાપકને નાગેશે પ્રકૃત પરિભાષાના અનિત્યત્વમાં પ્રમાણ માન્યું છે.

નાગેશ ભટ્ટે પ્રકૃત પરિભાષાની ક્યાં પ્રવૃત્તિ થાય છે અને ક્યાં અપ્રવૃત્તિ થાય છે, તે વિષે પણ સૂક્ષ્મ અને ઉપયોગી ચર્ચાઓ કરી છે. આ ચર્ચાઓમાંથી ફલિત થતા માર્ગદર્શક સિદ્ધાન્તો આ પ્રમાણે છે :

૧. અંતરંગકાર્ય કર્તવ્ય રહે ત્યારે જાતબહિરંગ (પૂર્વે પ્રવૃત્ત થયેલું બહિરંગકાર્ય) અને તત્કાલપ્રાપ્તિક બહિરંગ અસિદ્ધ થાય છે. અર્થાત્ જ્યાં પહેલેથી જ બહિરંગશાસ્ત્ર પ્રવૃત્ત થઈ ચૂક્યું હોય અથવા અંતરંગશાસ્ત્રની પ્રવૃત્તિ સમયે જ બહિરંગશાસ્ત્ર પણ પ્રાપ્ત રહેતું હોય ત્યાં આ પરિભાષા પ્રવૃત્ત થાય છે.

૨. આ પરિભાષા ત્રિપાદીમાં પ્રવૃત્ત થતી નથી, કારણ કે ત્રિપાદી અસિદ્ધ છે. અને वाह् ऊठ् । 6-4-132 સૂત્રસ્થ ઊઠ્ ગ્રહણથી આ પરિભાષા જ્ઞાપિત થયેલી હોવાથી સપાદસપ્તાધ્યાયીસ્થા છે. વિશેષમાં, નાગેશ ભટ્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે કાર્યકાલપક્ષમાં પણ આ પરિભાષા ત્રિપાદીમાં અપ્રવૃત્ત રહે છે. કારણ કે पूर्वत्रासिद्धम् । 8-2-1 એવા સાક્ષાત્ અષ્ટાધ્યાયી પઠિત સૂત્ર વડે આનુમાનિકી (જ્ઞાપકસિદ્ધ) પ્રકૃત પરિભાષાનો બાધ થવો જ ઉચિત છે.

૩. આભીય અંતરંગકાર્ય કર્તવ્ય રહે ત્યારે સમાનાશ્રય આભીય બહિરંગકાર્ય પ્રકૃત પરિભાષા વડે અસિદ્ધ રહેતા નથી. કારણ કે આ બન્ને કાર્યો असिद्धव-

दत्राभात् । 6-4-22 એવા સૂત્ર વડે જ અસિદ્ધ રહે છે. असिद्धवदत्राभात् । 6-4-22 સૂત્રભાસ્યમાં આ પ્રમાણે જણાવવામાં આવ્યું છે.

૪. येन नाप्राप्ते यो विधिरारभ्यते स तस्य बाधको भवति । એ ન્યાયથી અંતરંગ સિચિ વૃદ્ધિનો બાધ થાય છે, तन्मूलक न सिचि अन्तरङ्गमस्ति । એવું इको गुणवृद्धी । 1-1-3 સૂત્રભાષ્યમાં કહ્યું છે. અર્થાત્ सिचि वृद्धिः परस्मैपदेषु । 7-2-1 સૂત્રવિહિત કાર્ય કરતી વખતે પ્રકૃત પરિભાષા પ્રવૃત્ત થતી નથી.

પ્રકૃત પરિભાષાની અપ્રવૃત્તિના વિષયમાં પૂર્વપક્ષીઓના બે મતાન્તરોનું ખંડન પણ કરવામાં આવ્યું છે. જેમકે,

૫. 'लोपो व्योर्वलि । 6-1-66 સૂત્રવિહિત વલિ લોપમાં પ્રકૃત પરિભાષા પ્રવૃત્ત થતી નથી.' આ મત ઉચિત નથી. કારણ કે એ સૂત્રના ભાષ્યમાં જ व्रश्च આદિ ધાતુઓમાં व् લોપની શંકા ઉપસ્થિત કરીને ઉપદેશસામર્થ્યથી व् લોપની પ્રાપ્તિની નિવૃત્તિ કરી છે. અહી वृश्चति । રૂપમાં (व्रश्च+अ+ति । આ સ્થિતિમાં,) રેફ નિમિત્તક व् લોપ અંતરંગકાર્ય છે, તેની અપેક્ષાએ अ કાર (श વિકરણ પ્રત્યય) નિમિત્તક સંપ્રસારણકાર્ય બહિરંગ છે. પરિણામે વલિ લોપની પ્રથમ પ્રવૃત્તિ પ્રાપ્ત છે, તેવી શંકા ઉપસ્થિત કરી છે. આનો ઉપરથી જણાય છે કે लोपो व्योर्वलि । 6-1-66 સૂત્રવિહિત વલિ લોપમાં પ્રકૃત પરિભાષાની પ્રવૃત્તિ થાય છે જ.

૬. 'अलुगुत्तदपदे । 6-3-1 સૂત્રવિહિત ઉત્તરપદાધિકારમાં આવેલ બહિરંગકાર્યોને પ્રકૃત પરિભાષા અસિદ્ધત્વનું બોધન કરતી નથી. અર્થાત્ ઉત્તરપદાધિકારમાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી.' આવી ઉક્તિ इच एकाचोऽम् प्रत्ययवच्च । 6-3-68 સૂત્રભાષ્યમાં છે, તે પૂર્વપક્ષીની હોઈ આદરણીય નથી.

પરિણામે परंतपः । એવા ઉદાહરણમાં मोऽनुस्वारः । 8-3-23 સૂત્રવિહિત અનુસ્વાર અંતરંગકાર્ય છે, અને अरुर्द्विषद अजन्तस्य मुम् । 6-3-67 સૂત્રવિહિત मुम् આગમ બહિરંગ હોઈ, પ્રકૃત પરિભાષાથી मुम् આગમ અસિદ્ધ થવાથી અનુસ્વાર થશે નહીં. આવી અનિષ્ટ સ્થિતિમાં પૂર્વપક્ષીએ કહ્યું કે ઉત્તરપદાધિકારમાં પ્રકૃત પરિભાષા પ્રવૃત્ત થતી નથી. પરંતુ નાગેશ ભટ્ટે જણાવ્યું છે કે આ ઉપાય ઉચિત નથી. વસ્તુતઃ આ સ્થળે અનુસ્વાર કર્તવ્ય રહે છે ત્યારે मुम् નું અસિદ્ધત્વ રહેવાનું નથી, કારણ કે मोऽनुस्वारः । 8-3-23 સૂત્રવિહિત અનુસ્વાર ત્રિપાદીસ્થ હોઈ, ત્રિપાદીમાં પ્રકૃત પરિભાષા પ્રવૃત્ત થતી નથી.

નાગેશ ભટ્ટે ઉપર્યુક્ત ચર્ચાના સમર્થનમાં નોંધ્યું છે કે ભટ્ટોજિ દીક્ષિત વગેરે નવીનોના મતમાં કાર્યકાલપક્ષમાં પ્રકૃત પરિભાષા ત્રિપાદીમાં પ્રવૃત્ત થઈ શકે છે. આ મતમાં જે રૂપોની સિદ્ધિ ઉપાયાન્તરે થઈ શકતી નથી તેમને માટે યથોદ્દેશપક્ષનું આશ્રયણ કરવામાં આવ્યું છે. આ સન્દર્ભમાં નવ્યમતાવલંબીઓએ પણ 'ઉત્તરપદાધિકારમાં પ્રકૃત પરિભાષા પ્રવૃત્ત થતી નથી.' એ ઉક્તિને પૂર્વપક્ષીની ઉક્તિ માની છે. (અન્યથા તેમને યથોદ્દેશપક્ષનું આશ્રયણ કરવાની જરૂર ન રહેત. ઉક્ત સંકોચથી જ ઇષ્ટસિદ્ધિ થઈ જાત).

ઉપસંહાર :

'પરિભાષાસૂચનમાં' આ પરિભાષા ઉપલબ્ધ થાય છે. અહીં वाह ऊठ् । 6-4-132 સૂત્રસ્થ ऊठ् ગ્રહણને પ્રસ્તુત પરિભાષાના જ્ઞાપક રૂપે વર્ણવ્યું છે. નાગેશના 'પરિભાષેન્દુશેખર' સુધીના બધા જ પરિભાષાવૃત્તિ ગ્રંથોમાં આ જ્ઞાપકનો સ્વીકાર થયો છે.

પુરુષોત્તમદેવે જાતિબહિરંગ અને સમકાલપ્રાપ્ત બહિરંગના અસિદ્ધત્વને માટે બે જુદી જુદી પરિભાષાઓ રજૂ કરી છે. જે ક્રમશઃ આ પ્રમાણે છે :

१. असिद्धं वहिरङ्गमन्तरङ्गे । 41
२. अन्तरङ्गबहिरङ्गयोरन्तङ्गं बलीयः । 43

પુરુષોત્તમદેવે સુખપ્રતિપ્રત્યર્થે ઉક્ત દ્વિવિધ વ્યવસ્થા માટે બે જુદી જુદી પરિભાષાઓ રજૂ કરી છે. અન્યથા તેમને વિદિત છે કે મહાભાષ્યમાં अन्तरङ्ग बलीयस्त्व । ને રજૂ કરતી પરિભાષાનું પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે.

પુરુષોત્તમદેવે असिद्धं वहिरङ्गमन्तरङ्गे । 41 પરિભાષાને અનિત્ય જાહેર કરી છે અને તેના અપવાદ રૂપે नाजानन्तर्ये वहिरङ्गप्रक्लृप्तिः । 42 પરિભાષાને રજૂ કરી છે.

જો કે सम्प्रसारणाच्च । 6-1-108 સૂત્રભાષ્યમાં प्रतिविधेयं च दोषेषु અર્થાત્ દોષોનો પરિહાર કરવો જોઈએ એમ કહીને असिद्धं वहिरङ्गमन्तरङ्गे । પરિભાષાને અનિત્યત્વનું બોધન કરવું એવું સૂચવ્યું છે; અને नाजानन्तर्ये० । પરિભાષાનું આશ્રયણ કર્યું નથી. તો પણ બન્ને પ્રકારના બહિરંગનું અસિદ્ધત્વ असिद्धं वहिरङ्गमन्तरङ्गे । પરિભાષાથી જ માનવું, અને છતાંય જે બીજાં ઇષ્ટ રૂપો સિદ્ધ ન થતાં હોય તેને માટે પ્રકૃત પરિભાષાને અનિત્ય માનવી —આ સર્વ શાસ્ત્રીય કલ્પનાઓ ગૌરવગ્રસ્ત છે. આથી પુરુષોત્તમદેવે અંતરંગ-

બહિરંગશાસ્ત્રના વિષયમાં વ્યવસ્થા કરનાર વચનો રૂપે ત્રણે પરિભાષાઓને સ્વીકારી છે.

પુરુષોત્તમદેવે રજૂ કરેલી પ્રકૃત પરિભાષાની ચર્ચામાંથી અંતરંગ–બહિરંગ શબ્દોની વ્યાખ્યા સ્પષ્ટ થતી નથી. આ સંદર્ભમાં નીલકંઠ ઇત્યાદિના વિવિધ મતો છે. પરંતુ નાગેશ ભટ્ટની ચર્ચા જોતાં જણાય છે કે તે દરેકનું પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું નથી.

પ્રકૃત પરિભાષાની ચર્ચાના સંદર્ભમાં નાગેશ ભટ્ટનો અભિપ્રાય અંતિમ સિદ્ધાન્તવચન રૂપ બની રહ્યો છે. તેમણે રજૂ કરેલ પરિભાષાર્થ, અંતરંગ–બહિરંગ શબ્દોની વિવિધ વ્યાખ્યાઓની સમીક્ષા, જ્ઞાપક, અનિત્યત્વ વિચારણા, પ્રકૃત પરિભાષાની ક્યાં પ્રવૃત્તિ થાય છે અને ક્યાં અપ્રવૃત્તિ રહે છે ? તે વિષે ભાષ્યસંમત નિર્ણયો જાહેર કર્યો છે.

नाजानन्तर्ये बहिरङ्गप्रक्लृप्तिः ॥ ४२ ॥

(अच्‌ની તરત જ પરમાં આવેલા નિમિત્તને કારણે કોઈ અંતરંગકાર્ય પ્રાપ્ત રહે તો પૂર્વે પ્રવર્તેલું બહિરંગકાર્ય બહિરંગ ગણાતું નથી; અર્થાત્ અસિદ્ધ થતું નથી.)

અગાઉની (असिद्धं बहिरङ्गमन्तरङ्गे ।) પરિભાષાનો આ અપવાદ છે. અચ્‌ના આનન્તર્યમાં જે અંતરંગ કે બહિરંગ કાર્ય કરવામાં આવે છે, ત્યાં બહિરંગની પ્રકલ્પના કરવાની હોતી નથી. પરિણામે अक्षद्यूः । વગેરે રૂપોમાં क्विप् ને આશ્રયે પ્રવૃત્ત થયેલો ઊઠ્[1] બહિરંગ હોવા છતાંય અંતરંગ यण् આદેશની પ્રવૃત્તિ થાય છે જ.

षत्वतुकोरसिद्धः । 6–1–86 સૂત્રોક્ત એકાદેશનું અસિદ્ધત્વવચન આ પરિભાષામાં જ્ઞાપક છે. જો અચ્‌ના આનન્તર્યમાં પણ બહિરંગ કાર્યનું અસિદ્ધત્વ થતું હોય તો कोऽस्य । योऽस्य । વગેરેમાં इण् થી પરમાં આવેલા સ કારને અંતરંગ ષત્વ કર્તવ્ય રહે ત્યારે પદદ્વયને આશ્રયે રહેલ एङः पदान्तादति । 6–1–109 સૂત્રોક્ત એકાદેશનું असिद्धं बहिरङ्गमन्तरङ्गे । એવી પરિભાષા વડે જ અસિદ્ધત્વ સિદ્ધ રહેશે; તેવી સ્થિતિમાં षत्वतुकोरसिद्धः । 6–1–86 સૂત્રોક્ત અસિદ્ધત્વવચન અનર્થક થઈ જશે.

---

૧. अक्ष + दिव् + क्विप् + सु > अक्ष + दिऊ + क्विप् + सु ।

પદાન્ત[૨] અને પદાદિનો એકાદેશ અસિદ્ધ થાય છે. કેવી રીતે ? पदान्ताद्वा । 6-1-76 સૂત્રમાંથી पदान्ताद् ની અનુવૃત્તિ આવે છે. इको यणचि । 6-1-77 સૂત્રમાંથી अचिની અનુવૃત્તિ આવે છે. ત્યાર પછી एकः पूर्वपरयोः । 6-1-84 સૂત્ર આવે છે. તેથી આ પ્રમાણે અર્થ પ્રાપ્ત થાય છે : 'પદાન્તથી ઉત્તરમાં જે अच्, તત્પૂર્વ જે પદાદિ (अच्) તે બન્નેના સ્થાને જે એકાદેશ, તે तुक् આગમ કે षत्व કરવાનું હોય ત્યારે અસિદ્ધ થાય છે.' ત્યાર પછી આ પ્રમાણે અર્થ પ્રાપ્ત થાય છે : પદાન્તથી अच् પરમાં રહેતા પૂર્વ અને પરના સ્થાને થયેલો એકાદેશ અસિદ્ધ થાય છે.

અહીં પદાન્ત અને પદાદિનો એકાદેશ અસિદ્ધ થાય છે. એ षत्वतुकोरसिद्धः । 6-1-86 સૂત્રથી સ્વીકારવામાં આવતું નથી. પરંતુ सम्प्रसारणङीट्सु प्रतिषेधो वक्तव्यः । 6-1-86, (वा-6)[3] એવા વાર્તિકથી સિદ્ધ કરવામાં આવે છે.

અથવા તો जसः शी । 7-1-17 સૂત્રમાં પરાર્થ દીર્ઘોચ્ચારણ છે, તેમ કેવી રીતે કહી શકાશે; જ્યારે તે સૂત્ર ઉપર જ પ્રયોજન જોવા મળે છે ? જેમકે, सर्वे छत्रिणो गच्छन्ति । એ ઉદાહરણમાં तुक् આગમનો વિકલ્પ થાય. અન્યથા (એકાદેશના) સિદ્ધત્વને કારણે હ્રસ્વલક્ષણ નિત્ય तुक्[4] થાત. આથી પોતાના સ્થળે પ્રયોજન મળતું હોવાથી ઉત્તરાર્થ (દીર્ઘોચ્ચારણ) કેવી રીતે હોઈ શકે ? અહીં કહેવામાં આવે છે. જેમકે, (संप्रसारणङीट्सु प्रतिषेधो वक्तव्यः । 6-1-86, वा-6) એમ કહેવું જોઈએ. તે વાર્તિકનો અર્થ આ પ્રમાણે છે : 'संप्रसारण, ङी, इ કાર અને इट् પરમાં રહેતા જ્યાં એકાદેશ થયો હોય તેનો અસિદ્ધત્વનો પ્રતિષેધ કરવો જોઈએ.' આ અર્થમાં इ કારનો પ્રક્ષેપ કર્યો છે, તે નોંધવા લાયક છે. ન્યાસકારે આ વાર્તિકનો જે અર્થ નોંધ્યો છે, જેમકે;

---

૨. p હસ્તપ્રતમાં હવે પછીની ચર્ચા મળતી નથી. તેને સ્થાને જે ચર્ચા મળે છે તેને અહીં અંતે કૌંસમાં રજૂ કરવામાં આવી છે. સીરદેવમાં પણ આ ચર્ચા મળે છે. તેથી આ p હસ્તપ્રતનો પાઠ વધુ ઉચિત જણાય છે.

૩. કીલહોર્ન સંપાદિત કરેલા મહાભાષ્યમાં આ વાર્તિકનો પાઠ આ પ્રમાણે મળે છે : संप्रसारणङीट्सु सिद्धः पदान्तपदाद्योरेकादेशस्यासिद्धवचनात् ॥ (Vol. III, p. 66 XI.)

૪. મૂળમાં लुक् છે. પરંતુ એ વિસંગત હોવાથી तुक् એવો પાઠ માન્યો છે.

સંપ્રસારણ કી, ઇટ્ પરમાં રહેતા.....' તેને ઉપલક્ષણ સ્વરૂપે સમજવો જોઈએ. આમ બધું સુસ્થિત બની રહે છે.

P. હસ્તપ્રતમાં મળતી ચર્ચા :

(સંહિતા પ્રકરણ કાર્યમાં જ असिद्धं बहिरङ्गमन्तरङ्गे । પરિભાષાનો અચ્‌ના આનન્તર્યમાં નિષેધ લાગે છે એવું धातोस्तन्निमित्तस्यैव । 6-1-80 સૂત્ર ઉપર ન્યાસકારે કહ્યું છે. પરિણામે पचावेदम् । એ ઉદાહરણમાં एत ऐ । 3-4-13 તેવા પ્રકરણાન્તર કાર્યને કરતી વેળાએ બહિરંગકાર્યના અસિદ્ધત્વને કારણે आदगुणः । 6-1-87 થાય છે.

વ્યાડિ : (૮૦)

'પરિભાષાસૂચન'માં नाजानन्तर्ये बहिष्प्रकल्पिः । એ પ્રમાણે પરિભાષાનો પાઠ મળે છે. આ પરિભાષાને બહિરંગ પરિભાષાનો અપવાદ ગણી છે. આ પરિભાષાના જ્ઞાપક રૂપે षत्वतुकोरसिद्धः । 6-1-86 સૂત્રને રજૂ કર્યા પછી अक्षद्युः । રૂપમાં યણ્ આદેશ થઈ શકે છે. તેને પ્રકૃત પરિભાષાના પ્રયોજન રૂપે વર્ણવ્યું છે.

સીરદેવ : (૭૦)

સીરદેવે આ પરિભાષાનો પાઠ આ પ્રમાણે સ્વીકાર્યો છે. नाजानन्तर्ये बहिष्ट्वप्रकल्पिः । —આ પાઠ ભાષ્યોક્ત છે. અહીં સીરદેવે રજૂ કરેલો પરિભાષાર્થ નોંધનીય છે: 'અચ્‌ના આનન્તર્યમાં જ્યાં બન્નેની ઉપસ્થિતિ હોય, એટલે કે બહિરંગકાર્ય પ્રવૃત્ત થઈ ચૂક્યું હોય અને અંતરંગકાર્યની પ્રાપ્તિ હોય ત્યાં બહિરંગપરિભાષાનો પ્રતિષેધ થાય છે.' જેમકે, बहवः । અને अक्षद्यूः । આ ઉદાહરણમાં બહિરંગ ગુણ અને ઊઠ્ ની પ્રવૃત્તિ થઈ ગયા પછી અંતરંગ अव् અને યણ્ આદેશો કર્તવ્યતયા વિદ્યમાન છે.

પરંતુ पचावेदम् । જેવા ઉદાહરણોમાં જ્યારે બહિરંગ એકાદેશની પ્રથમ પ્રવૃત્તિ કર્યા પછી અચ્‌નું આનન્તર્ય રહેતું નથી ત્યાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી. તેથી एत ऐ 3-4-93 સૂત્રની પ્રાપ્તિ સમયે असिद्धं बहिरङ्गमन्तरङ्गे । પરિભાષાની પ્રવૃત્તિ થઈને બહિરંગ ગુણનું અસિદ્ધત્વ જાહેર થાય છે. અહીં पचावेदम् । ઉદાહરણમાં एत ऐ । 3-4-93 ની પ્રાપ્તિને નિવૃત્ત કરવા માટે ન્યાસકારે આ પ્રમાણે વ્યાખ્યાન કર્યું છે: 'સંહિતાધિકારીય કાર્ય કર્તવ્ય રહે ત્યારે नाजानन्तर्ये० । પરિભાષા વડે असिद्धं बहिरङ्गमन्तरङ्गे । નો બાધ થાય છે. પરંતુ एत ऐ । 3-4-93 સૂત્રવિહિત કાર્ય તો પ્રકરણાન્તરવિહિત છે,

તેથી તેની પ્રવૃત્તિ કરતી વખતે કેવી રીતે नाजानन्तर्ये० । પરિભાષોક્ત પ્રતિષેધ લાગી શકશે ?

વિશેષમાં સીરદેવે જણાવ્યું છે કે પ્રકૃત પરિભાષાથી અંતરંગપરિભાષાનો (अन्तरङ्गबहिरङ्गयोरन्तरङ्गं बलीयः । નો) બાધ થતો નથી.

નીલકંઠ : (૫૯)

તેમણે नाजानन्तर्ये बहिष्ट्वप्रक्लृप्तिः । એવો ભાષ્યોક્ત પાઠ સ્વીકાર્યો છે.

પરિભાષાર્થ વિષે વિસ્તૃત ચર્ચા કર્યા પછી નીલકંઠે જણાવ્યું છે કે પરિભાષામાં ગ્રાહક જ્ઞાપકપ્રમાણના અનુરોધથી ઉત્તરકાલમાં પ્રવૃત્ત થનાર કાર્ય કરવાનું હોય ત્યારે જ્યાં અચ્નું આનન્તર્ય રહે છે ત્યાં પ્રકૃત પરિભાષોક્ત નિષેધ લાગે છે.

હરિભાસ્કર : (૭૨)

તેમણે સીરદેવે રજૂ કરેલી ચર્ચાનો સારસંગ્રહ કર્યો છે. વિશેષમાં, અંતરંગકાર્યમાં કે બહિરંગકાર્યમાં જો અચ્નું આનન્તર્ય રહેતું હોય તો नाजानन्तर्ये० । પરિભાષા પ્રવૃત્ત થતી નથી; એવા ન્યાસકારોક્ત મતને પહેલાં નોંધ્યો છે. ત્યાર બાદ વાસ્તવમાં એક પણ અચ્ના આનન્તર્યને આશ્રયે, ઉત્તરકાલમાં પ્રવૃત્ત થનાર કાર્યમાં પ્રકૃત પરિભાષા પ્રવૃત્ત થાય છે; તેવા નીલકંઠે રજૂ કરેલા મતને સ્વીકારીને સર્વત્ર ઉપપત્તિ (ઇષ્ટ સિદ્ધિ) જાહેર કરી છે.

આ પરિભાષાને સ્વીકારવી કે નહીં તે વિષે વિચારતા, અન્તે વિવરણકારનો અભિપ્રાય નોંધતા જણાવ્યું છે કે षत्वतुकोरसिद्धः । 6-1-86 સૂત્રથી नाजानन्तर्ये० । પરિભાષા જ્ઞાપિત થતી નથી. પરંતુ બહિરંગ પરિભાષાને અનિત્યત્વનું બોધન થાય છે. આ મુદ્દાનો નાગેશ ભટ્ટે પોતાના ગ્રંથમાં સ્વીકાર કર્યો છે.

નાગેશ : (૫૨)

षत्वतुकोरसिद्धः । 6-1-86 સૂત્રસ્થ तुक् ગ્રહણને જ્ઞાપક રૂપે વર્ણવ્યા પછી નાગેશ ભટ્ટે 'ઉક્ત સૂત્રસ્થ षत्व ગ્રહણ પણ જ્ઞાપક છે;' એવા પૂર્વપક્ષીના અભિપ્રાયનું ખંડન કર્યું છે.

कोऽसिचत् । વગેરે રૂપોમાં પદદ્વયસંબંધી વર્ણદ્વયની અપેક્ષાએ પ્રવૃત્ત થયેલ એકાદેશ બહિરંગ છે અને પરિણામે અસિદ્ધ છે. તેવી પ્રિથતિમાં षत्वની પ્રાપ્તિ જ નથી. षत्व ગ્રહણ શા માટે કર્યું ? તેમ કહીને પૂર્વપક્ષીએ षत्व ગ્રહણને પણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક વર્ણવ્યું છે. પરંતુ નાગેશ ભટ્ટને આ સ્વીકાર્ય

નથી. કારણ કે कोऽसिचत्। એ ઉદાહરણમાં ષત્વ પણ પૂર્વપદસંબંધિત્વને કારણે પદદ્વયસંબંધી વર્ણદ્વયાપેક્ષ અર્થાત્ એકાદેશ અને ષત્વ બન્ને સમાન છે, આથી અંતરંગ-બહિરંગનો નિર્ણય થઈ શકતો નથી. વળી, अन्तादिवच्च। 6-1-85 સૂત્રની મદદથી એકાદેશ પરાદિ થતાં कोसिचत्। ને પદત્વ મળે છે. એ સ્થિતિમાં સ કાર પરાદિ નથી. પરિણામે सात्पदाद्योः। 8-3-111 સૂત્ર વડે જ ષત્વનો નિષેધ થઈ જાય છે. અને કાર્યકાલપક્ષમાં પણ ત્રૈપાદિક અંતરંગ કાર્ય કર્તવ્ય રહે ત્યારે બહિરંગપરિભાષા પ્રવૃત્ત થતી નથી તેવું પૂર્વે કહેલું જ છે. આથી इण्कोः। 8-3-57, आदेशप्रत्यययोः। 8-3-56 સૂત્રવિહિત ષત્વકાર્ય અંતરંગ હોવા છતાંય ત્રિપાદિસ્થ હોઈને असिद्धं बहिरङ्गमन्तरङ्गे। પરિભાષા પ્રવૃત્ત થશે નહીં. પરિણામે બહિરંગ એકાદેશને અસિદ્ધત્વનું બોધન થશે નહીં. અને ષત્વની પ્રાપ્તિ રહેશે જ. તેને રોકવા માટે षत्वतुकोरसिद्धः। 6-3-86 સૂત્રોક્ત ષત્વ ગ્રહણ ચરિતાર્થ છે. તે પ્રકૃતાર્થમાં જ્ઞાપક બની શકે તેમ નથી.

નાગેશ ભટ્ટે રજૂ કરેલો પરિભાષાર્થ ધ્યાનપાત્ર છે. बहिष्टवप्रकल्प्तिः એ પદમાં बहिस् એવા શબ્દથી बहिरङ्गम्નું ગ્રહણ થાય છે. બહિરંગનો જે ભાવ, તે બહિરંગત્વ. અને તત્પ્રયુક્ત અસિદ્ધત્વની પ્રકલ્પ્તિ નહીં, એટલે અપ્રાપ્તિ. વળી, ભાષ્યમાં કહ્યું છે કે असिद्धं बहिरङ्गमन्तरङ्गे। એવી પરિભાષા કહ્યા પછી ભાષ્યકાર नाजानन्तर्ये० ! એવી પરિભાષા કહેશે. તેમાંથી એવું સૂચન નીકળે છે કે પ્રકૃત પરિભાષાનો અર્થ કરતી વખતે नाजानन्तर्ये बहिष्टप्रकल्पृप्तिः। એવા પરિભાષાના પાઠમાં अन्तरङ्गे એવા પદની અનુવૃત્તિ લાવવી. પરિણામે પરિભાષાર્થ આ પ્રમાણે થાય છે: અચ્‌ની પછી તરત જ આવેલા કોઈ પણ બીજા નિમિત્તને આધારે અંતરંગકાર્ય કરવાનું પ્રાપ્ત થાય તો, ત્યાં પૂર્વે પ્રવર્તેલા બહિરંગકાર્યને બહિરંગ ન સમજવું."

આવો પરિભાષાર્થ કરવાથી पचावेदम्। એ સ્થિતિમાં एत ऐ 3-4-93 સૂત્રની પ્રાપ્તિ થતી નથી. કારણ કે અહીં ઐત્વ રૂપ अच् સ્થાનિક અંતરંગ-કાર્ય એ કાર પછી આવેલા કોઈ નિમિત્તને આધારે પ્રાપ્ત નથી.

પરિભાષાર્થ 'જાત-બહિરંગને એટલે કે પૂર્વપ્રવૃત્ત બહિરંગને બહિરંગ માનવામાં આવતું નથી.' એવું જ કહ્યું છે, તેનાથી अयजे इंद्रम्। धियते। વગેરે ઉદાહરણોમાં સવર્ણદીર્ઘ અને ગુણરૂપ બહિરંગકાર્યો પૂર્વપ્રવૃત્ત નથી. આથી બહિરંગ જ રહે છે. (અર્થાત્ ત્યાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી) અને असिद्धं बहिरङ्गमन्तरङ्गे ! એ પરિભાષાથી અસિદ્ધ જ રહે છે.

નાગેશ ભટ્ટે આ પરિભાષાને સ્વીકારવી કે નહીં; તેની પણ ચર્ચા કરી છે : ग्रामणिकुलम् । આ ઉદાહરણમાં इकोऽह्रस्वोऽङ्ग्यो गालवस्य । 6–3–61 સૂત્રથી હ્રસ્વ કર્યા પછી ह्रस्वस्य पिति कृति तुक् । 6–1–71 સૂત્રવિહિત तुक् આગમની પ્રાપ્તિ થાય છે. અહીં ભાષ્યકારે હ્રસ્વને બહિરંગ જાહેર કરીને असिद्धं बहिरङ्गमन्तरङ्गे । પરિભાષા વડે અસિદ્ધત્વ નિર્દેશી तुकની નિવૃત્તિ કરી છે. વસ્તુતઃ આ સ્થળે હ્રસ્વ રૂપી બહિરંગકાર્ય પહેલા પ્રવૃત્ત થઈ ગયા પછી જ હ્રસ્વ ઇ કારને तुक આગમ રૂપ અંતરંગકાર્યની પ્રાપ્તિ થાય છે. અને હ્રસ્વ ઇ કારની પાછળ આવેલા क्विप् પ્રત્યયને નિમિત્તે અંતરંગ तुक् આગમ પ્રાપ્ત છે, માટે ભાષ્યકારે પ્રકૃત પરિભાષાને પ્રવૃત્ત કરીને પૂર્વોક્ત શંકાનું સમાધાન કરવું જોઈએ. પરંતુ આપણે જાણીએ છીએ કે ભાષ્યકારે તેમ કર્યું નથી. આ મુદ્દાનું રહસ્યોદ્ઘાટન કરતાં નાગેશ ભટ્ટ જણાવે છે કે ભાષ્યકારે આ પરિભાષાને અનાવશ્યક માની છે. અને આથી પ્રકૃત પરિભાષાના પૂર્વોક્ત જ્ઞાપકથી असिदधं बहिरङ्गमन्तरङ्गे । પરિભાષાને અનિત્યત્વનું જ્ઞાપન કરવું એ જ વધુ ઉચિત છે.

વિશેષમાં, પ્રકૃત પરિભાષાના અસ્વીકારમાં સ્પષ્ટતા કરતાં નાગેશે જણાવ્યું છે કે ભાષ્યકારે આ પરિભાષાને ફરીથી ક્યાંય ઉલ્લેખ કર્યો નથી. અને विप्रतिषेपु परं कार्यम् ! 1–4–2 સૂત્રભાષ્યમાં અંતરંગપરિભાષાનો પ્રસ્તાવ કરીને કહ્યું છે કે આ અંતરંગપરિભાષાના ઘણાં પ્રયોજનો છે. તેમને માટે આ પરિભાષા કરવી જોઈએ અને જ્યાં આ પરિભાષાને સ્વીકારવાથી દોષ ઊભા થતા હોય ત્યાં દોષોનું પ્રતિવિધાન (પરિહાર) કરવું જોઈએ; અને सम्प्रसारणच्च । 6–1–108 સૂત્રભાષ્યમાં ધ્વનિત કર્યું છે કે અંતરંગપરિભાષાને અનેત્ય માનવી તે જ પ્રતિવિધાન છે.

આમ નાગેશ ભટ્ટે ભાષ્યોક્ત અભિપ્રાયને આધારે આ પરિભાષાને સ્વીકારી નથી તેમના મતે પ્રકૃત પરિભાષાના अक्षद्यूः । જેવાં પ્રયોજનો સિદ્ધ કરવા માટે असिद्धं बहिरङ्गमन्तरङ्गे । પરિભાષાને અનિત્ય માનવી જોઈએ.

ઉપસંહાર :

આ પરિભાષાના જ્ઞાપક અને પ્રયોજનો વ્યાડિના 'પરિભાષાસૂચન'ના સમયથી પ્રચલિત થયાં છે. પુરુષોત્તમદેવની ચર્ચાનો સીરદેવ મહદંશે સ્વીકાર કરે છે. તથાપિ પ્રકૃત પરિભાષાનો અર્થ વિશદ કરવાનો સીરદેવનો પ્રયત્ન નોંધપાત્ર છે. 'અચ્નું આનન્તર્ય હોય ત્યારે અંતરંગ અને બહિરંગ કાર્યો જ્યાં હોય ત્યાં પરિભાષા

પ્રવર્તે છે.' એવા પરિભાષાર્થનો વિસ્પષ્ટ અર્થ શો કરવો, તેની સીરદેવે ચર્ચા કરી છે. આ ચર્ચાનું ફળ એ આવ્યું કે બહિરંગની પ્રથમ પ્રવૃત્ત થઈ ગયા પછી જો અંતરંગકાર્ય પ્રાપ્ત રહે તો આ પરિભાષા પ્રવર્તે છે, તેવો નાગેશે સ્વીકારેલો અભિપ્રાય શોધી શકાયો છે. નીલકંઠે षत्वतुकोरसिद्धः । 6-1-86 સૂત્રસ્થ षत्व ગ્રહણને પણ જ્ઞાપક વર્ણવ્યું છે. પરંતુ નાગેશ ભટ્ટે આ મુદ્દાનું ખંડન કર્યું છે. નાગેશ ભટ્ટે વિશેષમાં ભાષ્યપર્યાલોચન કરીને પ્રકૃત પરિભાષા અનાવશ્યક છે, એવું જાહેર કર્યું છે. તેમણે એ પણ નિર્દેશ્યું છે કે પ્રકૃત પરિભાષાના અભાવમાં अक्षद्यूः । જેવાં પ્રયોજનોની સિદ્ધિ કરવા માટે असिद्धं वहिरङ्ग मन्तरङ्गे । પરિભાષાને અનિત્ય માનવી.

अन्तरङ्गवहिरङ्गयोरन्तरङ्गं बलवत् ॥ ४३ ॥

(અંતરંગકાર્ય અને બહિરંગકાર્ય—એ બેમાંથી અંતરંગકાર્ય બળવાન છે.)

ભાષ્યકારે આ પરિભાષાને विप्रतिषेधे परं कार्यम् ।1-4-2 સૂત્રભાષ્યમાં રજૂ કરી છે. द्यौकामिः । सौत्थितिः । वैक्षमाणिः । વગેરે રૂપોમાં પ્રકૃતિ-પ્રત્યયનો પ્રવિભાગ કરીને અન્વાખ્યાન કરતી વખતે બહિરંગ વૃદ્ધિનું દુર્બલત્વ છે, આથી અંતરંગ દીર્ઘ એકાદેશ અને યણ્ થઈ શકે; (તે આ પરિભાષાનું પ્રયોજન છે.)

જ્યાં જ્યાં અંતરંગ અને બહિરંગ કાર્યોની યુગપત્ પ્રવૃત્તિ પ્રાપ્ત રહે છે ત્યાં ત્યાં આ પરિભાષા ઉપસ્થિત થાય છે. પરંતુ જ્યાં બહિરંગકાર્યની પ્રવૃત્તિ થઈ ગયા પછી અંતરંગકાર્યની પ્રાપ્તિ રહેતી હોય ત્યાં असिद्धं वहिरङ्गमन्तरङ्गे । એ પરિભાષા પ્રવર્તે છે. અને षत्वतुकोरसिद्धः । 6-1-86 સૂત્રસ્થ असिद्ध વચનના જ્ઞાપકથી જ્યારે સંહિતાપ્રકરણમાં असिद्धं वहिरङ्गमन्तरङ्गे । પરિભાષાનો નિષેધ થાય છે, ત્યારે ત્યાં પણ अन्तरङ्गवहिरङ्गयोरन्तरङ्गं बलवत् । એ પરિભાષા જ પ્રવર્તે છે.

પરિણામે वृक्ष इ इन्द्रः । ते इ इन्द्राः । અને अपच इ इन्द्रम् । આ ઉદાહરણોમાં ङि, जस् ને शी અને लङ् ल કારના ઉત્તમપુરુષના એકવચનમાં आद्गुणः । 6-1-87 સૂત્રોક્ત ગુણથી પર હોવા છતાંય अकः सवर्णे दीर्घः । 6-1-101 સૂત્રોક્ત સવર્ણદીર્ઘ બહિરંગ હોવાને કારણે પ્રવૃત્ત થતો નથી. પણ અંતરંગકાર્યનું બલીયસ્ત્વ લોકન્યાયથી સિદ્ધ રહે છે, માટે ભાષ્યકારે આ પરિભાષાનું પ્રત્યાખ્યાન કર્યું છે. ત્યાં (ભાષ્યમાં) કહ્યું છે કે આ પરિભાષા પણ (અર્થાત્ असिद्धं वहिरङ्गमन्तरङ्गे । અને પ્રકૃત પરિભાષા) લોકવ્યવહારથી સિદ્ધ છે.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા ઉપલબ્ધ નથી.

સીરદેવ : (૨૨)

પુરુષોત્તમદેવની ચર્ચાનો સ્વીકાર કરીને સીરદેવ વિશેષમાં બીજી કેટલીક ચર્ચાઓ કરે છે. જેમકે, પુરુષોત્તમદેવે રજૂ કરેલા द्यौकामिः । વગેરે રૂપો તો માત્ર ઉદાહરણ રૂપ છે, કારણ કે समर्थानां प्रथमाद्वा । 4–1–82 સૂત્રસ્થ समर्थ પદના ગ્રહણ વડે બધાં કાર્યો સંપન્ન થઈ ગયા પછી તદ્ધિત પ્રત્યયની પ્રવૃત્તિ થશે, એ રીતે તે ઉદાહરણો સિદ્ધ છે. માટે वृक्ष इ इह । એમાં બહિરંગ સવર્ણદીર્ઘના અપેક્ષાએ અંતરંગ ગુણની પ્રથમ પ્રવૃત્તિ થાય છે, તે ઉદાહરણ છે. આ ઉદાહરણ असिद्धं बहिरङ्गमन्तरङ्गे । પરિભાષાથી સિદ્ધ થવાનું નથી, કેમકે नाजानन्तर्ये बहिष्ट्वप्रक्लृप्तिः । વડે તેનો પ્રતિષેધ થઈ જાય છે.

असिद्धं बहिरङ्गमन्तरङ्गे । પરિભાષા વડે જ બધાં કાર્યોની સિદ્ધિ થાય છે; એમ કહીને ભાગવૃત્તિકારે આ પરિભાષાને સ્વીકારી નથી.

કોઈક આ પરિભાષાનું ऋत्विग्यः ।એવું પ્રયોજનાન્તર નિર્દેશ્યું છે. અહીં ઘને ઇય આદેશ કર્યા પછી અંગરંગત્વને કારણે सिति च । 6–4–16 સૂત્રોક્ત પદસંજ્ઞા વડે यचि भम् । 6–4–18 સૂત્રવિહિત भ સંજ્ઞાનો બાધ થાય છે. સીરદેવે આ પ્રયોજનના ઔચિત્ય વિષે વિસ્તારથી ચર્ચા કરી છે.

નીલકંઠ : (૨૬)

પ્રકૃત પરિભાષાની ચર્ચા કરતાં પુરુષોત્તમદેવે કે સીરદેવે અંતરંગ–બહિરંગની વ્યાખ્યા કરી નથી. પરંતુ નીલકંઠે તે વિષે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. અલ્પાશ્રિત (જેને ઓછા નિમિત્તની જરૂર પડે તે) કાર્યને અંતરંગ કહ્યું છે અને બહ્વાશ્રિત (જેને ઘણાં નિમિત્તની જરૂર પડે તે) કાર્યને બહિરંગ કહ્યું છે. આ બન્નેમાંથી અલ્પાશ્રિતકાર્ય બળવાન છે.

નાગેશે असिद्धं बहिरङ्गमन्तरङ्गे । 50 પરિભાષાની વ્યાખ્યામાં અંતરંગ–બહિરંગની ઉપર્યુક્ત વ્યાખ્યાનું પ્રત્યાખ્યાન કર્યું છે.

હરિભાસ્કર : (૨૨)

તેમણે અન્યત્ર રજૂ કરેલા द्यौकामिः । स्यौकामिः । અને दूद्यूषति ।

सुस्युषति । જેવાં ઉદાહરણોને અન્યથાસિદ્ધ જાહેર કરીને સ્યોનઃ । એવું ઉદાહરણ આપ્યું છે. અહીં લઘૂપધ-ગુણાદિનો બાધ કરીને યણ્ આદેશ થયો છે.

પુરુષોત્તમદેવ અને સીરદેવે આ પરિભાષાને સ્વીકારી હોઈ હરિભાસ્કર પણ આ પરિભાષાનું સ્વતંત્ર અસ્તિત્વ સ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે. તથાપિ ભાષ્યકારે विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્ર ઉપર અંતરંગપરિભાષાને (अन्तरङ्गबहिरङ्गयोरन्तरङ्गं बलीयः । પરિભાષાને) સંપ્રયોજના દર્શાવ્યા પછી असिद्धं बहिरङ्गमन्तरङ्गे । (એ બહિરંગ) પરિભાષા વડે જ, તે (અંતરંગ પરિભાષા) ગતાર્થ છે; એમ કહીને સ્વીકારી નથી. આ ભાષ્યોક્ત અભિપ્રાયની નોંધ પણ હરિભાસ્કરે લીધી છે.

નાગેશ : (-)

તેમણે 'પરિભાષેન્દુશેખર'માં આ પરિભાષા મૂકી નથી. કારણ કે, ઉપર જણાવ્યું તેમ પ્રકૃત પરિભાષાનાં પ્રયોજનો असिद्धं बहिरङ्गमन्तरङ्गे । પરિભાષા વડે જ સિદ્ધ થાય છે, પરિણામે નાગેશ ભટ્ટે પણ असिद्धं बहिरङ्गमन्तरङ्गे । પરિભાષાના વ્યાખ્યાનમાં જ સ્પષ્ટીકરણ કરી દીધું છે કે આ પરિભાષાથી જાતબહિરંગ અને પ્રાપ્ત બહિરંગ બન્નેનો બાધ થઈ જાય છે. તેથી નાગેશને પ્રકૃત પરિભાષાને અલગ પરિભાષા તરીકે સ્વીકારવાની જરૂર રહી નથી.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા નથી. પુરુષોત્તમદેવે પ્રાપ્ત-બહિરંગની નિવૃત્તિ માટે આ પરિભાષાનો સ્વીકાર આવશ્યક માન્યો છે. તેમને સીરદેવ અને હરિભાસ્કર અનુસરે છે તથાપિ આ પરિભાષાનાં પ્રયોજન વિષે મતભેદ પ્રવર્તે છે.

નીલકંઠે આ પરિભાષા વિષે કોઈ નોંધનીય મુદ્દો ચર્ચો નથી. કેવળ અંતરંગ-બહિરંગની વ્યાખ્યા રજૂ કરી છે. જેનું નાગેશે ખંડન કર્યું છે.

ભાષ્યકારના મતે આ પરિભાષાનાં પ્રયોજનો असिद्धं बहिरङ्गमन्तरङ्गे । પરિભાષા વડે સિદ્ધ થતાં હોઈ આ પરિભાષા સ્વીકાર્ય નથી. આ અભિપ્રાયની હરિભાસ્કરે નોંધ લીધી છે, તેના જ આધારે નાગેશે આ પરિભાષાને રજૂ કરી નથી.

प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य ॥ ४४ ॥

(જ્યાં પ્રત્યયનું ગ્રહણ કર્યું હોય ત્યાં જે પ્રકૃતિથી તે પ્રત્યય વિહિત હોય તેના તદાદિ અને તદન્તનું ગ્રહણ થાય છે.)

પ્રત્યયનું ગ્રહણ કર્યું હોય ત્યારે જે પ્રકૃતિને પ્રત્યયનું વિધાન કર્યું હોય

તેવા તદાદિ ભાગનું જ અને તે પ્રત્યયાન્તનું ગ્રહણ થાય છે. આવી પરિભાષાનાં પ્રયોજનો ધાતુસંજ્ઞા, પ્રાતિપદિકસંજ્ઞા, પ્રત્યયવિધિ, સમાસ વિધિ, તદ્ધિતવિધિ અને સ્વરવિધિ છે. ઉદાહરણ તરીકે—

(૧) सनाद्यन्ता धातवः । 3-1-32 સૂત્ર વડે જેનાથી (-જે પ્રકૃતિને) सन् વિહિત હોય તેવા તદાદિની જ અને તદન્તની ધાતુસંજ્ઞા થાય છે. જેમકે, चिकीर्षति । પરંતુ विप्रः चिकीर्षकः । એવા સમુદાયની ધાતુસંજ્ઞા થતી નથી.

(૨) कृत्तद्धितसमासाश्च । 1-2-46 સૂત્રોક્ત પ્રાતિપદિક સંજ્ઞા, જે પ્રકૃતિને તે બે પ્રત્યયો વિહિત હોય તેવા તદાદિ અને તદન્તની જ થાય છે; જેમકે; कारकः, गार्ग्यः । પરંતુ विप्रः कारकः, विप्रो गार्ग्यः। એવા સમુદાયની પ્રાતિપદિક સંજ્ઞા થતી નથી.

(૩) सुप आत्मनः क्यच् । 3-1-8 સૂત્ર વિહિત क्यच् પ્રત્યય જેનાથી सुप् કર્યો હશે તે તદાદિને જ થશે. જેમકે, पुत्रीयति । પરંતુ महान्तं पुत्रमिच्छति । એવા સમુદાયને क्यच् પ્રત્યય થશે નહીં.

(૪) सुप्सुपा । 2-1-4 સૂત્રોક્ત સમાસ જેનાથી सुप् કર્યો હશે તે તદાદિનો જ થશે. જેમકે, राजपुरुषः । પરંતુ ऋद्धस्य राज्ञः पुरुषः । એવા સમુદાયનો સમાસ થશે નહીં.

(૫) यञिञोश्च । 4-1-101 સૂત્રવિહિત मुक् પ્રત્યય જેનાથી यञ् અને इञ् પ્રત્યયો કર્યા હશે તેવા તદાદિને જ થશે. જેમકે, गार्ग्यायणः । दाक्षायणः । પરંતુ विप्रो गार्ग्यायणः । અને विप्रो दाक्षायणः । એવા સમુદાયને फक् પ્રત્યય થતો નથી.

(૬) ञ्नित्यादिर्नित्यम् । 6-1-197 સૂત્રોક્ત આદ્યુદાત્તત્વ જેનાથી ञित् અને नित् પ્રત્યયો વિહિત હશે તે તદાદિને જ થશે. જેમકે, गार्ग्यः । પરંતુ विप्रो गार्ग्यः । અને विप्रस्य कृतिः । એવા સમુદાયને આદ્યુદાત્તત્વ થશે નહીં.

આ પરિભાષાર્થે यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम् । 1-4-13 સૂત્રમાં યોગવિભાગ કરીને સિદ્ધ કરવામાં આવ્યો છે : વિધીયમાન પ્રત્યય જે (પ્રકૃતિ) ને વિહિત હોય તે તદાદિ ભાગનું જ ગ્રહણ થાય છે. પરંતુ તત્પ્રત્યયાન્ત સંઘાત (સમુદાય)નું ગ્રહણ થતું નથી.

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા રજૂ કરવામાં આવી નથી.

સીરદેવ : (૨૫)

તેમણે પુરુષોત્તમદેવને અનુસરીને આ પરિભાષાનો અર્થ, પ્રયોજન અને પ્રમાણ અંગે ચર્ચા કરી છે.

यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम् । 1-4-23 સૂત્રમાં યોગવિભાગ કરીને આ પરિભાષાને સિદ્ધ કરવામાં આવી છે. આ ચર્ચાના અનુસંધાનમાં સીરદેવે એક અપૂર્વ ચર્ચા કરી છે: છઠ્ઠા અધ્યાયના ચોથા અંગ પાદમાં અંગસંજ્ઞા વિધાયક यस्मात् प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम् । 1-4-13 સૂત્રનો ન્યાસ કરવાનું કોઈ સૂચન કરીને अङ्गस्य । 6-4-1 સૂત્રનું ખંડન કરવાનું જણાવે તો તેવું ખંડન કરવું યોગ્ય નથી.

यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम् । 1-4-13 સૂત્રનો ત્યાં ન્યાસ કરવામાં આવે તો પણ ત્યાં યોગવિભાગ કરીને પ્રકૃત પરિભાષા તો સિદ્ધ કરી શકાય. પરંતુ न स्त्रीप्रत्यये चानुपसर्जने । એવી બીજી એક પરિભાષા સિદ્ધ થશે નહીં. જેમકે, જો यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम् । 1-4-13 સૂત્રને યથાસ્થાને રાખવાથી આ સૂત્રમાં नेयङुवङ्स्थानावस्त्री । 1-4-4 સૂત્રમાંથી अस्त्री પદની અનુવૃત્તિ આવે છે. અને અનુવૃત્તિના સામર્થ્યથી સ્ત્રીપ્રત્યયનું ગ્રહણ થશે. તથા પ્રધાનમાં જ કાર્યસંપ્રત્યય થતો હોવાથી न स्त्रीप्रत्यये चानुपसर्जने । એવી પરિભાષાનો પણ લાભ થાય છે.

અહીં એક શંકા કરી શકાય કે 1-4-23 થી શરૂ કરીને 1-4-1/3 સુધીનું સમગ્ર પ્રકરણ અંગપાદમાં મૂકો. જેથી ઉપર્યુક્ત બન્ને પરિભાષાઓ સિદ્ધ થશે અને अङ्गस्य । 6-4-1 સૂત્ર કરવાની જરૂર નહીં પડે. પરંતુ સીરદેવે યથા-ન્યાસના બીજા એક પ્રયોજનનો નિર્દેશ કર્યો છે. જેમકે, यस्मात्प्रत्ययविधि-स्तदादि० । 1-4-13 સૂત્રમાંથી तदादि ગ્રહણની અનુવૃત્તિ सुप्तिङन्तं पदम् । 1-4-14 સૂત્રમાં આવે છે. પરિણામે दिवः प्रयोगो दिवर्वचनम् । એ પક્ષમાં तदादि ગ્રહણ સામર્થ્યથી पचसि पचसि इति । એવા સમુદાયની सुप्तिङन्तं पदम् 1-4-14 સૂત્રથી પદ સંજ્ઞા સિદ્ધ થાય છે.

નીલકંઠ : (૩૧)

આ પરિભાષાની પ્રમાણ-ચર્ચા અંગે નીલકંઠે એક વિશેષ નોંધ મૂકી છે : यस्मात प्रत्ययविधिस्तदादि० । 1-4-13 સૂત્રનો યોગવિભાગ કરીને તદાદિ અંશને સિદ્ધ કરવામાં આવે છે અને येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રથી તદન્તાંશ

સિદ્ધ જ છે. અહીં "પ્રત્યયથી પ્રકૃતિનો આપોઆપ જ આક્ષેપ થઈ જાય છે." એ ન્યાયથી, એટલે કે 'પ્રત્યયને કાર્ય થાય' એમ કહેવાતાં કેવળ પ્રત્યયનો ભાષામાં પ્રયોગ થતો જ નથી; તેથી પ્રકૃતિ સહિતના પ્રત્યયને જ કાર્ય થવાનું છે. આમ, પ્રકૃત્યવયવક સમુદાય સર્વત્ર વિશેષ્ય બની રહે છે તન્મૂલક તદન્તવિધિ થાય છે.

જો કે નાગેશ ભટ્ટે નીલકંઠની આ યુક્તિનું ખંડન કર્યું છે.

હરિભાસ્કર : (૨૫)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

નાગેશ : (૨૬)

નાગેશ ભટ્ટે નીલકંઠને અનુસરીને તદાદિ અને તદન્તાંશની સિદ્ધિ વર્ણવી છે. વિશેષમાં તેઓ જણાવે છે કે જ્યારે સૂત્રમાં કોઈ પણ વિશેષ્યનો નિર્દેશ ન કર્યો હોય તેવે પ્રસંગે શબ્દસ્વરૂપને વિશેષ્ય માનીને તદન્તાંશ તે (વિશેષ્ય)નું વિશેષણ બને છે. જેમકે, ષ્યङः संप्रसारणम्० । 6-1-13 અને ङ्याप् प्रातिपदिकात् । 4-1-1 આ સૂત્રમાં વિશેષ્ય નિર્દિષ્ટ કે અનુવૃત્ત નથી. આથી અહીં 'ષ્યङन्तात्, ङीवन्तात्, आबन्तात्, शब्दस्वरूपात् એ પ્રમાણે શબ્દસ્વરૂપને વિશેષ્ય માનીને તદન્તવિધિ થઈ છે. પરંતુ टिड्ढाणञ्० । 4-1-15 અને यञिञोश्च । 4-1-101 જેવાં સૂત્રોમાં ङ्याप् प्रातिपदिकात् । એવા પદનો અધિકાર આવે છે. ત્યાં अण्णन्तात् प्रातिपदिकात्, यञन्तात्, अञन्तात्, प्रातिपदिकांत् । એ પ્રમાણે પ્રાતિપદિકને વિશેષ્ય માનીને તદન્તવિધિ થાય છે.

ત્યાર પછી નાગેશે તદન્તાંશની સિદ્ધિને અર્થે નીલકંઠે રજૂ કરેલી ઉપર્યુક્ત યુક્તિનું ખંડન કરતાં જણાવ્યું છે કે इयान् । ઇત્યાદિ રૂપોમાં સમગ્ર પ્રકૃતિનો લોપ થઈને કેવળ પ્રત્યય અવશિષ્ટ રહ્યો છે. અહીં પ્રકૃતિ-પ્રત્યયસમુદાયરૂપ શબ્દ-સ્વરૂપની ઉપસ્થિતિ થતી નથી. આમ, ઉપર્યુક્ત ન્યાય વ્યભિચરિત થાય છે. માટે પ્રત્યયથી પ્રકૃતિનો આક્ષેપ થાય છે, તેમ કહી શકાય નહીં.

જે સૂત્રમાં પ્રત્યય કાર્યરૂપે નિર્દેશેલો હોય ત્યાં તદન્તાંશની ઉપસ્થિતિ થાય છે. જેમકે, ષ્યङः संप्रसारणम्० । 6-1-13 અહીં ષ્યङ્ પ્રત્યયને જ સંપ્રસારણ રૂપ કાર્ય કરવાનું છે. તેથી તદન્તાંશની ઉપસ્થિતિ થાય છે અને ષ્યङ્ પ્રત્યયાન્ત શબ્દસ્વરૂપનું ગ્રહણ થાય છે. પરંતુ अङ्गस्य । 6-4-1 સૂત્ર ઉપર ભાષ્યકારે અને કૈયટે જણાવ્યું છે કે જે સૂત્રમાં પ્રત્યય નિમિત્ત રૂપે ઉપસ્થિત થતો હોય ત્યાં કેવળ તદાદિ અંશની જ ઉપસ્થિતિ થાય છે. અર્થાત્ જે સૂત્રમાં

પ્રત્યયનિમિત્તક કાર્ય થાય એવા આશયથી પ્રત્યયનું ગ્રહણ કર્યું હોય ત્યાં પ્રત્યયની પૂર્વે આવેલા શબ્દસ્વરૂપને કાર્ય થાય છે. આથી આ પરિભાષાનો કેવળ તદાદિ અંશ જ ઉપસ્થિત થાય છે અને તદન્તાંશ ઉપસ્થિત થતો નથી. પરિણામે ત્યાં પ્રત્યયાન્ત શબ્દસ્વરૂપનું ગ્રહણ થતું નથી, પણ પ્રત્યય પર્યંતના શબ્દસ્વરૂપનું ગ્રહણ થાય છે. જેમકે, ओसि च । 7-3-104, नामि । 6-4-3 ઇત્યાદિ સૂત્રોમાં પ્રત્યયનું ગ્રહણ સપ્તમી વિભક્તિમાં એટલે કે નિમિત્ત-સ્વરૂપે કરવામાં આવ્યું છે. અહીં પ્રત્યયાન્તનું ગ્રહણ થતું નથી. પરંતુ જે પ્રકૃતિને (શબ્દને) તે પ્રત્યય થયો છે તે શબ્દના પ્રત્યયપર્યન્તના ભાગનું ગ્રહણ થાય છે.

ઉપર જણાવ્યું છે કે જે સૂત્રમાં પ્રત્યય કાર્યિન્ સ્વરૂપે નિર્દેશેલો હોય ત્યાં તદન્તાંશની ઉપસ્થિતિ થાય છે. પરંતુ આ વિધાનમાં નાગેશ ભટ્ટે એક સંકોચ રજૂ કર્યો છે : 'જે સૂત્રોમાં પંચમ્યન્ત પદ ઉચ્ચાર્યા પછી પ્રત્યયનો ઉદ્દેશ્યકોટિમાં એટલે કે કાર્ય તરીકે નિર્દેશ કર્યો હોય ત્યાં પણ આ પરિભાષાના કેવળ તદાદિ અંશની જ ઉપસ્થિતિ થાય છે." આ ઉપસ્થિતિ થયેલા તદાદિ અંશનું પંચમ્યન્ત પદ વિશેષણ બને છે. અને તેથી તે પંચમ્યન્ત પદથી તદન્તવિધિ થાય છે. જેમકે, अतो भिस ऐस् 7-1-9 અહીં अतः એવા પંચમ્યન્ત પદથી પરમાં भिस् પ્રત્યય કાર્યી રૂપે રજૂ કરવામાં આવ્યો છે. આથી કેવળ તદાદિ અંશની જ ઉપસ્થિતિ થશે અને પરિણામે भिस् પ્રત્યયાન્તનું ગ્રહણ થશે નહીં. તથા જે પંચમ્યન્ત પદ છે તે વિશેષણ બનતાં તેને તદન્તવિધિ થશે. અને સૂત્રાર્થ આ પ્રમાણે સંપન્ન થશે : अदन्तात् अङ्गात् परस्य भिसः ऐस् स्यात् ।

येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપરના ભાષ્યમાં આ પરિભાષાનું એક પ્રયોજનાન્તર પણ રજૂ કરવામાં આવ્યું છે. તેને સમજાવતાં નાગેશ ભટ્ટ જણાવે છે કે परमगार्ग्यायणः । એ ઉદાહરણની परमगार्ग्यस्य अपत्यमिति । એવો વિગ્રહ થતો હોવા છતાંય આ પરિભાષાની મદદથી गार्ग्य શબ્દને જ फक् પ્રત્યય થાય છે. પરંતુ परमगार्ग्य ને થતો નથી. અહીં परमगार्ग्य માંથી गार्ग्य શબ્દને જુદો કાઢીને તે (गार्ग्य શબ્દ)ને જ અપત્યાર્થક फक् પ્રત્યય કરવો યોગ્ય નથી. કારણ કે તેમાં એકાર્થીભાવ રૂપ સામર્થ્ય નથી. અર્થાત્ परमगार्ग्यायणः । એ गार्ग्यનો અપત્ય નથી. પરંતુ परमगार्ग्यનો અપત્ય છે. તથાપિ અહીં તદ્વિધતવૃત્તિ થાય છે જ અને તેમાં ભાષ્ય જ પ્રમાણ છે : એવું નાગેશે અન્યત્ર વિસ્તારથી સમજાવ્યું છે.

આ પરિભાષાની ચર્ચાનો ઉપસંહાર કરતાં નાગેશ ભટ્ટે જણાવ્યું છે કે આ

પરિભાષા પ્રત્યયમાત્ર ગ્રહણમાં પ્રવૃત્ત થાય છે. પરંતુ જ્યાં પ્રત્યયાપ્રત્યય એમ ઉભયનું ગ્રહણ કર્યું હોય ત્યાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી. ઉદાહરણ તરીકે उगितश्च । 4-1-6 સૂત્રમાં उगित् પદથી સર્વાદિ ગણ પઠિત ભવતુ । એવા શબ્દનું પણ ગ્રહણ થાય છે અને मतुप् પ્રત્યયનું પણ ગ્રહણ થાય છે.

ઉપસંહાર :

આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી નથી. સૌથી પ્રથમ પુરુષોત્તમદેવે તેને ભાષ્ય-ચર્ચાને આધારે રજૂ કરી છે. અહીં નોંધપાત્ર વિગત એ છે કે પુરુષોત્તમદેવે ભાષ્યને અનુસરીને यस्मात्प्रत्ययविधिस्तदादि० । 1-4-13 સૂત્રનો યોગવિભાગ કરીને તેનાથી આ પરિભાષાના तदादि-અંશની સિદ્ધિ વર્ણવી છે. અને तदन्तांशनी સિદ્ધિને માટે येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રનો નિર્દેશ કર્યો નથી. તે तदन्तांशनी સિદ્ધિને માટે તેમણે विधिविधानविधिभाजां त्रयाणां सन्निधाने तदन्तविधिः भवति । 111 એવી એક અપૂર્વ પરિભાષા રજૂ કરી છે.

પુરુષોત્તમદેવે ભાષ્યોક્ત ચર્ચાનો જ સારસંગ્રહ કરીને આ પરિભાષાનાં પ્રયોજનોને વર્ણવ્યાં છે. સીરદેવ અને હરિભાષ્કરે આનું અનુસરણ કર્યું છે. કાશીની વૈયાકરણ પરંપરામાં આ પરિભાષા વિશે સૂક્ષ્મતાથી વિચારણા થઈ છે. અહીં પરિભાષાના तदाद्यंशनी સિદ્ધિને અર્થે પૂર્વોક્ત સૂત્રનો યોગવિભાગ કરીને तदन्तांशनी સિદ્ધિને અર્થે येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રનો નિર્દેશ કરવામાં આવ્યો છે. અને વિશેષમાં પુરુષોત્તમદેવે રજૂ કરેલી विधिविधानविधिभाजां० । 111 પરિભાષાનો સ્વીકાર કર્યો નથી.

स्त्रीप्रत्ययेनानुपसर्जनेन ॥ ४५ ॥

(અનુપસર્જન સ્ત્રીપ્રત્યયમાં તદાદિ અંશનું ગ્રહણ થતું નથી.)

પૂર્વપરિભાષાનો આ અપવાદ છે. આ જે પ્રત્યયગ્રહણ પરિષાષા છે, તે અનુપસર્જન સ્ત્રીપ્રત્યય વડે (તદાદિ-અંશની) ગ્રાહિકા બનતી નથી. પરિણામે સ્ત્રીઅધિકાર વિહિત પ્રત્યયથી સમુદાયનું પણ ગ્રહણ થાય છે; નહીં કે જે પ્રકૃતિને સ્ત્રીપ્રત્યય કર્યો હોય તે તદાદિનું જ (ગ્રહણ થાય), એવો વાક્યાર્થ ફલિત થાય છે.

આથી स्त्रीभ्यो ढक् 4-1-120 સૂત્રવિહિત ढक् પ્રત્યયને જે अणन्त 'कार' શબ્દને ङीप् થયો છે; તદાદિને અર્થાત્ કારીને થતો નથી. પરંતુ कुम्भकारः । એવા સમુદાયને જ ढक् પ્રત્યય થાય છે. જેમકે, कौम्भकारेयः । नागरकारेयः । અન્યથા અન્તાવયવ कार શબ્દને વૃદ્ધિ અને સ્વર પ્રાપ્ત થયાં હોત.

તથા ષ્યङः सम्प्रसारणं पुत्रापत्योस्तत्पुरुषे । 6-1-13 સૂત્રમાં ષ્યङ્ પદથી સ્ત્રીઅધિકાર વિહિત પ્રત્યયનું ગ્રહણ થાય છે. આથી પ્રત્યયગ્રહણ પરિભાષાનો નિષેધ થઈ જતાં ષ્યङ્ માત્રને સમ્પ્રસારણ થાય છે. જેમકે, परमकारीषगन्धीपुत्र इति ।

'અનુપસર્જન' એવા વચનને કારણે જ્યાં સ્ત્રીપ્રત્યય ઉપસર્જનીભૂત બની ગયો હશે ત્યાં 'પ્રત્યયગ્રહણ' પરિભાષા પ્રવૃત્ત થઈને સ્ત્રી પ્રત્યયાન્તનું ગ્રહણ થશે. જેમકે; अतिकारीषगन्ध्यपुत्रः, अतिकारीषगन्ध्यपतिः इति ।

हल्ङ्याब्भ्यो दीर्घात्सुतिस्यपृक्तं हल् । 6-1-68 સૂત્રમાં દીર્ઘ એવા શબ્દનું ગ્રહણ કર્યું હોવાથી જણાય છે કે ક્વચિત્ ઉપસર્જનસ્ત્રીપ્રત્યયાન્તમાં પણ પ્રત્યયગ્રહણ પરિભાષા ઉપસ્થિત થતી નથી. પરિણામે अर्धपिप्पली । એવા ઉદાહરણમાં हल्ङ्याब्भ्यो० । 6-1-68 સૂત્રથી सु લોપ સિદ્ધ રહે છે.

આ પરિભાષા ष्यङः सम्प्रसारणम्० । 6-1-13 સૂત્ર ઉપરના ભાષ્યમાં ભાષ્યકારે સ્વીકારી છે; એટલા માત્રથી જ તે પ્રમાણભૂત છે.

વ્યાડિ : (–)

પરિભાષાસૂચનમાં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૨૬)

આ પરિભાષાના પાઠમાં સીરદેવે ફેરફાર કર્યો છેઃ न स्त्रीप्रत्यये चानुपसर्जने । આ પાઠનો અંશતઃ ફેરફાર સાથે નીલકંઠ અને નાગેશે સ્વીકાર કર્યો છે. સીરદેવે આ પરિભાષાનો અર્થ, પ્રયોજનાદિ પુરુષોત્તમદેવની ચર્ચામાંથી સ્વીકાર્યા છે.

अर्धपिप्पली । જેવા ઉદાહરણમાં સ્ત્રીપ્રત્યયાન્ત पिप्पली શબ્દ ઉપસર્જનીભૂત થઈ ગયો છે. આથી પ્રત્યયગ્રહણ પરિભાષાની પ્રવૃત્તિ થશે. પરિણામે તદાદ્યંશ ઉપસ્થિત થતાં अर्धपिप्पली શબ્દ ङ्यन्त કહેવાશે નહીં. અને આ કારણે अर्धपिप्पलीમાં हलँङ्याब्भ्यो० । 6-1-68 સૂત્રથી सुનો લોપ થશે નહીં. આ શંકાનો પરિહાર કરવા માટે પુરુષોત્તમદેવે સૌકર્યાર્થે "ક્વચિત્ ઉપસર્જન સ્ત્રીપ્રત્યયાન્તમાં પણ પ્રત્યયગ્રહણ પરિભાષાની ઉપસ્થિતિ થતી નથી." એમ જણાવ્યું છે. આ ઉપાયનો સ્વીકાર કરીને સીરદેવે બીજા એક ઉપાયાન્તરનો નિર્દેશ કર્યો છે. જેમકે, एकविभक्ति चापूर्वनिपाते । 1-2-48 સૂત્રમાં અનુવૃત્ત થતી વિભાષાને વ્યવસ્થિતવિભાષા માનીશું. આથી જેવા રીતે अर्धपिप्पली । ઉદાહરણમાં શાસ્ત્રીયોપસર્જનના અભાવપૂર્વક લૌકિકોપસર્જનના આશ્રયે હ્રસ્વત્વ થતું નથી, તેવી રીતે अनुपसर्जने એવો પ્રતિષેધ પણ લાગતો નથી.

નીલકંઠ : (૩૩)

આ પરિભાષાનો અર્થ નીલકંઠે આ પ્રમાણે રજૂ કર્યો છે; સ્ત્રીપ્રત્યયે चानुपसर्जने न । એવા પરિભાષાના પાઠમાં વિષયસપ્તમીનો નિર્દેશ કરવામાં આવ્યો છે. 'જે શબ્દ પ્રાધાન્યેન સ્ત્રીત્વનું બોધન કરતો હોય ત્યાં જો તદાદિનિયમની પ્રવૃત્તિ થતાં સ્ત્રીપ્રત્યયાન્તત્વનો અભાવ રહેતો હોય તો પણ (ત્યાં) તદન્તત્વ પ્રયુક્ત કાર્ય કરવાં જોઈએ. પરંતુ જ્યાં શબ્દ અપ્રાધાન્યેન સ્ત્રીત્વનું બોધન કરતો હોય ત્યાં તદાદિ નિયમ પ્રવૃત્ત થાય છે અને તદન્તત્વ પ્રયુક્ત કાર્યો થતાં નથી.'

વિશેષમાં નીલકંઠે આ પરિભાષાને 'સ્વતંત્ર વાચનિકી' જાહેર કરવાને બદલે ઉપાયાન્તરથી સિદ્ધ થતી વર્ણવી છે. જેમકે, यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम् । 1-4-13 એવા અંગ સંજ્ઞા વિધાયક સૂત્રમાં नेवङ्ङावस्त्री । 1-4-4 સૂત્રમાંથી ननी અને वामि । 1-4-5 સૂત્રમાંથી वानी અનુવૃત્તિ આવે છે. તેને વ્યવસ્થિતભાષા માનવાથી આ પરિભાષાર્થ પ્રાપ્ત થાય છે.

હરિભાસ્કર : (૨૬)

તેમણે કૈયટના એક ઉલ્લેખની સમીક્ષા રજૂ કરી છે : "हलङ्याब्भ्यो० । 6-1-68 સૂત્રમાં દીર્ઘ ગ્રહણ કર્યું છે. તેનાથી જણાય છે કે ક્વચિત ઉપસર્જનીભૂત સ્ત્રીપ્રત્યય હોય તો પણ તદાદિનિયમ લાગતો નથી. અર્થાત્ તદાદિ અંશનું ગ્રહણ થતું નથી. પરિણામે अतिराजकुमारि । એ ઉદાહરણમાં गोस्त्रियोरुपसर्जनस्य । 1-2-48 સૂત્રથી હ્રસ્વ થયો છે." આ પ્રમાણે કૈયટનું કહેવું ઉચિત નથી. કારણ કે अतिखट्वा । ઇત્યાદિમાં આ કાર લોપની નિવૃત્તિને અર્થે દીર્ઘગ્રહણ ચરિતાર્થ છે. તથા अतिराजकुमारि । એ ઉદાહરણમાં તો અનુપસર્જનત્વથી જ કાર્ય-નિર્વાહ કરવાનો છે. અહીં कुमारीनुं अतिक्रान्तम् । ની પ્રત્યે ઉપસર્જનત્વ હોવા છતાંય 'राजानम्' પ્રતિ ઉપસર્જનત્વ નથી. આથી ત્યાં અનુપસર્જન राजकुमारी શબ્દમાં હ્રસ્વ થશે જ. આ ચર્ચાનો નાગેશ ભટ્ટે સ્વીકાર કર્યો છે.

નાગેશ : (૨૬)

નીલકંઠે રજૂ કરેલા પરિભાષાર્થનો નાગેશે સ્વીકાર કરીને તેને વિશદ સ્વરૂપે મૂકવાનો પ્રયાસ કર્યો છે : स्त्रीप्रत्ययेऽ० । એવા પાઠમાં વિષયસપ્તમી છે. જે સ્ત્રીપ્રત્યય પ્રધાનપણે સ્ત્રીત્વનું બોધન કરે ત્યાં તદાદિનિયમ લાગતો નથી.

(કેવળ તદન્તવિધિ થાય છે.) પરંતુ જે સ્ત્રીપ્રત્યય અપ્રધાનપણે સ્ત્રીત્વનું બોધન કરે ત્યાં તદાદિ-નિયમ અવશ્ય લાગે છે.

તેઓ વિશેષમાં સ્પષ્ટતા કરતાં જણાવે છે કે જે સમુદાયમાં (સામાસિક શબ્દમાં) પ્રત્યાસત્તિથી સ્ત્રીપ્રત્યયાન્તત્વ લાવવાનું હોય ત્યાં જો તે સમુદાયના અર્થની પ્રત્યે સ્ત્રીપ્રત્યયનું અનુપસર્જનત્વ હોય તો જ આ પરિભાષા પ્રવૃત્ત થાય છે. અર્થાત્ જે પ્રકૃતિને સ્ત્રીપ્રત્યય થયો હોય ત્યાં તે તદાદિસ્ત્રીપ્રત્યયાન્ત શબ્દનો અર્થ પૂર્ણ સામાજિક શબ્દસમુદાયના અર્થની અંદર ઉપસર્જનીભૂત ન બની ગયો હોય તેવા જ સ્થળે આ પરિભાષા લાગુ પડે છે અને પરિણામે તદાદિ નિયમ લાગુ પડતો નથી. જેમકે, परमकारीषगन्धीपुत्रः । – અહીં कारीषगन्ध्या એવો ષ્યઙન્ત = સ્ત્રીપ્રત્યયાન્ત શબ્દ परमानी સાથે સમાસ થયા પછી પણ ઉપસર્જનીભૂત બની ગયો નથી. આથી ત્યાં તદાદિનિયમ લાગતો નથી. અને સંપ્રસારણ થઈ શકે છે. પરંતુ अतिकारीषगन्ध्यापुत्रः । ઉદાહરણમાં कारीषगन्ध्यानો અર્થ अतिના અર્થમાં ઉપસર્જનીભૂત બની ગયો છે. આથી સમ્પ્રસારણ થતું નથી.

આ જ પ્રમાણે अतिराजकुमारि । ઉદાહરણની પણ સિદ્ધિ થાય છે. આ ઉદાહરણમાં राजकुमारी શબ્દનો અર્થ अति શબ્દના અર્થની પ્રત્યે ઉપસર્જનીભૂત બની જતો હોવા છતાંય राजन् શબ્દના અર્થની પ્રત્યે અનુપસર્જનીભૂત રહેતો હોવાથી તદાદિનિયમ લાગતો નથી. અને પરિણામે राजकुमारी શબ્દ પણ સ્ત્રીપ્રત્યયાન્ત કહેવાતાં હ્રસ્વ સિદ્ધ રહે છે.

પરિભાષાના પાઠમાં अनुसर्जने તેવું પદ હોવાથી કયા પ્રકારના ઉપસર્જનને અહીં ધ્યાનમાં લેવાનું છે, તેવો પ્રશ્ન કોઈને થાય. નાગેશ ભટ્ટ તેની સ્પષ્ટતા કરતાં જણાવે છે કે અહીં શાસ્ત્રીય ઉપસર્જન અર્થાત્ थप्रमा निर्दिष्टं समास उपसर्जनम् । 1-2-43 સૂત્રોક્ત ઉપસર્જન અસંભવ હોઈને ગૃહીત થતું નથી. પરંતુ લૌકિક ઉપસર્જન જ ગૃહીત થાય છે.

આ પરિભાષાની ચર્ચાનો ઉપસંહાર કરતાં નાગેશ ભટ્ટ જણાવે છે કે આ પરિભાષા प्रत्ययग्रहण० । પરિભાષાનો અપવાદ હોવાથી જ્યાં સ્ત્રીપ્રત્યય સામાન્યનું કે વિશેષનું ગ્રહણ હોય ત્યાં જ પ્રવૃત્ત થાય છે. પરંતુ જ્યાં સ્ત્રીપ્રત્યય અને અસ્ત્રીપ્રત્યય ઉભયનું ગ્રહણ હોય ત્યાં પ્રવૃત્ત થતી નથી.

નીલકંઠે આ પરિભાષાને વ્યવસ્થિતવિભાષાથી સિદ્ધ થતી વર્ણવી છે, તેનું ખંડન કરતાં નાગેશ ભટ્ટ જણાવે છે કે આ પરિભાષા માત્ર 'વાચનિકી' જ છે.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. સૌથી પ્રથમ પુરુષોત્તમદેવે ભાષ્યમાંથી સૂચન મેળવીને અને ભાષ્યકારના વચનપ્રામાણ્યથી જ પ્રમાણભૂત માનીને રજૂ કરી છે.

પુરુષોત્તમદેવે રજૂ કરેલી આ પરિભાષા અને તેની ચર્ચામાં બે ફેરફારો થયા છે: (૧) પુરુષોત્તમદેવે स्त्रीप्रत्ययेनानुपसर्जनेन । તેવો પાઠ સ્વીકાર્યો છે. આ પાઠમાં સ્પષ્ટીકરણાર્થે નિષેધાર્થક न નો ઉમેરો કરીને सीरदेवे न स्त्रीप्रत्यये चानुपसर्जने । એવો પાઠ રજૂ કર્યો. તથા નીલકંઠ અને નાગેશે स्त्रीप्रत्यये चानुपसर्जने न । એવો પાઠ રજૂ કર્યો. (૨) हल्ङ्याब्भ्यो० । 6-1-68 સૂત્રસ્થ दीर्घ ગ્રહણથી ક્વચિત્ ઉપસર્જન સ્ત્રીપ્રત્યયમાં પણ તદાદિનિયમ લાગતો નથી. -એ અભિપ્રાયનું હરિભાસ્કરે અને તેમને અનુસરીને નાગેશે ખંડન કર્યું છે.

कृद्ग्रहणेन गतिकारकपूर्वस्यापि ग्रहणम् ॥ ४६ ॥

(કૃત્ પ્રત્યયનું ગ્રહણ કર્યું હોય ત્યાં ગતિ અને કારક સહિતના તદાદિનું ગ્રહણ થાય છે.)

આ પણ પ્રત્યય-ગ્રહણ પરિભાષાનો અપવાદ છે. જ્યાં કૃત્ પ્રત્યયનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં ગતિપૂર્વ અને કારકપૂર્વ કૃદન્તનું પણ ગ્રહણ થાય છે; નહીં કે જે પ્રકૃતિને કૃત્ પ્રત્યય થયો હોય તેવા તદાદિનું જ ગ્રહણ થાય. જેમકે, (૧) क्षेपे । 2-1-47 સૂત્રથી क्वान्त पदनी साथे समासविधि કહેવામાં આવી છે. હવે તે વિધિ ગતિ અને કારક સહિતના क्तान्त પદની સાથે થશે. ઉદાહરણ તરીકે—उदकेविशीर्णम्, अवतप्तेनकुर्लस्थितम् । (૨) अणिनुणः । 5-4-15 સૂત્રથી इनुणन्त શબ્દને अण् પ્રત્યય કહેવામાં આવ્યો છે. તે ગતિ સહિતના इनुणन्त શબ્દને પણ લાગશે. ઉદાહરણ તરીકે सांराविणम् । અહીં ગતિ સહિતના અંગને આદિવૃદ્ધિ થઈ છે.

गतिरनन्तरः । 6-2-49 સૂત્રમાંનું अनन्तर ગ્રહણ પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક છે. આ સૂત્રથી કૃદન્ત क्तान्त ઉત્તરપદમાં રહે ત્યારે અનન્તર પૂર્વપદને ગતિસ્વરનું વિધાન કરવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે-उद्धृतम्, अवधृतम्, ઇત્યાદિ. પરંતુ अभ्युद्धृतम् જેવા ઉદાહરણમાં વ્યવહિત પૂર્વપદને ગતિસ્વરનું વિધાન કરવામાં આવ્યું નથી. અહીં જો कृद्ग्रहणे० । પરિભાષા ન હોત તો प्रत्ययग्रहणे० । પરિભાષા વડે જ अप्रत्युद्धृतम्/अभ्युद्धृतम् । જેવા ઉદાહરણમાં વ્યવહિત શબ્દ સમુદાયવાળા क्तान्त ઉત્તરપદ પરમાં રહેતા ગતિસ્વરની

પ્રાપ્તિ જ નથી. એ સંદર્ભમાં તે ગતિસ્વરની નિવૃત્યર્થે સૂત્રમાં અનન્તર ગ્રહણ ન કર્યું હોત. પરંતુ સૂત્રમાં અનન્તર ગ્રહણ કર્યું છે, તેથી આ પરિભાષાનું તે જ્ઞાપક છે. આ જ્ઞાપક એક ચિહ્નમાત્ર છે. સૂત્રકારે આ પરિભાષા સ્વીકારી છે, એટલા માત્રથી જ તેનું સાધુત્વ છે; એમ જાણવું. કારણ કે જ્યાં કૃત્ પ્રત્યયનું ગ્રહણ કર્યું હોય ત્યાં કારકપૂર્વનું પણ ગ્રહણ કરવું–એ અંશમાં કોઈ જ્ઞાપક નથી. માટે કાત્યાયને આ પરિભાષા રજૂ કરી છે તેથી તે પ્રમાણભૂત છે.

લક્ષ્યાનુરોધથી ક્વચિત્ આ પરિભાષા આશ્રિત થતી નથી. જેમકે, (૧) प्रज्ञासुकरः कटः । અહીં खल् પ્રત્યય પરમાં રહેવા છતાંય[1] खित्यनव्ययस्य । 6–3–66 તથા अरुर्द्विषदजन्तस्य मुम् । 6–3–67 સૂત્રોથી અનુક્રમે હ્રસ્વ અને મુમ્ આગમ થયો નથી. (૨) मुलकेनोपदंश भुङ्क्ते । અહીં तृतीया प्रभृतीत्यन्यतरस्याम् । 2–2–21 સૂત્રોક્ત સમાસાભાવપક્ષમાં ગતિ અને કારક સહિતના કૃદન્તની પ્રાતિપદિક સંજ્ઞા[2] થતી નથી. જો પ્રાતિપદિકસંજ્ઞા થશે તો सुपो धातुप्रातिपदिकयोः । 2–4–71 સૂત્ર વડે તે પ્રાતિપદિકના અવયવભૂત તૃતીયા વિભક્તિનો લુક્ થઈ જશે.

વ્યાડિ : (૯૩)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનું જ્ઞાપક નીચે પ્રમાણે વર્ણવ્યું છે :

व्याक्रोशी । જેવા ઉદાહરણની સિદ્ધિ અર્થે न कर्मव्यतिहारे । 7–3–6 એવું સૂત્ર રચવામાં આવ્યું છે, તે અહીં જ્ઞાપક છે. 'આ સૂત્ર કેવી રીતે જ્ઞાપક છે ?' આ સૂત્ર રચવાની જરૂર ન હતી. 'જો આ સૂત્ર નહીં રચવામાં આવે તો न य्वाभ्यां पदान्ताभ्यां पूर्वौ तु ताभ्यामैच् । 7–3–3 સૂત્રથી य કાર અને व કારથી ઉત્તરમાં આવેલા આદિ अच् ને સ્થાને વૃદ્ધિનો પ્રતિષેધ અને ऐच् આગમ–એમ બન્નેય[3] થઈ જશે.' એમ થશે તો પણ કોઈ દોષ નથી. કારણકે અહીં અંગાધિકાર (अङ्गस्य । 6–4–1) હોવાથી 'यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्यय' એવો અર્થ ગૃહીત થશે. પરિણામે ધાત્વાદિની જ અઙ્ગ સંજ્ઞા થશે. અને તેથી व्याङ् ની અઙ્ગ સંજ્ઞા થઈ શકશે નહીં. માટે અમે કહીએ છીએ કે ન

---

૧. સુ એવા ગતિ સહિતનું અહીં ગ્રહણ નથી થતું, પરિણામે ઉત્તરપદમાં ખિવદન્ત છે એમ નહીં કહી શકાય.

૨. कृत्तद्धितसमासाश्च । 1–2–46 સૂત્રથી.

૩. यूवौ ને બદલે द्वौ પાઠ સ્વીકાર્યો છે.

कर्मव्यतिहारे । 7-3-6 સૂત્ર રચવાની જરૂર નથી. તથાપિ આચાર્યે આ સૂત્ર રજૂ કર્યું છે, તેથી જ્ઞાપિત થાય છે કે આવી પરિભાષા છે.

અહીં આ પરિભાષાનાં પ્રયોજન આ પ્રમાણે દર્શાવ્યાં છે : प्रयायिणे प्रयायिणः । माषवापाणि । व्रीहिवापाणि । ઇત્યાદિ. અહીં प्रातिपदिकान्तनुम्विभक्तिषु च 8-4-11 સૂત્રથી णत्व । ની સિદ્ધિ થાય છે.

ઉપર્યુક્ત જ્ઞાપક-ચર્ચા ઉપરથી સૂચિત થાય છે કે પરિભાષાસૂચનકાર પાસે तदादिनियम અર્થે 'प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य च ग्रहणम् ।' એવી પરિભાષા નથી. તથાપિ તેમણે अङ्गाधिकार । માનીને तदादि-અંશનો લાભ મેળવ્યો છે.

સીરદેવ : (૬૨)

તેમણે પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચાનો સર્વાંશે સ્વીકાર કર્યો છે. મહદંશે જોવા મળે છે તેમ સીરદેવ જ્યારે પુરુષોત્તમદેવની ચર્ચાનો સ્વીકાર કરે છે ત્યારે તે જરૂરી સ્થળોએ સૂક્ષ્મતા, ચોકસાઈ કે સ્પષ્ટતાપૂર્વક જે તે મુદ્દાને રજૂ કરે છે. જેમકે, (૧) તેમણે પ્રકૃત પરિભાષાનો અર્થ આ પ્રમાણે આપ્યો છે : "જ્યાં **સંજ્ઞાથી કે સ્વરૂપથી કૃત્ પ્રત્યયનું** ગ્રહણ કર્યું હોય છે, ત્યાં ગતિ અને કારકપૂર્વકના કૃત્ પ્રત્યયનું પણ ગ્રહણ થાય છે." (૨) कृत्तद्धितसमासाश्च । 1-2-46 સૂત્રમાં પણ પ્રકૃત પરિભાષા પ્રવૃત્ત થાય છે. અને गतिकारकोपपदानां कृद्भिः सह समासवचनम् । એવી પરિભાષામાં તેનું સમાધાન કહેવામાં આવ્યું છે.

નીલકંઠ : (૩૫)

તેમણે આ પરિભાષાના પાઠમાં अपि શબ્દનું સ્વારસ્ય આ પ્રમાણે સમજાવ્યું છે : अपि શબ્દથી प्रत्ययग्रहणे પરિભાષાનો અર્થ (પણ) સંગૃહીત થાય છે. ગતિ અને કારક વિનાનો કૃત્ પ્રત્યય હોય ત્યાં તો प्रत्ययग्रहणे० । પરિભાષાથી જ વ્યવસ્થા થશે. આમ, ગતિ અને કારકપૂર્વક કૃત્ પ્રત્યય જ્યાં હોય તેટલા પૂરતું જ આ પ્રકૃત પરિભાષાનું અપવાદત્વ છે.

આ પરિભાષાને प्रत्ययग्रहणे० । પરિભાષાનો 'અપવાદ' કહેવામાં આવી છે. તેથી કોઈને એવી શંકા થવાનો સંભવ છે કે समासेऽनञ्पूर्वे क्त्वो ल्यप् । 7-1-37 સૂત્રભાષ્યમાં આ બે પરિભાષાઓને વિષે "द्वयोः सावकाशयोः समवस्थितयोः" – ઇત્યાદિ વચનો કહેવામાં આવે છે. આમ જો બન્ને સાવકાશ પરિભાષાઓ છે તો कृद्ग्रहणे० । પરિભાષા 'અપવાદ' કહેવી કેવી રીતે ? અહીં

નીલકંઠ જણાવે છે કે આ ભાષ્યચર્ચામાં કેવળ બે પરિભાષાઓ વચ્ચેના બાધ્ય-બાધકભાવને ઉલ્લેખવો એટલું જ તાત્પર્ય છે. અને આ મુદ્દો વિસ્તારથી તેમણે 'ભાષ્યતત્ત્વવિવેક'માં સમજાવ્યો છે.

હરિભાસ્કર : (૬૪)

તેમણે નીલકંઠની ચર્ચામાંથી સૂચન મેળવીને સીરદેવની ઉક્તિને ચિન્ત્ય જાહેર કરી છે.

સીરદેવે પ્રકૃત પરિભાષાને प्रत्ययग्रहण० । પરિભાષાનો અપવાદ કહ્યો છે. હરિભાસ્કરના મતે તે મુદ્દો ચિન્ત્ય છે. કારણ કે येन नाप्राप्ते यो विधिः० । એ ન્યાયનો વિષય નહીં હોવાથી कृदग्रहणे० । પરિભાષાને અપવાદ કહેવી તે ઉચિત નથી. જેમકે, व्यावलेखि । અને व्यावचर्चि । જેવાં कृद्ग्रहणे० । પરિભાષાનાં ઉદાહરણોમાં "स्त्रीप्रत्यये चानुपसर्जने न ।' એવી પરિભાષા પ્રવૃત્ત થતાં प्रत्ययग्रहणे० । પરિભાષાની અપ્રવૃત્તિ રહે છે. અર્થાત્ હરિભાસ્કરના મતે कृद्ग्रहणे० । પરિભાષા प्रत्ययग्रहणे० । પરિભાષાની અપવાદ નથી. આના સમર્થનમાં હરિભાસ્કરે જણાવ્યું છે કે ल्यप् વિધાયક (7-1-37) સૂત્રભાષ્યમાં प्रत्ययग्रहणे० । અને कृद्ग्रहणे० । પરિભાષાઓનું સાવકાશત્વ પ્રતિપાદિત કરતો ભાષ્યગ્રન્થ ઉપયુક્ત બની રહે છે.

નાગેશ : (૨૮)

નાગેશે આ પરિભાષાની જ્ઞાપક ચર્ચા વિગતે અને સૂક્ષ્મ દૃષ્ટિએ રજૂ કરી છે. કર્મણિ क्तान्त ઉત્તરપદમાં રહે ત્યારે અનન્તર ગતિને પ્રકૃતિસ્વર થાય છે. તેવા અર્થવાળા गतिरनन्तरः । 6-2-49 સૂત્રમાં અનન્તર ગ્રહણ કર્યું છે; તે અહીં જ્ઞાપક છે. अभ्युद्धृतम् । જેવા ઉદાહરણમાં अभि ને પ્રકૃતિસ્વર ન થઈ જાય તે માટે અનન્તર ગ્રહણ કર્યું છે. 'પરંતુ પ્રત્યયગ્રહણ પરિભાષા વડે उद्धृत શબ્દમાં क्तान्तत्वનો અભાવ છે.[૪] તેવી પરિસ્થિતિમાં અભિને પ્રકૃતિસ્વર પ્રાપ્ત જ નથી. માટે તેની નિવૃત્તિને અર્થે અનન્તર ગ્રહણ કરવાની જરૂર નથી.' - આમ અનન્તર ગ્રહણ વ્યર્થ બનીને જ્ઞાપન કરે છે કે આવી પરિભાષા છે.

गतिरनन्तरः । 6-2-49 સૂત્રથી अभ्युद्धृतम् । એ ઉદાહરણમાં उद्ને પ્રકૃતિસ્વર થાય છે અને પરિણામે અભિના પ્રકૃતિસ્વરને સ્થાને અનુદાત્ત (નિઘાત) થાય છે. પરંતુ અહીં गतिर्गतौ । 8-1-70 સૂત્ર પરસૂત્ર હોવાથી, તેનાથી અભિ

---

૪. પરિણામે क्तान्त શબ્દ ઉત્તરપદમાં છે એમ નહીં કહેવાતાં. ઉક્ત સૂત્રથી (6-2-49 થી) અભિ ને પ્રકૃતિસ્વર પ્રાપ્ત થશે નહીં.

ને અનુદાત્ત સિદ્ધ રહે છે જ. આ સન્દર્ભમાં અનન્તર ગ્રહણનું કોઈ ફળ જણાતું નથી. – આવી શંકાનું નિરસન કરતા નાગેશ ભટ્ટ જણાવે છે કે ઉપર્યુક્ત શંકા ઉચિત નથી. કારણ કે गतिर्गतौ । 8–1–70 સૂત્રમાં अनुदात्तं सर्वमपादादौ । 8–1–18 સૂત્રમાંથી अपादादौની અનુવૃત્તિ આવે છે. પરિણામે જ્યાં, अभ्युद्धृतम् । જેવા ઉદાહરણમાં अभि । એ કોઈ પદથી પરમાં આવેલો નથી, પરંતુ પદના આદિમાં રહેલો છે ત્યાં આ गतिर्गतौ । 8–1–70 સૂત્રની પ્રાપ્તિ જ થશે નહીં. બીજું, गतिरनन्तरः । 6–2–49 સૂત્રમાં અનન્તર ગ્રહણ કર્યું છે; તેના સામર્થ્યથી गति પદ વડે આક્ષિપ્ત થતા ધાતુનિરૂપિત આનન્તર્યનું જ ગ્રહણ થાય છે. અભિ ઉપસર્ગમાં આવું ધાતુનિરૂપિત આનન્તર્ય નથી, એ રીતે પણ ઉક્ત જ્ઞાપકમાં કોઈ દોષ નથી.

कुगतिप्रादयः । 2–2–18 આ સૂત્રથી अभिનો उद्धृतम्ની સાથે સમાસ થતાં उद्માં પૂર્વપદત્વ રહેશે નહીં. પરિણામે उद्ને પ્રકૃતિસ્વર (આદ્યુદાત્ત) ન થતાં थाथघञ्० । 6–2–144 સૂત્રથી उद्धृत શબ્દ અન્તોદાત્ત થવા આવશે, તેની નિવૃત્તિને અર્થે અનન્તર ગ્રહણ કર્યું છે. માટે તે પ્રકૃતાર્થમાં જ્ઞાપક બની શકશે નહીં; એમ પણ નહીં કહી શકાય. કારણ કે कारकाद्दत्त० । 6–2–148 એવા સૂત્રમાં कारकाद् એવો યોગવિભાગ કરીને તેમાં गतिकारकोपपदात्कृत् । 6–2–139 – સૂત્રમાંથી 'गति' પદની અનુવૃત્તિ લાવીશું. જેથી "કારકથી જ પરમાં આવેલા ગતિપૂર્વકના કાન્ત પદને અન્તોદાત્ત થાય છે." એવા નિયમની પ્રાપ્તિ થાય છે. આ નિયમ વડે थाथघञ्० । 6–2–144 સૂત્રવિહિત સ્વરની અપ્રાપ્તિ થાય છે. પરિણામે उद्धृतमां उद्ने પ્રકૃતિસ્વર આદ્યુદાત્ત સિદ્ધ જ છે. માટે गतिरनन्तरः । 6–2–49 સૂત્રમાં અનન્તર ગ્રહણ કેવળ વ્યવહિતપદની નિવૃત્તિને અર્થે જ છે અને એ રીતે તે પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે જ.

નાગેશ ભટ્ટ પરિભાષાના પાઠમાં રહેલા अपि શબ્દનું સ્વારસ્ય સમજાવતાં જણાવે છે કે જ્યાં ગતિ અને કારક સહિત કૃદન્તના નિર્દેશ હોય ત્યાં कृत् ગ્રહણથી તદ્વિશિષ્ટનું જ ગ્રહણ કરવામાં આવે છે. અને अपि શબ્દના સામર્થ્યથી ગતિ અને કારક વિનાના કૃદન્તનો ઉલ્લેખ હોય ત્યાં કેવળ કૃદન્તનું પણ ગ્રહણ થાય છે. અન્યથા, कृद्ग्रहणे० । પરિભાષાના વિષયમાં પરત્વને કારણે[૫] कृद्ग्रहणे० ।

૫. प्रत्ययग्रहणे० । પરિભાષા यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम् । 1–4–13 સૂત્રથી જ્ઞાપિત થતી હોવાથી પ્રથમાધ્યાયની છે. અને कृद्ग्रहणे० । પરિભાષા गतिरनन्तरः । 6–2–49 સૂત્ર ઉપર જ્ઞાપિત થતી હોવાથી ષષ્ઠાધ્યાયની છે.

પરિભાષા વડે પ્રત્યયગ્રહણે૦ । પરિભાષાનો બાધ જ થઈ જશે. માટે અપિ શબ્દને પરિભાષાના પાઠમાં મૂકવામાં આવ્યો છે.

જ્યાં ગતિપૂર્વક કે કારકપૂર્વક કૃદન્તનો ઉલ્લેખ હોય ત્યાં તદ્વિશિષ્ટકૃદન્તનું જ ગ્રહણ થાય છે; અને કેવળ કૃદન્તનું ગ્રહણ થતું નથી.—આવો નિયમ હોવાથી. गतिकारकोपपदानां कृद्भिः सह समासवचनम् । તથા कृद्ग्रहणे गतिकारकपूर्वस्यापि ग्रहणम् । એ બે પરિભાષાઓ વડે 'सम्' એવા गति નો 'कुटिन्' એવા इणुन् કૃત્પ્રત્યયાન્તની સાથે પ્રથમ સમાસ થાય છે. અને ત્યાર પછી જ साङ्कुटिनम् શબ્દથી अण् પ્રત્યય થાય છે. પરિણામે 'साङ्कुटिनम्' ।– ઉદાહરણ સિદ્ધ થાય છે. પરંતુ साङ्कोटिनम् । એવું ઉદાહરણ બનતું નથી. અન્યથા કેવળ कुटिन् શબ્દ પણ इणुनन्त હોવાથી તેને જો अण् પ્રત્યય થાય તો પક્ષમાં सङ्कौटिनम् । એવું અશુદ્ધ રૂપ દુર્વાર જ બની રહે.

નાગેશ ભટ્ટે આ પરિભાષાનો ઉપસંહાર કરતાં જણાવ્યું છે કે गतिरनन्तरः । 6-2-49 સૂત્રમાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી. તથા કૃદ્વિશેષ કે કૃત્સામાન્ય ગ્રહણમાં આ પરિભાષાની પ્રવૃત્તિ થાય છે. પરંતુ કૃદ્-અકૃદ્ ઉભયના ગ્રહણમાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનાં જે જ્ઞાપક તથા પ્રયોજનો વર્ણવ્યાં છે, તેનાથી જુદાં જ જ્ઞાપક અને પ્રયોજનો પુરુષોત્તમદેવે રજૂ કર્યાં છે. કારણ કે પુરુષોત્તમદેવે ભાષ્ય ચર્ચાનો ઉપયોગ કર્યો છે.

નાગેશ ભટ્ટે આ પરિભાષાની જ્ઞાપક-ચર્ચામાં ઉપસ્થિત થતાં સંશયોને નિર્મૂળ કરીને ભાષ્યોક્ત જ્ઞાપકને પ્રસ્થાપિત કર્યું છે.

આ પરિભાષા પાણિનિપૂર્વેથી પ્રચલિત હોય તેમ જણાય છે. કારણ કે આ પરિભાષાના 'કારક સહિતના કૃત્-પ્રત્યયનું ગ્રહણ થાય છે.' એ અંશમાં કોઈ જ્ઞાપક મળતું નથી. પરંતુ પૂર્વાચાર્ય પઠિત આ પરિભાષા અવિચ્છિન્ન આચાર્ય-પરંપરાથી પ્રાપ્ત થતી હોઈ સ્વીકાર્ય છે.

गतिकारकोपपदानां कृद्भिः सह समासवचनं प्राक् सुबुत्पत्तेः ॥ ४७ ॥

(सुप् પ્રત્યયની ઉત્પત્તિ પૂર્વે, गति, કારક અને ઉપપદનો કૃદન્તની સાથે સમાસ થાય છે.)

પરિભાષામાં "સુપ પ્રત્યયની ઉત્પત્તિ પૂર્વે જ એમ કહેવું જોઈએ. સુપ્ સુપા । 2-1-2,4 નો અધિકાર હોવા છતાંય કુગતિપ્રાદયઃ। 2-1-18, કર્તૃકરણે કૃતા બહુલમ્ । 2-1-32 તથા ઉપપદમતિઙ્ । 2-2-19 સૂત્રોથી જે ગતિ, કારક અને ઉપપદનો કૃદન્તની સાથે સમાસ કહ્યો છે; તે સુપ્ પ્રત્યયની ઉત્પત્તિ પૂર્વે જ જાણવો. આથી, (૧) ગતિ સંજ્ઞક પ્ર શબ્દનો અસુબન્ત ક પ્રત્યયાન્ત સ્થ શબ્દની સાથે જ સમાસ થાય છે;

(૨) ચર્મન્ અને અભ્ર એવા બે કારકોનો કર્તૃકરણે કૃતા બહુલમ્ । 2-1-32 સૂત્રથી અસુબન્ત ક્તાન્તની જ સાથે સમાસ થાય છે. ચર્મક્રીતી; અભ્રલિપ્તી । (૩) કચ્છ શબ્દનો ક પ્રત્યયાન્ત પ શબ્દની સાથે અને ચર્મ શબ્દનો અણ્ પ્રત્યયાન્ત કાર શબ્દની સાથે જે સમાસ થાય છે; તે પણ અસુબન્ત કાર શબ્દની જ સાથે થાય છે. કચ્છપી । ચર્મકારી ।

અહીં, અસુબન્તની સાથે સમાસ કરવાનું એ પ્રયોજન છે કે આવું સમાસસંજ્ઞક પ્રાતિપદિક અ કારાન્ત થાય છે. અને અ કારાન્ત પ્રાતિપદિક થતાં (૧) અતઃ । (अदन्तत्व) એવો અધિકાર હોવાથી પુંયોગમાં ઙીપ્ થાય છે. જેમકે, પ્રષ્ઠી । (૨) ચર્મક્રીતી । એ ઉદાહરણમાં ક્રીતાત્કરણપૂર્વાત્ । 4-1-50 સૂત્રથી અને અભ્રલિપ્તી । એ ઉદાહરણમાં ક્તાદલ્પાદાખ્યાયામ્ । 4-1-51 સૂત્રથી ઙીષ્ થાય છે. (૩) તથા ચર્મકારી । એ ઉદાહરણમાં ટિડ્ઢાણઞ્૦ । 4-1-15 સૂત્રથી ઙીપ્ થાય છે. (૪) કચ્છપી । એ ઉદાહરણમાં જાતેરસ્ત્રીવિષયાદયોપધાત્ । 4-1-63 સૂત્રથી ઙીષ્ થાય છે. અહીં જો સુબન્તની સાથે સમાસ થશે તો અંતરંગત્વને કારણે પ્રથમ ટાપ્ પ્રવૃત્ત થશે. પછી સુપ્ પ્રત્યય છેલ્લે સમાસ થશે. પરિણામે સમાસ સંજ્ઞક પ્રાતિપદિક આ કારાન્ત થતાં અતઃ (अदन्तत्व) એવા અધિકારમાં વિહિત ઈ કાર થશે નહીં.

(માટે) આ જ પ્રમાણે માષાન્ વપતિ બ્રાહ્મણી । એ અર્થમાં માષ શબ્દનો બહુલમાભીક્ષણે । 3-2-81 સૂત્રવિહિત ણિનિ પ્રત્યય છે અન્તમાં જેની, તેવા વાપિન્ શબ્દની સાથે સમાસ થશે, ત્યારે તે પણ વાપિન્ એવા અસુબન્ત શબ્દની સાથે જ સમાસ થશે. અહીં માષવાપિન્ શબ્દમાં ન્ કાર પ્રાતિપદિકના જ અન્તે છે: તેથી પ્રાતિપાદિકાન્ત૦ । 8-4-11 સૂત્રથી ણત્વ સિદ્ધ રહે છે. પરંતુ (ગૌપાદિક) ણત્વ અસિદ્ધ હોવાથી ઋન્નેભ્યો ઙીપ્ । 4-1-5 સૂત્રથી ઙીપ્ થતાં માષવાપિણી । વ્રીહિવાપિણી । જેવાં ઉદાહરણો સિદ્ધ થાય છે.

જો કે અહીં "સુપ્ પ્રત્યયની ઉત્પત્તિ પૂર્વે" એમ સામાન્યપણે કહ્યું છે; તો પણ ગતિ, કારક અને ઉપપદ સંજ્ઞક શબ્દોનો તે સુબન્ત હશે ત્યારે જ અસુબન્ત એવા કૃદન્તોની સાથે સમાસ થશે; એમ જાણવું. આથી चर्मक्रीती અને चर्मकारी । જેવાં ઉદાહરણોમાં પૂર્વપદમાં રહેલા કારક શબ્દ (चर्मन्) સુબન્ત હતો માટે તેના न् કારનો લોપ થયો છે. આ જ પ્રમાણે वैयाकरणः । માં પરત્વને કારણે ऐच् આગમ થયો છે, निष्णातम् । માં णत्व થયું છે. અને निर्याय । માં रुत्व થયું क्रीतात्करणपूर्वात् । 4-1-50 સૂત્રભાષ્યમાં પતંજલિએ मनसाक्रीती । એવું ઉદાહરણ નોંધ્યું છે. અહીં मनसः संज्ञायाम् । 6-3-4 સૂત્રથી अलुक् થતાં પૂર્વપદની તૃતીયા વિભક્તિ સંભળાય છે. વળી, अर्थवत् । 1-2-45 સૂત્ર ઉપર ભર્તૃહરિએ પણ કહ્યું છે: "સુબન્તોનો અસુબન્તની જ સાથે સમાસ થાય છે; ગતિ, કારક અને ઉપપદોનો કૃદન્તની સાથે."

સૂત્રકારે उपपदमतिङ् । 2-2-19 એવું સૂત્ર રચીને આ પરિભાષા જ્ઞાપિત કરી છે. જેમકે, ભાષ્યમાં કહ્યું છે: सुप्सुपा । 2-1-2, 4 નો અધિકાર હોવાથી તિડન્ત પદની સાથે સમાસ થવાનો પ્રસંગ જ નથી, એવી પરિસ્થિતિમાં अतिङ् ગ્રહણ શા માટે કર્યું છે ? "कुगति प्रादयः 2-2-18 અને उपपदमतिङ् । 2-2-19 સૂત્રોની સાથે सुप्सुपा । 2-1-2, 4 નો સંબંધ થતો નથી." એવું - જ્ઞાપિત કરવા માટે अतिङ् ગ્રહણ કર્યું છે. આ રીતે 'ગતિ, કારક અને ઉપપદનો કૃદન્તની સાથે સુબુત્પત્તિની પૂર્વે સમાસ થાય છે.' એવું વચન ઉપપન્ન થાય છે. અહીં જ્ઞાપક 'सुप्सुपा । 2-1-2, 4નો સંબંધ થતો નથી.' એમ જે કહ્યું છે, તેમાં 'अतिङ્'નો સંબંધ થતો નથી.' એમ (પણ) જાણવું જોઈએ.[1] કારણ કે પૂર્વપદ સુબન્ત જ હોય, એમ ઇષ્ટ છે. આ જ્ઞાપક પણ એકાન્તિક નથી. જેમકે, કાત્યાયને अतिङ् ગ્રહણનું પ્રયોજન આ પ્રમાણે વર્ણવ્યું છે: अतिङ् પદ ક્રિયાના નિષેધનું ઉપલક્ષણ છે. જ્યાં ઉપપદમાં ક્રિયા હોય ત્યાં આ સમાસ ન થાય. ઉદાહરણ તરીકે कारकस्य गतिः । कारकस्य व्रज्या । અહીં तुमुण्ण्वुलौ क्रियायां क्रियार्थायाम् । 3-3-10 સૂત્રથી ण्वुल् થયો છે. અહીં જો કર્તરિ ષષ્ઠી સમાસ થાય તો ઉપપદનો પૂર્વનિપાત થતાં व्रज्याकारकः । એવું અનિષ્ટ રૂપ થાય. પરંતુ ण्वुल्तृचौ । 3-1-133 સૂત્ર વિહિત ण्वुल् પ્રત્યય જ્યાં થયો હોય ત્યાં ण्वुलन्त શબ્દનો ષષ્ઠી-

---

૧. પ્રા. અભ્યંકરજીએ तन्मिलितं એવો પાઠ સ્વીકાર્યો છે. પરંતુ મેં तस्मिन्नतिङ् એવો પાઠ સ્વીકારીને આ અનુવાદ રજૂ કર્યો છે. पूर्वपदस्य सुबन्तस्यैवेष्यमाणत्वात् । એવી ઉક્તિ સાથે આ પાઠ ઉચિત જણાય છે.

સમાસ તો થાય છે જ. જેમકે, कारकगतिः । कारकव्रज्या । માટે पुंयोगादाख्यायाम् । 4-1-48 સૂત્ર ઉપર કાત્યાયને આ પરિભાષાને સ્વીકારી છે એટલા માત્રથી જ તે પ્રમાણભૂત છે.

स्वरविधायक तिङि चोदात्तवति । 8-1-71 સૂત્ર ઉપર ન્યાસકારે આ પરિભાષાનું અર્થાન્તર પણ રજૂ કર્યું છે. જેમકે; "ગતિ, કારક અને ઉપપદનો કૃદન્તની જ સાથે સમાસ થાય છે." પરિણામે प्रपचतितराम् । એ ઉદાહરણમાં तरप् પ્રત્યયાન્તનો સમાસ થતો નથી.

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૨૨)

તેમણે આ પરિભાષાની ચર્ચામાં કેટલીક શંકાઓ ઉપસ્થિત કરીને તેનું સમાધાન આપેલું છે. જેમકે;—

(૧) "કૃદન્તની સાથે સમાસ કર્યા પછી જ શા માટે સ્ત્રી પ્રત્યય ઉત્પન્ન કરવામાં આવે છે? કારણ કે કૃત્ પ્રત્યયોત્પત્તિના અનન્તર કાલમાં જ સમાસ થતાં, તે સમાસને નિમિત્તે પ્રાપ્ત સુપ્ પ્રત્યયની પૂર્વે અંતરંગત્વને કારણે જે સ્ત્રીપ્રત્યય થવા આવે છે-તેની પણ પૂર્વે पुंयोगादाख्यायाम् । 4-1-48 જેવાં સૂત્રોથી સ્ત્રીપ્રત્યય કરીશું તો પણ પ્રષ્ઠી । અને अश्वक्रीती । જેવાં ઉદાહરણો સિદ્ધ થશે." પરંતુ આવી શંકા ઉચિત નથી. કારણ કે प्रष्ठ । આદિ સમુદાયમાં પ્રત્યયગ્રહણ પરિભાષાની પ્રવૃત્તિ થતાં કૃદન્તત્વનો અભાવ છે. પરિણામે ત્યાં પ્રાતિપદિકત્વનો અભાવ રહે છે. આથી તેવા સમુદાયને સ્ત્રીપ્રત્યય કરવો શક્ય નથી.

(૨) "જો ગત્યાદિનો, સુપ્ પ્રત્યયની ઉત્પત્તિ પૂર્વે, અસુબન્ત શબ્દાન્તરની સાથે સમાસ થાય છે." એમ કહેશો તો ધાતુ અને ઉપસર્ગના સમુદાયનો પણ સમાસ થવા આવે છે. પરિણામે ધાતુ અને ઉપસર્ગના સમુદાયને વિભક્તિ પ્રત્યય લાગવાનું પ્રાપ્ત થશે.

આ શંકાનું સમાધાન "पूर्वं धातुः साधनेन युज्यते ।" એવા દર્શનનો આશ્રય કરી કરવું જોઈએ.

આ ઉપરાંત સીરદેવે પરિભાષાર્થ વિષે મતાન્તરો પણ નોંધ્યા છે : गतिकारकोपपदात्कृत् । 6-2-136 સૂત્ર ઉપર આ પરિભાષાના બે અર્થો ન્યાસકારે દર્શાવ્યા છે. (૧) ગતિ, કારક અને ઉપપદનો કૃદન્તની જ સાથે સમાસ થાય છે; અને તે

સુબુત્પત્તિની પૂર્વે. (૨) ગતિ, કારક અને ઉપપદનો અવિશેષ સ્વરૂપે સમાસ થાય છે. 'માત્ર કૃદન્તની જ સાથે સમાસ થાય છે'—એમ નહીં અને જો તેમનો કૃદન્તની સાથે સમાસ થાય તો તે સુબુત્પત્તિની પૂર્વે.

આ બીજા અર્થ વડે प्रपचतितराम् । જેવાં ઉદાહરણોમાં પણ સમાસ થાય છે. અહીં તદ્ધિત તરવન્તની સાથે પણ પ્ર ગતિનો સમાસ થયો છે. પુરુષોત્તમદેવે નોંધ્યું છે કે જો ઉપર્યુક્ત પ્રથમ અર્થ લેશો તો प्रपचतितराम् । માં સમાસ થશે નહીં.

આ બે અર્થોના અનુસન્ધાનમાં કેટલાક વૈયાકરણોનો ત્રીજો મત પણ પ્રચલિત છે. જેમકે, ક્વચિત્ સુબન્ત કૃદન્તની જ સાથે ગત્યાદિનો સમાસ થાય છે. આવું उपपदमतिङ् । 2-2-19 સૂત્ર ઉપર રક્ષિતે કહ્યું છે. ઉદાહરણ તરીકે धनक्रीता । અને उरष्केण । અહીં સુબન્તની જ સાથે સમાસ કર્યો છે. આથી सोऽपदादौ । 8-3-38 સૂત્રથી સત્વ થતું નથી. उरस् શબ્દનો સુબન્ત ક પ્રત્યયાન્તની સાથે સમાસ કરવાથી તે પદના આદિમાં છે, એમ નક્કી થશે. પરિણામે सोऽपपादौ । 8-3-38 થી વિસર્ગને સત્વ થતું નથી.

શંકાકાર જણાવે છે કે ઉપર્યુક્ત સત્વ ની અપ્રવૃત્તિવિષયક ચર્ચા અસંગત છે અહીં સુવન્ત ની સાથે સમાસ કર્યો છે તો પણ સત્વ થવું જ જોઈએ. કારણ કે उत्तरपदत्वे चापदादिविधौ । 1-1-63 વા૦ ૬ થી પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. તેથી ક શબ્દ અસુબન્ત બનતાં તેમાં પદત્વનો અભાવ રહે છે.-સીરદેવ આ શંકાનું સમાધાન કરતાં જણાવે છે કે उत्तरपदत्वे चापदादिविधौ । એવા વાર્તિકથી જે પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ રજૂ કર્યો છે, તે सोऽपदादौ । 8-3-38 સૂત્રોક્ત પ્રતિષેધ કર્તવ્ય રહે ત્યારે પ્રવૃત્ત થતો નથી.

વિશેષમાં સીરદેવ જણાવે છે કે भास्करान्तेत्यत्र । 3-2-21 સૂત્રમાં સત્વનું નિપાતન કર્યું છે. તેનાથી બે મુદ્દાઓ જ્ઞાપિત થાય છે:

(૧) गतिकारकोपपदानां० । એ પરિભાષાનું પ્રાયિકત્વ (અનિત્યત્વ) અને

(૨) सोऽपदादौ । 8-3-38 સૂત્રમાં પ્રત્યયલક્ષણના પ્રતિષેધની અપ્રવૃત્તિ. જેમકે, गतिकारकोपपदानां० । પરિભાષાથી સુબુત્પત્તિની પૂર્વે જો સમાસ કરવામાં આવશે તો भास्करः । શબ્દમાં ઉત્તરપદત્વના અભાવને કારણે જ सोऽपदादौ । 8-3-38 સૂત્રથી સત્વ થઈ જશે. એ રીતે સત્વ નિપાતનની કોઈ જરૂર ન હતી. અને બીજું; આ પરિભાષાના પ્રાયિકત્વને કારણે भास्करः । શબ્દમાં બે સુબન્તોનો સમાસ થયો છે. તથાપિ उत्तरपदत्वे चापदादिविधौ । 1-1-63, વા૦ ૬ વડે

પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ થતાં પદત્વનો અભાવ રહેશે. અને પરિણામે સોઽપદાદૌ। 8-3-38 થી સત્વ સિદ્ધ રહેશે. એ રીતે સત્વ ના નિપાતનની જરૂર ન હતી. છતાં પણ સત્વ નું નિપાતન કર્યું છે, તે ઉક્તાર્થમાં જ્ઞાપક બને છે. તથા આ જ્ઞાપકનું પ્રયોજન उरः केण । ઇત્યાદિમાં સોઽપદાદૌ । 8-3-38 થી સત્વ નો અભાવ રહે છે, તે છે.

નીલકંઠ : (૪૨)

તેમણે આ પરિભાષાની ઉપપત્તિ તથા અનિત્યત્વ આ પ્રમાણે દર્શાવ્યાં છે : "ગતિ, કારક અને ઉપપદનો કૃદન્તની જ સાથે સમાસ થાય છે; સુબુત્પત્તિની પૂર્વે. એવી પરિભાષા उपपदमतिङ् । 2-2-16 એ સૂત્રમાં अतिङ् ગ્રહણ કર્યું છે અને कर्तृकरणे कृता बहुलम् । 2-1-32 સૂત્રમાં बहुल ગ્રહણ કર્યું છે, તેથી સિદ્ધ થાય છે. આવી પરિભાષાની પ્રવૃત્તિ થતાં व्याघ्री । अश्वक्रीती । ઇત્યાદિ રૂપો સિદ્ધ થાય છે.

अम्बाम्बगोभूमिः...अग्निम्यः स्थः । 8-3-97 સૂત્રમાં गो અને भूमि એવા શબ્દોનું ગ્રહણ કર્યું છે, તેથી જ્ઞાપિત થાય છે કે આ પરિભાષા અનિત્ય છે. આ સૂત્રથી સમાસમાં गो, भूमि ઇત્યાદિ શબ્દોથી પરમાં स्थ શબ્દ આવેલો હોય તો स्थ ના આદિ स કારનું षत्व થાય છે, પરંતુ જો આ પરિભાષા નિત્ય હોય તો ઉક્ત સૂત્રમાં गो, भूमि ઇત્યાદિ શબ્દો મૂકવાની જરૂર ન હતી. કારણ કે गोष्ठः । भूमिष्ठः । એ ઉદાહરણોમાં જો સુબુત્પત્તિ પૂર્વે સમાસ થાય તો स्थ ની પદ સંજ્ઞા જ થવાની નથી. પરિણામે सात्पदाद्योः । 8-3-11 સૂત્રોક્ત નિષેધની પ્રવૃત્તિ નહીં થાય અને आदेशप्रत्यययोः । 8-3-59 સૂત્રથી षत्व થઈ શકશે. પરંતુ આ પરિભાષા અનિત્ય માનવાથી ક્વચિત્ સુબુત્પત્તિ થયા પછી પણ કૃદન્તની સાથે સમાસ થઈ શકે. અને તેવા સ્થળે सात्पदाद्योः । 8-3-11 સૂત્રોક્ત નિષેધ લાગશે. જેથી अम्बाम्ब० । 8-3-97 સૂત્રમાં गो, भूमि ઇત્યાદિ શબ્દોનું ગ્રહણ કર્યું છે તે વ્યર્થ જશે નહીં.

હરિભાસ્કર : (૩૨)

તેમણે આ પરિભાષાનાં પ્રયોજનો વિગતે સમજાવ્યા પછી જ્ઞાપક ચર્ચાને વિશદ કરી છે : उपपदमतिङ् । 2-1-19 સૂત્રસ્થ अतिङ् ગ્રહણથી ભાષ્યકારે આ પરિભાષા જ્ઞાપિત કરી છે. જેમકે, मा भवान् भूत् । 'એવા ઉદાહરણમાં સમાસની નિવૃત્તિ કરવા માટે अतिङ् ગ્રહણ કર્યું છે. પરંતુ અહીં 'सुपा ।' એવા પદનો અધિકાર આવતો હોવાથી तिङन्तની સાથે સમાસ થવાનો પ્રસંગ જ

નથી. એવી પરિસ્થિતિમાં अतिङ् ગ્રહણ વ્યર્થ બનીને कुगतिप्रादयः । 2-2-18 તથા उपपदमतिङ् 2-2-19 સૂત્રોમાં सुपा । ની અનુવૃત્તિ નિવૃત્ત થાય છે, એમ જ્ઞાપિત કરી છે. कुगतिप्रादयः । 2-2-18 સૂત્રમાંથી गति ગ્રહણને પૃથક્ કરીને अतिङ् ગ્રહણનો ત્યાં અપકર્ષ કરવામાં આવે છે. અર્થાત્ આવા યોગવિભાગથી गतिरतिङ् । એવું સૂત્ર પ્રાપ્ત થાય છે. પરિણામે પ્રસ્તુત પરિભાષા ઉપપન્ન થાય છે. જો કે આ પરિભાષાના કારકાંશમાં જ્ઞાપક મળતું નથી અને कर्तृकरणे कृता बहुलम् । 2-3-32 સૂત્રસ્થ કૃદ્ ગ્રહણ તો काष्ठैः पचतितराम् । ઇત્યાદિ ઉદાહરણોમાં તદ્ધિત (તરબન્ત)ની સાથે સમાસ ન થાય, એ માટે છે. તથાપિ ઉક્ત જ્ઞાપક સામાન્ય સ્વરૂપે કહેવામાં આવતું હોવાથી "शितपा शपानुबन्धेन० ॥" ની જેમ એકદેશમાં અનુમતિ (જ્ઞાપક) મળતી હોવાથી સંપૂર્ણ પરિભાષા જ્ઞાપિત થાય છે એમ જાણવું. અથવા તો कर्तृकरणे कृता बहुलम् । 2-3-32 સૂત્રસ્થ बहुल ગ્રહણ "કારકનો સમાસ સુબુત્પત્તિની પૂર્વે થાય છે." એવા અર્થનું સંગ્રાહક બને છે. કારણ કે बहुनर्थान् ०लाति इति बहुलम् । એવી વ્યુત્પત્તિ કરવામાં આવી છે. અને માટે જ ક્વચિત્ સુબુત્પત્તિની અનન્તર (પશ્ચાત્) પણ સમાસ થાય છે. જેથી धनक्रीता । એવો પ્રયોગ પણ સિદ્ધ થાય છે.

નાગેશ : (૭૫)

તેમણે આ પરિભાષાની પ્રમાણ-ચર્ચા હરિભાસ્કરની જેમ રજૂ કર્યા પછી નીલકંઠને અનુસરીને પ્રકૃતપરિભાષાના અનિત્યત્વનો ઉલ્લેખ કર્યો છે. આં અનિત્યત્વને કારણે धनक्रीता । એવો પ્રયોગ પણ સિદ્ધ થાય છે. આ અનિત્યત્વનો સ્વીકાર નહીં કરનાર વૈયાકરણોના મતે धनक्रीता । એવા પ્રયોગમાં अजाद्यतष्टाप् । 4-1-4 સૂત્રથી टाप् પ્રવૃત્ત થાય છે, એવા મતાન્તરની પણ નોંધ લીધી છે.

પૂર્વાચાર્યોમાં પ્રાપ્ત થતી આટલી ચર્ચાનો સાર-સંગ્રહ કર્યા પછી નાગેશ ભટ્ટે कुम्भकारः । એવા કારકસમાસને વિશે એક વિશેષ ચર્ચા કરી છે : જેમકે, આ પરિભાષા કારકાંશમાં પણ સિદ્ધ થતી હોવાથી कुम्भकारः । વગેરે ઉદાહરણોમાં જે ષષ્ઠી સમાસ થાય છે, તે પણ सुप् પ્રત્યયની ઉત્પત્તિ પૂર્વે જ થાય છે. विभाषा । 2-1-11 એવા અધિકારમાં षष्ठी । 2-2-8 સૂત્ર પઠિત હોવાથી ષષ્ઠી સમાસના અભાવ પક્ષમાં कुम्भस्य कारः । એવું વાક્ય પ્રાપ્ત થાય છે. પરંતુ તેવા વાક્યમાં એકાર્થીભાવ રૂપ સામર્થ્ય રહેતું નથી. તેથી એવું વાક્ય બનશે નહીં. આ ષષ્ઠીસમાસના અભાવ પક્ષમાં જ્યારે ઉપપદ સમાસ થશે ત્યારે જ એકાર્થીભાવ રૂપ સામર્થ્ય રહેશે.

उपपदमतिङ् । 2-2-19 સૂત્ર ઉપરના ભાષ્યમાં વાર્તિકકારે બે વાર્તિકો રજૂ કર્યો છે : (૧) षष्ठीसमासादुपपदसमासो विप्रतिषेधेन । ૩ અને (૨) न वा षष्ठीसमासस्याभावादुपपदसमासः । ૪ અર્થાત્ कुम्भं करोतीति कुम्भकारः । એ અર્થમાં कुम्भ + ङस् + कार । નો षष्ठी । 2-2-8 સૂત્રથી ષષ્ઠી તત્પુરુષસમાસ થવા આવે છે. અને બીજી તરફ, उपपदमतिङ् । 2-2-19 સૂત્રથી ઉપપદસમાસ થવા આવે છેઃ પરંતુ उपपदमतिङ 2-2-19 સૂત્ર હોવાથી विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્રની મદદથી કેવળ ઉપપદ સમાસ જ થશે, એવો પ્રથમ વાર્તિકનો અર્થ છે. તથા બીજા વાર્તિકમાં જણાવ્યું છે કે 'અથવા તો ષષ્ઠીસમાસના અભાવને કારણે (કેવળ) ઉપપદ સમાસ (જ) થશે.' અહીં નાગેશ ભટ્ટ સ્પષ્ટ કરે છે કે ઉપપદસમાસ સુબુત્પત્તિ પૂર્વે થનાર હોવાથી અંતરંગ છે, એવા આશયથી આ બીજું વાર્તિક વાર્તિકકારે રજૂ કર્યું છે. પરંતુ ભાષ્યકારે આ બે વાર્તિકો રજૂ કર્યા પછી તેનું પ્રત્યાખ્યાન કરતાં જણાવ્યું છે કે વિભાષા ષષ્ઠીસમાસ પણ થશે અને જ્યારે ષષ્ઠી સમાસ નહીં થાય ત્યારે પક્ષમાં ઉપપદ સમાસ થશે. અર્થાત્ ભાષ્યકારના મતે विभाषा । 2-1-11 તેવો અધિકાર હોવાથી ષષ્ઠીસમાસ વિકલ્પે જ થાય છે. અને જ્યાં ષષ્ઠી સમાસ થશે નહીં ત્યાં ઉપપદ સમાસ પણ થશે. હવે જો આ બન્ને સમાસની નિત્ય પ્રાપ્તિ હોય તો જ વિપ્રતિષેધ ન્યાય લાગૂ પાડી શકાય; પણ ષષ્ઠીસમાસ વિકલ્પે પ્રવૃત્ત થનારો હોવાથી અહીં વિપ્રતિષેધન્યાય લાગુ પાડી શકાય નહીં. આ અર્થમાં વાર્તિકકારનું ઉપર્યુક્ત પ્રથમ વાર્તિક સ્વીકાર્ય નથી. બીજું, જે પ્રમાણે ઉપપદસમાસ સુબુત્પત્તિ પૂર્વે થનાર છે, એ જ પ્રમાણે ષષ્ઠી- સમાસ પણ સુબુત્પત્તિ પૂર્વે જ થનાર છે. આથી કોઈ એક સમાસને અંતરંગ અને બીજાને બહિરંગ નહીં કહી શકાય. આ અર્થમાં ઉપર્યુક્ત બીજું વાર્તિક પણ સ્વીકાર્ય નથી.

આમ, कुम्भकारः । ઇત્યાદિમાં જે પ્રમાણે ઉપપદસમાસ સુબુત્પત્તિ પૂર્વે જ થાય છે, તે જ પ્રમાણે ષષ્ઠીસમાસ પણ સુબુત્પત્તિ પૂર્વે જ થાય છે. બીજું, તે ષષ્ઠીસમાસ વિકલ્પે જ થાય છે અને તેના અભાવ પક્ષમાં વાક્ય બનતું નથી, કેમકે તેમાં એકાર્થીભાવરૂપ સામર્થ્ય રહેતું નથી. આ ષષ્ઠીસમાસના અભાવ પક્ષમાં નિત્ય ઉપપદ સમાસ જ થાય છે.

આ પરિભાષાની ચર્ચાનો ઉપસંહાર કરતાં નાગેશ ભટ્ટ આ પરિભાષાના કાર્ય-સ્વરૂપને સ્પષ્ટ કરે છે. બીજી પરિભાષાઓની જેમ આ પરિભાષા અમુક સૂત્રોની સાથે એકવાક્યતા સાધીને સૂત્રાર્થ રજૂ કરનારી નથી. પરંતુ જેવી રીતે

विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્ર વિપ્રતિષેધના પ્રસંગે (તુલ્ય બળવાળા) બે સૂત્રોમાંથી ક્યાં સૂત્રને પ્રવૃત્ત કરવું, તેની વ્યવસ્થા કરી આપનારું છે, તેવી રીતે આ પરિભાષા પણ કાર્યવ્યવસ્થાપક છે. આ પરિભાષા ગતિ, કારક અને ઉપપદનો કૃદન્તની સાથે પહેલાં સમાસ કરવો અને પછીથી સુબુત્પત્તિ કરવી કે કૃદન્ત શબ્દથી પ્રથમ સુબુત્પત્તિ કરીને ગતિ આદિની સાથે તેનો સમાસ કરવો; તેની વ્યવસ્થા કરી આપનારી આ પરિભાષા છે.

આ સ્પષ્ટીકરણને કારણે જે સૂત્રમાં સામાન્ય સ્વરૂપે કે વિશેષ રૂપે કારકનું ગ્રહણ કર્યું હોય ત્યાં જ આ પરિભાષા પ્રવૃત્ત થાય છે, એવો મત પરિહૃત થાય છે. षष्ठी । 2-2-8 એ સૂત્રમાં કોઈ કારકનો સામાન્ય સ્વરૂપે કે વિશેષ સ્વરૂપે નિર્દેશ નથી કર્યો, તથાપિ ભાષ્યકારે ત્યાં પરિભાષા પ્રવૃત્ત કરી છે.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. તથાપિ આ પરિભાષા પાણિનિપૂર્વેથી પ્રચારમાં હશે, તેવા નિર્દેશો મળી આવે છે.

કારકાંશમાં આ પરિભાષાનું જ્ઞાપક નહીં મળતું હોવાથી પુરુષોત્તમદેવે તેને કાત્યાયનવચન પ્રામાણ્યથી જ સ્વીકારવી જોઈએ, એમ જણાવ્યું છે. સીરદેવ અને નીલકંઠ આદિએ ભાષ્યને અનુસરીને તેને યોગવિભાગથી સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે. કારકાંશની સિદ્ધિ અર્થે એકદેશમાં અનુમતિ મળે છે તે કારણે અથવા कर्तृकरणे कृता बहुलम् । 2-3-32 સૂત્રસ્થ બહુલ ગ્રહણને કારણે સમગ્ર પરિભાષાની ઉપપત્તિ સ્વીકારવી, એવાં મતાન્તરો પ્રચલિત બન્યાં છે.

धनक्रीती એવા રૂપ ઉપરાંત धनक्रीता । જેવા પ્રયોગોને પણ સિદ્ધ કરવા માટે આ પરિભાષાને (૧) અનિત્ય માનવામાં આવી, (૨) अजादि – गण आकृतिगण હોવાથી टाप् ની પ્રવૃત્તિ સ્વીકારવામાં આવી અને (૩) बहुल – ગ્રહણથી પણ સિદ્ધ થાય છે: – એમ વિવિધ ઉપાયો સૂચવવામાં આવ્યા છે.

નાગેશ ભટ્ટે कुम्भकारः । ઇત્યાદિ કારકસમાસના વિષયમાં ભાષ્યોક્ત ચર્ચાને વિશદ કરી તથા પ્રકૃત પરિભાષાના કાર્યસ્વરૂપને સ્પષ્ટ કરી આપ્યું છે.

उपपदविभक्तेः कारकविभक्तिर्बलीयसी ॥ ४८ ॥

(ઉપપદ વિભક્તિની અપેક્ષાએ કારક-વિભક્તિ બળવતી હોય છે.)

આથી नमस्करोति देवान् । એ વાક્યમાં नमस् ના યોગમાં नमः-स्वस्तिस्वाहास्वधालंवषड्योगाच्च । 2-3-16 – સૂત્રવિહિત ચતુર્થીનો બાધ

કરીને દ્વિતીયા વિભક્તિ થઈ છે. આ દ્વિતીયાવિભક્તિ કારક-વિભક્તિ છે. કારકથી અન્યત્ર નમોઽસ્તુ દેવેભ્યઃ । જેવા વાક્યમાં શેષ અર્થમાં ચતુર્થી ચરિતાર્થ છે. તથા 'હા પિતઃ ક્વાસિ હે સુભ્રુઃ !' એવા પ્રયોગમાં હા શબ્દના યોગમાં દ્વિતીયાનો બાધ કરીને પ્રથમા વિભક્તિ થઈ છે. આ પ્રથામા વિભક્તિ કારકવિભક્તિ છે. અન્તરા ત્વાં ચ માં ચ કમણ્ડલુઃ । એ વાક્યમાં 'અન્તરા' એવા ઉપપદના યોગમાં કમણ્ડલુ શબ્દને પ્રથમા જ થાય છે.

આ પરિભાષા ન્યાયમૂલક છે : જેમકે, બધી જ ઉપપદ વિભક્તિઓ ષષ્ઠી વિભક્તિનો અપવાદ હોવાથી તેમનું-ઉપપદ વિભક્તિઓનું-પ્રવૃત્તિ નિમિત્ત 'સંબંધ' છે. કારકકૃત કારકસંબંધની વિવક્ષાનો પ્રસંગ હશે ત્યાં (શેષ અર્થમાં) સંબંધ જ નથી. તો પછી સંબંધમૂલક ઉપપદવિભક્તિઓ કેવી રીતે પ્રાપ્ત થશે ? આ પ્રમાણે ઉપપદ વિભક્તિઓનું દુર્બલત્વ છે. તથા ઉપપદવિભક્તિઓ દ્વિપદાશ્રિત હોવાથી બહિરંગ પણ છે.

વ્યાડિઃ (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૦૩)

તેમણે આ પરિભાષાનું વ્યાખ્યાન સ્વતંત્ર રીતે રજૂ કર્યું છે. અર્થાત્ અહીં પુરુષોત્તમદેવનું તેમણે અનુસરણ કર્યું નથી. આ વ્યાખ્યાન બે ભાગમાં વહેંચાય છે :

(૧) દેવાય નમઃ । કે નમસ્યતિ દેવાન્ । જેવાં ઉદાહરણો પ્રકૃત પરિભાષાનાં નથી.

(૨) પરંતુ કુતોઽધ્યાગચ્છતિ । કુતઃ પર્યાગચ્છતિ । જેવાં ઉદાહરણો જ આ પરિભાષાનાં સાચાં ઉદાહરણો છે.

આપણે આ વ્યાખ્યાનને વિગતે તપાસીશું. નમસ્યતિ દેવાન્ । એ વાક્યમાં પ્રત્યયાર્થની અંદર ગુણીભૂત થઈ ગયેલા નમઃ । શબ્દનો પૃથક્ સંબંધ જ નથી, તેવી સ્થિતિમાં દેવ શબ્દને ચતુર્થીનો પ્રસંગ જ નથી. અર્થાત્ અહીં આ પરિભાષાનો પ્રવૃત્તિ વિષય નથી. એ જ પ્રમાણે, નમસ્કરોતિ દેવાન્ । એ વાક્યમાં પણ કરોતિ પરક નમઃ । શબ્દ કૃ ધાતુવાચ્ય પ્રમાણ અર્થને દ્યોતિત કરતો હોવાથી સાક્ષાત્પ્રભૃતીનિ ચ । 1-4-74 સૂત્રથી ક્રિયાના યોગમાં ગતિ સંજ્ઞક બને છે. આમ તે નમઃ શબ્દ કરોતિ ના અર્થમાં પ્રાદિવત્ રહેલો હોવાથી તેનો દેવ શબ્દની સાથે પૃથક્ સંબંધ જ નથી, તેવી પરિસ્થિતિમાં ઉપપદ-વિભક્તિ

ચતુર્થી પ્રાપ્ત જ નથી. અર્થાત્ આ પણ પ્રકૃત પરિભાષાનો પ્રવૃત્તિવિષય નથી. માટે આવા સન્દર્ભોમાં પ્રકૃત પરિભાષાનું આશ્રયણ કરવું ઉચિત નથી. અન્યથા ક્રિયાયોગના અભાવપક્ષમાં એટલે કે देवाय नमः । એ વાક્યમાં नमः શબ્દ વિશેષભૂત પ્રણામ અર્થને દ્યોતિત કરશે ત્યારે પણ આ પરિભાષાથી ઉપપદ-વિભક્તિ ચતુર્થીનો બાધ થઇને દ્વિતીયા વિભક્તિ થઈ જશે. પરંતુ દ્વિતીયા વિભક્તિ થાય ઇષ્ટ નથી. જેમકે, ભટ્ટિઃ

नमश्चकार देवेभ्यः पर्णशालां मुमोच च ॥ અને रावणाय नमः कुर्यात्सीतेऽस्तु स्वस्ति ते ध्रुवमिति । અહીં સીરદેવ એક મતાન્તર પણ નોંધે છે: "ગુણભૂત ક્રિયા પણ કર્માદિ સાધન સંબંધ અનુભવે છે." જેમકે, कृतपूर्वी कटं देवदत्तः । તેની જેમ અહીં પણ नमः નો 'પ્રણામ' એવો અર્થ, દેવોની સાથે જોડાય છે. તેથી नमस्यति देवान् । એ વાક્યમાં પણ ઉપપદ-વિભક્તિ ચતુર્થી પ્રાપ્ત થશે. તેને રોકવા માટે પ્રકૃત પરિભાષાનું આશ્રયણ કરવું જોઈએ.

સીરદેવ આ મતાન્તરમાં દોષોદ્ભાવન કરતાં જણાવે છે કે આ મત લેશો તો પણ देवाय नमः करोति । એ ઉદાહરણમાં પ્રકૃત પરિભાષાથી દ્વિતીયા પ્રાપ્ત રહેશે. માટે कुतोऽध्यागच्छति । અને कुतः पर्यागच्छति । એવા પ્રયોગો જ આ પરિભાષાના સાચાં ઉદાહરણો છે. આ બે પ્રયોગોમાં - अधिपरी अनर्थकौ । 1-4-63 સૂત્રથી अधि-परिનું કર્મપ્રવચનીયત્વ હોવા છતાંય कुतः । એવા શબ્દમાં किम् શબ્દથી અપાદાને પંચમી વિભક્તિ લાવવામાં આવી છે. પરંતુ कर्मप्रवचनीय-युक्ते द्वितीया । 2-3-8 સૂત્રથી દ્વિતીયા લાવવામાં આવી નથી. વિશેષમાં સીરદેવ જણાવે છે કે આ બે પ્રયોગોમાં ગતિ સંજ્ઞાનો બાધ કરવા માટે કર્મપ્રવચનીય સંજ્ઞા કરવામાં આવી છે. પરિણામે गतिर्गतौ । 8-1-70 સૂત્રથી નિઘાત થતો નથી. અહીં किं શબ્દનો વાચ્યનો अधि અને परिના અર્થની સાથે उपरि ભાવથી તથા सर्वतः ભાવથી સંબંધ છે.

सुसिक्तं भवता । એવું ઉદાહરણ આ પરિભાષાનું ત્રીજું ઉદાહરણ છે. અહીં सु पूजायाम् । 1-4-94 સૂત્રથી सु શબ્દનું કર્મપ્રવચનીયત્વ હોવા છતાંય भवत् શબ્દને કર્તૃતૃતીયા થાય છે; પણ કર્મપ્રવચનીયના યોગે દ્વિતીયા વિભક્તિ થતી નથી. સીરદેવ અંતે જણાવે છે કે અન્તરંગ ન્યાયથી આ પરિભાષાર્થ પ્રાપ્ત થયો છે.

નીલકંઠ : (૯૦)

નીલકંઠે આ પરિભાષાને પ્રધાનાપ્રધાનન્યાયમૂલક જાહેર કરી છે. અર્થાત્ કારકવિભક્તિઓ પ્રધાન છે અને ઉપપદ-વિભક્તિઓ અપ્રધાન છે. લોકમાં જે પ્રધાન હોય છે, તેનું પ્રાબલ્ય જોવા મળે છે. તેની જેમ અહીં પણ પ્રધાન એવી કારકવિભક્તિઓ ઉપપદ વિભક્તિઓનો બાધ કરે છે.

હરિભાસ્કર : (૧૦૫)

હરિભાસ્કરે આ પરિભાષાની ચર્ચામાં વિવિધ મતાન્તરોની નોંધ લીધી છે.

(૧) માધવાચાર્ય જણાવે છે કે नमः स्वस्ति० । 2-3-16 સૂત્રમાં અર્થવત્ત્વ તથા સ્વત્યાદિના સાહચર્યને કારણે સ્વરાદિ ગણ પઠિત જ नमः શબ્દનું ગ્રહણ થાય છે. તેથી साक्षात्प्रभृति ગણપઠિત नमः શબ્દના યોગમાં દ્વિતીયા જ થાય છે. વળી, ગતિ સંજ્ઞક नमः શબ્દનું પણ ઉપસર્ગની જેમ દ્યોતકત્વ હોવાથી કૃઞ્ ધાતુનો જ પ્રણામ અર્થ થાય છે. તેથી कर्मणि द्वितीया । 2-3-2ની પ્રવૃત્તિ થાય છે. પરિણામે नारायणं नमस्कृत्य । मुनित्रयं नमस्कृत्य । ઇત્યાદિમાં नमः स्वस्ति० । 2-3-16 સૂત્રથી ચતુર્થી થતી નથી, પરંતુ દ્વિતીયા જ થાય છે.

(૨) જો માધવાચાર્યનો ઉપર્યુક્ત મત હશે તો रावणाय नमस्कुर्याः । એવા ભટ્ટિ પ્રયોગનું સમાધાન કેવી રીતે થશે ? તેને સમજાવતાં હરિભાસ્કર જણાવે છે કે અહીં क्रियार्थोपपदस्य च कर्मणि स्थानिनः । 2-3-14 સૂત્રથી रावणमनुकूलयितुम् । એવા અર્થમાં કર્મને ચતુર્થી વિભક્તિ થાય છે. વિશેષમાં હરિભાસ્કર નોંધે છે કે આ સ્થળે જયમંગલકારે नमः स्वस्ति० । 2-3-16 સૂત્રથી ચતુર્થી થઈ છે, એમ જે કહ્યું છે તે ચિન્ત્ય છે.

(૩) नमस्यति देवान् । એ ઉદાહરણમાં સ્વરાદિ ગણ પઠિત नमः શબ્દના યોગમાં ચતુર્થી પ્રાપ્ત થાય છે. પરંતુ प्रकृत्यन्तरत्वात् सिद्धम् । 3-1-19 वा० ૨ – એવું વાર્તિક હોવાથી[1] અથવા પ્રકૃત પરિભાષા વડે તેની નિવૃત્તિ થશે અને દ્વિતીયા વિભક્તિ જ થશે.

(૪) હરિભાસ્કરના ગુરુદેવના મતે ज्योतिष्टोमेन यजेत । ઇત્યાદિ પ્રયોગોમાં

---

૧. नमस् ના યોગમાં ચતુર્થીનું વિધાન કર્યું છે. અહીં नमस् શબ્દથી ભિન્ન नमस्यति શબ્દનો યોગ છે. તેથી ચતુર્થી થશે નહીં.

જ્યાં એક જ વિભક્તિનું ઉપપદ વિભક્તિત્વ અને કારકવિભક્તિત્વ રહેશે ત્યાં જ આ પરિભાષા પ્રવૃત્ત થાય છે.

(૫) અને અન્તે હરિભાસ્કરે સીરદેવનાં ઉદાહરણો, कुतोऽध्यागच्छति । ઇત્યાદિ પણ નોંધ્યા છે.

હરિભાસ્કરે આમ વિવિધ મતો નોંધ્યા હોવા છતાંય તે મતોમાંથી તેમને કયો મત અભિપ્રેત હશે તે સ્પષ્ટ જણાવ્યું નથી. તથાપિ તેમના ગુરુદેવનો અથવા સીરદેવનો મત તેમને સ્વીકાર્ય હશે એવું અનુમાન કરી શકાય.

નાગેશ : (૯૪)

તેમણે પોતાના સમય સુધીમાં જે જે ભ્રાન્તમતો પ્રચલિત બન્યા હતા, તે સર્વનો પરિહાર કરીને આ પરિભાષા ઉપર સિદ્ધાન્તકોટિની ચર્ચા રજૂ કરી છે.

આપણે નાગેશ ભટ્ટના ક્રમે જ આ ચર્ચાને જોઈશું : नमस्कारोति देवान् । અને नमस्यति देवान् । ઇત્યાદિ પ્રયોગોમાં नमः स्वस्ति० । 2-3-16 સૂત્રવિહિત ચતુર્થી દુર્વારા છે. તેવે પ્રસંગે ઇષ્ટ એવી દ્વિતીયા વિભક્તિને પ્રવૃત્ત કરવા માટે પ્રકૃત પરિભાષા રજૂ કરવામાં આવી છે.

"ઉપપદ વિભક્તિની અપેક્ષાએ કારકવિભક્તિ બળવતી છે." એવી પરિભાષાને સમજાવા માટે સૌથી પ્રથમ 'કારકવિભક્તિ' એટલે શું; તે સમજવું અત્યાવશ્યક છે. તેથી નાગેશ ભટ્ટ જણાવે છે કે क्रियाजनकार्थकविभक्तित्वं कारकविभक्तित्वम् । અર્થાત્ જે વિભક્ત પ્રાતિપદિકને લગાડતાં, પ્રાતિપદિકાર્થ ક્રિયાની ઉત્પત્તિમાં કારણીભૂત છે, એવો બોધ થાય છે. તે વિભક્તિને કારકવિભક્તિ કહેવામાં આવે છે. અર્થાત્: એ ફલિત થયું છે કે कारके । 1-4-23 એવા અધિકારમાં જે કારકો દર્શાવવામાં આવ્યાં છે, તેમના અર્થ કહેનારી વિભક્તિઓને કારકવિભક્તિ કહેવામાં આવે છે; તેવા મતનો નાગેશે સ્વીકાર કર્યો નથી. અન્યથા કર્તા અને કર્મ કારકો कारके । 1-4-23 ના અધિકારમાં રજૂ થયાં છે ખરાં, તથાપિ પાણિનિએ ક્યાંય કર્તા અને કર્મથી પ્રથમા વિભક્તિ થાય છે એમ કહ્યું નથી. કેવળ प्रातिदिकार्थ० । 2-3-46 અને सम्बोधने च । 2-3-47 એવાં બે જ સૂત્રો પ્રથમા વિભક્તિ વિશે કહ્યાં છે. તેથી કર્તા અને કર્મ અર્થમાં આવેલી પ્રથમા વિભક્તિ કારકવિભક્તિ નહીં કહેવાય, તેવું અનિષ્ટ આવી પડે છે. પરંતુ નાગેશે જણાવેલું કારકવિભક્તિનું લક્ષણ સ્વીકારવાથી પ્રથમા વિભક્તિ પણ કારકવિભક્તિ કહેવાશે.

ત્યાર પછી, આ પરિભાષાની પ્રમાણચર્ચા કરતાં નાગેશ ભટ્ટ જણાવે છે કે આ પરિભાષા સ્વતન્ત્ર વાચનિકી છે. અર્થાત્ "આ પરિભાષા અંતરંગ ન્યાય ઉપર આધૃત છે." અથવા "આ પરિભાષા પ્રધાનાપ્રધાનન્યાય ઉપર આધૃત છે." એવા પૂર્વાચાર્યોના મતો નાગેશે સ્વીકાર્યા નથી.

આ પરિભાષા સ્વતંત્ર વાચનિકી હોવાથી જ तत्र च दीयते कार्यं भववत् । 2-3-96 સૂત્રભાષ્યમાં ભાષ્યકારે यस्य च भावेन भावलक्षणम् । 2-3-37 સૂત્રવિહિત સપ્તમીની અપેક્ષાએ सप्तम्यधिकरणे च । 2-3-36 સૂત્રવિહિત સપ્તમીનું બલવત્ત્વ પ્રકૃત્ત પરિભાષા વડે ધ્વનિત કર્યું છે. અહીં यस्य च भावेन० 2-3-37 સૂત્રવિહિત સપ્તમી વિભક્તિ ઉપપદવિભક્તિ છે. અને सप्तम्यधिकरणे च । 2-3-36 સૂત્ર વિહિત સપ્તમી વિભક્તિ કારકવિભક્તિ છે; એમ ભાષ્યકારના કહેવાથી "क्रियान्वयित्वं कारकत्वम् ।" એવા અભિપ્રાયનું ખંડન થઈ જાય છે. કારણ કે यस्य च भावेन० । 2-3-37 સૂત્રવિહિત સપ્તમી વિભક્તિ પણ ક્રિયાન્વિત છે; છતાંય તેને ભાષ્યકારે કારકવિભક્તિ કહી નથી.

એ જ પ્રણાણે જે વૈયાકરણો "પ્રધાન ક્રિયાની સાથે જે વિભક્તિનો સંબંધ હોય તે કારકવિભિક્તિ." એમ કહીને કારકવિભક્તિનું બલવત્ત્વ જાહેર કરે છે; તેઓનું કહેવું પણ અસંગત છે. કારણ કે અધિકરણ સપ્તમી અને ભાવેસપ્તમી બન્નેનો પ્રધાનક્રિયામાં અન્વય થાય છે. વળી, नमस्यति देवान् । ઇત્યાદિમાં ચતુર્થીનો બાધ કરવા માટે नमो वरिवस्० । 3-1-19 સૂત્રભાષ્યમાં આ પરિભાષાનો ઉપન્યાસ કર્યો છે, તે પણ અસંગત થઈ જશે. કારણ કે ઉપપદવિભક્તિ ચતુર્થી અને કારકવિભક્તિ દ્વિતીયા બંનેનો ક્રિયામાં એક સરખો જ અન્વય છે. આથી જે વિભક્તિનો પ્રધાનક્રિયામાં અન્વય થાય તે વિભક્તિ કારકવિભક્તિ કહેવાય, એ મત સ્વીકારવો જોઈએ નહીં.

આટલી ચર્ચા ઉપરથી નિમ્નોક્ત કૈયટોક્તિનું પણ ખંડન થઈ જાય છે. જેમકે, ક્રિયા અને કારકનો સંબંધ અંતરંગ હોય છે. આ સંબંધને નિમિત્તે થનારી વિભક્તિ અંતરંગ વિભક્તિ કહેવાય છે. તથા નજીક રહેલા પદના અર્થની સાથે સંબંધ થઈને, તે સંબંધને આધારે જે વિભક્તિ ઉત્પન્ન થાય છે; તેને બહિરંગ કહેવાય છે. કારણ કે તેવો સંબંધ કોઈક ક્રિયાનો અધ્યાહાર કરીને તે અધ્યાહૃત ક્રિયાના કારકને પ્રાપ્ત થયેલો હોય છે. આમ, કારકવિભક્તિ અંતરંગ હોવાથી બહિરંગ એવી ઉપપદ-વિભક્તિનો બાધ કરે છે, એમ કૈયટ આદિનું કહેવું છે. પરંતુ નાગેશ ભટ્ટ આ અભિપ્રાય સ્વીકારવા તૈયાર નથી. કારણ કે

नमस्यति देवान् । એ વાક્યમાં नमः । પદના અર્થમાં પણ ક્રિયાકારકભાવથી જ દેવ પદનો અન્વય થાય છે. વળી, જેવી રીતે[૨] मुण्डयति । માંના मुण्ड । શબ્દમાં પણ ક્રિયાત્વ છે, તેવી રીતે અહીં नमस्यति । માંના नमः । એ પદમાં પણ ક્રિયાત્વ રહેલું છે.

सहयुक्तेऽप्रधाने । 2-3-19 સૂત્રભાષ્યમાં पुत्रेण सहागतो देवदत्तः । એ ઉદાહરણમાં દેવદત્ત જે પ્રધાન છે તેને પ્રથમા વિભક્તિ કરવા માટે ભાષ્યકારે આ પરિભાષાનો ઉપન્યાસ કર્યો છે. सह એવા પદના અર્થમાં જેવી રીતે પુત્ર એ પદનો અન્વય છે, તેવી રીતે देवदत्त એ પદનો પણ છે. કારણ કે सह એવા પદથી દ્યોતિત થતો સંબંધ બંનેમાં સરખો જ છે. તો પછી पुत्रेण । એમાં જેવી રીતે सहयुक्तेऽप्रधाने । 2-3-19 સૂત્રથી તૃતીયા વિભક્તિ થાય છે, તેવી રીતે देवदत्तने પણ તૃતીયા શા માટે થતી નથી ? એ પ્રશ્નનો ઉત્તર એ છે કે અહીં आगतः એ પદથી જે આગમનરૂપ ક્રિયા કહી છે, તે ક્રિયાનો ઉત્પત્તિકર્તા દેવદત્ત છે. અને તે પ્રધાન રૂપે વિવક્ષિત છે; પુત્ર વિવક્ષિત નથી. પુત્રનિષ્ઠ વ્યાપાર सह શબ્દથી દ્યોતિત થાય છે. માટે देवदत्त એ શબ્દને તૃતીયા થતી નથી, પણ પ્રથમાવિભક્તિ થાય છે. આ વિષેની ચર્ચા અન્યત્ર વિસ્તારથી કરવામાં આવી છે.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. સૌથી પ્રથમ ભાષ્યમાંથી તેને લઈને પુરુષોત્તમદેવે રજૂ કરી છે. પુરુષોત્તમદેવે આ પરિભાષાની સિદ્ધિ કરવા અંતરંગ-બહરિંગ ન્યાયનો ઉપયોગ કર્યો છે. અને સીરદેવાદિએ એનું અનુસરણ કર્યું છે. પરંતુ વસ્તુતઃ આ પરિભાષાની સિદ્ધિ અર્થે અંતરંગ-બહિરંગ ન્યાય કે પ્રધાનાપ્રધાન ન્યાયને રજૂ કરવાની કોઈ આવશ્યકતા નથી. અને ભાષ્યચર્ચાના સન્દર્ભમાં તેવા ન્યાયોની અહીં પ્રવૃત્તિ પણ શક્ય નથી. કેવળ ભાષ્યકારના વચનસામર્થ્યથી જ તેને સૂત્રતુલ્ય સ્વતંત્રવાચનિકી પરિભાષા રૂપે સ્વીકારવી જોઈએ. આ મુદ્દા તરફ નાગેશ ભટ્ટે ધ્યાન ખેંચ્યું છે.

પરંતુ પુરુષોત્તમદેવના સમયમાં ભાષ્યકારના વચન સામર્થ્યથી કોઈ પરિભાષાને સ્વતંત્રવાચનિકી સ્વરૂપે સ્વીકારી લેવાની પરંપરા પ્રચલિત હોય તેમ

---

૨. मुण्डमिश्रश्लक्ष्ण० 3-1-21 – સૂત્રથી मुण्ड શબ્દને करोति । ના અર્થમાં णिच् પ્રત્યય કરવામાં આવે છે. અર્થાત્ मुण्डं करोति इति मुण्डयति । એ સ્થળે मुण्ड શબ્દમાં જેવી રીતે ક્રિયાત્વ છે તેવી રીતે नमस्यति । માં नमः એવા પદનો પણ ક્રિયારૂપ જ અર્થ છે.

જણાતું નથી. તેથી પુરુષોત્તમદેવ અને સીરદેવાદિએ ઉપર્યુક્ત ન્યાયોની અહીં પ્રવૃત્તિ કલ્પી છે.

सहचरितासहचरितयोः सहचरितस्यैव ग्रहणम् ॥ ४९ ॥

(સહચરિત અને અસહચરિત એ બેમાંથી સહચરિતનું જ ગ્રહણ થાય છે.)

આથી, पञ्चम्यपाङ्परिभिः । 2-3-10 સૂત્રમાં अप ના સાહચર્યથી વર્જનાર્થક परि નું જ ગ્રહણ થાય છે. આ ન્યાય લૌકિક છે. જેમકે, લોકમાં 'આ બળદનો બીજો જોડીદાર જોઈએ.' એમ કહેવામાં આવે છે ત્યારે સાહચર્યને કારણે બીજા બળદને જ લાવવામાં આવે છે. પરંતુ અશ્વ કે ગર્દભને લાવવામાં આવતો નથી.[1]

શાસ્ત્રમાં આ પરિભાષા અનિત્ય છે.[2] द्विवस्त्रिचतुरिति कृत्वोऽर्थे । 8-3-43 સૂત્રમાં चतुर् શબ્દના વિશેષણ રૂપે कृत्वार्थे નું । ગ્રહણ કર્યું છે, તેનાથી આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે. જો આ પરિભાષા નિત્ય હોય તો – પ્રત્યયાન્ત द्विस् અને त्रिस् શબ્દના સાહચર્યથી જ कृत्वोऽर्थ[3] चतुर् શબ્દનું

---

૧. આ મુદ્દો ભાષ્યમાંથી લીધો છે. જેમકે, कर्मप्रवचनीययुक्ते द्वितीया । 2-3-8 સૂત્રભાષ્યમાં ".....एकत्र तावदुक्तमप्रतेरिति । इतरत्रापि यद्यपि तावदयं परिः दृष्टापचारो वर्जने चावर्जने चायं खल्वपशब्दो दृष्टापचारो वर्जनार्थ एव तस्य कोऽन्यो द्वितीयः सहायो भवितुमर्हत्यन्यदतो वर्जनार्थात् । तद्यथा । अस्य गौर्द्वितीयेनार्थ इति गौरेवानीयते नाश्वो न गर्दभः ॥ એવી ચર્ચા કરવામાં આવી છે.

૨. આ મુદ્દો 'ન્યાસ'માંથી લીધો છે. જેમકે, द्विस्त्रिश्चतुरिति कृत्वोऽर्थे । 8-3-43 ઉપર ન્યાસકાર જણાવે છે કે ननु च द्विस्त्रिःशब्दौ सुच्प्रत्ययान्तौ कृत्वोऽर्थ एव वर्तेते, तत्साहचर्याच्चतुःशब्दोऽपि तादृश एव ग्रहीष्यते, तत् किमर्थमेतत् ? ज्ञापनार्थम् । एतदनेन ज्ञाप्यते क्वचित् 'सहचरितासहचरितयोः... इत्येषा परिभाषा नाश्रीयते । तेन दीधीवेवीटाम् इत्यत्र धातुसाहचर्याद् इट् गतौ, इत्यस्य ग्रहणं न भवति ॥

૩. ક્રિયાની આવૃત્તિનું પરિગણન એવા અર્થમાં कृत्वसुच् એવા તદ્ધિત પ્રત્યય વપરાય છે. જેમકે, पञ्चकृत्वः । दशकृत्वः । જેનું संख्यायाः क्रियाभ्यावृत्तिगणने कृत्वसुच् । 5-4-17 સૂત્રથી વિધાન થયું છે.

ગ્રહણ થશે, તેવી પરિસ્થિતિમાં चतुर् શબ્દના વિશેષણ રૂપે કૃત્વોર્થ ગ્રહણ કરવાની શી જરૂર હતી ? આ રીતે આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે. दिधीवेवीटाम् । 1-1-6 સૂત્રમાં दिधीङ् અને वेवीङ् ધાતુઓના સાહચર્યથી ગત્યર્થક ઇટ-કિટ-કટી ધાતુઓમાંથી ઇટ ધાતુનું ગ્રહણ થતું નથી. 'તો પછી, કોનું ગ્રહણ થશે ?' આગમનું.

વ્યાડિ (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૫૫)

તેમણે આ પરિભાષાની ચર્ચાની વિગતો પુરુષોત્તમદેવમાંથી સ્વીકારી છે. પરંતુ સીરદેવે વિશેષમાં આ પરિભાષાનાં પ્રવૃત્તિ પ્રદેશને સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે જ્યાં પૂર્વની સાથે અને પરની સાથે, એમ બન્નેની સાથે સાહચર્ય હોય ત્યાં શબ્દ પરવિપ્રતિષેધનું આશ્રયણ કરીને પરની સાથેનું જ સાહચર્ય લેવાય છે. જેમકે, सत्सूद्विषदुहदुहयुजविदभिदच्छिदजिनीराजामुपसर्गेऽपि क्विप् । 3-2-61 - આ સૂત્રમાં द्विष ધાતુના સાહચર્યથી षूङ् प्राणिप्रसवे । એવા અદાદિ ગણના ધાતુનું જ ગ્રહણ થાય છે. પરંતુ આદાદિક सदि ધાતુના સાહચર્યથી આદાદિક ભિન્ન सू ધાતુનું ગ્રહણ થતું નથી.

નીલકંઠ : (૯૯)

તેમણે આ પરિભાષાને સહચરણ સંબંધી જ્ઞાનમૂલક જણાવી છે. જેમકે, रामलक्ष्मणौ । એમ કહેતાં દાશરથિ રામનો જ બોધ થાય છે; જામદગ્નેય રામનો બોધ થતો નથી.

હરિભાસ્કર : (૧૧૭)

પુરુષોત્તમદેવ અને સીરદેવની ચર્ચાનો હરિભાસ્કરે સારસંગ્રહ કર્યો છે, કોઈ વિશેષ નોંધ મૂકી નથી.

નાગેશ : (૧૦૩)

નાગેશ આ પરિભાષાને સમજાવવા માટે પ્રથમ 'સહચરિત' શબ્દને આ પ્રમાણે સમજાવ્યો છે : સમાનધર્મવાળા એટલે કે સાદૃશ્યવાળા પદાર્થોનું જ સહચરણ હોય છે. આથી સહચરિત શબ્દ વડે 'સાદૃશ્યવાન્' એવો અર્થ સૂચવાય છે.

रामलक्ष्मणौ । વગેરે પ્રયોગોમાં પણ સાદૃશ્ય જ નિયામક તત્ત્વ છે. જેમકે, રામ અને લક્ષ્મણ એ બન્નેમાં રહેનાર દશરથપુત્રત્વ રૂપી સમાનધર્મ તે શબ્દનો

અર્થ નક્કી કરવામાં કારણભૂત બને છે. રામ અને લક્ષ્મણ એ બે શબ્દો અનેક અર્થના વાચકો છે.

रामः पशुविशेष स्याज्जामदग्न्ये हलायुधे ।
राघवे चासिते श्वेते मनोज्ञेऽपि च वाच्यवत् ॥

એવા રામ શબ્દના અનેક અર્થો વિશ્વકોશમાં આપ્યા છે. તે જ પ્રમાણે, લક્ષ્મણ શબ્દના દશરથનો પુત્ર, દુર્યોધનનો પુત્ર, શુભ લક્ષણ યુક્ત અર્થાત્ ભાગ્યશાળી અને સારસ પક્ષી–એવા અનેક અર્થો છે. પરંતુ रामलक्ष्मणौ । એ પદમાં રામ અને લક્ષ્મણનો એકત્ર ઉચ્ચાર કર્યો છે તેથી અને તે બન્નેયમાં દશરથપુત્રત્વ રૂપી સમાન ધર્મ હોવાથી 'રામ' શબ્દ વડે દાશરથિ રામનો અને 'લક્ષ્મણ' શબ્દ વડે દશરથપુત્ર લક્ષ્મણનો જ બોધ થાય છે.

વિશેષમાં નાગેશ ભટ્ટ નોંધે છે કે સાદૃશ્યવાળા પદાર્થોની જ સહવિવક્ષા કરવામાં આવે છે, અને તેમનો જ સહપ્રયોગ કરવામાં આવે છે, એવો સામાન્યપણે નિયમ છે.

ઉપસંહાર :

આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી નથી. પરંતુ વાક્યાર્થબોધમાં સાહચર્યનું તત્ત્વ પણ કાર્ય કરતું હોવાથી ભાષ્યકારે સાહચર્યનો નિયમ સ્વીકાર્યો છે. તેને આધારે પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે.

આ પરિભાષા પાણિનિનાં સૂત્રોને ક્યારેક અસંદિગ્ધ કરવા માટે ઉપયોગી બની રહે છે. અને તેથી નાગેશ ભટ્ટ પર્યન્તના સૌ પરિભાષાવૃત્તિકારોએ તેનો સ્વીકાર કર્યો છે.

सर्वो द्वन्द्वो विभाषैकवद् भवति ॥ ५० ॥

(બધા – જ – દ્વન્દ્વ સમાસનો વિકલ્પે એકવદ્ભાવ થાય છે.)

અહીં સમાહારાત્મક અને અસમાહારાત્મક વિષયવાળા બધા દ્વન્દ્વ વિકલ્પે એકવદ્ થાય છે. સર્વત્ર સમાહારને કારણે પ્રાપ્ત એકવચનને વૈકલ્પિક બનાવવામાં આવે છે અને ઇતરેતરમાં અપ્રાપ્ત (એકવચન)નું જ પક્ષમાં વિધાન કરવામાં આવે છે. આનાં ઉદાહરણો છે : ब्राह्मव्यशालङ्कायनाः । અને ब्राह्मव्यशालङ्कायनम् ।

આ અર્થ (શાસ્ત્રીય) ન્યાયસિદ્ધ જ છે. જેમકે, ઇતરેતરયોગમાં અવયવાર્થનું જ્ઞાન થતું હોવાથી દ્વિવચન અને બહુવચન સિદ્ધ રહે છે. અને સમાહારમાં સમૂહના પ્રાધાન્યને કારણે એકવચન (અર્થાત્) એકવદ્ભાવકરણ (સિદ્ધ રહે છે.)

આ બન્નેની વ્યવસ્થાને માટે દધિ-પયસ્ વગેરેનો ઇતરેતર દ્વન્દ્વ જ થાય છે. પ્રાણ્યંગાદિનો સમાહાર દ્વન્દ્વ જ થાય છે અને વૃક્ષ-મૃગ વગેરેનો ઉભય પ્રકારનો દ્વન્દ્વ થાય છે.

આમ અર્થતઃ એમ સમજાય છે કે અહીં જે ब्राम्रव्यशालङ्कायनाः । વગેરે અપરિગણિત દ્વન્દ્વો છે તેમને અવિશિષ્ટપણે ઇતરેતર તથા સમાહાર એમ બન્ને દ્વન્દ્વ, વિધાન મુજબ પ્રાપ્ત થાય છે. ब्राम्रव्यशालङ्कायनादिની જેમ वृक्ष--मृग-तृण વગેરેને 'બધા જ દ્વન્દ્વસમાસ વિકલ્પે એકવદ્ થાય છે.' એવો વિકલ્પ સિદ્ધ થતો હોવાથી विभाषा वृक्षमृगतृणधान्यव्यञ्जन - पशुशकुन्यश्वव-डवपूर्वापराधरोत्तराणाम् । 2-4-12 સૂત્રમાં વિભાષા વડે એકત્વનું વિધાન કરીને प्लक्षन्यग्रोधम् । रुरुपृषतम् । વગેરે સજાતીયોની સાથે જ તેમનો દ્વન્દ્વ એકવદ્ થાય અને વિજાતીયોને સાથે ન થાય' તેમ (અહીં સ્પષ્ટતા સૂચવી છે અને) વ્યતિકરનો નિરાસ કર્યો છે.[1] પરિણામે પશુ વગેરેનો વિજાતીયોની સાથે દ્વન્દ્વ એકવદ્ થતો નથી તેમનો તો ઇતરેતરયોગ જ થાય છે. જેમ ભટ્ટિકાવ્યમાં नरवानररक्षसाम् । 9-23 છે તેમ.

तिष्यपुनर्वस्वोर्नक्षत्रद्वन्द्वे बहुवचनस्य द्विवचनं नित्यम् । 1-2-63 સૂત્રસ્થ 'બહુવચન' ગ્રહણ આ પરિભાષાનું જ્ઞાપક છે. આ સૂત્રથી બહુવચનના પ્રસંગમાં દ્વિવચનનું વિધાન કરવામાં આવે છે. उदितौ तिष्यपुनर्वसू । એ ઉદાહરણમાં કહેવામાં આવ્યું છે તેમ તિષ્ય નક્ષત્ર એક છે અને પુનર્વસૂ બે છે. તેથી બહુવચનવાળા દ્વન્દ્વને એકવચનનો પ્રસંગ જ નથી. ત્યારે (સ્વાભાવિકપણે જ) બહુવચન પ્રસંગમાં જ (આ સૂત્રથી) દ્વિવચન થશે. અને એ રીતે बहुवचनस्य તેવા પદથી શું પ્રયોજન હતું ? તે बहुवचनस्य એવા પદનું ગ્રહણ જ્ઞાપિત કરે છે કે બધા દ્વન્દ્વ વિકલ્પે એકવદ્ થાય છે.

---

૧. विभाषा પદની પૂર્વોક્ત ઉપયુક્તતા જો સ્પષ્ટ ન કરી હોત તો ત્યાં સજાતીય અને વિજાતીય બંનેનો દ્વન્દ્વ એકવદ્ થવા આવત. કારણ કે વિકલ્પને કોઈ પણ રૂપે વિશેષિત કરવામાં આવ્યો નથી. આમ, સામાન્યપણે એકવદ્ભાવનું વિધાન થવાથી વ્યતિકર - મિશ્રણ-ની પ્રાપ્તિ રહે છે. તેને દૂર કરવા માટે विभाषा પદ જોડવામાં આવ્યું છે.

વ્યાડિ : (૯૩)

'પરિભાષાસૂચન'માં અત્યંત ટૂંકું વ્યાખ્યાન જોવા મળે છે. જેમકે આ પરિભાષાનું જ્ઞાપક વિચારતાં જણાવ્યું છે કે પાણિનિએ કોઈક સૂત્રમાં, દા. ત., गहमद चरयमः० । 3-1-100 એ પ્રમાણે ઘણાંને માટે નિપાતનથી એકવચન કર્યું છે. (આથી જ્ઞાપિત થાય છે કે બધા દ્વન્દ્વ વિભાષાથી એકવદ્ થાય છે.)

આ જ્ઞાપનનું પ્રયોજન એ છે કે દ્વન્દ્વના વિષયમાં એકવદ્ભાવ કરતી વખતે જ્યાં અપરિગણિત પદોનો દ્વન્દ્વ એકવત્ દેખાય છે ત્યાં જ આ પરિભાષા પ્રવૃત્ત થાય છે.

પરિભાષાસૂચનકારે योगविभागादिष्टसिद्धिः । પરિભાષા-૬૮ના વ્યાખ્યાનમાં પ્રકૃત પરિભાષાની સિદ્ધિ विभाषा वृक्षमृगतृण० । 2-4-12 સૂત્રમાં विभाषा એવો યોગવિભાગ કરીને દર્શાવી છે.

સીરદેવ : (૧૬)

સીરદેવે આ પરિભાષાને ન્યાયસિદ્ધા માની છે. તેની ચર્ચા કરતાં તેમણે જણાવ્યું છે કે चार्थे द्वन्द्वः । 2-2-29 સૂત્રથી चनां અર્થમાં દ્વન્દ્વ કરવામાં આવે છે અને चनो અર્થ છે ઇતરેતરયોગ. આ ઇતરેતરયોગમાં જ્યારે અવયવોના ભેદનું જ્ઞાન થાય છે ત્યારે દ્વિવચન અને બહુવચન થાય છે. પરંતુ જ્યારે અવયવોના ભેદ તિરોહિત થઈ જઈ સમૂહનું જ્ઞાન થાય છે ત્યારે સમુદાયના પ્રાધાન્યને કારણે એકવચન થાય છે. આ પ્રમાણે चार्थमां જ બધા દ્વન્દ્વો વિકલ્પે એકવદ્ થાય છે.

સીરદેવે ઉપર્યુક્ત ચર્ચા કરવા માટે चनो અર્થ કેવળ ઇતરેતરયોગ જ કર્યો છે; તે નોંધનીય છે. આનું કારણ આપતા સીરદેવે જણાવ્યું છે કે च શબ્દના પ્રયોગથી સમુચ્ચયની પ્રતીતિ થાય છે તે વાત સાચી છે, પરંતુ તે સમુચ્ચયનો જ એક પ્રભેદ એ ઇતરેતરયોગ છે, તે સમુચ્ચયથી ભિન્ન નથી. આમ, પ્રકૃત પરિભાષાર્થને ન્યાયસિદ્ધ દર્શાવવા માટે સીરદેવે ઇતરેતરયોગને चार्थ કહ્યો છે.

ન્યાસકારે આ પરિભાષાના જ્ઞાપક રૂપે तिष्यपुनवस्वोः० । 1-2-63 સૂત્રમાંના बहुवचनस्य ગ્રહણને વર્ણવ્યું છે તેની સીરદેવે નોંધ લીધી છે. તેના અનુસન્ધાનમાં રક્ષિતે જે વ્યાખ્યાન કર્યું છે તેને સમજાવતાં જણાવ્યું છે કે જ્ઞાપકનો અર્થ 'અભિપ્રેત નિયમનો બોધક' એવો થાય છે. જેમકે द्वन्द्वश्च प्राणितूर्य-सेनाङ्गानाम् । 2-4-2 સૂત્રમાં 'સમાહારમાં જ પ્રાણ્યંગાદિનો દ્વન્દ્વ એકવત્

થાય છે.' તેવો નિયમ પ્રાપ્ત રહે છે. અહીં 'પ્રાણ્યંગાદિના જ સમાહારમાં એકવદ્ભાવ થાય છે, બીજાના સમાહારમાં નહીં.' તેવો જો વિપરીત નિયમ કર્યો હોત તો તિષ્ય-પુનર્વસૂનો સર્વદા ઇતરેતરયોગ જ થાત અને સમાહાર ક્યારેય ન થાત. આમ, તિષ્ય પુનર્વસૂના દ્વન્દ્વમાં બહુવચનને જ દ્વિવચન કરવાનું રહે છે, તેવી અવસ્થામાં બહુવચનસ્ય પદ વ્યર્થ રહે છે. માટે દ્વન્દ્વશ્ચ પ્રાણિતૂર્ય૦ । 2-4-2 સૂત્રમાં 'પ્રાણ્યંગાદિના જ સમાહારમાં દ્વન્દ્વ એકવદ્ થાય છે.' એવો વિપરીત નિયમ આશ્રિત થતો નથી; તિષ્યપુનર્વસ્વોઃ૦ । 1-3-63 સૂત્રમાં બહુવચનસ્યનું ગ્રહણ કરવામાં આવ્યું છે.

નીલકંઠ : (૨૨)

તેમણે કોઈ વિશેષ નોંધ મૂકી નથી.

હરિભાસ્કર : (૧૬)

તેમણે પુરુષોત્તમદેવ અને સીરદેવની ચર્ચાનો જ સારસંગ્રહ કર્યો છે. પરંતુ કોઈ વિશેષ નોંધ મૂકી નથી.

નાગેશ : (૩૪)

આ પરિભાષાની ચર્ચામાં નાગેશે બે સ્પષ્ટતાઓ ઉમેરી છે, જે નોંધપાત્ર છે : (૧) પરિભાષામાં વપરાયેલા સર્વઃ પદથી દ્વન્દ્વશ્ચ પ્રાણિતૂર્યસેના૦ । 2-4-2 વગેરે પ્રકરણમાં નહીં આવેલા દ્વન્દ્વોનું ગ્રહણ કરવાનું છે. (૨) તિષ્યપુનર્વસ્વોઃ૦ । 1-3-63 સૂત્રસ્થ બહુવચનસ્ય પદ આ પરિભાષાનું જ્ઞાપક છે. પરંતુ અહીં કોઈ એમ કહી શકે તેમ નથી કે जातिरप्राणिनाम् । 2-4-6 સૂત્રવિહિત એકવદ્ભાવ નિત્ય હોવાથી તિષ્ય-પુનર્વસૂના દ્વન્દ્વસમાસમાં બહુવચનની પ્રાપ્તિ જ નથી. કારણ કે (यावता विना यदनुपपन्नं तत्सर्वं तेन ज्ञाप्यते । એવા નિયમથી) આ 'બહુવચન' ગ્રહણથી जातिरप्राणिनाम् । 2-4-6 સૂત્રનું પણ વૈકલ્પિકત્વ જ્ઞાપિત થાય છે.

આ જ્ઞાપક ચર્ચાના અનુસન્ધાનમાં નાગેશે સૂક્ષ્મતાપૂર્વક એક નોંધ એ પણ મૂકી છે કે આ તિષ્ય અને પુનર્વસૂ નક્ષત્રો પ્રાણીઓ નથી. કારણ કે आपोमयः प्राणः । એવી શ્રુતિ હોવાથી 'જેના પ્રાણ જળ વગર ક્ષીણ થઈ જતા હોય તેને જ પ્રાણી કહી શકાય છે.' આથી નક્ષત્રો પ્રાણી નથી.

જો આવી સ્પષ્ટતા ન કરવામાં આવી હોત તો તિષ્ય-પુનર્વસને પ્રાણી માની લઈને जातिरप्राणिनम् । 2-4-6 સૂત્રની અપ્રવૃત્તિ રહી હોત. તેના

પરિણામે तिष्यपुनर्वसु એવો એકવચનાન્ત નપુંસક સમાહાર દ્વન્દ્વ જ ન થઈ શકે. તેથી પ્રકૃત ઉદાહરણમાં વિકલ્પે બે પ્રકારના દ્વન્દ્વની અપ્રાપ્તિ રહે, તેને આધારે तिष्यपुनर्वस्वोर्नक्षत्रद्वन्द्वे० । 1-3-63 - સૂત્રમાં बहुवचनस्य ગ્રહણ વ્યર્થ પડી અને પ્રકૃતાર્થને જ્ઞાપિત ન કરે.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે સર્વાંગીણ ચર્ચા પ્રસ્તુત કરી છે અને સીરદેવાદિ વૈયાકરણો તેને લગભગ અનુસર્યા છે. પરંતુ જ્ઞાપક-ચર્ચાના અનુસન્ધાનમાં નાગેશે કરેલી સ્પષ્ટતા આવશ્યક અને સૂક્ષ્મતાપૂર્ણ છે.

उभयत आश्रये नान्तादिवत् ॥ ५१ ॥

(પૂર્વ અને પર બન્નેનું આશ્રયણ કરીને अन्तादिवच्च । 6-1-85 સૂત્રથી अन्तादिवद्भाव થતો નથી.)

અહીં (एकः पूर्वपरयोः । 6-1-84 સૂત્રમાંથી પૂર્વ અને પર ગ્રહણની[1] अन्तादिवच्च । 6-1-85 સૂત્રમાં અનુવૃત્તિ આવે છે. આથી જ્યાં એકાદેશ કરવામાં આવ્યો હશે ત્યાં આ अन्तादिवच्च । 6-1-85 સૂત્ર વડે પૂર્વને કાર્ય કરવું હશે ત્યારે અન્તવદ્ભાવ થશે અને પરને કાર્ય કરવું હશે ત્યારે આદિવદ્ભાવ થશે.[2] જેવી (ઇષ્ટ) વિધિ કરવી શક્ય બને છે.

પરંતુ અહીં વિરોધથી કેવી રીતે વિધિ કરવી શક્ય છે ?[3] જ્યાં કેવળ પૂર્વનું જ આશ્રયણ કરવામાં આવે છે ત્યાં પૂર્વનો અન્તવદ્ માનવામાં આવે છે. જેમકે, द्वादशान्यिक : ।[4] એ ઉદાહરણમાં પૂર્વોત્તરપદનો (સવર્ણ દીર્ઘ) એકાદેશ

---

૧. પૂર્વગ્રહણે ને બદલે પૂર્વપરગ્રહણે એવો પાઠ સ્વીકાર્યો છે, કારણ કે આગળ ઉપર પર ગ્રહણની અનુવૃત્તિના સંદર્ભમાં પણ વિધાન કરવામાં આવ્યું છે.

૨. અર્થાત્ જ્યાં એકાદેશ થયો હશે ત્યાં પૂર્વને કાર્ય કર્તવ્ય રહેશે ત્યાં તે એકાદેશ પૂર્વના અન્તાવયવ સમાન અને પરને કાર્ય કર્તવ્ય રહેશે ત્યાં તે એકાદેશ પરના આદ્યવયવ સમાન બનીને રહે છે.

૩. અહીં શંકાકારનો આશય આ પ્રમાણે છે; અંતવદ્ભાવ અને આદિવદ્ભાવ બન્નેય જુદા જુદા છે. તેથી કેવી રીતે તેમની પ્રવૃત્તિ કરવી ? આ શંકાને હવે પછીની ચર્ચા સોદાહરણ સમજાવે છે.

૪. द्वादश + अन्य । सवर्णे दीर्घैकादेशः, द्वादशान्यः ॥

થયો છે; તે પૂર્વની પ્રત્યે અન્તવદ્ થતાં બહ્વચ્પૂર્વપદાટ્ઠચ । 4-4-64 સૂત્રથી પ્રત્યય થઈ શક્યો છે. તથા भारौहः । એ ઉદાહરણમાં वाह ऊठ् । 6-4-132 સૂત્રની પ્રવૃત્તિ થયા પછી પૂર્વ અને પરનો જે એકાદેશ થયો છે, તે પૂર્વવદ્ થયો છે.[૫] જ્યાં કેવળ પરનું જ આશ્રયણ કરવામાં આવે છે ત્યાં પરનો આદિવદ્ માનવામાં આવે છે. જેમકે, अग्नी इति । આ ઉદાહરણમાં प्रथमयोः पूर्वसवर्णः । 6-1-102 સૂત્રથી अग्नि+औ એવી સ્થિતિમાં દ્વિવચનના औ પ્રત્યયનો અને દ્વિવચનભિન્ન એવા अग्नि શબ્દાવયવ इ કારનો પૂર્વસર્વણ દીર્ઘ-એકાદેશ થયો છે, તે ईदूदेद्द्विवचनं प्रगृह्यम् । 1-1-11 સૂત્રની પ્રવૃત્તિ કરવા માટે પરનો આદિવદ્ માનવામાં આવે છે.

પરંતુ જ્યાં એકાદેશથી ઉભયનું એટલે કે પૂર્વનું અને પરનું આશ્રયણ થાય છે ત્યાં અન્તવદ્ભાવ થતો નથી અને આદિવદ્ભાવ પણ થતો નથી; એવો વાક્યાર્થ (પરિભાષાર્થ) છે. જેમકે, प्रोह्यते । ઉદાહરણમાં उपसर्गाद् ह्रस्व ऊहतेः । 7-4-23 સૂત્રવિહિત હ્રસ્વવિધિ પ્રવૃત્ત કરવા માટે એકાદેશમાં ઉભયનું આશ્રયણ કરવું પડે. અહીં પૂર્વનું આશ્રયણ કરીને પ્ર શબ્દમાં ઉપસર્ગનો વ્યપદેશ માનવામાં આવે છે અને પરનું આશ્રયણ કરીને ऊहति ધાતુનો વ્યપદેશ માનવામાં આવે છે.- આમ, એકાદેશમાં ઉભયતઃ આશ્રયણ થતા અન્તાદિવદ્ભાવ થતો નથી. પરિણામે समुह्यते । ઉદાહરણમાં હ્રસ્વ થાય છે, પણ प्रोह्यते । માં હ્રસ્વ થતો નથી.

આ પરિભાષાર્થ લોકવ્યવહારથી સિદ્ધ છે. જેમકે, સમાન બળવાળા (અધિકારવાળા) બે સ્વામીઓનો એક સેવક અવિરોધાર્થી હોય છે. અને તેથી જ બેમાંથી એક પણ સ્વામીના કાર્યમાં તે પ્રવૃત્ત થતો નથી. જો તે બન્નેના પરસ્પર વિરોધી કાર્ય કરવાનાં હોય તો.

વ્યાડિ : (૪૪)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાને પૂર્વોક્ત લોકન્યાયથી સિદ્ધ માની છે. વિશેષ કોઈ ચર્ચા કરી નથી.

---

૫. भारं वहतीति भारौहः ॥
भार + वह् + सु । > वाह ऊठ् । 6-4-132 > भार + ऊ अह् + सु ।
संप्रसारणाच्च । 6-1-108 થી પૂર્વરૂપ એકાદેશ > भार ऊह् + सु ।
> एत्येठ्त्यूरुसु । 6-1-89 થી વૃદ્ધિ भारौहः ॥
અહીં भार+ऊ+अह्+सु એ સ્થિતિમાં संप्रसारणाच्च । 6-1-108 સૂત્રથી થયેલો એકાદેશ પૂર્વરૂપ થયો છે; એ મુદ્દાને પુરુષોત્તમદેવે નોંધ્યો છે.

સીરદેવ : (૬૦)

પુરુષોત્તમદેવને અનુસરીને આ પરિભાષાની સીરદેવે ચર્ચા કરી છે. વિશેષમાં તેમણે જણાવ્યું છે કે જો પ્રકૃત પરિભાષાના વિષયમાં एकदेशविकृतमनन्यवत् । પરિભાષાને પ્રવૃત્ત કરીને ઇષ્ટ સિદ્ધિ માનવામાં આવશે તો પ્રકૃત પરિભાષા નિર્વિષયા બની જશે.

अन्तादिवच्च । 6-1-85 સૂત્ર ઉપરના ભાષ્યમાં वर्णाश्रये नान्तादिवत् । વા૦ 28 । એવું વાર્તિક રજૂ કરવામાં આવ્યું છે. તેને આધારે સીરદેવે वर्णाश्रये विधौ नान्तादिवत्वम् । 61 એવી એક વધારાની પરિભાષા પણ રજૂ કરી છે. પુરુષોત્તમદેવે આવી પરિભાષા સ્વીકારી નથી. ભાષ્યકારે પણ તેનો સ્વીકાર કર્યો નથી.

નીલકંઠ : (૧૨૦)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

હરિભાસ્કર : (૬૨)

એક પ્રયોજનાન્તરને હરિભાસ્કરે આ પ્રમાણે દર્શાવ્યું છે: रामम् । આ ઉદાહરણમાં सुपि च । 7-3-102 સૂત્રથી દીર્ઘ થતો નથી. કારણ કે પૂર્વાન્ત-વદ્ભાવ માનવાથી अ કારાન્ત अङ्गत्वं સિદ્ધ થાય છે અને પરાદિવદ્ભાવ માનવાથી म् કારનું सुपूत्व સિદ્ધ થાય છે. આમ ઉભયતઃ આશ્રયણ કરવું પડતું હોવાથી પ્રકૃત પરિભાષા અહીં પ્રવૃત્ત થાય છે અને દીર્ઘનો અભાવ રહે છે.

નાગેશ : (–)

'પરિભાષેન્દુશેખર'માં આ પરિભાષા મળતી નથી.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા રજૂ થઈ છે. ત્યાં આ પરિભાષાને લોક-ન્યાયસિદ્ધ દર્શાવી છે. એ જ પ્રમાણે ભાષ્યકારે પણ આ પરિભાષાને લોકન્યાય-સિદ્ધ દર્શાવી છે.

પુરુષોત્તમદેવે આ પરિભાષાની સર્વાંગીણ ચર્ચા કરી છે. તેથી સીરદેવાદિને કોઈ વિશેષ ચર્ચા કરવાની રહેતી નથી.

ભાષ્યકારે આ પરિભાષાનાં સર્વ પ્રયોજનોને ઉપાયાન્તરથી સિદ્ધ કરી બતાવ્યાં છે અને આવી પરિભાષાને સ્વીકારી નથી. તેને અનુસરીને નાગેશ ભટ્ટે પણ આ પરિભાષાને સ્વીકારી નથી.

वर्णाश्रये प्रत्ययलोपलक्षणनिषेधः ॥ ५२ ॥

(વર્ણાશ્રિત કાર્ય કરવાનું હોય ત્યાં प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । 1-1-62 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.)

વર્ણાશ્રિત વિધિમાં પ્રત્યયલક્ષણ કાર્ય થતું નથી. જેમકે, गवे हितमिति गोहितम् । रायः कुलमिति रेकुलम् । આ ઉદાહરણોમાં सुपो धातुप्रातिपदिकयोः । 2-4-71 સૂત્રથી सुप् નો लुक् થાય છે. ત્યાર પછી પ્રત્યયલક્ષણથી एचोऽयवायावः । 6-1-78 સૂત્રોક્ત अव्-आय् વગેરે આદેશો થતા નથી. કારણ કે તે अव्-आय् આદેશો अचि એવા નિમિત્તની અપેક્ષા રાખે છે. અર્થાત્ તે આદેશ વર્ણાશ્રિત છે. श्रवणा रात्रिः । આ ઉદાહરણમાં संज्ञायां श्रवणाश्वत्थाभ्याम् । 4-2-5 સૂત્રથી अण् નો लुप् થાય છે. તથા लवणा यवागूः । એ ઉદાહરણમાં लवणाल्लुकि । 4-4-24 સૂત્રથી ठक् પ્રત્યયનો लुक् થાય છે. આ બન્ને ઉદાહરણોમાં પ્રત્યયલક્ષણ થતાં अणन्तत्व (તથા ठगन्तत्व[1]) ને કારણે टिड्ढाणञ्० । 4-1-15 સૂત્રથી ङीप् ની પ્રાપ્તિ થાય છે. અહીં કોઈ શંકા કરે કે ના, ङीप् ની પ્રાપ્તિ થવાની નથી; કારણ કે ङीप् પ્રત્યય વર્ણાશ્રિત નથી. તો તે ઉચિત નથી. અહીં ષષ્ઠ્યન્ત टिदादि થી अ કાર વિશેષિત બનતો હોવાથી[2] તે ङीप् વર્ણાશ્રિત છે; પરિણામે ત્યાં ङीप् થશે નહીં.

प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । 1-1-62 એ સૂત્રમાં બીજીવાર જે 'प्रत्यय' ગ્રહણ કર્યું છે, તેને આધારે આ પરિભાષાર્થ સાધવામાં આવ્યો છે. જેમકે, ત્યાં (ભાષ્યમાં) કહ્યું છે : प्रत्ययलोपे तल्लक्षणम् । એવું સૂત્ર રચવાને બદલે સૂત્રકારે प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । એવું સૂત્ર રચ્યું છે. આનું પ્રયોજન એ છે જે પ્રત્યય સ્વરૂપાશ્રિત કાર્ય હોય તે જ પ્રત્યયલક્ષણ થઈને સંપન્ન રહે (એટલે કે પ્રવૃત્ત થાય). જેમકે, सुप्तिङन्तं पदम् । 1-4-14 સૂત્ર. પરંતુ (इको यणचि । 6-1-77 જેવા સૂત્રમાં) જ્યાં अचि એવું પદ હશે ત્યાં વર્ણાશ્રિત કાર્ય હોઈને પ્રત્યયલક્ષણ થશે નહીં. વળી, આ પરિભાષાર્થમાં श्रवणाकार्तिकीचैत्रीभ्यः । 4-2-23 સૂત્રસ્થ श्रवणा એવો टावन्त નિર્દેશ પણ જ્ઞાપક છે.

આ પરિભાષા અનિત્ય છે. પરિણામે ક્વચિત્ વર્ણાશ્રિત કાર્ય કરવું હોય ત્યાં પણ પ્રત્યયનો લોપ થતાં પ્રત્યયલક્ષણ થાય છે. જેમકે, अतृणेट् । એ

---

૧. મૂળ પાઠમાં નથી, તથાપિ સંદર્ભની દૃષ્ટિએ આવશ્યક છે.

૨. અર્થાત્ अ કારના टिदादि । વિશેષણ બને છે.

ઉદાહરણમાં (अतृणह् + तिप् > त् । આ અવસ્થામાં) પ્રત્યયનો લોપ થયા પછી, ત્યાં પ્રત્યયલક્ષણથી અપૃક્ત હલ્ પરમાં છે એમ માનીને तृणह इम् । 7-3-92 સૂત્રથી इम् આગમ થાય છે. शास इदङ्हलोः । 6-4-34 સૂત્ર ઉપર ન્યાસકારે આ અનિત્યત્વ કહ્યું છે.

વ્યાડિ : (-)

આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થતી નથી.

સીરદેવ : (૭)

તેમણે આ પરિભાષાના પાઠમાં થોડો ફેરફાર કર્યો છે : 'वर्णाश्रये प्रत्ययलक्षणं नास्ति ॥' બીજું, સીરદેવે પુરુષોત્તમદેવની ચર્ચાનો સ્વીકાર કર્યો છે.

વિશેષમાં પુરુષોત્તમદેવે ન્યાસકારને અનુસરીને આ પરિભાષાને અનિત્ય માનીને अतृणेट् । રૂપમાં इम् આગમની પ્રવૃત્તિ દર્શાવી છે. આ સન્દર્ભમાં સીરદેવે એક ઉપાયાન્તરને આ પ્રમાણે રજૂ કર્યું છે : આ इम् આગમ વર્ણાશ્રિત નથી. પરંતુ અહીં अङ्ग નો અધિકાર હોવાથી પ્રત્યયનો આક્ષેપ થાય છે; તેથી તે હલાદિ પ્રત્યયાશ્રિત છે. આનો અર્થ કે પ્રત્યય પરમાં રહેતાં દ્વિવિધ કાર્યો થાય છે : એક, પ્રત્યય નિમિત્તક અને બીજું, અપ્રત્યયનિમિત્તક. હવે, જે પ્રત્યયનિમિત્તક કાર્ય હશે તે જ પ્રત્યયનો લોપ થતાં પ્રત્યયલક્ષણથી સિદ્ધ રહેશે; બીજું, કોઈ કાર્ય નહીં. આવા પ્રયોજનથી ઉક્ત સૂત્રમાં प्रत्ययलक्षणम् એમ કહ્યું છે. પ્રસ્તુત ઉદાહરણમાં इम् આગમ પ્રત્યયનિમિત્તક જ છે. તેથી अङ्गाधिकार વડે પ્રત્યયનો આક્ષેપ થવાથી इम् આગમની પ્રવૃત્તિ થવામાં કયો વિરોધ આવશે ? અર્થાત્ કોઈ વિરોધ નહીં આવે.

નીલકંઠ : (૯)

ભાષ્યમાંથી સૂચન લઈને નીલકંઠે પરિભાષાર્થ આ પ્રમાણે આપ્યો છે : પ્રધાનપણે વર્ણને આશ્રયે જ્યાં કાર્યનું વિધાન કરવામાં આવે છે ત્યાં अल्विधि હોવાને કારણે અપ્રાપ્ત પ્રત્યયલક્ષણનું વિધાન કરવાને માટે રજૂ કરવામાં આવેલા प्रत्ययलोपे प्रत्ययलक्षणम् 1-1-62 સૂત્રથી પ્રત્યયલક્ષણ થતું નથી.

વિશેષમાં, આ प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । 1-1-62 સૂત્રની સ્પષ્ટતા કરતાં નીલકંઠ જણાવે છે કે જ્યાં પ્રત્યયનું જ અસાધારણ રૂપ આશ્રિત હોય ત્યાં જ પ્રત્યયલક્ષણ થાય છે : અન્યત્ર નહીં.

હરિભાસ્કર : (૭)

સીરદેવ તથા નીલકંઠની ચર્ચાના મુદ્દાઓનો સ્વીકાર કરીને હરિભાસ્કરે પ્રકૃત પરિભાષાની ચર્ચા કરી છે. વિશેષ કોઈ નોંધ નથી.

નાગેશ : (૨૧)

નાગેશ ભટ્ટ આ પરિભાષાની પ્રમાણ-ચર્ચા કરતાં જણાવે છે કે પ્રત્યયલોપે પ્રત્યયલક્ષણમ્ । 1-1-62 સૂત્રમાં સ્થાનિદાદેશોઽનલ્વિધૌ । 1-1-56 સૂત્રમાંથી સ્થાનિવત્ ની અનુવૃત્તિ આવી શકતી હતી; એવી સ્થિતિમાં પ્રત્યયલક્ષણ નું ગ્રહણ કર્યું છે. તેનાથી સૂચિત થાય છે કે આ પ્રત્યયલક્ષણ જ્યાં પ્રત્યયનું પ્રાધાન્ય છે અને પ્રત્યય બીજા કોઈ પદનું વિશેષણ ન બની ગયો હોય ત્યાં જ આ પ્રત્યયલક્ષણની પ્રવૃત્તિ થાય છે. ત્યાર પછી, નાગેશે આ પરિભાષાને વર્ણપ્રાધાન્ય વિષયક કહી છે : વર્ણપ્રાધાન્ય બે પ્રકારનું છે. એક, વર્ણ બીજા કોઈનું વિશેષણ ન બન્યો હોય અને પોતે સૂત્રમાં પ્રધાનપણે નિર્દેશાયેલો હોય. બીજું, વર્ણ જ્યાં પ્રત્યયનું વિશેષ્ય બને એ રીતે સૂત્રમાં નિર્દેશાયેલો હોય.

एचोऽयवायावः । 6-1-78 સૂત્રમાં ઉપર્યુક્ત પહેલા પ્રકારનું વર્ણપ્રાધાન્ય રહેલું હોવાથી गोहितम् । જેવાં ઉદાહરણોમાં अच् આદેશ થતો નથી. તથા ઉપર્યુક્ત બીજા પ્રકારના વર્ણપ્રાધાન્યમાં આ પરિભાષા પ્રવૃત્ત થતી હોવાથી चित्रायां जाता चित्रा । એ ઉદાહરણમાં 'अण्' પ્રત્યયનો જે અકાર, તદન્તને ङीप् થાય છે.' એ અર્થમાં टिड्ढाणञ्० । 4-1-15 સૂત્રથી ङीप् ની પ્રવૃત્તિ થતી નથી.

આ ચર્ચાનો ઉપસંહાર કરતાં નાગેશ જણાવે છે કે આ પરિભાષા अल्-વિધિમાં સ્થાનિવદ્ભાવની અપ્રાપ્તિ હોવા છતાંય જે પ્રત્યયલક્ષણની પ્રાપ્તિ થાય છે તેની નિષેધિકા છે.

ઉપસંહાર :

આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થતી નથી. ભાષ્યમાંથી સૂચન મેળવીને સૌ પ્રથમ પુરુષોત્તમદેવે તેને રજૂ કરી છે. પુરુષોત્તમદેવે આ પરિભાષાની ચર્ચામાં ભાષ્ય ઉપરાંત 'ન્યાસ'નો પણ ઉપયોગ કર્યો છે.

બીજી તરફ, કાશીની વૈયાકરણ પરંપરામાં આ પરિભાષાની ચર્ચા માટે ભાષ્યવ્યાખ્યાનનો જ ઊંડો અભ્યાસ થયો છે અને પરિણામે આ પરિભાષાને કેવળ સૂત્રસિદ્ધવાચનિકી દર્શાવવાનો અભિગમ પ્રકટ થયો છે. આ પરિભાષાની પ્રવૃત્તિવિષયક સૂક્ષ્મ ચર્ચા આપણને નીલકંઠ અને નાગેશના ગ્રન્થોમાં પ્રાપ્ત થાય છે.

विकरणेभ्यो नियमो बलीयान् ॥ ५३ ॥

(વિકરણ વિધાયકસૂત્રોની અપેક્ષાએ આત્મનેપદાદિ વિષયક નિયમસૂત્રો બળવાન હોય છે.)

વિકરણોની પ્રવૃત્તિ થાય તે પૂર્વે આત્મનેપદ અને પરસ્મૈપદના નિયમની પ્રવૃત્તિ થાય છે ત્યાર પછી વિકરણો પ્રવૃત્ત થાય છે. પરિણામે एधिष्यते । एधितासे । ऐधिष्ट । करिष्यति । વગેરે રૂપો સિદ્ધ થાય છે. અન્યથા; પરત્વ અને નિત્યત્વને કારણે, (પહેલાં) स्य વગેરે વિકરણોની પ્રવૃત્તિ કરતાં, તેમનું વ્યવધાન ઊભું થતાં 'અનુદાત્તોત્ અને ડિત્ ધાતુઓને આત્મનેપદ', અને '(આત્મનેપદના નિમિત્તને કારણે) શેષ ધાતુઓને પરસ્મૈપદ;' એવી વ્યવસ્થા થશે નહીં. (પણ) સામાન્યરૂપે તિપ્ વગેરે થશે. (કારણ કે आस्ते । शेते । अत्ति । भिनत्ति । જેવા લુગ્ વિકરણ અને શ્નમ્ વિકરણ ધાતુમાં નિયમનું ચરિતાર્થત્વ રહેશે.

वृद्भ्यः स्यसनोः । 1-3-92 સૂત્રથી આત્મનેપદને વિકલ્પનું વિધાન કર્યું છે, તેનાથી પ્રકૃત પરિભાષાર્થ જ્ઞાપિત થાય છે. અન્યથા; वृतु वर्तने । વગેરે અનુદાત્તોત્ ધાતુઓને स्य વિકરણ પ્રત્યય કરવાથી, તેમનું વ્યવધાન પડતાં 'અનુદાત્તોત્ અને ડિત્ ધાતુઓને જ આત્મનેપદ થાય છે' તેવા નિયમની પ્રવૃત્તિ નહીં થાય. આથી સામાન્ય રૂપે વિહિત તિપ્ વગેરે પ્રત્યયો કરતાં वर्त्स्यति । वर्तिष्यते । એવાં બન્ને રૂપો સિદ્ધ રહે છે; એવી સ્થિતિમાં આ વિકલ્પથી શું પ્રયોજન છે ? આમ वृद्भ्यः स्यसनोः । 1-3-92 સૂત્રથી આત્મનેપદને વિકલ્પનું વિધાન કર્યું છે; તે જ્ઞાપક બને છે.

આ પરિભાષા પ્રાયિક (અનિત્ય) છે તેમ માનીને સમો गम्यृच्छिप्रच्छिस्वरत्यर्तिश्रुविदिभ्यः । 1-3-29 સૂત્ર ઉપર કાશિકાવૃત્તિમાં જણાવ્યું છે કે આ સૂત્રમાં આદેશ ભિન્ન ऋच्छ । गतीन्द्रियपलयमूर्तिभावेषु । ધાતુનું ગ્રહણ કરવાનું છે.[1] અને अर्ति નો આદેશ પણ अर्ति જ છે,[2] તે સિદ્ધ રહે છે. જો विकरणेभ्यो नियमो बलीयान् । તેવી પરિભાષા નિત્ય હોય તો (શિત્) વિકરણનું વિધાન કર્યા પછી, આત્મનેપદની પૂર્વે ऋच्छ આદેશ સંભવતો નથી.

---

૧. पाद्घ्राध्मा० । 7-3-78 સૂત્રોક્ત अर्ति ધાતુના ऋच्छ આદેશનું ગ્રહણ કરવાનું નથી.

૨. સ્થાનિવદ્ભાવથી.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા નથી મળતી.

સીરદેવ : (૧૯)

તેમણે પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી ચર્ચાને મહદંશે સ્વીકારી છે. 'વિકરણોની પૂર્વે નિયમની પ્રવૃત્તિ થાય છે;' તે પરિભાષાર્થને સમજાવતાં સીરદેવે એક વિશેષ મુદ્દો પણ તેમાં ઉમેર્યો છે : વિકરણ પર અને નિત્ય હોવા છતાંય તેની પૂર્વે નિયમની પ્રવૃત્તિ થાય છે. અને નિયમની પ્રવૃત્તિના સમયમાં अट् આગમની પ્રાપ્તિ થાય છે. આ પરિસ્થિતિમાં નિયમ વડે अट् આગમની નિવૃત્તિ થતી નથી. કારણ કે, નિયમ કેવળ વિકરણથી જ બળવાન છે. તથા વિકરણ વડે પણ अट् આગમની નિવૃત્તિ થશે નહીં, કારણ કે अट् આગમ તે સમયે વિદ્યમાન નહીં હોય. આમ, પરત્વને કારણે अट् આગમની પહેલાં પ્રવૃત્તિ થશે, પછી નિયમની અને છેલ્લે વિકરણની પ્રવૃત્તિ થશે.

પુરુષોત્તમદેવે રજૂ કરેલા જ્ઞાપકથી પરિભાષાન્તર પણ જ્ઞાપિત થાય છે, તેમ કેટલાંક કહે છે. જેમકે; વિકરણ પ્રત્યય કરી દીધા પછી પણ નિયમની પ્રવૃત્તિ થાય છે. આ મતમાં; एधिष्यते । જેવા રૂપમાં, लावस्था માં જ અંતરંગત્વને કારણે स्य વિકરણ પ્રત્યયની પ્રવૃત્તિ થાય છે.

સીરદેવે આ મતાન્તરની નોંધ લઈને, તેની મદદથી 'આદેશ ભિન્ન ઋચ્છ ધાતુનું ગ્રહણ કરવાનું છે,' તેવા 'કાશિકા'–વૃત્તિના વિધાનની ઉપપત્તિ દર્શાવી છે. પરંતુ આ પરિભાષાને અનિત્ય માની નથી.

અતે, સીરદેવે 'विकरणेभ्यः' એવા નિર્દેશની વ્યાકરણ–પ્રક્રિયા–વિસ્તારથી ચર્ચી છે. જે પ્રકૃત પરિભાષાની ચર્ચા અનુપકારી હોઈ વિષયાન્તર છે.

નીલકંઠ (૨૪)

शदेः शितः । 1–3–60 સૂત્રભાષ્યમાં, वृम्द्यः स्यसनोः । 1–3–92 સૂત્રસ્થ स्य ગ્રહણથી 'વિકરણ વ્યવધાનમાં પણ નિયમની પ્રવૃત્તિ થાય છે,' તેમ ધ્વનિત કર્યું છે; તેની નીલકંઠે પણ નોંધ લીધી છે. વિશેષ નોંધ નથી.

હરિભાસ્કર : (૧૯)

પૂર્વાચાર્યોથી જુદા પડીને અને કૈયટ–હરદત્તાદિનો પણ વિરોધ કરીને अनुपसर्गाद्वा । 1–3–63 સૂત્રથી क्रम ધાતુને આત્મનેપદનું વિધાન કર્યું છે, તે પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. તેવા ભાષ્યોક્ત જ્ઞાપકની પુનઃસ્થાપનાનો હરિભાસ્કરે પ્રયત્ન કર્યો છે.

નાગેશ : (૪૧)

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલા જ્ઞાપક અને સીરદેવ તથા નીલકંઠે નિર્દેશેલા જ્ઞાપકાન્તરને રજૂ કર્યા પછી નાગેશે આ વિષયમાં ત્રીજા, સિદ્ધાન્તપક્ષની સ્થાપના કરી છે. નાગેશ સમ્મત ત્રીજો પક્ષઃ

વસ્તુતઃ આ જ્ઞાપકથી, તિબાદિ વિધાયક સામાન્યશાસ્ત્રની સાથે એકવાક્યતા કરીને अनुदात्तङित आत्मनेपदम् । 1-3-12 આદિ નિયમપ્રકરણની પ્રવૃત્તિ થાય છે; તેવું જ્ઞાપિત થાય છે. અહીં પંચમ્યન્ત 'धातोः'નો અધિકાર આવે છે; જે વિશેષ્ય બને છે. આથી "ધાતુને વિહિત લકારને સ્થાને तिङ् આદેશો થાય છે;" તેવી એકવાક્યતા થાય છે. (પરિણામે એકવાક્યતાપન્ન સૂત્રનો અર્થ આ પ્રમાણે થશે : "ધાતુને વિહિત લકારને સ્થાને तिङ् આદેશ થાય છે, પરંતુ અનુદાત્તોત્ અને ડિત્ ધાતુને વિહિત લકારને સ્થાને તેવા આદેશો થાય છે; કે જેમની आत्मनेपद સંજ્ઞા થાય છે.") આ પ્રમાણે એકવાક્યતા કરવાથી ला વસ્થામાં स्य વિકરણ કર્યા પછી, તેના વ્યવધાનમાં પણ तङ् પ્રત્યયોની સિદ્ધિ રહે છે. शप् વિકરણ, અને તેના અપવાદ श्यन्-આદિ વિકરણોને कर्तरि सार्वधातुके । જેવા નિમિત્તોની અપેક્ષા હોઈ, લકારને સ્થાને નિયમવિહિત પ્રત્યયો થઈ ગયા પછી તેમની પ્રવૃત્તિ થાય છે.

આ સન્દર્ભમાં નાગેશ ભટ્ટે કૈયટોક્ત ચોથો પણ પણ રજૂ કર્યો છે : 'તિબાદિ' આદેશો લકાર માત્રની અપેક્ષા કરતા હોઈને અંતરંગ છે. અને લકાર વિશેષની અપેક્ષા કરતા હોઈને स्य-तास् આદિ વિકરણો બહિરંગ છે. આથી લકારને સ્થાને પ્રત્યયાદેશની પ્રથમ પ્રવૃત્તિ થઈને પછીથી વિકરણ લાગે છે.

(આ પક્ષ સિદ્ધાંતપક્ષ નથી. કારણ કે આ મત सामान्यापेक्षमन्तरङ्गम् । विशेषापेक्षं बहिरङ्गम् । ન્યાયને આશ્રયે રજૂ કર્યો છે. જેનું નાગેશે ખંડન કર્યું છે.)

ઉપર્યુક્ત કૈયટોક્ત મતને પ્રદર્શિત કર્યા પછી ભિન્નવાક્યતા પક્ષમાં વિધિ અને નિયમશાસ્ત્રને અલગ અલગ ગણી પહેલા અઢાર પ્રકારના પ્રત્યયોની ઉત્પત્તિ કરવામાં આવે છે. ત્યાર પછી અનુદાત્ત સંજ્ઞા કરીને શેષ પરસ્મૈપદ સંજ્ઞક પ્રત્યયોની નિવૃત્તિ કરવી પડે છે. આમ, આ પક્ષ ગૌરવગ્રસ્ત છે, તેથી સ્વીકાર્ય નથી.

નાગેશના તાત્પર્યને ટૂંકમાં રજૂ કરવું હોય તો એમ કહેવું જોઈએ કે પ્રકૃત પરિભાષાથી પૂર્વે નિયમની પ્રવૃત્તિ કરીને તો विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 જેવી સાક્ષાત્ અષ્ટાધ્યાયીની સૂત્રપરિભાષાની સાથે વિરોધ આવે છે. માટે એકવાક્યતા પક્ષ લેવો જ યુક્તિસંગત છે.

ઉપસંહાર :

આ પરિભાષાના વ્યાખ્યાનમાં જે ક્રમિક વિકાસ થતો ગયો છે, તે નોંધનીય છે. 'પરિભાષાસૂચન'માં આ પરિભાષા ઉપલબ્ધ થતી નથી. પુરુષોત્તમદેવે આને સૌથી પહેલાં રજૂ કરી છે અને તેના જ્ઞાપકાદિની સર્વાંગીણ ચર્ચા કરી છે. સીરદેવે આ ચર્ચામાં જ્ઞાપકાન્તરને ઉમેરીને તે ચર્ચાને વિસ્તૃત કરી છે. અને, નાગેશે આ બન્ને જ્ઞાપકોને રજૂ કરીને પોતાનો આગવો અર્થ સ્પષ્ટ કર્યો છે. તે સાથે જ કૈયટના અભિપ્રાયને પણ વિશદ કરવાનો પ્રયત્ન કર્યો છે. નાગેશનો અભિપ્રાય યુક્તિસંગત હોઈ આવકાર્ય છે.

अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो ल्यप् बाधते ॥ ५४ ॥

(અન્તરંગ વિધિઓનો પણ બહિરંગ લ્યપ્ બાધ કરે છે.)

સમાસમાં સમાસાશ્રયને કારણે (समासेऽनञ्पूर्वे क्त्वो ल्यप् । 7-1-37 સૂત્રોક્ત) બહિરંગ લ્યપ્ અંતરંગ વિધિઓનો બાધ કરે છે. હિત્વ, તત્વ, આત્વ, ઇત્વ, દીર્ઘત્વ, શત્વ, ઊઠ્ અને ઇટ્ આ પરિભાષાનાં પ્રયોજનો છે. જેમકે, प्रधाय । એ રૂપમાં दधातेर्हिः । 7-2-42 સૂત્રવિહિત હિત્વ થતું નથી.[1] प्रदाय । એ રૂપમાં अचः उपसर्गात्तः । 7-4-7 સૂત્રથી તત્વ થતું નથી.[1] प्रखन्य । प्रजन्य । આ રૂપોમાં जनसनखनां सञ्झलोः । 6-4-42 સૂત્રથી આત્વ થતું નથી.[1] प्रस्थाय । આ રૂપમાં द्यतिस्यतिमास्थामित्ति किति । 7-4-40 સૂત્રથી ઇત્વ થતું નથી,[1] प्रधाय । એ રૂપમાં घुमास्थागापाजहातिसां हति । 6-4-66 સૂત્રથી[1] ઈત્વ થતું નથી.[1] प्रक्रम्य । એ રૂપમાં क्रमश्च कित्व । 6-1-18 સૂત્રથી[2] દીર્ઘ થતો નથી.[1] प्रपृच्छ्य । એ રૂપમાં च्छ्वोः शूडनुनासिके च । 6-4-19 સૂત્રથી શ કાર થતો નથી.[2] प्रतिदीव्यः । એ રૂપમાં च्छ्वोः शूठ्० । 6-3-19 સૂત્રથી ઊઠ્ થતો નથી,[1] प्रगृह्य । એમાં आर्धधातुकस्येड् वलादेः । 7-2-35 સૂત્રથી ઇડ્ નથી.[1]

---

૧. આ વિધિ અંતરંગ હોવા છતાંય પ્રકૃત પરિભાષા હોવાથી તેનો બાધ થાય છે.

૨. क्विझलोः क्ङिति । એટલો પાઠ M હસ્તપ્રતમાં નથી.

'કાશિકાવૃત્તિમાં ઉપલબ્ધ થતી આ સૂત્ર ઉપરની વૃત્તિ જોતાં જણાય છે કે M હસ્તપ્રતમાં ઉક્ત પાઠ આપ્યો નથી તે ઉચિત છે. અનુવાદમાં પણ તેમ જ કર્યું છે.

अदो जग्धिर्ल्यप् तिकिति । 2-4-36 સૂત્રસ્થ ल्यप् ગ્રહણ આ પરિભાષામાં જ્ઞાપક છે. અન્યથા, प्रजग्ध्य । એ ઉદાહરણમાં અંતરંગત્વને કારણે જ क्त्वा અવસ્થામાં તકારાદિ कित् પરમાં રહેતા जग्धि આદેશ સિદ્ધ રહે છે, તેવી સ્થિતિમાં પૃથક્ ल्यप् ગ્રહણ કર્યું ન હોત.[3]

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૩૪)

તેમણે પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચાનો સ્વીકાર કર્યો છે. વિશેષમાં તેમણે વિષયાન્તર કરીને એક શંકાની વિચારણા કરી છે: 'प्रजग्ध्य' । રૂપમાં ल्यप् પ્રત્યય થયો છે. પરંતુ તે 'प्रत्यय'ના અધિકારમાં કહ્યો નથી, તેથી તેને પ્રત્યયત્વ મળતું નથી. એવી સ્થિતિમાં ल्यप्ના લકારની इत् સંજ્ઞા કેવી રીતે થશે ?' આ ચર્ચા પ્રકૃતમાં ઉપયોગી નથી.

નીલકંઠ : (૬૨)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

---

3. प्र+अद्+क्त्वा । એવી સ્થિતિમાં क्त्वा એ कित् પ્રત્યય પરમાં રહેલો છે, તેથી अद् ને સ્થાને जग्ध् એવો આદેશ થઈ શકે છે. તેવો આદેશ કર્યા પછી क्त्वानी જગ્યાએ ल्यप् આદેશ કરી प्रजग्ध्यની સિદ્ધિ કરી શકાય છે. તો પણ સૂત્રમાં (2-4-36) ल्यप् ગ્રહણ કર્યું છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે क्त्वानी જગ્યાએ થનારો ल्यप् આદેશ બહિરંગ હોવો છતાંય પ્રથમ પ્રવૃત્ત થાય છે. હવે જો તે પ્રથમ પ્રવૃત્ત થતો હોય તો તકારાદિ कित् પ્રત્યય પરમાં મળશે નહીં, પારણામે अद्ને સ્થાને जग्ध् આદેશ થઈ શકશે નહીં. પરંતુ તે થાય એમ ઇષ્ટ છે એટલે પાણિનિએ સૂત્ર (2-4-36)માં ફરીથી ल्यप् ગ્રહણ કર્યું છે અને આ રીતે તે આ પારભાષાનું જ્ઞાપક બને છે. આ ઉપર્યુક્ત અર્થનો સંગ્રહ કરતો શ્લોક ભાષ્યમા આ પ્રમાણે મળે છે :

जग्धौ सिद्धेऽन्तरङ्गत्वात् तिकितीति ल्युबुच्यते ।
ज्ञापयत्यन्तरङ्गाणां ल्यपा भवति बाधनम् ॥

(પરિભાષેન્દુશેખરના મરાઠી અનુવાદમાંથી)

હરિભાસ્કર : (૩૪)

તેમણે વિશેષ નોંધનીય મુદ્દો ઉપસ્થિત કર્યો નથી.

નાગેશ : (૫૪)

તેમણે પણ 'પરિભાષેન્દુશેખર'માં કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

ઉપસંહાર:

આ પારભાષા અંતરંગ પરિભાષાનો અપવાદ રજૂ કરે છે. આ પરિભાષાની ચર્ચામાં કોઈ મતભેદ નથી.

धातोः स्वरूपग्रहणे तत्प्रत्यये एव कार्यसंविज्ञानम् ॥ ५५ ॥

(ધાતુનું સ્વરૂપગ્રહણ કરીને કોઈ કાર્યનું વિધાન કર્યું હોય તો તે ધાતુથી પરમાં વિહિત પ્રત્યય, પરમાં હોય ત્યારે જ થાય છે.)

આ પરિભાષા વડે सृजिदृशोर्झल्यमकिति । 6-1-58 સૂત્રવિહિત अम् ધાત્વધિકારીય પ્રત્યય પરમાં રહેતાં જ થાય છે; स्रष्टा । द्रष्टा । પરંતુ सुदृग्भ्याम् सुदृग्भिः અહીં अम् થતો નથી. क्विबन्त – શબ્દોમાં ધાતુત્વ[1] હોવા છતાંય भ्याम् અને भिस् એ બે પ્રત્યયો પ્રાતિપદિકથી પરમાં થનારા હોવાથી (अम् નહીં થાય). આ જ પ્રમાણે मस्जिनशोर्झलि । 7-1-60 સૂત્રવિહિત नुम् આગમ उदकमग्भ्याम् । તથા प्राणनग्भ्याम् । જેવાં રુપોમાં થતો નથી. અને वार्त्रघ्नः । રૂપમાં हनस्तोऽचिण्णलोः । 7-3-32 સૂત્રોક્ત તત્વ થતું નથી. देवगिरौ । देवगिरः । રૂપોમાં अचि विभाषा । 8-2-21 સૂત્રવિહિત લત્વ થતું નથી.

આ પ્રમાણે આ પરિભાષાના પ્રયોજનો ગણાવતાં सृज्, दृश, मस्ज, नश, हन, અને गृ ધાતુઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આ પરિભાષામાં 'स्वरूपग्रहणे'[2] એવું કહ્યું હોવાથી प्रसृड्भ्याम् । प्रसृड्भिः । રૂપોમાં 'अनुदात्तस्य चर्दुपधस्यान्तरस्याम् । 6--59 સૂત્રવિહિત

---

૧. क्विबन्ता धातुत्वं न जहति प्रातिपदिकत्वञ्च । એ ન્યાયને આધારે.

૨. 'સ્પષ્ટ પણે ધાતુનું ગ્રહણ હોય ત્યાં' એમ કહેલું હોવાથી જ્યાં अनुदात्तस्य તેવા ઉપલક્ષણથી ધાતુનો નિર્દેશ હશે ત્યાં પણ આ પરિભાષા પ્રવૃત્ત થશે નહીં.

(अम् આગમની પ્રાપ્તિ રહેશે; તેવા દોષનું ઉદ્ભાવન કરીને ભાષ્યકારે मृजेर्वृद्धिः । 7-2-14 સૂત્ર ઉપરના ભાષ્યમાં પરિભાષાન્તરનું આશ્રયણ કર્યું છે. જેમકે, धातोः कार्यमुच्यमानं तत्प्रत्यये एव भवति । અને આવો પરિભાષાર્થ भ्रूणघ्नो भावः । તે અર્થમાં ક્વિબન્ત भ्रूणघ्न (શબ્દથી ષ્યઞ્ પ્રત્યય કરીને) તેમાંથી નિષ્પન્ન થતા भ्रौणहत्यः । રૂપમાં दाण्डिनायनहास्तिनायन० । 6-4-174 સૂત્ર વડે त કારનું નિપાતન કરવામાં આવ્યું છે, તેનાથી જ્ઞાપિત થાય છે. જો ધાતુને કહેવામાં આવેલું કાર્ય અધાતુપ્રત્યય[3] પરમાં રહે ત્યારે પણ થતું હોય તો हनस्तोऽचिण्णलोः । 7-3-32 સૂત્રથી टि લોપનો બાધ કરીને त કાર સિદ્ધ હતો. તેવી અવસ્થામાં નિપાતનની શી જરૂર હતી.

હો હન્તેઃ ञ्णिन्नेषु । 7-3-54 સૂત્રવિહિત કુત્વ નો નિષેધ કરવા માટે આ નિપાતન છે, તેથી જ્ઞાપક બની શકશે નહીં તેવું ન કહેવું જોઈએ. કારણ કે न क्वादेः । 7-3-59 સૂત્રમાં 'न' એવો યોગવિભાગ કરીને ભાષ્યકારે કુત્વ નો નિષેધ સાધ્યો છે.

नियौ । नियः । भ्रुवौ । भ्रुवः । અહીં તો क्षियः । 6-4-59 તેવો સૂત્રનિર્દેશ (જ) જ્ઞાપક છે કે અધાતુપ્રત્યય[4] પરમાં હોય તો પણ इयङुवङ् સિદ્ધ રહે છે.

વ્યાડિ : (૮૦)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા નથી.

સીરદેવ : (૭૪)

તેમણે પરિભાષાનું સ્વરૂપ धातोः कार्यमुच्यमानं तत्प्रत्यय एव भवति । સ્વીકાર્યું છે. આ સિવાય ચર્ચાની બીજી વિગતોમાં પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનું મહદંશે અનુસરણ કર્યું છે.

નીલકંઠ : (૮૦)

તેમણે વાર્તિકકાર પ્રોક્ત અને પુરુષોત્તમદેવ વડે સ્વીકૃત આ પરિભાષાનું સ્વરૂપ धातोः स्वरूपग्रहणे० । ચાલુ રાખ્યું છે. અને તેનું સમર્થન કરતાં નીલકંઠે જણાવ્યું છે કે અહીં 'સ્વરૂપ ગ્રહણ'નું સમાધાન કોઈક રીતે કરી લેવાનું

---

૩. ધાતુ ભિન્ન પ્રકૃતિથી (પરમાં) વિહિત પ્રત્યય પરમાં હોય ત્યારે.

૪. જુઓ : ઉપર્યુક્ત ત્રીજી ટિપ્પણી.

રહે છે. પરંતુ શ્રુંગગ્રાહિકન્યાય વડે ધાતુનું ઉપાદાન હોવું જોઈએ તેવો આગ્રહ રાખવાનો નથી.

નીલકંઠે આ પરિભાષાનો સંકોચ પણ રજૂ કર્યો છે. જેમકે, नश्छव्यप्रशान् 8-3-7 સૂત્રમાં अप्रशान् તેવો નિષેધ કર્યો હોવાથી સૂચવાય છે કે આ પરિભાષા પદાન્તત્વને નિમિત્તે થતાં કાર્યોમાં પ્રવૃત્ત થતી નથી.

હરિભાસ્કર : (૭૬)

તેમણે धातोः कार्यमुच्यमानम्० । તેવા પાઠને સ્વીકાર્યો છે. આ પરિભાષાના વ્યાખ્યાનમાં કોઈ વિશેષ નોંધ મૂકી નથી.

નાગેશ : (૮૮)

આ પરિભાષાની પ્રવૃત્તિવિષયક એક સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે જે સૂત્રમાં ધાતુથી પરમાં આવેલા અમુક પ્રત્યયના નિમિત્તે કાર્યનું વિધાન રહેતું હોય ત્યાં જ આ પરિભાષા લાગુ પડે છે. અને આથી જ प्रणङ्भ्याम् । જેવાં ઉદાહરણોમાં નશેર્વા 8-2-63 સૂત્રવિહિત । કુત્વ પદાન્તત્વને નિમિત્તે થનારું હોઈ પ્રવૃત્તિ થાય છે જ.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવની ચર્ચા ભાષ્યાનુસારી છે તથા સર્વાંગીણ છે, તેથી તેમના અનુગામીઓને વિશેષ કાંઈ કહેવાનું રહેતું નથી.

सर्वे विधयश्छन्दसि विकल्प्यन्ते ॥ ५६ ॥
(વેદમાં દરેક વિધિ વિકલ્પે થાય છે.)

આથી घुरि दक्षिणस्याम् ।[1] એ વાક્યમાં સપ્તમીની વિકલ્પે પ્રવૃત્તિ થતી હોવાથી સપ્તમીના અર્થમાં શેષષષ્ઠી થઈને घुरि दक्षिणस्याः । એવું વાક્ય થાય છે.[2] तक्षन्ति । એવો બહુવચનાન્ત પ્રયોગ થવાને બદલે વિકલ્પે ઉત્સર્ગતઃ એકવચન થાય છે. જેમકે, ये यूपाय तक्षति मधु इति ।[3] નપુંસકલિંગમાં नुम् આગમ (થઈને मधुनः એવું થવું જોઈએ. તેને બદલે તે नुम् આગમ) વિકલ્પે

---

૧. 1-4-9 સૂત્ર ઉપરના ભાષ્યમાં दक्षिणायाम् એવું રૂપ આપ્યું છે.
૨. युक्ता आसीद्घुरि दक्षिणायाः । એવું ભાષ્યોક્ત વાક્ય છે.
૩. चषालं ये अश्वयूपाया तक्षति । એવું ભાષ્યોક્ત વાક્ય છે.

થઈને मधोस्तृप्ता इवासते । એવું થાય છે. આ પ્રકારના બીજા પ્રયોગો પણ જાણવા જોઈએ.

षष्ठीयुक्तश्छन्दसि वा । 1-4-9 એ સૂત્રમાં (वा એવો) યોગવિભાગ કરીને આ પરિભાષાર્થ સાધવામાં આવે છે. વળી, व्यत्ययो बहुलम् । 3-6-85 સૂત્રોક્ત વ્યત્યયથી પણ આ ઉદાહરણો સિદ્ધ થાય છે.[૪]

વ્યાડિ : (-)

"પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૨૪)

તેમણે પુરુષોત્તમદેવની જ ચર્ચાનો સ્વીકાર કર્યો છે. પરંતુ પુરુષોત્તમદેવે ભાષ્યથી વિસંગત એવાં જે ઉદાહરણો નોંધ્યાં હતાં, તેને બદલે સીરદેવે ભાષ્યોક્ત ઉદાહરણો રજૂ કરવાની કાળજી દર્શાવી છે.

નીલકંઠ : (૩૦)

તેમણે કોઈ વિશેષ નોંધ રજૂ કરી નથી.

હરિભાસ્કર : (૨૪)

તેમણે પણ કોઈ વિશેષ નોંધ રજૂ કરી નથી.

નાગેશ : (૩૫)

તેમણે આ પરિભાષાનું પ્રયોજન આ પ્રમાણે વર્ણવ્યું છે : આ પરિભાષાથી प्रतीपमन्य ऊर्मिर्युध्यति । વગેરેની સિદ્ધિ થાય છે. અહીં युध् ધાતુ દિવાદિ ગણનો હોવાથી अनुदात्तेत् છે. પરિણામે अनुदात्तङितः आत्मनेपदम् । 1-3-12 સૂત્રથી આત્મનેપદ થઈને युध्यते । એવું રૂપ થવું જોઈએ, પરંતુ બધાં જ સૂત્રો વેદમાં વિકલ્પે લાગે છે. તેથી युध्यति એવું રૂપ પણ બને છે.

ઉપસંહાર :

વ્યાડિના 'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. સૌ પ્રથમ ભાષ્યકારે આ પરિભાષાનો નિર્દેશ કર્યો છે. તેમાંથી સૂચન લઈને પુરુષોત્તમદેવાદિએ

---

૪. જુઓ:

सुप्तिङुपग्रहलिङ्गनराणां कालहलच्स्वरकर्तृयङां च ।
व्यत्ययमिच्छति शास्त्रकृदेषां सोऽपि च सिध्यति बाहुलकेन ॥
(व्यत्ययो बहुलम् । 3-1-85 સૂત્રભાષ્યમાંથી).

તેને રજૂ કરી છે. વળી, દરેક પરિભાષાવૃત્તિકારે ભાષ્યમાંથી જ આ પરિભાષાની ચર્ચા સ્વીકારી હોઈને મતભેદને અવકાશ નથી.

अभेदका इह शास्त्रे गुणाः ॥ ५७ ॥

(અહીં, શાસ્ત્રમાં ગુણો ભેદક હોતા નથી.)

ઉચ્ચારણમાં ઉદાત્તાદિ ગુણો શબ્દને અલગ પાડતા નથી; એવો પરિભાષાર્થ છે.

લોકમાં, ગુણો ભેદક હોય તેમ જોવા મળે છે. જેમકે, એક જ જળ જુદા જુદા ગુણોને કારણે 'આ શીત જળ,' 'આ ઉષ્ણ જળ,' એમ અલગ પાડવામાં આવે છે. આ જ પ્રમાણે; લોકમાં, ગુણો ભેદક ન હોય તેમ પણ જોવા મળે છે. જેમકે, દેવદત્ત મુંડન કરાવેલો હોય, જટાધારી હોય, શિખાવાળો હોય તો પણ પોતાની જાતિનો (સ્વત્વનો) ત્યાગ કરતો નથી. તથા બાળક, યુવાન કે વૃદ્ધ દેવદત્ત પણ પોતાની જાતિનો ત્યાગ કરતો નથી. આ જ પ્રમાણે શાસ્ત્રમાં પણ ઉભયનું[1] ગ્રહણ પ્રાપ્ત થાય છે. ત્યારે "ગુણો ભેદક હોતા નથી." એવો નિયમ રજૂ કરવામાં આવે છે. આથી, वृद्धिरादैच् । 1-1-1 સૂત્રમાં ઉદાત્તાદિ ગુણભેદે અનેક પ્રકારના आ કાર અને ऐच् હોવા છતાંય તેમનું સામાન્ય સ્વરૂપે જ ગ્રહણ સિદ્ધ રહે છે.

लुङ्लङ्लृङ्क्ष्वडुदात्तः । 6-4-71 સૂત્રમાં 'उदात्त' ગ્રહણ કર્યું છે, તેનાથી આ પરિભાષાર્થ જ્ઞાપિત થાય છે. જો ગુણો ભેદક હોય તો સૂત્રમાં उदात्त ગુણવાળો જ अ કાર ઉચ્ચાર્યો હોત (જેથી તે અન્યનો વ્યાવર્તક બની શકત), તેવી પરિસ્થિતિમાં उदात्त વચન કરવાની શી જરૂર હતી?

"જો શાસ્ત્રમાં ગુણો અભેદક હોય છે તો अनुदात्तादेरञ् । 4-2-44 એવા સૂત્રથી અનુદાત્તાદિને अञ् કહ્યો છે, તે ઉદાત્તાદિને પણ પ્રાપ્ત થાય છે." આવી શંકા ઉચિત નથી. કારણ કે (સૂત્રમાં વિશેષ યત્નપૂર્વક) આશ્રીયમાણ ગુણ ભેદક બને છે. જેવી રીતે छागमालभेत । એમ કહેતાં શુક્લ કે કૃષ્ણ એમ ગમે તેને કાપવામાં આવે છે. પરંતુ श्वेतमालभेत । એમ કહેતા કેવળ શુક્લને જ કાપવામાં આવે છે.

વ્યાડિ : (-)

આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી નથી.

---

૧. 'ગુણો ભેદક હોય છે.' અને 'ગુણો અભેદક હોય છે.' એમ બંને પક્ષોની પ્રાપ્તિ થાય છે, ત્યારે.

સીરદેવ : (૮૦)

તેમણે કોઈ વિશેષ નોંધનીય ચર્ચા કરી નથી.

નીલકંઠ : (૧૦૭)

પૂર્વાચાર્યોએ રજૂ કરેલી ચર્ચાનો સારસંગ્રહ કર્યા પછી તેમણે વિશેષમાં જણાવ્યું છે કે अणुदित्० । 1-1-69 સૂત્રમાં अण् ગ્રહણ કર્યું છે, તેથી આ પરિભાષા અનિત્ય છે એવું જ્ઞાપિત થાય છે.

હરિભાસ્કર : (૮૩)

તેમણે પણ કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

નાગેશ : (૧૦૯)

તેમણે આ પરિભાષાની ચર્ચા વિસ્તારથી અને સૂક્ષ્મતાથી કરી છે :

અષ્ટાધ્યાયી ત્રિસ્વરયુક્ત પઠિત હતી એવા અભિપ્રાયને સ્વીકારીને વ્યક્તિ-પક્ષમાં એક શંકા ઉપસ્થિત કરવામાં આવે છે. જેમકે, यू स्त्र्याख्यौ नदी । 1-4-3 સૂત્રમાં દીર્ઘ ઈ કાર અને દીર્ઘ ઊ કારનો નિર્દેશ કર્યો છે. આ ઈ કાર અને ઊ કાર अण् પ્રત્યાહારમાં પઠિત નહીં હોવાથી ત્યાં अणुदित्० । 1-1-69 સૂત્રની અપ્રાપ્તિ થાય છે. પરિણામે ઉદાત્તાદિ ત્રણ સ્વરોમાંથી જે એક વિશિષ્ટ સ્વરનું यू स्त्र्याख्यौ० । 1-4-3 સૂત્રસ્થ यू નિર્દેશમાં ઉચ્ચારણ કર્યું હશે, તેનાથી ભિન્ન સ્વરવાળા દીર્ઘ ઈ કારાન્ત અને ઊ કારાન્ત નિત્ય સ્ત્રીલિંગ શબ્દની નદી સંજ્ઞા થશે નહીં.

નાગેશ ભટ્ટ ઉપર્યુક્ત શંકાનું સમાધાન કરવા માટે अभेदकाः गुणाः । એવી પરિભાષાને રજૂ કરે છે. અર્થાત્ यू स्त्र्याख्यौ नदी । 1-4-3 સૂત્રમાં જો કોઈ સ્વરપૂર્વકને નિર્દેશ હશે તો તે ભેદક બનશે નહીં. પરિણામે અન્ય સ્વર-વાળા દીર્ઘ ઈ કારાન્ત, ઊ કારાન્ત નિત્ય સ્ત્રીલિંગ શબ્દોની પણ નદી સંજ્ઞા થઈ શકશે.

નાગેશ ભટ્ટ આ પરિભાષાના અર્થ સમજાવતાં જણાવે છે કે કોઈ યત્ન કર્યા વિના કેવળ સ્વરૂપથી કોઈ ગુણનું ઉચ્ચારણ કર્યું હશે તો તે ગુણ આ શાસ્ત્રમાં ભેદક બનશે નહીં.

अस्थिदधिसक्थ्यक्ष्णामनडुदात्तः । 7-1-75 સૂત્રમાં अनङ् આદેશને उदात्त એવો શબ્દ વાપરીને उदात्तत्वनुं વિધાન કર્યું છે, તે અહીં જ્ઞાપક છે. અન્યથા જો अनङ् આદેશને ઉદાત્ત (સ્વર) યુક્ત જ પઠિત કર્યો હોત તો પણ

કાર્ય થઈ શકતું હતું. તેવી સ્થિતિમાં उदात्तत्वनुं શબ્દથી વિધાન કરવાની જરૂર ન હતી.

પરિભાષાર્થમાં નાગેશ ભટ્ટે "સ્વરૂપથી ઉચ્ચરિત" એમ જે કહ્યું છે, તેનું સ્વારસ્ય સમજાવતા તેઓ જણાવે છે કે જે સૂત્રમાં अनुदात्तादेः । અથવા अनुदात्तात् ઇત્યાદિ શબ્દો વાપરીને સ્વરનું ઉચ્ચારણ કર્યું હોય ત્યાં તો ગુણથી ભેદની વિવક્ષા હોય છે. અર્થાત् अनुदात्तादेः । શબ્દો જ્યાં વાપર્યા હોય ત્યાં સ્વરૂપથી સ્વર ઉચ્ચરિત છે, એમ કહેવાતું નથી. આ જ પ્રમાણે, "કોઈ પ્રયત્ન કર્યા વિના" એમ જે પરિભાષાર્થમાં કહ્યું છે, તેને સમજાવતાં નાગેશ ભટ્ટ જણાવે છે કે उञ ऊ । 1-1-17-18 જેવા સૂત્રમાં નિરનુનાસિક દીર્ઘ ઊ કારનું જ ઉચ્ચારણ કરવું યોગ્ય હતું. એવી સ્થિતિમાં અધિક યત્નપૂર્વક ઊ એમ જે અનુનાસિક વિશિષ્ટ ઉચ્ચારણ કર્યું છે. તેનાથી જ્ઞાપિત થાય છે કે અહીં ભેદની વિવક્ષા છે. અર્થાત્ નિરનુનાસિક આદેશ થતો નથી.

આથી પરિભાષાર્થમાં असति यत्ने स्वरूपेणोच्चारितः गुण न भेदको न विवक्षितः । એમ કહ્યું છે.

વિશેષમાં અહીં કૈયટ જણાવે છે કે चतसृ એ શબ્દ નિપાતનથી આદ્યુદાત્ત જાણવો. "वध આદેશ નિપાતનથી આદ્યુદાત્ત થશે." पद વગેરે આદેશો નિપાતનથી અન્તોદાત્ત જાણવા." તથા "सह શબ્દને સ્થાને स આદેશ નિપાતનથી ઉદાત્ત કરવા" વગેરે ભાષ્યવચનોમાં "અષ્ટાધ્યાયી એકશ્રુતિથી (સ્વર રહિત) રચવામાં આવી છે." એવા અભિપ્રાયને સ્વીકારવામાં આવ્યો છે. પરિણામે નિપાતનથી સિદ્ધ કરેલા તે તે ઉદાત્તાદિ સ્વરો ભેદની વિવક્ષાર્થે છે, એમ ફલિત થાય છે. પરંતુ જો આવા સ્થળોએ "અષ્ટાધ્યાયી ત્રિસ્વરયુક્ત પઠિત હતી" એવો પક્ષ સ્વીકારશો તો, ઉપર્યુક્ત ભાષ્યવચનો પ્રકૃત પરિભાષાના જ્ઞાપક બનશે.

કૈયટના ઉપર્યુક્ત અભિપ્રાયના અનુસન્ધાનમાં નાગેશ ભટ્ટ જણાવે છે કે સંપૂર્ણ અષ્ટાધ્યાયી આચાર્યે એકશ્રુતિથી (સ્વર રહિત) રચી હતી, એમ માનવામાં કશું પ્રમાણ નથી. આથી કૈયટનો ઉપર્યુક્ત પ્રથમ મત સ્વીકાર્ય નથી. નિપાતનનું સ્વરૂપ સમજાવતાં નાગેશ જણાવે છે કે અષ્ટાધ્યાયીનાં સૂત્રોથી જેવું રૂપ પ્રાપ્ત થતું હોય, તેવું જો ઇષ્ટ ન હોય તો જેવું રૂપ ઇષ્ટ હોય તેને પાણિનિ નિપાતનથી સિદ્ધ કરે છે. આથી तिसृचतसृ એવા દ્વન્દ્વ સમાસમાં દ્વન્દ્વયુક્ત અંતોદાત્ત પ્રાપ્ત થાય છે. પરંતુ તે ઇષ્ટ નહીં હોવાથી નિપાતનથી આદ્યુદાત જાહેર કર્યો છે. અને તે વિગતે આપણને ભાષ્યકાર જણાવે છે.

વિશેષમાં નાગેશ ભટ્ટ જણાવે છે કે ક્વચિત્ કોઈક સૂત્ર કે પદ એક શ્રુતિથી રજૂ કરવામાં આવ્યું હોય છે. જેમકે दाण्डिनायन० । 6-4-174 ઇત્યાદિ સૂત્રમાં એક્ષ્વાક એવો શબ્દ છે. પરંતુ તેનું પ્રયોજન એ છે કે તે શબ્દથી અન્તોદાત્ત-વાળા અને આદ્યુદાત્તવાળા બન્નેય પ્રકારના એક્ષ્વાક શબ્દનું ગ્રહણ થાય. આમ નાગેશ ભટ્ટના મતે તો અષ્ટાધ્યાયી ત્રિસ્વરયુક્ત જ પઠિત હતી.

જો કે આજકાલ અધ્યેતાઓ બ્રાહ્મણ ગ્રંથોની જેમ અષ્ટાધ્યાયીનો એક-શ્રુતિથી જ પાઠ કરે છે, તથાપિ ભગવાન ભાષ્યકાર જેવા પ્રમાણભૂત આચાર્યના વ્યાખ્યાનથી આપણે અનુનાસિકત્વાદિની જેમ ક્યાં ઉદાત્તાદિ સ્વર નિપાતનથી પાણિનિએ ઉચ્ચાર્યો છે; તે જાણવું જોઈએ.

આ ચર્ચાનો ઉપસંહાર કરતાં નાગેશ ભટ્ટ જણાવે છે કે જાતિ પક્ષમાં તો આ પરિભાષાની કોઈ આવશ્યકતા જ નથી. અર્થાત્ તે પક્ષમાં ગમે તે સ્વરયુક્ત યૂ એવો નિર્દેશ હશે તો પણ દરેક પ્રકારના ઉદાત્તાદિ ગુણવાળા દીર્ઘ ઇ કારા-ન્ત અને દીર્ઘ ઊ કારાન્ત નિત્ય સ્ત્રીલિંગ શબ્દની નદી સંજ્ઞા થઈ શકશે.

પરંતુ જાતિપક્ષને આગળ કરવાથી કોઈને એવી શંકા થવાનો સંભવ છે કે યૂ એવા નિર્દેશમાં જાતિપક્ષ માનવાથી હ્રસ્વ ઇ કારાન્તાદિ નિત્ય સ્ત્રીલિંગ શબ્દોને પણ નદી સંજ્ઞા થવા આવશે. તો નાગેશ જણાવે છે કે યૂ સ્ત્र्याख्यौ । 1-4-3 સૂત્રમાં દીર્ઘ ઈ કાર અને દીર્ઘ ઊ કારનો નિર્દેશ કર્યો હોવાથી કેવળ દીર્ઘ જાતિની જ વિવક્ષા છે, એમ માનવું.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. સૌથી પ્રથમ આ પરિભાષા ભાષ્યકારે રજૂ કરી છે. તેને આધારે પુરુષોત્તમદેવાદિએ તેને રજૂ કરી છે. પુરુષોત્તમ-દેવની ચર્ચા સર્વાંગીણ છે. અને તેથી જ સીરદેવાદિને કોઈ વિશેષ ચર્ચા કરવાની નથી.

નાગેશ ભટ્ટે આ પરિભાષાનો અર્થ સૂક્ષ્મતાપૂર્વક રજૂ કર્યો છે અને કૈયટની ઉક્તિનું ખંડન કર્યું છે. નાગેશના મતે અષ્ટાધ્યાયી ત્રિસ્વરયુક્ત જ પઠિત હતી તેથી જ કોઈ વિશેષ યત્ન વિના કેવળ સ્વરૂપથી ઉચ્ચરિત ગુણ ભેદક બનતો નથી, એવો પરિભાષાર્થ જ્ઞાપિત થાય છે.

स्वार्थिकाः प्रकृतितो लिङ्गवचनाभ्यतिवर्तन्तेऽपि ॥ ५८ ॥

(સ્વાર્થે થનારાં પ્રત્યયો પ્રકૃતિના લિંગ અને વચનનું અતિક્રમણ પણ કરે છે.)

કલ્પપ્ વગેરે સ્વાર્થિક પ્રત્યયો પ્રકૃતિના લિંગ અને વચનનું અતિક્રમણ (પણ) કરે છે. તેથી गुडकल्पा द्राक्षा । तैलकल्पा प्रसन्ना । જેવાં ઉદાહરણોમાં લિંગનો વ્યતિક્રમ અને पचतिरूपम् । पचन्तिरूपम् । જેવાં ઉદાહરણોમાં વચનનો અતિક્રમ સિદ્ધ રહે છે. તિઙન્ત પદ ક્રિયા-પ્રધાન હોવાથી અસત્વવાચિ છે, તેથી લિંગમાં તો અહીં સામાન્યપણે નપુંસકત્વ જ થવું યોગ્ય છે.

(પરિભાષામાં) अपि શબ્દ હોવાથી, "સ્વાર્થિક પ્રત્યયો (પ્રકૃતિના) લિંગ અને વચનને અનુસરે પણ છે." (જેમ કે,) कुत्सितोऽश्वोऽश्वकः । प्रशस्तो वैयाकरणो वैयाकरणरूपः ॥.

અહીં સ્વાર્થિક પ્રત્યયોના લિંગ અને વચનના અતિક્રમણમાં જ્ઞાપક છે, णचः स्त्रियाम् । 5-4-14 સૂત્રસ્થ स्त्रियाम् એવું પદ. (કારણ કે) कर्म-व्यतिहारे णच् स्त्रियाम् । 3-3-43 સૂત્રમાં णच् (સ્ત્રીલિંગમાં જ) વિહિત છે. તદન્ત શબ્દને આ સ્વાર્થિક अञ् પ્રત્યય થાય છે. તે પ્રકૃતિગત લિંગવાળો જ રહેશે. (તેવી સ્થિતિમાં) स्त्रियाम् (5-4-34)માં એમ કહેવાની જરૂર શી છે ? માટે णचः स्त्रियाम् । 5-4-14 સૂત્રમાં કરવામાં આવેલું स्त्रियाम् ગ્રહણ "સ્વાર્થિક પ્રત્યયો પ્રકૃતિગત લિંગ અને વચનનું અતિક્રમણ પણ કરે છે." તેવા અર્થનું જ્ઞાપક જ બને છે.

વ્યાડિ : (-)

આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી નથી.

સીરદેવ : (૫૮)

પુરુષોત્તમદેવ વડે રજૂ કરવામાં આવેલી ચર્ચાથી વિશેષ સીરદેવને કાંઈ કહેવાનું નથી. તેમણે આ પરિભાષાના ઉદાહરણાન્તર નોંધ્યાં છે. જેવાં કે, द्विपदिका । द्विशतिका । અહીં પુંસ્ત્વ અને નપુંસકત્વનો અતિક્રમણ થયો છે, તેને રજૂ કરીને રક્ષિતના ગ્રંથને દુષિત કરવા તરફ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ ચર્ચા પ્રકૃત પરિભાષાને વિશદ કરવામાં ઉપયોગી નથી.

નીલકંઠ : (૭૩)

આ પરિભાષાના જ્ઞાપકનો નિર્દેશ કરીને નીલકંઠનું વ્યાખ્યાન અટકે છે. તેમણે વિશેષ કોઈ નોંધ મૂકી નથી.

હરિભાસ્કર : (૬૦)

આ પરિભાષાનું જે જ્ઞાપક બતાવવામાં આવ્યું છે, તે કેવળ લિંગના અતિક્રમણનો નિર્દેશ કરે છે. માટે હરિભાસ્કરે જણાવ્યું છે કે આ णचः स्त्रियाम् 5-4-14 સૂત્રસ્થ स्त्रियाम् પદની જ્ઞાપકતા સામાન્ય સ્વરૂપની છે, તેથી વચન ના અતિક્રમને પણ સમજી લેવો.

નાગેશ : (–)

'પરિભાષેન્દુશેખર'માં આ પરિભાષા મળતી નથી.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવની ચર્ચા પ્રમાણભૂત અને સંપૂર્ણ હોઈ, તેમના અનુગામીઓને વિશેષ કાંઈ કહેવાનું નથી.

આ પરિભાષા ઉપર વિમર્શ કરતાં જણાય છે કે સ્વાર્થિક પ્રત્યયો કેવી રીતે પ્રકૃતિના લિંગવચનનું અતિક્રમણ કરી શકે છે. સ્વાર્થિક પ્રત્યયો પ્રકૃતિના લિંગ-વચનનું અતિક્રમણ પણ કરે છે. તેની વ્યવસ્થા જ્ઞાપકથી સૂચિત રહે છે તે વાત સાચી, પરંતુ તેમાં કયો સિદ્ધાન્ત કામ કરી રહ્યો છે? તો તેનું સમાધાન એ હોઈ શકે કે अभिधेयवल्लिङ्गवचनानि भवन्ति । તેવો સિદ્ધાંત શબ્દવ્યવહારમાં કામ કરી રહ્યો છે.

भवति हि क्रियाविशेषणानां कर्मत्वं नपुंसकत्वञ्च ॥ ५९ ॥

(ક્રિયા-વિશેષણ વાચક શબ્દોમાં કર્મત્વ અને નપુંસકત્વ રહે છે.)

ઉદાહરણ તરીકે, मृदु पचति । शोभनं पचति । આ પરિભાષા ઉચિત જ છે. (અથવા આ પરિભાષાર્થ યુક્તિસિદ્ધ છે.)

ક્રિયા સાધ્યસ્વભાવા હોવાને કારણે કર્મ કહેવાય છે. પરિણામે તેનું વિશેષણ પણ કર્મ કહેવાય છે. અને ક્રિયા સત્વભૂત એટલે કે દ્રવ્ય રૂપ નહીં હોવાથી તેનું વિશેષણ નપુંસકલિંગ જેવા સામાન્યલિંગથી જ નિર્દેશવું યોગ્ય છે.

અહીં એક શંકા કરવામાં આવે છે : ક્રિયાના નિમિત્તને (ઓદન ને) કર્મ કહેવામાં આવ્યું છે. અને જે નિમિત્ત હોય છે તે સિદ્ધ સ્વભાવ હોય છે તથા

ક્રિયા સાધ્યસ્વભાવા હોય છે. એવી સ્થિતિમાં ક્રિયાને કર્મ કેવી રીતે કહી શકાય ?"

तत्प्रत्यनुपूर्वमीपलोमकूलम् । 4-4-28[1] સૂત્રથી (प्रतीपम् । જેવા), ક્રિયાવિશેષણકર્મ વાચક દ્વિતીયાન્ત શબ્દને ઠક્ નું વિધાન કર્યું છે. તે જ્ઞાપિત કરે છે કે પ્રાર્થના-અધ્યવસાન આદિ ક્રિયાઓ વડે સાધ્યસ્વભાવા ક્રિયા પણ (અન્ય), ક્રિયાની પ્રત્યે સાધન રૂપે (કર્મ રૂપે) આશ્રિત થાય છે.[2]

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૫૪)

આ પરિભાષાને વિષે પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચાનો સીરદેવે સ્વીકાર કર્યો છે. પરંતુ તેમણે એક વિશેષ ચર્ચા પણ આરંભી છે. જેમકે, પરિભાષામાં શા માટે કર્મત્વ અને નપુંસકત્વ બન્નેનું આશ્રયણ કરવામાં આવે છે ? કેવળ નપુંસકત્વને જ રાખો. તેનાથી જ मृदु पचति । વગેરે ઉદાહરણો સિદ્ધ રહેશે.

સીરદેવ જણાવે છે કે હા, આવી શંકા થાય છે તે ઉચિત છે. પરંતુ જો કર્મત્વનું આશ્રયણ નહીં કરવામાં આવે તો मृदु, शोभनम् વગેરેના પ્રથમાન્તત્વને

---

૧. प्रति અને अनु પૂર્વક ईप, लोम અને कूल શબ્દોને वर्तते અર્થમાં ઠક્ પ્રત્યય થાય છે: प्रतीपं वर्तते प्रातीपिकः ॥

૨. कर्मणा यमभिप्रैति स सम्प्रदानम् । 1-4-32 સૂત્ર ઉપરના ભાષ્યમાં 'ક્રિયા પણ કર્મ છે' એ અર્થનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જેમકે;

क्रियाग्रहणमपि कर्तव्यम् । इहापि यथा स्यात् । श्रद्धाय निगर्हते ।.....॥ तत्तर्हि वक्तव्यम् । न वक्तव्यम् कथम् । क्रियां हि लोके कर्मेत्युपचरन्ति । कां क्रियां करिष्यसि । किं कर्म करिष्यसीति । एवमपि कर्तव्यम् । कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे संप्रत्ययो भवति ॥ क्रियापि कृत्रिमं कर्म । न सिध्यति । कर्तुरीप्सिततमं कर्म । 1-4-49 इत्युच्यते, कथं च नाम क्रियया क्रियेप्सिततमा स्यात् । क्रियापि क्रिययेप्सिततमा भवति । कया क्रियया । संदर्शनक्रियया वा प्रार्थयति-क्रियया वाध्यवस्यतिक्रियया वा । इइ य एषः मनुष्यः प्रेक्षापूर्वकारी भवति स बुद्धया तावत्कंचिदर्थं संपश्यति संदृष्टे प्रार्थना प्रार्थना-यामध्यवसायोऽध्यवसाय आरम्भ आरम्भे निर्वृत्तिर्निर्वृत्तौ फलावाप्तिः । एवं क्रियापि कृत्रिमं कर्म ॥

કારણે ગ્રામે મૃદુ તે પચતિ । વગેરે પ્રયોગોમાં સપૂર્વાયાઃ પ્રથમાયા વિભાષા । 8-1-26 સૂત્રથી તે । મય । આદિ વિધિઓ વિકલ્પે થશે. માટે જો દ્વિતીયાન્તત્વ હશે તો મૃદુ । શોભનમ્ । વગેરેને તે । મય । આદિ વિધિઓ નિત્ય થશે.

આ ચર્ચાના અનુસંધાનમાં એક શંકા થાય છે : તો શું "ગ્રામે મૃદુ તે પચતિ । ગ્રામે મૃદુ તવ પચતિ । એવાં બે રૂપો ન થઈ શકે ?

"વામ્ । નૌ । વગેરે બધા જ આદેશો અનન્વાદેશના વિષયમાં વિકલ્પે થાય છે. એવા વચનના સામર્થ્યથી અનન્વાદેશમાં ઉક્ત બે રૂપો થઈ શકે. પરંતુ અન્વાદેશમાં તો ગ્રામે મૃદુ તે પચતિ । એવું જ નિત્ય થાય છે. આમ, મૃદુ આદિનું પ્રથમાન્તત્વ થાય તો અન્વાદેશમાં પણ સપૂર્વાયાઃ પ્રથમાયા વિભાષા 8-1-26 સૂત્રથી વિકલ્પ થશે. જેમકે, અથો ગ્રામે કમ્બલસ્તે સ્વમ્ । અને અથો ગ્રામે કમ્બલસ્તવ સ્વમિતિ । માટે કર્મત્વ અને નપુંસકત્વ બન્નેનું પરિભાષામાં ઉપાદાન કરવું જોઈએ.

નીલકંઠ : (૧૩૪)

નીલકંઠે પરિભાષાના પાઠમાં નવા અંશને ઉમેરીને તેને આ પ્રમાણે રજૂ કરી છે : ક્રિયાવિશેષણાનાં કર્મત્વં એકત્વં કલીબત્વઞ્ચ ॥ નીલકંઠ આ પરિભાષાને 'પ્રક્ષિપ્ત અને નિર્મૂલ પરિભાષાઓ'ના વિભાગમાં મૂકીને જણાવે છે કે ભાષ્યમાં આ પરિભાષા અપઠિત છે, અને વ્યર્થ પણ છે. જ્યોતિષ્ટોમેન યજેત । જેવા ઉદાહરણોમાં (ક્રિયાવિશેષણમાં) કરણત્વ જોવા મળે છે. તેથી ફલ વિશેષણમાં કર્મત્વ પૂર્વેથી જ સિદ્ધિ હોવાથી સામાન્યથી નપુંસકત્વની પણ સિદ્ધિ હોવાથી અને ક્રિયા વિશેષણ હોવાને કારણે જ ન્યાયતઃ એકત્વની પણ સિદ્ધિ હોવાથી આ પરિભાષા વ્યર્થ છે.

હરિભાસ્કર : (૫૬)

પુરુષોત્તમદેવ અને સીરદેવે રજૂ કરેલી ચર્ચાનો હરિભાસ્કરે સ્વીકાર કર્યો છે. તથાપિ કેટલીક વિશેષ ચર્ચાઓ પણ કરી છે. જેમકે, 'ક્રિયા' શબ્દથી સિદ્ધાવસ્થાપન્ન અને સાધ્યાવસ્થાપન્ન ધાત્વર્થ કહેવાય છે. આ ધાત્વર્થ ફલ અને વ્યાપાર (રૂપ) છે. આ ફલ અને વ્યાપારના વિશેષણમાં કર્મત્વ અને નપુંસકત્વ હોય છે. હરિભાસ્કરે જણાવ્યું છે કે આ પરિભાષાથી કર્મત્વ અને નપુંસકત્વનું અપૂર્વ વિધાન થતું નથી. કારણ કે અહીં તો કેવળ ભાષ્યોક્ત દૃષ્ટિકોણથી સિદ્ધ એવા કર્મત્વને કહેવામાં આવે છે. તથા સામાન્યે નપુંસકમ્ । 7-4-14 સૂત્રથી સિદ્ધ

એવા નપુંસકત્વનો અનુવાદ કરવામાં આવે છે. આ પ્રમાણે કર્મત્વ અને નપુંસકત્વની સંનિયોગશિષ્ટતા નથી.

નાગેશ: (–)

'પરિભાષેન્દુશેખર'માં નાગેશ ભટ્ટે આ પરિભાષા રજૂ કરી નથી.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે આ પરિભાષાને પહેલી જ વાર રજૂ કરી છે અને તેમણે કરેલી ચર્ચાનું સીરદેવ અને હરિભાસ્કરે અનુસરણ કર્યું છે.

નીલકંઠે આ પરિભાષા પ્રત્યાખ્યાત કરી છે, તેમાં મહદંશે કારણ એ છે કે આ પરિભાષા પ્રક્રિયા અવસ્થામાં ઉપયોગી નથી. તથા કર્મત્વ અને નપુંસકત્વનું વિધાન પણ અપૂર્વ નથી.

अव्यक्ते गुणसंदेह[1] नपुंसकलिङ्गं प्रयोजयेत् ॥ ६० ॥

(ગુણ અવ્યક્ત રહેતાં સંદેહના પ્રસંગે નપુંસકલિંગનો પ્રયોગ કરવો જોઈએ.)

પુંસ્ત્વાદિ ધર્મો અવ્યક્ત (અપ્રકટ) હોય ત્યારે નપુંસકલિંગનો પ્રયોગ કરવે જોઈએ. જેમકે, તેના ગર્ભમાં શું જન્મ્યું ? નપુંસકલિંગ નિર્દેશ સર્વનામના જેવો હોવાથી આવું (ઉપર્યુક્ત) વચન પણ ઉચિત છે. (અથવા તો યુક્તિસિદ્ધ છે.)

વ્યાકિ : (૮૭)

अर्धं नपुंसकम् । 2–2–2 સૂત્રસ્થ નપુંસક ગ્રહણ આ પરિભાષામાં જ્ઞાપક છે. અહીં अर्धम् એવાં નપુંસકલિંગ નિર્દેશથી જ નપુંસક સિદ્ધ હતું. એ જ્ઞાપિત કરે છે કે જ્યારે ગુણો અવ્યક્ત હોય ત્યારે સ્ત્રીલિંગ અને નપુંસકમાં પણ

---

૧. 'अव्यक्ते गुणसंदेहे' એવો નિર્દેશ ચિન્ત્ય છે. કારણ કે ગુણ પદ સાપેક્ષ છે અને 'સાપેક્ષ પદ અસમર્થ બને છે.' પુરુષોત્તમદેવને 'જ્યારે ગુણો અવ્યક્ત હોય ત્યારે સંદેહ થાય છે. આવા સંદેહના પ્રસંગે નપુંસકલિંગનો પ્રયોગ કરવો જોઈએ.' આવો અર્થ અભિપ્રેત છે. પરંતુ ચાંદ્ર અને શાકટાયનના પરિભાષાપાઠોમાં પણ અવ્યક્તે ગુણસંદેહે એવો જ નિર્દેશ છે. તથા 'પરિભાષાસૂચન'માં अव्यक्तगुणसंदेहे અને अव्यक्ते गुणसंदेहे એવા બન્નેય પ્રકારના નિર્દેશોવાળા પાઠ મળે છે. (પરિભાષાસૂચનની વૃત્તિમાં अव्यक्ते गुणसंदेहे...એમ જ જણાવ્યું છે.) તેથી પૂર્વાચાર્યોને અનુસરીને પુરુષોત્તમદેવે આવો પાઠ સ્વીકાર્યો છે.

નપુંસકલિંગનો પ્રયોગ થાય છે. જેથી પુંલિંગમાં પણ સમાસ થાય છે. આ પ્રયોજકથી સૂત્રમાં નપુંસક ગ્રહણ કર્યું છે.

આવી પરિભાષા હોવાથી किं जातम् । એવો નિર્દેશ સિદ્ધ રહે છે. પ્રાયઃ સ્ત્રી કે પુરુષ બેમાંથી એકનો જ જન્મ થાય છે. તથાપિ 'શું જન્મ્યું ?' એવું પુછવામાં આવે છે.

સીરદેવ : (–)

'બૃહત્પરિભાષાવૃત્તિ'માં આ પરિભાષા મળતી નથી.

નીલકંઠ : (–)

તેમણે પણ આ પરિભાષા રજૂ કરી નથી.

હરિભાસ્કર : (–)

'પરિભાષાભાસ્કર'માં આ પરિભાષા મળતી નથી.

નાગેશ : (–)

તેમણે પણ આ પરિભાષા રજૂ કરી નથી.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે આ પરિભાષાને પૂર્વાચાર્યોના પરિભાષાપાઠોમાંથી સ્વીકારી છે. તેમણે 'આ પરિભાષા યુક્તિસિદ્ધ છે', એમ દર્શાવીને આ વચનને શાસ્ત્રસંમત બનાવ્યું છે. અન્યથા, પરિભાષાસૂચનકારે આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધ બતાવી હોવા છતાંય તે લોકવ્યવહારના સમર્થન માટે જ છે, તેમ જણાવે છે.

આ પરિભાષા શાસ્ત્રકાર્ય — (પ્રક્રિયા) દરમ્યાન ઉપયોગી નહીં હોવાથી પુરુષોત્તમદેવના કોઈ અનુગામીએ તેને સ્વીકારી નથી.

सन्देहे बहुवचनं प्रयोक्तव्यम् ॥ ६१ ॥

(સંદેહના પ્રસંગે બહુવચનનો ઉપયોગ કરવો જોઈએ.)

જેમકે, "આપને કેટલા પુત્રો છે ?" અહીં વ્યાપ્તિ ન્યાયથી બહુવચનનો નિર્દેશ (પ્રયોગ) કરવો તે ઉચિત છે. કારણ કે બહુવચનનો પ્રયોગ કરવાથી બધાં જ વચનોનો એટલે કે એકવચન અને દ્વિવચનનો (પણ) સમાવેશ થઈ જાય છે.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૧૯)

પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચાનો સર્વાંશે સીરદેવે સ્વીકાર કર્યો છે.

નીલકંઠ : (૧૨૯)

નીલકંઠે પુરુષોત્તમદેવથી જુદા પડીને આ પરિભાષાને યુક્ત્યન્તરથી સિદ્ધ કરી છે. નીલકંઠ જણાવે છે કે બે (વસ્તુઓ)માં કે એક (વસ્તુ)માં સંદેહનો પ્રસંગ જ નથી. કારણ કે સંદેહ હંમેશાં ઘણામાં (જ) હોય છે.

વિશેષમાં નીલકંઠે જણાવ્યું છે કે સંદેહજન્ય પ્રશ્નોમાં બહુવચનનો પ્રયોગ કરવો જોઈએ. આથી જ કતિ એવો શબ્દ નિત્ય બહુવચનાન્ત છે.

હરિભાસ્કર : (૧૨૧)

હરિભાસ્કરે પણ પુરુષોત્તમદેવની ચર્ચાનો સર્વાંશે સ્વીકાર કર્યો છે.

નાગેશ : (–)

'પરિભાષેન્દુશેખર'માં નાગેશે આ પરિભાષાને રજૂ કરી નથી.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવની પૂર્વેના સમયમાં આ પરિભાષા પ્રચલિત નથી. સૌથી પ્રથમ પુરુષોત્તમદેવે તેને રજૂ કરી છે. જો કે આ પરિભાષા શાસ્ત્રીય કાર્યના પ્રસંગે ઉપયોગી નથી. પરંતુ કેવળ ભાષાવ્યવહાર ઉપર પ્રકાશ પાડનારી પરિભાષા છે.

व्यवस्थितविभाषयापि कार्याणि क्रियन्ते ॥ ६२ ॥

(વ્યવસ્થિતવિભાષા વડે પણ કાર્યો કરવામાં આવે છે.)

જાતિપક્ષનું આશ્રયણ કરીને આ પરિભાષાર્થ રજૂ કરવામાં આવે છે. જાતિ પદાર્થોમાં લક્ષણની એકવાર જ પ્રવૃત્તિ થાય છે. તથા વિકલ્પ ભાવ અને અભાવ સ્વરૂપ થાય છે. અહીં જાતિના એકત્વને કારણે લક્ષ્યજાતિની સમીક્ષા કરીને કોઈ એક લક્ષ્યમાં લક્ષણનો ભાવ (સૂત્રની પ્રવૃત્તિ) રહેતાં, સર્વત્ર સૂત્રની પ્રવૃત્તિ થઈ એમ કહેવાય. તે જ પ્રમાણે અન્ય એક લક્ષ્યમાં લક્ષણનો અભાવ રહેતાં સર્વત્ર સૂત્રની અપ્રવૃત્તિ થઈ એમ કહેવાય. આવી રીતે વિકલ્પ ચરિતાર્થ થતો હોવાથી

---

૧. આ પરિભાષાના અનુસન્ધાનમાં મારો વ્યવસ્થિતવિભાષા એ લેખ દ્રષ્ટવ્ય છે: જુઓ : All India Oriental Conference (29th Session, Poona, 1978) Summeries of papers, page–54.

"વિશિષ્ટ વિષયમાં વ્યવસ્થિત થયેલી વિભાષાને વ્યવસ્થિતવિભાષા કહે છે."

આથી, अचि विभाषा 8-2-21 સૂત્રવિહિત 'लत्व प्राण्यङ्ग' અર્થમાં નિત્ય થાય છે. જેમકે, गलः इति । પરંતુ વિષ અર્થમાં લત્વ થતું નથી, જેમકે, गरः इति ।

આચાર્યે યથેષ્ટ પણે જાતિ અને વ્યક્તિપક્ષનું આશ્રયણ કર્યું જ છે. જેમ કે, जात्याख्यायामेकस्मिन्० । 1-2-58 સૂત્રમાં જાતિપક્ષનું આશ્રયણ કર્યું છે. અને सरूपाणामेकशेष० । 1-2-64 સૂત્રમાં વ્યક્તિપક્ષનું આશ્રયણ કર્યું છે.

વ્યાડિ : (૩૨)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનો પાઠ આ પ્રમાણે મળે છે:

इह शास्त्रे व्यवस्थितविभाषा भवति । 32

પરિભાષાસૂચનકાર આ પરિભાષાની જ્ઞાપકચર્ચામાં જણાવે છે કે वा क्यषः । 1-3-90 એવું સૂત્ર રચાને क्यषन्त ધાતુઓને વિકલ્પે પરસ્મૈપદનું વિધાન કરવામાં આવ્યું છે, તેની જરૂર નથી. અર્થાત્ આ સૂત્ર રચવાની જરૂર ન હતી. "જો આ સૂત્ર રચવામાં નહીં આવે તો વિકલ્પે આત્મનેપદ કેવી રીતે થશે ? જેમકે, 'पटपटायति-पटपटायते ।"

આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં જણાવ્યું છે કે नित्यवीप्सयोः 8-1-4 સૂત્ર થી દ્વિર્વચન થઈને पटत् पटत् । એવું થશે. પછી अव्यक्तानुकरणाद् द्वयजवरार्धादनितौ डाच् । 9-1-68 સૂત્રથી डाच् થશે અને नित्यमाम्रेडिते डाचि । 6-1-68 वा० 1 વડે પૂર્વરૂપ થતાં त કારનો प કાર થશે. જેથી पट पटा એમ બનશે. તેવી સ્થિતિમાં વિકલ્પે क्यष् થશે. "વિકલ્પે क्यष् કેવી રીતે થશે ?" कर्तुः क्यङ् सलोपश्च । 3-1-11 સૂત્રમાં कर्तुः क्यङ् । એટલો યોગવિભાગ કરીશું. જેથી भृशादिभ्यो भुव्यच्वेर्लोपश्च हलः । 3-1-12 થી क्यङ् જ થશે. તે क्यङ् लोहितादिडाज्भ्यः । 3-1-13 થી જ થશે. હવે જ્યારે क्यङ् થશે ત્યારે ङित्वને કારણે (1-3-12) થી આત્મનેપદ થશે અને જ્યારે क्यष् થશે ત્યારે शेषात् कर्तरि परस्मैपदम् । 1-3-78 થી પરસ્મૈપદ થશે. એવી પરિસ્થિતિમાં वा क्यषः । 1-3-90 સૂત્ર કરવાની જરૂર નથી. છતાંય પાણિનિએ તેને રજૂ કર્યું છે. તેથી જ્ઞાપિત થાય છે કે તે વ્યવસ્થિતવિભાષા અર્થે છે. 'કેવી રીતે ?' તો—लोहितादि ગણ પઠિત કેટલાક શબ્દોને આત્મનેપદ થાય છે અને કેટલાક શબ્દોનો ઉભયપદ થાય છે. તથા યોગવિભાગથી બધા શબ્દોને ઉભયપદ થાય છે. પરિણામે नीलादि શબ્દોને આત્મનેપદ જ થાય છે અને लोहितादि શબ્દોને

ઉભયપદ. આવી વ્યવસ્થા પ્રાપ્ત થતી હોવાથી લોહિતાદિડાજ્ભ્યઃ કયષ્ વચન મૃષાદિષ્વિતરાણિ । 3-1-13, વા૦ 1-2 એવા વાર્તિકોની જરૂર નથી.

આ જ્ઞાપકનું પ્રયોજન વિચારતાં પરિભાષાસૂચનકારે એક શ્લોક રજૂ કર્યો છે, જેમાં વ્યવસ્થિતવિભાષાના ઉદાહરણો રજૂ કરવામાં આવ્યા છે. જેમકે,

देवत्रातो गलो ग्राह इतियोगे च सद्विधिः ।
मिथस्ते न विभाष्यन्ते गवाक्षः संशितव्रतः ॥

(૧) देवत्रातः । અહીં नुदविदोन्दत्रा० । 8-2-56 સૂત્રમાં अन्यतरस्याम् નું ગ્રહણ કર્યું હોવાથી નામમાં નત્વ થાય છે, પરંતુ નામથી અન્યત્ર ઉભય થાય છે : त्रातः । त्राणः ।

(૨) गलः । અહીં अचि विभाषा । 8-2-20 થી स्वाङ्ग અર્થમાં લત્વ થાય છે. અન્યત્ર (વિષ અર્થમાં) લત્વનો અભાવ રહે છે. તેથી गरः । થાય છે.

(૩) ग्राहः । અહીં विभाषा ग्रहः । 3-1-143 સૂત્રથી જલચર અર્થમાં ण પ્રત્યય થાય છે, પરંતુ અન્યત્ર अच् પ્રત્યય જ થાય છે. જેથી ग्रहः બને છે.

(૪) इतियोगे च सद्विधिः । इति ના યોગમાં સદ્વિધિ થતી નથી. જેમકે, वषतीति धावति । हन्तीति पलायते । પરંતુ અન્યત્ર સત્સંજ્ઞક ज्ञतृ शानच् ક્યારેક થાય છે. नन्वोर्विभाषा । 3-2-121 માંથી અનુવર્તમાન लटः शतृशानचौ० । 3-2-124 સૂત્રોક્ત 'शतृ - शानच्' પ્રત્યયો 'इति' ના યોગમાં પ્રવૃત્ત થતા નથી.

(૫) गवाक्षः । અહીં अवङ् स्फोटायनस्य । 6-1-121 સૂત્રથી વાતાયન અર્થમાં નિત્ય अवङ् આદેશ થાય છે. અન્યત્ર વિકલ્પે अवङ् થાય છે.

(૬) संशितव्रतः । અહીં शाच्छोरन्यतरस्याम् । 7-4-41 સૂત્રવિહિત इत्व નિત્ય થાય છે, અન્યત્ર વિકલ્પે થાય છે. જેમકે, संशितव्रतः संशातव्रतः । પરિભાષાસૂચનકારે નોંધેલાં આ ઉદાહરણો બધા વૈયાકરણોએ સ્વીકાર્યાં છે.

સીરદેવ : (૧૨૪)

પુરુષોત્તમદેવની ચર્ચાનો અક્ષરશઃ સ્વીકાર કર્યો છે. કોઈ વિશેષ નોંધ રજૂ કરી નથી.

નીલકંઠ : (૯૩)

તેમણે આ પરિભાષાને व्याख्यानतो विशेषप्रतिपत्तिः.....। (પરિ-૧) પરિભાષાનો પ્રપંચ કહ્યો છે.

હરિભાસ્કર : (૧૨૫)

તેમણે આ પરિભાષાની મદદથી कौमुदगन्धीपतिः । ઉદાહરણમાં इको ह्रस्वोऽङ्यो गालवस्य । 1–3–44 સૂત્રથી હ્રસ્વ થતો નથી, એમ જણાવ્યું છે.

નાગેશ : (૯૯)

તેમણે લક્ષ્યાનુરોધથી વ્યવસ્થા સ્વીકારવી એમ જણાવ્યું છે.

ઉપસંહાર :

પરિભાષાસૂચનકારે આ પરિભાષાની સર્વાંગીણ ચર્ચા રજૂ કરી છે, તથા તેમણે નોંધેલો देवत्रातो गलोग्राहः । એ શ્લોક પણ પાછળથી અત્યંત પ્રચલિત બન્યો છે. આ શ્લોકમાં વ્યવસ્થિતવિભાષાનાં રૂઢ થયેલાં ઉદાહરણોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

પાછળના સમયમાં પુષ્ટિસિદ્ધિ અર્થે આ વ્યવસ્થિતવિભાષાનો ઉપયોગ કરીને પાણિનિનાં કેટલાંક વૈકલ્પિક સૂત્રોની નિત્ય પ્રવૃત્તિ કે અપ્રવૃત્તિ અથવા વિકલ્પે પ્રવૃત્તિ જાહેર કરવામાં આવી છે.

પુરુષોત્તમદેવે આ પરિભાષાની ઉપપત્તિ દર્શાવવા માટે જાતિપક્ષનું આશ્રયણ કર્યું છે. સીરદેવાદિ પરિભાષાવૃત્તિકારોને આ પરિભાષાના સન્દર્ભમાં કશું નોંધપાત્ર કહેવાનું નથી.

उभयनिर्देशे पञ्चमीनिर्देशो बलीयान् ॥ ६३ ॥

(સૂત્રમાં જ્યારે સપ્તમી અને પંચમી – એમ બંનેનો નિર્દેશ હોય તો ત્યાં પંચમી નિર્દેશને બળવાન ગણવો.)

જ્યાં સપ્તમ્યર્થનો નિર્દેશ હોય ત્યાં પૂર્વને કાર્ય થાય છે. જેમકે, इको यणचि । 6–1–77 दध्युदकम् इति । અને જ્યાં પંચમ્યર્થનો નિર્દેશ હોય ત્યાં પરને કાર્ય થાય છે. જેમકે, तिङ्ङतिङः । 8–1–28 આ સૂત્રથી અતિઙન્તથી પરમાં આવેલાં તિઙન્તને નિઘાત અર્થાત્ સર્વાનુદાત્ત થાય છે.

હવે જ્યાં બંનેનો નિર્દેશ હશે ત્યાં પંચમી નિર્દેશ બળવાન છે, અને તેની પ્રવૃત્તિ થાય છે. પરિણામે तस्मान्नुडचि । 6–3–74 સૂત્રસ્થ 'तस्मात्' એવી પંચમી વડે 'अचि' એ સપ્તમીને ષષ્ઠીમાં વિપરિણમિત કરતાં અજાદિને જ નુડ્ આગમ થાય છે, अनजः अनश्वः इति ।

અહીં (तस्मान्नुडचि । 6–3–74 માં) अचः એવો ષષ્ઠીનિર્દેશ (પહેલેથી)

જ કરવામાં આવતો નથી. કારણ કે यस्मिन्विधिस्तदादावल्ग्रहणे । (७५) તે પરિભાષાનું ઉપસ્થાન થાય છે. તથા आमि सर्वनाम्नः सुट् । 7-1-52 એ સૂત્રમાં आत् ની અનુવૃત્તિ આવતી હોવાથી. 'अ કારાન્ત સર્વનામથી પરમાં' એવો અર્થ થાય છે. અહીં આ પંચમી વડે 'आमि' એ સપ્તમીને ષષ્ઠીમાં વિપરિણમિત કરતાં आम् ને જ સુડાગમ થાય છે.

विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 એ સૂત્રનો અર્થ જ આ પરિભાષા રૂપે રજૂ કરવામાં આવ્યો છે. જેમકે, तस्मान्नुडचि । 6-3-74 એ સૂત્રમાં પંચમી અને સપ્તમીનો અનવકાશત્વને કારણે વિરોધ થતાં तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 સૂત્ર કરતાં तस्मादित्युत्तरस्य । 1-6-67 સૂત્ર પર હોવાથી विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 સૂત્રની પ્રવૃત્તિ થઈને પંચમી નિર્દેશ જ કાર્યભાક્ થાય છે. आमि सर्वनाम्नः सुट् । 7-1-52 સૂત્રસ્થ आत् એવી પંચમી आज्जसेरसुक् । 7-1-50 સૂત્રવિહિત असुक् વિધિમાં ચરિતાર્થ થઈ ગયેલી છે. અને आमि એવી સપ્તમી त्रेस्त्रयः । 7-1-53 એવાં ઉત્તર સૂત્રોને અર્થે છે. આમ, બંને સાવકાશ થતી વિભક્તિઓનો (પરસ્પર) વિરોધ ઊભો થતાં પરત્વને કારણે પંચમી વિભક્તિ સપ્તમી વિભક્તિનું ષષ્ઠી વિભક્તિમાં વિપરિણામ કરે છે.

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા નથી.

સીરદેવ : (૨૩)

પુરુષોત્તમદેવે રજૂ કરેલી આ પરિભાષાની ચર્ચાનો સીરદેવે સર્વાંશે સ્વીકાર કર્યો છે.

પુરુષોત્તમદેવે જણાવ્યું છે કે પંચમી અને સપ્તમી વિભક્તિઓ સાવકાશ હોય ત્યારે પરત્વને કારણે પંચમી વિભક્તિ સપ્તમી વિભક્તિનું ષષ્ઠી વિભક્તિમાં વિપરિણામ કરે છે. આના અનુસંધાનમાં સીરદેવે વિશેષ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે જ્યાં સપ્તમી વિભક્તિ અનવકાશ હોય ત્યાં સપ્તમી નિર્દેશ જ પંચમી વિભક્તિનું ષષ્ઠી વિભક્તિમાં વિપરિણામ કરશે. જેમકે, आने मुक् । 7-2-82 સૂત્રસ્થ आने એવી નિરવકાશ સપ્તમી अतो येयः । 7-2-80 સૂત્રસ્થ अतः એવી કૃતાર્થ પંચમી વિભક્તિનું ષષ્ઠી વિભક્તિમાં વિપરિણામ કરે છે. તેથી आन પરમાં રહેતાં अ કારાન્ત અંગને જ मुक् આગમ થાય છે.

આ સ્પષ્ટતામાં આગળ ઉપર એ પણ ઉમેર્યું છે કે જ્યારે બંને વિભક્તિઓ

અનવકાશ હોય ત્યારે તે બન્નેની યુગપત્ ષષ્ઠી પ્રકલ્પના નહીં કરવી જોઈએ, અને ક્રમથી પણ ન કરવી જોઈએ.

નીલકંઠ : (૪૭)

તેમણે કોઈ વિશેષ નોંધ મૂકી નથી.

હરિભાસ્કર : (૨૩)

તેમણે પણ વિશેષ ચર્ચા કરી નથી.

નાગેશ : (૭૦)

તેમણે પુરુષોત્તમદેવ અને સીરદેવમાંથી સૂચન લઈને આ પરિભાષાની પ્રવૃત્તિ-વિષયક સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે—

(૧) સપ્તમીનિર્દેશ અન્યત્ર ચરિતાર્થ હોય અને પંચમી નિર્દેશ જો અનવકાશ હોય તો तस्मादित्युत्तरस्य । 1-1-67 સૂત્રની જ પ્રવૃત્તિ થાય છે.

(૨) જ્યાં બન્ને વિભક્તિઓ અચરિતાર્થ હોય ત્યાં तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 એ સૂત્રની અપેક્ષાએ तस्मादित्युत्तरस्य । 1-1-67 એ સૂત્ર પર હોવાને કારણે, તેનાથી જ વ્યવસ્થા કરવાની રહે છે.

(૩) અને, આ જ પ્રમાણે જ્યાં બન્ને વિભિક્તિઓ ચરિતાર્થ હોય ત્યાં પણ પરત્વને કારણે तस्मादित्युत्तरस्य । 1-1-67 સૂત્રથી વ્યવસ્થા કરવાની રહે છે.

ઉપસંહાર :

પાણિનિનાં સૂત્રોમાં જ્યાં પંચમીનિર્દેશ હોય અને જ્યાં સપ્તમીનિર્દેશ હોય ત્યાં સૂત્રાર્થ કેવો કરવો તેને માટે પાણિનિએ અષ્ટાધ્યાયીમાં બે સૂત્રો રજૂ કર્યાં છે.

(૧) तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 અને (૨) तस्मादित्युत्तरस्य । 1-1-67

પરંતુ કોઈ એક વિધિ સૂત્રમાં આ બન્ને નિર્દેશો થયા હોય તો શી વ્યવસ્થા કરવી ? તે વિષે પાણિનિએ કોઈ નિયમ કર્યો નથી. આ વિષયમાં વાર્તિકકારે જણાવ્યું છે કે उभयनिर्देशे पञ्चमी निर्देशो बलीयान् । આવા આ વાર્તિક-વચનને પુરુષોત્તમદેવે પોતાની 'લઘુપરિભાષાવૃત્તિ'માં પરિભાષા રૂપે સ્વીકારીને તેની ઉપર આવશ્યક વ્યાખ્યાન કર્યું છે. આ પરિભાષાની પ્રવૃત્તિ ક્યાં અને ક્યારે કરવી, તદ્વિષયક માર્ગદર્શક ચર્ચા કરીને સીરદેવ અને નાગેશ ભટ્ટે આ પરિભાષાના વ્યાખ્યાનમાં પરિપૂર્તિ કરી છે.

सामान्यातिदेशे विशेषस्यानतिदेशः ॥ ६४ ॥

(સામાન્યપણે અતિદેશ કહ્યો હોય ત્યાં વિશેષનો અતિદેશ થતો નથી.)

જેમકે, गाङ्कुटादिभ्य ञ्णिन्ङित् । 1-2-1 સૂત્રમાં गाङ्कुटादि થી પરમાં આવેલા अञ्,णित् પ્રત્યયોને ङित् સામાન્યનું વિધાન કર્યું છે. તેથી क्ङिति च । 1-1-5 સૂત્રથી इक् માં ગુણપ્રતિષેધાદિનો અતિદેશ થાય છે. (પરંતુ) ङित् વિશેષનાં જે કાર્યો, જેમકે, यङ् વગેરેના દ્વિવંચન આદિ કાર્યો તેમનો (इक् માં) અતિદેશ થતો નથી.

અઆ પરિભાષાર્થ લોકસિદ્ધ જ છે. જેમકે, લોકમાં 'બ્રાહ્મણની જેમ આ ક્ષત્રિય વિષે વ્યવહાર કરવો' તેમ કહેતાં બ્રાહ્મણત્વ સંબંધી જે પાદવન્દનાદિ સામાન્યકાર્યો છે, તેનો જ અતિદેશ થાય છે. પરંતુ માઠરાદિ પ્રયુક્ત તક્રભક્ષણ વગેરે વિશેષ કાર્યોનો અતિદેશ થતો નથી.

વ્યાડિ : (૯૧)

આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધ વર્ણવે છે. જેમકે, गोत्राद्अङ्कवत् । 4-3-80 એવું સૂત્ર રચવાને બદલે જો પાણિનિએ गोत्रान्तस्य इदंवत् । આવું સૂત્ર રચ્યું હોત તો પણ तस्येदम् વિહિત પ્રત્યયનો લાભ થઈ જાત, અને તે अंकवत જ થાત. આવી પરિસ્થિતિમાં गोत्रादङ्कवत् । 4-3-80 એવું સૂત્ર રચ્યું તેથી આ પરિભાષા છે એવું જ્ઞાપિત થાય છે.

સીરદેવ : (૧૦૬)

તેમણે આ પરિભાષાને અનિત્ય માની છે. स्थानिवदादेशोऽनल्विधौ । 1-2-56 સૂત્રસ્થ 'વિધિ' ગ્રહણ સૂચવે છે કે ક્યાંક વિશેષનો પણ અતિદેશ થાય છે. જેમકે, અહીં अनल् તે શબ્દથી સંબંધસામાન્યમાં ષષ્ઠી કરવામાં આવે તો તેનાથી अलाश्रयो विधिः, अल एव स्थान, अल उत्तरो यो विधिः, अलि परतो यो विधिः । એવા અર્થોનો લાભ થાય છે. તેવી સ્થિતિમાં વિધિ ગ્રહણનું શું પ્રયોજન છે ? આ પ્રયોજન આ પ્રમાણે હોઈ શકે : 'अलाश्रयो विधिः इति अल्विधिः । આમ, ઉત્તરપદલોપી સમાસ થાય અને પરિણામે स्थानिवत् । 1-1-56 તેવા અતિદેશથી સામાન્યાશ્રય કાર્યની પણ પ્રાપ્તિ રહે છે ત્યાં તેની નિવૃત્તિને અર્થે अनल्विधौ । તેવો પ્રતિષેધ કરવામાં આવ્યો છે.

આથી प्रतिदीव् + (क्त्वा) ल्यप् । તે સ્થિતિમાં क्त्वा પ્રત્યયનિષ્ઠ વલાદિત્વ ને આશ્રયે इट् નિષેધ થાય છે. અન્યથા જો सामान्यस्यातिदेशे

विशेषस्यानतिदेशः । તેથી પરિભાષા નિત્ય હશે તો પ્રત્યયત્વમાં રહેતા આર્ધધાતુક સામાન્યનો જ અતિદેશ થશે, અને વલાદિત્વ વિશેષનો અતિદેશ થશે નહીં અને વલાદિત્વ ના અભાવમાં પ્રતિદીવ્ય । માં ઇટ્ નથી. ત્યારે વિધિ ગ્રહણથી શું પ્રયોજન ? (તે વ્યર્થ બનીને જ્ઞાપિત કરે છે કે ક્યાંક વિશેષનો પણ અતિદેશ થાય છે.)

નીલકંઠ : (૯૭)

તેઓ આ પરિભાષાને ન્યાયસિદ્ધ વર્ણવે છે. જેમકે, સામાન્ય અર્થનો વાચક શબ્દ ઉપસ્થિત થતાં, વિશેષ અર્થનો બોધ કરાવનાર સામગ્રી નિયમ વડે (અર્થાત્ કાયમ) વિદ્યમાન જ હોય છે, તેવું નહીં હોવાથી; સામાન્ય અર્થના વાચક શબ્દથી વિશેષ અર્થનો બોધ થતો નથી.

न ल्यपि । 6-4-69 તેવા સૂત્રનિર્દેશથી આ પરિભાષા અનિત્ય છે તેમ જણાય છે.[1]

હરિભાસ્કર : (૧૦૮)

स्थानिवत्० । 1-1-56 સૂત્રસ્થ 'વિધિ' ગ્રહણથી આ પરિભાષા અનિત્ય છે. તેમ સીરદેવે વર્ણવ્યું છે. પરંતુ તેને હરિભાસ્કર સ્વીકારતાં નથી, અને અનિત્યત્વમાં न ल्यपि । 6-4-69 એ નિર્દેશને કારણભૂત ગણે છે.

નાગેશ : (૧૦૧)

તેમણે આ પરિભાષાના પ્રમાણ રૂપે નીલકંઠે પ્રદર્શિત કરેલા ન્યાયનો સ્વીકાર કર્યો છે. અને વિશેષમાં જણાવ્યું છે કે न ल्यपि । 6-4-69 એ નિર્દેશથી આ અનિત્ય છે અને પરિણામે स्थानिवत्० । 1-6-56 સૂત્રથી વિશેષનો પણ અતિદેશ થાય છે.

---

૧. હલાદિ કિત્ ડિત્ પ્રત્યય પરમાં રહેતા ઘુમાસ્થા० । 6-4-66 સૂત્રથી તે સૂત્રમાં ગણાવેલા ધાતુઓના અ કારને સ્થાને ઈ કાર થાય છે અને તેનું નિષેધક સૂત્ર न ल्यपि । 6-8-69 છે. અર્થાત્ લ્યપ્ પ્રત્યય પરમાં રહેતાં આ ઈ કાર થતો નથી. પરંતુ લ્યપ્ પ્રત્યય પરમાં રહેતા ઘુમાસ્થા० । 6-4-66 સૂત્રથી ઈ કારની પ્રાપ્તિ જ થશે નહીં. કેમકે લ્યપ્ કિત્ નથી. આમ તે નિષેધ વ્યર્થ બનીને પ્રકૃત પરિભાષાને અનિત્ય જાહેર કરે છે. (અને લ્યપ્માં क्त्वा પ્રત્યયસ્થ કિત્વ આવવાથી ઈત્વ નિષેધ સાર્થક બને છે.)

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે આ પરિભાષાનો અર્થ વિગતે સરળતાથી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અને ભાષ્યોક્ત લોકન્યાયને આધારે આ પરિભાષાનું સમર્થન કર્યું છે.

આ પરિભાષાનું અનિત્યત્વ નિર્દેશીને સીરદેવે સૌ પ્રથમ બતાવ્યું કે કયાંક વિશેષનો પણ અતિદેશ થાય છે. આ અનિત્યત્વનું જ્ઞાપક न ल्यपि । 6-4-69 તેવો નિષેધ છે, તેમ કહેનારાઓમાં નીલકંઠ પ્રથમ છે.

संनियोगशिष्टानाम् अन्यतरापाये उभयोरप्यपायः॥ ६५ ॥

(સંનિયોગશિષ્ટ[1] કાર્યોમાંથી કોઈ એકનો નાશ થતાં બન્ને (કાર્યો) નો નાશ થાય છે.)

જેમકે, धीवरी[2] । વગેરે રૂપોમાં वनो र च । 4-1-7 સૂત્રથી ङीप् પ્રત્યયની સાથે જ રેફ પણ સંનિયોગશિષ્ટ છે. पञ्चधीवरी क्रीतः पञ्चधीवा । એવા ઉદાહરણમાં अध्यर्धपूर्वद्विगोर्लुगसंज्ञायाम् । 5-1-28 સૂત્રથી આર્હીય ठक् પ્રત્યયનો લુક્ થયા પછી लुक् तद्धितलुकि । 1-2-49 સૂત્રથી ङीप् ની નિવૃત્તિ થતાં રેફની પણ નિવૃત્તિ થાય છે. આ જ પ્રમાણે, पञ्चेन्द्राण्या देवताऽस्य पञ्चेन्द्रः[3] । તથા पञ्चाग्नेय्या देवताऽस्य पञ्चाग्निः ।[4] આ પ્રયોગોમાં द्विगोर्लुगनपत्ये । 4-1-88 સૂત્રથી देवता વાચક अण् નો લુક્ થયા પછી लुक् तद्धितलुकि । 1-2-49 સૂત્રથી સ્ત્રીપ્રત્યય ङीप् ની નિવૃત્તિ થતાં आनुक् આગમ તથા ऐ કારની પણ નિવૃત્તિ થાય છે. જો આ પરિભાષા અસ્તિત્વમાં ન હોય તો કોઈ એકનો વિનાશ થતાં અવશ્ય પણે બીજાનો પણ વિનાશ ન થઈ શકે, કારણ કે તેમ થવામાં નિમિત્તનો અભાવ છે.

विल्वकादिभ्यश्छस्य लुक् । 6-4-153 સૂત્રમાં छ ગ્રહણ કર્યું છે, તેથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે, એમ મહાભાષ્યમાં જણાવ્યું છે. ત્યાં કહ્યું છે કે विल्वकादिभ्यः । એ પદમાં कुक् આગમ સહિતનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ कुक् આગમ नडादीनां कुक् च । 4-2-91 સૂત્રથી छ પ્રત્યયની સાથે જ

---

૧. અમુક કાર્યિન્માં કોઈ એક સૂત્રથી એક સાથે બે કાર્યોનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યારે તે બે કાર્યોને સંનિયોગશિષ્ટ કહે છે.

૨. धीवन् < रेक + ङीप् – धीवरी ॥

૩. पञ्च + इन्द्र + आनुक् + ङीप् + अण् ।

૪. पञ्च + अग्नि + आनुक् + ङीप् + अण् ।

સંનિયોગશિષ્ટ છે. આથી બિલ્વકાદિ શબ્દની પરમાં છ પ્રત્યય જ હોવાનો. તેવી સ્થિતિમાં 'બિલ્વકાદિભ્યો લુક્ ।' એવું જ સૂત્ર રચ્યું હોત તો પણ મ સંજ્ઞામાં નિમિત્ત હોય તેવો પ્રત્યય પરમાં રહેતાં છ પ્રત્યયનો જ લુક્ થશે. તો પછી અહીં શા માટે છ નું ગ્રહણ કર્યું છે ? આ છ ગ્રહણ કરવાથી કેવળ છ નો જ લુક્ થાય છે. અન્યથા પ્રકૃત પરિભાષાથી કુક્ આગમની પણ નિવૃત્તિ થવા આવશે. આ પ્રમાણે તે છ ગ્રહણ પ્રકૃત પરિભાષાના અસ્તિત્વમાં જ્ઞાપક બને છે.

ભસ્યાઢે તદ્ધિતે । 6-3-35 વા૦ 11 અહીં અઢે એવા પદથી પુંવદ્ભાવનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. તેનાથી આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે. આ વાર્તિક ઉપર 'અઢે એવો પ્રતિષેધ શા માટે કરવામાં આવ્યો છે ?' તેવો પ્રશ્ન કરીને 'ઇયૈનેય, રૌહિણેયઃ ।' એવાં પ્રત્યુદાહરણો નોંધવામાં આવ્યાં છે. જો આ પરિભાષા નિત્ય હોય તો યસ્યેતિ ચ । 6-4-148 સૂત્રથી ઈ કારનો લોપ કર્યા પછી [ત કાર સ્થાની] ન કારની પણ નિવૃત્તિ થઈને ઇયૈતેયઃ । રૌહિતેયઃ । એવાં રૂપો થઈ જશે. તેથી પુંવદ્ભાવ રૂપે કોઈ વિશેષ નહીં રહેતાં અઢે એવો પ્રતિષેધ અનર્થક બની જશે.

વ્યાડિ : (૪૧)

અહીં 'પરિભાષાસૂચન'માં પણ પુરુષોત્તમદેવે વર્ણવેલાં જ્ઞાપક અને પ્રયોજન રજૂ થયાં છે. કોઈ વિશેષ નોંધ નથી.

આ પરિભાષાના પાઠમાં "અન્યતરાપાયે' ને બદલે 'એકતરાપાયે' એવો પાઠ મળે છે. આ પાઠાન્તરથી પરિભાષાર્થમાં કોઈ ફરક પડતો નથી.

સીરદેવ : (૭૨)

તેમણે પુરુષોત્તમદેવે રજૂ કરેલી સમગ્ર ચર્ચાનો સ્વીકાર કર્યો છે. વિશેષમાં તેમણે ભાષ્યને અનુસરીને આ પરિભાષાને લોકન્યાયસિદ્ધ પણ વર્ણવી છે. જેમકે, 'દેવદત્ત અને યજ્ઞદત્તો અમુક કાર્ય કરવાનું છે.' એમ કહ્યા પછી જો દેવદત્ત તે કાર્યથી નિવૃત્ત થશે તો યજ્ઞદત્ત પણ નિવૃત્ત થશે.

વળી, પુરુષોત્તમદેવે દર્શાવેલા આ પરિભાષાના અનિત્યત્વને સીરદેવે સુપ્રતિષ્ઠિત કર્યું છે. ભસ્યાઢે તદ્ધિતે । તેવાં વાર્તિકમાં અઢે તેવો પુંવદ્ભાવનો પ્રતિષેધ અનર્થક બનીને પ્રકૃત પરિભાષાને અનિત્ય જાહેર કરે છે. પરંતુ અહીં એક શંકા થાય છે : અઢે । તેવો પ્રતિષેધ અનર્થક નથી. કારણ કે યસ્યેતિ ચ । 6-4-148 સૂત્રથી ઈ નો લોપ કર્યા પછી अचः परस्मिन् पूर्वविधौ । 1-1-57

સૂત્રથી સ્થાનિવદ્ભાવ વડે અથવા પ્રત્યયલક્ષણ વડે કે અસિદ્ધ પરિભાષાની પ્રવૃત્તિ વડે ઙીપ્ વિદ્યમાન રહેશે જ. એવી પરિસ્થિતિમાં સંનિયોગશિષ્ટ પરિભાષા અનુપસ્થિત રહેતાં ન કારાદેશ નિવૃત્ત થશે નહીં. પરિણામે ઇયંતેયઃ। રૌહિતેયઃ। એવાં રૂપો મળશે નહીં. માટે અઢે તેવો પ્રતિષેધ અનર્થક નથી. આવી શંકાનું સમાધાન કરતાં સીરદેવ જણાવે છે કે સ્થાનિવદ્ભાવાદિ વડે કોઈ કાર્ય કરવામાં આવે છે, નહીં કે લુપ્ત થયેલા વર્ણનું સંનિધાન. આથી સંનિયોગશિષ્ટ પરિભાષાની અનુપસ્થિતિ રહેશે નહીં. કારણ કે આ પરિભાષા અપાય માત્રમાં પ્રવૃત્ત થાય છે. અન્યથા પ્રત્યયનો લુક્ થવા છતાંય કુક્ આગમની નિવૃત્તિ થશે જ નહીં, તે પ્રત્યયલક્ષણાદિથી વિદ્યમાન જ રહેશે.

નીલકંઠ : (૭૭)

ભાષ્યને અનુસરીને નીલકંઠે આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધ કહી છે. તદુપરાંત, તેમણે એક મતાન્તર નોંધતા જણાવ્યું છે કે સમુચ્ચયાર્થક ચ શબ્દના યોગમાં જે બે કાર્યોનું વિધાન કરવામાં આવ્યું છે તેમાં એકકાલિકત્વ અને એકદેશિકત્વ રહેતું હોય છે, તેવો નિયમ છે. આ નિયમ ઉપર પ્રકૃત પરિભાષા આધૃત હોવાથી તે ન્યાયસિદ્ધા છે.

હરિભાસ્કર : (૭૪)

તેમણે પુરુષોત્તમદેવાદિની ચર્ચાનો જ સારસંગ્રહ રજૂ કર્યો છે બીજી કોઈ વિશેષ નોંધ નથી.

નાગેશ : (૮૬)

તેમણે पञ्चेन्द्राण्यो देवता अस्य इति पञ्चेन्द्रः । એવાં પ્રયોજનો તથા विल्वकाभ्यश्छस्य लुक् । 6-4-153 સૂત્રસ્થ છ ગ્રહણનો જ્ઞાપક રૂપે સ્વીકાર કર્યો છે. પરંતુ આ જ્ઞાપકની પુનઃ સમીક્ષા કરતાં તેઓ જણાવે છે કે ઉક્ત જ્ઞાપક વિષે એક શંકા થાય છે: विल्वकादिभ्यश्छस्य लुक् । 6-4-153 સૂત્રસ્થ છ ગ્રહણ ઉક્તાર્થમાં જ્ઞાપક બની શકશે નહીં. કારણ કે કુક્ આગમ જેને કરવામાં આવ્યો છે તેવા विल्वक શબ્દનો પાણિનિએ અનુવાદ કર્યો છે. તેના સામર્થ્ય જ કુક્ના લુક્ની નિવૃત્તિ થઈ જાય છે. અન્યથા પાણિનિએ 'विल्वादिभ्यः लुक् ।' એવું જ સૂત્ર રચ્યું હોત. વળી, विल्वादिभ्यः लुक् । એવું સૂત્ર કર્યું હોત તો પણ लक्षणप्रतिपदोक्तयोः० । પરિભાષાની મદદથી છ પ્રત્યયનો જ લુક્ થાત અને અતિવ્યાપ્તિ થઈ ન હોત.

પરંતુ નાગેશ જણાવે છે કે આ શંકા સાચી નથી. કારણ કે बिल्वादिभ्यः लुक् । એવું સૂત્ર કર્યું હોત તો लक्षणप्रतिपदोक्तयोः० । પરિભાષા વડે જ પ્રતિપદોક્ત એવા बिल्वादिभ्योऽण् । 4-3-136 સૂત્રવિહિત વિકારાર્થક अण् પ્રત્યયના लुक् ની આપત્તિ પ્રાપ્ત થાય છે. આ આપત્તિને દૂર કરવા જ લુક આગમનો અનુવાદ પાણિનિએ કર્યો છે, તે વ્યર્થ નથી.

નીલકંઠે પરિભાષાને ન્યાયસિદ્ધા પણ વર્ણવી છે. તેનો નાગેશ ભટ્ટે સ્વીકાર કર્યો છે. વિશેષમાં અહીં નોંધવું જોઈએ કે કૈયટે આ પરિભાષાને લોકન્યાયસિદ્ધા જણાવી છે. જેમકે, लौकिकोऽयं न्यायः । एकैकस्मिन्प्रयोजने येषां सहाधिकारस्तत्रान्यतरनिवृत्तावितरनिवृत्तिः ।

પુરુષોત્તમદેવાદિ પરિભાષાવૃત્તિકારોએ આ પરિભાષાને અનિત્ય જાહેર કરી છે. તેની જેમ કૈયટે પણ જણાવ્યું છે કે આ પરિભાષા અનિત્ય છે. તેમણે टेः । 5-4-155 સૂત્ર ઉપરના 'ભાષ્યપ્રદીપ'માં જણાવ્યું છે કે णाविष्ठवत् प्रातिपदिकस्य । એવા વાર્તિકથી પુંવદ્ભાવનું વિધાન કરવામાં આવ્યું છે, તેનાથી આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે. णौ इष्ठवत् प्रातिपदिकस्य । એવું વાર્તિક રચવાની જરૂર ન હતી. કારણ કે एतयति[૫] ઇત્યાદિ રૂપોમાં टि લોપથી જ ङीप् ની નિવૃત્તિ થતાં પ્રકૃત પરિભાષા વડે ન કારની પણ નિવૃત્તિ થઈ જશે. પરિણામે एतयति । ઇત્યાદિ રૂપો સિદ્ધ થઈ જશે એવી સ્થિતિમાં ઉક્ત વાર્તિકથી પુંવદ્ભાવ કરવાની જરૂર ન હતી. છતાંય તે વાર્તિક રજૂ કરવામાં આવ્યું છે. તેથી તે પ્રસ્તુત પરિભાષાને અનિત્યત્વનું બોધન કરે છે.

પરંતુ નાગેશ ભટ્ટ જણાવે છે કે एतयति । જેવા રૂપની સિદ્ધિ અર્થે ઉક્ત વાર્તિકની જરૂર નથી, તે વાત સાચી. તથાપિ इडविडमाचष्टे ऐडबिडयति । ઇત્યાદિ રૂપોની સિદ્ધિમાં પુંવદ્ભાવનું વિધાન કરવું આવશ્યક છે, તેથી ઉક્ત વાર્તિક અનર્થક નથી.

આ ચર્ચાનો ઉપસંહાર કરતાં નાગેશ જણાવે છે કે ऐनेयः । ऐनेयः । ઇત્યાદિ રૂપો સ્થાનિવદ્ભાવથી સિદ્ધ થશે, તેની ચર્ચા અન્યત્ર કરવામાં આવી છે.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે આ પરિભાષાની ચર્ચામાં રજૂ કરેલા જ્ઞાપક તથા પ્રયોજનો નાગેશ સુધી સ્વીકાર્ય બની રહ્યાં છે. આ જ્ઞાપક અને પ્રયોજનો 'પરિભાષાસૂચન' તથા 'મહાભાષ્ય' બન્નેમાં રજૂ થયેલાં છે.

પરંતુ પુરુષોત્તમદેવાદિ આ પરિભાષાને અનિત્ય જાહેર કરે છે. નાગેશ ભટ્ટે

---

૫. एत् + ङीप <नत्व, एनीमाचष्टे एतयति ।

આ અનિત્યત્વનો સ્વીકાર કર્યો નથી અને श्यैनेयः । જેવાં રૂપોની સિદ્ધિ અર્થે ઉપાયાન્તરોનો નિર્દેશ કર્યો છે.

વિશેષમાં, નીલકંઠે આ પરિભાષાને ન્યાયસિદ્ધા પણ દર્શાવી છે, જેનો નાગેશ ભટ્ટે સ્વીકાર કર્યો છે.

ताच्छीलिके णेऽप्यण्कृतानि कार्याणि भवन्ति ॥ ६६ ॥

(અણન્ત ને માનીને થતાં કાર્યો તાચ્છીલિક ણ પ્રત્યયાન્તને પણ થાય છે.)

આથી चुरा शीलमस्याः । અને तपः शीलमस्याः । એ ઉદાહરણોમાં છત્રાદિત્વ ને કારણે ણ પ્રત્યય થાય છે. હવે આ णान्त શબ્દોને પણ અણન્ત ની જેમ टिड्ढाणञ्० । 4-1-65 સૂત્ર વિહિત ङीप् પ્રત્યય થાય છે. પરિણામે चौरी અને तापसी । એવા પ્રયોગો બની શકે છે.

પ્રસ્તુત પરિભાષામાં તાચ્છીલિક અર્થમાં ણ પ્રત્યય થયો હોય ત્યાં अणन्तवत् કાર્યો કરવાં- એમ શા માટે કહ્યું છે ? એનો અર્થ કે तदस्यां प्रहरणमिति क्रीडायां णः । 4-2-57 સૂત્રથી (તાચ્છીલિકથી ભિન્ન અર્થમાં) ણ પ્રત્યય જ્યાં થયો હોય, જેમકે, दाण्डा क्रीडा । ત્યાં અણન્ત પ્રયુક્ત टिड्ढाणञ्० । 4-1-15 સૂત્રોક્ત ङीप् પ્રત્યય થતો નથી. તેવી રીતે प्रज्ञाश्रद्धार्चावृत्तिभ्यो णः 5-2-101 સૂત્રવિહિત ણ પ્રત્યય જ્યાં થયો હોય, જેમકે, प्राज्ञा स्त्री । ત્યાં અણ્કૃત કાર્ય થતું નથી.

कार्मस्ताच्छील्ये । 6-4-172 સૂત્ર ઉપરનાં ભાષ્યમાં આ પરિભાષાર્થ જ્ઞાપિત કરવામાં આવ્યો છે. અહીં कर्मन् શબ્દથી તાચ્છીલિક અર્થમાં છત્રાદિત્વ પ્રયુક્ત ણ પ્રત્યય પરમાં રહેતાં टि લોપનું નિપાતન કર્યું છે. ત્યાં ભાષ્યમાં કહ્યું છે કે अण् પ્રત્યય પરમાં રહે ત્યારે अन् । 6-4-167 થી પ્રકૃતિવદ્ભાવ કહેવામાં આવ્યો છે.

ણ પ્રત્યય પરમાં રહે ત્યારે नस्तद्धिते । 6-4-144 સૂત્રથી જ टि લોપ સિદ્ધ છે. એવી સ્થિતિમાં टि લોપના નિપાતનની શી જરૂર હતી ? (અર્થાત્ જો આ टि લોપનું નિપાતન ન કર્યું હોત તો नस्तद्धिते । 6-4-144 થી टि લોપ કર્યા પછી આ પરિભાષાની મદદથી તેને અણન્ત માનવામાં આવશે. પરિણામે अन् 6-4-167 એવા સૂત્રથી કહેવામાં આવેલો પ્રકૃતિવદ્ભાવ થઈ જશે. તે ન થાય માટે टि લોપના નિપાતનની જરૂર છે) આમ, આ टि લોપનું નિપાતન જ્ઞાપિત કરે છે કે અણન્ત ને માનીને થતાં કાર્યો તાચ્છીલિક ણ પ્રત્ય-

યાન્તમાં પણ થાય છે. અણન્ત પ્રયુક્ત કાર્યો ણાન્ત ને પણ પ્રાપ્ત થાય છે, એમ જોઈને ઉક્ત નિપાતન કરવામાં આવ્યું છે.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૭૦)

તેમણે પુરુષોત્તમદેવની ચર્ચાનો સ્વીકાર કર્યો છે.

નીલકંઠ : (૭૯)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી. કેવળ આ પરિભાષાનો પાઠ બદલ્યો છે. જેમકે, ताच्छीलिकेष्वण्कृतं भवति । પરંતુ આ પાઠથી તાત્પર્યાર્થમાં કશો ફેર પડતો નથી.

હરિભાસ્કર : (૭૫)

તેમના 'પરિભાષાભાસ્કરમાં પણ કોઈ વિશેષ ચર્ચા પ્રાપ્ત થતી નથી.

નાગેશ : (૮૭)

તેમણે નવ્ય વૈયાકરણોના મતે આ પરિભાષાનું એક વિશેષ પ્રયોજન પણ છે, તેની નોંધ લીધી છે. જેમકે, ताच्छीलिकणान्त शब्दने अणो द्व्यचः 4–1–156 સૂત્રથી અપત્યાર્થક ફિઞ્ પ્રત્યય પણ થાય છે. અર્થાત્ આ પરિભાષા ણાન્ત શબ્દમાં સામાન્ય પ્રકારના અણ્ પ્રત્યયાન્ત કાર્યોનો જ અતિદેશ કરતી હતી. પરંતુ તેમાં નવ્યોના મતે અપત્યાર્થક અણ્ પ્રત્યયાન્ત નિમિત્તક કાર્યોનો પણ અતિદેશ થાય છે.

ઉપસંહાર :

આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી નથી. સૌ પ્રથમ મહાભાષ્યમાં ते कार्मस्ताच्छील्ये । 6–4–172 સૂત્ર ઉપર રજૂ થઈ છે. તે સ્થળે આ પરિભાષાના જ્ઞાપકાદિની ચર્ચા થઈ છે. તેમાંથી જ પ્રેરણા લઈને પુરુષોત્તમદેવે તેને રજૂ કરી છે. આ પરિભાષાની પ્રવૃત્તિનાં સન્દર્ભમાં નવ્યવૈયાકરણોનો મત નોંધનીય છે. કારણ કે सामान्यातिदेशे विशेषो नातिदिश्यते । એવી પરિભાષા હોવા છતાંય તેમણે આ પરિભાષાના સન્દર્ભમાં 'વિશેષ'નો પણ અતિદેશ સ્વીકાર્યો છે.

આ પરિભાષાનાં જ્ઞાપક, પ્રયોજનાદિ વિષે કોઈ મતભેદ નથી.

लुग्विकरणालुग्विकरणयोरलुग्विकरणस्यैव ग्रहणं भवति ॥ ६७ ॥

(લુગ્વિકરણ[1] અને અલુગ્વિકરણ એ બે પ્રકારના ધાતુઓમાંથી અલુગ્વિકરણ ધાતુનું જ ગ્રહણ થાય છે.)

આવી પરિભાષા હોવાથી गापोष्टक् । 3-2-8 સૂત્રસ્થ पा ગ્રહણથી पा पाने(पिबति)નું જ ગ્રહણ થાય છે. પરંતુ पा रक्षणे એવા લુગ્વિકરણનું[1] ગ્રહણ થતું નથી.

स्वरतिसूतिसूयतिधूञूदितो वा । 7-2-44 આ સૂત્રમાં सूति-सूयति ને વિકરણનિર્દેશ કર્યો છે, તે અહીં પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. ત્યાં કહેવામાં આવ્યું છે કે આ સૂત્રમાં 'सूड्' એવો સામાન્ય નિર્દેશ કરો. એનાથી જ आदादिक અને देवादिक सूड् ધાતુનું ગ્રહણ થશે. અને षू प्रेरणे । તેવા નિરનુબંધક ધાતુની નિવૃત્તિ પણ થશે. તેની સ્થિતિમાં (सूयति એવો) વિકરણ નિર્દેશ કરવાની શી જરૂર હતી ?

તો એ આ પ્રમાણે જ્ઞાપિત કરે છે : "सूड् ગ્રહણ કર્યું હોવાથી लुग्विकरण० । પરિભાષા વડે देवादिक सूड्નું જ ગ્રહણ થશે. પણ आदादिक सूड્નું ગ્રહણ થશે નહીં."

આમ, સૂત્રમાં કરેલ વિકરણ-નિર્દેશ આ પરિભાષાનું જ્ઞાપક થાય છે.

વ્યાડિ : (૪૩)

આ પરિભાષામાં स्वरतिसूति० । 7-2-44 સૂત્રસ્થ सूति-सूयति ગ્રહણ જ્ઞાપક છે. અને गातिस्थाघुपा० । 2-4-77 સૂત્રમાં पा ગ્રહણથી અલુક વિકરણનું જ ગ્રહણ થાય તે આ પરિભાષાનું પ્રયોજન છે.

સીરદેવ : (૮૬)

પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચાને સીરદેવ સ્વીકારે છે. આ પરિભાષાની જ્ઞાપક-ચર્ચામાં તેમણે જણાવ્યું છે કે 'सूति' આ પદમાં श्तिप् વડે નિર્દેશ કરવામાં આવ્યો છે. તેનું પ્રયોજન એ છે કે ક્વચિત્ श्तिप्માં पित् કાર્ય ન થાય.

પરંતુ આવી શંકા નહીં કરવી જોઈએ, કારણ કે सूति । सूयति । એ

---

૧. पा रक्षणे । (अदादिगण) अदिप्रभृतिभ्यः शपः । 2-4-72 સૂત્રથી शप् વિકરણ પ્રત્યયનો लुक् થાય છે. આથી આ पा रक्षणे । ધાતુને લુગ્વિકરણ કહે છે. 'લુગ્વિકરણ' શબ્દમાં બહુવ્રીહિ છે. જેમકે; "જેના વિકરણ પ્રત્યયનો लुक् થયો છે તે (ધાતુ)."

રૂપોમાં વિકરણ નિર્દેશ કર્યો છે. તે પિત્વના અભાવને જણાવીને જ પરિભાષાના અસ્તિત્વને જ્ઞાપિત કરે છે. અન્યથા જો વિકરણ નિર્દેશનું પિત્વનો અભાવ જ્ઞાપિત કરવો એટલું જ પ્રયોજન હોત તો સૂતિ એવો નિર્દેશ કર્યા પછી સૂડ્નું ગ્રહણ કર્યું હોત. જેમકે, स्वरतिसूतिसूड् धूञूदितो वा । આ પ્રમાણે સૂત્ર રચ્યું હોત તો પણ સૂતિ અને સૂડ્નું ગ્રહણ પિત્વનો અભાવ જણાવી શકયું હોત.

વિશેષમાં એક સ્પષ્ટતા ઉમેરતાં તેમણે જણાવ્યું છે કે અહીં લુગ્વિકરણ અને અલુગ્વિકરણ ધાતુઓમાંથી કેવળ લુગ્વિકરણ ધાતુનુ જ ગ્રહણ થાય છે. તેવો વિપરીત જ્ઞાપકાર્થ સૂચવાતો નથી. કારણ કે "શાસ્ત્રમાં અનિષ્ટ અર્થની કલ્પના કરવી ઉચિત નથી" તેવું વચન છે.

નીલકંઠ : (૮૩)

તેમણે વિશેષ નોંધ મૂકી નથી.

હરિભાસ્કર : (૮૬)

તેમણે પણ કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

નાગેશ : (૯૦)

स्वरतिसूति० । 7-2-44 સૂત્રમાં सूड् એવો નિર્દેશ કરવાને બદલે सूति सूयतिनुं પૃથક્ ગ્રહણ કર્યું છે તેને કેયટે પણ આ પરિભાષાના જ્ઞાપક રૂપે સ્વીકાર્યું છે.

પરંતુ નાગેશ ભટ્ટે આ જ્ઞાપકનું પ્રત્યાખ્યાન કર્યું છે. જેમકે, स्वरतिसूति० । 7-2-44 સૂત્રમાં બીજા ધાતુઓ અલુગ્વિકરણ નિર્દેશ્યા છે. તેથી સાહચર્યના નિયમથી જો सूड् તેવો નિર્દેશ કરવામાં આવશે તો અલુગ્વિકરણ षूड् ધાતુનું ગ્રહણ થશે. અને અદાદિ ગણના લુગ્વિકરણ षूड् ધાતુનું ગ્રહણ થશે નહીં. પણ પાણિનિને બંને પ્રકારના ધાતુઓનું ગ્રહણ ઇષ્ટ હોઈ सूति-सूयति । તેવો પૃથક્ નિર્દેશ કર્યો છે. અર્થાત્ આ પૃથક્ નિર્દેશ અન્ય રીતે ચરિતાર્થ રહેતો હોઈ પ્રકૃતાર્થમાં જ્ઞાપક બનશે નહીં.

નાગેશ ભટ્ટે આ પરિભાષાને ભાષ્યધ્વનિત માની છે.

यस्य विभाषा । 7-2-15 સૂત્ર ભાષ્યમાં આ પરિભાષાનું ધ્વનન થયું છે. જેમકે, विदितः । એ ઉદાહરણમાં यस्य विभाषा । 7-2-15 સૂત્રોક્ત: ઇડાગમ નિષેધ લાગે છે કે નહીં, તેની ચર્ચા કરતાં ભાષ્યકારે કહ્યું છે કે જે

ઉપાધિવિશિષ્ટ વિદ્ ધાતુને ઇટ્ વિકલ્પે કહ્યો છે, તે ઉપાધિવિશિષ્ટ વિદ્ને જ આ ઇડાગમ નિષેધ લાગશે.

તથી હવે વિદ્ ધાતુને વિકલ્પે ઇડાગમનું વિધાન કરતાં વિભાષા ગમહનવિદવિશામ્ । 7-2-68 સૂત્રમાં વિદ્ ધાતુ કઈ ઉપાધિવાળો છે, તે નક્કી કરવાનું પ્રાપ્ત થાય છે.

આ સન્દર્ભમાં ભાષ્યકારે કહ્યું છે : વિભાષા ગમહનવિદવિશામ્ । 7-2-68 સૂત્રમાં તુદાદિ ગણના શ વિકરણવાળા વિદ્નું જ ગ્રહણ થાય છે, કારણ કે હન્ ધાતુ લુગ્વિકરણ છે.

આ ચર્ચાનો આશય સ્પષ્ટ કરતાં નાગેશે જણાવ્યું છે કે હન્ ધાતુ લુગ્વિકરણ હોઈ વિશ્ના સાહચર્યથી શ વિકરણવાળા વિદ્ ધાતુનું ગ્રહણ થાય છે, પણ હન્ ના સાહચર્યથી લુગ્વિકરણ વિદ્નું ગ્રહણ થતું નથી. કારણ કે આ પરિભાષાની સાથે વિરોધ આવે છે.

ભાષ્યમાં આ પરિભાષા ક્યાંય પણ કંઇત : ઉચ્ચરિત નથી. પણ સ્વરતિસૂતિ૦ । 7-2-44 સૂત્રભાષ્યપ્રદીપમાં કૈયટે સ્પષ્ટ કહી છે.

તદુપરાંત ગાતિસ્થાઘુપા૦ । 2-4-77 એ સૂત્રમાં પા ગ્રહણથી પિવતિ (પા પાને)નું ગ્રહણ કરવાનું છે, તેમ વાર્તિકકારે કહ્યું છે, તથા 'સર્વત્ર પા ગ્રહણથી અલુગ્વિકરણ પા ધાતુનું ગ્રહણ કરવાનું છે.' તેમ ભાષ્યકારે કહ્યું છે.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'ના વ્યાખ્યાનથી પ્રચલિત બનેલાં આ પરિભાષાનાં જ્ઞાપક અને પ્રયોજનો પુરુષોત્તમદેવથી માંડીને હરિભાસ્કર સુધી સ્વીકાર્ય રહ્યાં છે. પરંતુ નાગેશ ભટ્ટે આ ચર્ચા ઉપર ભાષ્યનુસારી પ્રકાશ પાડીને જણાવ્યું કે આ પરિભાષાનું ઉક્ત જ્ઞાપક અસંગત છે. વસ્તુતઃ આ પરિભાષા ભાષ્યધ્વનિત છે. તથા પરંપરાથી પ્રચલિત બનેલું પ્રયોજન પણ સાચું પ્રયોજન નથી. કેમકે, તેના વિષયમાં વાર્તિકકાર અને ભાષ્યકારે નિર્દેશેલી વ્યવસ્થા જ પ્રમાણ છે.

अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग्बाधते ॥ ६८ ॥

(અન્તરંગ વિધિઓનો પણ બહિરંગ લુગ્ બાધ કરે છે.)

આ પરિભાષા હોવાથી, गोमान् प्रियोऽस्य इति गोमत्प्रियः । અને गोमानिवाचरति गोमत्यते । જેવાં ઉદાહરણોમાં અન્તરંગ નુમ્ વગેરેનો પણ

બાધ કરીને બહિરંગ લુક્[1]ની જ પ્રવૃત્તિ થાય છે.

प्रत्ययोत्तरपदयोश्च । 7-2-98 સૂત્રભાષ્યમાં આ પરિભાષા જ્ઞાપિત કરી છે : तवायं त्वदीयः । એ ઉદાહરણમાં પ્રત્યય પરમાં રહેતાં અને तव पुत्रः त्वपुत्रः ।, मम पुत्रो मत्पुत्रः । એ ઉદાહરણોમાં ઉત્તરપદ પરમાં રહેતા, વિભક્તિમાત્રને આશ્રયે રહેલા હોવાથી त्व અને म આદેશો (त्वमावेकवचने । 7-2-97 એ) પૂર્વ સૂત્રથી જ થશે. જ્યારે વિભક્તિ લુક્ સમાસોત્તરકાલભાવી હોવાથી બહિરંગ છે, તે પછીથી થશે. અહીં વિભક્તિનો લુક્ થતાં નિમિત્તનો અભાવ થવાથી પ્રવૃત્ત થયેલા त्व અને म આદેશો નિવૃત્ત થતા નથી. કારણ કે બહિરંગ લુક્ અસિદ્ધ હોવાથી વિભક્તિ જોવા મળે જ છે.

"અને तरप् વગેરે જે સ્વાર્થિક પ્રત્યયો કહ્યા છે તે પણ સમર્થનો અધિકાર[2] નહીં હોય તો પણ અંતરંગત્વને કારણે વિભક્તિ પ્રત્યય કર્યા પછી જ સુબન્ત ને જ લાગે છે. આમ, त्वत्तरः । मत्तरः । જેવાં ઉદાહરણોમાં પણ त्वमावेकवचने । 7-2-98 સૂત્રથી જ त्व અને म આદેશો સિદ્ધ રહેશે. તેવી સ્થિતિમાં प्रत्ययोत्तरपदयोश्च । 7-2-98 એ સૂત્રનું શું પ્રયોજન છે? આ સૂત્ર જ્ઞાપિત કરે છે કે 'અન્તરઙ્ગ વિધિઓનો પણ બહિરંગ લુક્ બાધ કરે છે.' એવી પરિભાષા છે.' પરિણામે त्व અને म આદેશોની (પૂર્વસૂત્ર त्वमावेकवचने 7-2-97 થી પ્રાપ્ત) પ્રવૃત્તિનો બાધ કરીને લુક્ કરતાં, વિભક્તિનો અભાવ રહેવાથી પૂર્વસૂત્ર त्वमावेकवचने । 7-2-97 થી त्व અને म આદેશોની પ્રાપ્તિ થતી નથી. તેવી સ્થિતિમાં प्रत्ययोत्तरपदयोश्च । 7-2-98 સૂત્ર સાર્થક બની રહે છે.

જેઓ એમ માને છે કે પ્રકર્ષ (અર્થવાળા तरप् વગેરે) પ્રત્યયો અંતરંગ છે. અને नित्यवीप्सयोः । 8-1-4 સૂત્ર ઉપર ન્યાસકારે કહ્યું છે તે તુજબ ङ्यन्त, आबन्त અને પ્રાતિપદિકને આતિશયિક (तरप् વગેરે) પ્રત્યયો થાય છે. તેઓના મતે તો प्रत्ययोत्तरपदयोश्च । 7-2-98 સૂત્રસ્થ ઉત્તરપદ ગ્રહણ જ જ્ઞાપક બને છે. કેમકે, त्वत्तरः । मत्तरः । વગેરેમાં त्व આદેશનું વિધાન કરવા માટે પ્રત્યયગ્રહણ કર્યું છે.

અહીં શંકા કરવામાં આવે છે: 'આ જ્ઞાપિત કરવાથી શું? गोमत्प्रियः ।

---

૧. हलङ्याब्भ्यो दीर्घात्० । 6-1-68 સૂત્રથી પ્રાપ્ત सु લોપની અપેક્ષાએ सुपो धातुप्रातिपदिकयोः । 2-4-71 સૂત્રોક્ત લુક્ બહિરંગ છે.

૨. समर्थानां प्रथमाद्वा । 4-1-82

વગેરે રૂપોમાં નુમ્ વગેરેની અપેક્ષાએ કૃતાકૃતપ્રસંગિત્વને[3] કારણે નિત્ય હોવાથી જ લુક્ ની (પ્રથમ) પ્રવૃત્તિ થશે.' એવી શંકા નહીં કરવી જોઈએ. કારણ કે અંતરંગ પરિભાષા નિત્ય પરિભાષાનો અપવાદ હોવાથી 'નિત્ય કરતાંય અંતરંગ બળવાન છે' એ ન્યાયથી (બહિરંગ) લુક્ નો બાધ કરીને (અંતરંગ) નુમ્ આદિ જ થઈ જશે, એ પણ જ્ઞાપિત કરવું જોઈએ.

આ પરિભાષાથી જ, ग्रामण्यः कुलं ग्रामणीकुलम् ।; गवे हितं गोहितम् । रायः कुलं रैकुलम् । नावः कुलं नौकुलम् । वृकाद् भयं वृकभयम् । ...વગેરે ઉદાહરણોમાં અંતરંગત્વને કારણે કરેલાં यण् વગેરે કાર્યો નિવૃત્ત થાય છે. આ જ જ્ઞાપકને આ પ્રમાણે રજૂ કરવામાં આવે છે. यण्, अय्, अव्, आय् અને आव् આદેશોની અપેક્ષાએ लुक् બળવાન છે.'

પરિભાષાના પાઠમાં ''अन्तरङ्गान् अपि' એવો જે નિર્દેશ છે, તે નિત્ય અને પર સૂત્રોનો પણ બાધ કરવા માટે છે. 'तद् ब्राह्मणकुलम् ।' આ ઉદાહરણમાં त्यदादीनामः । 7-2-102 સૂત્રોક્ત अत्व નો स्वमोर्नपुंसकाद् । 7-1-23 સૂત્રવિહિત लुक् વડે બાધ થાય છે, તેમ કહેવામાં આવ્યું છે. તેના અનુસંધાનમાં આ અર્થ કહેવામાં આવ્યો છે : 'બધી વિધિઓની અપેક્ષાએ લોપવિધિ બળવાન છે.'

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન' માં આ પરિભાષા નથી.

સીરદેવ : (૮૫)

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી ચર્ચામાં જરૂરી વિગતો અને સ્પષ્ટતાઓ ઉમેરીને આ પરિભાષાનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. આથી આ પરિભાષા ઉપરનું વ્યાખ્યાન 'बृहत्परिभाषावृत्तिः । નામને સાર્થક કરે છે.

અહીં પુરુષોત્તમદેવથી જુદા પડીને કોઈ મતભેદ રજૂ કરવામાં આવ્યો નથી.

નીલકંઠ : (૬૩)

નીલકંઠની 'પરિભાષાવૃત્તિ' માં પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી જ્ઞાપક ચર્ચામાં સૂક્ષ્મતાપૂર્વક થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. प्रत्ययोत्तरपदयोश्च । 7-2-98 સૂત્રસ્થ उत्तरपद ગ્રહણને જ્ઞાપક ગણવું જોઈએ, કારણ કે आचार क्विबन्त

---

૩. જે કાર્ય અન્ય કાર્ય કરો તો પણ પ્રાપ્ત રહે અને ન કરો તો પ્રણ પ્રાપ્ત રહે તેને નિત્ય-કાર્ય કહેવામાં આવે છે. कृताकृतप्रसङ्गो विधिर्नित्यः । એવી નિત્યત્વની વ્યાખ્યા બાંધવામાં આવી છે.

માં પ્રત્યયગ્રહણ ચરિતાર્થ છે. વળી, 'तव पुत्रः त्वत्पुत्रः । એ ઉદાહરણમાં तव અને मम આદેશોનો બાધ કરવા માટે प्रत्ययोत्तरपदयोश्च । 7–2–98 સૂત્ર છે.' એવી શંકા પણ ન કરવી જોઈએ. કારણ કે त्वमावेकवचने । 7–2–97 સૂત્રમાં मपर्यन्तस्य ની અનુવૃત્તિ આવવાથી સ્થાનિત્વનો નિર્ણય થઈ જાય છે, પરિણામે સર્વાદેશનો અભાવ સિદ્ધ જ છે. તેવી સ્થિતિમાં प्रत्ययोत्तरपदयोश्च । 7–2–98 સૂત્રમાં मपर्यन्तस्य ની અનુવૃત્તિ પ્રકૃતાર્થમાં જ્ઞાપક બને છે.

આ ઉપરાંત નીલકંઠે પ્રકૃત પરિભાષાના વ્યાખ્યાનમાં મહત્ત્વની અને ઉપકારક એવી ત્રણ સ્પષ્ટતાઓ રજૂ કરી છે. જેમકે, (૧) 'આ પરિભાષા (सुपो धातुप्रातिपदिकयोः । 2–4–71 સૂત્ર વિહિત) સામાસિક લુક્ માત્રના વિષયમાં જ પ્રવર્તે છે તેમ નહીં કહેવું જોઈએ. પરંતુ આ પરિભાષા લુક્ માત્રના વિષયમાં પ્રવર્તે છે.' એમ કહેવું જોઈએ. આ સ્પષ્ટતાથી પરિભાષાની પ્રવૃત્તિનો વિષયપ્રદેશ નક્કી થાય છે. (૨) આ પરિભાષાથી લુક્ ના સ્થાનીભૂત પ્રત્યયને નિમિત્તે જે અંતરંગ કાર્યો પ્રાપ્ત હોય તેની અપેક્ષા એ જ લુક્ નું પ્રાબલ્ય જણાવવામાં આવે છે. (૩) પ્રકૃત પરિભાષા अकृतव्यूहाः पाणिनीयाः । પરિભાષાની અન્તર્ગત જ આવેલી છે.

હરિભાસ્કર : (૮૮)

તેમણે અતિ સંક્ષેપમાં આ પરિભાષાની ચર્ચા કરી છે. વિશેષ નોંધનીય મુદ્દો રજૂ કર્યો નથી.

નાગેશ : (૫૨)

તેમણે આ પરિભાષાની જ્ઞાપક-ચર્ચા વિસ્તારથી રજૂ કરી છે. પ્રારંભે प्रत्ययोत्तरपदयोश्च 7–2–98 સૂત્ર અને તે સૂત્રમાં मपर्यन्तस्य પદની અનુવૃત્તિ જ્ઞાપિકા છે તે દર્શાવ્યા પછી 'આચાર ક્વિપ્ અર્થે પ્રત્યયગ્રહણ ચરિતાર્થ હોઈ ઉત્તરપદ ગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે,' તે નીલકંઠોક્તિનું ખંડન કરતાં જણાવ્યું છે કે ભાષ્યમાં प्रत्ययोत्तरपदयोश्च 7–2–98 એ સંપૂર્ણ સૂત્રનું જ્ઞાપકત્વ વર્ણવ્યું છે. વળી, યુષ્મદાદિ હલન્ત શબ્દોથી આચાર ક્વિપ્ થતો જ નથી.

આ પરિભાષાની પ્રવૃત્તિવિષયક નીલંકંઠે રજૂ કરેલી સ્પષ્ટતાને વિશદ કરતાં નાગેશે જણાવ્યું છે કે આ પરિભાષા કેવળ सुपो धातुप्रातिपदिकयोः । 2–4–71 સૂત્ર વિહિત લુક્ વિષયમાં પ્રવર્તે છે, તેમ કેટલાકનું કહેવું છે. પરંતુ એડ્-

ह्रस्वात्सम्बुद्धेः । 6-1-69 તથા न यासयोः । 7-3-45 સૂત્રસ્થ ભાષ્યપ્રામાણ્યથી જણાય છે કે આ પરિભાષા લુક્ માત્રના વિષયમાં પ્રવર્તે છે. हे त्रपु । એ ઉદાહરણમાં પ્રકૃત પરિભાષાથી एङ्ह्रस्वात्सम्बुद्धेः । 6-1-69 સૂત્રોક્ત લોપનો બાધ કરીને स्वमोर्नपुंसकात् 7-1-23 સૂત્રથી लुक् થાય છે એમ ભાષ્યમાં કહ્યું છે. તથા न यासयोः 7-3-45 સૂત્ર ઉપર ભાષ્યકારે કહ્યું છે કે सुपो धातुप्रातिपदिकयोः । 2-4-71 સૂત્રોક્ત लुक् જ કેવળ બધા અંતરંગ વિધિઓનો બાધ કરે છે એવું નથી, પણ બધા પ્રકારનો लुक् (ગમે તે સૂત્રથી વિહિત लुक् હોય તે) અંતરંગ વિધિઓનો બાધક બને છે. માટે જ सनीस्त्रंस इति । વગેરેમાં न લોપ થતો નથી.

ઉપર્યુક્ત ચર્ચાના અનુસંધાનમાં જણાવ્યુ છે કે तद्राजस्य बहुषु तेनैवास्त्रियाम् । 2-4-62 સૂત્રભાષ્ય પ્રદીપમાં ઉક્તસૂત્ર વિહિત लुक्ની અપેક્ષાએ सुपो धातुप्रातिपदिकयोः । 2-4-71 સૂત્રોક્ત लुक् ને પ્રકૃત પરિભાષાથી બલવત્ત્વ બોધન કરવામાં આવે છે, તેવું કૈયટનું કહેવું છે. પણ તે અસંગત છે. કારણ કે ઉપર્યુક્ત ભાષ્યપ્રામાણ્ય સાથે તેનો વિરોધ આવે છે. અને એક लुक् ની અપેક્ષાએ બીજા लुक् નું બલવત્ત્વ છે, તેમ કહી શકાય નહીં.

આ પરિભાષાના ફલિતાર્થ તરફ અંગૂલિનિર્દેશ કરતાં જણાવ્યું છે કે આ પરિભાષા હોવાથી અંતરંગ કાર્યોનો બાધ કરનાર लुक् અને તેના નિમિત્તે સમાસાદિ વિધિઓનું પણ અંતરંગ કાર્યોની અપેક્ષાએ બલવત્ત્વ છે, તેમ નક્કી થાય છે. આ વિષેનો વિસ્તાર અન્યત્ર કરવામાં આવ્યો છે.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. ભાષ્યમાંથી આ પરિભાષાની ચર્ચા સ્વીકારીને પુરુષોત્તમદેવે પ્રથમવાર તેને રજૂ કરી છે. અને વિસ્તારથી તેનાં જ્ઞાપકાદિની ચર્ચા કરી છે. આ પરિભાષાના વ્યાખ્યાનના સંદર્ભમાં સીરદેવ અને હરિભાસ્કરે વિશેષ ચર્ચા કરી નથી. પણ નીલકંઠની ચર્ચા ધ્યાનપાત્ર છે તેમાંથી સૂચન લઈને નાગેશે આ પરિભાષાની જ્ઞાપક ચર્ચાને વિસ્તારથી રજૂ કરી, તે વિષયમાં પ્રવર્તતી સંદિગ્ધાતાઓને દૂર કરી છે. વળી, આ પરિભાષાની પ્રવૃત્તિ ક્યાં થાય છે, તેની ચર્ચા પણ ધ્યાનપાત્ર છે, ઉપકારક છે.

गामादाग्रहणेष्वविशेषः ॥ ६६ ॥

(गा, मा અને दा ના ગ્રહણ પ્રસંગે અવિશેષ રૂપે બધા જ गा, मा અને दा રૂપ ધાતુઓનું ગ્રહણ થાય છે.)

જુદી જુદી પરિભાષાઓનો આ અપવાદ છે. ઘુમાસ્થાગાપાજહાતિસાં હલિ । 6-4-66 તથા દાધાઘ્વદાપ્ । 1-1-20 વગેરે સૂત્રોમાં ગા, મા અને દા ના ગ્રહણ વખતે અવિશેષ રૂપે બધા જ ગા, મા અને દા રૂપ ધાતુઓનું જ ગ્રહણ થતું નથી.

આ અર્થ યોગ્ય જ છે. જેમકે, (૧) જો ગા ગ્રહણના પ્રસંગમાં નિરનુબન્ધક० । પરિભાષાથી વ્યવસ્થા કરશો તો કૈ ગૈ શબ્દે, ગા સ્તુતૌ અને ઇણો ગા લુઙિ । 2-4-45 સૂત્રસ્થ ગા આદેશ રૂપ ધાતુ-એટલાનું જ ગ્રહણ થશે. પરંતુ ગાઙ્ગાતૌ । ધાતુનું પણ ગ્રહણ થશે નહીં. આ જ પ્રસંગે જો લક્ષણપ્રતિપદોક્ત० । પરિભાષાથી વ્યવસ્થા કરશો તો કૈ ગૈ શબ્દે । એ ધાતુનું ગ્રહણ થશે નહીં. અથવા જો લુગ્વિકરણ० । પરિભાષાથી વ્યવસ્થા કરશો તો ઇણો ગા લુઙિ । 2-4-45 અને ઇણ્વદિકઃ 2-4-45, વા० 1-એ બે ધાતુઓનું ગ્રહણ થશે નહીં. (૨) આ જ પ્રમાણે, મા ગ્રહણના પ્રસંગમાં જો નિરનુબન્ધક० પરિભાષાથી વ્યવસ્થા કરશો તો મા માને । નું જ ગ્રહણ થશે. પરંતુ માઙ્માને । અને મેઙ્પ્રણિદાને । ધાતુઓનું ગ્રહણ થશે નહીં. જો લક્ષણપ્રતિદોક્ત० । પરિભાષાથી વ્યવસ્થા કરશો તો મા માને અને માઙ્નું જ ગ્રહણ થશે. પણ મેઙ્પ્રણિદાનેનું ગ્રહણ થશે નહીં. અને જો લુગ્વિકરણ० । પરિભાષાથી વ્યવસ્થા કરશો તો માઙ્ માને । અને મેઙ્પ્રણિદાને । નું જ ગ્રહણ થશે, પરંતુ મા માને ।નું ગ્રહણ થશે નહીં (૩) તથા દા ગ્રહણના પ્રસંગમાં જો પહેલાં નિરનુબન્ધક० । પરિભાષાથી વ્યવસ્થા કરશો તો દોઽવખણ્ડને । ધાતુનું જ ગ્રહણ થશે. પરંતુ બીજા કોઈ દા રૂપ ધાતુનું ગ્રહણ થશે નહીં. હવે જો એકાનુબન્ધક० । પરિભાષાથી વ્યવસ્થા કરશો તો દાણ્ દાને । અને દેઙ્ રક્ષણે । ધાતુઓનું જ ગ્રહણ થશે. પરંતુ ડુદાઞ્ દાને નું ગ્રહણ થશે નહી. લક્ષણપ્રતિપદોક્ત० । પરિભાષાથી જો વ્યવસ્થા કરશો તો દાણ દાને । અને ડુદાઞ્ દાને એ બે ધાતુઓનું જ ગ્રહણ થશે. પરંતુ દોઽવખણ્ડને અને દેઙ્ રક્ષણે । નું ગ્રહણ થશે નહીં.

આ પ્રમાણે, સૂત્રોમાં જ્યારે ગા, મા અને દા રૂપ ધાતુઓનું ગ્રહણ કર્યું હોય ત્યારે નિરનુબન્ધક० । લુગ્વિકરણ० । લક્ષણપ્રતિપદોક્ત० । ઇત્યાદિ પરિભાષાઓના વિરોધનો પ્રસંગ આવે છે. આવે વખતે બે સ્થિતિ પ્રાપ્ત થાય છે. જેમકે, (૧) આ પરિભાષાઓની અપ્રવૃત્તિ અથવા (૨) તેમની પર્યાયથી પ્રવૃત્તિ થાય. હવે જ્યારે આ પરિભાષાઓની અપ્રવૃત્તિ થાય છે ત્યારે અવિશેષ પણે ગા,

મા અને દા રૂપ બધા ધાતુઓનું ગ્રહણ સિદ્ધ રહે છે. અને જ્યારે આ પરિભાષાઓની પર્યાયથી પ્રવૃત્તિ પ્રાપ્ત રહે છે, ત્યારે પણ બધાનું (વારાફરતી) ગ્રહણ થતું હોવાથી ગા, મા અને દા। રૂપ ધાતુઓનું અવિશેષથી ગ્રહણ સિદ્ધ રહે છે.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૦૫)

તેમણે આ પરિભાષાની ચર્ચા ખૂબ વિસ્તારથી કરી છે. તથા અનેક મતાન્તરોની નોંધ લીધી છે.

ગાપોષ્ટક્। 3–2–8 સૂત્રમાં પા પિબતિ। ના સાહચર્યથી ગા ગાયતિ નું ગ્રહણ થાય છે. ગાङ્ગતૌ। નું નહીં. તથા ગા સ્તુતૌ નું તે ધાતુ છાન્દસ હોવાથી નિરાકરણ થાય છે, એમ રક્ષિત જણાવે છે. ह्वावामश्च। 3–2–2 સૂત્રમાં પણ સાનુબન્ધક હવેઞ્ના સાહચર્યથી माङ् તથા मेङ्। નું ગ્રહણ થાય છે, પણ નિરનુબંધક મા માને। નું નહીં. તથા दाधाघ्वदाप्। 1–1–20 સૂત્રમાં अर्थवत्०। પરિભાષાથી દા दाशयति। નું ગ્રહણ થતું નથી.

પુરુષોત્તમદેવે પ્રકૃત પરિભાષાને निरनुबन्धक०। लक्षणप्रतिपदोक्त०। लुग्विकरण०। તથા एकानुबन्धक०। પરિભાષાઓની અપવાદ માની છે. સીરદેવે, અહીં વિશેષમાં જણાવ્યું છે કે अर्थवद्ग्रहणे०। તથા सहचरित०। પરિભાષાઓ પ્રકૃત પરિભાષાથી બાધિત થતી નથી. વળી, પ્રકૃત પરિભાષાથી लुग्विकरण०। પરિભાષા પણ બાધિત નથી. घुमास्थागादि०। 6–3–66 સૂત્ર ઉપર ન્યાસકારે મતાન્તરથી लुग्विकरण०। પરિભાષાનો બાધ માન્યો છે.

કેટલાકના મતે પ્રકૃત પરિભાષા निरबन्धक०।, लक्षणप्रतिपदोक्त०। અને लुग्विकरण०। પરિભાષાઓનો અપવાદ છે. તથા લક્ષ્યવશાત્ ક્યાંક આશ્રિત થતી નથી. બીજા કેટલાકના મતે આ પરિભાષા કેવળ निरनुबन्धक०। તથા लक्षणप्रतिपदोक्त०। પરિભાષાનો જ બાધ કરે છે. તથા કેવળ लक्षणप्रतिपदोक्त०। પરિભાષાનો જ બાધ કરે છે, એમ વળી ત્રીજા કહે છે.

વિશેષમાં સીરદેવ નોંધે છે કે લોકોના મતે निरनुबन्धक०। તથા लक्षणप्रतिपदोक्त०। પરિભાષાનો જ બાધ થાય છે. તેમના મતે આ પ્રમાણે યુક્તિ છે : "ગા, મા અને દા ગ્રહણમાં लुग्विकरण०। सहचरित०। અને अर्थवत्०। પરિભાષાઓ તો બહિરંગત્વને કારણે જ અપ્રવૃત્ત રહે છે. પરિણામે અંતરંગત્વને

કારણે વિદ્યમાન એવી નિરનુબન્ધક૦ । તથા લક્ષણપ્રતિપદોક્ત૦ । એ બે પરિભાષાઓનો જ બાધ કરવાનો રહે છે.

વિશેષમાં સીરદેવ જણાવે છે કે પ્રસ્તુત પરિભાષામાં "ગા–મા–દા નું ગ્રહણ કર્યું છે, જે સૂત્રમાં" એવા વિગ્રહનો આશ્રય કરીને અન્ય ધાતુઓના વિષયમાં પણ અવિશેષ રૂપે ધાતુઓનું ગ્રહણ થાય છે, એવું સૂચવાય છે. આથી દાધાઘ્વદાપ્ । 1–1–20 સૂત્રમાં ઘા ગ્રહણથી ધેટ્ નું પણ ગ્રહણ થાય છે.

નીલકંઠ : (૧૦૩)

તેમણે પરિભાષાર્થમાં જણાવ્યું છે કે ગામાદા ગ્રહણમાં (કેવળ) લક્ષણપ્રતિપદોક્ત૦ । પરિભાષા પ્રવૃત્ત થતી નથી. આ પરિભાષાના જ્ઞાપકનો નિર્દેશ કરતાં તે જણાવે છે કે દૈપ્ ધાતુનું પિત્ત્વ અહીં જ્ઞાપક છે. જેથી અદાપૂ । એવા નિષેધથી સામાન્યનું ગ્રહણ થાય.

હરિભાસ્કર : (૧૦૭)

તેમણે જણાવ્યું છે કે આ પરિભાષાથી લુગ્વિકરણ૦। પરિભાષાનો બાધ થતો નથી. આથી નેર્ગદનદ૦ । 8–4–17 સૂત્રમાં માઙ્ અને મેઙ્ નું જ ગ્રહણ થાય છે. પરંતુ મા માને । નું ગ્રહણ થતું નથી. આથી સિદ્ધ થાય છે કે ચન્દ્રગોમિને નેર્ગદ૦ । ચા૦ 6–4–116 ... સૂત્ર ઉપર "મા માને નું પણ ગ્રહણ થતું હોવાથી 'પ્રણિમાતિ'। એવું જે ઉદાહરણ રજૂ કર્યું છે. તે અસંગત છે.

વિશેષમાં હરિભાસ્કર જણાવે છે કે આ પરિભાષાથી નિરનુબન્ધક૦ । પરિભાષાનો પણ બાધ થતો નથી. કારણ કે નિરનુબન્ધક૦। પરિભાષા પ્રત્યયવિધિ વિષયક છે.

નાગેશ : (૧૦૬)

તેમણે નીલકંઠમાંથી સૂચન મેળવીને પરિભાષાને જ્ઞાપક સિદ્ધ દર્શાવી છે. જેમકે, દૈપ્ શોધને । એવા મ્વાદિ ગણના ધાતુને પિત્ કરણ કર્યું છે. તેથી પ્રકૃત પરિભાષા જ્ઞાપિત થાય છે. દાધાઘ્વદાપ્ 1–1–20 સૂત્રસ્થ અદાપ્ । એવો નિષેધ સામાન્ય ઉચ્ચારણ કરીને રજૂ કર્યો છે. તેનાથી દૈપ્ ધાતુનું પણ ગ્રહણ થાય એ માટે તે પિત્ કરણ કર્યું છે. અન્યથા જો પ્રકૃત પરિભાષા ન હોત તો લક્ષણપ્રતિપદોક્ત૦ । પરિભાષાથી દા૦ ગ્રહણથી પ્રતિપદોક્ત દા ધાતુનું જ ગ્રહણ થાત. અને આદેચ૦ । 6–4–45 સૂત્રથી દૈપ્ ધાતુને આત્વ થઈને નિષ્પન્ન થયેલા લાક્ષણિક દા ધાતુનું ગ્રહણ થશે જ નહીં. તેથી ઉક્ત નિષેધમાં

સામાન્ય ગ્રહણાર્થ પિત્ કરણની જરૂર હતી ? આમ, આ પરિભાષા એક અંશમાં અર્થાત્ દા ગ્રહણમાં જ્ઞાપિત થાય છે. તથા એકદેશાનુમતિ દ્વારા આખી પરિભાષા જ્ઞાપિત થાય છે એમ માનવામાં આવે છે.

વિશેષમાં નાગેશે જણાવ્યું છે કે गातिस्था० । 2-4-77 સૂત્રમાં गा શબ્દ-થી इणो गा लुङि । 2-4-45 સૂત્રોક્ત લુઙ્ લકારમાં इण् ના સ્થાને गा આદેશનું જ ગ્રહણ થાય છે. એવી ભાષ્યકારની દૃષ્ટિ છે. પરિણામે गा શબ્દથી गै નું ગ્રહણ થતું નથી અને કોઈ દોષ આવતો નથી.

ઉપસંહાર :

આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી નથી. સૌ પ્રથમ ભાષ્યમાંથી પ્રેરણા લઈને પુરુષોત્તમદેવે તેને રજૂ કરી છે.

પુરુષોત્તમદેવે આ પરિભાષાને જુદી જુદી પરિભાષાઓની અપવાદિકા જણાવી છે. આ જ વિચારણા કાલાંતરે સ્પષ્ટ કરે છે કે પ્રકૃત પરિભાષા (૧) लक्षण-प्रतिपदोक्त० । (૨) निरनुबन्धक० । અને (૩) लुग्विकरण० । પરિભાષાની બાધિકા છે.

પુરુષોત્તમદેવે આ પરિભાષાને યુક્તિસિદ્ધા દર્શાવી છે. તો બીજી તરફ નીલ-કંઠાદિએ તેને જ્ઞાપકસિદ્ધા જણાવી છે.

उणादयोऽव्युत्पन्नानि प्रातिपदिकानि ॥ ७० ॥

(ઉણાદિ પ્રત્યયોથી નિષ્પન્ન થતાં પ્રાતિપદિકોને અવ્યુત્પન્ન માનવામાં આવે છે.)

अतः कृकमिकंस० । 8-3-46 સૂત્રમાં સત્વ વિધિને માટે કમિ ગ્રહણ કર્યું છે. तद्दुपरांत कमेः सः ।[1] (उणादि 3-62) સૂત્ર વડે कम् ધાતુને સ કાર કરીને ઉણાદિમાં વ્યુત્પન્ન થયેલા कंस શબ્દનું પણ ગ્રહણ કર્યું છે. આમ કમિ ધાતુ ઉપરાંત कंस શબ્દનું પણ ગ્રહણ કર્યું છે, તેથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે : उणादयोऽव्युत्पन्नानि प्रातिपदिकानि इति ।

આવી પરિભાષા હોવાથી जिघ्रिः । किर्योः । गिर्योः । ઇત્યાદિ રૂપોમાં हलि च । 8-2-77 સૂત્રથી દીર્ઘ થતો નથી. અન્યથા जीर्यतेः क्रिन् रश्च वः । (उणादि० 5-43) સૂત્રથી जॄ ધાતુને क्रिन् પ્રત્યય કરતાં इत्व અને

---

१. वृक्रतृवदिहनिकमिकषिभ्यः सः ॥ 3-62

રપરત્વ થઈને તથા રેફને વ કાર કરતાં, વ કારાન્ત ધાતુને હલિ च । 8-2-77 સૂત્રથી દીર્ઘ થવા આવશે. એ જ પ્રમાણે, कॄगॄकुटिभिर्दिघ्विदिभ्यश्च । ઉણાદિ૦ । 4-143 । સૂત્રથી कॄ અને गॄ ધાતુઓને इ કરીને, इ કાર પ્રત્યયાન્ત किरि । गिरि । શબ્દોને ओसू પ્રત્યય કરતાં इ કારનો યણાદેશ થઈને हलि च । 8-2-77 સૂત્રથી દીર્ઘ થવા આવશે.

વ્યાડિ : (-)

આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી નથી.

સીરદેવ : (૧૫)

તેઓ જણાવે છે કે अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । 1-2-45 એવું સૂત્ર રચ્યું છે. તેનાથી જ્ઞાપિત થાય છે કે આવી પરિભાષા છે એમ કહેવામાં આવે છે. અન્યથા બધા જ ઉણાદિ નિષ્પન્ન શબ્દો 'ધાતુજ' હોવાથી કૃદન્ત કહેવાશે. તથા કૃદન્તત્વને કારણે પ્રાતિપદિકસંજ્ઞા સિદ્ધ રહેશે. તેવી સ્થિતિમાં ઉક્ત-સૂત્ર રચવાની જરૂર ન હતી. આ ઉપરાંત સીરદેવે પુરુષોત્તમદેવના જ્ઞાપકની નોંધ લીધી છે.

સીરદેવે પુરુષોત્તમદેવે રજૂ કરેલાં किर्योः । गिर्योः । એવાં પ્રયોજનોને સ્વીકાર્યા નથી. કારણ કે સીરદેવના મતે આ ઉદાહરણોમાં अचः परस्मिन् पूर्व-विधौ । 1-1-57 સૂત્રથી સ્થાનિવદ્ભાવ થતાં દીર્ઘની પ્રાપ્તિ જ નથી. અહીં न पदान्तद्विर्वचन० । 1-1-58 સૂત્રથી દીર્ઘવિધિની પ્રત્યે સ્થાનિવદ્ભાવનો નિષેધ પ્રાપ્ત નથી. કારણ કે "स्वरदीर्घयलोपेषु लोपाजादेशो न स्थानिव-दिति ।" એવું વચન છે.

નીલકંઠ : (૨૦)

તેમણે ભાષ્યોક્ત જ્ઞાપકને સમજાવ્યું છે, જે પુરુષોત્તમદેવે પણ રજૂ કર્યું છે. વિશેષ નોંધ નથી.

પરંતુ નીલકંઠે उणादयो व्युत्पन्नान्यपि । 21 ॥ એવી બીજી એક પરિભાષા પણ રજૂ કરી છે. આવી બીજી પરિભાષા રજૂ કરીને નીલકંઠે ઉણાદિ નિષ્પન્ન શબ્દો વિષે પ્રચલિત ઉભય પક્ષોની નોંધ લીધી છે. પરંતુ તે બે પક્ષોમાંથી કયો પક્ષ સિદ્ધાન્ત કોટિએ સ્વીકાર્ય છે, તે વિષે કોઈ સ્પષ્ટતા કરી નથી.

હરિભાસ્કર : (૧૫)

તેમણે સીરદેવે નોંધેલાં જ્ઞાપકાન્તર વિષે એક સૂક્ષ્મ સ્પષ્ટતા રજૂ કરી છે.

જેમકે, અર્થવદ્૦ । 1-2-45. સૂત્રને રચવામાં આવ્યું છે, તે અહીં જ્ઞાપક છે; એમ કહેવામાં આવ્યું છે એવું સીરદેવે કહીને આ સાચું જ્ઞાપક નથી એવું સૂચવ્યું છે. કારણ કે ત્યુત્પત્તિ પક્ષમાં બહુપટવઃ । જેવાં ઉદાહરણોને માટે અર્થવત્૦ । 1-2-45 સૂત્રની આવશ્યકતા છે.

વિશેષમાં, હરિભાસ્કર જણાવે છે કે उणादयो बहुलम् । 3-3-1 સૂત્રસ્થ બહુલ ગ્રહણનો જ આ પ્રપંચ છે, એવો કેટલાકનો મત છે.

નાગેશ : (૨૨)

નીલકંઠે રજૂ કરેલાં બે પક્ષોનાં સન્દર્ભમાં જણાવે છે કે 'ઉણાદિ નિષ્પન્ન શબ્દો વ્યુત્પન્ન છે. એવો મત શાકટાયનાદિ વૈયાકરણોનો છે.[2] એવું નિરુક્તમાં કહ્યું છે. પરંતુ 'ઉણાદિ નિષ્પન્ન શબ્દો અવ્યુત્પન્ન જ છે.' એવો પાણિનિનો મત છે.'

ઉપસંહાર :

સૌથી પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે. તેમણે રજૂ કરેલાં જ્ઞાપકનો નાગેશ પર્યન્તના બધા જ પરિભાષાવૃત્તિકારોએ સ્વીકાર કર્યો છે.

નીલકંઠે ઉણાદિ નિષ્પન્ન શબ્દના સ્વરૂપ વિષે બે પક્ષો રજૂ કર્યા છે. તેમાંથી વ્યુત્પત્તિપક્ષ શાકટાયનના મતે છે અને અવ્યુત્તિપક્ષ પાણિનિના મતે છે, એવી નાગેશે સ્પષ્ટતા કરી છે.

अङ्गवृत्तेः पुनरङ्गवृत्तावविधिर्निष्ठितस्य ॥ ७१ ॥

(અંગને કાર્યની પ્રવૃત્તિ થઈ ગયા પછી નિષ્ઠિત બની ચૂકેલાં રૂપમાં ફરીથી અંગ કાર્યની પ્રવૃત્તિ થઈ શકતી નથી.)

અંગને કાર્યની વૃત્તિ એટલે કે પ્રવૃત્તિ, એનું નામ અંગવૃત્તિ. આ કારણે, નિષ્ઠિત એટલે કે પ્રયોગને યોગ્ય એવા અંગને વિષે ફરીથી અંગકાર્યની પ્રવૃત્તિનો અવિધિ અર્થાત્ અવિધાન રહે છે. अङ्गवृत्तौ । એવાં પદમાં ષષ્ઠી વિભક્તિના અર્થમાં સપ્તમી થઈ છે. ફરીથી અંગકાર્યની વૃત્તિમાં અવિધિ અટલે કે અપ્રવૃત્તિ થાય છે. જેમકે, क्रियते । એવાં ઉદાહરણમાં रिङ् शयग्लिङ्क्षु । 7-4-28 થી रिङ् આદેશ રૂપ અંગકાર્ય થઈ ગયા પછી अकृत्सार्वधातुकयोर्दीर्घः । 7-4-25 સૂત્રવિહિત દીર્ઘત્વ, એટલે કે બીજું અંગકાર્ય થતું નથી. એ જ પ્રમાણે पिबति । એ ઉદાહરણમાં પણ पाघ्राध्मा० । 7-3-78 સૂત્રથી पिब આદેશ કર્યા પછી

---

૨. तत्र नामान्याख्यातजानीति शाकटायनो नैरुक्तसमयश्च ॥ (११/२)

पुगन्तलघूपधस्य च । 7-3-86 થી ગુણ થતો નથી. અહીં નિષ્ઠિતત્વ અંગકાર્યની અપેક્ષાએ (દૃષ્ટિએ) જ નક્કી કરવામાં આવે છે, સામાન્યપણે નહીં.

ज्ञाजनोर्जा । 7-3-79 સૂત્રમાં જ એવો આદેશ કરવાને બદલે જા એવો આદેશ કર્યો છે તે અહીં જ્ઞાપક છે. જો એક અંગકાર્ય થઈ ગયા પછી બીજું પણ અંગકાર્ય થઈ શકતું હોત તો જ એવો આદેશ કર્યા પછી પણ અતો દીર્ઘો યઞિ । 7-3-101 થી દીર્ઘ થશે. પરિણામે जायते । એવું ઇષ્ટ રૂપ તો સિદ્ધ થઈ શકે છે જ. આ જ પ્રમાણે, रीङ् ऋतः । 7-4-27 સૂત્રસ્થ દીર્ઘોચ્ચારણ આ અર્થમાં જ્ઞાપક છે. કેમકે मात्रीयति । ઇત્યાદિમાં પણ अकृत्सार्वधातुकयोर्दीर्घः । 7-4-25 થી દીર્ઘની સિદ્ધિ થઈ શકે છે.

પરિભાષાના પાઠમાં 'अङ्गवृत्तेः हेतोः'-એવું પંચમ્યન્ત વ્યાખ્યાન 'શ્રુતપાલે' કર્યું છે. તથા ન્યાસકારે 'अङ्गवृत्ते' એવા સપ્તમ્યન્ત પાઠનો સ્વીકાર કર્યો છે.

વ્યાડિ : (૨૪)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનાં જે જ્ઞાપક તથા પરિભાષાર્થ વર્ણવાયા છે, તે જ પુરુષોત્તમદેવે રજૂ કર્યા છે. બીજી કોઈ વિશેષ નોંધ નથી.

સીરદેવ : (૯૧)

તેમણે આ પરિભાષાના જ્ઞાપક વિષે ન્યાસકારના અભિપ્રાયની નોંધ લીધી છે. જેમકે, ज्ञाजनोर्जा । 7-3-79 સૂત્રમાં પ્રતિપત્તિ લાઘવાર્થે દીર્ઘાન્ત (જા) આદેશનું વિધાન કર્યું છે. કારણ કે હ્રસ્વ એવા જ આદેશનું વિધાન કર્યું હોત તો પણ अतो दीर्घो यञि । 7-3-101થી जानाति । એવા રૂપની સિદ્ધિ થશે.

પરંતુ અહીં શંકા કરવામાં આવે છે: "આ રૂપ अङ्गवृत्त० । પરિભાષાથી પ્રાપ્ત થતું નથી. એટલે કે જ એવો હ્રસ્વાન્ત આદેશ કર્યા પછી अतो दीर्घो यञि । 7-3-101 થી દીર્ઘ થવાનો નથી, પ્રકૃત પરિભાષા હોવાથી." સીરદેવ જણાવે છે કે આ શંકા સાચી નથી. કારણ કે પરિભાષામાં કહ્યું છે કે નિષ્ઠિત અર્થાત્ પ્રયોગાર્હ (પ્રયોગને યોગ્ય) એવા અંગને બીજું અંગકાર્ય થતું નથી. પરંતુ પ્રકૃતમાં તો જ એવો હ્રસ્વાન્ત આદેશ કર્યા પછી તે 'નિષ્ઠિત' એવું અંગ બની જતું નથી.

સીરદેવે, આ પરિભાષાનું ज्यादादीयसः । 6-4-160 એવું જ્ઞાપકાન્તર પણ નિર્દેશ્યું છે.

નીલકંઠ : (૮૬)

તેમણે પરિભાષાનો પાઠ આ પ્રમાણે આપ્યો છે. अङ्गवृत्ते पुनर्वृत्ताव-विधिः । અંગાધિકારમાં જે કાર્યનું વિધાન થયું હોય તેને અંગવૃત્તશાસ્ત્ર કહે છે. આવું અંગવૃત્તકાર્ય પ્રવૃત્ત થયા પછી ફરીથી કોઈ શાસ્ત્રાન્તરની પ્રવૃત્તિ થતી નથી. આથી યૂયમ્ । વયમ્ । જેવાં રૂપોની સિદ્ધિમાં શેષે લોપ: । 7-2-90 ની અન્તલોપ પક્ષમાં પ્રવૃત્તિ થયા પછી जसः शी । 7-1-17 ની પ્રવૃત્તિ થતી નથી.

આ પરિભાષા ज्यादादीयसः । 6-4-160 સૂત્ર ઉપરના ભાષ્યમાં જ્ઞાપિત: કરવામાં આવી છે. જેમકે, प्रशस्य અને वृद्ध શબ્દોને द्विवचन० । 5-3-57 સૂત્રથી ईयसुन् પ્રત્યય કરવામાં આવે છે. ત્યાર પછી ज्य च । અને वृद्धस्य च । 5-3-61, 62 સૂત્રોથી ज्य આદેશ કરવામાં આવે છે. હવે ज्य+ईयसुन् ज्य+ईयस् એવી સ્થિતિમાં ज्यादादीयसः । 6-4-160 સૂત્રથી ज्य શબ્દથી પરમાં આવેલાં ईयस् ના ई કારને દીર્ઘ આ નું વિધાન કરવામાં આવ્યું છે. અહીં ભાષ્યકાર: જણાવે છે કે ई કારને आत्व નું વિધાન કરવાની જરૂર ન હતી. કારણ કે वहोलोपो भू च वहोः । 6-4-158 સૂત્રમાંથી લોપની અનુવૃત્તિ કરીને ई કારનો લોપ કર્યો હોત તો પણ अकृत्सार्वधातुकयोर्दीर्घः । 7-4-25 સૂત્રથી य કારાદિ (यस्) પ્રત્યય પરમાં રહેતાં દીર્ઘ થઈને ज्यायान् । રૂપની સિદ્ધિ થઈ જશે. પરંતુ સૂત્રકારે તેમ કર્યું નથી. આથી જ્ઞાપિત થાય છે કે अङ्गवृत्ते पुनर्वृत्तौ अविधिः । એવી પરિભાષા છે.

વિશેષમાં, નીલકંઠ જણાવે છે કે द्वयोः । 1-2-59, 5-3-92 ઇત્યાદિ નિર્દેશને કારણે જ્ઞાપિત થાય છે કે આ પરિભાષા અનિત્ય છે. અથવા તો भ्यसो भ्यम् । 7-1-30 સૂત્ર ઉપર ભાષ્યકારે પરિભાષાના પાઠમાં निष्ठितस्य । એવો અંશ ઉમેર્યો છે, તેનાથી એમ જણાય છે કે અહીં અનિત્યત્વના બળથી પ્રાપ્ત થતા અર્થને સૂચવવા માટે આ અંશ ઉમેર્યો છે.

હરિભાસ્કર : (૯૪)

સીરદેવ અને નીલકંઠને અનુસરીને હરિભાસ્કરે આ પરિભાષાનું વ્યાખ્યાન કર્યું છે.

નાગેશ : (૯૨)

નીલકંઠને અનુસરીને આ પરિભાષાને સમજાવી છે. આ પરિભાષાની પ્રવૃત્તિ-વિષયક એક સ્પષ્ટતા કરતાં તેમણે જણાવ્યું છે કે અંગાધિકારોક્ત કાર્યનો કાર્યી એક જ હોય ત્યારે તો આ પરિભાષા લાગે છે, પરંતુ કાર્યી ભિન્ન હોય ત્યારે

પણ લાગે છે. અર્થાત્ ભિન્ન સ્થાનિક અંગકાર્યના વિષયમાં પણ આ પરિભાષા પ્રવૃત્ત થાય છે.

વિશેષમાં, નાગેશ ભટ્ટે એવું નિર્દેશવાનો પણ પ્રયત્ન કર્યો છે કે આ પરિભાષા સ્વીકાર્ય નથી. કારણ કે—

(૧) આ પરિભાષાથી કોઈ લક્ષ્યસિદ્ધિ થતી નથી. મહાભાષ્યમાં પણ: "पिवतेर्गुणप्रतिषेधो वाच्यः । એવું વાર્તિક નહીં કરવું પડે." એવું એક જ પ્રયોજન વર્ણવ્યું છે. પરંતુ કોઈ લક્ષ્યસિદ્ધિ વર્ણવી નથી.

(૨) युष्मभ्यम् । જેવા રૂપમાં भ्यस् ને भ्यम् એવો આદેશ કર્યા પછી युष्मद् માં અનન્યલોપ કરવાથી अदन्तत्व ની પ્રાપ્તિ થાય છે. પરિણામે बहुवचने झल्येत् । 7-3-103 વડે एत्व ની અનિષ્ટાપત્તિ આવે છે. તેની નિવૃત્તિ કરવા માટે પણ પ્રકૃત પરિભાષાની જરૂર નથી. આવે પ્રસંગે अभ्यम् એવો પદચ્છેદ કાઢીને પરરૂપથી ઇષ્ટસિદ્ધિ કરવામાં આવે છે.

(૩) ज्ञाजनोर्जा । 7-3-79 અને ज्यादादीयसः । 6-1-160 સૂત્રસ્થ જ્ઞાપનની ચર્ચા કરતું ભાષ્ય અને भ्यसो भ्यम् । 7-1-30 સૂત્રભાષ્યમાં આ પરિભાષાનો ઉપન્યાસ—એ ત્રણેય એકદેશીની ઉક્તિ છે.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનાં જ્ઞાપક અને અર્થની ચર્ચા પ્રાપ્ત થાય છે. સંભવતઃ પુરુષોત્તમદેવે તેનો સ્વીકાર કર્યો છે. વિશેષમાં પુરુષોત્તમદેવે આ પરિભાષાની સમજૂતીમાં ન્યાસકાર અને ભાષ્યકારનો પણ ઉપયોગ કર્યો છે.

નીલકંઠે અને નાગેશે આ પરિભાષાની સૂક્ષ્મતાથી ચર્ચા કરી છે. નાગેશે દર્શાવ્યું છે તેમ આ પરિભાષા સ્વીકાર્ય નથી.

प्रकृतिग्रहणे यङ्लुगन्तस्यापि ग्रहणम् ॥ ७२ ॥

(પ્રકૃતિના ગ્રહણ પ્રસંગે યઙ્લુગન્તનું પણ ગ્રહણ થાય છે.)

विदो लटो वा । 3-4-83 સૂત્ર વડે विद् ज्ञाने એ ધાતુથી પરમાં આવેલા लट् સ્થાનિક પરસ્મૈપદ આદેશોને णलादि નવ આદેશો વિકલ્પે થાય છે. હવે, ઉપર્યુક્ત પરિભાષા હોવાથી विदो लटो वा । 3-4-82 સૂત્રોક્ત णलादि વિકલ્પ: यङ्लुगन्त विद ધાતુને પણ થાય છે. જેમકે, वेवद वेविदतुः वेविदुः । वेवेत्तिः वेविदीति । वेवित्तः । वेविदति इति ।

ऊदुपधाया गोहः । 6-4-86 એ સૂત્રમાં उपधा ગ્રહણ કર્યું છે, તે અહીં જ્ઞાપક છે. આ સૂત્રમાં લાઘવાર્થે ऊद् गोह । એવું કહેવાને બદલે उपधा ગ્રહણ કર્યું છે. તેનું પ્રયોજન એ છે કે जोगूह । એવા યઙ્લુગન્ત રૂપમાં અભ્યાસના ओ કારને ऊ કારાદેશ ન થાય. પ્રકૃતિના ગ્રહણ પ્રસંગે યઙ્લુગન્તનું પણ ગ્રહણ થતું હોય ત્યારે उपधा ગ્રહણનું આવું પ્રયોજન વર્ણવી શકાય.

निष्ठा शीङ्स्विदिमिदिक्ष्विदिधृषः । 1-2-19 એ ઉપર અનુન્યાસકારે આ પરિભાષાને ન્યાયસિદ્ધ દર્શાવી છે. જેમકે, 'સ્થાનમાં દ્વિર્વચન થાય છે' એ પક્ષમાં[1] સ્થાનિવદ્ભાવથી પ્રકૃતિનો વ્યપદેશ થાય છે. '(ષાષ્ઠ દ્વિર્વચન) દ્વિઃ-પ્રયોગમાત્ર છે-' એ પક્ષમાં તે એક જ શબ્દ બેવાર આવૃત્તિ પામે છે. પરિણામે 'પ્રકૃતિના ગ્રહણ પ્રસંગે યઙ્લુગન્તનું પણ ગ્રહણ થાય છે.' એ સંગત બની રહે છે. તથા बेभाव । बेभव । એ ઉદાહરણોમાં सुवो वुग्लुङ्लिटोः । 6-4-88 સૂત્રવિહિત वुग् આગમ યઙ્લુગન્તને ન થાય, એ માટે ओः सुपि । 6-4-83 સૂત્રમાંથી ओः પદની અનુવૃત્તિ આવે છે.

श्तिप् યુક્ત નિર્દેશમાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી. જેમકે, કહ્યું છે:

"श्तिप्, शप, અનુબન્ધ અને ગણથી જેનો નિર્દેશ કર્યો હોય તથા જ્યાં एकाच् નું ગ્રહણ કર્યું હોય ત્યાં-આ પાંચ સ્થળે-યઙ્લુગન્તનું ગ્રહણ થતું નથી".

स्वरत्यर्तीति । 7-2-44, 7-8-77 જેવાં સૂત્રોમાં श्तिप् થી નિર્દેશ છે. भरज्ञपिसनाम् । 7-2-49 સૂત્રોમાં भर એવા શબ્દમાં शप्-न्तनું અનુકરણ કર્યું છે. એટલે કે शप् થી નિર્દેશ કર્યો છે शीङो रुट् । 7-1-6 સૂત્રમાં અનુબન્ધથી નિર્દેશ કર્યો છે. वनतितनोत्यादीनाम्० । 6-4-37 સૂત્રમાં ગણથી નિર્દેશ કર્યો છે. श्र्युकः किति । 7-2-11 એ સૂત્રમાં एकाच् ની અનુવૃત્તિ સ્વીકારીને इट् નો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. આથી તે एकाच् ગ્રહણનું ઉદાહરણ છે.

હવે આત્મનેપદાદિકનો श्तिप् થી નિર્દેશ છે, પરિણામે પ્રકૃતિના ગ્રહણથી યઙ્લુગન્તનું ગ્રહણ થતું નથી.

વ્યાડિ : (૬૦)

પુરુષોત્તમદેવે રજૂ કરેલી જ્ઞાપક ચર્ચાના મૂળ 'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થાય છે. આ જ્ઞાપક ભાષ્યોક્ત નથી.

---

૧. ષાષ્ઠ દ્વિર્વચનના વિષયમાં બે પક્ષ છે. તે બન્નેનું અહીં ક્રમશઃ નિરૂપણ છે.

સીરદેવ : (૬૮)

તેમણે પુરુષોત્તમદેવની ચર્ચાનો સર્વાંશે સ્વીકાર કર્યો છે.

નીલકંઠ : (૭૬)

તેઓ પરિભાષાનું પ્રયોજન આ પ્રમાણે વર્ણવે છે : आटिटत् । એ ઉદાહરણમાં णि લોપના નિવારણ માટે द्विवः प्रयोगो द्विवर्वचनं षाष्ठमिति । એવા સિદ્ધાંતને[૨] આધારે जुहुधि । વગેરેમાં દ્વિત્વ કર્યા પછી धित्व ની જેમ દ્વિત્વ કરેલા यङ्लुगन्त માં પણ પ્રકૃતિપ્રયુક્ત કાર્યસિદ્ધ થાય છે.

હરિભાસ્કર : (૭૦)

આ પરિભાષાના પ્રયોજનની ચર્ચા કરતાં હરિભાસ્કરે જણાવ્યું છે કે માધવાચાર્યના મતે जाग्रहीता । એવું રૂપ બને છે. આનો પ્રતિવાદ કરતાં ભટ્ટોજિ દીક્ષિતે કહ્યું છે કે एकाचो द्वे प्रथमस्य । 6-1-1 સૂત્રભાષ્યની વિરુદ્ધ આ મત છે.

બીજા મતાન્તરની નોંધ લેતાં હરિભાસ્કરે જણાવ્યું છે કે હરદત્તના મતે અહીં जाग्रहिता । એવું રૂપ બને છે.

હરિભાસ્કરે આ પરિભાષાની જ્ઞાપક-ચર્ચા પૂર્વાચાર્યોને અનુસરીને કરી છે.

નાગેશ : (૯૩.૯)

તેમણે આ પરિભાષાનું પ્રત્યાખ્યાન કર્યું છે. કારણ કે, આ પરિભાષા ભાષ્યમાં ક્યાંય જોવા મળતી નથી.

નાગેશ ભટ્ટે આ પરિભાષાને આ પ્રમાણે અવતારી છે : यङ्लुगन्त हन् ધાતુને आशीर्लिङ્માં हनो वध लिङि । 2-41-42 સૂત્રવિહિત वध આદેશ થશે નહિ. આ અનિષ્ટની નિવૃત્તિ કરવા માટે प्रकृतिग्रहणे यङ्लुगन्तस्यापि ग्रहणम् । એવી પરિભાષાને રજૂ કરવામાં આવે છે. પરિણામે પૂર્વોક્ત સંદર્ભમાં हनो वध लिङि । 2-4-42 સૂત્રની પ્રવૃત્તિ થશે.

આ પરિભાષાને ન્યાયસિદ્ધા બતાવવામાં આવે છે. અષ્ટાધ્યાયીના છઠ્ઠા અધ્યાયમાં एकाचो द्वे प्रथमस्य । 6-1-1 વગેરે સૂત્રોથી દ્વિર્વચન કાર્યનું વિધાન કરવામાં આવ્યું છે. દ્વિર્વચનમાં મૂળ ધાતુનો બે વાર પ્રયોગ કરવામાં આવે છે, એવો સિદ્ધાંત છે. તથા બે વાર ઉચ્ચારાયેલો અર્થાત્ સાભ્યાસ ધાતુ

---

૨. નાગેશના વ્યાખ્યાનમાં તે સ્પષ્ટ થશે.

મૂળ ધાતુ જ છે, એવા ન્યાય ઉપર આ પરિભાષા આધારિત છે. બીજા શબ્દોમાં કહીએ તો અહીં દ્વિર્વચન થયા પછી પ્રયોગદ્વય રૂપ સમુદાય (સાભ્યાસ ધાતુ)માં પ્રકૃતિ રૂપત્વનો બોધ થાય છે, એવા ન્યાય ઉપર આ પરિભાષા આધારિત છે. પરિણામે જુહુધિ। એ ઉદાહરણમાં ઋલૌ । 6-1-17 સૂત્રથી ધાતુનું દ્વિત્વ કર્યા પછી હુઝલભ્યો હેર્ધિઃ। 6-4-101 સૂત્રવિહિત ધિત્વ ની સિદ્ધિ થાય છે.

આ પ્રમાણે, પૂર્વાચાર્યોને અનુસરીને નાગેશે પ્રથમ આ પરિભાષાની સિદ્ધિ અને પ્રયોજન-ચર્ચા કરી છે. પરંતુ ત્યાર પછી જણાવે છે કે આ પરિભાષા ભાષ્યમાં જોવા મળતી નથી, તેથી અસ્વીકાર્ય છે.

ઉપર મુજબ કેટલાકે આ પરિભાષાને ન્યાયસિદ્ધા વર્ણવી છે. પરંતુ નાગેશ એમાં દોષ બતાવતાં જણાવે છે કે છઠ્ઠા અધ્યાયમાં કહેલાં પૂર્વોક્ત દ્વિર્વચનસિદ્ધાંત ઉપરથી અભ્યાસ અને ધાતુ એ બન્ને પૈકી પ્રત્યેકમાં મૂળ ધાતુ (ત્વ) છે, એમ માનવામાં આવે છે તથાપિ અભ્યાસ અને ધાતુ એ બન્નેયના સમુદાયમાં મૂળ ધાતુ (ત્વ) છે, એમ માનવામાં કશું પ્રમાણ નથી. પરિણામે યઙ્લુગન્ત હન્ ધાતુને આશીર્લિઙ્માં હનો વધ લિંઙિ। 2-4-42 સૂત્રોક્ત વધ આદેશ થવો જોઈએ નહીં, એમ કહેવું જ સંગત છે. વિશેષમાં નાગેશ પોતાની દલીલનું સમર્થન કરતાં કહે છે કે દયતેર્દિગિ લિટિ। 7-4-9 સૂત્ર ભાષ્યમાં દ્વિર્વચન કરનારું સૂત્ર પરસૂત્ર હોવાથી અસ્ ધાતુનું પ્રથમ દ્વિર્વચન થશે. ત્યાર પછી ઉત્તરખંડમાં અસ્તેર્ભૂઃ। 2-4-52 થી ભૂ ભાવ કરશો ત્યારે પૂર્વ ખંડમાં રહેલાં અસ્ નું શ્રવણ થશે, એવી ભાષ્યકારે આશંકા કરી છે અને વિષય સપ્તમીનું[3] આશ્રયણ કરીને તેનો પરિહાર કર્યો છે. હવે જો પૂર્વાચાર્યોના કહેવા મુજબ (સાભ્યાસ) સમુદાયમાં ધાતુત્વ રહે છે, એમ સ્વીકારીએ તો ભાષ્યોક્ત આશંકા અસંગત બની જાય છે. કેમકે અસ્ અસ્ એવા સમુદાયને ભૂ ભાવ થયાં પૂર્વશ્રવણની આપત્તિ જ પ્રાપ્ત થવાની નથી. આથી, નાગેશનું માનવું છે કે સાભ્યાસ ધાતુ સમુદાયમાંથી કેવળ ઉત્તરખંડમાં જ ધાતુત્વ રહે છે.

અહીં કોઈ શંકાકાર શંકા કરે છે. જેમકે, આ પરિભાષા ભાષ્યમાં જોવા મળતી નથી. તે વાત સાચી. તથાપિ તે ક્યાંય ધ્વનિત પણ થતી નથી એમ

---

૩. અસ્તેર્ભૂઃ। 2-4-52 એ સૂત્ર આર્ધધાતુકે। 2-4-35 ના અધિકારમાં આવે છે. તથા આર્ધધાતુકે એ પદમાં નિમિત્તસપ્તમી નથી, પરંતુ વિષયસપ્તમી છે. પરિણામે આર્ધધાતુક સંજ્ઞક લિટ્ લાવવાના પ્રસંગે પહેલા અસ્ ને સ્થાને ભૂ આદેશ કરવો અને ત્યાર પછી લિટ્ ને લાવીને દ્વિર્વચન કરવું.

નહીં કહી શકાય. કારણ કે दाघर्तिदर्घर्ति० । 7-4-65 સૂત્રભાષ્યમાં ચર્ચા-દરમ્યાન ભાષ્યકારે भूसुवोः तिङि । 7-3-88 સૂત્રસ્થ भू ધાતુથી યડ્લુગન્ત ધાતુનું ગ્રહણ કર્યું છે.[૪] આ શંકાનું સમાધાન કરતાં નાગેશ જણાવે છે કે भू અને सु ધાતુ છે) અંતમાં જે અંગની તેવા અંગથી પરમાં સાર્વધાતુક તિङ્ પ્રત્યય રહે ત્યારે તે અંગને ગુણ થતો નથી, એવો भूसुवोस्तिङि । 7-3-81 સૂત્રનો અર્થ સ્વીકારીને ઉપર્યુક્ત ભાષ્યચર્ચા પ્રસ્તુત થઈ છે. અર્થાત્ તે સૂત્ર ધાતુના યડ્લુગન્ત રૂપોને પણ લાગુ પાડનાર બને છે, તે સન્દર્ભમાં પ્રકૃત પરિભાષા ત્યાં ધ્વનિત થઈ છે, એમ નહીં કહી શકાય.

આમ, સાભ્યાસધાતુ સમુદાયમાં ધાતુત્વ રહેતું નથી તેમ સિદ્ધ થાય છે. પરિણામે યડ્લુગન્ત हन् ધાતુનું आशीर्लिङ् માં वध्यात् । એવું રૂપ થાય છે, એમ માધવાદિનું કહેવું છે, તે ચિંત્ય છે. સાભ્યાસ ધાતુના ઉત્તરખંડમાં જ ધાતુત્વ રહે છે એ સિદ્ધાંત અનુસાર जङ्घन्यात् । એવું જ રૂપ થવું જોઈએ. આ વિષેની ચર્ચા નાગેશે અન્યત્ર કરી છે.

ઉપસંહાર :

પરિભાષાસૂચનકારના સમયથી આ પરિભાષા પ્રચલિત બની હોય તેમ જણાય છે. પરંતુ ભાષ્યકારે તેનો ક્યાંય નિર્દેશ કર્યો નથી.

યડ્લુગન્તમાં विदो लटो वा । 3-4-83 જેવાં સૂત્રોની અતિદેશથી પ્રવૃત્તિ કરાવવા માટે આ પરિભાષા રજૂ થઈ છે. તથા श्तिप्, शप्, અનુબન્ધ, ગણ-

---

૪. दाघर्तिदर्घर्ति० । 7-4-65 સૂત્રમાં वोभतु । એવા રૂપનું નિપાતન કર્યું છે. ભાષ્યકાર જણાવે છે કે તેનું નિપાતન કરવાની જરૂર નથી. કારણ કે भूसुवोस्तिङि । 7-3-88 સૂત્રથી भू ધાતુને ગુણનિષેધ કહેવામાં આવ્યો છે, તેનાથી જ वोभूतु । એવા રૂપની સિદ્ધિ થશે. તથાપિ પાણિનિએ આ રૂપને નિપાતનથી સિદ્ધ કર્યું છે, તેથી જ્ઞાપિત થાય છે કે આ રૂપ નિયમાર્થ છે. જેમકે, भूसुवोस्तिङि । 7-3-88 સૂત્રોક્ત ગુણનિષેધ કેવળ વેદમાં वोभूतु । એવા રૂપને જ લાગુ પડે છે. અને તે ગુણનિષેધ તે ધાતુના યડ્લુગન્ત બીજા કોઈ પણ રૂપને વેદમાં લાગુ પડતો નથી. તથા લૌકિક પ્રયોગમાં તો તદ્દન લાગુ પડતો નથી.

बोभूत्विति किं निपात्यते । भवतेर्यङ्लुगन्तस्यागुणत्वं निपात्यते । नैतदस्ति प्रयोजनम् । सिद्धमत्रागुणत्वं भूसुवोस्तिङि इति एवं तर्हि नियमार्थं भविष्यति ॥

નિર્દેશ અને એકાચ્ ગ્રહણપૂર્વકનાં કાર્યો યઙ્લુગન્તમાં થતાં નથી, એવો સંકોચ પણ અહીં રજૂ કરવામાં આવ્યો છે.

તમામ વૃત્તિ-ગ્રન્થોએ અને પરિભાષાવૃત્તિકારોએ આ પરિભાષા અને તેનો સંકોચ સ્વીકાર્યા છે. તથાપિ નાગેશ ભટ્ટે આ પરિભાષા ભાષ્યમાં નહીં મળતી હોવાથી તેનું પ્રત્યાખ્યાન કર્યું છે.

પુરુષોત્તમદેવે રજૂ કરેલી આ પરિભાષાની ચર્ચા સીરદેવાદિએ સ્વીકારી છે. નાગેશ ભટ્ટ આ પરિભાષાની પ્રાથમિક સમજૂતી અને તેના ન્યાયનું ખંડન કરવા માટે નીલકંઠની ચર્ચાને સમ્મુખ રાખી હોય તેમ જણાય છે.

प्रकृतिग्रहणे ण्यधिकस्यापि ग्रहणम् ॥ ७३ ॥

(પ્રકૃતિનું ગ્રહણ કરીને કોઈ કાર્યનું વિધાન કર્યું હોય તો તે કાર્ય ણ્યધિક અર્થાત્ ણિજન્ત ને પણ થાય છે.)

આથી,[1] निषावयति । परिषावयति । ઇત્યાદિ રૂપોમાં उपसर्गात्सुनोति० । 8-3-65 સૂત્રથી ષત્વ થાય છે. તથા "न भाभूपूकमिगमिप्यायीवेपाम् । 8-4-34 સૂત્ર ઉપર प्रभापनम् । અને परिभापनम् । જેવા શબ્દોની સિદ્ધિ માટે "ण्यन्तानां भादीनामुपसंख्यानम् कर्तव्यम् । 8-4-34, वा-2 એવું વાર્તિક કરવાની જરૂર રહેતી નથી.

हेरचङि । 7-3-56 સૂત્રસ્થ अचङि એવો પ્રતિષેધ અહીં જ્ઞાપક છે. જેમકે, કેવળ हिनोति । (हि) ને चङ् નું વિધાન કરવામાં આવ્યું નથી. (પરંતુ આ પરિભાષા મુજબ ણિજન્ત हि ધાતુને પણ चङ્નું વિધાન કર્યું છે. આથી अचङि એવો પ્રતિષેધ ચરિતાર્થ થાય છે. અન્યથા અહીં અભ્યાસ નિમિત્તક (सन्) પ્રત્યય પરમાં રહેતાં हिनोति । ના અંગને कुत्व નું વિધાન કરવામાં આવ્યું છે. એવે પ્રસંગે જો પ્રકૃતિનાં ગ્રહણથી ણ્યધિક નું પણ ગ્રહણ ન થતું હોત તો ણ્યધિક (ણિજન્ત) અંગને चङ् પરમાં રહેતાં कुत्व ની પ્રાપ્તિ જ થવાની નથી. એવી પરિસ્થિતિમાં अचङि એવો નિષેધ કરવાની કોઈ જરૂર ન હતી.

વ્યાડિ : (૭૦)

'પરિભાષાસૂચન' માં આ પરિભાષાનો પાઠ ણ્યધિકસ્યાપિ ને બદલે णिजन्यस्यापि એવો મળે છે. हेरचङि । 7-3-56 સૂત્રસ્થ अचङि પદને જ અહીં જ્ઞાપક રૂપે વર્ણવાયું છે. એ સિવાય બીજી કોઈ વિશેષ નોંધ નથી.

---

૧. આ પરિભાષા સ્વીકારવાથી અથવા હોવાથી.

સીરદેવ : (૯૮)

તેમણે પુરુષોત્તમદેવે રજૂ કરેલાં પ્રયોજનની અન્યથા સિદ્ધિ દર્શાવી છે. જેમકે, સુનોતિ । ની પ્રત્યે જ ક્રિયાનો યોગ છે, પણ સાવયતિ । ની પ્રત્યે નથી. પરિણામે અભિષાવયતિ । અને પરિષવયતિ । જેવાં રૂપોમાં उपसर्गात्सुनोति० । 8–3–65 સૂત્રથી ષત્વ થશે જ. અર્થાત્ આ સંદર્ભમાં ષત્વ કરવા માટે આ પરિભાષાની પ્રવૃત્તિ જરૂરી નથી.

વિશેષમાં, સીરદેવે જણાવ્યું છે કે આ પરિભાષા અનિત્ય છે. न भाभू० । 8–4–34 સૂત્ર ઉપર ण्यन्तानां भादीनामुपसंख्यानम् । એવું વાર્તિક રજૂ કરવામાં આવ્યું છે. તેનાથી આ અનિત્યત્વ જ્ઞાપિત થાય છે. આ અનિત્યત્વને કારણે अर्हः 3–2–12 સૂત્રમાં ण्यन्त अर्हति । ધાતુનું ગ્રહણ થાય છે, એમ રક્ષિતે જણાવ્યું છે.

નીલકંઠ : (૮૫)

તેમણે આ પરિભાષાની પ્રવૃત્તિના સંદર્ભમાં જણાવ્યું છે કે આ પરિભાષા માત્ર કુત્વ વિષયા છે.

હરિભાસ્કર : (૯૩)

તેમણે સીરદેવનું ખંડન કરતાં જણાવ્યું છે કે આ પરિભાષા અનિત્ય નથી. કારણ કે 'આકર'માં આ પરિભાષાને માત્ર કુત્વ વિષયા કહી છે. તેથી તેના અતિપ્રસંગની શંકા કરવી ઉચિત નથી.

નાગેશ : (૯૧)

તેઓએ કોઈ વિશેષ નોંધ આપી નથી. પૂર્વાચાર્યોની ચર્ચામાંથી આ પરિભાષાનું જ્ઞાપક અને પ્રવૃત્તિવિષયક ચર્ચા યથાવત્ રજૂ કરી છે.

ઉપસંહાર :

આ પરિભાષાનું જે જ્ઞાપક 'પરિભાષાસૂચન' અને ભાષ્યમાં રજૂ થયું છે, તેનું તે જ સૌ પરિભાષાવૃત્તિકારોએ સ્વીકાર્યું છે. સૌ પ્રથમ નીલકંઠે આ પરિભાષાનો પ્રવૃત્તિવિષય સ્પષ્ટ કર્યો અને તેની મદદથી હરિભાસ્કરે આ પરિભાષાના અનિત્યત્વનો અસ્વીકાર જાહેર કર્યો.

वार्णादाङ्गं बलीयः ॥ ७४ ॥

(વર્ણાશ્રિત કાર્યોની અપેક્ષાએ અંગાધિકારીય કાર્ય બળવાન હોય છે.)

વર્ણકાર્યોની અપેક્ષાએ અંગકાર્ય બળવાન બનીને પ્રવર્તે છે. જેમકે, भवति ।[1] આ ઉદાહરણમાં યણ્ । આદેશની[2] અપેક્ષાએ બળવાન એવો ગુણ[3] થાય છે.

જ્યાં વર્ણકાર્ય અને અંગકાર્યનું એક જ નિમિત્ત હોય ત્યાં આ પરિભાષાનો પ્રવૃત્તિ-વિષય રહે છે. જેમકે, इयाय ।[4] આ રૂપમાં વૃદ્ધિ[3] અને યણ્ આદેશનું[2] अ કાર નિમિત્ત છે. જ્યાં તે બે કાર્યો જુદા જુદા નિમિત્તને આશ્રયે રહેલા હોય ત્યાં અંતરંગ પરિભાષા વડે જ વ્યવસ્થા કરવાની રહે છે. પરિણામે सिव् ધાતુથી औणादिक न પ્રત્યય કરતાં स्योनः । રૂપ બને છે. અહીં सि ऊ न । આ સ્થિતિમાં લઘુપધગુણ[3] ની અપેક્ષાએ પણ યણ્ આદેશ[2]ની પ્રવૃત્તિ થઈ છે.

दाश्वान् साह्वान् मीढ्वांश्च । 6-1-12 સૂત્ર ઉપર ભાષ્યકારે આ પરિભાષા જ્ઞાપિત કરી છે. अभ्यासस्यासवर्णे । 6-4-78 એ સૂત્રમાં असवर्ण ગ્રહણ કર્યું છે. 'વર્ણકાર્યની અપેક્ષાએ અંગકાર્ય બળવાન' હોવાથી इयाय ।[5] અને उवोष વગેરેમાં વૃદ્ધિ અને ગુણ કર્યા પછી असवर्णपरક અભ્યાસ મળે છે, ત્યારે જ असवर्ण ગ્રહણ સાર્થક બની રહે છે. અન્યથા, ગુણ અને વૃદ્ધિ બહિરંગ હોવાથી પહેલાં થશે જ નહીં, તેવી સ્થિતિમાં असवर्ण ગ્રહણ નિર્વિષય બની જશે. જો કોઈ એમ કહે કે આ असवर्ण ગ્રહણ इयृयात् । વગેરે અન્ય પ્રયોજનો અર્થે છે. તો "ऋધાતુના અભ્યાસને જ (इयङ्) થાય છે" એમ કહ્યું હોત. (અને બીજું) "આચાર્ય કોઈ એક પ્રયોજનને (ઉદાહરણને) માટે તો સૂત્ર બનાવતાં નથી."

---

૧. भू+अ+ति ।<વર્ણાશ્રિત યણ્ આદેશ : इको यणचि । 6-1-77 અંગાધિકારીય ગુણ : सार्वधातुकार्धधातुकयोः 7-3-84

૨. વર્ણાશ્રિત કાર્ય.

૩. અંગાધિકારીય કાર્ય.

૪. इ+इ+अ । (णल्)<વર્ણાશ્રિત યણ્ આદેશનું નિમિત્ત अકાર; અને અંગાધિકારીય વૃદ્ધિ अचो ञ्णिति । 7-2-115નું નિમિત્ત અકાર.

૫. इ+आय्+अ । વૃદ્ધિ કર્યા પછી અભ્યાસને असवर्ण अच् પરમાં મળે છે. પરિણામે अभ्यासस्यासवर्णे । 6-4-78 થી इयङ् થઈને इयाय । રૂપની સિદ્ધિ થાય છે. તે જ પ્રમાણે उवोष ॥

(એવું ભાષ્યકારનું વચન છે.) ત્યારે આ પ્રમાણે કહેવામાં આવ્યું કે वार्णादाङ्गं बलीयः । તેવી પરિભાષાનું આ ગ્રહણ જ્ઞાપક છે.

આ પરિભાષા સમાનાશ્રયમાં પ્રવર્તે છે, વ્યાશ્રયમાં[૬] નહીં. च्छ्वोः शूडनुनासिके च । 6-4-19 સૂત્રમાં તુક્ આગમ સહિત છ કારનું ઉપાદાન કર્યું છે, તે આ અર્થમાં જ્ઞાપક છે. જો वार्णादाङ्गं बलीयः । પરિભાષા વ્યાશ્રયમાં પણ પ્રવર્તતી હોત તો વર્ણાશ્રિત તુક્નો બાધ કરીને विश्नः । વગેરે રૂપોમાં અનુનાસિક (નકાર) નિમિત્તક અંગને અર્થાત્ છ કારને શ કાર થઈ શકત. અને શ કાર કર્યા પછી નિમિત્તનો અભાવ હોવાથી[૭] અને સ્થાનિવદ્ભાવના અભાવથી છ કારનું અનાશ્રયણ રહેવાથી તુક્ની પ્રાપ્તિ જ નથી. તેવી સ્થિતિમાં તુક્ આગમ સહિતનાં છ કારનું સૂત્રમાં શા માટે ઉપાદાન કર્યું છે ? તુક્ આગમ સહિતના છ કારનું ઉપાદાન ઉક્તાર્થનું જ્ઞાપક બને છે.

सार्वधातुकमपित् । 1-2-4 સૂત્ર ઉપર તો ન્યાસકારે વ્યાશ્રયમાં પણ આ પરિભાષાનો સ્વીકાર કર્યો છે. જેમકે, ત્યાં કહ્યું : 'च्यवन्ते । प्लवन्ते ।' આ ઉદાહરણોમાં वार्णादाङ्गं बलीयः । પરિભાષા વડે એકાદેશની અપેક્ષાએ પૂર્વે ગુણ પ્રવર્તે છે. ક્વચિત્ વ્યાશ્રયમાં પણ આ પરિભાષાની પ્રવૃત્તિ થાય છે.' આ અર્થમાં, यजयाचयतविच्छप्रच्छरक्षो नङ् । 3-3-90 સૂત્રોક્ત નડ'ને ગુણનો પ્રતિષેધ કરવા માટે ડિત્ કરણ કર્યું છે, તે જ્ઞાપક છે. અન્યથા, विच्छ ને અંતરંગત્વને કારણે છ કાર નિમિત્તક તુક્ આગમ કર્યા પછી બાહ્ય સાર્વધાતુક પ્રત્યયને આશ્રયે રહેલા ગુણની પ્રાપ્તિનો પ્રસંગ જ ક્યાં હતો ? વળી, તે પ્રચ્છિ ધાતુને સંપ્રસારણ કરવા માટે પણ નથી. કારણ કે प्रश्ने चासन्नकाले । 3-2-117 તેવા સૂત્રમાં સંપ્રસારણ વિનાના प्रश्न શબ્દને વાપર્યો છે, તે નિર્દેશ સૂચક છે.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૬૬)

તેમણે પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચાનો સર્વાંશે સ્વીકાર કર્યો છે. વિશેષમાં, પ્રકૃત પરિભાષાના જ્ઞાપકથી 'यो ह्यनादिष्टादचः पूर्वस्तस्य विधिं प्रति स्थानिवत् ।' તેવી પરિભાષા પણ જ્ઞાપિત થાય છે, તેની ચર્ચા કરી છે.

---

૬. જુદા જુદા નિમિત્તોને વ્યાશ્રય કહે છે.

૭. छे च । 6-1-73 સૂત્રવિહિત તુક્ આગમનું છ કાર નિમિત્ત છે.

નીલકંઠ : (૬૦)

પુરુષોત્તમદેવની જેમ નીલકંઠે પણ આ પરિભાષાને સમાનાશ્રયમાં જ પ્રવૃત્ત થતી માની છે. પરંતુ च्छ्वोः शूडनुनासिके च । 6-4-19 સૂત્રસ્થ तुक् ગ્રહણથી પુરુષોત્તમદેવે કાશિકાકારને આધારે જણાવ્યું છે કે આ પરિભાષા વ્યાશ્રયમાં અપ્રવૃત્ત રહે છે. જ્યારે નીલકંઠે આ तुक् ગ્રહણથી પ્રસ્તુત પરિભાષાને અનિત્ય જાહેર કરી છે. આ અનિત્યત્વ જ્ઞાપનની ચર્ચા કૈયટે અને કૌસ્તુભકારને પ્રમાણ માનીને કરી છે.

હરિભાસ્કર : (૬૮)

તેમણે આ પરિભાષા વ્યાશ્રયમાં પણ પ્રવૃત્ત થાય છે કે નહીં, તેની 'ન્યાસ', 'પ્રદીપ', 'વિવરણ' વગેરે ગ્રન્થોમાં ઉપલબ્ધ થતી ચર્ચાને રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. વિશેષ, નોંધનીય કોઈ મતાન્તરની ચર્ચા કરી નથી.

નાગેશ : (૫૫)

'પરિભાષેન્દુશેખર'માં આ પરિભાષાની જ્ઞાપક-ચર્ચા વિસ્તારથી અને નાગેશ ભટ્ટના પોતાના વિશેષ અભિપ્રાયની સાથે રજૂ કરવામાં આવી છે.

પ્રસ્તુત પરિભાષામાં अभ्यासस्यासवर्णे । 6-4-78 (સૂત્રસ્થ असवर्ण ગ્રહણ જ્ઞાપક છે. આ જ્ઞાપકના સન્દર્ભમાં વિવિધ પ્રકારની શંકાઓ ઊભી કરવામાં આવે છે. જેમકે,

૧. इयेष । इयाय વગેરે રૂપોની સિદ્ધિને અર્થે આ असवर्ण ગ્રહણ ચરિતાર્થ છે. માટે પ્રકૃતાર્થમાં તે જ્ઞાપક બની શકશે નહીં. પરંતુ નાગેશ જણાવે છે કે આવી શંકા ઉચિત નથી. કારણ કે આ બન્ને રૂપોમાં द्विर्वचनेऽचि । 1-1-59 સૂત્રને રૂપાતિદેશ લેતાં પૂર્વ પ્રવૃત્ત ગુણ અને વૃદ્ધિનો અપહાર (નાશ) પ્રાપ્ત થાય છે. ત્યાર પછી દ્વિત્વ કરતાં પુનઃ પ્રાપ્ત થયેલા ગુણ અને વૃદ્ધિનો બાધ કરીને અંતરંગત્વને કારણે સવર્ણદીર્ઘની આપત્તિ રહેશે જ.

૨. ऋ ધાતુમાંથી इयर्ति એવું રૂપ સિદ્ધ કરવાને અર્થે ઉક્ત સૂત્ર ચરિતાર્થ છે, એમ પણ નહીં કહી શકાય. કારણ કે જો એટલું જ પ્રયોજન હોત તો उः । એવું જ સૂત્ર બનાવ્યું હોત, જેમાં य्वोः । ની અનુવૃત્તિ આવે છે. વળી, इणो यण् । 6-4-81 સૂત્રનું સાહચર્ય છે અને ભાષ્યવ્યાખ્યાન પણ છે. પરિણામે ऋ ધાતુને જ इयङ् સિદ્ધ રહેત. એવી સ્થિતિમાં ઉક્ત સૂત્ર બનાવવાની કોઈ જરૂર ન હતી.

૩. આ જ પ્રમાણે ए, ओ, ऐ શબ્દોથી (પરમાં) આચાર क्विप् કર્યા પછી लिट् કરીશું ત્યારે इयङ् આદેશ અર્થે अभ्यासस्यासवर्णे । 6-4-78 સૂત્રની આવશ્યકતા છે, ओणृ अपनयने ધાતુને ण्वुलन्त કર્યા પછી ઇચ્છાર્થે क्यच् કરીને सन् વગેરેથી उवोणकीयिषति । એવા રૂપને અર્થે ઉક્ત સૂત્રની આવશ્યકતા છે, તેવો પૂર્વપક્ષ પણ નહીં કરવો જોઈએ. કારણ કે છઠ્ઠા અધ્યાયના પ્રથમાહ્નિકમાં दाश्वान् साह्वान् मीढ्वांश्च । 6-1-12 સૂત્ર ભાષ્યમાં ए, ऐ, ओ, औ વગેરે क्विबन्त નામધાતુઓનું અભિધાન કર્યું નથી. અને દ્વિતીય एकाच् નું જ દ્વિર્વચન થાય છે માટે उवोणकीयिषति । એવું રૂપ જ સિદ્ધ થઈ શકતું નથી.

આટલી સ્પષ્ટતા કર્યા પછી નાગેશે પ્રસ્તુત જ્ઞાપકના સન્દર્ભમાં પોતાનો અભિપ્રાય જણાવતાં કહ્યું છે કે अभ्यासस्यासवर्णे । 6-4-78 સૂત્રસ્થ असवर्ण ગ્રહણ જ કેવળ પ્રકૃતાર્થમાં જ્ઞાપક નથી. પરંતુ સંપૂર્ણ સૂત્ર જ જ્ઞાપક છે. જો કે ભાષ્યમાં यदयमभ्यासस्यासवर्णे इत्यसवर्ण ग्रहणं करोति.....। તેમ જણાવીને असवर्ण ગ્રહણની જ્ઞાપકતા વર્ણવી છે. તો પણ न ह्यन्तरेण गुणवृद्धी असवर्णपराभ्यासो भवतीति । તેવું વ્યાખ્યાન કર્યું છે. તેના ઉપરથી સંપૂર્ણ સૂત્રની જ્ઞાપકતા સિદ્ધ થાય છે. વળી, આગળ ઉપર नैतदस्ति ज्ञापकं, अत्यर्थमेतत्स्यात् । એવી શંકા કરીને સમગ્ર સૂત્રનું સાર્થક્ય જ દર્શાવ્યું છે. તેના ઉપરથી પણ જણાય છે કે પ્રકૃતાર્થમાં સંપૂર્ણ સૂત્ર જ્ઞાપક છે.

અહીં પૂર્વપક્ષે જણાવ્યું છે કે इयेष વગેરે રૂપોમાં अकृतव्यूहाः पाणिनीयाः । પરિભાષા વડે સવર્ણદીર્ઘની અપ્રાપ્તિ રહે છે. કેમકે ગુણ થશે તો અંતરંગ દીર્ઘ કાર્યના નિમિત્તનો નાશ થશે તેવી સંભાવના છે. અને તેવી સ્થિતિમાં ઉક્ત સૂત્રની આવશ્યકતા છે. તેને પ્રકૃતાર્થમાં જ્ઞાપક નહીં બનાવી શકાય. નાગેશે આ પૂર્વપક્ષને સ્વીકાર્યો નથી. કારણ કે अकृतव्यूहाः पाणिनीयाः । જેવી કોઈ પરિભાષા જ નથી એમ એમનું માનવું છે.

પુરુષોત્તમદેવે આ પરિભાષાને સમાનાશ્રય સમાન નિમિત્તાશ્રિત કાર્યોમાં-પ્રવૃત્ત થતી વર્ણવી છે. અને નાગેશે 'સમાન કાર્યિન્'માં પરિભાષાની પ્રવૃત્તિ નિર્દેશી છે. આ મતભેદ નોંધનીય છે. આ સંદર્ભમાં નાગેશે જણાવ્યું છે કે વાર્ણકાર્ય અને અંગકાર્યના નિમિત્ત એક જ હોય તેવા સ્થળે જ પરિભાષાની પ્રવૃત્તિ થાય છે તેમ ન કહેવું જોઈએ. કારણ કે તેવું માનવાથી આ પરિભાષા જ્ઞાપિત કરવા છતાંય इयाय इयेष વગેરે રૂપોની અસિદ્ધિ જ રહેશે. અને अभ्यासस्यासवर्णे । 6-4-78 સૂત્ર વ્યર્થ જશે.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. પુરુષોત્તમદેવે પ્રથમવાર આ પરિભાષાને રજૂ કરી છે અને ભાષ્યમાંથી વિગતો લઈને તેની ચર્ચા કરી છે. આ પરિભાષાની સમાનાશ્રયમાં પ્રવૃત્તિ થાય છે કે વ્યાશ્રયમાં, તદ્વિષયક મતાન્તરો 'કાશિકા' અને 'ન્યાસ'માંથી રજૂ થયા છે.

च्छ्वोः शूडनुनासिके च । 6-4-99 સૂત્રસ્થ તુક્ ગ્રહણથી ન્યાસકારે વ્યાશ્રયમાં પણ પ્રકૃત પરિભાષાની પ્રવૃત્તિ માની છે. પણ નીલકંઠે આ જ નિર્દેશમાંથી પ્રકૃત પરિભાષાને અનિત્યત્વનું બોધન થાય છે, તેમ જણાવ્યું છે.

નાગેશે આ પરિભાષાની વિશેષતા, જ્ઞાપક અને પ્રયોજનની ચર્ચા વિસ્તારથી કરી છે અને अभ्यासस्यासवर्णे । 6-4-78 એવા સંપૂર્ણ સૂત્રને જ પ્રકૃતાર્થમાં જ્ઞાપક માન્યું છે. વિશેષમાં પુરુષોત્તમદેવાદિ પૂર્વાચાર્યોએ 'સમાનાશ્રય'માં આ પરિભાષાની પ્રવૃત્તિ માની હતી, તે મતનું ખંડન કર્યું છે. નાગેશના અભિપ્રાય મુજબ 'સમાન કાર્યિત્વ'માં આ પરિભાષા પ્રવૃત્ત થાય છે.

यस्मिन् विधिस्तदादावल्ग्रहणे ॥ ७५ ॥

(જ્યારે અલ્ ગ્રહણ સપ્તમી નિર્દેશથી કરવામાં આવ્યું હોય ત્યારે તે વિધિ તદાદિમાં-તે અલ્ છે આદિમાં જેને તેને-થાય છે.)

येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપર (ના ભાષ્યમાં) તદન્તવિધિના અપવાદ રૂપે આ તદાદિ વિધિનું ઉપસંખ્યાન કરવામાં આવ્યું છે. यस्मिन् ० ।[1] વગેરેનો અર્થ આ પ્રમાણે થાય છે: જ્યાં સપ્તમીનિર્દેશપૂર્વક અલ્ ગ્રહણ કર્યું હોય ત્યાં તદાદિ સમુદાયમાં કાર્ય થાય છે.

આથી, अचि श्नुधातु० । 6-4-77 સૂત્ર વિહિત इयङ्-उवङ् આદેશો અજાદિ પ્રત્યય પરમાં રહે ત્યારે થાય છે. જેમકે, लुलुवतुः । परंतु श्रियौ । भुवौ । જેવાં રૂપોમાં અજાદિ પ્રત્યય પરમાં નથી, તેથી ત્યાં વ્યપદેશિવદ્ભાવથી इयङ्-उवङ् આદેશો થાય છે.

गुणोऽपृक्ते । 7-3-91 સૂત્ર ઉપરની કાશિકાવૃત્તિમાં વામને અપૃક્ત ગ્રહણથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે. એવું વ્યાખ્યાન કર્યું છે. ત્યાં કહ્યું છે:-- उतो वृद्धिर्लुसि हलि । 7-3-89 સૂત્રમાંથી हलि એવાં પદની અનુવૃત્તિ આવે

---

૧. यस्मिन् એવા પદનો અર્થ 'સપ્તમી-નિર્દેશમાં' એવો થઈ શકે. કારણ કે यस्मिन् એવું પદ સપ્તમીનું અનુકરણ છે.

છે. તેવી સ્થિતિમાં અપૃક્ત ગ્રહણ કરવાની શી જરૂર હતી? આ અપૃક્ત ગ્રહણ જ્ઞાપિત કરે છે કે यस्मिन् विधिस्तदादावल्ग्रहणे। એવી પરિભાષા છે. આ 'हलि' એવા પદની અનુવૃત્તિ આવતાં हलादौ એવો સૂત્રાર્થ થશે. અર્થાત્ હલાદિ પ્રત્યય પરમાં રહેતાં ગુણ થાય છે. પરંતુ અપૃક્ત ગ્રહણ કર્યું છે. તેના સામર્થ્યથી વર્ણમાત્રમાં ગુણ થાય છે. જેમકે प्रौर्णोत्।

વ્યાડિ : (–)

આ પરિભાષા 'પરિભાષાસૂચન' માં મળતી નથી.

સીરદેવ : (૧૨)

તેમણે પુરુષોત્તમદેવની ચર્ચાનો સ્વીકાર કર્યો છે.

નીલકંઠ : (૧૭)

તેમણે આ પરિભાષાના અર્થ, પ્રમાણ અને પ્રયોજન વિષયક ચર્ચા સ્વતંત્રપણે કરી છે :

જ્યાં સપ્તમ્યન્ત પદથી વિધિ કરવામાં આવે ત્યાં વિશેષણ તદાદિની સંજ્ઞા થાય છે. અર્થાત્ વિશેષણ તદન્તની સંજ્ઞા થતી નથી. આથી આ પરિભાષા તદન્ત-વિધિનો અપવાદ છે.

આ પરિભાષા સ્વતંત્ર વાચનિકી છે. येन विधिस्तदन्तस्य। 1–1–72 સૂત્ર ઉપરના ભાષ્યમાં આ વાર્તિક સ્વરૂપે પઠિત છે.

આવી પરિભાષા હોવાથી वान्तो यि प्रत्यये। 6–1–79 સૂત્રનો "य કારાદિ પ્રત્યય પરમાં હોય ત્યારે–" એવા અર્થનો લાભ થાય છે. પરિણામે गव्यम्। ઇત્યાદિ રૂપોની સિદ્ધિ થાય છે.

હરિભાસ્કર : (૧૨)

તેમણે આ પરિભાષાનું એક પ્રયોજન આ પ્રમાણે આપ્યું છે : "अतो दीर्घो यञि। 7–2–101 સૂત્રમાં આ પરિભાષાની મદદથી "यञादित्व નો લાભ થાય છે.', ત્યાર પછી તેમણે આ પ્રયોજનના સંદર્ભમાં અન્ય શંકાઓ ઉપસ્થિત કરીને સુદીર્ઘ ચર્ચા કરી છે. જે પ્રસ્તુત પરિભાષાને પ્રત્યક્ષ પણે ઉપયોગી નથી.

આ પરિભાષાના સંદર્ભમાં તેમણે બીજા બે મુદ્દાઓની નોંધ લીધી છે. જેમકે, इको यणचि। 6–1–77 સૂત્રમાં अचि એ પદ વિશેષણ નહીં હોવાથી ત્યાં તદાદિ વિધિ થતી નથી. તથા न भूसुधियो :। 6–4–85 એવા સૂત્રમાંનો इयङ् આદેશ પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક છે, એવો કેટલાકનો મત છે.

નાગેશ : (33)

તેઓ આ પરિભાષાની પ્રવૃત્તિનું નિમિત્ત સ્પષ્ટ કરતાં જણાવે છે કે જે સૂત્રમાં સ્વરૂપથી સપ્તમીનું ગ્રહણ કર્યું હોય ત્યાં આ પરિભાષા પ્રવૃત્ત થાય છે. અર્થાત્ અર્થતઃ સપ્તમી ભિન્ન હોય તો પણ સ્વરૂપથી સત્સપ્તમી હોય ત્યાં પણ આ પરિભાષા પ્રવૃત્ત થાય છે. માટે નેડ્વશિ કૃતિ । 7-2-8 સૂત્રમાં 'વશાદે : કૃત : એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

વિશેષમાં નાગેશ ભટ્ટ જણાવે છે કે જે સૂત્રમાં વિશેષણ અને વિશેષ્ય બન્નેય સપ્તમી વિભક્તિમાં હોય ત્યાં જ આ પરિભાષા પ્રવૃત્ત થાય છે. પરિણામે ઙઃ સિ ઘુટ્ । 8-3-26 સૂત્રનો સાદેઃ પરસ્ય । એવો અર્થ થતો નથી, પરંતુ 'ઙાત્ પરસ્ય સસ્ય ઘુટ્ । એવો અર્થ જ થાય છે.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન' માં આ પરિભાષા મળતી નથી. સૌથી પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે. મહાભાષ્યમાં આ પરિભાષા સ્વતંત્ર વાચનિકી સ્વરૂપે સ્વીકારાઈ છે, તથાપિ પુરુષોત્તમદેવના સમયમાં કોઈ પરિભાષાને 'સ્વતંત્ર વાચનિકી' સ્વીકારવાનો પ્રચાર ન હોઈને તથા કાશિકાકારે આ પરિભાષાનું જ્ઞાપક દર્શાવ્યું હોઈ પુરુષોત્તમદેવ આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધ વર્ણવે છે.

નીલકંઠના સમયમાં જે પરિભાષાઓના જ્ઞાપકાદિ ભાષ્યકારે ન રજૂ કર્યા હોય, તેમને 'સ્વતંત્રવાચનિકી' સ્વરૂપે સ્વીકારવાનો પ્રચાર શરૂ થયો હોય તેમ જણાય છે. નાગેશ આને અનુસરે છે. નાગેશ ભટ્ટે આ પરિભાષાની પ્રવૃત્તિ વિષયક નોંધપાત્ર સ્પષ્ટતાઓ કરી છે.

क्तल्युट्तुमुन्खलर्थेषु वासरूपविधिर्नास्ति ॥ ७६ ॥

(ક્ત, લ્યુટ્, તુમુન્ અને ખલર્થક પ્રત્યયના વિધાનમાં વાસરૂપવિધિ અર્થાત્ વાઽસરૂપોઽસ્ત્રિયામ્ । 3-1-94 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.)

અહીં વાઽસરૂપોઽસ્ત્રિયામ્ । 3-1-95 સૂત્રનો જ અર્થ પરિભાષા રૂપે પઠિત છે. જેમકે, અસ્ત્રિયામ્ । એવું પદ હોવાથી સ્ત્રી-અધિકારની પૂર્વે જે અસરૂપ અપવાદ પ્રત્યયો છે તે વિકલ્પથી ઉત્સર્ગનો બાધ કરે છે. તેનો અર્થ કે ક્ત વગેરે પ્રત્યયો સ્ત્રી-અધિકારથી પરમાં આવેલા હોવાથી ત્યાં આ સૂત્રનો વ્યાપાર થતો નથી.

આથી, નપુંસકે ભાવે ક્તઃ । 3-3-114 અને લ્યુટ્ ચ । 3-3-115 પ્રત્યયો નિત્ય ઘઞ્ નો બાધ કરે છે-હસિતમ્ । હસનમ્ । પરંતુ હાસઃ । એવો પ્રયોગ થતો નથી. તથા સમાનકર્તૃકેષુ તુમુન્ । 3-3-158 આ સૂત્ર ઇચ્છાર્થેષુ લિઙ્લોટૌ 3-3-159 સૂત્રનો નિત્ય બાધ કરે છે.-ઇચ્છતિ ભોક્તુમ્ । અને અતો યુચ્ । 3-3-128 આ સૂત્ર ઈષદ્દુઃસુષુકૃચ્છાકૃચ્છાર્થેષુ ખલ્ । 3-3-126 સૂત્રોક્ત ખલ્ નો નિત્ય જ બાધ કરે છે-ઈષત્પાનઃ સોમો ભવતેતિ ।

પરંતુ જ્યાં બીજા આ ક્તાદિ પ્રત્યયો સ્ત્રી-અધિકારથી પૂર્વે આવેલાં હશે, ત્યાં એરચ્ । 3-3-56 એ અપવાદમાં વાસરૂપવિધિ થાય છે જ. પરિણામે अज्विधौ भयादीनामुपसंख्यानम् । 3-3-56 वा० 1 વિહિત અચ્ વિધિમાં લ્યુટ્ પ્રત્યય પણ થાય છે. તેથી भयनम् भीः । એવા પ્રયોગો મળે છે, એમ 'ન્યાસ' માં જણાવ્યું છે. अपात्रे वर्षणं यच्च । એવો કામંદક પ્રયોગ પણ ઉપપન્ન થાય છે. અને आशिते भुवः करणभावयोः 3-2-45 ત્યાં ન્યાસકારે જે કહ્યું છે કે ખચ્ પ્રત્યય સારૂપ્યને કારણે ઘઞ્ નો બાધ કરે છે પણ લ્યુટ્ પ્રત્યય તો વાસરૂપવિધિથી થશે જ. તેથી आशितभवन ओदनः । તેવો પ્રયોગ ઉપપન્ન થાય છે.

प्रेषातिसर्गप्राप्तकालेषु कृत्याश्च । 3-3-163-એ સૂત્રમાં લોટ્ થી બાધિત કૃત્ય સંજ્ઞક પ્રત્યયોનો સમાવેશ કરવા માટે કૃત્ય ગ્રહણ કર્યું છે, એવું જણાવીને જ્યાદિત્યે ક્તાદિ પ્રત્યયોના વિષયમાં વાસરૂપવિધિનો અભાવ સિદ્ધ કર્યો છે.

ण्यासश्रन्थो युच् । 3-3-107 એ સૂત્ર ઉપર ન્યાસકારે જણાવ્યું છે કે आस्या । आसना । આ પ્રયોગોમાં ण्यत् ની સાથે યુચ્ નો સમાવેશ કરવાની ઇચ્છાથી अस्त्रियाम् કહ્યું છે. એટલે કે વાસરૂપવિધિનો આ નિષેધ સ્ત્રી-પ્રકરણમાં જે અપવાદો છે, તે સ્વપ્રકરણસ્થ ઉત્સર્ગોનો બાધ કરે છે. પણ અન્ય પ્રકરણસ્થ ઉત્સર્ગોનો બાધ કરતાં નથી.

આથી ક્તિન્ પ્રત્યયના વિષયમાં પણ ઘઞ્ અચ્ અને અપ્ ની પ્રાપ્તિ થાય છે. તેની નિવૃત્તિને અર્થે બહુવચનનું આશ્રયણ કરવું જોઈએ.

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન' માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૩૬)

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી ચર્ચાનો સીરદેવ સર્વાંશે સ્વીકાર કરે છે. વિશેષમાં આ પરિભાષાના સંદર્ભમાં ઇન્દુમિત્ર અને મૈત્રેયરક્ષિતનો 'શાશ્વતિક-વિરોધ' છે. તેને વિસ્તારથી સમજાવવાનો તેમણે પ્રયત્ન કર્યો છે. અંતે આ પરિભાષામાં જુદાં જુદા પ્રમાણો રહેલાં છે, તેની નોંધ લીધી છે. જેમકે, (૧) વાऽસરૂપોऽસ્ત્રિયામ્ । 3-1-94 સૂત્રસ્થ વા ગ્રહણ વ્યવસ્થિતવિભાષાર્થે છે, તેમ ન્યાસકારે કહ્યું છે. (૨) પ્રેષાતિસર્ગ । 3-4-163 સૂત્રનું કૃત્ય ગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે, તેમ જયાદિત્યે કહ્યું છે. (૩) વિભાષાગ્રેપ્રથમપૂર્વેષુ । 3-4-24 સૂત્રસ્થ વિભાષા ગ્રહણને કેટલાકે પ્રમાણ ગણ્યું છે.

નીલકંઠ : (૫૪)

તેમણે વિશેષ ચર્ચા કરી નથી.

હરિભાસ્કર : (૩૮)

તેઓ પણ કોઈ વિશેષ ચર્ચા કરતાં નથી.

નાગેશ : (૬૮)

આ પરિભાષાને વાऽસરૂપોऽસ્ત્રિયામ્ । 3-1-94 સૂત્ર અનિત્ય હોવાથી સિદ્ધ થતી વર્ણવી છે. અર્હે કૃત્યતૃચશ્ચ । 3-3-169 સૂત્રસ્થ કૃત્ય-તૃચ્ ગ્રહણ વાસરૂપવિધિ વિધાયક (3-1-98) સત્રને અનિત્યત્વનું બોધન કરે છે. અર્થાત્ નાગેશના અભિપ્રાય મુજબ આ પરિભાષા સૂત્રસિદ્ધ-વાચનિકી છે.

ઉપસંહાર :

ભાષ્યને આધારે સૌથી પહેલાં પુરુષોત્તમદેવે આ પરિભાષાને રજૂ કરી હોય એમ જણાય છે. કારણ કે 'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. પુરુષોત્તમદેવે આ પરિભાષાની સર્વાંગીણ ચર્ચા કરી છે. સીરદેવાદિએ આ પરિભાષાના અસ્તિત્વમાં જે વિવિધ પ્રમાણો મળે છે, તેનું સંકલન કર્યું છે. આ સંદર્ભમાં નાગેશે સૂચવ્યું છે કે આ પરિભાષા સૂત્રસિદ્ધ-વાચનિકી છે, તે નોંધપાત્ર છે.

अनिनस्मन्ग्रहणान्यर्थवता चानर्थकेन तदन्तविधिं प्रयोजयन्ति ॥ ७७ ॥

(જ્યાં સાર્થક કે અનર્થક એવા અન્, ઇન્, અસ્, અને મન્ પ્રત્યયનું ગ્રહણ કર્યું હોય ત્યાં તદન્તવિધિ થાય છે.)

લક્ષ્યસ્થિતિ અનુસાર અને વ્યાપ્તિન્યાયના આશ્રયથી સૂચિત એવું આ કાત્યાયનનું વચન[1] (વાર્તિક) પરિભાષા રૂપે રજૂ કરવામાં આવે છે. અર્થવદ્ગ્રહણે નાનર્થકસ્ય । પરિભાષાનું અનિત્યત્વ આ પરિભાષાનું મૂળ છે. તુરિષ્ઠેમેયઃસુ । 6-4-154 – સૂત્રમાં જેવી રીતે તૃ નું સામાન્યપણે ગ્રહણ કર્યું છે. તેવી રીતે અપ્તૃન્તૃચ્૦ । 6-4-11 સૂત્રમાં તૃ એવું સામાન્ય ગ્રહણ કર્યું હોત તો પણ ઇષ્ટ સિદ્ધિ થઈ જાત. પરંતુ અવર્ણસ્ત્રસાવનઞઃ । 6-4-127 સૂત્રથી અર્વન્ શબ્દને સ્થાને થનારા તૃ આદેશના પરિહાર અર્થે[2] અપ્તૃન્તૃ૦ । 6-4-11 સૂત્રમાં તૃન્ અને તૃચ્નું ભેદપૂર્વક ઉપાદાન કરવામાં આવ્યું છે. અને આથી અર્થવદ્ગ્રહણે૦ । પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થયેલું છે. અહીં જો અર્થવદ્ગ્રહણે૦ । પરિભાષા નિત્ય હોત તો તેના વડે જ અર્વન્ સ્થાનિક તૃ આદેશનો નિરાસ થઈ જાત. એવી સ્થિતિમાં તૃન્ અને તૃચ્નું ભેદપૂર્વકનું ઉપાદાન અનર્થક બની જાત.

અહીં (૧) અર્થવાન્ કે અનર્થક એવું અન્ ગ્રહણ તદન્તવિધિનું પ્રયોજક છે. જેમકે, રાજ્ઞા । સામ્ના । અહીં બન્નેયમાં અલ્લોપોઽનઃ । 6-4-134 સૂત્રથી અન્ નો લોપ થાય છે. (૨) અર્થવાન્ કે અનર્થક એવું ઇન્ ગ્રહણ હોય ત્યાં તદન્તવિધિ થાય છે. જેમકે, દણ્ડી । વાગ્મી ।[૦] આ બન્નેય ઉદાહરણોમાં ઇન્હન્પૂષાર્યમ્ણામ્ શૌ । 6-4-12 સૂત્રની અનુવૃત્તિવાળા સૌ ચ । 6-4-13 સૂત્રથી દીર્ઘ થયો છે. (૩) અસન્તના ઉદાહરણો છેઃ સુપયાઃ । સુશ્રૌતાઃ । – અહીં–અત્વસન્તસ્ય ચાધાતોઃ । 6-4-14 સૂત્રથી દીર્ઘ થયો છે. અને (૪)

---

૧. પુરુષોત્તમદેવે આ પરિભાષા વચનને કાત્યાયનના વચન રૂપે વર્ણવ્યું છે. પરંતુ યેન વિધિસ્તદન્તસ્ય । 1-1-72 સૂત્ર ઉપરના ભાષ્યમાં આ વચન પતંજલિનું હોય એ રીતે રજૂ થયું છે. (કીલહોર્ન સંપાદિત કરેલા મહાભાષ્યમાં આ સ્થિતિ છે.)

પરંતુ 'નિર્ણય-સાગર પ્રેસ'ની (૧૯૩૨) આવૃત્તિમાં અનિનસ્મન્ગ્રહણાનિ ચ । 30 એવું વાર્તિક મળે છે અને તેની સમજૂતી રૂપે અનિનસ્મન્ગ્રહણાન્યર્થવતા ચાનર્થકેન ચ તદન્તવિધિં પ્રયોજયન્તિ । એવું ભાષ્યકારનું વચન છે.

૨. અર્થાત્ અર્વણસ્ત્રસાવનઞઃ । 6-4-127 સૂત્રોક્ત તૃ આદેશ જ્યાં થયો હોય ત્યાં અપ્તૃન્તૃચ્૦ । 6-4-11 સૂત્રથી ઉપધા-દીર્ઘ ન થાય, એ માટે અપ્તૃન્તૃચ્ । 6-4-11 સૂત્રમાં તૃન્-તૃચ્નું ભેદથી ઉપાદાન કર્યું છે.

મનન્તના ઉદાહરણો છેઃ સુષામા । સુપ્રથિમા । અહીં સાર્થક અને નિરર્થક મન્ એવો શબ્દ પરમાં રહેતા મનઃ । 4-1-11 સૂત્રથી ઙીપ્ પ્રત્યયનો નિષેધ થાય છે.

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી,

સીરદેવ : (૬૫)

તેમણે આ પરિભાષાની પ્રમાણ ચર્ચા પુરુષોત્તમદેવમાંથી સ્વીકારી છે. તથા પુરુષોત્તમદેવે વર્ણવેલાં આ પરિભાષાનાં પ્રયોજનોને વધુ સ્પષ્ટતાપૂર્વક રજૂ કર્યા છે. વિશેષમાં તેમણે જણાવ્યું છે કે आनि लोट् । 8-4-16 સૂત્રમાં લોટ્ ગ્રહણ કર્યું છે. તેથી अर्थवद्ग्रहणे० । પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે.

નીલકંઠ : (૧૫)

તેમણે આ પરિભાષાની ચર્ચામાં કોઈ નોંધપાત્ર મુદ્દો રજૂ કર્યો નથી. તથાપિ इणः षीध्वंलुङ्लिटां धोऽङ्गात् । 8-3-78 સૂત્રસ્થ અઙ્ગ ગ્રહણના સામર્થ્યથી गौणमुख्ययोः मुख्ये कार्यसंप्रत्ययः । પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે; તન્મૂલક પ્રકૃત પરિભાષા છે,' એવું પ્રારંભે એક સૂચન કર્યું છે, તે અગત્યનું છે.

પરંતુ આ જ્ઞાપન વિવાદાસ્પદ છે. કારણ કે આ સંદર્ભમાં હરિભાસ્કર અને નાગેશ જુદાં મતાન્તરો આપે છે.

હરિભાસ્કર : (૬૭)

તેઓ જણાવે છે કે इणः षीध्वंलुङ्लिटां धोऽङ्गात् । 8-3-78 સૂત્રસ્થ અઙ્ગ ગ્રહણથી अर्थवद्ग्रहणे० । પરિભાષા અનિત્ય છે, એમ જ્ઞાપિત થાય છે. અને તન્મૂલક પ્રકૃત પરિભાષા છે.

નાગેશ : (૧૬)

તેઓ अर्थवद्ग्रहणे० । પરિભાષાના અપવાદ સ્વરૂપે આ પરિભાષાને રજૂ કરે છે. વિશેષમાં, નાગેશ ભટ્ટે હરિભાસ્કરના ઉપર્યુક્ત મતની નોંધ લીધા પછી જણાવ્યું છે કે विभाषेटः । 8-3-79 માં જેવી રીતે અનર્થક षीध्वम्નું ગ્રહણ શક્ય છે, તેવી રીતે અહીં इणः षीध्वं० । 8-3-78 માં પણ અનર્થક षीध्वम्નું ગ્રહણ હશે-એવા ભ્રમની નિવૃત્તિ માટે अङ्ग ગ્રહણ કર્યું છે; એવો બીજા કેટલાક વૈયાકરણોનો મત છે.

ઉપસંહાર :

વ્યાડિના 'પરિભાષાસૂચન'માં આ પરિભાષા નથી. સૌ પ્રથમ પુરુષોત્તમદેવે

ભાષ્યમાંથી સૂચન મેળવીને આ પરિભાષા રજૂ કરી છે. આ પરિભાષાનાં પ્રયોજનો ભાષ્યકારે સ્પષ્ટપણે નિર્દેશેલાં હોઈ તે વિષે મતભેદ નથી. પરંતુ આ પરિભાષાની પ્રમાણ ચર્ચા વિષે મતભેદ ઊભા થયા છે. પુરુષોત્તમદેવાદિના મતે આ પરિભાષા अर्थवद्ग्रहणे नानर्थकस्य । પરિભાષાના અનિત્યત્વને કારણે સિદ્ધ થાય છે. તો બીજી તરફ નીલકંઠ જણાવે છે કે गौणमुख्ययोः मुख्ये कार्यसंप्रत्ययः । પરિભાષાના અનિત્યત્વને કારણે આ પરિભાષા સિદ્ધ થાય છે. પરંતુ નીલકંઠનો આ અભિપ્રાય બીજા કોઈ વૈયાકરણે સ્વીકાર્યો નથી.

ग्रहणवता प्रातिपदिकेन तदन्तविधिर्नास्ति ॥ ७८ ॥
व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेन ॥ ७९ ॥

(સૂત્રમાં પ્રાતિપદિકનું ઉચ્ચારણ કરીને કોઈ પ્રત્યયવિધિ કહ્યો હોય ત્યાં તદન્તવિધિ થતી નથી.)[1] (સૂત્રમાં જ્યાં પ્રાતિપદિકનું ઉચ્ચારણ કરીને પ્રત્યયવિધિ કહ્યો હોય ત્યાં વ્યપદેશિવદ્ભાવ થતો નથી.)[2]

જે સૂત્રમાં પ્રાતિપદિકનું ગ્રહણ કર્યું હોય એટલે કે ઉચ્ચારણ કર્યું હોય ત્યાં તે પ્રાતિપદિકને તદન્તવિધિ થતી નથી. આથી सूत्रनडस्यापत्यं सौत्रनाडिः । એ ઉદાહરણમાં તદન્તવિધિ વડે (નડાન્તે सूत्रनड શબ્દને) नडादिभ्यः फक् । 4-1-19 સૂત્રવિહિત फक् પ્રત્યય થતો નથી.

એ જ પ્રમાણે જ્યાં પ્રાતિપદિકનું ગ્રહણ કર્યું હોય ત્યાં વ્યપદેશિવદ્ભાવ થતો નથી. આથી क्रतूक्थादिसूत्रान्ताट्ठक् । 4-2-60 સૂત્રવિહિત ठक् પ્રત્યય संग्रहसूत्रमधीते सांग्रहसूत्रिकः । એ ઉદાહરણમાં જ પ્રવૃત્ત થાય છે. પરંતુ વ્યપદેશિવદ્ભાવની મદદથી કેવળ सूत्र શબ્દને ठक् પ્રત્યય લાગતો નથી. પરિણામે सूत्रमधीते सौत्रः । એવું રૂપ જ મળે છે.

પાણિનિએ पूर्वादिनिः । 5-2-86 એવા સૂત્ર પછી सपूर्वाच्च । 5-2-87 સૂત્રને રચ્યું છે: તેના ઉપરથી આ બે પરિભાષાઓ જ્ઞાપિત થાય છે એમ ભાષ્યકારે येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપર જણાવ્યું છે. ત્યાં કહ્યું છે: શા માટે सपूर्वाच्च । 5-2-87 સૂત્રથી सपूर्व પ્રાતિપદિકને इनि પ્રત્યય કરવામાં

---

૧. અર્થાત્ 'સૂત્રમાં નિર્દેશેલો પ્રાતિપદિક છે અંતમાં જેની' તેવા પ્રાતિપદિકાન્ત શબ્દ સ્વરૂપને પ્રત્યયવિધિ થતો નથી.

૨. અર્થાત્ જે સૂત્રમાં વિશિષ્ટ પ્રાતિપદિકનું ઉચ્ચારણ કરીને કોઈ પ્રત્યયવિધિ કહ્યો હોય ત્યાં व्यपदेशिवदेकस्मिन् । એવી પરિભાષા પ્રવૃત્ત થતી નથી.

આવે છે ? પૂર્વ એવા પ્રાતિપદિકને વિશેષણ બનાવતાં તદન્તવિધિ થઈ શકશે. જેથી પૂર્વાદિનિઃ । 5-2-86 સૂત્રથી જ સપૂર્વ પ્રાતિપદિકને ઇનિ પ્રત્યય સિદ્ધ રહેશે. તથા વ્યપદેશિવદ્ભાવ વડે કેવળ પૂર્વ શબ્દને ઇનિ પ્રત્યય લાગશે. એવી પરિસ્થિતિમાં આ સપૂર્વાચ્ચ । 5-2-87 એવા સૂત્રને કરવાની કોઈ જરૂર નથી. આ રીતે ગ્રહણવતા૦ । ઇત્યાદિ બે પરિભાષાઓ છે એમ જ્ઞાપિત થાય છે.

વળી, આ પરિભાષા પ્રત્યયવિધિમાં જ્ઞાપિત થઈ હોવાથી ભાષ્યકારે આ (ગ્રહણવતા૦ । ઇત્યાદિ) પરિભાષાને પ્રત્યયવિધિવિષયા કહી છે. તેથી ગોસ્ત્રિયોરુપસર્જનસ્ય । 1-2-48 સૂત્રવિહિત હ્રસ્વ ગો શબ્દાંતને કહ્યો છે.[3]

તદુપરાંત ભાષ્યકારે આ બે પરિભાષાઓનું ત્યાં પ્રત્યાખ્યાન કર્યું છે. જેમકે, (૧) પહેલી પરિભાષાનું પ્રત્યાખ્યાન આ પ્રમાણે કર્યું છે: "વિશેષણ અને વિશેષ્યનો વ્યવહાર યથેષ્ટ હોવાથી સિદ્ધ છે." એવા વાર્તિકને આધારે વિશેષણથી જ તદન્તવિધિ થાય છે. વિશેષ્યથી નહીં. તેથી જ્યાં ઇષ્ટ હશે ત્યાં તદન્તવિધિ થશે. જેમકે, ગોસ્ત્રિયોરુપસર્જનસ્ય । 1-2-48 અહીં ઉપસર્જન અને ગો શબ્દાન્ત પ્રાતિપદિકને હ્રસ્વ થાય છે. ચિત્રગુઃ । તથા અત ઇઞ્ । 4-1-95 સૂત્રથી દાક્ષિઃ । ઇત્યાદિની સિદ્ધિ કરવા તદન્તવિધિ થાય છે. અહીં અનુવૃત્ત થતા પ્રાતિપાદિક ને ઉચ્ચાર્યમાણ અ કાર વડે વિશેષિત કરવામાં આવે છે.[4] પરંતુ નડાદિભ્યઃ ફક્ । 4-1-99 ઇત્યાદિ સૂત્રોમાં જ્યાં તદન્તવિધિ ઇષ્ટ નથી ત્યાં ગૃહ્યમાણ નડાદિ શબ્દોને જ અનુવૃત્ત થતાં પ્રાતિપદિકથી વિશેષિત કરવામાં આવે છે.[5] (૨) બીજી પરિભાષાનું પ્રત્યાખ્યાન કરવા માટે કહ્યું કે વ્યપદેશિવદ્ભાવોઽપ્રાતિપદિકેન । એ પરિભાષાના પ્રયોજનનો અભાવ હોવાથી તે અસ્વીકાર્ય છે. ઉગિતશ્ચ । 4-1-56 સૂત્રવિહિત ઙીપ્ પ્રત્યય અતિભવતી । અને ભવતી એમ બન્ને સ્થળે લાગે છે.[6] અત્ સાતત્યગમને । (અતતિ) ધાતુને ડ પ્રત્યય કરવાથી અઃ । એવું પ્રાતિપદિક બને છે. અહીં તસ્ય 'અ'સ્ય અપત્યમ્ । એ અર્થમાં અત ઇઞ્ । 4-1-95 સૂત્રની પ્રવૃત્તિ થતાં ઇઃ । એવું રૂપ થાય છે. તથા

---

૩. અહીં પ્રત્યયવિધિનો વિષય નથી; પરંતુ હ્રસ્વવિધિનો પ્રસંગ છે તેથી તદન્તવિધિ થશે.

૪. તેથી સૂત્રાર્થ અદન્તાત્ પ્રાતિપદિકાત્૦। એવો થાય છે.

૫. પરિણામે નડાદિ શબ્દો વિશેષ્ય બનવાથી તદન્તવિધિ થતી નથી.

૬. વ્યપદેશિવદ્ભાવોઽપ્રાતિપદિકેન । પરિભાષાના અભાવમાં ઇષ્ટસિદ્ધિ કેવી રીતે થશે, તેનું નિરૂપણ.

तत्रोपपदं सप्तमीस्थम् । 3-1-92 સૂત્રમાંથી અનુવૃત્ત થતાં उपपद ને भय (3-1-43) ગ્રહણથી અને आढ्यादि (3-2-56)થી વિશેષિત કરવામાં આવે છે. પછી તદન્તવિધિ થાય છે. પરિણામે अभयङ्करो, भयङ्कर । अनाढ्यंकरणः आढ्यंकरणः । ઇત્યાદિ રૂપો સિદ્ધ થાય છે. न षट्स्वस्रादिभ्यः 4-1-10 સૂત્રોક્ત स्वस्रादि વડે અને अपरिमाणविस्ताचितकम्बल्येभ्यो न तद्धितलुकि । 4-1-22 સૂત્રોક્ત विस्तादि વડે પ્રાતિપદિક ને વિશેષિત કરવામાં આવે છે. તેથી परमस्वसा, स्वसा । द्विविस्ता, विस्ता । ઇત્યાદિ રૂપો સિદ્ધ થાય છે. એ જ રીતે रोण्या अण् । 4-2-78 ની પ્રવૃત્તિ થતાં आजकरोण :, रौणः । રૂપોની સિદ્ધિ થાય છે स्थाद्यत् । 4-3-121 સૂત્રવિહિત यत् પ્રત્યયવિધિમાં रथ, सीता, हल વગેરે શબ્દોથી પ્રાતિપાદિક ને વિશેષિત કરવામાં આવે છે. જેથી परमरथ्या, रथ्या । વગેરે રૂપો સિદ્ધ થાય છે. અહીં કેવળ रथ શબ્દને પણ વ્યપદેશિવદ્ભાવથી પ્રત્યય થાય છે, તેમ જોવા મળે છે. તથા क्रतूक्थादिसूत्रान्ताट्ठक् । 4-2-60 સૂત્રમાં કેવળ સૂત્ર શબ્દને ઠક્ । પ્રત્યય ન થાય તે માટે अन्त ગ્રહણ કર્યું છે.

વ્યાડિ : (-)

આ બે પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી નથી.

સીરદેવ : (૫૫)

તેમણે આ પરિભાષાની ચર્ચામાં પ્રારંભે પુરુષોત્તમદેવનું અનુસરણ કર્યું છે. પરંતુ ચર્ચાના ઉત્તરાર્ધમાં કૈટલાક નવા મુદ્દા ઉમેર્યા છે તથા પુરુષોત્તમદેવથી જુદા પડીને સ્વતંત્ર રીતે ચર્ચા કરી છે :-

આ પરિભાષા પ્રત્યયવિધિમાં જ્ઞાપિત થઈ હોવાથી ગ્રહણવતા० । ઇત્યાદિ બન્ને પરિભાષાઓ 'પ્રત્યયવિધિવિષયા' છે, એવા પુરુષોત્તમદેવોક્ત અભિપ્રાયને નોંધ્યા પછી સીરદેવ જણાવે છે કે કૈટલાકના મતે આ પરિભાષા સામાન્ય પણે પ્રત્યયવિધિ અને અપ્રત્યયવિધિમાં લાગે છે. પરિણામે शेषो ध्यसखि । 1-4-7 સૂત્રસ્થ असखि એવો નિષેધ કેવળ सखि શબ્દને જ લાગે છે, તદન્તને નહીં. આથી अतिसखेरागच्छति । એવું વાક્ય પણ બને છે.

ભાષ્યમાં આ બે પરિભાષાઓનું પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે, તેવા પુરુષોત્તમદેવના વિધાનને સીરદેવે સ્વીકાર્યું છે. પરંતુ તેની ચર્ચા સ્વતંત્ર રીતે કરી છે. જેમકે, ગ્રહણવતા० । એવી પ્રથમ પરિભાષાનું ખંડન વિશેષણ અને વિશેષ્યભાવની પ્રત્યે યથેષ્ટ વ્યવહાર હોવાથી ઇષ્ટ સિદ્ધિ થાય છે. એવા વાર્તિકનો

ઉપયોગ કરવાથી થાય છે. આથી વિશેષણથી જ તદન્તવિધિ થાય છે, વિશેષ્યથી નહીં. ઉદાહરણ તરીકે, (૧) સમાસવિધિમાં દ્વિતીયા શ્રિતાતીત૦ । 2-4-24 ઇત્યાદિ સૂત્રમાં સુપ્ સુપા । 2-1-2/4ની અનુવૃત્તિ આવે છે, તે શ્રિત વગેરે શબ્દોથી વિશેષિત કરવામાં આવતી નથી. પરંતુ અનુવૃત્ત થયેલ સુપસુપા । 2-1-2/4 વડે જ શ્રિત વગેરે શબ્દોને વિશેષિત કરવામાં આવે છે. જેથી "શ્રિતાદિભિઃ સુબન્તૈઃ । એવો સૂત્રાર્થ થાય છે. આમ તદન્તવિધિના અભાવમાં કષ્ટં પરમશ્રિતઃ । ત્યાં સમાસ થતો નથી. (૨) પ્રત્યયવિધિમાં નડાદિભ્ય ઃ ફક્ । 4-1-66 તે સૂત્રમાં જે પ્રાતિપદિકાત્ એવા પદની અનુવૃત્તિ આવે છે, તેનાથી જ નડાદિ ને વિશેષિત કરવામાં આવે છે. જેથી સૂત્રાર્થ નડાદિભ્યઃ પ્રાતિપદિકેભ્યઃ । એવો થાય છે, અર્થાત્ ત્યાં તદન્તવિધિ થતી નથી પરિણામે સૂત્રનડસ્યાપત્યં સૌત્રનાડિઃ । ત્યાં ફક્ પ્રત્યય થતો નથી. પરંતુ જ્યાં ગૃહ્યમાણ પ્રાતિપદિક વડે અનુવૃત્ત થતાં પદને વિશેષિત કરવામાં આવે છે એટલે કે ગૃહ્યમાણ પ્રાતિપદિકને વિશેષણ બનાવવામાં આવે છે. ત્યાં તો તદન્તવિધિ થાય છે જ. જેમકે, અનુવૃત્ત થતા ઉપપદ ને ભય ગ્રહણથી તથા આઢ્યાદિ થી વિશેષિત કરવામાં આવે છે.[૭] આથી તદન્તવિધિથી અભયંકરોઽનાઢ્યંભવિષ્ણુઃ । ઇત્યાદિ સિદ્ધ થાય છે. તથા, યેન વિધિસ્તદન્તસ્ય । 1-1-72 સૂત્રમાં સ્વં રૂપં શબ્દસ્યાશબ્દસંજ્ઞા । 1-1-68 સૂત્રમાંથી સ્વં ગ્રહણની અનુવૃત્તિ આવે છે. તેનાથી; અને (અથવા) વ્યપદેશિવદ્ભાવથી કેવળ ભય અને આઢ્યાદિ શબ્દોમાં પણ સૂત્રવિહિત કાર્યો થાય છે. જેથી ભયંકરઃ । અને આઢ્યંકરણઃ । વગેરે રૂપો થાય છે.

ક્રતુકથાદિસૂત્રાન્તાટ્ઠક્ । 4-2-60 સૂત્રમાં તદન્તવિધિ વડે જ તદન્તત્વની પ્રાપ્તિ હતી એવી સ્થિતિમાં; કેવળ સૂત્ર શબ્દને ઠક્ પ્રત્યય ન થાય એ માટે અન્ત ગ્રહણ કર્યું છે. અન્યથા સ્વં૦ ની અનુવૃત્તિ વડે પણ કેવળ સૂત્ર શબ્દને ઠક્ ની પ્રાપ્તિ થાત. માટે વ્યપદેશિવદ્ભાવ પ્રવૃત્ત થતો નથી.

પરંતુ આ પ્રમાણે તો ગોકુલમ્ । એવા ઉદાહરણમાં પણ સ્વં ગ્રહણની અનુવૃત્તિથી તથા વ્યપદેશિવદ્ભાવથી ઉપસર્જનને હ્રસ્વત્વની પ્રાપ્તિ થાય છે, તે ઇષ્ટ નથી. સીરદેવ જણાવે છે કે આ સ્થળે તદન્તગ્રહણ સામર્થ્યથી વ્યપદેશિવદ્ભાવ પ્રવૃત્ત થતો નથી-એમ ભાગવૃત્તિકારે ગોસ્ત્રિયોરુપસર્જનસ્ય । 1-2-48 ઉપર સમાધાન કર્યું છે. વિશેષમાં સીરદેવે એ પણ જણાવ્યું છે કે સ્વ ગ્રહણની અનુવૃત્તિ બધા વૈયાકરણોના મતે સંમત નથી.

---

૭. અહીં ગૃહ્યમાણ પ્રાતિપદિક સ્વરૂપે ભય અને આઢ્યાદિ શબ્દો છે.

નીલકંઠ : (૭૧)

તેમણે આ બે પરિભાષાઓની પ્રમાણ-ચર્ચામાં બે નવા મુદ્દા ઉમેર્યા છે. જેમકે, ગ્રહણવતા૦ । 71 પરિભાષા સમાસપ્રત્યયવિધૌ પ્રતિષેધઃ । 1-1-72 વા૦ 3 ના અર્થનો અનુવાદ કરનારી છે. આથી જ ભાષ્યકારે સ્વતંત્ર રીતે આ પરિભાષાનો 1-1-72 સૂત્ર ઉપર ઉલ્લેખ કર્યો નથી. (આને વિશદ કરતાં નાગેશ ભટ્ટે કહ્યું છે કે સમાસપ્રત્યયવિધૌ પ્રતિષેધઃ । એવા વાર્તિકના પ્રત્યયાંશનો અનુવાદ કરનારી આ પરિભાષા છે.) વિશેષમાં નીલકંઠે જણાવ્યું છે કે પૂર્વાદિનિઃ । 5-2-86 એવા સૂત્રથી જ ઇષ્ટસિદ્ધિ થવાની હતી એવી સ્થિતિમાં સપૂર્વાચ્ચ । 5-2-87 એવા સૂત્રની રચના કરવામાં આવી છે, તેનાથી જ ગ્રહણવતા૦ । પરિભાષાનું અસ્તિત્વજ્ઞાપિત થાય છે. તથા પૂર્વાદિનિઃ, સપૂર્વાચ્ચ । 5-2-86, 87 એવાં બે સૂત્રો નહીં કરતા પાણિનિએ એક જ સૂત્ર રચવાની જરૂર હતી. પરંતુ પાણિનિએ બે અલગ સૂત્રો રચ્યાં. આથી આવો યોગવિભાગ વ્યપદેશિવદ્-ભાવોઽપ્રાતિપદિકેન । 72 પરિભાષાના અસ્તિત્વમાં જ્ઞાપક બને છે. (-આ બીજા મુદ્દાનો પણ નાગેશ ભટ્ટે સ્વીકાર કર્યો છે.)

હરિભાસ્કર : (૫૭) (૫૮)

તેમણે પણ નીલકંઠને અનુસરીને આ બે પરિભાષાઓની પ્રમાણ ચર્ચા કરી છે. તથા "આ બે પરિભાષાઓનું ભાષ્યમાં પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે." ઇત્યાદિ પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી ચર્ચાનો ત્યાગ કર્યો છે.

હરિભાસ્કરે વ્યપદેશિવદ્ભાવોઽપ્રાતિપદિકેન । પરિભાષાનો અર્થ આ પ્રમાણે કર્યો છેઃ વિશિષ્ટ અપદેશને વ્યપદેશ કહે છે. તેનો અર્થ થાય છે : મુખ્ય વ્યવહાર. વ્યવહારવાળો જે હોય તેને વ્યપદેશી કહે છે. હવે જે મુખ્યવ્યવહારની જેમ વર્તે તેને વ્યપદેશિવત્ કહે છે. જે સૂત્રમાં પ્રાતિપદિક ગ્રહણ કર્યું હોય ત્યાં આવા વ્યપદેશિવદ્ભાવનું ગ્રહણ થતું નથી.

નાગેશ : (૩૧) (૩૨)

તેમણે આ બે પરિભાષાઓની પ્રમાણચર્ચા સંબંધે નીલકંઠમાંથી સ્વીકારી છે. તથાપિ વ્યપદેશિવદ્ભાવોઽપ્રાતિપદિકેન । 32 પરિભાષાની જ્ઞાપકચર્ચામાં એક વિશેષ શંકા-સમાધાનને રજૂ કર્યા છે. જેમકે, પૂર્વાત્સપૂર્વાદિનિઃ । એવું એક જ સૂત્ર નહીં કરતાં પાણિનિએ બે અલગ સૂત્રો કર્યા છે, તેથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે.-એમ નહીં કહેવું જોઈએ. કારણ કે ઇષ્ટાદિભ્યશ્ચ । 5-2-88

સૂત્રમાં સપૂર્વાચ્ચ । 5–2–87 ની અનુવૃત્તિ આવે એટલા માટે પાણિનિએ પૃથક્ –યોગકરણ કર્યું છે. વળી, આવી અનુવૃત્તિ પ્રાપ્ત થશે તો અનિષ્ટી । એવું રૂપ પણ સિદ્ધ થશે.

નાગેશ જણાવે છે કે આવી શંકા સાચી નથી. કારણ કે ઉપર્યુક્ત જ્ઞાપકચર્ચા ભાષ્યકારે જ રજૂ કરી છે. અને તેથી અનિષ્ટી । ઇત્યાદિ પ્રયોગો અસાધુ છે. વળી, પૂર્વાત્સપૂર્વાદિનિઃ । એવો એકયોગ કર્યો હોય તો પણ क्वचिदेकदेशोऽप्यनुवर्तते । એવી પરિભાષાથી કેવળ સપૂર્વાચ્ચ એટલા અંશની અનુવૃત્તિ પ્રાપ્ત થઈ શકે છે.

વિશેષમાં નાગેશ ભટ્ટ જણાવે છે કે આવી પરિભાષાનો સ્વીકાર કરવાથી જ 'नान्तादसंख्यादेर्मट् । 5–2–49 સૂત્ર ચરિતાર્થ થાય છે. અન્યથા पञ्चमः । વગેરે રૂપોમાં જ્યાં डट् આગમને मट् આગમ થાય છે, ત્યાં पञ्चन् । વગેરે શબ્દોમાં પણ વ્યપદેશિવદ્ભાવથી સંખ્યાદિત્વનું જ્ઞાન થશે. પરિણામે नान्तादसंख्यादेर्मट् । 5–2–49 સૂત્ર ક્યાંય પ્રવૃત્ત થઈ શકશે નહીં.

અંતે, નાગેશ ભટ્ટ આ પરિભાષાની ચર્ચાનો ઉપસંહાર કરતાં જણાવે છે કે, આ व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेन । પરિભાષા પ્રાતિપદિકગ્રહણમાં જ પ્રવૃત્ત થાય છે. પરંતુ પ્રાતિપદિક–અપ્રાતિપદિક (ઉભય)ના ગ્રહણમાં પ્રવૃત્ત થતી નથી. આથી उगितश्च । 4–1–6 સૂત્રમાં કોઈ દોષ આવતો નથી. એટલે કે આ સૂત્રથી भवती । महती । તથા अतिभहती । अतिमवती । વગેરે રૂપો સિદ્ધ થઈ શકે છે.

असमासे निष्कादिभ्यः । 5–1–20 સૂત્ર ઉપરના ભાષ્યમાં અને ભાષ્યપ્રદીપમાં આ બન્ને પરિભાષાઓ પ્રત્યયવિધિવિષયા છે, એમ કહેવામાં આવ્યું છે. આમ, આ પરિભાષાઓ પ્રત્યયવિધિવિષયા હોવાથી अहन् । 8–2–68 એવા સૂત્રની પ્રવૃત્તિ परमाहन् એવા શબ્દમાં પણ થાય છે અને કેવળ अहन् શબ્દમાં પણ થાય છે. આની વિશેષ ચર્ચા અન્યત્ર કરવામાં આવી છે, એમ નાગેશ કહે છે.

ઉપસંહાર :

વ્યાડિના નામે મળતા 'પરિભાષાસૂચન'માં આ બે પરિભાષાઓ પ્રાપ્ત થતી નથી. સૌથી પ્રથમ ભાષ્યકારે આ બે પરિભાષાઓનો ઉલ્લેખ કર્યો છે. તેમાંથી સૂચન મેળવીને પુરુષોત્તમદેવે આ બે પરિભાષાઓને સ્વીકારી છે, અને નાગેશ પર્યન્ત સૌ પરિભાષાવૃત્તિકારોએ તેનું અનુસરણ કર્યું છે.

પુરુષોત્તમદેવે રજૂ કરેલી આ પરિભાષાની ચર્ચામાં કેટલાક દોષ અને ઊણપો રહેલી છે. જેમકે, તદન્તવિધિ વિષયક પરિભાષાઓના સંદર્ભમાં વ્યપદેશિવદેકસ્મિન્ । એવી પરિભાષાને પણ રજૂ કરવી જોઈએ. પરંતુ પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી નથી. તદુપરાંત આ પરિભાષાને રજૂ કર્યા વિના તેની અપવાદિકા વ્યપદેશિવદ્ભાવોઽપ્રાતિપદિકેન । પરિભાષાને રજૂ કરી છે. બીજું, પુરુષોત્તમદેવે આ બે પરિભાષાઓની જ્ઞાપકચર્ચામાં કહ્યું છે કે પૂર્વાદિનિઃ । 5–2–86 એવા સૂત્ર પછી સપૂર્વાચ્ચ । 5–2–87 એવું નવું સૂત્ર રચ્યું છે તેથી આ બે પરિભાષાઓનું અસ્તિત્વ જ્ઞાપિત થાય છે, આ જ્ઞાપક સ્થૂળ દૃષ્ટિએ રજૂ કરવામાં આવ્યું છે. વસ્તુતઃ અહીં જ્ઞાપક ચર્ચા આ પ્રમાણે કરવી જોઈએઃ સપૂર્વાચ્ચ । 5–2–87 સૂત્ર ગ્રહણવતા પ્રાતિપદિકેન તદન્તવિધિર્નાસ્તિ । એવી પરિભાષામાં જ્ઞાપક છે. અન્યથા પૂર્વાદિનિઃ । 5–2–86 એવા સૂત્રમાં તદન્તવિધિ થઈને ઇષ્ટસિદ્ધિ થઈ જશે. તથા વ્યપદેશિવદ્ભાવોઽપ્રાતિપદિકેન । એવી પરિભાષામાં પૂર્વાત્સપૂર્વાદિનિઃ । એવું એક જ સૂત્ર રચવાને બદલે બે અલગ સૂત્રો રચ્યાં છે તે જ્ઞાપક છે. વળી "સમાસપ્રત્યયાવિધૌ પ્રતિષેધઃ । 1–1–72 વા૦ 3 માંના પ્રત્યયાંશનો અનુવાદ કરનારી આ ગ્રહણવતા૦ । પરિભાષા છે; એ મુદ્દો પણ પુરુષોત્તમદેવે રજૂ કર્યો નથી. આ બંને મુદ્દાઓ નીલકંઠના સમયથી નોંધાવા શરૂ થયા છે.

ભાષ્યમાં આ બે પરિભાષાઓનું પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે, એવી પુરુષોત્તમદેવની ચર્ચાનો નીલકંઠાદિએ સ્વીકાર કર્યો નથી. વળી, વિશેષણવિશેષ્યયોઃ યથેષ્ટત્વાત્ । 1–1–72 વા૦ 2 એવા વાર્તિકથી ગ્રહણવતા૦ । પરિભાષાનું પ્રત્યાખ્યાન થાય છે એવું ભાષ્યમાં જણાવવામાં આવ્યું નથી. નાગેશ ભટ્ટે પણ આવી કોઈ ચર્ચા કરી નથી. તેથી પુરુષોત્તમદેવની આ ચર્ચા ચિન્ત્ય છે.

સૌથી પ્રથમ નાગેશ ભટ્ટે તદન્તવિધિ વિષયક પરિભાષાઓના સંદર્ભમાં વ્યપદેશિવદેકસ્મિન્ । એવા અતિદેશને પરિભાષા રૂપે રજૂ કર્યો છે. વ્યપદેશિવદેકસ્મિન્ । 30 એવી પરિભાષા રજૂ કર્યા પછી નાગેશે ગ્રહણવતા પ્રાતિપદિકેન તદન્તવિદિર્નાસ્તિ । 31 અને વ્યપદેશિવદ્ભાવોઽપ્રાતિપદિકેન । 32 એ બે પરિભાષાઓને રજૂ કરી છે. અહીં પ્રા. કે. વી. અભ્યંકરજી જણાવે છે કે નાગેશ ભટ્ટે અહીં પરિભાષાઓની ગોઠવણી તર્કસંગત રીતે કરી નથી. કેમકે વ્યપદેશિવદેકસ્મિન્ । એવી પરિભાષા રજૂ કર્યા પછી તેની અપવાદિકા વ્યપદેશિવદ્ભાવોઽપ્રાતિપદિકેન । પરિભાષાને રજૂ કરવી જોઈએ. પણ નાગેશ તેમ નહીં કરતા એ બે પરિભાષાઓની વચ્ચે ગ્રહણવતા૦ । પરિભાષાને ગોઠવી

દીધી છે. જે તર્કસંગત નથી, પરંતુ એક બીજી રીતે વિચારતાં જણાય છે કે નાગેશ આ ક્રમને અનુસરે તે સ્વાભાવિક છે. જેમકે, પુરુષોત્તમદેવના સમયથી પહેલા ગ્રહણવતા० । પરિભાષા અને પછી વ્યપદેશિવદ્ભાવોઽપ્રાતિપદિકેન । પરિભાષા રજૂ થતી આવી છે. અને પૂર્વાદિનિઃ । 5-2-86 તથા સપૂર્વાચ્ચ । 5-2-87 એ બે સૂત્રો ઉપરથી આ બે પરિભાષાઓ જ્ઞાપિત થઈ હોવાથી પણ તે બન્ને પરિભાષાઓ એક સાથે આ જ ક્રમે રજૂ થાય છે તે યોગ્ય છે.

તદુપરાંત, વ્યપદેશિવદ્ભાવોઽપ્રાતિપદિકેન । પરિભાષા વ્યપદશિવદેકસ્મિન્ ।...એ પરિભાષાના અપવાદ રૂપે રજૂ થાય છે, એમ કહેવા કરતાં તદન્તવિધિ કરનાર પરિભાષાની અપવાદ પરિભાષા રૂપે રજૂ થાય છે એમ કહેવું વધુ યુક્તિસંગત છે. વ્યપદેશિવદેકસ્મિન્ । પરિભાષા પણ વ્યપદેશિવદ્ભાવથી તદન્તવિધિને જ ઉપકાર કરનારી છે.

समासप्रत्ययविधौ तदन्तविधिप्रतिषेधः, उगिद्वर्णग्रहणवर्जम् ॥ ८० ॥

(येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર વિહિત તદન્તવિધિનો સમાસવિધિમાં તથા પ્રત્યયવિધિમાં પ્રતિષેધ થાય છે. પરંતુ ઉગિત્ અને વર્ણગ્રહણને છોડીને અર્થાત્ ઉગિત્ અને વર્ણગ્રહણમાં તો તદન્તવિધિ થાય છે.)

આથી, શ્રિતાદિ[1] શબ્દો સુબન્ત નાં વિશેષણ હોવા છતાંય, તદન્તવિધિનો નિષેધ થવાને કારણે પરમકષ્ટશ્રિતઃ । એવું ઉદાહરણ બનતું નથી. અર્થાત્ શ્રિતાન્ત શબ્દોની સાથે સમાસ થતો નથી. ફક્ વગેરે પ્રત્યયવિધિમાં નડાદિ ગણ પઠિત શબ્દો પ્રાતિપદિકના વિશેષણ બનતા હોવા છતાંય તદન્તવિધિનો પ્રતિષેધ થઈ જવાને કારણે, સૂત્રનાડાયનઃ। એવું ઉદાહરણ બનતું નથી. અર્થાત્ નડાન્ત શબ્દોને ફક્ આદિ પ્રત્યયો થતા નથી.

"ઉગિત્ અને વર્ણગ્રહણને છોડીને" એવું સંકોચ વચન કર્યું હોવાથી अतिभवती[2] । भवती । दाक्षिः ।[3] જેવાં ઉદાહરણોની સિદ્ધિ પ્રસંગે તદન્તવિધિ થાય છે જ.

---

૧. द्वितीया श्रितातीतपतितगतात्यस्तप्राप्तापन्नैः । 2-1-24

૨. अतिभवत् એવા ઉગિદન્ત શબ્દને उगितश्च । 4-1-6 સૂત્ર વડે ङीप् । થાય છે.

૩. अत इञ् । 4-1-65 સૂત્રમાં વર્ણગ્રહણ હોવાથી અદન્ત પ્રાતિપદિકને પણ इञ्

૪. આવું પ્રત્યાખ્યાન પ્રસ્તુત ભાષ્યમાં પ્રાપ્ત થતું નથી.

આ પરિભાષા પ્રમાદને કારણે પરિભાષાઓ (ના સમુદાય) ની મધ્યે જોવા મળે છે. (અન્યથા) આ તો એક येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપર વાર્તિક સ્વરૂપે આપેલું વચન છે અને ભાષ્યમાં પ્રત્યાખ્યાત પણ થયેલું છે. જેમકે, ત્યાં કહ્યું છેઃ सिद्धं तु विशेषणविशेष्ययोः यथेष्टत्वात् । 1-1-72, वा० 2 इति ॥ અર્થાત્ વિશેષણ અને વિશેષ્યની કલ્પના યથેષ્ટ છે. યથા સમાસવિધિમાં द्वितीया श्रितातीप० । 2-1-28 સૂત્રમાં સુપ્ પ્રત્યય વડે જ શ્રિતાદિને વિશેષિત કરવા,[૫] પરંતુ શ્રિતાદિ વડે સુબન્ત ને વિશેષિત ન કરવા પરિણામે તદન્તવિધિનો અભાવ સિદ્ધ રહેશે. તથા[૬] નડાદિ શબ્દોનું કોઈ પ્રાતિપદિકના અવયવ સ્વરૂપે અંતે આવવું શક્ય નથી, એ રીતે નડાદિ શબ્દોને જ ફક્ પ્રત્યય થશે. પરંતુ નડાન્ત શબ્દોને ફક્ પ્રત્યય થશે નહીં.

વ્યાડિ : (–)

આ પરિભાષા 'પરિભાષાસૂચન' માં મળતી નથી.

સીરદેવ : (૫૭)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી. કેવળ, પુરુષોત્તમદેવની ચર્ચાનો સાર-સંગ્રહ રજૂ કર્યો છે.

નીલકંઠ : (૧૨૧)

તેમણે પણ કોઈ વિશેષ ચર્ચા કરી નથી. समासप्रत्ययविधौ प्रतिषेधः । એવા વચનમાં दित्यदिति० । 4-1-85 સૂત્રસ્થ अदिति ગ્રહણ જ્ઞાપક છે, એવું કેટલાક વૈયાકરણોનું કહેવું છે.

હરિભાસ્કર : (૫૯)

તેમણે પણ કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

નાગેશ : (–)

તેમના 'પરિભાષેન્દુશેખર'માં આ વચન પરિભાષા રૂપે રજૂ કરવામાં આવ્યા નથી. તથાપિ ગ્રહણવતા પ્રાતિપદિકેન તદન્તવિધિર્નાસ્તિ । 31 એવી પરિભાષાની ચર્ચા તેમણે समासप्रत्ययविधौ प्रतिषेधः । એવાં પરિભાષા વાર્તિકની

---

૫. અર્થાત્ શ્રિતાદિને વિશેષ્ય માનવા અને સુબન્તને વિશેષણ.

૬. અહીં સમાસવિધિની જેમ પ્રત્યયવિધિમાં પણ "પ્રાતિપદિક વડે જ નડાદિને વિશેષિત કરવા જોઈએ." એવું કહેવાની જરૂર નથી. કારણ કે નડાદિ શબ્દો કોઈ પ્રાતિપદિકના અવયવ રૂપે તેને અંતે આવતા નથી.

ક્યાં પ્રવૃત્તિ કરવી, તદ્વિષયક એક સ્પષ્ટતા રજૂ કરી છે: જે સૂત્રમાં વિશિષ્ટ પ્રાતિપદિકનું ગ્રહણ કર્યું હોય ત્યાં જ આ समासप्रत्ययविधौ प्रतिषेधः ॥ એવો નિષેધ પ્રવૃત્ત થાય છે. અર્થાત્ उगितश्च । 4-1-6 અને अत इञ् ॥ 4-1-15 જેવાં સૂત્રોમાં પ્રત્યયવિધિ હોવા છતાંય ઉક્ત નિષેધની ત્યાં પ્રવૃત્તિ થતી નથી.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. સૌથી પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે. અને હરિભાસ્કર સુધીનાં પરિભાષાવૃત્તિકારોએ તેનું અનુસરણ કર્યું છે.

આ વચન 'પરિભાષા' નથી, તેની જાણ પુરુષોત્તમદેવને છે, તથાપિ તેમણે પરંપરાને અનુસરીને પરિભાષા રૂપે રજૂ કરી છે. વસ્તુતઃ આ येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રનો સંક્ષેપ કરનાર એક વાર્તિક જ છે.

संज्ञाविधौ प्रत्ययग्रहणे तदन्तविधिर्नास्ति ॥ ८१ ॥

(સંજ્ઞાવિધિનો જ્યાં પ્રસંગ હોય ત્યાં, પ્રત્યયગ્રહણ કર્યું હોય તો પણ તદન્તવિધિ થતી નથી.)

આ પરિભાષા હોવાથી तरप्तमपौ घः । 1-1-22 સૂત્રથી પ્રત્યયમાત્રની જ ઘ સંજ્ઞા થાય છે. પરિણામે घरूपकल्पचेलड्ब्रुवगोत्रमतहतेषु ङ्योऽनेकोचो ह्रस्वः । 6-3-43 સૂત્રથી ઘ સંજ્ઞક પ્રત્યય પરમાં રહેતાં હ્રસ્વનું વિધાન કરવામાં આવ્યું છે. તે ઘાન્ત-ઘ પ્રત્યયાન્ત શબ્દ- પરમાં રહેતાં થશે નહીં. જેમકે, गौरीब्राह्मणितरा ।

सुप्तिङन्तं पदम् । 1-4-94 સૂત્રસ્થ अन्त ગ્રહણ પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક છે. અન્યથા, सुप् અને तिङ् પ્રત્યય હોવાથી જ "प्रत्ययग्रहणं यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य च ग्रहणम् । પરિ. 44"ની પ્રવૃત્તિ થતાં તદન્તત્વની પ્રાપ્તિ થશે, એવી સ્થિતિમાં अन्त ગ્રહણ વ્યર્થ બની જશે.

વ્યાડિ : (૭૧)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનો પાઠ આ પ્રમાણે મળે છે: संज्ञाविधौ तदन्तविधिर्नास्ति । 71 અહીં 'प्रत्ययग्रहणे' એટલો અંશ નથી.

'પરિભાષાસૂચન'માં प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य च

ગ્રહણમ્ । એવી પરિભાષા નથી. તેથી સ્વાભાવિક છે કે પ્રકૃત પરિભાષાના પાઠમાં 'પ્રત્યયગ્રહણે' એટલો અંશ ન હોય. આ સ્થિતિ 'પરિભાષાસૂચન' નું પ્રાચીનત્વ સૂચવે છે.

પુરુષોત્તમદેવે વર્ણવેલાં જ્ઞાપક અને પ્રયોજનો અહીં પણ રજૂ થયાં છે.

સીરદેવ : (૨૭)

તેમણે આ પરિભાષાની ચર્ચા વિસ્તારથી રજૂ કરી છે. પુરુષોત્તમદેવે રજૂ કરેલા પ્રયોજન ઉપરાંત બીજું પણ એક પ્રયોજન સીરદેવે રજૂ કર્યું છે: क्तक्तवतू निष्ठा । 1-1-26 સૂત્રવિહિત નિષ્ઠા સંજ્ઞા ક્ત અને ક્તવતુ પ્રત્યયોની જ થાય છે. પરંતુ તદન્તની થતી નથી. પરિણામે दृषत्तीर्णा । એવાં ઉદાહરણમાં द કારથી પરમાં આવેલા નિષ્ઠા त ને नत्व થતું નથી. અને પૂર્વ द કારને પણ નત્વ થતું નથી.

વિશેષમાં સીરદેવ જણાવે છે કે આ પરિભાષા હોવા છતાંય कृत्तद्धितसमासाश्च । 1-2-46 સૂત્રમાં कृत् અને तद्धित નું ગ્રહણ હોવાથી તદન્તની જ પ્રાતિપદિક સંજ્ઞા થાય છે. ત્યાં આ પરિભાષા ઉપસ્થિત થતી નથી. કારણ કે अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । 1-2-45 સૂત્રમાંના अप्रत्यय પદથી પ્રત્યયાન્તને પ્રાતિપદિક સંજ્ઞાનો પ્રતિષેધ પ્રાપ્ત થાય છે, તેવી સ્થિતિમાં આ कृत्तद्धितसमासाश्च । 1-2-46 સૂત્રથી कृत् અને तद्धित ની પ્રાતિપદિક સંજ્ઞાનો પ્રારંભ કર્યો છે.

વળી, सात्पदाद्योः । 8-3-111 સૂત્રસ્થ साद् ગ્રહણથી પણ ઉપર્યુક્ત વાતનું સમર્થન થાય છે. કારણ કે, જો કેવળ तद्धित પ્રત્યયની પ્રાતિપદિક સંજ્ઞા થાય અને तद्धित પ્રત્યયાન્તની નહીં, તો साति પ્રાતિપદિક હોવાથી તેનાથી પરમાં सुप् રહેતાં તે જ્યારે पदादि બનશે ત્યારે षत्वનો પ્રતિષેધ સિદ્ધ રહેશે. તેવી સ્થિતિમાં साद् ગ્રહણ અનર્થક બની જશે.

આ ચર્ચાના અનુસંધાનમાં સીરદેવ જણાવે છે કે सुपि स्थः । 3-2-4 સૂત્રમાં सुप् ગ્રહણ કર્યું છે ત્યારે તદન્તની ઉપપદ સંજ્ઞા કરવા માટે કોઈ વિશેષ યત્ન કરવો જોઈએ.

નીલકંઠ : (૩૪)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

હરિભાસ્કરઃ (૨૭)

તેમણે પણ કોઈ નોંધનીય ચર્ચા કરી નથી. કૃત્તદ્ધિતસમાસાશ્ચ । 1-2-46 સૂત્રમાં પ્રકૃત પરિભાષાની પ્રવૃત્તિ થતી નથી, એવા સીરદેવોક્ત ઇષ્ટાર્થને જ 'મનોરમાદિ'ના વચનોના સંદર્ભમાં ફરીથી રજૂ કર્યો છે.

નાગેશ : (૨૭)

આ પરિભાષાની જ્ઞાપક ચર્ચામાં એક શંકા ઉપસ્થિત કરીને નાગેશે ઉક્ત જ્ઞાપકની પુનઃસમીક્ષા કરી છેઃ સુપ્તિઙન્તં પદમ્ । 1-4-94 સૂત્રસ્થ અન્ત ગ્રહણ પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક છે. અહીં કોઈએ એવી શંકા કરી છે કે સુપ્તિઙ્ પદમ્ । એવું સૂત્ર હશે તો પણ વાંધો નથી. કારણ કે તેવા સૂત્રથી કેવળ પ્રત્યયની પદ સંજ્ઞા થઈ જશે તો પણ પ્રત્યયગ્રહણ૦ । પરિભાષાની ત્યાં પ્રવૃત્તિ થઈને સુવન્ત અને તિઙન્ત ની જ પદ સંજ્ઞા કહેવાશે આમ આ જ્ઞાપક સ્વાંશમાં ચરિતાર્થ થતું નથી.

નાગેશ આ શંકાનું સમાધાન કરતાં જણાવે છે કે પદ સંજ્ઞા કેવળ સુપ્ અને તિઙ્ પ્રત્યયોની જ થાય છે એવું નથી. કારણ કે સ્વાદિષ્વસર્વનામસ્થાને । 1-4-17 સૂત્રથી પણ પદ સંજ્ઞાનું વિધાન કરવામાં આવ્યું છે. આ સૂત્રથી અસર્વનામસ્થાન પ્રત્યય પરમાં રહેતાં પૂર્વની પ્રકૃતિની પદ સંજ્ઞા કરવામાં આવે છે. - આમ પદ ગ્રહણથી કેવળ સુપ્ અને તિઙ્ પ્રત્યયોનું જ ગ્રહણ થતું નથી. અપ્રત્યયનું પણ ક્યારેક ગ્રહણ થાય છે. અને પ્રત્યયાપ્રત્યયનું જ્યાં ગ્રહણ હોય ત્યાં પ્રત્યયગ્રહણે૦ । પરિભાષા પ્રવૃત્ત થતી નથી એવો સિદ્ધાન્ત છે. માટે પ્રત્યયગ્રહણે૦ । પરિભાષાની પ્રવૃત્તિ કરીને ઉપસ્થિત કરવામાં આવેલી ઉપર્યુક્ત શંકા સાચી નથી.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળે છે. અને ત્યાં આ પરિભાષાનાં જે જ્ઞાપક-પ્રયોજનો વર્ણવાયાં છે તેનો પુરુષોત્તમદેવાદિએ સ્વીકાર કર્યો છે.

કૃત્તદ્ધિતસમાસાશ્ચ । 1-2-46 સૂત્રમાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી. એવી સીરદેવની ચર્ચા નોંધપાત્ર છે. તથા પ્રકૃત પરિભાષાના જ્ઞાપક વિષે નાગેશ ભટ્ટે જે ઊહાપોહ કર્યો છે, તે પણ નોંધપાત્ર છે.

समासान्तो विधिरनित्यः ॥ ८२ ॥

(સમાસાન્ત વિધિ અનિત્ય છે.)

સમાસાન્ત વિધિ અનિત્ય છે. પરિણામે वहवाम्पि तडागानि । એ ઉદાહરણમાં ऋक्पूरब्धूःपथामानक्षे । 5-4-74 સૂત્રવિહિત (સમાસાન્ત) અ કાર થતો નથી.

ભાષ્યકારના મતે द्वित्रिभ्यां पादन्मूर्धसु वहुव्रीहौ । 6-2-197 એવાં સ્વરસૂત્રમાં સમાસાન્ત પ્રત્યય કર્યા વગરના मूर्धन् શબ્દના ઉપાદાનથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે. જો સમાસાન્ત પ્રત્યયો નિત્ય થતા હોય તો જેમ पादस्य लोपो हस्त्यादिभ्यः । 5-4-138 એ સૂત્રમાં पाद् અને वयसि दन्तस्य दतृ । 5-4-141 એ સૂત્રમાં दत् એવા કૃત્સમાસાન્ત શબ્દો નિર્દેશ્યા છે. તેમ द्वित्रिभ्यां पादन्मूर्धसु वहुव्रीहौ । 6-2-197 સૂત્રમાં मूर्धन् શબ્દ પણ કૃત્સમાસાન્ત નિર્દેશ્યો હોત. અને તો, 'मूर्धेषु' એવું પદ ઉચ્ચારવામાં આવ્યું હોત. 'मूर्धसु' એવો અકૃત્સમાસાન્ત નિર્દેશ સમાસાન્તવિધિનું અનિત્યત્વ જ્ઞાપિત કરે છે. આથી द्विमूर्धा । त्रिमूर्धा । અને द्विमूर्धः । त्रिमूर्धः । તેવાં બન્ને પક્ષમાં અન્તોદાત્ત થાય છે.

જ્યારે આ પરિભાષા ભાષ્યકારે જ જ્ઞાપિત કરી છે ત્યારે यस्माप्रत्यय-विधिस्तदादि प्रत्ययेऽङ्गम् । 1-4-13 સૂત્ર ઉપર ભાગવૃત્તિકારે જે કહ્યું છે કે 'સમાસાન્તવિધિ અનિત્ય છે' તેવી પરિભાષા નથી, કારણ કે ભાષ્યમાં તેનું કોઈ જ્ઞાપક નથી, તે જોયા વગર કહેવામાં આવ્યું છે.

વ્યાડિ : (૭૫)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનું જ્ઞાપક આ પ્રમાણે વર્ણવવામાં આવ્યું છે; अंश्वादि ગણમાં राजन् શબ્દનો પાઠ કરવામાં આવ્યો છે, કારણ કે प्रतिराजः । એવા ઉદાહરણોમાં प्रतेरंश्वादयस्तत्पुरुषे । 6-2-193 સૂત્રવિહિત અન્તોદાત્ત થાય.

હવે, આ अंश्वादि ગણમાં राजन् શબ્દનો પાઠ અનર્થક છે. કેમકે, राजाहःसखिभ्यष्टच् । 5-4-91 સૂત્ર વિહિત टच् પ્રત્યય चित्वात् । અન્તોદાન્ત થવાનો છે. તેવી સ્થિતિમાં આ પાઠ કરવાની જરૂર નથી. આમ अंश्वादि ગણમાં राजन् શબ્દનો પાઠ જ્ઞાપિત કરે છે કે સમાસાન્ત પ્રત્યયો અનિત્ય છે.

સીરદેવ : (૬૩)

કાશિકામાંથી સૂચન લઈને સીરદેવે આ પરિભાષાનું એક જ્ઞાપકાન્તર પણ આવ્યું છે જેમકે, સ્ફિગપૂતવીણાજ્જોધ્વકુક્ષિસીરનામનામ ચ । 6-2-187 સૂત્રસ્થ અધ્વન્ ગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે અપાધ્વા । જેવા ઉદાહરણમાં उपसर्गाध्वनः । 5-4-85 સૂત્રવિહિત સમાસાન્ત જ્યારે નહીં થાય ત્યારે ઉક્ત સૂત્રમાં અધ્વન્ ગ્રહણ કર્યું છે. તેથી અન્તોદાત્ત થશે.

આ પછી પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી સમગ્ર ચર્ચાને સર્વાંશે તેમણે સ્વીકારી છે. સીરદેવે ભાષ્યોક્ત જ્ઞાપકના સંદર્ભમાં એક સ્પષ્ટતા ઉમેરી છે:

જો કોઈ એમ કહે કે द्वित्रिभ्यां० । 6-2-197 સૂત્રમાં લાઘવાર્થે સમાસાન્ત નિર્દેશ કર્યો નથી, અન્યથા 'मूर्धेषु' એવું પદ મૂકતાં ગૌરવ થશે. તો સીરદેવ કહે છે કે ના, જો તેમ હોત તો 'मूर्धपादात्सु' – એવો નિર્દેશ કર્યો હોત.

નીલકંઠ : (૭૪)

તેમણે 'શબ્દકૌસ્તુભ'ને આધારે प्रतेरंश्वादयस्तत्पुरुषे । 6-2-183 એ સૂત્રમાં અન્તોદાત્ત અર્થે અશ્વાદિ ગણમાં राजन् શબ્દનો પાઠ કર્યો છે, તેને જ્ઞાપક રૂપે નિર્દેશ્યો છે.

હરિભાસ્કરઃ (૬૫)

આ પરિભાષાને ઉપકારક એવું વ્યાખ્યાન તેમણે કર્યું નથી.

નાગેશ : (૮૪)

તેમણે પણ કોઈ વિશેષ નોંધ મૂકી નથી.

ઉપસંહાર :

આ પરિભાષા ભાષ્યકાર પતંજલિએ સ્પષ્ટ કરેલી હોઈ તથા તેનાં અનેક જ્ઞાપકો મળતાં હોઈ કોઈ પરિભાષાવૃત્તિકારને વિશેષ કહેવાનું નથી. સૌએ એકમતથી આ પરિભાષાને સ્વીકારી છે.

संज्ञापूर्वको विधिरनित्यः ॥ ८३ ॥

(સંજ્ઞાપૂર્વકનો જે વિધિ હોય છે તે અનિત્ય હોય છે.)

સંજ્ઞાપૂર્વક એટલે કે સંજ્ઞાહેતુક (સંજ્ઞાને નિમિત્તે થનારાં) ગુણવૃદ્ધ્યાદિ કાર્યો અનિત્ય છે. આથી, ज्योतिषम् । એવા પ્રયોગમાં अधिकृत्य कृते ग्रन्थे ।

4-3-87 સૂત્રથી અણ્ પ્રત્યય પરમાં રહેતા વૃદ્ધિ થતી નથી. તથા પञ्चबाणः क्षिणोति । એ ઉદાહરણમાં ગુણ થતો નથી.

ओर्गुणः । 6-4-146 સૂત્રમાં गुणः । એવાં પદનું ગ્રહણ કર્યું છે તેનાથી આ પરિભાષાર્થ જ્ઞાપિત થાય છે. કારણ કે आरोत् એવું સૂત્ર રચવાને બદલે गुणः । પદનું ગ્રહણ કર્યું છે તે સંજ્ઞાપૂર્વક એવા વિધિને અનિત્યત્વનું બોધન કરવા માટે છે. પરિણામે धाम स्वायंभुवं ययुः ॥ कुमार० । 2-1 એ ઉદાહરણમાં उ (વર્ણાન્ત અંગ) ને ગુણનો અભાવ રહેતા, उवङ् સિદ્ધ રહે છે.

વ્યાડિ : (૫૨)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાના જ્ઞાપક રૂપે ओर्गुणः । 6-4-146 સૂત્રનો અને પ્રયોજન રૂપે स्वायंभुवः । એવા પ્રયોગનો ઉલ્લેખ કર્યો છે. આ બન્ને મુદ્દાઓનો બધા પરિભાષાવૃત્તિકારોએ સ્વીકાર કર્યો છે.

તેમણે પુરુષોત્તમદેવની ચર્ચાનો સંપૂર્ણ સ્વીકાર કર્યો છે. અને વિશેષમાં उतो वृद्धिर्लुकि हलि । 7-3-89 સૂત્રને પણ જ્ઞાપક રૂપે ચર્ચ્યું છે. આ ચર્ચા વ્યાખ્યાનના ઉત્તરાર્ધમાં ઘણી દૂરાકૃષ્ટ થવાથી પ્રત્યક્ષ અનુપકારી છે.

નીલકંઠ : (૭૮)

તેમણે આ પરિભાષાનો અર્થ વિશદ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે: તત્ત્વબોધિનીકારે આ પરિભાષાને સમજાવતાં કહ્યું છે કે જ્યાં વિધેય સમર્થક પદ સંજ્ઞા રૂપે ઉપસ્થિત થયું હોય તેને સંજ્ઞાપૂર્વકનો વિધિ કહે છે.[1] આને અનુસરીને નીલકંઠે જણાવ્યું છે કે વિધેય કોટિમાં જ્યાં સંજ્ઞાનું ઉપાદન કર્યું હોય ત્યાં જ આ પરિભાષા પ્રવૃત્ત થાય છે.

હરિભાસ્કર : (૭૩)

તેમણે સીરદેવની ચર્ચાનો સારસંગ્રહ કર્યો છે.

નાગેશ : (૯૩.૧)

પૂર્વાચાર્યોએ રજૂ કરેલા આ પરિભાષાના અર્થ અને પ્રયોજનને નિર્દેશ્યા પછી નાગેશે જણાવ્યું છે કે આ પરિભાષા સ્વીકાર્ય નથી. કારણ કે આ પરિભાષા ભાષ્યમાં મળતી નથી. તથા ભાષ્યમાં જે જ્ઞાપકવચનનો ઉલ્લેખ ન કર્યો હોય તેના

---

૧. विधेयसमर्पकं पदं यत्र संज्ञारूपं स एव संज्ञापूर्वको विधिरिति भावः । तत्त्वबोधिनी, भा-२, पृ० 159.

સાધુત્વનું બોધન કરવામાં ઉપયોગ કરવો જોઈએ નહીં, કારણ કે તેમ કરવા માટે કશું પ્રમાણ નથી. વળી, ભાષ્યમાં જે સૂત્રાક્ષરોના પ્રયોજનની વિચારણા ન કરવામાં આવી હોય તેના પારાયણ માત્રથી અદૃષ્ટની પ્રાપ્તિ થાય છે એવી કલ્પના કરવી જ ઉચિત છે. અર્તાત્ ओर्गुणः । 6-4-146 સૂત્રસ્થ गुणः । પદને ભાષ્યકારે જ્ઞાપક રૂપે વર્ણવ્યું નથી. તેથી આપણે તેને જ્ઞાપક રૂપે સ્વીકારી શકીએ નહીં.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં સૌ પ્રથમ આ પરિભાષાનું પ્રયોજન અને જ્ઞાપક વર્ણવાયાં છે. તેનો બધા જ પરિભાષાવૃત્તિકારોએ સ્વીકાર કર્યો છે. અને કાલિદાસ જેવા મહાકવિના स्वायंभुवः । એવા પ્રયોગનું સાધુત્વ બોધન કરવા માટે એનો ઉપયોગ કર્યો છે.

પરંતુ નાગેશ ભટ્ટે સ્પષ્ટ કર્યું છે કે स्वायंभुवः । એવો પ્રયોગ અસાધુ છે તથા આ પરિભાષા ભાષ્યમાં મળતી નથી, તેની સ્વીકાર્ય નથી.

अनित्यमागमशासनम् ॥ ८४ ॥

(આગમ વિધાયક સૂત્ર અનિત્ય હોય છે.)

આગમ વિધાયક શાસન (શાસ્ત્ર) અનિત્ય છે. આથી 'अपि शाकं पचानस्य ।' એ પ્રયોગમાં 'आने मुक्' । 7-2-82 સૂત્રથી मुक् આગમ થતો નથી. અને सागरं तर्तुमिच्छति । એ પ્રયોગમાં इट् આગમ થતો નથી.

स्तोः श्चुना श्चुः । 8-4-40 એ સૂત્રમાં नुम् આગમ કર્યા વગર 'स्तोः' એવો નિર્દેશ કર્યો છે. તેનાથી આ પરિભાષાર્થ જ્ઞાપિત થાય છે. અન્યથા અહીં स् च तुश्चेति । એવો સમાહાર દ્વન્દ્વ કરતાં ङस् પ્રત્યય પરમાં રહેતાં, नुम् આગમ કરીને 'स्तुनः' એવો નિર્દેશ કરવો જોઈએ.

વ્યાડિ : (૭૬)

'પરિભાષાસૂચન'માં थो न्थः । 7-1-87 એવાં સૂત્ર નિર્દેશને પ્રકૃતાર્થમાં જ્ઞાપક બનાવવામાં આવે છે. અહીં थो नुड् । એવું સૂત્ર કરવામાં આવ્યું હોત તો પણ નુડાગમથી न्थ એવો આ આદેશ સિદ્ધ રહેત. તેવી સ્થિતિમાં न्थः તેવો નિર્દેશ પ્રકૃત પરિભાષાનું અસ્તિત્વ જ્ઞાપિત કરે છે.

સીરદેવ : (૯૮)

તેમણે પુરુષોત્તમદેવે નિર્દેશેલાં પ્રયોજન અને જ્ઞાપકનો સ્વીકાર કર્યો છે. તેમણે વિશેષમાં બીજાં બે જ્ઞાપકો પણ રજૂ કર્યાં છે. જેમકે, (૧) आनि लोट् ।

8-4-18 આ સૂત્રમાં, જો આગમશાસ્ત્ર નિત્ય હોત તો આટ્ આગમ સહિતના નિ નું ઉપાદાન ન કર્યું હોત. (૨) ઘોલેપિા લેટિ વા । 7-3-70 એ સૂત્ર ઉપરની 'ન્યાસ' ટીકામાં વા ગ્રહણથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે, એમ જણાવ્યું છે.

આ ઉપરાંત સીરદેવે આગમશાસનમ્ એવો પ્રયોગ કેવી રીતે થયો ? તેની સુદીર્ઘ ચર્ચા કરી છે. જે થોડુંક વિષયાન્તર છે અને મૂળ પરિભાષાની ચર્ચામાં અનુપકારી છે.

નીલકંઠ : (૮૭)

તેમણે સીરદેવે બતાવેલાં જ્ઞાપક અને પ્રયોજન સ્વીકાર્યાં છે.

હરિભાસ્કર : (૧૦૦)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

નાગેશ : (૯૩.૨)

આ પરિભાષા ભાષ્યમાં નહીં હોવાથી નાગેશે તેનું પ્રત્યાખ્યાન કર્યું છે. ભાષ્યાનુક્ત જ્ઞાપક વિષે તેમણે અન્યત્ર[1] રજૂ કરેલો દૃષ્ટિકોણ મહત્ત્વનો છે. જેમકે, ભાષ્યમાં પઠિત ન હોય તેવા જ્ઞાપિતાર્થોથી શબ્દોનું સાધુત્વ બોધન કરવામાં કોઈ પ્રમાણ નથી.

આના અનુસન્ધાનમાં તેમણે વિશેષ સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે અષ્ટાધ્યાયીનાં સૂત્રોમાં જે અક્ષરોનું પ્રયોજન ભાષ્યકારે ન વિચાર્યું હોય તે અક્ષરોના પારાયણથી અદૃષ્ટની ઉત્પત્તિ થાય છે – તેમ માનવું જ વધારે ઉચિત છે.

નાગેશ ભટ્ટે સીરદેવે નિર્દેશેલાં બે જ્ઞાપકોનું પણ ખંડન કર્યું છે : (૧) આનિ લોટ્ । 8-4-98 સૂત્રસ્થ આટ્ ગ્રહણથી પ્રકૃતાર્થ જ્ઞાપિત થતો હોય તો પણ આનિ એવા પ્રયોગની સાર્થકતા નક્કી થતી નથી; કારણ કે આટ્ આગમ રહિતના નિ ના પ્રયોગની પ્રસિદ્ધિ જ નથી. (૨) એ જ પ્રમાણે, ભાષ્યકારે ઘોલેપિા લેટિ વા । 7-3-70 સૂત્રસ્થ વા ગ્રહણનું પ્રત્યાખ્યાન કર્યું હોઈને તેને પ્રકૃતાર્થમાં જ્ઞાપક નહીં બનાવી શકાય. વળી, કૈયટે આ વા ગ્રહણથી પ્રકૃત પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત કર્યું છે તે પણ ચિન્ત્ય છે. કેમકે ભાષ્યોક્ત પ્રત્યાખ્યાનની સાથે તેનો વિરોધ આવે છે.

---

૧. જુઓ : પરિભાષા- ૯૩.૫; પરિભાષેન્દુશેખર.

ઉપસંહાર :

કેટલાક વિશિષ્ટ પ્રયોગોની સિદ્ધિને અર્થે આ પરિભાષા રજૂ કરવામાં આવી છે. આ પરિભાષાના સમર્થન અંગે જુદાં જુદાં પ્રમાણો શોધી કાઢવામાં આવ્યાં છે. તથાપિ નાગેશ ભટ્ટના જણાવ્યા મુજબ આ પરિભાષા કે તેનાં જ્ઞાપકો ભાષ્યકારે કહ્યા નથી માટે આ પરિભાષા સ્વીકાર્ય નથી.

अङ्गाधिकारे तस्य तदुत्तरपदस्य च ॥ ८५ ॥

(અંગાધિકારમાં તેનું[1] અને તદુત્તરપદ–તદન્ત–નું ગ્રહણ થાય છે.)

અહીં પરિભાષામાં 'કાર્ય થાય છે' એટલો અંશ શેષ છે.[2] આવી પરિભાષા હોવાથી अस्थिदधि० । 7–1–75 સૂત્રોક્ત अनङ् આદેશ प्रियास्थ्ना । અને प्रियसक्थ्ना । જેવાં ઉદાહરણોમાં પણ સિદ્ધ રહે છે. અહીં ग्रहणवता० । (परि–78) વડે તદન્તવિધિનો નિષેધ થતો નથી.

युजेरसमासे । 7–1–71 સૂત્રમાં असमास ગ્રહણ કર્યું છે, તે પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. अश्वयुक् । જેવા ઉદાહરણમાં नुम् આગમ ન થાય તે માટે असमास ગ્રહણ કર્યું છે. જો અંગાધિકારમાં તેનું અને તદુત્તરપદનું ગ્રહણ ન થતું હોય તો अश्वयुक् । જેવા ઉદાહરણમાં युज् ધાતુને नुम् – આગમનો કોઈ પ્રસંગ જ નથી. એટલે તેનો નિષેધ કરવા માટે असमास ગ્રહણ કરવાની પણ જરૂર ન હોય.[3]

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૭૭)

તેમણે પુરુષોત્તમદેવનું સર્વાંશે અનુસરણ કર્યું છે. પુરુષોત્તમદેવે જણાવ્યું છે કે અહીં ग्रहणवता० । પરિભાષા પ્રવૃત્ત થતી નથી. તેના સન્દર્ભમાં સીરદેવ એમ જણાવે છે કે ग्रहणवता० । પરિભાષાનો આ પરિભાષા અપવાદ છે.

નીલકંઠ : (૩૬)

તેમણે આ પરિભાષાનો ભાષ્યોક્ત પાઠ સ્વીકાર્યો છે. જેમકે, पदाङ्गाधिकारे

---

૧. તેનું અર્થાત્ સૂત્રમાં નિર્દેશેલા શબ્દ સ્વરૂપનું.

૨. અર્થાત્ 'અંગાધિકારમાં તેને અને તદુત્તરપદને કાર્ય થાય છે.'

૩. પરંતુ असमास ગ્રહણ કર્યું છે, આથી જ્ઞાપિત થાય છે કે अङ्गाधिकारे तस्य तदुत्तदपदस्य च । એવી પરિભાષા છે.

तस्य च तदन्तस्य च । આથી તેમણે પરિભાષાર્થ આ પ્રમાણે આપ્યો છે : પદના અધિકાર (8-1-96)માં અને અંગના અધિકાર (6-4-1)માં વિધીયમાન કાર્ય તે પદ અને અંગને તથા તદન્તને પણ થાય છે. આથી अतित्वाम् । अतिमाम् । निर्जरसः । ઇત્યાદિની સિદ્ધિ થાય છે.

આ ઉપરાંત આ જ પરિભાષાને નીલકંઠે ૧૦૮ના ક્રમાંકથી ફરી રજૂ કરી છે. આ બીજી વાર રજૂ કરેલી પરિભાષાની સમજૂતી તેમણે આ પ્રમાણે આપી છે. येन विधिः० । 1-1-72 સૂત્રનો જ આ પ્રપંચ છે. તથા આ પરિભાષા ઉત્તરપદાધિકાર (6-3-1) માં પણ પ્રવૃત્ત થાય છે. પરંતુ તેવે પ્રસંગે उत्तरपद શબ્દને વિશેષ્ય બનાવીને તેના વિશેષણને તદન્તવિધિ કરવામાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી. हृदयस्य हृल्लेख० । 6-3-50 સૂત્રમાં लेख ગ્રહણ કર્યું છે, તેનાથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે. આ બીજીવાર રજૂ થયેલી પરિભાષા તેના પાઠની દૃષ્ટિએ જ પૂર્વોક્ત (અર્થાત્ પ્રકૃત) પરિભાષાની સાથે સામ્ય ધરાવે છે. વસ્તુતઃ આ બીજીવાર રજૂ થયેલી પરિભાષા ઉત્તરપદાધિકારમાં તદન્તવિધિનો બાધ કરવા માટે છે. અને આથી જ નાગેશ ભટ્ટે આ પરિભાષાપાઠ બદલીને उत्तरपदाधिकारे प्रत्ययग्रहणे न तदन्तग्रहणम् । 25 એવા સ્વરૂપે રજૂ કરી છે.

હરિભાસ્કર : (૭૯)

તેમણે પ્રારંભે સીરદેવને અનુસરીને આ પરિભાષાને રજૂ કરી છે, તથા તેની ચર્ચા કરી છે. પરંતુ આગળ ઉપર જણાવ્યું છે કે સૌત્રતદન્તવિધિથી જ અર્થાત્ येन विधिस्तदन्तस्य । 7-1-72 સૂત્રથી જ સકલ પ્રયોજનોની સિદ્ધિ થતી હોવાથી આવી પરિભાષા કરવાની કોઈ જરૂર નથી.

વળી, आ ग्रहणवता० । પરિભાષાનો વિષય છે; એમ પણ નહીં કહી શકાય. કારણ કે તે પરિભાષા તો समासप्रत्ययविधौ प्रतिषेधः । એવી પરિભાષાની સાથે સમાન વિષયવાળી છે. અર્થાત્ समासप्रत्ययविधौ० । નો અનુવાદ કરનારી છે.

નાગેશ : (૨૯)

તેમણે આ પરિભાષાનો પાઠ આ પ્રમાણે આપ્યો છે : पदाङ्गाधिकारे तस्य च तदन्तस्य ॥ નાગેશ ભટ્ટ આને સમજાવતાં જણાવે છે કે પદને તથા અંગને વિશેષ્ય માનીને વિશેષણથી તદન્તવિધિ કરવી. આ પરિભાષા येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રનો જ પ્રપંચ છે. આથી इष्टकेषीकामालानां चिततूलभारिषु । 6-3-65 સૂત્રથી इष्टकचितम् । અને पक्वेष्टकचितम् ।

એમ બન્ને ઉદાહરણોમાં હ્રસ્વ થાય છે. તથા सान्तमहतः संयोगस्य । 6-4-10 સૂત્રથી महान् । परममहान् । અને परमातिमहान् । વગેરેમાં દીર્ઘ થાય છે.

येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપર વાર્તિકકારે આ પરિભાષાનો "पदाङ्गाधिकारे तस्य च तदुत्तरपदस्य । એવો પાઠ રજૂ કર્યો છે. પરંતુ આ પાઠ સ્વીકારવાથી परमातिमहान् । જેવા ઉદાહરણમાં सान्तमहत संयोगस्य । 6-4-10 સૂત્રથી ઉપધાદીર્ઘ થશે નહીં. કારણ કે परमातिमहान् । એવા સમાસમાં महत् શબ્દ ઉત્તરપદમાં નથી, પરંતુ अतिमहत् શબ્દ ઉત્તરપદમાં છે. આથી ભાષ્યકારે ઉક્ત વાર્તિકમાં तदुत्तरपदस्य । એવા પદને સ્થાને ફેરફાર કરીને तदन्तस्य એવો શબ્દ મૂક્યો છે.

વિશેષમાં, નાગેશ જણાવે છે કે પ્રસ્તુત પરિભાષામાંના પદ શબ્દથી ઉત્તર-પદાધિકાર (6-3-1) અને કેવલ પદાધિકાર (8-1-16)નું પણ ગ્રહણ થાય છે. तथा पादस्य पदाज्यातिगोपहतेषु । 6-3-52 સૂત્ર જો કે ઉત્તરપદાધિકારમાં આવેલું છે, તથાપિ લક્ષ્યાનુરોધથી તે સૂત્રમાં तदन्तनुं ગ્રહણ થતું નથી.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. સૌથી પહેલા પુરુષોત્તમદેવે આ પરિભાષા 'ન્યાસ'માંથી સૂચન લઈને રજૂ કરી છે. તથા પુરુષોત્તમદેવને અનુસરીને સીરદેવ તથા હરિભાસ્કરે પણ આ જ પાઠ તથા તેનાં જ્ઞાપક-પ્રયોજ-નાદિની ચર્ચા કરી છે.

પરંતુ નીલકંઠે ભાષ્યચર્ચા ધ્યાનમાં રાખીને આ પરિભાષાના પાઠમાં ફેરફાર કર્યો છે. તથા સમગ્ર ચર્ચા દરમ્યાન ભાષ્યોક્ત પ્રયોજન તથા ભાષ્યસંદર્ભને ધ્યાનમાં રાખ્યા છે. આ જ દૃષ્ટિકોણને સાચવીને નાગેશ ભટ્ટે પણ ચર્ચા કરી છે. નીલકંઠ તથા નાગેશનો દૃષ્ટિકોણ વધુ શાસ્ત્રીય તથા ભાષ્યસંમત છે.

पर्जन्यवल्लक्षणप्रवृत्तिः ॥ ८६ ॥

(લક્ષણ-સૂત્ર-ની પ્રવૃત્તિ પર્જન્યની જેમ થાય છે.)

આ શાસ્ત્રમાં पर्जन्यवत् (મેઘની જેમ) લક્ષણની (સૂત્રની) પ્રવૃત્તિ થાય છે. જેમ કે; ભાષ્યમાં કહ્યું છે : "મેઘની જેમ આ શાસ્ત્ર કૃતકારિ[1] છે, પણ અગ્નિની

---

૧. 'કૃતકારિ શાસ્ત્ર' એટલે જે કાર્ય થઈ ગયું હોય તેની પણ પુનઃ પ્રવૃત્તિ કરે છે.

જેમ અકૃતકારિ નથી." જો શાસ્ત્ર અકૃતકારિ હોત તો દીર્ઘને (ફરીથી) દીર્ઘનું વિધાન ન થતું હોત, જેમ અગ્નિ પણ બાળેલાને (ફરીથી) બાળતો નથી. પરંતુ જ્યારે શાસ્ત્ર કૃતકારિ હોય છે ત્યારે જે (કાર્ય) થયું હોય તે પણ (ફરીથી) (પ્રવૃત્ત) કરે છે. જેમકે; खट्वाढकम् । આ ઉદાહરણમાં દીર્ઘને પણ દીર્ઘ સિદ્ધ રહે છે. મેઘ જળમાં અને સ્થળમાં (પણ) વર્ષે છે.

આ પરિભાષામાં प्रवाहणस्यापत्यं प्रावाहणेयः । અહીં शुभ्रादिभ्यश्च । 8-1-123 સૂત્રથી ઢક્ પ્રત્યય કર્યા પછી प्रवाहणस्य ढे । 7-3-28 સૂત્રથી (વિકલ્પે) ઉભયપદની વૃદ્ધિનું વિધાન કર્યું છે. તે જ્ઞાપક છે. ઉપર્યુક્ત ઉદાહરણમાં પૂર્વપદ 'પ્ર' શબ્દને વિકલ્પે તથા ઉત્તરપદ 'વાહણ' શબ્દમાં પણ નિત્ય વૃદ્ધિ થાય છે.

प्रवाहणेयीभार्यः । આ રૂપમાં 'वृदिधनिमित्तस्य च तद्धितस्यारक्त-विकारे । 6-3-39 સૂત્રોક્ત પુંવદ્ભાવપ્રતિષેધને માટે આ વૃદ્ધિનું વિધાન નથી; કારણ કે जातेश्च । 6-3-41 તેવા સૂત્રથી જ તે પ્રતિષેધ સિદ્ધ છે. આ ઉદાહરણમાં गौत्रञ्च चरणैः सह: । (મહાભાષ્યઃ 4-1-63 સૂત્રભાષ્ય) તેવા વચન સામર્થ્યથી જાતિત્વ છે. માટે આ વૃદ્ધિવિધાન પ્રકૃતાર્થમાં જ્ઞાપક જ છે.

વ્યાડિ : (૬૪)

આ પરિભાષાના જે જ્ઞાપક અને પ્રયોજન પુરુષોત્તમદેવે ચર્ચ્યા છે, તે 'પરિભાષાસૂચન'માં પ્રાપ્ત થાય છે.

સીરદેવ (૮૭)

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી સમગ્ર ચર્ચાને સીરદેવે સ્વીકારી છે. પરંતુ તેમણે આ પરિભાષાના જ્ઞાપકની પુનઃ સમીક્ષા કરી છે. જેમકે, जातेश्च । 6-3-41 સૂત્રમાં स्वाङ्गाच्चेतोऽमानिनि । 6-3-42 સૂત્રની આવૃત્તિ આવતી હોવાથી प्रवाहणेयमानिनी । એવા શબ્દમાં मानिनि શબ્દ પરમાં રહેતાં પુંવદ્ભાવનો વ્યાપાર થતો નથી; એવી સ્થિતિમાં वृद्धिनिमित्तस्य 6-3-39 સૂત્રોક્ત પુંવદ્ભાવપ્રતિષેધને અર્થે વૃદ્ધિવિધાન નથી.

પરંતુ जातेश्च । 6-3-41 સૂત્રથી પુંવદ્ભાવપ્રતિષેધ સિદ્ધ હતો તેવી સ્થિતિમાં वृद्धिनिमित्तस्य ० । 6-3-39 સૂત્રોક્ત પુંવદ્ભાવપ્રતિષેધ કરવા માટે प्रवाहणस्य ढे । 7-3-28 સૂત્રથી વૃદ્ધિનું વિધાન કર્યું છે તે जातेश्च । 6-3-41 નું અનિત્યત્વ જ્ઞાપન કરવા માટે છે. તેવું ન્યાસકારે વ્યાખ્યાન કર્યું

છે. તેથી प्रवाहणस्य ढे । 7-3-28 સૂત્ર પ્રકૃતાર્થમાં જ્ઞાપક ન બનવું જોઈએ. આવી શંકાનું સમાધાન કરતાં સીરદેવે જણાવ્યું છે કે જ્યારે વ્યક્તિપક્ષ લેશો ત્યારે આ જ્ઞાપક બની શકશે.[૨]

નીલકંઠ : (૧૧૧)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

હરિભાસ્કર : (૯૦)

તેમણે પણ કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

નાગેશ : (૧૧૧)

'પરિભાષેન્દુશેખર'માં પણ કોઈ વિશેષ નોંધ નથી. તેમણે નીલકંઠના વ્યાખ્યાનનું અનુસરણ કર્યું છે.

ઉપસંહાર :

આ પરિભાષા લોકન્યાયસિદ્ધા છે. આ લોકન્યાય ભાષ્યોક્ત છે. તેનાથી શાસ્ત્રપ્રવૃત્તિનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે. આ પરિભાષા વિશે પરિભાષાવૃત્તિકારો વચ્ચે કોઈ મતભેદ નથી.

चानुकृष्टमुत्तरत्र नाभिसंबध्यते ॥ ८७ ॥

(च કારથી અનુવૃત્ત થતું પદ કે સૂત્ર ઉત્તરત્ર પ્રત્યેક સૂત્રોની સાથે જોડાતું નથી.)[૧]

આથી वदः सुपि क्यप् च । 3-1-106 એ સૂત્રમાં च કાર વડે અનુ-

---

૨. શ્રીમાન્શર્મા આ સમાધાનને વિશદ કરતાં કહે છે કે વ્યક્તિપક્ષમાં જેટલાં ઉદાહરણો હોય છે એટલાં સૂત્રો હોય છે. અહીં प्रवाहणेयमानिनी ને અર્થે જ્યારે जातेश्च । 6-2-81 સૂત્ર હશે ત્યારે તે જ્ઞાપક નહીં બને. પણ જ્યારે प्रवाहणेयीभार्यः । રૂપને માટે હશે ત્યારે તે જ્ઞાપક બનશે જ.

૧. અર્થાત્ च કારથી અનુવૃત્ત થતું પદ કે સૂત્ર ઉત્તરવર્તી એક જ સૂત્રમાં અનુવૃત્ત થાય છે.

કૃષ્ટ યત્ પ્રત્યયની મુવો ભાવે । 3-1-107 સૂત્રમાં અનુવૃત્તિ આવતી નથી. કેવળ ક્યપ્ પ્રત્યય જ થાય છે. ब्रह्मभूयमिति ।

અહીં સ્વરિતત્વની પ્રતિજ્ઞાથી પ્રાપ્ત થતો અર્થ જ પરિભાષાવચન રૂપે રજૂ કરવામાં આવે છે. વળી, अव्ययेऽयथाभिप्रेताख्याने कृञः क्त्वाणमुलौ । 3-4-59 એ સૂત્રમાં णमुल् પ્રત્યયનો અધિકાર આવતો હોવા છતાંય ફરીથી णमुल् નું ગ્રહણ કર્યું છે તે અહીં જ્ઞાપક છે. આ ઉત્તરાર્ધ છે. જો च કાર વડે અનુકૃષ્ટ થયેલું પદ પણ ઉત્તરના સૂત્રમ, અનુવૃત્ત થતું હોય તો લાઘવાર્થે- अव्ययेऽयथाभिप्रेताख्याने कृञः क्त्वा च । એવું જ કહ્યું હોત.

આ પરિભાષા અનિત્ય છે. प्रातिपदिकान्तनुम्विभक्तिषु च । 8-4-11 એ સૂત્રમાં च કાર વડે અનુકૃષ્ટ થતા વિકલ્પનીય[૫] નિવૃત્તિને માટે एकाजुत्तरपदे णः । 8-4-12 સૂત્રમાં पुनः ण ગ્રહણ કર્યું છે; તેનાથી આ અનિત્યત્વ જ્ઞાપિત રહે છે.

વ્યાડિ : (૫૯)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા ઉલ્લેખ પામી છે. અને તેના જ્ઞાપક અને પ્રયોજનો વર્ણવ્યાં છે. તે બધાંને પુરુષોત્તમદેવે પોતાની વૃત્તિમાં સ્વીકાર્યાં છે. બીજી કોઈ વિશેષ નોંધ નથી.

સીરદેવ : (૪૬)

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી ચર્ચાને સીરદેવે સર્વાંશે સ્વીકારી છે. પરંતુ આ પરિભાષાની પ્રવૃત્તિ ક્યાં અને ક્યારે કરવી, તે વિષે સીરદેવે એક વિશેષ સ્પષ્ટતા કરી છે. તેમણે જણાવ્યું છે કે જ્યાં સ્વરિતત્વની પ્રતિજ્ઞાથી અનુવૃત્તિ સિદ્ધ રહેતી હોય ત્યાં च કાર વડે અનુકર્ષણ કરવામાં આવે તો ત્યાં આ પરિભાષાની પ્રવૃત્તિ થાય છે. પણ જ્યાં પ્રતિયોગિને જોઈને અનુવૃત્તિની નિવૃત્તિ પ્રાપ્ત થતી હોય ત્યાં च કાર વડે અનુકર્ષણ કર્યું હોય તો આ પરિભાષા ઉપસ્થિત થતી નથી. અહીં મૈત્રેયના મતે આ પરિભાષાની પ્રવૃત્તિ સામાન્ય સ્વરૂપે થાય છે.

નીલકંઠ : (૫૭)

તેમણે આ પરિભાષાને અનિત્ય માની છે; અને તેમાં પ્રમાણ રૂપે तयोरेव कृत्यक्तखलर्थाः । 3-4-70 સૂત્રોક્ત एव કાર ગ્રહણ છે તેમ જણાવ્યું છે.

---

૫. वा भावकर्मणोः । 8-4-90

હરિભાસ્કર : (૪૮)

તેમણે સીરદેવની ચર્ચાનો સાર-સંગ્રહ કર્યો છે.

નાગેશ : (૭૮)

નીલકંઠને અનુસરીને આ પરિભાષાની ચર્ચા કર્યા પછી નાગેશ પ્રકૃત પરિભાષાનું પ્રત્યાખ્યાન કરે છે. તેમણે જણાવ્યું છે કે लुटि च क्लृपः । 1-3-93 સૂત્રભાષ્યમાં ભાષ્યકારે અનુવૃત્ત્યર્થક જ્યાં જ્યાં च કાર ગ્રહણ કર્યું છે; તે દરેકનું પ્રત્યાખ્યાન કર્યું છે. આમ, આ પરિભાષા ભાષ્ય-વિરુદ્ધ છે. ભાષ્યકારનો આશય તો એ છે કે વ્યાખ્યાનથી જ અનુવૃત્તિની પ્રવૃત્તિ કે નિવૃત્તિ જાણવી જોઈએ.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં રજૂ થયેલા આ પરિભાષાના જ્ઞાપકપ્રયોજનાદિની ચર્ચા પુરુષોત્તમદેવાદિએ સ્વીકારી છે. પરંતુ આવી પરિભાષા સ્વીકારવાની જરૂર નથી. કેમકે અનુવૃત્તિ વિષયક નિર્ણયો ભાષ્ય-વ્યાખ્યાનથી જ લેવાના રહે છે.

अर्थाद्विभक्तिविपरिणामः ॥ ८८ ॥

(અર્થાનુસાર વિભક્તિમાં વિપરિણામ—ફેરફાર—કરવામાં આવે છે.)

આ લોકવ્યવહારથી જ સિદ્ધ રહેતો અર્થ કહેવામાં આવે છે. જેમકે, "આ દેવદત્તનાં ઘર ઊંચાં છે. એને તું બોલાવ." એવું કહેતાં ષષ્ઠી વિભક્તિને બીજી વિભક્તિમાં ફેરવીને[1] "આ દેવદત્તને (બોલાવ)" તેની સાથે સંબંધ કરવામાં આવે છે. આ જ પ્રમાણે શાસ્ત્રમાં પણ. आङो नाऽस्त्रियाम् । 7-3-120 એ સૂત્રમાં અનુવૃત્ત થતા ષષ્ઠ્યન્ત 'घेः' એવા પદને અર્થનું પર્યાલોચન કરીને પંચમી વિભક્તિમાં ફેરવવામાં આવે છે. તેથી સૂત્રાર્થ આ પ્રમાણે થાય છે: "घि સંજ્ઞકથી ઉત્તરપદમાં આવેલા आङ् ને 'ना' ભાગ થાય છે." તેવી રીતે अतो येयः । 7-2-80 એ સૂત્રમાં ઉચ્ચરિત પંચમ્યન્ત 'आतः' તેવું પદ, आने मुक् । 7-2-80 સૂત્રમાં ષષ્ઠ્યન્ત રૂપે ફેરવવામાં આવે છે. (એટલે સૂત્રાર્થ આમ થશે:)" "आन પરમાં રહેતા अ કારને मुक् આગમ થાય છે." તેથી 'पचमान' વગેરે રૂપો સિદ્ધ થાય છે.

---

૧. વિપરિણામ કરીને. વિભક્તિ-વિપરિણામને માટે ભાષ્યકારે 'ઊહ' શબ્દ વાપર્યો છે. જુઓ : 'વ્યાકરણ-મહાભાષ્ય'ના પ્રથમ આહ્નિકમાં વ્યાકરણાધ્યયનમાં પ્રયોજનોની ચર્ચા.

વ્યાડિ : (૬૨)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાને લોકન્યાયસિદ્ધ વર્ણવ્યા પછી તેની જ્ઞાપકચર્ચા પણ કરી છે. જેમકે, सुप्प्रतिना मात्रार्थे । 2-1-9 આ સૂત્રમાં सह सुपा 2-1-4 સૂત્રમાંથી તૃતીયાનિર્દિષ્ટ सुप् ગ્રહણની અનુવૃત્તિ આવે છે. પરિણામે તૃતીયાનો નિર્દેશ નહીં કરવામાં આવે તો પણ તૃતીયા વિભક્તિનું જ્ઞાન થશે. વળી, प्रति થી ઉત્તરમાં આવેલી વિભક્તિનું अव्ययादाप्सुपः । 2-4-83 સૂત્રથી लुक् થવાથી શ્રવણ ન થવું જોઈએ. છતાંય સૂત્રમાં તૃતીયા વિભક્તિનો નિર્દેશ કર્યો છે તે જ્ઞાપકાર્થે છે.

ત્યાં વિશેષમાં જણાવ્યું છે કે एकवच्चास्यान्यतरस्याम् । 1-2-69, वश्चास्यान्यतरस्याम् । 6-1-39 જેવાં સૂત્રોમાં अस्य ગ્રહણથી આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે.

સીરદેવ : (૧૨૦)

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી આ પરિભાષાની ચર્ચાનો સીરદેવે સર્વાંશે સ્વીકાર કર્યો છે. વિશેષમાં તેમણે જણાવ્યું છે કે આ પરિભાષા તે अभिधेयवल्लिङ्गवचनानि भवन्ति । એવી પરિભાષાનો જ પ્રપંચ છે.

નીલકંઠ : (–)

તેમની 'પરિભાષાવૃત્તિ'માં આ પરિભાષા મળતી નથી.

હરિભાસ્કર : (૧૨૨)

તેમણે આ પરિભાષાના પાઠમાં ફેરફાર કરીને अर्थवशाद्विपरिणामः । એવો પાઠ રજૂ કર્યો છે. આથી વિશેષ કોઈ બીજી ચર્ચા કરી નથી.

નાગેશ : (–)

તેમણે આ પરિભાષાને રજૂ કરી નથી.

ઉપસંહાર :

પાણિનિનાં સૂત્રોનું અર્થઘટન કરવામાં સહાયક બનતી આ પરિભાષા સૌ પ્રથમ 'પરિભાષાસૂચન'માં રજૂ થઈ છે. આ પરિભાષાની અગત્ય વિચારીને પુરુષોત્તમદેવ-સીરદેવ અને હરિભાસ્કરે તેને સ્વીકારી છે. ठस्येकः । 7-3-50 સૂત્ર ઉપરના ભાષ્યમાં પણ આ ન્યાય સ્વીકારવામાં આવ્યો છે. પરંતુ કાશીની વૈયાકરણ પરંપરાના નીલકંઠ અને નાગેશે તેને સ્વીકારી નથી.

उदित् सवर्णं गृहणाति न सवर्णमात्रम् ॥ ८९ ॥

(उ કારેત્ સંજ્ઞક વર્ણો પોતાના સવર્ણોનું ગ્રહણ કરે છે, પરંતુ સવર્ણમાત્રનું ગ્રહણ કરતા નથી.)

अणुदित्सवर्णस्य चाप्रत्ययः । 1-1-69 સૂત્રથી उदित् વર્ણો સ્થાન પ્રયત્ન વડે વિશિષ્ટ[1] થયા હોય એવા જ સવર્ણોનું ગ્રહણ કરે છે. પણ સવર્ણમાત્રનું ગ્રહણ કરતા નથી. આથી चो कुः । 8-2-30 સૂત્રમાં कु ગ્રહણ કરવાથી (સ્થાન—પ્રયત્ન સમાન હોવા છતાંય) ह કારનું ગ્રહણ થતું નથી.

न विभक्तौ तुस्माः । 1-3-4 સૂત્રમાં तु ગ્રહણ કર્યું હોવા છતાંય स् કારનું પૃથક્ ગ્રહણ કર્યું છે; તે અહીં જ્ઞાપક છે.

વ્યાડિ : (૫૫)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનો પાઠ આ પ્રમાણે મળે છે: उदित्-स्ववर्गमेव गृहणाति न सवर्णमात्रम् । અહીં પણ न विभक्तौ तुस्माः । 1-3-4 સૂત્રને જ જ્ઞાપક દર્શાવવામાં આવ્યું છે. ત્યાં પ્રયોજન વિચારણા કરતા જણાવ્યું છે કે चोः कुः । 8-2-30 સૂત્રમાં चु ગ્રહણથી श કારનું ગ્રહણ થતું નથી; તેની कुत्व થતું નથી. અને પરિણામે विड् । એવું રૂપ સિદ્ધ થાય છે.

સીરદેવ (૧૭)

તેમણે પુરુષોત્તમદેવની ચર્ચાનો સર્વાંશે સ્વીકાર કર્યો છે. વિશેષમાં, તેમણે જણાવ્યું છે કે આ પરિભાષાનો અર્થ ન્યાયસિદ્ધ જ છે. જેમકે, સ્થાન-પ્રયત્ન વડે જે બે વર્ણો સદશ હોય તેમની સવર્ણસંજ્ઞા કરવામાં આવી છે. આ સંદર્ભમાં त કાર અને स કાર જેવા સ્પર્શાક્ષર અને ઊષ્માક્ષરના પ્રયત્નભેદને કારણે જ તેમની વચ્ચે સાવર્ણ્ય નથી. એવી સ્થિતિમાં 'तुस्माः' એવો નિર્દેશ કેવી રીતે જ્ઞાપક બની શકે? છતાંય સુખપ્રતિપત્યર્થે આ ન્યાયસિદ્ધ અર્થને જ્ઞાપક વડે રજૂ કરવામાં આવે છે.

આ ઉપરાંત, સીરદેવે "ન્યૂનાધિક ગુણો વાળા વર્ણોમાં સાવર્ણ્ય રહેતું નથી." એવા અભિપ્રાયને માનવો જોઈએ, એ મુદ્દાને પણ વિસ્તારથી વિગતે સમજાવ્યો છે.

---

૧. સ્થાન-પ્રયત્ન વડે વિશેષિત થયા હોય.

નીલકંઠ (૧૩૧)

તેમણે આ પરિભાષાને 'પ્રક્ષિપ્ત' જણાવી છે. કારણ તે ભાષ્યમાં મળતી નથી.

હરિભાસ્કર (૧૭)

તેમણે પુરુષોત્તમદેવ તથા સીરદેવની ચર્ચાનું અનુકરણ કર્યું છે. પરંતુ કોઈ વિશેષ નોંધનીય મુદ્દો રજૂ કર્યો નથી.

નાગેશ (–)

તેમના 'પરિભાષેન્દુશેખર'માં આ પરિભાષા પ્રાપ્ત થતી નથી.

ઉપસંહાર :

સૌ પ્રથમ 'પરિભાષાસૂચન'માં આ પરિભાષા પ્રાપ્ત થાય છે. તથા અહીં ચર્ચવામાં આવેલા આ પરિભાષાનાં જ્ઞાપક અને પ્રયોજનનો પુરુષોત્તમદેવાદિએ સ્વીકાર કર્યો છે. પુરુષોત્તમદેવાદિએ આ પરિભાષાના પાઠમાં ફેરફાર કર્યો છે, તથાપિ જ્ઞાપકચર્ચાના અનુસન્ધાનમાં વિચારતાં જણાય છે કે 'પરિભાષાસૂચન' માં મળતો પાઠ વધુ ઉચિત છે. સીરદેવે આ પરિભાષાની જ્ઞાપકચર્ચા અને પ્રયોજન વિચારણા પુરુષોત્તમદેવને અનુસરીને સ્વીકારી હોવા છતાંય તેમણે આ પરિભાષાર્થ અપૂર્વ નથી, એ મુદ્દા પરત્વે ધ્યાન જરૂર ખેંચ્યું છે. આ જ મુદ્દો સૂક્ષ્મતાથી વિચારાતાં છેવટે કાશીની વૈયાકરણ પરંપરામાં આ પરિભાષા અસ્વીકાર્ય બની.

કાશીની વૈયાકરણ પરંપરામાં નીલકંઠે આ પરિભાષાને 'પ્રક્ષિપ્ત' પરિભાષાઓના વિભાગમાં મૂકી છે, તથા નાગેશે તેને રજૂ જ કરી નથી.

सर्वविधिभ्य इडिवधिर्बलीयान् ॥ ९० ॥

(બધા વિધિઓ કરતાં ઇડ્ વિધિ બળવાન છે.)

આ પરિભાષા વડે श्वयित्वा । એ ઉદાહરણમાં સંપ્રસારણની પૂર્વે ઇડ્ આગમ[1] જ થાય છે. ત્યાર પછી न क्त्वा सेट् । 1–2–18 સૂત્રોક્ત ક્ત્વા–પ્રતિષેધથી સંપ્રસારણનો અભાવ[2] રહે છે.

–सनि ग्रहगुहोश्च । 7–2–12 એ સૂત્રમાં उग् નું અનુકર્ષણ કરવા માટે

---

૧. आर्धधातुकस्येड् वलादेः । 7–2–35

૨. वचिस्वपियजादीनां किति च । 6–1–95 સૂત્રથી કિત્‌ના નિમિત્તે સંપ્રસારણનું વિધાન કરવામાં આવ્યું છે; તેની હવે અપ્રવૃત્તિ થશે.

ચ કારનું ગ્રહણ કર્યું છે તે અહીં જ્ઞાપક છે. નહીં તો રુરુષતિ । વગેરે રૂપોમાં ઇકો ઝલ્ । 1-2-9 સૂત્રથી સન્ ને કિત્વ થતાં શ્રયુકઃ કિતિ । 7-2-11 સૂત્ર વડે જ ઇડ્ નો પ્રતિષેધ સિદ્ધ છે, તેવી સ્થિતિમાં ઉક્ ના અનુકર્ષણનું શું પ્રયોજન હતું ? પરંતુ આચાર્ય પાણિનિ જાણે છે કે ઇડ્ વિધિ બળવાન છે માટે ઇડ્ વિધિની પહેલાં પ્રવૃત્તિ થઈ જતાં ઝલાદિત્વનો અભાવ રહેવાથી કિત્વ નથી.[3] તેથી ચ કાર વડે ઉગ્ નું અનુકર્ષણ કરે છે.

વ્યાડિ : (૫૬)

આ પરિભાષાનાં જે જ્ઞાપક અને પ્રયોજન 'પરિભાષાસૂચન'માં ચર્ચેલાં જોવા મળે છે, તેનો પુરુષોત્તમદેવે પોતાની 'લઘુપરિભાષાવૃત્તિ'માં સ્વીકાર કર્યો છે.

સીરદેવ : (૯૨)

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી ચર્ચાનો સીરદેવે સર્વાંશે સ્વીકાર કર્યો છે.

નીલકંઠ : (૧૩૬)

તેમણે આ પરિભાષાની કોઈ ચર્ચા કરી નથી. પરંતુ તેને ભાષ્યમાં અવ્યવહતા અને પરિણામે નિર્મૂલા કહી છે.

હરિભાસ્કર : (૮૫)

પુરુષોત્તમદેવાદિનું તેમણે અનુસરણ કર્યું છે.

નાગેશ : (૯૩.૭,૮)

આ પરિભાષા ભાષ્યમાં અનુક્ત હોઈ તેમને માટે પણ અસ્વીકાર્ય છે.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'ના વ્યાખ્યાનમાં પહેલ-વહેલી આ પરિભાષાની ચર્ચા જોવા મળે છે. તે મુજબ પુરુષોત્તમદેવાદિએ પણ આ પરિભાષાની ચર્ચા કરી છે. પરંતુ નીલકંઠે અને નાગેશે આ પરિભાષાની ચર્ચા કર્યા વિના જ ભાષ્યમાં અનુક્ત હોવાને કારણે અસ્વીકાર્ય જાહેર કરી છે.

---

૩. ઇટ્ ની પ્રથમ પ્રવૃત્તિ થતાં (રુરુ+ઇ+સન્+તિ) આ સ્થિતિમાં ઝલાદિ સન્ પરમાં રહેતો નથી. પરિણામે શ્રયુકઃ કિતિ । 7-2-11 નિષેધ લાગતો નથી.

सर्वविधिभ्यो लोपविधिर्बलवान् ॥ ९१ ॥

(બધા વિધિઓ કરતાં લોપવિધિ બળવાન છે.)

આ પરિભાષા વડે तानि सन्ति ।–એ ઉદાહરણમાં अस् ધાતુના अ કારનો લોપ, यण् આદેશની પહેલાં સિદ્ધ રહે છે.

प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । 1–3–62 એવું સૂત્ર આ પરિભાષાના અસ્તિત્વમાં જ્ઞાપક છે. જો આ પરિભાષા ન હોય તો પહેલાં જ પ્રત્યય–આશ્રિત કાર્ય કરીને પછીથી પ્રત્યયનો લોપ કરવાથી ઇષ્ટ સિદ્ધિ થઈ જાય છે. અને તે રીતે આ સૂત્ર અનર્થક બની જાય છે.

પ્રયોજનના અભાવને કારણે ભાષ્યમાં આ પરિભાષા સ્વીકારાઈ નથી. वार्णादाङ्गं बलीयः । જેવા પ્રકારાન્તર વડે ઉક્ત ઉદાહરણો સિદ્ધિ રહે છે.

વ્યાડિ : (૫૭)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનું જે જ્ઞાપક રજૂ થયું છે, તેનો પુરુષોત્તમદેવે સ્વીકાર કર્યો છે. અહીં તે सन्ति । જેવાં ઉદાહરણોમાં अयू આદેશની પૂર્વે લોપની પ્રવૃત્તિ થાય–તેને પ્રયોજન રૂપે વર્ણવવામાં આવ્યું છે.

સીરદેવ : (૧૧૧)

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી ચર્ચાનો સીરદેવે સર્વાંશે સ્વીકાર કર્યો છે.

નીલકંઠ : (૧૩૭)

નીલકંઠે પણ આ પરિભાષાને ભાષ્યમાં અવ્યવહૃત તથા નિર્મૂલ જાહેર કરી છે. પણ વિશેષમાં, તેમણે પૂર્વાચાર્યોએ રજૂ કરેલાં જ્ઞાપકનું ખંડન પણ કર્યું છે. જેમકે ह्रांशीः । જેવા ઉદાહરણમાં क्विप् પ્રત્યયનો અંતરઙ્ગત્વને કારણે લોપ થઈ જતાં ઇત્ત્વ કરવા માટે प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । 1–1–62 સૂત્રની આવશ્યકતા છે, તે વ્યર્થ નથી. આમ, ઉક્તસૂત્ર પ્રકૃત પરિભાષાના અસ્તિત્વમાં જ્ઞાપક બની શકશે નહીં.

હરિભાસ્કર : (૧૧૩)

હરિભાસ્કરે પૂર્વાચાર્યોએ નિર્દેશેલા આ પરિભાષાના પ્રયોજન અને જ્ઞાપકનું ખંડન કર્યું છે. જેમકે : कानि सन्ति । ઉદાહરણમાં यण् આદેશની પૂર્વે અ કાર લોપની પ્રવૃત્તિ થાય છે, તેમ સીરદેવે જણાવ્યું છે. પણ તે ઉચિત નથી. કારણકે यण् આદેશની પૂર્વે પરત્વ અને નિત્યત્વને કારણે અ કાર લોપની પ્રવૃત્તિ થાય

છે. અહીં અંતરંગત્વને કારણે પહેલાં યણ્ આદેશની આશંકા નહીં કરવી જોઈએ. કેમકે તેમ કરવામાં अकृतव्यूहाः ० । પરિભાષાનો વિરોધ આવે છે.

जगत् । આ ઉદાહરણમાં અંતરંગત્વને કારણે (गम्लृ ધાતુથી પરમાં આવેલાં) क्विप् પ્રત્યયનો લોપ થતાં गमः क्वौ । 6-4-40 સૂત્રથી અનુનાસિક (म्) નો લોપ થાય છે. ત્યાર પછી ह्रस्वस्य पिति कृति तुक् । 6-1-71 સૂત્રથી (क्विबाश्रित पित्-निमित्तक) तुक् આગમ થયો છે. આમ, प्रत्ययलोपे० । 6-1-62 સૂત્ર ઉપયોગી છે. (એટલે કે તે પ્રકૃતાર્થમાં જ્ઞાપક બની શકશે નહીં.)

હરિભાસ્કરે જ્ઞાપકનું ખંડન કરવા માટે નીલકંઠમાંથી સૂચન મેળવ્યું હશે એમ જણાય છે.

નાગેશ : (૯૩.૬,૮)

તેમણે આ પરિભાષાઓનો सर्वविधिभ्यो लौपविधिरिङ्विधिश्च बलवान् । એમ એકત્ર નિર્દેશ કર્યો છે. પરંતુ આ પરિભાષાઓને સમજાવી નથી. તેમને વિષે કેવળ એટલી નોંધ મૂકી છે કે તે ભાષ્યમાં અનુક્ત હોઈ સ્વીકાર્ય નથી.

ઉપસંહાર :

આ પરિભાષા પ્રથમ 'પરિભાષાસૂચન'માં જોવા મળે છે. તેનાં જ્ઞાપક-પ્રયોજનાદિનો પુરુષોત્તમદેવ અને સીરદેવે સ્વીકાર કર્યો છે. પરંતુ નીલકંઠ અને હરિભાસ્કરે તેમનું ખંડન કરી નાખ્યું છે. નાગેશ ભટ્ટ તો કેવળ ભાષ્યમાં અનુક્ત હોઈ અસ્વીકાર્ય કહી છે અને તે પરિભાષા વિષે કોઈ વિષે કોઈ વિશેષ ચર્ચા જ કરી નથી.

प्रत्ययाप्रत्ययोः प्रत्ययस्यैव ग्रहणम् ॥ ९२ ॥

(પ્રત્યય અને અપ્રત્યય ઉભયના ગ્રહણ-પ્રસંગે પ્રત્યયનું જ ગ્રહણ થાય છે.)

આ પરિભાષા પણ ભાષ્યમાં મળતી નથી.[1] કારણકે अर्थवद्ग्रहणे० । પરિભાષા વડે જ આનો અર્થ સમજાઈ જાય છે અથવા તો પ્રાપ્ત થઈ જાય છે. આ

---

૧. અહીં 'भाष्ये नोपगता' નો અર્થ "ભાષ્યમાં આ પરિભાષા મળતી નથી" એવો નહીં કરવો જોઈએ. પરંતુ "ભાષ્યમાં સ્વીકારાઈ નથી" એવો કરવો જોઈએ. કારણ કે अङ्गस्य । 6-4-1 સૂત્ર ઉપરના ભાષ્યમાં આ પરિભાષાનો ઉલ્લેખ તો છે.

ઉપરાંત अपृक्त एकाल् प्रत्ययः । 1-2-41 સૂત્રમાં 'પ્રત્યય'નું ગ્રહણ કર્યું છે.[૨]

विज इट् । 1-2-41 સૂત્ર ઉપર ન્યાસકારે આ પરિભાષાનો ઉપન્યાસ કર્યો છે તથા અનુન્યાસકારે પણ વલે । 6-3-118 સૂત્ર ઉપર (આ પરિભાષાની મદદથી) કેવળ પ્રત્યયનું જ ગ્રહણ કર્યું છે. આનું કારણ એ છે કે 'વ્યાખ્યાન કરવું એને બદલે વચન કરવું, એમાં લાઘવ છે.' એવા અભિપ્રાયને ધ્યાનમાં રાખીને તેમણે સરળતાને માટે આ પરિભાષાનો ઉલ્લેખ કર્યો છે.

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૧૪)

તેમણે આ પરિભાષાના સ્વીકાર વિષે થોડીક વિગતે ચર્ચા કરી છે : જેમકે, આ પરિભાષાના અસ્તિત્વમાં કશું પ્રમાણ નથી મળતું, તથાપિ अङ्गस्य । 6-4-81 સૂત્ર ઉપર ભાષ્યકારે આનું વ્યાખ્યાન કર્યું છે. नामि । 6-4-3 સૂત્ર ભાષ્યપ્રદીપમાં કૈયટે પણ આ પરિભાષાને રજૂ કરી છે. ભાષ્યકારના આધારે ન્યાસકારાદિ ટીકાકારોએ પણ તેને સ્વીકારી છે. अपृक्त एकाल् प्रत्ययः । 1-2-41 સૂત્ર ઉપર અનુન્યાસકારે જણાવ્યું છે કે અહીં પ્રત્યયનું ગ્રહણ થતું હોવાથી 'પ્રત્યયાપ્રત્યય-પરિભાષા' નથી, તે અસંગત છે. કારણકે ત્યાં 'ન્યાસ'માં સ્પષ્ટપણે જણાવ્યું છે કે અહીં (1-2-41 માં) પ્રત્યયગ્રહણ વિસ્પષ્ટાર્થ છે. અને વિસ્પષ્ટાર્થે એટલે કે સ્વરૂપવિધિમાં જ આ પરિભાષાની પ્રવૃત્તિ ન્યાય્ય હોવાથી અસ્વરૂપ-વિધિ વિષયમાં તે પ્રવૃત્ત થતી નથી. વિશેષમાં, સીરદેવ જણાવે છે કે स्वाङ्गे तस्प्रत्यये कृम्वोः । 3-4-61 સૂત્રમાં પ્રત્યયગ્રહણ કર્યું છે તે આ પરિભાષાની સ્વરૂપવિધિ વિષયમાં પ્રવૃત્તિ થાય છે. તેમાં પ્રમાણ છે.[૩]

---

૨. જેથી પ્રત્યયભિન્ન 'એકાલ્'ની 'અપૃક્ત' સંજ્ઞા થતી નથી; એવો સૂત્રાર્થ પણ આ પરિભાષાની મદદથી પ્રાપ્ત થાય છે.

૩. પ્રા. કે. વી. અભ્યંકરજીએ स्वाङ्गे तस्प्रत्यये कृम्वोः । 3-4-61 इत्यत्र तु स्वरूपग्रहणे प्रत्ययग्रहणं प्रत्ययपरिभाषाया अभावे प्रमाणमेव ।... (परिभाषा । 114, बृहत्परिभाषावृत्तिः ॥) એવો પાઠ સ્વીકાર્યો છે. પરંતુ સીરદેવે રજૂ કરેલી સમગ્ર ચર્ચાની સંગતિ તપાસતાં માલૂમ પડે છે કે આ વચન ઉચિત નથી. અહીં તેમણે પાદટીપમાં નોંધેલ પાઠાન્તર "७ A स्वभाव for अभावे ।' ને જો સ્વીકારીએ તો સમગ્ર ચર્ચાની સંગતિ યુક્તિ-યુક્ત લાગે છે. માટે મેં પણ તે પાઠાન્તરને સ્વીકારીને જ ચર્ચા મૂકી છે.

ત્યાર પછી સીરદેવે આ પરિભાષાના પ્રયોજન વિષે આ પ્રમાણે ચર્ચા કરી છે : सनाशंसभिक्ष उः । 3-2-168 સૂત્રમાં પ્રત્યયનું ગ્રહણ થાય છે. અહીં अर्थवत् ० । પરિભાષાથી વ્યવસ્થા થતી નથી. કારણ કે પ્રત્યય અને અપ્રત્યય બન્નેય અર્થવાન છે.

કેટલાકના મતે આવું પ્રયોજન છે. જેમકે, सनाशंसभिक्ष उः । 3-2-168 સૂત્રમાં પ્રત્યયનું જ ગ્રહણ થાય છે, તેમાં गर्गादि ગણમાં जिगीषु શબ્દનો પાઠ જ્ઞાપક છે, તેવું પૂર્વે ન્યાસકારે જ વ્યાખ્યાન કર્યું છે. પરંતુ ત્યાં 'પ્રત્યયગ્રહણ' પરિભાષાથી વ્યવસ્થા થતી નથી. તથા उपर्गस्य घञ्यमनुष्ये बहुलम् । 6-3-122 સૂત્રમાં બહુલ ગ્રહણ કર્યું છે, તેના સામર્થ્યથી वलः । 6-4-18 સૂત્રમાં પ્રત્યયનું ગ્રહણ દર્શાવવામાં આવ્યું છે. બીજા કેટલાક વૈયાકરણો मतौ बह्वचोऽनजिरादीनाम् । 6-3-119 સૂત્રમાં मतुप् ના સાહચર્યથી वल् પ્રત્યયનું જ ગ્રહણ થાય છે એમ જણાવે છે.

નીલકંઠ : (૯૮)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી. તેમણે કેવળ ભાષ્યસન્દર્ભ નિર્દેશ જણાવ્યું છે કે કૈયટે ते अङ्गस्य । 6-4-1 સૂત્રભાષ્યપ્રદીપમાં "આ પરિભાષા વર્ણગ્રહણમાં પ્રવૃત્ત થતી નથી." એમ કહ્યું છે.

હરિભાસ્કર : (૧૧૬)

તેમણે સ્પષ્ટ શબ્દોમાં આ પરિભાષાનો અસ્વીકાર જાહેર કર્યો છે અને આ પરિભાષાના અભાવમાં ઇષ્ટસ્થિતિનું વર્ણન કર્યું છે. જેમકે, गर्गादि ગણમાં जिगीषु શબ્દોનો પાઠ હોવાથી જ सनाशंसभिक्षः उः । 3-2-168 સૂત્રમાં કેવળ પ્રત્યયનું જ ગ્રહણ છે. આથી જ अपृक्त एकाल् प्रत्ययः । 1-2-41 તથા स्वाङ्गे तस्प्रत्यये कृभ्वोः । 3-4-61 સૂત્રમાં પ્રત્યય ગ્રહણનું વૈયર્થ્ય નથી. તથા विज इट् 1-2-2 સૂત્રમાં इट् પ્રત્યયનું ગ્રહણ નથી. અથવા તો वृद्धिर्यस्याचामादिस्तद्वृधम् । 1-1-73 સૂત્રમાંથી आदि ગ્રહણની અનુવૃત્તિ આવે છે. તેથી પ્રત્યયનું ગ્રહણ નથી.

નાગેશ : (૧૦૨)

આ પરિભાષાના વ્યાખ્યાનમાં પ્રારંભે નાગેશે પૂર્વાચાર્યોએ રજૂ કરેલી ચર્ચાનો સ્વીકાર કર્યો છે. ત્યાર પછી પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં જણાવ્યું છે કે—

(૧) લક્ષ્ય સંસ્કાર અર્થે આ પરિભાષા ક્યાંય સ્વીકારાઈ નથી, એવું तित्स्वरितम् । 1-1-185 સૂત્ર ઉપર કૈયટે જણાવ્યું છે.

(૨) अङ्गस्य । 6-4-1 સૂત્ર ઉપરના ભાષ્યમાં આ (6-4-1) સૂત્રનું પ્રત્યાખ્યાન કરવા માટે આ પરિભાષાને એકદેશીએ રજૂ કરી છે. અર્થાત્ આ પરિભાષા સ્વીકાર્ય નથી.

(૩) આથી જ तित्स्वरितम् । 6-1-185 સૂત્ર ઉપર तिति प्रत्ययग्रहणं कर्तव्यम् । એવું વાર્તિક વાર્તિકકારે રજૂ કર્યું છે. અને

(૪) सनाशंसभिक्ष उः । 3-2-168 અને वलः । 6-4-98 સૂત્રમાં પ્રત્યયનું જ ગ્રહણ થાય છે એમ વ્યાખ્યાનથી સિદ્ધ કરવામાં આવશે.

આ ચાર મુદ્દાઓ દ્વારા નાગેશે સૂચવ્યું છે કે પ્રકૃત પરિભાષા સ્વીકાર્ય નથી.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. સૌ પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષાનો ઉલ્લેખ કર્યો છે. તેમણે જો કે સ્પષ્ટ કર્યું છે કે ભાષ્યમાં આ પરિભાષા સ્વીકારાઈ નથી. તથાપિ સૂત્રાર્થ નિર્ણયના સંદર્ભમાં પ્રાપ્ત થતાં સંદેહની નિવૃત્તિ અર્થે આ પરિભાષા જરૂરી હોઈ રજૂ કરી છે. સીરદેવ અને નીલકંઠે આ પરિભાષાની પ્રવૃત્યાદિના વિષય-પ્રદેશની નોંધ લીધી છે.

નાગેશ ભટ્ટે આ પરિભાષા 'એકદેશીની ઉક્તિ છે.' અને 'લક્ષ્ય સંસ્કાર માટે ક્યાંય આશ્રિત થતી નથી'-એ બે કારણોસર સ્વીકાર્ય નથી એમ જણાવ્યું છે.

नानर्थकेऽलोन्त्यविधिः ॥ ९३ ॥

(અનર્થક શબ્દ સ્વરૂપમાં अलोऽन्त्यस्य । 1-9-52 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.)

આ પરિભાષા પણ ભાષ્યમાં સ્વીકારાઈ નથી, કારણ કે આ પરિભાષાનાં પ્રયોજનો ઉપાયાન્તરથી સિદ્ધ થઈ જાય છે. જેમકે, આનાં પ્રયોજનો આ પ્રમાણે દર્શાવવામાં આવ્યાં છે.

(૧) अव्यक्तानुकरणस्यात इतौ । 6-1-98 સૂત્રથી अत् શબ્દનું પરરૂપ કરતે સમયે.

(૨) हलि लोपः । 7-2-113 સૂત્રથી इद् નો લોપ કરતે સમયે,

(૩) ध्वसोरेद्धावभ्यासलोपश्च । 6-8-119 સૂત્રથી અભ્યાસ લોપ કરતે સમયે,

(૪) અને अत्र लोतोऽभ्यासस्य । 7-4-58 સૂત્રથી અભ્યાસ લોપ કરતે સમયે,

अलोऽन्त्यस्य । 1-1-52 સૂત્રોક્ત અન્ત્ય अल् ને વિધાન થાય નહીં માટે આ પરિભાષાની જરૂર છે. પરંતુ ક્રમથી અહીં—

(૧) नाम्रेडितस्यान्त्यस्य तु वा । 6-1-99 સૂત્રમાં 'अन्त्यस्य तु वा' તેવા નિર્દેશથી (પરરૂપવિધિમાં સર્વને જ વિધિ થાય છે-એમ) જ્ઞાપિત કર્યું છે. તેથી

(૨) (अनाप्यकः । 7-2-112 સૂત્રમાંથી અનુવૃત્ત થતાં) अन् આદેશની પ્રવૃત્તિ કર્યા પછી અન્ત્ય (न કારનો) લોપ કરવાથી,

(૩) (इनसोरल्लोपः । 1-4-111 અને इनाभ्यस्तयोरातः । 6-4-112 એમ બે સૂત્રોમાં) બે श કારના નિર્દેશથી અભ્યાસ લોપ સિદ્ધ રહેતો હોવાથી,

(૪) अत्र लोपोऽभ्यासस्य । 7-4-58 સૂત્રમાં अत्र ગ્રહણ કર્યું છે, તેના સામર્થ્યથી સર્વાદેશનું જ્ઞાન થશે. તેવી પરિસ્થિતિમાં આ પરિભાષાનું શું પ્રયોજન છે? અને માટે જ तस्य लोपः । 1-3-9 સૂત્રમાં સર્વનો લોપ થઈ જાય તે પ્રયોજનથી સૂત્રકારે 'तस्य' નું ગ્રહણ કર્યું છે.

જે બીજાં વૈયાકરણો આ પરિભાષાને સ્વીકારે છે તેઓ પણ "અનભ્યાસ વિકારમાં" તેવો આ પરિભાષાનો શેષ ઉચ્ચારે છે. તેના પરિણામે अजीगणत् । આ રૂપમાં ई च गणः । 7-4-94 સૂત્રોક્ત ई કાર अलोऽन्त्यस्य । 1-1-52 ની સાહાય્યથી સિદ્ધ રહે છે.

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન' માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૧૩)

તેમણે પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો સ્વીકાર કર્યો છે.

નીલકંઠ : (૯૫)

તેમણે વાર્તિકકારે પ્રસ્તુત કરેલા આ પરિભાષાના જ્ઞાપકનો નિર્દેશ કર્યો છે. જેમકે, इदोऽय् पुंसि । 7-2-111 આ સૂત્રમાંનું इद् ગ્રહણ પ્રકૃત પરિભાષામાં

જ્ઞાપક છે. અન્યથા इदमो मः । 7-2-108, दश्च । 7-2-109 અને यः सौः । 7-2-110 સૂત્રોની પછી આવતાં 7-2-111 સૂત્રમાં 'अय् पुंसि ।' એટલું જ કહ્યું હોત.

આ પરિભાષાનો સંકોચ રજૂ કરતાં 'अनभ्यासविकारे' અંશમાં अर्तिपिपर्त्योश्च । 1-74-77 તેવો નિર્દેશ જ્ઞાપક છે.

હરિભાસ્કર : (૧૧૫)

તેમણે કોઈ વિશેષ નોંધ રજૂ કરી નથી.

નાગેશ : (૯૬)

તેમણે પણ કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

ઉપસંહાર :

વાર્તિકકારે પ્રસ્તુત કરેલી આ પરિભાષાનાં પ્રયોજનાદિની વિગતે ચર્ચા ભાષ્યકારે કરી છે. તેને અનુસરીને પુરુષોત્તમદેવે પોતાના પરિભાષાવૃત્તિ ગ્રંથમાં તેનો પ્રસ્તાવ કર્યો છે. અને તેના વ્યાખ્યાનમાં ભાષ્યોક્ત ચર્ચાનો જ સાર-સંગ્રહ રજૂ કરવામાં આવ્યો છે.

નાગેશ સુધીના બધા પરિભાષાગ્રંથોના કર્તાઓ આ પરિભાષાના સન્દર્ભમાં પુરુષોત્તમદેવને અનુસર્યા છે.

निमित्तिकार्यं न तन्निमित्तस्य ॥ ९४ ॥

(નિમિત્તિકાર્ય તેના નિમિત્તને થતું નથી)

નિમિત્તિત્વથી જે કાર્ય થાય તેને નિમિત્તિકાર્ય કહે છે. આવું નિમિત્તિકાર્ય, જેનું નિમિત્તત્વ રૂપે ઉપાદાન કર્યું હોય તેને થતું નથી જેમકે, अचोः रहाभ्यां द्वे । 8-4-46 અને अनचि च । 8-4-47 સૂત્ર વિહિત यर् નું દ્વિર્વચન, यर् પ્રત્યાહારની અન્તર્ગત આવેલા રેફ અને હ કારને થતું નથી. કારણ કે તે સૂત્રોમાં રેફ અને હ કારનું નિમિત્તત્વ સ્વરૂપે ઉપાદાન કરેલું છે.

कन्यापलदनगरग्रामहृदोत्तरपदात् । 4-2-142 તથા स्पर्धायामाङः 1-3-31 એ સૂત્રમાં ક્રમથી अचो रहाभ्यां द्वे 8-4-46 અને अनचि च । 8-4-47 એ સૂત્રોથી દ્વિર્વચન નથી કર્યું તે અહીં પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે.

श्रुतानुमितयोः श्रौतः सम्बन्धो बलीयान् । 102 । એવી પરિભાષાનો જ આ પ્રપંચ છે.

વ્યાપ્તિ : (૧૯)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનો પાઠ આ પ્રમાણે મળે છે: न निमित्तकार्यं नैमित्तिकस्य । 19 આને સમજાવતાં લખ્યું છે કે નિમિત્તિને જે કાર્ય કહેવામાં આવ્યું છે તે નિમિત્તને થતું નથી.

આ પરિભાષાનું અસ્તિત્વ હોવાથી રેફ અને હ કારનું દ્વિત્વ થતું નથી. તથા स्पर्धते । એ રૂપમાં પણ રેફનું દ્વિવર્ચન થતું નથી. ग्रामहृदोत्तरपदात् । 4-2-142 સૂત્રસ્થ હૃદ એવા નિપાતનથી પાણિનિએ પ્રકૃતાર્થ જ્ઞાપિત કર્યો છે.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે ઉપર્યુક્ત ચર્ચાનો સ્વીકાર કર્યો છે. પરંતુ સીરદેવ, નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશાદિએ તો આ પરિભાષા રજૂ જ કરી નથી.

न हि कार्यं निमित्तत्वेनाश्रीयते ॥ ९५ ॥

(કાર્યિનનું નિમિત્ત-સ્વરૂપે આશ્રયણ-ઉપાદાન-થતું નથી)

જે કાર્યભાક્ હોય તે કાર્યની પ્રત્યે નિમિત્ત બનતો નથી. આથી चायिता । शायकः । આ રૂપોમાં क्ङिति च । 1-1-5 સૂત્રથી शीङ् ધાતુને ગુણ અને વૃદ્ધિનો નિષેધ થતો નથી. અને अरिरिषति । આ રૂપમાં द्विर्वचनेऽचि । 1-1-59 સૂત્રથી સ્થાનિવદ્ભાવ થતો નથી. જો અહીં સ્થાનિવદ્ભાવ થાય તો ईष હેં દ્વિત્વ થતાં[1] अरीषति । તેવું રૂપ થાય.

दीधीवेवीटाम् । 1-1-6 સૂત્રમાં दीधीङ् અને वेवीङ् ધાતુઓ ङित् હોવા છતાંય તેમનાં ગુણનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે તે અહીં જ્ઞાપક છે. અહીં क्ङिति च । 1-1-5 સૂત્રથી अनिक् લક્ષણા વૃદ્ધિનો જ[2] નિષેધ થાય છે,

---

૧. ऋ +इस् >એ સ્થિતિમાં अजादेर्द्वितीयस्य । 6-1-2 સૂત્રથી દ્વિતીય વર્ણનું દ્વિર્વચન થાય છે.

૨. यदा च क्ङिति च 1-1-5 इति अनिग्लक्षणाया अपि वृद्धेः निषेध इति पक्षस्तदेह ज्ञापकम् । अन्यथा तु दीधीवेवीग्रहणमिग्लक्षण-वद्धिप्रतिषेधार्थमेव स्यान्न ज्ञापकम् । । परिभाषा-१५, लघुपरि-भाषावृत्तिः ॥

અહીં अपि ને एव કાર અર્થમાં લીધો છે. જો समुच्चयार्थक લઈએ તો તર્કસંગતિનો ભંગ થાય છે, તે કારણે પાછળના વાક્યમાં इग्लक्षण-वृद्धिप्रतिषेधार्थमेव ને બદલે अनिग्लक्षणवृद्धिप्रतिषेधार्थमेव એવું હોવું જોઈએ.

તેવો પક્ષ લેવામાં આવે છે. ત્યારે આ જ્ઞાપક બને છે. અન્યથા ઇક્ લક્ષણા વૃદ્ધિનો પ્રતિષેધ કરવા માટે જ દીધીङ्-वेवीङ् નું ગ્રહણ થશે, પરંતુ જ્ઞાપકાર્થે થશે નહીં, જેવી રીતે आदीध्यकः । आवेव्यकः । (રૂપોમાં ण्वुल् પ્રત્યયના णित्व નિમિત્તિક અચો ञ्णिति । 7-2-115 સૂત્રોક્ત વૃદ્ધિનો પ્રતિષેધ થયો છે.)

આ (દ્વિતીય) પક્ષમાં अधिकरणे शेतेः । 3-2-15 સૂત્રમાં शीङ् ધાતુને श्तिप् કર્યા પછી જે ગુણ કરવામાં આવ્યો છે, તે નિર્દેશને જ્ઞાપક બનાવવો જોઈએ.

"કાર્યી નિમિત્ત રૂપે આશ્રિત થતો નથી." તેવું વચન પ્રાયિક છે. અન્યથા द्विर्वचनेऽचि । 1-1-59 એ સૂત્રમાં अचि ગ્રહણ શા માટે કર્યું છે, તેવો પ્રશ્ન કરીને जेघ्रीयते । देघ्मीयते । તેવાં પ્રત્યુદાહરણો રજૂ કર્યાં છે, તે અસંગત બની જશે. કારણ કે તેમાં અંગદ્વયનું વૈકલ્ય પ્રાપ્ત થાય છે. જેમકે, અહીં यङ् પ્રત્યય જેમ અજાદિ પણ નથી તેમ દ્વિર્વચનનું નિમિત્ત પણ બનતો નથી. કારણ કે यङन्त (घ्रीय) ને દ્વિર્વચન રૂપી કાર્ય રહેવાનું છે અને કાર્યિન્માં તો નિમિત્તત્વનો અભાવ રહે છે.

અને વળી, ओः पुयण्ज्यपरे । 7-4-80 એ સૂત્ર ઉપર 'पूङ् पवने' पिपविषते । રૂપમાં सन् પ્રત્યય પરમાં રહેતાં स्मिपूङ्० । 7-2-74 સૂત્રથી इडागम કર્યા પછી द्विर्वचनेऽचि । 1-1-59 સૂત્રથી ગુણ અને अव આદેશનો ન્યાસકારે સ્થાનિવદ્ભાવ કહ્યો છે, તે દ્વિર્વચન વિધિમાં सन् પ્રત્યયનું કાર્યિત્વ હોવાથી કેવી રીતે ઉચિત બનશે ?[3]

આ જ પ્રમાણે આ પરિભાષાવચનના પ્રાયિકત્વને કારણે જ शाघि । એવા રૂપમાં शा હૌ । 6-4-35 સૂત્રવિહિત शा આદેશનું સમાનાશ્રય કાર્ય घि ભાવની પ્રત્યે हि પરમાં રહેતાં (અસિદ્ધત્વ ન રહેત. પણ આ પરિભાષાવચન પ્રાયિક હોવાથી) (हुझल्भ्यो हेर्धिः । 6-4-101 સૂત્રથી) ધત્વ (घि ભાવ) કહ્યું છે જો घि ભાવનો સ્થાની हि શબ્દ સમાન નિમિત્તાભાવને કારણે (शा આદેશમાં) નિમિત્ત નહીં બને તો અભિમત રૂપ બનશે નહીં.

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

---

૩. માટે આ પરિભાષા અનિત્ય છે એમ સ્વીકારવું જોઈએ.

સીરદેવ : (૨)

આ પરિભાષાના વ્યાખ્યાનમાં સીરદેવે નોંધપાત્ર ફાળો આપ્યો છે તેમણે સૌથી પ્રથમ પુરુષોત્તમદેવે નિર્દેશેલા જ્ઞાપકનું દુર્બલત્વ જાહેર કર્યું છે. મહાભાષ્યમાં दीधीवेवीटाम् । 1-1-6 સૂત્રનું ખંડન કરવામાં આવ્યું છે. તથા स्थण्डिलाच्छयितरि० । 4-2-15 સૂત્રસ્થ शयितरि તેવા નિર્દેશને અથવા કુટાદિ ગણમાં કુઙ્ શબ્દે ના પાઠને જ્ઞાપક ગણવો જોઈએ.

સીરદેવે આ પરિભાષાના વ્યાખ્યાનમાં બીજો મુદ્દો એ ચર્ચ્યો છે કે પ્રયોજનોનાં અભાવમાં આ પરિભાષાનો સ્વીકાર ન કરવો જોઈએ. આ સન્દર્ભમાં તેમણે अध्येता । शयिता । शायकः । જેવાં ઉદાહરણોની અન્યથા સિદ્ધિ દર્શાવતાં જણાવ્યું છે કે क्ङिति च । 1-1-5 સૂત્રથી જે इग् લક્ષણ વૃદ્ધિનો પ્રતિષેધ થાય છે, તે ક્ડિત્ પ્રત્યયનિમિત્તક इग् લક્ષણ વૃદ્ધિનો જ પ્રતિષેધ છે; ક્ડિત્ ધાતુનિમિત્તક इग् લક્ષણ વૃદ્ધિનો પ્રતિષેધ થવો સંભવિત નથી. માટે अध्येता । शयिता । જેવાં ઉદાહરણોમાં ङित् ધાતુનિમિત્તક ગુણ-વૃદ્ધિનો પ્રતિષેધ ન થવો જોઈએ. આ જ પ્રમાણે ઉપાયાન્તરે अरिरिषति । ઉદાહરણની સિદ્ધિ પણ તેમણે દર્શાવી છે.

આમ, પ્રયોજનના અભાવમાં પરિભાષાનું ખંડન વર્ણવ્યા પછી તેના અનુસંધાનમાં તેઓ આગળ જણાવે છે કે જો આ પરિભાષા હોય તો प्रोर्णुनविषति । રૂપમાં સન્નન્તના કાર્યિત્વને કારણે ગુણ અને अव् આદેશ કર્યા પછી द्विर्वचनेऽचि । 1-1-59 થી તેમનો સ્થાનિવદ્ભાવ ન થવો જોઈએ. તથા द्विर्वचनेऽचि । 1-1-59 સૂત્રમાં अचि ગ્રહણ શા માટે કર્યું છે, તેવો પ્રશ્ન કરીને जेघ्रीयते । देध्मीयते । તેવાં પ્રત્યુદાહરણો પણ ઉપપન્ન ન રહેવા જોઈએ.

પરંતુ આવા સન્દર્ભોમાં સીરદેવ જણાવે છે કે कार्यमनुभवन् एव कार्यी निमित्तत्वेन नाश्रीयते । એવું પરિભાષાનું શબ્દસ્વરૂપ સ્વીકારવું જોઈએ. અર્થાત્ તેમના મતે "કાર્યનો અનુભવ કરતો હોય તેવો કાર્યિન્" એવો અંશદ્વય વિશિષ્ટ પરિભાષાનો પાઠ હોવો જોઈએ. પરિણામે प्रोर्णुनविषति । अरिरिषति । तथा जेघ्रीयते । જેવાં પ્રયોજનોની સંગતિ બની રહે.

અન્તે સીરદેવે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આ ઉપર્યુક્ત નવો પરિભાષાપાઠ સ્વીકારવા છતાંય शाघि । જેવાં રૂપોની સિદ્ધિને અર્થે આ પરિભાષાને પ્રાયિક તો માનવી જ પડશે. બીજા શબ્દોમાં કહીએ તો લક્ષ્યવશાત્ ક્વચિત્ જ તેનું આશ્રયણ થશે.

નીલકંઠ : (૨)

તેમણે સીરદેવમાંથી સૂચન લઈને પરિભાષાર્થ આ પ્રમાણે આપ્યો છે : કાર્યનો અનુભવ કરતો કાર્યી એટલે કે સ્થાની નિમિત્ત રૂપે આશ્રિત થતો નથી. બીજી વિશેષ કોઈ નોંધ નથી.

હરિભાસ્કર :

તેઓ સીરદેવે સૂચવેલા પરિભાષાન્તરને યુક્તિસંગત વર્ણવે છે. જેમકે, 'कार्यी' શબ્દમાં ઇન્ પ્રત્યયથી મત્વર્થનો નિર્દેશ કર્યો હોઈ, જે કાર્યનો અનુભવ કરતો હોય તેને જ कार्यिन् કહેવામાં આવે છે.

નાગેશ : (૧૦)

સીરદેવમાંથી સૂચન લઈને હરિભાસ્કરે પણ "कार्यमनुभवन् हि कार्यी निमित्तत्वेन नाश्रीयते ।" એવું પરિભાષાન્તર નોંધ્યું છે. તેમાં અંશતઃ શાબ્દિક ફેરફાર કરીને નાગેશે પોતાના 'परिभाषेन्दुशेखर' માટે પરિભાષાપાઠ આ સ્વીકાર્યો છે :

कार्यमनुभवन् हि कार्यी निमित्ततया नाश्रीयते ॥

સીરદેવને અનુસરીને નાગેશે 'स्थण्डिलाच्छयितरि व्रते' । 4-2-15 તેવા નિર્દેશને જ્ઞાપક રૂપે ઉલ્લેખ્યો છે. પરંતુ વસ્તુતઃ તેઓ આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધા માનતા નથી; પણ શાસ્ત્રીયન્યાયસિદ્ધા માને છે. જેમકે, "સમવાયિકારણ અને નિમિત્તકારણ કાયમ માટે એકબીજાથી જુદા જુદા હોય છે" તેવું બધાં જ શાસ્ત્રોમાં લોકવ્યવહારમાં પ્રસિદ્ધ છે. અને આથી સમવાયિકારણનું ક્યારેય નિમિત્તકારણ રૂપે ઉપાદાન થતું જ નથી.

આમ, આ પરિભાષા જ્ઞાપકસિદ્ધા નથી પણ ન્યાયસિદ્ધ છે. નાગેશના મતે પરિભાષાના પાઠમાં આવું સૂચવવા માટે જ 'हि' શબ્દનો પ્રયોગ થયો છે. બીજું, નાગેશ આ પરિભાષાને અનિત્ય માનતા નથી.

ઉપસંહાર :

નાગેશ ભટ્ટે સ્પષ્ટ કર્યું છે તેમ આ પરિભાષા ભાષ્યમાં સ્પષ્ટપણે ક્યાંય ઉલ્લેખ પામી નથી. પરંતુ द्विर्वचनेऽचि । 1-1-59 સૂત્રભાષ્યમાંથી તે ધ્વનિત થાય છે.

બીજી તરફથી વિચારીએ તો આ પરિભાષા વ્યાડિના પરિભાષાપાઠમાં તથા

'પરિભાષાસૂચન'માં પણ નથી. આથી આ પરિભાષાને સૌથી પ્રથમ રજૂ કરવાનો યશ પુરુષોત્તમદેવને ફાળે જાય છે.

આ પછી આ પરિભાષાના વ્યાખ્યાનમાં સીરદેવનો ફાળો નોંધપાત્ર ગણાવો જોઈએ. કારણ કે તેમણે નિર્દેશેલાં પરિભાષાના જ્ઞાપકનો નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશે પણ ઉલ્લેખ કર્યો છે તથા તેમણે જે પરિભાષાન્તરની રજૂઆત કરી તેની ચર્ચા કરી છે, તેમાંથી સૂચન લઈ નાગેશે પોતાના 'પરિભાષેન્દુશેખર'માં આ પરિભાષાનો પાઠ બદલી નાંખ્યો છે.

આ પરિભાષા સ્પષ્ટપણે ભાષ્યમાં ઉલ્લેખાઈ નથી, તેથી સ્વાભાવિકપણે જ તેના જ્ઞાપકની ચર્ચા ભાષ્યમાં ન જ હોય. અને આથી આ પરિભાષાને નાગેશે ન્યાયસિદ્ધ વર્ણવી છે, તે પણ નોંધનીય છે.

इतरेतराश्रयाण्यपि हि कार्याणि प्रकल्पन्ते ॥९६॥

(ઈતરેતરાશ્રિત કાર્યો પણ થઈ શકે છે.)

'ઈતરેતરાશ્રિત કાર્યો (પરસ્પરના) વિરોધને કારણે પ્રવૃત્ત થતાં નથી.' એવો ન્યાય છે. જેમકે કહ્યું છે: 'ઈતરેતરાશ્રય (કાર્ય)ની અસિદ્ધિ થાય છે.'[1] તેના અપવાદ રૂપે આ પરિભાષા રજૂ કરવામાં આવે છે.

અહીં अपि શબ્દ ક્યારેકના અર્થમાં વપરાયો છે. આ પરિભાષાનો ભાવ આ પ્રમાણે છે: જ્યાં વિરોધ નથી ત્યાં ઇતરેતરાશ્રિત કાર્યો પણ થાય છે. જેવી રીતે લોકમાં વન અને સિંહને પોતપોતાની રક્ષા અર્થે પરસ્પરની અપેક્ષા છે, તેવી રીતે શાસ્ત્રમાં ऐतिकायनः । અને औपगमः । જેવાં રૂપોમાં 'વૃદ્ધિ' સંજ્ઞા-વાળા ऐ કાર અને औ કારની 'વૃદ્ધિ' સંજ્ઞા કરવામાં આવે છે. અન્યથા शाला । रै । नौ । વગેરે શબ્દોમાં વૃદ્ધિસંજ્ઞા સાવકાશ છે, તેથી ઇતરેતરાશ્રય દોષ ઊભો થતો હોવાથી પૂર્વોક્ત ઉદાહરણોમાં વૃદ્ધિસંજ્ઞા ન થવી જોઈએ.

इग्यणः सम्प्रसारणम् । 1-1-85 એવું સૂત્ર અહીં જ્ઞાપક છે. જેમકે, સંપ્રસારણ થવાથી यण् ને સ્થાને इक् થાય છે અને यण् ના સ્થાનિ એવા इक् ની સંપ્રસારણ સંજ્ઞા થાય છે. આમ, અહીં ઇતરેતરાશ્રય છે. હવે આ પ્રયોગને કેવી રીતે સાધુ ગણવો, જો ક્યાંય ઇતરેતરાશ્રયનું પણ ઉપાદાન ન કરવામાં આવતું હોય તો ?

---

१. सतो वृद्धयादिषु संज्ञाभावात्तदाश्रय इतरेतराश्रयत्वादप्रसिद्धिः ॥ 1-1-1; वार्त्तिक-८ ॥

વ્યાડિ : (૨૪)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનું જ્ઞાપક આ પ્રમાણે વર્ણવ્યું છે : वस्वेकाजाद्घसाम् । 7-2-67 સૂત્રસ્થ एकाच् શબ્દ આ પરિભાષામાં જ્ઞાપક છે. કારણ કે एकाच् ને નિમિત્તે इड् આગમ થાય છે અને इड् આગમને નિમિત્તે एकाच्त्व થાય છે. આથી જ્ઞાપિત થાય છે કે શાસ્ત્રમાં ઇતરેતરાશ્રિત કાર્યો પણ થાય છે.

સીરદેવ : (૩)

આ પરિભાષાના વ્યાખ્યાનમાં પ્રારંભે સીરદેવે પુરુષોત્તમદેવની ચર્ચાનો સર્વાંશે સ્વીકાર કર્યો છે. ત્યાર પછી વિશેષમાં જણાવે છે કે ભાગવૃત્તિકારે કહ્યું છે કે અહીં નિત્ય શબ્દોનું કેવળ અન્વાખ્યાન કરવામાં આવે છે; આથી ઇતરેતરાશ્રય દોષ નથી. 'શબ્દ નિત્ય હોવાથી સિદ્ધ થાય છે' એમ કહીને મહાભાષ્યમાં બધા જ ઇતરેતરાશ્રય દોષોનો પરિહાર કરવામાં આવ્યો છે.[૨]

નીલકંઠ : (૩)

તેમણે ભાષ્ય-ચર્ચાને આધારે જણાવ્યું છે કે આ પરિભાષા ન્યાયમૂલિકા છે. જેમકે, 'આ સૂત્ર (દોરા-સુતર)નું વસ્ત્ર વણો.' એમ કહેવામાં આવે છે, પરંતુ જો સૂત્ર એ વસ્ત્ર હોય તો તેને વણી શકાય નહીં અને જો વણવાનું હોય તો તે વસ્ત્ર ન હોય. આમ 'વસ્ત્ર વણો' એવું કહેવું તે પરસ્પર-વિરુદ્ધ છે. છતાંય 'વસ્ત્ર વણો' એવો પ્રયોગ લોકમાં જોવા મળે છે.[૩] આથી ભાષ્યકારે જણાવ્યું છે કે અહીં ભાવિની સંજ્ઞા અભિપ્રેત છે. "જેને વણ્યા પછી 'વસ્ત્ર' એવી સંજ્ઞા પ્રાપ્ત થાય, તેને વણો." એવું કહેવાનું તાત્પર્ય હોય છે.

હરિભાસ્કર : (૩)

તેમના 'પરિભાષાભાસ્કર'માં કોઈ વિશેષ ચર્ચા મળતી નથી.

નાગેશ (-)

તેમના 'પરિભાષેન્દુશેખર'માં આ પરિભાષા મળતી નથી.

ઉપસંહાર :

સૌ પ્રથમ પરિભાષાસૂચનકારે આ પરિભાષાને રજૂ કરી છે. સૂત્રાર્થ કરતી વખતે ક્યારેક ઇતરેતરાશ્રય દોષની પ્રાપ્તિ થાય છે, આથી ભાષ્યકારે પણ આની

---

૨. सिद्धं तु नित्यशब्दत्वात् ॥ 1-1-1; वार्त्तिक-9 ॥

૩. આજે જેવી રીતે 'લોક દળાવવા જાય છે'! એવો પ્રયોગ સાંભળવા મળે છે.

ચર્ચા કરી છે. આને આધારે પુરુષોત્તમદેવાદિએ આ પરિભાષાને રજૂ કરી છે. નાગેશ ભટ્ટને આ પરિભાષા જરૂરી લાગી નથી.

नञिवयुक्तमन्यसदृशाधिकरणे तथा ह्यर्थः ॥९७॥

(ભિન્ન અર્થવાળો જે શબ્દ નઞ્ કે ઇવ થી યુક્ત બને તે તત્સદશ અર્થ આપનારો બને છે.)[1]

ભિન્નાર્થત્વને કારણે શબ્દનું બીજું કોઈ રૂપ હોય તો પણ તે જ્યારે નઞ્ કે ઇવ ની સાથે જોડાય છે ત્યારે તે સદશાધિકરણમાં અર્થાત્ સદશ અર્થમાં પ્રયોજાય છે.

આથી अञचेश्छन्दस्यसर्वनामस्थानम् । 6-1-170 સૂત્રસ્થ असर्वनामस्थानम् એવા પદથી સર્વનામસ્થાન સદશ એવી असर्वनामस्थान વિભક્તિનું ગ્રહણ થાય છે.

પરિભાષાના પાઠમાં तथा ह्यर्थः નો અર્થ "તાદશ હોય એવો જ અર્થ પ્રતીત થાય છે." એવો થાય છે. આનાથી જે વાક્યાર્થની પ્રાપ્તિ થાય છે તેનું પ્રતીતિસિદ્ધત્વ દર્શાવવામાં આવ્યું છે. તથા પ્રતીતિ એ માનસપ્રત્યક્ષ પ્રમાણ છે. જેવી રીતે 'બ્રાહ્મણ' શબ્દ 'ક્ષત્રિય'થી ભિન્ન એવા અર્થમાં પ્રયોજાય છે, તો પણ તે શબ્દ જ્યારે નઞ્ કે ઇવ ની સાથે જોડાય છે ત્યારે સાદૃશ્યને કારણે ક્ષત્રિય એવા અર્થને કહેનારો બને છે. જેમકે अब्राह्मणो ब्राह्मण इवायम् इति ।

અહીં "નઞ્ થી યુક્ત શબ્દ સદશબોધક છે" એમ જે કહ્યું છે તે નઞ્નો પર્યુદાસ અર્થ સ્વીકારીને કહેવામાં આવ્યું છે. (અર્થાત્ નઞ્ નો જ્યારે પ્રસજ્ય-પ્રતિષેધ અર્થ કરવામાં આવે ત્યારે ત્યાં આ પરિભાષા સિદ્ધ થાય નહીં).

अकर्तरि च कारके संज्ञायाम् । 3-3-19 એવા સૂત્રનિર્દેશથી આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે. જો આ પરિભાષા હોય તો નઞ્ યુક્ત કર્તાના સાદૃશ્યથી જ કારકની પ્રતીતિ થવી જોઈએ. (અર્થાત् कारके । એવું પદ મૂકવાની જરૂર ન હતી).

આ પરિભાષા અનિત્ય હોવાથી (કયાંક) નઞ્ નો પ્રસજ્યપ્રતિષેધ અર્થ પણ છે, એમ સ્વીકારવામાં આવ્યું છે. આથી, अपुनरुक्तम् । अपुनर्गेयम् । ઇત્યાદિ પ્રયોગોની સિદ્ધિ થાય છે.

---

૧. અર્થાત્ નઞ્ કે ઇવ થી યુક્ત શબ્દરૂપ પોતાનાથી બીજા પણ સદશ અર્થ દર્શાવનારા શબ્દમાં વાચ્ય બને છે.

વળી, આ પરિભાષાનું અનિત્યત્વ ओषधेश्च विभक्तावप्रथमायाम् । 6-3-132 સૂત્રમાં विभक्तौ એવા પદનું ગ્રહણ કર્યું હોવાથી (પણ) જ્ઞાપિત થાય છે. જો આ પરિભાષા નિત્ય હોત તો પ્રથમા વિભક્તિનો પ્રતિષેધ કરવાથી જ અન્યત્ર "વિભક્તિ પરમાં રહેતા" એવા અર્થની પ્રાપ્તિ થઈ જશે; એવી સ્થિતિમાં विभक्तौ । એવા પદનું ગ્રહણ ન કર્યું હોત. પરંતુ विभक्तौ એવા પદનું ગ્રહણ કર્યું છે, તેથી આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે.

વ્યાડિ : (૫૪)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનો પાઠ આ પ્રમાણે મળે છે : नञिवयुक्तमन्यसदृशाधिकरणं तथा ह्यर्थः । આ પાઠથી અર્થમાં કોઈ મહત્ત્વનો ફેર પડતો નથી.

આ પરિભાષાને પ્રારંભે લોકન્યાયસિદ્ધા વર્ણવી છે. જેમકે, 'અબ્રાહ્મણને લાવો.' એમ કહેતા જે બ્રાહ્મણ-સદશ હોય એટલે કે જેના ઉદર, પાણિ-પાદ અને નયન બ્રાહ્મણ-સદશ હોય તેને જ લાવવામાં આવે છે; પરંતુ અશ્વ કે ગર્દભને લાવવામાં આવતો નથી.

આ જ પ્રમાણે શાસ્ત્રમાં જ્ઞાપક મળે છે. જેમકે, सिपि धातोरुर्वा । 8-2-74 આ સૂત્રમાંનું ધાતુગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. કારણ કે सिप् પ્રત્યય ધાતુને જ થાય છે, પ્રાતિપદિકને નહીં. એવી સ્થિતિમાં ધાતુગ્રહણ કરવાની જરૂર ન હતી. પરંતુ સૂત્રકારે ધાતુગ્રહણ કર્યું છે, તેથી તે ઉક્તાર્થમાં જ્ઞાપક બને છે.

સીરદેવ : (૩૧)

તેમણે આ પરિભાષાનો પાઠ આ પ્રમાણે આપ્યો છે : नञिवयुक्तमन्यत्सदृशाधिकरणे तथा ह्यर्थः । સીરદેવે પરિભાષાર્થ બે રીતે સમજાવ્યો છે : (૧) પરિભાષાના પાઠમાં अन्यत् એવો શબ્દ પ્રથમાન્ત પ્રતિરૂપક નિપાત છે; અને તે अन्यस्मिन् એવા અર્થમાં રહેલો છે. ભાષ્યમાં તેનો અર્થ આ પ્રમાણે છે;— "नञ् કે इव થી યુક્ત શબ્દ બીજા સદશ અર્થવાળા શબ્દ વિષે વપરાય છે." (૨) બીજા કેટલાકના મતે नञ् કે इव થી યુક્ત એવું શબ્દરૂપ સદશાધિકરણમાં રહે છે. એટલે કે नञ् કે इव એ બે શબ્દો વડે શબ્દને પોતાના મુખ્યાર્થમાંથી છૂટો પાડીને તેના ગૌણાર્થમાં વ્યવસ્થિત કરવામાં આવે છે. જેમકે, ब्राह्मणः એવો એકલો પ્રયોજાયેલો શબ્દ પ્રસિદ્ધિવશાત્ તેના મુખ્યાર્થનું જ બોધન કરશે. પરંતુ नञ् ના સંનિકર્ષથી ગૌણાર્થનું બોધન કરશે. એટલે કે न ब्राह्मणोऽब्राह्मणः ।

એમ કહેતાં 'ક્ષત્રિય' એવા અર્થમાં ઉપચરિત થયેલો જે 'બ્રાહ્મણ' શબ્દ, તેની સાથે નઞ્ નો સમાસ થાય છે.

આ પરિભાષા અનિત્ય હોવાથી પ્રસજ્યપ્રતિષેધ અર્થમાં પણ નઞ્ સિદ્ધ રહે છે. પરિણામે असूर्यंपश्या राजदाराः । એવા પ્રયોગોની સિદ્ધિ થાય છે. તથા અભિધાન સામર્થ્યથી अधर्मः । વગેરે નઞ્ સમાસમાં ઉદાહરણો વિરુદ્ધ વગેરે અર્થમાં જોવા મળે છે.

ત્યાર પછી સીરદેવે વિષયાન્તર કરીને એક ચર્ચા રજૂ કરી છે. જેમકે, નઞ્ સમાસ વિધિમાં ((नञ् 2-2-6 સૂત્રમાં) ઞ્ કાર કરવાની જરૂર નથી. કારણ કે न થી ભિન્ન એવો બીજો કોઈ શબ્દ નથી કે જેની નિવૃત્તિ અર્થે ઞ્ કાર કરવાની જરૂર પડે, વગેરે. પરંતુ આ ચર્ચા પ્રકૃતમાં પ્રત્યક્ષ અનુપકારી હોઈ તેને નોંધી નથી.

નીલકંઠ : (૪૧)

તેમણે કોઈ વિશેષ નોંધ રજૂ કરી નથી.

હરિભાસ્કર : (૩૧)

તેમણે આ પરિભાષાની ચર્ચામાં પ્રસજ્ય-પ્રતિષેધ અને પર્યુદાસ-પ્રતિષેધ કોને કહેવા[૨] તથા નઞ્ ના જુદા જુદા છ અર્થોની[૩] સમજૂતી રજૂ કરી છે. આ ચર્ચા આનુષંગિક હોવા છતાંય પ્રકૃત પરિભાષાને સમજવા માટે અત્યંત ઉપયોગી છે. અહીં નોંધવું જોઈએ કે નઞ્ નો જ્યારે તત્સદશ એવો અર્થ કરવામાં આવે છે. ત્યારે પ્રકૃત પરિભાષાર્થ સિદ્ધ થાય છે; એમ હરિભાસ્કર સૂચવવા માંગે છે.

નાગેશ : (૭૪)

તેમણે ભાષ્યને અનુસરીને આ પરિભાષાનો અર્થ આપ્યો છે. નઞ્ થી કે इव થી યુક્ત એવો શબ્દ, પોતાના અર્થથી ભિન્ન અને પોતાના અર્થસમાન અર્થવાળા પદાર્થ (દ્રવ્ય)ને જ કહે છે. કારણ કે લોકમાં પણ તેમ જોવા મળે છે. જેમકે, 'અબ્રાહ્મણને લાવો.' એમ કહેતાં બ્રાહ્મણભિન્ન અને બ્રાહ્મણસદશ એવા ક્ષત્રિયાદિકનું જ આનયન થાય છે. આવે પ્રસંગે જો કોઈ માટીનું ઢેકું લાવે તો તેને કોણ શાણો કહે ?

---

૨. प्रसज्यप्रतिषेधोऽयं क्रियया सह यत्र नञ् ।
पर्युदासः स विज्ञेयो यत्रोत्तरपदेन नञ् ॥

૩. तत्सादृश्यमभावश्च तदन्यत्वं तदल्पता ।
अप्राशस्त्यं विरोधश्च नञर्थाः षट् प्रकीर्तिताः ॥

આવી પરિભાષા હોવાથી भृशादिभ्यो भुव्यच्वेः० । 1-3-12 સૂત્રવિહિત क्यङ् च्व्यन्त ભિન્ન અને च्व्यन्त ભિન્ન અને च्व्यन्त સદશ એવા अभूद्तद्भाव । ના વિષયમાં જ થાય છે. આથી क्व दिवा भृशा भवन्ति । જેવાં ઉદાહરણોમાં क्यङ् ની આપત્તિ થશે નહીં.

નાગેશ ભટ્ટ આ પરિભાષા અનિત્ય છે તે મુદ્દો સ્વીકારવા તૈયાર નથી. કારણ કે ओषधश्च विभक्तावप्रथमायाम् 6-3-132 સૂત્રસ્થ વિભક્તિ ગ્રહણ આ પરિભાષાના ન્યાયસિદ્ધાર્થનો જ અનુવાદ કરનાર છે. તથા આ પરિભાષાને અનિત્ય માનવાથી ભાષ્યમાં સમ્મત હોય તેવા કોઈ ફળની (પ્રયોજનની) સિદ્ધિ કરવામાં આવતી નથી. અને માટે જ अकर्तरि च कारके संज्ञायाम् । 6-3-19 સૂત્રસ્થ કારકગ્રહણનું ભાષ્યકારે પ્રત્યાખ્યાન કર્યું છે.

આ ચર્ચાનો ઉપસંહાર કરતાં નાગેશ જણાવે છે કે પરિભાષામાં अन्यसदृश શબ્દ વાપરીને એવું સૂચવ્યું છે કે ભેદ ન હોય પણ સાદૃશ્ય હોઈ શકે. આ વિષેની સૂક્ષ્મ ચર્ચા 'મંજૂષા'માં કરી છે.

ઉપસંહાર :

આ પરિભાષા સૌથી પ્રથમ 'પરિભાષાસૂચન'માં રજૂ થઈ છે. અહીં પહેલાં આ પરિભાષાને લોકન્યાયસિદ્ધ વર્ણવવામાં આવી છે; તેનો ભાષ્યકાર અને પુરુષોત્તમદેવાદિએ સ્વીકાર કર્યો છે.

સીરદેવ અને હરિભાસ્કરે આ પરિભાષાનો અર્થ સ્પષ્ટ કરવામાં મદદ કરી છે. નાગેશ ભટ્ટે આ પરિભાષાના ઉપયોગથી અનિષ્ટની નિવૃત્તિ પ્રદર્શિત કરી છે. તથા પરિભાષાના અનિત્યત્વનો અસ્વીકાર કર્યો છે.

प्रतिपदविधानाद् योगविभागो बलीयान् ॥ ९८ ॥

(પ્રતિપદનું વિધાન કરવું, એની અપેક્ષાએ યોગવિભાગ કરવો એ બળવાન છે.)[1]

પ્રતિપદનું વિધાન કરવું એટલે કે શબ્દનું ઉચ્ચારણ કરીને વિધાન કરવું એની અપેક્ષાએ યોગવિભાગ કરવો તે બળવાન છે. આથી, યોગવિભાગ વડે લાઘવપૂર્વક (ઇષ્ટ) સિદ્ધ થઈ જાય છે; એવી સ્થિતિમાં "ગ્રન્થગૌરવકારિ પ્રતિપદનું વિધાન શા માટે કરવામાં આવે છે ?" એવો પ્રશ્ન ન કરવો જોઈએ. (કારણ કે)

---

૧. बलीयान् ને બદલે गरीयान् એવો પાઠ પણ મળે છે. પરંતુ गरीयान् પાઠ સ્વીકારવાથી ઉપર્યુક્ત ચર્ચાનો અંતિમ મુદ્દો અસંગત બની જાય છે. આ અંતિમ મુદ્દા જોતાં बलीयान् પાઠ સંગત જણાય છે.

યોગવિભાગનું ગરીયસ્ત્વ અર્થાત્ ગૌરવગ્રસ્ત હોવાપણું યોગ્ય જ છે. જેમકે, એકયોગ કરવાથી ગ્રન્થગૌરવ થાય છે, તથાપિ તેમાં એક જ વાકયાર્થ પ્રતીત થાય છે. પરંતુ જો યોગવિભાગ કરવામાં આવે તો પ્રત્યેક યોગ વખતે જુદી જુદી બુદ્ધિ (અર્થાત્ જુદા જુદા વાકયાર્થની પ્રતીતિ) ઉત્પન્ન થાય છે. આમ, યોગવિભાગમાં પ્રતિપત્તિ ગરીયસ્ત્વ રહેલું છે.[૨]

---

૨. પરંતુ આ અંતિમ મુદ્દાની ઉપરના ફકરામાં જે ચર્ચા કરવામાં આવી છે. તેના સંદર્ભમાં વિચારતાં એમ જણાય છે કે गरीयान् પાઠ હોય તે વધુ ઉચિત છે. હવે જો આ બીજા મુદ્દાને સંગત બનાવવા गरीयान् એવો પાઠ સ્વીકારીએ છીએ તો અંતિમ ફકરાની ચર્ચા વિસંગત બની જાય છે. મૂળમાં સ્વીકારેલી આ અંતિમ ફકરાની ચર્ચા પણ પાઠાન્તરે પાદટીપમાં આ પ્રમાણે મળે છેઃ अत एव रधिजभोरचि । नेट्यलिटि० । इति सूत्रद्वये 'रघि' इति योगविभागेन सिद्धौ किमर्थं रघेरिति तृतीयसूत्रमिति न चोदनीयम् ।... અર્થાત् रधिजभोरचि । અને नेटयलिटि रघेः । એવા બે સૂત્રોમાંથી रधिः એવો યોગવિભાગ કરીશું તો પણ ઇષ્ટસિદ્ધિ થવાની છે. તો પછી શા માટે तृतीय-અલગ-रघेः । એવું સૂત્ર બનાવવામાં આવતું હશે ? એવો પ્રશ્ન ન કરવો જોઈએ.

गरीयान् । એવો પાઠ સ્વીકારીને જો આ ઉપર્યુક્ત પાદ ટીપ (૪) ની ચર્ચા સ્વીકારવામાં આવે તો તેમાં એક આપત્તિ એ રહેલી છે કે અષ્ટાધ્યાયીમાં रघेः । એવું-અલગ-તૃતીય સૂત્ર મળતું નથી.

અહીં, આ વાકયમાં થોડોક ફેરફાર હોવો જોઈએ તેમ પુરુષોત્તમદેવના અનુગામી સીરદેવની ચર્ચા જોતાં જણાય છે. જેમકે,रधिजभोरचि । અને नेट्यलिटि रघेः । 7-1-61-62 સૂત્રોમાં યોગવિભાગથી ઇષ્ટસિદ્ધિ વર્ણવવાને બદલે जभोरचि । रघेश्च । અને नेट्यलिटि । એવા ત્રણ સૂત્રો કરવાં જોઈએ-એમ ન કહેવું જોઈએ. આમ वलीयान् કે गवीयान् । એ બેમાંથી કોઈ પણ પાઠ સ્વીકારવાથી એક અથવા બીજો દોષ આવી પડે છે. અર્થાત્ આ પરિભાષાની ચર્ચા દૂષિત થયેલી જણાય છે.

આમ ન માનવું હોય તો પરિભાષામાંના बलीयान् પાઠને બદલે गरीयान् પાઠ સ્વીકારવો અને પરિભાષાના વ્યાખ્યાનમાંના છેલ્લા વાકય एतेन जभोरचि...वाच्यम् । ને બદલે પાદટીપ (૪) માંનો પાઠ સ્વીકારવો.

આ ચર્ચાથી સિદ્ધ થાય છે કે જમોડચિ । રઘેઃ । –અને નેટ્યલિટિ । 7–1–61–62 એવાં ત્રણ સૂત્રો કર્યાં હોય તો પણ (ઇષ્ટ) સિદ્ધિ થઈ જાત. એવી સ્થિતિમાં શા માટે રઘિજભોરચિ । 7–1–61 અને નેટ્યલિટિ રઘેઃ । 7–1–62 એવા બન્ને સૂત્રોમાં રઘિ નું બે વાર ગ્રહણ કર્યું છે ? એમ ન કહેવું જોઈએ.

વ્યાડિ : (૭૪)

'પરિભાષાસૂચન'માં प्रतिपदविधानाद्योगविभागो गरीयान् । એવો પાઠ મળે છે. આ પરિભાષાની ચર્ચા કરતાં જણાવ્યું છે કે પ્રતિપદનો પાઠ કરવાથી અર્થસિદ્ધિ થાય છે, તો પણ યોગવિભાગ કરવામાં આવે તો તે ગુરુતર બની રહે છે. જેમકે, નેટ્યલિટિ રઘેઃ । 7–1–62 સૂત્રમાં રઘિ ગ્રહણ કરવાની જરૂર ન હતી. કારણ કે રઘિજભોરચિ । 7–1–61 સૂત્રમાં યોગવિભાગ કરવાથી પણ ઇષ્ટસિદ્ધિ થવાની છે. છતાંય આચાર્યે રઘેઃ । (7–1–62) એવું ગ્રહણ કર્યું છે, તેનાથી જ્ઞાપિત થાય છે કે જો રઘેઃ । (7–1–62) એવું ગ્રહણ નહીં કરવામાં આવે તો યોગવિભાગ કરવો પડશે અને તે ગુરુતર (ગૌરવયુક્ત) બનશે.

આ પરિભાષાનું પ્રયોજન વર્ણવતાં કહ્યું છે કે પૂઙઃ क्त्वा च । 1–2–22 સૂત્રમાં યોગવિભાગ કરીને न क्त्वा सेट् । 1–2–18 સૂત્રમાંના क्त्वा ગ્રહણનું પ્રત્યાખ્યાન કરવામાં આવે છે, તે ગુરુ (ગૌરવગ્રસ્ત) થશે. આમ ન થાય તે માટે આચાર્યે क्त्वा (1–2–18 માં) ગ્રહણ કર્યું છે.

સીસદેવ : (૧૧૦)

તેમણે પરિભાષામાં गरीयान् એવો પાઠ સ્વીકારીને તેની ચર્ચા આ પ્રમાણે કરી છે : जमोऽचि । रघेश्च । અને नेट्यलिटि० । એવાં (7–1–61–62) ત્રણ સૂત્રો કર્યાં હોત તો પણ ઇષ્ટ–સિદ્ધિ થવાની હતી એવી સ્થિતિમાં રઘિ ગ્રહણ બે વાર કર્યું ?—એવો પૂર્વપક્ષ નહીં કરવો જોઈએ.

યોગવિભાગનું ગરીયસ્ત્વ (ગૌરવગ્રસ્તતા) યુક્તિસંગત જ છે. જેમકે, એક યોગ કરો તો ગ્રન્થગૌરવ થાય છે, તો પણ વાક્યાર્થ પ્રતીતિ તો એક જ વાર થાય છે. પરંતુ જો જુદા જુદા યોગ કરવામાં આવે તો એટલે કે યોગવિભાગ કરવામાં આવે તો પ્રત્યેક યોગે જુદી જુદી બુદ્ધિનો ઉદય થાય છે. (એટલે કે વાક્યાર્થ પ્રતીતિ બે વાર થાય છે). તેથી યોગવિભાગમાં જે પ્રતિપત્તિગૌરવ થાય છે તે સ્પષ્ટ છે.

નીલકંઠ : (૧૩૮)

તેમણે અતિસંક્ષેપમાં અને છતાંય સ્પષ્ટપણે આ પરિભાષાનું ખંડન કર્યું

છે. તેમણે જણાવ્યું છે કે આ પરિભાષા નિર્મૂલા છે. કારણ કે ભાષ્યકારે અનેક સ્થળે યોગવિભાગનો આશ્રય કરીને સૂત્રોનું પ્રત્યાખ્યાન કર્યું છે.

આટલા ટૂંકા વ્યાખ્યાનથી પણ એ સ્પષ્ટ થઈ જાય છે કે જો પ્રતિપદ વિધાનની અપેક્ષાએ યોગવિભાગ ગરીયાન એટલે કે ગૌરવગ્રસ્ત હોય તો ભાષ્યકારે યોગવિભાગનો આશ્રય ન લીધો હોત.

હરિભાસ્કર : (૧૧૨)

તેઓ જણાવે છે કે "આવી પરિભાષા છે, તેથી જભોઽચિ । રઘેશ્ચ । અને નેટ્યલિટિ । એવો ન્યાસ કરવાથી એક રઘિ ગ્રહણનું વૈયર્થ્ય છે એમ કહી શકાતું નથી." એવું સીરદેવે નિર્દેશ્યું છે તે સ્વીકાર્ય નથી. કારણ કે ભાષ્યકારે યોગવિભાગનું આશ્રયણ કરીને જ્યાં પદપ્રત્યાખ્યાન કર્યું હશે તે અસંગત થઈ જશે.

આથી જ હરિભાસ્કર જણાવે છે કે "યોગવિભાગની અપેક્ષાએ બે વાર ક્રોષ્ટુ ગ્રહણ કરવામાં લાઘવ છે." એવું તૃજ્વત્ ક્રોષ્ટુઃ । 7-1-15 સૂત્ર ઉપર કૈયટનું કહેવું છે તે ચિન્ત્ય છે. અને નેટ્યલિટિ રઘેઃ । 7-1-62 સૂત્રસ્થ રઘિ ગ્રહણ વ્યર્થ પણ નથી. કારણકે एकदेशानुवृत्तिः । નું અનિત્યત્વ જ્ઞાપિત કરવા માટે પણ તે દ્વિતીય રઘિ ગ્રહણ હોય. વળી, ઇવીદિતો નિષ્ઠાયામ્ । 7-2-14 સૂત્રસ્થ શ્વિ ગ્રહણનું પ્રયોજન જેવી રીતે આપે (સીરદેવે) 'વૈચિત્ર્યાર્થ' નિર્દેશ્યું છે, તેમ અહીં પણ (દ્વિતીય રઘિ ગ્રહણમાં પણ) હોય.

આ ચર્ચા વડે "...યોગવિભાગમાં પ્રતિપત્તિગૌરવ થાય છે" વગેરે સીરદેવના કહેવાનું પ્રત્યાખ્યાન થાય છે. માટે આ પરિભાષા અનુચિત જ છે.

નાગેશ : (૧૨૧)

તેમણે આ પરિભાષાના પાઠમાં ફેરફાર કર્યો છે. જેમકે, पदगौरवाद्योगविभागो गरीयान् । તેમણે પૂર્વાચાર્યોની ચર્ચાનું પરિશીલન કરીને સ્વીકાર્યું છે કે પ્રત્યેક વાક્યે જુદી જુદી વાક્યાર્થ પ્રતીતિ થાય તેમાં ગૌરવ રહેલું છે, તે સ્પષ્ટ છે. પરંતુ ભાષ્યકારને આ પરિભાષા સમ્મત નથી. કારણકે टाङसिङसामिनात्स्याः । 7-1-12 સૂત્રમાં इन આદેશસ્થ इ કારનું પ્રત્યાખ્યાન કરવા માટે યોગવિભાગનું જ આશ્રયણ કરવામાં આવ્યું છે.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાની ચર્ચા સૌ પ્રથમ પ્રાપ્ત થાય છે.

સંભવતઃ પુરુષોત્તમદેવે તેમાંથી સૂચન મેળવીને પણ કદાચ આ પરિભાષા રજૂ કરી હોય. પરંતુ તેમના ગ્રન્થમાં આ પરિભાષાનો પાઠ તથા ચર્ચા થોડાંક દુષિત થયાં હોય તેમ જણાય છે. સમગ્ર વ્યાખ્યાન અને પુરોગામી તથા અનુગામીઓના ગ્રન્થો જોતાં गरीयान् એવો પાઠ જ યુક્તિસંગત છે. તથા 'જુદા જુદા વાક્ય લેવાથી જુદી જુદી વાક્યાર્થ પ્રતીતિ થાય તેમાં પ્રતિપત્તિગૌરવ થાય' એ મુદ્દો જોતાં નાગેશે આપેલો પાઠ જ વધુ યુક્તિસંગત જણાય છે. અને છતાંય આ પરિભાષા ભાષ્યવિરુદ્ધ હોઈ સ્વીકાર્ય નથી.

अबाधकान्यपि निपातनानि भवन्ति ॥ ९९ ॥

(નિપાતન બાધક નથી પણ હોતાં.)

આ પરિભાષા પણ નથી અને ભાષ્યવચન પણ નથી. કારણકે ભાષ્યમાં 'નિપાતન બાધક જ છે.' એવી વ્યવસ્થા સૂચવવામાં આવી છે.[1]

(પરંતુ) જયાદિત્યે લક્ષ્યસ્થિતિના અનુરોધથી 'નિપાતન અબાધક પણ હોય છે' એવી પરિભાષા દર્શાવી છે.[2] પરિણામે पुराणप्रोक्तेषु ब्राह्मणकल्पेषु । 4-3-105 સૂત્રસ્થ (પુરાણ એવા) નિપાતનના અબાધકત્વને કારણે सायंचिरम्प्राह्णेप्रगेऽव्ययेभ्यष्ट्युट्युलौ तुट् च । 4-3-23-સૂત્ર વડે पुरा શબ્દથી ट्यु અને ट्युल् પ્રત્યયો કર્યા પછી तुट् આગમ થાય છે. આથી दधतः पुरातनमुनेर्मुनिताम् । (किरात० 6-19) અને पुरातनीर्नदीः । ।शिशु० । 12-60 એવા ભારવિ અને માઘના કાવ્યપ્રયોગો ઉપન્ન થાય છે.

અહીં (કાશિકા) વૃત્તિકારના દર્શનને સ્વીકારનારા[3] આ પ્રમાણે જ્ઞાપક વર્ણવે છે કે त्रयाणाम् । એવા રૂપની સિદ્ધિને અર્થે त्रेस्त्रयः । 7-1-53 એવું સૂત્ર રજૂ કરવામાં આવ્યું છે, તે જ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે.

જો નિપાતન કેવળ બાધક જ બનતાં હોય તો त्रीणाम् । એવા રૂપની

---

૧. बाधकान्येव हि निपातनानि भवन्ति ॥ 1-1-27 सूत्रभाष्य

૨. पुराण इति निपातनात्तुडभावः । न वात्यन्तबाधैव तेन पुरातनमित्यपि भवति । 4-3-105 सूत्रस्योपरि काशिका ॥

૩. एवं तर्हि एतज्ज्ञापयति-अबाधकान्यपि निपातनानि भवन्तीति । तेन पुराशब्दात् 'सायञ्चिरम्' इत्यादिना विधीयमानयोष्ट्युट्युलोः 'पुराणप्रोक्तेषु' इति निपातनेन तुटो बाधनं न भवतीति । तेन पुरातनमित्यपि सिद्धं भवति । 7-3-42 इत्यत्र काशिकोपरि न्यासः ॥

પ્રાપ્તિ સમયે, તેના બાધક રૂપે નિજાં ત્રયાણાં ગુણઃ શ્લૌ । 7-4-75 સૂત્રોક્ત 'ત્રયાણામ્' એવા નિપાતનથી જ (૪૯૮) સિદ્ધિ થઈ જાત. પરંતુ જ્યારે 'નિપાતન અબાધક પણ હોય છે.' ત્યારે ત્રીણામ્ એવા રૂપની પ્રાપ્તિ થાય છે. પણ તેવો પ્રયોગ ન થાય તે માટે ત્રેસ્ત્રયઃ । 7-1-53 એવું સૂત્ર કર્યું છે અને એવી રીતે તે અર્થવાન બની રહે છે.

વ્યાડિ : (—)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા નથી.

સીરદેવ : (૭૬)

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી ચર્ચાને સ્વીકાર્યા પછી 'આ પરિભાષા નથી કે નથી ભાષ્યવાચન' એવા પુરુષોત્તમદેવના પ્રારંભિક વિધાનનું વિવરણ કરતાં સીરદેવ જણાવે છે કે સર્વાદીનિ સર્વનામાનિ । 1-9-27 સૂત્રભાષ્યમાં 'નિપાતન બાધક જ છે.' તેવું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. માટે જ આ સૂત્ર ઉપરની ભાગવૃત્તિમાં પુરાતનમુનેર્મુનિતામ્ । અને પુરાતનીર્નદીઃ । ને પ્રમાદજન્ય પાઠો કહ્યા છે. કવિઓ ગતાનુગતિક પણે આવા પ્રયોગો કરે છે, તેમને શાસ્ત્ર વિશે જ્ઞાન હોતું નથી.

નીલકંઠ : (૧૧૦)

આ પરિભાષા વૃત્તિ (કાશિકા) આદિ ગ્રન્થોમાં સ્પષ્ટ છે. એમ જણાવીને નીલકંઠે આ પરિભાષા ઉપર કોઈ વિશેષ વ્યાખ્યાન કર્યું નથી. તથાપિ આ પરિભાષાનું જે જ્ઞાપકપ્રમાણ નિર્દેશ્યું છે તે નોંધનીય છે. જેમકે, તયોરેવ કૃત્યક્તખલર્થાઃ । 3-4-70 સૂત્રસ્થ એવ કાર ગ્રહણથી તક્રકૌણ્ડિન્યન્યાયના અનિત્યત્વનું જ્ઞાપન થયું છે. આ પરિભાષા તેને આધારે ઉપસ્થિત થાય છે.

વિશેષમાં, નીલકંઠે 'નિપાતન બાધક જ હોય છે' એવી પવિભાષાને (૧૦૯) પણ રજૂ કરી છે અને તેને તક્રકૌણ્ડિન્ય-ન્યાયમૂલક કહી છે. તેમણે આ પરિભાષાના વ્યાખ્યાનમાં 'નિપાતન' શબ્દનો અર્થ આ પ્રમાણે કર્યો છે : શાસ્ત્ર વડે જે કાર્ય પ્રાપ્ત રહેતું હોય તેનો બાધ કરનાર.

હરિભાસ્કર : (૭૮)

તેમણે પ્રારંભે પુરુષોત્તમદેવને અનુસરીને આ પરિભાષાની ચર્ચા કર્યા પછી પુરાતન શબ્દને ઉપાયાન્તરે સાધુત્વ-બોધન કરવાનો પ્રયત્ન કર્યો છે. જે ક્રમશઃ આ પ્રમાણે છે :

(૧) કાતન્ત્ર-વ્યાકરણમાં पुराणः शेषे वा पुराणः पुरातन इति । એમ કહીને पुरातन શબ્દને સાધુ ગણ્યો છે.

(૨) કેટલાકના મતે पुरा अतनमस्यास्तीति पुरातनः । તેવી વ્યુત્પત્તિ થાય છે. पुरातनी । એવા પ્રયોગમાં अतनमस्या अस्तीति अतना । सैव अतनी ताः पुरातनीः । એવું વ્યાખ્યાન કરવામાં આવે છે.

(૩) આ શબ્દની સિદ્ધિ બીજા કેટલાક આ પ્રમાણે વર્ણવે છે; विभाषा-पूर्वाह्णापराह्णाभ्याम् । 4-3-24 એ સૂત્રમાં વિભાષા એટલો યોગવિભાગ કરીને અને યોગવિભાગને ઇષ્ટસિદ્ધિ અર્થે ગણીને पुरा શબ્દથી यु પ્રત્યયને વિકલ્પે तुट् નું વિધાન કરે છે. જેથી पुरातनः । એવો શબ્દ બને છે.

(૪) કૈયટ પણ પૃષોદરાદિત્વને કારણે पुरातनः । શબ્દને સાધુ ગણે છે.

આમ पुरातनः । શબ્દને ઉપાયાન્તરોથી પણ સાધુત્વ-બોધન થઈ શકે છે. માટે હરિભાસ્કરે જણાવ્યું છે કે ભારવિ અને માઘનાં પૂર્વોક્ત પદદ્વય પ્રમાદજન્ય છે તેવું કહેનારા ભાગવૃત્તિકાર અને તેમના અનુગામી સીરદેવાદિ ઉપેક્ષ્ય છે.

આ જ પ્રમાણે હરિભાસ્કરે "આ પરિભાષા નથી કે નથી ભાષ્યકારનું વચન" એવું કહેનાર (પુરુષોત્તમદેવ) ને પણ પ્રશ્ન કર્યો છે કે આ પરિભાષત્વ શું છે. 'પરિભાષા' પદથી જે વચન વ્યવહારને યોગ્ય છે, તે સર્વત્ર અવિશેષ પણે લાગે છે. અને વળી, ભાષ્યકારે આ વચન નથી કહ્યું તો પણ કોઈ ક્ષતિ નથી.

નાગેશ : (૧૧૦)

તેમણે 'નિપાતન અબાધક પણ હોય છે' તેવી પરિભાષા સ્વીકારી નથી, પણ 'નિપાતન બાધક જ હોય છે' તેવી પરિભાષા સ્વીકારી છે. આ પરિભાષાના વ્યાખ્યાનમાં તેમણે જણાવ્યું છે કે 'નિપાતન અબાધક પણ હોય છે' તે વચન ભાષ્યવિરુદ્ધ છે.

નાગેશ ભટ્ટે કૈયટોક્ત સમાધાન સ્વીકાર્યું છે કે पुरातनः । શબ્દ પૃષોદરાદિ ગણમાં આવેલો હોઈ સાધુ છે. બીજા કેટલાકના મતે पुराणः । શબ્દ પણ પૃષોદરાદિ ગણમાં આવેલો છે.

ઉપસંહાર :

'નિપાતન બાધક નથી પણ હોતા.' એવું વચન પરિભાષા નથી તથા ભાષ્યવચન પણ નથી એમ પુરુષોત્તમદેવે સ્પષ્ટપણે જણાવ્યું છે. છતાંય ભારવિ

અને માઘના ઉપર્યુક્ત પ્રયોગોને સાધુત્વ-બોધન કરવા તેમણે પૂર્વોક્ત વચનને પરિભાષા રૂપે રજૂ કરવાની પ્રેરણા તથા તેના જ્ઞાપકાદિ દર્શાવતી પ્રમાણ-ચર્ચા પુરુષોત્તમદેવને 'કાશિકા' અને 'ન્યાસ'માંથી મળી રહી છે.

બીજી તરફ, સીરદેવે ભાગવૃત્તિકારના અભિપ્રાયથી पुरातनीर्नदीः । જેવા પ્રયોગોને અસાધુ જાહેર કર્યા છે. હરિભાસ્કરે તેનું પ્રત્યાખ્યાન કર્યું છે અને વિવિધ ઉપાયો અને મતાન્તરોથી पुरातनः । શબ્દની સિદ્ધિ દર્શાવી છે.

હરિભાસ્કર અને નાગેશની ચર્ચા ઉપરથી જણાય છે કે पुरातनः । શબ્દને સાધુત્વબોધન કરવા માટે "નિપાતન અબાધક પણ હોય છે." તેવી પરિભાષા માનવાની જરૂર નથી. "નિપાતન બાધક જ છે" એ વચન જ ભાષ્યસંમત છે અને पुरातनः । શબ્દની સિદ્ધિ તો પૃષોદરાદિત્વથી જ થઈ જાય છે.

योगविभागादिष्टसिद्धिः ॥ १०० ॥

(યોગવિભાગથી ઇષ્ટ સિદ્ધિ થાય છે.)

'યોગવિભાગથી ઇષ્ટસિદ્ધિ જ કરવામાં આવે છે; તેથી અતિવ્યાપ્તિની આશંકા ન કરવી જોઈએ' એવો આ પરિભાષાનો ભાવાર્થ છે. આથી इद्गोण्याः । 1-2-50 સૂત્રમાં इद् એવો યોગવિભાગ કરીને पञ्चसूचिः । दशसूचिः । એ ઉદાહરણોની જ સિદ્ધિ કરવામાં આવે છે.

આમ થાય તે યુક્તિસંગત છે. કારણકે યોગવિભાગ કરવો તે ગૌરવગ્રસ્ત પ્રયત્ન છે. આથી જો લાઘવયુક્ત ઉપાયથી ઇષ્ટસિદ્ધિ થતી હોય ત્યાં ગૌરવયુક્ત પ્રયત્નનું આશ્રયણ કર્યું હોય તો તેના સામર્થ્યથી જ કેવળ ઇષ્ટસિદ્ધિની કલ્પના કરવી જોઈએ.

વ્યાડિ : (૬૮)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાની જ્ઞાપકચર્ચા આ પ્રમાણે મળે છે : विभाषा वृक्षमृग० । 2-4-12 સૂત્રમાં યોગવિભાગ છે. તેનાથી 'વિભાષાથી બધા દ્વન્દ્વસમાસ એકવદ્ થાય છે-એવો અર્થ સંપન્ન થાય છે. પરંતુ યોગ-વિભાગથી પ્રાપ્ત થનાર આ અર્થની અતિવ્યાપ્તિ ન થાય એ માટે પાણિનિએ तिष्यपुनर्वस्वोर्नक्षत्रद्वन्द्वे० । 1-2-63 સૂત્રમાં બહુવચન ગ્રહણ કર્યું છે.

આ પરિભાષા હોવાથી अस्मदो द्वयोश्च । 1-2-59 સૂત્રમાં યોગવિભાગ સિદ્ધ રહે છે. આથી अस्मद् શબ્દને એકવચનમાં પણ બહુવચન સિદ્ધ રહે છે અને

દ્વયર્થક અસ્મદ્ શબ્દને પણ બહુવચનસિદ્ધ રહે છે, તે આ પરિભાષાનું પ્રયોજન છે. પરંતુ યોગવિભાગનું આવું પ્રયોજન વર્ણવ્યા પછી अस्मदो द्वयोश्च । 1-1-59 સૂત્રમાં च કાર વિકલ્પાર્થક છે એમ નહીં કહી શકાય. કારણ કે આમ કહેવામાં દોષાપત્તિ રહેલી છે.

સીરદેવ : (૧૨૧)

તેમણે ન્યાસકારની ચર્ચાને આધારે આ પરિભાષાની અતિવ્યાપ્તિનો નિરાસ વર્ણવ્યો છે. જેમકે, इद् गोण्याः । 1-2-50 સૂત્રમાં इद् એવો યોગવિભાગ કરવાથી पग-चसूचिः । ની જ સિદ્ધિ થાય છે, બીજા કોઈની નહીં. કારણકે જો इद् એવું સૂત્ર પ્રત્યેક વિષયમાં લાગશે તો गोण्याः । એવું બીજું સૂત્ર અનર્થક બની જશે.

આ પરિભાષાની અતિવ્યાપ્તિ રોકવા માટે પુરુષોત્તમદેવે જે યુક્તિ રજૂ કરી છે, તેનાથી આ યુક્તિ જુદી છે.

નીલકંઠ : (૧૧૫)

તેમણે આ પરિભાષાની પ્રવૃત્તિથી અનિષ્ટની પ્રાપ્તિ થતી નથી; એનું સમર્થન કરવા માટે આ પ્રમાણે યુક્તિ આપી છે: યોગવિભાગમાં મૂળસૂત્ર જે કાર્ય કરતું હોય તેનું જ વિધાન કરવા માટે વિભક્ત થયેલા બીજા સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે. તેના આધારે ઉક્તાર્થ જ્ઞાપિત થાય છે.

હરિભાસ્કર : (૧૧૩)

આ પરિભાષાની જ્ઞાપક ચર્ચા કર્યા સિવાય તેમણે કેટલાક યોગવિભાગને ચિન્ત્ય જાહેર કર્યા છે. જેમકે, दिशोऽमद्राणाम् । 7-3-13 એવા સૂત્રમાં યોગવિભાગ ઉત્તરાર્ધ કર્યો છે એમ જે કેટલાકે કહ્યું છે તે ચિન્ત્ય છે.

નાગેશ : (૧૧૪)

તેમણે નીલકંઠની ચર્ચાનો ઉપયોગ કરીને એટલું ઉમેર્યું છે કે યોગવિભાગથી સાધવામાં આવેલા બીજા સૂત્રને અનિત્યત્વનું જ્ઞાપન થાય છે. તેથી આ પરિભાષાની કેવળ ઇષ્ટસિદ્ધિમાં જ પ્રવૃત્તિ થાય છે.

ઉપસંહાર :

આ પરિભાષાથી જણાવવામાં આવે છે કે યોગવિભાગથી કેવળ ઇષ્ટસિદ્ધિ જ કરવી, પરંતુ તેની અતિવ્યાપ્તિ કરવી નહીં. યોગવિભાગથી સિદ્ધ થતા અર્થની

અતિવ્યાપ્તિ નહીં થવામાં પુરુષોત્તમદેવ, સીરદેવ અને નીલકંઠ તથા નાગેશે જુદાં જુદાં કારણો આપ્યાં છે.

अवयवसिद्धेः समुदायसिद्धिर्बलीयसी[1] ॥ १०१ ॥

(અવયવસિદ્ધિની અપેક્ષાએ સમુદાયસિદ્ધિ વધારે બળવાન છે.)[2]

આ પરિભાષા યુક્તિસિદ્ધ છે. સમુદાય બધાનું ગ્રહણ કરતો હોવાથી તેનું પ્રાધાન્ય છે. આથી અવયવાશ્રિત કાર્યની અપેક્ષાએ સમુદાયાશ્રિત કાર્ય (પહેલાં) પ્રવૃત્ત થાય છે. જેમકે, दीधीवेवीटाम् । 1-1-6 સૂત્રમાં दीङ् क्षये, वीङ् आधारे, वेञ् तन्तुसन्ताने અને वी गतौ વગેરેનું[3] ગ્રહણ થતું નથી.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૦૪)

તેમણે પુરુષોત્તમદેવે બતાવેલી યુક્તિનો સ્વીકાર કર્યો છે અને ઉમેર્યું છે કે પ્રધાનાપ્રધાનન્યાયને આધારે આ પરિભાષાનો અર્થ પ્રાપ્ત થાય છે. પુરુષોત્તમદેવે રજૂ કરેલા આ પરિભાષાના પ્રયોજનને પહેલાં સમજાવ્યા પછી તેમણે તેનું ખંડન કર્યું છે. જેમકે, ન્યાસકારે કહ્યું છે : "પાણિનિને दीङ् વગેરે જુદા જુદા ચાર ધાતુઓનું ગ્રહણ કરવું અભિપ્રેત હોત તો असंदेहार्थं वीवेवीटीटाम् । એવો ન્યાસ કર્યો હોત." આમ, પ્રકૃત પરિભાષાનું કોઈ પ્રયોજન મળતું નથી. વળી, પાણિનિએ સર્વત્ર અસંદિગ્ધ સૂત્રન્યાસ કર્યો હોઈ અપેક્ષિતાર્થની સિદ્ધિ થઈ જાય છે.

નીલકંઠ : (૯૬)

તેમણે પુરુષોત્તમદેવ અને સીરદેવે નિર્દેશેલો આ પરિભાષાનો અર્થ સ્વીકાર્યો નથી. પરંતુ તેમણે જણાવ્યું છે કે યોગજન્ય અર્થબોધમાં રૂઢિજન્ય અર્થોપસ્થિતિ

---

૧. P હસ્તપ્રતમાં सिद्धेः અને सिद्धिः ને બદલે અનુક્રમે प्रसिद्धेः અને प्रसिद्धिः એવો પાઠ મળે છે.

૨. આ પરિભાષાનો બીજો અર્થ પણ મળે છે. જેમકે, અવયવાર્થની અપેક્ષાએ અર્થાત્ યૌગિકાર્થની અપેક્ષાએ સમુદાયાર્થ એટલે કે રૂઢ્યર્થ બળવાન છે. આવો અર્થ નીલકંઠ તથા નાગેશને સમ્મત છે.

૩. વગેરે=અવયવાશ્રિત ધાતુઓનું ગ્રહણ થતું નથી.

પ્રતિબન્ધિકા બને છે. અર્થાત્ રથકારાધિકરણન્યાયને[૪] આધારે આ પરિભાષાર્થ સિદ્ધ રહે છે.

હરિભાસ્કર : (૧૦૬)

તેમણે પુરુષોત્તમદેવાદિ તથા નીલકંઠની ચર્ચાનો સારસંગ્રહ કર્યો છે.

નાગેશ : (૯૮)

આ પરિભાષાનો તેમણે આ પ્રમાણે અવતાર કર્યો છે :

न षट्स्वस्रादिभ्यः । 4-1-110 સૂત્રોક્ત ઙીપ્ નિષેધ જેમ જનનીવાચક માતૃ શબ્દને લાગે છે, તેમ પરિચ્છેત્તા (માપનાર) એ અર્થવાળા માતૃ શબ્દને પણ લાગી જશે. અને પરિણામે ऋन्नेभ्यो ङीप् । 4-1-5 એ સૂત્રથી ઙીપ્ થઈને मात्री । એવું ઇષ્ટ રૂપ પ્રાપ્ત થશે નહીં.

આવી આપત્તિને દૂર કરવા માટે 'શબ્દોના અવયવોમાંથી ઉત્પન્ન થનાર યૌગિકાર્થની અપેક્ષાએ તે પૂર્ણ શબ્દમાંથી ઉત્પન્ન થનાર સ્વતંત્ર રુઢ્યર્થ અધિક બળવાન હોય છે.' એવી પરિભાષાનું આશ્રયણ કરવામાં આવે છે. આથી न षट्स्वस्रादिभ्यः । 4-1-110 સૂત્રોક્ત ઙીપ્ નિષેધ શુદ્ધરૂઢ અર્થવાળા જનની-વાચક માતૃ શબ્દને જ લાગે છે; પરંતુ પરિચ્છેત્તા અર્થવાળા માતૃ શબ્દને લાગતો નથી.

અવયવમાંથી ઉત્પન્ન થનાર અર્થની સાથે જેને કોઈ સંબંધ નથી; અર્થાત્

---

૪. 'રથકારાધિકરણન્યાય'ને સમજાવતાં 'લૌકિકન્યાયાંજલિ' (ત્રીજા ભાગ)માં 'જૈમિનીયન્યાયમાલાવિસ્તર'માંથી નિમ્નોક્ત ઉદ્ધરણ રજૂ કર્યું છે.

आधाने श्रूयते । 'वर्षासु रथकार आदधीतेति' । तत्र रथं करोतीति व्युत्पाद्या त्रैवर्णिको रथकार इति चेत् । नैवम् । संकीर्णे जाति-विशेषे रूढत्वात् । वैश्यायां क्षत्रियादुत्पन्नो माहिष्यः । शूद्रायां वैश्यादुत्पन्ना करणी । तस्यां करण्यां माहिष्यादुत्पन्नो रथकारः । तथा च याज्ञवल्क्यः । 'माहिष्येण करण्यां तु रथकारः प्रजायत' इति । तस्य च रथकारस्याधानकालो वर्षार्त्तुः ।

અહીં 'રથકાર' શબ્દનો रथं करोतीति । એવી વ્યુત્પત્તિ અનુસાર પ્રાપ્ત થતા યૌગિકાર્થની અપેક્ષાએ રૂઢિથી 'જાતિવિશેષ' એવો અર્થ બળવાન છે. કારણ કે આવો રૂઢ્યર્થ સૌથી પ્રથમ ઉપસ્થિત થાય છે. આમ, આ પરિભાષા 'રથકારાધિકરણન્યાય'થી સિદ્ધ થાય છે.

જે અર્થ અવયવમાંથી ઉત્પન્ન થનાર અર્થથી જુદો છે તે શુદ્ધરૂઢ અર્થ જ શબ્દોચ્ચારણ થતાં પ્રથમ ઉત્પન્ન થાય છે અને તે રૂઢ અર્થ અવયવમાંથી ઉત્પન્ન થનાર અર્થનો બાધ કરે છે. અહીં નાગેશ ભટ્ટ સ્પષ્ટ કરે છે કે પ્રકૃતમાં 'રથકરણાધિકરણન્યાય'થી સિદ્ધ એવો અર્થ રજૂ કરવામાં આવ્યો છે.

કોઈ એક વૈયાકરણ પ્રકૃત પરિભાષાનો જુદી રીતે અર્થ કરે છે. જેમકે, જ્યાં સમુદાયનું ગ્રહણ શક્ય હોય ત્યાં અવયવનું ગ્રહણ ન કરવું. પરિણામે दीधीवेवीटाम् । 1-1-6 સૂત્રમાં दीधीङ् અને वेवीङ् નું જ ગ્રહણ થાય છે. પણ दीङ्, धीङ्, वेञ् અને वी નું ગ્રહણ થતું નથી. નાગેશ ભટ્ટે આ ચર્ચાનો સ્વીકાર કર્યો નથી. કારણ કે જો પાણિનિને ઉપર્યુક્ત ચાર ધાતુઓનું ગ્રહણ ઇષ્ટ હોત તો તેમણે दीवेधीवीटाम् । એવું જ સૂત્ર બનાવ્યું હોત.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. સૌ પ્રથમ પુરુષોત્તમદેવે તેને રજૂ કરી છે. પરંતુ આ પરિભાષાના બે પ્રકારે અર્થ કરવામાં આવ્યા છે.

પુરુષોત્તમદેવે दीधीवेवीटाम् । 1-1-6 સૂત્રમાં दीङ् ક્ષયે । ઇત્યાદિ જુદા જુદા ચાર ધાતુઓનું ગ્રહણ ન થાય એ માટે પ્રધાનાપ્રધાનન્યાયથી આ પરિભાષાને સિદ્ધ કરી બતાવી છે અને ઇષ્ટસિદ્ધિ વર્ણવી છે. બીજી તરફ, ન્યાસકારે આ પ્રયોજનનું ખંડન કર્યું છે. તેથી નીલકંઠાદિએ આ પરિભાષાને રથકારાધિકરણ ન્યાયથી સિદ્ધ થતી વર્ણવી છે.

મૂળમાં આ પરિભાષા સૂત્રાર્થ નિર્ણયમાં ઉપયોગમાં લેવા માટે પુરુષોત્તમદેવે રજૂ કરી છે, પરંતુ "પાણિનિએ સર્વત્ર અસંદિગ્ધ સૂત્રરચના કરી છે." એવા અભિપ્રાયને સ્વીકારીને આ પરિભાષાનો વિષયપ્રદેશ બદલી નાખવામાં આવ્યો છે.

श्रुतानुमितयोः श्रौतः सम्बन्धो बलीयान् ॥१०२॥

(શ્રૌત અને અનુમિત એ બે સંબંધોમાંથી શ્રૌત સંબંધ વધારે બળવાન હોય છે.)

આ પરિભાષાનો અર્થ ન્યાયસિદ્ધ છે. જેમકે, લોકમાં કહેવામાં આવે છે કે બ્રાહ્મણોને જમાડો અને માઠર-કૌણ્ડિન્ય (તેમને-બ્રાહ્મણોને-ભોજન) પીરસે. અહીં માઠર અને કૌણ્ડિન્યના પીરસવાના કાર્યનું સાક્ષાત્ શ્રવણ થાય છે. તેનાથી બ્રાહ્મણત્વને કારણે અનુમિત થતું ભોજનકાર્ય બાધિત થાય છે. અર્થાત્ તે બે ભોજન કરવા બેસતા નથી.

આ જ પ્રમાણે શાસ્ત્રમાં પણ अचो रहाभ्यां द्वे । 8-4-46 સૂત્રમાં 'रहाभ्याम्' એવા પદથી રેફ અને હ કારના નિમિત્તભાવનું સાક્ષાત્ શ્રવણ થાય છે. આથી, રેફ અને હ કાર यर् પ્રત્યાહારમાં આવી જતા હોવાથી અનુમતિ થતું તેમનું કાર્યિત્વ બાધિત થાય છે. અર્થાત્ રેફ અને હ કારને દ્વિત્વ રૂપી કાર્ય થતું નથી. પરિણામે ग्रामह्रदः । मद्रह्रदः । એવાં ઉદાહરણોમાં રેફને દ્વિર્વચન થતું નથી.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૦૭)

તેમણે આ પરિભાષાની ચર્ચામાં પુરુષોત્તમદેવનો વિરોધ કર્યો છે. પુરુષોત્તમદેવે આ પરિભાષાને ન્યાયસિદ્ધા જણાવી છે. પ્રથમ તેનું સ્પષ્ટીકરણ કરતાં સીરદેવ જણાવે છે કે 'જેનો સાક્ષાત્ ઉપદેશ કરવામાં આવ્યો હોય તે અનુમિતનો બાધ કરે છે.[1] અથવા 'પ્રત્યક્ષ અને અનુમિત એ બેમાંથી પ્રત્યક્ષ બળવાન છે.'[2] એવા લૌકિકન્યાય ઉપર આ પરિભાષા ઊભી છે. કારણ કે અનુમાનની અપેક્ષાએ પ્રત્યક્ષ એ અંતરંગ છે. જેવી રીતે 'બ્રાહ્મણોને જમાડો અને તેમને માઠરકૌણ્ડિન્ય પીરસે' એવું એક વાક્ય છે. આ વાક્ય બ્રાહ્મણભોજનનું અને માઠર–કૌણ્ડિન્યના પરિવેષણનું વિધાયક છે. અહીં વાક્ય એક જ હોવાથી તેમાં બાધ્યબાધક ભાવ નથી. પરંતુ તેને જો બે વાક્ય રૂપે લેશો તો અનુમતિ થતા ભોજનનો બાધ કર્યા વિના પીરસવું શક્ય નથી. અહીં વાક્યસામર્થ્યથી બાધ થાય છે. પરંતુ સીરદેવ જણાવે છે કે मद्रह्रदः । વગેરેમાં તો હ કારથી પરમાં આવેલા રેફનું દ્વિત્વ થઈ શકે છે. માટે પુરુષોત્તમદેવે રજૂ કરેલા લોકન્યાયને આધારે અહીં ઇષ્ટસિદ્ધિ થશે નહીં.

પરિણામે सामान्यश्रुतिं विशेषश्रुतिर्बाध्यते । એવો લોકન્યાય સ્વીકારવો પડશે. જેવી રીતે; 'બ્રાહ્મણોને દહીં આપો અને કૌણ્ડિન્યને છાશ' અહીં છાશ આપવાથી દહીં આપવામાં આવતું નથી. તેમ રેફ અને હ કારને નિમિત્ત જાહેર કર્યા પછી તેમને કાર્યી બનાવી શકાતા નથી.

નીલકંઠ : (૧૦૦)

તેમણે શ્રુત અને અનુમતિ એ બે શબ્દોને પહેલા સમજાવ્યા છે. જેમકે,

---

૧. साक्षात्शिष्टेनानुमितं बाध्यते ।
૨. प्रत्यक्षानुमितयोः प्रत्यक्षं वलीयः ।

સાક્ષાત્ શ્રૂયમાણત્વને શ્રુતત્વ કહે છે અને સામાન્યપણે પ્રતીતિવિષયત્વને અનુમિતત્વ કહે છે. અથવા તો પ્રકરણથી પ્રાપ્ત હોય તેને અનુમિત કહે છે.

શ્રુત અને અનુમતિ શબ્દોના આ પ્રમાણે અર્થો કર્યા પછી નીલકંઠ જણાવે છે કે વિલમ્બિત ઉપસ્થિતિકત્વની અપેક્ષાએ શીઘ્રોપસ્થિતિકત્વમાં લાઘવ છે. પરિણામે પ્રકૃત પરિભાષાર્થ સિદ્ધ થાય છે.

આ પરિભાષાનું પ્રયોજન દર્શાવતાં નીલકંઠ જણાવે છે કે અસ્થિદધિ૦ । 7-1-75 સૂત્રમાં સાક્ષાત્ શ્રૂયમાણ અસ્થિ વગેરેનું નપુંસકલિંગ વિશેષણ બને છે. પરંતુ અનુમતિ થતાં અङ्गस्य નું વિશેષણ બનતું નથી. આથી, अतिदध्ना ब्राह्मणेन । એવો પ્રયોગમાં अनङ् આદેશ સિદ્ધ થાય છે. વિશેષમાં નીલકંઠે નોંધ્યું છે કે तस्मादित्युत्तरस्य । 1-1-67 સૂત્રનિર્દેશથી આ પરિભાષા અનિત્ય છે એમ જ્ઞાપિત થાય છે.

નીલકંઠે આ પરિભાષાના પાઠમાં થોડોક ફેરફાર કર્યો છે: श्रुतानुमितयोः श्रुतसंबन्धो बलीयान् । તથા એક બીજી પરિભાષા પણ ઉમેરી છે. જેમકે, श्रुतानुमितयोः श्रुतेनैव संबन्धः । 101 પરંતુ તેમણે નોંધ્યું છે કે આ બીજી પરિભાષા પૂર્વપરિભાષાનો જ પ્રપંચ છે.

હરિભાસ્કર : (૧૦૯)

હરિભાસ્કરે આ પરિભાષાનું પ્રયોજન આ પ્રમાણે વર્ણવ્યું છે:

આ પરિભાષા હોવાથી हर्यनुभवः । એ ઉદાહરણમાં રેફને દ્વિત્વ થતું નથી. કારણ કે अयो रहाभ्याम्० । 8-4-46 એવા સૂત્રમાં રેફનું નિમિત્તત્વ પ્રત્યક્ષપણે શ્રુત છે. આથી यर् પ્રત્યાહારમાં રેફ આવેલો હોઈ અનુમિત થતું તેનું (રેફનું) કાર્યિત્વ બાધિત થાય છે.

આ સંદર્ભમાં વિશેષ ચર્ચા કરતાં હરિભાસ્કર જણાવે છે કે अचो रहाभ्यां द्वे । 8-4-46 થી દ્વિત્વ કરો તો પણ કોઈ દોષ આવશે નહીં. કારણ કે रो रि । 8-3-14 થી તેનો લોપ થઈ જશે. પરંતુ આવી શંકા અસંગત છે. કારણ કે લોપની પ્રત્યે દ્વિત્વકાર્ય અસિદ્ધ છે. વળી, એમ પણ નહીં કહી શકાય કે અહીં દ્વિત્વ કર્યા પછી હલો યમાં યમિ લોપઃ । 8-4-64થી એક રેફનો લોપ થશે. કારણ કે આ લોપ વૈકલ્પિક હોવાથી પક્ષમાં રેફ દ્વયની શ્રવણાપત્તિ થશે.

નાગેશ : (૧૦૪)

તેમણે નીલકંઠની ચર્ચાનો સ્વીકાર કર્યો છે. શ્રુતની સાથે જ અર્થાત્ સૂત્રમાં

સાક્ષાત્ પઠિત હોય એવા શબ્દની સાથે જ સંબંધ થાય છે. પરંતુ પ્રકરણાદિથી પ્રાપ્ત થતા શબ્દની સાથે સંબંધ થતો નથી. કારણ કે, જેવી રીતે પ્રકરણાદિની અપેક્ષાએ શ્રુતિનું બલવત્વ છે.[3] તેમ અહીં પણ શ્રુત પદાર્થનું બલવત્વ છે. અહીં નપુંસકસ્ય ઝલચઃ । 7-1-72 માંથી અનુવૃત્ત થતું નપુંસકસ્ય એવું પદ अस्थिदधिसक्थ्यक्ष्णामनङुदात्तः । 7-1-75 સૂત્રસ્થ અસ્થિ વગેરેનું જ વિશેષણ થાય છે. પરંતુ अङ्गस्यનું વિશેષણ બનતું નથી;[4] એ નિયમ જ જ્ઞાપક છે.

આથી प्रियसक्थ्ना ब्राह्मणेन । એવા ઉદાહરણમાં अङ्ग માં નપુંસકત્વનો અભાવ હોવાથી अस्थिदधि० । 7-1-75 સૂત્રોક્ત अनङ् આદેશ થશે નહીં; એમ નહીં કહી શકાય.

ઉક્ત જ્ઞાપકના સંદર્ભમાં નાગેશ જણાવે છે કે शि, शी, लुक् જેવા આદેશ કરનાર સૂત્રોમાં અને नुम् વિધાયક સૂત્રમાં नपुंसकस्य એવું પદ પ્રકરણાદિથી પ્રાપ્ત अङ्गस्य નું વિશેષણ બને છે. કારણ કે તે તે સૂત્રોમાં नपुंसकस्य । એવું પદ જેનું વિશેષણ બની શકે તેવો શબ્દ ઉચ્ચાર્યો નથી.

વિશેષમાં નાગેશ જણાવે છે કે, આથી જ पाणिनिએ वा नपुंसकस्य । 7-1-79 એવા સૂત્રને બદલે वा शौ । એવું સૂત્ર કર્યું નથી. અહીં જ્યારે ગૃહ્યમાણ શત્રન્ત નપુંસક હોય ત્યારે જ નુમાગમ થાય એટલા માટે નપુંસકનું ગ્રહણ કર્યું છે. જેમકે, बहूनि ददन्ति येषु बहुददन्त । પરંતુ बहवो ददतो येषु तानि कुलानि बहुददति । ત્યાં नुम् આગમ થતો નથી. આ મુદ્દો स्वमोर्नपुंसकात् । 7-1-23 સૂત્ર ઉપરનાં ભાષ્યમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

અંતે, નાગેશ ભટ્ટે સીરદેવ અને હરિભાસ્કરના અભિપ્રાયને સમક્ષ રાખીને જણાવ્યું છે કે हर्यनुभवः । માં રેફનું દ્વિત્વ પ્રકૃત પરિભાષાથી બાધિત થતું નથી. પરંતુ ત્યાં તો तक्रकौण्डिन्यन्यायથી જ દ્વિત્વની નિવૃત્તિ રહે છે.

ઉપસંહાર :

વ્યાડિના 'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. મહાભાષ્યમાં

---

3. श्रुतिलिङ्गवाक्यप्रकरणस्थानसमाख्यानां पारदौर्बल्यमर्थविप्रकर्षात् । 3-3-14 જૈ. સૂ. ॥ એવો મીમાંસાનો ન્યાય છે.

4. કારણ કે अङ्गस्य । (6-4-1) પદ અધિકારથી પ્રાપ્ત હોઈને અનુમિત છે. तदपेक्षया नपुंसकस्य । એવું પદ શ્રૂયમાણ છે.

પણ આ પરિભાષા સ્પષ્ટપણે ક્યાંય નિર્દેશી નથી. પાણિનીય પરંપરાના ગ્રન્થોમાં સૌથી પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે.

આ પરિભાષા માઠરકૌણ્ડિન્ય અથવા તક્રકૌણ્ડિન્યન્યાયથી સિદ્ધ થાય છે, એમ પુરુષોત્તમદેવાદિ એ સ્વીકાર્યું છે. કારણ કે તેમની સમક્ષ મદ્રહદः । કે હર્યનુભવः । જેવા પ્રયોગો હતા. આ પ્રયોગોમાં રેફના દ્વિત્વની નિવૃત્તિ કરવા માટે પ્રકૃત પરિભાષાની જરૂર હતી.

પરંતુ કાશીની વૈયાકરણ પરંપરામાં આ સ્થિતિમાં થોડોક ફેરફાર થયો હોય તેમ જણાય છે. જેમકે, ઉક્ત પ્રયોગોની સિદ્ધિ અર્થે તક્રકૌણ્ડિન્યન્યાયને ઉપયોગમાં લેવો તે મુદ્દો સ્વીકાર્ય છે. પણ આ ન્યાયથી પ્રકૃત પરિભાષાની સિદ્ધિ વર્ણવવી તે સ્વીકાર્ય નથી. આથી નાગેશ ભટ્ટે આ પરિભાષાને प्रकरणादितः श्रुतेर्बलवत्त्वम् । એવા ન્યાયથી સિદ્ધ કરી છે. આ ન્યાયના પાયામાં श्रुतिलिङ्गवाक्यप्रकरणस्थानसमाख्यानां समवाये पारदौर्बल्यमर्थविप्रकर्षात् । જૈ૦ સૂ૦ 3-3-14 એવો મીમાંસાનો ન્યાય છે.

संप्रसारणं संप्रसारणाश्रयं च कार्यं बलवत् ॥ १०३ ॥

(સંપ્રસારણ અને સંપ્રસારણને આશ્રયે રહેનારાં કાર્યો બળવાન હોય છે.)

આથી, शुशाबयिषति । अशूशवत् । એવાં રૂપોમાં विभाषा श्वेः । 6-1-30 અને णौ च संश्चङोः । 6-1-31 સૂત્રોથી (વિકલ્પે) સંપ્રસારણ તથા संप्रसारणाच्च । 6-1-108 સૂત્રથી પૂર્વરૂપ—એકાદેશની અપેક્ષાએ અંતરંગ એવા વૃદ્ધિ વગેરે કાર્યોનો બાધ કરે છે.

સંપ્રસારણ અને પૂર્વરૂપ—એકાદેશ કર્યા પછી ऊढः । એવા પ્રયોગમાં उ કારને ઓ કાર ન થાય તે માટે આચાર્યે सहिवहोरोदवर्णस्य । 6-3-112 સૂત્રમાં અ વર્ણને ઓત્વ થાય છે એમ કહ્યું છે. આ પ્રમાણે અ વર્ણસંગ્રહનું પ્રયોજન નિર્દેશીને ન્યાસકારે તેને જ્ઞાપક ઠરાવ્યું છે.

અ વર્ણ-ગ્રહણનું આ પ્રયોજન નથી.[2] કારણ કે वह+क्त એવી સ્થિતિમાં वचिस्वपियजादीनां किति । 6-1-15 સૂત્રવિહિત સંપ્રસારણ અને संप्रसारणाच्च । 6-1-108 સૂત્રથી પૂર્વરૂપ થાય તે પૂર્વે न मु ने 8-2-3 સૂત્રમાં

---

૧. अचो ञ्णिति । 7-2-115

૨. અહીંથી અ વર્ણનું ગ્રહણ પ્રકૃતાર્થમાં કેવી રીતે જ્ઞાપક બને છે, તેની વિગતે ચર્ચા શરૂ થાય છે.

ન એવો યોગવિભાગ કરીને હો ढः । 8-2-31, झषस्तथोर्द्धो धः । 8-2-40 ष्टुना ष्टुः । 8-4-41 અને ढो ढे लोपः । 8-3-13 સૂત્રોનું અસિદ્ધત્વ દૂર કરવામાં આવે છે. આથી તે તે સૂત્રવિહિત વિધિઓ સિદ્ધ બનતાં તેમને પરત્વ પણ પ્રાપ્ત થાય છે. હવે પરત્વને કારણે આ ढत्व, धत्व, ष्टत्व અને ढ લોપની પ્રવૃત્તિ કર્યા પછી[3] (व+ढ એવી સ્થિતિમાં) वचिस्वपियजादीनां किति । 6-1-15 થી સંપ્રસારણ અને संप्रसारणाच्च । 6-1-108 થી પૂર્વરૂપ થાય, તે પહેલાં પરત્વને કારણે सहिवहोरोदवर्णस्य । 6-3-112 થી ओत्व કરવામાં આવશે; અને ત્યાર પછી જો સંપ્રસારણ અને પૂર્વરૂપ (તથા ढ्लोपे पूर्वस्य दीर्घोऽणः । 6-3-111 થી દીર્ઘ) કરવામાં આવશે.[4] તો પણ ऊढः । એવા રૂપની સિદ્ધિ થઈ જશે. આમ થવામાં કશું અનિષ્ટ થતું નથી. આવી સ્થિતિમાં अ વર્ણગ્રહણ 'સંપ્રસારણ અને તદાશ્રિત કાર્યો બળવાન છે' એવા અર્થનું જ્ઞાપક છે.

આ પરિભાષાના પાઠને 'ક્વચિદ્' એવા અંશથી વિશેષિત કરવામાં આવે છે. અર્થાત્ આ પરિભાષાને અનિત્ય કહેવામાં આવી છે. આથી ब्रह्म जिनातीति ब्रह्मज्यः । અને आह्वः । प्रह्वः । જેવાં ઉદાહરણોમાં (ज्या वयोहानौ ધાતુને) आतोऽनुपसर्गे कः । 3-1-136 અને (आ+ह्वा; प्र+ह्वा ધાતુને) आतश्चोपसर्गे । 3-1-136 સૂત્રોથી क પ્રત્યય કર્યા પછી ग्रहिज्या० । 6-1-16 અને संप्रसारणाच्च । 6-1-108 થી પ્રાપ્ત સંપ્રસારણ અને પૂર્વરૂપનો (અનિત્યત્વને કારણે) બાધ કરીને પહેલા आतो लोप इटि च । 6-4-64 થી आ કાર લોપ કરવામાં આવે છે. આ आ કાર લોપના અસિદ્ધત્વને[5] કારણે इयङ्—उवङ् કાર્યો થતાં નથી. અન્યથા, ब्रह्मजियः । અને आहुवः । प्रहुवः । એવાં અનિષ્ટ રૂપો બની જાત.

---

૩. वह+क्त>हो ढः । 8-2-31 થી ढत्व થશે.
वढ+त>झषस्तथोर्द्धोऽधः । 8-2-40 થી धत्व
वढ्+ध>પછી, ष्टुना ष्टुः । 8-4-41 થી ष्टुत्व
वढ्+ढ>પછી, ढो ढे लोपः 8-3-13 થી ढ् लोप
व+ढ

૪. જેમકે, व् ओ+ढ>उ ओ+ढ संप्रसारणम्>उ+ढ पूर्वरूप>ऊढः । પૂર્વ अण् ને દીર્ઘ.

૫. આભીયત્વને કારણે અસિદ્ધત્વ.

लिट्यभ्यासस्योभयेषाम् । 6-1-17 સૂત્ર ઉપરના ભાષ્યમાં ભાષ્યકારે આ પરિભાષા રજૂ કરી છે. અને ત્યાં જણાવ્યું છે કે—

इयाज । उवाच । જેવાં રૂપોમાં અભ્યાસસંપ્રસારણનો અવકાશ છે. चिच्छिदतुः । बिभिदुः । રૂપોમાં हलादि शेषः । 7-4-60નો અવકાશ છે. અને विव्याध । वव्रश्च । માં हलादि शेषः । 7-4-60 ની પ્રાપ્તિ છે. અહીં જો हलादि शेषः । 7-4-60 કરવામાં આવશે તો व કારને સંપ્રસારણની પ્રાપ્તિ થશે. માટે તેની નિવૃત્તિ અર્થે "हलादि शेषः । 7-4-60 સૂત્રની અપેક્ષાએ અભ્યાસસંપ્રસારણ પૂર્વવિપ્રતિષેધથી પહેલાં પ્રવૃત્ત થાય છે" એમ કહેવું જોઈએ.

પરંતુ વાર્તિકકાર જણાવે છે કે અહીં પૂર્વવિપ્રતિષેધનું આશ્રયણ કરવાની જરૂર નથી. કારણ કે સંપ્રસારણ કાર્ય બળવાન હોવાથી અન્યત્ર પણ ઇષ્ટસિદ્ધિ થઈ જશે, (6-1-17 वा० 2). અર્થાત્ 'સંપ્રસારણ અને સંપ્રસારણને આશ્રયે રહેનારાં કાર્યો બળવાન છે.' એમ કહેવું જોઈએ. આવું વચન કરવાના શાં પ્રયોજન છે ? रम्, आत्, लोप, इयङ्, उवङ् અને यण् વિધિઓની અપેક્ષાએ સંપ્રસારણ કે તદાશ્રિત કાર્યની પૂર્વપ્રવૃત્તિ થાય, તે આ વચનનાં પ્રયોજન છે. જેમકે, मृष्टम् । मृष्टवान् । એવા રૂપોમાં પૂર્વે સંપ્રસારણ કાર્ય બળવાન હોઈ रम् ની પૂર્વે પ્રવૃત્ત થાય છે. जुहुवतुः। जुहुवुः । એવાં રૂપોમાં સંપ્રસારણ અને પૂર્વરૂપ બળવાન હોવાથી आत् લોપની પૂર્વે પ્રવૃત્ત થયાં છે. शुशुवतुः । આ રૂપમાં સંપ્રસારણ કાર્ય બળવાન હોવાથી उवङ् ની પહેલાં તેની પ્રવૃત્તિ થાય છે. સંપ્રસારણ થયા પછી (श्वि>श् उ इ એવી સ્થિતિમાં) यण् આદેશની પ્રાપ્તિ થાય છે. પરંતુ સંપ્રસારણાશ્રિત કાર્યો (પણ) બળવાન હોવાથી પહેલા પૂર્વરૂપ થાય છે. (આમ, ભાષ્યમાં વાર્તિકકારના મતે આ પરિભાષા પ્રયોજનવતી છે. પરંતુ) આગળ ઉપર જણાવ્યું છે કે આ પ્રયોજનો નથી. આ રીતે ભાષ્યમાં આ પરિભાષાનું પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે.

તથાપિ પ્રત્યાખ્યાન કરવાથી વ્યાખ્યાન ગૌરવગ્રસ્ત બને છે. આથી પરિભાષાવચન કરવું તેમાં લાઘવ જણાય છે.

વ્યાડિ : (—)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૫૯)

પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો સીરદેવે સ્વીકાર કર્યો છે. તથાપિ આ પરિ-

ભાષાનાં અન્ય પ્રયોજનો નિર્દેશ્યાં છે. જેમકે, जुहावयिषति । રૂપમાં शाच्छासाहवाव्यावेषां युक् । 7-3-37 થી પ્રાપ્ત युक् નો બાધ કરીને हूव संप्रसारणम् । 6-1-32 થી સંપ્રસારણ થાય છે. અને जुहूषति । એ રૂપમાં द्विर्वचनની પૂર્વે अभ्यस्तस्य च । 6-1-33 થી સંપ્રસારણ થાય છે. તથા ब्रह्मज्यः । રૂપની સિદ્ધિ કરવા માટે सर्वत्र संप्रसारणिभ्यो ङो वक्तव्यः । એવા વાર્તિકથી ङ પ્રત્યય કરવામાં આવે છે.

વિશેષમાં સીરદેવે આ પરિભાષાનું जुहूषति ।એવું પ્રયોજન નિર્દેશ્યું છે, તેમાં आदेश प्रत्यययोः । 8-3-59 થી મૂર્ધન્ય ષત્વ કેવી રીતે થઈ શકે ? તેની સુદીર્ઘ ચર્ચા કરી છે. આ ચર્ચા પ્રકૃતમાં સીધી રીતે ઉપયોગી બનતી નથી.

નીલકંઠ : (૧૩૩)

તેમણે આ પરિભાષાને નિર્મૂલા જાહેર કરી છે. लिट्यभ्यासस्योभयेषाम् । 6-1-17 સૂત્રસ્થ उभयेषाम् ગ્રહણ વ્યર્થ બને છે એથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે; તથાપિ ભાષ્યકારે આ પરિભાષાનું પ્રત્યાખ્યાન કર્યું છે.

હરિભાસ્કર : (૬૧)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

નાગેશ : (૧૧૯)

તેમણે નીલકંઠને અનુસરીને આ પરિભાષાના પાઠમાં થોડોક ફેરફાર કર્યો છે : संप्रसारणं तदाश्रयं च कार्यं बलवत् । અહીં તદાશ્રિત કાર્યો એટલે संप्रसारणाच्च । 6-1-108 સૂત્રોક્ત પૂર્વરૂપ એકાદેશ કાર્ય એમ નાગેશે સ્પષ્ટ કર્યું છે. ત્યાર પછી આ પરિભાષાની જ્ઞાપક ચર્ચાના સંદર્ભમાં નાગેશ જણાવે છે કે लिट्यभ्यासस्योभयेषाम् । 6-1-17 સૂત્રમાં उभयेषाम् ગ્રહણ કર્યું છે, તેથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે, એમ નહીં કહેવું જોઈએ. કારણ કે ત્યાં ભાષ્યમાં उभयेषां संप्रसारणमेव यथा स्यात् । એવું કહીને "સંપ્રસારણ જ કરવું જોઈએ." એવો અર્થ નિર્દેશવા માટે उभयेषाम् । પદનું ગ્રહણ કર્યું છે; એમ સ્પષ્ટ કર્યું છે. વળી, તે સ્થળે આ પરિભાષાનાં પ્રયોજનોની પણ ઉપાયાન્તરથી સિદ્ધિ વર્ણવી છે.

વિશેષમાં, નાગેશે આ પરિભાષાની ચર્ચાનો ઉપસંહાર કરતાં એક શંકાનું સમાધાન પણ કર્યું છે. જેમકે, अ+श्वि+णि+चङ्+त् એવી સ્થિતિમાં अचो ञ्णिति । 7-2-115 થી અંતરંગ વૃદ્ધિ પ્રાપ્ત રહે છે. તથા णौ संश्चङोः ।

6-1-31 થી ણિવ ને વિકલ્પે (બહિરંગ) સંપ્રસારણની પ્રાપ્તિ થાય છે. આથી, જો પ્રકૃત પરિભાષા નહીં સ્વીકારો તો अशीशुयत् । એવું અનિષ્ટ રૂપ બની જશે. માટે પ્રકૃત પરિભાષા સ્વીકારવી જોઈએ. આવી શંકાનું સમાધાન કરતાં નાગેશ જણાવે છે કે णौ च स संश्चङोः । 6-1-31 સૂત્રમાં વિષયસપ્તમીનું આશ્રયણ કરવાથી[૬] આ આપત્તિ આવશે નહીં.

ઉપસંહાર :

સૌ પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે. ભાષ્યમાં આ પરિભાષાનાં પ્રયોજનો નિર્દેશ્યાં છે, અને તેની સાથે તે તે પ્રયોજનની અન્યથા સિદ્ધિ પણ વર્ણવી છે. આ દરેક વિગત પુરુષોત્તમદેવને જ્ઞાત હોવા છતાંય સરળતાને માટે તેમણે આ પરિભાષાને સ્વીકારી છે. બીજી તરફ, કાશીની વૈયાકરણ પરંપરામાં નીલકંઠ અને નાગેશે આ પરિભાષાને સ્વીકારી નથી. તેઓના મતે ભાષ્યકારે સ્વીકારેલી પરિભાષાનો જ શાસ્ત્રીય કાર્યો દરમ્યાન વિનિયોગ થઈ શકે છે, આથી તેમણે આવી પરિભાષાઓનું ખંડન કર્યું છે.

अकृतव्यूहाः पाणिनीयाः प्रवर्तितमपि शास्त्रं व्यावर्तयन्ति ॥ १०४ ॥

(પાણિનીયો—પાણિનિના અનુયાયીઓ—અનિશ્ચયવાળા હોય છે; તેથી તેઓ પ્રવૃત્ત કરેલા શાસ્ત્રની પણ નિવૃત્તિ કરે છે.)

વિશેષ રૂપે કરવામાં આવેલો ઊહ એટલે કે નિશ્ચય, તેને વ્યૂહ કહે છે. વિશેષ રૂપે જેમણે નિશ્ચય નથી કર્યો એવા પાણિનીય અનુયાયીઓ પ્રવૃત્ત કરેલા શાસ્ત્રને પણ નિવૃત્ત કરે છે. द्यौकाभिः । मौर्त्थात्तिः । वैक्षमाणिः । વગેરે રૂપોમાં વૃદ્ધિ અને યણ્ આદેશની યુગપત્ પ્રાપ્તિ દર્શાવવા માટે આ પરિભાષાનો ભાષ્યમાં ઉપન્યાસ કર્યો છે. આ પરિભાષા વડે જ पपुषः पश्य । એ ઉદાહરણ પણ સિદ્ધ થાય છે. જેમકે, पपिवस् શબ્દથી शस् નું વિધાન કરવામાં આવ્યું છે. તો પણ अकृतव्यूहाः पाणिनीयाः । એવું વચન હોવાથી पपिवस् । માંના इ કારની નિવૃત્તિ થતાં पपावस्+शस् । એ સ્થિતિમાં સંપ્રસારણ બલીયસ્ત્વને કારણે[૧] પહેલાં સંપ્રસારણ થાય છે અને ત્યાર પછી વલાદિત્વ ના અભાવને કારણે इड् આગમ થતો નથી. अ કાર લોપ તો થાય છે જ.

---

૬. અર્થાત્ णिजन्त ણિવ ને सन् કે चङ્. નો વિષય હોય ત્યારે સંપ્રસારણ કાર્ય પ્રથમ કરવું એવી વ્યવસ્થા પ્રાપ્ત થવાથી.

૧. પૂર્વોક્ત પરિભાષા (૧૦૩)થી.

गोरतद्धितलुकि । 5-4-92 સૂત્રસ્થ अतद्धित ગ્રહણ આ પરિભાષાનું જ્ઞાપક છે. सुप् लुक् પરમાં રહેતાં આ નિષેધ ન લાગી જાય તે માટે अतद्धित ગ્રહણ છે. (જેમકે,) राजगवीयति । અહીં પહેલેથી જ टच् થઈ ગયો છે. ઉત્તરકાલમાં क्यच् કર્યા પછી सुप् लुक् થતાં, જ્યારે પ્રવૃત્ત થયેલો टच् પણ નિવૃત્ત થવા આવશે ત્યારે આ अतद्धित ગ્રહણ સાર્થક થાય છે.

'પ્રવૃત્ત થયેલો વિધિ સો વચન વડે પણ નિવૃત્ત થતો નથી' એવા ન્યાયનો આ (પ્રસ્તુત પરિભાષા) અપવાદ છે. જે લક્ષ્યસ્થિતિ મુજબ ક્વચિત્ જ આશ્રિત થાય છે. અન્યથા 'આનુપૂર્વી' વડે સિદ્ધત્વ રહેશે એવું વચન અનર્થક થશે-એમ કહેવામાં આવ્યું છે.

વ્યાડિ : (૬૫)

'પરિભાષાસૂચન'માં વ્યૂહ શબ્દના રચના, સ્થાપના અને લક્ષણા એવા ત્રણ અર્થો આપ્યા છે. અને 'કાર્યને જોઈને જે કરવામાં આવ્યું હોય તે નિવૃત્ત થાય છે,' એવો પરિભાષાર્થ આપવામાં આવ્યો છે.

उर्ऋत् । 7-4-7 એ સૂત્રને પ્રકૃત પરિભાષાનું જ્ઞાપક માનવામાં આવ્યું છે. આ સૂત્રથી वृत् વગેરે ધાતુઓને णि પરક चङ् પરમાં રહેતા ऋत् જ થાય છે એમ કહેવામાં આવે છે. આ ધાતુઓના ऋ કારને णि પરમાં રહેતાં પુગન્ત લઘૂપધ ગુણ, વૃદ્ધિ, ઉપધાને एत्व થાય છે. તે કર્યા પછી આ ऋत् થશે નહીં. તેવી સ્થિતિમાં इडरारामृतः । એમ કહેવું જ વધારે ઉચિત હતું. આમ उर्ऋत् । 7-4-7 સૂત્ર જ્ઞાપિત કરે છે કે ગુણ, વૃદ્ધિ, ઉપધા एत्व વગેરે, કાર્યને જોઈને નિવૃત્ત થાય છે.

प्रियग्रामणि कुलं यस्य प्रियग्रामणिकः । એ ઉદાહરણમાં शेषाद् विभाषा । 5-4-154 સૂત્રથી कप् પ્રત્યય કર્યા પછી केऽणः । 7-4-13 સૂત્ર-વિહિત હ્રસ્વ નિવૃત્ત થાય છે. અને ह्रस्वो नपुंसके प्रातिपदिकस्य । 1-2-47 સૂત્રોક્ત હ્રસ્વ થાય છે. જો અહીં केऽणः । 7-4-13 થી હ્રસ્વ થયો હોત તો न कपि । 7-4-14 તેવા નિષેધની પ્રાપ્તિ થાત. આમ, પૂર્વોક્ત ઉદાહરણમાં ह्रस्वो नपुंसके प्रातिपदिकस्य । 1-2-47 સૂત્રવિહિત હ્રસ્વ થાય અને न कपि । 7-4-14 પ્રતિષેધ ન લાગે, તે આ પરિભાષાનું પ્રયોજન છે.

સીરદેવ : (૪૯)

તેમણે પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચાનો સ્વીકાર કર્યો છે. વિશેષમાં તેમણે

આ પરિભાષાનું પ્રયોજન निमित्तापाये नैमित्तिकस्याप्यपायः । પરિભાષાથી સિદ્ધ રહે છે; તેવા મતાન્તરની નોંધ લીધી છે. આ મતાન્તરના સમર્થન માટે તેમણે જણાવ્યું છે કે असिद्धं वहिरङ्गमन्तरङ्गे । પરિભાષાથી અહીં નિમિત્તનો સદ્ભાવ છે, તેમ નહીં કહેવું જોઈએ. કારણ કે असिद्धवदत्राभात् । 6-4-32 એવી બાધિકારીય પરિભાષા પ્રવૃત્ત કરવાની હોય ત્યારે બહિરંગ બાધિકારીય સંપ્રસારણના અસિદ્ધત્વને કારણે અંગ વિકલ થઈ જતાં, તે પરિભાષાની અપ્રવૃત્તિ રહે છે.

ત્યાર પછી, 'વ્યાશ્રયત્વ હોવાથી असिद्धवदत्राभात् । 6-4-22 નો વ્યાપાર કેવી રીતે થશે ?' તેની દૂરાકૃષ્ટ ચર્ચા કરી છે, જે પ્રકૃત પરિભાષાને પ્રત્યક્ષ રીતે ઉપકારક નથી.

આ પરિભાષાની ચર્ચામાં સીરદેવે એક જ્ઞાપકાન્તરનો નિર્દેશ કર્યો છે. જેમકે, समर्थानां प्रथमाद्वा । 4-1-82 સૂત્રસ્થ સમર્થ ગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. કેમકે, જો આ પરિભાષા ન હોત તો બધાં કાર્યો થયેલ સમર્થિત પદથી જ તદ્ધિત પ્રત્યય થાય એ માટે કરવામાં આવેલું સમર્થ ગ્રહણ અનર્થક બની જશે.

નીલકંઠ : (૬૧)

તેમણે પૂર્વાચાર્યોથી જુદા પડીને પરિભાષાનો અર્થ આ પ્રમાણે આપ્યો છે: 'નિમિત્તના નિર્ણયના અભાવમાં[૨] (પાણિનીયો) કાર્ય કરતા નથી.' વિશેષમાં આ પરિભાષાની પ્રવૃત્તિ વિષય સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે નિમિત્ત વિનાશની સંભાવના માત્રથી જ આ પરિભાષા પ્રવૃત્ત થાય છે, વળી, અર્થાત્ આ પરિભાષાની અપ્રવૃત્તિ માટે નિમિત્તનો વિનાશ થવાની જરૂર નથી.

વળી, अल्लोपोऽनः । 6-4-134 સૂત્રસ્થ તપર કરણથી આ પરિભાષાને અનિત્યત્વનું બોધન થાય છે, તેની પણ નીલકંઠે નોંધ લીધી છે.

હરિભાસ્કર : (૫૬)

તેમણે પણ નીલકંઠને અનુસરીને પરિભાષાનો અર્થ આ પ્રમાણે આપ્યો છે: 'નિમિત્તને વિનાશોન્મુખ જોઈને, નિમિત્તપ્રયુક્ત કાર્યો (પાણિનીયો) કરતા નથી.' 'यथा निषेदुषी ।' આ ઉદાહરણમાં वलादि આર્ધધાતુકત્વનો વિનાશ થશે એમ જોઈને इड् આગમની પ્રવૃત્તિ કરવામાં આવતી નથી.

ઉપર્યુક્ત પરિભાષાર્થના અનુસન્ધાનમાં વિશેષ સ્પષ્ટતા કરતાં જણાવ્યું

---

૨. નિમિત્તનો નાશ થશે કે નહીં; તેવા નિર્ણયના અભાવમાં.

છે કે આ જ ફળવાળું '...કરવામાં આવેલું કાર્ય પણ નિવૃત્ત થાય છે.' તેવું પરિભાષાન્તર રજૂ કરવામાં આવ્યું છે, પણ તે ગૌરવગ્રસ્ત છે. પંકપ્રક્ષાલનની અપેક્ષાએ પંકનું દૂરથી અદર્શન–અસ્પર્શન–જ શ્રેષ્ઠ છે, તેવા ન્યાયથી.[3]

નાગેશ : (૫૬)

આ પરિભાષાનો ભાષ્યમાં ઉલ્લેખ નહીં થયો હોવાથી નાગેશ ભટ્ટે તેને સ્વીકારી નથી. આ પરિભાષાના વ્યાખ્યાનમાં પુરોગામી પરિભાષાવૃત્તિકારો તથા કૈયટ અને ભટ્ટોજિ દીક્ષિતે રજૂ કરેલા જુદા જુદા પ્રકારના અર્થો, જ્ઞાપકો, અનિત્યત્વ અને પ્રયોજનાદિને રજૂ કર્યા પછી નાગેશે તેમનું પ્રત્યાખ્યાન કર્યું છે. આપણે વિગતે તેને જોઈશું: सेदुषः । આ ઉદાહરણમાં બહિરંગ સંપ્રસારણની પ્રવૃત્તિ થવાથી, પૂર્વપ્રવૃત્ત અંતરંગ इड् આગમના નિમિત્તનો (વલાદિત્વ નો) નાશ થતાં इड् આગમની નિવૃત્તિ થાય છે. પ્રકૃત પરિભાષાનું આ પ્રયોજન છે. પરંતુ નાગેશ ભટ્ટે આ ઉદાહરણની અન્યથા સિદ્ધિ દર્શાવી છે. જેમકે; सद्+वस् +अस् । અહીં (બહિરંગ હોવા છતાંય) પ્રતિપદોક્ત વિધિ હોવાને કારણે પ્રથમ સંપ્રસારણ થાય છે. સંપ્રસારણની પ્રવૃત્તિ પછી વલાદિત્વ ના અભાવમાં इड् આગમની પ્રાપ્તિ જ નથી.

આ જ પ્રમાણે પ્રકૃત પરિભાષાના જ્ઞાપકનું ખંડન કરતાં નાગેશે જણાવ્યું છે કે विषुणः । જેવા રૂપમાં સન્ધિકાર્ય કર્યા વિના પ્રત્યયોત્પત્તિ થઈ છે. તેનો જેમ સર્વત્ર સન્ધિકાર્ય વિના પ્રત્યય ઉત્પન્ન થાય છે; તેવા ભ્રમનું નિવારણ કરવા માટે સમર્થ ગ્રહણ કરવામાં આવ્યું છે. सु+उत्थित+अस्+इन् । અહીં वर्णादाङ्गं बलीयः । પરિભાષાની મદદથી અંતરંગ સન્ધિકાર્યની પૂર્વે બહિરંગ વૃદ્ધિ થવા આવે છે. તેને રોકવા માટે સમર્થ ગ્રહણની જરૂર છે. આમ, समर्थानां प्रथमाद्वा । ૪–૧–૮૨ સૂત્રસ્થ સમર્થ ગ્રહણ પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક બની શકે નહીં.

નાગેશ ભટ્ટે આ પરિભાષાનાં પ્રયોજન અને જ્ઞાપકનું ખંડન કર્યા પછી આ પરિભાષા સ્વીકાર્ય કેમ નથી, તેનાં કારણાન્તરો આ પ્રમાણે આપ્યાં છે :—

૧. वैक्षमाणिः । આ ઉદાહરણને સિદ્ધ કરવા માટે ભાષ્યકારે પ્રકૃતપરિભાષાનો ઉપયોગ કર્યો નથી; પણ असिद्धं बहिङ्गमन्तरङ्गे । પરિભાષાનો ઉપયોગ કર્યો છે.

---

૩. प्रक्षालनाद्धि पङ्कस्य दूराददर्शनमेव वरम् ।

૨. આ પરિભાષાના અભાવમાં જ चौ प्रत्यङ्गस्य प्रतिषधः । 6-3-138 वा०१। રચવામાં આવ્યું છે અને ભાષ્યકાર વડે તેનું ખંડન કરવામાં આવ્યું નથી.

૩. च्छ्वोः शूडनुनासिके च । 6-4-19 સૂત્રભાષ્યમાં કહ્યું છે : "અહીં અંતરંગત્વને કારણે तुक् ની પ્રાપ્તિ છે, માટે तुक् ના અભાવ અર્થે અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ." હવે જો પ્રકૃત પરિભાષા હોય તો ભાષ્યકારે तुक् ની અપ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરવાની આવશ્યકતા કહેવી અસંગત થઈ જશે. 'तुक् ગ્રહણ પ્રકૃત પરિભાષાના અનિત્યત્વને જ્ઞાપન કરવા માટે છે' એવું પણ નહીં કહી શકાય. કારણ કે તો 'અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ.' એવા અક્ષરનું સ્વારસ્ય નષ્ટ થઈ જશે.

૪. કૈયટાદિએ જણાવ્યું છે કે આ પરિભાષા સ્વીકારવાથી अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग्बाधते । —અને अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो ल्यप् बाधते । —તેવી પરિભાષાઓ નહીં સ્વીકારો તો ચાલશે. કારણ કે આ બન્ને પરિભાષાઓ આ પરિભાષાની અંતર્ગત આવેલી છે.

પરંતુ નાગેશે સ્પષ્ટ કર્યું છે કે આ બે પરિભાષાઓને ભાષ્યકારે સ્વીકારી છે, પણ પ્રકૃત પરિભાષાને નહીં.

૫. ભાષ્યમાં આ પરિભાષાનો ક્યાંય ઉપન્યાસ કરવામાં આવ્યો નથી.

૬. વળી, આ પરિભાષા જો निमित्तापाये नैमित्तिकस्याप्यपायः । તેવી પરિભાષાનો જ પ્રપંચ હોય તો, असिद्धवदत्राभात् । 6-4-32 સૂત્રભાષ્યપ્રદીપમાં કૈયટે જ કહ્યું છે કે निमित्तापाये० । પરિભાષાનો ભાષ્યકારે આશ્રય લીધો નથી.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા પ્રથમવાર રજૂ થઈ છે, તથાપિ ત્યાં આ પરિભાષાની ચર્ચા વિશદ નથી. પુરુષોત્તમદેવે આ પરિભાષાને વિગતે રજૂ કરી છે. અને સીરદેવે તેનું અનુસરણ કર્યું છે. આ બંને વૈયાકરણોએ 'કરેલું કાર્ય નિવૃત્ત થાય છે' તેવો પરિભાષાર્થ આપ્યો છે. જ્યારે નીલકંઠ અને હરિભાસ્કરે તેમનાથી જુદા પડી 'નિમિત્તને વિનાશોન્મુખ જોઈને તત્પ્રયુક્ત કાર્ય કરવામાં આવતું નથી' તેવો પરિભાષાર્થ આપ્યો છે.

નાગેશ ભટ્ટે પૂર્વાચાર્યોએ પ્રસ્તુત કરેલી આ પરિભાષાની ચર્ચાને વિગતે સમજાવી છે. પણ આ પરિભાષાનો ભાષ્યમાં ક્યાંય ઉપન્યાસ નહીં થયો હોવાને કારણે પરિભાષાના જ્ઞાપક અને પ્રયોજનોનું ખંડન કર્યું છે. વિશેષમાં બીજા પણ હેતુઓ આપ્યા છે, કે જેને આધારે પ્રકૃત પરિભાષા સ્વીકાર્ય બનતી નથી.

यथोद्देशं संज्ञापरिभाषम् ॥ १०५ ॥
कार्यकालं संज्ञापरिभाषम् ॥ १०६ ॥

(સંજ્ઞાસૂત્ર કે પરિભાષાસૂત્રનો જ્યાં ઉચ્ચાર કરવામાં આવ્યો હોય ત્યાં જ તે રહે છે. સંજ્ઞાસૂત્ર કે પરિભાષાસૂત્રની વિધિસૂત્રના પ્રદેશમાં ઉપસ્થિતિ થાય છે.)

સંજ્ઞા અને પરિભાષાનો જ્યાં ઉપદેશ કરવામાં આવ્યો હોય તે દેશમાં જ વ્યાપાર થાય છે. સંજ્ઞા અને પરિભાષા યથોદ્દિષ્ટને જ એટલે કે ઉદ્દેશ સ્થળને જ વ્યાપી રહે છે. 'संज्ञापरिभाषम्'—શબ્દમાં સંજ્ઞા અને પરિભાષાનો સમાહાર દ્વન્દ્વ થયો છે. તે (સંજ્ઞા અને પરિભાષા) કાર્યકાલમાં વ્યાપી રહે છે. અર્થાત્ કાર્યદેશસ્થ (સૂત્ર)ને વ્યાપીને રહે છે. આ કાર્યકાલ પક્ષ અને યથોદ્દેશપક્ષ વ્યુત્પન્ન પ્રતિપત્તા અને અવ્યુત્પન્ન પ્રતિપત્તાના[1] ભેદથી છે. ભાષ્યકારે આ (ઉપર્યુક્ત) બન્ને પરિભાષાઓનું યથેષ્ટ આશ્રયણ કર્યું છે, તેટલાથી જ આ (બે પરિભાષાઓ) નું પ્રામાણ્ય સિદ્ધ રહે છે. જેમકે, યથોદ્દેશપક્ષનું આશ્રયણ કરીને जीवतादभवान्। આ રૂપમાં ङिच्च । 1-1-53 એ સૂત્ર કરતાં પરત્વને કારણે अनेकाल् शित्सर्वस्य । 1-1-55 સૂત્રથી तातङ् સર્વાદેશ કહેવામાં આવ્યો છે.

તથા કાર્યકાલપક્ષમાં संयोगान्तस्य लोपः । 8-2-23 झलो झलि । 8-2-26 અને ह्रस्वादङ्गात् 8-2-27 સૂત્રોમાં ષષ્ઠી, સપ્તમી અને પંચમી निर्देशोने षष्ठी स्थानेयोगा । 1-1-49, तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 અને तस्मादित्युत्तरस्य । 1-1-67 તેવી પરિભાષાઓ કરવામાં અસિદ્ધત્વ રહેતું નથી; એમ દર્શાવ્યું છે.

વ્યાડિ : ૫૦

'પરિભાષાસૂચન'માં 'कार्यकालं संज्ञापरिभाषम्' ॥ 50 ॥ પરિભાષા મળે છે, પરંતુ 'यथोद्देशं संज्ञापरिभाषम् ॥' પરિભાષા મળતી નથી. 'કાર્યકાલ'

---

૧. અહીં ક્રમ-વ્યત્યાસથી આ વાક્યને સમજવાનું છે. અર્થાત્ 'વ્યુત્પન્ન-પ્રતિપત્તાનો કાર્યકાલપક્ષ અને અવ્યુત્પન્નપ્રતિપત્તાનો યથોદ્દેશપક્ષ' એમ અન્વય કરવાનો નથી. પરંતુ 'વ્યુત્પન્નપ્રતિપત્તાનો યથોદ્દેશપક્ષ અને અવ્યુત્પન્નપ્રતિપત્તાનો કાર્યકાલપક્ષ' એમ સમજવાનું છે. સીરદેવે પણ 'બૃહત્પરિભાષાવૃત્તિ'માં એ પ્રમાણે જ લખ્યું છે: व्युत्पन्नाव्युत्पन्नप्रतिपत्तृभेदादेतौ यथोद्देशकार्यकालपक्षौ । परिभाषा-११६, ११७ ।

શબ્દને સમજાવતાં જણાવ્યું છે કે કાર્ય એ છે કાલ જેમનો તે કાર્યકાલ. અને અને કાલ શબ્દનો અર્થ અહીં 'પાઠ' એટલે કે 'ન્યાસ' એવો લેવાનો છે.

અહીં વ્યાખ્યાનકારે સમજાવ્યું છે તે મુજબ 'વૃદ્ધિરાદૈચ્ । 1-1-1 એવું સંજ્ઞાસૂત્ર સિચિ વૃદ્ધિઃ પરસ્મૈપદેષુ । 7-2-1 સૂત્રપ્રદેશ ઉપર ઉપસ્થિત થાય છે. આથી સિચિ વૃદ્ધિઃ० । 7-2-1 સૂત્રથી વૃદ્ધિસંજ્ઞા કરનારું (1-1-1) સૂત્ર પર ગણાશે. તે જ પ્રમાણે રાજ્ઞઃ ક ચ । 4-2-140 સૂત્રથી અલોઽન્ત્યસ્ય । 1-1-52 પરિભાષાસૂત્ર પર ગણાશે.

આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધ બતાવવાનો પ્રયત્ન થયો છે. જેમકે, ન મુ ને । 8-2-3 એવું સૂત્ર અહીં જ્ઞાપક છે. અદસ્ શબ્દથી ઉત્તરમાં આવેલ ટા પ્રત્યયના સ્થાને 'આઙો નાઽસ્ત્રિયામ્ । 7-3-120 સૂત્રથી ના આદેશ કરતાં અદસોઽસેર્દાદુદો મઃ । 8-2-80 સૂત્રવિહિત ઘિ લક્ષણ મુ ભાવ ન મુ ને । 8-2-3 સૂત્રથી સિદ્ધ રહે છે.

પરંતુ ના ભાવ કરતી વેળાએ મુત્વ વિધાયક અદસોઽસેર્દાદુદો મઃ । 8-2-80 સૂત્રને સિદ્ધત્વ પ્રાપ્ત રહેવાનું નથી. કારણ કે, ના ભાવ વિધાયક (7-3-120) સૂત્રની પ્રત્યે ન મુ ને । 8-2-3 થી અદસોઽસેઃ० । 8-2-80 સૂત્રોક્ત મુ ભાવ સિદ્ધ છે; પણ ઘિ સંજ્ઞા પ્રત્યે તો અદસોઽસેઃ० । 8-2-80 સૂત્ર (ત્રિપાદીસ્થ હોઈ) અસિદ્ધ જ છે. એટલે કે શેષો ઘ્યસખિ । 1-4-7 સૂત્ર અદસોઽસેઃ० । 8-2-80 સૂત્રોક્ત મુ ભાવને જોતું જ નથી. તેવી અવસ્થામાં ઘિ સંજ્ઞા થશે જ કેવી રીતે ? અને ઘિ સંજ્ઞાના અભાવમાં ના ભાવ પણ શી રીતે થશે ? માટે ન મુ ને । 8-2-3 સૂત્ર ઉપર "ઘિસંજ્ઞાયાઞ્ચ ।" એવું કહેવું જોઈએ. પરંતુ આવું કહેલું નથી, આથી જ્ઞાપિત થાય છે કે આચાર્ય "સંજ્ઞા અને પરિભાષાના વિષયમાં કાર્યકાલ પક્ષ છે" તેવું માને છે.

પરિણામે અદસોઽસેઃ० । 8-2-80 તેવા મુત્વ વિધાયક સ્થળ ઉપર શેષો ઘ્યસખિ । 1-4-7 એવા ઘિસંજ્ઞા વિધાયકસૂત્રની ઉપસ્થિતિ થાય છે. તેથી શેષો ઘ્યસખિ । 1-4-7 સૂત્રનો 8-2-80 તે કાલ કહેવાશે. આમ ઘિ સંજ્ઞા થતાં મુત્વ સિદ્ધ રહે છે. આ પ્રમાણે ન મુ ને । 8-2-3 સૂત્રારમ્ભથી પ્રકૃત પરિભાષા જ્ઞાપિત થાય છે.

સીરદેવ : (૧૧૬, ૧૧૭)

તેઓ પુરુષોત્તમદેવે રજૂ કરેલા પરિભાષાર્થને યુક્તિપૂર્વક સ્પષ્ટ કરે છે. જેમકે, પરિભાષા એકદેશસ્થ રહીને જ સકલ શાસ્ત્રને અભિજ્વલિત કરે છે, તેવું

કહ્યું હોવાથી સંજ્ઞા અને પરિભાષાનો જ્યાં ઉપદેશ કર્યો હોય ત્યાં જ વ્યાપી વળે છે. અને બીજા કેટલાકના મતે સંજ્ઞા અને પરિભાષા તાદર્થ્યને[૨] કારણે જ્યાં કાર્ય હોય ત્યાં વ્યાપી વળે છે.

વિશેષમાં, સીરદેવે આ પરિભાષાનાં પ્રયોજનો પુરુષોત્તમદેવથી જુદાં આપ્યાં છે. જેમકે, યથોદ્દેશપક્ષનું આશ્રયણ કરીને अरुंतुदः । ઉદાહરણમાં (अरुस् तुद्+खश् । તેવી સ્થિતિમાં) ससजुषोरुः । 8-2-66 સૂત્રની ત્રિપાદ્યસિદ્ધત્વને કારણે, પ્રવૃત્તિ થતી નથી. પણ असिद्धं बहिरङ्गमन्तरङ्गे । તેવી પરિભાષાથી ससजुषो रुः । 8-2-66 સૂત્રોક્ત રુત્વ-અંતરંગ હોવાથી પ્રવૃત્તિ પ્રાપ્ત થાય છે. ત્યારે યથોદ્દેશપક્ષનું આશ્રયણ કર્યું હોવાથી असिद्धं बहिरङ्गमन्तरङ्गे । એવી પરિભાષા પ્રવર્તતી નથી. પરિણામે संयोगान्तस्य लोपः । 8-2-23 સિદ્ધ રહે છે.

આ પછી સીરદેવે जीवताद्भवान् । જેવા પુરુષોત્તમદેવે નિર્દેશેલા પ્રયોજનનું ખંડન કર્યું છે. તેમણે જણાવ્યા પ્રમાણે तातङ् આદેશનું ङित् કરણ ગુણ-વૃદ્ધિનો પ્રતિષેધ કરવા માટે છે. અન્તાદેશ અર્થે તો આ ङित् કરણ અનર્થક છે, કારણ કે एरुः । 3-4-86 સૂત્ર પછી तिह्योस्तादाशिष्यन्यतरस्याम् । તેવું સૂત્ર કર્યું હોત તો પણ તેટલાથી જ અન્તાદેશ સિદ્ધ રહેવાનો હતો.

ત્યાર પછી કાર્યકાલપક્ષનાં પ્રયોજનો વર્ણવતાં नार्कृशः । અને नार्पत्यम् । જેવાં ઉદાહરણો ટાંક્યાં છે. અહીં કાર્યકાલપક્ષનું આશ્રયણ કરીને असिद्धं बहिरङ्गमन्तरङ्गे । તેવી પરિભાષા વડે બહિરંગત્વને કારણે खरवसानयोर्विसर्जनीयः । 8-3-15 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

નીલકંઠ : (૧૧૭-૧૧૮)

યથોદ્દેશ પક્ષમાં घृतराज्ञाम् । 6-4-135 જેવા નિર્દેશને નીલકંઠે જ્ઞાપક ચિહ્ન ગણ્યો છે. બીજી કોઈ વિશેષ નોંધ નથી. કાર્યકાલ પક્ષમાં આ પરિભાષા જ્ઞાપકસિદ્ધા વર્ણવી છે. જેમકે, वृद्धिरादैच् । 1-1-1 સૂત્ર ઉપર ગૌપાદિક (ससजुषो रुः । 8-2-66 સૂત્રોક્ત) રુ ના उ કારની (उपदेशेऽजनुनासिक इत् । 1-3-2) સૂત્રોક્ત इत् સંજ્ઞા કરીને (જે) લોપ કરવામાં આવ્યો છે, તે અહીં પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. વિશેષમાં નીલકંઠે આ પરિભાષાને યુક્તિસિદ્ધ પણ કહી છે. પણ તેની સમજૂતી રજૂ કરી નથી.

---

૨. સંજ્ઞાસૂત્રો અને પરિભાષાસૂત્રોને પોતાને કોઈ આગવું ફળ હોતું નથી. તે સૂત્રો વિધિસૂત્રોને અર્થે હોય છે. તેથી તેમને 'તાદર્થ્ય' કે 'પરાર્થ' કહેવાય છે.

હરિભાસ્કર : (૧૧૮--૧૧૯)

તેમણે યથોદ્દેશ પક્ષ અને કાર્યકાલપક્ષની કોઈ સમજૂતી રજૂ કરી નથી. કેવળ આ પરિભાષાઓનાં બધ્ધે પ્રયોજનોને વર્ણવ્યાં છે. જેમકે;

(૧) સંજ્ઞા અને પરિભાષાના વિષયમાં યથોદ્દેશપક્ષ હોવાથી—

(ક) अग्नी । અહીં પ્લુતના અસિદ્ધત્વથી તત્કાલત્વને કારણે પ્રગૃહ્યસંજ્ઞા થાય છે. અન્યથા अणोऽप्रगृह्यस्यानुनासिकः । 8-4-57 સૂત્રથી અનુનાસિકની આપત્તિ આવે.

(ખ) राज्ञः । અહીં ઇચુત્વ કરવાનું પ્રાપ્ત થાય ત્યારે અસિદ્ધ-પરિભાષા વડે अत् લોપનું અસિદ્ધત્વ રહેતું નથી.

(૨) સંજ્ઞા અને પરિભાષાના વિષયમાં કાર્યકાલપક્ષ હોવાથી—

(ક) रामः । અહીં રુ નું અસિદ્ધત્વ હોવા છતાંય उ કારની इत् સંજ્ઞા થાય છે.

(ખ) नाकुटः । અહીં ત્રિપાદીસ્થ खरवसानयोर्विसर्जनीयः । 8-3-15 -સૂત્રોક્ત વિસર્જનીય થતો નથી. કારણકે અસિદ્ધ પરિભાષા વડે વૃદ્ધિનું અસિદ્ધત્વ છે.

આ પ્રયોજનોની ચર્ચા ઉપરથી જણાય છે કે હરિભાસ્કરે આ પરિભાષાઓના સન્દર્ભમાં કૈયટની સમજૂતી સ્વીકારી છે. આમ હરિભાસ્કરે આ સિવાય બીજી કોઈ જ વિશેષ નોંધ મૂકી નથી.

નાગેશ : (૨-૩)

ભાષ્યમાં આ બે પરિભાષાઓનો જ્યાં જ્યાં ઉલ્લેખ થયો છે તે દરેક સ્થળનો સૂક્ષ્મ અભ્યાસ કરીને નાગેશ ભટ્ટે ભાષ્યકારનો અભિપ્રાય વિશદ કરવાનો સફળ પ્રયત્ન કર્યો છે. કૈયટ આદિ પ્રાચીનોએ આ પરિભાષાઓના વિષયમાં જે ભાષ્ય-અસંગત અભિપ્રાયો ઉચ્ચાર્યા છે. તેનું ખંડન પણ નાગેશે કર્યું છે.

આ પરિભાષાઓની ચર્ચાના પ્રારંભમાં જ કૈયટના[3] અભિપ્રાયને સ્પષ્ટ

---

3. ईदूदेद्द्विवचनं प्रगृह्यम् । १।११ सूत्रभाष्यप्रदीपे कैयटः । यदाऽनुदिदृश्य प्रयोजनविशेषं प्रयोजनमात्रमभिसन्धाय भविष्यति किंचिदनेन प्रयोजनमिति संज्ञापरिभाषं प्रणीयते, तदा संभवत्येवायं पक्षो यथाश्रुतग्राहिप्रतिपत्त्रपेक्षः । महावाक्यार्थपर्यालोचनप्रवृत्त-

કરતાં જણાવ્યું છે કે સંજ્ઞા અને પરિભાષાસૂત્રોના અધ્યયનમાં તે તે સંજ્ઞા અને પરિભાષાસૂત્રોના વાક્યાર્થબોધ સમયે 'આ સંજ્ઞા સૂત્રાદિનું ભવિષ્યમાં કાંઈ પ્રયોજન હશે' તેવા જ્ઞાન-માત્રથી સંતુષ્ટ થતા અપેક્ષાબુદ્ધિવાળા પ્રતિપત્તાના પક્ષે આ યથોદ્દેશ પક્ષ બનશે. (અહીં સંજ્ઞાદિ સૂત્રો વિધિસૂત્રની સાથે પદૈકવાક્યતાથી અન્વિત થશે.)

અર્થતઃ ફલિત થયું કે ઉપેક્ષાબુદ્ધિવાળો પ્રતિપત્તા 'આ સંજ્ઞા અને પરિભાષા સૂત્રોથી મારે કાંઈ પ્રયોજન નથી' તેવા વિચારે સંજ્ઞાદિસૂત્રોનો વાક્યાર્થબોધ થતાં તે તે સ્થળે જ ભૂલી જશે, તેથી વિધિસૂત્રોના અધ્યયન પ્રસંગે તેને ફરીથી સંજ્ઞાદિ સૂત્રોનું જ્ઞાન કરાવવું પડશે. અહીં સંજ્ઞાદિ સૂત્રો વિધિસૂત્રોના સ્થળ ઉપર ઉપસ્થિત થતાં હોઈ કાર્યકાલપક્ષ છે. (અહીં સંજ્ઞાદિસૂત્રોનો વિધિસૂત્રોની સાથે વાક્યૈકવાક્યતાથી અન્વય થાય છે.)

પરિભાષાસૂત્રો અને સંજ્ઞાસૂત્રોના સંદર્ભમાં પ્રાચીનોએ વર્ણવેલ ઉપર્યુક્ત યથોદ્દેશ પક્ષ અને કાર્યકાલપક્ષમાંથી, સંજ્ઞાસૂત્રોનો યથોદ્દેશપક્ષ અને કાર્યકાલપક્ષ નવીનોને સ્વીકાર્ય છે, પરંતુ પરિભાષાસૂત્રોના સન્દર્ભમાં યથોદ્દેશપક્ષ અને કાર્યકાલપક્ષને નવીનો[૪] આ પ્રમાણે સમજાવે છે.

(૧) **પરિભાષાના વિષયમાં યથોદ્દેશપક્ષ** :-तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66-જેવા પરિભાષાસૂત્રનો વાક્યાર્થબોધ થતાં 'સપ્તમી નિર્દેશો-ક્યાં ક્યાં છે?' તેવી જિજ્ઞાસા થતાં બધા સપ્તમી નિર્દિષ્ટ વિધિસૂત્રો પરિભાષા-સૂત્રોના સ્થળ ઉપર ઉપસ્થિત થાય છે. અહીં દરેક વિધિસૂત્રોનો વાક્યૈકવાક્યતાથી સંસ્કાર થાય છે.

(૨) **પરિભાષાના વિષયમાં કાર્યકાલપક્ષ** : સપાદસપ્તાધ્યાયીસ્થ પરિભાષાસૂત્રોની પાસે, ત્રિપાદીસ્થ, વિધિસૂત્રો (અસિદ્ધત્વને કારણે) પોતાના સંસ્કાર

प्रतिपत्त्रपेक्षस्तु कार्यकालपक्षः ॥

કૈયટની આ સમજૂતીને આધારે યથોદ્દેશપક્ષના વિદ્યાર્થીને 'અપેક્ષાબુદ્ધિવાળો' કહેવામાં આવે છે અને કાર્યકાલપક્ષના વિદ્યાર્થીને 'ઉપેક્ષાબુદ્ધિવાળો' કહેવામાં આવે છે.

૪. અહીં 'નવીન વૈયાકરણો' એમ કહીને નાગેશ ભટ્ટ પોતાનો ઉલ્લેખ કરે છે; હવે પછી પરિભાષાસૂત્રોના વિષયમાં યથોદ્દેશપક્ષ અને કાર્યકાલપક્ષ કેવી રીતે ઘટે છે તે સમજાવે છે.

માટે ઉપસ્થિત થઈ શકશે નહીં. તેવે પ્રસંગે પરિભાષાસૂત્રો ત્રિપાદીમાં ઉપસ્થિત થઈને વાક્યૈકવાક્યતાથી વિધિસૂત્રોની સાથે અન્વિત થશે.

'પરિભાષા એકદેશસ્થ રહીને સકળશાસ્ત્રને અભિજ્વલિત કરે છે' એટલે કે પરિભાષાસૂત્ર પોતાના પ્રદેશને છોડીને વિધિસૂત્રોની પાસે જતું નથી અને તદ્દેશસ્થ પણ બનતું નથી.

આ સ્પષ્ટતાને આધારે આ ઉપર્યુક્ત મુદ્દાને વધુ વિશદ કરીએ તો એમ કહી શકાય કે યથોદ્દેશપક્ષમાં પરિભાષા સૂત્ર-પ્રદેશ ઉપર જેટલાં વિધિસૂત્રોનું સ્મરણ થાય છે; તેટલી વાર પરિભાષાસૂત્ર ઉચ્ચારીને પ્રત્યેક વિધિસૂત્રની પરિભાષા વિધેયાંશની સાથે એકવાક્યતા કરવામાં આવે છે. જ્યારે કાર્યકાલપક્ષમાં વિધિ-સૂત્રના પ્રદેશ ઉપર પરિભાષાસૂત્રના અર્થનું સ્મરણ થઈને, તે વિધિસૂત્રના પ્રદેશમાં બન્નેની એકવાક્યતા કરવામાં આવે છે.

અગાઉ જણાવી ગયા છીએ તે મુજબ સંજ્ઞાસૂત્રના સંદર્ભમાં પ્રાચીનોએ વર્ણવેલો યથોદ્દેશપક્ષ અને કાર્યકાલપક્ષ નાગેશાદિ નવીનોને સમ્મત છે. આથી કાર્યકાલપક્ષમાં જ્યાં સંજ્ઞાસૂત્રો ઉચ્ચાર્યાં હશે, તે તેમનું સ્થળ નહીં ગણાતાં, જે વિધિસૂત્રની સાથે તે (સંજ્ઞાસૂત્રો)ની એકવાક્યતા થાય છે તે વિધિસૂત્રનું સ્થળ તેમનું (=સંજ્ઞાસૂત્રોનું) ગણાય છે. અને તે મુજબ તેમનું પૂર્વત્વ-કે પરત્વ નક્કી થાય છે. જેમકે: (૧) अदसो मात् । 1-1-12 એ પ્રગૃહ્યસંજ્ઞા વિધાયક સૂત્રની अणोऽप्रगृह्यस्यानुनासिकः । 8-4-57 એવા વિધિસૂત્રના સ્થળ ઉપર એક-વાક્યતા થાય છે. આથી अदसो मात् । એ સંજ્ઞાસૂત્ર હવે 8-4-57 પ્રદેશનું કહેવાશે. પરિણામે अदसोऽसेर्दादु दो मः । 8-2-80 સૂત્રવિહિત મુત્વ અસિદ્ધ ગણાશે નહીં. (૩) प्लुतप्रगृह्या अचि नित्यम् । 6-1-125 વિધિસૂત્રની સાથે अदसो मात् । 1-1-12 એ સંજ્ઞાસૂત્ર જોડાયા પછી જ તેનો સફળ વાક્યાર્થ-બોધ થતો હોવાથી प्लुतप्रगृह्या० । 6-1-125 વિધિસૂત્ર દેશસ્થ બને છે. પરિણામે गङ्गे अमू । જેવા ઉદાહરણમાં एचोऽयवायावः । 1-1-78 સૂત્રની પ્રવૃત્તિ થાય તે પહેલાં 6-1-125 દેશસ્થ બનેલું अदसो मात् । સૂત્ર; પરસૂત્ર બનવાને કારણે પ્રથમ પ્રવૃત્ત થાય છે. જેથી પહેલાં પ્રગૃહ્યસંજ્ઞા થઈ ગયા પછી अयू આદેશની પ્રાપ્તિ થતી નથી.

સંજ્ઞાસૂત્રોના સન્દર્ભમાં પ્રાચીનોએ વર્ણવેલો અને નવીનોએ સ્વીકારેલો કાર્યકાલપક્ષ જોયા પછી હવે યથોદ્દેશપક્ષ જોઈશું.

आकडारादेका संज्ञा । 1-4-1 એવા અધિકારમાં કહેલી भ સંજ્ઞા, पद

સંજ્ઞા વગેરે સંજ્ઞાસંબંધે યથોદ્દેશપક્ષ જ સ્વીકારવો, કારણ કે તે પોતાના ઉચ્ચારણ-સ્થળે જ સકળ વાક્યાર્થબોધ પામે છે. પરિણામે તે મ-પદ સંજ્ઞા વિધાયક સૂત્રોને, તે જ્યાં ઉચ્ચાર્યાં છે તે તે સ્થળનાં જ ગણીને પરાપરત્વનો વિચાર કરી બાધ્ય બાધકભાવ નક્કી કરવો જોઈએ.

અંતે નાગેશ ભટ્ટે પરિભાષાસૂત્રોના વિષયમાં જે કાર્યકાલપક્ષની સમજૂતી રજૂ કરી છે; તેના અનુસંધાનમાં વિશેષ સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે કાર્યકાલ-પક્ષમાં પરિભાષાસૂત્ર (ત્રિપાદીસ્થ) વિધિસૂત્રના પ્રદેશમાં જઈને વિધિસૂત્રોનો સંસ્કાર કરે છે. તથાપિ પરિભાષાસૂત્રોનું તદ્દેશસ્થત્વ ગણાતું નથી. કારણ કે જો પરિ-ભાષાસૂત્રોને વિધિસૂત્રોના ઉચ્ચારણ-દેશવાળા ગણીશું તો ઙમો હ્રસ્વાદચિ ઙમુટ્ નિત્યમ્ । 8-3-32 તેવા સૂત્રમાં तस्मादित्युत्तरस्य । 1-1-67- તથા तस्मि-न्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 તેવાં બે પરિભાષાસૂત્રો ઉપસ્થિત થતાં બન્ને 8-3-32 એવા એક જ સમાન સ્થળ વાળા બનતાં, 'उभयनिर्देशे पञ्चमीनिर्देशो बलीयान् । તેવી પરિભાષાની મદદથી પરત્વને કારણે तस्मादित्युत्तरस्य । 1-1-67ની પ્રવૃત્તિ થાય છે'-તેવી ભાષ્યોક્તિ અસંગત બની જશે.

માટે કાર્યકાલપક્ષમાં પરિભાષાસૂત્રો વિધિસૂત્રોના દેશમાં જઈને સંસ્કાર કરે તો પણ, તેવા પરિભાષાસૂત્રોને વિધિસૂત્રોના દેશના નહીં ગણતાં, અષ્ટાધ્યાયી-પાઠના ક્રમને અનુસરીને જ પૂર્વત્વ-પરત્વનો નિર્ણય કરવો જોઈએ.

આ સ્પષ્ટતાના સમર્થનમાં નાગેશ ભટ્ટે નીચે મુજબનાં કારણો આપ્યાં છે:

૧. કાર્યકાલપક્ષ માનવાથી અષ્ટાધ્યાયીપાઠનો ક્રમ નષ્ટ થતો નથી. કારણકે બન્ને પક્ષમાં એ મુદ્દો સામાન્ય છે કે પરિભાષાસૂત્ર (જે સ્થળ ઉપર પાઠિત હોય તે સ્થળને છોડયા વગર) પોતાની જગ્યાએ જ રહીને વિધિસૂત્રોના પ્રદેશ ઉપર સ્વવિધેયાંશની ઉપસ્થિતિ કરે છે.

૨. કાર્યકાલપક્ષમાં પણ, પરિભાષાશાસ્ત્ર અચેતન હોવાથી, જે વિધિસૂત્રની સાથે તેનો સંબંધ ઇષ્ટ હોય, ત્યાં પોતાનું સ્થાન છોડીને જવું સંભવિત નથી. અને આપણે માની લઈએ કે કાર્યકાલપક્ષમાં પરિભાષાના અર્થનો બોધ જે જે વિધિસૂત્રોને લાગૂ પડે છે તે તે સ્થળે તે જાય છે, તો પણ તેટલાથી જ તે પરિ-ભાષાસૂત્ર પોતાનું સ્થળ છોડતું નથી.

૩. અને આથી જ, ભાષ્યમાં 'એકદેશસ્થ રહીને સકલ શાસ્ત્રને અભિજ્વલિત કરે છે' તેમ કહ્યું છે.

૪. કૈયટે પણ, तस्मिन्निति० । 1-1-65 સૂત્ર ભાષ્યપ્રદીપમાં કહ્યું છે કે સૂત્રપાઠના ક્રમની અપેક્ષાએ જ સૂત્રોના પરત્વ-પૂર્વત્વની વ્યવસ્થા નક્કી કરવી જોઈએ.

આ ચર્ચાનો ઉપસંહાર કરતાં નાગેશે જણાવ્યું કે इको गुणवृद्धी । 1-1-3 સૂત્રભાષ્યપ્રદીપમાં કૈયટે જે કહ્યું છે તે ચિન્ત્ય છે. કારણકે જો એમ માનીએ કે કાર્યકાલપક્ષમાં પરિભાષાસૂત્રો વિધિસૂત્રોના પ્રદેશ ઉપર ઉપસ્થિત થાય છે. તો બધાં જ સૂત્રો પ્રયોગાર્થે હોઈને, તેમનું (પરિભાષાસૂત્રોનું) પ્રયોગ રૂપ એકદેશસ્થત્વ બનીપ રહેતાં ક્યાંય પણ પરત્વનો નિર્ણય જ થઈ શકશે નહીં.

અને તે જ પ્રમાણે, क्ङिति च । 1-1-5 સૂત્રભાષ્યપ્રદીપમાં કૈયટે કહ્યું છેઃ "યથોદ્દેશપક્ષમાં વિધિસૂત્રો પરિભાષાદેશમાં ઉપસ્થિત થાય છે;" તે સ્વીકારીએ તો વિધિસૂત્રોનું પરત્વ નષ્ટ થઈ જાય. પરિણામે वृक्षेभ्यः । જેવા ઉદાહરણમાં सुपि च । 7-3-102 અને बहुवचने झल्येत् । 7-3-103 વિધિ-સૂત્રો तस्मिन्निति० । 1-1-66 તે પરિભાષાસૂત્રના પ્રદેશ ઉપર ઉપસ્થિત થતાં એકદેશસ્થ બનશે અને પરત્વનો નિર્ણય નહીં થઈ શકે. તેવી સ્થિતિમાં बहुवचने झल्येत् । 7-3-103 સૂત્ર વડે एत्व થઈ શકશે નહીં.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં कार्यकालं संज्ञापरिभाषम् । એવી પરિભાષા મળે છે, પણ यथोद्देशं संज्ञापरिभाषम् । એવી પરિભાષા મળતી નથી. પુરુષોત્તમદેવે આ બે પરિભાષાઓને વ્યુત્પન્ન અને અવ્યુત્પન્ન બુદ્ધિવાળા અર્થાત્ અપેક્ષા બુદ્ધિવાળા અને ઉપેક્ષા બુદ્ધિવાળા પ્રતિપત્તાના ભેદથી સમજાવી છે. પરંતુ સીરદેવે આ ઉપરાંત એક યુક્તિથી પણ આ પરિભાષાની સિદ્ધિ વર્ણવી છે. ભાષ્યમાં समर्थः पदविधिः । 2-1-1 સૂત્ર ઉપરના ભાષ્યમાં પતંજલિએ પરિભાષાઓને 'એકદેશમાં રહીને સકળ શાસ્ત્રોને અભિજ્વલિત કરે છે' એમ કહ્યું છે. અને षष्ठी स्थानेयोगा । 1-1-49 સૂત્ર ઉપર પારાર્થ્ય-સામાન્યને કારણે પરિભાષાને પણ એક પ્રકારનો અધિકાર કહ્યો છે. આમાંથી સૂચન લઈને સીરદેવે પહેલા સન્દર્ભમાં યથોદ્દેશપક્ષ વર્ણવ્યો છે અને બીજા સન્દર્ભમાં કાર્યકાલપક્ષ વર્ણવ્યો છે.

નાગેશ ભટ્ટે આ પરિભાષાની ચર્ચા દરમ્યાન કૈયટના અભિપ્રાયથી સંજ્ઞા-સૂત્રોના સન્દર્ભમાં યથોદ્દેશપક્ષ અને કાર્યકાલપક્ષ સમજાવ્યો છે અને સ્વીકાર્યો છે. પરંતુ પરિભાષાસૂત્રોના સન્દર્ભમાં યથોદ્દેશપક્ષ અને કાર્યકાલપક્ષ કેવી રીતે ઘટે

---

૫. બધાં સૂત્રો એકદેશનાં જ બની રહેતાં.

છે; તે પોતાની 'નવીનો'ની આગવી રીતે સમજાવ્યું છે. જેમકે, પરિભાષાસૂત્રોના પ્રદેશ ઉપર જ વિધિસૂત્રો ઉપસ્થિત થઈ પોતાનો વાક્યાર્થબોધ કરી લે તેને યથોદ્દેશપક્ષ કહે છે, પરંતુ સમગ્ર અષ્ટાધ્યાયીના વિધિસૂત્રોમાંથી જે ત્રિપાદીસ્થ છે તેઓ સપાદસપ્તાધ્યાયીનાં પરિભાષાસૂત્રોની પાસે (પોતે અસિદ્ધ હોવાને કારણે) ઉપસ્થિત થઈ શકતાં નથી. આથી ત્રિપાદીના તે વિધિસૂત્રોનો વાક્યાર્થબોધ કરાવવા માટે આ સપાદસપ્તાધ્યાયીના પરિભાષાસૂત્રો ત્રિપાદીમાં પોતાના અર્થની ઉપસ્થિતિ કરે છે. આને પરિભાષાસૂત્રોનો કાર્યકાલપક્ષ કહે છે.

અહીં નાગેશે રજૂ કરેલ યથોદ્દેશપક્ષ અને કાર્યકાલપક્ષની વ્યાખ્યા ભાષ્ય-સમ્મત હોઈ પાછળથી સૌએ સ્વીકારી છે. નાગેશના વ્યાખ્યાનમાં સ્પષ્ટપણે સૂક્ષ્મતા અને સિદ્ધાન્તવિકાસ જોવા મળે છે, જે નોંધપાત્ર છે.

अनन्त्यविकारोऽन्त्यसदेशस्य ॥ १०७ ॥

(અન્ત્યને કહેવામાં આવેલો વિકાર અન્ત્ય સમાનદેશને થાય છે.)

અનન્ત્યને કહેવામાં આવેલો વિકાર, અન્ત્ય સમાનદેશને એટલે કે અન્ત્યની જે નિકટવર્તી હોય તેને થાય છે. જેમકે, विद्यम् । અહીં य કારનું સંપ્રસારણ થાય છે, व કારનું નહીં. यशांसि ।[1] રૂપમાં सान्तमहतः ० । 6-4-10 સૂત્રવિહિત દીર્ઘ य શબ્દના अ કારને[2] થતો નથી. तक्ष्णा । तक्ष्णि । અહીં अल्लोपोऽनः । 6-4-134 સૂત્રોક્ત अ કાર લોપ त કારના अ કારનો થતો નથી. અહીં न्यमार्ट । અને मिमार्जिषति । રૂપોમાં मृजेर्वृद्धिः । 7-2-114 સૂત્રોક્ત વૃદ્ધિ (ક્રમથી) અડાગમ ને અને અભ્યાસના इ કારને થતી નથી. विदुषः । આ રૂપમાં वसोः संप्रसारणम् । 6-4-131 સૂત્રથી विद् ના व કારને સંપ્રસારણ થતું નથી.

ष्यङः संप्रसारणं पुत्रापत्योस्तत्पुरुषे । 6-1-13 એ સૂત્ર ઉપરના ભાષ્યમાં ભાષ્યકારે આ પરિભાષા રજૂ કરી છે. અને ત્યાં જ; धात्वादेः षः सः ।

---

૧. पयांसि । ને બદલે यशांसि । પાઠ સ્વીકાર્યો છે. કારણ કે તે જ વાક્યમાં આગળ ઉપર કહ્યું છે કે यशब्दाकारस्य न भवति । તથા પ્રયોજનોની અન્યથા સિદ્ધિ દર્શાવતાં यशांसि । તેવા રૂપનો જ ઉલ્લેખ છે.

૨. અહીં "य શબ્દના अ કારને" એવા વાક્યમાં 'य શબ્દ' એ પ્રયોગ યથાર્થ લાગતો નથી. તેને બદલે 'य કારોત્તરવર્તી अ કારને" એમ કહ્યું હોય તો તે વધારે ઉચિત છે.

6-1-64 તથા णो नः । 6-1-65 સૂત્રની પ્રવૃત્તિ સોતા । નેતા જેવાં રૂપોમાં જ થશે, પણ સિઞ્चति । नमति । જેવાં રૂપોમાં નહીં થાય; તેવા અતિપ્રસંગનું ઉદ્ભાવન કરીને પછી આ પરિભાષાનું ખંડન કરવામાં આવ્યું છે. અને ઉપર્યુક્ત પ્રયોજનો ઉપાયાન્તરથી સિદ્ધ કરી બતાવ્યાં છે. જેમકે ત્યાં કહ્યું છે: विद्धम् । રૂપમાં વ કારનું સંપ્રસારણ 'न संप्रसारणे संप्रसारणम् । 6-1-37 સૂત્ર હોવાથી જ થશે નહીં. यशांसि । આ રૂપમાં य શબ્દના अ કારનો દીર્ઘ નહીં થાય કેમકે 'नोपधायाः' । 6-4-7 તેવા પદની અનુવૃત્તિ (सान्तमहतः० । 6-4-10 તેવા દીર્ઘ વિધાયક સૂત્રમાં) આવે છે."

પરંતુ 'પ્રત્યાખ્યાન કરવા કરતાં (પરિભાષા)વચન કરવું તે વધારે સારું છે' એમ માનીને આનું સમાધાન કરવું જોઈએ. વળી, 'अगत्या खलु परिभाषाश्रयणमिति ।' તેવા વચનથી લક્ષ્યાનુરોધથી અતિપ્રસંગ થશે નહીં. વળી, આ પરિભાષાનો વ્યવહાર પણ જોવા મળે છે. જેમકે "કેટલાંક लत्वनी જેમ अदस् અને अद्रिनું પૃથક્ મુત્વ ઇચ્છે છે. કેટલાંક अन्त्यसदेशने કાર્ય ઇચ્છે છે, (તો બીજા) કેટલાંક બન્નેને કાર્ય ઇચ્છતાં નથી.[3]

વ્યાડિ : (૫૨)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાની ચર્ચાનો પાઠ ત્રુટક મળે છે.[4] ત્યાં

---

૩. अदसोऽसेर्दादु दो मः । 8-2-80 સૂત્રભાષ્યમાંથી આ શ્લોક લેવામાં આવ્યો છે. આ દ્વારા પુરુષોત્તમદેવ એમ સૂચવવા માંગે છે કે ભાષ્યકારના સમયમાં પણ કેટલાક એવાં વૈયાકરણો હતાં કે જે આ પરિભાષાનો સ્વીકાર કરતાં હતાં અને તેને ઉપયોગમાં લેતા હતા.

૪. 'પરિભાષાસૂચન'માં उक्तार्थानामप्रयोगः । 51 એવી પરિભાષા છે. આ પરિભાષામાંનો यद्येवं 'न सामिवचने । 5-4-5' इत्ययं प्रतिषेधो नोपपद्यते । — થી શરૂ કરીને तस्मादेष चकारो ज्ञापनार्थो भवति । ત્યાં સુધીનો ભાગ उक्तार्थानामप्रयोगः । 51 પરિભાષા જોડે કોઈ રીતે સંબંધ ધરાવતો નથી. સંભવ છે કે સંપાદકશ્રીની અસાવધાનતાને કારણે આ વિષે તેમણે કોઈ ચર્ચા કરી નથી. પ્રસંગસંગતિ જોતાં આ પૂર્વોક્ત અંશ उक्तार्थानामप्रयोगः । 51 ની પછીની જે પરિભાષા છે, अनन्त्यविकारेऽनन्त्यसदेशस्य । 51 તેની ચર્ચામાં હોવો જોઈએ.

બીજું, આ અંશને પરિભાષા—52 જોડે જોડવા છતાંય તેની જ્ઞાપકચર્ચા અધૂરી જ લાગે છે. તેથી મેં આ પરિભાષાની જ્ઞાપકચર્ચા તૂટક છે; એમ નોંધ્યું છે.

આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધા દર્શાવી છે. પરંતુ જ્ઞાપકચર્ચાનો પ્રારંભિક અંશ વિલુપ્ત થયેલો હોવાથી કયા સૂત્રના ચ કારને જ્ઞાપનાર્થ વર્ણવ્યો છે, તે અસ્પષ્ટ રહે છે.

સીરદેવ : (૧૧૨)

તેમણે આ પરિભાષાને ન્યાયમૂલા પરિભાષાઓના વિભાગમાં મૂકી છે. કારણ કે મહાભાષ્યમાં આ પરિભાષાની ઉપપત્તિ વર્ણવી નથી. કેવળ સ્વતંત્ર વાચનિકી સ્વરૂપે તેને ભાષ્યમાં ઉપસ્થિત કરી છે. આ પરિભાષાની ચર્ચાના સન્દર્ભમાં સીરદેવે મહદંશે પુરુષોત્તમદેવનું અનુસરણ કર્યું છે. વિશેષમાં, પુરુષોત્તમદેવે લક્ષ્યાનુરોધથી આ પરિભાષાના અતિપ્રસંગદોષની નિવૃત્તિ સૂચવી છે. તેનાથી આગળ વધીને સીરદેવે उदात्तनिर्देशाद्वा । એવા ભાષ્યોક્ત ઉપાયાન્તરને નિર્દેશીને અતિ-વ્યાપ્તિનો પરિહાર સૂચવ્યો છે.

અહીં સીરદેવે જણાવ્યું છે કે જો આ પરિભાષાનું અસ્તિત્વ સ્વીકારવામાં આવે તો अतः उपधायाः । 7-2-116 સૂત્રમાં उपधा ગ્રહણ શા માટે કર્યું હશે તે ચિન્ત્ય છે.

નીલકંઠ : (૯૪)

તેઓ પરિભાષાર્થ આ પ્રમાણે રજૂ કરે છે "કોઈ એક જ પ્રયોગમાં અન્ત્યસદેશને અને અસદેશને એક જ સમયે કાર્યની પ્રાપ્તિ થાય ત્યારે અન્ત્યસદેશ જે હોય તેને જ કાર્ય થાય છે."

હરિભાસ્કર : (૧૧૪)

પુરુષોત્તમદેવ અને સીરદેવે આ પરિભાષાની ચર્ચાના અનુસન્ધાનમાં અનુક્રમે જણાવ્યું છે કે ભાષ્યકારે આ પરિભાષાનું ખંડન કર્યું છે તથા अत उपधायाः । 7-2-116 સૂત્રસ્થ उपधा ગ્રહણ ચિન્ત્ય છે. આનો વિરોધ કરતાં હરિભાસ્કરે જણાવ્યું છે કે ભાષ્યકારે આ પરિભાષાનું ખંડન કર્યું નથી. કારણ કે ભાષ્યમાં આગળ ઉપર જણાવ્યું છે કે 'પ્રયોજનોનું તો કેવળ અહીં ઉદાહરણ માત્ર દર્શાવવામાં આવે છે' વગેરે; તેનો વિરોધ થઈ જશે. અને वोरुपधाया दीर्घ इकः । 8-2-76 સૂત્રમાં उपधा ગ્રહણ કર્યું છે; તેના ઉપરથી આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે; માટે अत उपधायाः । 7-2-116 સૂત્રસ્થ उपधा ગ્રહણ ચિન્ત્ય નથી.

નાગેશ : (૯૫)

તેમણે નીલકંઠને અનુસરીને પરિભાષાર્થ આ પ્રમાણે આપ્યો છે "સૂત્ર વડે

કહેવામાં આવેલું કાર્ય શબ્દસ્વરૂપમાં અન્ત્યવર્ણની બરાબર પહેલાં હોય એટલે કે જે ઉપાન્ત્યવર્ણ હોય તેને અને તેનાથી અધિક આગળ આવેલા વર્ણને યુગપત્ પ્રાપ્ત રહે ત્યારે તે કાર્ય ઉપાન્ત્યવર્ણને જ થાય છે.'' હરિભાસ્કરને અનુસરીને નાગેશે પણ વિગતે સ્પષ્ટ કર્યું છે કે આ પરિભાષાનું પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે, તેવો ભ્રમ ન રાખવો જોઈએ. કારણ કે વાર્ત્તિકમાં ગણાવેલાં પ્રયોજનોની કલ્પનાઓ કરીને ભાષ્યકારે અન્યથા સિદ્ધિ દર્શાવી છે તો પણ ''આ પરિભાષાનાં જે પ્રયોજનો હોય, તેને માટે આ પરિભાષા કરવી જોઈએ અને દોષોને માટે પ્રતિવિધાન કરવું જોઈએ.'' એવાં વચનો તેમણે કહ્યાં છે. અને ''ઉદાત્તનિર્દેશ વડે સિદ્ધ થાય છે'' એવા પ્રતિવિધાનથી આ ચર્ચાનો ઉપસંહાર કર્યો છે.

નાગેશે એ પણ સ્પષ્ટ કર્યું છે કે મિમાર્જિષતિ । રૂપની સિદ્ધિને અર્થે પણ આ પરિભાષા કરવી જોઈએ. તથા न सम्प्रसारणे सम्प्रसारणम् । 6-1-37 સૂત્રભાષ્યમાં ''આ પરિભાષાનાં પ્રયોજનો નથી'' એમ જે કહ્યું છે તેનો અર્થ આમ છેઃ 'જે પ્રયોજનોને માટે આ न सम्प्रसारणे० । 6-1-37 સૂત્ર કરવામાં આવ્યું છે તે પ્રકૃત પરિભાષાનાં પ્રયોજનો નથી.'

ઉપસંહાર :

પુરુષોત્તમદેવ સિવાય બીજા બધા પરિભાષાવૃત્તિકારોએ આ પરિભાષાનું સ્વરૂપ આ પ્રમાણે આપ્યું છે अनन्त्यविकारेऽन्त्यसदेशस्य । પુરુષોત્તમદેવે આ પરિભાષાની બહુ વિગતપૂર્ણ ચર્ચા કરી છે. અહીં, આ પરિભાષાનું ભાષ્યમાં પ્રત્યાખ્યાન થયું છે કે નહીં ? તે વિશેનો મતભેદ જાણવો રસપ્રદ બને એમ છે. હકીકતમાં, હરિભાસ્કર અને નાગેશે બતાવ્યું છે એમ આ પરિભાષા સ્વીકાર્ય છે અને ભાષ્યમાં પ્રત્યાખ્યાન નથી.

नुमचिरतृज्वद्भावेभ्यो नुट् पूर्वविप्रतिषेधेन ॥ १०८ ॥

(નુમ્ સ્વર પરમાં રહેતાં ऋકારને થનારો રેફાદેશ અને તૃજ્વદ્ભાવ તેમની અપેક્ષાએ પહેલાં 'પૂર્વવિપ્રતિષેધથી નુટ્ આગમ થાય છે.)[1]

---

૧. नपुंसकस्य झलचः । 7-1-72 અને इकोऽचि विभक्तौ । 7-1-73 સૂત્રથી નુમ્ આગમનું વિધાન કરવામાં આવે છે. अचि र ऋतः । 7-2-100 સૂત્રથી तिसृ અને चतसृ શબ્દોમાંના ऋ કારને રેફ આદેશ થાય છે, અને तृज्वत्क्रोष्टुः । 7-1-95 સૂત્રથી તૃજ્વદ્ભાવ કહેવામાં આવ્યો છે. તથા ह्रस्वनद्यापो नुट् । 7-1-54 સૂત્રથી નુટ્ આગમ થાય છે.

આથી મધ્નૂનામ્ । એવા રૂપમાં નુડાગમ કર્યા પછી અજાદિત્વના અભાવે ઇકોઽચિ વિભક્તૌ । 7-1-73 સૂત્રોક્ત નુમ્ આગમ થતો નથી. ચતસૃણામ્ । અહીં (પ્રથમ નુડાગમ થઈ ગયા પછી) અચિ ર ઋતઃ । 7-2-100 સૂત્રવિહિત રત્વ (રેફ) થતું નથી. અને ક્રોષ્ટૂનામ્ । એ રૂપમાં (નુડાગમની પ્રથમ પ્રવૃત્તિ થઈ ગયા પછી) વિભાષા તૃતીયાદિષ્વચિ । 7-1-97 સૂત્રથી તૃજ્વદ્ ભાવ થતો નથી.

વિપ્રતિષેધે પરં કાર્યમ્ । 1-4-2 સૂત્રસ્થ 'પર' શબ્દ ઇષ્ટ વાચક હોવાથી આ 'પૂર્વવિપ્રતિષેધ' અંગેના પરિભાષાવચનની પ્રાપ્તિ થઈ છે. (અર્થાત્) વિપ્રતિષેધે પરં કાર્યમ્ । 1-4-2 એવા સૂત્રનો અર્થ અહીં વચન રૂપે રજૂ કરવામાં આવ્યો છે.

વ્યાડિ, સીરદેવ, નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશના પરિભાષાગ્રન્થોમાં આ વચન પરિભાષા રૂપે રજૂ થયું નથી.

ઉપસંહાર :

સ્ત્રિયાં ચ । 7-1-96 સૂત્ર ઉપરના ભાષ્યમાં ઉપર્યુક્ત વચનનો વાર્તિક (૧૧) સ્વરૂપે ઉલ્લેખ થયો છે. ભાષ્યકારે વિપ્રતિષેધે પરં કાર્યમ્ । 1-4-2 સૂત્રસ્થ 'પર' શબ્દને ઇષ્ટાર્થ વાચક માનીને પ્રકૃતાર્થને સિદ્ધ કર્યો છે.

પાણિનિની સૂત્રવ્યવસ્થાને અનવદ્ય બનાવવાના પ્રયત્ન રૂપે પ્રસ્તુત થયેલાં વાર્તિકોને પરિભાષા રૂપે સ્વીકારવાં કે નહીં ? તે એક ચર્ચાસ્પદ મુદ્દો છે. પરંતુ આ વિષયમાં પુરુષોત્તમદેવનો અભિગમ મૌલિક રહ્યો હોય તેમ જણાય છે. કારણ કે તેમણે પૂર્વવિપ્રતિષેધ રજૂ કરતા વાર્તિકને પરિભાષા રૂપે અહીં સ્વીકાર્યું છે. આવી કોઈ પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી નથી. તથા પુરુષોત્તમદેવના અનુગામીઓમાંથી બીજા કોઈએ પણ આને પરિભાષા રૂપે રજૂ કરી નથી.

गणकार्यमनित्यम् ॥ १०९ ॥

(ગણને ઉદ્દેશીને જે કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય તે અનિત્ય છે.)

ક્ષમૂષ્ સહને । એવો ધાતુ મિદાદિ ગણનો[1] હોવાને કારણે જ તેને અડ્

---

૧. સીરદેવની ચર્ચા જોતાં જણાય છે કે અહીં ઘટાદિ એવો પાઠ હોવો જોઈએ. પુરુષોત્તમદેવના ગ્રન્થમાં આ સ્થળે ઘટાદિત્વાદ્ મિત્વે સિદ્ધે । એવું પાઠાન્તર મળે છે. પરંતુ સીરદેવે નિર્દેશ્યું છે તેમ ઘટાદિત્વાદેવ ષિત્વે સિદ્ધે । એવો પાઠ હોવો જોઈએ.

સિદ્ધ હતો, એવી સ્થિતિમાં તેમાં ષિત્ કરણ કર્યું છે તેનાથી આ પરિભાષાર્થ જ્ઞાપિત થાય છે. આથી, અદાદિત્વ ને કારણે પ્રાપ્ત શપ્ ના લુક્નો અભાવ રહેતાં "न विश्वसेत् पूर्वविरोधितस्य ।" એવા પ્રયોગની સિદ્ધિ થાય છે. તથા "मण्डपे शयामि तत्परम् ।" એવા ઉદાહરણની પણ સિદ્ધિ થાય છે. અહીં 'अनुदात्तङित: आत्मनेपदम् । 1-3-12 સૂત્રવિહિત ङित् લક્ષણ આત્મનેપદ વ્યભિચરિત થાય છે.' એવા અર્થને (અન્યત્ર) સૂચવવામાં આવ્યો છે. આથી शयामि । એવા રૂપમાં થયેલું પરસ્મૈપદ સાધુ છે.

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૧૮)

તેમણે પુરુષોત્તમદેવમાંથી સૂચન મેળવીને આ પરિભાષાની વિસ્તૃત ચર્ચા કરી છે. જેમકે अदिप्रभृतिभ्य: शप: । 2-4-72 સૂત્રથી श्वस् અને शीङ् ધાતુઓથી પરમાં આવેલા શપ્ વિકરણ પ્રત્યયનો લુક્ થાય છે. પરંતુ આ પરિભાષાથી તે કાર્યને અનિત્યત્વનું બોધન થાય છે, તેથી न विश्वसेत् पूर्वविरोधितस्य । તથા मण्डपे शयामि किमत: परम् । ઇત્યાદિ પ્રયોગો સિદ્ધ થાય છે. शयामि । એ રૂપમાં આત્મનેપદના અનિત્યત્વને કારણે પરસ્મૈપદ થયું છે. આ આત્મનેપદનું અનિત્યત્વ ફણાદિ ગણમાં "भ्राजृ भ्राशृ दीप्तौ ।" એવો પાઠ કર્યા પછી एजृ भ्राजृ दीप्तौ । એવા દીપ્ત્યર્થક ધાતુઓમાં ફરીથી भ्राजृ ધાતુનું ગ્રહણ કર્યું છે, તેનાથી જ્ઞાપિત થાય છે એમ કેટલાક કહે છે. આ કેવી રીતે જ્ઞાપક બને છે તે જોઈએ આત્મનેપદી ધાતુઓમાં એક ધાતુનો બે વાર પાઠ એટલા માટે કરવામાં આવે છે કે તે ધાતુને નિત્ય આત્મનેપદ જ થાય. આનાથી સૂચિત થાય છે કે ક્વચિદ્ આત્મનેપદી ધાતુ પણ પરસ્મૈપદી બને છે. બીજા કેટલાકના મતે चक्षिङ् ધાતુને બે અનુબન્ધયુક્ત નિર્દેશવામાં આવ્યો છે તેનાથી આત્મનેપદનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે.

ત્યાર પછી સીરદેવે આ પરિભાષાની જ્ઞાપક ચર્ચા કરી છે क्षमूष सहने એ ધાતુ ઘટાદિ હોવાથી જ ષિત્વ સિદ્ધ હતું, એવી સ્થિતિમાં ષિત્ કરણ કર્યું છે તે પ્રકૃતાર્થમાં જ્ઞાપક બને છે. જેવી રીતે स्तनंधयी । એવા ઉદાહરણમાં ङीप्ની પ્રવૃત્તિ થાય તે માટે ધેટનું ટિત્વ છે; તેવી રીતે षिद्गौरादिभ्यश्च । 4-1-41 સૂત્રોક્ત ङीप् પ્રત્યયની પ્રાપ્તિ અર્થે આ ષિત્ કરણ છે, એમ ન કહેવું જોઈએ. કારણ કે आगमे क्षमायाम् । એ પ્રયોગમાં क्षमायाम् એવો

નિર્દેશ છે. અર્થાત્ क्षमूष् સહને એવા ધાતુમાંથી સ્ત્રીપ્રત્યયાન્ત क्षमा । એવો જ શબ્દ બને છે; ત્યાં ङीप् ની પ્રવૃત્તિ ઇષ્ટ નથી.

નીલકંઠ : (૯૨)

નીલકંઠ જણાવે છે કે तनादिकृञ्भ्यः उः । 3-1-79 સૂત્રમાં કૃઞ્ ગ્રહણ કર્યું છે, તે અહીં જ્ઞાપક છે.

હરિભાસ્કર : (૧૨૦)

તેમણે "स चापि गदया दैत्यः सर्वा एवाहनत्पृथक् ।" એવા માર્કણ્ડેય-પુરાણના પ્રયોગમાં अहनत् । રૂપને સાધુત્વ બોધન કરવા આ પરિભાષાનો ઉપયોગ કર્યો છે.

નાગેશ : (૯૩.૩)

તેમણે નીલકંઠને અનુસરીને આ પરિભાષાને કૃઞ્ ગ્રહણથી સિદ્ધ થતી દર્શાવી છે, પરંતુ આગળ ઉપર આ પરિભાષાનું પ્રત્યાખ્યાન કર્યું છે.

ઉપસંહાર :

સૌ પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે. અને કેટલાક તત્કાલિક પ્રચલિત પ્રયોગોને આ પરિભાષાનું આશ્રયણ કરીને સાધુત્વ બોધન કર્યું છે. આ પ્રણાલિકાનું અનુસરણ કરીને હરિભાસ્કરાદિએ અમુક અમુક પ્રયોગોની સિદ્ધિ બતાવી છે, પરંતુ આખરે આ પરિભાષા ભાષ્યાનુક્ત છે એમ નાગેશે સ્પષ્ટ કર્યું છે.

पूर्वत्रासिद्धीयमद्वित्वे ॥ १९० ॥

(દ્વિત્વ કરવાનું હોય ત્યારે पूर्वत्रासिद्धम् । 8-2-1 સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.)

सर्वस्य द्वे । 8-1-1 એ સૂત્ર ઉપરનું આ કાત્યાયનનું (વાર્તિક) વચન પરિભાષા રૂપે રજૂ કરવામાં આવે છે. જ્યારે દ્વિર્વચન કર્તવ્ય રહે ત્યારે पूर्वत्रासिद्धम् । 8-2-1 સૂત્રોક્ત અસિદ્ધત્વ રહેતું નથી. પરિણામે द्रोढा-द्रोढा । અને द्रोग्धा । द्रोग्धा । એ ઉદાહરણમાં द्रुह् ધાતુને तृच् પ્રત્યય કરીને ढत्व[1] અને कृत्व[2] કર્યા પછી सर्वस्य द्वे । 8-1-1 સૂત્રથી દ્વિર્વચન થાય છે. અન્યથા

---

૧. हो ढः । 8-2-31

૨. झषस्तथोर्धो धः । 8-2-40

ઢત્વ કુત્વ ના પૂર્વત્રાસિદ્ધમ્ । 8-2-1 સૂત્રવિહિત અસિદ્ધિત્વને (ઢત્વ અને કુત્વ ની પ્રવૃત્તિ થશે તે પહેલાં) પ્રથમ દ્વિર્વચન થશે. અને ત્યાર બાદ વા દ્રુહુમુહ્ણિહામ્ । 8-2-33 સૂત્રથી વિકલ્પે ઘત્વ થશે. ત્યાં આમ (દ્રોઢા દ્રોઢા ।) વગેરે ઇષ્ટ રૂપો મળશે નહીં. "જ્યારે પ્રકૃતિને ઘત્વ થાય ત્યારે અભ્યાસને પણ ઘત્વ થાય" તેવા નિયમનો અભાવ હોવાથી ક્યારેક ઢત્વ પણ થાય. જેથી દ્રૌઢા દ્રૌગ્ધા । એવાં અનિષ્ટ રૂપો બને.

અહીં "જેવી રીતે राजाराजा । તે ઉદાહરણમાં પદમાત્રને આશ્રયે રહેનાર ન લોપ થયા પછી વીપ્સાદિ ની અપેક્ષાવાળું બહિરંગ એવું દ્વિર્વચન પછી થશે, તે જ પ્રમાણે દ્રોઢા દ્રોઢા । ઉદાહરણમાં વૈકલ્પિક ઢત્વાદિ અંતરંગ કાર્યો પ્રથમ થશે અને ત્યાર પછી દ્વિવર્ચન થશે"-આ રીતે સિદ્ધિ ન દર્શાવવી જોઈએ. કારણકે (ઢત્વ-કુત્વ કાર્યો) અંતરંગ હોવા છતાંય પૂર્વ બહિરંગ (દ્વિર્વચન) કર્તવ્ય રહે ત્યારે તેઓ અસિદ્ધ રહે જ છે. औजढत् । આ રૂપમાં "ઢત્વ આદિનું અંતરંગત્વ હોવાં છતાંય અસિદ્ધત્વને કારણે हृत्-શબ્દનું દ્વિત્વ થાય છે'-તેમ पूर्वत्रासिद्धम् । 8-2-1 સૂત્ર ઉપર કહ્યું છે.[3]

શંકા : જો "पूर्वत्रासिद्धीयमद्विवत्वे"-તેવો ન્યાય છે તો औजढत् । આ રૂપમાં દ્વિર્વચન કર્તવ્ય રહે છે ત્યારે ઢત્વાદિનું કેવી રીતે અસિદ્ધત્વ રહે છે ?

સમાધાન : उभौ साभ्यासस्य । 8-4-21 તેવું સૂત્ર રચ્યું છે તેના ઉપરથી જ સૂચવાય છે કે આ ન્યાય અનિત્ય છે. જો આ વચન નિત્ય હોય તો अनितेः । 8-4-19 સૂત્રથી ણત્વ કરીને, ણત્વ કરેલા રૂપનું દ્વિર્વચન કરતાં प्राणिणिषति । તેવું ઉદાહરણ સિદ્ધ રહે છે; તેવી સ્થિતિમાં उभौ साभ्यासस्य । 8-4-21 સૂત્ર રચવાની શી જરૂર હતી ?

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૯૭)

આ પરિભાષા ઉપરથી પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચા મહદંશે સીરદેવે સ્વીકારી છે. વિશેષમાં સીરદેવે આ પરિભાષાનું જ્ઞાપક આ પ્રમાણે વર્ણવ્યું છે.

---

૩. ઢત્વષ્ટુત્વઢલોપાદીનામસિદ્ધત્વાત્ णौ यष्टिलोपः तस्य स्थानिवद्भावात् 'हृत्' इत्येतद् द्विरुच्यते ॥

सर्वस्व द्वे । 8-1-1 સૂત્રમાં આવેલું 'सर्वस्य' એવું પદ અહીં જ્ઞાપક છે. આ પદ મત્વર્થીય अ કાર પ્રત્યયાન્ત હોવાથી એવો અર્થ થાય છે કે સર્વ કાર્યો કર્યા પછી જે રૂપ તૈયાર થયું હોય તેનું દ્વિર્વચન થાય છે. અને આ ત્યારે જ ઉપપન્ન થાય કે જ્યારે અસિદ્ધત્વ ન થાય.

નીલકંઠ : (૧૨૬)

તેમણે આ પરિભાષા વિષે કોઈ વિશેષ ચર્ચા કરી નથી. પણ આ પરિભાષાને न मु ने । 8-2-3 સૂત્રનો યોગવિભાગ કરી સિદ્ધ થતી ઉલ્લેખી છે.

હરિભાસ્કર : (૯૯)

તેમણે પણ આ પરિભાષાની કોઈ વિશેષ ચર્ચા કરી નથી; પરંતુ વિશેષમાં આ પરિભાષાના कृष्णर्द्धिः । उचिच्छिषति । એવાં પ્રયોજનો વર્ણવ્યાં છે.

નાગેશ : (૧૧૭)

પુરુષોત્તમદેવથી શરૂ કરીને હરિભાસ્કર સુધીના દરેક પરિભાષાવૃત્તિકારે આ પરિભાષાનો અર્થ આ પ્રમાણે આપ્યો છે: "દ્વિત્વ કર્તવ્ય રહે ત્યારે पूर्वत्रासिद्धम् । 8-2-1 સૂત્રની પ્રાપ્તિ થતી નથી." અર્થાત્ અહીં अद्वित्वे (अद्विर्वचने) તેવા પદમાં આવેલા નિષેધાર્થક નઞ્ નો અન્વય पूर्वत्रासिद्धम् । 8-2-1 સૂત્રની સાથે કરવામાં આવ્યો છે. પરંતુ નાગેશ ભટ્ટે આવો પરિભાષાર્થ સ્વીકાર્યો નથી. તેમણે આપેલો પરિભાષાર્થ આ પ્રમાણે છે: "દ્વિત્વભિન્ન કાર્ય પૂર્વસૂત્ર વડે કરવાનું થાય ત્યારે पूर्वत्रासिद्धम् । 8-2-1 સૂત્ર પ્રવૃત્ત થાય છે." અર્થાત્ નાગેશે अद्वित्वे (अद्विर्वचने) પદમાંના નઞ્ નો तदन्यत्व (यथा अनश्वः इति) અર્થ લઈને તેનો દ્વિત્વની સાથે અન્વય કર્યો છે. આવા પરિભાષાર્થનું જો કોઈ વિશેષ ફળ હોય તો તે નાગેશે રજૂ કર્યું નથી.

આ પરિભાષાની પ્રવૃત્તિ વિષે અંગુલિનિર્દેશ કરતાં નાગેશ ભટ્ટે જણાવ્યું છે કે જ્યાં ત્રિપાદીસ્થ પરસૂત્રો સિદ્ધ માનવાથી કે અસિદ્ધ માનવાથી રૂપમાં જ્યાં કાંઈક ફરક પડે ત્યાં જ આ પરિભાષાની પ્રવૃત્તિ થાય છે. પરિણામે कृष्णर्द्धिः । જેવા રૂપમાં जशत्व પહેલાં કરીને કે પછી કરીને દ્વિત્વ કરીશું તો પણ રૂપમાં કાંઈ તફાવત નહીં પડતો હોવાથી આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવના વ્યાખ્યાનને સીરદેવ, નીલકંઠ અને હરિભાસ્કર અનુસર્યા

છે. નાગેશે આ પરિભાષાનો અર્થ અને તેની પ્રવૃત્તિ વિષયક વિશેષ સ્પષ્ટતા ઉમેરી છે, જે ધ્યાનપાત્ર છે.

विधिविधानविधिभाजां त्रयाणां संनिधाने तदन्तविधिर्भवति ॥ १११ ॥

(સૂત્રમાં વિધિ, વિધાન અને વિધિભાક્-એ ત્રણેયનું સંનિધાન હોય ત્યારે તદન્તવિધિ થાય છે.)

આથી, एचोऽयवायावः । 6-1-78 સૂત્રમાં 'एच्.' એવા પદથી વિધાનનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જેનાથી (અર્થાત્ જેને) વિધાન કરવામાં આવે તેને 'વિધાન' કહે છે. એવી વ્યુત્પત્તિ અનુસાર અહીં 'एचः' એ વિધાન છે. અહીં 'જેનું વિધાન કરવામાં આવે છે તે વિધિ છે.' એવી વ્યુત્પત્તિ અનુસાર अयादि શબ્દોમાં વિધિ પણ છે. પરંતુ આ સૂત્રમાં વિધિભાક્નો નિર્દેશ નથી. તેથી તદન્તવિધિનો અભાવ રહે છે. પરિણામે एच् માત્રને સ્થાનિત્વ પ્રાપ્ત થાય છે. (एजन्त ને નહીં.) જો एजन्त ને સ્થાનિત્વ પ્રાપ્ત થાય તો चयनम् । चायकः । વગેરે રૂપોમાં અનેકાલ્ત્વને કારણે अयादि આદેશો સર્વાદેશ રૂપે થાય.

येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રના સામર્થ્યથી પ્રાપ્ત થતા અર્થને જ અહીં પરિભાષા રૂપે રજૂ કરવામાં આવ્યો છે. જેમકે, ઉક્ત સૂત્રમાં येन એવા પદથી સાધકતમ કરણનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તથા 'કર્તા વગરનું કરણ ન હોઈ શકે.' એવા અર્થાસામર્થ્યથી (= અર્થાપત્તિથી) કર્તાનો પણ તેમાં નિર્દેશ છે અને તે કર્તા અવયવ વાચક अन्त શબ્દની સાથે સમુદાય રૂપે પ્રકટ થાય છે.

બીજું, આ કર્તા ત્રણ પ્રકારે પ્રાપ્ત થઈ શકે : (૧) ક્યાંક તેનો સ્પષ્ટ નિર્દેશ હોય. જેમકે, ईदूदेद्द्विवचनं प्रगृह्यम् । 1-1-11 સૂત્રમાં કર્તૃભૂત દ્વિવચન નો નિર્દેશ છે. આથી ઈદાદિ કરણો વડે પ્રગૃહ્યસંજ્ઞા કરવામાં આવે છે. (૨) ક્વચિત્ પ્રકરણથી કર્તાનો નિર્દેશ હોય. જેમકે, एरच् । 3-3-56 સૂત્રમાં 'धातोः' એવા સૂત્રનો અધિકાર આવતો હોવાથી કર્તા રૂપે ધાતુ પ્રકરણથી પ્રાપ્ત થાય છે, એમ કહેવાશે. જે કરણ સ્વરૂપ इ કારથી अच् નું વિધાન કરે છે. અને (૩) ક્વચિત્ સામર્થ્યથી કર્તાનો નિર્દેશ હોય છે. જેમકે, इको झल् । 1-2-9 અહીં "ધાતુને જ सन् પ્રત્યયનું વિધાન કરવામાં આવે છે." એવા (નિયમના) સામર્થ્યથી ધાતુ કર્તા રૂપે પ્રાપ્ત થાય છે. તે કરણ સ્વરૂપ इक् થી सन् પ્રત્યયને कित्व નું વિધાન કરે છે.

આમ, ईदूदेद्द्विवचनं प्रगृह्यम् । 1-1-11 સૂત્રમાં (૧) પ્રગૃહ્યસંજ્ઞાનો વિધીયમાન વિધિ રૂપે, (૨) ईदूदेद् વગેરેનો કરણ અર્થાત્ વિધાન રૂપે અને (૩) દ્વિવચન વગેરેનો કર્તા એટલે કે વિધિભાક્ રૂપે સંભવ હોવાથી येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રથી તદન્તવિધિ પ્રવર્તે છે.

પરંતુ एचोऽयवायावः । 6-1-78 સૂત્રમાં તદન્તવિધિ પ્રવર્તતી નથી. કારણ કે તેમાં વિધિભાક્ની પ્રાપ્તિ થતી નથી – (તેનો સંભવ નથી.) માટે આ સૂત્રનો (1-1-72) અર્થ થાય છે : વિધિ, વિધાન અને વિધિભાક્ એ ત્રણેયના સંનિધાનમાં તદન્તવિધિ થાય છે.

વ્યાડિ (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૩)

તેમણે પુરુષોત્તમદેવની ચર્ચાનો સર્વાંશે સ્વીકાર કર્યો છે. પરંતુ તેમણે પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચાના સન્દર્ભમાં કેટલાંક શંકા-સમાધાનો રજૂ કરીને વ્યાખ્યાનને વિશદ કરવાનો પ્રયત્ન કર્યો છે. ઉદાહરણ તરીકે; एचोऽयवायावः । 6-1-78 સૂત્રમાં વિધિભાક્નો સંભવ નહીં હોવાથી તદન્તવિધિની પ્રવૃત્તિ થતી નથી. પરંતુ 'અહીં શબ્દાનુશાસનનો પ્રસ્તાવ કર્યો છે.' તેના સામર્થ્યથી જ કર્તા સ્વરૂપે શબ્દરૂપ વિધિભાક્ બનીને ઉપસ્થિત થવું જોઈએ. તો પછી કેવી રીતે કર્તાનો અભાવ છે એમ કહી શકાય ? એવી શંકા થાય છે. અંગુલિનિર્દેશથી આ શંકાનું સમાધાન કરતાં સીરદેવ જણાવે છે કે અતિપ્રસંગને કારણે શબ્દરૂપ કર્તા રૂપે અશ્રિત થતું નથી. सुप्तिङन्तं पदम् । 1-1-14 સૂત્ર ઉપર રક્ષિતે આ વિષે વ્યાખ્યાન કર્યું છે.

નીલકંઠ : (૧૮)

તેમણે આ પરિભાષા વિષે દ્વિવિધ મતોની નોંધ લીધી છે. જેમકે, કેટલાકના મતે આ પરિભાષા નિર્મૂલા છે. બીજાઓના મતે येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રનો જ ફલિતાર્થ કહેનારી આ પરિભાષા છે.

હરિભાસ્કર (૧૩)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી. પરંતુ પુરુષોત્તમદેવની ચર્ચાનો સારસંગ્રહ રજૂ કર્યો છે.

નાગેશ : (–)

નાગેશના 'પરિભાષેન્દુશેખર'માં આ પરિભાષા મળતી નથી.

ઉપસંહાર :

સૌ પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે. જો કે ભાષ્યમાં મળતી નથી, તેથી કૈટલાકના મતે આ પરિભાષા નિર્મૂલા છે. તથાપિ પુરુષોત્તમદેવે નિર્દેશ્યું છે એ મુજબ આ પરિભાષા येन विधिस्तदन्तस्य । 1–1–72 સૂત્રનો જ અર્થ કહેનારી છે. પુરુષોત્તમદેવે તદાદિ–તદન્તવિધિ કરનાર પરિભાષા प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य च ग्रहणम् । (પરિભાષા– 44) ના વ્યાખ્યાનમાં કેવળ તદાદિ અંશની સિદ્ધિ અર્થે પ્રકૃત પરિભાષાને રજૂ કરી છે. આ દૃષ્ટિકોણથી વિચારતાં જણાય છે કે નાગેશે येन विधिस्तदन्तस्य । 1–1–72 સૂત્રથી તદન્તાંશ સિદ્ધ માન્યો હોવાથી આ પરિભાષાને સ્વીકારી નથી. પરંતુ સીરદેવાદિએ સંપૂર્ણપણે પુરુષોત્તમદેવનું અનુસરણ કર્યું છે.

पूर्वत्रासिद्धीये न स्थानिवत् ॥ ११२ ॥

(पूर्वत्रासिद्धम् । 8–2–1 સૂત્રના અધિકારમાં સ્થાનિવદ્ભાવ થતો નથી.)

આવી પરિભાષા હોવાથી, पाक्तिः । याष्टिः । જેવાં ઉદાહરણોમાં[1] पूर्वत्रासिद्धम् । 8–2–1 સૂત્રના અધિકારમાં કહેવામાં આવેલા કુત્વ અને ષત્વ જ્યારે કરવાના હોય છે ત્યારે (અકાર લોપ અને) णि લોપનો સ્થાનિવદ્ભાવ નહીં[2] થતો હોવાથી झल् પરમાં રહેતાં કુત્વ અને ષત્વ સિદ્ધ રહે છે.

नाग्लोपिशास्वृदिताम् । 7–4–2 સૂત્ર ઉપરના ભાષ્યમાં આ પરિભાષાર્થ જ્ઞાપિત છે. જેમકે, ત્યાં ભાષ્યમાં કહ્યું છે:" अममालत् ।[3] વગેરે રૂપોમાં અજાદેશનો સ્થાનિવદ્ભાવ થતો હોવાથી જ चङ् પરક णि પરમાં રહેતાં હ્રસ્વ થશે નહીં; તેવી અવસ્થામાં 'अग् લોપિઓને' એવા પ્રતિષેધથી શું પ્રયોજન હતું ?" ત્યારે

---

૧. पाचयतेः पाक्तिः । याजयतेः याष्टिः ।

૨. મૂળ છપાયેલો પાઠ આ પ્રમાણે છે : णिलोपस्य स्थानिवत्त्वाद्... । પરંતુ ભાષ્ય–સન્દર્ભ જોતાં તથા સીરદેવાદિના વ્યાખ્યાનમાં स्थानिवत्त्वाभावात् એવું નિષેધપરક વિધાન છે. વળી, 'પરિભાષાસંગ્રહ'માં મુદ્રણદોષના શુદ્ધિ-પત્રકમાં પણ अस्थानिवत्त्वात् એમ દર્શાવ્યું છે. આથી નિષેધ પરક અર્થ કર્યો છે.

૩. मालामाख्यत् इति अममालत् ।

કહ્યું: "જ્યાં સ્થાનિવદ્ભાવ થતો નથી જેમકે, अत्यरराजत् । રૂપમાં;[૪] તેને માટે તે પ્રતિષેધ હશે. અહીં ટિ લોપ તે અજાદેશ નથી; પરંતુ હલ્ અને અચ્ (અન્) બન્નેના સ્થાને થયેલો આદેશ છે. "અને ત્યાં ફરીથી કહ્યું છે:" તો પછી, ત્યાં 'अग्लोपिनाम् न' તેવો પ્રતિષેધ પણ લાગશે નહીં. કારણ કે અહીં अग् નો લોપ જ નથી." તો કોનો લોપ થયો છે? "બીજા (हल्) નો પણ લોપ થયો છે."

ત્યારે જે અહીં (अन् એવા સમુદાયમાં) अग् નો લોપ થયો છે તેને આશ્રયે રહીને નિષેધ છે, તેમ કહો. તો પછી જે અહીં (अन् માં) अच् નો (પણ) લોપ[૫] થાય છે, તેને આશ્રયે સ્થાનિવદ્ભાવ થશે[૬] તેવું કહીને ચર્ચાનો ઉપસંહાર કર્યો છે.

આ પ્રમાણે જ્યારે (હ્રસ્વનો અભાવ) સિદ્ધ હતો ત્યારે જે 'अग्लोपिनाम्' 'તેવો પ્રતિષેધ કર્યો છે, તેનાથી આચાર્ય જ્ઞાપિત કરે છે કે અહીંથી માંડીને ઉત્તરત્ર સ્થાનિવદ્ભાવ થતો નથી. આવું જ્ઞાપન કરવાથી "पूर्वत्रासिद्धीये न स्थानिवत् ।" તે ઉપપન્ન થાય છે.

न पदान्तद्विर्वचन० । 1-1-58 સૂત્રમાં 'દ્વિર્વચન'નું ગ્રહણ કર્યું છે. તેના ઉપરથી જ્ઞાપિત થાય છે કે આ પરિભાષા અનિત્ય છે. પરિણામે वेतस्वान् । રૂપમાં अ કાર લોપનો સ્થાનિવદ્ભાવ થવાથી પદ સ કારાન્ત બનતું નથી, અને એ રીતે રુત્વ નો અભાવ રહે છે. भाव्यर्थम् वाय्वर्थम् અહીં યણાદેશ નો સ્થાનિવદ્ભાવ થવાથી लोपो व्योर्वलि । 6-1-66 થી (य કારનો અને વ કારનો) લોપ થતો નથી. તથા प्राहिणोति । प्रमिणीते । રૂપોમાં ગુણ અને ઇત્વ નો સ્થાનિવદ્ભાવ થવાથી हिनु मीना । 8-4-15 સૂત્રથી ણત્વ થાય છે.

---

૪. राजानं अत्यक्रमीत इति अत्यरराजत् ।

૫. મૂળમાં योऽत्राग्लुप्यते..... । એમ છે, તેને બદલે योऽत्राच् लुप्यते તેમ હોવું જોઈએ.

૬. તથા स्थानिवद्भावो न भविष्यति । ને બદલે स्थानिवद्भावो भविष्यति । એમ હોવું જોઈએ. ભાષ્યચર્ચાને અનુસરીને આ સુધારેલો પાઠ અનુવાદમાં સ્વીકાર્યો છે. વાસ્તવમાં અહીં મુદ્રણદોષ જ હશે. (છતાંય તે 'પરિભાષા-સંગ્રહ'ના શુદ્ધિપત્રકમાં દર્શાવ્યો નથી). કેમકે જો પુરુષોત્તમદેવે ભૂલ કરી હોય તો સીરદેવે તેનો ઉલ્લેખ કર્યો હોય.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા નથી.

સીરદેવ : (૯૨)

પુરુષોત્તમદેવને અનુસરીને આ પરિભાષાની સમજૂતી રજૂ કરવા ઉપરાંત સીરદેવે અહીં એક મહત્ત્વના મતાન્તરની નોંધ લીધી છે. જેમકે, नाग्लोपिशास्वृदिताम् । 7–4–2 સૂત્ર ઉપરથી વૃત્તિમાં રક્ષિતે કહ્યું છે કે (પૂર્વત્રાસિદ્ધાધિકારીય કાર્ય કર્તવ્ય રહે ત્યારે) હલ્ અને અચ્ બન્નેને સ્થાને થયેલો આદેશ સ્થાનિવત્ થતો નથી.

આ પરિભાષાના અનિત્યત્વની ચર્ચા કરવામાં સીરદેવે વિષયાન્તર કર્યું છે; જેનાથી આ પરિભાષાનું વ્યાખ્યાન દૂરાકૃષ્ટ બની ગયું છે. (કુટાદિ માં અ કારનો સ્થાનિવદ્ભાવ થવાથી ટ કારના અપદાન્તત્વથી જશ્ત્વ નો અભાવ રહે છે. તેવી વ્યવસ્થા સૂચવવા આ પરિભાષાનું અનિત્યત્વ કહેવામાં આવ્યું છે. આ સન્દર્ભમાં રક્ષિતે જે સુદીર્ઘ ચર્ચા કરી છે, તેને સીરદેવે અહીં જોડી છે. તેથી આ ચર્ચા દૂરાકૃષ્ટ બની છે.)

નીલકંઠ : (૧૨૮)

તેમણે આ પરિભાષાનું વિગતે વ્યાખ્યાન કર્યું નથી. કેવળ બે મુદ્દાની નોંધ લીધી છે. (૧) न पदान्त० । 1–1–58 સૂત્રભાષ્યમાં આ વાર્તિક છે અને (૨) पूर्वत्रासिद्धम् । 8–2–1 સૂત્રવિહિત ત્રિપાદીના અસિદ્ધત્વથી આ પરિભાષાર્થ સિદ્ધ રહે છે. અર્થાત્ આને જ્ઞાપકસિદ્ધ માનતા નથી.

હરિભાસ્કર : (૯૫)

આ પરિભાષાની સમજૂતીમાં પૂર્વેના ટીકાકારોએ રજૂ કરેલી વિગતોમાં 'પરિભાષાભાસ્કર'થી કોઈ વિશેષ નોંધનીય પ્રગતિ થઈ નથી.

નાગેશ : (–)

આ પરિભાષા 'પરિભાષેન્દુશેખર'માં રજૂ થઈ નથી.

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે રજૂ કરેલું વ્યાખ્યાન ભાષ્યાનુસારી હોઈ સીરદેવાદિને વિશેષ કાંઈ કહેવાનું નથી. નીલકંઠે રજૂ કરેલો આ પરિભાષાનો ન્યાયસિદ્ધાર્થાનુવાદ નોંધનીય છે.

निमित्तापाये नैमित्तिकस्याप्यपायः ॥ ११३ ॥

(નિમિત્તનો નાશ થતાં નૈમિત્તિકનો પણ નાશ થાય છે.)

હેતુનો વિનાશ થતાં તેના (નિમિત્તે થયેલા) કાર્યનો પણ વિનાશ થાય છે. નિમિત્ત વડે તૈયાર થયેલું જે હોય તેને 'નૈમિત્તિક' કહે છે. અહીં વુઞ્ છણ્ કઠ૦ । 4-2-80 સૂત્રથી, (નિમિત્ત શબ્દ) કુમુદાદિ ગણનો હોવાથી ઠક્ પ્રત્યય થયો છે.

આ પરિભાષા વડે राजागमनमाचष्टे राजानमागमयति । એ ઉદાહરણમાં 'आख्यानात् कृदन्ताद् णिचि कृल्लुक् । 3-1-26 वा० 6 થી કૃત્ પ્રત્યયની નિવૃત્તિ થતાં તેના નિમિત્તે આવેલ ષષ્ઠીસમાસની નિવૃત્તિ થાય છે. તથા વિભક્તિના નિમિત્તે આવેલું પદત્વ (પણ) નિવૃત્ત થાય છે. ત્યાર પછી તેના નિમિત્તે થયેલ ન લોપનો અભાવ થવાથી 'प्रकृतिवच्च कारकम् । 3-1-26 वा० - ६ વડે પ્રકૃતિવત્ કારકનો અતિદેશ થાય છે. પરિણામે નકારાન્ત राजन् શબ્દથી જ દ્વિતીયા વિભક્તિ થાય છે.

उदः स्थास्तम्भोः पूर्वस्य । 8-4-61 જેવાં સૂત્રોમાં ષ કારની નિવૃત્તિ થતાં તેના નિમિત્તે રહેલ ઠ કારનું થ કારોચ્ચારણ કર્યું છે તે; નિર્દેશ અહીં જ્ઞાપક છે.

(પ્રકૃત પરિભાષાના પાઠમાં) अपि શબ્દ મૂક્યો હોવાથી ક્વચિત્ કારણનો વિનાશ થતાં કાર્યનો વિનાશ નથી થતો. જેમકે, तदस्यास्त्यस्मिन्निति मतुप् । 5-2-94 સૂત્રથી વર્તમાનકાલની વિવક્ષામાં मतुप् નું વિધાન કરવામાં આવ્યું છે. पुत्रवान् भविष्यति । એ ઉદાહરણમાં ભવિષ્યકાલની વિવક્ષા છે અને વર્તમાનકાલની વિવક્ષા નિવૃત્ત થઈ છે તો પણ मतुप् ની નિવૃત્તિ થઈ નથી. માટે કહ્યું છેઃ એક વાર પ્રવૃત્ત થયેલું સૂત્ર સો વચન થકી પણ નિવૃત્ત થતું નથી.

લોકમાં કહેવાય છે કે જપાકુસુમનું સાંનિધ્ય હોય ત્યારે સ્ફટિકમાં રાગ હોય છે; પણ તે સાંનિધ્ય નિવૃત્ત થતાં રાગ પણ નિવૃત્ત થાય છે જ.

વ્યાડિ : (૪૦)

'પરિભાષાસૂચન'માં પ્રકૃત પરિભાષાના પાઠમાં 'अपाय' ને સ્થાને અભાવ શબ્દ વાપર્યો છે; પરંતુ તાત્પર્યાર્થમાં ફરક પડતો નથી. પ્રારંભે આ પરિભાષાને લોકન્યાયથી સિદ્ધ થતી નિર્દેશી છે. જેમકે, છત્રના નિમિત્તે ઉત્પન્ન થયેલી છાયા, છત્રનો વિનાશ થતાં રહેતી નથી. ત્યાર પછી શાસ્ત્રીય જ્ઞાપકનો નિર્દેશ કરતાં જણાવ્યું કે સૂત્રોમાં सनोति વગેરે ક્રિયાપદની સાથે स्तौति । નો ઉલ્લેખ છે; તે અહીં જ્ઞાપક છે. જેમકે, અહીં ઉપદેશાવસ્થામાં ષ્ટુ એવો શબ્દ પઠિત છે. તેને

धात्वादेः षः सः । 6-1-64 સૂત્રથી સ કાર થતાં, ષત્વનિમિત્તક ષ્ટુત્વ ની પણ નિવૃત્તિ થઈ છે.

पपुषः । तस्थुषः । જેવાં ઉદાહરણોમાં વલાદિ નિમિત્તક ઇડ્ આગમનો (વલાદિત્વ ના અભાવમાં) અભાવ રહે છે; તે આ પરિભાષાનું પ્રયોજન છે.

સીરદેવ : (૯૯)

તેમણે પુરુષોત્તમદેવની ચર્ચાને અનુસરીને આ પરિભાષાની વિશદ ચર્ચા કરવાનો પ્રયત્ન કર્યો છે. પુરુષોત્તમદેવે આ પરિભાષાના પાઠમાં રહેલા 'अपि' શબ્દથી પ્રકૃતાર્થનું અનિત્યત્વ જ્ઞાપિત કર્યું છે. આ માટે સીરદેવે જે લૌકિક ન્યાયથી ઉક્તાર્થની સિદ્ધિ થાય છે; તેને 'સવ્યભિચાર' જાહેર કર્યો છે. જેમકે, જપાકુસુમનું સાંનિધ્ય હોય ત્યારે સ્ફટિકમાં રાગ જન્મે છે પણ સાંનિધ્યની નિવૃત્તિ થતાં તે રાગ નિવૃત્ત થાય છે. પરંતુ તક્ષકના અભાવમાં પ્રાસાદ નષ્ટ થતો નથી પણ ટકી રહે છે. આમ, આ પરિભાષાને અનિત્યત્વનું બોધન થાય છે. પરિણામે अस्य अपत्यं इः । તે ઉદાહરણમાં यस्येति च । 6-4-148 વડે પ્રકૃતિનો (અ નો) નાશ થવા છતાંય પ્રત્યય નિવૃત્ત થતો નથી.

નીલકંઠ : (૬૪)

આ પરિભાષાને શાસ્ત્રીયન્યાયથી સિદ્ધ કરી બતાવી છે. જેમકે, ન્યાયશાસ્ત્રમાં —અપેક્ષા બુદ્ધિનો વિનાશ થતાં દ્વિત્વ નાશ થાય છે તથા વેદાન્તશાસ્ત્રમાં– પ્રારબ્ધનો નાશ થવાથી વિક્ષેપનો નાશ થાય છે. તેમણે વિશેષમાં એક સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે આ પરિભાષા अकृतव्यूहाः पाणिनीयाः । પરિભાષાનો જ પ્રપંચ છે.

હરિભાસ્કર : (૧૦૧)

તેમણે પુરુષોત્તમદેવ, સીરદેવ અને નીલકંઠમાંથી વિગતો લઈને પ્રકૃત પરિભાષાનું વ્યાખ્યાન રજૂ કર્યું છે. વિશેષમાં તેમણે च्छ्वोः शूडनुनासिके च । 6-4-19 સૂત્રમાં तुक् ગ્રહણથી પ્રકૃત પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત કર્યું છે. અને તેના અનુસંધાનમાં અલંકારશાસ્ત્રનું એક રસપ્રદ દૃષ્ટાંત નોંધ્યું છે. જેમકે, 'વિભાવ, અનુભાવ અને વ્યભિચારિ ભાવોના સંયોગથી રસની નિષ્પત્તિ થાય છે.' તેવું ભરતસૂત્ર છે. અહીં વિભાવાદિ નિમિત્તકારણ હોવા છતાંય તેમનો નાશ થતાં રસનો નાશ થતો નથી.

નાગેશ : (—)

अकृतव्यूहाः । પરિભાષાની અન્તર્ગત આ પરિભાષા આવેલી હોવાથી નાગેશને આ સ્વીકાર્ય ન હોય. અને વાસ્તવમાં પણ આ પરિભાષાનો 'પરિભાષેન્દુ શેખર'માં સ્વીકાર કરવામાં આવ્યો નથી.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'થી પ્રચલિત થયેલી આ પરિભાષાને હરિભાસ્કર સુધી સૌ પરિભાષાવૃત્તિકારે સ્વીકારી છે. અને તેના સમર્થનમાં વિવિધ પ્રમાણો આપ્યાં છે. પરંતુ ભાષ્યમાં આ પરિભાષાનો ઉપન્યાસ નહીં હોવાથી નાગેશે સ્વીકારી નથી.

प्रकृतिवदनुकरणं भवति ॥ ११४ ॥

(અનુકરણ પ્રકૃતિવદ્ થાય છે.)

આથી કોઈક કહે છેઃ 'द्विवः पठति ।' તેનું બીજો કોઈક અનુકરણ કરે છે. જેમકે, द्विवः पठति इति । અહીં (અનુકરણવાળા વાકયમાં) પ્રકૃતિવદ્ભાવ થાય છે. તેને કારણે પદત્વ સિદ્ધ રહેતાં तिङ्ङतिङः । 8-1-28 થી નિઘાત થાય છે. અન્યથા એકપદત્વમાં (અર્થાત્ તિઙન્ત વગરના વાકયમાં) તે નિઘાત ન થયો હોત.

परिव्यवेभ्यः क्रियः । 1-3-18 વગેરે સૂત્રોમાં क्री વગેરે ધાતુઓના અનુકરણ શબ્દથી પરમાં વિભક્તિ-પ્રત્યયની ઉત્પત્તિ થાય તે માટે પ્રાતિપદિકત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે; છતાં પણ ધાતુત્વને આશ્રયે इयङ્ આદેશ કર્યો છે તે આ પરિભાષામાં જ્ઞાપક છે. અહીં પ્રકૃતિવદ્ભાવ થતો હોવાથી अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । 1-2-45 સૂત્રોક્ત अधातुः એવો પ્રાતિપદિક સંજ્ઞાનો નિષેધ લાગે છે એવી શંકા ન કરવી જોઈએ. કારણ કે अधातुः એવા પદથી धातुः न भवति । એ અર્થમાં પ્રસજ્યતિષેધ કર્યો નથી. પરંતુ धातोरन्यत् प्रातिपदिकम् । એ અર્થમાં પર્યુદાસ કર્યો છે.[1] (એટલે કે) क्री વગેરે શબ્દો અનુકરણમાં ધાતુઓ નથી પણ પ્રકૃતિવદ્ભાવ થવાથી ધાતુઓ છે. આમ, તેમનામાં ધાતુત્વ અને અધાતુત્વ બન્ને હોવાથી તેઓ ધાતુથી ભિન્ન બને છે.

ન્યાસકારે વર્ણવ્યું છેઃ क्षियो दीर्घात् । 8-2-46 એ સૂત્રમાં क्षियः

---

૧. પ્રસજ્ય અને પર્યુદાસ નિષેધની સમજૂતી માટે જુઓ नञिवयुक्तम्० । પરિભાષા ઉપર હરિભાસ્કરનું વ્યાખ્યાન.

એવા નિર્દેશમાં अघातुः એ પદને પર્યુદાસ માનીને (ધાતુ–આશ્રિત)[2] પ્રાતિપદિક સંજ્ઞા થશે. પરંતુ વિપરાભ્યાં જેઃ । 1–3–91 વગેરેમાં પ્રકૃતિવદ્ભાવથી ઇયઙ્ ની પ્રાપ્તિ થાય છે, તેનો સૌત્રત્વને[3] આધારે પરિહાર કરવો જોઈએ.

વ્યાડિ : (૮૬)

'પરિભાષાસૂચન'માં क्षियो दीर्घात् । 8–2–46 સૂત્રસ્થ દીર્ઘ ગ્રહણને પ્રકૃતાર્થમાં જ્ઞાપક નિર્દેશ્યું છે. તથા द्विवः पचतु इति । એવા વાક્યમાં નિઘાત ષ્ટ્ય, તે આ પરિભાષાનું પ્રયોજન છે એમ જણાવ્યું છે.

સીરદેવ : (૧૮)

તેમણે પ્રારંભે પુરુષોત્તમદેવની ચર્ચાનો સ્વીકાર કર્યો છે. પરંતુ विपराभ्यां जेः । 1–2–19 સૂત્રમાં इयङ् આદેશ નથી કરવામાં આવ્યો, તેનું સમાધાન આ પ્રમાણે વર્ણવ્યું છે: જો આવી પરિભાષા હોય તો विपराभ्यां जेः । 1–2–19 સૂત્રમાં ઇયઙ્ આદેશ વિનાનો જેઃ એવો નિર્દેશ શા માટે કરવામાં આવ્યો છે? અહીં પરત્વને કારણે घेर्ङिति । 7–3–111 સૂત્રવિહિત ગુણથી તેનો બાધ થાય છે, એમ નહીં કહી શકાય. કારણ કે રક્ષિતે જણાવ્યું છે કે क्षियः । 8–2–46 એવો નિર્દેશ હોવાથી પર એવા ગુણનો પણ બાધ કરીને પૂર્વવિપ્રતિષેધથી ઇયઙ્ જ થાય છે. વળી, આ રક્ષિત–વ્યાખ્યાન સ્વીકારવાથી જ क्षियो दीर्घात् । 8–2–46 સૂત્રસ્થ દીર્ઘ ગ્રહણ ઉપપન્ન થાય છે. અન્યથા, क्षियः० । 8–2–46 એવો ઇયઙ્ આદેશ વડે નિર્દેશ કર્યો છે તેનાથી દીર્ઘની સિદ્ધિ થવાની છે, એવી સ્થિતિમાં 'દીર્ઘ' ગ્રહણ વ્યર્થ જશે.

આ પૂર્વપક્ષનું સમાધાન કરતાં સીરદેવ જણાવે છે કે અનુકરણ બે પ્રકારનું હોય છે: (૧) સાર્થક શબ્દનું અને (૨) નિરર્થક શબ્દનું. હવે क्रियः । 1–3–18 વગેરે સૂત્રોમાં, જેને ધાતુ–વ્યપદેશ પ્રાપ્ત થયો છે તેવા સાર્થક क्रीति નું અનુકરણ છે. ત્યાં ઇયઙ્ એવું ધાતુકાર્ય વિદ્યમાન હોવાથી અનુકરણમાં પણ તે થાય છે. પરંતુ विपराभ्यां जेः 1–3–19 સૂત્રમાં નિરર્થક વર્ણસમુદાય માત્રનું અનુકરણ છે. ત્યાં ક્રિયા રૂપ અર્થનો અભાવ હોવાથી ધાતુસંજ્ઞા જ થતી નથી. આ

---

૨. કૌંસમાં મૂકેલો આ અંશ P હસ્તપ્રતમાં મળતો નથી. તે સન્દર્ભ જોતાં ઉચિત જણાય છે.

૩. छन्दोवत् सूत्राणि भवन्ति । એવા વચનથી ભાષ્યકારે સૂચવ્યું છે કે પાણિનિનાં સૂત્રો વેદની જેમ રચવામાં આવ્યાં છે. અર્થાત્ તેમાં ક્યારેક વ્યાકરણના નિયમોની અનિયમितતા પણ જોવા મળે છે.

પ્રમાણે, અનુકાર્યમાં જ ધાતુસંજ્ઞાનો અભાવ હોવાથી ઇયઙ્ આદેશ થતો નથી, તેવી સ્થિતિમાં તેના અનુકરણમાં ઇયઙ્ આદેશ થવાની ક્યાં વાત રહી ?

આમ, કેટલાંક સૂત્રોમાં ઇયઙ્ આદેશ કર્યો છે અને કેટલાંકમાં નથી કર્યો. તેનાથી 'દ્વિવિધ અનુકરણ છે' એમ સમજાય છે. માટે જ કહેવામાં આવ્યું છે કે સાર્થક શબ્દના અનુકરણમાં (જ) પ્રકૃતિવદ્ અનુકરણ થાય છે.

"જેઃ એવા નિર્દેશમાં નિરર્થકનું અનુકરણ છે." એમ કહ્યું છે. તેથી એવી શંકા થાય કે તો પછી જયતિ । માંના 'જી' ધાતુને કેવી રીતે આત્મનેપદ કહેવામાં આવે છે. એના જવાબમાં સીરદેવે જણાવ્યું છે કે સામાન્ય પણ વિશેષનું ગ્રહણ કરાવનાર હોય છે. તેથી ધાતુત્વનું પણ પ્રતિપાદન થઈ શકે છે.

પરંતુ અહીં એક બીજી પણ શંકા થાય છે : અનુકરણ નિરર્થક હશે તો તેને પ્રાતિપદિકસંજ્ઞા પ્રાપ્ત થશે નહીં. અનુકાર્ય એ જ અનુકરણનો અર્થ, એમ પણ નહીં કહી શકાય. કારણ કે અનુકાર્ય અને અનુકરણ એ બેમાં કશો ભેદ હોતો નથી. વળી, જો ભેદ હોય તો તે બેની વચ્ચે વાચ્ય–વાચકભાવનો સંબંધ બંધાઈ શકે. અર્થાત્ જો કોઈ ભેદ હોય તો અનુકાર્ય એ વાચ્ય બનશે અને અનુકરણ તેનો વાચક બનશે. પરંતુ અનુકરણ શબ્દનો અનુકાર્યશબ્દથી કોઈ ભેદ હોય તેમ જણાતું નથી. જો એમ માનશો કે તે બે વચ્ચે બુદ્ધિગત ભેદ હોય છે તો પણ વાચ્ય એવું અનુકાર્ય શબ્દાત્મક (વર્ણોનો સમુદાયમાત્ર) હોવાથી વાચક એવા અનુકરણને તદભિધેયત્વ પ્રાપ્ત થતું નથી. અર્થાત્ શબ્દથી અર્થ વાચ્ય હોય પણ શબ્દથી શબ્દ વાચ્ય ન હોય. એટલે અનુકરણશબ્દ (શબ્દાત્મક) અનુકાર્યનો વાચક છે એમ નહીં કહી શકાય. કારણ કે અનુકરણ જેનો વાચક છે તે અનુકાર્ય પણ શબ્દાત્મક છે; અર્થ–સ્વરૂપ નથી. આમ, અનુકરણ અનુકાર્યનો વાચક નથી અને અનુકાર્ય તે વાચ્ય નથી. "શબ્દનું શબ્દાન્તર વાચ્ય હોતું નથી, પણ અર્થ જ વાચ્ય હોય છે." એવો સિદ્ધાન્ત પણ છે.

ઉપર્યુક્ત ચર્ચાથી પૂર્વપક્ષીએ નિર્દેશ્યું છે કે અનુકાર્ય એ જ અનુકરણનો વાચ્યાર્થ છે એમ નહીં કહી શકાય. અને પરિણામે અનુકરણ નિરર્થક સાબિત થતાં તેને પ્રાતિપદિક સંજ્ઞા પ્રાપ્ત થશે નહીં. પરંતુ આ પૂર્વપક્ષી સાચો નથી. કારણ કે શબ્દનો શબ્દ પણ વાચ્ય હોય છે, એમ જોવા મળે છે. જેમકે, 'ધાતુ' શબ્દથી ભૂવાદિ શબ્દો વાચ્ય છે. આ યોગ્ય જ છે. કેમકે આચાર્યે જ ભૂવાદયો ધાતવઃ । 1–3–9 સૂત્ર રચીને ભૂવાદિ ની ધાતુસંજ્ઞા કરી છે. આથી સિદ્ધ થાય છે કે અનુકરણ પણ અનુકાર્યનો વાચક બને તે યુક્તિસંગત છે. આપણે જોયું તેમ

આચાર્યે પણ આવો વ્યવહાર કર્યો છે અને વાચ્ય-વાચકભાવ નક્કી કરવામાં વ્યવહાર જ કારણભૂત બને છે. આ રીતે અનુકરણનો વાચ્યાર્થ અનુકાર્ય છે, એમ સાબિત થતાં 'અનુકરણ નિરર્થક છે' એમ કહી શકાશે નહીં.

આના અનુસંધાનમાં ફરીથી પૂર્વપક્ષી જણાવે છે કે અનુકરણને અર્થવાન સિદ્ધ કર્યા છતાંય અનુકરણને વિભક્તિ-પ્રત્યય લાગશે નહીં. કારણ કે વિભક્તિ પ્રત્યયનું સંખ્યા અર્થમાં વિધાન કરવામાં આવે છે. દ્રવ્યમાં સમવાય સંબંધે રહેનારી સંખ્યા અનુકાર્ય શબ્દમાં રહી શકે નહીં. કારણ કે અનુકાર્ય શબ્દાત્મક હોવાથી તેને દ્રવ્ય કહી શકાશે નહીં. અનુકાર્ય એ શબ્દરૂપ છે, એટલે તે આકાશનો ગુણ છે. અને સંખ્યા પણ એક ગુણ જ છે. હવે "ગુણો નિર્ગુણ હોય છે"[૪] એવો સિદ્ધાન્ત છે. તેથી શબ્દગુણમાં સંખ્યાગુણ રહી શકે નહીં. આ રીતે અનુકરણ અર્થવાન હોય તો પણ તેને વિભક્તિપ્રત્યય પ્રાપ્ત થશે નહીં.

આ પૂર્વપક્ષનો પરિહાર કરતાં સીરદેવ જણાવે છે કે શબ્દ એ ગુણ હોવા છતાંય "શબ્દનું આ તે છે" એવાં વાક્યોમાં આપણે જોઈએ છીએ કે इदम्, तद् ઇત્યાદિ સર્વનામવાચક શબ્દોથી શબ્દ નો પરામર્શ થઈ શકે છે. તેથી તેનું દ્રવ્યત્વ પણ ઇષ્ટ છે. આ રીતે અનુકરણને વિભક્તિ-પ્રત્યય પ્રાપ્ત થઈ શકે છે, એમ સિદ્ધ થાય છે.

નીલકંઠ : (૨૩)

તેમણે આ પરિભાષાની ચર્ચા કરતાં જણાવ્યું છે કે भू सत्तायाम् । એવા નિર્દેશમાં વિભક્તિપ્રત્યય જોવા મળતો નથી, તે અહીં જ્ઞાપક છે. તથા यत्तदेतेभ्यः० 5-2-39 સૂત્ર પણ જ્ઞાપક છે. પરંતુ આ સૂત્રમાં એકશેષ કર્યો નથી, તેથી આ પરિભાષા અનિત્ય છે એમ પણ સૂચવાય છે. વિશેષમાં, આનું સમર્થન કરતાં નીલકંઠે જણાવે છે કે क्षियो दीर्घात् । 8-2-46 સૂત્ર ઉપરના ભાષ્યમાં "પ્રકૃતિવદ્ અનુકરણ થાય છે." એ નિયમનું આશ્રયણ કરવાથી क्षियः । એવા પદમાં સ્વાદિ પ્રત્યયની ઉત્પત્તિ ન થવી જોઈએ એવો આક્ષેપ કર્યો છે. કારણ કે अधातुः એવો નિષેધ લાગવાથી પ્રાતિપદિકસંજ્ઞાનો અભાવ રહે છે. નીલકંઠે આ ચર્ચાને આગળ વધારી નથી.

હરિભાસ્કર : (૧૮)

તેમણે સીરદેવના વ્યાખ્યાનની સાથે સમ્મતિ દર્શાવી નથી. તેમના મતે આ

---

૪. (એક) ગુણમાં (બીજા) ગુણ રહેતો નથી; ગુણ હંમેશાં દ્રવ્યમાં જ રહે છે.

પરિભાષાથી રજૂ થતો અતિદેશ વૈકલ્પિક છે. તેથી વિપરાભ્યાં જેઃ । 1-3-19 જેવાં સૂત્રોમાં ઇયઙ્ આદેય થતો નથી. પરંતુ સીરદેવે જણાવ્યું છે કે જેઃ । વગેરેમાં નિરર્થકનું અનુકરણ છે, તે ચિન્ત્ય છે.

નાગેશ : (૩૬)

તેમણે સંક્ષેપમાં આ પરિભાષાની ચર્ચા કરી છે. જેમકે, ક્ષિયો દીર્ઘાત્ । 8-2-46 સૂત્રસ્થ ઇયઙ્ આવેશ અહીં જ્ઞાપક છે. તથા તે જ ક્ષિયઃ શબ્દમાં પ્રાતિપદિકત્વ પ્રયુક્ત વિભક્તિ-ઉત્પત્તિથી આ પરિભાષાનું અનિત્યત્વ પણ જ્ઞાપિત થાય છે. નાગેશે આ પરિભાષા વિશે બીજી કોઈ ચર્ચા કરી નથી. કેવળ, આ પરિભાષાને શાસ્ત્રત્વસંપાદક પ્રથમ પ્રકરણમાં મૂકી તેનું મહત્ત્વ સ્વીકાર્યું છે.

ઉપસંહાર :

સૌ પ્રથમ 'પરિભાષાસૂચનકારે આ પરિભાષાને ક્ષિયો દીર્ઘાત્ । 8-2-46 સૂત્રસ્થ 'દીર્ઘ' ગ્રહણથી જ્ઞાપિત કરી છે. પરંતુ પુરુષોત્તમદેવે ભાષ્યને અનુસરીને ક્ષિયઃ નિર્દેશથી જ્ઞાપિત થતી માની છે.

આ પરિભાષા વિષે સીરદેવે રજૂ કરેલી ચર્ચા અત્યંત નોંધપાત્ર છે. જો કે હરિભાસ્કરે તેને ચિન્ત્ય કહી છે. તથાપિ અનુકરણને સાથર્ક કે નિરર્થક ગણવું તથા એવા અનુકરણથી વિભક્તિની ઉત્પતિ કરવી કે નહીં; તેની સૂક્ષ્મ ચર્ચા સીરદેવે કરી છે. આ ચર્ચા સીરદેવની વિદ્વત્તા અને સૂક્ષ્મદૃષ્ટિની પરિચાયક છે. કાશીની વૈયાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિકારોએ આવી કોઈ ઊંડી ચર્ચામાં ઉતર્યા વિના પ્રકૃત પરિભાષાને અનિત્ય માની લીધી છે.

क्वचिदपवादविषयेऽपि उत्सर्गोऽभिनिविशते ॥ ११५ ॥

(ક્વચિદ્ અપવાદશાસ્ત્રના વિષયમાં પણ ઉત્સર્ગશાસ્ત્રની પ્રવૃત્તિ થાય છે.)

આથી 'प्रदीयतां दाशरथाय मैथिली ।' એ ઉદાહરણમાં अत् इञ् । 4-1-95 સૂત્રોક્ત (અપવાદના) વિષયમાં પ્રાગ્દીવ્યતોઽણ્ । 4-1-83 સૂત્રવિહિત अण् સિદ્ધ રહે છે.

આ વચન યુક્તિસિદ્ધ જ છે : ઉત્સર્ગલક્ષણ એટલે સામાન્યશાસ્ત્ર. સામાન્ય-શાસ્ત્રની સર્વ વિષયમાં પ્રવૃત્તિ અપ્રતિહત હોય છે.

कटं कारको व्रजति । એ ઉદાહરણમાં દ્વિતીયા વિભક્તિનું વિધાન થાય તે માટે अकेनोर्भविष्यदाधमर्ण्ययोः । 2-3-70 સૂત્રથી ષષ્ઠી વિભક્તિનો નિષેધ

કરવામાં આવ્યો છે; તે પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક છે. ભવિષ્યત્-અર્થમાં अण् कर्मणि च । 3-3-12 સૂત્રોક્ત અપવાદના વિષયમાં ण्वुल् ની[1] પ્રવૃત્તિ થાય ત્યારે જ ઉપર્યુક્ત ષષ્ઠી નિષેધ ઉપપન્ન થાય છે, અન્યથા નહીં.

(પરિભાષાના પાઠમાં) 'ક્વચિત્'નું ગ્રહણ કર્યું છે, તેનાથી 'અપવાદ વિષયને છોડીને ઉત્સર્ગશાસ્ત્રની પ્રવૃત્તિ થાય છે.' તેવી વ્યવસ્થા સૂચવાય છે. પરિણામે निन्यतुः । निन्युः । વગેરે રૂપોમાં પૂર્વે જેનું નિમિત્ત ઉત્પન્ન થયું છે; તેવા इयङ् ની પણ—દ્વિર્વચન કર્યા પછી-પ્રવૃત્તિ થશે નહીં. અપવાદત્વને કારણે આ પરિભાષાથી[2] एरनेकाचोऽसंयोगपूर्वस्य । 6-4-82 સૂત્રવિહિત यण् પ્રવર્તે છે,

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (33)

તેમણે આ પરિભાષાનું પ્રયોજન વર્ણવતાં કહ્યું છે કે काञ्चनी वासयष्टिः । એ ઉદાહરણમાં પ્રસ્તુત પરિભાષા હોવાથી नित्यं वृद्धशरादिभ्यः । 4-3-144 સૂત્રવિહિત मयट् ના વિષયમાં अनुदात्तादेश्च । 4-3-140 સૂત્રથી अञ् થયો છે.

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલા પ્રયોજનની મતાન્તરથી સિદ્ધિ થાય છે. જેમકે, समर्थानां प्रथमाद्वा । 4-1-82 સૂત્રમાંથી वा ની અનુવૃત્તિ આવે છે. પરિણામે अत इञ् । 4-1-95 સૂત્રના અભાવ પક્ષમાં तस्यापत्यम् । 4-1-92 સૂત્રોક્ત अण् વડે दाशरथाय । સિદ્ધ રહે છે. પરંતુ સીરદેવે જણાવ્યું છે કે આ મતાન્તર અયોગ્ય છે. કારણ કે જ્યાં ઉત્સર્ગ અને અપવાદ પણ વિકલ્પે થતા હોય ત્યાં અપવાદથી વિનિર્મુક્ત વિષયમાં ઉત્સર્ગની પ્રવૃત્તિ થતી નથી. पीलायाः वा । 4-1-118 સૂત્રથી આ જ્ઞાપિત થયું છે.

પુરુષોત્તમદેવે રજૂ કરેલા જ્ઞાપકની વિસ્તારથી ચર્ચા કર્યા પછી સીરદેવે "'ક્વચિત્' એવા પદથી બધે જ અપવાદના વિષયમાં ઉત્સર્ગની પ્રવૃત્તિ થતી નથી." તે મુદ્દાને સમજાવ્યો છે. જેમકે, गत्यर्थकर्मणि द्वितीयाचतुर्थ्यौ चेष्टायामनध्वनि । 2-3-12 સૂત્રમાં 'દ્વિતીયા' ગ્રહણ કર્યું છે. તે પણ ઉક્તાર્થનું સમર્થન કરે છે. અન્યથા, चतुर्थी च । એટલું જ કહ્યું હોત.

---

૧. तुमुन्ण्वुलौ क्रियायां क्रियार्थायाम् । 3-3-10

૨. परिहृत्यापवादविषयमुत्सर्गोऽभिनिविशते ।—એવી પરિભાષા વડે.

અહીં 'परंतु गत्यर्थकर्मणि द्वितीयाचतुर्थ्यौ चेष्टायामनध्वनि । 2-3-12 સૂત્રનું ભાષ્યમાં પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે. તેથી તે 'ક્વચિત્' ગ્રહણથી પ્રાપ્ત અર્થનું સમર્થન કેવી રીતે કરી શકે?' તેની અતિવિસ્તારથી ચર્ચા કરી છે. જે દૂરાકૃષ્ટ ચર્ચાનો નિર્દેશ બની રહી છે.

નીલકંઠ : (૪૪)

તેમણે પુરુષોત્તમદેવથી જુદા પડીને પરિભાષાર્થ આ પ્રમાણે આપ્યો છે : અપવાદના વિષયમાં, અપવાદનો બીજા કોઈ સૂત્રથી નિષેધ થાય ત્યારે પણ ઉત્સર્ગની પ્રવૃત્તિ થાય છે. જેમકે, रामौ । આ ઉદાહરણમાં वृद्धिरेचि । 6-1-88 ના અપવાદભૂત प्रथमयोः पूर्वसवर्णः । 6-1-102 સૂત્રનો नादिचि । 6-1-104 વડે નિષેધ થાય છે, ત્યારે વૃદ્ધિ પ્રવૃત્ત થાય છે.

વિશેષમાં, નીલકંઠે જણાવ્યું છે કે तौ सत् । 3-2-127 સૂત્રસ્થ तौ નિર્દેશ અહીં જ્ઞાપક છે. इको गुणवृद्धी । 1-1-3 સૂત્રભાષ્યમાં આ પરિભાષાનું સ્પષ્ટીકરણ છે. અને दयतेर्दिगि लिटि । 7-4-9 સૂત્રવિહિત दिगि આદેશના વિષયમાં દ્વિત્વની પ્રવૃત્તિનો અભાવ રહે છે. આથી પરિભાષામાં 'ક્વચિદ્' પદનું ગ્રહણ કર્યું છે.

હરિભાસ્કર : (૩૩)

તેમણે પુરુષોત્તમદેવ અને સીરદેવે રજૂ કરેલી ચર્ચાનું પુનઃસમર્થન કરવાનો પ્રયત્ન કર્યો છે. કેટલાક વિપક્ષીઓએ दाशरथाय । અને काञ्चनी । ઉદાહરણોની तस्येदम् । 4-3-120 સૂત્રોક્ત अण् થી સિદ્ધિ દર્શાવી છે. તેઓના મતે પ્રકૃત પરિભાષા મન્દપ્રયોજના છે. અહીં હરિભાસ્કરે જણાવ્યું છે કે तस्येदम् । 4-3-120 સૂત્રોક્ત अण् થી दाशरथाय । ની સિદ્ધિ થાય છે, પરંતુ वृद्धाच्छः । 4-2-114 સૂત્રનો અપવાદ હોવાથી काञ्चनी । રૂપની સિદ્ધિ થતી નથી. વળી, મધ્વાચાર્યે જણાવ્યું છે કે प्राणिरजतादिभ्योऽञ् । 4-3-154 સૂત્રથી, रजत् હોવાને કારણે, काञ्चनम् । રૂપ થવું જોઈએ; તે પણ ઉચિત નથી. કારણ કે रजतादि ગણમાં काञ्चन નો પાઠ જ નથી. વિશેષમાં હરિભાસ્કરે નોંધ્યું છે કે शावरस्य तमसो निषिद्धये । જેવા મહાકવિઓના પ્રયોગોની સિદ્ધિ પણ પ્રકૃત પરિભાષા સ્વીકાર્યા વિના થતી નથી.

આ પરિભાષાનાં પ્રયોજનોનું ખંડન કરવાનો જેવી રીતે પ્રયત્ન થયો હતો તેમ જ્ઞાપક વિશે પણ પ્રયત્ન થયો હતો. પરંતુ હરિભાસ્કરે જણાવ્યું છે કે

ધાતુસમ્બન્ધે પ્રત્યયાઃ । 3-4-1 સૂત્રના બળથી ણ્વુલ્તૃચૌ । 3-1-133 સૂત્ર વડે ણ્વુલ્ની સિદ્ધિ હતી, તેવી સ્થિતિમાં તુમુન્ ણ્વુલૌ ક્રિયાયાં ક્રિયાર્થાયામ્ । 3-3-10 સૂત્રના વૈયર્થ્યનો પ્રસંગ આવે છે. માટે પ્રાચીનોએ વર્ણવેલું જ્ઞાપક અનવદ્ય છે.

ઉપર્યુક્ત ચર્ચા જોતાં એ ધ્યાન ઉપર આવ્યું હશે કે હરિભાસ્કરે નીલકંઠે રજૂ કરેલી ચર્ચા વિશે મૌન સેવ્યું છે. કેવળ પુરુષોત્તમદેવ અને સીરદેવની ચર્ચાનું સમર્થન કરવાનો પ્રયત્ન કર્યો છે.

નાગેશ : (૫૮)

તેમણે જણાવ્યું છે કે જ્યાં સામાન્યશાસ્ત્રની પ્રવૃત્તિ થઈ ગયા પછી વિશેષશાસ્ત્રની પણ પ્રવૃત્તિનો સંભવ હોય, તેવા સ્થળે વિશેષશાસ્ત્રને 'અપવાદ' કહેવામાં આવે છે. અને અહીં જ તક્રકૌણ્ડિન્ય-ન્યાય વાપરી શકાય છે. પરંતુ પ્રકૃત પરિભાષામાં વપરાયેલો 'અપવાદ' શબ્દ ઉપર્યુક્ત અર્થમાં નથી, કેવળ 'બાધક' એવા સામાન્ય અર્થમાં છે. આના સમર્થનમાં નાગેશે गुणो यङ्लुकोः । 7-4-82 સૂત્રભાષ્યની ચર્ચાને ઉલ્લેખી છે. જેમકે, ત્યાં કહ્યું છે કે अभ्यासविकारेष्वपवादा उत्सर्गान्न बाधन्ते । એવી પરિભાષાનું अजीगणत् । એ પ્રયોજન છે. આ પ્રયોજનમાં गण् ને ई च गणः । 7-4-97 સૂત્રથી પ્રાપ્ત જે ઈત્વ છે તે हलादिः शेषः । 7-4-60 સૂત્રનો અપવાદત્વને કારણે બાધ કરતું નથી, પણ અનવકાશત્વને કારણે બાધ કરે છે. (અહીં 'गण् રૂપ અભ્યાસના અન્ત્ય ण् કારને ઈત્વ થાય છે.' એ અર્થમાં જો પ્રથમ हलादिः शेषः । 7-4-60 ની પ્રથમ પ્રવૃત્તિ થાય તો ण् કારની નિવૃત્તિ થતાં ઈત્વ અનવકાશ છે અને જો ઈત્વ પ્રથમ કરવામાં આવે તો हलादिः शेषः । 7-4-60 સૂત્રની પ્રાપ્તિ નહીં થાય, કેમકે, અન્ત્ય हल् નો અભાવ છે.)[3] આ ઉપરાંત इको झल् । 1-2-9 સૂત્રભાષ્યમાં પણ આ મુદ્દો ધ્વનિત છે.

આ પ્રમાણે, જો પ્રકૃત પરિભાષાનો 'અપવાદ' શબ્દ 'બાધક' પરક હોય તો હવે એ જાણવું રસપ્રદ બની રહેશે કે આ પરિભાષા કેવા પ્રકારનું બાધકત્વ રજૂ કરે છે. નાગેશે આ સન્દર્ભમાં પ્રારંભે જ સ્પષ્ટ કર્યું છે કે કેટલાંક સ્થળોએ સર્વથા અનવકાશત્વના બળ ઉપર જ બાધકત્વ નિષ્પન્ન રહે છે.

---

૩. આ ઉદાહરણ પ્રકૃત પરિભાષાથી સિદ્ધ થતું નથી. પણ अभ्यासविकारेषु० પરિભાષાથી સિદ્ધ થાય છે. અહીં તો કેવળ આ ભાષ્યચર્ચામાં 'અપવાદ' શબ્દ બાધક એવા સામાન્ય અર્થમાં વપરાયો છે, એટલું જ નિર્દેશવું ઉદ્દિષ્ટ છે.

જ્યાં સામાન્યશાસ્ત્રની પ્રથમ પ્રવૃત્તિ થઈ ગયા પછી વિશેષશાસ્ત્રની અપ્રાપ્તિ[૪] રહેતી હોય ત્યાં અનવકાશત્વના બળ ઉપર, વિશેષશાસ્ત્ર સામાન્યશાસ્ત્રની પ્રથમ પ્રવૃત્તિ રોકે છે. અને બાધક એવા વિશેષશાસ્ત્રની પ્રવૃત્તિ થઈ ગયા પછી જો ઉત્સર્ગ એટલે કે સામાન્યશાસ્ત્રની પ્રાપ્તિ થતી હોય તો તે પણ પ્રવૃત્ત થાય છે. જેમકે, ङेराम्नद्याब्नीभ्यः । 7-3-116 સૂત્ર याडापः । 7-3-113 સૂત્રનું બાધક છે. અહીં याडापः । 7-3-113 સૂત્રની પ્રથમ પ્રવૃત્તિ કરશો તો, નિર્દિશ્યમાનના વ્યવધાનને કારણે ङेराम्नद्याब्नीभ्यः । 7-3-116 સૂત્રની પ્રાપ્તિ નહીં થાય. માટે ङेराम्नद्याब्नीभ्यः । 7-3-116 સૂત્રની પ્રથમ પ્રવૃત્તિ થઈ ગયા પછી याडापः । 7-3-113 થઈ શકે છે.

આ ચર્ચા ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે અહીં અનવકાશત્વના બળ ઉપર વિશેષશાસ્ત્ર બાધક બને છે. પરંતુ તે કેવળ પોતાની પ્રથમ પ્રવૃત્તિ કરાવવા પૂરતું જ. આ પ્રકારના બાધબીજને આ પરિભાષા રજૂ કરે છે. અહીં પરિભાષાર્થ આ પ્રમાણે થશે : 'વિશેષશાસ્ત્રની પ્રવૃત્તિ થઈ ગયા પછી, ક્વચિત્ એટલે કે જ્યાં સામાન્યશાસ્ત્રની પ્રવૃત્તિનું નિમિત્ત નષ્ટ ન થયું હોય ત્યાં, સામાન્યશાસ્ત્ર પણ પ્રવૃત્ત થાય છે.'

ત્યાર પછી નાગેશ ભટ્ટે, સીરદેવાદિએ રજૂ કરેલા પરિભાષાર્થ અને પ્રયોજનોનું ખંડન કર્યું છે. તેની ચર્ચા આ પ્રમાણે છે : "काञ्चनी । વગેરે ઉદાહરણોમાં અપવાદ मयट् ના વિષયમાં अण् ની પ્રવૃત્તિ થાય છે. કારણ કે 'ક્વચિત્ અપવાદશાસ્ત્રના વિષયમાં પણ ઉત્સર્ગશાસ્ત્રની પ્રવૃત્તિ થાય છે.' તેવી પરિભાષા છે." આવા પુરોગામીઓના વચનનો સ્વીકાર કરીએ તો अण् कर्मणि च । 3-3-12 સૂત્રભાષ્યનો વિરોધ આવે છે. ભાષ્યકારે કહ્યું છે કે ઉક્ત સૂત્રમાં પુનઃ अण् ગ્રહણ કર્યું છે, કારણ કે आतोऽनुपसर्गे कः । 3-2-3 એવા અપવાદસૂત્રથી બાધિત अण् ના વિષયમાં પણ अण् ની નિવૃત્તિ ન થાય તેવું સ્પષ્ટ છે. જેમકે, गोदायो व्रजति । ઉપર્યુક્ત ભાષ્ય ચર્ચાની સાથે સીરદેવાદિએ રજૂ કરેલો પરિભાષાર્થ અસંગત બની રહે છે, પરિણામે તે સ્વીકાર્ય નથી. काञ्चनी । જેવા ઉદાહરણની સિદ્ધિને અર્થે નાગેશે જણાવ્યું છે કે काञ्चनेन निर्मिता । એ અર્થમાં શૈષિક अण् (शेषे । 4-2-92)ની પ્રવૃત્તિ થાય છે.

---

૪. અપવાદ હોય તો બંનેની પ્રાપ્તિ રહે, જેમકે; तक्रकौण्डिन्य न्याय.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. પુરુષોત્તમદેવે સૌથી પ્રથમવાર તેને રજૂ કરી છે. પુરુષોત્તમદેવને અનુસરીને સીરદેવ તથા હરિભાસ્કરે આ પરિભાષાના અર્થો કર્યા છે. તથા दाशरथाय । અને । काञ्चनी । જેવાં ઉદાહરણોની સિદ્ધિ અર્થે જ આ પરિભાષાનો ઉપયોગ કર્યો છે. બીજી તરફ, નીલકંઠે સ્વતંત્ર રીતે આ પરિભાષાનો અર્થ કર્યો છે. અને નાગેશ ભટ્ટે પણ ભાષ્યનું પર્યાલોચન કરીને પૂર્વાચાર્યોએ રજૂ કરેલી ચર્ચાનું ખંડન કર્યું છે. તથા પ્રકૃત પરિભાષાથી 'વિશેષશાસ્ત્રની પ્રથમ પ્રવૃત્તિ થાય છે.' તે પ્રકારનું બાધકત્વ રજૂ થયું છે તેનું સ્પષ્ટીકરણ કર્યું છે.

गर्भवट्टाबादयो भवन्ति ॥ ११६ ॥

(ટાપ્ વગેરે સ્ત્રીપ્રત્યયો ગર્ભની જેમ મધ્યમાં રહે છે.)

જેવી રીતે ગર્ભ મધ્યમાં રહે છે તેવી રીતે ટાપ્ વગેરે સ્ત્રીપ્રત્યયો પ્રાતિપદિક અને સ્વાદિ પ્રત્યયોની મધ્યમાં થાય છે. અથવા તો પહેલા મધ્યમાં સ્ત્રીપ્રત્યય થાય છે, ત્યાર પછી સ્વાદિ પ્રત્યય થાય છે અને ત્યાર પછી तरप् વગેરે પ્રત્યયો થાય છે.

આથી, ङ्याप्प्रातिपदिकात् । 4-1-1 સૂત્રસ્થ ङयाव् ગ્રહણનું પ્રત્યાખ્યાન કરવા માટે પ્રસ્તુત કરેલી ચર્ચામાં કહ્યું છે કે कालितरा । વગેરેમાં પ્રકર્ષપ્રત્યય કર્યા પછી પણ સ્ત્રીપ્રત્યય ગર્ભની જેમ મધ્યમાં જ થાય છે તે ઉપપન્ન થાય છે.

न यासयोः । 7-3-45 સૂત્રથી इत्वनो પ્રતિષેધ કર્યો છે. તે અહીં જ્ઞાપક છે. જો ટાપ્ વગેરે સ્ત્રીપ્રત્યયો ગર્ભની જેમ મધ્યમાં ન થતા હોત તો त्यदादीनामः । 7-2-102 સૂત્રથી अत्व વગેરે કર્યા પછી સુપ્ પ્રત્યયથી પરમાં સ્ત્રીપ્રત્યયો થશે. હવે यका । सका । વગેરેમાં प्रत्ययस्थात् कात्पूर्वस्येदाप्यसुपः 7-3-44 સૂત્રોક્ત इत्व ની પ્રાપ્તિ જ નથી, કારણ કે आम् પ્રત્યય સુપ્ થી પરમાં છે. તેવી સ્થિતિમાં ઉક્ત પ્રતિષેધ કરવાની શી જરૂર છે? આમ, આ નિષેધવચન પ્રકૃતાર્થમાં જ્ઞાપક બને છે.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૮૮)

તેમણે પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો સ્વીકાર કર્યો છે.

નીલકંઠ : (૧૩૯)

તેમણે આ પરિભાષાને 'પ્રક્ષિપ્ત અને નિર્મૂલ પરિભાષાઓના સમુદાયમાં મૂકી છે. વિશેષમાં તેમણે જણાવ્યું છે કે સંનિપાતલક્ષણો વિધિરનિમિત્તમ્ ૦ । પરિભાષા અનિત્ય હોવાથી આ પરિભાષા સિદ્ધ થાય છે.

હરિભાસ્કર : (૯૧)

તેમણે પણ પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો સ્વીકાર કર્યો છે.

નાગેશ : (–)

તેમણે 'પરિભાષેન્દુશેખર'માં આ પરિભાષા રજૂ કરી નથી.

ઉપસંહાર

સૌ પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષાને રજૂ કરી છે. તેમણે આ પરિભાષાના જે અર્થ, પ્રયોજન અને જ્ઞાપકાદિનો નિર્દેશ કર્યો છે, તેનો સીરદેવાદિએ પણ સ્વીકાર કર્યો છે. નીલકંઠે આ પરિભાષાને પ્રક્ષિપ્ત અને નિર્મૂલ ગણી છે. તથા નાગેશે તેને રજૂ જ કરી નથી.

આ પરિભાષા પ્રક્રિયા દરમ્યાન ઉપયોગી બને છે. એટલે કે ટાપ્ વગેરે સ્ત્રીપ્રત્યયોની પ્રવૃત્તિનો ક્રમ નક્કી કરી આપનારી આ પરિભાષા છે. આના અનુસન્ધાનમાં, વ્યાકરણશાસ્ત્રમાં स्वार्थद्रव्यलिङ्गसंख्याकारकाणां क्रमेणोत्पत्तिः। એવો સિદ્ધાન્ત પ્રચલિત છે, તેને અહીં નોંધવો જોઈએ.

सूत्रे लिङ्गवचनमतन्त्रम् ॥ ११७ ॥

(સૂત્રમાં નિર્દેશેલાં લિંગ અને વચન અવિવક્ષિત છે.[1])

ઔચિત્યપૂર્વક જ આ પરિભાષા કહેવામાં આવી છે. સૂત્રો એ લક્ષ્યને

---

૧. આ પરિભાષાર્થમાં 'असति यत्ने' એવું વિશેષણ ઉમેરવું જોઈએ. કારણ કે "આ પરિભાષાનો અર્થ 'સૂત્રમાં દર્શાવેલ લિંગ અને વચન અવિવક્ષિત છે' એવો થાય છે." પરંતુ આવો અર્થ કરવામાં पदास्वैरिबाह्यापक्ष्येषु च । 3–1–119 એ પાણિનિના સૂત્રમાં बाह्या એવું રૂપ લખ્યું છે તે વ્યર્થ પડી જશે; કારણ કે, સૂત્રમાં લિંગ અવિવક્ષિત હોવાથી बाह्य એવું નપુંસક વાપર્યું હોત તો પણ बाह्या એવા સ્ત્રીલિંગ રૂપ અર્થમાં क्यप् પ્રત્યય થઈને ग्राम बहिर्भूता सेना એવા અર્થમાં ग्राममूह्या सेना એવો પ્રયોગ થઈ શકત, છતાં बाह्य એવું નપુંસક પદ ન વાપરતાં बाह्य એવું સ્ત્રીલિંગપદ

અધીન છે. તથી તે એક કેવળ સૂચન કરનાર વસ્તુ છે. બીજી રીતે કહીએ તો તે સંજ્ઞાની જેમ ઉપલક્ષણમાત્ર છે. અને લક્ષણમાં નિશ્ચિત લક્ષ્યની પ્રવૃત્તિ થાય એમ હોતું નથી. લક્ષણ લક્ષ્યપરક હોવાથી સૂત્રોમાં નિર્દેશેલાં લિંગ અને વચન વિવક્ષિત હોતાં નથી. આથી કોઈ પણ લિંગથી અને વચનથી નિર્દેશ કરવો જોઈએ (માટે તેવો નિર્દેશ કર્યો છે,) તેમાં કોઈ શાસ્ત્રીય ઉદ્દેશ છે એમ ન માનવું જોઈએ.

જેવી રીતે वन्धुनि बहुव्रीहौ । 6-1-14 સૂત્રમાં નપુંસકલિંગથી નિર્દેશ કર્યો છે, તે અવિવક્ષિત છે. તથા ग्रीवाभ्योऽण च । 4-3-57 સૂત્રમાં બહુવચનનો નિર્દેશ છે તે પણ અવિવક્ષિત છે.

अर्धं नपुंसकम् । 2-2-2 સૂત્રમાં નપુંસક 'ગ્રહણ કર્યું છે તે અહીં જ્ઞાપક છે.[2] એ જ પ્રમાણે, आ कडारा देका संज्ञा । 1-4-1 સૂત્રસ્થ एका ગ્રહણ પણ જ્ઞાપક છે.[3]

વાપર્યું છે તે ઉપરથી સાબિત થાય છે કે આ પરિભાષામાં असति यत्ने । (અર્થાત્ કોઈ વિશેષ યત્ન ન કરવામાં હોય તો) એટલું વિશેષણ તરીકે ઉમેરવું જોઈએ.

આ સૂત્રમાં તો वाह्या એવા સ્ત્રીલિંગરૂપનો યત્નપૂર્વક નિર્દેશ કર્યો છે. માટે અહીં वाहय એ સ્ત્રીલિંગ વિવક્ષિત છે. જ્યાં કોઈ વિશેષ યત્ન ન કર્યો હોય, ત્યાં લિંગ (અને વચન) અવિવક્ષિત છે.

(જુઓ : "सूत्रे लिङ्गवचनमतन्त्रम् । પરિભાષાના અર્થ અને પ્રયોજન વિષે વિચાર"; લે. પં. શ્રી ચિમનલાલ જ. પંડયા. સ્વાધ્યાય : ૧૪-૧ :, દીપોત્સવી અંક, વિ.સં. ૨૦૩૨-ઈ.સ. ૧૯૭૬).

૨. अर्द्धम् । શબ્દ નપુંસકલિંગમાં હોવાથી 'નપુંસક' ગ્રહણ કરવાની જરૂર ન હતી. પરંતુ આચાર્ય જુવે છે કે પ્રકૃત પરિભાષા છે. આથી, 'નપુંસક' એવો અર્થ વિવક્ષિત હતો માટે સૂત્રમાં 'નપુંસક' ગ્રહણ કરવું આવશ્યક બન્યું છે.

૩. 'संज्ञा ।' એવો શબ્દ એકવચનાન્ત હોવાથી 'એક સંજ્ઞા થાય છે' એવા અર્થની પ્રાપ્તિ થવાની જ હતી. તથાપિ પ્રકૃત પરિભાષા હોવાથી एका એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવો પડયો છે.

(ઉપર્યુક્ત બન્ને જ્ઞાપકો ક્રમશઃ લિંગ અને વચનના અવિવક્ષિતત્વમાં જ્ઞાપક બન્યાં છે, તે ધ્યાન ઉપર આવ્યું હશે.)

વ્યાડિ : (–)

આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી નથી.

સીરદેવ : (૩૦)

તેમણે આ પરિભાષાની ચર્ચામાં કેટલીક નવી વિગતો ઉમેરી છે. જેમકે, આ પરિભાષા હોવાથી कर्मणा यमभिप्रैति सः सम्प्रदानम् । 1–4–32 સૂત્રમાં 'यम्' એવો પુંલ્લિઙ્ગ અને એકવચનથી નિર્દેશ કર્યો છે તે અવિવક્ષિત છે. પરિણામે સ્ત્રીલિંગાદિમાં અને દ્વિવચન–બહુવચનમાં પણ સંપ્રદાન સંજ્ઞા થઈ શકે છે. જેથી ब्राह्मण्यै ददाति । અને ब्राह्मणेभ्यो ददाति । એવાં પણ ઉદાહરણો બની શકે છે.

સીરદેવે આ પરિભાષાને લોકન્યાયથી સિદ્ધ કરી બતાવી છે. જેમકે, સૂત્રમાં धान्यपलाल–न्यायથી[૪] લિંગ અને વચનનું ઉપાદાન કરવામાં આવ્યું છે. અહીં अर्धं नपुंसकम् । 2–2–2 ઇત્યાદિને જ્ઞાપક રૂપે પણ રજૂ કર્યાં છે. વિશેષમાં, તેમણે જણાવ્યું છે કે द्युद्भ्यो लुङि । 1–3–91 સૂત્રમાં એકવચનથી નિર્દેશ કરવાને બદલે બહુવચનથી નિર્દેશ કર્યો છે, તેના સામર્થ્યથી ત્યાં આ પરિભાષા પ્રવૃત્ત થતી નથી.

નીલકંઠ : (૪૦)

તેમણે આ પરિભાષાના પાઠમાંથી 'सूत्रे' એવા પદને બાકાત રાખ્યો છે. અને આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધા વર્ણવવાનો પ્રયત્ન કર્યો નથી, તેમના મતે તો આ પરિભાષા વ્યાખ્યાનમૂલક જ છે. તેથી ક્વચિદ્ જ આશ્રિત થાય છે.

હરિભાસ્કર : (૩૦)

તેમણે આ પરિભાષાને સમજાવવા માટે મીમાંસાનાં બે ઉદાહરણોનો ઉપયોગ કર્યો છે. જેમકે, स्वर्गकामो यजेत । એવાં શ્રુતિવાક્યમાં પુલ્લિંગનું અવિવક્ષિત્વ હોઈ સ્ત્રીઓનો પણ યજ્ઞમાં અધિકાર છે. તથા ग्रहं संमार्ष्टि । એ વાક્યમાં એકવચન અવિવક્ષિત છે, તેથી એકથી વધારે ગ્રહોનો પણ સંમાર્ગ થાય છે.

નાગેશ : (૭૩)

તેમણે આ પરિભાષાના વ્યાખ્યાનમાં પુરુષોત્તમદેવાદિની ચર્ચાનો ઉપયોગ

---

૪. ફોતરાવાળા અનાજમાંથી જેમ ફોતરાને તે બિન–ઉપયોગી હોઈને દૂર કરવાના હોય છે, તેમ સૂત્રમાંથી પણ લિંગ અને વચનના નિર્દેશને ધ્યાન ઉપર લેવાના હોતાં નથી.

કર્યો છે. અને વિશેષમાં જણાવ્યું છે કે अर्धं नपुंसकम् । 2-2-2 સૂત્રસ્થ 'નપુંસક' ગ્રહણ જ્ઞાપક છે; તથાપિ જો કોઈ એમ કહે કે આ 'નપુંસક' ગ્રહણ નિત્ય નપુંસકત્વનું વિધાન કરવા માટે છે તો તે ઉચિત નથી એમ અન્યત્ર[૫] દર્શાવવામાં આવ્યું છે.

ઉપસંહાર :

આ પરિભાષા પ્રક્રિયામાં પ્રત્યક્ષ રીતે ઉપયોગી નથી. પરંતુ સૂત્રાર્થ કરતી વખતે સૂત્રસ્થ લિંગ-વચનાદિને વિવક્ષિત સમજવા કે નહીં, એવા સંદેહની નિવૃત્તિ અર્થે આ પરિભાષાની જરૂર પડે છે. આથી સૌ પ્રથમ પુરુષોત્તમદેવે તેને રજૂ કરી છે. અને નાગેશાદિએ તેનું અનુસરણ કરીને આ પરિભાષાને રજૂ કરી છે.

ज्ञापकसिद्धं न सर्वत्र ॥ ११८ ॥

(જ્ઞાપક વડે સિદ્ધ થતી – પ્રાપ્ત થતી – વ્યવસ્થા સર્વત્ર પ્રવૃત્ત થતી નથી.)

આ (પરિભાષા) પણ ઉચિત નથી. જ્ઞાપક એ વાચક નથી.[૧] "તો શું છે?" (કેવળ) ઇંગિતમાત્રથી સૂચક છે. આથી "ક્વચિદ્ જ ઇષ્ટસિદ્ધિમાં તેનું આશ્રયણ થાય છે; અને તેની સર્વત્ર પ્રવૃત્તિ થતી નથી." એમ કહેવું યોગ્ય છે. આ રીતે જ્ઞાપકસિદ્ધ અર્થની સાર્વત્રિક પ્રવૃત્તિ થતી નથી. આવી પરિભાષા હોવાથી જ્ઞાપક વડે સાધવામાં આવેલ આત્મનેપદના અનિત્યત્વાદિની સર્વત્ર પ્રવૃત્તિ ન કરવી જોઈએ. પરંતુ કેવળ જ્યાં કોઈક વિશિષ્ટ પ્રયોગ જોવા મળતો હોય ત્યાં જ, ક્વચિદ્ જ તેની પ્રવૃત્તિ કરવી જોઈએ.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૨૨૬)

તેમણે પરિભાષાર્થની ચર્ચા કરતાં જણાવ્યું છે કે જ્ઞાપક એ બાધક નથી,

---

૫. સમાંશવાચિ अर्द्ध શબ્દને નિત્ય નપુંસકલિંગ થાય એટલા માટે 'નપુંસક' ગ્રહણ કર્યું છે એમ ભટ્ટોજિ દીક્ષિતે જણાવ્યું છે. પરંતુ તે સાચું નથી. કારણ કે न वेदे नैव लोकेऽर्धं एकारोऽर्धं ओकारो वास्ति । (મહાભાષ્ય : પ્રથમાહ્નિક) એવા ભાષ્યપ્રયોગમાં अर्धं શબ્દ સમાંશવાચિ હોવા છતાંય નિત્ય નપુંસકલિંગનો અભાવ છે. આની ચર્ચા બૃહચ્છબ્દેન્દુશેખર'માં કરવામાં આવી છે.

૧. અર્થાત્ સૂત્રતુલ્ય ઉપાદેય નથી.

પણ નિમિત્તથી કેવળ સૂચક છે. અહીં સીરદેવે પુરુષોત્તમદેવથી જુદા પડીને જ્ઞાપકને વાચકને બદલે બાધક ગણવું નહીં એમ જણાવ્યું છે. આનો અર્થ કે જ્ઞાપકસિદ્ધ વચનથી પ્રાપ્ત થતી વ્યવસ્થાને અપવાદાદિથી જેટલું પ્રાબલ્ય પ્રાપ્ત થતું નથી. તે કેવળ અમુક નિયમનું સૂચક છે. વળી, સીરદેવે જણાવ્યું છે કે શિષ્ટ-પ્રયોગોનું સાધુત્વબોધન કરવા માટે આ ન્યાયનો ઉપયોગ કરવો જોઈએ.

નીલકંઠ : (૧૧૯)

તેમણે જણાવ્યું છે કે અમુક અમુક પરિભાષાઓને અનિત્ય દર્શાવાઈ છે, તન્મૂલક આ પરિભાષા છે.

હરિભાસ્કર : (૧૨૯)

તેમણે જણાવ્યું છે કે અગતિથી અર્થાત્ વૈયર્થ્યાપત્તિને કારણે જ્ઞાપકવચનનું આશ્રયણ કરવામાં આવે છે, એથી જ્ઞાપકની સાર્વત્રિક પ્રવૃત્તિ થતી નથી.

નાગેશ : (૧૧૬)

તેમણે આ પરિભાષાની સૂક્ષ્મતાથી ચર્ચા કરી છે. જેમકે, પરિભાષાર્થ સમજાવતાં જણાવ્યું છે કે પાણિનિએ અષ્ટાધ્યાયીમાં સાક્ષાત્ સૂત્ર રૂપે રજૂ કરવાને બદલે અનુમાનથી જેનું બોધન કર્યું હોય તે અસાર્વત્રિકાર્થે હોય છે. આનું તાત્પર્ય એ છે કે જ્ઞાપકસિદ્ધ પરિભાષાથી અનિષ્ટની આપત્તિ ન કરવી. ङ्याप्प्रातिपदिकात् । 4-1-1 ઇત્યાદિ સૂત્રો ઉપરના ભાષ્યમાં આ મુદ્દો ધ્વનિત કરવામાં આવ્યો છે. વિશેષમાં, નાગેશ જણાવે છે અહીં પરિભાષાના પાઠમાં 'જ્ઞાપક' શબ્દ ન્યાયનું પણ ઉપલક્ષણ છે. એટલે કે જ્ઞાપકસિદ્ધ પરિભાષાની જેમ લૌકિકન્યાયાદિથી સિદ્ધ થનારી પરિભાષાઓ પણ સાર્વત્રિક નથી.

જ્ઞાપકાદિથી સિદ્ધ થનારી પરિભાષાઓની અસાર્વત્રિક પ્રવૃત્તિની પાછળ શું તત્ત્વ છે ? તેનો પણ નાગેશે નિર્દેશ કર્યો છે. જેમકે, तत्स्थानापन्ने तद्धर्मलाभः। એવા લોકન્યાયથી स्थानिवदादेशोऽनल्विधौ । 1-1-56 સૂત્રનો स्थानिवदादेशः એટલો અંશ સિદ્ધ થાય છે. તથા अदो जग्धिर्ल्यप्ति किति । 2-4-36 – સૂત્રસ્થ ल्यप् ગ્રહણ વડે अनल्विधौ એ અંશ સિદ્ધ થાય છે. આમ, પાણિનિએ કેટલાંક ન્યાય અને જ્ઞાપકસિદ્ધ વચનોને (પણ) સૂત્ર રૂપે ઉચ્ચાર્યાં છે, તે એટલા માટે કે બીજાં આવાં (સૂત્ર રૂપે નહીં ઉચ્ચારેલાં) ન્યાયજ્ઞાપકસિદ્ધવચનોને અનિત્યત્વનું બોધન થાય.

ઉપસંહાર :

સૌ પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષાને રજૂ કરી છે. અને દરેક પરિભાષા-વૃત્તિકારે તેને સ્વીકારી છે. નાગેશ ભટ્ટે આ પરિભાષાનો અર્થ તથા તાત્પર્યાર્થ વગેરેને સૂક્ષ્મતાથી વિશદ કર્યા છે, તે નોંધપાત્ર છે.

अगत्या खलु परिभाषाश्रीयते ॥ ११९ ॥

(અગતિને[1] કારણે પરિભાષાનો આશ્રય લેવામાં આવે છે.)

આ પરિભાષા પણ યોગ્ય છે એમ કહેવાય છે. કારણ કે પરિભાષા એ પાણિનીય અર્થાત્ સ્વયં પાણિનિએ કહેલાં વચનો નથી. 'તો તે વચનો કોનાં છે ?' જુદા જુદા આચાર્યોનાં તે વચનો છે.

આમ, પાણિનીય શબ્દાનુશાસનમાં કોઈક ઇષ્ટ વિષયમાં મુખ્ય લક્ષણથી અર્થાત્ પાણિનિના સૂત્રથી સિદ્ધિ ન થતી હોય ત્યાં જ, બીજા કોઈ ઉપાયની પ્રાપ્તિ ન થતી હોય ત્યારે આવી પરિભાષાઓનું આશ્રયણ કરવામાં આવે છે. પરંતુ જ્યાં આવી પરિભાષાઓનું આશ્રયણ કરવાથી દોષ ઊભો થાય છે ત્યાં આ પરિભાષાઓ આશ્રિત થતી નથી. આનાથી સિદ્ધ થયું કે પરિભાષાના આશ્રયણથી અનિષ્ટાપત્તિ ન કરવી. આથી राज्ञः क च । 4-2-140 ની પ્રવૃત્તિ કરીને राजकीयम् । એવો પ્રયોગ બનાવતી વખતે एकदेशविकृतमनन्यवद्भवति । (પરિભાષા-૧૪) એવી પરિભાષાનું આશ્રયણ કરીને अल्लोपोऽनः । 6-4-134 સૂત્રની પ્રવૃત્તિ કરવામાં આવતી નથી.[2]

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૨૩)

તેમણે આ પરિભાષાના વ્યાખ્યાનમાં સર્વાંશે પુરુષોત્તમદેવનું અનુસરણ કર્યું છે.

નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશ ભટ્ટે આ પરિભાષા રજૂ કરી નથી.

---

૧. અગતિને કારણે અર્થાત્ ના છૂટકે.

૨. નાગેશ ભટ્ટે આ પ્રયોજનની સિદ્ધિ દર્શાવતાં જણાવ્યું છે કે अकृतपरिमाण-ग्रहणेऽपि एकदेशविकृतमनन्यवदिति परिभाषा न प्रवर्तते ।

ઉપસંહાર :

પુરુષોત્તમદેવે સૌથી પ્રથમવાર આ પરિભાષા રજૂ કરી છે અને પરિભાષાઓની પ્રવૃત્તિમાં જે એક મર્યાદા રહેલી છે તેનો અંગુલિનિર્દેશ કર્યો છે. પરંતુ આ મર્યાદા પૂર્વોક્ત પરિભાષા–૧૧૮થી સ્પષ્ટ થઈ જતી હોઈ નીલકંઠાદિએ તેને રજૂ નથી કરી તેમ લાગે છે.

भवति व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न संदेहादलक्षणम् ॥१२०॥

(વ્યાખ્યાનથી વિશેષાર્થની પ્રતિપત્તિ થાય છે, પરંતુ સંદેહ હોવાને કારણે લક્ષણ અલક્ષણ બનતું નથી)

વ્યાખ્યાનથી[1] એટલે કે આચાર્ય–પરંપરાથી પ્રાપ્ત થતા ઉપદેશ વડે સંદેહ હોવા છતાંય વિશેષ (અર્થ) સમજાય છે. માટે અહીં (શાસ્ત્રમાં) સંદેહ પ્રાપ્ત થાય તો લક્ષણની અપ્રવૃત્તિ થતી નથી. આવે પ્રસંગે ઉપદેશથી સંદેહની નિવૃત્તિ કરવી અને શાસ્ત્રની પ્રવૃત્તિ કરવી; એવો આ પરિભાષાનો અર્થ છે.

लण् । 6 એવા માહેશ્વરસૂત્રથી સૂત્રકારે અને તે સૂત્ર ઉપરના ભાષ્યમાં ભાષ્યકારે આ પરિભાષા જ્ઞાપિત કરી છે. જેમકે, ત્યાં કહ્યું છે "શા માટે વર્ણો ખૂટી પડયા હોય એમ, સંદેહનું કારણ એવો આ ण् કાર એકવાર અનુબન્ધ રૂપે જોડયા પછી ફરીથી અનુબન્ધ રૂપે જોડવામાં આવે છે ? આમ કરવાથી अण् ગ્રહણમાં અને इण् ગ્રહણમાં સંદેહ થાય છે કે શું પૂર્વ ण् કાર સુધી આ પ્રત્યાહાર સમજવો કે પર ण् કાર સુધી. આ રીતે આચાર્ય જ્ઞાપિત કરે કે "વ્યાખ્યાનથી વિશેષાર્થની પ્રતિપત્તિ થાય છે." એવી પરિભાષા છે. આ પરિભાષા હોવાથી ભાષ્યકારે જણાવ્યું છે કે બધાં જ अण् ગ્રહણને પૂર્વ ण् કાર સુધી સમજવાનો છે, કેવળ अणुदित्सवर्णस्य चाप्रत्ययः । 1–1–66 સૂત્રમાં પર ण् કાર સુધી अण् પ્રત્યાહાર સમજવાનો છે. તથા इण् ગ્રહણોને સર્વત્ર પર ण् કાર સુધી જ લેવાના છે, એવો નિશ્ચય થાય છે.

વ્યાડિ : (૫૮)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાની મર્યાદિત પ્રવૃત્તિ નિર્દેશી છે. જેમકે, આ શાસ્ત્રમાં સમાન સંહિતાના પ્રસંગે સંદેહ થાય તો વ્યાખ્યાનથી વિશેષને સમજી લેવાનું રહે છે. ઉદાહરણ તરીકે, सनीवन्तर्ध० । 7–2–49 સૂત્રમાં સંદેહ

---

१. पदच्छेदः पदार्थोक्तिर्विग्रहो वाक्ययोजना ।
आक्षेपोऽथ समाधानं व्याख्यानं षड्विधं मतम् ॥

થાય છે કે અહીં ઇવન્ત ને કાર્ય કહ્યું હશે કે ઈવન્ત ને ? પરંતુ આ પરિભાષા હોવાથી કોઈ દોષ આવશે નહીં અને "सन् પરમાં રહેતાં ઇવન્ત ને અમુક કાર્ય થાય છે." એવું વ્યાખ્યાન કરવામાં આવે છે. –આમ, પરિભાષાસૂચનકારે માત્ર સંહિતાના વિષયમાં જ આ પરિભાષાની પ્રવૃત્તિ નિર્દેશી છે. પાછળથી ભાષ્યકાર પતંજલિએ આ પરિભાષાની અનેક સ્થળોએ પ્રવૃત્તિ કરી છે, તે સુવિદિત છે.

સીરદેવ : (૧)

તેમણે આ પરિભાષાનો ભાષ્યોક્ત પાઠ સ્વીકાર્યો છે : व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणम् । અને તેમણે આની ચર્ચા વિસ્તારથી કરી છે. પ્રારંભે જ, षष्ठी स्थानेयोगा । 1–1–49 સૂત્રભાષ્યમાં આ પરિભાષાનો ઉપયોગ કર્યો હોઈ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્યાર પછી अण् ગ્રહણના સંદેહની ચર્ચા કરવામાં આવી છે. અહીં સીરદેવે વિશેષમાં જણાવ્યું છે કે अण् ગ્રહણથી, अणुदित्सवर्णस्य चाप्रत्ययः । 1–1–69 સૂત્રને છોડીને, સર્વત્ર પૂર્વ ण् કાર સુધીનો પ્રત્યાહાર સમજવાનો છે–તેમાં એક યુક્તિ રહેલી છે : केऽणः । 7–4–13 થી હ્રસ્વનું વિધાન કરવામાં આવ્યું છે અને ढ्रलोपे पूर्वस्य दीर्घोऽणः । 6–3–111 સૂત્રથી દીર્ઘનું વિધાન કરવામાં આવ્યું છે. હવે આ સૂત્રમાં अण् ગ્રહણ કર્યું છે, તેના સામર્થ્યથી જ પૂર્વ ण् કાર સુધી अण् પ્રત્યાહાર સમજવામાં આવશે. જો પર ण् કાર સુધી अण् પ્રત્યાહાર લેવાનો હોત તો, જે હ્રસ્વ કે દીર્ઘનું વિધાન કર્યું છે તે કેવળ अच् ને જ શક્ય હોવાથી अचश्च । 1–2–28 એવી પરિભાષાથી જ સિદ્ધ છે. તેવી સ્થિતિમાં अण् ગ્રહણ કરવાની જરૂર જ ન હતી.

જો કે સીરદેવે આગળ ઉપર આ યુક્તિ વ્યભિચરિત થાય છે, ઇત્યાદિની અતિવિસ્તારથી ચર્ચા કરી છે. પરંતુ તે વિષયાન્તર હોઈ આ પરિભાષાના વ્યાખ્યાનમાં પ્રત્યક્ષપણે અનુપકારી છે. આ જ પ્રમાણે, સીરદેવે 'विशेषप्रतिपत्तिः । એવા પદમાં કેવી રીતે ષષ્ઠી સમાસ થયો છે, તેની પણ સુદીર્ઘ ચર્ચા કરી છે. આ પણ વિષયાન્તર છે અને પ્રકૃતમાં ઉપકારક નથી.

નીલકંઠ : (૧)

તેમણે પરિભાષાનો અર્થ આ પ્રમાણે આપ્યો છે : વ્યાખ્યાનથી અર્થવિશેષનું જ્ઞાન પ્રાપ્ત કરવું. પરંતુ સંદેહમાત્રથી લક્ષણ અલક્ષણ એટલે કે અબોધક બની જતું નથી. लयतेऽनेनेति लक्षणम् । એવી વ્યુત્પત્તિ અનુસાર લક્ષણ એટલે

જ્ઞાનનું સાધન એવો અર્થ મળે છે. આવું જ્ઞાનનું સાધન સંદેહ હોવાથી અબોધક બની જતું નથી.

હરિભાસ્કર : (૧)

તેમણે આ પરિભાષાના ઉપયોગથી જુદાં જુદાં સ્થળોએ કેવી રીતે સંદેહની નિવૃત્તિ થાય છે, તેની સોદાહરણ વિસ્તૃત ચર્ચા કરી છે.

નાગેશ : (૧)

તેમણે પરિભાષાનો અર્થ આ પ્રમાણે આપ્યો છે : શિષ્ટોએ કરેલા વ્યાખ્યાનથી વિશેષની એટલે કે એમાંથી કયો અર્થ અભીષ્ટ છે તેની પ્રતિપત્તિ (જ્ઞાન-અથવા નિર્ણય) કરવામાં આવે છે. કારણ કે સંદેહને કારણે શાસ્ત્ર અલક્ષણ એટલે કે અનનુષ્ઠાપક બની જતું નથી. આખરે કોઈ નિશ્ચિત નિર્ણયને પ્રાપ્ત કરવા માટે જ શાસ્ત્રનો ઉપયોગ છે. વિશેષમાં નાગેશ જણાવે છે કે સંદેહની નિવૃત્તિ કરવા સિવાય વ્યાખ્યાનનું બીજું કોઈ પ્રયોજન નથી. આથી, પાણિનીય શાસ્ત્રનો ઉદ્દેશ અસંદિગ્ધપણે કાર્ય સિદ્ધિ કરવાનો હોઈ જો પાણિનિએ ક્યાંક સંદિગ્ધોચ્ચારણ કર્યું હોય તો તેને વ્યાખ્યાનથી દૂર કરવું જોઈએ.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા રજૂ થઈ છે. પરંતુ તેનો પ્રવૃત્તિ-પ્રદેશ ઘણો મર્યાદિત નિર્દેશવામાં આવ્યો છે. પુરુષોત્તમદેવે ભાષ્ય-પર્યાલોચન કર્યા પછી આ પરિભાષાને રજૂ કરી હોઈ પરિભાષાસૂચનકારની જેમ તેનો પ્રવૃત્તિ-પ્રદેશ મર્યાદિત રાખ્યો નથી. ભાષ્યમાં આ પરિભાષાનો અનેક સ્થળે ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેનો અર્થ પણ સ્વયં સ્પષ્ટ હોઈ નીલકંઠાદિને કાંઈ નવું કહેવાનું નથી.

વિશેષમાં આપણે નોંધી શકીએ કે પુરુષોત્તમદેવને આ પરિભાષાની સામાન્યપણે સર્વતોમુખી પ્રવૃત્તિ અભીષ્ટ હોઈ તેમણે 'લઘુપરિભાષાવૃત્તિ'ને અંતે રજૂ કરી છે. અને સીરદેવાદિએ જ્ઞાપકસૂત્રોના ક્રમને અનુસરીને અને મહાભાષ્યમાં તે સૌ પ્રથમ ઉપસ્થિત થતી હોઈ પોતપોતાના પરિભાષાવૃત્તિગ્રન્થોમાં તેને પ્રથમ રજૂ કરી છે.

'લઘુપરિભાષાવૃત્તિ'ના ઉપસંહાર

(પુરુષોત્તમદેવે પોતાના ગ્રન્થના પ્રારંભે કોઈ પ્રાસ્તાવિક વ્યાખ્યાન આપ્યું નથી. અર્થવદ્ગ્રહણે૦ । (પરિભાષા-૧) ના વ્યાખ્યાનમાં તેમણે પરિભાષા

'લિંગવતી' અને 'વિધ્યંગશેષભૂતા' એમ બે પ્રકારની હોય છે; એવું એક સામાન્ય વિધાન કર્યું છે. આથી વિશેષ કોઈ પ્રારંભિક ભૂમિકા આપી નથી. પરંતુ ગ્રન્થના અન્તે એક મહત્ત્વની ઉપસંહાર-નોંધ મળે છે:)

"આ પ્રમાણે જ્ઞાપકસિદ્ધા, વચનસિદ્ધ અને ન્યાયસિદ્ધા કેટલીક પરિભાષાઓ રજૂ કરી. તથા કેટલાંક વચનો પણ અમને જેમ સમજાયાં છે તેમ અમે સમજાવ્યાં છે. આમ, આ દિશાએ-આ રીતે-લિંગ અને ઉદાહરણો વડે બીજાં પણ ન્યાયવાક્યો કે જે શબ્દક્રિયામાં ઉપયોગી થાય એવાં હોય તેને સમજવાં જોઈએ. અમે તો શક્તિ મુજબ આટલાં ભેગાં કર્યાં છે. બીજાં કેટલાંક ન્યાયવાક્યો એટલે જેવાં કે; सापेक्षमसमर्थं भवति । नित्यसापेक्षं प्रधानसापेक्षमस्ति ।-અને सामर्थ्यान्निरवकाशा हि विधयः (અધ્યેતાએ પોતે સમજી લેવાં).

પાણિનીય આચાર્યોએ રચેલી પરિભાષાઓ ઉપરની 'લઘુવૃત્તિ' સંપૂર્ણ થઈ. (આમ વૈયાકરણગજપંચાનન શ્રી પુરુષોત્તમદેવે રચેલી 'લલિતા' નામની પરિભાષાવૃત્તિ સમાપ્ત થઈ.)

પ્રકરણ ૧૦

પુરુષોત્તમદેવકૃત 'લઘુપરિભાષાવૃત્તિ'ની આધારસામગ્રી

ભૂમિકા : પુરુષોત્તમદેવકૃત 'લઘુપરિભાષાવૃત્તિ'ની આધારસામગ્રી વિષે વિચારતાં પહેલાં આપણે બે મુદ્દાઓ ધ્યાનમાં લેવા પડશે. એક તો પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચના કરી તે પૂર્વે અનેક અપાણિનીય પરિભાષાપાઠો તૈયાર થઈ ગયા હતા. બીજું, ઉપલબ્ધ પાણિનીય પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં વ્યાડિને નામે મળતો 'પરિભાષાસૂચન' ગ્રન્થ પહેલો છે. પરંતુ પુરુષોત્તમદેવને આ ગ્રન્થની માહિતી હોય તેમ નિર્વિવાદપણે કહી શકાય એમ નથી. આ સન્દર્ભમાં તો અગાઉ નિર્દેશ્યું છે એ પ્રમાણે પુરુષોત્તમદેવનો 'લઘુપરિભાષાવૃત્તિ' ગ્રન્થ જ સૌથી પહેલો છે.

'પરિભાષાપાઠો' એ પ્રકરણમાં આપણે જોયું છે કે પુરુષોત્તમદેવે અપાણિનીય પરિભાષાપાઠોમાંથી, જે ભાષ્યાનુક્ત હોય એવી કુલ પાંચ પરિભાષાઓ સ્વીકારી છે, તથા વ્યાડિના 'પરિભાષાસૂચન'માં ન હોય એવી બીજી અનેક પરિભાષાઓ ભાષ્યમાંથી રજૂ કરી છે અને પોતે પણ કેટલીક નવી પરિભાષાઓ ઉમેરી છે. આ વિષેની ચર્ચા અગાઉ વિસ્તારથી કરી હોવાથી અહીં તેની પુનરુક્તિ કરીશું નહીં. અહીં તો 'લઘુપરિભાષાવૃત્તિ'ની વ્યાખ્યાન-સામગ્રીના આધાર ગ્રન્થો કયા કયા હતા, તે શોધવાનો જ ઉપક્રમ સ્વીકાર્યો છે.

પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચના કરી તે પૂર્વે તેમની સમક્ષ પાણિનીય પરંપરાના 'ભાષ્ય', 'કાશિકા' અને 'ન્યાસાદિ' જેવા ગ્રંથો હતા; તે ગ્રંથોમાં યથાપ્રસંગ પરિભાષાઓના જ્ઞાપકાદિ વિષે વિધાનો પ્રાપ્ત થાય છે. 'લઘુપરિભાષાવૃત્તિ'માંની પરિભાષાઓની વ્યાખ્યાનાત્મક સામગ્રીનાં મૂળ આ ગ્રન્થોમાં રહેલાં છે. હવે આપણે તેનો વિગતે અભ્યાસ કરીશું.

૧

પતંજલિ વિરચિત 'વ્યાકરણ-મહાભાષ્ય' સૂક્ષ્મ, ગહન અને સિદ્ધાન્તકોટિની ચર્ચા હોવાની સાથે સાથે તે ગ્રન્થ પૂર્ણ હોવાને કારણે સૌ વૈયાકરણોને માટે ઉપાદેય બની રહ્યો છે. કાશીની વૈયાકરણ પરંપરામાં નાગેશ ભટ્ટે જેવી રીતે મહાભાષ્યને અંતિમ પ્રમાણ માન્યો છે, તેવી રીતે પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'

માં કોઈ એક ગ્રન્થ જ અંતિમ પ્રમાણરૂપે સ્વીકારાયો નથી. કેવળ મહાભાષ્યના સન્દર્ભમાં જ વિચારીએ તો પણ તેમણે કાત્યાયન અને પતંજલિને જુદી જુદી કક્ષાએ પ્રમાણ માન્યા છે. અને જુદી જુદી રીતે તે બન્નેના વાર્તિક અને ભાષ્યનો ઉપયોગ કર્યો છે. ઉદાહરણ તરીકે જોઈએ તો—

ક. (૧) ङ्याप्प्रातिपदिकात् । 4-1-1 સૂત્ર ઉપર વાર્તિકકારે सर्वनामस्वरसमासतद्धितविधिलुगलुगर्थम् । (वा-5) એવા વાર્તિકમાં प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । (परि. 26) એ પરિભાષાનાં પ્રયોજનો નિર્દેશ્યાં છે. પુરુષોત્તમદેવે પણ આ વાર્તિકનો જ પ્રત્યક્ષ ઉપયોગ કરીને પરિભાષાનાં પ્રયોજનોનો સામૂહિક નિર્દેશ કર્યો છે.

(૨) प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य । (परि. 44)ના વ્યાખ્યાનમાં પ્રારંભે પુરુષોત્તમદેવે આ પરિભાષાનો અર્થ સમજાવ્યા પછી તેનાં પ્રયોજનો નોંધવા માટે કાત્યાયનના વાર્તિકનો ઉપયોગ કર્યો છે: प्रयोजनं धातुप्रातिपदिकप्रत्ययसमासतद्धितविधिस्वराः । (1-4-13/वा. 8)

(૩) આ જ પ્રમાણે, धातोः स्वरूपग्रहणे तत्प्रत्यय एव कार्यसंविज्ञानम् । (परि. 55)ના વ્યાખ્યાનમાં પણ પુરુષોત્તમદેવે જણાવ્યું છે કે तदुक्तं प्रयोजनं सृजिदृशिमस्जिनशिहनिगिरयः । (7-2-114/वा. 3)

ખ. (૧) પુરુષોત્તમદેવે प्रातिपदिकग्रहणे० । (परि. 26)ના વ્યાખ્યાનમાં જણાવ્યું છે કે ङ्याप्प्रातिपदिकात् । 4-1-6 સૂત્ર ઉપરના વાર્તિક ચોથામાં કાત્યાયને આ પરિભાષાને અપૂર્વવચન રૂપે રજૂ કરી છે. આથી તેમના વચન-સામર્થ્યથી જ આ પરિભાષા પ્રમાણભૂત છે, એમ માનવું જોઈએ.

(૨) कृद्ग्रहणे गतिकारकपूर्वस्यपि ग्रहणम् । (परि. 46) આ પરિભાષાનું 'કારક' અંશમાં જ્ઞાપક મળતું નથી. આથી પુરુષોત્તમદેવ જણાવે છે કે કાત્યાયને આ પરિભાષાને રજૂ કરી છે એટલાથી જ તે પ્રમાણભૂત છે. (1-4-13 वा. 9)

(૩) अनिनस्मन्ग्रहणा चानर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति (परि. 77) ને વિશે પુરુષોત્તમદેવ જણાવે છે કે આ પણ કાત્યાયનનું વાર્તિક છે,[1] જેને પરિભાષા રૂપે રજૂ કરવામાં આવે છે.

---

૧. કીલહોર્નની સમીક્ષિત આવૃત્તિમાં આ વચન વાર્તિકમાં મળતું નથી, તે કેવળ ભાષ્યકારનું વચન છે. જુઓ: 1-1-72 સૂત્રભાષ્ય (ભાગ-૧, પાન-૧૮૮, ૨૦મી પંક્તિ).

(૪) अभ्यासविकारेषु अपवादा नोत्सर्गान् विधीन् बाधन्ते । (પરિ. 20) આ પરિભાષાના પાઠમાં ભાષ્યકારે-"...बाध्यबाधकभावो नास्ति ।" એવો ફેરફાર કર્યો છે.[૨] તથાપિ પુરુષોત્તમદેવે વાર્તિકકારે (7-4-82, વા. 2) રજૂ કરેલા પાઠને સ્વીકાર્યો છે. અને ભાષ્યકારે સૂચવેલા ઇષ્ટાર્થની નોંધ વ્યાખ્યાનમાં લીધી છે.

હવે, આપણે પુરુષોત્તમદેવે પરિભાષાઓનાં જ્ઞાપક-પ્રયોજનાદિની વ્યાખ્યાન-સામગ્રીમાં ભાષ્યકાર પતંજલિના કેટલાં વચનોનો ઉપયોગ કર્યો છે, તેનો વિગતે અભ્યાસ કરીશું.

ક. (૧) नानुबन्धकृतमनेजन्तत्वम् । (परि. 13).
પુરુષોત્તમદેવે આ પરિભાષા અને તેની જ્ઞાપકચર્ચા ભાષ્ય (1-3-9)માંથી સ્વીકારી છે. આ પરિભાષા વ્યાડિને નામે મળતા 'પરિભાષાસૂચન'માં નથી.

(૨) प्रातिपदिकग्रहणे० । (परि.26). પુરુષોત્તમદેવે આ પરિભાષાને કાત્યાયનના વચન-સામર્થ્યથી જ પ્રમાણભૂત માની છે. તથાપિ આ પરિભાષાનું જે જ્ઞાપક વર્ણવ્યું છે તે ભાષ્યકારે નિર્દેશેલું છે.[૩]

(૩) प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य च ग्रहणम् । આ પરિભાષા પણ વ્યાડિના 'પરિભાષાસૂચન'માં મળતી નથી. પુરુષોત્તમદેવે નિર્દેશ્યું છે કે यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम् । 1-4-13 સૂત્રમાં યોગવિભાગ કરીને આ પરિભાષા સાધવામાં આવી છે. આથી સ્પષ્ટ થઈ જાય છે કે પુરુષોત્તમદેવે ભાષ્યમાં પ્રાપ્ત થતી આ પરિભાષાની પ્રમાણ-ચર્ચાનો ઉપયોગ કર્યો છે. વિશેષમાં એ પણ નોંધવું જોઈએ કે પુરુષોત્તમદેવે આ પરિભાષાનાં પ્રયોજનો પણ ભાષ્યને આધારે જ સમજાવ્યાં છે.[૪]

(૪) अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो ल्यप् बाधते । (परि. 54) ભાષ્યકારે अदो जग्धिर्ल्यप्तिकिति । 2-4-36 સૂત્રસ્થ ल्यप् ગ્રહણથી આ પરિભાષાને જ્ઞાપિત કરી છે. પુરુષોત્તમદેવે આ જ ભાષ્યોક્ત જ્ઞાપકનો સ્વીકાર કર્યો

---

૨. एवं तर्हीयं परिभाषा कर्तव्याभ्यासविकारेषु बाधका न बाध्यन्त इति । 7-4-82, સૂત્રભાષ્ય,

૩. युवा खलतिपलितवलिनजरतीभिः । 2-1-67...सूत्रभाष्ये किमेतस्य ज्ञापने प्रयोजनम् । प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणं भवतीत्येषा परिभाषा न कर्तव्या भवति ॥

૪. સરખાવો : 1-4-3 સૂત્રભાષ્ય અને પરિભાષા-૪૪ લઘુપરિભાષાવૃત્તિ

છે. આ પરિભાષા વ્યાડિના 'પરિભાષાસૂચન'માં મળતી નથી.

(૫) સંનિયોગશિષ્ટાનામન્યતરાપાયે૦ । (परि. 65) ભાષ્યનો સ્પષ્ટ નામોલ્લેખ કરીને પુરુષોત્તમદેવ જણાવે છે કે बिल्वकादिभ्यश्छस्य लुक् । 6-4-153 સૂત્રસ્થ છ ગ્રહણથી ભાષ્યમાં આ પરિભાષા જ્ઞાપિત કરવામાં આવી છે. આ જ્ઞાપકને સમજાવવા માટે ભાષ્ય-ચર્ચાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

(૬) ताच्छीलिके णेऽप्यणकृतानि कार्याणि भवन्ति । (परि. 66) પુરુષોત્તમદેવે આ પરિભાષાનાં જ્ઞાપકનો અને પ્રયોજનનો પણ ભાષ્યમાંથી સ્વીકાર કર્યો છે.[૫] 'પરિભાષાસૂચન'માં પણ આ પરિભાષા મળતી નથી.

(૭) समासान्तो विधिरनित्यः। (परि. 82). ભાષ્કારે द्वित्रिभ्यां पादन्मूर्धसु बहुव्रीहौ । 6-2-197 સૂત્ર ઉપરના ભાષ્યમાં જેને સમાસાન્ત પ્રત્યય કરવામાં આવ્યો નથી એવા मूर्धसु શબ્દ ઉપરથી આ પરિભાષાને જ્ઞાપિત કરી છે.[૬] પુરુષોત્તમદેવે આ ભાષ્યોક્ત જ્ઞાપકનો સ્વીકાર કર્યો છે.

(૮) पूर्वत्रासिद्धीये न स्थानिवत् । परि .112). આ પરિભાષાની જ્ઞાપક-ચર્ચાનો પણ ભાષ્યમાંથી સ્વીકાર કરવામાં આવ્યો છે.[૭] આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં મળતી નથી.

(૯) व्याख्यानतो विशेषप्रतिपत्तिः न हि संदेहादलक्षणम् । (परि. 120) ભાષ્યકારે આ પરિભાષાની પ્રવૃત્તિથી અનેક સ્થળે સંદેહોની નિવૃત્તિ સૂચવી છે.

---

૫. कार्मस्ताच्छील्ये । 6-2-172 (सूत्रभाष्य)...एवं तर्हि सिद्धे सति यन्निपातनं करोति तज्ज्ञापयत्याचार्यस्ताच्छीलिके णेऽण्कृतानि भवन्तीति । किमेतस्य ज्ञापने प्रजोजनम् । चौरी तापसीत्यणन्तादितीकारः सिद्धो भवति ॥

૬. द्वित्रिभ्यां पाद्दन्मूर्धसु बहुव्रीहौ । 6-2-117 (सूत्रभाष्ये)...युक्तं पुनरिदं विचारयितुम् । नन्वनेनासंदिग्धम् नकारान्तस्य ग्रहणेन भवितव्यं यावता मूर्धस्वित्युच्यते । यदि ह्यकारान्तस्य ग्रहणं स्यान्मूर्धष्वति ब्रूयात् । सैषा समासान्तार्था विचारणा । एवं तर्हि ज्ञापयत्याचार्यो विभाषा समासान्तो भवतीति ॥

૭. न पदान्तद्विर्वचनवरेयलोप० । 1-1-58 (सूत्रभाष्ये)...पूर्वत्रासिद्धे च । (3) पूर्वत्रासिद्धे च न स्थानिवदिति वक्तव्यम् । किं प्रयोजनम् । इत्यादिः । (ભાગ-૧, પાન-૧૫૪, ૭-૨૩ પંક્તિ.)

अग् ગ્રહણ અને इण् ગ્રહણના સંદર્ભોમાં ચોક્કસ પ્રકારની વ્યવસ્થા સૂચવી છે.[૮] પુરુષોત્તમદેવે પણ ભાષ્યોક્ત ચર્ચાને જ પોતાની સમ્મુખ રાખીને આ પરિભાષાને સમજાવી છે.

ખ. ભાષ્યકારે કેટલીક પરિભાષાઓને લોકન્યાયથી સિદ્ધ કરી બતાવી છે. આવા ભાષ્યોક્ત લોકન્યાયોનો પણ પુરુષોત્તમદેવે ઉપયોગ કર્યો હોય તેમ જણાય છે : જેમકે,

(૧) प्रत्येकं वाक्यपरिसमाप्तेः । (परि. 29). આ પરિભાષાને વિષે પુરુષોત્તમદેવ જણાવે છે કે ભાષ્યમાં આ લૌકિકન્યાય છે એમ પ્રદર્શિત કરવામાં આવ્યું છે : 'દેવદત્ત, યજ્ઞદત્ત અને વિષ્ણુમિત્રને ભોજન કરાવો' એમ કહ્યા પછી 'તે પ્રત્યેકને જમાડો' એવું ફરી કહેવામાં આવતું નથી. અને છતાંય પ્રત્યેકને જ ભોજન કરાવવામાં આવે છે.[૯] આવા ભાષ્યોક્ત લોકન્યાયનો પુરુષોત્તમદેવે પણ ઉપયોગ કર્યો છે.

(૨) क्वचित्समुदायेन वाक्यपरिसमाप्तिः । (परि. 3) પુરુષોત્તમદેવ જણાવે છે કે ભાષ્યમાં આને વિષે પણ લોકન્યાય પ્રદર્શિત કરવામાં આવ્યો છે. જેમકે, 'ગર્ગોને સો (રૂપિયા)નો દંડ કરો.' એમ કહેતા, અર્થની કામનાવાળા રાજાઓને હિરણ્યની જરૂર હોય છે, છતાંય પ્રત્યેક ગર્ગને સોનો દંડ કરવામાં આવતો નથી.[૧૦]

(૩) पर्जन्यवल्लक्षणप्रवृत्तिः । (परि. 86) થી જણાવ્યું છે કે શાસ્ત્રમાં પર્જન્ય-મેઘ-જેમ લક્ષણનાં પ્રવૃત્તિ થાય છે. આને સમજાવવા માટે પુરુષોત્તમદેવે

---

૮. कि. पुनर्वर्णोत्सत्ताविव णकारो द्विरनुबध्यते । एतज्ज्ञापयत्याचार्यो भवत्येषा परिभाषा व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणम् इति । अगुदित्सवर्णं परिहाय पूर्वेणाण्ग्रहणं परेणण्ग्रहणमिति व्याख्यास्यामः ॥ लण् ॥ 6 ॥

૯. वृद्धिरादैच् । 1-1-1 (सूत्रभाष्ये)...प्रत्यवयवं च वाक्यपरिसमाप्तेः । (12) प्रत्यवयवं च वाक्यपरिसमाप्तिः दृश्यते । तद्यथा । देवदत्तयज्ञदत्तविष्णुमित्रा भोज्यन्तामिति । न चोच्यते प्रत्येकमिति प्रत्येकं च भुजिः परिसमाप्यते ॥

૧૦. ननु चायमप्यस्ति दृष्टान्तः समुदाये वाक्यपरिसमाप्तिरिति । तद्यथा । गर्गाः शतं दण्ड्यन्तामिति । अर्थिनश्च राजानो हिरण्येन भवन्ति न च प्रत्येकं दण्डयन्ति ॥ तदेव ।

ભાષ્યોક્ત લોકન્યાયને રજૂ કર્યો છે. જેમકે, શાસ્ત્ર મેઘની જેમ કૃતકારિ છે, અગ્નિની જેમ અકૃતકારિ નથી. જો અકૃતકારિ હોય તો દીર્ઘને (પુનઃ) દીર્ઘ થશે નહીં; કારણ કે બળેલાને અગ્નિ (ફરી) બાળતો નથી. પરંતુ જો શાસ્ત્રને કૃતકારિ માનશો તો દીર્ઘ થયેલાને પણ (ફરીથી) દીર્ઘ થશે. જેવી રીતે મેઘ જળ (જળાશય)માં પણ વરસે છે અને સ્થળમાં પણ વરસે છે.[૧૧]

ગ. પુરુષોત્તમદેવે ભાષ્યચર્ચાને આધારે અથવા ભાષ્યનો જ સીધો ઉપયોગ કરીને પરિભાષાના અર્થને અને પ્રયોજનોને સમજાવ્યાં હોય છે, જેમકે;

(૧) अभ्यासविकारेष्वपवादा नोत्सर्गान् विधीन् बाधन्ते । (परि. 20) આ પરિભાષાને સમજાવતી વખતે પુરુષોત્તમદેવે ભાષ્યચર્ચાને ધ્યાનમાં રાખી છે. "અભ્યાસાશ્રિત કાર્યોમાં બાધકો બાધ્યવિધિઓનો બાધ કરતા નથી." એવો પરિભાષાર્થ આપ્યા પછી તેને સ્પષ્ટ કરતાં પુરુષોત્તમદેવ જણાવે છે કે આ પરિભાષાના પાઠમાં ઉત્સર્ગ અને અપવાદ શબ્દો 'બાધ્ય' અને 'બાધક'ના ઉપલક્ષણ છે. અર્થાત્ અંતરંગત્વને કારણે, પરત્વને કારણે અને અપવાદત્વને કારણે બાધક બનીને જે વિધિ પ્રાપ્ત રહે છે તે દરેક વિધિ અભ્યાસવિકારમાં બાધક બની શકતો નથી. આ સ્પષ્ટીકરણમાં, ભાષ્યકારે પરિભાષાના પાઠમાં જે ફેરફાર સૂચવ્યો છે તેનો પુરુષોત્તમદેવે ઉપયોગ કર્યો છે.

(૨) विभक्तौ लिङ्गविशिष्टग्रहणम् । (परि. 27). પુરુષોત્તમદેવે આ પરિભાષાની ચર્ચામાં કોઈ વિશેષ ચર્ચા કરી નથી. પણ ભાષ્યકારે વર્ણવેલાં આ પરિભાષાનાં પ્રયોજનોને એક પછી એક રજૂ કર્યાં છે.

(૩) निर्दिश्यमानस्यादेशा भवन्ति । (परि. 35)-આ પરિભાષાની ચર્ચાનો પ્રારંભ કરતાં પુરુષોત્તમદેવ જણાવે છે કે षष्ठी स्थानेयोगा । ૧-૧-૪૯ સૂત્રનો અર્થ જ પ્રસ્તુત પરિભાષા રૂપે રજૂ કરવામાં આવ્યો છે એમ ભાષ્યમાં વર્ણવ્યું

૧૧. इको झल् । ૧-૨-૯ (सूत्रभाष्ये)...सामर्थ्याद्धि पुनर्भाव्यम् ॥ सामर्थ्यात्तत्र पुनःप्रवृत्तिर्भवति भोजनविशेषाच्छिल्पिविशेषाद्वा । दीर्घाणां पुनर्दीर्घत्ववचने न किंचित् प्रयोजनमस्ति । अकृतकारि खल्वपि शास्त्रमग्निवत् । तद्यथा । अग्निर्यद्दग्धं तद्दहति । दीर्घाणामपि दीर्घवचन एतत्प्रयोजनं गुणो मा भूदिति । कृतकारि खल्वपि शास्त्रं पर्जन्यवत् । तद्यथा । पर्जन्यो यावद्दूरं पूर्णं च सर्वमभिवर्षति ॥

છે.[૧૨] આમ, આ પરિભાષાની સિદ્ધિ પણ ભાષ્યોક્ત ચર્ચાથી કરવામાં આવી છે.

(૪) સર્વે વિધયશ્છન્દસિ વિકલ્પ્યન્તે (परि. 56). પુરુષોત્તમદેવ જણાવે છે કે षष्ठीयुक्तश्छन्दसि वा । 1-4-9 સૂત્રમાં યોગવિભાગ કરીને આ પરિભાષા સાધવામાં આવી છે.[૧૩] તથા व्यत्ययो बहुलम् । 3-1-85 સૂત્રોક્ત વ્યત્યયથી પણ વૈદિકપ્રયોગોની સિદ્ધિ થાય છે. પુરુષોત્તમદેવે આ પરિભાષા તેની સિદ્ધિ અને પ્રયોજનોની ચર્ચામાં ભાષ્યનો જ સીધો ઉપયોગ કર્યો છે. આ પરિભાષા વ્યાડિના 'પરિભાષાસૂચન'માં મળતી નથી.

(૫) बहुव्रीहौ तद्गुणसंविज्ञानमपि । (परि. 6). પુરુષોત્તમદેવે આ પરિભાષાને સમજાવવા માટે "પાણિનિએ तद्गुणसंविज्ञान બહુવ્રીહિનો (પણ) નિર્દેશ કર્યો હોવાથી ઇષ્ટ સિદ્ધિ થાય છે.[૧૪] એવી ભાષ્યોક્ત ચર્ચાનો ઉપયોગ કર્યો છે.

(૬) अनिनस्मन्ग्रहणानि० । (परि. 77). પુરુષોત્તમદેવે આ પરિભાષાનાં પ્રયોજનોને ભાષ્યને આધારે સમજાવ્યાં છે.

ઘ. આ ઉપરાંત, પુરુષોત્તમદેવે પરિભાષાઓના વ્યાખ્યાન દરમ્યાન ભાષ્યકારના કેટલાક અભિપ્રાયોની પણ નોંધ લીધી છે. જેમકે,

(૧) एकदेशविकृतमनन्यवत् । (परि. 14) આ પરિભાષાનો અર્થ સમજાવ્યા પછી પુરુષોત્તમદેવ જણાવે છે કે प्राग्दीव्यतोऽण् । 4-1-83 સૂત્ર ઉપર ભાષ્યકારે આ પરિભાષા રજૂ કરી છે.

પરંતુ, આ પરિભાષા સ્વીકારવાથી શબ્દનિત્યત્વના સિદ્ધાન્તને હાનિ પહોંચશે, એવા અભિપ્રાયને મનમાં રાખીને પુરુષોત્તમદેવ ભાષ્યોક્ત સમાધાનનો

---

૧૨. षष्ठी स्थानेयोगा । 1-1-49 (सूत्रभाष्ये) ..न तर्हीदानीमयं योगो वक्तव्यः । वक्तव्यश्च । किं प्रयोजनम् । षष्ठ्यन्तं स्थानेन यथा युज्येत यतः षष्ठ्युच्चरिता । किं कृतं भवति निर्दिश्यमानस्यादेशा भवन्तीत्येषा परिभाषा न कर्तव्या भवति ॥

૧૩. षष्ठीयुक्तश्छन्दसि वा । 1-4-9 (सूत्रभाष्ये) योगविभागः कर्तव्यः । षष्ठीयुक्तश्छन्दसि । षष्ठीयुक्तः पतिशब्दश्छन्दसि घिसंज्ञो भवति । ततो वा । वा छन्दसि सर्वे विधयो भवन्ति । सुपां व्यत्ययः ।... युक्ता मातासोद्धुरि दक्षिणायाः । दक्षिणायामिति प्राप्ते ॥

૧૪. एकाचो द्वे प्रथमस्य. । 6-1-1- (सूत्रभाष्ये) ..सिद्धं तु तद्गुणसंविज्ञानात्पाणिनेर्यथा लोके । (15) (इत्यादिः)

અંગુલિનિર્દેશ કરે છે : શબ્દ નિત્ય છે; એમ સ્વીકારવું હશે તો એકદેશમાં વિકાર થયો છે એમ કહી જ શકાશે નહીં; કારણ કે પદો અખંડ છે.[૧૫]

(૨) कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे कार्यसंप्रत्ययः । (परि. 7). આ પરિભાષાને સમજાવ્યા પછી પુરુષોત્તમદેવ જણાવે છે કે આ પરિભાષા ક્વચિત્ જ આશ્રિત થાય છે. કેમકે ભાષ્યકારના મતે અહીં શાસ્ત્રમાં ઉભયગતિ થાય છે.[૧૬] અર્થાત્ કૃત્રિમ અને અકૃત્રિમ ઉભયનું ગ્રહણ થાય છે.

(૩) स्वरविधौ व्यञ्जनमविद्यमानवत् । (परि. 32). આ પરિભાષાને સમજાવ્યા પછી પુરુષોત્તમદેવ જણાવે છે કે સ્વરવિષયમાં વ્યંજન અવિદ્યમાનવત્ બનશે તો उदश्वित्वान् । જેવા પ્રયોગોમાં ह्रस्वनुड्भ्यां मतुम् । 6-1-176 થી મતુપ્ ઉદાત્ત થવા આવશે. આ અનિષ્ટની નિવૃત્તિ અર્થે समासस्य । 6-1-223 સૂત્ર ઉપરના ભાષ્યમાં हल्स्वरप्राप्तौ व्यञ्जनमविद्यमानवत् । એવી પરિભાષા રજૂ કરવામાં આવી છે. અને આવી પરિભાષા લેવાથી પ્રાપ્ત થતા દોષોને તે જ સ્થળે ભાષ્યકારે દૂર કરી બતાવ્યાં છે.-આ સમગ્ર ચર્ચાને ભાષ્યને આધારે રજૂ કરવામાં આવી છે.

ડ. અમુક પરિભાષાઓ ભાષ્યકારે પ્રત્યાખ્યાત કરી છે એમ જાણતા હોવા છતાંય પુરુષોત્તમદેવે તેવી પરિભાષાઓને સ્વીકારી છે. કારણ કે તેમણે व्याख्यानाद् वचनमेव लघु । એવા સિદ્ધાન્તને સ્વીકાર્યો છે.[૧૭] આથી ભાષ્યસ્થિત પૂર્વપક્ષે વર્ણવેલાં તેવી પરિભાષાઓનાં પ્રયોજનોનો પણ પુરુષોત્તમદેવે ઉપયોગ કર્યો છે. જેમકે,

(૧) नानर्थकेऽलोऽन्त्यविधिः । (परि. 93). ભાષ્યમાં (1-1-65 સૂત્રભાષ્યમાં) પૂર્વપક્ષીએ આ પ્રયોજનોને વર્ણવ્યાં છે, અને પરિભાષાનાં પાઠમાં "अनभ्यास-

---

૧૫. दाधाघ्वदाप् । 1-1-20 (सूत्रभाष्ये) ...

सर्वे सर्वपदादेशा दाक्षीपुत्रस्य पाणिनेः ।
एकदेशविकारे हि नित्यत्वं नोपपद्यते ॥

૧૬. बहुगणवतुडति संख्या । 1-1-23 (सूत्रभाष्ये)...अर्थात्प्रकरणाद्वा लोके कृत्रिमाकृत्रिमयो कृत्रिमे संप्रत्ययो भवति ।...न यथा लोके तथा व्याकरणे । उभयगतिः पुनरिह भवति ।...

૧૭. यद्यपि पुनर्नैतानि संप्रति प्रयोजनानि इत्यादिना ग्रन्थेन भाष्ये एव प्रत्याख्यायन्ते तथापि प्रत्याख्यानाद् व्याख्यानगौरवद्वारेण परिभाषा-वचनमेतल्लघीयः इति । लघुपरिभाषावृत्तिः परिभाषा । 103

विकारेषु ।'' એવો અંશ ઉમેરવો જોઈએ એમ જણાવ્યું છે. ઉપર જણાવ્યું તેમ સરળતાને માટે પુરુષોત્તમદેવે આ ચર્ચાનો સ્વીકાર કર્યો છે.

(૨) संप्रसारणं संप्रसारणाश्रयं च कार्यं बलवत् । (परि. 103) મહાભાષ્યમાં (6-1-17 સૂત્ર ઉપર) પૂર્વપક્ષીએ આ પરિભાષાનો ઉપન્યાસ કર્યો છે; અને તેનાં પ્રયોજનો વર્ણવ્યાં છે. ભાષ્યકારે આ પ્રયોજનો સ્વીકાર્યાં છે. પરંતુ વ્યાખ્યાનને ગૌરવગ્રસ્ત કરવું એના બદલે આવું પરિભાષાવચન કરવું તેમાં લાઘવ છે, એમ જણાવીને પુરુષોત્તમદેવે આ પરિભાષાનું વ્યાખ્યાન કર્યું છે.

(૩) अनन्त्यविकारोऽन्त्यसदेशस्य।(परि.107). પુરુષોત્તમદેવે આ પરિભાષાનાં પ્રયોજનો પણ (6-1-13) સૂત્ર ઉપરના) પૂર્વપક્ષ-ભાષ્યને આધારે સમજાવ્યાં છે અને ભાષ્યોક્ત પ્રત્યાખ્યાનનો ઉલ્લેખ કર્યો છે.

આમ, પુરુષોત્તમદેવે ભાષ્યસ્થિત પરિભાષાઓની ચર્ચાઓનો મોટા પ્રમાણમાં અને વિવિધ રીતે ઉપયોગ કર્યો છે. પરંતુ અહીં એક શંકા ઉદ્ભવવાની શક્યતા છે. જેમકે, ઉપરની ચર્ચામાં જે જ્ઞાપક કે પ્રયોજનાદિને ભાષ્યને આધારે રજૂ કરવામાં આવ્યાં છે એમ નિર્દેશ્યું છે, તેમાંના કેટલાંક જ્ઞાપક કે પ્રયોજનાદિ વ્યાડિને નામે મળતા 'પરિભાષાસૂચન'માં પણ જોવા મળે છે. તેથી શું એવું ન બની શકે કે પુરુષોત્તમદેવે તે તે જ્ઞાપક, પ્રયોજનો વ્યાડિના 'પરિભાષાસૂચન'માંથી સ્વીકાર્યાં હોય?-આ શંકાના સમાધાન માટે આપણે એક મુદ્દો ધ્યાનમાં રાખવો જોઈએ;

જે પરિભાષાના જ્ઞાપકાદિ 'પરિભાષાસૂચન' અને ભાષ્ય બન્નેયમાં એકસરખાં પ્રાપ્ત થાય છે, તે પરિભાષાના વ્યાખ્યાનમાં પુરુષોત્તમદેવે સ્પષ્ટપણે भाष्ये प्रदर्शितः । એમ ભાષ્યનો નામોલ્લેખ કર્યો છે. તેથી આપણે એમ સ્વીકારવું જ રહ્યું કે પુરુષોત્તમદેવે આ વિગતોને ભાષ્યમાંથી જ લીધી છે. બીજું, પુરુષોત્તમદેવે આવા સંદર્ભોમાં ક્યાંય 'પરિભાષાસૂચન'નો કે તેના કર્તાનો નામોલ્લેખ કર્યો નથી.

૨.

પાણિનિના અષ્ટાધ્યાયી ગ્રન્થ ઉપર પ્રાચીન વૃત્તિઓમાંથી એક માત્ર 'કાશિકા' નામની વૃત્તિ જ પૂર્ણ ગ્રન્થ રૂપે પ્રાપ્ત થાય છે. અને તે પ્રમાણભૂત ગણાય છે. આ વૃત્તિ ઉપર બૌદ્ધ વૈયાકરણ જિનેન્દ્રબુદ્ધિએ 'કાશિકાવિવરણપંજિકા' અથવા 'ન્યાસ' નામની ટીકા રચી હતી. તથા મૈત્રેયરક્ષિતાદિ જેવા બીજા બૌદ્ધ વૈયા-

કરણોએ 'કાશિકાવૃત્તિ'ને અનુસરીને પોતપોતાના ગ્રન્થોની રચના કરી હતી.

પુરુષોત્તમદેવે પણ 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચનામાં આ 'કાશિકા' વૃત્તિનો ઘણે સ્થળે ઉપયોગ કર્યો છે, કેટલાંક ઉદાહરણો નોંધીશું :

૧. સંનિપાતલક્ષણો વિધિરનિમિત્તં તદ્વિઘાતસ્ય । (પરિ. 10) પુરુષોત્તમદેવે આ પરિભાષાના વ્યાખ્યાનમાં પ્રારંભે જણાવ્યું છે કે કૃન્મેજન્તઃ । 1-1-39 સૂત્રભાષ્યમાં ભાષ્યકારે આ પરિભાષા રજૂ કરી છે. પરંતુ તેના પ્રયોજનાદિનો નિર્દેશ કરવા માટે પુરુષોત્તમદેવે 'કાશિકા'નો ઉપયોગ કર્યો છે. જેમકે, મથિતં પણમસ્યેતિ માથિતિકઃ । એ પ્રયોગમાં યસ્યેતિ ચ 6-4-148 સૂત્રથી ઇક્ નિમિત્તત્વ રૂપે ઠક્ પ્રત્યયનો લોપ થાય છે. તે સ્થિતિમાં ત્ કારાન્તત્વ નિષ્પન્ન થતાં ઇસુસુક્તાન્તાત્કઃ । 7-3-51 થી ક આદેશ થતો નથી. આ પ્રયોજન ઇસુસુક્તાન્તાત્કઃ । 7-3-51 સૂત્ર ઉપર કાશિકાકારે નોંધ્યું છે.

૨. અભ્યાસવિકારેષ્વપવાદા નોત્સર્ગાન્ વિધીન્ બાધન્તે । (પરિ. 20) પુરુષોત્તમદેવે આ પરિભાષાનાં જ્ઞાપક અને પ્રયોજનની ચર્ચા-સામગ્રી 'કાશિકા'-માંથી લીધી છે. દીર્ઘોઽકિતઃ । 7-4-83 સૂત્ર ઉપરની 'કાશિકા' વૃત્તિમાં જણાવ્યું છે કે અપવાદત્વને કારણે નુક્ કર્યા પછી અભ્યાસ અનજન્ત હોવાથી જ દીર્ઘ થશે નહીં. એવી સ્થિતિમાં અકિતઃ પદથી જ્ઞાપિત થાય છે કે અભ્યાસવિકારેષુ ...ો. આ જ્ઞાપનનું પ્રયોજન આ પ્રમાણે છે : ડોઢૌક્યતે । રૂપમાં દીર્ઘોઽકિતઃ । 7-4-83 થી સન્ધ્યક્ષર હ્રસ્વનો બાધ થતો નથી. અચીકરત્ । રૂપમાં દીર્ઘો લઘોઃ 7-4-94 સૂત્રથી સન્વદ્ભાવ પ્રયુક્ત ઇત્વ નો બાધ થતો નથી. મીમાંસતે । રૂપમાં માન્પ્રભૃતિ० । 3-1-6 થી થનાર દીર્ઘ વડે સન્ પરમાં રહેતાં ઇત્વ નો બાધ થતો નથી. અને અજીગણત્ । રૂપમાં ઈ ચ ગણઃ । 7-4-97 સૂત્રોક્ત ઇત્વ થી હલાદિઃ શેષઃ । 7-8-60 નો બાધ થતો નથી.[૧૮] પુરુષોત્તમદેવે આ ચર્ચાનો

---

૧૮. દીર્ઘોઽકિતઃ । 7-4-83 ઇત્યત્ર કાશિકા ।.. અકિત ઇતિ કિમ્ યંયમ્યતે । યંયમીતિ । રંરમ્યતે । રંરમીતિ । ન્નુ ચાત્રાપવાદત્વાન્નુકિ કૃતેઽભ્યાસસ્યાનજન્તત્વાદેવ દીર્ઘત્વં ન ભવિષ્યતિ ? । એવં તર્હ્યકિત ઇત્યનેનૈતજ્જ્ઞાપ્યતે-અભ્યાસવિકારેષ્વપવાદા નોત્સર્ગાન્ વિધીન્ બાધન્ત ઇતિ । કિમેતસ્ય જ્ઞાપને પ્રયોજનમ્ ? । ડોઢૌક્યત ઇત્યત્ર દીર્ઘોઽકિત ઇત્યનેન સંધ્યક્ષરહ્રસ્વો ન બાધ્યતે । અચીકરદિત્યત્ર દીર્ઘો લઘોરિત્યનેન સન્વદિત્વં ન બાધ્યતે । માન્પ્રભૃતીનાં દીર્ઘેણ સનીત્વં ન -બાધ્યતે-મીમાંસતે । ઈ ચ ગણ ઇતીત્વેન હલાદિઃ શેષો ન બાધ્યતે-અજીગણત્ ॥

સ્વીકાર કર્યો છે.

૩. स्वार्थिकाः प्रकृतितो लिङ्गवचनान्यतिवर्तन्तेऽपि । (परि.58) પુરુષોત્તમદેવે આ પરિભાષાના વ્યાખ્યાનમાં णचः स्त्रियाम् । 6-4-14 અને ईषदसमाप्तौ कल्पब्देश्यदेशीयरः । 5-3-67 સૂત્ર ઉપરની 'કાશિકાવૃત્તિ'નો સીધો ઉપયોગ કર્યો છે. જેમકે, स्त्रियाम् (5-4-14) ને કાશિકાકારે જ્ઞાપક સ્વરૂપે વર્ણવ્યું છે તથા गुडकल्पा द्राक्षा । અને तैलकल्पा प्रसन्ना । જેવાં પ્રયોજનો નિર્દેશ્યાં છે.[૧૯] પુરુષોત્તમદેવે આ પ્રયોજનોનો યથાવત્ સ્વીકાર કર્યો છે.

૪. भवति हि क्रियाविशेषणानां कर्मत्वं नपुंसकत्वं च । (परि. 59). પુરુષોત્તમદેવે આ પરિભાષાને પણ 'કાશિકા' ને આધારે જ રજૂ કરી છે. જેમકે, तत्प्रत्यनुपूर्वमीपलोमकूलम् । 4-4-28 સૂત્ર ઉપરની 'કાશિકા'વૃત્તિમાં પ્રશ્ન કરવામાં આવ્યો છે: (वृतु वर्तने) वृत् ધાતુ અકર્મક છે, તેનો કર્મની સાથે કેવી રીતે સંબંધ શક્ય છે? આનો જવાબ આપતાં જણાવ્યું છે કે અકર્મક ધાતુઓના ક્રિયાવિશેષણ પણ કર્મ બને છે. ઉદાહરણ તરીકે प्रतीपं वर्तते प्रातीपिकः । आन्वीपिकः ।[૨૦]

પરિભાષાના પાઠમાંનો नपुंसकत्वम् એ અંશ 'કાશિકા'માંથી લીધો નથી.

૩.

જિનેન્દ્રબુદ્ધિ પૂર્વભારતની બૌદ્ધવૈયાકરણ પરંપરાના એક નોંધપાત્ર વૈયાકરણ છે. પૂર્વભારતની વૈયાકરણ પરંપરાના તમામ વૈયાકરણોએ તેમની 'ન્યાસ' ટીકાનો ઉપયોગ કર્યો છે. પુરુષોત્તમદેવે પણ 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચનામાં 'ન્યાસ'નો અનેક રીતે વિપુલ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે, તે નીચેની વિગતો જોતાં સ્પષ્ટ થઈ જશે:

---

૧૯. णचः स्त्रियामज् । 5-4-14 इत्यत्र काशिका-स्त्रीग्रहणं किमर्थं यावता णच् स्त्रियामेव विहितः ततः स्वार्थिकास्तत्रैव भविष्यति एवं तर्ह्येतज् ज्ञापयति स्वार्थिकाः प्रत्ययाः प्रकृतितो लिङ्गवचनान्यतिवर्तन्तेऽपि इति । तेन गुडकल्पा द्राक्षा । तैलकल्पा प्रसन्ना (सुराविशेषः इति पदमञ्जरी) ।

૨૦. तत्प्रत्यनुपूर्वमीपलोमकूलम् । 4-4-28 इत्यत्र काशिका ननु च वृत्तिरकर्मकः, तस्य कथं कर्मणा सम्बन्धः? । क्रियाविशेषणमकर्मकाणामपि कर्म भवति । प्रतीपं वर्तते, प्रातीपिकः । आन्वीपिकः ।

ક. (૧) અર્થવદ્ગ્રહણે નાનર્થકસ્ય। (परि. 1) આ પરિભાષામાં સ્વં રૂપં૦। 1-1-68 સૂત્રસ્થ સ્વરૂપ ગ્રહણ જ્ઞાપક છે. આને સમજાવતાં પુરુષોત્તમદેવ જણાવે છે કે શબ્દની પ્રતીતિમાં ઉપદેશની[૨૧] અપેક્ષા હોતી નથી. પરિણામે, અસાધારણત્વ (અહેયત્વ) અને નિત્યસંબંધિત્વને કારણે પ્રત્યાસત્તિથી શબ્દનું સ્વરૂપ જ ગૃહીત થાય છે, પણ એથી ઉલટું, અર્થ ગૃહીત થતો નથી. આમ સ્વ ગ્રહણથી જ રૂપ નો પરિગ્રહ સિદ્ધ હતો તેવી સ્થિતિમાં "વ્યાકરણમાં રૂપની જેમ અર્થ પણ ગૃહીત થાય છે" એવું જ્ઞાપિત કરવા માટે રૂપ ગ્રહણ કર્યું છે.[૨૨] આ જ્ઞાપકચર્ચા 'ન્યાસ'માંથી લેવામાં આવી છે.

(૨) तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते। (परि. 19) ભાષ્યમાં ह्रस्वनद्यापो नुट्। 7-1-54 સૂત્ર ઉપર એકવાર આ પરિભાષાનો ઉલ્લેખ થયો છે. ભાષ્યકારે આ પરિભાષાને બદલે तदेकदेशभूतं तद्ग्रहणेन गृह्यते। એવા પાઠવાળી પરિભાષાના જ્ઞાપકની ચર્ચા કરી છે. પરંતુ કાશિકાકાર અને ન્યાસકારે तदेकदेशभूत૦। પરિભાષાને સ્થાને तन्मध्यपतितः૦। પરિભાષાને રજૂ કરી છે અને પુરુષોત્તમદેવે તેમનું અનુસરણ કર્યું છે. બીજું, ભાષ્યકારે एतत्तदो૦। 6-1-132 સૂત્રસ્થ अकोः। પદને तदेकदेशभूतम्૦। પરિભાષાનું જ્ઞાપક ગણ્યું છે. તેને બદલે કાશિકાકારે नेदमदसोः૦। 7-1-11 સૂત્રસ્થ अकोः। પદને જ્ઞાપક દર્શાવ્યું છે. આ ભૂલને સુધારીને ન્યાસકારે एतत्तदोः૦। 6-1-132 સૂત્રસ્થ अकोः। પદની જ્ઞાપક રૂપે પુનઃ સ્થાપના કરી છે.[૨૩] આ જ્ઞાપકચર્ચાને પણ પુરુષોત્તમદેવ અનુસર્યા છે.

---

૨૧. મૂળ પાઠમાં प्रतीतानुपदेश ને બદલે प्रतीतावुपदेश હોવું જોઈએ.

૨૨. स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा। 1-1-68 इत्यत्र न्यासः। तदेवमासन्नत्वान्नित्यसम्बन्धित्वादसाधारणत्वाच्च रूपमेव शब्दस्य स्वम्, नार्थः। ततश्च स्वग्रहणादेव रूपपरिग्रहे सिद्धे व्याकरणे रूपवदर्थेप्यिऽङ्गीक्रियत इति ज्ञापनार्थं रूपग्रहणम्। तेन-"अर्थवद्ग्रहणे नानर्थकस्य" इत्येतदुपपन्नं भवति।

૨૩. नेदमदसोरकोः 7-1-11 इत्यत्र काशिका अकोरित्येतदेव प्रतिषेधवचनं ज्ञापकम्-तन्मध्यपतितस्तद्ग्रहणेन ह्गृयते इति। तथा च-

एतत्तदोः सुलोपः૦। 6-1-132 इत्यत्र न्यासः-ननु साकच्कवेतौ भिन्नरूपत्वादेतत्तदौ न भवतः, तत् किम् "अकोः" इति प्रतिषेधेन ?। इत्यत आह-तन्मध्यपतित इत्यादि। तस्याश्च परिभाषाया अस्तित्वे एष एव अकोः इति प्रतिषेधो ज्ञापकः, नेदमदसोरकोः इति च।

(૩) निरनुबन्धकग्रहणे न सानुबन्धकस्य । અને एकानुबन्धकग्रहणे न द्व्यनुबन्धकस्य । (परि. 36–37). ભાષ્યકારે वामदेवाड्ड्यड्ड्यौ । 4–2–9 સૂત્રસ્થ ડિત્ કરણથી अननुबन्धकग्रहणे० । અને तदनुबन्धकग्रहणे नातदनुबन्धकस्य । એવી બે પરિભાષાઓને જ્ઞાપિત કરી છે. પરંતુ કાશિકાકારે अननुबन्धकग्रहणे० । અને एकानुबन्धकग्रहणे० । એવી પરિભાષાઓ જ્ઞાપિત થતી માની છે. આના અનુસન્ધાનમાં ન્યાસકારે अननुबन्धकग्रहणे० । ના પાઠમાં ફેરફાર કરીને निरनुबन्धकग्रहणे० । તથા एकानुबन्धकग्रहणे० । પરિભાષાઓને માની છે.[૨૪] પુરુષોત્તમદેવે ન્યાસકારનું અનુસરણ કર્યું છે.

(૪) अङ्गाधिकारे तस्य तदुत्तरपदस्य । (परि. 85) કાશિકાકારે युजेरसमासे 7–1–71 સૂત્રસ્થ असमासे ગ્રહણનું પ્રયોજન નિર્દેશતાં अश्वयुक् એવું ઉદાહરણ નોંધ્યું છે. આને સમજાવતાં ન્યાસકારે જણાવ્યું છે કે તદન્તવિધિ થઈને સમાસમાં પણ નુમ્ પ્રાપ્ત રહે છે. માટે असमासे નું ગ્રહણ કરવું પડ્યું છે. અને અહીં अङ्गाधिकारे० । પરિભાષાથી તદન્તવિધિ થાય છે. તેમાં આ असमासे એવું પદ જ જ્ઞાપક છે.[૨૫]

પુરુષોત્તમદેવે આ ન્યાસોક્ત ચર્ચાને સ્વીકારીને પ્રસ્તુત પરિભાષાનું જ્ઞાપક વર્ણવ્યું છે.

ख. (૧) लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम् । (परि. 3) ન્યાસકારે यावत्पुरानिपातयोर्लट् । 3–3–4 સૂત્ર ઉપર આ પરિભાષાના અનિત્યત્વનો નિર્દેશ કર્યો છે.[૨૬] તેને અનુસરીને પુરુષોત્તમદેવે પણ આ પરિભાષાના

---

૨૪. द्रष्टव्यः वामदेवाड्ड्यड्ड्यौ । 4–2–9 इत्यत्र न्यासः ।

૨૫. युजेरसमासे । 7–1–71 इत्यत्र काशिका–असमासे इति किम् ?। अश्वयुक्, अश्वयुजौ, अश्वयुजः ॥ अत्र न्यासः अश्वयुगिति । अश्वं युनक्तीति "सत्सूद्विष" इत्यादिना क्विप् । कथं युजेर्नुम्युच्यमाने समासेऽपि स्यात् तदन्तविधिना । कथमत्र तदन्तविधिः ?। एतदेव ज्ञापकं–अस्तीह तदन्तविधिरिति । उक्तश्च–"अङ्गाधिकारे तस्य तदुत्तरपदस्य" इति वचनात् ॥

૨૬. यावत्पुरानिपातयोर्लट् । 3–3–4 इत्यत्र न्यासः । नुन चाव्युत्पन्नावेव यावत्पुराशब्दौ निपातौ, तौ च व्युत्पादितौ, तत्र लक्षणप्रतिपदोक्तपरिभाषयैव तयोर्निपातयोर्ग्रहणं भविष्यति, तत्. किमर्थं निपातग्रहणम् मन्दबुद्धीनां प्रतिपत्तिगौरवपरिहारार्थमित्येके । अस्याः परिभाषाया अनित्यत्वज्ञापनार्थमित्यपरे ।

અનિત્યત્વની ચર્ચા કરી છે.

(૨) वर्णाश्रये प्रत्ययलोपलक्षणनिषेधः। (परि. 52) આ પરિભાષાના અનિત્યત્વની ચર્ચા પણ 'ન્યાસ'ને આધારે કરવામાં આવી છે. જેમકે, शास् इदङ्हलोः। 6-4-34 સૂત્ર ઉપર ન્યાસકારે કહ્યું છે કે वर्णाश्रये प्रत्ययलक्षणं नास्ति। એ પરિભાષા પ્રાયિક છે. 'ક્વચિદ્ વર્ણાશ્રયે રહેલાં કાર્યોમાં પણ પ્રત્યયલક્ષણ થાય છે.' તેથી अतृणेट्। જેવા ઉદાહરણમાં तृणह इम्। 7-3-92 થી इम् આગમ થયો છે.

(૩) व्यवस्थितविभाषयापि कार्याणि क्रियन्ते। (परि. 62). પુરુષોત્તમદેવ જણાવે છે કે જાતિપક્ષનો આશ્રય કરીને આ પરિભાષા રજૂ કરવામાં આવી છે. જાતિ પદાર્થમાં લક્ષણની લક્ષ્યમાં એક જ વાર પ્રવૃત્તિ થાય છે. તેથી પાણિનિએ સકળ લક્ષ્યજાતિનો સંક્ષેપ કરીને સૂત્રો બનાવ્યાં છે. પરિણામે કોઈ એક લક્ષ્યમાં ભાવ-સૂત્રની પ્રવૃત્તિ-કરતાં સર્વત્ર લક્ષણની પ્રવૃત્તિ થઈ એમ મનાય છે. તેમજ કોઈ એક લક્ષ્યમાં અભાવ-સૂત્રની અપ્રવૃત્તિ-રહેતાં સર્વત્ર લક્ષણની અપ્રવૃત્તિ થઈ એમ મનાય છે. આ ચર્ચાની પાછળ પણ ન્યાસવચનનું સમર્થન રહેલું છે. જેમકે, शाश्छोरन्यतरस्याम्। 7-4-41 સૂત્ર ઉપર ન્યાસકાર જણાવે છે કે...एतच्च विविधमवस्थानं आकृतौ पदार्थे वेदितव्यम्। तत्र हि सर्वं लक्ष्यराशिमेकीकृत्याभिसंक्षिप्य तदुभयमुपदिश्यते।

(૪) अवयवसिद्धेः समुदायसिद्धिर्बलीयसी। (परि. 101) પુરુષોત્તમદેવ જણાવે છે કે સમુદાય સર્વાનુગ્રાહી હોવાથી તેનું પ્રાધાન્ય હોય છે. તેથી સમુદાયાશ્રિત કાર્યો અવયવાશ્રિતકાર્યોની અપેક્ષાએ બળવાન હોય છે. જેમકે, दीधीवेवीटाम्। 1-1-6 સૂત્રમાં दीङ् क्षये, धीङ् आधारे, वेञ् तन्तुसन्ताने, वी गत्यादौ। નું ગ્રહણ થતું નથી.

આ ચર્ચાના પાયામાં પણ 'ન્યાસ'ની નિમ્નોક્ત ચર્ચા રહેલી છે, તેમ સ્પષ્ટ જણાય છે. दीधीवेवीटाम् 1-1-6 સૂત્રમાં दीधीङ्-दीप्तिदेवनयोः, वेवीङ् वेतिना तुल्ये એ બે ધાતુઓનું ગ્રહણ થાય છે. પરંતુ दीङ् क्षये, धीङ् अनादरे, वेञ् तन्तुसन्ताने, वी गतिप्रजनादौ ધાતુઓનું ગ્રહણ થતું નથી. કારણ કે જો આ ધાતુઓનું ગ્રહણ અભિમત હોય તો असंदेहार्थं वीवेधीदीटाम्।

એવું સૂત્ર રચવામાં આવ્યું હોત.[૨૭]

(૫) પૂર્વત્રાસિદ્ધિયમદ્વિત્વે । (પરિ. 110). પુરુષોત્તમદેવે "કાત્યાયનનું વચન પરિભાષા રૂપે રજૂ કરવામાં આવે છે" એમ કહીને ચર્ચાની શરૂઆત કરી છે. પરંતુ આ પરિભાષાના પ્રયોજનાદિની રૂપસિદ્ધિ વગેરે માટે તેમણે 'ન્યાસ'નો જ મહત્તમ ઉપયોગ કર્યો છે.[૨૮]

(૬) સકૃદ્‌ગતૌ વિપ્રતિષેધે યદ્‌બાધિતં તદ્‌બાધિતમેવ । (પરિ. 39) અને પુનઃપ્રસઙ્ગવિજ્ઞાનાત્સિદ્ધમ્ । (પરિ. 40) પુરુષોત્તમદેવે આ બે પરિભાષાઓના વ્યાખ્યાનમાં જણાવ્યું છે કે વિપ્રતિષેધે પરં કાર્યમ્ । 1-4-2 સૂત્ર ઉપર જાતિ અને વ્યક્તિપક્ષનું આશ્રયણ કરીને આ પરિભાષાઓ રજૂ કરવામાં આવી છે. વિપ્રતિષેધે० । 1-4-2 સૂત્ર ઉપરના ભાષ્યમાં આ બે પરિભાષાઓને સિદ્ધ કરવામાં આવી છે, પરંતુ ત્યાં જાતિપક્ષ અને વ્યક્તિપક્ષનો નિર્દેશ કરવામાં આવ્યો છે. સૌ પ્રથમ ન્યાસકારે આ બે પક્ષોની રજૂઆત કરીને આ પરિભાષાઓ સમજાવી છે.[૨૯]

---

૨૭. ननु च दीङ् क्षये, धीङ् अनादरे, वेञ् तन्तुसन्ताने, वी गतिप्रजनकान्त्यसनखादनेषु इत्येतेषां ग्रहणं कस्मान्न विज्ञायते यद्येषां ग्रहणमभिमतम् स्यादसंदेहार्थं वीवेधीदीटाम् इत्येवं न्यासं कुर्यात्, अन्यथा तु कृतम्, तस्मात् पूर्वोक्तयोरेव धात्वोरिह ग्रहणम् ।

૨૮. सर्वस्य द्वे । 8-1-1 इत्यत्र काशिका-इह हि न स्यात्-प्रपचति, प्रपचतीति । इह द्रोग्धा, द्रोढा-इति घत्वढत्वयोरसिद्धत्वादकृतयोरेव तयोर्द्विवचनं प्राप्नोति, तत्र पश्चाद्विकल्पे सत्यनिष्टमपि स्यात्-द्रोग्धा द्रोढा, द्रोढा द्रोग्धेति । तस्माद्वक्तव्यमेतत्-पूर्वत्रासिद्धीयमद्विर्वचने इति ॥ अत्र न्यासः । इहेत्यादि । द्रुह जिघांसायाम्, ततस्तृच्, द्रुह+तृ इति स्थिते घत्वढत्वे प्राप्नुतः ..तत्र यदा पूर्वोत्तरयोरेकस्य घत्वं भवत्यपरस्य ढत्वम्, तदानिष्टमपि प्राप्नोति ।... तस्मादनिष्टनिवृत्यर्थम् पूर्वत्रासिद्धीयमद्विर्वचने इति वक्तव्यम् ॥

૨૯. विप्रतिषेधे परं कार्यम् । 1-4-2 इत्यत्र न्यासः ।...द्रव्ये पदार्थे तु प्रतिव्यक्ति लक्षणं प्रवर्तन इत्यकृतार्थत्वात् लक्षणयोः पर्यायेण प्रवृत्तिः प्राप्नोति, यथा ब्राह्मणक्षत्रियादीनामसहभुजामेकस्मिन् भाजने भुजक्रियायां पर्यायः स्यात् । तत्र जातौ पदार्थे कृतार्थत्वाद् वृत्तौ प्राप्तायां विध्यर्थमिदमारभ्यते-विप्रतिषेधे सति परं कार्यं

કાશીની વૈયાકરણ પરંપરામાં નાગેશાદિએ "આ પરિભાષાઓ જાતિપક્ષ અને વ્યક્તિપક્ષનું આશ્રયણ કરીને કૈયટે સમજાવી છે." એમ નોંધ્યું છે. પરંતુ ન્યાસકારનો સમય કૈયટની પૂર્વેનો છે.[૩૦] તેથી આપણે એમ જ માનવું જોઈએ કે પુરુષોત્તમદેવે 'ન્યાસ'માંથી સૂચન લઈને આ પરિભાષાઓને, આ રીતે સમજાવી છે. બીજું, પુરુષોત્તમદેવે ન્યાસકારનો જેવી રીતે સર્વત્ર ઉલ્લેખ કર્યો છે, તેવી રીતે કૈયટનો ક્યાંય નામોલ્લેખ કર્યો નથી.

ગ. પરિભાષાઓની ચર્ચા દરમ્યાન પુરુષોત્તમદેવ ક્યારેક પોતાના વ્યાખ્યાનનું સમર્થન કરવા અથવા તો પોતાના મતની સાથે ન્યાસકારના મતની સંગતિ કરવા માટે 'ન્યાસ'નો ઉલ્લેખ કરે છે. જેમકે,

(૧) प्रत्ययाप्रत्यययोः प्रत्ययस्यैव० । (परि.92). આ પરિભાષા ભાષ્યમાં મળતી નથી, એમ પુરુષોત્તમદેવ જાણે છે. તથાપિ પોતે શા માટે રજૂ કરી છે તેના જવાબમાં નોંધે છે કે विज इट् । 1-2-2 સૂત્ર ઉપર ન્યાસકારે આ પરિભાષાનો ઉપન્યાસ કર્યો છે.

(૨) न हि कार्यी निमित्तत्वेनाश्रीयते । (परि. 95). પુરુષોત્તમદેવે આ પરિભાષાને અનિત્ય જાહેર કરી છે. તેના સમર્થનમાં તેઓ જણાવે છે કે ओः पुयण्ज्यपरे । 7-4-80 સૂત્ર ઉપર पुङ् पवने ધાતુમાંથી पिपविषते । એવું રૂપ બને છે. આ રૂપમાં सन् પરમાં રહેતાં स्मिपूङ्० । 7-2-74 થી इट् કર્યા પછી ગુણ અને અવાદેશનો द्विर्वचनेऽचि । 1-1-59 થી સ્થાનિવદ્ભાવ થાય છે. એવું ન્યાસકારે કહ્યું છે.[૩૧] અહીં દ્વિર્વચનવિધિમાં सन् કાર્યિન્ છે; તેથી

भवतीति । तत्र कृते यदि पूर्वमपि प्राप्नोति, तदपि भवत्येव । तत्रेदमुच्यते–पुनःप्रसङ्गविज्ञानात् सिद्धमिति । व्यक्तौ तु पदार्थे कृतार्थत्वात् शास्त्रयोः पर्यायेण प्रवृत्तौ प्राप्तायां नियमार्थमिदम्–विप्रतिषेधे परमेव भवति, न पूर्वमिति । तत्रेदमुच्यते सकृद्गतौ विप्रतिषेधे यद् बाधितं तद् बाधितमेवेति ॥

૩૦. ન્યાસકાર જિનેન્દ્રબુદ્ધિનો સમય ૮મી સદી મનાય છે.
(જુઓ : A Dictionary of Sanskrit Grammar, P. 161).

૩૧. ओः पुयण्ज्यपरे । 7-4-80 इत्यत्र न्यासः । पिपविषत इति । पूङ् पवने, सन्, स्मिपूङ्रञ्जवशां सति इति इट्, गुणावदेशौ । स्थानिवद्भावात् पू इत्यस्य द्विर्वचनम्, स्थानिवद्भावस्तु द्विर्वचनेऽचि इत्यनेन ।

ન્યાસોક્તિની સાથે સંગતિ નહીં થાય. પરંતુ જો આ પરિભાષાને અનિત્ય માનશો તો તે સંગત બની રહેશે.

(૩) प्रकृतिवदनुकरणं भवति । (परि. 114). पुरुषोत्तमदेवे परिव्ययेभ्यः क्रियः । 1-3-18 સૂત્રને આ પરિભાષાનું જ્ઞાપક ગણ્યું છે. તેની ચર્ચા કરતાં જણાવ્યું છે કે क्रियः એવા નિર્દેશમાં પ્રકૃતિવદ્ભાવ થવાથી अघातुः । 1-2-45 એવા નિષેધથી પ્રાતિપદિક સંજ્ઞાનો નિષેધ થશે એવી શંકા ન કરવી. કારણ કે अघातुः એ પદમાં धातुः न भवति । એ અર્થવાળો પ્રસજ્યપ્રતિષેધ નથી, પરંતુ धातोरन्यत् प्रातिपदिकम् । એવો પર્યુદાસ છે.

આના સમર્થનમાં પુરુષોત્તમદેવ નોંધે છે કે क्षियो दीर्घात् । 8-2-46 સૂત્રસ્થ क्षियः એવા નિર્દેશમાં (अधातोः । એવા પદમાં પર્યુદાસનું આશ્રયણ કરીને) ધાતુત્વાશ્રિત પ્રાતિપદિકસંજ્ઞા થશે, એમ ન્યાસકારે કહ્યું છે.[૩૨]

ઘ. આ ઉપરાંત પુરુષોત્તમદેવે પરિભાષાઓના વ્યાખ્યાનમાં જુદા જુદા વૈયાકરણોના અભિપ્રાયો નોંધ્યા છે. તેમાં સૌથી વધારે 'ન્યાસ'ના અભિપ્રાયો છે. તે આપણે આગળ ઉપર જોઈશું.

૬

પુરુષોત્તમદેવે કેટલીક પરિભાઓના વ્યાખ્યાનમાં 'કાશિકા' અને 'ન્યાસ' બન્નેનો ઉપયોગ કર્યો છે. કેટલાંક ઉદાહરણો જોવાથી આ મુદ્દો સ્પષ્ટ થશે.

૧. पुरस्तादपवादा अनन्तरान्० । (परि. 8). કાશિકાકારે જણાવ્યું છે કે परिमाणख्यायां सर्वेभ्यः । 3-3-20 સૂત્રસ્થ सर्व ગ્રહણથી अप् નો પણ બાધ કરવામાં આવે છે. કારણ કે पुरस्तादपवादा० । એવી પરિભાષા છે. તેનાથી કેવળ अच् નો જ બાધ થશે, अप् નો નહીં.[૩૩] આમાંથી સૂચન લઈને પુરુષોત્તમદેવે ઉપર્યુક્ત સૂત્રના सर्व ગ્રહણને પરિભાષામાં જ્ઞાપક વર્ણવ્યું છે. અને આ પરિભાષાથી પ્રાપ્ત થતા બાધ્ય-બાધકભાવનું સ્વરૂપ સ્પષ્ટ કરવા

૩૨. क्षियो दीर्घात् । 8-2-46 इत्यत्र न्यासः ।...यदि तर्हि धात्वनुकरणं स्यात्, प्रकृतिवदनुकरणं भवतीति, एव सत्यधातोरिति प्रातिपदिकसंज्ञाप्रतिषेधोऽपि स्यात्, ततश्च विभक्तिर्नोपपद्यते वत्करणेनानुकार्येणार्थेनार्थवत्त्वस्याश्रयात् प्रातिपदिकसंज्ञा भविष्यति इत्यदोषः ।

૩૩. परिमाणाख्यायां सर्वेभ्यः । 3-3-20 इत्यत्र काशिका ।...सर्वग्रहणमपोऽपि बाधनार्थम्, पुरस्तादपवादन्यायेन ह्यचमेवबाधते, नपाम् ।

માટે ન્યાસકારનો ઉપયોગ કર્યો છે. જેમકે, इको झल् । 1-2-9 સૂત્ર ઉપર ન્યાસકારે જણાવ્યું છે કે આ પરિભાષા બાધ્યવિશેષચિંતા પક્ષમાં પ્રવર્તે છે, પણ સમુદાયમાત્રની અપેક્ષામાં નહીં.[૩૪]

૨. सांप्रतिकाभावे भूतपूर्वगतिः । (परि. 15) કાશિકાકારે अचो यत् । 3-1-97 સૂત્ર ઉપર પ્રશ્ન કર્યો છે: (ऋहलोर्ण्यत् । 3-1-124 સૂત્રથી) હલન્તલોણ્ ને ણ્યત્ કહેવાના છે; તેની સ્થિતિમાં अच् ગ્રહણ શા માટે કર્યું છે ? તેના પ્રત્યુત્તરમાં જણાવ્યું છે કે दित्स्यम् । चित्स्यम् । જેવાં ઉદાહરણોમાં, કે જેમાં અજન્તત્વ ભૂતપૂર્વે હતું. તેવા ભૂતપૂર્વ અજન્ત ધાતુઓને પણ यत् પ્રત્યય થાય તે માટે સૂત્રમાં अच् નું ગ્રહણ કર્યું છે. આને સમજાવતાં ન્યાસકારે નોંધ્યું છે કે ધાતુઓ દ્વિવિધ હોય છે: હલન્ત અને અજન્ત એ બેમાંથી હલન્ત ધાતુઓને ऋहलोर्ण्यत् । 3-1-124 સૂત્રથી ण्यत् અભીષ્ટ છે. અર્થાત્ ફલિત થયું છે કે બાકી રહેલા અજન્ત ધાતુઓને જ, अच् ગ્રહણ નહીં હોય તો પણ यत् થશે. માટે अच् ગ્રહણ વ્યર્થ છે એમ કોઈ જણાવે તો તેના પ્રત્યુત્તરમાં કાશિકાકારે કહ્યું છે કે ભૂતપૂર્વ અજન્ત ધાતુઓને यत् થાય માટે अच् ગ્રહણ કર્યું છે.[૩૫]

આમ, 'કાશિકા' અને 'ન્યાસ'ની ઉપર્યુક્ત ચર્ચામાંથી સૂચવાય છે કે ભૂતપૂર્વત્વનું આશ્રયણ કરીને પણ કાર્યો થાય છે. પુરુષોત્તમદેવે આ ચર્ચાનો ઉપયોગ કરીને તેને આ પરિભાષાના જ્ઞાપક રૂપે વર્ણવ્યું છે.

૩. अन्यानि कान्यपि निपातनानि भवन्ति । (परि. 99). પુરુષોત્તમદેવ જણાવે છે કે આ પરિભાષા નથી કે નથી ભાષ્યવચન. કારણ કે ભાષ્યમાં તો

---

૩૪. तथा च "इको झल् 1-2-9" इत्यत्र न्यासः।...यदि ह्येतावत् प्रयोजनमभिमतं स्यात्, णिग्रहणमेव कुर्यात् । समुदायमात्रापेक्षया वा "पुरस्तादपवादाः" इत्यादिका परिभाषा नास्त्येवेति ॥

૩૫. अचो यत् । 3-1-97 इत्यत्र काशिका । अज्ग्रहणं किम्, यावता हलन्तात्ण्यतं वक्ष्यति अजन्तभूतपूर्वादपि यथा स्यात्-दित्स्यम्, चित्स्यम् ॥ अत्र न्यासः । इह द्विविधा धातवः हलन्ता, अजन्ताश्च, तत्र "ऋहलोर्ण्यत्" इति ण्यतं हलन्तादिच्छति । अतः पारिशेष्यादेवाज्ग्रहणमन्तरेणाप्यजन्तादेव यद् भविष्यतीत्यतोऽज्ग्रहणमपार्थकमित्यभिप्रायः। अजन्तभूर्वादिति । अजन्तश्चासौ भूतपूर्वश्चेति कर्मधारयः । यः प्रागजन्त आसीत् संप्रति तु हलन्तः, ततोऽपि यथा स्यादित्येवमर्थमज्ग्रहणम् ॥

-બાધકાન્યેવ નિપાતનાનિ । એવી વ્યવસ્થા દર્શાવાઈ છે. તથાપિ જયાદિત્યે લક્ષ્યાનુરોધથી આ પરિભાષા રજૂ કરી છે.

કાશિકાકારના મતે 'બાધકાન્યેવ નિપાતનાનિ । એ ભાષ્યવચનથી આત્યંતિક નિષેધ સમજવાનો નથી. કારણ કે પુરાણપ્રોક્તેષુ બ્રાહ્મણકલ્પેષુ । 4-3-105 સૂત્ર ઉપર તેઓ જણાવે છે એ મુજબ પુરાણઃ એ શબ્દમાં નિપાતનથી તુડ્ આગમનો અભાવ રહે છે. અહીં નિપાતનથી તુડ્ આગમનો આત્યંતિક બાધ થતો નથી, તેથી પુરાતનમ્ । એવો શબ્દ પણ બને છે.[૩૬]

પુરુષોત્તમદેવે આ ચર્ચામાંથી સૂચન લઈને 'જયાદિત્યે આવી પરિભાષા રજૂ કરી છે' એમ કહ્યું છે. આ ઉપરાંત, પુરુષોત્તમદેવે આ પરિભાષાની જ્ઞાપકચર્ચા 'ન્યાસ'માંથી લીધી છે. જેમકે, ત્રેસ્ત્રયઃ । 7-1-53 સૂત્ર ઉપર ન્યાસકારે ચર્ચા કરી છે કે ણિજાં ત્રયાણાં ગુણઃ શ્લૌ । 7-4-75 એવા નિપાતનથી જ ત્રયાણામ્ । રૂપની સિદ્ધિ થઈ જશે. એવી સ્થિતિમાં ત્રેસ્ત્રયઃ । 7-1-53 સૂત્ર રચવાની શી જરૂર છે ? આમ ઇષ્ટાર્થ સિદ્ધ હતો એવે વખતે રચવામાં આવેલું આ સૂત્ર જ્ઞાપિત કરે છે કે અબાધકાન્યપિ નિપાતનાનિ ભવન્તિ । જેથી પુરાતનમ્ એવું પણ રૂપ સિદ્ધ થાય છે. અન્યથા, પુરાણપ્રોક્તેષુ૦ । 4-3-105 સૂત્રસ્થ નિપાતનથી તેવા રૂપનો બાધ થઈ જશે.[૩૭]

૪. યોગવિભાગાદિષ્ટસિદ્ધિઃ । (પરિ. 100). પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરીને જણાવે છે કે યોગવિભાગથી કેવળ ઇષ્ટસિદ્ધ જ થાય છે; તેની અતિ-વ્યાપ્તિ થશે એવી શંકા ન કરવી. પુરુષોત્તમદેવે આ પરિભાષા અને તેનો અર્થ 'કાશિકા' તથા 'ન્યાસ'ની ચર્ચાને આધારે રજૂ કર્યો છે. જેમકે, ઇદ્ ગોણ્યાઃ ।

---

૩૬. પુરાણપ્રોક્તેષુ બ્રાહ્મણકલ્પેષુ । 4-3-105 इत्यत्र काशिका । पुराण इति निपातनात्तुडभावः । न वात्यन्तबाधैव, तेन पुरातनमित्यपि भवति ॥

૩૭. त्रेस्त्रयः । 7-1-53 इत्यत्र न्यासः । ननु च "णिजां" त्रयाणां गुणः श्लौ" इति निपातनादेव सिद्धम्, तत्किमर्थमिदमारभ्यते एवं सिद्धे सतीदमारभ्यमाणमेतज्ज्ञापयति "अबाधकान्यपि निपातनानि भवन्ति" तेन पुरातनमिति सिद्धं भवति, अन्यथा पुराणप्रोक्तेषु" इति निपातनेन बाधितत्वान्न सिध्यति ॥

(આ જ પ્રમાણે, शदेरगतौ तः । 7-3-42 સૂત્ર ઉપર પણ ન્યાસકારે આ પરિભાષાનું જ્ઞાપકાન્તર નિર્દેશ્યું છે.)

1-2-50 સૂત્ર ઉપર કાશિકાકાર જણાવે છે કે इद् એવો યોગવિભાગ કરવો જોઈએ. જેથી पञ्चभिः सूचीभिः क्रीतः पञ्चसूचिः । दशसूचिः । એવો પ્રયોગ સિદ્ધ થાય. અને આ યોગવિભાગ આ વિષયમાં જ પ્રવૃત્ત થશે. આના અનુસન્ધાનમાં ન્યાસકાર જણાવે છે કે જો અહીં યોગવિભાગ કરવામાં આવશે તો તેનો અતિપ્રસંગ થવા આવશે. એટલે કે તે બીજાને પણ લાગૂ પડશે, એમ સમજીને વૃત્તિકારે જણાવ્યું છે કે યોગવિભાગ આ વિષયમાં જ પ્રવૃત્ત થશે. જો પૂર્વયોગથી જ इत्व[38] ની સર્વત્ર પ્રવૃત્તિ થશે તો गोण्याः । એવું વચન અનર્થક થઈ જશે.[38]

૫.

પુરુષોત્તમદેવે ક્યારેક પરિભાષાઓના વ્યાખ્યાનમાં એક અંશ ભાષ્યમાંથી અને બીજો અંશ 'ન્યાસ'માંથી લીધો હોય એમ પણ જોવા મળે છે. એક ઉદાહરણ જોઈશું.

सहचरितासहचरितयोः सहचरितस्यैव ग्रहणम् । (परि. 49)

અહીં ભાષ્યકારે कर्मप्रवचनीययुक्ते द्वितीया । 2-3-8 સૂત્ર ઉપર જણાવ્યું છે કે (पञ्चम्यपाङ्परिभिः । 2-3-10 સૂત્રમાંનો) दृष्टापचार એવો परि શબ્દ વર્જન અને અવર્જન બન્નેય અર્થોમાં જોવા મળે છે. પરંતુ अदृष्टापचार એવો अप શબ્દ તો વર્જનાર્થ જ છે. તેથી વર્જનાર્થક સિવાયનો બીજો કયો શબ્દ તેને સહાય (બીજો સાથીદાર) બની શકે ? અર્થાત્ કોઈ નહીં. જેમકે, 'આ બળદના બીજા જોડીદારની જરૂર છે.' એમ કહેતા બીજા બળદને જ લાવવામાં આવે છે. નહીં કે અશ્વ યા ગર્દભ.[39]

---

38. इद् गोण्याः । 1-2-50 इत्यत्र काशिका । "इत्" इति योगविभागः । पञ्चभिः सूचीभिः क्रीतः पञ्चसूचिः । दशसूचिः । स च एवंविषय एव । अत्र न्यासः ।...यदि योगविभागः क्रियते, तदातिप्रसङ्गः स्यात् । अन्येषामपि प्रसज्यत इत्यत आह स चेत्यादि । यदि सर्वत्रेत्वं पूर्वयोगेणैव स्यात् तदा "गोण्याः" इति वचनमनर्थकम् । तस्माद् गोणीग्रहणादस्यासर्वविषयत्वम् । तेन योगविभागः सूचीविषय एव नान्यविषय इति ॥

39. कर्मप्रवचनीययुक्ते द्वितीया । 2-3-8 इत्यत्र भाष्यम् ।...इतरत्रापि तद्यपि तावदयं परिदृष्टापचारो वर्जने चावर्जने चायं खल्वपशब्दो दृष्टापचारो वर्जनार्थ एव तस्य कोऽन्यो द्वितीयः सहायो भवितुमर्हत्यन्यदतो वर्जनार्थात् । तद्यथा । अस्य गोर्द्वितीयेनार्थ इति गौरेवानीयते नाश्वो न गर्दभः ॥

પ્રસ્તુત ચર્ચાના પૂર્વાર્ધમાં પુરુષોત્તમદેવે આ ભાષ્યોક્ત ચર્ચાનો ઉપયોગ કરીને પરિભાષાને લોક ન્યાયસિદ્ધિ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. તથા ઉત્તરાર્ધમાં આ પરિભાષાના અનિત્યત્વનું જ્ઞાપક ચર્ચવા માટે નિમ્નોક્ત ન્યાસવચનોનો ઉપયોગ કર્યો છે: द्विस्त्रिश्चतुरिति कृत्वोऽर्थे । 8-3-43 સૂત્રમાં द्विः । त्रिः । એ બે सुच् પ્રત્યયાન્ત શબ્દો કૃત્વોર્થક જ છે. તેના સાહચર્યથી चतुः શબ્દ પણ તેવો જ, કૃત્વોર્થક જ, ગૃહીત થશે. એવી સ્થિતિમાં શા માટે 'कृत्वोऽर्थे' નું ગ્રહણ કર્યું ? આમ, આ कृत्वोऽर्थे ગ્રહણથી જ્ઞાપિત થયું કે क्वचिद् सहचरितासचरितयोः ० । એવી પરિભાષા આશ્રિત થતી નથી.[૪૦]

૬.

પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'માં પરિભાષાઓ ઉપરના વ્યાખ્યાનમાં જુદા જુદા આચાર્યોના મતાન્તરો અને અભિપ્રાયોને યથાપ્રસંગ નોંધ્યા છે. પુરુષોત્તમદેવનો પ્રસ્તુત ગ્રન્થ પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં આદ્ય હોવાથી તેમાં ખંડન-મંડનની શૈલીવાળું વ્યાખ્યાન પ્રાપ્ત થતું નથી. પરંતુ પરિભાષાઓ ઉપર વૃત્તિ રજૂ કરતો તેમનો ગ્રન્થ આ પ્રકારનો સૌ પ્રથમ ગ્રન્થ હોવાથી પરિભાષાના જુદા જુદા અંગ-પ્રત્યંગો, જેવાં કે, જ્ઞાપક પ્રયોજનો, નિત્યાનિત્યત્વ ઇત્યાદિ તેમણે વર્ણવવાં જરૂરી હોઈ આ ગ્રન્થમાં જે તે પરિભાષાનાં અંગ-પ્રત્યંગાદિ વિષે જુદા જુદા આચાર્યોના મતાન્તરોને નોંધવા યોગ્ય માન્યાં છે.

આ અગાઉ આપણે જોયું છે તે મુજબ પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચનામાં મહદંશે 'ન્યાસ'માંથી વ્યાખ્યાનસામગ્રી ઉપાડી છે. એ જ રીતે, તેમણે 'ન્યાસ'માંથી અનેક મતાન્તરો પણ રજૂ કર્યાં છે. જેમકે,

(૧) न वर्णग्रहणषु । (परि. 2) ના વ્યાખ્યાનમાં પુરુષોત્તમદેવ જણાવે છે કે तिप्तस्झि० । 3-4-78 સૂત્ર ઉપરનાં 'ન્યાસ'માં इट् ના ટ્ પ્રકારનું પ્રત્યાખ્યાન કરીને પ્રૌઢિવાદથી ન્યાસકારે अर्थवद्ग्रहणे० । પરિભાષાની વર્ણ-

૪૦. द्विस्त्रिश्चतुरिति कृत्वोऽर्थे । 8-3-43 इत्यत्र न्यासः ।... ननु च द्विस्त्रिःशब्दौ सुच्प्रत्ययान्तौ कृत्वोऽर्थ एव वर्तेते, तत्साहचर्याच्चतुःशब्दोऽपि तादृश एव ग्रहीष्यते, तत् किमर्थमेतत् ज्ञापनार्थम् । एतदनेन ज्ञाप्यते -क्वचित् "सहचरितासहचरितयोः" इत्येषा परिभाषा नाश्रीयते । तेन "दीधीवेवीटाम्" इत्यत्र धातुसाहचर्याद् इट् गतौ" इत्यस्य ग्रहणं न भवति ।

ગ્રહણમાં પણ પ્રવૃત્તિ થાય છે એમ વર્ણવ્યું છે.[૪૧]

(૨) गतिकारकोपपदानां कृद्भिः समासवचनं प्राक् सुबुत्पत्तेः । (परि. 47). આ પરિભાષાના વ્યાખ્યાનમાં પુરુષોત્તમદેવ જણાવે છે કે तिङिचोदात्तवति । 8-1-27 સૂત્ર ઉપર ન્યાસકારે આ પરિભાષાનું અર્થાન્તર પણ વર્ણવ્યું છે. જેમકે, "ગતિ, કારક અને ઉપપદોનો કૃદન્તની જ સાથે સમાસ થાય છે." પરિણામે प्रपचतितराम् । જેવાં ઉદાહરણોમાં તરબન્તનો સમાસ થતો નથી.[૪૨]

(૩) अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग्बाधते । परि. 68 આ પરિભાષાના વ્યાખ્યાનમાં પુરુષોત્તમદેવે त्वमावेकवचने । 7-2-97 સૂત્રને જ્ઞાપક રૂપે વર્ણવ્યું છે. પરંતુ नित्यवीप्सयोः । 8-1-4 સૂત્ર ઉપર ન્યાસકારે જણાવ્યું છે કે ઙ્યન્ત, આબન્ત અને પ્રાતિપદિકને આતિશયિક પ્રત્યયો થાય છે. આથી સૂચવાય છે કે પ્રકર્ષ પ્રત્યય અંતરંગ છે, એમ ન્યાસકારનું માનવું છે.[૪૩] આ મત સ્વીકારવાથી प्रत्ययोत्तरपदयोश्च । 7-2-68 સૂત્રસ્થ ઉત્તરપદ ગ્રહણને જ્ઞાપક સ્વીકારવું પડશે.

(૪) अङ्गवृत्तेः पुनरङ्गवृत्तावविधिर्निष्ठितस्य । (परि. 71) અહીં પરિભાષાના પાઠમાં, પુરુષોત્તમદેવે अङ्गवृत्तेः એવા ષષ્ઠ્યન્ત પદને સ્વીકાર્યું છે. પરંતુ તેમણે નોંધ્યું છે કે 'ન્યાસ' વગેરેમાં 'अङ्गवृत्ते' એવો સપ્તમ્યન્ત પાઠ છે.[૪૪]

---

૪૧. तिपत्सूझि० । 3-4-78 इति सूत्रे त्विटष्टकारं प्रत्याचक्षाणेन न्यासकृता वर्णग्रहणेऽपि अर्थवद्ग्रहणपरिभाषोक्ता प्रौढिवादेन ॥ परिभाषा-2, लघुपरिभाषावृत्तिः ।

૪૨. ...अस्याश्च परिभाषायाः "तिङिचोदात्तवति" इत्यत्र स्वरसूत्रे न्यासकारेणार्थान्तरमपि व्याख्यातम् । तथा गतिकारकोपपदानां कृदन्तेनैव समास इति प्रपचतितराम् इत्यत्र च तरबन्तस्य समासाभावः इति ॥ परिभाषा-47, लघुपरिभाषावृत्तिः ।

૪૩. यस्तु मन्यते प्रकर्षप्रत्ययोऽन्तरङ्गस्तथा च "नित्यवीप्सयोः 8-1-4 इत्यत्र ङ्याप्प्रातिपदिकातिशायिको भवतीति न्यासः तन्मते अत्रोत्तरपदमेव ज्ञापकम् ॥ परिभाषा-68, लघुपरिभाषावृत्तिः ।

૪૪. न्यासादौ त्वङ्गवृत्ते इति सप्तम्यन्तं दृश्यते ॥ परिभाषा-71 लघुपरिभाषावृत्तिः ।

(૫) वार्णादाङ्ग वलीयः । (परि. 74) આ પરિભાષાની સમાનાશ્રિત-કાર્યોમાં જ પ્રવૃત્તિ થાય છે; એવો પુરુષોત્તમદેવનો મત છે. પરંતુ તેઓ જણાવે છે કે सार्वधातुकमपित् । 1-2-4 સૂત્ર ઉપરના 'ન્યાસ'માં ન્યાસકારે આ પરિભાષા વ્યાશ્રય કાર્યોમાં પણ પ્રવૃત્ત થાય છે એવો મત રજૂ કર્યો છે.[૪૫]

(૬) क्तल्युट्तुमुन्खलर्थेषु वासरूपविधिर्नास्ति । (परि. 76) પુરુષોત્તમદેવ આ પરિભાષાના વ્યાખ્યાનમાં જણાવે છે કે आस्या-आसना । જેવા ઉદાહરણોમાં ण्यत् ની સાથે युच् પ્રત્યયનો પણ સમાવેશ થાય એવું ન્યાસકારને અભીષ્ટ છે.[૪૬] તેથી ण्यासश्रन्थो युच् । 3-3-107 સૂત્ર ઉપર ન્યાસકારે જણાવ્યું છે કે वासरूपोऽस्त्रियाम् । 3-1-94 સૂત્રસ્થ अस्त्रियाम् । એવો નિષેધ સ્ત્રી પ્રકરણમાં જે અપવાદો છે તે સ્વપ્રકરણ સ્થિત ઉત્સર્ગોનો જ બાધ કરે છે. પણ સ્ત્રીપ્રકરણ ભિન્ન બીજા પ્રકરણમાં રહેલા ઉત્સર્ગોનો બાધ કરતા નથી.

ન્યાસકારના આ અભિપ્રાયો ઉપરાંત બીજા વૈયાકરણોના પણ અભિપ્રાયોનો પુરુષોત્તમદેવે ઉલ્લેખ કર્યો છે. જેમકે,

(૧) ભર્તૃહરિ : गतिकारकोपपदानां कृद्भिः० । (परि. 47) માં प्राग्सुबुत्पत्तेः એમ સામાન્યપણે કહેવામાં આવ્યું છે. પરંતુ, પુરુષોત્તમદેવ જણાવે છે કે સુબન્ત એવાં ગતિ, કારક અને ઉપપદોનો જ અસુબન્ત કૃદન્તની સાથે સમાસ થાય છે—એમ સમજવાનું છે. આ અભિપ્રાયના સમર્થન માટે પુરુષોત્તમદેવે अर्थवदधातुरप्रत्ययः प्रतिपदिकम् । 1-2-45 સૂત્ર ઉપરના ભર્તૃહરિના अस्ति हि सुबन्तानामसुबन्तेनैव समास गतिकारकोपपदानां कृद्भिः । એવા વચનનો આધાર લીધો છે.[૪૭]

(૨) ભાગવૃત્તિકારઃ પુરુષોત્તમદેવ જણાવે છે કે समासान्तो विधिरनित्यः । (परि. 82) એવી પરિભાષા ભાષ્યકારે द्वित्रिभ्यां पादन्मूर्धसु बहुव्रीहौ । 6-2-117 સૂત્ર ઉપર જ્ઞાપિત કરી છે. તથાપિ यस्मात्प्रत्ययविधिः० । 1-4-13 સૂત્ર ઉપર ભાગવૃત્તિકારે જણાવ્યું છે કે જ્ઞાપકના અભાવને કારણે આવી પરિ-

---

૪૫. न्यासकारेण तु सार्वधातुकमपित् । 1-2-4 इत्यत्र व्याश्रयेऽपीयमभ्युपगता ॥ परिभाषा-74, लघुपरिभाषावृत्तिः ।

૪૬. न्यासकारेण तु ण्यासश्रन्थो युच् । 3-3-107 इत्यत्र आस्या आसना इति ण्यता सह युचः...नान्यप्रकरणस्थानिति दर्शितम् ॥ परिभाषा-76, लघुपरिभाषावृत्तिः ।

૪૭ હાલ अर्थवद्० । 1-2-45 સૂત્ર ઉપરની "મહાભાષ્યદીપિકા" ઉપલબ્ધ નથી.

ભાષા નથી.–તે વિચાર્યા વિના કહેવામાં આવ્યું છે.[૪૮]

(૨) મૈત્રેય રક્ષિતઃ યો હ્યનાદિષ્ટાદચઃ પૂર્વસ્તસ્ય વિધિં પ્રતિ સ્થાનિવદ્ભાવઃ । (પરિ. 34). અચઃ પરિસ્મન્ પૂર્વવિધૌ । 1–1–57 સૂત્ર ઉપરના ભાષ્યમાં 'અચ્‌ની અપેક્ષાએ પૂર્વત્વ' એ પક્ષને સ્વીકારીને આ પરિભાષા રજૂ કરવામાં આવી છે. વિશેષમાં, પુરુષોત્તમદેવ જણાવે છે કે અભ્યાસસ્યાસવર્ણે । 6–4–78 સૂત્ર ઉપર રક્ષિતે અસવર્ણ ગ્રહણને જ્ઞાપક રૂપે વર્ણવ્યું છે.[૪૯]

(૪) અનુન્યાસકાર : ૧. પ્રકૃતિગ્રહણે યઙ્‌લુગન્તસ્યાપિ ગ્રહણમ્ । (પરિ. 72) પુરુષોત્તમદેવે આ પરિભાષાને જ્ઞાપકસિદ્ધા વર્ણવી છે. વિશેષમાં, અનુન્યાસકારે આને ન્યાયસિદ્ધા દર્શાવી છે. તેનું પણ પુરુષોત્તમદેવે વિગતે વ્યાખ્યાન કર્યું છે. ૨. પ્રત્યયાપ્રત્યયયોઃ પ્રત્યયસ્યૈવ ગ્રહણમ્ । (પરિ. 92) આ પરિભાષા ભાષ્યમાં મળતી નથી. તથાપિ પુરુષોત્તમદેવ જણાવે છે કે વિજ ઇટ્ । 1–2–2 સૂત્ર ઉપર ન્યાસકારે આને રજૂ કરી છે અને તેને અનુસરીને અનુન્યાસકારે પણ સૌકર્યાર્થે વલઃ૦ । 6–3–118 સૂત્ર ઉપર સ્વીકારી છે.[૫૦]

૭

પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચનામાં વ્યાકરણના ગ્રન્થો સિવાય બીજા ગ્રન્થોનો પણ ઉપયોગ કર્યો છે. આ ગ્રન્થોના અમુક નિર્ણાયક વચનોનો ઉલ્લેખ કરીને તેમણે પરિભાષાઓના વ્યાખ્યાનનું સમર્થન કરવાનો અને વ્યાખ્યાન દરમ્યાન ઉપસ્થિત થતા સંદેહોની નિવૃત્તિ કરવાનો પ્રયત્ન કર્યો છે. ઉદાહરણ તરીકે–

(૧) કૃત્રિમાકૃત્રિમયોઃ કૃત્રિમે કાર્યસંપ્રત્યયઃ (પરિ. 7) આ પરિભાષાથી જણાવવામાં આવે છે કે વ્યાકરણશાસ્ત્રમાં કૃત્રિમ અને અકૃત્રિમ શબ્દોનું ઉપાદાન

---

૪૮. यदुक्तं यस्मात् प्रत्ययविधिसूत्रे 1–4–13 भागवृत्तिकृता समासान्तो विधिरनित्य इति नैषा परिभाषा भाष्ये ज्ञापकाभावादिति तदसमीक्षिताभिधानम् ॥ परिभाषा–82, लघुपरिभाषावृत्तिः ।

૪૯. ज्ञापकं चात्रार्थे अभ्यासस्यासवर्णे । 6–4–78 इति असवर्णग्रहणं रक्षितोपवर्णितम् ॥ परिभाषा–38, लघुपरिभाषावृत्तिः ।

૫૦. न्यासकारेण तु "विज इट्" । 1–2–2 इति सूत्रे यदियमुपन्यस्ता तथानुन्यासकारेणापि वलः० । 6–3–108 इति सूत्रे प्रत्ययस्यैव केवलस्य ग्रहणं कृतं तद् "व्याख्यानाद्वचनमेव लघु" इति सौकर्यार्थम् ॥ परिभाषा–92, लघुपरिभाषावृत्तिः ।

કર્યું હોય ત્યાં કૃત્રિમ શબ્દોને વિષે જ કાર્યજ્ઞાન થાય છે. આના સમર્થન માટે પુરુષોત્તમદેવે એક સ્મૃતિવચનનો આધાર લીધો છે: नीलवृषमुत्सृजेत् । એમ કહેતાં કૃષ્ણ (કાળા) વૃષને છોડવામાં આવતો નથી. પરંતુ "જે રંગથી લોહિત હોય અને પુચ્છાગ્રથી પાંડુર અને શીંગડા તથા ખરીથી શ્વેત હોય એને 'નીલવૃષ' કહે છે."–આવા સ્મૃતિ વચનથી પરિભાષિત કરવામાં આવેલા નીલવૃષને છોડવામાં આવે છે.[૫૧]

આ જ પરિભાષાના વ્યાખ્યાનમાં પુરુષોત્તમદેવે ભાષ્યકારના અભિપ્રાયની નોંધ લીધી છે. ભાષ્યકારના મતે આ શાસ્ત્રમાં ઉભયગતિ જોવા મળે છે. જેમકે, કૃત્રિમનું પણ ગ્રહણ થાય છે અને અકૃત્રિમનું પણ, પરંતુ અહીં પ્રશ્ન થશે કે આ પરસ્પર વિરોધી એવા બે વાક્યોમાંથી કોને પ્રમાણભૂત ગણવું. આવે પ્રસંગે પુરુષોત્તમદેવે મીમાંસાના અને મિહિરના વચનોથી સંદેહની નિવૃત્તિ કરી છે: જેવી રીતે 'न हिंस्यात्सर्वभूतानि અને यागार्थं पशवः सृष्टाः એવાં પરસ્પરવિરોધી વાક્યો પણ આચાર્યવચનના પ્રામણ્યથી સ્વીકાર્ય છે, તેવી રીતે ઉપર્યુક્ત બે વાક્યો પણ સ્વીકાર્ય બનશે. જેમકે, મિહિરે પણ કહ્યું છે કે બે મુનિઓના વચનમાં વિરોધ આવે તો કયા ઉપાયથી તેમનું યથાર્થત્વ વિચારવું;[૫૨] વગેરે.

(૨) अभेदका इह शास्त्रे गुणाः (परि. 57). આ શાસ્ત્રમાં ઉદાત્તાદિ ગુણો ભેદક બનતા નથી. પરંતુ આશ્રીયમાણ અર્થાત્ સૂત્રમાં સ્પષ્ટપણે જેનો ઉલ્લેખ કર્યો હોય, દા.ત. लुङ्लङ्लृङ्क्ष्वडुदात्तः । 6/4/71, તેવા ઉદાત્તાદિ ગુણો તો જરૂર ભેદક બને છે. આના સમર્થનમાં પુરુષોત્તમદેવે પૂર્વમીમાંસાના બે ઉદાહરણોનો ઉપયોગ કર્યો છે. જેમકે, छागमालभेत । એમ કહેતાં શુક્લ કે કૃષ્ણ ગમે તેનું આલંભન–હનન–કરવામાં આવે છે. પરંતુ श्वेतमालभेत । એમ કહેતા શુક્લ

---

૫૧. यथा लोके नीलवृषमुत्सृजेदिति न कृष्णो वृष उत्सृज्यते । किं तर्हि–
लोहितो यस्तु वर्णेन पुच्छाग्रेण तु पाण्डुरः ।
श्वेतः खुरविषाणाभ्यां स नीलो वृष उच्यते ॥
इति स्मृत्या परिभाषितः ॥ परिभाषा–7, लघुपरिभाषावृत्तिः ।

૫૨. अथ किमिदं परस्परविरोध वाक्यद्वयं प्रमाणमिति ।...उच्यते । "न हिंस्यात्सर्वभूतानि" यागार्थं पशवः सृष्टाः इतिवदाचार्यवचन-प्रामाण्यादुभयम् । यदाह मिहिरः –मुनिवचनविरोधे युक्ततां केन चिन्त्या ॥ परिभाषा–7, लघुपरिभाषावृत्तिः ।

(હરણ) નું જ હનન કરવામાં આવે છે.[૫૩]

૮.

કેટલીક પરિભાષાઓના વ્યાખ્યાનમાં પુરુષોત્તમદેવે રજૂ કરેલાં જ્ઞાપકો કે ન્યાયો 'ભાષ્ય'માં અને 'કાશિકા' 'ન્યાસાદિ'માં ઉપલબ્ધ થતાં નથી. પરંતુ વ્યાડિના નામે મળતા 'પરિભાષાસૂચન'માં તે તે જ્ઞાપકો વગેરે પ્રાપ્ત થાય છે. જેમકે,

(૧) પ્રત્યેક વાક્યપરિસમાપ્તિઃ। અને કવચિત્ સમુદાયેન વાક્ય પરિસમાપ્તિઃ। એવી બે પરિભાષાઓને પુરુષોત્તમદેવે અનુક્રમે णलुत्तमो वा । 7-1-91 અને प्रथमयोः पूर्वसवर्णः दीर्घः । 6-1-102 સૂત્ર ઉપરથી જ્ઞાપિત થતી વર્ણવી છે. મહાભાષ્યાદિમાં આ જ્ઞાપકો મળતાં નથી. પતંજલિએ તો આ વચનોને કેવળ લોકન્યાયથી સિદ્ધ કરી બતાવ્યાં છે.[૫૪]

(૨) ક. प्रकृतिग्रहणं यङ्लुगन्तस्यापि ग्रहणम् । (परि. 72) પુરુષોત્તમદેવે ऊदुपधायाः गोहः । 6-4-89 સૂત્રસ્થ उपधा ગ્રહણને આ પરિભાષાનું જ્ઞાપક દર્શાવ્યું છે. પરંતુ મહાભાષ્યમાં આ પરિભાષા જ મળતી નથી. તથા કાશિકાકાર અને ન્યાસકારે આ उपधा ગ્રહણનું પ્રયોજનાન્તર વર્ણવ્યું છે. બીજી તરફ વ્યાડિના 'પરિભાષાસૂચન'માં આ જ જ્ઞાપક રજૂ થયું છે.[૫૫]

ખ. सर्वविधिभ्य इड्विधिर्बलीयान् । (परि. 90). પુરુષોત્તમદેવે सन्निग्रहगुहोश्च । 7-2-12 સૂત્રસ્થ અનુકર્ષણાર્થક च કાર ગ્રહણને આ પરિભાષાનું જ્ઞાપક વર્ણવ્યું છે. પરંતુ આ પરિભાષા ભાષ્યમાં મળતી નથી અને 'કાશિકાદિ'એ આ જ્ઞાપક રજૂ કર્યું નથી. બીજી તરફ, વ્યાડિના 'પરિભાષાસૂચન'માં આ જ્ઞાપક રજૂ થયું છે.[૫૬]

ગ. सर्वविधिभ्यो लोपविधिर्बलीयान् । (परि. 91). પુરુષોત્તમદેવે આ પરિભાષાના જ્ઞાપક રૂપે प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । 1-1-62 સૂત્રનો નિર્દેશ કર્યો છે. પરંતુ મહાભાષ્યમાં આ પરિભાષા મળતી નથી. તથા કાશિકાકાર અને

---

૫૩. आश्रीयमाणो हि गुणो भेदको भवति । यथा "छागमालभेत" इत्युक्ते शुक्लः कृष्णो वा आलभ्यते । "श्वेतमालभेत" इत्युक्ते शुक्ल एवालभ्यते ॥ परिभाषा-57, लघुपरिभाषावृत्तिः ।

૫૪. જુઓ : 'પરિભાષાસૂચન'-પરિભાષા-૨૮ અને ૨૯.

૫૫. જુઓ : ,, ,, - ૬૦

૫૬. જુઓ : ,, ,, - ૫૬

ન્યાસકારે આ સૂત્ર ઉપરની વૃત્તિ–ટીકામાં આ પરિભાષાને જ્ઞાપિત કરી નથી. પણ વ્યાડિના 'પરિભાષાસૂચન'માં આ જ્ઞાપક જોવા મળે છે.[૫૭]

(૩) 'પરિભાષાસૂચન'માં उदित्सवर्णं गृह्णाति, न सवर्णमात्रम् । (परि. 55) એવી પરિભાષા મળે છે. न विभक्तौ तुस्माः । 1–3–4 સૂત્રસ્થ स કાર-ગ્રહણથી તેને જ્ઞાપિત કરવામાં આવી છે. પરંતુ 'ભાષ્ય', 'કાશિકા' કે 'ન્યાસ'માં આ પરિભાષા જોવા મળતી નથી. પણ પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં થોડા ફેરફાર સાથે આ પરિભાષા જોવા મળે છે. જેમકે, उदित्सवर्णम् गृह्णाति, न सवर्णमात्रम् । (परि. 89) અને પરિભાષાસૂચનોક્ત જ્ઞાપક પણ યથાવત્ પ્રાપ્ત થાય છે.[૫૮]

(૪) पुरुषोत्तमदेवे निमित्तकार्यं न तन्निमित्तस्य । (परि.64) એવી પરિભાષા રજૂ કરી છે અને ० ग्रामह्रदोत्तरपदात् । 4–2–142 તથા स्पर्धायामाङ् । 1–3–31 સૂત્રોને જ્ઞાપક રૂપે વર્ણવ્યાં છે. 'ભાષ્ય', કાશિકા' કે 'ન્યાસ'માં આ પરિભાષા મળતી નથી. પણ 'પરિભાષાસૂચન'માં न निमित्तकार्यं नैमितिकस्य । (परि० 19) એવી એક પરિભાષા મળે છે. ત્યાં તેને શિવાદિ–ગણ (4–1–12) પઠિત क्षीरह्रद શબ્દથી જ્ઞાપિત થતી દર્શાવી છે.અને कन्थापलदनगरग्रामह्रदोत्तरपदात् । 4–2–142 ॥ સૂત્રસ્થ ગ્રામપદ એવા નિપાતનને તેના સમર્થનમાં નોંધવામાં આવ્યું છે.[૫૯] આથી સંદેહ થાય છે કે પુરુષોત્તમદેવે–'પરિભાષાસૂચન'નો ઉપયોગ કર્યો હશે.

(૫) पुरुषोत्तमदेवे नानुबन्धकृतमसारूप्यम् । (परि. 12) નું ભાષ્યોક્ત જ્ઞાપક, જેવું કે : ददातिदधात्योर्विभाषा । 3/1/139 વર્ણવ્યું નથી. પણ विभाषा कृवृषो : । 3/1/120 સૂત્રથી ण्यत् ના વિષયમાં વિકલ્પે क्यप् નું વિધાન કર્યું છે, તેને જ્ઞાપક તરીકે દર્શાવ્યું છે. આ જ જ્ઞાપક વ્યાડિના 'પરિભાષાસૂચન'માં પણ રજૂ થયું છે.[૬૦]

આથી ચર્ચાસ્પદ મુદ્દો એ ઊભો થાય છે કે પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચનામાં વ્યાડિને નામે મળતા આ 'પરિભાષાસૂચન'નો ઉપયોગ કર્યો હશે કે નહીં.

---

૫૭. જુઓ : 'પરિભાષાસૂચન' પરિભાષા – ૫૭
૫૮. જુઓ : ,, ,, – ૫૫
૫૯. જુઓ : ,, ,, – ૧૯
૬૦. જુઓ : ,, ,, – ૧૨

ઉપર નોંધેલાં પાંચ સ્થળો, એવું માનવા પ્રેરે છે કે પુરુષોત્તમદેવે 'ભાષ્ય' 'કાશિકા' અને 'ન્યાસાદિ'ની જેમ પરિભાષાસૂચન'નો પણ ઉપયોગ કર્યો છે.

પરંતુ આ વિષયમાં કશુંય ચોક્કસ કહી શકાય એમ નથી. કારણ કે એક તો આ 'પરિભાષાસૂચન'નો સમય અને કર્તૃત્વ વિવાદાસ્પદ છે અને બીજું, પુરુષોત્તમદેવે જો આ વૃત્તિનો ઉપયોગ કર્યો હોય તો તેનો નામોલ્લેખ શા માટે નહીં કર્યો હોય? તે પ્રશ્ન છે. વળી, પુરુષોત્તમદેવ સિવાય બીજા કોઈ પરિભાષાવૃત્તિકારે પણ 'પરિભાષાસૂચન'નો ઉલ્લેખ કર્યો નથી. આથી આ વિષયમાં બે પ્રકારની સંભાવનાઓ કલ્પવી જોઈએઃ (૧) પુરુષોત્તમદેવે વ્યાડિના 'પરિભાષાસૂચન'નો ઉપયોગ કર્યો છે. પરંતુ પોતાની કૃતિમાં મૌલિકતા દર્શાવવા માટે તેમણે 'પરિભાષાસૂચન'નું નામ છૂપાવ્યું છે. અથવા ૨ 'લઘુપરિભાષાવૃત્તિ' અને 'પરિભાષાસૂચન' બન્ને વૃત્તિગ્રંથોનો મૂળ આધાર સ્રોત કોઈ એક જ ગ્રન્થ હશે. આ બેમાંથી ગમે તે એક સ્થિતિ હોય, પણ ઉપલબ્ધ પરિભાષા સાહિત્યમાં જો કોઈ પ્રચલિત પરિભાષાવૃત્તિ ગ્રન્થ હોય તો તે પુરુષોત્તમદેવનો છે એમ કહેવું પડશે. આ અર્થમાં પુરુષોત્તમદેવ એ પહેલા પરિભાષાવૃત્તિકાર છે એમ કહેવું અયથાર્થ નથી.

નિષ્કર્ષ : લગભગ ઈ.સ. ની સાતમી સદીમાં 'કાશિકાવૃત્તિ'ની રચના થયા પછી જિનેન્દ્રબુદ્ધિએ આઠમી સદીમાં તેની ઉપર 'ન્યાસ' અથવા 'કાશિકાવિવરણપંજિકા' નામની ટીકા લખી છે. આ 'ન્યાસ' ઉપર પણ બીજી અનેક ટીકાઓ, જેવી કે; ઇન્દુમિત્રનો 'અનુન્યાસ' અને મૈત્રેયરક્ષિતનો 'તન્ત્રપ્રદીપ' રચાયા છે. આમ, પૂર્વભારતની બૌદ્ધવૈયાકરણ પરંપરામાં 'ન્યાસ'ની પ્રતિષ્ઠા અનન્ય હતી. તેવા સમયમાં, એ જ પરંપરાના એક મૂર્ધન્ય વૈયાકરણને હાથે રચાયેલી આ 'લઘુપરિભાષાવૃત્તિ' ઉપર સર્વાધિક માત્રામાં 'ન્યાસ'નો પ્રભાવ હોય તે સ્વાભાવિક છે.

આથી પુરુષોત્તમદેવે પોતાની 'લઘુપરિભાષાવૃત્તિ'માં 'ન્યાસ'નો મહત્તમ ઉપયોગ કર્યો છે. આપણે જોયું તેમ તેમણે પરિભાષાઓના વ્યાખ્યાનમાં પરિભાષાઓનાં જ્ઞાપક, પ્રયોજનાદિની ચર્ચા કરવા માટે ન્યાસોક્ત ચર્ચાનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. પરિભાષાના અસ્તિત્વ વિશે ન્યાસકારના વચનને પણ ભાષ્યકારના વચન જેટલું જ પ્રાધાન્ય આપ્યું છે. આ ઉપરાંત પોતે રજૂ કરેલા વ્યાખ્યાનનું સમર્થન કરવા માટે પણ મહદંશે ન્યાસકારનો જ ઉપયોગ કર્યો છે. વળી, પરિભાષાઓના વ્યાખ્યાન દરમ્યાન બીજા વૈયાકરણોના જે અભિપ્રાયો નોંધ્યા છે તેમાં પણ ન્યાસકારના અભિપ્રાયો જ વધારે પ્રમાણમાં છે.

પુરુષોત્તમદેવે 'ન્યાસ' પછી બીજા ક્રમે જેનો વધારે ઉપયોગ કર્યો હોય તેવો ગ્રન્થ 'મહાભાષ્ય' છે. મહાભાષ્ય એ 'કાશિકા' અને 'ન્યાસ' નો પણ ઉપજીવ્ય ગ્રન્થ છે. તદુપરાંત પાણિનિનાં સૂત્રો ઉપર એક સર્વાંગ સંપૂર્ણ અને સર્વતોમુખી ચર્ચા કરતો ગ્રંથ છે. તેથી પ્રત્યેક પાણિનીય વૈયાકરણે એનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. પુરુષોત્તમદેવે પણ એનો અનેક સ્થળે સ્પષ્ટ નામોલ્લેખ કરીને તેમાંથી જ્ઞાપક, પ્રયોજનાદિની સામગ્રી ઉપાડી છે. અહીં નોંધપાત્ર એ છે કે આ પરંપરાએ ભાષ્યનો ઉપયોગ કર્યો હોવા છતાંય તેને અંતિમ પ્રમાણ રૂપે સ્વીકાર્યો નથી.

આમ, 'લઘુપરિભાષાવૃત્તિ'માં 'ન્યાસ'નો અને બીજે તબક્કે 'મહાભાષ્ય'નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પ્રકરણ ૧૧

પુરુષોત્તમદેવકૃત લઘુપરિભાષાવૃત્તિનું મૂલ્યાંકન

આ વિભાગના પ્રારંભે એટલે કે પ્રકરણ આઠમાં આપણે પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'નો બહિરંગ પરિચય મેળવ્યો. હવે આપણે તેનું કૃતિલક્ષી મૂલ્યાંકન કરીશું.

આજે પાણિનીય પરિભાષાવૃત્તિગ્રન્થોમાંથી એકમાત્ર નાગેશના 'પરિભાષેન્દુશેખર'ની જ ખ્યાતિ છે. સમગ્ર ભારત-વર્ષમાં છેલ્લી દોઢ-બે સદીથી આ ગ્રન્થ દ્વારા જ પાણિનીય પરિભાષાઓનું અધ્યયન-અધ્યાપન થઈ રહ્યું છે. જે તે પરિભાષાનાં પ્રયોજન, જ્ઞાપક કે તે પરિભાષા સ્વીકારવી કે નહીં, તે વિશે નાગેશનું મન્તવ્ય જ અંતિમ પ્રમાણ રૂપ મનાય છે. આમ, બધા પાણિનીય પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાંથી નાગેશનો આ ગ્રન્થ જ પ્રચારમાં છે.

હવે આપણે પુરુષોત્તમદેવને 'પરિભાષાવૃત્તિકાર' તરીકે મૂલવવાનો પ્રારંભ કરીએ છીએ ત્યારે સૌથી પહેલાં એ જાણી લેવું જોઈએ કે નાગેશના 'પરિભાષેન્દુશેખર'-ની ગુણવત્તાઓને નજર સામે રાખીને અર્થાત્ અમર્યાદિત અપેક્ષાઓ રાખીને પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ને તપાસવી ન જોઈએ. કારણ કે (૧) પુરુષોત્તમદેવ એ સૌથી પહેલા પરિભાષાવૃત્તિકાર છે અને (૨) નાગેશ જે કાશીની વૈયાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિકાર છે, તેનાથી તદ્દન ભિન્ન એવી અને નાગેશની અપેક્ષાએ લગભગ પાંચસો વર્ષ જૂની એવી પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાના એ પરિભાષાવૃત્તિકાર છે.

૧.

પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'ની બારમી સદીમાં રચના કરી છે. આ પૂર્વે પાણિનીય પરિભાષાઓ ઉપર સ્વતંત્ર વૃત્તિ (વ્યાખ્યાન) રજૂ કરતો એક પણ ગ્રંથ ઉત્તરભારતના કે પૂર્વભારતના વૈયાકરણ સમુદાયમાં પ્રચલિત ન હતો. પ્રા. કે. વી. અભ્યંકરજીએ 'પરિભાષાસંગ્રહ'માં સંગ્રહકાર વ્યાડિના નામે મળી આવતી 'પરિભાષા-સૂચન' નામની એક 'વ્યાડીય પરિભાષાવૃત્તિ' પ્રકાશિત કરી છે. પ્રા. અભ્યંકરજીના મતે

આ કૃતિ વાર્તિકકાર અને ભાષ્યકાર પહેલાંની છે. જો કે તેમનો આ મત વિવાદાસ્પદ છે.[1] તથાપિ આ વૃત્તિ પ્રાચીન છે એમાં તો કોઈ શંકા નથી. પ્રા. અભ્યંકરજીએ વિશેષમાં એવો પણ અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે ભાષ્યકાર અને વાર્તિકકારને વ્યાડિની આ કૃતિની માહિતી હતી. પણ આપણે અગાઉ જોયું છે તે મુજબ અમુક પુરાવાઓના અભાવે અને વિપક્ષી દલીલોના અનુસન્ધાનમાં આ અભિપ્રાય સ્વીકારી શકાય તેમ નથી. હરિભાસ્કરે જે જણાવ્યું છે કે બધી પરિભાષાઓ વ્યાડિમુનિએ રચી છે,[2] તે વિષે તેમને કોઈ પ્રત્યક્ષ માહિતી નથી. તેમણે તો કેવળ કેટલાક લોકોનો મત ટાંક્યો છે. બીજું, એ વ્યાડિ કે જેણે બધી પાણિનીય પરિભાષાઓ રચી છે એમ કહેવાય છે તેણે જ આ 'પરિભાષાસૂચન'ની રચના કરી છે કે બીજા કોઈએ તે પણ હરિભાસ્કરના ઉલ્લેખમાંથી સ્પષ્ટ થતું નથી. ભાષ્યકાર કે તેમની પછીના બીજા કોઈપણ વૈયાકરણ, જેવા કે; ભર્તૃહરિ, કાશિકાકાર અને ન્યાસ-કારાદિએ 'પરિભાષાકાર' કે 'પરિભાષાસૂચનકાર' તરીકે વ્યાડિનો નામોલ્લેખ કર્યો નથી. અર્થાત્ વ્યાડિને નામે મળતી આ 'પરિભાષાસૂચન' નામની કૃતિ ભાષ્યકારની આસપાસના કોઈ પણ સમયમાં રચાઈ હોય એમ માનીએ તો પણ તે વિષે કોઈનેય માહિતી હોય એમ જણાતું નથી.

પુરુષોત્તમદેવે समासप्रत्ययविधौ प्रतिषेधः उगिद्वर्णग्रहणवर्जम् । ના વ્યાખ્યાનમાં જણાવ્યું છે કે પ્રમાદને કારણે આ વચન પરિભાષાઓના સમૂહની વચ્ચે જોવા મળે છે.[3] અર્થાત્ વસ્તુતઃ આ પરિભાષા નથી, કેવળ એક દુરુક્તચિંતા પ્રવર્તક વાર્તિક છે. પુરુષોત્તમદેવની આ સમીક્ષા ઉપરથી એવું સૂચન નીકળે છે કે પુરુષોત્તમદેવની સમક્ષ પરિભાષા વિષેની કોઈક કૃતિ છે. પરંતુ આ સૂચન ઉપરથી તે કૃતિનું સ્વરૂપ સ્પષ્ટ થતું નથી. એટલે કે આ કૃતિ કેવળ પરિભાષાઓની યાદી રજૂ કરતો પરિભાષાઓનો માત્ર પાઠ હશે કે પરિભાષાઓ ઉપરની વૃત્તિ હશે એ સ્પષ્ટ થતું નથી. કારણ કે તે વાક્યમાં માત્ર એટલું જ કહ્યું છે કે આ પરિભાષા પ્રમાદને કારણે પરિભાષાઓની વચ્ચે જોવા મળે છે. આ સન્દર્ભમાં બીજી એક રીતે વિચારીએ તો પુરુષોત્તમદેવકૃત 'લઘુપરિભાષાવૃત્તિ' અને 'પરિભાષાપાઠ'ની પહેલાનો

---

૧. આની વિશદ ચર્ચા પ્રકરણ-૩ : 'વ્યાડિ : પરિભાષાસૂચન અને પરિભાષા-પાઠમાં' કરવામાં આવી છે.

૨. केचित्तु व्याख्यानतो विशेषप्रतिपत्तिरित्यादिसर्वपरिभाषा व्याडि-मुनिना विरचिता इत्याहुः ।। परिभाषासंग्रहः, पृ.-374.

૩. इयं च परिभाषा प्रमादात् परिभाषासु दृश्यते ।।
परिभाषासंग्रहः, पृ-148.

કોઈ પાણિનીય પરિભાષાવૃત્તિ ગ્રન્થ કે પાઠ હતો કે નહીં તે આજે જાણવા મળતું નથી. આથી સ્વાભાવિક રીતે આપણું મન એવી કલ્પના કરે કે પુરુષોત્તમદેવના ઉપર્યુક્ત વાક્યમાંથી સૂચવાતો પરિભાષા વિષયક કોઈ ગ્રન્થ કે પરિભાષાપાઠ તે આ વ્યાડિનો જ 'પરિભાષાસૂચન' નામનો વૃત્તિ-ગ્રન્થ અથવા 'વ્યાડિ પરિભાષાઠ' હશે. પરંતુ ક્રમનસીબે આ પરિભાષા (समासप्रत्ययविधौ प्रतिषेधः, उगिद्वर्ण-ग्रहणवर्जम् ।) એ વ્યાડિને નામે રજૂ થયેલ 'પરિભાષાસૂચન' કે 'પરિભાષાપાઠ'માં ક્યાંય ઉલ્લેખ પામી નથી. વળી, આ પરિભાષા કોઈ પણ અપાણિનીય પરિભાષા-પાઠમાં પણ રજૂ થઈ નથી.

આમ, ઉપર્યુક્ત સમગ્ર ચર્ચામાંથી એવું ફલિત થાય છે કે પુરુષોત્તમદેવની આ 'લઘુપરિભાષાવૃત્તિ' ઉપલબ્ધ પાણિનીય પરિભાષાવૃત્તિ-ગ્રંથોમાં સૌથી પ્રથમ છે.

૨.

હવે, પુરુષોત્તમદેવ 'પહેલા પરિભાષાવૃત્તિકાર' છે એ મુદ્દો કેન્દ્રમાં રાખીને આપણે તેમની 'લઘુપરિભાષાવૃત્તિ'ની વિગતે સમીક્ષા કરીશું.

પુરુષોત્તમદેવે કુલ એકસો વીસ પરિભાષાઓ ઉપર વ્યાખ્યાન રજૂ કર્યું છે. આ પરિભાષાઓ મુખ્યત્વે કાર્યિનનો નિર્ણય કરવા, સૂત્રાર્થ કરવા, પ્રક્રિયા દશામાં, અષ્ટાધ્યાયીનાં સૂત્રોની ઊણપો દૂર કરવા અને શિષ્ટ પ્રયોગોને સાધુત્વ-બોધન કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. પાણિનીય પરિભાષાઓ એકત્ર કરીને, તેની ઉપર સ્વતંત્ર વિચારણા કરવાનો તેમનો આ પહેલો પ્રયત્ન હોવાથી તેમણે આ કૃતિના ઉપસંહારમાં નોંધ્યું છે કે કેટલીક જ્ઞાપકસિદ્ધા, વચનસિદ્ધા અને ન્યાયસિદ્ધા પરિ-ભાષાઓ તથા પરિભાષા જેવાં કેટલાંક વચનો અમારી અર્થાત્ પુરુષોત્તમદેવની સમજ પ્રમાણે સમજાવ્યાં છે. આ જ દિશામાં, આ જ પ્રમાણે, શબ્દક્રિયામાં ઉપયોગી થનારાં બીજાં ન્યાયવાક્યોને તમારે (અધ્યેતાએ) લિંગ અને ઉદાહરણો વડે સમજી લેવાં.[૪] આમ પુરુષોત્તમદેવના મતે કેવળ એકસો વીસ પરિભાષાઓ જ છે એમ સમજવાનું નથી. આવાં બીજાં પણ પરિભાષાવચનો હોઈ શકે જેને આપણે સમજી લેવાનાં રહે છે. અર્થાત્ પુરુષોત્તમદેવે તો કેવળ ઉદાહરણ રૂપે દિગ્દર્શન કરાવ્યું. છતાંય

૪. इति तावज्ज्ञापकसिद्धा वचनसिद्धा न्यायसिद्धाश्च काश्चन परिभाषाः, वचनानि च कानिचिद् यथाबोधमस्माभिर्विवृतानि । एवमनया दिशा अन्यान्यपि शब्दक्रियोपयोगन्यायवाक्यानि लिङ्गोदाहरणाभ्यां समनुगन्तव्यानि... ॥ परिभाषासंग्रहः, पृ.–160.

અહીં નોંધવું જોઈએ કે પુરુષોત્તમદેવે બહુ સફળતાપૂર્વક એકસો વીસ પરિભાષાઓમાં પાણિનીય વ્યાકરણની શબ્દસિદ્ધિમાં ઉપયોગી બનતી મહત્ત્વની લગભગ તમામ પરિભાષાઓ સમાવી લીધી છે. તદુપરાંત તેમણે નિમ્નોક્ત બે પરિભાષાઓ નવી જ ઉમેરી છે :

૧. नुमचिरतृज्वद्भावेभ्यो नुट् पूर्वविप्रषेधेन । 108

૨. विधिविधानविधिभाजां त्रयाणां सन्निधाने तदन्तविधिर्भवति । 111

જો કે આ પરિભાષાઓ સર્વસ્વીકૃત બની શકી નથી. તથાપિ તેમણે અહીં એક મૌલિક અભિગમ દર્શાવ્યો છે તે નોંધવું જોઈએ. આપણે અગાઉ 'પરિભાષા-પાઠો' એ પ્રકરણમાં જોયું છે કે પુરુષોત્તમદેવે રજૂ કરેલી આ એકસો વીસ પરિભાષાઓમાંથી મોટા ભાગની પરિભાષાઓ તેમના અનુગામી પરિભાષાવૃત્તિકારોએ સ્વીકારી છે. પુરુષોત્તમદેવમાંથી સીરદેવે ૧૧૬ પરિભાષાઓ સ્વીકારી છે. નીલકંઠ અને હરિભાસ્કરે અનુક્રમે ૧૧૩ અને ૧૧૫ પરિભાષાઓ સ્વીકારી છે. તથા નાગેશ ભટ્ટે પણ તેમના 'પરિભાષેન્દુશેખર'માં રજૂ કરેલી એકસો છત્રીસ પરિભાષા-ઓમાંથી ૯૩ પરિભાષાઓ 'લઘુપરિભાષાવૃત્તિ'માંથી સ્વીકારી છે.

અગાઉ જણાવ્યું છે તેમ વ્યાડિને નામે મળતા 'પરિભાષાસૂચન'માં મુખ્યત્વે જે તે પરિભાષાના જ્ઞાપકને જ સ્પષ્ટ કરવાનો ઉપક્રમ સ્વીકારાયો છે. પરંતુ પુરુષોત્તમદેવે તો 'લઘુપરિભાષાવૃત્તિ'માં જે જે પરિભાષાઓનું વ્યાખ્યાન કર્યું છે તેમાં પરિભાષાનો અર્થ અને પરિભાષાનું પ્રામાણ્ય સૂચવતું જ્ઞાપક કે લોકન્યાય કે કોઈક શાસ્ત્રીયયુક્તિ રજૂ કરી છે. તદુપરાંત, પરિભાષાનાં પ્રયોજનો અને પરિભાષાના નિત્યત્વાનિત્યત્વની ચર્ચા પણ કરી છે. આમ, કોઈ પણ પરિભાષાને સમજવા માટે એવાં જરૂરી તમામ પાસાંઓને તેમણે વિગતે સમજાવ્યાં છે. પરિણામે તેમની પરિભાષાવૃત્તિ વિસ્તારની (કદની) દૃષ્ટિએ 'લઘુ' અર્થાત્ નાની હોવા છતાંય સર્વાંગીણ બનવા પામી છે.

આપણે આગળ ઉપર, પુરુષોત્તમદેવ અને સીરદેવની પરિભાષાવૃત્તિઓનો તુલનાત્મક અભ્યાસ કરીશું ત્યારે જોઈશું કે સીરદેવની પરિભાષાવૃત્તિ 'બૃહત્' હોવા છતાંય કેવળ વિસ્તાર–કદની દૃષ્ટિએ જ મોટી છે. આ અર્થમાં પુરુષોત્તમ-દેવની પરિભાષાવૃત્તિ પહેલી હોવા છતાંય જો તેમાં પરિભાષા વિષેની સર્વાંગીણ ચર્ચા મળતી હોય તો તેનું મૂલ્ય ઘણું છે, એમ કબૂલ કરવું જોઈએ.

પરિભાષાની સર્વાંગીણ ચર્ચા કરતા હોય તેવાં એક બે પરિભાષાના વ્યાખ્યાનને

આપણે ઉદાહરણ તરીકે જોઈશું :

(૧) संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य । 10

ભાષ્યકારે આ પરિભાષાનું જ્ઞાપક ઉલ્લેખ્યું નથી. પરંતુ પુરુષોત્તમદેવે પોતાની પ્રજ્ઞાથી ભાષ્યચર્ચામાંથી સૂચન લઈને તેને શોધી કાઢયું છે. બીજું, 'પરિભાષાસૂચન'ની સરખામણીમાં પુરુષોત્તમદેવનું વ્યાખ્યાન ઘણું વિકસિત હોય એમ જણાઈ આવે છે. વળી, આ પરિભાષાનાં પ્રયોજનો અને નિત્યત્વાનિત્યત્વની ચર્ચા પણ પ્રમાણ સહિત કરી છે.

પ્રારંભે પરિભાષાનો અર્થ આપ્યો છે. જેમકે, આનન્તર્યને કારણે પ્રાપ્ત થયેલ વિધિ, આનન્તર્યના વિઘાતમાં નિમિત્ત બનતો નથી. ત્યાર પછી જણાવ્યું છે કે कृन्मेजन्तः । 1-1-39 સૂત્ર ઉપરના ભાષ્યમાં, પતંજલિએ આ પરિભાષા રજૂ કરી છે. આ પરિભાષાનાં પ્રયોજનો તરીકે शतानि । कटौ । इयेष । उवोष । ઇત્યાદિ રૂપોને વિગતે સમજાવ્યાં છે. વ્યાખ્યાનનાં ઉત્તરાર્ધમાં તેની પ્રમાણ-વિષયક ચર્ચા કરી છે. જેમકે; न तिसृचतसृ । 6-4-4 સૂત્રથી नामि । 6-4-3 સૂત્રોક્ત દીર્ઘનો પ્રતિષેધ કર્યો છે તે અહીં જ્ઞાપક છે. આ જ્ઞાપકને વિશેષ વિગતોથી સમજાવ્યા બાદ પુરુષોત્તમદેવે તેના અનિત્યત્વની ચર્ચા કરી છે. જેમકે, આ પરિભાષાને અનિત્ય ગણવી જોઈએ. નહીં તો दाक्षि । અને प्लाक्षि જેવાં રૂપોમાં अ કારના સંનિપાતને કારણે પ્રવર્તેલું अन इञ् । 4-1-95 સૂત્ર अ કારના લોપમાં નિમિત્ત નહીં બને. અને क्रापयति । જેવા રૂપમાં आत्व યુક્ નું નિમિત્ત નહીં બને, વગેરે. પરિભાષાનું આ અનિત્યત્વ कष्टाय क्रमणे । 3-1-14 જેવા સૂત્રનિર્દેશથી પ્રમાણભૂત બને છે.[૫]

(૨) भाव्यमानोऽण् सवर्णान्न गृह्णाति । 31

પુરુષોત્તમદેવે આ પરિભાષાનો ભાષ્યોક્ત પાઠ બદલી નાંખ્યો છે અને તેના ફલિતાર્થને ધ્યાનમાં લઈને આ નવી પરિભાષા રજૂ કરી છે. કાશીની વૈયાકરણ પરંપરામાં ભટ્ટોજિ દીક્ષિતે પણ આ નવા પાઠનો જ સ્વીકાર કર્યો છે.

બીજી તરફ નાગેશ ભટ્ટે भाव्यमानेन सवर्णानां ग्रहणं न इति । એવો ભાષ્યોક્ત પાઠ મૂક્યો છે. પરંતુ આવી ભાષ્યોક્ત પરિભાષા માનવાથી આની એક બીજી પૂરક પરિભાષા પણ મૂકવી પડે છે. જેમકે; भाव्यामानोऽप्युकारः सवर्णान् गृह्णाति । નાગેશનું મન 'સનાતની' હોવાથી એટલે કે ભાષ્યને જ કેવળ શ્રદ્ધાથી જોતું હોવાથી તેમણે આવી બે પરિભાષાઓ રજૂ કરી છે. અને

૫. જુઓ : परिभाषासंग्रहः, पृ-117.

જેઓ भाव्यमानोऽण् सवर्णान्नि गृह्णाति । એ સ્વરૂપે પરિભાષાને રજૂ કરે છે, તેમને नव्याः पठन्ति । એમ કહે છે.[૬]

પુરુષોત્તમદેવે આ પરિભાષાનું સ્વરૂપ ભાષ્યથી જુદા પડીને આપ્યું છે, છતાંય તેમના વ્યાખ્યાનમાં ઊણપ રહેવા પામી નથી. કારણ કે તેમણે આ પરિભાષાનું જ્ઞાપક પણ નિર્દેશ્યું છે. અને બીજી તરફ, આ પરિભાષા अणुदित्सवर्णस्य चाप्रयत्यः । 1-1-69 સૂત્રસ્થ अप्रत्ययः એ અંશનો અનુવાદ કરનારી છે; એની પણ તેમને જાણકારી છે. બીજું, પરિભાષાના પાઠમાં अण् ગ્રહણ કરવાથી दिव उत् । 6-1-131 જેવાં સૂત્રોમાં આપત્તિ આવશે તેની પણ માહિતી છે. આથી તેમણે જણાવ્યું છે કે ક્વચિત્ ભાવ્યમાન अण् સવર્ણોનું ગ્રહણ કરે છે પણ ખરો.[૭] 'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનું જે વ્યાખ્યાન મળે છે, તેનાથી આ વ્યાખ્યાન ઘણું વિકસિત છે એમ કહેવું જોઈએ.

પુરુષોત્તમદેવની વ્યાખ્યાનશૈલી સ્વાભાવિક છે. સર્વાંગીણ ચર્ચાને ટૂંકાણમાં પ્રસ્તુત કરવી, તેમાં જટિલ ચર્ચાને સ્થાન ન આપવું, જે તે વિષયને સરળતાથી અને સ્પષ્ટતાપૂર્વક રજૂ કરવો ઇત્યાદિ તેમની વ્યાખ્યાનશૈલીનાં પ્રધાનલક્ષણો ગણાવી શકાય. આ ગ્રન્થનો વિગતે અભ્યાસ કરવાથી માલૂમ પડે છે કે પુરુષોત્તમદેવના સમયમાં અર્વાચીન સમયની ખંડન-મંડનની કૃત્રિમ શૈલી પ્રચારમાં આવી નથી. આથી વ્યાકરણશાસ્ત્રના કોઈ પણ અભ્યાસીને પાણિનીય પરિભાષાઓ સમજવી હોય-તેના પ્રામાણ્ય અને ઉપયોગિતાને વિગતે સમજવા હોય તો-પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ' ઉપયોગી બની રહે એમ છે. આમ, પુરુષોત્તમદેવની આ કૃતિ કદમાં લઘુ છતાં સર્વાંગીણ છે અને શૈલીની દૃષ્ટિએ સરળ છે, તેથી 'લલિતા' પણ છે.[૮]

૩.

પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'માં જે એકસો વીસ પરિભાષાઓનું વ્યાખ્યાન

---

૬. एतदेवाभिप्रेत्य भाव्यमानोऽण् सवर्णान्नि गृह्णाति इति नव्याः पठन्ति ॥ परिभाषेन्दुशेखरः, पृ-35.

૭. જુઓઃ परिभाषासंग्रहः; पृ. 126.

૮. 'લઘુપરિભાષાવૃત્તિ' ની પુષ્પિકામાં એક પાઠાન્તર આ પ્રમાણે મળે છેઃ इति वैयाकरणगजपञ्चाननश्री पुरुषोत्तमदेवविरचिता ललिताख्या परिभाषावृत्तिः समाप्ता ॥ परिभाषासंग्रहः, पृ. 160.

કર્યું છે, તે પરિભાષાઓનું પૃથક્કરણ કરતાં જણાય છે કે પુરુષોત્તમદેવે ભાષ્યાનુક્ત કે ભાષ્યાસમ્મત પરિભાષાઓને પણ સ્વીકારી છે અને ઇષ્ટસિદ્ધિમાં તેમનો વિનિયોગ કર્યો છે. ઉદાહરણ તરીકે; (૧) નાનર્થકેઽલોઽન્ત્યવિધિઃ । 93 અને (૨) સંપ્રસારણં સંપ્રસારણાશ્રયં च कार्यं बलवत् । 103.

ભાષ્યકારે આ બે પરિભાષાઓનાં પ્રયોજનોને ઉપાયાન્તરે સિદ્ધ કરી બતાવ્યાં છે અને એ રીતે તેવી પરિભાષાઓનું ખંડન કર્યું છે. એ જ પ્રમાણે, (૧) सर्वविधिभ्य इड्विधिर्बलीयान् । 90 અને (૨) सर्वविधिभ्यो लोपविधिर्बलवान् । 91 એવી પરિભાષાઓ ભાષ્યમાં ક્યાંય ઉલ્લેખ પામી નથી. આવી પરિભાષાઓના સન્દર્ભમાં તેમણે અનેકવાર નોંધ્યું છે કે પ્રયોજનના અભાવને કારણે ભાષ્યમાં આ પરિભાષા સ્વીકારી નથી, કે આ પરિભાષા ભાષ્યમાં મળતી નથી અથવા તો આ પરિભાષાનાં પ્રયોજનો પ્રકારાન્તરથી સિદ્ધ કરીને ભાષ્યકારે આનું પ્રત્યાખ્યાન કર્યું છે વગેરે.[૯] પરંતુ આવે પ્રસંગે પુરુષોત્તમદેવ ભાષ્યચર્ચાને અનુસરતા નથી, અને વિશેષમાં "વ્યાખ્યાનની અપેક્ષાએ વચન કરવું એમાં લાઘવ છે."[૧૦] એવો સિદ્ધાન્ત નિર્દેશીને તેઓ ભાષ્યની તર્કગહન ચર્ચાઓનો ત્યાગ કરે છે. આનું એક કારણ એ છે કે પરિભાષાઓના વ્યાખ્યાનમાં ક્લિષ્ટતાને દૂર રાખવા માટે આવી પરિભાષાઓનો તેમણે સ્વીકાર કર્યો છે. અને બીજું કારણ એ છે કે તેમણે વ્યવહારુ દૃષ્ટિકોણ અપનાવીને આવી ભાષ્યાનુક્ત કે ભાષ્યાસમ્મત પરિભાષાઓની મદદથી શિષ્ટપ્રયોગોને સાધુત્વબોધન કરવાનો પ્રયાસ કર્યો છે. નાગેશ ભટ્ટે જો કે આ દૃષ્ટિકોણ સ્વીકાર્યો નથી અને તેનો પ્રબળ વિરોધ કર્યો છે. તથાપિ પુરુષોત્તમદેવને સીરદેવાદિ ઘણા પરિભાષાવૃત્તિકારો અનુસર્યા છે. તદુપરાંત 'કાશિકા' અને 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' જેવા વૃત્તિ-પ્રક્રિયા ગ્રન્થોમાં પણ આવી કેટલીક પરિભાષાઓ સ્વીકારાઈ છે– દા. ત. संज्ञापूर्वको विधिरनित्यः । અને નાગેશ ભટ્ટના અનુગામી શેષાદ્રિ સુધીએ જણાવ્યું છે એ મુજબ શબ્દોનું

---

૯. (क) भाष्ये त्वियं परिभाषा नोपगता प्रयोजनाभावात् ।
(ख) इयमपि नोपगतैव ।
(ग) इयमपि भाष्ये नोपगता । एतत्प्रयोजनानां प्रकारान्तरेण सिद्धत्वात् ॥ परिभाषासंग्रहः, पृ.–151.

૧૦. यद्यपि पुनर्नैतानि संप्रति प्रयोजनानि इत्यादिना ग्रन्थेन भाष्ये एव प्रत्याख्यायन्ते तथापि प्रत्याख्यानाद् व्याख्यान गौरवद्वारेण परिभाषा-वचनमेतल्लघीयः इति ॥ परिभाषासंग्रहः, पृ.–155.

સાધુત્વ-બોધન કરવા સિવાય વ્યાકરણનો બીજો કયો ઉપયોગ હોઈ શકે.[૧૧] આથી, પુરુષોત્તમદેવનો આવી પરિભાષાઓ પ્રત્યેનો અભિગમ નોંધપાત્ર છે.

૪.

'લઘુપરિભાષાવૃત્તિ'માં પ્રાપ્ત થતી પરિભાષાઓનો ઉપસ્થિતિક્રમ વિચારતાં જણાય છે કે પુરુષોત્તમદેવે પરિભાષાઓને સુસંગતક્રમમાં ગોઠવી નથી. જેમકે,

(૧) અપવાદશાસ્ત્ર ઉત્સર્ગશાસ્ત્રનો કેવી રીતે બાધ કરે છે ? ઇત્યાદિની સ્પષ્ટતા કરનાર सत्यपि संभवे बाधनं भवति । (परि० 23) પરિભાષાને રજૂ કર્યા પહેલાં તેમણે पुरस्तादपवादा अनन्तरान् विधीन् बाधन्ते नोत्तरान् અને मध्येऽपवादाः पूर्वान् विधीन् बाधन्ते नोत्तरान् । (परि० 8 एवं 9) તથા अभ्यासविकारेष्वपवादा नोत्सर्गान् विधीन् बाधन्ते । (परि० 20) આવી પરિભાષાઓને રજૂ કરી છે.

(૨) એકસો વીસ પરિભાષાઓનું વિષયાનુસારી પૃથક્કરણ કરવામાં આવ્યું નથી. આથી એક જ વિષયને અનુલક્ષીને રજૂ થતી પરિભાષાઓ 'લઘુપરિભાષાવૃત્તિ'માં છૂટી છવાઈ મળે છે. જેમકે, તદન્તવિધિવિષયક પરિભાષાઓ.

૧. प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य । 44
૨. स्त्रीप्रत्ययेनानुपसर्जनेन । 45
૩. कृद्ग्रहणेन गतिकारकपूर्वस्यापि ग्रहणम् । 46
૪. गतिकारकोपपदानां कृद्भिः सह समासवचनं प्राक् सुबुत्पत्तेः । 47

એવા ૪૪, ૪૫, ૪૬ અને ૪૭ એ ક્રમાંક નીચે રજૂ કર્યા પછી તે વિષયની બાકી રહેલી પરિભાષાઓ.

૧. यस्मिन् विधिस्तदादावल्ग्रहणे । 75
૨. अनिनस्मन्ग्रहणान्यर्थवता चानर्थकेन तदन्तविधिं प्रयोजयन्ति । 77
૩. ग्रहणवता प्रातिपदिकेन तदन्तविधिर्नास्ति । 78
૪. व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेन । 79
૫. समासप्रत्ययविधौ तदन्तविधिप्रतिषेधः उगिद्वर्णग्रहणवर्जम् । 80
૬. संज्ञाविधौ प्रत्ययग्रहणे तदन्तविधिर्नास्ति । 81

---

૧૧. व्याकरणत्वं च शब्दसाधुत्वप्रतिपत्तिप्रयोजकशब्दत्वम् । इत्यादिः ॥ परिभाषासंग्रहः, पृ.-447.

એવા ૭૫, ૭૭, ૭૮, ૭૯, ૮૦ અને, એ ક્રમાંક નીચે મૂકી છે. એ જ પ્રમાણે બાધ્ય-બાધકભાવની સ્પષ્ટતા કરતી પરિભાષાઓ

૧. पुरस्तादपवादा अनन्तरान् विधीन् बाधन्ते नोत्तरान् । 8
૨. मध्येऽपवादाः पूर्वान् विधीन् बाधन्ते नोत्तरान् । 9
૩. अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वा । 17
૪. अभ्यासविकारेष्वपवादा नोत्सर्गान् विधीन् बाधन्ते । 20
૫. असति संभवे बाधनं भवति । 21
૬. अस्ति च संभवो यदुभयं स्यात् । 22
૭. सत्यपि संभवे बाधनं भवति । 23

તથા

૧. असिद्धं बहिरङ्गमन्तरङ्गे । 41
૨. नाजानन्तर्ये बहिरङ्गप्रक्लृप्तिः । 42
૩. अन्तरङ्गबहिरङ्गयोरन्तरङ्गं बलवत् । 43

અને

૧. विकरणेभ्यो नियमो बलीयान् । 53
૨. अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लयप् बाधते । 54
૩. अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग्बाधते । 68
૪. वार्णादाङ्गं बलीयः । 74

એવા જુદા જુદા ક્રમાંક નીચે રજૂ કરી છે.

(૩) પરિભાષાઓની ગોઠવણ વખતે તેમણે પરિભાષાઓની ઉપયોગિતાના સન્દર્ભમાં કઈ પરિભાષાની કેટલી અગત્ય છે તેની પણ વિચારણા કરી હોય એમ જણાતું નથી. કારણ કે बहुव्रीहौ तद्गुणसंविज्ञानमपि । 6 જેવી પરિભાષા જે કેવળ બહુવ્રીહિના બે ભેદોની નોંધ લે છે. તેને ગ્રન્થની શરૂઆતના ભાગમાં જ રજૂ કરી છે. આ જ પ્રમાણે, सांप्रतिकाभावे भूतपूर्वगतिः । 15 અને वर्त्स्यत् प्रवृत्येह कार्याणि क्रियन्ते । 16 પરિભાષાઓને પણ શરૂઆતમાં મૂકી છે. પરંતુ આ પરિભાષાઓ કરતાં બીજી અનેક પરિભાષાઓ શબ્દસિદ્ધિમાં ઘણી અગત્યની છે. જેમકે; निर्दिश्यमानस्यादेशा भवन्ति । 35, यस्मिन् विधिस्तदादावल्ग्रहणे । 75, अनिनस्मन्ग्रहणान्यर्थवता चानर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति ।

યથોદ્દેશં સંજ્ઞાપરિભાષમ્ । 105 અને કાર્યકાલં સંજ્ઞાપરિભાષમ્ । 106. આ પરિભાષાઓને પ્રારંભે જ મૂકવી જરૂરી છે. પણ પુરુષોત્તમદેવે તેમ કર્યું નથી.

બીજી તરફ, તેમના અનુગામી પરિભાષાવૃત્તિકારોના ગ્રન્થો જોતાં જણાય છે કે સીરદેવે પરિભાષાઓને કોઈ વિષયવિભાગ મુજબ ગોઠવી નથી, તો પણ અષ્ટાધ્યાયીનાં સૂત્રો ઉપરથી જે ક્રમે પરિભાષાઓ જ્ઞાપિત થાય છે એ ક્રમે પરિભાષાઓને રજૂ કરી છે. ૧ થી ૯૯ સુધીની પરિભાષાઓ જ્ઞાપકસૂત્રોના ક્રમે રજૂ કરી છે. બાકીની ૧૦૦ થી ૧૩૦ સુધીની પરિભાષાઓનો એક જુદો વિભાગ બનાવ્યો છે. જેમાં લોકન્યાયથી સિદ્ધ થતી પરિભાષાઓને ગોઠવી છે. પરિભાષેન્દુ-શેખર'માં નાગેશ ભટ્ટે પરિભાષાઓને તેમના વિષયો મુજબ અને શાસ્ત્રમાં તેમની ઉપયોગિતા મુજબ ત્રણ તંત્રમાં વહેંચી દીધી છે. જેમકે, શાસ્ત્રત્વસંપાદક પ્રકરણ, બાધબીજપ્રકરણ અને તન્ત્રશેષ પ્રકરણ. આવું કોઈ તર્કસંગત આયોજન પુરુષોત્તમદેવે ઉપસાવ્યું હોય એમ જણાતું નથી.

પરંતુ અહીં 'લઘુપરિભાષાવૃત્તિ'માં પરિભાષાઓની ગોઠવણી સુસંગત નથી; એમ કહેવાથી પરિભાષાવૃત્તિકાર તરીકેની પુરુષોત્તમદેવની ગુણવત્તામાં ઘટાડો થઈ જતો નથી. કારણ કે પરિભાષાઓને વિષયવાર ગોઠવવામાં આવી નથી–એ મુદ્દો તો આ પરિભાષાવૃત્તિ ગ્રન્થ પહેલ–વહેલો છે એમ સૂચિત કરે છે. આપણે અગાઉ નિર્દેશ્યું છે એ મુજબ પુરુષોત્તમદેવ પહેલા પરિભાષાવૃત્તિકાર છે. બારમી સદીમાં તેમણે જ સૌથી પહેલાં પાણિનીય પરિભાષાઓને એકત્ર કરી તેની ઉપર સ્વતંત્ર વિચારણા કરતો આ ગ્રન્થ રચ્યો છે.

૫.

પુરુષોત્તમદેવે રજૂ કરેલા પરિભાષા–વ્યાખ્યાનમાં કેટલાંક સ્થળે દોષો કે ઊણપો રહી ગયેલા હોય એમ જણાય છે. જેમકે,

(૧) अकृतव्यूहाः पाणिनीयाः प्रवर्तितमपि शास्त्रं व्यावर्तयन्ति । 104. આ પરિભાષાના પાઠમાં प्रवर्तितमपि शास्त्रं व्यावर्तयन्ति । એટલા ઉત્તરાર્ધમાં પરિભાષાનો અર્થ પણ સમાવી લેવામાં આવ્યો છે. તદુપરાંત આ પરિભાષા મહાભાષ્યમાં ક્યાંય પ્રાપ્ત થતી નથી કે ધ્વનિત પણ થતી નથી. છતાંય પુરુષોત્તમદેવે નોંધ્યું છે કે द्यौकामिः । सौत्थितिः । वैक्षमाणिः । ઇત્યાદિ રૂપોમાં વૃદ્ધિ અને યણ્ આદેશની યુગપત્ પ્રાપ્તિ થાય છે એમ દર્શાવવા માટે આ

પરિભાષા ભાષ્યમાં રજૂ કરવામાં આવી છે.[૧૨]–પુરુષોત્તમદેવે કરેલો ભાષ્યનો આ ઉલ્લેખ ચિન્ત્ય છે. કારણ કે નાગેશે એવું સ્પષ્ટ જાહેર કર્યું છે કે આ પરિભાષા ભાષ્યમાં પ્રાપ્ત થતી નથી.[૧૩]

(૨) सर्वे विधयश्छन्दसि विकल्प्यन्ते । 56, આ પરિભાષા જણાવે છે તે મુજબ વેદમાં બધી વિધિઓ વિકલ્પે થાય છે. પરિણામે घुरि दक्षिणस्याम् । એવી સપ્તમી-વિભક્તિ વૈકલ્પિક થવાને કારણે સપ્તમીના અર્થમાં શેષષષ્ઠી થઈને घुरि दक्षिणस्याः । એવો પ્રયોગ પ્રાપ્ત થાય છે. तक्षन्ति । એવું બહુવચન વિકલ્પે થતાં ઉત્સર્ગતઃ એક વચન થાય છે. ઉદાહરણ તરીકે ये यूपाय तक्षति मधु इति । તથા નપુંસકલિંગમાં नुम् વિકલ્પે થતાં मधोस्तृप्ता इवासते । વગેરે પ્રયોગો થાય છે. આ પરિભાષાને પુરુષોત્તમદેવે પોતાના ગ્રન્થમાં સ્વીકારી છે, તે પૂર્વેના કોઈ પણ પરિભાષાપાઠ કે 'પરિભાષાસૂચન'માં આ પરિભાષા પ્રાપ્ત થતી નથી. સૌ પ્રથમ મહાભાષ્યમાં આ પરિભાષા અને તેનાં ઉદાહરણો પ્રાપ્ત થાય છે. તેથી સ્પષ્ટ થઈ જાય છે કે પુરુષોત્તમદેવે આ પરિભાષા અને તેનાં ઉદાહરણો ભાષ્યમાંથી જ સ્વીકાર્યાં છે અને છતાંય તેમણે રજૂ કરેલાં ઉપર્યુક્ત ઉદાહરણો અને ભાષ્યમાં પ્રાપ્ત થતાં ઉદાહરણોનું પરીક્ષણ કરતાં જણાય છે કે તેમાં થોડાક દોષો રહી જવા પામ્યા છે. જેમકે, दक्षिणस्याम् । અને दक्षिणस्याः । ને બદલે ભાષ્યમાં અનુક્રમે दक्षिणायाम् । અને दक्षिणायाः । એવાં રૂપો મળે છે. એ જ પ્રમાણે ये यूपाय तक्षति मधु इति । ને બદલે चषालं ये अश्वयूपाय तक्षति । એવું વાક્ય છે. અલબત્ત ઉદાહરણોનાં પાઠાન્તર તો આવાં ઉદાહરણો સ્મૃતિમાંથી પ્રાપ્ત થતાં હોવાથી ક્ષમ્ય ગણી શકાય.

૬.

પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'નો અભ્યાસ કરતાં જણાઈ આવે છે કે પુરુષોત્તમદેવ પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાના લેખક છે. કારણ કે તેમણે પદે પદે કાશિકાકાર અને ન્યાસકારનો નામોલ્લેખ કરીને તેમના અભિપ્રાયને અનુ-

---

૧૨. इयं परिभाषा भाष्ये द्यौकामिः सौत्थितिः वैक्षमाणिः इत्यादौ वृद्धियणादेशयो र्युगपत्प्राप्तिं दर्शयितुमुपन्यस्ता । परिभाषास ग्रहः, पृ.–155.

૧૩. किं चैषा भाष्ये न दृश्यते । तदुक्तमसिद्धवत्सूत्रे कैयटेन ॥ परिभाषेन्दुशेखरः, पृ.–133.

૧૪. गुणोऽपृक्ते । 7–3–91 इत्यत्र तु वामनेनापृक्तग्रहणात् परिभाषेयमिति व्याख्यातम् । परिभाषासंग्रहः, पृ.–145.

સરીને પરિભાષાઓનું વ્યાખ્યાન કર્યું છે. પરંતુ આના અનુસન્ધાનમાં વિશેષ વિચારણા કરવાની આવશ્યકતા છે. કેમકે પુરુષોત્તમદેવની સમક્ષ જેવી રીતે 'કાશિકા' તથા 'ન્યાસ' અને રક્ષિતાદિના ગ્રન્થો હતા તેવી રીતે પતંજલિનું મહાભાષ્ય પણ સુલભ હતું જ. અલબત્ત, પુરુષોત્તમદેવે 'કાશિકા' અને 'ન્યાસાદિ'ના ઉલ્લેખોની જેમ ભાષ્યકારના પણ અનેક સ્થળે ઉલ્લેખો કર્યા છે. તથાપિ એ નોંધપાત્ર છે કે પુરુષોત્તમદેવની સમક્ષ કેવળ ભાષ્યગ્રન્થ એકાન્તિક પ્રમાણ રૂપ નથી. પુરુષોત્તમદેવ ન્યાસવચનને પણ ભાષ્ય વચન જેટલું જ અથવા ક્યારેક તેથી પણ વિશેષ મહત્ત્વ આપે છે. અથવા ભાષ્યચર્ચામાં શું વિગતો છે, તે વિષે ધ્યાન નહીં આપતાં 'કાશિકા'દિના વચનોને પણ અનુસરે છે.

કેટલાંક ઉદાહરણો જોવાથી આ મુદ્દો સ્પષ્ટ થશે :

(૧) यस्मिन्विधिस्तदादावल्ग्रहणे । 75. મહાભાષ્યમાં આ પરિભાષા સ્વતન્ત્રવાચનિકી સ્વરૂપે (1-1-72 સૂત્ર ઉપરના ભાષ્યમાં) વાર્તિકકારે રજૂ કરી છે. પરંતુ પુરુષોત્તમદેવે આ પરિભાષાને સ્વતન્ત્રવાચનિકી સ્વરૂપે રજૂ કરવાને બદલે વામનને અનુસરીને उतोवृद्धिर्लुकि हलि । 7-3-86 સૂત્રસ્થ अपृक्त ગ્રહણને જ્ઞાપક રૂપે વર્ણવ્યું છે.

(૨) अत्राधकान्यपि निपातनानि भवन्ति । 66. પુરુષોત્તમદેવ આ પરિભાષાને વિષે જણાવે છે કે આ પરિભાષા નથી કે નથી ભાષ્યવચન. પરંતુ જયાદિત્યે લક્ષ્યાનુરોધથી આવી પરિભાષા દર્શાવી છે એટલે તેને અહીં સ્વીકારવામાં આવી છે.[૧૫] ભાષ્યમાં તો આ પરિભાષાનું સ્વરૂપ वाधकान्येव निपातनानि । એમ જ છે.

(૩) प्रत्ययाप्रत्ययोः प्रत्ययस्यैव ग्रहणम् । 62. આ પરિભાષાના વ્યાખ્યાનમાં પુરુષોત્તમદેવ પ્રારંભે જ જણાવે છે કે મહાભાષ્યમાં આ પરિભાષા પ્રાપ્ત થતી નથી. પરંતુ ન્યાસકારે અને અનુન્યાસકારે આ પરિભાષાનો ઉલ્લેખ કરીને તેનો ઉપયોગ કર્યો છે, તેથી અહીં રજૂ કરવામાં આવી છે.[૧૬]

---

૧૫. ने यं परिभाषा, नापि भाष्यवचनम् । वाधकान्येव निपातनानि इति भाष्ये व्यवस्थापनात् । जयादित्येन त्वियं लक्ष्यस्थित्यनुरोधाद्दर्शिता अत्राधकान्यपि निपातनानीति ।। परिभाषासंग्रहः. पृ.-153.

૧૬. इयमपि नोपगतैव ।...न्यासकारेण तु विज इट् । 1-2-2 इति सूत्रे— यदियमुपन्यस्ता तथानुन्यासकारेणापि बलः० । 6-3-118 इति सूत्रे प्रत्ययस्यैव केवलस्य ग्रहणं कृतम्...।। परिभाषासंग्रहः, पृ.-151.

(૪) विभक्तौ लिङ्गविशिष्टाग्रहणम् । 27. આ પરિભાષાને વિષે પુરુષોત્તમદેવ જણાવે છે કે युवोरनाकौ । 7-1-1 સૂત્ર ઉપરના ભાષ્યમાં આ પરિભાષા રજૂ થઈ છે. અને मतुवसो० । 8-3-1 સૂત્ર ઉપર ન્યાસકારે તેને સ્વીકારી છે; એટલાથી જ તે પરિભાષાનું પ્રમાણ સિદ્ધ થઈ જાય છે.[૧૭] અન્યત્ર, અમુક પરિભાષા ભાષ્યકારે સ્વીકારી છે માટે તે પ્રમાણભૂત છે એમ કહ્યું છે. તથાપિ અહીં પુરુષોત્તમદેવ એમ નથી કહેતા કે ભાષ્યકારના વચન સામર્થ્યથી જ આ પરિભાષા સ્વતન્ત્રવાચનિકી રૂપે સ્વીકાર્ય છે; પરંતુ ન્યાસકારે તેને સ્વીકારી છે માટે તે પરિભાષા પ્રમાણભૂત છે. આમ, ક્યારેક તે ન્યાસવચનને ભાષ્ય કરતાંય વિશેષ મહત્ત્વ આપે છે.

(૫) अङ्गाधिकारे तस्य तदुत्तरपदस्य च । 85. આ પરિભાષા મહાભાષ્યમાં पदाङ्गाधिकारे तस्य तदुत्तरपदस्य च । એવા પરિભાષાવાર્તિક રૂપે येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રભાષ્યમાં મળે છે. અને ભાષ્યકારે અન્યત્ર (हृदयस्य हृल्लेखयदण्लासेसु । 6-3-50 સૂત્ર-ભાષ્યમાં) એક જ્ઞાપક-વચનથી उत्तरपदाधिकारे तस्य च तदन्तस्य ग्रहणं न । એવી પરિભાષાનો નિર્દેશ કર્યો છે. પરંતુ પુરુષોત્તમદેવે આ ભાષ્યોક્ત પરિભાષાઓની ઉપેક્ષા કરીને ન્યાસકારે गोतो णित् । 7-1-90 અને णलुत्तमो वा । 7-1-91 સૂત્ર ઉપર રજૂ કરેલી अङ्गाधिकारे तस्य तदुत्तरपदस्य च । એવી પરિભાષાને સ્વીકારી છે.

બીજું, પુરુષોત્તમદેવે ભાષ્યગ્રન્થને પ્રમાણભૂત ગ્રન્થ ગણ્યો હોવા છતાંય પતંજલિ અને વાર્તિકકારનું જુદું જુદું પ્રામાણ્ય હોય એ રીતે પરિભાષાઓના વ્યાખ્યાનમાં રજૂઆત કરી છે. વળી, પતંજલિ અને કાત્યાયન-એ બેમાંથી વિશેષે કરીને કાત્યાયનને વધારે પ્રમાણભૂત ગણ્યા છે. ઉદાહરણ તરીકે—

(૧) अभ्यासविकारेष्वपवादा नोत्सर्गान् विधीन् बाधन्ते । 50. આ પરિભાષા વાર્તિક-સ્વરૂપે (न वाभ्यासविकारेष्वपवादस्योत्सर्गाबाधकत्वात् । 7-4-82, वा-2) મળે છે. વાર્તિકકાર વડે દર્શાવવામાં આવેલી આ પરિભાષાના પાઠમાં પતંજલિએ ફેરફાર સૂચવ્યો છે. જેમકે; अभ्यासविकारेषु बाधका न न बाधन्ते इति । આથી કાશીની વૈયાકરણ પરંપરાના નીલકંઠ અને નાગેશ

---

૧૭. इयं च परिभाषा युवोरनाकौ । 7-1-1 इत्यत्र भाष्ये पठिता । मतुवसोरू० । 8-3-1 इत्यत्र च न्यासकारेणाभ्युपगतेत्येतावतैव प्रमाणम् इति ॥ परिभाषासंग्रहः, पृ.-124.

પોતપોતાના પરિભાષાવૃત્તિ ગ્રંથોમાં ભાષ્યકારે સૂચવેલા ફેરફારવાળા પાઠને સ્વીકાર્યો છે. પરંતુ પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણોની પરંપરામાં પુરુષોત્તમદેવે તો વાર્તિકકારે રજૂ કરેલો પાઠ જ સ્વીકાર્યો છે તથા સીરદેવ અને હરિભાસ્કરે તેમનું અનુસરણ કર્યું છે. અલબત્ત, અહીં નોંધવું જોઈએ કે પરિભાષાનાં વ્યાખ્યાનમાં પુરુષોત્તમદેવે સ્પષ્ટપણે અપવાદ અને ઉત્સર્ગ શબ્દોને અનુક્રમે બાધક અને બાધ્ય એવા અર્થોમાં જ લીધા છે.

(૨) આ જ પ્રમાણે, धातोः स्वरूपग्रहणे तत्प्रत्यये एव कार्यसंविज्ञानम् । 55 એવા વાર્તિકકારે રજૂ કરેલા પાઠમાં પણ ભાષ્યકારે દોષોદ્ભાવન કરીને धातोः कार्यमुच्यमानं तत्प्रत्यय एव भवति । એવો ફેરફાર સૂચવ્યો છે. આની નોંધ પુરુષોત્તમદેવે વ્યાખ્યાનમાં લીધી છે; પરંતુ પરિભાષાનો પાઠ તો વાર્તિકકારે જે રજૂ કર્યો છે તે જ સ્વીકાર્યો છે.

(૩) प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । 26. મહાભાષ્યમાં પતંજલિએ युवा खलतिपलितवलिनजरतीभिः । 2-1-67 સૂત્રને આ પરિભાષાના જ્ઞાપક રૂપે વર્ણવ્યું છે. પુરુષોત્તમદેવ આનો નિર્દેશ કરે છે. પરંતુ આ જ્ઞાપકનો ઉલ્લેખ કરતાં પહેલાં તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે ङ्याप्प्रातिपदिकात् । 4-1-1 સૂત્ર ઉપર કાત્યાયને આ પરિભાષાને અપૂર્વવચન રૂપે રજૂ કરી છે અને એટલા માત્રથી જ તે પ્રમાણભૂત છે. અર્થાત્ એમાં બીજું કોઈ પ્રમાણ આપવાની જરૂર નથી. ભાષ્યકારે જે જ્ઞાપક દર્શાવ્યું છે તે તો સરળતા-સૌકર્ય-માટે છે.[૧૮]

આમ, પુરુષોત્તમદેવ પતંજલિ અને કાત્યાયન-એ બન્નેયના વચનને સ્વતન્ત્ર પ્રમાણ રૂપે રજૂ કરે છે અને તે બેમાં પ્રાધાન્ય કાત્યાયનના વચનનું છે એમ માને છે. પાછળના સમયમાં અને વિશેષે કરીને કાશીની વૈયાકરણ પરંપરામાં આવો દૃષ્ટિકોણ જોવા મળતો નથી. ત્યાં તો વાર્તિકકારના વચન ઉપર જે

---

૧૮. इयं च परिभाषा कात्यायनेन प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । 4-1-1, वा-4 इति
सर्वनामस्वरसमासतद्धितविधिलुगलुगर्थम् । 4-1-1, वा-5
इत्यपूर्ववचनरूपेण पठितेत्येतावतैव प्रमाणम् ।
भाष्यकारेण तु सौक्र्याद् युवाखलति० । 2-1-67
इत्यत्र...ज्ञापिता ॥ परिभाषासंग्रहः, पृ.-123.

પતંજલિએ કોઈ જ્ઞાપક દર્શાવ્યું હોય તો તે જ એકમાત્ર પ્રમાણભૂત ગણાય છે. તેવે પ્રસંગે વાર્તિકકારના વચનનું કોઈ સ્વતન્ત્ર અસ્તિત્વ જ રહેતું નથી.

આ સમગ્ર ચર્ચા ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ' પાણિનીય પરિભાષાઓ ઉપર સર્વાંગીણ વ્યાખ્યાન રજૂ કરનાર ગ્રન્થ છે. પાણિનીય પરિભાષાઓ ઉપર સ્વતંત્ર વિચારણા કરતો આ ગ્રન્થ રજૂ કરીને પુરુષોત્તમદેવે એક નવો પ્રવાહ શરૂ કર્યો છે અને આથી આપણે તેમને **પહેલા પરિભાષાવૃત્તિકાર** તરીકે પાંક્તેય ગણીશું. બીજું, આ 'લઘુપરિભાષાવૃત્તિ' માં ભાષ્યનું એકાન્તિક પ્રમાણ સ્વીકારાયું નથી એ મુદ્દો જોતાં આ ગ્રન્થ પૂર્વ-ભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે એમ પણ કહેવું પડશે.

વિભાગ—૩

પ્રકરણ ૧૨ (૧) : પાણિનીય પરિભાષાગ્રન્થોનાં તુલનાત્મક અભ્યાસની ભૂમિકા

પ્રકરણ ૧૨ (૨) : સીરદેવ અને પુરુષોત્તમદેવ

પ્રકરણ ૧૩ : નીલકંઠ અને પુરુષોત્તમદેવ

પ્રકરણ ૧૪ : હરિભાસ્કર અને પુરુષોત્તમદેવ

પ્રકરણ ૧૫ : નાગેશ અને પુરુષોત્તમદેવ

પ્રકરણ ૧૬ : ઉપસંહાર

પ્રકરણ ૧૨

પાણિનીય પરિભાષાગ્રન્થોના તુલનાત્મક અભ્યાસની ભૂમિકા

વિભાગ (૧)માં આપણે પરિભાષાઓનો ઉદ્‌ગમ, સ્વરૂપ અને પરિભાષાઓના વિવિધ પાઠોનો વિગતે અભ્યાસ કર્યો. વિભાગ (૨)માં પુરુષોત્તમદેવે રજૂ કરેલી એકસો વીસ પરિભાષાઓનું વ્યાખ્યાન અને તે તે પરિભાષા વ્યાખ્યાનના અનુસન્ધાનમાં પુરુષોત્તમદેવના અનુગામી સીરદેવાદિ પરિભાષાવૃત્તિકારોએ કઈ કઈ નવી ચર્ચાઓ કરી છે તેનો પણ વિગતે અભ્યાસ કર્યો. હવે આપણે આ ત્રીજા વિભાગમાં પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ને કેન્દ્રમાં રાખીને પુરુષોત્તમદેવ અને સીરદેવાદિ અનુગામી પરિભાષાવૃત્તિકારોના પરિભાષાવૃત્તિગ્રન્થોનો તુલનાત્મક અભ્યાસ કરીશું.

પાણિનીય વ્યાકરણશાસ્ત્રના સકળ ગ્રન્થ-સમુદાયનું અવલોકન કરતાં જણાય છે કે કેવળ પરિભાષાઓ વિષે સ્વતંત્રપણે વિચારણા કરતા ગ્રન્થો અનેક છે. જેમકે, પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ' ઉપરાંત સીરદેવકૃત 'બૃહત્પરિભાષાવૃત્તિ,' નીલકંઠકૃત 'પરિભાષાવૃત્તિ', હરિભાસ્કર કૃત 'પરિભાષાભાસ્કર' અને નાગેશ ભટ્ટકૃત 'પરિભાષેન્દુશેખર' વગેરે. આ બધા પરિભાષાવૃત્તિ-વ્યાખ્યાન-ગ્રન્થો સાથે પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'નો તુલનાત્મક અભ્યાસ કરતાં પહેલાં આપણે જાણી લેવું જોઈએ કે પરિભાષા વિષે સ્વતંત્ર વિચારણા કરતાં આ બધા ગ્રન્થો કોઈ એક વૈયાકરણપરંપરાના નથી.

પાણિનિનાં સૂત્રો ઉપર કુણિ, નિર્લૂર, સ્વોભૂતિ ઇત્યાદિની પ્રાચીન વૃત્તિઓ આજે તો અનુપલબ્ધ છે. પરંતુ સાતમી સદીમાં વામન અને જયાદિત્યે 'કાશિકા' નામની વૃત્તિની રચના કરી. સમગ્ર ભારતવર્ષમાં આ વૃત્તિની સાહાય્યથી પાણિનિનાં સૂત્રોનું અધ્યયન થવા લાગ્યું. વિશેષે કરીને પૂર્વાભારતમાં-બૌદ્ધ વૈયાકરણોએ આ પ્રવૃત્તિને વેગ આપ્યો હોય એમ જણાય છે. 'કાશિકા'ની રચના થયા પછી આઠમી નવમી સદીમાં જિનેન્દ્રબુદ્ધિ નામના બૌદ્ધ વૈયાકરણે 'કાશિકા' ઉપર 'કાશિકાવિવરણપંજિકા' નામની ટીકા રચી છે. આ ટીકા 'ન્યાસ' નામે પ્રખ્યાત છે. આ ટીકાની અનેકવિધ ગુણવત્તાને કારણે અન્ય બૌદ્ધ વૈયાકરણો પણ આ ટીકાની ઉપર બીજી ટીકાઓ રચવા પ્રેરાયા છે. જેવા કે, મૈત્રેયરક્ષિત અને ઇન્દુમિત્ર. મૈત્રેયરક્ષિતે 'ન્યાસ' ઉપર 'તન્ત્રપ્રદીપ'ની રચના કરી

છે. આ 'તન્ત્રપ્રદીપ' ઉપરાંત તેમણે 'ભાષા-પ્રદીપ'ની પણ રચના કરી છે. અને ઇન્દુમિત્રે 'ન્યાસ' ઉપર 'અનુન્યાસ'ની રચના કરી છે.

પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણોની આ પરંપરામાં લક્ષ્મણસેન રાજાના આશ્રિત એવા પુરુષોત્તમદેવે પાણિનિના સૂત્રોનું અર્થઘટન કરવા માટે અને શાસ્ત્રીય કાર્યોના નિર્વાહ માટે ઉપયોગી એવી પરિભાષાઓ ઉપર એક સ્વતંત્ર વૃત્તિની રચના કરી છે, જેનું નામ 'લઘુપરિભાષાવૃત્તિ' છે. આ ઉપરાંત તેમણે વ્યાકરણ વિષયના બીજા પણ અનેક ગ્રન્થો રચ્યા છે.[1] પરંતુ પાણિનીય પરિભાષાઓ ઉપર સ્વતંત્ર વિચારણા કરતો તેમનો આ ગ્રન્થ અપૂર્વ અને પ્રાયઃ સંપૂર્ણ હોવાથી તેના તરફ બીજા અનેક વૈયાકરણોનું ધ્યાન ખેંચાયું છે.

પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ની સામે સીરદેવે 'બૃહત્પરિભાષાવૃત્તિ'ની રચના કરી છે. પૂર્વભારતની વૈયાકરણ પરંપરાના આ બન્નેય પરિભાષા-ગ્રન્થોની ખ્યાતિથી પ્રેરાઈને કાશીની વૈયાકરણ પરંપરામાં નીલકંઠ દીક્ષિતે પરિભાષાઓ ઉપર એક સંક્ષિપ્ત એવી 'પરિભાષાવૃત્તિ'ની રચના કરી છે.

નીલકંઠ દીક્ષિતે આ વૃત્તિની રચના કરી તે પહેલાં કાશીની વૈયાકરણ પરંપરામાં પ્રોજ્જ્વલ પ્રદીપ સમા ભટ્ટોજિ દીક્ષિતે 'વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી,' 'પ્રૌઢમનોરમા' અને 'શબ્દ કૌસ્તુભ' વગેરે જેવા પ્રમાણભૂત અને ભાષ્યસિદ્ધાન્તનું અનુસરણ કરનારા ગ્રન્થોની રચના કરી હતી. આ ગ્રન્થોમાં ભાષ્યાશયને દૃષ્ટિ સામે રાખીને સૂક્ષ્મ ચર્ચાઓને અન્તે પાણિનીય વ્યાકરણ-શાસ્ત્રના સિદ્ધાન્તોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. નીલકંઠે પોતાની 'પરિભાષાવૃત્તિ'માં આ બધા ગ્રન્થોનો નામોલ્લેખપૂર્વક ઉપયોગ કર્યો છે.

નીલકંઠ દીક્ષિતની 'પરિભાષાવૃત્તિ' રચાયા પછી હરિભાસ્કર નામના વૈયાકરણે 'પરિભાષાભાસ્કર'ની રચના કરી છે. આ વૈયાકરણને ભટ્ટોજિ દીક્ષિતના પ્રૌઢમનોરમાદિ ગ્રન્થોનો પરિચય છે, તથાપિ તેમણે પૂર્વાભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાને અનુસરીને જ 'પરિભાષાભાસ્કર'ની રચના કરી છે. આથી તેમની કૃતિમાં 'બૃહત્પરિભાષાવૃત્તિ'ની ચર્ચાનું પ્રતિબિંબ પડયું છે એમ જણાય છે.

આ પ્રમાણે, પરિભાષા વિષયક સ્વતંત્ર વૃત્તિ-વ્યાખ્યાન-રજૂ કરતા ગ્રન્થો બારમી સદીથી શરૂ કરીને એક પછી એક રચાતા રહ્યા છે. સોળમી-સત્તરમી સદીમાં નાગેશ ભટ્ટે પણ 'પરિભાષેન્દુશેખર'ની રચના કરી છે. પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં અંતિમ પ્રમાણભૂત ગ્રન્થ તરીકે આ ગ્રન્થની પ્રતિષ્ઠા છે. નીલકંઠની

૧. જુઓ પ્રકરણ-૭ : પુરુષોત્તમદેવનો જીવનસમય અને કૃતિઓ.

જેમ નાગેશ ભટ્ટે પણ ભાષ્યાશયને પ્રાધાન્ય આપીને પરિભાષાવિષયક સિદ્ધાન્તોનું પ્રસ્થાન કરવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરામાં પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ' તથા સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ' રચાઈ તે પહેલાં ભટ્ટોજિ દીક્ષિતના 'શબ્દકૌસ્તુભ', 'પ્રૌઢમનોરમાદિ' જેવા ગ્રન્થોની રચના થઈ ન હતી. પરિણામે આ બે પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં 'ન્યાસ' વગેરેને જ પ્રમાણ માનીને-પ્રાધાન્ય આપીને પરિભાષાઓનું વ્યાખ્યાન થયું છે. આમ, પરિભાષાઓ વિષે સ્વતંત્રવૃત્તિ રજૂ કરતા ગ્રન્થો સ્પષ્ટપણે–

(૧) પૂર્વભારતની, 'ન્યાસ'ને પ્રમાણ માનીને ચાલતી બૌદ્ધ વૈયાકરણ પરંપરા; અને,

(૨) કાશીની, ભાષ્યાશયને (જ) પ્રાધાન્ય આપતી બ્રાહ્મણ વૈયાકરણોની પરંપરામાં વહેંચાઈ જાય છે.

પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ના તુલનાત્મક અભ્યાસનું અનેક દૃષ્ટિએ મહત્ત્વ છે. જેમકે,

(૧) પાણિનીય વ્યાકરણ-શાસ્ત્રના પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ' સૌથી વહેલી છે. જો કે પ્રા. કે. વી. અભ્યંકરજીના મતે તો કાત્યાયન અને પતંજલિની પણ પૂર્વે વ્યાડિ નામના વૈયાકરણે પાણિનીય પરિભાષાઓ ઉપર એક સ્વતંત્ર વૃત્તિ રજૂ કરતો 'પરિભાષાસૂચન' નામનો ગ્રન્થ રચ્યો છે. પરંતુ આ ગ્રન્થનું કર્તૃત્વ અને સમય સંદિગ્ધ છે. બીજું, આ ગ્રન્થ ભાષ્યપૂર્વે રચાયો હોય તો પણ આ ગ્રન્થની ભાષ્યકારને કે કાશિકાકારાદિ બીજા કોઈ વૈયાકરણને માહિતી નથી. તથા પુરુષોત્તમદેવ, સીરદેવાદિ કોઈ પણ પરિભાષાવૃત્તિકારે વ્યાડિના 'પરિભાષાસૂચન'નો ઉલ્લેખ કર્યો નથી. હરિભાસ્કરે જણાવ્યું છે કે બધી પરિભાષાઓ વ્યાડિએ રચી છે,[૨] તે પણ એક મતાન્તર છે અને હરિભાસ્કરને તેની જાતમાહિતી નથી. વળી, આ ઉલ્લેખમાં 'પરિભાષાસૂચન'ની રચનાનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. ત્રીજું, પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં એક ઉલ્લેખ એવો મળે છે કે પુરુષોત્તમદેવની સમક્ષ પરિભાષા વિશેની કોઈ કૃતિ કે તેની માહિતી છે.[૩] પરંતુ

૨. केचित्तु व्याख्यानतो विशेषप्रतिपत्तिरित्यादिसर्वपरिभाषा व्याडिमुनिना विरचिता इत्याहुः। परिभाषासंग्रहः, पृ. 374

૩. इयं च परिभाषा प्रमादात् परिभाषासु दृश्यते। तदेव, पृ. 148

તે વ્યાડિને નામે મળતાં 'પરિભાષાસૂચન'નો તો ઉલ્લેખ નથી જ. કારણ કે પુરુષોત્તમદેવે તે ઉલ્લેખમાં જણાવ્યું છે કે समासप्रत्ययविधौप्रतिषेध : । એવું વાક્ય પ્રમાદને કારણે પરિભાષાઓની મધ્યે જોવા મળે છે. પરંતુ આ પરિભાષા 'પરિભાષાસૂચન'માં નથી. તેથી સ્પષ્ટ થઈ જાય છે પુરુષોત્તમદેવ 'પરિભાષાસૂચન'થી ભિન્ન એવા બીજા કોઈ ગ્રન્થનો ઉલ્લેખ કરે છે. આમ, ઉપલબ્ધ પરિભાષાવૃત્તિગ્રન્થોમાં વ્યાડિને નામે મળતો 'પરિભાષાસૂચન' ગ્રન્થ પહેલો હોય તો પણ જે ગ્રન્થની પહેલા પરિભાષાવૃત્તિ ગ્રન્થ તરીકે બીજા પરિભાષાવૃત્તિકારોને માહિતી હોય તેવો ગ્રન્થ તો પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ' જ છે.

તેથી પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં પહેલા પરિભાષાવૃત્તિકાર તરીકે પુરુષોત્તમદેવનું આ ક્ષેત્રમાં શું પ્રદાન છે તે જાણવા અને તેને મૂલવવા માટે 'લઘુપરિભાષાવૃત્તિ'નો અભ્યાસ કરવો અનિવાર્ય છે.

(૨) પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ', 'પરિભાષાસૂચન'ને બાદ કરતાં, સમગ્ર પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં સૌ પહેલી હોય તો એ જાણવું પણ રસપ્રદ બની રહે કે આ વૃત્તિએ તેના અનુગામી પરિભાષાવૃત્તિ ગ્રન્થો ઉપર કેવી અને કેટલી અસર પાડી છે. અગાઉ જણાવ્યું તેમ બધાં પરિભાષાવૃત્તિગ્રન્થો બે પરંપરામાં વહેંચાઈ જાય છે. આ બન્નેય પરંપરાઓમાંથી પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિ ગ્રન્થો 'ન્યાસ' વગેરેને પ્રમાણ માનીને ચાલે છે. અને કાશીની વૈયાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિ ગ્રન્થો ભાષ્યને જ પ્રમાણ માને છે. આથી વિશેષે કરીને બૌદ્ધ વૈયાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિ ગ્રન્થોએ આ કાશીની વૈયાકરણ પરંપરા ઉપર શી અસર કરી છે, તે જાણવું પણ ઘણું અગત્યનું બની રહે છે.

(૩) આ બન્નેય પરંપરાના તૌલનિક અભ્યાસથી પરિભાષાનાં જ્ઞાપક, પ્રયોજન અને પ્રવૃત્તિવિષયાદિ તથા તેના સ્વીકારાસ્વીકાર વિષયક માપદંડ વિશે જે ચર્ચા-વિચારણા થઈ, અને તેના પરિણામે જે સિદ્ધાન્ત-સ્થાપના થઈ તેના વિકાસની નોંધ પણ અહીં મળે છે. અને

(૪) છેલ્લે, પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચના કરીને પાણિનીય પરિભાષાઓ વિશે સ્વતંત્ર વિચારણા કરવાની જે એક નવી પદ્ધતિ ઉપસાવી તેના પરિણામે પાણિનીય વ્યાકરણ-શાસ્ત્રનો એક સ્વતંત્ર 'પ્રવાહ' અસ્તિત્વમાં આવ્યો છે. આનું શ્રેય પુરુષોત્તમદેવને ફાળે જાય છે. પાણિનિનો અષ્ટાધ્યાયી ગ્રન્થ રચાયા

પછી સૂત્રો વડે શબ્દ સિદ્ધિ કરવા માટે 'કાશિકા', 'પ્રક્રિયાકૌમુદી', 'વૈયાકરણ-સિદ્ધાન્તકૌમુદી' જેવા પ્રક્રિયાગ્રન્થો અસ્તિત્વમાં આવ્યા. બીજી તરફ, શબ્દાર્થ-નિર્ણય કરવા માટે ભર્તૃહરિએ 'વાક્યપદીય'ની રચના કરી તથા કૌણ્ડ ભટ્ટે 'વૈયાકરણ ભૂષણ'ની રચના કરી. સૂત્રાર્થનિર્ણયમાં ઉપયોગી થાય એવા પરિભાષાવૃત્તિ-ગ્રન્થોની રચના થતાં પાણિનીય વ્યાકરણનો એક ત્રીજો પ્રવાહ અસ્તિત્વમાં આવ્યો છે. આ ત્રીજા પ્રવાહનો સર્વાંગીણ પરિચય મેળવવા માટે ઉપર્યુક્ત તૌલનિક અભ્યાસની આવશ્યકતા છે.

પ્રકરણ ૧૨(૨)

સીરદેવ અને પુરુષોત્તમદેવ

૧.

પુરુષોત્તમદેવ અને સીરદેવની પરિભાષાવૃત્તિઓની સરખામણી કરતાં પહેલાં આપણે સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'નો બહિરંગ પરિચય મેળવીશું :

સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'માં કુલ એકસો ત્રીસ પરિભાષાઓ ઉપર વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ની અપેક્ષાએ અહીં ચૌદ પરિભાષાઓ વધારે છે, અને પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં પ્રાપ્ત થતી ત્રણ પરિભાષાઓને પડતી મૂકી છે. સીરદેવે નવી રજૂ કરેલી પરિભાષાઓ આ પ્રમાણે છે :

૧. क्वचिद्विकृतिरपि प्रकृतिं गृह्णाति । 41
૨. वर्णाश्रये विधौ नान्तादिवत्त्वम् । 61
૩. विधौ परिभाषोपतिष्ठते नानुवादे । 89
૪. उपजातनिमित्तोऽप्युत्सर्ग उपजनिष्यमाणनिमित्तेन० । 93
૫. परिहृत्यापवादविषयमुत्सर्गोऽभिनिविशते । 94
૬. प्रधानाप्रधानयोः प्रधाने कार्यसंप्रत्ययः । 102
૭. पित्स्वराच्चित्स्वरो बलीयान् । 108
૮. विधिनियमसंभवे विधिरेव ज्यायान् । 109
૯. पर्यायशब्दानां गुरुलाघवचर्चा नाद्रियते । 122
૧૦. अनिर्दिष्टार्थाः प्रत्ययाः स्वार्थे भवन्ति । 125
૧૧. युगपदधिकरणवचनो द्वन्द्वः । 127
૧૨. पूर्वं धातुः साधनेन युज्यते पश्चादुपसर्गेण० । 128
૧૩. अन्ये तु पूर्वं धातुरुपसर्गेण युज्यते पश्चात् साधनेन० । 129
૧૪. समासकृत्तद्धितेषु सम्बन्धाभिधानमन्यत्र
रुढ्यभिन्नरूढिव्यभिचरितसम्बन्धेभ्यः । 130

'લઘુપરિભાષાવૃત્તિ'માં મળતી નીચેની ત્રણ પરિભાષાઓ સીરદેવે રજૂ કરી નથી.

૧. अव्यक्ते गुणसंदेहे नपुंसकलिङ्गं प्रयोजयेत् । 60
૨. निमित्तिकार्यं न तन्निमित्तस्य । 94
૩. नुमचिरतृजवद्भावेभ्यो नुट् पूर्वविप्रतिषेधेन । 108

'બૃહત્પરિભાષાવૃત્તિ'માં રજૂ કરેલી એકસો ત્રીસ પરિભાષાઓને સીરદેવે મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી કાઢી છે. પ્રથમ વિભાગમાં ૧ થી ૯૯ પરિભાષાઓ મૂકી છે, જે જ્ઞાપકસિદ્ધા પરિભાષાઓ છે. બીજા વિભાગમાં अतः परं न्याय-मूलाः परिभाषाः । એમ લખીને સીરદેવે ૧૦૦ થી ૧૩૦ સુધીની પરિભાષાઓ મૂકી છે. આ પરિભાષાઓ પાણિનિનાં કોઈ સૂત્રો ઉપરથી જ્ઞાપિત થતી નથી. પરંતુ તે લોકન્યાય કે શાસ્ત્રીયન્યાય ઉપરથી સિદ્ધ કરવામાં આવી છે. બીજું, આ બે વિભાગમાં પ્રાપ્ત થતી પરિભાષાઓના ઉપસ્થિતિક્રમ વિષે વિચારીએ તો સીરદેવે આ એકસો ત્રીસ પરિભાષાઓને કોઈ વિષયસંગતિ મુજબ ગોઠવી નથી. અથવા તો અમુક પરિભાષાનો વિષય શાસ્ત્રમાં મહત્ત્વનો હોઈ તેને પહેલાં રજૂ કરવા એમ વિચારીને પરિભાષાઓનાં મહત્ત્વ કે અગત્ય મુજબ પણ પરિભાષાઓ ગોઠવી નથી. પરંતુ તેમણે પરિભાષાઓનાં જ્ઞાપક-સૂત્રોનો ક્રમ પોતાની સમક્ષ રાખીને પરિભાષાઓને એક પછી એક રજૂ કરી છે. ઉદાહરણ તરીકે—

પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ'માં व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणम् । 120–એ પરિભાષાને સૌથી છેલ્લે રજૂ કરી છે. પરંતુ પતંજલિએ મહાભાષ્યમાં માહેશ્વર સૂત્ર लण् । 6 ઉપરની ચર્ચા કરતાં સૌ પ્રથમ આ પરિભાષાને ઉપસ્થિત કરી છે. તેમણે જણાવ્યું છે કે लण् । 6 સૂત્રમાં અનુબંધ તરીકે ण् કારનો બીજીવાર ઉપયોગ કર્યો છે તેનાથી જ્ઞાપિત થાય છે કે પૂર્વોક્ત પરિભાષા છે.[1] આથી સીરદેવે આ પરિભાષાને 'બૃહત્પરિભાષાવૃત્તિ'માં પહેલી મૂકી છે. આમ, અષ્ટાધ્યાયીનાં જે જે સૂત્રો ઉપરથી પરિભાષાઓ જ્ઞાપિત થાય છે તે

૧. इयं परिभाषा लण् (माहेश्वरसूत्र 6) इत्यत्र भाष्यकारेण ज्ञापिता । तदुक्तम् । किं पुनरयं वर्णोत्सत्ताविव णकारः सन्देहहेतुरनुबद्धोऽपि पुनरनुबध्यते यस्मादनेनाण् ग्रहणेष्विण् ग्रहणेषु च संदेहः किं पूर्वेण परेण वेति । एवं तर्हि ज्ञापयत्याचार्यो भवत्येषा परिभाषा 'व्याख्यानतः' इत्यादि । व्या०म०भा० 1 पृ. 35 प० 15, 16 ॥

જ્ઞાપક સૂત્રોના ક્રમને અનુસરીને સીરદેવે પરિભાષાઓને ગોઠવી છે. વિશેષમાં, સીરદેવે આ પરિભાષાઓનાં જૂથ પણ બનાવ્યાં છે. જેમકે, અષ્ટાધ્યાયીમાં પ્રત્યેક અધ્યાયનાં ચાર-ચાર પાદ છે. આ દરેક પાદને સીરદેવે ભૂપાદ-ઙ્યાપ્પાદ અઙ્ગપાદ...ઇત્યાદિ નામ આપીને તે તે પાદનાં સૂત્રો ઉપરથી જ્ઞાપિત થતી પરિભાષાઓને તે તે પાદના વિભાગમાં મૂકી છે. આનું વિગતે પૃથક્કરણ કરીશું તો જણાશે કે—

અ૦ ૧ પાદ-૧ :	वृद्धिपाद ।	તેમાં ૧ થી ૧૩ પરિભાષાઓ,
,, પાદ-૨ :	गाङ्कुटादिपाद ।	તેમાં ૧૪ થી ૧૬ પરિભાષાઓ,
,, પાદ-૩ :	भूपाद ।	તેમાં ૧૭ થી ૧૯ પરિભાષાઓ,
,, પાદ-૪ :	कारकपाद ।	તેમાં ૨૦ થી ૨૭ પરિભાષાઓ,
અ૦ ૨ પાદ-૧ :	समर्थपाद ।	તેમાં ૨૮ અને ૨૯ પરિભાષાઓ,
,, પાદ-૨ :	पूर्वापरपाद ।	તેમાં ૩૦ થી ૩૨ પરિભાષાઓ,
,, પાદ-૩ :	अनभिहितपाद ।	તેમાં ૩૩ મી પરિભાષા,
,, પાદ-૪ :	द्विगुपाद ।	તેમાં ૩૪ મી પરિભાષા,
અ૦ ૩ પાદ-૧ :	प्रत्ययपाद ।	તેમાં ૩૫ થી ૩૮ પરિભાષાઓ,
,, પાદ-૨ :	कर्मणिपाद ।	તેમાં ૩૯ થી ૪૩ પરિભાષાઓ,
,, પાદ-૩ :	बहुलपाद ।	તેમાં ૪૪ મી પરિભાષા,
,, પાદ-૪ :	संबन्धपाद ।	તેમાં ૪૫ અને ૪૬ પરિભાષાઓ,
અ૦ ૪ પાદ-૧ :	ङ्याप्पाद ।	તેમાં ૪૭ થી ૪૯ પરિભાષાઓ,
,, પાદ-૨ :	रक्तपाद ।	તેમાં ૫૦ થી ૫૨ પરિભાષાઓ,
,, પાદ-૩ :	युष्मत्पाद ।	તેમાં ૫૩ મી પરિભાષા,
અ૦ ૪ પાદ-૪ :	ठक्पाद ।	તેમાં ૫૪ મી પરિભાષા,
અ૦ ૫ પાદ-૧ :		——— નથી ———
,, પાદ-૨ :	धान्यपाद ।	તેમાં ૫૫ થી ૫૭ પરિભાષાઓ,
,, પાદ-૩ :		——— નથી ———
,, પાદ-૪ :	शतपाद ।	તેમાં ૫૮ મી પરિભાષા,
અ૦ ૬ પાદ-૧ :	एकाच्पाद ।	તેમાં ૫૯ થી ૬૧ પરિભાષાઓ,
,, પાદ-૨ :		——— નથી ———
,, પાદ-૩ :	बहुव्रीहिपाद ।	તેમાં ૬૨ અને ૬૩ પરિભાષાઓ,
,, પાદ-૪ :	अङ्गपाद ।	તેમાં ૬૪ થી ૭૪ પરિભાષાઓ,

અ૦ ૭ પાદ-૧ : युत्रपाद ।	તેમાં ૭૫ થી ૮૦ પરિભાષાઓ,
,, પાદ-૨ : सिचिपाद ।	તેમાં ૮૧ થી ૮૫ પરિભાષાઓ,
,, પાદ ૩ : देविकापाद ।	તેમાં ૮૬ થી ૯૧ પરિભાષાઓ,
,, પાદ-૪ : णौपाद ।	તેમાં ૯૨ થી ૯૬ પરિભાષાઓ,
અ૦ ૮ પાદ-૧ : सर्वस्य द्वेपाद ।	તેમાં ૯૭ મી પરિભાષા અને
,, પાદ-૩ : रेफपाद ।	તેમાં ૯૮ અને ૯૯મી પરિભાષાઓ.

આ દરેક વિભાગને અન્તે इति महामहोपाध्यायश्रीसीरदेवकृतायां परिभाषावृत्तौ वृद्धिपादो नाम प्रथमपादः । કે... परिभाषावृत्तौ देविकापादो नाम सप्तमाध्यायस्य तृतीयः पादः । વગેરે પુષ્પિકાવચનો જોવા મળે છે.

આ પ્રમાણે, પહેલાં નવ્વાણું પરિભાષાઓને જુદા જુદા વિભાગોમાં વિભક્ત કરી છે અને ત્યાર પછી ૧૦૦ થી ૧૩૦ સુધીની ન્યાયમૂલા પરિભાષાઓનો સમુદાય મૂક્યો છે. પહેલા વિભાગમાં જ્ઞાપકસૂત્રોના ક્રમને અનુસરીને જ્ઞાપકસિદ્ધા પરિભાષાઓ અને બીજા વિભાગમાં લૌકિક અને શાસ્ત્રીયન્યાયને આધારે સિદ્ધ થતી પરિભાષાઓને ગોઠવી છે. પરંતુ કેટલીક પરિભાષાઓ, ભાષ્યમાં કેવળ સ્વતંત્રવાચનિકી સ્વરૂપે રજૂ થઈ હોય છે. જેમકે, यथोद्देशं संज्ञापरिभाषम् । અને कार्यकालं संज्ञापरिभाषम् । આવી પરિભાષાઓને સીરદેવે પહેલા વિભાગમાં નહીં મૂકતાં બીજા વિભાગમાં એટલે કે ન્યાયમૂલા પરિભાષાઓના વિભાગમાં મૂકી છે. આથી સૂચિત થાય છે કે સીરદેવે પરિભાષાઓના બે જ પ્રકાર હોય છે એમ માન્યું છે. જેવા કે, (૧) જ્ઞાપકસિદ્ધા અને (૨) ન્યાયમૂલા.

પરિભાષાઓની ગોઠવણીમાં સીરદેવે પરિભાષાઓના જ્ઞાપક-સૂત્રોના ક્રમને ધ્યાનમાં રાખ્યો છે. આથી પંડિતશ્રી યુધિષ્ઠિર મીમાંસકે એક કલ્પના કરી છે કે પાણિનિએ ગણપાઠ, ધાતુપાઠની જેમ જો કોઈ પરિભાષાવૃત્તિ કે પરિભાષાસંગ્રહ રચ્યો હશે તો તે આ જ ક્રમમાં અર્થાત્ આવી જ ગોઠવણીવાળો હશે.[૨] બીજી તરફ પ્રા. કે. વી. અભ્યંકરજી બીજું એક અનુમાન કરે છે. જેમકે, પરિભાષાઓની

૨. परिभाषावृत्तिका वैशिष्ट्य—यह परिभाषापाठ अष्टाध्यायीके क्रम से तत्तत् सूत्रों से ज्ञापित अथवा तत्सम्बन्धी वार्त्तिक आदिरूप वचनोंका संग्रहरूप हैं । हमारे विचारमें यदि पाणिनिने किसी परिभाषापाठका प्रवचन किया होगा, तो वह यही अष्टाध्यायीक्रमानुसारी पाठ रहा होगा ।
—संस्कृत व्याकरणशास्त्रका इतिहास । द्वितीय भाग; पृ० 290

ગોઠવણીની બાબતમાં સીરદેવ એમના પુર્વગામીઓથી જુદા પડ્યા છે. તેમણે મહાભાષ્યમાં પરિભાષાઓ જે ક્રમે ઉચ્ચારાઈ છે તે પ્રમાણે તેમને ગોઠવી છે. તેમના (પ્રાચીન વૈયાકરણોના) સમયમાં કોઈ અનુક્રમણિકાઓ હતી નહીં. આથી જે તે પરિભાષા મહાભાષ્યમાં ક્યાં આવેલી હશે, તે શોધી કાઢવામાં આવો ક્રમ સાહાય્યભૂત થાય એવા દૃષ્ટિકોણથી સીરદેવે પરિભાષાઓને આ પ્રમાણે ગોઠવી હશે.[3]

સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ' ઉપર શ્રીમાનશર્મા નામના એક વૈયાકરણે 'વિજયા' નામની 'ટિપ્પણી' લખી છે. આ ટિપ્પણી સંક્ષિપ્ત છે અને સીરદેવની પરિભાષાવૃત્તિના વિષમ સ્થળોને જ સમજાવે છે. પ્રા. કે. વી. અભ્યંકરજીએ આ ટિપ્પણી 'પરિભાષાસંગ્રહ'માં પ્રકાશિત કરી છે.

---

3. He has differed from his predeccssors in the arrangement of his Paribhaṣās. He has arranged them according to their occurrence in tne Mahābhāṣya possibly with a view to facilitating the finding out of their references in the Mahābhāṣya in the absence of any index works in those days.
Paribhāṣāsaṁgraha, Introduction, p. 29–30.

પ્રા. અભ્યંકરજીના ઉપર્યુક્ત વિધાનમાં એવું જણાવ્યું છે કે સીરદેવે પરિભાષાઓને 'ભાષ્યોપસ્થિતિક્રમે' ગોઠવી છે. પરંતુ આ વિધાન યોગ્ય નથી. કારણ કે આગળ બતાવ્યું છે એ પ્રમાણે સીરદેવે પરિભાષાઓને જ્ઞાપકસૂત્રોના ક્રમે ગોઠવી છે. દાખલા તરીકે—અનુબન્ધ વિષયક ત્રણ પરિભાષાઓ : ૧. नानुबन्धकृतमनेकाल्त्वम् । (સી૦ 6), ૨. नानुबन्धकृतमसारूप्यम् । (સી૦ 38) અને ૩. नानुबन्धकृतमनेजन्तत्वम् । (સી૦ 45) સૌથી પ્રથમ तस्य लोपः । 1–3–9 સૂત્ર ઉપરના ભાષ્યમાં ઉપસ્થિત થઈ છે. આથી જો સીરદેવે ભાષ્યોપસ્થિતિક્રમ સ્વીકાર્યો હોત તો આ પરિભાષાઓને 6–7–8 ક્રમાંકથી રજૂ કરી હોત. પરંતુ તેમણે જ્ઞાપકસૂત્રોનો ક્રમ સ્વીકાર્યો છે. અહીં अनेकाल्शित्सर्वस्य । 1–1–55, ददातिदधात्योर्विभाषा । 3–1–136 અને उदीचां माङो व्यतीहारे । અને 3–4–55 એવાં ત્રણ સૂત્રો ઉપરથી ઉપર્યુક્ત ત્રણ પરિભાષાઓ અનુક્રમે જ્ઞાપિત થાય છે. માટે સીરદેવે તેમને 6–38–45 ક્રમાંકથી રજૂ કરી છે.

૨.

પુરુષોત્તમદેવ અને સીરદેવ બન્નેય એક પરંપરાના પરિભાષાવૃત્તિકારો છે. તે બન્નેયના ગ્રન્થોનાં નામો અનુક્રમે 'લઘુપરિભાષાવૃત્તિ' અને 'બૃહત્પરિભાષા-વૃત્તિ' એવા હોવાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ની સામે, તેની સરખામણીમાં વિસ્તૃત એવી પરિભાષાવૃત્તિ રચવામાં આવી છે. આથી આપણે એ તપાસવાનું રહેશે કે સીરદેવે કેવી રીતે અને કયા અર્થમાં 'બૃહત્પરિ-ભાષાવૃત્તિ'ની રચના કરી છે.

પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં વ્યાડિને નામે આરોપાયેલા 'પરિભાષાસૂચન'ને બાદ કરતાં પુરુષોત્તમદેવ સૌ પહેલા પરિભાષાવૃત્તિકાર છે. અથવા બીજી એક રીતે વિચારીએ તો પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ-પરંપરામાં પુરુષોત્તમદેવ સૌ પહેલા પરિભાષાવૃત્તિકાર છે. આથી પુરુષોત્તમદેવે જે તે પરિભાષાના વ્યાખ્યાનમાં સૌથી પહેલાં તો તે પરિભાષાના અર્થ, જ્ઞાપક, પ્રયોજન અને પ્રવૃત્તિ-સ્વરૂપ આદિ દરેક પાસા વિશે સ્પષ્ટતા કરવાની જરૂર હતી. આ રીતે પુરુષોત્તમદેવની 'લઘુ-પરિભાષાવૃત્તિ'થી પરિભાષાને સમજાવવાનું - તેનાં અંગ-પ્રત્યંગાદિની વિગતપૂર્ણ ચર્ચા કરવાનું-પ્રાથમિક કાર્ય તો પૂરું થઈ ગયું હતું. આથી સીરદેવને આટલા પ્રાથમિક કાર્યથી કાંઈક વિશેષ કરવાનું હતું, કે જેથી 'લઘુપરિભાષાવૃત્તિ'ની સામે બૃહત્પરિભાષાવૃત્તિ'ની રચના થાય.

સીરદેવે 'બૃહત્પરિભાષાવૃત્તિ'માં તેમના પુરોગામીએ રજૂ કરેલા વ્યાખ્યાનમાં વધુ વિશદતા લાવવાનો પ્રયત્ન કર્યો છે. તદુપરાંત પુરુષોત્તમદેવે રજૂ કરેલા વ્યા-ખ્યાનમાં કેટલીક વિશિષ્ટ ચર્ચાઓ પણ ઉમેરી છે અને નવાં શંકા-સમાધાનો પણ રજૂ કર્યાં છે. સીરદેવના વ્યાખ્યાનથી પરિભાષાઓના વિષયમાં ક્યારેક અંશતઃ વિકાસ થયો હોય એમ પણ જોવા મળે છે. આ સિવાય મહદંશે તો સીરદેવે પુરુષોત્તમદેવનું ઘણી બધી બાબતોમાં અનુસરણ જ કર્યું છે. 'બૃહત્પરિભાષાવૃત્તિ'ની રચના કરવાના આશયે તેમણે ક્યારેક પાંડિત્ય પ્રદર્શન પણ કર્યું છે; અને મોટાં મોટાં વિષયાન્તરો પણ કર્યા છે—આ સૌનો આપણે પહેલાં વિગતે અભ્યાસ કરીશું કે જેથી પુરુષોત્તમદેવ અને સીરદેવની પરિભાષાવૃત્તિનો યથાર્થ રીતે તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

પુરુષોત્તમદેવે રજૂ કરેલા પરિભાષા વ્યાખ્યાનનો સીરદેવે મહદંશે સ્વીકાર કર્યો છે. પરંતુ પુરુષોત્તમદેવે પરિભાષાઓનાં જે પ્રયોજન-જ્ઞાપકાદિને રજૂ કર્યાં છે, તેને સીરદેવ વધારે વિગતે અને વિશદ રીતે રજૂ કરે છે. ઉદાહરણ તરીકે-

(૧) પુરુષોત્તમદેવનાં પ્રયોજનોને સ્વીકારીને, નવાં પ્રયોજનો ઉમેરીને તથા પુરુષોત્તમદેવે નિર્દેશેલાં પ્રયોજનોની તે ઉપાયાન્તરે સિદ્ધિ કરી બતાવે છે. જેમકે,

ક. एकदेशविकृतमनन्यवत् । (પૃ. ૧૪, સી. ૪૦) નું अभवत् । એવું પ્રયોજન પણ છે. અહીં इतश्च । 3-4-100 થી इ કારનો લોપ થતાં તિઙાશ્રિત સાર્વધાતુકસંજ્ઞા અને પદસંજ્ઞા થઈ શકે છે. આ પરિભાષાના પ્રયોજન તરીકે પુરુષોત્તમદેવે प्रहिणोमि । રૂપનો નિર્દેશ કર્યો છે. પરંતુ સીરદેવે જણાવ્યું છે કે અહીં સ્થાનિવદ્ભાવથી પણ णत्व થઈ શકે છે.

ખ. समासान्तो विधिरनित्यः । (પૃ. ૮૨, સી. ૬૨) આવી પરિભાષા હોવાથી बहवाम्पि तडागानि । એવા પ્રયોગમાં ऋक्पूरब्धूः पथामानक्षे । 5-4-74 થી સમાસાન્ત अ કાર થયો નથી, એમ પુરુષોત્તમદેવે દર્શાવ્યું છે. અહીં સીરદેવે જણાવ્યું છે કે घृतधनुषमाहूय એ પ્રયોગમાં, સમાસાન્તવિધિ અનિત્ય હોવાથી धनुषश्च । 5-4-132 સૂત્રથી अनङ् આદેશ થયો નથી.

ગ. संप्रसारणं संप्रसारणाश्रयं च कार्यं बलवत् । (પૃ. ૧૦૩, સી. ૫૯). પુરુષોત્તમદેવે આ પરિભાષાનાં પ્રયોજન રૂપે वार्त्तिककारे दर्शावेलां शुशावयिषति । अशूशवत् । જેવાં રૂપોને નોંધ્યાં છે, પરંતુ સીરદેવે બીજાં પ્રયોજનો વર્ણવ્યાં છે. જેમકે, जुहावयिषति । રૂપમાં शाच्छोसाहवाव्यावेपां युक् । 7-3-37 સૂત્રથી પ્રાપ્ત થતા युक् નો બાધ કરીને हव संप्रसारणम् । 6-1-33 થી સંપ્રસારણ થાય છે. जुहूषति । રૂપમાં દ્વિર્વચનની પૂર્વે अभ्यस्तस्य च । 6-1-33 સૂત્રથી સંપ્રસારણ થાય છે. આ ઉપરાંત પરિભાષાના પાઠમાં 'क्वचित्' એવો અંશ હોવાથી બ્રહ્મજ્યની સિદ્ધિ પુરુષોત્તમદેવે ન્યાસને આધારે વર્ણવી છે, તેને બદલે સીરદેવે જણાવ્યું છે કે सर्वत्र संप्रसारणिभ्यो डो वक्तव्यः । એવા વાર્તિકથી બ્રહ્મજ્યની સિદ્ધિ થાય છે.

(૨) સીરદેવ મહદંશે તો પુરુષોત્તમદેવે નિર્દેશેલા જ્ઞાપકોનો જ સ્વીકાર કરે છે. પરંતુ ક્યારેક તેઓ નવાં જ્ઞાપકો પણ સૂચવે છે. ઉદાહરણ તરીકે–

ક. आगमा यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । (પૃ. ૧૮, સી. ૪). પુરુષોત્તમદેવે न क्त्वा सेट् । 1-2-18 સૂત્રસ્થ कित्व प्रतिषेधने જ્ઞાપક રૂપે વર્ણવ્યો છે. પરંતુ "क्ङिति च । 1-1 સૂત્રમાં નિમિત્ત સપ્તમીનું ગ્રહણ થાય છે." એવું માનવાથી આ જ્ઞાપક દુર્બલ છે એમ સિદ્ધ થાય છે. આથી પુરુષોત્તમદેવે આ પરિભાષાનું ન્યાયસિદ્ધત્વ જ ઇચ્છ્યું છે. અહીં સીરદેવે णेरनिटि ।

6-4-51 સૂત્રસ્થ અનિટિ પ્રતિષેધને આ પરિભાષામાં જ્ઞાપક ગણ્યો છે. આ જ્ઞાપકનો નાગેશ ભટ્ટે પણ સ્વીકાર કર્યો છે.

ખ. અકૃતવ્યૂહાઃ પાણિનીયાઃ । (પુ. ૧૦૪, સી. ૪૯). પુરુષોત્તમદેવે ગોરતદ્ધિતલુકિ । 5-4-92 સૂત્રસ્થ અતદ્ધિત ગ્રહણને જ્ઞાપક રૂપે વર્ણવ્યું છે. પરંતુ સીરદેવે પુરુષોત્તમદેવના આ જ્ઞાપકનો સ્વીકાર કરીને વધારામાં સમર્થાનાં પ્રથમાદ્વા । 4-1-82 સૂત્રસ્થ 'સમર્થ' ગ્રહણને પણ જ્ઞાપક રૂપે દર્શાવ્યું છે.

(૩) સીરદેવે પરિભાષાના વ્યાખ્યાનમાં પુરુષોત્તમદેવે રજૂ કરેલાં જ્ઞાપકોનો સ્વીકાર કરીને નવાં જ્ઞાપકો પણ રજૂ કર્યાં છે. તદુપરાંત તેમણે પુરુષોત્તમદેવે વર્ણવેલાં જ્ઞાપકોની પુનઃસમીક્ષા પણ કરી છે. જેમકે,

ક. વત્સૂર્યત્પ્રવૃત્ત્યેહ કાર્યાણિ ક્રિયન્તે । (પુ. ૧૬, સી. ૮૪). પુરુષોત્તમદેવે વસ્વેકાજાદ્ઘસામ્ । 7-2-67 સૂત્રસ્થ એકાચ્ ગ્રહણને આ પરિભાષાના જ્ઞાપક રૂપે વર્ણવ્યું છે. સીરદેવે આ જ્ઞાપકને રજૂ કર્યા પછી એક શંકા કરી છે કે દ્વિર્વચનની પૂર્વે જે ધાતુ એકાચ્ હોય, તેને માટે ઉક્તસૂત્રમાં એકાચ્ ગ્રહણ થઈ શકે; તો પછી તે આ પરિભાષામાં જ્ઞાપક કેવી રીતે બની શકશે? આની ચર્ચા કરતાં જણાવ્યું છે કે 'દ્વિર્વચનની પૂર્વે બધા જ ધાતુઓ એકાચ્ જ હોય છે' એવી સિદ્ધાન્ત સ્થિતિમાં એકાચ્ ગ્રહણનું પૂર્વપક્ષીએ દર્શાવેલું પ્રયોજન હોઈ શકે નહીં. જો એવું પ્રયોજન સ્વીકારશો તો ઉપર્યુક્ત સૂત્રમાં એકાચ્ ગ્રહણ વ્યર્થ બની જશે. આ સમાધાનમાં પણ શંકાકાર આગળ ઉપર બીજી શંકા કરે છે અને ચર્ચાનો વિસ્તાર લંબાય છે. અન્તે, આ ચર્ચાનો ઉપસંહાર કરતાં સીરદેવે જણાવ્યું છે કે જ્ઞાપકવાદિ-નો એટલે કે પુરુષોત્તમદેવનો અભિપ્રાય આ પ્રમાણે છે: "એકાચ્ ગ્રહણ કર્યું છે, તેથી જે ધાતુઓનું દ્વિર્વચન થયું હશે તેમને ઇટ્ આગમ થશે. આ ઇટ્ આગમ જો દ્વિર્વચનની પૂર્વે કરવામાં આવશે તો પરત્વન્યાયનું ઉલ્લંઘન થશે નહીં. આથી જ વસ્વેકાજાત્૦ । 7-2-67 સૂત્ર ઉપર રક્ષિતે જણાવ્યું છે કે દ્વિર્વચનની ઉત્પત્તિ પૂર્વે જ પરત્વને કારણે ઇટ્ આગમ થાય છે. અહીં ઘસિ ગ્રહણનું પ્રત્યાખ્યાન કરવામાં આવે છે."

સીરદેવે આવા વિવાદાસ્પદ જ્ઞાપકની ચર્ચા કર્યા પછી, અન ઉપધાલોપિનોઽન્યતરસ્યામ્ । 7-1-28 સૂત્રસ્થ ભાવિ ઉપધાલોપિ ડીપ્ વિધાનનો જ્ઞાપકાન્તર રૂપે નિર્દેશ કર્યો છે.

ખ. अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग्बाधते । (પુ. પરિ. ૬૮, સી. પરિ. ૮૫.) પુરુષોત્તમદેવે આ પરિભાષાના જ્ઞાપક રૂપે प्रत्ययोत्तरपदयोश्च । 7-2-98 સૂત્રનો ઉલ્લેખ કર્યો છે. વળી, ન્યાસકારના મતે આ સૂત્રમાંનું ઉત્તરપદ ગ્રહણ જ્ઞાપક છે, એવા મતાન્તરની નોંધ લીધી છે. આના અનુસંધાનમાં સીરદેવે પહેલાં પ્રત્યય ગ્રહણ અને ઉત્તરપદ ગ્રહણનાં અન્ય પ્રયોજનો દર્શાવીને આ સૂત્ર કેવી રીતે જ્ઞાપક બની શકશે, એવી શંકા ઉઠાવી છે. જેમકે, त्वत्तरो । मत्तरः । એવા ઉદાહરણોમાં तरप् પ્રત્યય પરમાં રહેતાં त्व અને म આદેશો થઈ શકે, એ માટે પ્રત્યય ગ્રહણ કર્યું છે. કારણ કે અહીં સમર્થાધિકારની નિવૃત્તિ થઈ જતી હોવાથી પ્રાતિપદિકમાત્રને જ तरप् વગેરે સ્વાર્થિક પ્રત્યયોનું વિધાન કરવામાં આવ્યું છે; નહીં કે સુબન્ત ને. બીજું, ઉત્તરપદ ગ્રહણ પણ કરવું પડે એમ છે. કારણ કે तव पुत्रः त्वत्पुत्रः । અને तुभ्यं हितं त्वद्धितम् । એવા પ્રયોગોમાં तवममौ ङसि । 7-2-96 અને तुभ्यमह्यौ ङयि । 7-2-95 સૂત્રોનો બાધ કરીને त्व અને म આદેશ થાય એવા પ્રયોજનથી उत्तरपद ગ્રહણ કર્યું છે. प्रत्ययोत्तरपदयोश्च । 7-2-98 એવું સૂત્ર કર્યું છે, તેથી तव અને तुभ्य ના અપવાદ त्व અને म એવા આદેશો કરવામાં આવે છે. આવી સ્થિતિમાં તે સૂત્રને આ પરિભાષાનું જ્ઞાપક કેવી રીતે કહી શકાય ? આનું સમાધાન કરતાં સીરદેવે જણાવ્યું છે કે સમર્થાધિકારની નિવૃત્તિ થઈ જાય તો પણ અંતરંગ त्व ને કારણે સુબન્તને જ સ્વાર્થિક પ્રત્યયો થાય છે, એવો સિદ્ધાન્ત છે. આથી પ્રિયકુત્સન વગેરે અર્થો સુબન્તના વિશેષણ બને છે. પરિણામે तरप् વગેરે પ્રત્યયો સુબન્તને જ થશે. આમ પ્રત્યય ગ્રહણ પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક બની શકે છે. બીજું, જો तव અને तुभ्य આદેશોનો બાધ કરીને प्रत्ययोत्तरपदयोश्च । 7-2-98 સૂત્રની પ્રવૃત્તિ થાય છે, એમ કહેશો તો "અપવાદો પણ ઉત્સર્ગ સમાન (સ્થાનીને) થાય છે." એ નિયમથી સર્વને त्व અને म એવા આદેશો થશે નહીં. તેવી સ્થિતિમાં मपर्यन्तની અનુવૃત્તિ લાવવા માટે प्रत्ययोत्तरपदयोश्च । 7-2-98 સૂત્રમાં च કારનું ગ્રહણ શા માટે કર્યું છે ? અર્થાત્ તે અનર્થક બની જશે. પરંતુ અનિષ્ટના નિવારણ આર્થે च કારથી અનુકૃષ્ટ मपर्यन्तની અનુવૃત્તિ ઉપપન્ન થાય છે. આમ સીરદેવે પુરુષોત્તમદેવના જ્ઞાપક વિષે શંકા-સમાધાન પક્ષો રજૂ કરીને તેની પ્રતિષ્ઠા કરી છે.

ગ. पर्जन्यवल्लक्षणप्रवृत्तिः । (પુ. ૮૬, સી. ૮૭). પુરુષોત્તમદેવ જણાવે છે કે प्रवाहणस्य ढे । 7-3-28 સૂત્રથી પૂર્વપદના આદિ अच् ની વિકલ્પે વૃદ્ધિ

થાય છે અને ઉત્તરપદના આદિ અચ્‌ની નિત્ય વૃદ્ધિ થાય છે. પરિણામે પ્રવાહણસ્યાપત્યમિતિ પ્રાવાહણયઃ । અને પ્રવાહણેયઃ । એવાં બે રૂપો મળે છે. અહીં ઉત્તરપદની આદિવૃદ્ધિ સિદ્ધ જ હતી એવી સ્થિતિમાં તેનું નિત્યવિધાન કર્યું છે. તેથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે. પરંતુ ન્યાસકારના મતે પ્રવાહણસ્ય ઢે । 7-3-28 થી વૃદ્ધિવિધાન કર્યું છે તે જાતેશ્ચ । 6-3-41 સૂત્રનું અનિત્યત્વ જ્ઞાપિત કરવા માટે છે. કારણ કે જાતેશ્ચ । 6-3-41 સૂત્રથી પુંવદ્ભાવનો પ્રતિષેધ સિદ્ધ હતો એવી સ્થિતિમાં વૃદ્ધિનિમિત્તસ્ય० । 6-3-39...સૂત્રોક્ત પુંવદ્ભાવનો પ્રતિષેધ કરવા માટે આ વૃદ્ધિવિધાન છે, એમ કહી શકાતું નથી. આમ ન્યાસકારના અભિપ્રાયને જોતાં પુરુષોત્તમદેવે દર્શાવેલું જ્ઞાપક વિરાંગત બની જાય છે. આથી સીરદેવે જણાવ્યું છે કે વ્યક્તિપદાર્થને માનવાથી આ જ્ઞાપક સંગત બની શકે છે. જેમકે. વ્યક્તિપક્ષમાં જેટલાં ઉદાહરણો હોય છે એટલાં સૂત્રો હોય છે. આથી, જ્યારે પ્રવાહણેયમાનિની । એવા ઉદાહરણને અર્થે તે સૂત્ર હશે ત્યારે તે સૂત્ર જ્ઞાપક બની શકશે નહીં. પરંતુ જ્યારે પ્રવાહણેયીભાર્યઃ । એવા ઉદાહરણને માટે આ વૃદ્ધિવિધાન હશે ત્યારે તે જ્ઞાપક બની શકશે.[૪]

૨. સીરદેવે કેટલીક પરિભાષાઓના વ્યાખ્યાનમાં વિશિષ્ટચર્ચાઓ અને શંકા-સમાધાનપક્ષો પણ ઉમેર્યાં છે. પરિણામે પુરુષોત્તમદેવે રજૂ કરેલું વ્યાખ્યાન નવા સ્વરૂપે વધુ વિશદ અને પ્રતિષ્ઠિત બનવા પામ્યું છે. જેમકે,

(૧) ક. विकरणेभ्यो नियमो बलीयान् । (પુ. ૫૩, સી. ૧૯). આ પરિભાષાના વ્યાખ્યાનમાં સીરદેવે પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો સ્વીકાર કર્યો છે. તદુપરાંત તેમણે કેટલીક વિશેષ સ્પષ્ટતાઓ પણ કરી છે. જેમકે, પરત્વ અને નિત્યત્વ હોવા છતાંય વિકરણની પૂર્વે નિયમની પ્રવૃત્તિ થાય છે. પરંતુ નિયમની પ્રવૃત્તિ વખતે જ અટ્ આગમની પણ પ્રાપ્તિ થાય છે. આવે પ્રસંગે નિયમથી અટ્ આગમની નિવૃત્તિ થતી નથી. કારણ કે કેવળ વિકરણની અપેક્ષાએ જ નિયમ બળવાન છે. તથા વિકરણથી પણ અટ્ આગમની નિવૃત્તિ થશે નહીં. કારણ કે તે વખતે તે વિદ્યમાન નહીં હોય. આમ પરત્વને કારણે પહેલાં અટ્ આગમ પ્રવૃત્ત

---

૪. શ્રીમાનશર્મનિર્મિતા 'બૃહત્પરિભાષાવૃત્તિટિપ્પણો'માં व्यक्तौ तज्ज्ञापकमिति । નો અર્થ આ પ્રમાણે સમજાવ્યો છે: व्यक्तिपक्षे यावन्त्युदाहरणानि तावन्त्येव सूत्राणि तत्र प्रवाहणेयमानित्यर्थं सूत्रं तन्मा भूज्ज्ञापकम् । यत् प्रवाहणेयीभार्य इत्यर्थं तदधिकृतायां ज्ञापकमेवेत्यर्थः ॥ 87 ॥ परिभाषासंग्रहः; पृ. 286.

થશે, પછી નિયમ અને છેલ્લે વિકરણ પ્રવૃત્ત થશે.

વિશેષમાં, તેમણે એક પરિભાષાન્તર પણ જ્ઞાપિત કર્યું છે. જેમકે कृतेऽपि-विकरणे नियमः प्रवर्तते । આ મતમાં, एधिष्यते । જેવા રૂપમાં लृ કારની અવસ્થામાં જ અંતરંગત્વને કારણે स्य ની પ્રવૃત્તિ થાય છે.

ખ. गामादाग्रहणेष्वविशेषः । (પુ. ૬૯, સી. ૧૦૫). સીરદેવે, પુરુષોત્તમદેવે રજૂ કરેલા વ્યાખ્યાનનો સ્વીકાર કરીને સ્થળવિશેષમાં કેવી રીતે વ્યવસ્થા થાય છે, તેની સ્પષ્ટતા કરી છે. જેમકે, ૧. गापोष्टक् । 3-2-8 સૂત્રમાં पा पिबति । ના સાહચર્યથી गा गायति । નું ગ્રહણ થાય છે, गाङ् गतौ નું નહીં. તથા गा स्तुतौ-ધાતુ છાન્દસ્ હોવાથી તેનું નિરાકરણ થાય છે. ૨. दाधाघ्वदाप् । 1-1-20 માં अर्थवद्ग्रहणे० । પરિભાષાથી दा दाशयति નું ગ્રહણ નથી. 3. हवावामश्च । 3-2-2 સૂત્રમાં सानुबन्धक ह्वेञ् ના સાહચર્યથી माङ् અને मेङ् નું ગ્રહણ થાય છે. પરંતુ मा माने નું ગ્રહણ થતું નથી.

વિશેષમાં તેમણે આ પરિભાષાના વ્યાખ્યાનમાં કેટલાંક મતાન્તરોની પણ નોંધ લીધી છે. જેમકે, પુરુષોત્તમદેવે આ गामादाग्रहणे० । પરિભાષાને निरनुबन्धक० । लक्षणप्रतिपदोक्त० । लुग्विकरण० । અને एकानुबन्धक० । એમ કુલ ચાર પરિભાષાઓની અપવાદ માની છે. સીરદેવના મતે આ પરિભાષા निरनुबन्धक० । लक्षणप्रतिपदोक्त० । અને लुग्विकरण० । પરિભાષાઓનો અપવાદ છે. તથા લક્ષ્યવશાત્ ક્યાંક આશ્રિત થતી નથી. સીરદેવ જણાવે છે કે આ પરિભાષાથી अर्थवद्ग्रहणे० । પરિભાષા અને सहचरित० । પરિભાષાઓનો બાધ થતો નથી. વળી, लुग्विकरण० । પરિભાષાનો પણ બાધ થતો નથી. પરંતુ ન્યાસકારે घुमास्थागा० । 6-4-66 સૂત્ર ઉપર મતાન્તરથી તેનો બાધ થાય છે, એમ દર્શાવ્યું છે. કેટલાકના મતે આ પરિભાષા કેવળ निरनुबन्धक० । અને लक्षणप्रतिपदोक्त० । એમ બે જ પરિભાષાઓનો અપવાદ છે. બીજા કેટલાકના મતે કેવળ लक्षणप्रतिपदोक्त० । એવી એક જ પરિભાષાનો અપવાદ છે.

ગ. अबाधकान्यपि निपातनानि भवन्ति । (પુ. 99, સી. 76) આવું વચન એ કોઈ પરિભાષા પણ નથી અને ભાષ્યવચન પણ નથી, એમ પુરુષોત્તમદેવ સ્પષ્ટપણે જણાવે છે. તથાપિ તેમણે दधतः पुरातनमुनेर्मुनिताम् । (किरात. 6/19) અને पुरातनीर्नदीः । (शिशु० 12-60) એવા ભારવિ અને માઘના પ્રયોગોની સિદ્ધિ કરવા માટે આ વચનને પરિભાષાવૃત્તિમાં રજૂ કર્યું છે. આના અનુસન્ધાનમાં સીરદેવ જણાવે છે કે पुराणप्रोक्तेषु ब्राह्मणकल्पेषु ।

4-3-105 સૂત્ર ઉપર ભાગવૃત્તિકારે આ બન્નેય પાઠોને પ્રમાદજન્ય કહ્યા છે. કવિઓ ગતાનુગતિકતયા આવા શબ્દોનો પ્રયોગ કરે છે. તેમની દૃષ્ટિ લક્ષણ ઉપર હોતી નથી.

ઘ. उभयत आश्रये नान्तादिवत् । (પુ. 51, સી. 60). સીરદેવે પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો સંપૂર્ણ સ્વીકાર કર્યો છે. પરંતુ, વિશેષમાં એક સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે આ પરિભાષાના પ્રવૃત્તિવિષયમાં एकदेशविकृतमनन्यवत् । પરિભાષાને પ્રવૃત્ત ન કરવી. કારણ કે એમ કરવાથી પ્રસ્તુત પરિભાષા નિર્વિષયક બની જશે.

(૨) ક. न वर्णग्रहणेषु । (પુ. 2 અને સી. 10). આ પરિભાષાને સમજાવતી વખતે એક શંકા થાય છે. જેમકે, इको झल् । 1-2-9 સૂત્રમાં इक् એવા શબ્દમાં જે વર્ણ સમુદાયનો નિર્દેશ કર્યો છે, તેનાથી શું સાર્થક પ્રત્યાહારનું ગ્રહણ થાય છે કે નિરર્થક ધાતુનું ? આ શંકાનો પરિહાર કરતાં રક્ષિતે જણાવ્યું છે કે અહીં अर्थवत्० । પરિભાષાની મદદથી પ્રત્યાહારનું ગ્રહણ કરવાનું છે. કારણ કે પહેલાં પ્રત્યાહારની સ્પષ્ટતા થઈ ગયા પછી ભલે ઉત્તરકાળમાં વર્ણોનું ગ્રહણ થાય. પરંતુ પહેલેથી વર્ણોનું ન થવું જોઈએ. સીરદેવે, ઉપર્યુક્ત શંકાસમાધાન પક્ષ મૂકીને આ પરિભાષાના વ્યાખ્યાનમાં સૂક્ષ્મતા કરી છે.

ખ. नाजानन्तर्ये बहिरङ्गप्रक्लृप्तिः । (પૃ. 42) અને नाजानन्तर्ये बहिष्ट्वप्रक्लृप्तिः । (સી. 70). આ પરિભાષાનો અર્થ આ પ્રમાણે કરવામાં આવ્યો છે: "(બે) अच्ના આનન્તર્યમાં અંતરંગ અને બહિરંગ કાર્યો કરવામાં આવે ત્યારે બહિરંગની પ્રકલ્પના કરવામાં આવતી નથી. અર્થાત્ બહિરંગ પરિભાષા પ્રવૃત્ત થતી નથી." સીરદેવ જણાવે છે કે અહીં એક શંકા થાય છે. જેમકે, पचावेदम् માં अचनું આનન્તર્ય હોવાથી પ્રવૃત્ત થયેલા બહિરંગ ગુણ (आद्गुणः । 6-1-87)નું અસિદ્ધત્વ થશે નહીં અને પરિણામે एत ऐ । 3-4-93 થી ઐ કાર થવા આવશે. પરંતુ આ શંકા યોગ્ય નથી. કારણ કે જે અવસ્થામાં બે अच् નું આનન્તર્ય હશે અને અંતરંગ અને બહિરંગ એવાં બન્નેય કાર્યો પ્રાપ્ત હશે ત્યારે આ असिद्धं बहिरङ्गमन्तरङ्गे । પરિભાષાનો બાધ થાય છે. ઉદાહરણ તરીકે, बहवः । અને अक्षद्यूः । પરંતુ पचावेदम् । રૂપની અંદર તો બહિરંગ ગુણાદેશ થઈ ગયા પછી બે अच्નું આનન્તર્ય નિવૃત્ત થઈ ગયું છે. પરિણામે अच् ના આનન્તર્યમાં અંતરંગ અને બહિરંગ કાર્યો વિદ્યમાન નથી. આથી पचावेदम् । માં असिद्धं बहिरङ्गमन्तरङ्गे । પરિભાષાનો પ્રતિષેધ થશે નહીં.

ગ. भवति हि क्रियाविशेषणानां कर्मत्वं नपुंसकत्वं च । (પુ. 59, સી. 54). સીરદેવે પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો સ્વીકાર કર્યો છે. પરંતુ તેમણે એક વિશેષ પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. જેમકે, આ પરિભાષાથી શા માટે નપુંસકત્વ અને કર્મત્વ ઉભયનું આશ્રયણ થાય છે ? માત્ર નપુંસકત્વનું જ આશ્રયણ કરવાથી પણ મૃદુ પચતિ। વગેરેની સિદ્ધિ થશે. આ શંકા બરોબર છે. પરંતુ, સીરદેવ જણાવે છે કે જો આ પરિભાષાથી કર્મત્વનું પણ આશ્રયણ નહીં કરો તો मृदु । शोभनम् । વગેરે પદો પ્રથમાન્ત થશે. પરિણામે सपूर्वायाः प्रथमायाः विभाषा । 8-1-26 સૂત્રથી ગ્રામે મૃદુ તે પચતિ । જેવાં વાક્યોમાં તે-પયા વગેરે વિધિઓ વિકલ્પે થશે. પરંતુ જો કર્મત્વનું પણ આશ્રયણ કરશો તો-મૃદુ વગેરે પદો દ્વિતીયાન્ત થશે. પરિણામે તે-મયા વગેરે વિધિઓ નિત્ય થશે.

૩. સીરદેવે કરેલા પરિભાષાઓના વ્યાખ્યાનમાં ક્યારેક સૈદ્ધાન્તિક વિકાસ થયેલો પણ જોવા મળે છે. સીરદેવ પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો મહદંશે સ્વીકાર કરતા હોવા છતાંય તેમણે પરિભાષાઓની ચર્ચા વિસ્તારથી અને સૂક્ષ્મતાથી કરી છે. પરિણામે પરિભાષાઓના વ્યાખ્યાનમાં ક્યારેક નોંધપાત્ર વિકાસ થયેલો જોવા પણ મળે છે. ઉદાહરણ તરીકે—

ક. नानुबन्धकृतमनेकाल्त्वम् । (પુ. 11, સી. 6). સીરદેવે આ પરિભાષાના વ્યાખ્યાનમાં એક મહત્ત્વની નોંધ મૂકી છે કે આ પરિભાષા "અનુબન્ધો અવયવ છે" એ પક્ષમાં ઉપસ્થિત થાય છે. પુરુષોત્તમદેવે આવી કોઈ સ્પષ્ટતા કરી નથી. પરંતુ સીરદેવે આ સ્પષ્ટતાની અગત્ય વિચારીને તેનો વ્યાખ્યાનમાં ઉલ્લેખ કર્યો છે. આ જ મુદ્દો આગળ ઉપર જતાં સ્વતન્ત્ર પરિભાષા રૂપે આકાર પામે છે. જેમકે, નાગેશ ભટ્ટે અનુબન્ધોના સ્વરૂપ વિષયક अनेकान्ता अनुबन्धाः । અને एकान्ताः । એવા બે પક્ષોને સ્વતંત્ર પરિભાષા રૂપે રજૂ કર્યા છે.

મહાભાષ્યમાં અનુબન્ધોના સ્વરૂપ વિષે વિગતે ચર્ચા કરવામાં આવી છે. ત્યાં જણાવ્યું છે કે અનુબન્ધોને અવયવ રૂપે સ્વીકારશો તો ત્રણ દોષો આવી પડશે. ભાષ્યકારે આ ત્રણ દોષોની नानुबन्धकृतमनेकाल्त्वम् । ઇત્યાદિ ત્રણ જ્ઞાપક વચનોથી નિવૃત્તિ કરી છે. આ સન્દર્ભ જોતાં પ્રસ્તુત પરિભાષા 'અનુબન્ધો અવયવ છે' એ પક્ષ સ્વીકારવાથી રજૂ કરવી પડે છે, એમ કહેવું તે અત્યંત જરૂરી છે.

ખ. धातोः स्वरूपग्रहणे तत्प्रत्यय एव कार्यसंविज्ञानम् । (પુ. 55, સી. 74). આ પ્રમાણે વાર્તિકકારે નોંધેલા આ પરિભાષાના પાઠનો સ્વીકાર

પુરુષોત્તમદેવે કર્યો છે. તેમણે આ પરિભાષાના વ્યાખ્યાનમાં જણાવ્યું છે કે આવા વાર્તિકકારના પરિભાષાપાઠમાં દોષોદ્ભાવન કરીને ભાષ્યકારે ઘાતોઃ કાર્યમુચ્યમાનં તત્પ્રત્યય એવ ભવતિ । એવું પરિભાષાન્તર રજૂ કર્યું છે. ભાષ્યકારે સુધારેલા પરિભાષાના આ પાઠનો સીરદેવે સ્વીકાર કર્યો છે; અને તેને પરિભાષાન્તર ગણ્યું નથી. આ જ પ્રમાણે, નાગેશ સુધીના સૌ પરિભાષાવૃત્તિકારોએ નવા સુધારાવાળા પાઠને સ્વીકાર્યો છે.

ગ. ન હિ કાર્યી નિમિત્તત્વેનાશ્રીયતે । (પુ. પરિ. 95, સી. પરિ. 2) ભાષ્યકારે કંઠરવથી આ પરિભાષાને ક્યાંય ઉચ્ચારી નથી. સૌ પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે. પરંતુ આ પરિભાષાનાં પ્રયોજનાદિ વિષે સૂક્ષ્મ ચર્ચા કરીને કેટલાક વૈયાકરણોએ જણાવ્યું છે કે આ પરિભાષાનાં કોઈ પ્રયોજનો નથી, માટે તેનો સ્વીકાર ન કરવો. ત્યારે સીરદેવે પ્રત્યાક્ષેપ કરતાં જણાવ્યું છે કે આમ કરવાથી તો દિવર્વચનેઽચિ । 1-1-59 સૂત્ર ઉપર અચિ કિમ્ ? એવો પ્રશ્ન કરીને ભાષ્યકારે જેઘ્રીયતે । દેધ્મીયતે । એવાં પ્રત્યુદાહરણો નોંધ્યાં છે; તે ઉપપન્ન થશે નહીં. માટે પરિભાષાના પાઠમાં 'કાર્યમનુભવન્' એટલો અંશ નવો ઉમેરીને આ પરિભાષા સ્વીકારવી.

નાગેશ ભટ્ટે પણ કાર્યમનુભવન્ એ નવા ઉમેરાયેલા અંશ સાથે જ આ પરિભાષાનો સ્વીકાર કર્યો છે.

૪. સીરદેવે કેટલાંક સ્થળોએ પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો સ્વીકાર કર્યો નથી. અને પુરુષોત્તમદેવનાં કેટલાંક પ્રયોજન, જ્ઞાપકાદિનું કે સમગ્ર પરિભાષાનું પણ ખંડન કર્યું છે. ઉદાહરણ તરીકે—

ક. નાનુબન્ધકૃતમનેકાલ્ત્વમ્ । (પુ. 11, સી. 6). આ પરિભાષાના વ્યાખ્યાનમાં પુરુષોત્તમદેવે રજૂ કરેલા દ્યુમ્યામ્ । દ્યુભિઃ । એવા ઉદાહરણોનો પ્રસ્તુત પરિભાષાના પ્રયોજન તરીકે સીરદેવે સ્વીકાર કર્યો નથી. કારણ કે દિવ ઉત્ । 6-1-131 સૂત્રથી કેવળ ઉ કારનું જ વિધાન છે. તપરસ્તત્કાલસ્ય । 1-1-70 સૂત્રની મદદથી કેવળ હ્રસ્વ ઉ કારની જ ઉત્ એવી સંજ્ઞા થશે. અર્થતઃ ફલિત થયું કે દિવ ઉત્ । 6-1-131 સૂત્રથી કેવળ હ્રસ્વ ઉ કારનું વિધાન થાય છે, નહીં કે ઉત્ શબ્દનું. જો આમ નહીં સ્વીકારો તો અતો ભિસ ઐસ્ । 7-1-9 સૂત્રમાં શી વ્યવસ્થા કરશો ? અહીં અત્ ને આદેશનું વિધાન થતું નથી, પણ અત્ સંજ્ઞા વડે હ્રસ્વ અ કાર સંજ્ઞી તરીકે નિર્દેશાય છે. આમ, પુરુષોત્તમદેવે રજૂ કરેલા ઉપર્યુક્ત પ્રયોજનોનું સીરદેવે ખંડન કર્યું છે.

ख. सकृद्गतौ विप्रतिषेधे० । અને पुनःप्रसङ्गविज्ञानात्सिद्धम् । (पु.38-39, સી. 20-21). પુરુષોત્તમદેવે આ પરિભાષાઓની પ્રવૃત્તિ ક્યારે થાય છે તેની સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે પાછળથી પ્રવૃત્ત થનાર પૂર્વવિધિ જો પહેલાંથી પ્રવૃત્ત થઈ ગયેલ પરવિધિનો બાધ કરે એમ હોય તો તેને પ્રસંગે सकृद्गतौ विप्रतिषेधे० । પરિભાષાની પ્રવૃત્તિ થાય છે. પરંતુ જો પૂર્વવિધિ પ્રવૃત્ત થઈ ગયેલી પરવિધિનો બાધ ન કરતી હોય તો पुनः प्रसङ्गविज्ञानात्० । એ પરિભાષાની પ્રવૃત્તિ થાય છે. સીરદેવે આ અભિપ્રાયને સ્વીકાર્યો નથી. કારણ કે જો આવી વ્યવસ્થાને સ્વીકારવામાં આવે તો अक्षी ते कृष्णपिङ्गले । એવા પ્રયોગમાં अक्षी એ રૂપની અંદર પરત્વને કારણે ई च द्विवचने । 7-1-77 થી ई કારની પ્રવૃત્તિ કરી દીધા પછી नुम् પણ થશે. આ नुम् ની પ્રવૃત્તિ થાય તે ઇષ્ટ નથી. માટે લક્ષ્યસ્થિતિ મુજબ જ આ બે પરિભાષાઓને પ્રવૃત્ત કરવી જોઈએ.

ग. अवयव(प्र)सिद्धेः समुदाय(त्र)सिद्धिर्बलीयसी । (पु. 101, સી. 104). પુરુષોત્તમદેવે આ પરિભાષાની મદદથી दीधी वेवीटाम् । 1-1-6 સૂત્રમાં दीङ् क्षये, धीङ् आधारे, वेञ् तन्तुसन्ताने અને वी गतौ વગેરેનું ગ્રહણ થતું નથી; એમ જણાવ્યું છે. પરંતુ આ સન્દર્ભમાં ન્યાસકારનો અભિપ્રાય ધ્યાનમાં લઈને સીરદેવ જણાવે છે કે જો दीङ् क्षये ઇત્યાદિ ધાતુઓનું ગ્રહણ થાય એમ અભિપ્રેત હોત તો પાણિનિએ असंदेहार्थं वीवेदीटाम् । એવું જ સૂત્ર રચ્યું હોત. આ પ્રમાણે આ પરિભાષાનું કોઈ પ્રયોજન હોય એમ જણાતું નથી. આચાર્યે સર્વત્ર असंदिग्धसूत्ररचना કરી હોવાથી અપેક્ષિતાર્થની સ્વાભાવિક રીતે જ સિદ્ધિ થઈ જાય છે. અર્થાત્ આ પરિભાષાની જરૂર નથી.

घ. श्रुतानुमितयोः श्रौत सम्बन्धो बलीयान् । पु. 102, સી. 107). આ પરિભાષાના વ્યાખ્યાનમાં સીરદેવ જણાવે છે કે અહીં શ્રી પુરુષોત્તમદેવે ग्रामहृदोत्तरपदात् । 4-2-142 સૂત્રસ્થ ग्रामहृदादि શબ્દમાં દ્વિર્વચન કર્યું નથી, તે જ્ઞાપક છે એમ વર્ણવ્યું છે. પરંતુ તે સાચું નથી. કારણ કે અહીં हलो यमां यमि लोपः । 8-4-64 થી રેફનો લોપ શક્ય છે તથા સર્વત્ર शाकल्यस्य । 8-4-51 સૂત્રથી પ્રતિષેધ થાય છે.

૫. સીરદેવે પુરુષોત્તમદેવના વ્યાખ્યાનમાંથી બધી જ પરિભાષાઓના અર્થ, પ્રયોજન અને જ્ઞાપકાદિની ચર્ચાનો સ્વીકાર કર્યો છે. તેઓ આ વિગતોને બે રીતે સ્વીકાર કરે છે. જેમકે,

(૧) પુરુષોત્તમદેવે રજૂ કરેલા વ્યાખ્યાનનો જ મહદંશે સ્વીકાર કર્યો હોય

અને સાથે સાથે કોઈક સ્પષ્ટતા ઉમેરી હોય અથવા નવા શંકા-સમાધાન પક્ષ મૂકીને જ્ઞાપક-પ્રયોજનાદિની પુનઃસમીક્ષા કરી હોય, અથવા આંશિક ફેરફાર કર્યા હોય કે એક-બે નવાં જ્ઞાપક-પ્રયોજનો ઉલ્લેખ્યાં હોય, તેવાં ઉદાહરણો—

ક. बहुव्रीहौ तद्गुणसंविज्ञानमपि (પુ. 6, સી. 42).

ખ. अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वा । (પુ. 17, સી. 48).

ગ. कृद्ग्रहणेन गतिकारकपूर्वस्यापि ग्रहणम् । (પુ. ૪૬, સી. ૬૨)

ઘ. अर्थाद्विभक्तिविपरिणामः । (પુ. ૮૮, સી. ૧૨૦).

ડ. ज्ञापकसिद्धं न सर्वत्र । (પુ. ૧૧૮, સી. ૧૨૬).

ચ. આ જ પ્રમાણે, સીરદેવે વાસરૂપવિધિના સન્દર્ભમાં પ્રાપ્ત થતી ताच्छीलिकेषु वाऽसरूपविधिर्नास्ति । (પુ. ૨૮, સી. ૪૩). અને ताच्छीलिकेणेऽप्यण्कृतं कार्यं भवति । (પુ. ૬૬, સી. ૭૩) આ બે પરિભાષાઓના વ્યાખ્યાનનો પણ પુરુષોત્તમદેવમાંથી સ્વીકાર કર્યો છે.

(૨) સીરદેવે પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો સર્વાંશે અક્ષરશઃ ઉતારો કર્યો હોય તેવાં પણ ઉદાહરણો મળી આવે છે. જેમકે;

ક. अङ्गाधिकारे तस्य तदुत्तरपदस्य । (પુ. ૮૫, સી. ૭૭),

ખ. अगत्या हि खलु परिभाषाश्रीयते । (પુ. ૧૧૯, સી. ૧૨૩),

ગ. व्यवस्थितविभाषयापि कार्याणि क्रियन्ते । (પુ. ૬૨, સી. ૧૨૪),

ઘ. संदेहे बहुवचनं प्रयोक्तव्यम् । (પુ. ૬૧, સી. ૧૧૯), અને

ડ. नानर्थकेऽलोऽन्त्यविधिः । (પુ. ૯૩, સી. ૧૧૩).

૬. 'લઘુપરિભાષાવૃત્તિ'ની અપેક્ષાએ સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ' કેવી રીતે વિસ્તૃત થવા પામી છે, તે પણ જાણવું રસપ્રદ બની રહેશે. કારણ કે પુરુષોત્તમદેવે રજૂ કરેલાં જે તે પરિભાષનાં પ્રયોજનો અને જ્ઞાપકાદિને જ કેવળ બધુ વિગતે મૂકવાથી પરિભાષાવૃત્તિનું કદ વિસ્તરી શકે નહીં. સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'ના વધારે સૂક્ષ્મતાથી અભ્યાસ કરતાં એ જણાઈ આવે છે કે તેમણે અનેક સ્થળે વિષયાન્તર પણ કર્યું છે. અર્થાત્ મૂળ પરિભાષાના વ્યાખ્યાનમાં ઉપકારક ન હોય તેવી ચર્ચાઓ, શંકા-સમાધાનોને પણ તેમણે વિસ્તારથી રજૂ કર્યાં છે. ઉદાહરણ તરીકે—

(૧) ક. एकयोगनिर्दिष्टानां सह वा प्रवृत्तिः सह वा निवृत्तिः : (સી. ૧૪).

ख. अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो ल्यप् बाधते ।

ग. प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । (सी. २८).

(૨) જેને પ્રત્યક્ષ વિષયાન્તર ન કહી શકાય અને છતાંય જે પરિભાષાને સમજવામાં કોઈ રીતે ઉપયોગી ન હોય તેવી પણ ચર્ચાઓ સીરદેવે કરી છે. ઉદાહરણ તરીકે—

क. व्याख्यानतो विशेषप्रतिपत्तिः० । (सी. १)

ख. पुनःप्रसङ्गविज्ञानात् ० । (सी. २१)

ग. नञिवयुक्तमन्यत्सदृशाधिकरणे ० । (सी. 31)

૭. સીરદેવે પરિભાષાઓનાં પ્રયોજન અને જ્ઞાપકાદિની ચર્ચા કરીને પરિભાષાને સમજાવવા ઉપરાંત મૈત્રેયરક્ષિત અને ઇન્દુમિત્રાદિની શાસ્ત્રીય ચર્ચાઓને પણ સામેલ કરી છે. નીચેના કેટલાક ઉલ્લેખો જોવાથી આ મુદ્દો સ્પષ્ટ થશે :

क. यत्तु तत्र स्वमतिमहिमप्रागलभ्यादनुन्यासकारो व्याजहारः । ..... तदयुक्तम् । (सी. १, पान–१६३)

ख. उपदेशग्रहणानुवर्तनं प्रति रक्षितानुन्यासयोर्विवाद एव । तथा हि । ..... (सी. १४, पान–१७६)

ग. एतस्मिन् वाक्ये इन्दुमैत्रेययोः शाश्वतिको विरोधः । तथा हि । ..... (सी. ३६, पान. २०५)

घ. तस्माद्बोधव्योऽयं रक्षितः । बोद्धव्याश्च विस्तरा एवं रक्षितग्रन्था विद्यन्ते । तथा हि ..... (सी. ४७, पान–२१५)

આમ, ઇન્દુમિત્ર અને મૈત્રેયરક્ષિતના વિરોધી મતભેદોને, ક્યારેક વિષયાન્તર કરીને પણ – સીરદેવે વિસ્તારથી રજૂ કર્યાં છે. સંભવ છે કે સીરદેવના મનમાં આવા મતભેદોની વિગતે નોંધ લેવા પાછળ પોતાને આ વિરોધોની માહિતી છે એમ દર્શાવીને પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરવાનો હેતુ છુપાયેલો હોય. અથવા તો પરિભાષાના વ્યાખ્યાનમાં વિશેષ કોઈ નોંધપાત્ર મુદ્દો ન રજૂ કરવાનો હોય અને બીજી તરફ 'લઘુપરિભાષાવૃત્તિ'ની અપેક્ષાએ વિસ્તૃત એવી 'બૃહત્પરિભાષાવૃત્તિ' રચવાનો અભિલાષ હોય એ માટે પણ આવા મતભેદોને સ્થાન આપ્યું હોય. શ્રીમાનશર્માએ એક સ્થળે જણાવ્યું છે કે આ 'વિભક્તિપાદ'માં પરિભાષાનો અભાવ હોવાથી સીરદેવ અહીં તહીં રક્ષિતગ્રન્થમાં દોષાપત્તિ દર્શાવે છે,[૫] શ્રીમાન-

૫. एतच्च विभक्तिपादे परिभाषाया अभावादत्र तत्र रक्षितग्रन्थं दूषयति ॥ 58 ॥ परिभाषासंग्रह; पृ. 286.

શર્માની આ ટીકાથી ઉપર્યુક્ત અનુમાનનું સમર્થન થાય છે. વિષયાન્તર કરીને પણ રક્ષિતના ગ્રન્થમાં ભૂલો શોધી કાઢવા માટે તો સીરદેવને "તન્ત્રદીપાભિભાવક"[૬] એવું ઉપનામ મળ્યું હોય એમ જણાય છે.

આ ઉપરાંત સીરદેવને ક્યારેક અપૂર્વચર્ચાઓ કરવાનો પણ શોખ છે જેથી વ્યાકરણશાસ્ત્રના અભ્યાસી સમક્ષ અથવા વૈયાકરણસમુદાયમાં તેમનું પાંડિત્ય પ્રદર્શિત થાય. જેમકે, એક ઉદાહરણ નોંધીશું : प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य ग्रहणम् । (સી. ૨૫). આ પરિભાષાને यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम् । 1-4-13 સૂત્રમાં યોગવિભાગ કરીને સિદ્ધ કરવામાં આવી છે. અહીં સીરદેવે એક અપૂર્વ ચર્ચા કરી છે કે આ 'અંગ' સંજ્ઞા કરનાર સૂત્રને અઙ્ગ પાદમાં અર્થાત્ છઠ્ઠા અધ્યાયના ચોથા પાદમાં રજૂ કરવાથી अङ्गस्य । 6-4-1 સૂત્ર કરવાની જરૂર રહેશે નહીં અને આ પરિભાષા પણ સિદ્ધ થઈ જશે. હવે આમ કરવું કે નહીં, તથા આમ કરવાથી શું લાભાલાભ છે તેની વિગતે અને વિસ્તારથી ચર્ચા સીરદેવે કરી છે. તેની ચર્ચાને અંતે તેમણે જણાવ્યું છે કે આ ચર્ચા અનાગમ છે, અર્થાત્ મહાભાષ્યમાં પ્રાપ્ત થતી નથી અને શ્રીમાનશર્મા સમજાવે છે એ પ્રમાણે આ ચર્ચા કેવળ સીરદેવે જ (પહેલવહેલી) કરેલ છે, બીજા કોઈએ કરી નથી.[૭] સાથે સાથે અહીં એ પણ નોંધવું જોઈએ કે આવી અપૂર્વ-ચર્ચાઓ કરવા જતાં સીરદેવે ક્યારેક જે તે ચર્ચાને અતિક્લિષ્ટ પણ બનાવી દીધી છે. શ્રીમાનશર્માએ એક સ્થળે લખ્યું છે કે આ પંક્તિમાં સીરદેવનો શો આશય છે તે સમજી શકાતું નથી.[૮]

આ પ્રકારનું પાંડિત્ય દર્શાવવાથી સીરદેવે પરિભાષાના વ્યાખ્યાનમાં પ્રત્યક્ષ-પણે, પુરુષોત્તમદેવથી આગળ વધીને, કોઈ ખાસ નોંધપાત્ર વિકાસ કર્યો હોય એમ પુરવાર થઈ શકતું નથી.

---

૬. व्याकारसारसारज्यभास्वद्गण्यगणाग्रणीः ।
सीरदेवो लसद्विप्रः तन्त्रदीपाभिभावकः ॥ 58 ॥ परिभाषासंग्रहः; पृ.० 286.

૭. एतत्वनागममिति । मयैवोक्तं नान्यत्रास्तीत्यर्थः ॥ 25 ॥ परिभाषा-संग्रह; पृ० 180.

૮. अस्यां फक्किकायां सीरदेवाशयो दुरधिगमः ॥ 38 ॥ परिभाषासंग्रहः; पृ० 282.

૩.

સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'નો આમ વિગતે અભ્યાસ કરવાથી જણાઈ આવે છે કે સીરદેવે પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો જ વિસ્તાર રજૂ કર્યો છે. સીરદેવે પ્રત્યેક પરિભાષાના વ્યાખ્યાનમાં પુરુષોત્તમદેવે રજૂ કરેલાં પરિભાષાર્થ, પ્રયોજન, જ્ઞાપકાદિની પ્રમાણચર્ચા અને પરિભાષાના નિત્યાનિત્યત્વ વિષેની ચર્ચા વગેરેનું પ્રધાનપણે અનુસરણ જ કર્યું છે. આથી સીરદેવનો પહેલો પરિચય "પુરુષોત્તમદેવના અનુસર્તા" તરીકે થાય છે.

પરિભાષાના 'સ્વતંત્ર વ્યાખ્યાનકાર' તરીકેનું તેમનું સ્વરૂપ, એક અપવાદ (પરિ. ૪૮) ને બાદ કરતાં, ક્યાંય જોવા મળતું નથી. તેમણે ક્યારેક પુરુષોત્તમદેવે નિર્દેશેલા પરિભાષાનાં પ્રયોજન કે જ્ઞાપકનું ખંડન કર્યું છે; તથાપિ આવાં સ્થળો નહિવત્ છે. મહદંશે તો તેમણે પુરુષોત્તમદેવનું અનુસરણ જ કર્યું છે.

પુરુષોત્તમદેવ જેવી રીતે 'ભાષ્ય' અને 'કાશિકા'દિમાંથી પરિભાષાઓને એકત્ર કરીને તેની ઉપર વ્યાખ્યાન કરે છે, અને વ્યાખ્યાનની અંતર્ગત 'અમુક પરિભાષા ભાષ્યમાં મળતી નથી' એમ જાણતા હોવા છતાંય व्याख्यानाद्वचनं लघु । એમ જણાવીને સરળતાને ખાતર (सौकर्यार्थं) તેવી પરિભાષાઓને રજૂ કરે છે. તેવી રીતે સીરદેવ પણ ભાષ્યાનુક્ત અને ભાષ્યમાં પ્રત્યાખ્યાત હોય એવી પરિભાષાઓને રજૂ કરે છે.

સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'ની વિદ્વાનોએ ભારે પ્રશંસા કરી છે. જેમકે, પંડિતશ્રી યુધિષ્ઠિર મીમાંસક નોંધે છે કે પ્રૌઢતા અને વિચાર-ગહનતાએ આ 'બૃહત્પરિભાષાવૃત્તિ'નું વૈશિષ્ટ્ય છે.[૯] તથા પ્રા. કે.વી. અભ્યંકરજી આ 'બૃહત્પરિભાષાવૃત્તિ'ને magneficint work on Vyākaraṇaparibhāṣā – કહે છે.[૧૦]

---

૯. दूसरा वैशिष्ट्य इस वृत्ति की प्रौढता तथा विचार-गहनता है। संस्कृत व्याकरणशास्त्रका इतिहास । द्वितीय भाग, पृ० 260.

૧૦. Not many years after Puruṣottamadeva, another profound scholar of grammar flourished in the eastern part of India, Siradeva by name. He is also supposed to have been a Buddhist. He has written a magnificent work on Vyākaraṇa paribhāṣās, named Bṛhatparibhāṣāvṛtti in contrast with the Laghuparibhāṣāvṛtti of Puruṣottamadeva.
–Paribhāṣasaṁgraha; Introduction, p. 29.

પરંતુ આ અભિપ્રાયોની પુનઃસમીક્ષા થવી જરૂરી છે. ઉપલક દૃષ્ટિએ જોતાં સીરદેવે ઘણી વિસ્તૃત કહી શકાય એવી વૃત્તિ રચી છે. અને આ વૃત્તિમાં પ્રથમ દૃષ્ટિએ જોતાં જ લગભગ પદે પદે 'કાશિકા,' 'ન્યાસ,' રક્ષિત અથવા મૈત્રેય, ઇન્દુમિત્ર અથવા અનુન્યાસકાર અને ભાગવૃત્તિકાર ઇત્યાદિના મતમતાન્તરો પ્રાપ્ત થાય છે, પરંતુ આપણે સીરદેવની કૃતિનું magnificent work તરીકે કે પ્રૌઢ વિચારગહન કૃતિ તરીકે મૂલ્ય નહીં આંકી શકીએ. કારણ કે અગાઉ નિર્દેશ્યું છે, તે મુજબ આ વૃત્તિમાં કેવળ પુરુષોત્તમદેવનો જ વિસ્તાર કે અનુવાદ કરવામાં આવ્યો છે. આવો વિસ્તાર કે અનુવાદ કરવા માટે તેમણે બીજાં પ્રયોજનો અને જ્ઞાપકાન્તરોની ચર્ચા ઉમેરી છે. આ સિવાય તેમણે મહદંશે જ્યાં જ્યાં નવાં શંકા-સમાધાન પક્ષો કર્યાં છે ત્યાં ત્યાં તેમણે વિષયાન્તર કરીને રક્ષિતના, ઇન્દુમિત્રના અભિપ્રાયોને – મતભેદોને સમજાવવાની કોશિશ કરી છે. અથવા તો કોઈક અપૂર્વ ચર્ચા મૂકીને પોતાનું પાંડિત્ય પ્રદર્શિત કરવાનો પણ પ્રયત્ન કર્યો છે. આમ કરવા જતાં ક્યારેક તે તે ચર્ચાઓમાં તેમનો શો આશય છે, તે પણ દુરધિગમ બની જાય છે. આવી ચર્ચાઓ પરિભાષાના વ્યાખ્યાનને પ્રત્યક્ષ રીતે ઉપયોગી પણ બનતી નથી. આ સન્દર્ભમાં બીજા એક દૃષ્ટિકોણથી વિચારીએ તો સીરદેવે જ્યારે 'બૃહત્પરિભાષાવૃત્તિ'ને વ્યાકરણશાસ્ત્રના અભ્યાસીઓ પાસે મૂકી ત્યારે શાસ્ત્રીય ચર્ચાઓમાં કોઈ ઊંડાણ, સૂક્ષ્મતા કે સિદ્ધાન્ત કોટિની વ્યવસ્થાનો નિર્ણય પ્રાપ્ત થયો હોય એમ જણાતું નથી. કારણ કે કોઈ પણ પરિભાષાનો અર્થ કરતી વખતે સીધો સાદો અને પ્રાથમિક કહી શકાય એવો જ અર્થ તે આપી દે છે. પરિભાષાર્થ કરવામાં કોઈ ખાસ વિશેષતા કે વ્યાપક દૃષ્ટિ જોવા મળતી નથી. અંતરંગ-બહિરંગ વિષયક પરિભાષાઓ અને તેના વ્યાખ્યાનમાં પણ કોઈ સૂક્ષ્મતા કે સૈદ્ધાન્તિક વિકાસ થયો હોય એમ જોવા મળતું નથી. અરે! ક્યારેક તો તે પુરુષોત્તમદેવનું આંધળું અનુકરણ કરતા હોય તેમ પણ જોવા મળે છે. જેમકે, संनियोगशिष्टानामन्यतरापाये उभयोरप्यपायः । (પુ. ૬૫, સી. ૭૨). પુરુષોત્તમદેવે આ પરિભાષાના વ્યાખ્યાનમાં જણાવ્યું છે કે આ પરિભાષા અનિત્ય છે. तसिलादिष्वा कृत्वसुचः । 6-3-35 સૂત્ર ઉપરના भस्याढे तद्धिते । વાર્તિકમાં અઢે એવા પદથી પુંવદ્ભાવનો પ્રતિષેધ કર્યો છે, તેનાથી આ અનિત્યત્વ જ્ઞાપિત થાય છે એમ પુરુષોત્તમદેવે માન્યું છે. હવે વસ્તુતઃ આ સ્થળે 'કાશિકા' કે 'ન્યાસ'માં આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત કર્યું નથી. तसिलादिष्वा कृत्वसुचः । 6-3-35 ઉપર કાશિકાકારે भस्याढे तद्धिते पुंवद्भावो । એવું વાર્તિક રજૂ કરીને अढे इति किम् ? श्यैनेयः । रौहिणेयः । એવાં પ્રત્યુદા-

હરણો નોંધ્યાં છે. આને જોઈને પુરુષોત્તમદેવે વિચાર્યું કે ङीप् ની સાથે ન કારનો પણ કેમ લોપ ન થયો ? તો તેના સમાધાનમાં એમ માન્યું કે संनियोगशिष्टानां ० પરિભાષા અનિત્ય છે. વસ્તુતઃ આ સ્થળે લુપ્ત ङीप् નો સ્થાનિવદ્ભાવ થવાથી ત્યાં ન કારનો લોપ થતો નથી, એવો કાશિકાકારનો મૂળ આશય છે. અને જે ન્યાસકારે પણ સ્વીકાર્યો છે. પરંતુ સીરદેવ પણ પુરુષોત્તમદેવને અનુસરીને આને પરિભાષાના અનિત્યત્વનું જ્ઞાપન માને છે, અને કાશિકાકાર અને ન્યાસકારના અભિપ્રાય તરફ ધ્યાન આપતા નથી.

આમ, સીરદેવે 'પ્રૌઢ અને વિચારગહન કૃતિની રચના કરી છે' એમ કહેવા કરતાં 'લઘુપરિભાષાવૃત્તિ'ની અપેક્ષાએ કદમાં 'બૃહત્' એવી પરિભાષાવૃત્તિની રચના કરી છે એમ કહેવું યથાર્થ ગણાશે.

સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'નું મૂલ્ય નિમ્નોક્ત એક દૃષ્ટિકોણથી ઘણું મહત્ત્વનું અને નોંધપાત્ર છે :

સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'માં રક્ષિત, અનુન્યાસકારાદિ બૌદ્ધ વૈયાકરણોના અનેક ઉલ્લેખો મળી આવે છે. મૈત્રેયનું 'તન્ત્રપ્રદીપ' અને ઇન્દુમિત્રનો 'અનુન્યાસ' હાલ ઉપલબ્ધ નથી. તેવી સ્થિતિમાં આ ઉલ્લેખો ઘણા ઉપયોગી બની રહે છે. સીરદેવ પરિભાષાઓના વ્યાખ્યાનમાં કદાચ પ્રત્યક્ષ ઉપકારક ન હોય તો પણ તેમણે રક્ષિત અને ઇન્દુમિત્રના અભિપ્રાયને સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે. આથી વ્યાકરણ-શાસ્ત્રના કોઈપણ અભ્યાસીને પાણિનીય વ્યાકરણશાસ્ત્રની પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરામાં કેવી જીવંત ચર્ચાઓ થતી હતી, તેનો પરિચય આ કૃતિથી મળી રહે છે.

બીજું, સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'ના વ્યાખ્યાનમાં ભલે સિદ્ધાન્તકોટિની ગહનતા ન આવી હોય, તથાપિ પરિભાષાઓના અભ્યાસને પ્રબળ વેગ મળ્યો છે એમ તો કહેવું જ પડશે. કારણ કે શ્રીમાનશર્માએ પોતાના શિષ્યોને વિજય મળે એ હેતુથી સીરદેવની 'બૃહત્પરિભાષા' ઉપર 'વિજયા' નામની ટીકા રચી છે.[૧૧]

---

૧૧. व्याख्यायकबुधव्रातरुचिरा सा चिराश्रया ।
एषास्तु मम शिष्याणां विजया विजयावहा ॥ १ ॥
अनुन्यासादिसारस्य कर्त्रा श्रीमानशर्मणा ।
श्रीलक्ष्मीपतिपुत्रेण विजयेयं विनिर्मिता ॥ २ ॥
परिभाषासंग्रहः; पृ. 292.

આનો અર્થ એ કે સીરદેવની આ 'બૃહત્પરિભાષા' વૈયાકરણોની ગોષ્ઠિમાં અને અધ્યયન-અધ્યાયન મંદિરોમાં પ્રતિષ્ઠા પામી હશે. વળી, પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ' રચીને પાણિનીય પરિભાષાઓ વિષે એક સ્વતંત્ર વિચારણા કરતો ગ્રન્થ રચવાની પદ્ધતિને પુરસ્કારી છે. તે પદ્ધતિને પણ સીરદેવની આ કૃતિથી પ્રબળ વેગ મળ્યો છે. જેના પરિણામે કાશીની વૈયાકરણ પરંપરામાં પણ નીલકંઠ દીક્ષિત જેવા વૈયાકરણને 'પરિભાષાવૃત્તિ' રચવાની પ્રેરણા મળી છે, તથા તેના પગલે પગલે નાગેશ ભટ્ટ જેવા વૈયાકરણશિરોમણિને 'પરિભાષેન્દુશેખર' રચવાની પ્રેરણા મળી છે.

પ્રકરણ-૧૩

નીલકંઠ અને પુરુષોત્તમદેવ

૧

પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરામાં પુરુષોત્તમદેવ અને સીરદેવે અનુક્રમે 'લઘુપરિભાષાવૃત્તિ' અને 'બૃહત્પરિભાષાવૃત્તિ'ની રચના કરી. આથી કાશીની બ્રાહ્મણ વૈયાકરણ પરંપરાને પણ પાણિનીય પરિભાષાઓ ઉપર સ્વતંત્ર વિચારણા કરતા વૃત્તિગ્રંથો લખવાની પ્રેરણા મળી. તેના પરિણામે નીલકંઠ દીક્ષિતે ઈ.સ. ૧૬૫૦ માં 'પરિભાષાવૃત્તિ'ની રચના કરી. આ પરિભાષાવૃત્તિ ગ્રંથ ઉપર બૌદ્ધ વૈયાકરણ પરંપરાના પૂર્વોક્ત બે પરિભાષાવૃત્તિ ગ્રન્થોએ કેવી અસર પાડી છે તેનો અહીં અભ્યાસ કરીશું.

'પરિભાષાવૃત્તિ'ને પ્રારંભે નીલકંઠ જણાવે છે કે વરદેશ્વર યજ્વન્ ને નમસ્કાર કરીને સજ્જનોના આનંદને માટે (નીલકંઠ યજ્વન્ વડે) 'શબ્દન્યાય' નું વિવેચન કરવામાં આવે છે.[1] અહીં મંગલશ્લોકમાં નીલકંઠે પરિભાષાઓને માટે 'શબ્દન્યાય' એવો શબ્દ વાપર્યો છે. એનો અર્થ થશે કે શબ્દસિદ્ધિમાં ઉપયોગી બનતા ન્યાય: અર્થાત્ પરિભાષાઓ.

આ જ પ્રમાણે 'પરિભાષાવૃત્તિ'ને અંત તેમણે જણાવ્યું છે કે મહાભાષ્યનું પરિભાવન અર્થાત્ પર્યાલોચન કરીને અહીં દિઙ્માત્રનું પ્રદર્શન કરવામાં આવ્યું. આથી આદરપૂર્વક મારી આ કૃતિને જોઈને ડાહ્યા માણસો અથવા વિદ્વાનો સંતોષ પામો.[2] આ ઉપરાંત પુષ્પિકામાં જણાવ્યું છે તે મુજબ 'પદ-વાક્ય-પ્રમાણ-પારાવારીણ શ્રીરામચંદ્ર અધ્વરિના પૌત્ર અને વરદેશ્વર દીક્ષિતના પુત્ર નીલકંઠ

---

૧. वरदेश्वरयज्वानं नीलकण्ठेन यज्वना ।
नमस्कृत्य सतां प्रीतये शब्दन्यायो विविच्यते ॥

૨. परिभाव्य महाभाष्यं दिङ्मात्रमिह दर्शितम् ।
तेन तुष्यन्तु विबुधा मत्कृतिं वीक्ष्य सादरम् ॥

દીક્ષિતે રચેલી પરિભાષાવૃત્તિ સમાપ્ત થઈ.[૩] આમાંથી સૂચિત થાય છે કે નીલકંઠે મહાભાષ્યનું પર્યાલોચન કરીને આ કૃતિની રચના કરી છે. તથા તે કૃતિમાં પરિભાષાઓને સમજવા માટે તેમણે કેવળ દિઙ્માત્રનું દર્શન કરાવ્યું છે. બીજું, તેઓ વિદ્વાન્‌ના કુળમાં જન્મેલા છે અને વરદેશ્વર દીક્ષિતના પુત્ર છે એ મુદ્દો પણ આમાંથી સ્પષ્ટ થાય છે.

નીલકંઠ દીક્ષિતની 'પરિભાષાવૃત્તિ'માં કુલ ૧૪૦ પરિભાષાઓ ઉપર વૃત્તિ લખવામાં આવી છે. આ ૧૪૦ પરિભાષાઓમાંથી ૧૧૪ (+૧) અથવા ૧૧૪(+૨) (समासप्रत्ययविधौ प्रतिषेधः उगिद्वर्णग्रहणवर्जम् । અને अकृतव्यूहाः पाणिनीयाः कृतमपि कार्यं निवर्तयन्ति । એવી પુરુષોત્તમદેવની બે પરિભાષાઓને નીલકંઠે કુલ ૪ પરિભાષાઓમાં વિભક્ત કરીને રજૂ કરી છે.) પરિભાષાઓ પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માંથી સ્વીકારવામાં આવી છે. નીલકંઠે પુરુષોત્તમદેવની ૩૩, ૩૭, ૯૪ અને ૧૦૮ નંબરની પરિભાષાઓને સ્વીકારી નથી. સીરદેવે પોતાની 'બૃહત્પરિભાષા વૃત્તિ'માં કુલ ૧૩ નવી પરિભાષાઓ રજૂ કરી છે. તેમાંથી પણ નીલકંઠે ૧૧ જેટલી પરિભાષાઓ સ્વીકારી છે. જેમકે, ૧. वर्णाश्रये विधौ नान्तादिवत्वम् । (सी. 61) ॥, ૨. क्वचित् विकृतिरपि प्रकृतिं गृहणाति । (सी. 41) ॥, ૩. विधौ परिभाषोपतिष्ठते नानुवादे । (सी. 89) ॥, ૪. उपजातनिमित्तौऽप्युत्सर्गः उपनिष्यमाण० । (सी. 93) ॥ ૫. परिहृत्यापवादविषयं० । (सी. 94) ॥, ૬. प्रधानाप्रधानयोः प्रधाने कार्यसंप्रत्ययः । (सी.102) ॥, ૭. पित्स्वराच्चित्स्वरो० । (सी.108) ॥, ૮. पर्यायशब्दानां-गुरुलाघवचर्चा नाद्रियते । (सी. 122) ॥ ૯. अनिर्दिष्टार्थाः प्रत्ययाः स्वार्थे भवन्ति । (सी. 125), ૧૦. पूर्वं धातुः साधनेन युज्यते० । (सी. 128) અને ૧૧. अन्ये तु पूर्वं धातुरुपसर्गेण० । (सी. 129) ॥. આ ઉપરાંત તેમણે પરિભાષાસૂચન, શાકટાયન પરિભાષાપાઠ અને કાતન્ત્ર પરિભાષાસૂત્રમાંથી અનુક્રમે નીચેની ત્રણ પરિભાષાઓ સ્વીકારી છે:

૧. येन नाप्राप्ते यो विधिरारभ्यते० । 48
૨. उभयथापि वाक्यपरिसमाप्तिः । 109
૩. विधिनियमसंभवे विधिरेव ज्यायान् । 96

---

૩. इति श्रीपदवाक्यप्रमाणपारावारीणस्य रामचन्द्राध्वरेः पौत्रेण वरदेश्वरदीक्षितपुत्रेण नीलकण्ठदीक्षितेन विरचिता परिभाषावृत्तिः समाप्ता ॥

નીલકંઠે તેમની પરિભાષાવૃત્તિમાં કેટલીક નવી પરિભાષાઓ પણ ઉમેરી છે. જેમકે,

૧. अलैवानर्थकेन तदन्तविधिः । 13,
૨. उणादयो व्युत्पन्नान्यपि । 21,
૩. प्रत्ययग्रहणे चापञ्चम्याः । 32,
૪. कृतमपि निवर्तयन्ति । 65,
૫. हल्स्वरप्राप्तौ व्यञ्जनमविद्यमानवत् । 68,
૬. श्रुतानुमितयोः श्रुतेनैव संबन्धा । 101,
૭. पदाङ्गाधिकारे तस्य च तदन्तस्य च । 108,
૮. बाधकान्येव निपातनानि । 109,
૯. लक्ष्ये लक्षणस्य सकृदेव प्रवृत्तिः । 112,
૧૦. निषेधाश्च बलीयांसो भवन्ति । 113 અને
૧૧. णौ कृतं द्वित्वे न स्थानिवत् । 127

આમ, નીલકંઠે પોતાની 'પરિભાષાવૃત્તિ' માં રજૂ કરેલી પરિભાષાઓમાંથી બહુસંખ્ય પરિભાષાઓ પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માંથી સ્વીકારેલી છે.

હવે આપણે, આ પરિભાષાઓને જે ક્રમે નીલકંઠે ગોઠવી છે, તેની વ્યવસ્થાનો વિચાર કરીશું. નીલકંઠે સીરદેવની જેમ પરિભાષાઓને ભૂપાદ, અઙ્ગપાદ ઇત્યાદિ વિભાગોમાં વિભક્ત કરી નથી. તથા પરિભાષાઓને સીરદેવની જેમ જ્ઞાપકસૂત્રોના ક્રમે પણ ગોઠવી નથી. પરંતુ પાણિનિનાં સૂત્રો ઉપરના ભાષ્યમાં જે પરિભાષાનો પહેલો ઉલ્લેખ કર્યો હોય તે ક્રમે અર્થાત્ ભાષ્યોપસ્થિતિ ક્રમે તેમને ગોઠવી છે. આ ક્રમે પરિભાષાઓને રજૂ કરતાં તેમણે ક્યારેક પરિભાષાઓના અંગાંગીભાવને તથા વિષયસંગતિને પણ ધ્યાનમાં લીધી છે. અર્થાત્ ભાષ્યોપસ્થિતિ ક્રમે એક પરિભાષાને રજૂ કર્યા પછી જો તે પરિભાષાની અંગભૂત એવી બીજી કોઈ પરિભાષા પણ હોય અને તેનો ભાષ્યોપસ્થિતિ મુજબનો ક્રમ, તે મુખ્ય પરિભાષાની પછી ન આવતો હોય તો પણ તે (અંગભૂત) પરિભાષાને મુખ્ય પરિભાષાની સાથે જ રજૂ કરવામાં આવે છે. કેટલાંક ઉદાહરણો જોવાથી આ મુદ્દો સરળતાથી સમજી શકાશે :

'પરિભાષાવૃત્તિને પ્રારંભે નીલકંઠે व्याख्यानतो विशेषप्रतिपत्तिः ० । ૧ પરિભાષાને રજૂ કરી છે. માહાભાષ્યકારે આ પરિભાષાને लण् । મા. સૂ, ૬. ઉપરના ભાષ્યમાં રજૂ કરી છે. ત્યાર પછી નીલકંઠે બીજા નંબરે न हि कार्यं निमित्तत्वेनाश्रीयते । ૨. પરિભાષાને મૂકી છે. ભાષ્યકારે આ પરિભાષાનો

સ્પષ્ટપણે ક્યાંય ઉલ્લેખ કર્યો નથી, પણ કેવળ તે એક ભાષ્યચર્ચા[૪] ઉપરથી ધ્વનિત થાય છે. પરંતુ નીલકંઠે આ પરિભાષાને दीधीवेवीटाम् । 1-1-6 સૂત્ર ઉપરથી જ્ઞાપિત થતી માની છે. આથી તેમની 'પરિભાષાવૃત્તિ'માં આ પરિભાષાનો બીજો નંબર આવે છે. ત્યાર પછી ત્રીજા નંબરે इतरेतराश्रयाणि च कार्याणि प्रकल्प्यन्ते । ૩. પરિભાષાને, ચોથા નંબરે यदागमास्तद्गुणीभूताः० । 4, અને પાંચમા નંબરે निर्दिश्यामानस्यादेशा भवन्ति । 5 પરિભાષાને રજૂ કરી છે. કારણ કે મહાભાષ્યમાં તે તે પરિભાષાઓ અનુક્રમે इग्यणः संप्रसारणम् । 1-1-45 आद्यन्तौ टकितौ । 1-1-46 અને षष्ठी स्थानेयोगा । 1-1-49 સૂત્ર ઉપરના ભાષ્યમાં ઉલ્લેખાઈ છે. આ પછી નીલકંઠે અનુબન્ધ વિષયક ત્રણ પરિભાષાઓ, જેવી કે, ૧. नानुबन्धकृतमनेकाल्त्वम् । 6, ૨. नानुबन्धकृतमनेजन्तत्वम् । 7, અને ૩. नानुबन्धकृतमसारूप्यम् । 8 પરિભાષાઓને રજૂ કરી છે. આ ત્રણેય પરિભાષાઓ અનુક્રમે अनेकाल्शित्सर्वस्य । 1-1-55 दाधाघ्वदाप् । 1-1-20 અને वासरूपोऽस्त्रियाम् । 3-1-94 સૂત્રો ઉપરથી જ્ઞાપિત થાય છે. પરંતુ નીલકંઠે આ સ્થળે અષ્ટાધ્યાયીનાં જે જે સૂત્રો ઉપરથી આ પરિભાષાઓ જ્ઞાપિત થાય છે, તેનો (જ્ઞાપક સૂત્રોનો) ક્રમ સ્વીકાર્યો નથી. તેને બદલે તેમણે अनेकाल्शित्सर्वस्य । 1-1-55 સૂત્ર ઉપરના ભાષ્યમાં આ ત્રણેય પરિભાષાઓ પહેલો ઉલ્લેખ પામે છે, તેને ધ્યાનમાં લઈને છઠ્ઠા, સાતમા અને આઠમા નંબરે આ પરિભાષાઓને રજૂ કરી છે.

આ જ પ્રમાણે ભાષ્યકારે वर्णाश्रये नास्ति प्रत्ययलक्षणम् । 1 પરિભાષાને प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । 1-1-62 સૂત્ર ઉપરના ભાષ્યમાં રજૂ કરી છે, તેથી નીલકંઠે તેને નવમા નંબરે રજૂ કરી છે. તેમણે દશમી પરિભાષા તરીકે क्वचिदेकदेशोऽप्यनुवर्तते । ને રજૂ કરી છે. નીલકંઠના જણાવ્યા મુજબ संख्याव्ययादेर्ङीप् । 4-1-26 અને दामहायनान्ताच्च । 4-2-27 સૂત્ર ઉપરની ભાષ્યચર્ચામાંથી આ પરિભાષા સ્પષ્ટ થાય છે. પરંતુ ભાષ્યમાં આ પરિભાષાનો ક્યાંય સ્પષ્ટ ઉલ્લેખ થયો નથી. તેથી એમ જણાય છે કે નીલકંઠે સીરદેવને અનુસરીને આ પરિભાષા અહીં રજૂ કરી છે. સીરદેવે 'બૃહત્પરિભાષાવૃત્તિ' માં तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 સૂત્રમાંના इति કરણથી આ પરિભાષાને જ્ઞાપિત થતી વર્ણવી છે. ત્યાર પછી પતંજલિએ स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । 1-1-68 સૂત્ર ઉપરથી જ્ઞાપિત કરી બતાવેલી अर्थवद्-

૪. द्विर्वचनेऽचि । 1-1-59 સૂત્રભાષ્ય ઉપરથી ધ્વનિત થાય છે.

ગ્રહણે નાનર્થકસ્ય । પરિભાષાને અગિયારમા નંબરે રજૂ કરી છે. હવે, આ એક મુખ્ય પરિભાષા છે. તેના સન્દર્ભમાં એક આનુષંગિક પરિભાષા પણ છે. જેમકે, न वर्णग्रहणे । આ પરિભાષાનો लस्य । 3-4-77 સૂત્ર ઉપરના બીજા વાર્તિકમાં ઉલ્લેખ થયો છે. તથાપિ અંગાંગીભાવને ધ્યાનમાં લેતાં આ પરિભાષાનો अर्थवद्ग्रहणे० । ની સાથે જ રજૂ કરવી છે, તેથી નીલકંઠે આ સ્થળે ભાષ્યોપસ્થિતિક્રમને અવગણીને તે બે પરિભાષાઓને એક પછી એક રજૂ કરી છે.

બીજા એક ઉદાહરણ તરીકે આપણે ૩૦થી ૩૬ પરિભાષાઓનો ગોઠવણીક્રમ તપાસીશું :

सर्वे विधयः छन्दसि विकल्प्यन्ते । ૩૦. આ પરિભાષાને व्यत्ययो बहुलम् । 3-1-85 અને षष्ठी युक्तश्छन्दसि वा । 1-4-9 એવાં બે સૂત્રોમાંના અનુક્રમે बहुलम् અને वा એવા પદોના યોગવિભાગથી ભાષ્યકારે સિદ્ધ કરી છે. નીલકંઠે षष्ठी युक्तश्छन्दसि । 1-4-9 સૂત્ર ક્રમાંકને અનુસરીને આ પરિભાષાને અહીં ત્રીસમા નંબર નીચે રજૂ કરી છે. ત્યાર પછી ભાષ્યકારે यस्मात्प्रत्ययविधिस्तदादिप्रत्ययेऽङ्गम् । 1-4-13 સૂત્રમાં યોગવિભાગ કરીને પ્રત્યયગ્રહણે यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य ग्रहणम् । પરિભાષાને રજૂ કરી છે. તેથી નીલકંઠે તેને એકત્રીસમા નંબરે રજૂ કરી છે.પરિભાષાનો તદન્તાંશ येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રથી સિદ્ધ થતો હોવા છતાંય તે પરિભાષાનો અગત્યનો – તદાદ્યંશ – અંગસંજ્ઞા વિધાયક (1-4-13) સૂત્રમાંથી સિદ્ધ થતો હોવાથી નીલકંઠે આ પરિભાષાને સૂત્રક્રમાંક 1-4-13ના સન્દર્ભમાં રજૂ કરી છે. ત્યાર પછી આ પરિભાષા તદન્તવિધિ વિષયક હોવાથી તે વિષયની સંગતિને પ્રાધાન્ય આપીને ૩૨ થી ૩૬ સુધીની પરિભાષાઓમાં તદન્તવિધિનો અપવાદ રજૂ કરતી પરિભાષાઓ મૂકી છે. જેમકે, प्रत्ययग्रहणे चापञ्चम्याः । 32. આ પરિભાષા येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપરના ભાષ્યમાં તદન્તવિધિના અપવાદ રૂપે વાર્તિકકારે મૂકી છે. નીલકંઠે તેત્રીસમી પરિભાષા स्त्रीप्रत्यये चानुपसर्जने न । 33 મૂકી છે. ભાષ્યકારે આ પરિભાષાનો ष्यङः सप्रसारणं पुत्रपत्योस्तत्पुरुषे । 6-1-13 સૂત્ર ઉપરના ભાષ્યમાં નિર્દેશ કર્યો છે. તથાપિ તે તદન્તવિધિનો અપવાદ રજૂ કરનારી હોવાથી નીલકંઠે તેને અહીં મૂકી છે. ત્યાર પછી सुप्तिङन्तं पदम् । 1-4-14 સૂત્રસ્થ अन्त ગ્રહણથી જ્ઞાપિત થતી સંજ્ઞાવિધૌ પ્રત્યયગ્રહણે ૦ । 38 પરિભાષાને મૂકી છે. ક્રમાંક પાંત્રીસ નીચે કૃદ્ગ્રહણે ગતિકારકપૂર્વસ્યાપિ ગ્રહણમ્ । પરિભાષાને રજૂ કરી છે. આ પરિભાષા गतिरनन्तरः । 6-3-49 સૂત્ર ઉપરથી જ્ઞાપિત થાય છે, તથાપિ એ પરિભાષા તદાદિતદન્તવિધિ પરિભાષાના અપવાદ રૂપે હોવાથી

અને ભાષ્યકારે અંગસંજ્ઞા કરનાર (1-4-13) સૂત્ર ઉપર તેનો ઉલ્લેખ કર્યો હોઈ નીલકંઠે તેને અહીં મૂકી છે. એ જ પ્રમાણે येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપરના ભાષ્યમાં રજૂ થયેલું पदाङ्गाधिकारे तस्य च तदन्तस्य च । એવું પરિભાષાવાર્તિક પણ તદન્તવિધિ વિષયક હોઈ નીલકંઠે તેને પરિભાષા રૂપે ક્રમાંક છત્રીસ નીચે અહીં રજૂ કર્યું છે.

આમ, નીલકંઠે જે તે પરિભાષાના ભાષ્યોપસ્થિતિ ક્રમને અનુસરીને પરિભાષાઓને ગોઠવી છે.વળી, ભાષ્યોપસ્થિતિક્રમ મુજબ પરિભાષાઓને ગોઠવવામાં તેમણે વિષયસંગતિ પ્રત્યે પણ ધ્યાન આપ્યું છે, તે મુદ્દો વિશેષ નોંધનીય છે. કારણ કે સીરદેવે પરિભાષાઓની જે ગોઠવણી કરી છે, તેમાં આ દૃષ્ટિકોણ ધ્યાનમાં લેવામાં આવ્યો નથી.

નીલકંઠે પરિભાષાઓની ગોઠવણીમાં પરિભાષાઓની વિષયસંગતિને પણ ધ્યાનમાં લીધી છે. તેના ઉદાહરણ તરીકે આપણે ૪૫ થી ૫૨ સુધીની પરિભાષાઓનો ઉપસ્થિતિક્રમ તપાસીશું :

उपपदमतिङ् । 2-2-19 સૂત્રસ્થ अतिङ् ગ્રહણથી અને कर्तृकरणे कृता बहुलम् । 2-1-32 સૂત્રસ્થ बहुल ગ્રહણથી गतिकारकोपपदानां कृद्भिः सह समासवचनं प्राग् सुबुत्पत्तेः । (ની ૪૨) પરિભાષા સિદ્ધ થાય છે. આ પરિભાષાને રજૂ કર્યા પછી નીલકંઠે ભાષ્યોપસ્થિતિ ક્રમને અનુસરીને प्रातिपदिकार्थलिङ्ग-परिमाणवचनमात्रे प्रथमा । 2-3-46 સૂત્ર ઉપરના ભાષ્યમાં ઉપસ્થિત થયેલી परिहृत्यापवादविषयं उत्सर्गोऽभिनिविशते । 43, ને રજૂ કરી છે. આ પરિભાષા જણાવે છે એ મુજબ અપવાદના વિષયને છોડીને ઉત્સર્ગની પ્રવૃત્તિ થાય છે.

હવે અપવાદના પ્રવૃત્તિરૂપ વિષે સ્પષ્ટતા કરતી આ પરિભાષાના અનુસંધાનમાં બીજી પણ એક પરિભાષા इको गुणवृद्धी । 1-1-3 સૂત્ર ઉપરના ભાષ્યમાં મળે છે. જેમકે, क्वचिदपवादविषयोऽप्युत्सर्गोऽभिनिविशते । અર્થાત્ અપવાદના વિષયમાં પણ (અપવાદનો બીજા કોઈ સૂત્રથી નિષેધ થતાં) ઉત્સર્ગની પ્રવૃત્તિ થાય છે.[૫] આથી નીલકંઠે परिहृत्यापवादविषयम् ० । પરિભાષા ૪૩ની પછી તરત આ પરિભાષાને ચુંમાળીસમા ક્રમાંકથી રજૂ કરી છે.[૬]

---

૫. अपवादविषये अपवादस्यान्येन निषेधेऽपि उत्सर्गो भवतीत्यर्थः ॥

૬. સીરદેવે 'उपपदमतिङ्' । 2-2-19 સૂત્રથી સિદ્ધ થતી પરિભાષા गतिकारकोपपदानां० । ને રજૂ કર્યા પછી તરત अकेनोर्भविष्यदा० । 2-3-70 થી જ્ઞાપિત થતી क्वचिदपवादविषये० । પરિભાષાને મૂકી છે. તેમણે

આમ, નીલકંઠે ભાષ્યોપસ્થિતિક્રમને અનુસરીને ૪૩ અને ૪૪ મા ક્રમે અપવાદનો વિષય ચર્ચતી પરિભાષાઓ રજૂ કરી છે. પરંતુ ત્યાર પછી તેમણે કેટલીક એવી પરિભાષાઓ મૂકી છે કે જેનો ઉલ્લેખ જ્ઞાપકસૂત્રક્રમાનુસાર કે ભાષ્યોપસ્થિતિ ક્રમાનુસાર અહીં ન થવો જોઈએ. અને છતાં નીલકંઠે આવી પરિભાષાઓ અહીં મૂકી છે. કારણ કે તે પરિભાષાઓ અપવાદ વિષયના સ્વરૂપ અને વિવિધ પ્રવૃત્તિ – વિષયને સ્પષ્ટ કરી આપે છે. અર્થાત્ આ પરિભાષાઓને અહીં કેવળ વિષયસંગતિ મુજબ સ્થાન મળ્યું છે: પૂર્વોક્ત બે પરિભાષાઓએ અપવાદની પ્રવૃત્તિ વિષે વ્યવસ્થા સૂચવી. તેથી જિજ્ઞાસા થશે કે બે સૂત્રો વચ્ચે ક્યારે બાધ્ય –બાધકભાવ ઉપસ્થિતિ થાય છે. 'ઉત્સર્ગ અને અપવાદનો એકત્ર સંભવ ન હોય ત્યારે તેમની વચ્ચે બાધ્ય – બાધકભાવ ઉપસ્થિત થાય છે.'[૭] આ અર્થને કહેનારી असति संभवे बाधनं भवति । પરિભાષાને નીલકંઠે પીસ્તાળીસમા ક્રમાંક નીચે રજૂ કરી છે. આ પરિભાષાના સમર્થનમાં છેતાળીસમા ક્રમથી નીલકંઠે अस्ति च संभवो यदुभयं स्यात् । પરિભાષાને મૂકી છે. આ પરિભાષા જણાવે છે તે મુજબ જો સંભવ હોય તો બન્ને વિધિઓ – ઉત્સર્ગ અને અપવાદ – થાય છે. પરંતુ જો આવી પરિભાષાને રજૂ કરવામાં આવે તો સંદેહ થશે કે औपगवः । એ ઉદાહરણમાં આદિ વૃદ્ધિથી અન્ત્યવૃદ્ધિનો બાધ થશે નહીં. આથી, આવી શંકાનો પરિહાર કરવા માટે નીલકંઠે ૪૭મા ક્રમાંક નીચે ત્રીજી એક પરિભાષા મૂકી છે. જેમકે, सत्यपि संभवे बाधनं भवति । અર્થાત્ ઉત્સર્ગની પ્રવૃત્તિનો સંભવ હોય તો પણ અપવાદ તેનો બાધ કરે છે. આ પરિભાષા तर्ककौण्डिन्य न्यायમૂલક છે. – આમ આ ત્રણેય પરિભાષાઓને એક ચોક્કસ તર્કસંગતિ મુજબ એક પછી એક રજૂ કરવી જરૂરી બની છે. અન્યથા આ ત્રણેય પરિભાષાઓ તો मिदचोऽन्त्यात्परः । 1–1–47 સૂત્ર ઉપરના ભાષ્યમાં ઉપસ્થિત થાય છે. આથી જો નીલકંઠે કેવળ ભાષ્યોપસ્થિતિક્રમને જ સ્વીકાર્યો હોય તો તેમણે આ ત્રણેય પરિભાષાઓ અહીં રજૂ કરવી જોઈએ નહીં.

પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં અપવાદ અને તેના બાધકત્વનું સ્વરૂપ સ્પષ્ટ કરતી બીજી પરિભાષાઓ પણ છે. તેવી પરિભાષાઓને પણ નીલકંઠે પ્રસંગસંગતિ મુજબ

परिहृत्यापवादविषयम्० । પરિભાષાને અહીં રજૂ કરી નથી. કારણ કે તેમણે આ પરિભાષાને शीङः सार्वधातुके० । 7–4–21 સૂત્ર ઉપરથી જ્ઞાપિત થતી માની છે. પરિણામે તેમણે ૭ મા અધ્યાયના ચોથા પાદમાં ક્રમાંક ૯૪ થી તેને રજૂ કરી છે.

૭. उत्सर्गापवादयोरेकत्र संभवाभावे बाध्यबाधकभाव इष्यते ॥

અહીં રજૂ કરી છે. જેમકે, येन नाप्राप्ते यो विधिरारभ्यते स तस्य बाधको भवति । ૪૮. આ પરિભાષા સમજાવે છે કે ક્યારે અમુક સૂત્ર બાધક અર્થાત્ અપવાદ બને છે. આવાં અપવાદસૂત્રોમાં બે પ્રકારનું બાધકત્વ જોવા મળે છે. જેમકે, (૧) પોતાના વિષયમાં જે કોઈ ઉત્પસર્ગસૂત્ર પ્રાપ્ત થાય તે દરેકનો એ બાધ કહે છે. આને બાધ્યસામાન્યચિંતાપક્ષ કહે છે. (૨) અપવાદ સૂત્ર ક્યા ચોક્કસ ઉત્સર્ગસૂત્રનું બાધક બને છે, તે વિષેની મનમાં જિજ્ઞાસા ઊભી થતાં ભાષ્યકારે બે વ્યવસ્થાપક વચનો નિર્દેશ્યાં છે: (अ) पुरस्तादपवादा अनन्तरान् विधीन् बाधन्ते नोत्तरान् । અને (आ) मध्येऽपवादाः पूर्वान् विधीन् बाधन्ते नोत्तरान् । આને બાધ્યવિશેષચિંતા પક્ષ કહે છે. – આમ, અપવાદનું સ્વરૂપ વર્ણવતી પરિભાષા ૪૮ રજૂ કર્યા પછી ઉપર્યુક્ત બાધ્ય વિશેષચિંતાપક્ષની બે પરિભાષાઓને ક્રમાંક ૪૯ અને ૫૦ નીચે રજૂ કરી છે. ત્યાર પછી આ બાધ્ય વિશેષચિંતાપક્ષને વર્ણવતી બે પરિભાષાઓનો જ અર્થ કહેતી अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वा । એવી પરિભાષાને નીલકંઠે ૫૧મા ક્રમાંકથી મૂકી છે. વળી, આ અપવાદ વિષયક પરિભાષાઓની સાથે જ અપવાદ સૂત્રના બાધકત્વનો સંકોચ કરનારી એક પરિભાષા જેમકે, अभ्यासविकारेषु बाध्यबाधकभावो नास्ति । 52 પરિભાષાને પણ નીલકંઠે આ સ્થળે રજૂ કરી છે.

આમ, નીલકંઠે જે વિષય એકવાર ભાષ્યોપસ્થિતિ ક્રમાનુસાર પ્રાપ્ત થયો તેના અનુસંધાનમાં તર્કસંગતિ મુજબ જે જે પરિભાષાઓ ઉપસ્થિત કરવી જરૂરી બની છે, તેને ઉપસ્થિત કરી છે.

જેવી રીતે સીરદેવે अतः परं न्यायमूलाः परिभाषाः । એવા શીર્ષક નીચે ૧૦૦ થી ૧૩૦ સુધીની પરિભાષાઓને રજૂ કરી છે. તેવી રીતે નીલકંઠે રજૂ કરેલી ૧૪૦ પરિભાષાઓની ગોઠવણીના સન્દર્ભમાં એક એ મુદ્દો પણ નોંધનીય છે કે તેમણે ૧૩૧ થી ૧૪૦ સુધીની દશ પરિભાષાઓનો अथ प्रक्षिप्ता निर्मूलाश्च प्रदर्श्यन्ते । એવા શીર્ષક નીચે જુદો વિભાગ બનાવ્યો છે. આ વિભાગની અંદર તેમણે ભાષ્યમાં પ્રાપ્ત નહીં થતી હોવાને કારણે જેને 'પ્રક્ષિપ્ત' કહી શકાય એવી પરિભાષાઓ અને ભાષ્યમાં ઇષ્ટસિદ્ધિ અર્થે જેનો ઉપયોગ કરવામાં નથી આવ્યો તેવી 'નિર્મૂલ' પરિભાષાઓને રજૂ કરી છે. આ વિભાગમાં ભાષ્યકારે પ્રત્યાખ્યાત કરેલી પરિભાષાઓ પણ રજૂ કરી છે. ઉદાહરણ તરીકે – (૧) उदित्सवर्णं गृहणाति । 131 આ પરિભાષા પ્રક્ષિપ્ત છે. (૨) क्वचिद्विकृतिरपि प्रकृतिं गृहणाति । 132 આ પરિભાષા નિર્મૂલ છે. અને (૩)

संप्रसारणं तदाश्रयं च कार्यं बलवत् । 133 આ પરિભાષા ભાષ્યમાં પ્રત્યાખ્યાત છે.

નીલકંઠે પ્રક્ષિપ્ત અને નિર્મૂલ પરિભાષાઓનો જુદો વિભાગ બનાવ્યો હોવા છતાંય બીજી ઘણી પરિભાષાઓ કે જે પ્રક્ષિપ્ત, નિર્મૂલ અને પ્રત્યાખ્યાત છે, તેને આ વિભાગમાં મૂકી નથી. જેમકે,

૧. अबाधकान्यपि निपाततानि । 110,
૨. विधिविधानविधिभाजां त्रयाणां ० । 18,
૩. अनन्त्यविकारेऽन्त्यसदेशस्य 94,
૪. नानर्थकेऽलोऽन्त्यस्य विधिः । 95,

બીજું, કાશીની વૈયાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં ભાષ્યનું એકાન્તિક પ્રામાણ્ય સ્વીકારાવા લાગ્યું, તેનું બીજ અહીં જે નિર્મૂલ પરિભાષાઓનો જુદો વિભાગ બનાવવામાં આવ્યો છે, તેમાં રહેલું છે એમ કહી શકાય.

નીલકંઠે પરિભાષાઓનો શબ્દદેહ મહદંશે તો પુરુષોત્તમદેવ અને સીરદેવમાંથી સ્વીકાર્યો છે, એમ કહી શકાય. પરંતુ તેમણે કેટલીક પરિભાષાઓના પાઠમાં – શબ્દદેહમાં થોડાક ફેરફાર અને નવા ઉમેરા કર્યા છે જેમકે,

(૧) આગમના સ્વરૂપ વિષે સ્પષ્ટતા કરતી પરિભાષાનો પાઠ ભાષ્યમાં આ પ્રમાણે મળે છે : अर्थवतो हि आगमस्तद्गुणीभूतः...० ।' આ પાઠમાં ફેરફાર કરીને પુરુષોત્તમદેવે आगमा यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । પુ. 18 એવો પાઠ આપ્યો છે. અને સીરદેવે તેને आगमास्तद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । એ પ્રમાણે રજૂ કર્યો છે. પરંતુ નીલકંઠે પુરુષોત્તમદેવ અને સીરદેવ બન્નેયના પાઠનો ઉપયોગ કરીને તેને નવા સ્વરૂપે આ પ્રમાણે આપ્યો છે : यदागमास्तद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । 4.

આ જ પ્રમાણે, तदादि – तदन्तविधिनो अपवाद રજૂ કરતી એક પરિભાષાને પુરુષોત્તમદેવે स्त्रीप्रत्ययेनानुपसर्जने । (પૃ. 45) એવા પાઠથી રજૂ કરી છે. તેમાં ફેરફાર કરીને સીરદેવે न स्त्रीप्रत्यये चानुपसर्जने । (સી. 26) એવો પાઠ આપ્યો છે. આ પાઠમાં માત્ર न કારનું સ્થાન ફેર કરીને નીલકંઠે स्त्रीप्रत्यये चानुपसर्जने न । એવી રીતે રજૂ કર્યો છે. ઉપર્યુક્ત બન્નેય પરિભાષાઓના પાઠને નીલકંઠે જે પ્રમાણે રજૂ કર્યા છે, તે પ્રમાણે જ – તે જ સ્વરૂપે નાગેશભટ્ટે પણ તેમને સ્વીકાર્યા છે. આમ, નીલકંઠના પરિભાષા પાઠમાં ક્યારેક વિકાસ થયેલો પણ જોવા મળે છે.

(૨) નીલકંઠ મહદંશે પરિભાષાઓના ભાષ્યોક્ત પાઠને સ્વીકારવાના મતના છે. જેમકે, ક. પુરુષોત્તમદેવ અને સીરદેવે રજૂ કરેલી अन्तरङ्गबहिरङ्गयोरन्तरङ्गं बलवत् । (પૃ. 43, સી. 22) પરિભાષામાં ફેરફાર કરીને નીલકંઠે તેને अन्तरङ्गबहिरङ्गयोरन्तरङ्गं बलीयः । એવા ભાષ્યોક્ત સ્વરૂપે રજૂ કરી છે. ખ. પુરુષોત્તમદેવે અંતરંગ પરિભાષાના અપવાદ વચન રૂપે नाजानन्तर्ये बहिरङ्गप्रक्लृप्तिः । (પૃ. 42)ને રજૂ કરી છે. અહીં...बहिष्ट्वप्रक्लृप्तिः એવો ભાષ્યોક્ત પાઠ છે. (પુરુષોત્તમદેવે તેને સરળતાને માટે ફેરવીને... बहिरङ्गप्रक्लृप्तिः । એવો કર્યો હતો). પરંતુ સીરદેવ અને નીલકંઠે આ સ્થળે... बहिष्ट्वप्रक्लृप्तिः । એવા ભાષ્યોક્ત પાઠને જ સ્વીકાર્યો છે.

(૩) નીલકંઠે પુરુષોત્તમદેવ અને સીરદેવના પરિભાષાપાઠને ક્યારેક યથાવત્ ચાલુ રાખ્યો છે. ઉદાહરણ તરીકે न हि कार्यी निमित्तत्वेनाश्रीयते । ૨. સીરદેવે આ પરિભાષાના પાઠમાં कार्यमनुभवन એટલો અંશ ઉમેરવાની આવશ્યકતા દર્શાવી છે. પરંતુ નીલકંઠે એ અંશને પરિભાષાનો અર્થ કરતી વખતે સ્પષ્ટ કર્યો છે. પણ પરિભાષાના પાઠમાં એ અંશ ઉમેર્યો નથી.

(૪) પુરુષોત્તમદેવે अकृतव्यूहाः पाणिनीयाः प्रवर्तितमपि शास्त्रं व्यावर्तयन्ति । (પુ. 104) એવી પરિભાષા રજૂ કરી છે. સીરદેવ પરિભાષાના આ શબ્દદેહમાં अकृतव्यूहाः पाणिनीयाः कृतमपि शास्त्रं निवर्तयन्ति । એવો થોડોક ફેરફાર કર્યો છે. આ પરિભાષાના ઉત્તરાર્ધમાં એટલે કે प्रवर्तितमपि शास्त्रं व्यावर्तयन्ति । એ અંશમાં પરિભાષાનો જ અર્થ રજૂ કરવામાં આવ્યો છે. હવે નીલકંઠે આ સ્થળે, આ પરિભાષાને બે પરિભાષાઓમાં વિભક્ત કરી નાખી છે. અને તેને જુદા જુદા ક્રમાંક નીચે રજૂ કરી છે. જેમકે,

૧. अकृतव्यूहाः पाणिनीयाः । 61

(૨) कृतमपि निवर्तयन्ति । 65. પરંતુ આ ફેરફારથી કશું નોંધપાત્ર કે વિશિષ્ટ પ્રયોજન સિદ્ધ થતું નથી.

(૫) પુરુષોત્તમદેવે भवति हि क्रियाविशेषणानां कर्मत्वं नपुंसकत्वं च । પુ. 59 એવી પરિભાષા રજૂ કરી છે. નીલકંઠે આ પરિભાષામાં એક અંશનો ઉમેરો કર્યો છે. જેમકે, क्रियाविशेषणानां कर्मत्वमेकत्वं क्लीबत्वं च । (ની. 134) પરંતુ આ ઉમેરાથી પણ કશું નોંધપાત્ર પ્રયોજન સિદ્ધ થતું નથી. કેવળ એક વધુ સ્પષ્ટીકરણનો ઉમેરો થયો છે.

(૬) આ સિવાય, નીલકંઠે કેટલીક પરિભાષાઓના પાઠમાં ટૂંકાણ લાવવાનો પ્રયત્ન કર્યો છે. ઉદાહરણ તરીકે–

ક. પુરુષોત્તમદેવે संप्रसारणं संप्रसारणश्रयं च कार्यं बलवत् । (પુ.૧૦૩) એવી પરિભાષા રજૂ કરી છે. નીલકંઠે તેમાં ફેરફાર કરીને संप्रसारणं तदाश्रयं च कार्यं बलवत् । (ની. 133) એ સ્વરૂપે રજૂ કરી છે.

ખ. પુરુષોત્તમદેવની अङ्गवृत्तेः पुनरङ्गवृत्ताविविधिर्निष्ठितस्य । (પુ. 71) પરિભાષામાં ફેરફાર કરીને નીલકંઠે अङ्गवृत्तेः पुनर्वृत्ताविविधिः । (ની. 86) એવા સ્વરૂપે રજૂ કરી છે.

ગ. પુરુષોત્તમદેવે ताच्छीलिकेणेऽण्यण्कृतानि कार्याणि भवन्ति (પુ. 66) એવી પરિભાષા રજૂ કરી છે. તેમાં ફેરફાર કરીને નીલકંઠે ताच्छीलिकेष्वण्कृतं भवति । (ની. 79) એવી રીતે રજૂ કરી છે.

(૭) નીલકંઠે પરિભાષાઓના પાઠમાં જે ફેરફારો કર્યા છે, તેમાં ક્યારેક ઊણપો પણ રહી જવા પામી છે. ઉદાહરણ તરીકે–

ક. पुरुषोत्तमदेवे धातोः स्वरूपग्रहणे तत्प्रत्यय एव कार्यसंविज्ञानम् । (પુ. 55) એવી પરિભાષાને રજૂ કરી છે. પુરુષોત્તમદેવે આ પરિભાષાના વ્યાખ્યાનમાં જણાવ્યું છે કે વાર્તિકકારોક્ત આ પરિભાષાના પાઠમાં દોષોદ્ભાવન કરીને ભાષ્યકારે धातोः कार्यमुच्यमानम्० । એવો ફેરફાર સૂચવ્યો છે. સીરદેવે આ ફેરફાર મુજબનો પરિભાષાપાઠ તેમની 'બૃહત્પરિભાષાવૃત્તિ'માં સ્વીકાર્યો છે. (જુઓ સી. 74) પરંતુ નીલકંઠે આ પરિભાષાને धातोः स्वरूपग्रहणे० । એ સ્વરૂપે જ રજૂ કરી છે અને તેના વ્યાખ્યાનમાં આ પાઠ લેવાથી શી આપત્તિ આવશે, તેની કોઈ ચર્ચા કરી નથી.

ખ. पदाङ्गाधिकारे तस्य च तदन्तस्य च । એવા એક જ પાઠથી નીલકંઠે ક્રમાંક ૩૬ અને ૧૦૮ નીચે બે પરિભાષાઓને રજૂ કરી છે. આને બદલે તેમણે જો પરિભાષા ૧૦૮ નો પાઠ નાગેશે જેવો આપ્યો છે તેવો એટલે કે उत्तरपदाधिकारे प्रत्ययग्रहणे न तदन्तग्रहणम् । એવો આપ્યો હોય તો તે અસંદિગ્ધ ગણાત.

૨

નીલકંઠના પરિભાષા વ્યાખ્યાનનો વિગતે અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે તેમની 'પરિભાષાવૃત્તિ' અત્યંત ટૂંકી છે. ૧ થી ૬૩ સુધીની પરિભાષાઓના

તેવો પક્ષ લેવામાં આવે છે. ત્યારે આ જ્ઞાપક બને છે. અન્યથા इक् લક્ષણા વૃદ્ધિનો પ્રતિષેધ કરવા માટે જ दीधीङ्-वेवीङ् નું ગ્રહણ થશે, પરંતુ જ્ઞાપકાર્થે થશે નહીં, જેવી રીતે आदीध्यकः। आवेव्यकः। (રૂપોમાં ण्वुल् પ્રત્યયના णित्व નિમિત્તિક अचो ञ्णिति। 7-2-115 સૂત્રોક્ત વૃદ્ધિનો પ્રતિષેધ થયો છે.)

આ (દ્વિતીય) પક્ષમાં अधिकरणे शेतेः। 3-2-15 સૂત્રમાં शीङ् ધાતુને श्तिप् કર્યા પછી જે ગુણ કરવામાં આવ્યો છે, તે નિર્દેશને જ્ઞાપક બનાવવો જોઈએ.

"કાર્યી નિમિત્ત રૂપે આશ્રિત થતો નથી." તેવું વચન પ્રાયિક છે. અન્યથા द्विर्वचनेऽचि। 1-1-59 એ સૂત્રમાં अचि ગ્રહણ શા માટે કર્યું છે, તેવો પ્રશ્ન કરીને जेघ्रीयते। देद्मीयते। તેવાં પ્રત્યુદાહરણો રજૂ કર્યાં છે, તે અસંગત બની જશે. કારણ કે તેમાં અંગદ્વયનું વૈકલ્પ પ્રાપ્ત થાય છે. જેમકે, અહીં यङ् પ્રત્યય જેમ અજાદિ પણ નથી તેમ દ્વિર્વચનનું નિમિત્ત પણ બનતો નથી. કારણ કે यङन्त (घ्रीय) ને દ્વિર્વચન રૂપી કાર્ય રહેવાનું છે અને કાર્યિન્માં તો નિમિત્તત્વનો અભાવ રહે છે.

અને વળી, ओः पुयण्ज्यपरे। 7-4-80 એ સૂત્ર ઉપર 'पूङ् पवने' पिपविषते। રૂપમાં सन् પ્રત્યય પરમાં રહેતાં स्मिपूङ्०। 7-2-74 સૂત્રથી ઇડાગમ કર્યા પછી द्विर्वचनेऽचि। 1-1-59 સૂત્રથી ગુણ અને अव આદેશનો ન્યાસકારે સ્થાનિવદ્ભાવ કહ્યો છે, તે દ્વિર્વચન વિધિમાં सन् પ્રત્યયનું કાર્યિત્વ હોવાથી કેવી રીતે ઉચિત બનશે ?[3]

આ જ પ્રમાણે આ પરિભાષાવચનના પ્રાયિકત્વને કારણે જ शाधि। એવા રૂપમાં શા હૌ। 6-4-35 સૂત્રવિહિત શા આદેશનું સમાનાશ્રય કાર્ય ધિ ભાવની પ્રત્યે હિ પરમાં રહેતાં (અસિદ્ધત્વ ન રહેત. પણ આ પરિભાષાવચન પ્રાયિક હોવાથી) (हुझल्भ्यो हेर्धिः। 6-4-101 સૂત્રથી) ધત્વ (ધિ ભાવ) કહ્યું છે જો ધિ ભાવનો સ્થાની હિ શબ્દ સમાન નિમિત્તાભાવને કારણે (શા આદેશમાં) નિમિત્ત નહીં બને તો અભિમત રૂપ બનશે નહીં.

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

---

૩. માટે આ પરિભાષા અનિત્ય છે એમ સ્વીકારવું જોઈએ.

સીરદેવ : (૨)

આ પરિભાષાના વ્યાખ્યાનમાં સીરદેવે નોંધપાત્ર ફાળો આપ્યો છે તેમણે સૌથી પ્રથમ પુરુષોત્તમદેવે નિર્દેશેલા જ્ઞાપકનું દુર્બલત્વ જાહેર કર્યું છે. મહાભાષ્યમાં દીધીવેવીટામ્ । 1-1-6 સૂત્રનું ખંડન કરવામાં આવ્યું છે. તથી સ્થણ્ડિલાચ્છયિતરિ० । 4-2-15 સૂત્રસ્થ શયિતરિ તેવા નિર્દેશને અથવા કુટાદિ ગણમાં કુङ् શબ્દે ના પાઠને જ્ઞાપક ગણવો જોઈએ.

સીરદેવે આ પરિભાષાના વ્યાખ્યાનમાં બીજો મુદ્દો એ ચર્ચ્યો છે કે પ્રયોજનોનાં અભાવમાં આ પરિભાષાનો સ્વીકાર ન કરવો જોઈએ. આ સન્દર્ભમાં તેમણે અધ્યેતા । શયિતા । શાયકઃ । જેવાં ઉદાહરણોની અન્યથા સિદ્ધિ દર્શાવતાં જણાવ્યું છે કે ક્ડિતિ च । 1-1-5 સૂત્રથી જે इग् લક્ષણ વૃદ્ધિનો પ્રતિષેધ થાય છે, તે ક્ડિત્ પ્રત્યયનિમિત્તક इग् લક્ષણ વૃદ્ધિનો જ પ્રતિષેધ છે; ક્ડિત્ ધાતુનિમિત્તક इग् લક્ષણ વૃદ્ધિનો પ્રતિષેધ થવો સંભવિત નથી. માટે અધ્યેતા । શયિતા । જેવાં ઉદાહરણોમાં ङित् ધાતુનિમિત્તક ગુણ-વૃદ્ધિનો પ્રતિષેધ ન થવો જોઈએ. આ જ પ્રમાણે ઉપાયાન્તરે अरिरिषति । ઉદાહરણની સિદ્ધિ પણ તેમણે દર્શાવી છે.

આમ, પ્રયોજનના અભાવમાં પરિભાષાનું ખંડન વર્ણવ્યા પછી તેના અનુસંધાનમાં તેઓ આગળ જણાવે છે કે જો આ પરિભાષા હોય તો प्रोर्णुनविषति । રૂપમાં સન્નન્તના કાર્યિત્વને કારણે ગુણ અને अव् આદેશ કર્યા પછી द्विर्वचनेऽचि । 1-1-59 થી તેમનો સ્થાનિવદ્ભાવ ન થવો જોઈએ. તથા द्विर्वचनेऽचि । 1-1-59 સૂત્રમાં अचि ગ્રહણ શા માટે કર્યું છે, તેવો પ્રશ્ન કરીને जेघ्रीयते । देघ्मीयते । તેવાં પ્રત્યુદાહરણો પણ ઉપપન્ન ન રહેવા જોઈએ.

પરંતુ આવા સન્દર્ભોમાં સીરદેવ જણાવે છે કે कार्यमनुभवन् एव कार्यी निमित्तत्वेन नाश्रीयते । એવું પરિભાષાનું શબ્દસ્વરૂપ સ્વીકારવું જોઈએ. અર્થાત્ તેમના મતે "કાર્યનો અનુભવ કરતો હોય તેવો કાર્યિન્" એવો અંશદ્વય વિશિષ્ટ પરિભાષાનો પાઠ હોવો જોઈએ. પરિણામે प्रौर्णुनविषति । अरिरिषति । તથા जेघ्रीयते । જેવાં પ્રયોજનોની સંગતિ બની રહે.

અન્તે સીરદેવે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આ ઉપર્યુક્ત નવો પરિભાષાપાઠ સ્વીકારવા છતાંય शाधि । જેવાં રૂપોની સિદ્ધિને અર્થે આ પરિભાષાને પ્રાયિક તો માનવી જ પડશે. બીજા શબ્દોમાં કહીએ તો લક્ષ્યવશાત્ ક્વચિત્ જ તેનું આશ્રયણ થશે.

નીલકંઠ : (૨)

તેમણે સીરદેવમાંથી સૂચન લઈને પરિભાષાર્થ આ પ્રમાણે આપ્યો છે : કાર્યનો અનુભવ કરતો કાર્યી એટલે કે સ્થાની નિમિત્ત રૂપે આશ્રિત થતો નથી. બીજી વિશેષ કોઈ નોંધ નથી.

હરિભાસ્કર :

તેઓ સીરદેવે સૂચવેલા પરિભાષાન્તરને યુક્તિસંગત વર્ણવે છે. જેમકે, 'કાર્યી' શબ્દમાં ઇન્ પ્રત્યયથી મત્વર્થનો નિર્દેશ કર્યો હોઈ, જે કાર્યનો અનુભવ કરતો હોય તેને જ કાર્યિન્ કહેવામાં આવે છે.

નાગેશ : (૧૦)

સીરદેવમાંથી સૂચન લઈને હરિભાસ્કરે પણ "कार्यमनुभवन् हि कार्यी निमित्तत्वेन नाश्रीयते । " એવું પરિભાષાન્તર નોંધ્યું છે. તેમાં અંશતઃ શાબ્દિક ફેરફાર કરીને નાગેશે પોતાના 'પરિભાષેન્દુશેખર' માટે પરિભાષાપાઠ આ સ્વીકાર્યો છે :

कार्यमनुभवन् हि कार्यी निमित्ततया नाश्रीयते ॥

સીરદેવને અનુસરીને નાગેશે 'स्थण्डिलाच्छयितरि व्रते' । 4-2-15 તેવા નિર્દેશને જ્ઞાપક રૂપે ઉલ્લેખ્યો છે. પરંતુ વસ્તુતઃ તેઓ આ પરિભાષાને જ્ઞાપક-સિદ્ધા માનતા નથી; પણ શાસ્ત્રીયન્યાયસિદ્ધા માને છે. જેમકે, "સમવાયિકારણ અને નિમિત્તકારણ કાયમ માટે એકબીજાથી જુદા જુદા હોય છે" તેવું બધાં જ શાસ્ત્રોમાં લોકવ્યવહારમાં પ્રસિદ્ધ છે. અને આથી સમવાયિકારણનું ક્યારેય નિમિત્ત-કારણ રૂપે ઉપાદાન થતું જ નથી.

આમ, આ પરિભાષા જ્ઞાપકસિદ્ધા નથી પણ ન્યાયસિદ્ધ છે. નાગેશના મતે પરિભાષાના પાઠમાં આવું સૂચવવા માટે જ 'हि' શબ્દનો પ્રયોગ થયો છે. બીજું, નાગેશ આ પરિભાષાને અનિત્ય માનતા નથી.

ઉપસંહાર :

નાગેશ ભટ્ટે સ્પષ્ટ કર્યું છે તેમ આ પરિભાષા ભાષ્યમાં સ્પષ્ટપણે ક્યાંય ઉલ્લેખ પામી નથી. પરંતુ द्विर्वचनेऽचि । 1-1-59 સૂત્રભાષ્યમાંથી તે ધ્વનિત થાય છે.

બીજી તરફથી વિચારીએ તો આ પરિભાષા વ્યાડિના પરિભાષાપાઠમાં તથા

'પરિભાષાસૂચન'માં પણ નથી. આથી આ પરિભાષાને સૌથી પ્રથમ રજૂ કરવાનો યશ પુરુષોત્તમદેવને ફાળે જાય છે.

આ પછી આ પરિભાષાના વ્યાખ્યાનમાં સીરદેવનો ફાળો નોંધપાત્ર ગણાવો જોઈએ. કારણ કે તેમણે નિર્દેશેલાં પરિભાષાના જ્ઞાપકનો નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશે પણ ઉલ્લેખ કર્યો છે તથા તેમણે જે પરિભાષાન્તરની રજૂઆત કરી તેની ચર્ચા કરી છે, તેમાંથી સૂચન લઈ નાગેશે પોતાના 'પરિભાષેન્દુશેખર'માં આ પરિભાષાનો પાઠ બદલી નાંખ્યો છે.

આ પરિભાષા સ્પષ્ટપણે ભાષ્યમાં ઉલ્લેખાઈ નથી, તેથી સ્વાભાવિકપણે જ તેના જ્ઞાપકની ચર્ચા ભાષ્યમાં ન જ હોય. અને આથી આ પરિભાષાને નાગેશે ન્યાયસિદ્ધ વર્ણવી છે, તે પણ નોંધનીય છે.

इतरेतराश्रयाण्यपि हि कार्याणि प्रकल्पन्ते ॥९६॥

(ઈતરેતરાશ્રિત કાર્યો પણ થઈ શકે છે.)

'ઈતરેતરાશ્રિત કાર્યો (પરસ્પરના) વિરોધને કારણે પ્રવૃત્ત થતાં નથી.' એવો ન્યાય છે. જેમકે કહ્યું છે: 'ઈતરેતરાશ્રય (કાર્ય)ની અસિદ્ધિ થાય છે.'[1] તેના અપવાદ રૂપે આ પરિભાષા રજૂ કરવામાં આવે છે.

અહીં अपि શબ્દ ક્યારેકના અર્થમાં વપરાયો છે. આ પરિભાષાનો ભાવ આ પ્રમાણે છે: જ્યાં વિરોધ નથી ત્યાં ઇતરેતરાશ્રિત કાર્યો પણ થાય છે. જેવી રીતે લોકમાં વન અને સિંહને પોતપોતાની રક્ષા અર્થે પરસ્પરની અપેક્ષા છે, તેવી રીતે શાસ્ત્રમાં ઐતિકાયનઃ । અને औपगमः । જેવાં રૂપોમાં 'વૃદ્ધિ' સંજ્ઞા-વાળા ऐ કાર અને औ કારની 'વૃદ્ધિ' સંજ્ઞા કરવામાં આવે છે. અન્યથા શાલા । રૈ । નૌ । વગેરે શબ્દોમાં વૃદ્ધિસંજ્ઞા સાવકાશ છે, તેથી ઇતરેતરાશ્રય દોષ ઊભો થતો હોવાથી પૂર્વોક્ત ઉદાહરણોમાં વૃદ્ધિસંજ્ઞા ન થવી જોઈએ.

इग्यणः सम्प्रसारणम् । 1-1-45 એવું સૂત્ર અહીં જ્ઞાપક છે. જેમકે, સંપ્રસારણ થવાથી यण् ને સ્થાને इक् થાય છે અને यण् ના સ્થાનિ એવા इक् ની સંપ્રસારણ સંજ્ઞા થાય છે. આમ, અહીં ઇતરેતરાશ્રય છે. હવે આ પ્રયોગને કેવી રીતે સાધુ ગણવો, જો ક્યાંય ઇતરેતરાશ્રયનું પણ ઉપાદાન ન કરવામાં આવતું હોય તો ?

---

૧. सतो वृद्ध्यादिषु संज्ञाभावात्तदाश्रय इतरेतराश्रयत्वादप्रसिद्धिः ॥ 1-1-1; वार्त्तिक-८ ॥

વ્યાડિ : (૨૪)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાનું જ્ઞાપક આ પ્રમાણે વર્ણવ્યું છે : वस्वेकाजाद्घसाम् । 7-2-67 સૂત્રસ્થ एकाच् શબ્દ આ પરિભાષામાં જ્ઞાપક છે. કારણ કે एकाच् ને નિમિત્તે इड् આગમ થાય છે અને इड् આગમને નિમિત્તે एकाच्त्व થાય છે. આથી જ્ઞાપિત થાય છે કે શાસ્ત્રમાં ઇતરેતરાશ્રિત કાર્યો પણ થાય છે.

સીરદેવ : (૩)

આ પરિભાષાના વ્યાખ્યાનમાં પ્રારંભે સીરદેવે પુરુષોત્તમદેવની ચર્ચાનો સર્વાંશે સ્વીકાર કર્યો છે. ત્યાર પછી વિશેષમાં જણાવે છે કે ભાગવૃત્તિકારે કહ્યું છે કે અહીં નિત્ય શબ્દોનું કેવળ અન્વાખ્યાન કરવામાં આવે છે; આથી ઇતરેતરાશ્રય દોષ નથી. 'શબ્દ નિત્ય હોવાથી સિદ્ધ થાય છે' એમ કહીને મહાભાષ્યમાં બધા જ ઇતરેતરાશ્રય દોષોનો પરિહાર કરવામાં આવ્યો છે.[૨]

નીલકંઠ : (૩)

તેમણે ભાષ્ય-ચર્ચાને આધારે જણાવ્યું છે કે આ પરિભાષા ન્યાયમૂલિકા છે. જેમકે, 'આ સૂત્ર (દોરા-સુતર)નું વસ્ત્ર વણો.' એમ કહેવામાં આવે છે, પરંતુ જો સૂત્ર એ વસ્ત્ર હોય તો તેને વણી શકાય નહીં અને જો વણવાનું હોય તો તે વસ્ત્ર ન હોય. આમ 'વસ્ત્ર વણો' એવું કહેવું તે પરસ્પર-વિરુદ્ધ છે. છતાંય 'વસ્ત્ર વણો' એવો પ્રયોગ લોકમાં જોવા મળે છે.[૩] આથી ભાષ્યકારે જણાવ્યું છે કે અહીં ભાવિની સંજ્ઞા અભિપ્રેત છે. "જેને વણ્યા પછી 'વસ્ત્ર' એવી સંજ્ઞા પ્રાપ્ત થાય, તેને વણો." એવું કહેવાનું તાત્પર્ય હોય છે.

હરિભાસ્કર : (૩)

તેમના 'પરિભાષાભાસ્કર'માં કોઈ વિશેષ ચર્ચા મળતી નથી.

નાગેશ (-)

તેમના 'પરિભાષેન્દુશેખર'માં આ પરિભાષા મળતી નથી.

ઉપસંહાર :

સૌ પ્રથમ પરિભાષાસૂચનકારે આ પરિભાષાને રજૂ કરી છે. સૂત્રાર્થ કરતી વખતે ક્યારેક ઇતરેતરાશ્રય દોષની પ્રાપ્તિ થાય છે, આથી ભાષ્યકારે પણ આની

---

૨. सिद्धं तु नित्यशब्दत्वात् ॥ 1-1-1; वार्त्तिक-9 ॥

૩. આજે જેવી રીતે 'લોક દળાવવા જાય છે'! એવો પ્રયોગ સાંભળવા મળે છે.

ચર્ચા કરી છે. આને આધારે પુરુષોત્તમદેવાદિએ આ પરિભાષાને રજૂ કરી છે. નાગેશ ભટ્ટને આ પરિભાષા જરૂરી લાગી નથી.

नञिवयुक्तमन्यसदृशाधिकरणे तथा ह्यर्थः ॥९७॥

(ભિન્ન અર્થવાળો જે શબ્દ નઞ્ કે इव થી યુક્ત બને તે તત્સદશ અર્થ આપનારો બને છે.)[1]

ભિન્નાર્થત્વને કારણે શબ્દનું બીજું કોઈ રૂપ હોય તો પણ તે જ્યારે નઞ્ કે इव ની સાથે જોડાય છે ત્યારે તે સદશાધિકરણમાં અર્થાત્ સદશ અર્થમાં પ્રયોજાય છે.

આથી अजचेश्छन्दस्यसर्वनामस्थानम् । 6-1-170 સૂત્રસ્થ असर्वनामस्थानम् એવા પદથી સર્વનામસ્થાન સદશ એવી असर्वनामस्थान વિભક્તિનું ગ્રહણ થાય છે.

પરિભાષાના પાઠમાં तथा ह्यर्थः નો અર્થ "તાદશ હોય એવો જ અર્થ પ્રતીત થાય છે." એવો થાય છે. આનાથી જે વાક્યાર્થની પ્રાપ્તિ થાય છે તેનું પ્રતીતિસિદ્ધત્વ દર્શાવવામાં આવ્યું છે. તથા પ્રતીતિ એ માનસપ્રત્યક્ષ પ્રમાણ છે. જેવી રીતે 'બ્રાહ્મણ' શબ્દ 'ક્ષત્રિય'થી ભિન્ન એવા અર્થમાં પ્રયોજાય છે, તો પણ તે શબ્દ જ્યારે નઞ્ કે इव ની સાથે જોડાય છે ત્યારે સાદૃશ્યને કારણે ક્ષત્રિય એવા અર્થને કહેનારો બને છે. જેમકે अब्राह्मणो ब्राह्मण इवायम् इति ।

અહીં "નઞ્ થી યુક્ત શબ્દ સદશબોધક છે" એમ જે કહ્યું છે તે નઞ્નો પર્યુદાસ અર્થ સ્વીકારીને કહેવામાં આવ્યું છે. (અર્થાત્ નઞ્ નો જ્યારે પ્રસજ્ય-પ્રતિષેધ અર્થ કરવામાં આવે ત્યારે ત્યાં આ પરિભાષા સિદ્ધ થાય નહીં).

अकर्तरि च कारके संज्ञायाम् । 3-3-19 એવા સૂત્રનિર્દેશથી આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે. જો આ પરિભાષા હોય તો નઞ્ યુક્ત કર્તાના સાદૃશ્યથી જ કારકની પ્રતીતિ થવી જોઈએ. (અર્થાત् कारके । એવું પદ મૂકવાની જરૂર ન હતી).

આ પરિભાષા અનિત્ય હોવાથી (કયાંક) નઞ્ નો પ્રસજ્યપ્રતિષેધ અર્થ પણ છે, એમ સ્વીકારવામાં આવ્યું છે. આથી, अपुनरुक्तम् । अपुनर्गेयम् । ઇત્યાદિ પ્રયોગોની સિદ્ધિ થાય છે.

---

૧. અર્થાત્ નઞ્ કે इव થી યુક્ત શબ્દરૂપ પોતાનાથી બીજા પણ સદશ અર્થ દર્શાવનારા શબ્દમાં વાચ્ય બને છે.

વળી, આ પરિભાષાનું અનિત્યત્વ ओषधेश्च विभक्तावप्रथमायाम् । 6-3-132 સૂત્રમાં विभक्तौ એવા પદનું ગ્રહણ કર્યું હોવાથી (પણ) જ્ઞાપિત થાય છે. જો આ પરિભાષા નિત્ય હોત તો પ્રથમા વિભક્તિનો પ્રતિષેધ કરવાથી જ અન્યત્ર "વિભક્તિ પરમાં રહેતા" એવા અર્થની પ્રાપ્તિ થઈ જશે; એવી સ્થિતિમાં विभक्तौ । એવા પદનું ગ્રહણ ન કર્યું હોત. પરંતુ विभक्तौ એવા પદનું ગ્રહણ કર્યું છે, તેથી આ પરિભાષાનું અનિત્યત્વ જ્ઞાપિત થાય છે.

વ્યાડિ : (૫૪)

'परिभाषासूचन'માં આ પરિભાષાનો પાઠ આ પ્રમાણે મળે છે : नञिवयुक्तमन्यसदृशाधिकरणं तथा ह्यर्थः । આ પાઠથી અર્થમાં કોઈ મહત્ત્વનો ફેર પડતો નથી.

આ પરિભાષાને પ્રારંભે લોકન્યાયસિદ્ધા વર્ણવી છે. જેમકે, 'અબ્રાહ્મણને લાવો.' એમ કહેતા જે બ્રાહ્મણ-સદશ હોય એટલે કે જેના ઉદર, પાણિ-પાદ અને નયન બ્રાહ્મણ-સદશ હોય તેને જ લાવવામાં આવે છે; પરંતુ અશ્વ કે ગર્દભને લાવવામાં આવતો નથી.

આ જ પ્રમાણે શાસ્ત્રમાં જ્ઞાપક મળે છે. જેમકે, सिपि धातोरुर्वा । 8-2-74 આ સૂત્રમાંનું ધાતુગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. કારણ કે सिप् પ્રત્યય ધાતુને જ થાય છે, પ્રાતિપદિકને નહીં. એવી સ્થિતિમાં ધાતુગ્રહણ કરવાની જરૂર ન હતી. પરંતુ સૂત્રકારે ધાતુગ્રહણ કર્યું છે, તેથી તે ઉક્તાર્થમાં જ્ઞાપક બને છે.

સીરદેવ : (૩૧)

તેમણે આ પરિભાષાનો પાઠ આ પ્રમાણે આપ્યો છે : नञिवयुक्तमन्यत्सदृशाधिकरणे तथा ह्यर्थः । સીરદેવે પરિભાષાર્થ બે રીતે સમજાવ્યો છે : (૧) પરિભાષાના પાઠમાં अन्यत् એવો શબ્દ પ્રથમાન્ત પ્રતિરૂપક નિપાત છે; અને તે अन्यस्मिन् એવા અર્થમાં રહેલો છે. ભાષ્યમાં તેનો અર્થ આ પ્રમાણે છે;— "नञ् કે इव થી યુક્ત શબ્દ બીજા સદશ અર્થવાળા શબ્દ વિષે વપરાય છે." (૨) બીજા કેટલાકના મતે नञ् કે इव થી યુક્ત એવું શબ્દરૂપ સદશાધિકરણમાં રહે છે. એટલે કે नञ् કે इव એ બે શબ્દો વડે શબ્દને પોતાના મુખ્યાર્થમાંથી છૂટો પાડીને તેના ગૌણાર્થમાં વ્યવસ્થિત કરવામાં આવે છે. જેમકે, ब्राह्मणः એવો એકલો પ્રયોજાયેલો શબ્દ પ્રસિદ્ધિવશાત્ તેના મુખ્યાર્થનું જ બોધન કરશે. પરંતુ नञ् ના સંનિકર્ષથી ગૌણાર્થનું બોધન કરશે. એટલે કે न ब्राह्मणोऽब्राह्मणः ।

એમ કહેતાં 'ક્ષત્રિય' એવા અર્થમાં ઉપચરિત થયેલો જે 'બ્રાહ્મણ' શબ્દ, તેની સાથે નઞ્ નો સમાસ થાય છે.

આ પરિભાષા અનિત્ય હોવાથી પ્રસજ્યપ્રતિષેધ અર્થમાં પણ નઞ્ સિદ્ધ રહે છે. પરિણામે असूर्यंपश्या राजदाराः । એવા પ્રયોગોની સિદ્ધિ થાય છે. તથા અભિધાન સામર્થ્યથી अधर्मः । વગેરે નઞ્ સમાસમાં ઉદાહરણો વિરુદ્ધ વગેરે અર્થમાં જોવા મળે છે.

ત્યાર પછી સીરદેવે વિષયાન્તર કરીને એક ચર્ચા રજૂ કરી છે. જેમકે, નઞ્ સમાસ વિધિમાં ((નઞ્ 2–2–6 સૂત્રમાં) ઞ્ કાર કરવાની જરૂર નથી. કારણ કે ન થી ભિન્ન એવો બીજો કોઈ શબ્દ નથી કે જેની નિવૃત્તિ અર્થે ઞ્ કાર કરવાની જરૂર પડે, વગેરે. પરંતુ આ ચર્ચા પ્રકૃતમાં પ્રત્યક્ષ અનુપકારી હોઈ તેને નોંધી નથી.

નીલકંઠ : (૪૧)

તેમણે કોઈ વિશેષ નોંધ રજૂ કરી નથી.

હરિભાસ્કર : (૩૧)

તેમણે આ પરિભાષાની ચર્ચામાં પ્રસજ્ય–પ્રતિષેધ અને પર્યુદાસ–પ્રતિષેધ કોને કહેવા[2] તથા નઞ્ ના જુદા જુદા છ અર્થોની[3] સમજૂતી રજૂ કરી છે. આ ચર્ચા આનુષંગિક હોવા છતાંય પ્રકૃત પરિભાષાને સમજવા માટે અત્યંત ઉપયોગી છે. અહીં નોંધવું જોઈએ કે નઞ્ નો જ્યારે તત્સદશ એવો અર્થ કરવામાં આવે છે. ત્યારે પ્રકૃત પરિભાષાર્થ સિદ્ધ થાય છે; એમ હરિભાસ્કર સૂચવવા માંગે છે.

નાગેશ : (૭૪)

તેમણે ભાષ્યને અનુસરીને આ પરિભાષાનો અર્થ આપ્યો છે. નઞ્ થી કે इव થી યુક્ત એવો શબ્દ, પોતાના અર્થથી ભિન્ન અને પોતાના અર્થસમાન અર્થવાળા પદાર્થ (દ્રવ્ય)ને જ કહે છે. કારણ કે લોકમાં પણ તેમ જોવા મળે છે. જેમકે, 'અબ્રાહ્મણને લાવો.' એમ કહેતાં બ્રાહ્મણભિન્ન અને બ્રાહ્મણસદશ એવા ક્ષત્રિયાદિકનું જ આનયન થાય છે. આવે પ્રસંગે જો કોઈ માટીનું ઢેફું લાવે તો તેને કોણ શાણો કહે ?

---

૨. प्रसज्यप्रतिषेधोऽयं क्रियया सह यत्र नञ् ।
पर्युदासः स विज्ञेयो यत्रोत्तरपदेन नञ् ॥

૩. तत्सादृश्यमभावश्च तदन्यत्वं तदल्पता ।
अप्राशस्त्यं विरोधश्च नञर्थाः षट् प्रकीर्तिताः ॥

આવી પરિભાષા હોવાથી भृशादिभ्यो भुव्यच्वेः० । 1-3-12 સૂત્રવિહિત क्यङ् च्व्यन्त ભિન્ન અને च्व्यन्त ભિન્ન અને च्व्यन्त સદશ એવા अभूद्तद्भाव । ના વિષયમાં જ થાય છે. આથી क्व दिवा भृशा भवन्ति । જેવાં ઉદાહરણોમાં क्यङ् ની આપત્તિ થશે નહીં.

નાગેશ ભટ્ટ આ પરિભાષા અનિત્ય છે તે મુદ્દો સ્વીકારવા તૈયાર નથી. કારણ કે ओषधेश्च विभक्तावप्रथमायाम् 6-3-132 સૂત્રસ્થ વિભક્તિ ગ્રહણ આ પરિભાષાના ન્યાયસિદ્ધાર્થનો જ અનુવાદ કરનાર છે. તથા આ પરિભાષાને અનિત્ય માનવાથી ભાષ્યમાં સમ્મત હોય તેવા કોઈ ફળની (પ્રયોજનની) સિદ્ધિ કરવામાં આવતી નથી. અને માટે જ अकर्तरि च कारके संज्ञायाम् । 6-3-19 સૂત્રસ્થ કારકગ્રહણનું ભાષ્યકારે પ્રત્યાખ્યાન કર્યું છે.

આ ચર્ચાનો ઉપસંહાર કરતાં નાગેશ જણાવે છે કે પરિભાષામાં अन्यसदृश શબ્દ વાપરીને એવું સૂચવ્યું છે કે ભેદ ન હોય પણ સાદૃશ્ય હોઈ શકે. આ વિષેની સૂક્ષ્મ ચર્ચા 'મંજૂષા'માં કરી છે.

ઉપસંહાર :

આ પરિભાષા સૌથી પ્રથમ 'પરિભાષાસૂચન'માં રજૂ થઈ છે. અહીં પહેલાં આ પરિભાષાને લોકન્યાયસિદ્ધ વર્ણવવામાં આવી છે; તેનો ભાષ્યકાર અને પુરુષોત્તમદેવાદિએ સ્વીકાર કર્યો છે.

સીરદેવ અને હરિભાસ્કરે આ પરિભાષાનો અર્થ સ્પષ્ટ કરવામાં મદદ કરી છે. નાગેશ ભટ્ટે આ પરિભાષાના ઉપયોગથી અનિષ્ટની નિવૃત્તિ પ્રદર્શિત કરી છે. તથા પરિભાષાના અનિત્યત્વનો અસ્વીકાર કર્યો છે.

प्रतिपदविधानाद् योगविभागो बलीयान् ॥ ९८ ॥

(પ્રતિપદનું વિધાન કરવું, એની અપેક્ષાએ યોગવિભાગ કરવો એ બળવાન છે.)[1]

પ્રતિપદનું વિધાન કરવું એટલે કે શબ્દનું ઉચ્ચારણ કરીને વિધાન કરવું એની અપેક્ષાએ યોગવિભાગ કરવો તે બળવાન છે. આથી, યોગવિભાગ વડે લાઘવપૂર્વક (ઇષ્ટ) સિદ્ધ થઈ જાય છે; એવી સ્થિતિમાં "ગ્રન્થગૌરવકારિ પ્રતિપદનું વિધાન શા માટે કરવામાં આવે છે?" એવો પ્રશ્ન ન કરવો જોઈએ. (કારણ કે)

---

૧. બલીયાન્ ને બદલે ગરીયાન્ એવો પાઠ પણ મળે છે. પરંતુ ગરીયાન્ પાઠ સ્વીકારવાથી ઉપર્યુક્ત ચર્ચાનો અંતિમ મુદ્દો અસંગત બની જાય છે. આ અંતિમ મુદ્દા જોતાં બલીયાન્ પાઠ સંગત જણાય છે.

યોગવિભાગનું ગરીયસ્ત્વ અર્થાત્ ગૌરવગ્રસ્ત હોવાપણું યોગ્ય જ છે. જેમકે, એકયોગ કરવાથી ગ્રન્થગૌરવ થાય છે, તથાપિ તેમાં એક જ વાક્યાર્થ પ્રતીત થાય છે. પરંતુ જો યોગવિભાગ કરવામાં આવે તો પ્રત્યેક યોગ વખતે જુદી જુદી બુદ્ધિ (અર્થાત્ જુદા જુદા વાક્યાર્થની પ્રતીતિ) ઉત્પન્ન થાય છે. આમ, યોગવિભાગમાં પ્રતિપત્તિ ગરીયસ્ત્વ રહેલું છે.[૨]

---

૨. પરંતુ આ અંતિમ મુદ્દાની ઉપરના ફકરામાં જે ચર્ચા કરવામાં આવી છે. તેના સંદર્ભમાં વિચારતાં એમ જણાય છે કે गरीयान् પાઠ હોય તે વધુ ઉચિત છે. હવે જો આ બીજા મુદ્દાને સંગત બનાવવા गरीयान् એવો પાઠ સ્વીકારીએ છીએ તો અંતિમ ફકરાની ચર્ચા વિસંગત બની જાય છે. મૂળમાં સ્વીકારેલી આ અંતિમ ફકરાની ચર્ચા પણ પાઠાન્તરે પાદટીપમાં આ પ્રમાણે મળે છે: अत एव रधिजभोरचि । नेट्यलिटि० । इति सूत्रद्वये 'रचि' इति योगबिभागेन सिद्धौ किमर्थं रधेरिति तृतीयसूत्रमिति न चोदनीयम् ।... અર્થાત् रधिजभोरचि । અને नेटयलिटि रधेः । એવા બે સૂત્રોમાંથી रधिः એવો યોગવિભાગ કરીશું તો પણ ઇષ્ટસિદ્ધિ થવાની છે. તો પછી શા માટે तृतीय-અલગ-रधेः । એવું સૂત્ર બનાવવામાં આવતું હશે ? એવો પ્રશ્ન ન કરવો જોઈએ.

गरीयान् । એવો પાઠ સ્વીકારીને જો આ ઉપર્યુક્ત પાદ ટીપ (૪) ની ચર્ચા સ્વીકારવામાં આવે તો તેમાં એક આપત્તિ એ રહેલી છે કે અષ્ટાધ્યાયીમાં रधेः । એવું-અલગ-તૃતીય સૂત્ર મળતું નથી.

અહીં, આ વાક્યમાં થોડોક ફેરફાર હોવો જોઈએ તેમ પુરુષોત્તમદેવના અનુગામી સીરદેવની ચર્ચા જોતાં જણાય છે. જેમકે,रधिजभोरचि । અને नेट्यलिटि रधेः । 7-1-61-62 સૂત્રોમાં યોગવિભાગથી ઇષ્ટસિદ્ધિ વર્ણવવાને બદલે जभोरचि । रधेश्च । અને नेट्यलिटि । એવા ત્રણ સૂત્રો કરવાં જોઈએ-એમ ન કહેવું જોઈએ. આમ वलीयान् કે गवीयान् । એ બેમાંથી કોઈ પણ પાઠ સ્વીકારવાથી એક અથવા બીજો દોષ આવી પડે છે. અર્થાત્ આ પરિભાષાની ચર્ચા દૂષિત થયેલી જણાય છે.

આમ ન માનવું હોય તો પરિભાષામાંના वलीयान् પાઠને બદલે गरीयान् પાઠ સ્વીકારવો અને પરિભાષાના વ્યાખ્યાનમાંના છેલ્લા વાક્ય एतेन जभोरचि...वाच्यम् । ને બદલે પાદટીપ (૪) માંનો પાઠ સ્વીકારવો.

આ ચર્ચાથી સિદ્ધ થાય છે કે जभोऽचि । रधेः ।–અને नेट्यलिटि । 7–1–61–62 એવાં ત્રણ સૂત્રો કર્યાં હોય તો પણ (ઇષ્ટ) સિદ્ધિ થઈ જાત. એવી સ્થિતિમાં શા માટે रधिजभोरचि । 7–1–61 અને नेट्यलिटि रधेः । 7–1–62 એવા બન્ને સૂત્રોમાં रधि નું બે વાર ગ્રહણ કર્યું છે ? એમ ન કહેવું જોઈએ.

વ્યાડિ : (૭૪)

'परिभाषासूचन'માં प्रतिपदविधानाद्योगविभागो गरीयान् । એવો પાઠ મળે છે. આ પરિભાષાની ચર્ચા કરતાં જણાવ્યું છે કે પ્રતિપદનો પાઠ કરવાથી અર્થસિદ્ધિ થાય છે, તો પણ યોગવિભાગ કરવામાં આવે તો તે ગુરુતર બની રહે છે. જેમકે, नेट्यलिटि रधेः । 7–1–62 સૂત્રમાં रधि ગ્રહણ કરવાની જરૂર ન હતી. કારણ કે रधिजभोरचि । 7–1–61 સૂત્રમાં યોગવિભાગ કરવાથી પણ ઇષ્ટસિદ્ધિ થવાની છે. છતાંય આચાર્યે रधेः । (7–1–62) એવું ગ્રહણ કર્યું છે, તેનાથી જ્ઞાપિત થાય છે કે જો रधेः । (7–1–62) એવું ગ્રહણ નહીં કરવામાં આવે તો યોગવિભાગ કરવો પડશે અને તે ગુરુતર (ગૌરવયુક્ત) બનશે.

આ પરિભાષાનું પ્રયોજન વર્ણવતાં કહ્યું છે કે पूङः क्त्वा च । 1–2–22 સૂત્રમાં યોગવિભાગ કરીને न क्त्वा सेट् । 1–2–18 સૂત્રમાંના क्त्वा ગ્રહણનું પ્રત્યાખ્યાન કરવામાં આવે છે, તે ગુરુ (ગૌરવગ્રસ્ત) થશે. આમ ન થાય તે માટે આચાર્યે क्त्वा (1–2–18 માં) ગ્રહણ કર્યું છે.

સીસદેવ : (૧૧૦)

તેમણે પરિભાષામાં गरीयान् એવો પાઠ સ્વીકારીને તેની ચર્ચા આ પ્રમાણે કરી છે : जभोऽचि । रधेश्च । અને नेट्यलिटि० । એવાં (7–1–61–62) ત્રણ સૂત્રો કર્યાં હોત તો પણ ઇષ્ટ–સિદ્ધિ થવાની હતી એવી સ્થિતિમાં रधि ગ્રહણ બે વાર કર્યું ?—એવો પૂર્વપક્ષ નહીં કરવો જોઈએ.

યોગવિભાગનું ગરીયસ્ત્વ (ગૌરવગ્રસ્તતા) યુક્તિસંગત જ છે. જેમકે, એક યોગ કરો તો ગ્રન્થગૌરવ થાય છે, તો પણ વાક્યાર્થ પ્રતીતિ તો એક જ વાર થાય છે. પરંતુ જો જુદા જુદા યોગ કરવામાં આવે તો એટલે કે યોગવિભાગ કરવામાં આવે તો પ્રત્યેક યોગે જુદી જુદી બુદ્ધિનો ઉદય થાય છે. (એટલે કે વાક્યાર્થ પ્રતીતિ બે વાર થાય છે). તેથી યોગવિભાગમાં જે પ્રતિપત્તિગૌરવ થાય છે તે સ્પષ્ટ છે.

નીલકંઠ : (૧૩૮)

તેમણે અતિસંક્ષેપમાં અને છતાંય સ્પષ્ટપણે આ પરિભાષાનું ખંડન કર્યું

છે. તેમણે જણાવ્યું છે કે આ પરિભાષા નિર્મૂલા છે. કારણ કે ભાષ્યકારે અનેક સ્થળે યોગવિભાગનો આશ્રય કરીને સૂત્રોનું પ્રત્યાખ્યાન કર્યું છે.

આટલા ટૂંકા વ્યાખ્યાનથી પણ એ સ્પષ્ટ થઈ જાય છે કે જો પ્રતિપદ વિધાનની અપેક્ષાએ યોગવિભાગ ગરીયાન એટલે કે ગૌરગ્રસ્ત હોય તો ભાષ્યકારે યોગવિભાગનો આશ્રય ન લીધો હોત.

હરિભાસ્કર : (૧૧૨)

તેઓ જણાવે છે કે "આવી પરિભાષા છે, તથી જભોઽચિ । રઘેશ્ચ । અને નેટ્યલિટિ । એવો ન્યાસ કરવાથી એક રઘિ ગ્રહણનું વૈયર્થ્ય છે એમ કહી શકાતું નથી." એવું સીરદેવે નિર્દેશ્યું છે તે સ્વીકાર્ય નથી. કારણ કે ભાષ્યકારે યોગવિભાગનું આશ્રયણ કરીને જ્યાં પદપ્રત્યાખ્યાન કર્યું હશે તે અસંગત થઈ જશે.

આથી જ હરિભાસ્કર જણાવે છે કે "યોગવિભાગની અપેક્ષાએ બે વાર ક્રોષ્ટુ ગ્રહણ કરવામાં લાઘવ છે." એવું તૃજ્વત્ ક્રોષ્ટુઃ । 7–1–15 સૂત્ર ઉપર કૈયટનું કહેવું છે તે ચિન્ત્ય છે. અને નેટ્યલિટિ રઘેઃ । 7–1–62 સૂત્રસ્થ રઘિ ગ્રહણ વ્યર્થ પણ નથી. કારણકે एकदेशानुवृत्तिः । નું અનિત્યત્વ જ્ઞાપિત કરવા માટે પણ તે દ્વિતીય રઘિ ગ્રહણ હોય. વળી, श्वीदितो निष्ठायाम् । 7–2–14 સૂત્રસ્થ શ્વિ ગ્રહણનું પ્રયોજન જેવી રીતે આપે (સીરદેવે) 'વૈચિત્ર્યાર્થ' નિર્દેશ્યું છે, તેમ અહીં પણ (દ્વિતીય રઘિ ગ્રહણમાં પણ) હોય.

આ ચર્ચા વડે "...યોગવિભાગમાં પ્રતિપત્તિગૌરવ થાય છે" વગેરે સીરદેવના કહેવાનું પ્રત્યાખ્યાન થાય છે. માટે આ પરિભાષા અનુચિત જ છે.

નાગેશ : (૧૨૧)

તેમણે આ પરિભાષાના પાઠમાં ફેરફાર કર્યો છે. જેમકે, पदगौरवाद्योगविभागो गरीयान् । તેમણે પૂર્વાચાર્યોની ચર્ચાનું પરિશીલન કરીને સ્વીકાર્યું છે કે પ્રત્યેક વાક્યે જુદી જુદી વાક્યાર્થ પ્રતીતિ થાય તેમાં ગૌરવ રહેલું છે, તે સ્પષ્ટ છે. પરંતુ ભાષ્યકારને આ પરિભાષા સમ્મત નથી. કારણકે टाङसिङसामिनात्स्याः । 7–1–12 સૂત્રમાં इन આદેશસ્થ ઇ કારનું પ્રત્યાખ્યાન કરવા માટે યોગવિભાગનું જ આશ્રયણ કરવામાં આવ્યું છે.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાની ચર્ચા સૌ પ્રથમ પ્રાપ્ત થાય છે.

સંભવતઃ પુરુષોત્તમદેવે તેમાંથી સૂચન મેળવીને પણ કદાચ આ પરિભાષા રજૂ કરી હોય. પરંતુ તેમના ગ્રન્થમાં આ પરિભાષાનો પાઠ તથા ચર્ચા થોડાંક દુષિત થયાં હોય તેમ જણાય છે. સમગ્ર વ્યાખ્યાન અને પુરોગામી તથા અનુગામીઓના ગ્રન્થો જોતાં गरीयान् એવો પાઠ જ યુક્તિસંગત છે. તથા 'જુદા જુદા વાક્ય લેવાથી જુદી જુદી વાક્યાર્થ પ્રતીતિ થાય તેમાં પ્રતિપત્તિગૌરવ થાય' એ મુદ્દો જોતાં નાગેશે આપેલો પાઠ જ વધુ યુક્તિસંગત જણાય છે. અને છતાંય આ પરિભાષા ભાષ્યવિરુદ્ધ હોઈ સ્વીકાર્ય નથી.

अबाधकान्यपि निपातनानि भवन्ति ॥ ९९ ॥

(નિપાતન બાધક નથી પણ હોતાં.)

આ પરિભાષા પણ નથી અને ભાષ્યવચન પણ નથી. કારણકે ભાષ્યમાં 'નિપાતન બાધક જ છે.' એવી વ્યવસ્થા સૂચવવામાં આવી છે.[1]

(પરંતુ) જયાદિત્યે લક્ષ્યસ્થિતિના અનુરોધથી 'નિપાતન અબાધક પણ હોય છે' એવી પરિભાષા દર્શાવી છે.[2] પરિણામે पुराणप्रोक्तेषु ब्राह्मणकल्पेषु । 4-3-105 સૂત્રસ્થ (પુરાણ એવા) નિપાતનના અબાધકત્વને કારણે सायंचिरम्प्राह्णेप्रगेऽव्ययेभ्यष्ट्युट्युलौ तुट् च । 4-3-23-સૂત્ર વડે पुरा શબ્દથી ट्यु અને ट्युल् પ્રત્યયો કર્યા પછી तुट् આગમ થાય છે. આથી दधतः पुरातनमुनेर्मुनिताम् । (किरात० 6-19) અને पुरातनीर्नदीः । ।शिशु० । 12-60 એવા ભારવિ અને માઘના કાવ્યપ્રયોગો ઉપન્ન થાય છે.

અહીં (કાશિકા) વૃત્તિકારના દર્શનને સ્વીકારનારા[3] આ પ્રમાણે જ્ઞાપક વર્ણવે છે કે त्रयाणाम् । એવા રૂપની સિદ્ધિને અર્થે त्रेस्त्रयः । 7-1-53 એવું સૂત્ર રજૂ કરવામાં આવ્યું છે, તે જ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે.

જો નિપાતન કેવળ બાધક જ બનતાં હોય તો त्रीणाम् । એવા રૂપની

---

૧. बाधकान्येव हि निपातनानि भवन्ति ॥ 1-1-27 सूत्रभाष्य

૨. पुराण इति निपातनात्तुडभावः । न वात्यन्तबाधैव तेन पुरातनमित्यपि भवति । 4-3-105 सूत्रस्योपरि काशिका ॥

૩. एवं तर्हि एतज्ज्ञापयति-अबाधकान्यपि निपातनानि भवन्तीति । तेन पुराशब्दात् 'सायञ्चिरम्' इत्यादिना विधीयमानयोष्ट्युट्युलोः 'पुराणप्रोक्तेषु' इति निपातनेन तुटो बाधनं न भवतीति । तेन पुरातनमित्यपि सिद्धं भवति । 7-3-42 इत्यत्र काशिकोपरि न्यासः ॥

પ્રાપ્તિ સમયે, તેના બાધક રૂપે निजां त्रयाणां गुणः श्लौ । 7-4-75 સૂત્રોક્ત 'त्रयाणाम्' એવા નિપાતનથી જ (ઇષ્ટ) સિદ્ધિ થઈ જાત. પરંતુ જ્યારે 'નિપાતન અબાધક પણ હોય છે.' ત્યારે त्रीणाम् એવા રૂપની પ્રાપ્તિ થાય છે. પણ તેવો પ્રયોગ ન થાય તે માટે त्रेस्त्रयः । 7-1-53 એવું સૂત્ર કર્યું છે અને એવી રીતે તે અર્થવાન બની રહે છે.

વ્યાડિ : (—)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા નથી.

સીરદેવ : (૬૬)

પુરુષોત્તમદેવે પ્રસ્તુત કરેલી ચર્ચાને સ્વીકાર્યા પછી 'આ પરિભાષા નથી કે નથી ભાષ્યવાચન' એવા પુરુષોત્તમદેવના પ્રારંભિક વિધાનનું વિવરણ કરતાં સીરદેવ જણાવે છે કે सर्वादीनि सर्वनामानि । 1-9-27 સૂત્રભાષ્યમાં 'નિપાતન બાધક જ છે.' તેવું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. માટે જ આ સૂત્ર ઉપરની ભાગવૃત્તિમાં पुरातनमुनेर्मुनिताम् । અને पुरातनीर्नदीः । ને પ્રમાદજન્ય પાઠો કહ્યા છે. કવિઓ ગતાનુગતિક પણે આવા પ્રયોગો કરે છે, તેમને શાસ્ત્ર વિશે જ્ઞાન હોતું નથી.

નીલકંઠ : (૧૧૦)

આ પરિભાષા વૃત્તિ (કાશિકા) આદિ ગ્રન્થોમાં સ્પષ્ટ છે. એમ જણાવીને નીલકંઠે આ પરિભાષા ઉપર કોઈ વિશેષ વ્યાખ્યાન કર્યું નથી. તથાપિ આ પરિભાષાનું જે જ્ઞાપકપ્રમાણ નિર્દેશ્યું છે તે નોંધનીય છે. જેમકે, तयोरेव कृत्यक्तखलर्थाः । 3-4-70 સૂત્રસ્થ एव કાર ગ્રહણથી तक्रकौण्डिन्यन्यायના અનિત્યત્વનું જ્ઞાપન થયું છે. આ પરિભાષા તેને આધારે ઉપસ્થિત થાય છે.

વિશેષમાં, નીલકંઠે 'નિપાતન બાધક જ હોય છે' એવી પવિભાષાને (૧૦૯) પણ રજૂ કરી છે અને તેને तक्रकौण्डिन्य-न्यायमूलક કહી છે. તેમણે આ પરિભાષાના વ્યાખ્યાનમાં 'નિપાતન' શબ્દનો અર્થ આ પ્રમાણે કર્યો છે: શાસ્ત્ર વડે જે કાર્ય પ્રાપ્ત રહેતું હોય તેનો બાધ કરનાર.

હરિભાસ્કર : (૭૮)

તેમણે પ્રારંભે પુરુષોત્તમદેવને અનુસરીને આ પરિભાષાની ચર્ચા કર્યા પછી पुरातन શબ્દને ઉપાયાન્તરે સાધુત્વ-બોધન કરવાનો પ્રયત્ન કર્યો છે. જે ક્રમશઃ આ પ્રમાણે છે:

(૧) કાતન્ત્ર-વ્યાકરણમાં પુરાણઃ શેષે વા પુરાણઃ પુરાતન ઇતિ । એમ કહીને પુરાતન શબ્દને સાધુ ગણ્યો છે.

(૨) કેટલાકના મતે પુરા અતનમસ્યાસ્તીતિ પુરાતનઃ । તેવી વ્યુત્પત્તિ થાય છે. પુરાતની । એવા પ્રયોગમાં અતનમસ્યા અસ્તીતિ અતના । સૈવ અતની તાઃ પુરાતનીઃ । એવું વ્યાખ્યાન કરવામાં આવે છે.

(૩) આ શબ્દની સિદ્ધિ બીજા કેટલાક આ પ્રમાણે વર્ણવે છે; વિભાષા-પૂર્વાહ્ણાપરાહ્ણાભ્યામ્ । 4-3-24 એ સૂત્રમાં વિભાષા એટલો યોગવિભાગ કરીને અને યોગવિભાગને ઇષ્ટસિદ્ધિ અર્થે ગણીને પુરા શબ્દથી યુ પ્રત્યયને વિકલ્પે તુટ્ નું વિધાન કરે છે. જેથી પુરાતનઃ । એવો શબ્દ બને છે.

(૪) કૈયટ પણ પૃષોદરાદિત્વને કારણે પુરાતનઃ । શબ્દને સાધુ ગણે છે.

આમ પુરાતનઃ । શબ્દને ઉપાયાન્તરોથી પણ સાધુત્વ-બોધન થઈ શકે છે. માટે હરિભાસ્કરે જણાવ્યું છે કે ભારવિ અને માઘનાં પૂર્વોક્ત પદદ્વય પ્રમાદજન્ય છે તેવું કહેનારા ભાગવૃત્તિકાર અને તેમના અનુગામી સીરદેવાદિ ઉપેક્ષ્ય છે.

આ જ પ્રમાણે હરિભાસ્કરે "આ પરિભાષા નથી કે નથી ભાષ્યકારનું વચન" એવું કહેનાર (પુરુષોત્તમદેવ) ને પણ પ્રશ્ન કર્યો છે કે આ પરિભાષત્વ શું છે. 'પરિભાષા' પદથી જે વચન વ્યવહારને યોગ્ય છે, તે સર્વત્ર અવિશેષ પણે લાગે છે. અને વળી, ભાષ્યકારે આ વચન નથી કહ્યું તો પણ કોઈ ક્ષતિ નથી.

નાગેશ : (૧૧૦)

તેમણે 'નિપાતન અબાધક પણ હોય છે' તેવી પરિભાષા સ્વીકારી નથી, પણ 'નિપાતન બાધક જ હોય છે' તેવી પરિભાષા સ્વીકારી છે. આ પરિભાષાના વ્યાખ્યાનમાં તેમણે જણાવ્યું છે કે 'નિપાતન અબાધક પણ હોય છે' તે વચન ભાષ્યવિરુદ્ધ છે.

નાગેશ ભટ્ટે કૈયટોક્ત સમાધાન સ્વીકાર્યું છે કે પુરાતનઃ । શબ્દ પૃષોદરાદિ ગણમાં આવેલો હોઈ સાધુ છે. બીજા કેટલાકના મતે પુરાણઃ । શબ્દ પણ પૃષો-દરાદિ ગણમાં આવેલો છે.

ઉપસંહાર :

'નિપાતન બાધક નથી પણ હોતા.' એવું વચન પરિભાષા નથી તથા ભાષ્યવચન પણ નથી એમ પુરુષોત્તમદેવે સ્પષ્ટપણે જણાવ્યું છે. છતાંય ભારવિ

અને માઘના ઉપર્યુક્ત પ્રયોગોને સાધુત્વ-બોધન કરવા તેમણે પૂર્વોક્ત વચનને પરિભાષા રૂપે રજૂ કરવાની પ્રેરણા તથા તેના જ્ઞાપકાદિ દર્શાવતી પ્રમાણ-ચર્ચા પુરુષોત્તમદેવને 'કાશિકા' અને 'ન્યાસ'માંથી મળી રહી છે.

બીજી તરફ, સીરદેવે ભાગવૃત્તિકારના અભિપ્રાયથી पुरातनीर्नदीः । જેવા પ્રયોગોને અસાધુ જાહેર કર્યા છે. હરિભાસ્કરે તેનું પ્રત્યાખ્યાન કર્યું છે અને વિવિધ ઉપાયો અને મતાન્તરોથી पुरातनः । શબ્દની સિદ્ધિ દર્શાવી છે.

હરિભાસ્કર અને નાગેશની ચર્ચા ઉપરથી જણાય છે કે पुरातनः । શબ્દને સાધુત્વબોધન કરવા માટે "નિપાતન અબાધક પણ હોય છે." તેવી પરિભાષા માનવાની જરૂર નથી. "નિપાતન બાધક જ છે" એ વચન જ ભાષ્યસંમત છે અને पुरातनः । શબ્દની સિદ્ધિ તો પૃષોદરાદિત્વથી જ થઈ જાય છે.

योगविभागादिष्टसिद्धिः ॥ १०० ॥

(યોગવિભાગથી ઇષ્ટ સિદ્ધિ થાય છે.)

'યોગવિભાગથી ઇષ્ટસિદ્ધિ જ કરવામાં આવે છે; તેથી અતિવ્યાપ્તિની આશંકા ન કરવી જોઈએ' એવો આ પરિભાષાનો ભાવાર્થ છે. આથી इद्गोण्याः । 1-2-50 સૂત્રમાં इद् એવો યોગવિભાગ કરીને पञ्चसूचिः । दशसूचिः । એ ઉદાહરણોની જ સિદ્ધિ કરવામાં આવે છે.

આમ થાય તે યુક્તિસંગત છે. કારણકે યોગવિભાગ કરવો તે ગૌરવગ્રસ્ત પ્રયત્ન છે. આથી જો લાઘવયુક્ત ઉપાયથી ઇષ્ટસિદ્ધિ થતી હોય ત્યાં ગૌરવયુક્ત પ્રયત્નનું આશ્રયણ કર્યું હોય તો તેના સામર્થ્યથી જ કેવળ ઇષ્ટસિદ્ધિની કલ્પના કરવી જોઈએ.

વ્યાડિ : (૬૮)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષાની જ્ઞાપકચર્ચા આ પ્રમાણે મળે છે : विभाषा वृक्षमृग० । 2-4-12 સૂત્રમાં યોગવિભાગ છે. તેનાથી 'વિભાષાથી બધા દ્વન્દ્વસમાસ એકવદ્ થાય છે-એવો અર્થ સંપન્ન થાય છે. પરંતુ યોગવિભાગથી પ્રાપ્ત થનાર આ અર્થની અતિવ્યાપ્તિ ન થાય એ માટે પાણિનિએ तिष्यपुनर्वस्वोर्नक्षत्रद्वन्द्वे० । 1-2-63 સૂત્રમાં બહુવચન ગ્રહણ કર્યું છે.

આ પરિભાષા હોવાથી अस्मदो द्वयोश्च । 1-2-59 સૂત્રમાં યોગવિભાગ સિદ્ધ રહે છે. આથી अस्मद् શબ્દને એકવચનમાં પણ બહુવચન સિદ્ધ રહે છે અને

દ્વયર્થક અસ્મદ્ શબ્દને પણ બહુવચનસિદ્ધ રહે છે, તે આ પરિભાષાનું પ્રયોજન છે. પરંતુ યોગવિભાગનું આવું પ્રયોજન વર્ણવ્યા પછી अस्मदो द्वयोश्च । 1-1-59 સૂત્રમાં च કાર વિકલ્પાર્થક છે એમ નહીં કહી શકાય. કારણ કે આમ કહેવામાં દોષાપત્તિ રહેલી છે.

સીરદેવ : (૧૨૨)

તેમણે ન્યાસકારની ચર્ચાને આધારે આ પરિભાષાની અતિવ્યાપ્તિનો નિરાસ વર્ણવ્યો છે. જેમકે, इद् गोण्याः । 1-2-50 સૂત્રમાં इद् એવો યોગવિભાગ કરવાથી पञ्चसूचिः । ની જ સિદ્ધિ થાય છે, બીજા કોઈની નહીં. કારણકે જો इद् એવું સૂત્ર પ્રત્યેક વિષયમાં લાગશે તો गोण्याः । એવું બીજું સૂત્ર અનર્થક બની જશે.

આ પરિભાષાની અતિવ્યાપ્તિ રોકવા માટે પુરુષોત્તમદેવે જે યુક્તિ રજૂ કરી છે, તેનાથી આ યુક્તિ જુદી છે.

નીલકંઠ : (૧૧૫)

તેમણે આ પરિભાષાની પ્રવૃત્તિથી અનિષ્ટની પ્રાપ્તિ થતી નથી; એનું સમર્થન કરવા માટે આ પ્રમાણે યુક્તિ આપી છે: યોગવિભાગમાં મૂળસૂત્ર જે કાર્ય કરતું હોય તેનું જ વિધાન કરવા માટે વિભક્ત થયેલા બીજા સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે. તેના આધારે ઉક્તાર્થ જ્ઞાપિત થાય છે.

હરિભાસ્કર : (૧૧૩)

આ પરિભાષાની જ્ઞાપક ચર્ચા કર્યા સિવાય તેમણે કેટલાક યોગવિભાગને ચિન્ત્ય જાહેર કર્યા છે. જેમકે, दिशोऽमद्राणाम् । 7-3-13 એવા સૂત્રમાં યોગવિભાગ ઉત્તરાર્થ કર્યો છે એમ જે કેટલાકે કહ્યું છે તે ચિન્ત્ય છે.

નાગેશ : (૧૧૪)

તેમણે નીલકંઠની ચર્ચાનો ઉપયોગ કરીને એટલું ઉમેર્યું છે કે યોગવિભાગથી સાધવામાં આવેલા બીજા સૂત્રને અનિત્યત્વનું જ્ઞાપન થાય છે. તેથી આ પરિભાષાની કેવળ ઇષ્ટસિદ્ધિમાં જ પ્રવૃત્તિ થાય છે.

ઉપસંહાર :

આ પરિભાષાથી જણાવવામાં આવે છે કે યોગવિભાગથી કેવળ ઇષ્ટસિદ્ધિ જ કરવી, પરંતુ તેની અતિવ્યાપ્તિ કરવી નહીં. યોગવિભાગથી સિદ્ધ થતા અર્થની

અતિવ્યાપ્તિ નહીં થવામાં પુરુષોત્તમદેવ, સીરદેવ અને નીલકંઠ તથા નાગેશે જુદાં જુદાં કારણો આપ્યાં છે.

अवयवसिद्धेः समुदायसिद्धिर्बलीयसी[1] ॥ १०१ ॥

(અવયવસિદ્ધિની અપેક્ષાએ સમુદાયસિદ્ધિ વધારે બળવાન છે.)[2]

આ પરિભાષા યુક્તિસિદ્ધ છે. સમુદાય બધાનું ગ્રહણ કરતો હોવાથી તેનું પ્રાધાન્ય છે. આથી અવયવાશ્રિત કાર્યની અપેક્ષાએ સમુદાયાશ્રિત કાર્ય (પહેલાં) પ્રવૃત્ત થાય છે. જેમકે, दीधीवेवीटाम् । 1-1-6 સૂત્રમાં दीङ् ક્ષયે, धीङ् આધારે, वेञ् તન્તુસન્તાને અને वी ગતૌ વગેરેનું[3] ગ્રહણ થતું નથી.

વ્યાડિ : (–)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૦૪)

તેમણે પુરુષોત્તમદેવે બતાવેલી યુક્તિનો સ્વીકાર કર્યો છે અને ઉમેર્યું છે કે પ્રધાનાપ્રધાનન્યાયને આધારે આ પરિભાષાનો અર્થ પ્રાપ્ત થાય છે. પુરુષોત્તમદેવે રજૂ કરેલા આ પરિભાષાના પ્રયોજનને પહેલાં સમજાવ્યા પછી તેમણે તેનું ખંડન કર્યું છે. જેમકે, ન્યાસકારે કહ્યું છે: "પાણિનિને दीङ् વગેરે જુદા જુદા ચાર ધાતુઓનું ગ્રહણ કરવું અભિપ્રેત હોત તો असंदेहार्थं वीवेवीदीटाम् । એવો ન્યાસ કર્યો હોત." આમ, પ્રકૃત પરિભાષાનું કોઈ પ્રયોજન મળતું નથી. વળી, પાણિનિએ સર્વત્ર અસંદિગ્ધ સૂત્રન્યાસ કર્યો હોઈ અપેક્ષિતાર્થની સિદ્ધિ થઈ જાય છે.

નીલકંઠ : (૯૬)

તેમણે પુરુષોત્તમદેવ અને સીરદેવે નિર્દેશેલો આ પરિભાષાનો અર્થ સ્વીકાર્યો નથી. પરંતુ તેમણે જણાવ્યું છે કે યોગજન્ય અર્થબોધમાં રૂઢિજન્ય અર્થોપસ્થિતિ

---

૧. P હસ્તપ્રતમાં सिद्ध्वेः અને सिद्ध्विः ને બદલે અનુક્રમે प्रसिद्ध्वेः અને प्रसिद्ध्विः એવો પાઠ મળે છે.

૨. આ પરિભાષાનો બીજો અર્થ પણ મળે છે. જેમકે, અવયવાર્થની અપેક્ષાએ અર્થાત્ યૌગિકાર્થની અપેક્ષાએ સમુદાયાર્થ એટલે કે રૂઢ્યર્થ બળવાન છે. આવો અર્થ નીલકંઠ તથા નાગેશને સમ્મત છે.

૩. વગેરે=અવયવાશ્રિત ધાતુઓનું ગ્રહણ થતું નથી.

પ્રતિબન્ધિકા બને છે. અર્થાત્ રથકારાધિકરણન્યાયને[૪] આધારે આ પરિભાષાર્થ સિદ્ધ રહે છે.

હરિભાસ્કર : (૧૦૬)

તેમણે પુરુષોત્તમદેવાદિ તથા નીલકંઠની ચર્ચાનો સારસંગ્રહ કર્યો છે.

નાગેશ : (૯૮)

આ પરિભાષાનો તેમણે આ પ્રમાણે અવતાર કર્યો છે :

न षट्स्वस्रादिभ्यः । 4-1-110 સૂત્રોક્ત ઙીપ્ નિષેધ જેમ જનનીવાચક માતૃ શબ્દને લાગે છે, તેમ પરિચ્છેત્તા (માપનાર) એ અર્થવાળા માતૃ શબ્દને પણ લાગી જશે. અને પરિણામે ऋन्नेभ्यो ङीप् । 4-1-5 એ સૂત્રથી ઙીપ્ થઈને मात्री । એવું ઇષ્ટ રૂપ પ્રાપ્ત થશે નહીં.

આવી આપત્તિને દૂર કરવા માટે 'શબ્દોના અવયવોમાંથી ઉત્પન્ન થનાર યૌગિકાર્થની અપેક્ષાએ તે પૂર્ણ શબ્દમાંથી ઉત્પન્ન થનાર સ્વતંત્ર રુઢ્યર્થ અધિક બળવાન હોય છે.' એવી પરિભાષાનું આશ્રયણ કરવામાં આવે છે. આથી न षट्स्वस्रादिभ्यः । 4-1-110 સૂત્રોક્ત ઙીપ્ નિષેધ શુદ્ધરૂઢ અર્થવાળા જનની-વાચક માતૃ શબ્દને જ લાગે છે; પરંતુ પરિચ્છેત્તા અર્થવાળા માતૃ શબ્દને લાગતો નથી.

અવયવમાંથી ઉત્પન્ન થનાર અર્થની સાથે જેને કોઈ સંબંધ નથી; અર્થાત્

---

૪. 'રથકારાધિકરણન્યાય'ને સમજાવતાં 'લૌકિકન્યાયાંજલિ' (ત્રીજા ભાગ)માં 'જૈમિનીયન્યાયમાલાવિસ્તર'માંથી નિમ્નોક્ત ઉદ્ધરણ રજૂ કર્યું છે.

आधाने श्रूयते । 'वर्षासु रथकार आदधीतेति' । तत्र रथं करोतीति व्युत्पाद्या त्रैवर्णिको रथकार इति चेत् । नैवम् । संकीर्णे जाति-विशेषे रूढत्वात् । वैश्यायां क्षत्रियादुत्पन्नो माहिष्यः । शूद्रायां वैश्यादुत्पन्ना करणी । तस्यां करण्यां माहिष्यादुत्पन्नो रथकारः । तथा च याज्ञवल्क्यः । 'माहिष्येण करण्यां तु रथकारः प्रजायत' इति । तस्य च रथकारस्याधानकालो वर्षार्त्तुः ।

અહીં 'રથકાર' શબ્દનો રથં કરોતીતિ । એવી વ્યુત્પત્તિ અનુસાર પ્રાપ્ત થતા યૌગિકાર્થની અપેક્ષાએ રૂઢિથી 'જાતિવિશેષ' એવો અર્થ બળવાન છે. કારણ કે આવો રૂઢ્યર્થ સૌથી પ્રથમ ઉપસ્થિત થાય છે. આમ, આ પરિભાષા 'રથકારાધિકરણન્યાય'થી સિદ્ધ થાય છે.

જે અર્થ અવયવમાંથી ઉત્પન્ન થનાર અર્થથી જુદો છે તે શુદ્ધરૂઢ અર્થ જ શબ્દોચ્ચારણ થતાં પ્રથમ ઉત્પન્ન થાય છે અને તે રૂઢ અર્થ અવયવમાંથી ઉત્પન્ન થનાર અર્થનો બાધ કરે છે. અહીં નાગેશ ભટ્ટ સ્પષ્ટ કરે છે કે પ્રકૃતમાં 'રથકરણાધિકરણન્યાય'થી સિદ્ધ એવો અર્થ રજૂ કરવામાં આવ્યો છે.

કોઈ એક વૈયાકરણ પ્રકૃત પરિભાષાનો જુદી રીતે અર્થ કરે છે. જેમકે, જ્યાં સમુદાયનું ગ્રહણ શક્ય હોય ત્યાં અવયવનું ગ્રહણ ન કરવું. પરિણામે दीधीवेवीटाम् । 1-1-6 સૂત્રમાં दीधीङ् અને वेवीङ् નું જ ગ્રહણ થાય છે. પણ दीङ्, धीङ्, वेञ् અને वी નું ગ્રહણ થતું નથી. નાગેશ ભટ્ટે આ ચર્ચાનો સ્વીકાર કર્યો નથી. કારણ કે જો પાણિનિને ઉપર્યુક્ત ચાર ધાતુઓનું ગ્રહણ ઇષ્ટ હોત તો તેમણે दीवेवीटाम् । એવું જ સૂત્ર બનાવ્યું હોત.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. સૌ પ્રથમ પુરુષોત્તમદેવે તેને રજૂ કરી છે. પરંતુ આ પરિભાષાના બે પ્રકારે અર્થ કરવામાં આવ્યા છે.

પુરુષોત્તમદેવે दीधीवेवीटाम् । 1-1-6 સૂત્રમાં दीङ् ક્ષયે । ઇત્યાદિ જુદા જુદા ચાર ધાતુઓનું ગ્રહણ ન થાય એ માટે પ્રધાનાપ્રધાનન્યાયથી આ પરિભાષાને સિદ્ધ કરી બતાવી છે અને ઇષ્ટસિદ્ધિ વર્ણવી છે. બીજી તરફ, ન્યાસકારે આ પ્રયોજનનું ખંડન કર્યું છે. તેથી નીલકંઠાદિએ આ પરિભાષાને રથકારાધિકરણ ન્યાયથી સિદ્ધ થતી વર્ણવી છે.

મૂળમાં આ પરિભાષા સૂત્રાર્થ નિર્ણયમાં ઉપયોગમાં લેવા માટે પુરુષોત્તમદેવે રજૂ કરી છે, પરંતુ "પાણિનિએ સર્વત્ર અસંદિગ્ધ સૂત્રરચના કરી છે." એવા અભિપ્રાયને સ્વીકારીને આ પરિભાષાનો વિષયપ્રદેશ બદલી નાખવામાં આવ્યો છે.

श्रुतानुमितयोः श्रौतः संबन्धो बलीयान् ॥१०२॥

(શ્રૌત અને અનુમિત એ બે સંબંધોમાંથી શ્રૌત સંબંધ વધારે બળવાન હોય છે.)

આ પરિભાષાનો અર્થ ન્યાયસિદ્ધ છે. જેમકે, લોકમાં કહેવામાં આવે છે કે બ્રાહ્મણોને જમાડો અને માઠર-કૌણ્ડિન્ય (તેમને-બ્રાહ્મણોને-ભોજન) પીરસે. અહીં માઠર અને કૌણ્ડિન્યના પીરસવાના કાર્યનું સાક્ષાત્ શ્રવણ થાય છે. તેનાથી બ્રાહ્મણત્વને કારણે અનુમિત થતું ભોજનકાર્ય બાધિત થાય છે. અર્થાત્ તે બે ભોજન કરવા બેસતા નથી.

આ જ પ્રમાણે શાસ્ત્રમાં પણ અચો રહાભ્યાં દ્વે । 8-4-46 સૂત્રમાં 'રહાભ્યામ્' એવા પદથી રેફ અને હ કારના નિમિત્તભાવનું સાક્ષાત્ શ્રવણ થાય છે. આથી, રેફ અને હ કાર યર્ પ્રત્યાહારમાં આવી જતા હોવાથી અનુમતિ થતું તેમનું કાર્યિત્વ બાધિત થાય છે. અર્થાત્ રેફ અને હ કારને દ્વિત્વ રૂપી કાર્ય થતું નથી. પરિણામે ગ્રામહ્રદઃ । મદ્રહ્રદઃ । એવાં ઉદાહરણોમાં રેફને દ્વિર્વચન થતું નથી.

વ્યાડિ : (-)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૧૦૬)

તેમણે આ પરિભાષાની ચર્ચામાં પુરુષોત્તમદેવનો વિરોધ કર્યો છે. પુરુષોત્તમદેવે આ પરિભાષાને ન્યાયસિદ્ધા જણાવી છે. પ્રથમ તેનું સ્પષ્ટીકરણ કરતાં સીરદેવ જણાવે છે કે 'જેનો સાક્ષાત્ ઉપદેશ કરવામાં આવ્યો હોય તે અનુમિતનો બાધ કરે છે.'[1] અથવા 'પ્રત્યક્ષ અને અનુમિત એ બેમાંથી પ્રત્યક્ષ બળવાન છે.'[2] એવા લૌકિકન્યાય ઉપર આ પરિભાષા ઊભી છે. કારણ કે અનુમાનની અપેક્ષાએ પ્રત્યક્ષ એ અંતરંગ છે. જેવી રીતે 'બ્રાહ્મણોને જમાડો અને તેમને માઠરકૌણ્ડિન્ય પીરસે' એવું એક વાક્ય છે. આ વાક્ય બ્રાહ્મણભોજનનું અને માઠર-કૌણ્ડિન્યના પરિવેષણનું વિધાયક છે. અહીં વાક્ય એક જ હોવાથી તેમાં બાધ્યબાધક ભાવ નથી. પરંતુ તેને જો બે વાક્ય રૂપે લેશો તો અનુમતિ થતા ભોજનનો બાધ કર્યા વિના પીરસવું શક્ય નથી. અહીં વાક્યસામર્થ્યથી બાધ થાય છે. પરંતુ સીરદેવ જણાવે છે કે મદ્રહ્રદઃ । વગેરેમાં તો હ કારથી પરમાં આવેલા રેફનું દ્વિત્વ થઈ શકે છે. માટે પુરુષોત્તમદેવે રજૂ કરેલા લોકન્યાયને આધારે અહીં ઇષ્ટસિદ્ધિ થશે નહીં.

પરિણામે सामान्यश्रुतिं विशेषश्रुतिर्बाध्यते । એવો લોકન્યાય સ્વીકારવો પડશે. જેવી રીતે; 'બ્રાહ્મણોને દહીં આપો અને કૌણ્ડિન્યને છાશ' અહીં છાશ આપવાથી દહીં આપવામાં આવતું નથી. તેમ રેફ અને હ કારને નિમિત્ત જાહેર કર્યા પછી તેમને કાર્યી બનાવી શકાતા નથી.

નીલકંઠ : (૧૦૦)

તેમણે શ્રુત અને અનુમતિ એ બે શબ્દોને પહેલા સમજાવ્યા છે. જેમકે,

---

૧. साक्षात्शिष्टेनानुमितं बाध्यते ।
૨. प्रत्यक्षानुमितयोः प्रत्यक्षं बलीयः ।

સાક્ષાત્ શ્રૂયમાણત્વને શ્રુતત્વ કહે છે અને સામાન્યપણે પ્રતીતિવિષયત્વને અનુમિતત્વ કહે છે. અથવા તો પ્રકરણથી પ્રાપ્ત હોય તેને અનુમિત કહે છે.

શ્રુત અને અનુમતિ શબ્દોના આ પ્રમાણે અર્થો કર્યા પછી નીલકંઠ જણાવે છે કે વિલમ્બિત ઉપસ્થિતિકત્વની અપેક્ષાએ શીઘ્રોપસ્થિતિકત્વમાં લાઘવ છે. પરિણામે પ્રકૃત પરિભાષાર્થ સિદ્ધ થાય છે.

આ પરિભાષાનું પ્રયોજન દર્શાવતાં નીલકંઠ જણાવે છે કે अस्थिदधि० । 7-1-75 સૂત્રમાં સાક્ષાત્ શ્રૂયમાણ अस्थि વગેરેનું નપુંસકલિંગ વિશેષણ બને છે. પરંતુ અનુમતિ થતાં अङ्गस्य નું વિશેષણ બનતું નથી. આથી, अतिदध्ना ब्राह्मणेन । એવો પ્રયોગમાં अनङ् આદેશ સિદ્ધ થાય છે. વિશેષમાં નીલકંઠે નોંધ્યું છે કે तस्मादित्युत्तरस्य । 1-1-67 સૂત્રનિર્દેશથી આ પરિભાષા અનિત્ય છે એમ જ્ઞાપિત થાય છે.

નીલકંઠે આ પરિભાષાના પાઠમાં થોડોક ફેરફાર કર્યો છે: श्रुतानुमितयोः श्रुतसंबन्धो बलीयान् । તથા એક બીજી પરિભાષા પણ ઉમેરી છે. જેમકે, श्रुतानुमितयोः श्रुतेनैव संबन्धः । 101 પરંતુ તેમણે નોંધ્યું છે કે આ બીજી પરિભાષા પૂર્વપરિભાષાનો જ પ્રપંચ છે.

હરિભાસ્કર : (૧૦૯)

હરિભાસ્કરે આ પરિભાષાનું પ્રયોજન આ પ્રમાણે વર્ણવ્યું છે:

આ પરિભાષા હોવાથી हर्यनुभवः । એ ઉદાહરણમાં રેફને દ્વિત્વ થતું નથી. કારણ કે अयो रहाभ्याम्० । 8-4-46 એવા સૂત્રમાં રેફનું નિમિત્તત્વ પ્રત્યક્ષપણે શ્રુત છે. આથી यर् પ્રત્યાહારમાં રેફ આવેલો હોઈ અનુમિત થતું તેનું (રેફનું) કાર્યિત્વ બાધિત થાય છે.

આ સંદર્ભમાં વિશેષ ચર્ચા કરતાં હરિભાસ્કર જણાવે છે કે अचो रहाभ्यां द्वे । 8-4-46 થી દ્વિત્વ કરો તો પણ કોઈ દોષ આવશે નહીં. કારણ કે रो रि । 8-3-14 થી તેનો લોપ થઈ જશે. પરંતુ આવી શંકા અસંગત છે. કારણ કે લોપની પ્રત્યે દ્વિત્વકાર્ય અસિદ્ધ છે. વળી, એમ પણ નહીં કહી શકાય કે અહીં દ્વિત્વ કર્યા પછી हलो यमां यमि लोपः । 8-4-64થી એક રેફનો લોપ થશે. કારણ કે આ લોપ વૈકલ્પિક હોવાથી પક્ષમાં રેફ દ્વયની શ્રવણાપત્તિ થશે.

નાગેશ : (૧૦૪)

તેમણે નીલકંઠની ચર્ચાનો સ્વીકાર કર્યો છે. શ્રુતની સાથે જ અર્થાત્ સૂત્રમાં

સાક્ષાત્ પઠિત હોય એવા શબ્દની સાથે જ સંબંધ થાય છે. પરંતુ પ્રકરણાદિથી પ્રાપ્ત થતા શબ્દની સાથે સંબંધ થતો નથી. કારણ કે, જેવી રીતે પ્રકરણાદિની અપેક્ષાએ શ્રુતિનું બલવત્વ છે.[3] તેમ અહીં પણ શ્રુત પદાર્થનું બલવત્વ છે. અહીં નપુંસકસ્ય ઝલચઃ । 7-1-72 માંથી અનુવૃત્ત થતું નપુંસકસ્ય એવું પદ અસ્થિદધિસક્થ્યક્ષ્ણામનડુદાત્તઃ । 7-1-75 સૂત્રસ્થ અસ્થિ વગેરેનું જ વિશેષણ થાય છે. પરંતુ અઙ્ગસ્યનું વિશેષણ બનતું નથી;[4] એ નિયમ જ જ્ઞાપક છે.

આથી પ્રિયસક્થના બ્રાહ્મણેન । એવા ઉદાહરણમાં અઙ્ગ માં નપુંસકત્વનો અભાવ હોવાથી અસ્થિદધિ૰ । 7-1-75 સૂત્રોક્ત અનડ્ આદેશ થશે નહીં; એમ નહીં કહી શકાય.

ઉક્ત જ્ઞાપકના સંદર્ભમાં નાગેશ જણાવે છે કે શિ, શી, લુક્ જેવા આદેશ કરનાર સૂત્રોમાં અને નુમ્ વિધાયક સૂત્રમાં નપુંસકસ્ય એવું પદ પ્રકરણાદિથી પ્રાપ્ત અઙ્ગસ્ય નું વિશેષણ બને છે. કારણ કે તે તે સૂત્રોમાં નપુંસકસ્ય । એવું પદ જેનું વિશેષણ બની શકે તેવો શબ્દ ઉચ્ચાર્યો નથી.

વિશેષમાં નાગેશ જણાવે છે કે, આથી જ પાણિનિએ વા નપુંસકસ્ય । 7-1-79 એવા સૂત્રને બદલે વા શૌ । એવું સૂત્ર કર્યું નથી. અહીં જ્યારે ગૃહ્યમાણ શત્રન્ત નપુંસક હોય, ત્યારે જ નુમાગમ થાય એટલા માટે નપુંસકનું ગ્રહણ કર્યું છે. જેમકે, બહૂનિ ददन्ति येषु बहुददन्त । પરંતુ બહવો ददतो येषु तानि कुलानि बहुददति । ત્યાં નુમ્ આગમ થતો નથી. આ મુદ્દો स्वमोर्नपुंसकात् । 7-1-23 સૂત્ર ઉપરનાં ભાષ્યમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

અંતે, નાગેશ ભટ્ટે સીરદેવ અને હરિભાસ્કરના અભિપ્રાયને સમક્ષ રાખીને જણાવ્યું છે કે हर्यनुभवः । માં રેફનું દ્વિત્વ પ્રકૃત પરિભાષાથી બાધિત થતું નથી. પરંતુ ત્યાં તો તક્રકૌણ્ડિન્યન્યાયથી જ દ્વિત્વની નિવૃત્તિ રહે છે.

ઉપસંહાર :

વ્યાડિના 'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી. મહાભાષ્યમાં

---

૩. श्रुतिलिङ्गवाक्यप्रकरणस्थानसमाख्यानां पारदौर्बल्यमर्थविप्रकर्षात् । 3-3-14 જૈ. સૂ. ॥ એવો મીમાંસાનો ન્યાય છે.

૪. કારણ કે अङ्गस्य । (6-4-1) પદ અધિકારથી પ્રાપ્ત હોઈને અનુમિત છે. तदपेक्षया नपुंसकस्य । એવું પદ શ્રૂયમાણ છે.

પણ આ પરિભાષા સ્પષ્ટપણે ક્યાંય નિર્દેશી નથી. પાણિનીય પરંપરાના ગ્રન્થોમાં સૌથી પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે.

આ પરિભાષા માઠરકૌણ્ડિન્ય અથવા તક્રકૌણ્ડિન્યન્યાયથી સિદ્ધ થાય છે, એમ પુરુષોત્તમદેવાદિ એ સ્વીકાર્યું છે. કારણ કે તેમની સમક્ષ મદ્રહદः । કે હર્યનુભવः । જેવા પ્રયોગો હતા. આ પ્રયોગોમાં રેફના દ્વિત્વની નિવૃત્તિ કરવા માટે પ્રકૃત પરિભાષાની જરૂર હતી.

પરંતુ કાશીની વૈયાકરણ પરંપરામાં આ સ્થિતિમાં થોડોક ફેરફાર થયો હોય તેમ જણાય છે. જેમકે, ઉક્ત પ્રયોગોની સિદ્ધિ અર્થે તક્રકૌણ્ડિન્યન્યાયને ઉપયોગમાં લેવો તે મુદ્દો સ્વીકાર્ય છે. પણ આ ન્યાયથી પ્રકૃત પરિભાષાની સિદ્ધિ વર્ણવવી તે સ્વીકાર્ય નથી. આથી નાગેશ ભટ્ટે આ પરિભાષાને प्रकरणादितः श्रुतेर्बलवत्त्वम् । એવા ન્યાયથી સિદ્ધ કરી છે. આ ન્યાયના પાયામાં श्रुतिलिङ्गवाक्यप्रकरणस्थानसमाख्यानां समवाये पारदौर्बल्यमर्थविप्रकर्षात् । જૈ૦ સૂ૦ 3-3-14 એવો મીમાંસાનો ન્યાય છે.

संप्रसारणं संप्रसारणाश्रयं च कार्यं बलवत् ॥ १०३ ॥

(સંપ્રસારણ અને સંપ્રસારણને આશ્રયે રહેનારાં કાર્યો બળવાન હોય છે.)

આથી, शुशावयिषति । अशूशवत् । એવાં રૂપોમાં विभाषा श्वेः । 6-1-30 અને णौ च संश्चङोः । 6-1-31 સૂત્રોથી (વિકલ્પે) સંપ્રસારણ તથા संप्रसारणाच्च । 6-1-108 સૂત્રથી પૂર્વરૂપ—એકાદેશની અપેક્ષાએ અંતરંગ એવા વૃદ્ધિ વગેરે કાર્યોનો બાધ કરે છે.

સંપ્રસારણ અને પૂર્વરૂપ—એકાદેશ કર્યા પછી ऊढः । એવા પ્રયોગમાં ઉ કારને ઓ કાર ન થાય તે માટે આચાર્યે सहिवहोरोदवर्णस्य । 6-3-112 સૂત્રમાં અ વર્ણને ઓત્વ થાય છે એમ કહ્યું છે. આ પ્રમાણે અ વર્ણસંગ્રહનું પ્રયોજન નિર્દેશીને ન્યાસકારે તેને જ્ઞાપક ઠરાવ્યું છે.

અ વર્ણ-ગ્રહણનું આ પ્રયોજન નથી.[2] કારણ કે वह+क्त એવી સ્થિતિમાં वचिस्वपियजादीनां किति । 6-1-15 સૂત્રવિહિત સંપ્રસારણ અને સંપ્રસારણાચ્ચ । 6-1-108 સૂત્રથી પૂર્વરૂપ થાય તે પૂર્વે न मु ने 8-2-3 સૂત્રમાં

---

૧. अचो ञ्णिति । 7-2-115

૨. અહીંથી અ વર્ણનું ગ્રહણ પ્રકૃતાર્થમાં કેવી રીતે જ્ઞાપક બને છે, તેની વિગતે ચર્ચા શરૂ થાય છે.

न એવો યોગવિભાગ કરીને हो ढः । 8-2-31, झषस्तथोर्द्धो घः । 8-2-40 ष्टुना ष्टुः । 8-4-41 અને ढो ढे लोपः । 8-3-13 સૂત્રોનું અસિદ્ધત્વ દૂર કરવામાં આવે છે. આથી તે તે સૂત્રવિહિત વિધિઓ સિદ્ધ બનતાં તેમને પરત્વ પણ પ્રાપ્ત થાય છે. હવે પરત્વને કારણે આ ઢત્વ, ઘત્વ, ષ્ટત્વ અને ઢ લોપની પ્રવૃત્તિ કર્યા પછી[3] (વ+ઢ એવી સ્થિતિમાં) वचिस्वपियजादीनां किति । 6-1-15 થી સંપ્રસારણ અને संप्रसारणाच्च । 6-1-108 થી પૂર્વરૂપ થાય, તે પહેલાં પરત્વને કારણે सहिवहोरोदवर्णस्य । 6-3-112 થી ઓત્વ કરવામાં આવશે; અને ત્યાર પછી જો સંપ્રસારણ અને પૂર્વરૂપ (તથા ढ्रलोपे पूर्वस्य दीर्घोऽणः । 6-3-111 થી દીર્ઘ) કરવામાં આવશે.[4] તો પણ ऊढः । એવા રૂપની સિદ્ધિ થઈ જશે. આમ થવામાં કશું અનિષ્ટ થતું નથી. આવી સ્થિતિમાં અ વર્ણગ્રહણ 'સંપ્રસારણ અને તદાશ્રિત કાર્યો બળવાન છે' એવા અર્થનું જ્ઞાપક છે.

આ પરિભાષાના પાઠને 'ક્વચિદ્' એવા અંશથી વિશેષિત કરવામાં આવે છે. અર્થાત્ આ પરિભાષાને અનિત્ય કહેવામાં આવી છે. આથી ब्रह्म जिनातीति ब्रह्मज्यः । અને आह्वः । प्रह्वः । જેવાં ઉદાહરણોમાં (ज्या वयोहानौ ધાતુને) आतोऽनुपसर्गे कः । 3-1-136 અને (आ+ह्वा; प्र+ह्वा ધાતુને) आतश्चोपसर्गे । 3-1-136 સૂત્રોથી क પ્રત્યય કર્યા પછી ग्रहिज्या० । 6-1-16 અને संप्रसारणाच्च । 6-1-108 થી પ્રાપ્ત સંપ્રસારણ અને પૂર્વરૂપનો (અનિત્યત્વને કારણે) બાધ કરીને પહેલા आतो लोप इटि च । 6-4-64 થી આ કાર લોપ કરવામાં આવે છે. આ આ કાર લોપના અસિદ્ધત્વને[5] કારણે इयङ्—उवङ् કાર્યો થતાં નથી. અન્યથા, ब्रह्मजियः । અને आहुवः । प्रहुवः । એવાં અનિષ્ટ રૂપો બની જાત.

---

3. वह्+क्त>हो ढः । 8-2-31 થી ઢત્વ થશે.
वढ+त>झषस्तथोर्द्धोऽघः । 8-2-40 થી ઘત્વ
वढ्+घ>પછી, ष्टुना ष्टुः । 8-4-41 થી ષ્ટુત્વ
वढ+ढ>પછી, ढो ढे लोपः 8-3-13 થો ढ लोप
व+ढ

4. જેમકે, व् ओ+ढ>ड ओ+ढ संप्रसारणम्>उ+ढ पूर्वरुप>ऊढः । પૂર્વ अण् ને દીર્ઘ.

5. આભીયત્વને કારણે અસિદ્ધત્વ.

लिट्यभ्यासस्योभयेषाम् । 6-1-17 સૂત્ર ઉપરના ભાષ્યમાં ભાષ્યકારે આ પરિભાષા રજૂ કરી છે. અને ત્યાં જણાવ્યું છે કે—

इयाज । उवाच । જેવાં રૂપોમાં અભ્યાસસંપ્રસારણનો અવકાશ છે. चिच्छिदतुः । विभिदुः । રૂપોમાં हलादि शेषः । 7-4-60નો અવકાશ છે. અને विव्याध । वव्रश्च । માં हलादि शेषः । 7-4-60 ની પ્રાપ્તિ છે. અહીં જો हलादि शेषः । 7-4-60 કરવામાં આવશે તો व કારને સંપ્રસારણની પ્રાપ્તિ થશે. માટે તેની નિવૃત્તિ અર્થે "हलादि शेषः । 7-4-60 સૂત્રની અપેક્ષાએ અભ્યાસસંપ્રસારણ પૂર્વવિપ્રતિષેધથી પહેલાં પ્રવૃત્ત થાય છે" એમ કહેવું જોઈએ.

પરંતુ વાર્તિકકાર જણાવે છે કે અહીં પૂર્વવિપ્રતિષેધનું આશ્રયણ કરવાની જરૂર નથી. કારણ કે સંપ્રસારણ કાર્ય બળવાન હોવાથી અન્યત્ર પણ ઇષ્ટસિદ્ધિ થઈ જશે, (6-1-17 वा० 2). અર્થાત્ 'સંપ્રસારણ અને સંપ્રસારણને આશ્રયે રહેનારાં કાર્યો બળવાન છે.' એમ કહેવું જોઈએ. આવું વચન કરવાના શાં પ્રયોજન છે? रम्, आत्, लोप, इयङ्, उवङ् અને यण् વિધિઓની અપેક્ષાએ સંપ્રસારણ કે તદાશ્રિત કાર્યની પૂર્વપ્રવૃત્તિ થાય, તે આ વચનનાં પ્રયોજન છે. જેમકે, भृष्टम् । भृष्टवान् । એવા રૂપોમાં પૂર્વે સંપ્રસારણ કાર્ય બળવાન હોઈ रम् ની પૂર્વે પ્રવૃત્ત થાય છે. जुहुवतुः। जुहुवुः । એવાં રૂપોમાં સંપ્રસારણ અને પૂર્વરૂપ બળવાન હોવાથી आत् લોપની પૂર્વે પ્રવૃત્ત થયાં છે. शुशुवतुः । આ રૂપમાં સંપ્રસારણ કાર્ય બળવાન હોવાથી उवङ् ની પહેલાં તેની પ્રવૃત્તિ થાય છે. સંપ્રસારણ થયા પછી (श्वि > श् उ इ એવી સ્થિતિમાં) यण् આદેશની પ્રાપ્તિ થાય છે. પરંતુ સંપ્રસારણાશ્રિત કાર્યો (પણ) બળવાન હોવાથી પહેલા પૂર્વરૂપ થાય છે. (આમ, ભાષ્યમાં વાર્તિકકારના મતે આ પરિભાષા પ્રયોજનવતી છે. પરંતુ) આગળ ઉપર જણાવ્યું છે કે આ પ્રયોજનો નથી. આ રીતે ભાષ્યમાં આ પરિભાષાનું પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે.

તથાપિ પ્રત્યાખ્યાન કરવાથી વ્યાખ્યાન ગૌરવગ્રસ્ત બને છે. આથી પરિભાષાવચન કરવું તેમાં લાઘવ જણાય છે.

વ્યાડિ : (—)

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા મળતી નથી.

સીરદેવ : (૫૯)

પુરુષોત્તમદેવના વ્યાખ્યાનનો સીરદેવે સ્વીકાર કર્યો છે. તથાપિ આ પરિ-

ભાષાનાં અન્ય પ્રયોજનો નિર્દેશ્યાં છે. જેમકે, जुहावयिषति । રૂપમાં शाच्छासाहवाव्यावेषां युक् । 7-3-37 થી પ્રાપ્ત युक् નો બાધ કરીને हूव संप्रसारणम् । 6-1-32 થી સંપ્રસારણ થાય છે. અને जुहूषति । એ રૂપમાં द्विर्वचनની પૂર્વે अभ्यस्तस्य च । 6-1-33 થી સંપ્રસારણ થાય છે. તથા ब्रह्मज्यः । રૂપની સિદ્ધિ કરવા માટે सर्वत्र संप्रसारणिभ्यो डो वक्तव्यः । એવા વાર્તિકથી ड પ્રત્યય કરવામાં આવે છે.

વિશેષમાં સીરદેવે આ પરિભાષાનું जुहूषति ।એવું પ્રયોજન નિર્દેશ્યું છે, તેમાં आदेश प्रत्यययोः । 8-3-59 થી મૂર્ધન્ય ષત્વ કેવી રીતે થઈ શકે ? તેની સુદીર્ઘ ચર્ચા કરી છે. આ ચર્ચા પ્રકૃતમાં સીધી રીતે ઉપયોગી બનતી નથી.

નીલકંઠ : (૧૩૩)

તેમણે આ પરિભાષાને નિર્મૂલા જાહેર કરી છે. लिट्यभ्यासस्योभयेषाम् ।' 6-1-17 સૂત્રસ્થ उभयेषाम् ગ્રહણ વ્યર્થ બને છે એથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે; તથાપિ ભાષ્યકારે આ પરિભાષાનું પ્રત્યાખ્યાન કર્યું છે.

હરિવલ્લભકર : (૬૧)

તેમણે કોઈ વિશેષ ચર્ચા કરી નથી.

નાગેશ : (૧૧૯)

તેમણે નીલકંઠને અનુસરીને આ પરિભાષાના પાઠમાં થોડોક ફેરફાર કર્યો છે : संप्रसारणं तदाश्रयं च कार्यं बलवत् । અહીં તદાશ્રિત કાર્યો એટલે संप्रसारणाच्च । 6-1-108 સૂત્રોક્ત પૂર્વરૂપ એકાદેશ કાર્ય એમ નાગેશે સ્પષ્ટ કર્યું છે. ત્યાર પછી આ પરિભાષાની જ્ઞાપક ચર્ચાના સંદર્ભમાં નાગેશ જણાવે છે કે लिट्यभ्यासस्योभयेषाम् । 6-1-17 સૂત્રમાં उभयषाम् ગ્રહણ કર્યું છે, તેથી આ પરિભાષા જ્ઞાપિત થાય છે, એમ નહીં કહેવું જોઈએ. કારણ કે ત્યાં ભાષ્યમાં उभयेषां संप्रसारणमेव यथा स्यात् । એવું કહીને "સંપ્રસારણ જ કરવું જોઈએ." એવો અર્થ નિર્દેશવા માટે उभयेषाम् । પદનું ગ્રહણ કર્યું છે; એમ સ્પષ્ટ કર્યું છે. વળી, તે સ્થળે આ પરિભાષાનાં પ્રયોજનોની પણ ઉપાયાન્તરથી સિદ્ધિ વર્ણવી છે.

વિશેષમાં, નાગેશે આ પરિભાષાની ચર્ચાનો ઉપસંહાર કરતાં એક શંકાનું સમાધાન પણ કર્યું છે. જેમકે, अ+श्वि+णि+चङ्+त् એવી સ્થિતિમાં अचो ञ्णिति । 7-2-115 થી અંતરંગ વૃદ્ધિ પ્રાપ્ત રહે છે. તથા णौ संश्चङोः ।

6-1-31 થી શ્વિ ને વિકલ્પે (બહિરંગ) સંપ્રસારણની પ્રાપ્તિ થાય છે. આથી, જો પ્રકૃત પરિભાષા નહીં સ્વીકારો તો અશીશુયત્ । એવું અનિષ્ટ રૂપ બની જશે. માટે પ્રકૃત પરિભાષા સ્વીકારવી જોઈએ. આવી શંકાનું સમાધાન કરતાં નાગેશ જણાવે છે કે णौ च स संश्चङोः । 6-1-31 સૂત્રમાં વિષયસપ્તમીનું આશ્રયણ કરવાથી[૬] આ આપત્તિ આવશે નહીં.

ઉપસંહાર :

સૌ પ્રથમ પુરુષોત્તમદેવે આ પરિભાષા રજૂ કરી છે. ભાષ્યમાં આ પરિભાષાનાં પ્રયોજનો નિર્દેશ્યાં છે, અને તેની સાથે તે તે પ્રયોજનની અન્યથા સિદ્ધિ પણ વર્ણવી છે. આ દરેક વિગત પુરુષોત્તમદેવને જ્ઞાત હોવા છતાંય સરળતાને માટે તેમણે આ પરિભાષાને સ્વીકારી છે. બીજી તરફ, કાશીની વૈયાકરણ પરંપરામાં નીલકંઠ અને નાગેશે આ પરિભાષાને સ્વીકારી નથી. તેઓના મતે ભાષ્યકારે સ્વીકારેલી પરિભાષાનો જ શાસ્ત્રીય કાર્યો દરમ્યાન વિનિયોગ થઈ શકે છે, આથી તેમણે આવી પરિભાષાઓનું ખંડન કર્યું છે.

अकृतव्यूहाः पाणिनीयाः प्रवर्तितमपि शास्त्रं व्यावर्तयन्ति ॥ १०४ ॥

(પાણિનીયો—પાણિનિના અનુયાયીઓ—અનિશ્ચયવાળા હોય છે; તેથી તેઓ પ્રવૃત્ત કરેલા શાસ્ત્રની પણ નિવૃત્તિ કરે છે.)

વિશેષ રૂપે કરવામાં આવેલો ઊહ એટલે કે નિશ્ચય, તેને વ્યૂહ કહે છે. વિશેષ રૂપે જેમણે નિશ્ચય નથી કર્યો એવા પાણિનીય અનુયાયીઓ પ્રવૃત્ત કરેલા શાસ્ત્રને પણ નિવૃત્ત કરે છે. द्यौकाभिः । सौत्थित्तिः । वैक्षमाणिः । વગેરે રૂપોમાં વૃદ્ધિ અને યણ્ આદેશની યુગપત્ પ્રાપ્તિ દર્શાવવા માટે આ પરિભાષાનો ભાષ્યમાં ઉપન્યાસ કર્યો છે. આ પરિભાષા વડે જ पपुषः पश्य । એ ઉદાહરણ પણ સિદ્ધ થાય છે. જેમકે, पपिवस् શબ્દથી शस् નું વિધાન કરવામાં આવ્યું છે. તો પણ अकृतव्यूहाः पाणिनीयाः । એવું વચન હોવાથી पपिवस् । માંના इ કારની નિવૃત્તિ થતાં पपावस्+शस् । એ સ્થિતિમાં સંપ્રસારણ બલીયસ્ત્વને કારણે[૧] પહેલાં સંપ્રસારણ થાય છે અને ત્યાર પછી વલાદિત્વ ના અભાવને કારણે इड् આગમ થતો નથી. अ કાર લોપ તો થાય છે જ.

---

૬. અર્થાત્ णिजन्त श्वि ને सन् કે चङ્. નો વિષય હોય ત્યારે સંપ્રસારણ કાર્ય પ્રથમ કરવું એવી વ્યવસ્થા પ્રાપ્ત થવાથી.

૧. પૂર્વોક્ત પરિભાષા (૧૦૩)થી.

गोरतद्धितलुकि । 5-4-92 સૂત્રસ્થ अतद्धित ગ્રહણ આ પરિભાષાનું જ્ઞાપક છે. सुप् लुक् પરમાં રહેતાં આ નિષેધ ન લાગી જાય તે માટે अतद्धित ગ્રહણ છે. (જેમકે,) राजगवीयति । અહીં પહેલેથી જ टच् થઈ ગયો છે. ઉત્તરકાલમાં क्यच् કર્યા પછી सुप् लुक् થતાં, જ્યારે પ્રવૃત્ત થયેલો टच् પણ નિવૃત્ત થવા આવશે ત્યારે આ अतद्धित ગ્રહણ સાર્થક થાય છે.

'પ્રવૃત્ત થયેલો વિધિ સો વચન વડે પણ નિવૃત્ત થતો નથી' એવા ન્યાયનો આ (પ્રસ્તુત પરિભાષા) અપવાદ છે. જે લક્ષ્યસ્થિતિ મુજબ ક્વચિત્ જ આશ્રિત થાય છે. અન્યથા 'આનુપૂર્વી' વડે સિદ્ધત્વ રહેશે એવું વચન અનર્થક થશે-એમ કહેવામાં આવ્યું છે.

વ્યાડિ : (૬૫)

'પરિભાષાસૂચન'માં વ્યૂહ શબ્દના રચના, સ્થાપના અને લક્ષણા એવા ત્રણ અર્થો આપ્યા છે. અને 'કાર્યને જોઈને જે કરવામાં આવ્યું હોય તે નિવૃત્ત થાય છે,' એવો પરિભાષાર્થ આપવામાં આવ્યો છે.

उर्ऋत् । 7-4-7 એ સૂત્રને પ્રકૃત પરિભાષાનું જ્ઞાપક માનવામાં આવ્યું છે. આ સૂત્રથી वृत् વગેરે ધાતુઓને णि પરક चङ् પરમાં રહેતા ऋत् જ થાય છે એમ કહેવામાં આવે છે. આ ધાતુઓના ऋ કારને णि પરમાં રહેતાં પુગન્ત લઘૂપધ ગુણ, વૃદ્ધિ, ઉપધાને एत्व થાય છે. તે કર્યા પછી આ ऋत् થશે નહીં. તેવી સ્થિતિમાં इडरारामृतः । એમ કહેવું જ વધારે ઉચિત હતું. આમ उर्ऋत् । 7-4-7 સૂત્ર જ્ઞાપિત કરે છે કે ગુણ, વૃદ્ધિ, ઉપધા एत्व વગેરે, કાર્યને જોઈને નિવૃત્ત થાય છે.

प्रियग्रामणि कुलं यस्य प्रियग्रामणिकः । એ ઉદાહરણમાં शेषाद् विभाषा । 5-4-154 સૂત્રથી कप् પ્રત્યય કર્યા પછી केऽणः । 7-4-13 સૂત્ર-વિહિત હ્રસ્વ નિવૃત્ત થાય છે. અને ह्रस्वो नपुंसके प्रातिपदिकस्य । 1-2-47 સૂત્રોક્ત હ્રસ્વ થાય છે. જો અહીં केऽणः । 7-4-13 થી હ્રસ્વ થયો હોત તો न कपि । 7-4-14 તેવા નિષેધની પ્રાપ્તિ થાત. આમ, પૂર્વોક્ત ઉદાહરણમાં ह्रस्वो नपुंसके प्रातिपदिकस्य । 1-2-47 સૂત્રવિહિત હ્રસ્વ થાય અને न कपि । 7-4-14 પ્રતિષેધ ન લાગે, તે આ પરિભાષાનું પ્રયોજન છે.

સીરદેવ : (૪૯)

તેમણે પુરુષોત્તમદેવે રજૂ કરેલી ચર્ચાનો સ્વીકાર કર્યો છે. વિશેષમાં તેમણે

આ પરિભાષાનું પ્રયોજન निमित्तापाये नैमित्तिकस्याप्यपायः । પરિભાષાથી સિદ્ધ રહે છે; તેવા મતાન્તરની નોંધ લીધી છે. આ મતાન્તરના સમર્થન માટે તેમણે જણાવ્યું છે કે असिद्धं बहिरङ्गमन्तरङ्गे । પરિભાષાથી અહીં નિમિત્તનો સદ્ભાવ છે, તેમ નહીં કહેવું જોઈએ. કારણ કે असिद्धवदत्राभात् । 6-4-32 એવી ભાધિકારીય પરિભાષા પ્રવૃત્ત કરવાની હોય ત્યારે બહિરંગ ભાધિકારીય સંપ્રસારણના અસિદ્ધત્વને કારણે અંગ વિકલ થઈ જતાં, તે પરિભાષાની અપ્રવૃત્તિ રહે છે.

ત્યાર પછી, 'વ્યાશ્રયત્વ હોવાથી असिद्धवदत्राभात् । 6-4-22 નો વ્યાપાર કેવી રીતે થશે ?' તેની દૂરાકૃષ્ટ ચર્ચા કરી છે, જે પ્રકૃત પરિભાષાને પ્રત્યક્ષ રીતે ઉપકારક નથી.

આ પરિભાષાની ચર્ચામાં સીરદેવે એક જ્ઞાપકાન્તરનો નિર્દેશ કર્યો છે. જેમકે, समर्थानां प्रथमाद्वा । 4-1-82 સૂત્રસ્થ સમર્થ ગ્રહણ પ્રકૃતાર્થમાં જ્ઞાપક છે. કેમકે, જો આ પરિભાષા ન હોત તો બધાં કાર્યો થયેલ સમર્થિત પદથી જ તદ્ધિત પ્રત્યય થાય એ માટે કરવામાં આવેલું સમર્થ ગ્રહણ અનર્થક બની જશે.

નીલકંઠ : (૬૧)

તેમણે પૂર્વાચાર્યોથી જુદા પડીને પરિભાષાનો અર્થ આ પ્રમાણે આપ્યો છે: 'નિમિત્તના નિર્ણયના અભાવમાં[૨] (પાણિનીયો) કાર્ય કરતા નથી.' વિશેષમાં આ પરિભાષાની પ્રવૃત્તિ વિષય સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે નિમિત્ત વિનાશની સંભાવના માત્રથી જ આ પરિભાષા પ્રવૃત્ત થાય છે, વળી, અર્થાત્ આ પરિભાષાની અપ્રવૃત્તિ માટે નિમિત્તનો વિનાશ થવાની જરૂર નથી.

વળી, अल्लोपोऽनः । 6-4-134 સૂત્રસ્થ તપર કરણથી આ પરિભાષાને અનિત્યત્વનું બોધન થાય છે, તેની પણ નીલકંઠે નોંધ લીધી છે.

હરિભાસ્કર : (૫૨)

તેમણે પણ નીલકંઠને અનુસરીને પરિભાષાનો અર્થ આ પ્રમાણે આપ્યો છે: 'નિમિત્તને વિનાશોન્મુખ જોઈને, નિમિત્તપ્રયુક્ત કાર્યો (પાણિનીયો) કરતા નથી.' 'यथा निषेदुषी ।' આ ઉદાહરણમાં दलादि આર્ધધાતુકત્વનો વિનાશ થશે એમ જોઈને इट् આગમની પ્રવૃત્તિ કરવામાં આવતી નથી.

ઉપર્યુક્ત પરિભાષાર્થના અનુસન્ધાનમાં વિશેષ સ્પષ્ટતા કરતાં જણાવ્યું

---

૨. નિમિત્તનો નાશ થશે કે નહીં; તેવા નિર્ણયના અભાવમાં.

છે કે આ જ ફળવાળું '...કરવામાં આવેલું કાર્ય પણ નિવૃત્ત થાય છે.' તેવું પરિભાષાન્તર રજૂ કરવામાં આવ્યું છે, પણ તે ગૌરવગ્રસ્ત છે. પંકપ્રક્ષાલનની અપેક્ષાએ પંકનું દૂરથી અદર્શન–અસ્પર્શન–જ શ્રેષ્ઠ છે, તેવા ન્યાયથી.[3]

નાગેશ : (પક્ષ)

આ પરિભાષાનો ભાષ્યમાં ઉલ્લેખ નહીં થયો હોવાથી નાગેશ ભટ્ટે તેને સ્વીકારી નથી. આ પરિભાષાના વ્યાખ્યાનમાં પુરોગામી પરિભાષાવૃત્તિકારો તથા કૈયટ અને ભટ્ટોજિ દીક્ષિતે રજૂ કરેલા જુદા જુદા પ્રકારના અર્થો, જ્ઞાપકો, અનિત્યત્વ અને પ્રયોજનાદિને રજૂ કર્યા પછી નાગેશે તેમનું પ્રત્યાખ્યાન કર્યું છે. આપણે વિગતે તેને જોઈશું: सेदुषः । આ ઉદાહરણમાં બહિરંગ સંપ્રસારણની પ્રવૃત્તિ થવાથી, પૂર્વપ્રવૃત્ત અંતરંગ इड् આગમના નિમિત્તનો (વલાદિત્વ નો) નાશ થતાં इड् આગમની નિવૃત્તિ થાય છે. પ્રકૃત પરિભાષાનું આ પ્રયોજન છે. પરંતુ નાગેશ ભટ્ટે આ ઉદાહરણની અન્યથા સિદ્ધિ દર્શાવી છે. જેમકે; सद्+वस् +अस् । અહીં (બહિરંગ હોવા છતાંય) પ્રતિપદોક્ત વિધિ હોવાને કારણે પ્રથમ સંપ્રસારણ થાય છે. સંપ્રસારણની પ્રવૃત્તિ પછી વલાદિત્વ ના અભાવમાં इड् આગમની પ્રાપ્તિ જ નથી.

આ જ પ્રમાણે પ્રકૃત પરિભાષાના જ્ઞાપકનું ખંડન કરતાં નાગેશે જણાવ્યું છે કે विषुणः । જેવા રૂપમાં સન્ધિકાર્ય કર્યા વિના પ્રત્યયોત્પત્તિ થઈ છે. તેનો જેમ સર્વત્ર સન્ધિકાર્ય વિના પ્રત્યય ઉત્પન્ન થાય છે; તેવા ભ્રમનું નિવારણ કરવા માટે સમર્થ ગ્રહણ કરવામાં આવ્યું છે. सु+उत्थित+अस्+इञ् । અહીં वर्णादाङ्गं बलीयः । પરિભાષાની મદદથી અંતરંગ સન્ધિકાર્યની પૂર્વે બહિરંગ વૃદ્ધિ થવા આવે છે. તેને રોકવા માટે સમર્થ ગ્રહણની જરૂર છે. આમ, समर्थानां प्रथमाद्वा । 4-1-82 સૂત્રસ્થ સમર્થ ગ્રહણ પ્રકૃત પરિભાષામાં જ્ઞાપક બની શકે નહીં.

નાગેશ ભટ્ટે આ પરિભાષાનાં પ્રયોજન અને જ્ઞાપકનું ખંડન કર્યા પછી આ પરિભાષા સ્વીકાર્ય કેમ નથી, તેનાં કારણાન્તરો આ પ્રમાણે આપ્યાં છે :—

૧. वैक्षमाणिः । આ ઉદાહરણને સિદ્ધ કરવા માટે ભાષ્યકારે પ્રકૃતપરિભાષાનો ઉપયોગ કર્યો નથી; પણ असिद्धं बहिङ्गमन्तरङ्गे । પરિભાષાનો ઉપયોગ કર્યો છે.

---

3. प्रक्षालनाद्धि पङ्कस्य दूराददर्शनमेव वरम् ।

૨. આ પરિભાષાના અભાવમાં જ चौ प्रत्यङ्गस्य प्रतिषधः । 6-3-138 वा०१। રચવામાં આવ્યું છે અને ભાષ્યકાર વડે તેનું ખંડન કરવામાં આવ્યું નથી.

૩. च्छ्वोः शूडनुनासिके च । 6-4-19 સૂત્રભાષ્યમાં કહ્યું છે : "અહીં અંતરંગત્વને કારણે तुक् ની પ્રાપ્તિ છે, માટે तुक् ના અભાવ અર્થે અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ." હવે જો પ્રકૃત પરિભાષા હોય તો ભાષ્યકારે तुक् ની અપ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરવાની આવશ્યકતા કહેવી અસંગત થઈ જશે. 'तुक् ગ્રહણ પ્રકૃત પરિભાષાના અનિત્યત્વને જ્ઞાપન કરવા માટે છે' એવું પણ નહીં કહી શકાય. કારણ કે તો 'અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ.' એવા અક્ષરનું સ્વારસ્ય નષ્ટ થઈ જશે.

૪. કૈયટાદિએ જણાવ્યું છે કે આ પરિભાષા સ્વીકારવાથી अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग्बाधते । —અને अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो ल्यप् बाधते । —તેવી પરિભાષાઓ નહીં સ્વીકારો તો ચાલશે. કારણ કે આ બન્ને પરિભાષાઓ આ પરિભાષાની અંતર્ગત આવેલી છે.

પરંતુ નાગેશે સ્પષ્ટ કર્યું છે કે આ બે પરિભાષાઓને ભાષ્યકારે સ્વીકારી છે, પણ પ્રકૃત પરિભાષાને નહીં.

૫. ભાષ્યમાં આ પરિભાષાનો ક્યાંય ઉપન્યાસ કરવામાં આવ્યો નથી.

૬. વળી, આ પરિભાષા જો निमित्तापाये नैमित्तिकस्याप्यपायः । તેવી પરિભાષાનો જ પ્રપંચ હોય તો, असिद्धवदत्राभात् । 6-4-32 સૂત્રભાષ્યપ્રદીપમાં કૈયટે જ કહ્યું છે કે निमित्तापाये० । પરિભાષાનો ભાષ્યકારે આશ્રય લીધો નથી.

ઉપસંહાર :

'પરિભાષાસૂચન'માં આ પરિભાષા પ્રથમવાર રજૂ થઈ છે, તથાપિ ત્યાં આ પરિભાષાની ચર્ચા વિશદ નથી. પુરુષોત્તમદેવે આ પરિભાષાને વિગતે રજૂ કરી છે. અને સીરદેવે તેનું અનુસરણ કર્યું છે. આ બંને વૈયાકરણોએ 'કરેલું કાર્ય નિવૃત્ત થાય છે' તેવો પરિભાષાર્થ આપ્યો છે. જ્યારે નીલકંઠ અને હરિભાસ્કરે તેમનાથી જુદા પડી 'નિમિત્તને વિનાશોન્મુખ જોઈને તત્પ્રયુક્ત કાર્ય કરવામાં આવતું નથી' તેવો પરિભાષાર્થ આપ્યો છે.

નાગેશ ભટ્ટે પૂર્વાચાર્યોએ પ્રસ્તુત કરેલી આ પરિભાષાની ચર્ચાને વિગતે સમજાવી છે. પણ આ પરિભાષાનો ભાષ્યમાં ક્યાંય ઉપન્યાસ નહીં થયો હોવાને કારણે પરિભાષાના જ્ઞાપક અને પ્રયોજનોનું ખંડન કર્યું છે. વિશેષમાં બીજા પણ હેતુઓ આપ્યા છે, કે જેને આધારે પ્રકૃત પરિભાષા સ્વીકાર્ય બનતી નથી.

વ્યાખ્યાનમાં પરિભાષાર્થ સમજાવવામાં આવ્યો છે. અને અમુક સૂત્ર કે સૂત્રનું પદ કેવી રીતે જ્ઞાપક બને છે તે પણ ચર્ચવામાં આવ્યું છે. અર્થાત્ ૬૩ સુધીની પરિભાષાઓનું વ્યાખ્યાન તો થોડું ઘણું ય વિસ્તૃત છે. પરંતુ ૬૪ થી ૧૪૦ સુધીની પરિભાષાઓનું વ્યાખ્યાન-એકાદ-બે અપવાદને બાદ કરતાં અત્યંત ટૂંકું છે. આથી તેમની 'પરિભાષાવૃત્તિ'નું કદ ઘણું નાનું બનવા પામ્યું છે.

ઉદાહરણ તરીકે (૧) व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणम् । (नी.1)

(૨) यदागमास्तद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । (नी. 4)

(૩) स्वरत्रिधौ व्यञ्जनमविद्यमानवत् । (नी. 67)

(૪) तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते । (नी. 81) અને तदेकदेशस्तद्ग्रहणेन गृह्यते । (परि. 82)

(૫) प्रत्ययाप्रत्यययोः प्रत्ययस्यैव ग्रहणम् । (नी. 98) આ પાંચ પરિભાષાઓનું વ્યાખ્યાન જોવું.

કેટલીક પરિભાષાઓના વ્યાખ્યાનમાં તો વિસ્તૃત ચર્ચાની અનિવાર્ય આવશ્યકતા હોય છે, તથાપિ નીલકંઠે આવી પરિભાષાઓને સમજાવવા માટે પૂરી વિગતો પણ આપી નથી. જેમકે, (૧) कार्यकालं संज्ञापरिभाषम् । (परि. 118). આ પરિભાષાના વ્યાખ્યાનમાં નીલકંઠ જણાવે છે કે જ્યાં કાર્ય હોય ત્યાં ઉભયની એટલે કે સંજ્ઞા અને પરિભાષાની ઉપસ્થિતિ થાય છે. वृद्धिरादैच् । 1-1-1 સૂત્રમાં ત્રૈપાદિક (ससजुषोरुः । 8-2-66) રુ ના उ કારની इत् સંજ્ઞા પ્રયુક્ત उ કારનો લોપ કર્યો છે. તે જ્ઞાપક છે. इत्व થતાં, તેના સામર્થ્યથી જ લોપ સિદ્ધ છે. વળી, આ પરિભાષા યુક્તિસિદ્ધ પણ છે. આ પરિભાષા ઉપર આટલું વ્યાખ્યાન કર્યું છે. પરંતુ 'જ્યાં કાર્ય હોય' એટલે શું? તે સમજાવ્યું નથી. સંજ્ઞાપક્ષમાં અને પરિભાષાપક્ષમાં કાર્યકાલ એટલે શું? તથા, તેનાં ઉદાહરણો-પ્રયોજનો પણ નિર્દેશ્યાં નથી. અને આ પરિભાષાને યુક્તિસિદ્ધ કહી છે, પણ કઈ યુક્તિથી તે સિદ્ધ થાય છે, તેનો નિર્દેશ કર્યો નથી.

બીજું એક ઉદાહરણ જોઈએ તો-एकदेशविकृतमनन्यवत् भवति । (परि. 125) આ પરિભાષાના વ્યાખ્યાનમાં નીલકંઠ એટલું જ જણાવે છે કે स्थानिवत्० । 1-1-56 । સૂત્ર ઉપરના ભાષ્યમાં આ પરિભાષા વાર્તિક રૂપે રજૂ થઈ છે. स्थानिवत्० । 1-1-56 સૂત્રમાં आदेश ગ્રહણ કર્યું છે, તેનાથી

જે અર્થ સિદ્ધ છે તેનું કથન કરનારી આ પરિભાષા છે. –નીલકંઠે આ પરિભાષાના વ્યાખ્યાનમાં લોકન્યાયથી આ પરિભાષા કેવી રીતે સિદ્ધ રહે, અને પ્રાગ્દીવ્યતોઽણ્ । 4–1–92 સૂત્ર ઉપરના ભાષ્યમાં પતંજલિએ આનું જ્ઞાપક કેવી રીતે વર્ણવ્યું છે, ઇત્યાદિ ચર્ચાઓ કરી નથી. તદુપરાંત, આ પરિભાષાનાં શાં પ્રયોજનો છે, તે પણ નિર્દેશ્યાં નથી.

આમ, આ પરિભાષાવૃત્તિ મહદંશે ઉપયોગી બની શકે એમ નથી. તથાપિ અગાઉ નોંધ્યું છે તે મુજબ પરિભાષા ૧ થી ૬૩ સુધીની પરિભાષાઓના વ્યાખ્યાનમાં પરિભાષાર્થ કે જ્ઞાપકાદિ વિષેની થોડી ઘણી ચર્ચા કરવામાં આવી છે. આ સ્થળે ક્યારેક પરિભાષાઓના વ્યાખ્યાનમાં વિકાસ થયો હોય–સૂક્ષ્મતા આવી હોય, એમ પણ જોવા મળે છે. અલબત્ત આ સૂક્ષ્મતા કાશીની વૈયકરણ પરંપરાના 'સિદ્ધાંતકૌમુદી', 'પ્રૌઢમનોરમા' અને 'શબ્દકૌસ્તુભાદિ' જેવા ગ્રન્થોને આભારી છે.

(૧) अर्थवद्ग्रहणे नानर्थकस्य । (नी. 11) અને

(૨) निर्दिश्यमानस्यादेशाः भवन्ति । (परि. 5)

આ પરિભાષાઓનાં વ્યાખ્યાન જોવાથી આ મુદ્દો સ્પષ્ટ થશે.

૩.

નીલકંઠે 'પરિભાષાવૃત્તિ'ની રચનામાં, વિશેષ કરીને પરિભાષાઓના વ્યાખ્યાનમાં ભટ્ટોજિ દીક્ષિતના ગ્રન્થોનો ઉપયોગ કર્યો છે. તથાપિ તેમણે ક્યારેક પુરુષોત્તમદેવ અને સીરદેવના પરિભાષાવૃત્તિ–ગ્રન્થોનો પણ ઉપયોગ કર્યો છે. ઉદાહરણ તરીકે–

(૧) न हि कार्यी निमित्तत्वेनाश्रीयते । (नी. 2)

(૨) विधिविधानविधिभाजां त्रयाणां सन्निधाने तदन्तविधिर्भवति । (नी. 18).

(૩) नञिवयुक्तमन्यसदृशाधिकरणे तथा ह्यर्थगतिः । (नी. 41)

(૪) गणकार्यमनित्यम् (नी. 92)

(૫) अबाधकान्यपि निपातनानि । (नी. 110) આ પરિભાષાઓનું વ્યાખ્યાન જોવું.

આ ઉપરાંત, પુરુષોત્તમદેવે નવી રજૂ કરેલી કેટલીક પરિભાષાઓમાંથી નિમ્નોક્ત ત્રણ પરિભાષાઓ પણ નીલકંઠે સ્વીકારી છે. જેમકે,

ક. संदेहे बहुवचनं प्रयोक्तव्यम् । 129,

ख. उदित्सवर्णं गृह्णाति । 131 અને

ग. क्रियाविशेषणानां कर्मत्वमेकत्वं क्लीवत्वं च । 134.

આ જ પ્રમાણે येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપર વાર્તિકકારે રજૂ કરેલાં બે વાર્તિકો–समासप्रत्ययविधौ प्रतिषेधः । અને उगिद्वर्णग्रहणवर्जम् । ને પુરુષોત્તમદેવે પરિભાષા રૂપે રજૂ કર્યાં છે. નીલકંઠે પણ પુરુષોત્તમદેવના પ્રભાવ નીચે આ બે વાર્તિકોને પરિભાષા રૂપે રજૂ કરવાનું ચાલુ રાખ્યું છે.

૪

પુરુષોત્તમદેવ અને નીલકંઠની 'પરિભાષાવૃત્તિ'નો એક વિશેષ સન્દર્ભમાં અભ્યાસ કરતાં એ પણ જણાઈ આવે છે કે સમય જતાં કાશીના ગ્રન્થોમાં ભાષ્ય-પ્રામાણ્યની સર્વોપરિતા દૃઢમૂળ બનતી જાય છે.

અગાઉ આપણે જોયું છે તે મુજબ પુરુષોત્તમદેવ ભાષ્યાનુક્ત કે ભાષ્યમાં પ્રત્યાખ્યાત કરવામાં આવેલી પરિભાષાઓને પણ સ્વીકારે છે. કારણ કે પૂર્વભારતની વૈયાકરણ પરંપરામાં व्याख्यानाद् वचनमेव लघु । એવો સિદ્ધાન્ત સ્વીકારાયો હતો. અર્થાત્ અમુક પરિભાષાના પ્રયોજનોની ઉપાયાન્તરથી સિદ્ધિ કરવી અને તે રીતે પરિભાષાનું ખંડન કરવું એ ગૌરવગ્રસ્ત અને ક્લિષ્ટતા ભર્યો માર્ગ છે. આની અપેક્ષાએ આવા પ્રત્યાખ્યાત પરિભાષા વચનોનો સ્વીકાર કરી લેવો એમાં લાઘવ અને સરળતા (સૌકર્ય) રહેલી છે. પરંતુ નીલકંઠમાં એટલે કે કાશીની વૈયાકરણ પરંપરામાં આ સ્થિતિ બદલાઈ ગઈ છે. કારણ કે નીલકંઠે પોતાની 'પરિભાષાવૃત્તિ'માં 'પ્રક્ષિપ્ત અને નિર્મૂલા' એવી પરિભાષાઓને એક જુદો વિભાગ પાડીને રજૂ કરી છે. આમ જે પરિભાષાઓ ભાષ્યમાં ઉપલબ્ધ ન થતી હોય અથવા પ્રત્યાખ્યાત કરવામાં આવી હોય તેવી પરિભાષાઓને જુદી પાડવાનું કામ નીલકંઠથી પ્રારંભાયું છે. જોકે પુરુષોત્તમદેવે પણ પોતાની 'લઘુપરિભાષાવૃત્તિ'માં ઘણી પરિભાષાઓને વિષે એવું જણાવ્યું છે કે 'આ પરિભાષા ભાષ્યમાં નથી મળતી', 'ભાષ્ય'માં આ પરિભાષાનું પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે, અથવા આ પરિભાષા નથી કે નથી 'ભાષ્યવચન.' પરંતુ તેમના પ્રત્યે "આ પરિભાષાઓ ઊતરતી કક્ષાની છે." એવો ભાવ પ્રગટ થતો નથી. કારણ કે ઇષ્ટસિદ્ધિને અર્થે કે સરળતાને માટે આવી પરિભાષાઓને તેમણે સ્વીકારી છે. પરંતુ નીલકંઠમાં તો આ સ્થિતિમાં સ્પષ્ટપણે ફેરફાર થયો છે એમ કહેવું પડશે, કારણ કે ઉપર નોંધ્યું છે એમ તેમણે આવી પરિભાષાઓ ભેગી કરી તેમને 'પરિભાષાવૃત્તિ'ના અંતે, જુદા શીર્ષક નીચે રજૂ કરી છે.

આમ, પૂર્વભારતની વૈયાકરણ પરંપરામાં લખાયેલા 'લઘુપરિભાષાવૃત્તિ' અને 'બૃહત્પરિભાષાવૃત્તિ'–એ બે ગ્રન્થોના પ્રભાવથી ઉત્તરભારતની કાશીની વૈયાકરણ પરંપરામાં પણ પાણિનીય પરિભાષાઓ વિષે સ્વતંત્ર વૃત્તિગ્રન્થો રચવાની પ્રવૃત્તિનો પ્રારંભ થયો છે. કાશીની પરંપરામાં આ પ્રવૃત્તિ શરૂ થતાં તેમાં નોંધપાત્ર ફેરફાર એ થયો કે ભાષ્યપ્રામાણ્યની સર્વોપરિતાને દરેક ચર્ચામાં કેન્દ્રસ્થાને રાખવામાં આવી અને બીજું, 'કાશિકા' અને 'ન્યાસ' જેવા ગ્રન્થોને બદલે હવે ભટ્ટોજિ દીક્ષિતના 'શબ્દ કૌસ્તુભ' અને 'મનોરમા' ઇત્યાદિ ગ્રન્થોનો જ વિશેષ કરીને ઉપયોગ થવા લાગ્યો.

પ્રકરણ ૧૪

હરિભાસ્કર અને પુરુષોત્તમદેવ

૧

૧૭મી સદીના પૂર્વાર્ધમાં (૧૬૫૦) નીલકંઠ દીક્ષિત થઈ ગયા એવું વિદ્વાનોનું માનવું છે.[1] આ જ સમયગાળામાં નીલકંઠ દીક્ષિત પછી થોડાંક વર્ષો બાદ હરિભાસ્કરનો જન્મ થયો છે. તેઓ હરિભટ્ટના પૌત્ર અને આપાજીભટ્ટ અગ્નિહોત્રીના પુત્ર હતા. 'પરિભાષાભાસ્કર'ને અંતે પ્રાપ્ત થતાં શ્લોકમાંથી જણાય છે કે તેઓ ત્ર્યમ્બકેશ્વરપુરી (નાસિક જિલ્લા પાસે) ના રહેવાસી હતા. પરંતુ અભ્યાસાર્થે કાશીક્ષેત્રમાં તેમણે જીવન દરમ્યાન નિવાસ કર્યો હતો. તેમના પોતાના જણાવ્યા અનુસાર તો તેમનું નામ 'ભાસ્કર' હતું, પણ વૈયાકરણોમાં તેઓ 'હરિભાસ્કર'ના નામથી પ્રખ્યાત છે.

હરિભાસ્કરકૃત 'પરિભાષાભાસ્કર'ના પ્રારંભે કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો રજૂ કરવામાં આવ્યા છે. આ પ્રાસ્તાવિક શ્લોકોમાં મંગલાર્થે પોતાના ગુરુને અને માતા-પિતાને પ્રમાણ કર્યા પછી હરિભાસ્કરે યુક્તાયુક્તને જાણકાર વિદ્વવૃન્દને પોતાની કૃતિમાં રહેલી શિથિલતાઓ શોધી કાઢવા વિનંતિ કરી છે. તથા અંતિમ શ્લોકમાં દુર્જન નિંદાના સ્વરૂપમાં જણાવ્યું છે કે મૃદ્વિકા (પાકેલી દ્રાક્ષનાં ઝુમખાં) સમાન મૃદ્વી એવી આ અમારી કૃતિનો ગર્દભો (खरैरिव) જેવા દુષ્ટ खलैः પુરુષો આદર નહીં કરે તો તેથી અમને (હરિભાસ્કરને) શો વાંધો? અર્થાત્ તેમને કશો જ વાંધો કે નુકશાન નથી.[3] ત્યાર પછી તેમણે 'પરિભાષા' શબ્દને સમજા-

---

૧. Nilakaṇṭha Dikṣita, known also Nilakaṇṭha Vājapeyi, lived in the first half of the-Seventeenth century A. D. Paribhasásaṅgraha, Introduction; p.30.

૨. श्रीगुरून् पितरौ नत्वाऽग्निहोत्री भास्कराभिधः । २ । अ ।
—परिभाषाभास्करः, (પ્રાસ્તાવિકશ્લોકોમાંથી.)

૩. श्रीगुरुन् पितरौ नत्वाऽग्निहोत्री भास्कराभिधः ।
भास्करं परिभाषाणां तनुते बालबुद्धये ॥ २ ॥
युक्तायुक्ताभिधं बन्धं भूयो भूयो विद्वद्वृन्दम् ।
नामं नामं याचे मन्दो मान्द्यं चेदं शोध्यं सम्यक् ॥ ३ ॥
मृद्वी मृद्विकया तुल्या खरैरिव खलैर्यदि ।
नादृतेयं कृतिस्तस्मादस्माकं हानिरस्ति किम् ॥ ४ ॥
—परिभाषाभास्करः; (પ્રાસ્તાવિકશ્લોકોમાંથી.)

વવાની કોશિશ કરી છે: भाष् व्यक्तायां वाचि । એ ધાતુ ઉપરથી परितो भाष्यते । એવી વ્યુત્પત્તિ અનુસાર કર્મ અર્થમાં घञ्-પ્રત્યયની ઉત્પત્તિ થાય છે. અને તેવા અર્થની પ્રતીતિ પણ થાય છે. આમ, 'પરિભાષા' શબ્દ યૌગિક છે.[૪] એક મતાન્તરથી તેમણે આ શબ્દ યોગરૂઢ છે એવું પ્રતિપાદન કર્યું છે. કારણ કે परितो व्यापृतां भाषां परिभाषां प्रचक्षते । એવી પ્રાચીનકારિકા અને परिभाषा पुनरेकदेशस्था सती कृत्स्नं शास्त्रमभिज्वलयति, तद्यथा प्रदीपः सुप्रज्वलित एकदेशस्थः कृत्स्नं वेश्माभिज्वलयति । (2.1.1. સૂત્રભાષ્ય) એવા ભાષ્ય વચનનું એ જ તાત્પર્ય છે.

હરિભાસ્કરે ગ્રન્થના ઉપસંહારમાં આ પરિભાષાઓના કર્તૃત્વનો પ્રશ્ન પણ વિચાર્યો છે. હરિભાસ્કર જણાવે કે 'આ પરિભાષાઓ પાણિનિના રચેલી છે.' એવું મથુરાનાથ ભટ્ટાચાર્યનું કહેવું છે, પરંતુ તે ઘણી ઉતાવળે કહેવાયું હોય એમ લાગે છે. આ જ પ્રમાણે 'આ પરિભાષાઓ વાર્તિકકારની છે.' એમ કહેનારા મીમાંસકો પણ પ્રત્યુક્ત (પરાસ્ત) થયેલા જાણવાં. (કારણ કે) व्याखानतो विशेषप्रतिपत्तिः० । ઇત્યાદિ બધી જ પરિભાષાઓ વ્યાડિમુનિએ રચી છે, એમ કેટલાક લોકોનું માનવું છે.[૫] પરંતુ 'વાસ્તવિક રીતે જોતાં' અર્થાત્ હરિભાસ્કરના

---

૪. तत्र तावद् भाष व्यक्तायां वाचीत्यस्मात् परितो भाष्यते इति व्युत्पत्तेः कर्मणि घञुत्पत्तेस्तथा प्रतीतेश्च परिभाषापदं यौगिकम् ।
—परिभाषाभास्करः; (પાનં. ૩૧૭).
વળી, હરિભાસ્કર જણાવે છે કે न चैवं संज्ञादिष्वतिप्रसङ्गः । અર્થાત્ 'પરિભાષા' પદને યૌગિક માનવાથી સંજ્ઞાદિ પ્રકારના સૂત્રોમાં તેનો અતિપ્રસંગ થતો નથી.

૫. અહીં केचित्तु.....इत्याहुः । થી નિર્દેશેલો મત ચોક્કસ પણે કયા આચાર્યનો છે, તે હરિભાસ્કરે સ્પષ્ટ કહ્યું નથી. એટલે કે હરિભાસ્કરના સમયમાં પણ આ વિષે અનેક મતભેદો પ્રચલિત હતા અને કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ ન હતી. બીજું, હરિભાસ્કરના આ ઉલ્લેખ ઉપરથી પ્રા. કે. વી. અભ્યંકરજીએ એવું સમર્થન મેળવ્યું છે કે આ જ વ્યાડિમુનિએ 'પરિભાષાસૂચન' ગ્રન્થની રચના કરી છે. પરંતુ આપણે જોયું તેમ ઉપર્યુક્ત ઉલ્લેખ કેવળ પરિભાષાઓના કર્તૃત્વ વિષેનો છે. 'પરિભાષસૂચન'-ના કર્તૃત્વ ઉપર તે કોઈપણ રીતે પ્રકાશ પાડી શકે એમ નથી.

પોતાના મતે આ પરિભાષાઓ જુદા જુદા આચાર્યોનાં વચનો છે. વિશેષમાં તેઓ નોંધે છે કે પૂર્વોદાહૃત ળણ્ । મા0 સૂ0 6 । ઇત્યાદિ સૂત્રગત ણ્ કારાદિના ઉપાદાન રૂપ જ્ઞાપકોથી કેવળ ઇષ્ટસિદ્ધિને અર્થે આવાં પરિભાષાવચનો મુનિત્રય વડે સ્વીકારાયાં છે. પરિણામે અનિષ્ટની પ્રસક્તિ થાય ત્યાં આ વચનોનો સ્વીકાર કરવામાં આવતો નથી. જ્ઞાપકસિદ્ધં ન સર્વત્ર । એ પરિભાષા વડે પણ આ જ ન્યાયનું તાત્પર્ય અનુદિત કરવામાં આવ્યું છે. આથી, પરિભાષાવશાદ્ અનિષ્ટની પ્રાપ્તિ નહીં થતાં સકળ ઇષ્ટોની સિદ્ધિ થઈ જશે.[૬]

અગાઉ જણાવ્યું તે મુજબ હરિભાસ્કર ત્ર્યમ્બકેશ્વર (નાસિક)ના રહેવાસી હતા, પણ તેમણે જીવન દરમ્યાન અભ્યાસાર્થે કાશીક્ષેત્રમાં નિવાસ કર્યો હતો. બીજું, તેમના ગ્રન્થમાં 'પ્રદીપ', 'મનોરમા' અને 'કૌસ્તુભાદિ' ગ્રન્થોના[૭] ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે. આથી કોઈ એવું અનુમાન કરવા પ્રેરાય છે કે હરિભાસ્કર પણ નીલકંઠની જેમ કાશીની વૈયાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિકાર છે. પરંતુ તે સમુચિત નથી. કારણ કે આપણે જાણીએ છીએ કે હરિભાસ્કરે પરિભાષાઓની ગોઠવણીનો ક્રમ સીરદેવની જેમ અર્થાત્ પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાને અનુસરીને જ્ઞાપકસૂત્રોના ક્રમ પ્રમાણે સ્વીકાર્યો છે. આ સિવાય, એ (કાશી નિવાસી હોવા છતાંય) પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાને અનુસરનાર હતા એમ કહેવા માટે બીજું પણ એક પ્રમાણ આપી શકાય એમ છે. જેમ કે, તેમણે પરિભાષાઓના વ્યાખ્યાનમાં મહદંશે સીરદેવની ચર્ચાનો જ સારસંગ્રહ કર્યો છે. આમ, હરિભાસ્કર એ બૌદ્ધ વૈયાકરણ પરંપરાના અનુસર્તા હતા.

૨

હવે આપણે 'પરિભાષાભાસ્કર' નો અંતરંગ પરિચય મેળવીએ એ પહેલાં તેમાં પ્રાપ્ત થનારી પરિભાષાઓની સંખ્યા, પરિભાષાના શબ્દ સ્વરૂપ અને પરિભાષાઓની ગોઠવણી–એ વિષે વિસ્તારથી વિચારણા કરીશું :

---

૬. वस्तुतस्तु नानाचार्याणामिमानि वचनानि पूर्वोदाहृतलणसूत्रादिगतणकाराद्युपादानतात्पर्यज्ञापकेभ्य इष्टसिद्धये केवलं पाणिन्यादिमुनित्रयेण उररीक्रियन्ते । अत एवानिष्टप्रसक्तौ नैषामभ्युपगम इति ज्ञापकसिद्धं न सर्वत्र इति परिभाषाया न्यायसिद्धार्थानुवादकत्वमिति न परिभाषावशादनिष्टापादनं सांप्रतमिति सकलेष्टसिद्धिः ॥ १३२ ॥ परिभाषाभास्करः ; पृ. 374.

૭. જુઓ : હરિભાસ્કરની પરિભાષા–૪, ૨૭, ૩૪, ૪૬, ૬૪ અને ૬૮ વગેરે.

'પરિભાષાભાસ્કર'માં કુલ ૧૩૨ પરિભાષાઓ પ્રાપ્ત થાય છે. તેમાંથી હરિભાસ્કરે કુલ ૧૧૫ પરિભાષાઓ 'લઘુપરિભાષાવૃત્તિ'માંથી સ્વીકારી છે. આ ઉપરાંત તેમણે સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'માંથી પણ કેટલીક પરિભાષાઓ સ્વીકારી છે. સીરદેવે પુરુષોત્તમદેવમાં ન હોય તેવી કુલ ૧૩ નવી પરિભાષાઓ રજૂ કરી છે. તેમાંથી परिहृत्यापवादविषयम्० । 94 અને अन्ये तु पूर्वं धातूपसर्गेण० । 129–એ બે પરિભાષાઓ સિવાયની બાકીની ૧૧ પરિભાષાઓ તેમણે સ્વીકારી છે. 'શાકટાયન' અને કાતન્ત્ર પરિભાષાસૂત્ર' પાઠમાંથી પણ તેમણે અનુક્રમે क्वचिदुभयथा वाक्यपरिसमाप्तिः । અને विधिनियमसंभवे विधिरेव ज्यायान् । એમ બે પરિભાષાઓ સ્વીકારી છે. આ સિવાય, તેમણે પોતે પણ ચાર નવી પરિભાષાઓ રજૂ કરી છે. જેમ કે,

૧. संनियोगशिष्टानां सह वा प्रवृत्तिः.....0। 14,

૨. समासश्च द्विपदाश्रयत्वाद्बहिरङ्गोऽपि ल्यपं बाधते । 35,

૩. भावाभावात्मको हि विकल्पः । 126,

૪. अन्वर्था हि प्रत्ययसंज्ञा । 128,

આ રીતે તેમણે કુલ ૧૩૨ પરિભાષાઓ એકત્ર કરીને તેની ઉપર વ્યાખ્યાન કર્યું છે.

હરિભાસ્કરે મહદંશે તો સીરદેવમાં પ્રાપ્ત થતા પરિભાષાઓના શબ્દદેહને સ્વીકાર્યો છે. પરંતુ કેટલેક સ્થળે આંશિક ફેરફારો પણ કર્યા હોય છે.

જેમકે, (ક) પરિભાષાઓના શબ્દદેહમાં વધારો કર્યો હોય છે: ૧. अर्थवद्ग्रहणे नानर्थकस्य ग्रहणम् । (હરિ. ૯) પુરુષોત્તમદેવ અને સીરદેવે આ પરિભાષામાં ग्रहणम् એવું પદ મૂક્યું નથી.

૨. नञिवयुक्तमन्यसदृशाधिकरणे तथा ह्यर्थगतिः । (હરિ. 31) પુરુષોત્તમદેવ અને સીરદેવે[૮] આ પરિભાષાનો અંતિમ શબ્દ 'ह्यर्थः' એટલો જ રાખ્યો છે. જેમાં સ્પષ્ટતાને માટે गतिः એવું પદ જોડીને હરિભાસ્કરે ह्यर्थगतिः એવો આખો સામાસિક શબ્દ બનાવ્યો છે.

---

૮. 'બૃહત્પરિભાષાવૃત્તિ'ની જુદી જુદી બે હસ્તપ્રતોમાં નિમ્નોક્ત પ્રકારના પાઠ મળે છે:

(૧) नञिवयुक्तमन्यत्सदृशाधिकरणे तथा ह्यर्थः । અને

(૨) नञिवयुक्तमन्यत्सदृशाधिकरणे तथा ह्यर्थः ।

પ્રા. કે. વી. અભ્યંકરજીએ આમાંથી બીજો પાઠ સ્વીકાર્યો છે.

(ખ) બીજી તરફ કેટલીક પરિભાષાઓના શબ્દદેહમાં ઘટાડો પણ કરી નાખ્યો છે: ૧. अङ्गवृत्तोः पुनर्वृतावविधिः । (હરિ. 94) આને બદલે, સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'માં આ પરિભાષાનો अङ्गवृत्तोः पुनरङ्गवृत्तावविधिर्निष्ठितस्य । (સી. 91) એવો પાઠ મળે છે.

૨. अर्थवशाद्विपरिणामः । (હરિ. 122) આને બદલે પુરુષોત્તમદેવ અને સીરદેવના પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં अर्थाद्विभक्तिविपरिणामः । (પુ. 88 સી. 120) એવી પરિભાષા પ્રાપ્ત થાય છે. પરંતુ આવા ફેરફારોથી તાત્પર્યાર્થમાં કશો ફરક પડતો નથી.

(ગ) આ સિવાય, હરિભાસ્કરે બીજા કેટલાક ફેરફારો પણ કર્યા છે:

૧. विधिविधानविधिभाजां त्रयाणां संनिपातेन तदन्तविधिः । (હરિ. 13) અહીં હરિભાસ્કરે પુરુષોત્તમદેવના संनिधाने શબ્દને બદલે संनिपातेन એવો ફેરફાર કર્યો છે.

૨. संनियोगशिष्टानां सह वा प्रवृत्तिः सह वा निवृत्तिः । (હરિ. 14) પુરુષોત્તમદેવ અને સીરદેવની પરિભાષાવૃત્તિમાં આ પરિભાષાનો પાઠ આ પ્રમાણે મળે છે. "एकयोगनिर्दिष्टानां सह वा प्रवृत्तिः सह वा निवृत्तिः । (પુ. 24, સી. 14)

૩. स्त्रीप्रत्यये चानुपसर्जने न । (હરિ. 26) આ પરિભાષાને પુરુષોત્તમદેવે स्त्रीप्रत्ययेनानुपसर्जनेन । એવા સ્વરૂપે રજૂ કરી છે. અને સીરદેવે न स्त्रीप्रत्यये चानुपसर्जने । એવો પાઠ રજૂ કર્યો છે. આમાં વિશેષ સંસ્કાર કરીને નીલકંઠે ઉપર્યુક્ત પાઠ મૂક્યો છે, જેનો નાગેશભટ્ટે પણ સ્વીકાર કર્યો છે.

હવે આપણે 'પરિભાષાભાસ્કર'માં પ્રાપ્ત થતી પરિભાષાઓનો ગોઠવણીક્રમ તપાસીશું: અગાઉ જણાવ્યું છે તે મુજબ હરિભાસ્કર કાશીમાં નિવાસ કરતાં હતાં, છતાંય તેમણે પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાનું અનુસરણ કર્યું છે. આથી સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'ની જેમ તેમના 'પરિભાષાભાસ્કર'માં પણ આપણને જ્ઞાપકસૂત્રક્રમાનુસાર પરિભાષાઓ ગોઠવાયેલી પ્રાપ્ત થાય છે. બીજું, હરિભાસ્કરે પણ સીરદેવની જેમ જ અષ્ટાધ્યાયીના જે અધ્યાય અને પાદમાંના સૂત્રો ઉપરથી પરિભાષાઓ જ્ઞાપિત થઈ છે, તેનાં જૂથો બનાવ્યાં છે. પરંતુ આ જૂથોને તેમણે સીરદેવની જેમ 'અંગપાદ', 'ભૂપાદ' ઇત્યાદિ નામો આપ્યાં નથી. કેવળ કોઈ એક પાદની પરિભાષાઓનું જૂથ પૂર્ણ થતાં इति प्रथमे द्वितीयपादः । અને इति प्रथमे तृतीयापादः કે इति द्वितीये प्रथमः । એમ દર્શાવ્યું છે.

કોઈ એક અધ્યાયના ચારેય પાદ પૂરા થઈ જતાં કૃતિ અને કર્તાનું નામ તે આપે છે. જેમકે, इति श्रीमदापाजिभट्टसूनुभास्करकृते परिभाषाभास्करे द्वितीयोऽध्यायः । 'પરિભાષા ભાસ્કર'માં કુલ ૧૩૨ પરિભાષાઓ છે, તેમાંની ૧ થી ૧૦૧ સુધીની પરિભાષાઓને આ પ્રમાણે ગોઠવ્યા પછી હરિભાસ્કરે ૧૦૨ થી ૧૩૨ સુધીની પરિભાષાઓનો એક જુદો વિભાગ બનાવ્યો છે. અને તેના પ્રારંભે જણાવ્યું છે કે હવે પછી મોટે ભાગે (પ્રાયઃ) ન્યાયમૂલા હોય તેવી પરિભાષાઓ રજૂ કરવામાં આવશે. આ નોંધમાંનો 'પ્રાયઃ' શબ્દ નોંધપાત્ર છે. કારણ કે આ વિભાગની કેટલીક ન્યાયમૂલા પરિભાષાનાં જ્ઞાપકો પણ મળે છે. અને કેટલીક સ્વતંત્ર વાચનિકી હોય એવી પણ પરિભાષાઓ અહીં રજૂ કરવામાં આવી છે. જેમકે, यथोद्देशं संज्ञापरिभाषम् । અને कार्यकालं संज्ञापरिभाषम् । (હરિ. 118–119) સીરદેવે ૯૯ થી ૧૩૦ પરિભાષાઓના બીજા વિભાગને પ્રારંભે अतः परं न्यायमूलाः परिभाषाः । એવાં શીર્ષકમાં પ્રાયઃ શબ્દ મૂક્યો નથી.

હરિભાસ્કરના આ વૃત્તિગ્રન્થનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે જે તે પરિભાષાના વ્યાખ્યાનમાં તેમણે, પુરુષોત્તમદેવની જેમ, કેવળ પરિભાષાનાં જ્ઞાપક–પ્રયોજનાદિની સર્વાંગીણ અને વિગતપૂર્ણ સમજૂતી રજૂ કરવાનો આદર્શ સેવ્યો નથી. સીરદેવની જેમ, વિષયાન્તર કરીને પાંડિત્યપ્રદર્શન કરવાનો શોખ પોષ્યો નથી. તથા નીલકંઠની જેમ અતિલાઘવપૂર્વક કેવળ સન્દર્ભનિર્દેશ કરનારું વ્યાખ્યાન પણ તેમણે રજૂ કર્યું નથી.

હરિભાસ્કરે કાશીક્ષેત્રમાં નિવાસ કર્યો હતો અને તેમના જન્મ સમય પૂર્વે ભટ્ટોજિ દીક્ષિત જેવા વિદ્વાન વૈયાકરણોના 'પ્રૌઢમનોરમા' અને 'શબ્દકૌસ્તુભા'દિ ગ્રન્થો વૈયાકરણસમુદાયમાં પ્રતિષ્ઠિત બની ચૂક્યા હતા. બીજી તરફ પરિભાષાના વિષયમાં પણ બૌદ્ધ વૈયાકરણ પરંપરાના પુરુષોત્તમદેવ અને સીરદેવ જેવાના પરિભાષાવૃત્તિગ્રન્થો ઉપરાંત કાશીની બ્રાહ્મણ પરંપરાના નીલકંઠ દીક્ષિતની 'પરિભાષાવૃત્તિ' પણ રચાઈ ચૂકી હતી. આથી આ બધા જ ગ્રન્થોનો હરિભાસ્કરને લાભ મળ્યો હોય તે સ્પષ્ટ છે.

હરિભાસ્કરે કૈયટના 'પ્રદીપ', હરદત્તની 'પદમંજરી', વિઠ્ઠલનો 'પ્રસાદ' જિનેન્દ્રબુદ્ધિનો 'ન્યાસ', સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ' અને ભટ્ટોજિ દીક્ષિતના 'મનોરમા' તથા 'કૌસ્તુભા'દિનો અનેકવાર ઉલ્લેખ કર્યો છે. આ કારણે કોઈના મનમાં એવી કલ્પના ઊઠવા સંભવ છે કે આ 'પરિભાષાભાસ્કર'માં કાશીની

વૈયાકરણ પરંપરા અને પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાનો સમન્વય થયો હશે. પરંતુ આ સન્દર્ભમાં વિગતે અભ્યાસ કરતાં આ કલ્પના ખોટી ઠરે એમ છે. કારણ કે હરિભાસ્કરે કાશીની વૈયાકરણ પરંપરાના ગ્રન્થોનો ઉપયોગ કરીને પૂર્વભારતની વૈયાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિ ગ્રન્થોની ઊણપો દૂર કરવાનો પ્રયત્ન કર્યો નથી. પણ પરિભાષાઓના વ્યાખ્યાન દરમ્યાન આનુષંગિક રીતે પ્રાપ્ત થયેલા મુદ્દાઓ વિષે જ 'મનોરમાદિ'ના મતોનો ઉલ્લેખ કર્યો છે, અને તેનું પ્રત્યાખ્યાન પણ કર્યું છે. બીજી તરફ, પૂર્વ ભારતની વૈયાકરણ પરંપરાના પરિભાષા લેખકો, જેવા કે પુરુષોત્તમદેવનું અને સીરદેવનું યથાવત્ અનુસરણ પણ કર્યું નથી. કેમકે હરિભાસ્કરે ઘણે સ્થળે સીરદેવનો નામોલ્લેખ કરીને તેમના અભિપ્રાયોને પડકાર્યા પણ છે, અને ખોટા પણ જાહેર કર્યા છે. ઉદાહરણ તરીકે જોઈએ તો—હરિ૦ 8, 9, 12, 27, 50 અને 65 પરિભાષાઓનું વ્યાખ્યાન જોવું.

આ જ પ્રમાણે સીરદેવના અભિપ્રાયોનું ખંડન કર્યું હોય એવાં પણ અનેક ઉદાહરણો મળી આવે છે. જેમકે—હરિ 9, 18, 53, 64, 66, 79, અને 113 પરિભાષાઓનું વ્યાખ્યાન જોવું.

આમ, હરિભાસ્કરના ગ્રન્થમાં કાશીની વૈયાકરણ પરંપરા અને પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણોની પરંપરાનો સમન્વય થયો છે એમ નહીં કહી શકાય. તો હવે એ નિર્ણય કરવાનો રહે છે કે તેમણે કઈ પરંપરાનું અનુસરણ કર્યું છે. તેના પ્રત્યુત્તરમાં જણાવીશું કે હરિભાસ્કર કાશીની વૈયાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિકાર નથી. કારણ કે કેટલાંક એવાં સ્થળો મળી આવે છે કે જ્યાં નીલકંઠે પુરુષોત્તમદેવ અને સીરદેવથી જુદા પડીને કાશીના ગ્રન્થોની સૂક્ષ્મ ચર્ચાનો ઉપયોગ કરીને વિકસિત કહી શકાય એવું વ્યાખ્યાન કર્યું હોય, છતાંય હરિભાસ્કરે તેવા વ્યાખ્યાનની તરફ દુર્લક્ષ સેવીને સીરદેવને અનુસરવાનું પસંદ કર્યું હોય. એવાં કેટલાંક સ્થળો આ પ્રમાણે છે :

(૧) निर्दिश्यमानस्यादेशा भवन्ति । (સી. 5 ની 5 અને હરિ. 5)

નીલકંઠે આ પરિભાષાની પ્રવૃત્તિ વિષે અત્યંત ઉપયોગી કહી શકાય એવી કેટલીક સ્પષ્ટતાઓ કરી છે. જેમકે, આ પરિભાષા અવયવ ષષ્ઠીના વિષયમાં પણ પ્રવૃત્ત થાય છે. પરિણામે अतिस्य । જેવા રૂપમાં तद् નું सत्व થતું નથી, એવું पादः पत् । 6-4-130 ઉપરના ભાષ્યમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. रिङादि ના ङित् કરણ સામર્થ્યથી આ પરિભાષા વર્ણગ્રહણમાં પ્રવૃત્ત થતી

નથી.[૯] વળી, આ પરિભાષાથી अलोऽन्त्यस्य । 1-1-52 ઇત્યાદિ પરિભાષા-સૂત્રો પોત પોતાના નિમિત્તોને કારણે ઉપસ્થિત થતાં તેમનો પરસ્પર સમાવેશ જ થાય છે. પણ તેમની વચ્ચે વિરોધ નહીં હોવાથી બાધ્ય-બાધક ભાવ પ્રાપ્ત થતો નથી. આ પરિભાષા અને પૂર્વોક્ત પરિભાષાસૂત્રો સમાન બળવાળાં હોવાથી અને તે બન્નેય પરાર્થ હોવાથી તેમની વચ્ચે અંગાંગીભાવ પણ નથી.

નીલકંઠે રજૂ કરેલી આ અતિમહત્ત્વની ચર્ચા સીરદેવમાં તો પ્રાપ્ત થતી જ નથી, પણ હરિભાસ્કરમાં પણ જોવા મળતી નથી. જો હરિભાસ્કર કાશીની વૈયાકરણ પરંપરા અને પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણપરંપરાના સમન્વયકર્તા હોત તો તેમણે નીલકંઠની ઉપર્યુક્ત ચર્ચાને પોતાના વૃત્તિગ્રન્થમાં સમાવવી અત્યંત જરૂરી હતી.

(૨) प्रत्ययग्रहणं यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य । (સી. 25, ની. 31 અને હરિ. 25) સીરદેવે પુરુષોત્તમદેવને અનુસરીને આ પરિભાષાને यस्मात्प्रत्ययविधिः० । 1-4-13 સૂત્રના યોગવિભાગથી સિદ્ધ કરી બતાવી છે. વસ્તુતઃ નીલકંઠે નિર્દેશ્યું છે એ પ્રમાણે ઉપર્યુક્ત યોગવિભાગથી આ પરિભાષાના કેવળ તદાદ્યંશની જ સિદ્ધિ થાય છે. અને તદન્તાંશની સિદ્ધિને અર્થે येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિકારોએ તદન્તાંશની સિદ્ધિને અર્થે त्रिविविधानविधिभाजां त्रयाणां सन्निधाने तदन्तविधिर्भवति । એવી પરિભાષા રજૂ કરી છે. આથી હરિભાસ્કરે પણ પ્રસ્તુત પરિભાષાના વ્યાખ્યાનમાં નીલકંઠે જે સ્પષ્ટતા કરી છે તેનો ઉલ્લેખ કર્યો નથી. અને સીરદેવની જેમ જ આ પરિભાષાનું વ્યાખ્યાન કર્યું છે.

(૩) अन्तरङ्गबहिरङ्गयोरन्तरङ्गं बलवत् । અને असिद्धं बहिरङ्गमन्तरङ्गे । (સી. 22-29, ની. 27-58 અને હરિ. 22-27) પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાએ એટલે કે પુરુષોત્તમદેવ અને સીરદેવે આ બે પરિભાષાઓ રજૂ કરી છે. તેમના મતે આ બંનેય પરિભાષાઓનું સ્વતંત્ર અસ્તિત્વ છે અને नाजानन्तर्ये बहिष्ट्वप्रकल्पिः । એ પરિભાષા વડે કેવળ असिद्धं बहिरङ्गमन्तरङ्गे । એવી એક જ પરિભાષાનો બાધ થાય છે. બીજી તરફ કાશીની વૈયાકરણ પરંપરાના નીલકંઠ દીક્ષિતે પોતાની પરિભાષાવૃત્તિમાં ભાષ્યને

૯. જો કે નાગેશ ભટ્ટે રિङ् આદિના ડિત્ કરણને સ્પષ્ટાર્થ વર્ણવ્યું છે. પરંતુ હરિભાષાભાસ્કરે આ ચર્ચા ઉપર મૌન સેવ્યું છે.

અનુસરીને સ્પષ્ટ કર્યું છે કે असिद्धं वहिरङ्गमन्तरङ्गे । એવી એક જ પરિભાષાથી સકલ ઇષ્ટોની સિદ્ધિ થતી હોવાથી अन्तरङ्गं बलीयः । અર્થાત્ अन्तरङ्गवहिरङ्गयोरन्तरङ्गं बलीयः । એવી પરિભાષા સ્વીકારવાની જરૂર નથી. પરંતુ હરિભાસ્કરે આ ભાષ્યોક્ત અભિપ્રાયની નોંધ લીધી હોવા છતાંય સીરદેવને જ અનુસરવાનું ચાલુ રાખ્યું છે. અને ઉપર્યુક્ત બન્નેય પરિભાષાઓનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકાર્યું છે.

પરિભાષા વિષયક સિદ્ધાન્ત ચર્ચાઓના સન્દર્ભમાં આવી સ્થિતિ હોવાની સાથે સાથે 'પરિભાષાભાસ્કર' માંથી બીજાં કેટલાંક સૂચનો પણ મળી રહે છે, જેને કારણે આપણે હરિભાસ્કરને પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિકાર કહેવા પડશે. જેમકે,

( ) અગાઉ નિર્દેશ્યું છે એ પ્રમાણે સીરદેવની જેમ જ હરિભાસ્કરે પણ પરિભાષાઓની ગોઠવણીનો ક્રમ જ્ઞાપકસૂત્રોના ક્રમને અનુસરીને સ્વીકાર્યો છે. અને 'પ્રથમ અધ્યાયના પ્રથમ પાદની' 'દ્વિતીય પાદની' એમ પરિભાષાઓના જૂથ બનાવીને અંતે 'પ્રાયઃ ન્યાયસિદ્ધ પરિભાષાઓ'નું જૂથ મૂક્યું છે.

(૨) संनियोगशिष्टानामन्यतरापाये उभयोरप्यपायः । (સી. 72 ની. 77 અને હરિ. 74) અને प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । (સી. 28, ની. 38 અને હરિ. 28) જેવી પરિભાષાઓના વ્યાખ્યાનની સરખામણીમાં વ્યાખ્યાનની સરખામણી કરતાં માલૂમ પડે છે કે હરિભાસ્કરે સીરદેવની ચર્ચાનો જ સારસંગ્રહ કે અનુસરણ કરવાનું પસંદ કર્યું છે.

૪

અગાઉ જણાવ્યું છે તે મુજબ હરિભાસ્કર 'પરિભાષા ભાસ્કર'ની પૂર્વે ત્રણ પરિભાષાવૃત્તિઓ રચાઈ ચૂકી હતી. પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાના પરિભાષાવૃત્તિ ગ્રન્થો જોઈએ તો જણાય છે કે પુરુષોત્તમદેવના 'લઘુપરિભાષાવૃત્તિ' ગ્રન્થથી જે તે પરિભાષાની સર્વાંગીણ અને વિગતપૂર્ણ ચર્ચા થઈ ગઈ છે. તથા પરિભાષાઓની ચર્ચાઓના અનુસન્ધાનમાં આનુષંગિક રીતે, આ પરંપરાની કેટલીક વિશેષ ચર્ચાઓને સીરદેવના 'બૃહત્પરિભાષાવૃત્તિ' ગ્રન્થમાં સ્થાન મળી ગયું છે. તેની સ્થિતિમાં હરિભાસ્કરે નવો પરિભાષાવૃત્તિગ્રન્થ લખવાની શી જરૂર હતી ? એવી સ્વાભાવિક જિજ્ઞાસા થાય. બીજી તરફ, તેમણે ભલે બૌદ્ધ વૈયાકરણ પરંપરાનું અનુસરણ કરવાનું પસંદ કર્યું, પરંતુ તેમણે કાશીની વૈયાકરણ પરંપરામાં સિદ્ધાંત ચર્ચાઓ વિકસી હતી તેનો ઉપયોગ કરીને પોતાની પરંપરાને વધુ સમૃદ્ધ કરવાનો પણ

શા માટે વિચાર ન કર્યો ? તે એક બીજો પ્રશ્ન છે. આ બન્ને પ્રશ્નો આપણને હરિભાસ્કરના ગ્રન્થનું શું પ્રયોજન છે તે શોધવાની પ્રેરણા આપે છે :

હરિભાસ્કરે પાણિનીય પરિભાષાઓ ઉપર વૃત્તિ રચવાનો ઉપક્રમ સ્વીકાર્યો હોવા છતાંય તેમણે અનેક સ્થળે પરિભાષાઓની મદદથી શિષ્ટ પ્રયોગોને સાધુત્વ બોધન કરવાનો વિશેષ પ્રયત્ન કર્યો છે. કેટલાંક ઉદાહરણો જોવાથી આ મુદ્દો સ્પષ્ટ થઈ જશે.

(૧) व्याख्यानतो विशेषप्रतिपत्तिः ० । (હરિ. 1) હરિભાસ્કર જણાવે છે કે आत्मन्विश्वजनभोगोत्तरपदात् खः । 5-1-9 સૂત્રસ્થ विश्वजन શબ્દમાં ષષ્ઠી તત્પુરુષ, બહુવ્રીહિ કે કર્મધારય એ ત્રણમાંથી કયો સમાસ છે ? એવો સંદેહ થાય છે. ત્યારે આ પરિભાષા વડે સ્પષ્ટ કરવામાં આવે છે કે વિશ્વજન શબ્દમાં કર્મધારય સમાસ છે પરિણામે, क्षणं मया विश्वजनीनमुच्यते । (1-4-1) એવા માઘકવિના પ્રયોગને વિષે विश्वस्मै जनाय हितमिति विश्वजनीनम् । એવું વ્યાખ્યાન કરનારાઓ યુક્તિયુક્ત છે.

(૨) क्वचिदेकदेशोऽप्यनुवर्तते । (હરિ. 8) હરિભાસ્કર આ પરિભાષાના વ્યાખ્યાનમાં આનુષંગિક રીતે જણાવે છે કે चक्षिङ् ધાતુનું અનુદાત્તોત્વ (૧) યુચ્ પ્રત્યયને અર્થે છે અને (૨) 'अनुदातेत्व लक्षणु आत्मनेपद अनित्य છે.' એવું જ્ઞાપિત કરવા માટે છે. પરિણામે उदयति विततं० । (शिशुपालवध, સર્ગ-4/20) ઇત્યાદિ પ્રયોગો ઉપપન્ન થાય છે.

પરંતુ गिरिशमचलकन्या तर्जयामास० । એવા 'ભાનુ' કવિના પદ્યમાં तर्जयति । ૩૫સ્થ ધાતુમાં અનુદાત્તોત્વ હોવા છતાંય तर्जयामास । એવો પરસ્મૈપદનો પ્રયોગ ઉપપન્ન થાય છે એમ કહેવું ખોટું છે. આ પ્રયોગના સાધુત્વાસાધુત્વ વિષે હરિભાસ્કરે વિસ્તારથી ચર્ચા કરી છે,

(૪) क्वचिदपवादविषयेऽप्युत्सर्गोऽभिनिविशते । (હરિ. 33) હરિભાસ્કર જણાવે છે કે આવી પરિભાષા હોવાથી काञ्चनी वासयष्टिः । એવા ઉદાહરણમાં नित्यं वृद्धशरादिभ्यः । 4-3-144 સૂત્રોક્ત मयट् ના વિષયમાં अनुदात्तादेश्च । 4-3-40 સૂત્રવિહિત अञ् થયો છે.

એ જ પ્રમાણે, प्रदीयतां दाशरथाय मैथिली । એવા પ્રયોગમાં अत इञ् । 4-9-15 ના વિષયમાં प्राग्दीव्यतोऽण् । 4-1-83 સૂત્રોક્ત अण् ની પ્રવૃત્તિ થઈ છે.

(૪) તદનુબન્ધકગ્રહણે નાતદનુબન્ધકસ્ય । (હરિ. 54) આવી પરિભાષા હોવાથી માઙિ લુઙ્ । 3-3-175 સૂત્રમાં ઙિત્ ભિન્ન મા નું ગ્રહણ થશે નહીં. આથી હરિભાસ્કર જણાવે છે કે મા ભવતુ । અને મા ભવિષ્યતિ । જેવા પ્રયોગોમાં ઙિત્ ભિન્ન માનું ગ્રહણ થયું છે,[10] એમ કહીને (કાશિકાકારે)[11] સમાધાન કર્યું છે.

આના અનુસંધાનમાં હરિભાસ્કરે મા જીવન્ યઃ પરાવજ્ઞામ્ । (2/45) એવા માઘકવિના પ્રયોગની સિદ્ધિ પણ વિચારી છેઃ મા પદથી માઙ્ નું ઉપાદાન કરવામાં આવ્યું છે એવી કલ્પના કરવામાં આવે તો તે પ્રયોગ અસાધુ ઠરે એમ છે. આથી હરિભાસ્કર જણાવે છે કે અહીં માઙ્યાક્રોશે । 3-2-126 । વા૦ 6 । એવા વાર્તિક બળથી શત્રન્ત જીવન્ એવો પ્રયોગ થયો છે, જે સાધુ છે.

વળી, ન માઙ્યોગે । 6-4-74 સૂત્રથી અટ્ અને આટ્ આગમનો નિષેધ કરવામાં આવે છે ત્યાં પણ ઙિત્ ભિન્ન મા શબ્દનું ગ્રહણ થતું નથી. પરિણામે સમયે તિષ્ઠ સુગ્રીવ મા વિભીષણમન્વગાઃ । અને યસ્યાંતરાયૌ મૈવાભૂઃ । એવા અનુક્રમે રામાયણ અને ભાગવતના પ્રયોગો સિદ્ધ થાય છે. (કારણ કે અહીં ઙિત્ ભિન્ન મા નું ગ્રહણ હોવાથી અટ્ અને આટ્ આગમનો નિષેધ થયો નથી.) તથા, બીજી તરફ શ્રીધરનું એમ માનવું છે કે આ બે પ્રયોગોમાં છાન્દસ્ અટ્ આગમ થયો છે, તેનો આદર નહીં કરવો જોઈએ એમ કેટલાક લોકો કહે છે. પરંતુ હરિભાસ્કર કહે છે કે આ મત સાચો નથી. કારણ કે ન માઙ્યોગે । 6-4-74 ની જેમ માઙિ લુઙ્ । 3-3-175 ની અપ્રવૃત્તિ થતાં લોટ્ થી લુઙ્ નો બાધ થઈ જવાની આપત્તિ આવશે. માટે લુઙ્ ની પ્રવૃત્તિને અર્થે અર્થાત્ ઉપર્યુક્ત બે રૂપોમાં અન્વગાઃ । અને અભૂઃ । એવા લુગન્ત રૂપોની સિદ્ધિને અર્થે ત્યાં માઙ્ નું ગ્રહણ છે એમ સ્વીકારવું જ રહ્યું અને આથી ત્યાં છાન્દસ અટ્ આગમ થયો છે એમ કહેવું પણ સમ્યગ્ છે.

(૫) સમાસાન્તવિધિરનિત્યઃ । (હરિ. 65) હરિભાસ્કરે જણાવે છે કે આવી પરિભાષાની સાહાય્યથી ધૃતધનુષમહૂનાય તૃણવત્ । જેવા (શિવમહિમ્નના) પ્રયોગમાં ધનુષશ્ચ । 5-4-132 સૂત્રોક્ત અનઙ્ થતો નથી.

---

૧૦. પરિણામે તે પ્રયોગમાં લુઙ્ થયો નથી.

૧૧. કથં મા ભવતુ તસ્ય પાપં મા ભવિષ્યતીતિ । અસાધુરેવ અયમ્ । કેચિદાહુઃ-અઙિદપરો મા શબ્દો વિદ્યતે, તસ્યાયં પ્રયોગઃ ॥ 3-3-175 સૂત્ર ઉપરની કાશિકાવૃત્તિ.

(૬) धातोः कार्यमुच्यमानं तत्प्रत्यय एव भवति । (હરિ. 76) આવી પરિભાષા હોવાથી હરિભાસ્કર જણાવે છે કે कीलालपः पश्य । એવા પ્રયોગમાં पाघ्राध्मा० । 7-3-78 સૂત્રોક્ત पिब् આદેશ થતો નથી.

(૭) सत्यपि संभवे बाधनं भवति । હરિ. 89) હરિભાસ્કર જણાવે છે કે આવી પરિભાષા હોવાથી त्वाष्ट्रो जागतः । એવા પ્રયોગમાં આદિ વૃદ્ધિથી અન્ત્યવૃદ્ધિ અને ઉપધાવૃદ્ધિનો બાધ થયો છે. તથા વર્તમાનાર્થ क्त થી ભૂતાર્થક क्त પ્રત્યયનો બાધ થયો છે.

આવી પરિભાષા હોવાથી હરદત્તે જણાવ્યું છે કે पूजितो यः सुरासुरैः । ઇત્યાદિ (ગણેશસ્તવનનો) શ્લોક ચિન્ત્ય છે. આ વિષે હરિભાસ્કરે, આ પ્રમાણે વિચારણા કરી છે : तेन प्रोक्तम् । 4-3-101 એવા અધિકારસૂત્રની અંતર્ગત उपज्ञाते । 4-3-165 એવા સૂત્ર-નિર્દેશથી જ્ઞાપિત થાય છે કે ક્વચિત્ મત્યાદ્યર્થક શબ્દોની પરમાં ભૂતઅર્થમાં પણ क्त પ્રત્યય થાય છે. આથી जनैरविदितविभवो भवानीपतिः । ઇત્યાદિ પ્રયોગોની સિદ્ધિ થાય છે.

(૮) सामान्यातिदेशे विशेषस्यानतिदेशः । (હરિ. 108) હરિભાસ્કર જણાવે છે કે આવી પરિભાષા હોવાથી देवश्चेदवर्षीद्धान्यमवाप्स्म । એવા વાક્યમાં आशंसायां भूतवच्च । 3-3-132 સૂત્રથી જે અતિદેશ કરવામાં આવ્યો છે તે કેવળ लुङ् નો જ થશે, પણ लङ् કે लिट् નો અતિદેશ થશે નહીં.

આથી व्यातेने किरणावलीमुदयनः ० । (किरणावली, प्रास्ताविक श्लो० 3) એવા પ્રયોગમાં व्यातेने । એવું જે રૂપ છે, તેમાં આશંસા અર્થમાં लिट् થયો છે એમ કેટલાકે કહ્યું છે તે અસ્વીકાર્ય હોવાથી, આ પ્રયોગનું સાધુત્વ ચિન્ત્ય છે.

આ ચર્ચાને આગળ ચલાવતાં હરિભાસ્કર કહે છે કે वर्धमाने णलुत्तमो वा । 7-1-91 એવા જ્ઞાપકથી અપરોક્ષમાં પણ लिट् થાય છે, એવું જે સમાધાન કર્યું છે તે અયોગ્ય છે.

(૯) गणकार्यमनित्यम् । (હરિ. 120) હરિભાસ્કર જણાવે છે કે तनादिकृञभ्य उः । 3-1-79 સૂત્રમાં तनादित्वथी જ कृञ् નું ગ્રહણ સિદ્ધ હતું એવી સ્થિતિમાં पुनः कृञ् ગ્રહણ કર્યું છે તે અહીં જ્ઞાપક છે. આથી न विश्वसेत् । એવો પ્રયોગ સિદ્ધ થાય છે.

વળી, अदिप्रभृतिभ्यः शपः । 2-4-72 સૂત્રોક્ત शप् નો लुक् ગણકાર્ય-નિમિત્તક હોવાથી અનિત્ય છે એમ કહીને स चापि गदया दैत्यः सर्वा

एवाहनत् पृथक् । એવા માર્કણ્ડેય પુરાણના પ્રયોગને પણ સાધુત્વ બોધન કરી શકાય.

આ ઉપરાંત संज्ञापूर्वको विधिरनित्यः । (હરિ. 73) અને 'अबाधकान्यपि निपातनानि भवन्ति ।' (હરિ. 78) જેવી પરિભાષાઓથી अनुक्रमे स्वायंभुवम् । અને दधतः पुरातनमुनैर्मुनिताम् । (ભારવિ- 6/19) पुरातनीर्नदीः । (માઘ 12/60) જેવા પ્રયોગોને પણ સાધુત્વ બોધન કર્યું છે.

આમ, હરિભાસ્કરે પરિભાષાવૃત્તિની રચનામાં પરિભાષાઓનું વ્યાખ્યાન કર્યું છે. તદુપરાંત શિષ્ટપ્રયોગોને સાધુત્વ બોધન કરવા તરફ પણ વિશેષ પ્રયત્ન કર્યો છે. હરિભાસ્કરના પુરોગામીઓએ પરિભાષાઓના અંગ-પ્રત્યંગાદિ વિષે બહુ વિગતે અને વિસ્તારથી ચર્ચાઓ કરી હતી, એવી સ્થિતિમાં હરિભાસ્કરે આ એક નવો ગ્રન્થહેતુ નજર સામે રાખ્યો હોય એમ જણાય છે.

૫.

પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ની સાથે હરિભાસ્કરના આ પરિભાષાભાસ્કરને સરખાવતાં જણાય છે કે, (૧) જે તે પરિભાષાઓના વ્યાખ્યાનમાં, હરિભાસ્કરે પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાનું અનુસરણ કર્યું હોવાથી મહદંશે તો કશું વિશેષ કહેવાનું હોતું નથી. (૨) પરિભાષાઓની સંખ્યા થોડી વધી છે. પરંતુ કુલ 132 પરિભાષાઓમાંથી 115 પરિભાષાઓ તો પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માંથી જ સ્વીકારેલી છે. તથા પરિભાષાઓની ગોઠવણીમાં તેમણે સીરદેવનું અનુસરણ કર્યું છે. અર્થાત્ પરિભાષાની ગોઠવણીની બાબતમાં હરિભાસ્કરની મૌલિક વ્યવસ્થા નથી. પુરુષોત્તમદેવે તો પાણિનીય પરિભાષાઓને એકત્ર કરીને તેની ઉપર વૃત્તિ રચવાનો પહેલવહેલો એક નવો અભિગમ દર્શાવ્યો હોવાથી પરિભાષાઓની ગોઠવણી અંગે ખાસ ધ્યાન લેવામાં આવ્યું ન હોય તે સ્વાભાવિક છે. (૩) હરિભાસ્કરે કેટલેક સ્થળે સીરદેવનો સ્પષ્ટ નામોલ્લેખ કરીને અને પરોક્ષ રીતે પુરુષોત્તમદેવનો પણ નિર્દેશ કરીને તેમના વ્યાખ્યાનનું પ્રત્યાખ્યાન કર્યું છે. પરંતુ આ સન્દર્ભમાં એ નોંધવું જોઈએ કે પુરુષોત્તમદેવની અપેક્ષાએ હરિભાસ્કરની પાસે વ્યાકરણ વિષે સૂક્ષ્મ ચર્ચાઓ કરનાર ઘણા ગ્રન્થો હતા અને કાશીની વૈયાકરણ પરંપરાનો પણ હરિભાસ્કરને લાભ મળ્યો છે. એટલે એક અનુગામી પરિભાષાવૃત્તિકાર તરીકે તેમણે કરેલું પ્રત્યાખ્યાન બહુ વિવાદાસ્પદ નથી. (૪) ખાસ નોંધપાત્ર કહી શકાય એવો એક મુદ્દો એ છે કે પુરુષોત્તમદેવની

'લઘુપરિભાષાવૃત્તિ'માં લગભગ પદે પદે 'ન્યાસ'નો ઉપયોગ કરવામાં આવ્યો છે. પણ હરિભાસ્કરની 'પરિભાષાભાસ્કર' વૃત્તિમાં આ સ્થિતિ લગભગ અદૃશ્ય થવા પામી છે. હવે (હરિભાસ્કરના સમયમાં) ભાષ્ય-ગ્રન્થ જ એકમાત્ર અંતિમ પ્રમાણ-ગ્રન્થ હોય એવો અભિપ્રાય રૂઢ થવા લાગ્યો છે. વળી 'ન્યાસ'ને બદલે ભટ્ટોજિ દીક્ષિતના ગ્રન્થો, જેવા કે, 'શબ્દકૌસ્તુભ' અને 'મનોરમા' તેના ઉલ્લેખો અનેકવાર પ્રાપ્ત થાય છે. અને (૫) પુરુષોત્તમદેવ અને હરિભાસ્કરના ગ્રન્થપ્રયોજનો વચ્ચે જે મૂળભૂત તફાવત રહેલો છે તેને નોંધીશું તો જણાશે કે 'લઘુપરિભાષાવૃત્તિ'માં જે તે પરિભાષાને સમજાવવા માટે જરૂરી કહી શકાય તેવા પરિભાષાના અંગ-પ્રત્યંગો; જેવાં કે- અર્થ, જ્ઞાપક, પ્રયોજન, પરિભાષાનો પ્રવૃત્તિ વિષય ઇત્યાદિ તેની ચર્ચા જ પ્રાપ્ત થાય છે. પણ હરિભાસ્કરે જે સમયગાળામાં 'પરિભાષા-ભાસ્કર'ની રચના કરી છે તે સમયે તો પાણિનીય પરિભાષાઓ ઉપર ઘણી વિચારણા થઈ ચૂકી છે, બીજા શબ્દોમાં કહીએ તો પુરુષોત્તમદેવ, સીરદેવ અને નીલકંઠ જેવા વિદ્વાન વૈયાકરણોએ સ્વતંત્ર પરિભાષાવૃત્તિ ગ્રન્થોની રચના કરી દીધી છે. આ સ્થિતિમાં હરિભાસ્કરને માટે પરિભાષાઓના અંગ-પ્રત્યંગાદિને વિશદ કરવા એ બહુ અગત્યની વાત રહી નથી. આથી તેમણે પરિભાષાઓ દ્વારા કેટલાક શિષ્ટ પ્રયોગોને કેવી રીતે સાધુત્વ બોધન કરી શકાય તેનો પ્રશ્ન વિચાર્યો છે.

આમ, પુરુષોત્તમદેવ અને હરિભાસ્કર બન્નેનું કામ પોતપોતાના સન્દર્ભમાં પ્રશસ્ય કહી શકાય. બીજું, પુરુષોત્તમદેવે પ્રવર્તાવેલી પાણિનીય પરિભાષાઓ ઉપર સ્વતંત્રપણે વૃત્તિગ્રન્થ રચવાની એક નવી પ્રવૃત્તિને હરિભાસ્કરે પોતાના 'પરિભાષા-ભાસ્કર' થી પ્રવહમાન રાખી છે, તેનું મૂલ્ય ઘણું કહી શકાય.

પ્રકરણ ૧૫

નાગેશ અને પુરુષોત્તમદેવ

૧

લગભગ ઈ. સ. ની ૧૭મી સદીમાં કાશીની વૈયાકરણ પરંપરામાં નાગેશ ભટ્ટનો ઉદય થયો. જન્મે તેઓ મહારાષ્ટ્રી બ્રાહ્મણ હતા. પરંતુ જીવન-દરમ્યાન તેમણે કાશીમાં નિવાસ કરીને વ્યાકરણનું અધ્યયન-અધ્યાપન કર્યું હતું. અસાધારણ મેધા અને પ્રતિભાના બળે તેમણે પાણિનીય સંસ્કૃત વ્યાકરણ-શાસ્ત્રનો વિકાસ કર્યો. કાશીની વૈયાકરણ પરંપરામાં પણ ભટ્ટોજિ દીક્ષિતથી જુદા પડીને તેમણે નવ્યમતની સ્થાપના કરી છે.

નાગેશ ભટ્ટે પોતાના જીવન-દરમ્યાન અનેક વિષયના ગ્રન્થોની રચના કરી છે, તેમાં વ્યાકરણ-શાસ્ત્રના ગ્રન્થોનું ઘણું મહત્ત્વ છે. વિશેષ કરીને તેમના (૧) શબ્દેન્દુશેખર (૨) પરિભાષેન્દુશેખર અને (૩) વૈયાકરણસિદ્ધાન્તલઘુમંજૂષા —આ ત્રણ ગ્રન્થો ઘણા નોંધપાત્ર છે. 'પરિભાષેન્દુશેખર' ગ્રન્થ સિવાય, 'મંજૂષા અને શબ્દેન્દુશેખરના અન્ય સ્વરૂપો પરમલઘુમંજૂષા અને બૃહત્મંજૂષા, તેમજ લઘુશબ્દેન્દુશેખર અને બૃહચ્છબ્દેન્દુશેખર પણ તેમણે રચ્યાં છે. 'પરિભાષેન્દુશેખર' ગ્રન્થ પાણિનીય પરિભાષાઓ પર વ્યાખ્યાન કરતો એક મૂલ્યવાન ગ્રન્થ છે. આ ગ્રન્થની રચના થયા પછી આજ દિન સુધી સમગ્ર ભારતવર્ષમાં આ ગ્રન્થની મદદથી જ પાણિનીય પરિભાષાઓનું અધ્યયન-અધ્યાપન થતું આવ્યું છે. આ હકીકત જ તેની ગુણવત્તાની દ્યોતક છે. અને બીજા શબ્દોમાં કહીએ તો પાણિનીય પરિભાષાઓ ઉપર સ્વતંત્ર વ્યાખ્યાન રજૂ કરતાં વૃત્તિ-ગ્રન્થો રચવાની, પુરુષોત્તમદેવે પ્રારંભેલી આ પ્રવૃત્તિ નાગેશ ભટ્ટના 'પરિભાષેન્દુશેખર'ની રચના થતાં ચરમસીમાએ પહોંચી છે.

'પરિભાષેન્દુશેખર'ના પ્રારંભે સામ્બશિવ—બ્રહ્મ-ને પ્રણામ કરીને બાલાનાં સુખબોધાય 'પરિભાષેન્દુશેખર'ની રચના કરવામાં આવે છે એમ જણાવ્યું છે.[1]

---

૧. नत्वा साम्बशिवं ब्रह्म नागेशः कुरुते सुधीः ।
बालानां सुखबोधाय परिभाषेन्दुशेखरम् ॥
परिभाषेन्दुशेखरः ।

આ મંગલશ્લોક પછી નાગેશ ભટ્ટે એક પ્રાસ્તાવિકવિધાન કર્યું છે. જેમકે,

प्राचीनवैयाकरणतन्त्रे वाचनिकान्यत्र पाणिनीयतन्त्रे ज्ञापकन्यायसिद्धानि भाष्यवार्त्तिकयोर्निबद्धानि यानि परिभाषारूपाणि तानि व्याख्यायन्ते ॥ અર્થાત્ પ્રાચીન વૈયાકરણ તન્ત્રમાં વાચનિકી (પણ) અહીં પાણિનીય તંત્રમાં જ્ઞાપકન્યાયસિદ્ધ (કે જે) ભાષ્યમાં અને વાર્તિકમાં ઉપનિબદ્ધ હોય, તેવી પરિભાષાઓનું અહીં વ્યાખ્યાન કરવામાં આવે છે.[૨]

૨

હવે આપણે 'પરિભાષેન્દુશેખર'માં પ્રાપ્ત થતી પરિભાષાઓની સંખ્યા, ગોઠવણી, શબ્દદેહ ઇત્યાદિ વિષે વિચારીશું. 'પરિભાષેન્દુશેખર'માં કુલ ૧૩૩ જેટલી પરિભાષાઓ પ્રાપ્ત થાય છે.[૩] નાગેશે કેટલીક ભાષ્યાનુક્ત પરિભાષાઓનું ખંડન કર્યું છે. કિલહોર્નેએ એવી પરિભાષાઓને એક જ ક્રમાંક નીચે રજૂ કરી છે. જેમકે, (૧) संज्ञापूर्वकविधेरनित्यत्वम् । 93–1 आगमशास्त्रमनित्यम् । 93–2...વગેરે અને (૨) क्वचिद्विकृतिः प्रकृतिं गृहणाति । 120/1. તથા औपदेशिकप्रायोगिकयोः० । 120/2. વળી, બનારસની આવૃત્તિમાં अन्तरङ्गादपवादो बलीयान् । એવી પરિભાષાના વ્યાખ્યાનમાં ઉપસ્થિત થતા येन नाप्राप्ते यो विधिरारभ्यते० । એવા વાક્યને અલગ પરિભાષા રૂપે ગણ્યું છે. પરંતુ કિલહોર્નેએ આ વાક્યને સ્વતંત્ર પરિભાષા રૂપે સ્વીકાર્યું નથી. આથી કિલહોર્નેએ પ્રકાશિત કરેલી આવૃત્તિમાં, ક્રમાંકની દૃષ્ટિએ ૧૨૨ પરિભાષાઓ જોવા મળે છે. બનારસની આવૃત્તિમાં येन नाप्राप्ते० । એ વાક્યની જેમ જો कृत्रिमाकृत्रिमयोः० । कृताकृतप्रसंगि नित्यम् । અને लक्ष्ये लक्षणप्रवृत्ति...० । એ વાક્યોને પણ સ્વતંત્ર પરિભાષા ગણવામાં આવે તો પરિભાષાઓની સંખ્યાનો આંકડો ૧૩૬ સુધી પહોંચી જાય.

નાગેશ ભટ્ટના 'પરિભાષેન્દુશેખર'માં પરિભાષાઓની સંખ્યા ૧૩૩ માનો કે ૧૩૬—પરંતુ તેમાંની ૯૩ પરિભાષાઓ પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માંથી સ્વીકારવામાં આવી છે. આ ઉપરાંત સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'માંથી ૬,

---

૨. આ પ્રાસ્તાવિક-વચનના અર્થઘટન પરત્વે મતભેદ પ્રવર્તે છે. આની ચર્ચા માટે જુઓઃ
ડૉ. જે. એમ. શુકલકૃત 'પાણિનીય વ્યાકરણશાસ્ત્રનો ઇતિહાસ' પાન–૩૬૪.

૩. પરિભાષેન્દુશેખર., સં. પ્રા. કે. વી. અભ્યંકર., ભાંડારકર ઓરિએન્ટલ રીસર્ચ ઇન્સ્ટી. (પૂના) એ પ્રકાશિત કરેલી આવૃત્તિ.

નીલકંઠની 'પરિભાષાવૃત્તિ'માંથી ૭, વ્યાડિને નામે મળતાં 'પરિભાષાસૂચન', શાકટાયન, ચાંદ્ર અને કાતન્ત્રના પરિભાષાપાઠોમાં મળતી બીજી ૧૩ પરિભાષાઓ સ્વીકારી છે. આ સિવાય, નાગેશ ભટ્ટે પોતે પણ ૧૬ નવી પરિભાષાઓ ઉમેરી છે. આ વિષે આપણે વિગતે ચર્ચા અગાઉ કરી છે.[૪]

નાગેશની પૂર્વે ચાર પ્રખ્યાત પરિભાષાવૃત્તિકારો થઈ ગયા છે, જેમણે 'ભાષ્ય', 'કાશિકા' અને 'ન્યાસા'દિ માં પ્રચલિત હોય એવા પરિભાષાઓના શબ્દદેહને સ્વીકાર્યા છે. સાથે સાથે તેઓએ જરૂર પડે તેમાં ઉમેરા કે ફેરફારો પણ કર્યા છે. પરંતુ આ સન્દર્ભમાં નાગેશ ભટ્ટે પરિભાષાઓના શબ્દદેહમાં જે ફેરફારો કર્યા છે તે નોંધપાત્ર છે. નાગેશ ભટ્ટે મુખ્યત્વે બે કારણોસર પરિભાષાઓના શબ્દદેહમાં ફેરફાર કર્યા છે: (૧) પરિભાષાના ભાષ્યોક્ત પાઠની જ પ્રતિષ્ઠા કરવા અને (૨) પરિભાષાના પાઠને યુક્તિયુક્ત કરવા. કેટલાંક ઉદાહરણો જોવાથી આ મુદ્દો સ્પષ્ટ થશે:

(૧) ક. अभ्यासविकारेषु बाध्यबाधकभावो नास्ति ॥ ना० 66 ।
અને धातोः कार्यमुच्यमानं तत्प्रत्यये भवति । ना० 88 ।

નાગેશ ભટ્ટે આવી પરિભાષાઓ રજૂ કરી છે. કારણ કે વાર્તિકકાર કાત્યાયને રજૂ કરેલી આ પરિભાષાઓ તો अभ्यासविकारेष्वपवादा नोत्सर्गान् विधीन् बाधन्ते । (7-4-82, वा० 2) અને धातोः स्वरूपग्रहणे तत्प्रत्यय एव कार्यसंविज्ञानम् । (7. 2. 114, वा० 2) એવા સ્વરૂપે મળે છે. આ વાર્તિકકારોક્ત સ્વરૂપમાં દોષોદ્ભાવન કરીને ભાષ્યકાર પતંજલિએ તેમાં ફેરફાર સૂચવ્યા છે પુરુષોત્તમદેવે વાર્તિકસ્થ પાઠને પ્રાધાન્ય આપીને વાર્તિકકારના પાઠને સ્વીકાર્યા છે અને પરિભાષાના વ્યાખ્યાનમાં ભાષ્યકારે સૂચવેલા ફેરફારની 'પરિભાષાન્તર' તરીકે નોંધ લીધી છે. પરંતુ નાગેશ ભટ્ટે તો, ભાષ્યકારે સુધારો કરીને દર્શાવેલા પાઠને જ સ્વીકાર્યો છે.

ખ. बाधकान्येव निपातनानि । (ना० 110). મહાભાષ્યમાં નિપાતનનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં પતંજલિએ જણાવ્યું છે કે નિપાતનો બાધક જ હોય છે. આને અનુસરીને નાગેશે આવી પરિભાષા આપી છે. બીજી તરફ પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરામાં તો 'કાશિકા'ની ઘણી પ્રતિષ્ઠા હોવાને કારણે કાશિકાકારના અભિપ્રાયોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. આથી પુરુષોત્તમદેવાદિના પરિભાષાવૃત્તિગ્રન્થોમાં अबाधकान्यपि निपातनानि । એવી પરિભાષા (પણ)

૪. જુઓ: 'પાણિનીય પરિભાષાપાઠો': પ્રકરણ-૬., પાન ૧૭૬.

મળે છે. પરંતુ નાગેશે સ્પષ્ટ કર્યું છે તે મુજબ આવી પરિભાષા ભાષ્યમાં મળતી નથી, તે કારણે સ્વીકાર્ય નથી.[૫]

(૨) ક. यदागमास्तद्गुणिभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । (ना. ११). આ પરિભાષા પહેલ વહેલી વાર્તિકકારે નિર્દેશી છે. જેમકે, अर्थवतोः ह्यागमस्तद्गुणिभूतस्तद्ग्रहणेन.....। 1-1-20, वा० 5). તેમાંથી સૂચન લઈને પુરુષોત્તમદેવે તેને आगमा यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । (पु० 18)-એ સ્વરૂપે રજૂ કરી છે. આમાં ફેરફાર કરીને, નાગેશ ભટ્ટે આ પરિભાષાનો પાઠ વધુ યુક્તિયુક્ત બનાવવા માટે 'परिभाषेन्दुशेखर'માં यदागमास्तद्गुणीभूताः.....। એવો પાઠ સ્વીકાર્યો અને વ્યાખ્યાનમાં સ્પષ્ટ કર્યું કે यदागमाः એટલે यमुद्दिश्यागमो विहित इति । અર્થાત્ यदागमाः એમ કહેવાથી प्रनिदारयति । ઇત્યાદિમાં दार ને ઘુત્વ ની પ્રાપ્તિ થતી નથી. કારણ કે ऋ ની વૃદ્ધિ आ; તેને र् (રેફ) આગમ લગાવવામાં આવ્યો છે, નહીં કે दा ને તેથી दार् ની ઘુ સંજ્ઞા નહીં થતાં णत्व થશે નહીં.

ખ. अन्तरङ्गादपवादो बलीयान् । (ना. ५७). મહાભાષ્યમાં આ પરિભાષાનો અર્થ સૂચવતી सत्यपि संभवे बाधनं भवति । એવી પરિભાષાનો ઉલ્લેખ છે અને પુરુષોત્તમદેવાદિએ આવી જ પરિભાષા રજૂ કરી છે. પરંતુ નાગેશ ભટ્ટે અપવાદનું સર્વતઃ બલીયસ્ત્વ નિર્દેશવા માટે अन्तरङ्गादपवादो बलीयान् । એવી પરિભાષા રજૂ કરી. (આ પરિભાષાના વ્યાખ્યાનમાં અપવાદનું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે તેમણે જણાવ્યું છે કે येन नाप्राप्ते० । આ વાક્યને બનારસની આવૃત્તિમાં સ્વતંત્ર પરિભાષા રૂપે ગણવામાં આવ્યું છે.)

આમ, નાગેશ ભટ્ટે ભાષ્યોક્ત પાઠની સ્થાપના કરવા અને ક્યારેક પરિભાષાના પાઠને યુક્તિયુક્ત કરવા માટે ફેરફાર કર્યો છે. આ ઉપરાંત તેમણે ભાષ્યાનુક્તપરિભાષાઓ વિષે જે અભિગમ દર્શાવ્યો છે તે પણ નોંધપાત્ર છે. જેમકે, તેમણે अन्तरङ्गबहिरङ्गयोरन्तरङ्गं बलवत् । એવી પરિભાષાનો સ્વીકાર કર્યો નથી. બીજી તરફ પુરુષોત્તમદેવાદિએ આ પરિભાષાને સ્વીકારી છે. નાગેશ ભટ્ટને માટે આ પરિભાષા નહીં સ્વીકારવાનું સ્પષ્ટ કારણ એ છે કે: આ પરિભાષા સ્વીકારવાની જરૂર નથી એમ પતંજલિએ નિર્દેશ્યું છે. આ જ પ્રમાણે, પુરુષોત્તમદેવાદિએ एकानुबन्धकग्रहणे० । એવી એક પરિભાષા રજૂ

૫. अबाधकान्यपि इत्यादि तु भाष्यविरुद्धम् ॥ परिभाषा 110. परिभाषेन्दुशेखरः ।

કરી છે. પણ ભાષ્યમાં આ પરિભાષા નહીં મળતી હોવાથી નાગેશે તેને રજૂ જ કરી નથી. અહીં વિશેષમાં એ પણ નોંધવું જોઈએ કે નાગેશ ભટ્ટે કેટલીક ભાષ્યાનુક્ત પરિભાષાઓ પણ રજૂ કરી છે. જેમકે, अकृतव्यूहाः पाणिनीयाः । પરંતુ આવી પરિભાષાઓને રજૂ કરવાનું કારણ એ છે કે આવી પરિભાષા કાશીની વૈયાકરણ પરંપરામાં પણ કૈયટાદિની કૃતિઓમાં ઉલ્લેખ પામી છે. આથી તેમનું ખંડન કરવાને માટે જ આવી ભાષ્યાનુક્ત પરિભાષાઓ નાગેશે રજૂ કરી છે આમ, બહુ પ્રચારમાં હોય તેવી, પણ ભાષ્યાનુક્ત પરિભાષાઓને નાગેશે રજૂ કરી છે અને તેનું સપ્રમાણ પ્રત્યાખ્યાન કર્યું છે.

નાગેશ ભટ્ટે 'પરિભાષેન્દુશેખર'માં રજૂ કરેલી કુલ ૧૩૩ પરિભાષાઓને જુદા જુદા ત્રણ પ્રકરણોમાં વહેંચી નાખવામાં આવી છે. આ પ્રકરણોને માટે 'તંત્ર' એવો શબ્દ પ્રચલિત છે. જેમકે, (૧) શાસ્ત્રત્વસંપાદક પ્રથમ તંત્ર, (૨) બાધબીજ દ્વિતીય તંત્ર અને (૩) શાસ્ત્રશેષાખ્ય તૃતીયપ્રકરણ અથવા તન્ત્રશેષ પ્રકરણ. શાસ્ત્રત્વસંપાદક પ્રથમ તંત્રમાં ૧ થી ૩૭ સુધીની પરિભાષાઓ આવેલી છે. આ પરિભાષાઓ મહદંશે પાણિનીય સૂત્રોના અર્થઘટન અને વિનિયોગમાં પ્રત્યક્ષ ઉપકારક બનનારી છે: તેથી તેને શાસ્ત્રત્વસંપાદિકા પરિભાષાઓ કહેવામાં આવી છે. ૩૮ થી ૭૦ સુધીની પરિભાષાઓમાં અષ્ટાધ્યાયીનાં બે સૂત્રો વચ્ચે ઉપસ્થિત થતા સંઘર્ષને દૂર કરવા, કયા સૂત્રને વધારે બળવાન ગણવું, તે વિષેની ચર્ચા કરતી પરિભાષાઓ ગોઠવવામાં આવી છે. આવી પરિભાષાઓ સૂત્રો વચ્ચેના બાધ્ય-બાધકભાવનો નિર્ણય કરનારી હોવાથી આ પ્રકરણને બાધબીજપ્રકરણ કહેવામાં આવે છે. આ પ્રકરણ પછી શાસ્ત્રશેષાખ્ય તૃતીય તન્ત્ર આવે છે. આમાં કોઈ એક વિષયની પરિભાષાઓ એકત્ર કરવામાં આવી નથી. પરંતુ પ્રકીર્ણ કહી શકાય એ પ્રકારની પરિભાષાઓ તેમાં જોવા મળે છે. આ પરિભાષાઓ પૂર્વોક્ત બે પ્રકારની પરિભાષાઓ જેટલી અગત્ય ધરાવતી નથી, અર્થાત્ પ્રમાણમાં તે પરિભાષાઓની મદદ ગૌણ કહી શકાય એવી છે. આથી આવી પરિભાષાઓને શાસ્ત્રશેષાખ્ય પ્રકરણમાં મૂકી છે.

આમ, નાગેશ ભટ્ટે પરિભાષાઓને તેના વિષય અને અગત્ય મુજબ જુદાં જુદાં ત્રણ પ્રકરણોમાં વહેંચી નાખી છે. આ સન્દર્ભમાં એક વિશેષ વિચાર કરીએ તો નાગેશ ભટ્ટે પરિભાષાઓને ત્રણ તન્ત્રમાં વહેંચી કાઢવા ઉપરાંત પહેલા બે પ્રકરણમાં રજૂ કરેલી પરિભાષાઓનો ઉપસ્થિતક્રમ તર્કસંગતિને ધ્યાનમાં લઈને નક્કી કર્યો છે. અર્થાત્ સીરદેવની જેમ જ્ઞાપકસૂત્રનો ક્રમાંક કે નીલકંઠની જેમ પરિભાષાઓનો ભાષ્યોપસ્થિતક્રમ સ્વીકાર્યો નથી. પણ કોઈ એક વિષયની પરિભાષાઓ વચ્ચેનો અંગાંગિભાવ કે ગૌણમુખ્યભાવ કે સામાન્ય વિશેષભાવ જોતાં

પરસ્પર કેવી રીતે સંકળાયેલી છે, તેનો વિચાર કરીને નાગેશ ભટ્ટે પરિભાષાઓ ગોઠવી છે. જેમકે, असिद्धं बहिरङ्गमन्तरङ्गे। એવી પચાસમી પરિભાષામાં સૌથી પ્રથમ અંતરંગ – બહિરંગનું સ્વરૂપ અને તે બેમાં અંતરંગકાર્યનું બલવત્ત્વ દર્શાવ્યા પછી જ બીજી અંતરંગ – બહિરંગ વિષયક પરિભાષાઓ રજૂ કરી છે. ઉદાહરણ તરીકે, अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग् बाधते । 52 અને अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो ल्यप् बाधते । 54. આવી પરિભાષાઓ અંતરંગ–બહિરંગ કાર્યના બલવત્ત્વનો लुग् અને ल्यप् ની પ્રવૃત્તિમાં સંકોચ રજૂ કરીને એક પૂર્ણ વ્યવસ્થા નક્કી કરી આપે છે. ત્યાર પછી જ अन्तरङ्गा-दपवादो बलीयान् । એવી સત્તાવનમી પરિભાષામાં અંતરંગકાર્યની અપેક્ષાએ વધુ બળવાન એવા અપવાદનું નિરૂપણ કરતી પરિભાષા રજૂ કરવામાં આવી છે. પુરુષોત્તમદેવાદિના ગ્રન્થોમાં આવું તર્કસંગત નિરૂપણ જોવા મળતું નથી. પુરુષોત્તમદેવે તો પ્રથમ અંતરંગ વિષયક કોઈ પરિભાષા રજૂ કર્યા પૂર્વે, તથા અપવાદનું સ્વરૂપ સ્પષ્ટ કરતી सत्यपि संभवे बाधनं भवति । (પુ. ૨૩) પરિભાષાની પણ પહેલા अभ्यासविकारेष्वपवादा नोत्सर्गान् विधीन् बाधन्ते । (પુ. ૨૦) પરિભાષાને રજૂ કરી છે. જો કે નાગેશના ગ્રન્થમાં પ્રાપ્ત થતી આ તર્કસંગત વ્યવસ્થા સ્પષ્ટપણે આ વિષયના પુરોગામી ગ્રન્થોને આભારી છે. નાગેશની પૂર્વે ઘણા પરિભાષાવૃત્તિ ગ્રન્થો રચાયા છે, તેની પૂર્વભૂમિકા જોતાં સમજાશે કે નાગેશના ગ્રન્થમાં આવેલી આ પરિપક્વતા અપેક્ષિત હતી જ.

પ્રા. કે. વી. અભ્યંકરજીએ 'परिभाषेन्दुशेखर' ('तत्त्वादर्श' સહિત) ની પ્રસ્તાવનામાં નિર્દેશ્યું છે કે પુરુષોત્તમદેવે ૧૨મી સદીમાં પરિભાષાની ત્રીજી શાખા સ્થાપી છે. પુરુષોત્તમદેવનો પરિભાષાપાઠ व्याख्यानतो विशेषप्रतिपत्तिः । એ પરિભાષાથી શરૂ થાય છે. આ પરિભાષાપાઠમાંથી નાગેશે 95 પરિભાષાઓ સ્વીકારી છે અને 'परिभाषेन्दुशेखर'ની પરિભાષાઓનો ઉપસ્થિતિક્રમ પણ આ પાઠને અનુસરે છે.[૬] પરંતુ અગાઉ જણાવ્યું છે તે મુજબ પુરુષોત્તમદેવના નામે મળતો

૬. "The third school of the writers on Paribhāṣās was founded by Puruṣottamdeva in the twenth century, who put the Paribhāṣa व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणम् । as the first one, and distributed the Paribhāṣās in the three sections. All the modern writers on Paribhāṣās belong to this School". Paribhāṣendus'ekhara, Introduction, p. 8.

આ પરિભાષાપાઠ શ્રદ્ધેય નથી. કારણ કે (૧) પુરુષોત્તમદેવે જો આ પાઠની રચના કરી હોય તો તેમણે પોતે જ 'લઘુપરિભાષાવૃત્તિ'માં તેનો શા માટે ઉપયોગ કર્યો નહીં ? એ એક પ્રશ્ન છે. જો કોઈ એમ કહે કે 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચના થયા પછી આ પાઠ રચાયો હશે તો-(૨) આ પાઠમાં ઘણી વિકસિત કહી શકાય એવી પરિભાષાઓ જોવા મળે છે. તથા તેની ગોઠવણી પણ મહદંશે તર્કપુરસ્સરની છે. તો પછી શા માટે સીરદેવ અને નીલકંઠ જેવા વૈયાકરણોએ આ પાઠનો ઉપયોગ ન કર્યો ?-આ પ્રશ્નો અનુત્તર રહેતા હોવાથી પુરુષોત્તમદેવનો પાઠ શ્રદ્ધેય નથી એમ નક્કી થાય છે. પરિણામે આપણે કહી શકીશું કે નાગેશે 'પરિભાષેન્દુશેખર'માં પુરુષોત્તમદેવના નામે મળતા પરિભાષાપાઠનો ઉપયોગ કર્યો નથી.

૩.

હવે આપણે નાગેશ ભટ્ટની વ્યાખ્યાન શૈલીનું સ્વરૂપ વિચારીશું: આ ગ્રન્થ ૧૭મી સદીમાં રચાયેલો હોવાથી તેમાં ખંડન-મંડનની શૈલીનું પ્રાધાન્ય જોવા મળે છે. લગભગ તમામ પરિભાષાઓના વ્યાખ્યાનમાં यत्तु અને केचित् તથા न च...वाच्यम् । વાળાં અનેક વાક્યો જોવા મળે છે. તેથી આ મુદ્દાનું સમર્થન થાય છે. બીજું, यत्तु અને केचित्-સિવાય પણ તેમણે કૈયટ નો સ્પષ્ટ નામોલ્લેખ કરીને અનેકવાર ખંડન કર્યું છે; તે પણ નોંધપાત્ર છે.

પરિભાષાનું વ્યાખ્યાન શરૂ કરતાં પહેલાં તેઓ પરિભાષાની અવતરણિકા આપે છે. તે અવતરણ પંક્તિમાં અમૂક રૂપની સિદ્ધિ નહીં થઈ શકે અથવા અનિષ્ટ રૂપની આપત્તિ આવશે એવો સંદેહ ઉપસ્થિત કરીને પરિભાષાને રજૂ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, (૧) "(જો यदागमास्तद्गुणीः भूताः ० । 11 એવી પરિભાષાનો સ્વીકાર કરવામાં આવે તો) उदस्थात् એવા રૂપમાં उदः स्थास्तम्भोः પૂર્વસ્ય 8-4-61 સૂત્રથી પૂર્વસવર્ણ થવાની આપત્તિ આવે છે.[૭] (કારણ કે उद् + अ + स्था + लुङ् । એવી સ્થિતિમાં यदागमा० । પરિભાષાથી अ + स्था ને स्था જ છે એમ માનવામાં આવશે.)" આવી રીતે, यदागमाः० । પરિભાષાના સ્વીકારમાં દોષોદ્ભાવન કરીને અનિષ્ટ રૂપની આપત્તિ દર્શાવવામાં આવે છે. આ આપત્તિને અવતરણિકા રૂપે રજૂ કરીને निर्दिश्यमानस्यादेशा भवन्ति । 12 એવી પરિભાષાને ઉપસ્થિત કરવામાં આવે છે.

---

૭. नन्वेवमुदस्थादित्यादावुदः स्थास्तम्भोः पूर्वस्य (8-4-61) इति पूर्वसवर्णापत्तिरत आह ॥ परिभाषा-12, परिभाषेन्दुशेखरः ।

ત્યાર પછી આ પરિભાષાની સિદ્ધિ અને તેનો અર્થ વર્ણવવામાં આવે છે :- "ષષ્ઠી સ્થાનેયોગા । 1-1-49 સૂત્રની બેવાર આવૃત્તિ કરવી અને બીજીવાર પુનરાવૃત્ત કરેલા સૂત્રનો જે અર્થ થશે તે આ પરિભાષાનો અર્થ હશે. (જેમકે;) (સૂત્રમાં) ષષ્ઠ્યન્ત જે નિર્દિશ્યમાન એટલે કે સૂત્રમાં જે ઉચ્ચાર્યમાણ કે ઉચ્ચાર્યમાણનો સજાતીય કે નિર્દિશ્યમાનનો અવયવ હોય તેને જ સ્થાને આદેશ થાય છે. પરંતુ યદાગમાઃ૦ । પરિભાષા વડે (કે તદન્તવિધિ વડે) નિર્દિશ્યમાન જેવો પ્રતીત થતો હોય તેવા સ્થાનિને સ્થાને આદેશ થતો નથી."[૮]

આમ, નાગેશ ભટ્ટે બહુ યુક્તિયુક્ત રીતે પરિભાષાઓને રજૂ કરીને તેનું વ્યાખ્યાન કર્યું છે. બીજું; જરૂરી સ્થળોએ સમગ્ર પરિભાષાના અર્થઘટનપૂર્વક પરિભાષાનો જે શબ્દદેહ હોય છે તેમાંના પદોના સ્વારસ્યને પણ સ્પષ્ટ કરવામાં આવે છે. જેમકે; यदागमास्तद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । 11 એવી પરિભાષામાંના 'यदागमाः' શબ્દનું સ્વારસ્ય સમજાવતાં નાગેશ લખે છે કે જેને ઉદ્દેશીને આગમ કહ્યો હોય તેને તે આગમ થયા પછી વ્યાકરણશાસ્ત્રમાં તે(આગમી)ના અવયવ રૂપે તે (આગમ) ને સમજવામાં આવે છે.[૯] અહીં यदागमाःનો અર્થ 'यमुद्दिश्य (आगमो) विहितः' એવો જે અર્થ કર્યો, તેનાથી प्रनिदारयति । એવા રૂપમાં दार ની घु સંજ્ઞા થતી નથી. (કારણ કે प्र + नि + दृ + णिच् । એ સ્થિતિમાં अचो ञ्णिति । 7-2-115 સૂત્રથી दृ ના ऋ કારની વૃદ્ધિ થતાં उरण् रपरः । 1-1-51 થી રપર થઈને प्र + नि + दार + णिच् । એમ થાય છે. અહીં શંકા થાય કે જેવી રીતે पुक् આગમ સહિતના दाप् ધાતુની घु સંજ્ઞા થઈ શકે છે તેવી રીતે दार ની પણ घु સંજ્ઞા કેમ ન થાય? તો પ્રત્યુત્તર એ છે કે – "જેને ઉદ્દેશીને આગમ કહ્યો હોય" એવો 'यदागमाः' પદનો અર્થ કર્યો છે તેથી; અહીં द् ને રેફ આગમ કર્યો નથી પણ આ એવી વૃદ્ધિને કર્યો છે, પરિણામે दार ની घु સંજ્ઞા થઈ શકશે નહીં)[૧૦] આ જ પ્રમાણે પરિભાષાનાં જ્ઞાપક, પ્રયોજન અને

૮. षष्ठी स्थानेयोगा (1-1-49) इति सूत्रमावर्त्यते । तत्र द्वितीयस्यायमर्थः । षष्ठ्यन्तं निर्दिश्यमानमुच्चार्यमाण-मुच्चार्यमाण-सजातीयमेव निर्दिश्यमानावयवरूपमेव वा स्थानेन स्थाननिरूपित-संबन्धेन युज्यते, न प्रतीयमानमिति तेनेदं सिद्धम् ॥
परिभाषा-12, परिभाषेन्दुशेखरः ।

૯. यमुद्दिश्यागमो विहितः स तद्गुणीभूतः शास्त्रेण तदवयवत्वेन बोधितः.....॥ परिभाषा-11; परिभाषेन्दुशेखरः ।

૧૦. यमुद्दिश्य विहित इत्युक्तेः प्रनिदारयतीत्यादौ न दारित्यस्य घुत्वम् ॥ परिभाषा-11; परिभाषेन्दुशेखरः ।

પ્રવૃત્તિ – અપ્રવૃત્તિ વિષયક સૂક્ષ્મ ચર્ચાઓ કરવામાં આવે છે.

નાગેશ ભટ્ટ જે તે પરિભાષાઓનું વ્યાખ્યાન કરતી વખતે તે તે પરિભાષા ભાષ્યમાં ક્યાં ક્યાં અને કેવા કેવા સન્દર્ભમાં ઉપસ્થિત કરવામાં આવી છે, તેનો સર્વાંગીણ સૂક્ષ્મ અભ્યાસ કરીને પરિભાષાનાં જ્ઞાપક, પ્રયોજનાદિની ચર્ચામાં તેનો ઉપયોગ કરે છે. પુરુષોત્તમદેવાદિના ગ્રન્થોમાં પણ ભાષ્યનો અનેક સ્થળે ઉપયોગ થયો છે, પણ તેમણે સમગ્ર ભાષ્યના અનુસન્ધાનમાં પતંજલિને શું અભિપ્રેત છે તેની સૂક્ષ્મ આલોચના કરી નથી. દાખલા તરીકે; विकरणभ्यो नियमो बलीयान् । એવી પરિભાષાનો અર્થ પુરુષોત્તમદેવે આ પ્રમાણે કર્યો છે: "વિકરણની પૂર્વે આત્મનેપદ કે પરસ્મૈપદનો નિયમ પ્રવૃત્ત થાય છે; અને ત્યાર પછી વિકરણપ્રવૃત્ત થાય છે."[11] પરંતુ નાગેશે સ્પષ્ટ કર્યું છે કે ભાષ્યકારે शदेः शितः । 1-3-60 સૂત્ર ઉપરના ભાષ્યમાં "વિકરણ-પ્રત્યયના વ્યવધાનમાં પણ નિયમની પ્રવૃત્તિ થાય છે." એવું ધ્વનિત કર્યું છે.[12]

વળી, નાગેશના ગ્રન્થમાં કેવળ ભાષ્યને જ એકમાત્ર પ્રમાણ માનવાનું વલણ સ્પષ્ટ ઉપસી આવે છે. ઉદાહરણ તરીકે; वामदेवाड्डयड्डयौ । 4-2-9 સૂત્ર ઉપરની 'કાશિકાવૃત્તિ'[13]ને આધારે પુરુષોત્તમદેવે एकानुबन्धकग्रहणे न द्व्यनुबन्धकस्य । 27 એવી પરિભાષા પણ રજૂ કરી છે. પરંતુ આ સન્દર્ભમાં નાગેશ ભટ્ટ જણાવે છે કે एकानुबन्धकग्रहणे० । જેવી કોઈ પરિભાષા ભાષ્યકારને સમ્મત નથી.[14] આથી 'પરિભાષેન્દુશેખર'માં ભાષ્યસમ્મત કેવળ બે જ પરિભાષાઓ, (૧) निरनुबन्धकग्रहणे न सानुबन्धकस्य । 81 અને (૨) तदनुबन्धकग्रहणे नातदनुबन्धकस्य । 82 । મળે છે. અર્થાત્ નાગેશ ભટ્ટ કાશિકાકાર કે ભટ્ટોજિ દીક્ષિત જેવા વૈયાકરણોના અભિપ્રાયોને પણ જો તે ભાષ્યસમ્મત હોય તો જ સ્વીકારે છે. એમને મન ભાષ્યકાર જ એકમાત્ર પ્રમાણભૂત છે.

---

૧૧. विकरणात्पूर्वमात्मनेपदपरस्मैपदनियमस्तावत्प्रवर्तते ततो विकरणानीत्यर्थः ॥ परिभाषा-53; लघुपरिभाषावृत्तिः ।

૧૨. विकरणव्यवधानेऽपि नियमप्रवृत्तेरिदं ज्ञापकमिति शदेः शितः (1-3-60) इत्यत्र भाष्ये ध्वनितम् ॥
परिभाषा-41; परिभाषेन्दुशेखरः ।

૧૩. अननुबन्धकग्रहणपरिभाषया एकानुबन्धकग्रहणपरिभाषया चानयोर्निवृत्तिः क्रियते ॥ 4-2-9, काशिका ।

૧૪. एकानुबन्धकग्रहणे संभवतीति त्वर्थो न भाष्यादिसंमत इत्यन्यत्र विस्तरः ॥ परिभाषा-82; परिभाषेन्दुशेखरः ।

૪.

સકળ પાણિનીય પરિભાષાવૃત્તિગ્રન્થોમાં નાગેશકૃત 'પરિભાષેન્દુશેખર' શિરોમણિ સમાન ગ્રન્થ છે. આથી સ્વાભાવિક પણે એ જિજ્ઞાસા થાય કે આ ગ્રન્થની રચના થવાથી પરિભાષાઓના વ્યાખ્યાનક્ષેત્રે શો વિકાસ થયો. આ જિજ્ઞાસાના અનુસન્ધાનમાં અહીં ચર્ચા કરવામાં આવી છે.

અગાઉ જણાવ્યું છે તેમ નાગેશ ભટ્ટે પતંજલિના મહાભાષ્યને જ એકમાત્ર પ્રમાણભૂત ગ્રન્થ માન્યો છે. તેમણે જે પરિભાષાનું વ્યાખ્યાન કર્યું છે તે તે પરિભાષા ભાષ્યમાં મળે છે કે નહીં તેની તપાસ કરીને જો તે પરિભાષા ભાષ્યમાં મળતી હોય તો તે પરિભાષાના સન્દર્ભમાં સમગ્ર ભાષ્યનું સૂક્ષ્મ પર્યાલોચન કરીને ભાષ્યસમ્મત વ્યાખ્યાનનું નિરૂપણ કર્યું છે. આથી તેમણે ભાષ્યાનુક્ત ઘણી પરિભાષાઓને 'પરિભાષેન્દુશેખર'માં રજૂ જ કરી નથી અને જો રજૂ કરી હોય છે તે તેવી પરિભાષાઓ ઉપર પૂર્વાચાર્યોએ કરેલા વ્યાખ્યાનનું સ્પષ્ટ ખંડન કર્યું છે. ઉદાહરણ તરીકે જોઈએ તો—

अकृतव्यूहाः पाणिनीयाः । (ના. ૫૬) કૈયટે ભાષ્યપ્રદીપમાં समर्थानां प्रथमाद्वा । 4-1-82 સૂત્ર ઉપર જણાવ્યું છે કે આ સૂત્રના समर्थानाम् પદથી પ્રસ્તુત પરિભાષા જ્ઞાપિત થાય છે. પરંતુ નાગેશ ભટ્ટનું એમ કહેવું છે કે विष्णुः । જેવા રૂપમાં સન્ધિકાર્ય કર્યા વિના પ્રત્યયોત્પત્તિ થઈ છે, તેની જેમ સર્વત્ર સન્ધિકાર્ય કર્યા વિના પ્રત્યય ઉત્પન્ન થાય છે; એવા ભ્રમનું નિવારણ કરવા માટે समर्थ ગ્રહણ કરવામાં આવ્યું છે. આથી समर्थानां એવા પદનું ગ્રહણ ઉપર્યુક્ત અર્થમાં જ્ઞાપક બની શકે નહીં.[૧૫] વિશેષમાં, નાગેશ ભટ્ટે એ પણ બતાવ્યું છે કે ભાષ્યકારે આ પરિભાષાનો ક્યાંય ઉપયોગ કર્યો નથી. જેમકે, ૧. वैक्षमाणिः । આ રૂપની સિદ્ધિ કરવા માટે પતંજલિએ असिद्धं बहिरङ्गमन्तरङ्गे । નો ઉપયોગ કર્યો છે, પણ આ પરિભાષાનો નહીં. ૨. આ પરિભાષાના અભાવમાં જ चौ प्रत्यङ्गस्य प्रतिषेधः । (6-3-138, સૂત્રભાષ્ય)

---

૧૫. अत्र च ज्ञापकं समर्थानां प्रथमाद्वा (4-1-82) इति सूत्रे समर्थानामिति ।.....। समर्थानामिति सूत्रस्थ समर्थग्रहणं तु विष्णु इत्यादावकृतसन्धेः प्रत्ययदर्शनेन सर्वत्र तथाभ्रमवारणाय न्यायसिद्धार्थानुवाद एव ।। परिभषा-56; परिभाषेन्दुशेखरः ।

એવું વાર્તિક રચવામાં આવ્યું છે અને પતંજલિએ તેનું પ્રત્યાખ્યાન કર્યું નથી.[૧૬]

કેટલીક પરિભાષાઓ ભાષ્યોક્ત હોવા છતાંય પૂર્વાચાર્યોએ જો તેના વ્યાખ્યાનમાં ભૂલ કરી હોય તો નાગેશ તેને પણ સુધારે છે અને તે તે પરિભાષાના સન્દર્ભમાં પ્રાપ્ત થતી ભાષ્યચર્ચા ઉપરથી ભાષ્યકારને જે અર્થ અભિમત હોય તેનું સ્થાપન કરે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો—

(૧) उपपदविभक्तेर्कारकविभक्तिर्बलीयसी । (ના. 94). મૂળમાં તો અર્થાત્ મહાભાષ્યમાં તો આ પરિભાષા સ્વતંત્ર વાચનિકી છે. પરંતુ પુરુષોત્તમદેવાદિએ પ્રધાનાપ્રધાન ન્યાય ઉપર કે અંતરંગ-બહિરંગ ન્યાય ઉપર આ પરિભાષા આધૃત છે એમ માન્યું છે. વળી, क्रियान्वयित्वं कारकत्वम् । એવી કારક વિભક્તિની વ્યાખ્યા બાંધી છે. પરંતુ નાગેશે જણાવ્યું છે કે પૂર્વાચાર્યોની આ બધી ચર્ચાઓ અસંગત છે. આ પરિભાષા સ્પષ્ટપણે સ્વતંત્ર-વાચનિકી છે. અર્થાત્ પ્રધાનાપ્રધાન ન્યાય ઉપર કે અંતરંગ-બહિરંગ ન્યાય ઉપર આધારિત નથી. તથા ઉપપદ વિભક્તિ હોય કે કારક-વિભક્તિ હોય તે બન્નેનો સમાન રીતે ક્રિયામાં અન્વય છે. વિશેષમાં એ પણ દર્શાવ્યું છે કે कारके । 1-4-23 આ અધિકારમાં પઠિત હોય તે કારક-વિભક્તિ-એમ પણ નહીં કહી શકાય. કેમકે એમ માનવાથી પ્રથમા વિભક્તિને કારકવિભક્તિ કહી શકાશે નહીં. આથી क्रियाजनकार्थकविभक्तित्वं कारकविभक्तित्वम् ॥ એવી કારકવિભક્તિની વ્યાખ્યા બાંધવી એ જ ઉચિત છે.[૧૭]

---

૧૬. तत्र हि वक्ष्यमाणिरित्यन्तरङ्गपरिभाषोदाहरणमुक्तम् ।
.....। अत एव चौ प्रत्यङ्गस्य प्रतिषेध इति वचनं वार्तिककृतारब्धं भाष्यकृता च न प्रत्याख्यातम् ॥ परिभाषा-56, परिभाषेन्दुशेखरः ।
મહાભાષ્યમાં चौ प्रत्यङ्गस्य प्रतिषेधः । એવું વાર્તિક નથી. चौ । 6-3-138 સૂત્ર ઉપર પતંજલિ લખે છે કે इहान्य आचार्याश्चौ प्रत्यङ्गस्य प्रतिषेधमाहुस्तदिहापि साध्यम् । અહીં અન્ય આચાર્યોના મતને નાગેશે વાર્તિકકારના વચન રૂપે ઉલ્લેખ્યો છે.

૧૭. कारकविभक्तित्वं च क्रियाजनकार्थकविभक्तित्वं तच्च प्रथमायां अप्यस्तीति सापि कारकविभक्तिरिति सङ्ग युक्ते । 2-3-99 इत्यादिसूत्रेषु भाष्ये ध्वनितम् ।.....एतेन क्रियान्वयित्वं कारकत्वमित्य-

(૨) प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । (ના. 71). પુરુષોત્તમદેવાદિએ આ પરિભાષાને સામાન્યપણે અનિત્ય માની છે. પરંતુ નાગેશે સૂક્ષ્મ ભાષ્ય-પર્યાલોચન કરીને નિર્દેશ્યું છે કે ઉપપદવિધિ, સમાસવિધિ ઇત્યાદિ સાત સ્થળોએ જ આ પરિભાષા અનિત્ય છે. કારણ કે 'અશેષપણે દોષોનું પરિગણન કર્યું છે' એવું ભાષ્યવચન છે.[૧૮]

નીલકંઠાદિએ પરિભાષાની પ્રવૃત્ત્યપ્રવૃત્તિ વિષયક કેટલીક સ્પષ્ટતાઓ કરી છે. નાગેશની દૃષ્ટિએ આવી સ્પષ્ટતાઓ જો ભાષ્યવિરુદ્ધ હોય તો પ્રત્યાખ્યાનને યોગ્ય છે. આથી તેમણે ઘણે સ્થળે "न च...वाच्यम् । જેવી વાકયરચના કરીને પૂર્વાચાર્યોના દુરુક્ત વ્યાખ્યાનનું પ્રત્યાખ્યાન કર્યું છે. ઉદાહરણ તરીકે જોઈએ—

નીલકંઠે यदागमास्तद्गुणीभूता...० । (ની. 4). ના વ્યાખ્યાનમાં લખ્યું છે કે इयं च वर्णग्रहणे न प्रवर्तते आने मुको (7-2-82) विधानात् इति उरण्रपरः (1-1-51) इति सूत्रे भाष्ये स्पष्टम् ॥ અર્થાત્ આન પરમાં રહેતા મુક્ આગમનું વિધાન કર્યું છે, તેનાથી આ પરિભાષાની વર્ણ-ગ્રહણમાં અપ્રવૃત્તિ રહે છે, એવું જ્ઞાપિત થાય છે. નાગેશ ભટ્ટે આનો પ્રતિવાદ કર્યો છે. કારણ કે નાગેશ દર્શાવે છે કે ભાષ્યકારે જ વર્ણગ્રહણમાં આ પરિ-ભાષાને ત્રણવાર પ્રવૃત્ત કરી છે. જેમકે, (૧) पचमानः । રૂપમાં तास्यनुदात्तेत् । 6-1-186 થી સ્વર કરવા, (૨) कुर्वन्नास्ते । રૂપમાં પ્રકૃત પરિભાષાની મદદથી પહેલા न કારનું પણ પદાન્ત ગ્રહણથી ગ્રહણ થતું હોવાથી पदान्तस्य । 8-4-37 એવો નિષેધ લાગે છે-એમ કહીને णत्व પ્રાપ્તિની આશંકાને દૂર કરવા, અને (૩) ઋના ગુણ અને વૃદ્ધિ अर् અને आर् જ થાય છે-એવો નિયમ દર્શાવવા માટે ભાષ્યકારે આ પરિભાષાને વર્ણગ્રહણમાં પણ પ્રવૃત્તિ કરીને ઉપયોગ કર્યો છે. આથી નાગેશ ભટ્ટ જણાવે છે કે મુક્ વિધાનથી આ પરિ-ભાષાને કેવળ 'અનિત્ય' માનવી એટલું જ પૂરતું છે. અર્થાત્ વિશેષપણે, 'વર્ણ-

---

पास्तम्..... । ..... । एतेन क्रियाकारक सम्बन्धोऽन्तरङ्ग इति तन्निमित्ता विभक्तिरङ्गोपपदार्थे न तु यत्किंचित्क्रियाकारकभाव-मूलकः संबन्ध इति तन्निमित्ता वहिरङ्गेत्यपास्तम्..... ॥ परिभाषा-94, परिभाषेन्दुशेखरः ।

૧૮. एतावत्स्वेवानित्यत्वादप्रवृत्तिदोषाः खल्वपि साकल्येन परिगणिता इति भाष्योक्तेः । परिभाषा-71, परिभाषेन्दुशेखरः ।

ગ્રહણમાં અપ્રવૃત્ત રહે છે'. એમ ન કહેવું.[૧૯]

૫

અગાઉની ચર્ચામાં આપણે 'પરિભાષેન્દુશેખર'નો કૃતિલક્ષી પરિચય કર્યો. હવે તેનો પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ' સાથે તુલનાત્મક અભ્યાસ કરીશું.

૧. આ બન્ને ગ્રન્થોની બહિરંગ પરીક્ષા કરતાં જણાય છે કે નાગેશે પરિભાષાઓને તેમના વિષય અને અગત્યને ધ્યાનમાં રાખીને જુદા જુદા ત્રણ તંત્રોમાં વહેંચી નાંખી છે. વળી, તે તન્ત્રોમાં ઉપસ્થિત થતી પરિભાષાઓનો ક્રમ પણ તર્કસંગત બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં પરિભાષાઓની આવી કોઈ વિષયાનુસારી ગોઠવણી કે તર્કબદ્ધ ઉપસ્થિતિ જોવા મળતી નથી. આનું કારણ એ છે કે નાગેશની સામે સીરદેવાદિના પરિભાષાવૃત્તિ ગ્રન્થો, કે જેમાં કોઈ એક યા બીજા પ્રકારની ગોઠવણી પ્રાપ્ત થાય છે તેવા ગ્રન્થો હતા. બીજી તરફ પુરુષોત્તમદેવ કદાચ પરિભાષાના વિષયમાં સ્વતંત્ર વૃત્તિગ્રન્થ લખનાર તરીકે પ્રથમ વૈયાકરણ હતા. આમ, પુરુષોત્તમદેવના ગ્રન્થમાં પરિભાષાઓની ગોઠવણીનો અભાવ કે પરિભાષાઓના ઉપસ્થિતિક્રમમાં તર્કસંગિતનો અભાવ – એ પરિભાષાવૃત્તિ ગ્રન્થોની રચના પ્રવૃત્તિનો પ્રારંભકાળ સૂચવે છે.

બીજું, અગાઉની ચર્ચામાં આપણે જોયું છે કે પુરુષોત્તમદેવના 'લઘુપરિભાષાવૃત્તિ' ગ્રન્થમાં કેવળ મહાભાષ્યનું જ વચન એકમાત્ર અને અંતિમ પ્રમાણ નથી. અર્થાત્ પુરુષોત્તમદેવને માટે ભાષ્યવચન પ્રમાણભૂત જરૂર છે. પરંતુ કેવળ ભાષ્યવચનના સન્દર્ભમાં જ જે તે પરિભાષાનું વ્યાખ્યાન કરવું એવો અત્યાગ્રહ નથી. આથી 'લઘુપરિભાષાવૃત્તિ'માં ક્યારેક, કેવળ કાશિકાકારના વચનને અથવા કેવળ ન્યાસકારના વચનને પણ અનુસરીને વ્યાખ્યાન કરવામાં આવ્યું હોય છે. બીજી તરફ, નાગેશ ભટ્ટના 'પરિભાષેન્દુશેખર'માં ભાષ્યવચન જ એકમાત્ર અને

૧૯. न चोक्तज्ञापकाद् वर्णग्रहणेऽस्या अप्रवृत्तिरिति वाच्यम् । आने मुक् । (7-2-82) इति सूत्रे भाष्येऽकारस्याङ्गावयवस्य मुगित्यर्थे पचमान इत्यत्र तास्यनुदात्तेत् (6-1-186) इति स्वरो न स्यादित्याशंकयादुपदेशभक्तस्तद्ग्रहणन ग्राहीष्यते इत्युक्तेरसंगत्यापत्तेः ।... तच्च वर्णग्रहणे एतदप्रवृत्तौ न संगच्छते ॥ परिभाषा-11, परिभाषेन्दुशेखरः ।

અંતિમપ્રમાણ રૂપે સ્વીકારવામાં આવ્યું છે, તે સુવિદિત છે. આમ, પુરુષોત્તમદેવ અને નાગેશ ભટ્ટના ગ્રન્થોમાં સિદ્ધાન્તનિરૂપણ માટે મહાભાષ્યનો જુદી જુદી કક્ષાએ ઉપયોગ થયેલો જોવા મળે છે. તેનું કારણ આ હોઈ શકે કે બન્ને વૈયાકરણો જુદા જુદા સમયના છે અને જુદી જુદી પરંપરાના છે.

પુરુષોત્તમદેવ અને નાગેશના 'લઘુપરિભાષાવૃત્તિ' અને 'પરિભાષેન્દુશેખર'માં કોઈ એક પરિભાષાને સ્વીકારવી કે નહીં, તે વિષે પણ જુદા જુદા દૃષ્ટિકોણ જોવા મળે છે, જે નોંધપાત્ર છે. જેમકે ૧. ભાષ્યસમ્મત પરિભાષાને પુરુષોત્તમદેવ અને નાગેશ ભટ્ટ બન્નેય એક સરખી રીતે સ્વીકારે અને જ્ઞાપકપ્રયોજનાદિની ચર્ચાથી તેની સ્થાપના કરે. ઉદાહરણ તરીકે–

(૧) व्याख्यानतो विशेषप्रतिपत्ति...० । (पु० 120, ना० 1)
(૨) नानुबन्धकृतमनेजन्तत्वम् । (पु० 13, ना० 7)
(૩) अनिनस्मन्ग्रहणान्यर्थवता...० । (पु० 77, ना० 16)

૨. ક્યારેક પુરુષોત્તમદેવ ભાષ્યસમ્મત પરિભાષાનું સ્વરૂપ સ્વીકારતા નથી અને ક્યારેક ભાષ્યસમ્મત પરિભાષાથી તદ્દન ઉલટું સ્વરૂપ જ રજૂ કરે છે. ઉદાહરણ તરીકે, ભાષ્યમાં बाधकान्येव हि निपातनानि । એવી પરિભાષા જોવા મળે છે. પરંતુ પુરુષોત્તમદેવે अबाधकान्यपि हि निपातनानि । એવી પરિભાષા આપી છે. આથી નાગેશે સ્પષ્ટ કર્યું છે કે अबाधकान्यपि० । એવી પરિભાષા ભાષ્યમાં છે જ નહીં.[૨૦] પરંતુ અહીં નોંધવું જોઈએ કે પુરુષોત્તમદેવ જે પરંપરાના વૈયાકરણ છે તેમાં ભાષ્યગ્રન્થને આત્યંતિક પ્રમાણ રૂપે સ્વીકાર્યો નથી. આ એક જ કારણસર તેમણે अबाधकान्यपि० । એવા ભાષ્યસમ્મત પરિભાષા રજૂ કરી છે. અન્યથા, તેઓ જાણે છે કે આ પરિભાષા નથી કે ભાષ્યવચન પણ નથી. 'લઘુપરિભાષાવૃત્તિ'ને આરંભે તેમણે પ્રતિજ્ઞા કરી છે એ મુજબ તેઓ પરિભાષા અને તાદૃશ વચનોને પણ તેમના ગ્રન્થમાં રજૂ કરવાના છે.[૨૧]

૩. પતંજલિએ મહાભાષ્યમાં પાણિનિનાં સૂત્રોના એકાદ અંશમાંથી અથવા સમગ્ર સૂત્ર ઉપરથી જ્ઞાપિત થતી પરિભાષાઓની ચર્ચા કરી છે. કાશિકાકારાદિના

---

૨૦. अबाधकान्यपि निपातनानि इति तु भाष्यविरुद्धम् ॥ परि० 11 ०
परिभाषेन्दुशेखरः ।

૨૧. अथातः परिभाषाणां वचनानां च तादृशाम् ।
संक्षिप्य ललितां वृत्तिं प्रस्तौति पुरुषोत्तमः ॥

સમયમાં બીજી કેટલીક પરિભાષાઓ પણ પાણિનિનાં સૂત્રો ઉપરથી જ્ઞાપિત થતી દર્શાવાઈ છે. પરંતુ આવી પરિભાષા કે તેનું જ્ઞાપન ભાષ્યમાં ચર્ચું હોતું નથી. અર્થાત્ તેવી પરિભાષાઓ અને તેના જ્ઞાપક ભાષ્યાનુક્ત છે. ઉદાહરણ તરીકે— संज्ञापूर्वको विधिरनित्यः । પુરુષોત્તમદેવે આવી ભાષ્યાનુક્ત પરિભાષાઓને પણ કાશિકાકારાદિના વચનપ્રામાણ્યથી સ્વીકારી છે. અને તેવી પરિભાષાઓની મદદથી स्वायंभुवः । ઇત્યાદિ પ્રયોગોની સિદ્ધિ દર્શાવી છે. પરંતુ આ સંદર્ભમાં કાશીની વૈયાકરણ પરંપરાનો વિશેષે કરીને, નાગેશ ભટ્ટનો અભિગમ નોંધનીય છે. નાગેશ ભટ્ટ જણાવે છે કે ભાષ્યકારે ओर्गुणः । 6-4-146 સૂત્રમાંના गुणः । પદથી આવી કોઈ પરિભાષા જ્ઞાપિત કરી નથી, માટે તેનો સ્વીકાર કરી શકાય તેમ નથી. કારણ કે "ભાષ્યમાં અનુક્ત હોય એવાં જ્ઞાપકોથી અમુક રૂપોનું સાધુત્વ દર્શાવી શકાય છે" એમ કહેવામાં કશું પ્રમાણ નથી. ભાષ્યમાં જે સૂત્રાક્ષરોના પ્રયોજનની વિચારણા ન કરી હોય (જેમકે, ओर्गुणः । 6-4-146 સૂત્રસ્થ गुणः પદનું પ્રયોજન ભાષ્યમાં વિચાર્યું નથી.), તેના પારાયણ માત્રથી જે અદૃષ્ટની ઉત્પત્તિ થાય છે તે (અદૃષ્ટની પ્રાપ્તિ) ને માટે જ સૂત્રમાં તે (गुणः આદિ) પદો હોય છે; એવી કલ્પના કરવી એ જ ઉચિત છે.[૨૨]

આમ, પુરુષોત્તમદેવ અને નાગેશ ભટ્ટે ભાષ્યાનુક્ત પરિભાષાઓ વિષે તદ્દન જુદા જ અભિગમો સ્વીકાર્યા છે. પરંતુ ૧૬મી-૧૭મી સદીમાં કાશીની વૈયાકરણ પરંપરા અને એમાંય નાગેશ ભટ્ટના વિધાનને જ અંતિમ પ્રમાણ (સિદ્ધાન્ત) સ્વરૂપે સ્વીકારવાનું મનોવલણ જોવા મળે છે. પરંતુ વધારે સૂક્ષ્મતાથી વિચારતાં જણાય છે કે તે યુક્તિયુક્ત નથી. કારણ કે વ્યાકરણનાં સૂત્રોનું પ્રયોજન એ રૂપસિદ્ધિ સિવાય બીજું કશું હોઈ શકે નહિ. વળી, નાગેશ સિવાયના બીજા પરિભાષાવૃત્તિકારોએ પણ ભાષ્યાનુક્ત પરિભાષાઓની સાહાય્યથી શિષ્ટ રૂપોને સાધુત્વ બોધન કર્યું છે. તદુપરાંત કાશિકાવૃત્તિના લેખકો વામન અને જયાદિત્ય

---

૨૨. तन्न भाष्यादर्शनात् । भाष्यानुक्तज्ञापितार्थस्य साधूताया नियामकत्वे मानाभावात् । भाष्याविचारितप्रयोजनानां सौत्राक्षराणां पारायणादावदृष्टमात्रार्थकत्वकल्पनाया एवौचित्यात् ॥ परिभाषा-93. 5, परिभाषेन्दुशेखरः ।

તથા પ્રક્રિયાગ્રન્થના રચયિતા ભટ્ટોજિ દીક્ષિતે પણ આવી ભાષ્યાનુક્ત પરિભાષાઓથી અમુક શિષ્ટ પ્રયોગોની સિદ્ધિ કે સાધુત્વ દર્શાવ્યું છે.[૨૩]

શેષાદ્રિસુધીએ પણ નાગેશના ઉપર્યુક્ત અભિપ્રાયનું ખંડન કરતાં જણાવ્યું છે કે જે પદોના પ્રયોજનોનું પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું હોય તેવાં પદોનો અદૃષ્ટાર્થ પારાયણમાં વિનિયોગ કરવો એમ જે કહેવાયું છે તે વિચાર્યા વિના કહેવાયું છે. અદૃષ્ટ તો કેવળ વૈદિક પ્રમાણ છે. (અર્થાત્ કેવળ વેદથી જ અદૃષ્ટની ઉત્પત્તિ થાય છે.) અને "(અદૃષ્ટાર્થ) આવાં (ओर्गुणः । 6-4-146 સૂત્રસ્થ ગુણ ઇત્યાદિ) પાણિનીય વાક્યોનું ઉચ્ચારણ કરવું" એવું કોઈ વેદ વચન નથી, કારણ કે પાણિનિ પોતે સાદિ હોવાથી તેમની પૂર્વેના (અનાદિ) વેદમાં આવું કહેલું હોવું શક્ય નથી. "બ્રાહ્મણે નિષ્કારણ ષડંગસહિત વેદનું અધ્યયન કરવું જોઈએ અને તે (વેદ)ને જાણવો જોઈએ." (महा० आ० १) એવી ભાષ્યોક્ત શ્રુતિ પ્રમાણ બની શકે એમ છે; પરંતુ તે શ્રુતિ દૃષ્ટપ્રયોજના છે. "અધ્યયનથી સંસ્કૃત થયેલા (પુરુષ)ને જેમ વેદથી ફળ (પ્રાપ્તિ) થાય તેમ તેણે અર્થાવબોધ પણ સંપાદિત કરવો જોઈએ"-એ પ્રમાણે તે શ્રુતિનું વેદાંશમાં પ્રયોજન છે, તે જ પ્રમાણે વેદના એકરૂપત્વને માટે વ્યાકરણાંશમાં પણ "સાધુત્વ પ્રતિપત્તિ રૂપ" દૃષ્ટપ્રયોજન હોવું જ યોગ્ય છે. પરંતુ વ્યાકરણનું અદૃષ્ટાર્થત્વ હોવું ઉચિત નથી. કારણ કે જેનું દૃષ્ટ પ્રયોજન ન મળતું હોય તેને વિષે જ અદૃષ્ટની કલ્પના કરવી જોઈએ" એવો ન્યાય છે. અને છતાંય જો (વ્યાકરણનું) અદૃષ્ટાર્થત્વ કલ્પવું જ હોય તો પણ (વેદના એક) અંગ તરીકે જ કલ્પવું જોઈએ. અને અંગત્વ વ્યાકરણત્વઆદિથી નક્કી કરવું. હવે વ્યાકરણત્વ એટલે શબ્દોના સાધુત્વની પ્રતિપત્તિ કરાવનાર પ્રયોજક શબ્દત્વ. આવું વ્યાકરણત્વ શબ્દોના સાધુત્વની પ્રતિપત્તિમાં ઉપયોગી નહીં બનનાર પ્રત્યાખ્યાત પદોમાં હોતું નથી, કે જેથી તે (પ્રત્યાખ્યાત પદો) માં તાદશ (ઉપર્યુક્ત) શ્રુતિના સામર્થ્યથી અદૃષ્ટાર્થતા કલ્પી શકાય. અર્થાત્ જો ओर्गुणः । 6-4-146 સૂત્રસ્થ ગુણઃ પદનું (પૂર્વોક્ત) પ્રયોજન ખંડિત કરવામાં આવતું હોય તો તે પદમાંથી વ્યાકરણત્વનો અભાવ નક્કી થતાં (અથવા નાશ થતાં) તે પદ અદૃષ્ટની પ્રાપ્તિ કરાવનાર બની

---

૨૩. (૧) अत्र काशिका, ओरादिति वक्तव्ये गुणग्रहणं संज्ञापूर्वको विधिरनित्यो यथा स्यात् तेन स्वायंभुव इति सिद्धं भवति ॥ (6-4-146) एवं
(૨) सिद्धान्तकौमुदी, ओरात् इति वक्तव्ये गुणोक्तिः संज्ञापूर्वको विधिरनित्यः (प० 95) इति ज्ञापयितुम् । तेन स्वायंभुवमित्यादि सिद्धम् ॥ 849 ओर्गुणः । 6-4-146 ।

શકશે નહીં. વળી, નાગેશે કલ્પેલો આવો અર્થ (–ભાષ્યમાં જે પદનું પ્રયોજન ન વિચાર્યું હોય, તેના પારાયણ માત્રથી અદૃષ્ટની ઉત્પત્તિ થાય છે; એ સિવાય તેનું બીજું કોઈ પ્રયોજન ન હોઈ શકે–તેવો અર્થ) જે ભાષ્યમાં કહ્યો નથી. અને ન્યાયથી પણ જે વિરુદ્ધ છે, તે જો પ્રમાણિક હોઈ શકે તો આ (પાણિનીય) વ્યાકરણના પ્રામાણ્યમાં ઉપજીવ્ય (ઉપકારક) બનનારાં પૂર્વના વ્યાકરણોમાં પઠિત વચનો, કે જે સૌત્રજ્ઞાપકથી સિદ્ધ થનાર અને અભિયુક્તોની પરંપરાથી વર્ણિત અર્થોવાળાં છે, તેને ભાષ્યાનુક્ત હોવાને કારણે અપ્રમાણિક કહેવાં તે માત્ર માત્સર્ય-જન્ય છે એમ કહેવું જ પૂરતું ગણાશે[૨૪] આમ, પુરુષોત્તમદેવે ભાષ્યાનુક્ત પરિભાષાઓ સ્વીકારીને શિષ્ટ રૂપોની સિદ્ધિ કરવાનો જે પ્રયત્ન કર્યો છે તે વ્યવહારુ હોવાની સાથે સમુચિત અને યુક્તિ યુક્ત પણ છે.

---

૨૪. यत्तु–प्रत्याख्यातानामदृष्टार्थपारायणादौ विनियोग इति, तदविचारितरमणीयम् । अदृष्टं हि वेदैकप्रमाणकम् । न च ईदृशानि पाणिनीयानि वाक्यानि पठेत् इति वेदोऽस्ति । पाणिनेः सादित्वेन ततः पूर्वमेतद्वेदस्याबोधकत्वप्रसङ्गात् । यद्यपि "ब्राह्मणेन निष्कारणो धर्मः षडङ्गो वेदोऽध्येयो ज्ञेयश्च । महाभाष्य आ० 1 । इति भाष्योक्ता श्रुतिः प्रमाणं भवेत्, तथापि सा दृष्टप्रयोजना । अध्ययनसंस्कृतेन वेदेन फलवदर्थावबोधं संपादयेदिति वेदांशे तस्या अर्थातदेकरुप्याय व्याकरणांशेऽपि दृष्टसाधुत्वप्रतिपत्तिरूपप्रयोजनत्वमेव युक्तम् । न त्वदृष्टार्थत्वम् । 'यस्य दृष्टं न लभ्यते स्यात्तस्यादृष्टकल्पना' इति न्यायात् । किं च अदृष्टार्थत्वं कल्प्यमानमपि अङ्गाध्ययनत्वेन कल्प्येत । अङ्गात्वं च व्याकरणत्वादिना । व्याकरणत्वं च शब्द साधुत्वप्रतिपत्तिप्रयोजकशब्दत्वम् । न च तत् शब्दसाधुत्वप्रतिपत्यनुपयोगिषु प्रत्याख्यातपदेषु विद्यते, येन तेषां तादृशश्रुतिबलाददृष्टार्थता कल्पेत ईदृशश्चार्थो भाष्यानुक्तो न्यायापेतश्च त्वया कल्प्यमानो यदि प्रामाणिकः, तदैववैयाकरणप्रामाण्योपजीव्यानां पूर्वव्याकरणपठितवचनानां भाष्यानुक्तानामपि सौत्रज्ञापकसिद्धत्वेनाभियुक्तपरंपरया वर्ण्यमानानामर्थानामप्रामाणिकत्ववचनं तेषु मात्सर्यमात्रनिबन्धनमिति दिक् ॥

परिभाषा–85; श्रीमच्छेषाद्रिसुधीकृतः परिभाषाभास्करः;

परिभाषासंग्रहः पृ० 447.

પુરુષોત્તમદેવે પાણિનીય પરિભાષાઓ એકત્ર કરી તેની ઉપર સ્વતંત્ર ગ્રન્થ રચવાની જે પ્રવૃત્તિ આરંભી છે, તે ખરે જ પ્રશંસનીય છે અને પાણિનીય વ્યાકરણને સીધી ઉપયોગી છે. તદ્ ઉપરાંત પુરુષોમત્તદેવની "લઘુપરિભાષાવૃત્તિ" આ સન્દર્ભમાં એટલી પર્યાપ્ત છે કે જેનાથી પાણિનીય પરિભાષાઓને અને પરિભાષાઓનાં જ્ઞાપક, પ્રયોજનને સ્પષ્ટ રૂપે સમજી શકાય છે. આવા આ 'લઘુપરિભાષાવૃત્તિ' ગ્રન્થથી પૂર્વભારતના સીરદેવાદિ વૈયાકરણો આકર્ષાયાં છે, એટલું જ નહિ પણ કાશીની વૈયાકરણ પરંપરામાં નાગેશ ભટ્ટ જેવા મૂર્ધન્ય વૈયાકરણ પણ પાણિનીય પરિભાષાઓ ઉપર 'પરિભાષેન્દુશેખર' જેવો ગ્રન્થ લખવા પ્રેરાયા છે, તે હકીકત જ પુરુષોત્તમદેવની સિદ્ધિની દ્યોતક છે.

પ્રકરણ ૧૬

ઉપસંહાર

પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ના વિવેચનાત્મક અધ્યયનના ઉપલક્ષ્યમાં પાણિનીય પરિભાષાઓ વિશે અગાઉ આપણે જે ગવેષણાત્મક અને સર્વતોમુખી વિચારણાઓ કરી તેનો નિષ્કર્ષ આ પ્રમાણે છે :

૧. પાણિનિએ અષ્ટાધ્યાયીમાં પોતે જ કેટલાંક પરિભાષાસૂત્રો રજૂ કર્યાં છે. જેવાં કે, तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । 1-1-66 तस्मादित्युत्तरस्य । 11-1-67. અહીં, અમુક સૂત્ર એ પરિભાષાસૂત્ર છે એવું સ્વયં પાણિનિએ જણાવ્યું નથી. આ સન્દર્ભમાં પહેલ-વહેલો નિર્દેશ વાર્તિકકારે કર્યો છે કે स्वरितेनाधिकारः । 1-3-11 અને अणुदित्सवर्णस्य चाप्रत्ययः । 1-1-69 સૂત્રો એ પરિભાષાસૂત્રો છે. વાર્તિકકારે આવાં પરિભાષાસૂત્રો કેવા પ્રકારનું કાર્ય કરે છે, તેનો અભ્યાસ કરીને જણાવ્યું છે કે આ પરિભાષાસૂત્રો 'નિયમાર્થ' હોય છે. બીજી તરફ ભાષ્યકાર પતંજલિએ આવાં પરિભાષાસૂત્રોનું પ્રવૃત્તિ-સ્વરૂપ કેવું છે, તેનો અભ્યાસ કરીને જણાવ્યું છે કે પરિભાષાસૂત્રો 'પરાર્થ' હોય છે. અર્થાત્ પ્રદીપ જેમ સમગ્ર ઘરને પ્રકાશિત કરે છે તેમ પરિભાષાઓ પણ એક-દેશમાં રહીને સકળ શાસ્ત્રને ઉપકારક બની રહે છે. એટલે કે આવાં પરિભાષા-સૂત્રો અષ્ટાધ્યાયીનાં બીજાં વિધિસૂત્રોની સાથે જોડાઈને અસંદિગ્ધ સૂત્રાર્થ રજૂ કરે છે. બીજાં કેટલાંક પરિભાષાસૂત્રો અષ્ટાધ્યાયીનાં બે સૂત્રો વચ્ચે જ્યારે સંઘર્ષ ઊભો થાય ત્યારે અર્થાત્ કોઈ એક લક્ષ્યમાં અન્યત્ર ચરિતાર્થ થયેલાં બે સૂત્રોની યુગપત્ પ્રવૃત્તિ પ્રાપ્ત રહે ત્યારે તે બે સૂત્રો વચ્ચેના બલાબલભાવને નક્કી કરી કોની પહેલી પ્રવૃત્તિ કરવી, કોની પછી કરવી અથવા કોની પ્રવૃત્તિ ન કરવી ? તેનો નિર્ણય કરી આપનારાં હોય છે.

છ પ્રકારના સૂત્રોમાંથી આ પરિભાષાસૂત્રોનું વૈલક્ષણ્ય એ રીતે છે કે પરિભાષાસૂત્રો વિધિસૂત્રોની જોડાઈને તે તે વિધિસૂત્રોનો સકળ વાક્યાર્થબોધ કરાવી આપે છે, છતાંય તે અધિકારસૂત્ર નથી કે નથી સંજ્ઞાસૂત્ર. બીજું, અહીં નોંધવું જોઈએ કે વાર્તિકકાર અને ભાષ્યકારે આ પરિભાષાસૂત્રોને અનુક્રમે

નિયમાર્થ અને પરાર્થ કહ્યાં હોવાથી (૧) अनियमे नियमकारिणी परिभाषा ।, (૨) परिभाषा पुनरेकदेशस्था सती सर्वं शास्त्रमभिज्वलयति प्रदीपवत् । એવી પરિભાષાની બે વ્યાખ્યાઓ પ્રચલિત થવા પામી છે.

ભાષ્યકારે કેટલાંક સંજ્ઞાસૂત્રો અને અતિદેશ સૂત્રોને પણ પરાર્થત્વ સામાન્યને કારણે પરિભાષાસૂત્રો કહ્યાં છે. જેમકે, येन विधिस्तदन्तस्य । 1-1-72 અને आद्यन्तवदेकस्मिन् । 1-1-21. આથી અમુક સૂત્રને પરિભાષાસૂત્ર ગણવું કે અતિદેશસૂત્ર ગણવું અથવા તો સંજ્ઞાસૂત્ર ગણવું એ વિષે મતભેદો ઊભા થયા હોય એમ જણાય છે. 'કાશિકાવૃત્તિ'માં આનું સ્પષ્ટ પ્રતિબિંબ પડયું છે. ઉદાહરણ તરીકે-

(क) परश्च । 3-1-1 अयमप्यधिकारो योगे योगे उपतिष्ठते, परिभाषा वा ।

(ख) आद्युदात्तश्च । 3-1-2 अयमप्यधिकारः, परिभाषा वा ।

(ग) प्राग्दीव्यतोऽण् । 4-1-82 अधिकारः, परिभाषा विधिर्वेति त्रिष्वपि दर्शनेष्वपवादविषयं परिहृत्याण् प्रवर्तते ।

આવાં બધાં મળીને કુલ ૨૯ સૂત્રોને પરિભાષાસૂત્ર તરીકે ઓળખાવવામાં આવ્યાં છે.

આ પરિભાષાસૂત્રો જ્યારે નિયમ રજૂ કરે છે ત્યારે તે કેવા પ્રકારનો નિયમ રજૂ કરે છે ? તે વિશે વિચારતાં જણાય છે કે પરિભાષાઓનું, મીમાંસાદર્શનમાં પ્રચલિત 'પરિસંખ્યા' રૂપ નિયમત્વ નથી. પરંતુ व्रीहीन् अवहन्ति । ની જેમ આર્થનિયમત્વ છે.

આવાં પરિભાષાસૂત્રોથી સમગ્ર અષ્ટાધ્યાયીની ગ્રન્થવ્યવસ્થા અને સૂત્રનાં અર્થઘટનાદિ ઉપર પૂરો પ્રકાશ પડતો નથી. આથી પાણિનિનાં જ પરિભાષાસૂત્રોમાંથી સૂચન લઈને વાર્તિકકાર અને ભાષ્યકારાદિએ બીજાં કેટલાંક પરિભાષાવચનો શોધી કાઢયાં અને કેટલાંક નવાં ઉમેર્યાં. તથા ભાષ્યકારના સમય પછી તો ભાષ્યકારનાં જ બીજાં કેટલાંક વચનોને પણ 'પરિભાષા' તરીકે સ્વીકારવામાં આવ્યાં. આમ, પાણિનીય પરિભાષાઓનો એક સમૂહ તૈયાર થયો. તેની ઉપર પ્રાચીન સમયમાં કોઈ અજ્ઞાત વૈયાકરણે 'પરિભાષાસૂચન'ની રચના કરી છે. પરંતુ આ કૃતિ વૈયાકરણ સમુદાયમાં પ્રચલિત બની નથી. આ પરિભાષાવૃત્તિ પછી છેક બારમા સૈકામાં પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરામાં પુરુષોત્તમદેવ નામના એક 'વૈયાકરણગજપંચાનન'નો ઉદય થયો, કે જેમણે આ 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચના કરી. એક રીતે વિચારતાં એમ જણાય છે કે પુરુષો-

ત્તમદેવે પાણિનીય પરિભાષાઓ ઉપર સ્વતન્ત્ર વૃત્તિ લખવાનો એક નવો પ્રવાહ શરૂ કર્યો છે. જેવી રીતે ભર્તૃહરિએ 'વાક્યપદીય'ની રચના કરીને વ્યાકરણના દાર્શનિક સ્વરૂપની અને શબ્દાર્થનિર્ણયની વિચારણા હાથ ધરી છે, તેમ પુરુષોત્તમદેવે પાણિનીય પરિભાષાઓને ભાષ્ય, 'કાશિકા'દિમાંથી એકત્ર કરીને પરિભાષાઓનાં અર્થ, પ્રયોજન, જ્ઞાપક, પ્રવૃત્તિપ્રદેશાદિ વિશે સર્વાંગીણ વિચારણા કરતો એક વ્યાખ્યાનગ્રન્થ રચવાનો નવો પ્રવાહ શરૂ કર્યો છે. પાણિનીય પરિભાષાઓ ઉપર સ્વતંત્રપણે વિચાર કરવાની આ પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'થી પ્રારંભાયેલી નવી પ્રવૃત્તિ છેક સત્તરમી સદીના નાગેશ ભટ્ટ સુધી જીવંત રહી છે. બારમી સદીમાં પુરુષોત્તમદેવે રચેલી 'લઘુપરિભાષાવૃત્તિ'માં એકસો વીસ પરિભાષાઓને એકત્ર કરીને તેની ઉપર સર્વાંગીણ વ્યાખ્યાન રજૂ થયું. ત્યાર પછી પચાસ વર્ષના સમયગાળા દરમ્યાન સીરદેવ નામના બીજા એક બૌદ્ધ વૈયાકરણ પુરુષોત્તમદેવની કૃતિની અગત્ય અને મહત્ત્વ જોઈને 'બૃહત્પરિભાષાવૃત્તિ' નામનો ગ્રન્થ લખવા પ્રેરાયા છે અને તેમના પગલે પગલે નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશે પણ અનુક્રમે 'પરિભાષાવૃત્તિ', 'પરિભાષાભાસ્કર' અને 'પરિભાષેન્દુશેખર'ની રચના કરી.

૨. પ્રા. કે. વી. અભ્યંકરજીએ 'પરિભાષાસંગ્રહ'માં "વ્યાડિકૃત પરિભાષાસૂચન" એવા શીર્ષક નીચે ૯૩ પરિભાષાઓ ઉપરની એક પરિભાષાવૃત્તિ રજૂ કરી છે. પ્રા. અભ્યંકરજીના મતે તો આ કૃતિ વ્યાડિની જ છે અને તે વ્યાડિ એ જ સંગ્રહકાર દાક્ષાયણ વ્યાડિ પોતે છે. પરંતુ આ મત વિવાદાસ્પદ છે. કારણકે આ કૃતિમાં ક્યાંય તેના કર્તાનું-વ્યાડિનું નામ ઉલ્લેખાયું નથી. તથા કૃતિના અંતે इति व्याडीय परिभाषावृत्तिः सम्पूर्णा । એમ કહ્યું છે. इति व्याडिकृतं परिभाषासूचनं समाप्तम् । એમ કહ્યું નથી. અહીં 'વ્યાડીય' શબ્દનો અર્થ ધ્યાનમાં લેતાં એમ જણાય છે કે વ્યાડિની શિષ્યપરંપરામાંથી તેમના કોઈ અનુયાયીએ, વ્યાડિએ એકત્ર કરેલી પરિભાષાઓ ઉપર આ પરિભાષાવૃત્તિ રચી હશે. બીજું જો અભ્યંકરસાહેબ એમ માનતા હોય કે અમુક પરિભાષાઓનું જ્ઞાપકાદિ પ્રમાણ ભાષ્યકાર ઉપસ્થિત નથી કરતા, તેનું કારણ એ છે કે ભાષ્યકાર એમ માનીને ચાલે છે કે તેમના વિદ્યાર્થીને-મહાભાષ્યના અધ્યેતાને 'પરિભાષાસૂચન'ની માહિતી છે. તો આ અભિપ્રાયની સામે એક જ પ્રશ્ન પૂછવાનો છે: ગુણગ્રાહી ભાષ્યકારે દાક્ષાયણ વ્યાડિના 'સંગ્રહ' ગ્રન્થની નોંધ લીધી, બલ્કે शोभना खलु दाक्षायणस्य कृतिः । કહીને પ્રશંસા કરી અને 'પરિભાષાસૂચન'-નું નામ શા માટે ન ઉચ્ચાર્યું ? જો વ્યાડિએ આવી કોઈ પરિભાષાવૃત્તિ રચી

હોય તો ભાષ્યકાર અચુક પોતાની ચર્ચાના સમર્થનમાં કે 'પરિભાષાસૂચન'નું ખંડન કરવા માટે તેનો ઉલ્લેખ કરે જ. આ સિવાય ત્રીજી એક વિગત એ પણ નોંધવા જેવી છે કે આ કૃતિની ભાષ્યકારે તો નોંધ નથી જ લીધી. પરંતુ બીજા કોઈ વૈયાકરણે પણ તેની નોંધ લીધી હોય તેવું જાણમાં નથી. હરિભાસ્કરે જે જણાવ્યું છે કે બધી પરિભાષાઓ વ્યાડિ મુનિએ રચી છે એમ કેટલાક કહે છે. તો આ પણ બહુ પાછળનો ઉલ્લેખ છે અને વળી, હરિભાસ્કરને પોતાને તો તેની જાતમાહિતી નથી જ, કારણ કે તેમણે "કેટલાક આમ કહે છે" એમ કહ્યું છે.

તદુપરાંત આ કૃતિ ભાષ્યકાર પછીની હોય એમ પણ જણાતું નથી. કેમકે આ કૃતિમાં સિદ્ધાન્તકોટિની ચર્ચા નથી. અર્થાત્ પરિભાષાઓ ઉપરનું વ્યાખ્યાન પરિપક્વ નથી. જો ભાષ્યની રચના થયા પછી આ ગ્રન્થ રચાયો હોય તો આ સ્થિતિ ન હોય. ભાષ્યની રચના પછીનો એક પણ વ્યાકરણ-ગ્રન્થ એવો નહીં હોય કે જેણે ભાષ્યનો પ્રત્યક્ષ કે પરોક્ષ ઉલ્લેખ ન કર્યો હોય. બીજી તરફ, આ કૃતિ વાર્ત્તિકકારપૂર્વેની હોય એમ પણ જણાતું નથી. જો કે પ્રા. અભ્યંકરજીએ તેને વાર્ત્તિકકારની પણ પૂર્વે મૂકી છે. પરંતુ આ કૃતિમાં કેટલાંક વાર્ત્તિકો અને વાર્ત્તિકકારનો સ્પષ્ટ ઉલ્લેખ છે અને પદકાર ના નામોલ્લેખ સાથે બીજા એક વાર્તિકનો ઉલ્લેખ છે. તેથી એવું માનવાને કારણ છે કે આ કૃતિ વાર્ત્તિકકાર પછી રચાઈ હશે. પ્રા. કાર્દોનાએ પણ પ્રા. અભ્યંકરજીના મતને એકદમ સ્વીકારી લેવાની ના કહી છે. આમ, આ 'પરિભાષાસૂચન' ગ્રન્થ ભાષ્યકાર પૂર્વે અને વાર્ત્તિકકારની પછી રચાયો છે. અને કોઈ અજ્ઞાતકર્તાએ તેને સંગ્રહકાર વ્યાડિના નામે ચઢાવી દીધો છે, એમ હાલ પૂરતું સ્વીકારીને આગળ વધવું રહ્યું.

આ સિવાય, વ્યાડિના નામે જે એક પરિભાષાપાઠ મળી આવે છે, તે પણ શ્રદ્ધેય નથી. કેમકે તેની પ્રાચીનતા વિવાદાસ્પદ છે. જેમકે, 'પરિભાષાસૂચન'માં ન હોય તેવી બીજી ઘણી પરિભાષાઓ આ પાઠમાં ઉમેરાઈ છે એમ સ્પષ્ટ જણાય છે. અર્થાત્ આ પાઠમાં પ્રાચીનતા અને અર્વાચીનતા બન્નેના અંશો દેખાઈ આવે છે. આમ, આ પરિભાષાનું એકકર્તૃત્વ અને સમય સંદિગ્ધ છે.

વ્યાડિને નામે મળતા 'પરિભાષાસૂચન'ની વિશેષતા વિશે વિચારતાં એમ જણાય છે કે તે કૃતિના શીર્ષકમાંથી સૂચવાય છે એ પ્રમાણે જે તે પરિભાષાના વ્યાખ્યાનમાં તેના જ્ઞાપકની ચર્ચા તરફ વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

અહીં પરિભાષાઓનાં જે જ્ઞાપકો નિર્દેશવામાં આવ્યાં છે તે ઘણે ભાગે ભાષ્યથી જુદાં પડે છે. આમ, આ ગ્રન્થ પ્રાચીન એટલે કે ભાષ્યપૂર્વેનો છે એમાં તો કોઈ સંદેહ નથી. છતાંય પરવર્તી કોઈપણ પરિભાષાવૃત્તિકારને તેની માહિતી હોય એમ સ્પષ્ટ જણાતું નથી. તે ભાષ્યકારની પહેલાં જ વૈયાકરણ સમુદાયમાંથી વિસ્મૃત થયો હોય એમ જણાય છે.

૩. પાણિનિનાં પરિભાષાસૂત્રો અને વ્યાડિને નામે મળતું 'પરિભાષાસૂચન' એ પછી, પાણિનીય પરિભાષાઓના અભ્યાસનું મહત્ત્વનું સાધન હોય તો તે છે મહાભાષ્ય, અહીં વાર્ત્તિકકાર અને ભાષ્યકાર બંનેના પ્રયત્નથી રજૂ થયેલું પરિભાષાવ્યાખ્યાન વિપુલ પ્રમાણમાં મળી રહે છે. વાર્ત્તિકકારે પાણિનિનાં સૂત્રો ઉપર ઉક્ત, અનુક્ત અને દુરુક્ત ચિંતા પ્રવર્તાવવા માટે પોતાનાં વાર્ત્તિકોમાં ઘણી પરિભાષાઓને ઉલ્લેખી છે. આવા ઉલ્લેખો વિવિધ પ્રકારે કરવામાં આવ્યા છે. જેમકે, કેટલીક પરિભાષાઓનો પ્રતીકાત્મક નિર્દેશ કર્યો છે. ઉદાહરણ તરીકે सन्निपात लक्षणत्वात् । अन्तरङ्गबलीयस्त्वात् । एकान्तस्तत्रोपलब्धेः । अपवादत्वात् । આવી પરિભાષાઓથી મહદંશે ઉક્તચિંતા અર્થાત્ સૂત્રોના અર્થઘટનની ચર્ચા કરવામાં આવી હોય છે. કેટલીક પરિભાષાઓનો પાણિનિનાં સૂત્રોમાં દોષદર્શનાર્થે ઉપન્યાસ કરવામાં આવ્યો હોય છે. ઉદાહરણ તરીકે, ङ्याब्ग्रहणमनर्थकं प्रातिपदिकग्रहण लिङ्गविशिष्टस्यापि ग्रहणात् ॥ બીજી તરફ, કેટલીકવાર પાણિનિનાં સૂત્રોને મદદ કરવા અપૂર્વવચન રૂપે પણ કેટલાંક અનુક્તચિંતા પ્રવર્તક વાર્ત્તિકો રજૂ થાય છે. જે પાછળથી પરિભાષારૂપે ઓળખાયાં છે. ઉદાહરણ તરીકે, यस्मिन् विधिस्तदादावल्ग्रहणे ।

કાત્યાયનના વાર્ત્તિકોમાં ઘણી મોટી સંખ્યામાં પાણિનીય પરિભાષાઓ નોંધાઈ છે. પરંતુ અહીં કાત્યાયને ભાગ્યે જ પરિભાષાના જ્ઞાપક-પ્રમાણ કે પ્રયોજન આદિની ચર્ચા કરી છે. અપવાદ રૂપ તેમણે એક-બે પરિભાષાના જ્ઞાપકો નિર્દેશ્યા છે. ઉદાહરણ તરીકે, आङि परश्वचनं तु ज्ञापकमन्तरङ्गबलीयत्वस्य । તથા પાંચ-સાત પરિભાષાઓનાં પ્રયોજનો અને દોષોની વિગતે નોંધ લીધી છે. ઉદાહરણ તરીકે,

૧. प्रत्ययग्रहणं यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य । (1-4-13 वा-7, 8)
૨. कृद्ग्रहणेन गतिकारकपूर्वस्यापि ग्रहणम् । (1-4-13 वां-9, 10)
૩. प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । (4-1-1 वा-4, 5)

આના અનુસન્ધાનમાં ભાષ્યકાર પતંજલિએ પરિભાષા વિષયક જે વિસ્તૃત

વ્યાખ્યાન કર્યું છે તે નોંધપાત્ર છે. તેમણે લગભગ તમામ પરિભાષાઓનાં જ્ઞાપકો અને લોકન્યાયાદિ પ્રમાણો નિર્દેશવાનો પ્રયત્ન કર્યો છે. આ પરિભાષાઓના જ્ઞાપકાદિ પ્રમાણો નિર્દેશવાની સાથે સાથે તેમણે એ પણ નિર્દેશ્યું છે કે અમુક પરિભાષા અપૂર્વ-વચન રૂપે કરવી જોઈએ એમ જો કોઈ (વાર્તિકકાર) કહેતું હોય તો તે ઉચિત નથી. ઘણી બધી પરિભાષાઓનું અસ્તિત્વ સ્વીકારીને પાણિનિએ પોતાનાં સૂત્રો રચ્યાં છે એવા જ્ઞાપકનિર્દેશો મળી આવે છે. પરિભાષાનાં જ્ઞાપક ન મળતાં હોય તેને પતંજલિએ લોકન્યાયાદિથી સિદ્ધ થતી વર્ણવી છે. પરિણામે કોઈને એવી શંકા ન થાય કે આ પરિભાષાવચનો 'અષ્ટાધ્યાયી'માં આચાર્ય પાણિનિએ ઉચ્ચાર્યાં નથી, માટે ઉપાદેય હશે કે અનુપાદેય ? જ્ઞાપકાદિ પ્રમાણો નિર્દેશ્યા પછી આવી શંકા નિર્મૂળ થઈ જાય છે. પતંજલિને મન જ્ઞાપકસિદ્ધ પરિભાષા એટલે પાણિનિને વિદિત અને સમ્મત એવી, સૂત્રતુલ્ય ઉપાદેય પરિભાષા. પતંજલિએ નિર્દેશ્યું છે કે ળણ્ । 6 એવા માહેશ્વરસૂત્રમાં અનુબંધ રૂપે ણ્ કારને બીજીવાર જોડીને પાણિનિએ ભાષ્યવ્યાખ્યાનની આવશ્યકતા અને પ્રામાણિકતા સ્વીકારી છે. આથી તેઓ ક્યારેક પોતાના વચન સામર્થ્યથી પણ અમુક પરિભાષાઓ નિર્દેશે છે. ઉદાહરણ તરીકે, अस्त्रीप्रत्ययेनानुपसर्जनेन । कार्यकालं संज्ञापरिभाषम् । यथोद्दिशं संज्ञापरिभाषम् ।

આમ, પાણિનીય પરિભાષાઓની પ્રમાણ-ચર્ચા કરીને પતંજલિએ પાણિનીય પરિભાષા સાહિત્યને બહુ મોટું જીવનબળ સમર્પ્યું છે એમ કહી શકાય.

પરિભાષાઓના વ્યાખ્યાનના સન્દર્ભમાં ભાષ્યકારની બીજી મહત્ત્વની કામગીરી એ છે કે તેમણે લગભગ તમામ પરિભાષાનાં પ્રયોજનો અને દોષોની વિગતે ચર્ચા કરી છે અને દોષોના પરિહાર અર્થે પરિભાષાઓના શબ્દદેહમાં અંશતઃ ફેરફાર પણ કર્યો છે. અથવા તો તે પરિભાષાના અપવાદ-વચનો રજૂ કરે છે. જેમકે, (૧) धातोः स्वरूपग्रहणे तत्प्रत्यय एव कार्यसंविज्ञानम् । ને બદલે તેમણે धातोः कार्यमुच्यमानं तत्प्रत्यये भवतीति । એવો પાઠ નિર્દેશ્યો છે. (૨) अभ्यासविकारेष्वपवादा नोत्सर्गान् विधीन् बाधन्ते । ને બદલે તેમણે अभ्यासविकारेषु बाधका न बाधन्ते । એમ કહ્યું છે. તથા प्रत्ययग्रहणे यस्मात्स प्रत्ययो विहितस्तदादेस्तदन्तस्य च ग्रहणं भवति । એવી પરિભાષા વાર્તિકકારે (1-4-3, वा-7) રજૂ કરી, પણ આ પરિભાષાને અનવદ્ય બનાવવા માટે ભાષ્યકારે ष्यङः संप्रसारणम्० । 6-1-13 સૂત્રભાષ્યમાં अस्त्रीप्रत्ययेनानुपसर्जनेन । એવું અપવાદવચન રજૂ કર્યું છે. આ અપવાદવચનમાંથી स्त्रीप्रत्यये चानुपसर्जने न । એવી પરિભાષા પ્રચારમાં આવી.

આ સિવાય બીજો એક અગત્યનો મુદ્દો એ છે કે અમુક પરિભાષાઓ સ્વીકારવાથી દોષો ઊભા થતા હોય એટલે કે અનિષ્ટાપત્તિ થતી હોય તો વાર્તિકકાર તો કહેશે કે આવી પરિભાષા ન કરશો. પણ તેવે પ્રસંગે ભાષ્યકારે વ્યવહારુ દૃષ્ટિકોણ અપનાવીને કહ્યું છે કે ના, દોષો છે માટે પરિભાષા ન કરવી એમ નહીં. મૃગ હોય તેથી જવ ન રોપવા કે ભિક્ષુકો હોય તેથી રાંધવું નહીં, એમ નહીં. અર્થાત્ દોષોનો ઉપયાન્તરથી પરિહાર કરવો જોઈએ અથવા દોષાપત્તિના સ્થળોએ તે તે પરિભાષાને અનિત્ય માનવી; પણ પરિભાષાથી જે ઇષ્ટસિદ્ધિ થતી હોય તેને જતી ન કરવી.

પતંજલિએ એક પરોક્ષ રીતે પણ પાણિનીય પરિભાષાસાહિત્યને બહુ મોટી ત્રીજી મદદ કરી છે. તેમણે ભાષ્યમાં જે અનેક શાસ્ત્રચર્ચાઓ કરી છે તેમાંનાં અમુક વાક્યો પાછળથી પરિભાષા રૂપે ઓળખાતાં થયાં છે. કેટલાંક જ્ઞાપક-વચનો, જેમકે;

૧. वार्णादाङ्ग् वलीयः । 74
૨. समासान्तो विधिरनित्यः । 82
૩. अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लूयप् बाधते । 54

કેટલાક લોકન્યાયો, જેવા કે;

૧. पर्जन्यवल्लक्षणप्रवृत्तिः । 86
૨. प्रत्येकं वाक्यपरिसमाप्ति ज्ञंया । 29
૩. क्वचित् समुदायेन वाक्यपरिसमाप्तिः । 30

અને કેટલાંક ચર્ચાવાક્યો, જેવાંકે;

૧. असति संभवे बाधनं भवति । 21
૨. अस्ति च संभवो यदुभयं स्यात् । 22
૩. सत्यपि संभवे बाधनं भवति । 23
૪. अभेदकाः इह शास्त्रे गुणा : । 57

પાછળથી પરિભાષારૂપે પ્રચલિત થયાં છે. આમ, મહાભાષ્યમાંથી વિપુલ સંખ્યામાં પરિભાષાઓ મળી રહે છે. તમામ પાણિનીય પરિભાષાપાઠો અને પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં મહાભાષ્યની જ પરિભાષાઓને મોટી સંખ્યામાં સ્વીકારવામાં આવી છે. તથા પરિભાષાવૃત્તિ ગ્રન્થોમાં પરિભાષાનાં જ્ઞાપક, પ્રયોજનાદિની વ્યાખ્યાન સામગ્રી પણ મહાભાષ્યમાંથી જ લેવામાં આવી છે. આથી, પાણિનીય પરિભાષા સાહિત્યને માટે મહાભાષ્ય ગંગોત્રી સમાન ગ્રન્થ બની રહ્યો એમ કહેવું જોઈએ.

૪. પાણિનીય પરિભાષાઓનું કર્તૃત્વ અને સમયનિર્ણય એ બહુ નહીં ચર્ચાયેલો વિષય છે. વર્ષો પૂર્વે ગોલ્ડસ્ટુકરે નિર્દેશ્યું છે કે જે પરિભાષાનુ જ્ઞાપક પાણિનિનાં સૂત્રોમાંથી મળી રહેતું હોય તેને પાણિનિપૂર્વેની પરિભાષારૂપે, પાણિનિને સમ્મત એવી પરિભાષા રૂપે સ્વીકારવી જોઈએ. ભાષ્યકાર જે પરિભાષાને इति- કરણથી અર્થાત્ ઉદ્ધરણ સ્વરૂપે નોંધતા હોય તે પરિભાષાને ભાષ્યકારપૂર્વેની માનવી. દા.ત. व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेनेति । અને જે પરિભાષા इति-કરણ વિના નિર્દેશી હોય, જેમકે. बहुन्नी हौ तद्गुणसंविज्ञानमपि । અને પતંજલિની કૃતિ માનવી જોઈએ.

આના અનુસન્ધાનમાં આપણે પ્રકરણ પાંચમાં જોયું છે કે પાણિનીય પરિભાષાઓ જુદા જુદા સમયગાળામાં રચાતી આવી છે. જેમકે કેટલીક પરિભાષાઓ પાણિનિપૂર્વેથી પ્રચલિત છે અને પાણિનિને સમ્મત છે. કેટલીક પરિભાષાઓ પાણિનિ અને વાર્ત્તિકકાર કાત્યાયનની વચ્ચેના સમયની છે આવી પરિભાષાઓ કદાચ વ્યાડિની પણ હોઈ શકે. જો કે પુરાવાના અભાવમાં આ એક કલ્પના જ ગણાય. ત્યાર પછી કેટલીક પરિભાષાઓ વાર્ત્તિકકારની પોતાની હોય અને બીજી કેટલીક પરિભાષાઓ ભાષ્યકારની કૃતિ હોય એમ જણાય છે. અહીં પાણિનિપૂર્વેની, પાણિનિ પછી અને કાત્યાયન પૂર્વેની, કાત્યાયનની પોતાની તથા પતંજલિની પરિભાષાઓ તેમનો સમયગાળો તથા કર્તૃત્વ નક્કી કરવા માટે આટલા પ્રશ્નો પૂછવા જોઈએ :

(૧) શું અમુક પરિભાષા જ્ઞાપકસિદ્ધા છે ? જો પાણિનિનાં સૂત્રોમાંથી જ્ઞાપક મળી રહેતું હોય તો તેવી પરિભાષા પાણિનિને વિદિત અને માન્ય હતી એમ નક્કી થાય. કારણકે આવાં જ્ઞાપક–વાક્યાન્તરની કલ્પના–વિના અમુક સૂત્રો કે સૂત્રનિર્દેશોને ઉપપન્ન કરી શકાતાં નથી. ભાષ્યકારે જ જણાવ્યું છે કે અમુક સ્થિતિ સિદ્ધ હોય છતાંય આરંભવામાં આવેલો વિધિ જ્ઞાપકાર્થે હોય છે.

પરંતુ અહીં જ્ઞાપકસિદ્ધ પરિભાષાઓને 'પાણિનિપૂર્વેની પરિભાષા' તરીકે સ્વીકારવા બાબતે થોડોક વિવાદ છે. કાશીની વૈયાકરણ પરંપરાના નાગેશાદિભાષ્યોક્ત જ્ઞાપક ઉપરથી સિદ્ધ કરવામાં આવતી પરિભાષાને સમ્મત અર્થાત્ તે પાણિનિપૂર્વેની છે એમ માનવા તૈયાર છે. પરંતુ જો ભાષ્યાનુક્ત જ્ઞાપકથી કોઈ પરિભાષા સિદ્ધ કરવામાં આવતી હોય તો તેને પાણિનિને સમ્મત ન માનવી. બીજી તરફ શેષાદ્રિ સુધી આનો ઊહાપોહ કરીને જણાવે છે કે ભાષ્યાનુક્ત જ્ઞાપકથી સિદ્ધ થતી પરિભાષાને પણ પાણિનિ-સમ્મત માનવી અને તેનું પ્રત્યાખ્યાન ન કરવું. નાગેશના કહેવા મુજબ તો ભાષ્યમાં જે પદો કે અક્ષરોના પ્રયોજનની વિચારણા ન કરવામાં

આવી હોય તેનું 'માત્ર પારાયણ કરવાથી જે અદૃષ્ટની પ્રાપ્તિ થાય છે' તે એક જ પ્રયોજન છે. અર્થાત્ ભાષ્યકારે જે સૂત્રો કે પદોનાં પ્રયોજન ન વિચાર્યાં હોય તેના ઉપરથી જ્ઞાપક વચનની કલ્પના ન કરવી. શેષાદ્રિ સુધીએ આનો યુક્તિયુક્ત પરિહાર કર્યો છે. તેમણે જણાવ્યું છે કે વ્યાકરણનું સીધું અને સ્પષ્ટ પ્રયોજન શબ્દોનું અન્વાખ્યાન કરવું, શબ્દપ્રયોગોનું સાધુત્વબોધન કરવું એ જ છે. અને "ભાષ્યાનુક્ત (ભાષ્યકારે જે પદોના પ્રયોજન ન વિચાર્યા હોય તેવા)- પદોનું પ્રયોજન તેમના પારાયણથી માત્ર અદૃષ્ટની ઉત્પત્તિ થવી એ છે" એમ કહેવામાં પણ શું પ્રમાણ છે? એવું કાંઈ ભાષ્યમાં કહ્યું નથી.

આના અનુસન્ધાનમાં વળી, કેટલાક વિદ્વાનો એવો મત પણ ઉચ્ચારે છે કે આ જ્ઞાપકવચનો તે પંડિતોનું તર્કપુરસ્સરનું બુદ્ધિવિલસિત માત્ર છે. તેના ઉપરથી 'અમુક જ્ઞાપકવચન પાણિનિને જ્ઞાત હતું' એવું ન કહી શકાય.

પરંતુ અહીં એમ જણાય છે કે જો 'અમુક જ્ઞાપકવચન પાણિનિને સમ્મત હતું.' એવું નથી સ્વીકારતા તો અષ્ટાધ્યાયીનાં ઘણાં સૂત્રો અને સૂત્રનિર્દેશો અનર્થક બની જાય છે અને ભાષ્યકાર તો કહે છે કે પાણિનિના શાસ્ત્રમાં કશું અનર્થક હોવું શક્ય નથી. આવાં સૂત્રો કે સૂત્રનિર્દેશો એવું અનુમાન કરવા પ્રેરે છે કે અમુક પ્રકારની વ્યવસ્થા પાણિનિ પોતાના અષ્ટાધ્યાયીમાં સ્વીકારીને ચાલે છે. બીજું, પાણિનિની પૂર્વે જો અન્ય વ્યાકરણનું અસ્તિત્વ આપણે સ્વીકારવું પડતું હોય તો એવું માનવાને કારણ છે કે તે વ્યાકરણમાંની અમુક પરિભાષાઓથી જે વ્યવસ્થા કરવામાં આવતી હતી તે પાણિનિના સમયમાં પ્રચલિત હતી અને પાણિનિને સમ્મત પણ હતી. અને આ જ કારણે તેમણે તેવી પરિભાષાને અષ્ટાધ્યાયીમાં સૂત્ર રૂપે રજૂ કરી નથી. આથી પાણિનિ પોતાના સમયમાં પ્રચલિત પરિભાષાઓને સ્વીકારીને ચાલ્યા હશે એમ કહેવામાં કશું અસંગત નથી. અલબત્ત, તર્કને આશ્રયે જે જ્ઞાપકવચનની કલ્પના કરવામાં આવે તેના શબ્દો અને પાણિનિના સમયમાં જે વ્યવસ્થા પ્રચલિત હોય તેના શબ્દોમાં ફેર હોઈ શકે.

(૨) અમુક પરિભાષા કેવા પ્રકારના વાર્તિકમાં અને કેવા સ્વરૂપે રજૂ થઈ છે? આ પ્રશ્ન પૂછવાથી તે પરિભાષા કાત્યાયનપૂર્વેની છે કે કાત્યાયનની પોતાની કૃતિ છે, તેનો જવાબ મળે છે. ક. જો પરિભાષા અનુક્તચિંતા પ્રવર્તક વાર્તિકમાં રજૂ થઈ હોય તો તે કાત્યાયનની પોતાની કૃતિ હોય છે. દા. ત. येन विधिस्तदन्तस्य । 1-1-72 સૂત્ર ઉપર यस्मिन् विधिस्तदादावल्ग्रहणे । ખ. જો ઉક્ત કે દુરુક્ત ચિંતા પ્રવર્તક વાર્તિકમાં અને પંચમ્યન્ત નિર્દેશથી અર્થાત્

લીલવાક્ય સ્વરૂપે રજૂ થઈ હોય તો તેને કાત્યાયનપૂર્વેની પરિભાષા માનવી. પરંતુ આવી પરિભાષા તો પાણિનિપૂર્વેની પણ હોઈ શકે. માટે અહીં પાણિનિ પછી અને કાત્યાયનની પૂર્વે કઈ પરિભાષા હોઈ શકે તે શોધવા એ જોવું પડશે કે કાત્યાયનના ઉક્ત કે દુરુક્તચિંતા પ્રવર્તક વાર્નિકમાં પંચમ્યન્ત નિર્દેશથી રજૂ થયેલી પરિભાષા જ્ઞાપકસિદ્ધા તો નથી ને? જો તે પરિભાષા જ્ઞાપકસિદ્ધા ન હોય તો તે પરિભાષાને કાત્યાયનપૂર્વેની માનવી. ઉદાહરણ તરીકે — ૧. एकान्तस्तत्रोपलब्धेः । ૨. सिद्धमनुबन्धस्यानेकान्तत्वात् । આવી પરિભાષા જો વ્યાડિના 'પરિભાષા સૂચન'માં રજૂ થઈ હોય તો સંભવ છે કે તેની રચના વ્યાડિએ કરી હોય. પરંતુ આ વિષયમાં કોઈ પ્રમાણ મળતું નથી. તેથી આવી પરિભાષાનો સમયગાળો નક્કી થઈ શકે છે પણ કર્તૃત્વ અનિર્ણિત રહે છે.

(૩) જે પરિભાષા જ્ઞાપકસિદ્ધા ન હોય અને વાર્તિકમાં પણ કોઈ પણ સ્વરૂપે ન ઉલ્લેખાઈ હોય તો તેની બાકીની પરિભાષાઓ ભાષ્યકાર પતંજલિની છે એમ માનવું જોઈએ. આ પ્રકારની પરિભાષાઓમાં પતંજલિની સ્વતંત્રવાચનિકી પરિભાષાઓ અને તેમનાં અમુક ચર્ચા-વાક્યો કે જે પાછળથી 'પરિભાષા' રૂપે ઓળખાવા લાગ્યાં તેને ગણાવી શકાય. ઉદાહરણ તરીકે.

૧. यथोद्देशं संभापरिभषम् ।
૨. कार्यकालं संज्ञापरिभाषम् ।
૩. अस्त्रप्रत्ययेनानुपसर्जनेन ।
૪. परिहृत्यापवादविषयं तत उत्सर्गोऽभिनिविशते ।

આ ઉપરાંત કેટલીક પરિભાષા કે પરિભાષાના અંશો ભાષ્યચર્ચામાંથી ધ્વનિત થતાં હોય છે. એટલે કે ભાષ્યકારે કંઠરવથી તેનું ઉચ્ચારણ ન કર્યું હોય પણ તે પરિભાષાનું ભાષ્યચર્ચામાંથી સૂચન નીકળતું હોય છે. ઉદાહરણ તરીકે,

૧. सहचरितासहचरितयोः सहचरितस्यैव ग्रहणम् । 49 પરિભાષા कर्मप्रवचनीययुक्ते द्वितीया । 2-3-8 સૂત્રભાષ્યમાંથી ધ્વનિત થાય છે. અને ૨. कार्यमनुभवन् हि कार्यी निमित्ततया नाश्रीयते । પરિભાષાનો 'कार्यमनुभवन्' અંશ स्थानिवदादेशोऽनल्विधौ । 1-1-1 56 સૂત્રભાષ્યમાંથી ધ્વનિત થયેલો છે.

ભાષ્યમાં કોઈ પણ સ્વરૂપે જે પરિભાષા ન ઉલ્લેખાઈ હોય તેવી કેટલીક પરિભાષા કાશિકાદિ અથવા અપાણિનીય પરિભાષાપાઠોમાંથી આવી હોય છે દા.ત.,

૧. अबाधकान्यपि निपातनानि भवन्ति । 99
૨. संज्ञापूर्वको विधिरनित्यः । 83
૩. गणकार्यमनित्यम् । 103

આ પ્રમાણે પાણિનીય પરિભાષાઓ જુદા જુદા સમયે અને અનેક આચાર્યોના હાથે રચાઈ છે.

૫. મહાભાષ્યની રચના થયા પછી પાણિનીય પરંપરાના વૈયાકરણોમાં પરિભાષાઓ વિશેની ચર્ચા-વિચારણા બંધ પડી હોય એમ જણાય છે. મહાભાષ્યની રચના પછી છેક બારમી સદીમાં પુરુષોત્તમદેવે 'લઘુપરિભાષાવૃત્તિ' રચીને પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં પરિભાષાઓની સ્વતંત્રપણે વિચારણા કરવાની અભિનવ પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો છે. આ સમયગાળા દરમ્યાન અપાણિનીય વ્યાકરણોમાં પરિભાષાઓની ચર્ચા-વિચારણા કે પરિભાષાનો સંગ્રહ કરી તેની યાદીઓ-પરિભાષાપાઠો-બનાવવાનું કાર્ય થતું રહ્યું છે. તેના પરિણામ સ્વરૂપે આજે આપણને નિમ્નોક્ત પરિભાષાપાઠો મળી આવે છે, જેમાંથી કેટલાક પરિભાષાપાઠો ઉપર વૃત્તિ પણ રચવામાં આવી છે:

૧. શાકટાયન—પરિભાષાસૂત્રો
૨. ચાન્દ્ર પરિભાષાસૂત્રો
૩. દુર્ગસિંહકૃત કાતન્ત્રપરિભાષાસૂત્રોવૃત્તિ
૪. ભાવમિશ્રકૃત કાતન્ત્રપરિભાષાસૂત્રોવૃત્તિ
૫. કાતન્ત્રપરિભાષાસૂત્રો
૬. કાલાપપરિભાષાસૂત્રો
૭. ભોજદેવકૃત પરિભાષાસૂત્રો
૮. હેમહંસગણિ સંગૃહીત શ્રીસિદ્ધહેમચન્દ્ર વ્યાકરણનો ન્યાયસંગ્રહ.

મહાભાષ્યની રચના થયા પછી અપાણિનીય પરંપરામાં આટલી મોટી સંખ્યામાં પરિભાષાપાઠો અને પરિભાષાવૃત્તિ ગ્રંથો સતત રચાતા રહ્યા છે. તે ઉપરથી કોઈ એવું અનુમાન કરે કે આ અપાણિનીય પરંપરાની ઘણી મોટી અસર પાણિનીય પરંપરાના પરિભાષા-ગ્રન્થો ઉપર પડી હોવી જોઈએ. પરંતુ અહીં નોંધવું જોઈએ કે વસ્તુસ્થિતિ આથી વિપરીત છે. કેમકે આ તમામ અપાણિનીય પરિભાષાવૃત્તિગ્રન્થ કે પરિભાષાપાઠોમાં મહાભાષ્યમાંથી જ મહદંશે દરેક પરિભાષાઓ સ્વીકારવામાં આવી છે. તથા પાણિનિનાં જ ઘણાં સૂત્રોને તેમણે પરિભાષા રૂપે સ્વીકારી લીધાં છે. અપાણિનીય પરંપરાનું મૌલિક કહી

શકાય એવું અને જે પાણિનીય પરંપરાના ઉત્તરવર્તી પરિભાષાવૃત્તિ-ગ્રન્થકારોએ સ્વીકાર્યું હોય એવું પ્રદાન નહીંવત્ છે. આપણે અગાઉ 'પરિભાષાપાઠો' નામના પ્રકરણમાં જોયું છે કે—

૧. गणकार्यमनित्यम् । (કાતન્ત્રમાંથી)
૨. प्रकृतिग्रहणे यङ्लुगन्तस्यापि ग्रहणम् । (કાતન્ત્રમાંથી)
૩. श्रुतानुमितयोः श्रौतः सम्बन्धो बलीयान् । (ચાન્દ્રમાંથી)
૪. एकयोगनिर्दिष्टानां सह वा प्रवृत्तिः 0124 (કાતન્ત્રમાંથી)
૫. वर्त्स्यत्प्रवृत्येह कार्याणि क्रियन्ते । 96 (ચાન્દ્રમાંથી)

આટલાં અપાણિનીય પરિભાષાઓને પાણિનીય પરંપરાના પરિભાષાસમૂહમાં સ્થાન મળ્યું છે.

અહીં પાણિનીય પરંપરાના પરિભાષાવૃત્તિકારોએ આવી પરિભાષાઓનો મહદંશે શાસ્ત્રકાર્ય માટે ઉપયોગ નથી કર્યો, પણ શિષ્ટ પ્રયોગોને સાધુત્વબોધન કરવા માટે ઉપયોગ કર્યો છે. બીજું, આવી અપાણિનીય પરિભાષાઓને સ્વીકારનારા પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાના પુરુષોત્તમદેવ અને સીરદેવાદિ પરિભાષાવૃત્તિ લેખકો છે. તેમણે નિઃસંકોચપણે આવાં વચનોને સ્વીકાર્યાં છે અને તેમનો યથેચ્છ ઉપયોગ કર્યો છે. પરંતુ ઉત્તર ભારતની એટલે કે કાશીની વૈયાકરણ પરંપરામાં નીલકંઠ અને નાગેશે આવી ભાષ્યાસમ્મત, ભાષ્યવિરુદ્ધ કે ભાષ્યાનુક્ત પરિભાષાઓને પ્રત્યાખ્યાન કરી છે.

૬. વામન અને જયાદિત્યે છઠ્ઠી-સાતમી સદીમાં 'કાશિકા'ની રચના કરી. ત્યાર પછી પૂર્વભારતમાં જિનેન્દ્રબુદ્ધિ નામના એક બૌદ્ધ વૈયાકરણે 'કાશિકા' ઉપર 'કાશિકાવિવરણપંજિકા' (અર્થાત્ 'ન્યાસ')ની રચના કરી. આ સમયમાં પૂર્વભારતમાં બીજા ઘણા નોંધપાત્ર બૌદ્ધ વૈયાકરણો પાક્યા છે. તેમાંના લક્ષ્મણસેન રાજાના આશ્રિત એવા વૈયાકરણ ગજપંચનન શ્રીપુરુષોત્તમદેવે આ 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચના કરી છે. આ ઉપરાંત તેમણે બીજા પણ વ્યાકરણશાસ્ત્રના અનેક ગ્રંથો રચ્યા છે. તેમણે પાણિનિનાં અષ્ટાધ્યાયીસૂત્રોની ઉપર એક વૃત્તિગ્રંથની રચના કરી છે. તેનું નામ 'ભાષાવૃત્તિ' છે. પુરુષોત્તમદેવે પોતાની આ 'ભાષાવૃત્તિ'ને ભાગવૃત્તિ'ની સાથે સરખાવી છે. પરંતુ આ 'ભાષાવૃત્તિ' અને અન્ય વ્યાકરણના ગ્રંથોમાંથી તેમની આ 'લઘુપરિભાષાવૃત્તિ' સૌથી વધુ નોંધપાત્ર છે.

પ્રસ્તુત મહાનિબંધમાં આપણે પુરુષોત્તમદેવની આ કૃતિનો વિગતે વિવેચનાત્મક અભ્યાસ કર્યો. તેમાં આપણે જોયું તે મુજબ આ 'લઘુપરિભાષાવૃત્તિ' માં

પાણિનિના વ્યાકરણને ઉપકારક એવી સર્વતોમુખી પરિભાષાઓ રજૂ થયેલી જોવા મળે છે.

ઉદાહરણ તરીકે,

ક. સૂત્રાર્થ નિર્ણયમાં ઉપયોગી બનનારી પરિભાષાઓ:

૧. यस्मिन् विधिस्तदादावल्ग्रहणे। 75,
૨. बहुव्रीहौ तद्गुणसंविज्ञानमपि । 6
૩. प्रत्येकं वाक्यपरिसमाप्तिर्ज्ञेया । 29.

ख. કાર્યિન્નો નિર્ણય કરનારી પરિભાષાઓ:

૧. अर्थवद्ग्रहणे नानर्थकस्य । 1,
૨. एकदेशविकृतमनन्यवत् । 14,
૩. निर्दिश्यमानस्यादेशा भवन्ति । 35,
૪. प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । 18,
૫. आगमायद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । 18.

ग. અષ્ટાધ્યાયીનાં અમુક સૂત્રોને પ્રત્યક્ષ રીતે સહાયક બનનારી પરિભાષાઓ અર્થાત્ પાણિનિનાં અમુક સૂત્રોના પ્રવૃત્તિ વિષયનો સંકોચ-વિસ્તાર રજૂ કરનારી પરિભાષાઓ:

૧. उभयत आश्रये नान्तादिवत्। 51
૨. क्तल्युट्तुमुन्खलर्थेषु वासरूपविधिर्नास्ति । 76
૩. नुम्विरतृज्वद्भावेभ्यो नुट् पूर्वविप्रतिषेधेन । 108
૪. पूर्वत्रासिद्धीयमद्वित्वे । 110

घ. તદન્તવિધિ કરનારી પરિભાષાઓ, આ પરિભાષાઓ કાર્યિન્નો વિસ્તાર કરી આપનારી હોય છે:

૧. प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य । 44,
૨. स्त्रीप्रत्ययेनानुपसर्जनेन । 45,
૩. कृद्ग्रहणेन गतिकारकपूर्वस्यापि ग्रहणम् 46,
૪. ग्रहणवता प्रातिपदिकेन तदन्तविधिर्नास्ति । 78,
૫. संज्ञाविधौ प्रत्ययग्रहणे तदन्तविधिर्नास्ति । 81, વગેરે.

ડ. અનુબન્ધના વિષયમાં જરૂરી સ્પષ્ટતા કરનારી પરિભાષાઓ :

૧. नानुबन्धकृतमनेकाल्त्वम् । 11,
૨. नानुबन्धकृतमसारूप्यम् । 12,
૩. नानुबन्धकृतमनेजन्तत्वम् । 13,
૪. निरनुबन्धकग्रहणे न सानुबन्धकस्य । 36, વગેરે.

ચ. અનુવૃત્તિના સ્વરૂપને સ્પષ્ટ કરતી પરિભાષાઓ :

૧. एकयोगनिर्दिष्टानां सह वा प्रवृत्तिः सह वा निवृत्तिः । 24
૨. क्वचिदेकदेशेऽप्यनुवर्तते । 25.

છ. સૂત્રો વચ્ચેના બલાબલભાવનો નિર્ણય કરવા માટે ઉપયોગી થાય એવી પણ અનેક પરિભાષાઓ રજૂ કરી છે :

૧. सत्यपि संभवे बाधनं भवति । 23,
૨. सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तद्बाधितमेव । 39,
૩. पुनःप्रसङ्गविज्ञानात् सिद्धम् । 40,
૪. असिद्धं बहिरङ्गमन्तरङ्गे । 41,
૫. विकरणेभ्यो नियमो बलीयान् । 53,
૬. अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लूयब् बाधते । 54,
૭. वार्णादाङ्गं बलीयः । 74,
૮. अकृतव्यूहाः पाणिनीयाः प्रवर्तितमपि शास्त्रं व्यावर्तयन्ति । 104, વગેરે.

જ. શિષ્ટ-પ્રયોગોનું સાધુત્વ-બોધન કરનારી પરિભાષાઓ :

૧. संज्ञापूर्वको विधिरनित्यः । 83,
૨. अनित्यमागमशासनम् । 84,
૩. अबाधकान्यपि निपातनानि भवन्ति । 99,
૪. गणकार्यमनित्यम् । 109, વગેરે.

આમ, વિવિધ પરિભાષાઓ 'લઘુપરિભાષાવૃત્તિ'માં રજૂ થઈ છે. પુરુષોત્તમદેવે રજૂ કરેલી ૧૨૦ પરિભાષાઓમાંથી લગભગ ૮૯ પરિભાષાઓ તેમના અનુગામી સીરદેવાદિ પરિભાષાવૃત્તિકારોએ સ્વીકારી છે. આ સન્દર્ભમાં પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ' પાણિનીય વ્યાકરણને ઉપકારક એવી લગભગ બધી જ પરિભાષાઓને રજૂ કરનારો ગ્રંથ છે એમ કહેવું પડશે.

'લઘુપરિભાષાવૃત્તિ'માં પુરુષોત્તમદેવે જે પરિભાષાઓ રજૂ કરી છે; તેનો ઉપસ્થિતિક્રમ તપાસતાં માલૂમ પડે છે કે તેમની તર્કસંગત ગોઠવણ થઈ નથી. સીરદેવે 'બૃહત્પરિભાષાવૃત્તિ'માં જેવી રીતે પરિભાષાઓને બે વિભાગમાં વહેંચીને પહેલા વિભાગમાં ૧ થી ૯૯ પરિભાષાઓને જ્ઞાપકસૂત્રોના ક્રમે ઉપસ્થિત કરી છે અને બીજા વિભાગમાં ૧૦૦ થી ૧૩૦ પરિભાષાઓમાં ન્યાયસિદ્ધ પરિભાષાઓનો સમુદાય મૂક્યો છે તથા નાગેશ ભટ્ટે પરિભાષાઓને વિષયાનુસારી વિભાગીકરણ કરી 'શાસ્ત્રત્વસંપાદક-પ્રથમતન્ત્ર, બાધબીજ-દ્વિતીય તંત્ર અને શાસ્ત્રશેષાખ્ય-તૃતીયતંત્ર' એમ ત્રણ તંત્રોમાં ગોઠવી છે. તેવી રીતે પુરુષોત્તમદેવે પરિભાષાઓની ગોઠવણી વ્યવસ્થિત સ્વરૂપે કરી નથી. પરંતુ આવી ગોઠવણીનો અભાવ એ તો પરિભાષાવિષયક સ્વતંત્ર ગ્રંથો રચવાનો પ્રારંભકાળ સૂચવે છે. આપણે અગાઉ જોયું છે તે મુજબ ઉપલબ્ધ પાણિનીય પરિભાષા સાહિત્યમાં, વ્યાડિને નામે મળતાં 'પરિભાષાસૂચન'ને બાદ કરતાં પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ' સૌથી પહેલો પાણિનીય પરિભાષાઓનું વ્યાખ્યાન કરતો ગ્રંથ છે. જેવી રીતે ભર્તૃહરિએ 'વાક્ય-પદીય'ની રચના કરીને વ્યાકરણના દાર્શનિક સ્વરૂપની અને શબ્દાર્થનિર્ણયની ચર્ચા કરતાં એક નવા વ્યાકરણ પ્રવાહની શરૂઆત કરી તેમ પુરુષોત્તમદેવે પાણિનીય પરિભાષાઓ ઉપર સ્વતંત્ર વિચારણા કરતા આ ગ્રંથની રચના કરીને પાણિનીય વ્યાકરણનો એક નવો પ્રવાહ શરૂ કર્યો છે.

૭. પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં રજૂ થયેલું વ્યાખ્યાન સ્પષ્ટપણે વિષયલક્ષી છે. પરિભાષાને સમજવા માટે સીધું લક્ષ્યવેધી વ્યાખ્યાન તે રજૂ કરે છે. અહીં જે તે પરિભાષાના વિવિધ અંગોને એક પછી એક વિગતે સમજાવવામાં આવ્યા છે. જેમકે, પરિભાષાર્થ પરિભાષાનાં પ્રયોજનો, પરિભાષાનાં જ્ઞાપકાદિ પ્રમાણ, પરિભાષાનો પ્રવૃત્તિપ્રદેશ, પરિભાષાનું નિત્યાનિત્યત્વ વગેરેની ક્રમશઃ ચર્ચા કરવામાં આવી છે. આમ, પાણિનીય પરિભાષાઓને સમજવા માટે જરૂરી એવું સર્વાંગીણ વ્યાખ્યાન અહીં રજૂ થયું છે. તેમાં વિષયાન્તરને કે પૂર્વપક્ષના શંકાસ્થાનોને ઉપસ્થિત કરી વ્યાખ્યાનને કૃત્રિમ કે જટિલ બનાવવામાં આવ્યું નથી. બીજું, વ્યાખ્યાનની શૈલી પણ સરળ છે. ૧૭મી-૧૮મી સદીની ખંડન-મંડન શૈલીના યુગનો આ ગ્રંથ નહીં હોવાથી તેમાં પ્રસ્તુત વિષયનું પ્રત્યક્ષ નિરૂપણ થયું છે. આથી પાણિનીય પરિભાષાઓને સમજવા માટે આ ગ્રંથ ઉપયોગી બની રહે છે.

પરિભાષાના વ્યાખ્યાનને સરળ બનાવવા માટે પુરુષોત્તમદેવે "વ્યાકરણની અપેક્ષાએ પરિભાષા-વચન કરવું એ લાઘવયુક્ત છે." એવો સિદ્ધાન્ત સ્વીકાર્યો

છે. પરિણામે પરિભાષાનાં પ્રયોજનોને ઉપાયાન્તરે સિદ્ધ કરી બતાવીને તે પરિભાષાનું ખંડન કરવાનો ભાષ્યોક્ત સિદ્ધાંત તેમણે સ્વીકાર્યો નથી અને તેવી ભાષ્યપ્રત્યાખ્યાત પરિભાષાને 'લઘુપરિભાષાવૃત્તિમાં' રજૂ કરીને તેનું પ્રત્યાખ્યાન કર્યા સિવાય તે પરિભાષાની મદદથી ઇષ્ટરૂપોની સિદ્ધિ દર્શાવી છે, ઉદાહરણ તરીકે, नानर्थकेऽलोऽन्त्यविधिः । 93 પરિભાષાનાં પ્રયોજનોને પ્રકારાન્તરથી સિદ્ધ કરીને ભાષ્યકારે આને સ્વીકારી નથી; એવું પુરુષોત્તમદેવ જાણે છે, છતાંય તેને રજૂ કરી છે. આ જ પ્રમાણે संप्रसारणं संप्रसारणाश्रयं च कार्यं बलवत् । 103 અને अनन्त्यविकारोऽन्त्यसदेशस्य । 107 પરિભાષાઓનાં વ્યાખ્યાન પણ જોવાં જોઈએ.

આવી ભાષ્ય-પ્રત્યાખ્યાત પરિભાષાઓને પણ સ્વીકારવાનો આ દૃષ્ટિકોણ નોંધપાત્ર છે. કેમકે, કાશીની વૈયાકરણ પરંપરાના નીલકંઠ અને નાગેશે આમ કર્યું નથી. તેમણે તો પરિભાષાઓને પ્રત્યાખ્યાત કરી શિષ્ટરૂપોને ઉપાયાન્તરથી સિદ્ધ કર્યાં છે અથવા તેમણે તેવાં રૂપોને અસાધુ જાહેર કર્યાં છે. અહીં વિચાર કરતાં એમ જણાય છે કે પુરુષોત્તમદેવના સમયમાં અંતિમ-પ્રમાણ સ્વરૂપે ભાષ્યને જ સ્વીકારવું એવો મત દૃઢમૂળ થયો નથી. પુરુષોત્તમદેવના સમયમાં 'ન્યાસ' વચનને પણ અંતિમ પ્રમાણ સ્વરૂપે સ્વીકારવું એવો અભિગમ પ્રચારમાં હોય એમ જણાય છે.

પરિભાષાના વ્યાખ્યાનની આધારસામગ્રીનો વિચાર કરતાં જણાય છે કે પુરુષોત્તમદેવે ભાષ્યનો અનેક સ્થળે ઉપયોગ કર્યો છે. પરંતુ તેઓ પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાના લેખક હોવાથી તેમણે જિનેન્દ્રબુદ્ધિના 'ન્યાસ'નો પણ ઘણો ઉપયોગ કર્યો છે. વિશેષમાં અહીં એ નોંધપાત્ર છે કે પરિભાષાઓના વ્યાખ્યાન સમયે તેમણે ન્યાસવચનને ઘણું મહત્ત્વ આપ્યું છે. અગાઉ જણાવ્યું તેમ 'ન્યાસ' ને તેમણે અંતિમ પ્રમાણરૂપ માનીને ઘણાં વિધાનો કર્યાં છે. જેમકે, (૧) विभक्तौ लिङ्गविशिष्टाग्रहणम् । 27 આ પરિભાષાની પ્રમાણચર્ચાના સંદર્ભમાં પુરુષોત્તમદેવ જણાવે છે કે युवोरनाकौ । 7-1-1 સૂત્ર ઉપર ભાષ્યકારે આ પરિભાષા રજૂ કરી છે. અહીં પુરુષોત્તમદેવ એમ નથી કહેતા કે આ પરિભાષા સ્વતંત્ર વાચનિકી છે અને એટલે ભાષ્યકારના વચન-સામર્થ્યથી જ સ્વીકાર્ય છે. પરંતુ તેમણે એવું જણાવ્યું છે કે मतुवसोरु० । 8-3-1 સૂત્ર ઉપર ન્યાસકારે આ પરિભાષાને સ્વીકારી છે, એટલા માત્રથી જ (આ પરિભાષા) પ્રમાણભૂત છે. (૨) प्रत्ययाप्रत्ययोः प्रत्ययस्यैव ग्रहणम् 92. આ પરિભાષાને

વિષે પણ પુરુષોત્તમદેવ કહે છે કે ભાષ્યકારે આ પરિભાષા સ્વીકારી નથી. (અહીં પુરુષોત્તમદેવના કહેવાનું તાત્પર્ય એવું છે કે આ પરિભાષાના અસ્તિત્વમાં ભાષ્યકારે કોઈ પ્રમાણ ઉપસ્થિત કર્યું નથી.) તથાપિ विज इट् । 1-2-2 સૂત્ર ઉપર ન્યાસકારે તેને ઉપસ્થિત કરી છે અને અનુન્યાસકારે પણ वले० । 6-3-118 સૂત્રમાં (આ પરિભાષાની મદદથી) કેવળ પ્રત્યયનું જ ગ્રહણ કર્યું છે તેથી આ પરિભાષા સ્વીકાર્ય છે. આ પરિભાષા સ્વીકારવાથી પ્રત્યય-અપ્રત્યય ઉભયના ગ્રહણ પ્રસંગે સંદેહની નિવૃત્તિ કરવા માટે વ્યાખ્યાનની જરૂર રહેતી નથી.

આમ, 'લઘુપરિભાષાવૃત્તિ' એ પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાનું આદ્ય પ્રતિનિધિત્વ કરતો ગ્રંથ છે.

૮. પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'થી પ્રેરાઈને પૂર્વભારતની બૌદ્ધ પરંપરાના સીરદેવે પણ 'બૃહત્પરિભાષાવૃત્તિ' નામની એક પરિભાષાવૃત્તિ રચી. તેના નામ ઉપરથી સૂચિત થાય છે કે એ પ્રમાણે સીરદેવે પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ની સામે વિસ્તૃત એવી 'બૃહતપરિભાષાવૃત્તિ' રચવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે. અર્થાત્ પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ની અપેક્ષાએ સીરદેવની બૃહત્-પરિભાષાવૃત્તિ' કદમાં મોટી છે.

પરંતુ અહીં નોંધનીય એ છે કે સીરદેવે મહદંશે પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'નું જ અનુસરણ કર્યું છે. તેમણે પુરુષોત્તમદેવે રજૂ કરેલાં પરિભાષાનાં જ્ઞાપક, પ્રયોજન ઇત્યાદિ મહદંશે યથાવત્ સ્વીકાર્યાં છે. અને કેટલેક સ્થળે થોડાં નવાં જ્ઞાપક અને પ્રયોજનો ઉમેર્યાં પણ છે. બીજું, જ્યાં જ્યાં પુરુષોત્તમદેવથી જુદા પડીને પરિભાષાનું વિસ્તારથી વ્યાખ્યાન કર્યું છે ત્યાં ત્યાં લગભગ વિષયાન્તર કરીને સ્વપાંડિત્ય-પ્રદર્શન કરવાનો અથવા મૈત્રેયના ગ્રન્થને સ્પષ્ટ કરવાનો કે દુષિત કરવાનો સવિશેષ પ્રયત્ન કર્યો છે. સીરદેવ જ્યાં અને ત્યાં રક્ષિત-ગ્રન્થને દુષિત કરતા હોવાથી તેમના ટીકાકાર શ્રીમાન્શર્મા સીરદેવને "તન્ત્રપ્રદીપના અભિભાવક" એવું વિશેષણ આપે છે.

સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ'માં ક્યારેક પરિભાષાઓના વ્યાખ્યાનમાં વિકાસ થયેલો પણ જોવા મળે છે. ઉદાહરણ તરીકે, (૧) नानुबन्धकृतमनेकाल्त्वम् । 6 પરિભાષા ઉપર જણાવ્યું છે કે "અનુબન્ધ અવયવ છે." એવો પક્ષ સ્વીકારવાથી આ પરિભાષા રજૂ કરવી પડે છે. આ મુદ્દામાંથી સૂચન લઈને નાગેશ ભટ્ટે અનુબન્ધનું સ્વરૂપ ચર્ચતી પરિભાષાઓ अनेकान्ताः अनुबन्धाः । 4 અને एकान्ताः । 5 એવી બે પરિભાષાઓ રજૂ કરી છે. (૨)

પુરુષોત્તમદેવને અનુસરીને સીરદેવે न हि कार्यी निमित्तत्वेनाश्रीयते । 2. પરિભાષા રજૂ કરી છે. પરંતુ તેના વ્યાખ્યાનમાં જણાવ્યું છે કે પરિભાષાના પાઠમાં 'कार्यमनुभवन्नेव' એટલો અંશ ઉમેરવાની જરૂર છે. આ મુદ્દાનો નાગેશે સ્વીકાર કર્યો છે અને પરિભાષાના પાઠમાં ફેરફાર કરીને कार्यमनुभवन् हि कार्यी निमित्ततया नाश्रीयते । એવો પાઠ રજૂ કર્યો છે.

આ 'બૃહત્પરિભાષાવૃત્તિ'ની એક બીજી નોંધપાત્ર લાક્ષણિકતા એ છે કે સીરદેવે પરિભાષાઓ જે જે સૂત્રો ઉપરથી જ્ઞાપિત થાય છે તે જ્ઞાપકસૂત્રોના ક્રમે ગોઠવી છે. નવ્વાણું સુધી આવી જ્ઞાપકસિદ્ધ પરિભાષાઓને ગોઠવ્યા પછી તેમણે ૧૦૦ થી ૧૩૦ સુધીની પરિભાષાઓનો એક જુદો જ વિભાગ બનાવ્યો છે. જેમાં ન્યાયમૂલા પરિભાષાઓને મૂકી છે. આમ, સીરદેવે કોઈ એક ચોક્કસ પ્રકારની વ્યવસ્થા ઉપજાવીને પરિભાષાઓને ગોઠવવાનો પ્રારંભ કર્યો છે.

૯. ઉત્તરભારતમાં કાશીની બ્રાહ્મણ વૈયાકરણોની પરંપરામાં પણ પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ની ઘણી મોટી અસર પડી હોય એમ જણાય છે. કારણ કે પાણિનીય પરિભાષાઓ ઉપર સ્વતંત્રપણે વિચારણા કરવાની એક અભિનવ પ્રવૃત્તિનો પ્રારંભ થયો તેનાથી પ્રભાવિત થઈને નીલકંઠ દીક્ષિતે એક 'પરિભાષાવૃત્તિ'ની રચના કરી છે અને નાગેશ ભટ્ટે પણ 'પરિભાષેન્દુશેખર'ની રચના કરી છે.

નીલકંઠની 'પરિભાષાવૃત્તિ' કદમાં અત્યંત નાની છે. મહદંશે દરેક પરિભાષા ઉપર માત્ર બે-ચાર વાક્યોમાં જ વ્યાખ્યાન કરવામાં આવે છે. વિશેષે કરીને તેમાં જે તે પરિભાષા ભાષ્યમાં ક્યા સ્થળે ઉલ્લેખ પામી છે; તેવો ભાષ્ય-સન્દર્ભ જ નોંધવાનું કામ નીલકંઠે કર્યું છે. આથી આ પરિભાષાવૃત્તિ પાણિનીય પરિભાષાઓનો સર્વાંગીણ અભ્યાસ કરવા માટે 'લઘુપરિભાષાવૃત્તિ' જેટલી ઉપયોગી નથી. બીજી તરફ, આ પરિભાષાવૃત્તિના પક્ષે એક નોંધપાત્ર મુદ્દો એ છે કે નીલકંઠે કોઈક કોઈક સ્થળે 'શબ્દકૌસ્તુભ', 'પ્રૌઢમનોરમા' ઇત્યાદિ ગ્રન્થોની મદદથી પરિભાષાના અર્થ કે પરિભાષાના પ્રવૃત્ત્યાદિ વિષયક વિધાનો કર્યાં હોય છે. આ વિધાનો ખરેખર પરિભાષાની સમજૂતીના સન્દર્ભમાં એક અગત્યનો સિદ્ધાન્તવિકાસ દર્શાવે છે. ઉદાહરણ તરીકે, निर्दिश्यमानस्यादेशा भवन्ति । 5. નીલકંઠ કહે છે કે આ પરિભાષા અવયવ ષષ્ઠીના વિષયમાં પણ પ્રવૃત્ત થાય છે. આ મુદ્દાનો નાગેશે સ્વીકાર કર્યો છે.

આ પરિભાષાવૃત્તિનું બીજું ધ્યાનપાત્ર પાસું એ છે કે કાશીની વૈયાકરણ

પરંપરામાં ભાષ્યપ્રામાણ્યને જ પરાકોટિનું સ્થાન અપાયું છે; આ સ્થિતિનાં અહીં દર્શન થાય છે. પૂર્વભારતની બૌદ્ધવૈયાકરણ પરંપરાએ ભાષ્યગ્રન્થને પ્રમાણ માન્યો છે. પરંતુ કેવળ ભાષ્ય જ અંતિમ-પ્રમાણરૂપ નથી. તેમને મન ન્યાસકારાદિનું વચન પણ અંતિમ-પ્રમાણ રૂપ બની શકે છે. જ્યારે કાશીની વૈયાકરણ પરંપરાના નીલકંઠના આ પરિભાષાવૃત્તિ ગ્રન્થમાં સ્પષ્ટપણે ભાષ્ય-પ્રમાણ જ એકાન્તિક રીતે સ્વીકારાયું છે. નીલકંઠે ૧૩૧ થી ૧૪૦ સુધીની પરિભાષાઓને "પ્રક્ષિપ્તા અને નિર્મૂલા" એવા શીર્ષક નીચે મૂકી છે. આ ભાષ્યાનુક્ત અને ભાષ્યવિરુદ્ધ પરિભાષાઓનો અસ્વીકાર કરવાનો દૃષ્ટિકોણ આગળ જતાં નાગેશના 'પરિભાષેન્દુશેખર'માં સુપલ્લવિત થયો છે.

બીજું, નીલકંઠની 'પરિભાષાવૃત્તિ'માં પણ પરિભાષાઓનો ઉપસ્થિતિ ક્રમ નોંધપાત્ર છે. તેમણે સીરદેવથી જુદા પડીને પરિભાષાનો ભાષ્યોપસ્થિતિક્રમ સ્વીકાર્યો છે. ઉદાહરણ તરીકે, (૧) નાનુબન્ધકૃતમનેકાલ્ત્વમ્ । (૨) નાનુબન્ધકૃતમનેજન્તત્વમ્ । (૩) નાનુબન્ધકૃતમસારૂપ્યમ્ । એવી ત્રણેય પરિભાષાઓ દાઘાઘ્વદાપ્ । 1-1-20 સૂત્ર ઉપરના ભાષ્યમાં એક સાથે રજૂ થઈ છે. તેથી નીલકંઠે તેમને અનુક્રમે ૬, ૭, ૮ના ક્રમાંકથી પોતાની પરિભાષાવૃત્તિમાં રજૂ કરી છે. પરંતુ આ ત્રણેય પરિભાષાઓ અનુક્રમે (૧) અનેકાલ્શિત્સર્વસ્ય । 1-1-55 (૨) દદાતિદધોત્યોઃ ૦ । 3-1-139 અને ઉદીચાં માઙો વ્યતીહારે । 3-4-19 એવાં ત્રણ સૂત્રો ઉપરથી જ્ઞાપિત થતી હોવાથી સીરદેવે તેમને અનુક્રમે ૬, ૩૮ અને ૪૫ મા અનુક્રમાંકથી રજૂ કરી છે. અહીં નોંધવું જોઈએ કે નીલકંઠે માત્ર ભાષ્યોપસ્થિતિક્રમને જ અનુસરવાનું રાખ્યું છે એવું પણ નથી. કારણ કે કેટલીક પરિભાષાઓને તર્કસંગતિને ધ્યાનમાં રાખીને પણ વિષય મુજબ એકત્ર રજૂ કરી હોય છે. જેમકે, असति संभवे बाधनं भवति । 45. अस्ति च संभवो यदुभयं स्यात् । 46. सत्यपि संभवे बाधनं भवति । 47, येन नाप्राप्ते यो विधिरारभ्यते० । 48, पुरस्तादपवादा अनन्तरान्० । 49, मध्येऽपवादाः पूर्वान् विधीन्० । 50, અને अनन्तरस्य विधिर्वा भवति० । 51, પરિભાષાઓ અપવાદ વિષયક હોઈ પરસ્પર સાથે સંકળાયેલી છે. આથી તે પરિભાષાઓના જ્ઞાપકસૂત્રાંકની ઉપેક્ષા કરીને ૪૫ થી ૫૧ ના સમુદાયમાં મૂકી છે.

૧૦. સીરદેવ અને નીલકંઠની જેમ હરિભાસ્કરે (૧૭મી સદી) પણ પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'થી પ્રેરાઈને 'પરિભાષાભાસ્કર'ની રચના કરી છે. હરિભાસ્કર મૂળ ત્ર્યંબકેશ્વર (નાસિક જિલ્લા)ના રહેવાસી હતા, પણ તેમણે

વારાણસીમાં વિદ્યાભ્યાસ કરીને ત્યાં જ નિવાસ કર્યો હતો. તેમણે 'પરિભાષા-ભાસ્કર'માં કાશીની વૈયાકરણ પરંપરાના 'કૌસ્તુભ', 'મનોરમા' ઇત્યાદિ ગ્રન્થોનો અનેક સ્થળે નામોલ્લેખ કર્યો હોવા છતાંય તેઓ પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાનું અનુસરણ કરનારા છે. કેમકે ઘણે સ્થળે તેમણે સીરદેવે વિષયાન્તર કરીને રજૂ કરેલી વિદ્વત્તાપૂર્ણ ચર્ચાઓનો અનાવશ્યક સાર રજૂ કરવાનું પણ પસંદ કર્યું છે અને બીજી તરફ કાશીની વૈયાકરણ પરંપરામાં પરિભાષાવિષયક વ્યાખ્યાનમાં જે સિદ્ધાન્ત વિકાસ થયો હોય તેને સ્વીકારવાને બદલે તેના વિશે મૌન સેવ્યું છે. અને પરિભાષાઓની ગોઠવણ પણ સીરદેવની 'બૃહતપરિભાષા-વૃત્તિ'ને અનુસરીને કરી છે.

આ 'પરિભાષાભાસ્કર'નો ગ્રન્થહેતુ–ગ્રન્થપ્રયોજન–કાંઈક જુદો જ હોય એમ જણાયે છે. કારણ કે અગાઉ જણાવ્યું તેમ તેમણે કાશીની વૈયાકરણ પરં-પરાના ગ્રન્થોનો ઉપયોગ કરીને પરિભાષાના વિષયમાં સૈદ્ધાન્તિક વિકાસ દર્શાવ-નારું વ્યાખ્યાન રજૂ કર્યું નથી. અહીં હરિભાસ્કરે પાણિનીય પરિભાષાઓની મદદથી શિષ્ટ પ્રયોગોને સાધુત્વ–બોધન કરવાનો હેતુ નજર સામે રાખ્યો હોય એમ જણાય છે. ઉદાહરણ તરીકે, (૧) काञ्चनी वासयष्टिः । (परि० 33), (२) शार्वरस्य तमसो निषिद्धये । (परि० 33), (३) धृतधनुषमह्याय० । (परि० 65), (४) कीलालपः पश्य । (परि० 76) (५) पूजितो यः सुरासुरैः । (परि० 89) તથા (૬) न विश्वसेत्० । અને स चापि गदया दैत्यः सर्वा एवाहनत्पृथक् । (परि० 120) વગેરે. આમ, હરિભાસ્કરનો ગ્રન્થહેતુ પાણિનીય પરિભાષાઓને સમજવાનો કે તેના અંગે કોઈ શાસ્ત્રીય ચર્ચા કરવાનો હોય એમ જણાતું નથી. પરંતુ પરિભાષાઓની મદદથી શિષ્ટપ્રયોગોને સાધુત્વ–બોધન કરવું એ જ અહીં મુખ્યત્વે હેતુ છે.

૧૧. પુરુષોત્તમદેવે પ્રારંભેલી પાણિનીય પરિભાષાઓ ઉપર સ્વતંત્ર વ્યાખ્યાનગ્રન્થ રચવાની પ્રવૃત્તિ ૧૭મી સદીમાં નાગેશ ભટ્ટ–કૃત 'પરિભાષેન્દુશેખર'-ની રચના સાથે પૂર્ણતાને પામે છે. આ ગ્રન્થમાં નાગેશે પાણિનીય પરિભાષા-ઓના વિષયમાં ભાષ્યસમ્મત અંતિમસિદ્ધાન્તનું નિરૂપણ કર્યું છે.

આ ગ્રન્થની નોંધપાત્ર લાક્ષણિકતા જ એ છે કે તેમાં એક માત્ર ભાષ્યને જ પ્રમાણભૂત ગણીને પરિભાષાનો અર્થ, પરિભાષાનું જ્ઞાપન, પરિભાષાનો પ્રવૃત્તિ–પ્રદેશ વગેરેની ચર્ચા કરવામાં આવી છે. પરિભાષાનો શબ્દદેહ પણ તર્ક-સંગત અને ભાષ્યસમ્મત રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. ઉદાહરણ તરીકે, (૧)

यदागमास्तद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । 11. અહીં વાર્તિકકારે न वार्थवतो ह्यागमस्तद् गुणीभूतस्तद्ग्रहणेन गृह्यते यथान्यत्र ॥ (1-1-20), वा-5), એવો પાઠ રજૂ કર્યો હતો. તેમાં ફેરફાર કરી નાગેશે પૂર્વોક્ત પાઠ મૂક્યો છે. જેના પરિણામે यमुद्दिश्य आगमो विहितः० । એવો પરિભાષાર્થ પ્રાપ્ત થાય છે. પરિણામે दा ને ઉદ્દેશીને કહેવામાં આવેલી ઘુ સંજ્ઞા દાર ની થતી નથી. (૨) अभ्यासविकारेषु बाध्यबाधकभावो नास्ति । 66. આ પરિભાષાનો વાર્તિકકારે... अभ्यासविकारेष्वपवादस्योत्सर्गाबाधकत्वात् । 3-1-6 (वा-2) એવો પાઠ રજૂ કર્યો છે. પરંતુ ભાષ્યકારે તેમાં...बाध्यबाधकभावो नास्ति । એવો ફેરફાર સૂચવ્યો છે, આથી નાગેશે તેનો સ્વીકાર કર્યો છે.

નાગેશના પુરોગામી પરિભાષાવૃત્તિકારોએ પાણિનીય પરિભાષાઓનું જે વ્યાખ્યાન રજૂ કર્યું છે તથા ભાષ્યપ્રદીપમાં કૈયટે પ્રાસંગિક રીતે પરિભાષાઓ વિશે જે વિધાનો કર્યાં છે, તેની નાગેશે પુનઃ સમીક્ષા કરીને ભાષ્યસમ્મત સિદ્ધાન્તની સ્થાપના કરવાનો સવિશેષ પ્રયત્ન કર્યો છે. આ સન્દર્ભમાં पुनःप्रसङ्गविज्ञानात् सिद्धम् । 39, सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितम्० । 40, असिद्धं बहिरङ्गमन्तरङ्गे । 50, प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । 7 । ઇત્યાદિ પરિભાષાઓનાં વ્યાખ્યાન દ્રષ્ટવ્ય છે.

નાગેશના પુરોગામી પરિભાષાવૃત્તિકારોએ ક્યારેક અપાણિનીય પરિભાષાઓ સ્વીકારીને તથા ક્યારેક ભાષ્યાનુક્ત, ભાષ્યવિરુદ્ધ પરિભાષાઓ સ્વીકારીને શિષ્ટપ્રયોગોને સાધુત્વ-બોધન કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે. પરંતુ નાગેશ ભટ્ટે આવી પરિભાષાઓનું વ્યાખ્યાન કર્યું છે. આ રીતે તેમણે મહાભાષ્યકારનું એકાન્તિક પ્રમાણ પુરસ્કાર્યું છે. આ ગ્રન્થની રચના થયા પછી અદ્યાવધિ તેનાથી જ સમગ્ર ભારતવર્ષમાં પાણિનીય પરિભાષાઓનું અધ્યયન-અધ્યાપન થતું આવ્યું છે. પરંતુ પાણિનીય-પરિભાષાઓનો સ્વતંત્ર અભ્યાસ કરવો અનિવાર્ય છે એવું પહેલવહેલું નિદર્શન પુરુષોત્તમદેવની-'લઘુપરિભાષાવૃત્તિ'એ કર્યું છે, તેની અત્રે નોંધ લેવી ઘટે.

૧૨. આમ, પુરુષોત્તમદેવે ૧૨મી સદીના પૂર્વાર્ધમાં રચેલો આ 'લઘુપરિભાષાવૃત્તિ' ગ્રન્થ પૂર્વભારતની બૌદ્ધ વૈયાકરણ પરંપરાનું પ્રતિનિધિ કરનારો ગ્રન્થ છે. 'પરિભાષાસંગ્રહ'માં પ્રકાશિત થયેલ 'વ્યાડિકૃત પરિભાષાસૂચન'નું કર્તૃત્વ સંદિગ્ધ છે. તેનો સમય પ્રાચીન એટલે કે લગભગ ભાષ્યકારની પૂર્વેનો હોય તો પણ તે પાણિનીય વૈયાકરણ સમુદાયમાંથી વિસ્મૃત થયેલો છે. પરિ-

ણામે આપણે પુરુષોત્તમદેવના 'લઘુપરિભાષાવૃત્તિ' ગ્રન્થને જ પાણિનીય પરંપરાનો પહેલો પરિભાષાવૃત્તિ ગ્રન્થ કહીશું.

પુરુષોત્તમદેવે 'કાશિકા' ઇત્યાદિ વૃત્તિ-પ્રક્રિયા ગ્રન્થોને ઉપકારક એવી પાણિનીય પરિભાષાઓ ઉપર સ્વતન્ત્ર વિચારણા કરતા વ્યાખ્યાન ગ્રન્થની રચના કરવાની પ્રવૃત્તિનો પ્રારંભ 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચનાથી કર્યો છે. આ કૃતિમાં તેમણે પાણિનીય પરિભાષાના અર્થ, તેના જ્ઞાપકસૂત્રો અને લોકન્યાયાદિ પ્રમાણો, પ્રયોજનો અને પ્રવૃત્તિ-વિષય ઇત્યાદિની સર્વાંગીણ સમજૂતી રજૂ કરી છે. પાણિનીય પરિભાષાઓ ઉપર સ્વતંત્ર રીતે વિચારણા કરવાની આ પ્રવૃત્તિ અભિનવ અને સત્વશીલ હોવાથી તેને સીરદેવ, નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશાદિ વૈયાકરણો અનુસર્યા છે. સીરદેવાદિએ પણ જુદા જુદા દૃષ્ટિકોણ અને પ્રયોજનથી અનુક્રમે 'બૃહત્પરિભાષાવૃત્તિ', 'પરિભાષાવૃત્તિ', 'પરિભાષાભાસ્કર' અને 'પરિભાષેન્દુશેખર' જેવા ગ્રન્થોની રચના કરી છે. પરિણામે પાણિનીય વ્યાકરણશાસ્ત્રના 'કાશિકા', 'સિદ્ધાન્ત કૌમુદી' જેવા વૃત્તિ-પ્રક્રિયા ગ્રન્થો દ્વારા શબ્દસિદ્ધિની વિચારણા કરતો એક પ્રવાહ અને 'વાક્યપદીય', 'વૈયાકરણભૂષણ', 'વૈયાકરણસિદ્ધાન્ત-લઘુમંજૂષા' જેવા અર્થવિચારના ગ્રન્થો દ્વારા શબ્દાર્થ-નિર્ણયની ચર્ચા કરતો બીજો પ્રવાહ અસ્તિત્વમાં આવ્યો છે. તેમ પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'ની રચના થતાં પાણિનીય પરિભાષાઓની મદદથી સૂત્રાર્થ-નિર્ણય કરતા એક ત્રીજા પ્રવાહની શરૂઆત થઈ છે. આનું શ્રેય વૈયાકરણગજપંચાનન શ્રી પુરુષોત્તમદેવને ફાળે જાય છે.

॥ शुभं भूयात् ॥

પરિશિષ્ટ

(૧) અ કારાદિક્રમે પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'માં પ્રાપ્ત થતી પરિભાષાઓ.

(૨) અ કારાદિક્રમે વ્યાડિ, પુરુષોત્તમદેવ, સીરદેવ, નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશની કૃતિઓમાં મળતી પરિભાષાઓનો ક્રમાંક અને ભાષ્ય-સન્દર્ભ.

परिशिष्ट-१

अ. કારાદિક્રમે પુરુષોત્તમદેવની "લઘુપરિભાષાવૃત્તિ"માં પ્રાપ્ત થતી પરિભાષાઓ :-

१. अकृतव्यूहा : पाणिनीया : प्रवर्तितमपि शास्त्रं व्यावर्तयन्ति । 104
२. अगत्या नु परिभाषाश्रीयते । 119
३. अङ्गवृत्तेः पुनरङ्गवृत्ताववविधिर्निष्ठितस्य । 71
४. अङ्गाधिकारे तस्य तदुत्तरपदस्य च । 85
५. अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वा । 17
६. अनन्त्यविकारोऽन्त्यसदेशस्य । 107
७. अनित्यमागमशासनम् । 84
८. अनिनस्मन्ग्रहणान्यर्थवता चानर्थकेन तदन्तविधिं प्रयोजयन्ति । 77
९. अन्तरङ्गबहिरङ्गयोरन्तरङ्गं बलवत् । 43
१०. अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग्बाधते । 68
११. अन्तरङ्गानपि बिधीन् बहिरङ्गो लयब्बाधते । 54
१२. अबाधकान्यपि निपातनानि भवन्ति । 99
१३. अभेदका इह शास्त्रे गुणाः । 57
१४. अभ्यासविकारेष्वपवादा नोत्सर्गान् विधीन् बाधन्ते । 20
१५. अर्थवद्ग्रहणे नानर्थकस्य । 1
१६. अर्थाद्विभक्तिविपरिणामः । 88
१७. अवयवसिद्धेः समुदायसिद्धिर्बलीयसी । 101
१८. अव्यक्ते गुणसंदेहे नपुंसकलिङ्गं प्रयोजयेत् । 60
१९. असति संभवे बाधनं भवति । 21
२०. असिद्धं बहिरङ्गमन्तरङ्गे । 41
२१. अस्ति च संभवो यदुभयं स्यात् । 22
२२. आगमा यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते । 18
२३. इतरेतराश्रयाण्यपि हि कार्याणि प्रकल्पन्ते । 96
२४. उणादयोऽव्युत्पन्नानि प्रातिपदिकानि । 70
२५. उदित् सवर्णं गृहणाति न सवर्णमात्रम् । 89
२६. उपपदविभक्तेः कारकविभक्तिर्बलीयसी । 48
२७. उभयत आश्रये नान्तादिवत् । 51
२८. उभयनिर्देशे पच्चमीनिर्देशो बलीयान् । 63

२९. एकदेशविकृतमनन्यवत् । 14
३०. एक्योगनिर्दिष्टानां सह वा प्रवृत्तिः सह वा निवृत्तिः । 24
३१. एकानुबन्धकग्रहणे न द्व्यनुबन्धकस्य । 37
३२. औपदेशिकप्रायोगिकयोरौपदेशिकस्यैव ग्रहणम् । 4
३३. कार्यकालं संज्ञापरिभाषम् । 106
३४. कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे कार्यसंप्रत्ययः । 7
३५. कृद्ग्रहणेन गतिकारकपूर्वस्यापि ग्रहणम् । 46
३६. क्तल्युट्तुमुन्खलर्थेषु वासरूपविधिर्नास्ति । 76
३७. क्वचित् समुदायेन वाक्यपरिसमाप्तिः । 30
३८. क्वचिदपवादविषयेऽपि उत्सर्गोऽभिनिविशते । 115
३९. क्वचिदेकदेशोऽप्युनुवर्तते । 25
४०. गणकार्यमनित्यम् । 109
४१. गतिकारकोपपदानां कृद्भिः सह समासवचनं प्राक् सुबुत्पत्तेः । 47
४२. गर्भवट्टाबादयो भवन्ति । 116
४३. गामादाग्रहणेष्वविशेषः । 69
४४. गौणमुख्ययोर्मुख्ये कार्यसंप्रत्ययः । 5
४५. ग्रहणवता प्रातिपदिकेन तदन्तविधिर्नास्ति । 78
४६. चानुकृष्टमुत्तरत्र नाभिसंबध्यते । 87
४७. ज्ञापकसिद्धं न सर्वत्र । 118
४८. णौ कृतं स्थानिवद् भवति । 33
४९. तदनुबन्धकग्रहणे नातदनुबन्धकस्य । 38
५०. तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते । 19
५१. ताच्छीलिके णेऽप्यण्कृतानि कार्याणि भवन्ति । 66
५२. ताच्छीलिकेषु च वासरूपविधिर्नास्ति । 28
५३. धातोः स्वरूपग्रहणे तत्प्रत्यय एव कार्यसंविज्ञानम् । 55
५४. नञिवयुक्तमन्यसदृशाधिकरणे तथा ह्यर्थः । 97
५५. न वर्णग्रहणेषु । 2
५६. न हि कार्यो निमित्तत्वेनाश्रीयते । 95
५७. नाजानन्तर्ये बहिरङ्गप्रक्लृप्तिः । 42
५८. नानर्थकेऽलोऽन्त्यविधिः । 93
५९. नानुबन्धकृतमनेकाल्त्वम् । 91
६०. नानुबन्धकृतमनेजन्तत्वम् । 13

६१. नानुबन्धकृतमसारूप्यम् । 12
६२. निमित्तापाये नैमित्तिकस्याप्यपायः । 113
६३. निमित्तिकार्यं न तन्निमित्तस्य । 94
६४. निरनुबन्धकग्रहणे न सानुबन्धकस्य । 36
६५. निर्दिश्यमानस्यादेशा भवन्ति । 35
६६. नुमचिरतृज्वद्भावेभ्यो नुट् पूर्वविप्रतिषेधेन । 108
६७. पर्जन्यवल्लक्षणप्रवृत्तिः । 86
६८. पुनः प्रसङ्गविज्ञानात् सिद्धम् । 40
६९. पुरस्तादपवादा अनन्तरान् विधीन् बाधन्ते नोत्तरान् । 8
७०. पूर्वत्रासिद्धीयमद्वित्वे । 110
७१. पूर्वत्रासिद्धीये न स्थानिवत् । 112
७२. प्रकृतिग्रहणे ण्यधिकस्यापि ग्रहणम् । 73
७३. प्रकृतिग्रहणे यङ्लुगन्तस्यापि ग्रहणम् । 72
७४. प्रकृतिवदनुकरणं भवति । 114
७५. प्रतिपदविधानाद् योगविभागो बलीयान् । 98
७६. प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य । 44
७७. प्रत्ययाप्रत्ययोः प्रत्ययस्यैव ग्रहणम् । 92
७८. प्रत्येकं वाक्यपरिसमाप्तिर्ज्ञेया । 29
७९. प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् । 26
८०. बहुव्रीहौ तद्गुणसंविज्ञानमपि । 6
८१. भवति व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न संदेहादलक्षणम् । 120
८२. भवति हि क्रियाविशेषणानां कर्मत्वं नपुंसकत्वञ्च । 59
८३. भाव्यमानोऽण् सर्वर्णान्न गृह्णाति । 31
८४. मध्येऽपवादाः पूर्वान् विधीन् बाधन्ते नोत्तरान् । 9
८५. यथोद्देशं संज्ञापरिभाषम् । 105
८६. यस्मिन् विधिस्तदादावल्ग्रहणे । 75
८७. योगविभागादिष्टसिद्धिः । 100
८८. यो ह्यनादिष्टादचः पूर्वस्तस्य विधिं प्रति स्थानिवद्भावः । 34
८९. लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणं न तु लाक्षणिकस्य । 3
९०. लुग्विकरणालुग्विकरणयोरलुग्विकरणस्यैव ग्रहणं भवति । 67
९१. वर्णाश्रये प्रत्ययलोपलक्षणनिषेधः । 52

૯૨. वर्त्स्यत्प्रवृत्येह कार्याणि क्रियन्ते । 16
૯૩. वार्णादाङ्गं बलीयः । 74
૯૪. विकरणेभ्यो नियमो बलीयान् । 53
૯૫. विधिविधानविधिभाजां त्रयाणां संनिधाने तदन्तविधिर्भवति । 111
૯૬. विभक्तौ लिङ्गविशिष्टाग्रहणम् । 27
૯૭. व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेन । 79
૯૮. व्यवस्थितविभाषयापि कार्याणि क्रियन्ते । 62
૯૯. श्रुतानुमितयोः श्रौतः संबन्धो बलीयान् । 102
૧૦૦. संज्ञापूर्वको विधिरनित्यः । 83
૧૦૧. संज्ञाविधौ प्रत्ययग्रहणे तदन्तविधिर्नास्ति । 81
૧૦૨. संदेहे बहुवचनं प्रयोक्तव्यम् । 61
૧૦૩. संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य । 10
૧૦૪. संनियोगशिष्टानामन्यतरापाये उभयोरप्यपायः । 65
૧૦૫. संप्रसारणं संप्रसारणाश्रयं च कार्यं बलवत् । 103
૧૦૬. सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तद्बाधितमेव । 39
૧૦૭. सत्यपि संभवे बाधनं भवति । 23
૧૦૮. समासप्रत्ययविधौ तदन्तविधिप्रतिषेधः उगिद्वर्णग्रहणवर्जम् । 80
૧૦૯. समासान्तो विधिरनित्यः । 82
૧૧૦. सर्वविधिभ्य इड्विधिर्बलीयान् । 90
૧૧૧. सर्वविधिभ्यो लोपविधिर्बलवान् । 91
૧૧૨. सर्वे विधयश्छन्दसि विकल्प्यन्ते । 56
૧૧૩. सर्वो द्वन्द्वो विभाषैकवद् भवति । 50
૧૧૪. सहचरितासहचरितयोः सहचरितस्यैव ग्रहणम् । 49
૧૧૫. सांप्रतिकाभावे भूतपूर्वगतिः । 15
૧૧૬. सामान्यातिदेशे विशेषस्यानतिदेशः । 64
૧૧૭. सूत्रे लिङ्गवचनमतन्त्रम् । 17
૧૧૮. स्त्रीप्रत्ययेनानुपसर्जनेन । 45
૧૧૯. स्वरविधौ व्यञ्जनमविद्यमानवत् । 32
૧૨૦. स्वार्थिकाः प्रकृतितो लिङ्गवचनान्यतिवर्तन्तेऽपि । 58

परिशिष्ट-२

અ કારાદિક્રમે વ્યાડિ, પુરુષોત્તમદેવ, સીરદેવ, નીલકંઠ, હરિભાસ્કર અને નાગેશની કૃતિઓમાં મળતી પરિભાષાઓનો ક્રમાંક અને ભાષ્ય-સન્દર્ભ.

	(परिभाषा सूचन) व्याडि	पुरुषोत्तमदेव	सीरदेव	नीलकंठ	हरिभास्कर	नागेश	भाष्य-सन्दर्भ-
	1	2	3	4	5	6	7
1. अकृतव्यूहाः पाणिनीयाः प्रवर्तितमपि ॥	65	104	49	61	51	56	–
2. अगत्या हि खलु परिभाषाश्रीयते ॥	–	119	123	–	–	–	–
3. अङ्गवृत्तेः पुनरङ्गवृत्ताविविधिर्निष्ठितस्य ॥	34	71	91	86	94	92	6-4-130; 7-4-27
4. अङ्गाधिकारे तस्य तदुत्तरपदस्य च ॥	–	85	77	–	76	–	–
5. अतन्त्रं तरनिर्देशः ॥	66	–	–	–	–	–	2-2-34
6. अननुबन्धकग्रहणे न सानुबन्धकस्य ॥ (अथवा) निरनुबन्धकग्रहणे न सानुबन्धकस्य ॥	47	36	50	69	52	81	4-1-15: (वा-2)
7. अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वा ॥	16	17	48	51	50	61	7-2-3; (वा-2)

8. अनन्त्यविकारोऽन्त्यसदेशस्य ॥	52	107	112	94	114	95	6-1-13; (वा-5)
9. अनित्यमागमशासनम् ॥	76	84	98	87	100	93.2	–
10. अनिनस्मन्ग्रहणान्यर्थवता चानर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति ॥	–	77	65	15	67	16	1-1-72
11. अनिर्दिष्टार्थाः प्रत्ययाः स्वार्थे भवन्ति ॥	–	–	125	114	127	113	3-2-4
12. अनुदात्तेत्वलक्षणमात्मनेपदमनित्यम् ॥	–	–	–	–	–	93.4	–
13. अनेकान्ता अनुबन्धा इति ॥	–	–	–	–	–	4	1-1-20; (वा-8) 1-3-9
14. अन्तरङ्गबहिरङ्गयोरन्तरङ्गं बलवत् ॥	–	43	22	27	22	–	1-4-2; (वा-8) 6-1-108; (वा-9)
15. अन्तरङ्गविधेः प्रतिपदविधिर्बलीयान् ॥	89	–	–	–	–	–	–
16. अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो ल्यप् बाधते ॥	–	54	34	62	34	54	2-4-36
17. अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग् बाधते॥	–	68	85	63	88	52	7-2-98
18. अन्तरङ्गादपवादो बलीयान् ॥	–	–	–	–	–	57	1-3-9 (वा-7)
19. अन्वर्था हि प्रत्ययसंज्ञा ॥	–	–	–	–	128	–	3-1-1
20. अपवादो यद्यन्यत्र चरितार्थस्तर्हि अन्तरङ्गेण बाध्यते ॥	–	–	–	–	–	65	–
21. अबाधकान्यपि निपातनानि भवन्ति ॥	–	99	76	110	78	–	–
22. अभिधानलक्षणा कृत्तद्धितसमासाः ॥	72	–	–	–	–	–	–
23. अभेदका इह शास्त्रे गुणाः ॥	–	57	80	107	83	109	1-1-1 (वा-13)

24. अभ्यासविकारेष्वपवादा नोत्सर्गान् विधीन् बाधन्ते ॥ (अथवा) अभ्यासविकारेषु बाध्यबाधकभावो नास्ति ॥	20	20	96	52	98	66	7-4-82 (वा-2)
25. अर्थवद्ग्रहणे नानर्थकस्य ॥	1	1	9	11	9	14	6-4-1 (वा-11)
26. अर्थाद्विभक्तिविपरिणामः ॥	63	88	120	–	122	–	7-3-50
27. अर्धमात्रालाघवेन पुत्रोत्सवं मन्यन्ते वैयाकरणाः ॥	–	–	–	–	–	122	–
28. अलैवानर्थकेन तदन्तविधिः ॥	–	–	–	13	–	–	1-1-72
29. अवयवलोपिनामतो लोपो नास्ति ॥	88	–	–	–	–	–	–
30. अवयवसिद्धेः समुदायसिद्धिर्बलीयसी ॥	–	101	104	99	106	98	–
31. अव्यक्ते गुणसंदेहे नपुंसकलिङ्गं प्रयोजयेत् ॥	87	60	–	–	–	–	–
32. असति संभवे बाधनं भवति ॥	21	21	35	45	36	–	7-1-72
33. असिद्धं बहिरङ्गमन्तरङ्गे ॥	36-79	41	69	58	71	50	1-4-2
34. अस्ति च संभवो यदुभयं स्यात् ॥	–	22	35	46	37	–	7-1-72
35. आगमा यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते ॥ अथवा यदागमास्तद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते ॥	–	18	4	4	4	11	1-1-20 (वा-5)
36. आतिदेशिकमनित्यम् ॥	–	–	–	–	–	93.6	–
37. इतरेतराश्रयाण्यपि हि कार्याणि प्रकल्पन्ते ॥	24	96	3	3	3	–	1-1-1 (वा-8)
38. उक्तार्थानामप्रयोगः ॥	51	–	–	–	–	–	1-2-64 (वा-32) 1-2-51, 64

39. उच्चरितप्रध्वंसिनोऽनुबन्धाः ॥	11	–	–	–	–	–	–
40. उणादयोऽव्युत्पन्नानि प्रातिपदिकानि ॥	–	70	15	20	15	22	7–1–2
41. उणादयो व्युत्पन्नान्यपि ॥	–	–	–	21	–	–	–
42. उत्तरपदाधिकारे प्रत्ययग्रहणे न तदन्तग्रहणम् ॥	–	–	–	108	–	25	6–3–50 (वा–1)
43. उदित्सवर्णं गृह्णाति न सवर्णमात्रम् ॥	55	89	17	131	17	–	–
44. उपजातनिमित्तोऽप्युत्सर्ग उपजनिष्यमाण-निमित्तेन अपवादेन बाध्यते ॥	–	–	83	–	96	–	–
45. उपपदविभक्तेः कारकविभक्तिर्बलीयसी ॥	–	48	103	90	105	94	2–3–19 (वा–1)
46. उभयगतिर्भवति ॥	7	–	–	–	–	9	1–1–23
47. उभयत आश्रये नान्तादिवत् ॥	44	51	60	120	62	–	6–1–85
48. उभयनिर्देशे पञ्चमीनिर्देशो बलीयान् ॥	–	63	23	37	23	70	1–1–67 (वा–3)
49. एकदेशविकृतमनन्यवद् भवति ॥	–	14	40	125	42	37	1–1–53 (वा–9) 4–1–83
50. एकयोगनिर्दिष्टानां सह वा प्रवृत्तिः सह वा निवृत्तिः ॥ (अथवा) संनियोगशिष्टानाम्……॥	–	24	14	19	14	17	–
51. एकस्या आकृतेश्चरितः प्रयोगो द्वितीयस्यास्तृतीयस्याश्च न भविष्यति ॥	–	–	–	–	–	118	–
52. एकानुबन्धकग्रहणे न द्व्यनुबन्धकस्य ॥	46	37	51	–	53	–	–
53. एकानुबन्धकृतमनित्यम् ॥	45	–	–	–	–	–	–
54. एकान्ताः ॥	–	–	–	–	–	5	1–3–9(वा-9,14)

55. औपदेशिकप्रायोगिकयोरौपदेशिकस्यैव ग्रहणम् ॥	5	4	81	135	84	120.2	–
56, कार्यकालं संज्ञापरिभाषम् ॥	50	106	117	118	119	3	8-2-1
57. क्रियाविशेषणानां कर्मत्वं नपुंसकत्वं च ॥	–	59	54	134	56	–	–
58. कृद्ग्रहणेन गतिकारकपूर्वस्यापि ग्रहणम् ॥	93	46	62	35	64	28	1-4-13 (वा-9)
59. कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे कार्यसंप्रत्ययः ॥	6	7	101	88	103	–	1-1-23 (वा-3)
60. क्तल्युट्तुमुन्खलर्थेषु वासरूपविधिर्नास्ति ॥	–	76	36	54	38	68	3-1-94 (वा-7)
61. क्वचित् समुदायेन वाक्यपरिसमाप्तिः ॥	29	30	79	105	81	108	1-1-1 (वा-12)
62. क्वचिदुभयथा वाक्यपरिसमाप्तिः ॥	–	–	–	106	82	–	8-4-2
63. क्वचिदेकशेऽप्युनुवर्तते ॥	–	25	8	10	8	18	–
64. क्वचिदपवादविषयेऽपि उत्सर्गोऽभिनिविशते ॥	83	115	33	44	33	58	–
65. क्वचिद्विकृतिरपि प्रकृतिं गृह्णाति ॥	–	–	41	132	43	120.1	–
66. गणकार्यमनित्यम् ॥	–	109	118	92	120	93.3	–
67. गतिकारकोपपदानां कृद्भिः सह समासवचनं प्राक्सुबुत्पत्तेः ॥	138	47	32	42	32	75	4-1-48 (वा-4)
68. गर्भवट्टाबादयो भवन्ति ॥	–	116	88	139	91	–	–
69. गामादाग्रहणेष्वविशेषः ॥	–	69	105	103	107	106	1-1-20
70. गौणमुख्ययोर्मुख्ये कार्यसंप्रत्ययः ॥	4	5	100	14	102	15	1-1-6
71. ग्रहणवता प्रातिपदिकेन तदन्तविधिर्नास्ति ॥	–	78	55	71	57	31	4-1-14 (वा-1)
72. चानुकृष्टमुत्तरत्र नाभिसंबध्यते ॥	59	87	46	57	48	78	–
73. ज्ञापकसिद्धं न सर्वत्र ॥	–	118	126	119	129	116	–

74. णौ कृतं द्वित्वे न स्थानिवत् ॥	–	–	–	127	–	–	1-1-59 (वा-7,8)
75. णौ कृतं स्थानिवत् भवति ॥	–	33	95	–	97	–	1-1-59 (वा-7,8)
76. तदनुबन्धकग्रहणे नातदनुबन्धकस्य ॥	–	38	52	70	54	82	4-1-15
77. तदेकदेशभूतस्तद्ग्रहणेन गृह्यते ॥ (अथवा)	62	19	75	81	77	89	1-1-72 (वा-7)
तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते ॥	18						7-1-54
78. तद्भक्तस्तद्ग्रहणेन गृह्यते ॥	17	–	–	–	–	–	–
79. ताच्छीलिकेषु णेऽप्यण्कृतानि कार्याणि भवन्ति ॥	–	66	73	79	75	87	6-4-172
80. ताच्छीलिकेषु च वासरूपविधिर्नास्ति ॥	27	28	43	53	45	67	3-2-150(वा-2)
81. द्विबद्धं सुबद्धं भवति ॥	92	–	–	–	–	–	6-1-223
82. धातुप्रातिपदिकादनुबन्धप्रातिपदिकं बलीयः ॥	90	–	–	–	–	–	–
83. धातूपसर्गयोरन्तरङ्गं कार्यं भवति ॥	37	–	–	–	–	–	6-1-135
84. धातोः स्वरूपग्रहणे तत्प्रत्यय एव कार्यसंविज्ञानम् ॥ (अथवा)	–	55	74	80	76	88	7-2-114 (वा-2)
धातोः कार्यमुच्यमानं तत्प्रत्यय एव भवति ॥							
85. नञिवयुक्तमन्यसदृशाधिकरणे तथा ह्यर्थगतिः ॥	54	97	31	41	31	74	3-1-12
86. नञ्घटितमनित्यम् ॥	–	–	–	–	–	93.5	–
87. न निमित्तकार्यं नैमित्तिकस्य ॥	19	–	–	–	–	–	–
88. न वर्णग्रहणेषु ॥	2	2	10	12	10	–	3-4-77 (वा-2)
89. नविकरणस्वरो लसार्वधातुकस्वरं बाधते ॥	84	–	–	–	–	–	–
90. न हि कार्यी निमित्तत्वेनाश्रीयते ॥ (अथवा)	–	95	2	2	2	10	–
कार्यमनुभवन् हि कार्यी निमित्ततया नाश्रीयते ॥							

91. नाजानन्तर्ये बहिरङ्गप्रकृलृप्तिः ॥ (अथवा) बहिष्ट्वप्रकृलृप्तिः ॥	80	42	70	59	72	51	1-4-2
92. नानर्थेकेऽलोऽन्त्यविधिरनभ्यासविकारे ॥	–	93	113	95	115	96	1-1-65 (वा-2)
93. नानुबन्धकृतमनेकाल्त्वम् ॥	12	11	6	6	6	6	1-3-9
94. नानुबन्धकृतमनेजन्तत्वम् ॥	–	13	45	7	47	7	1-3-9
95. नानुबन्धकृतमसारूप्यम् ॥	13	12	38	8	40	8	1-3-9
96. निमित्तापाये नैमित्तिकस्याप्यपायः ॥	40	113	99	64	101	–	–
97. निमित्तिकार्यं न तन्निमित्तस्य ॥	19	94	–	–	–	–	3-1-1 (वा-2)
98. निर्दिश्यमानस्यादेशा भवन्ति ॥	–	35	5	5	5	12	6-4-130 (वा-3) 1-1-49
99. निषेधाश्च बलीयांसो भवन्ति ॥	–	–	–	113	–	112	1-1-63 3-1-30
100. नुमचिरतृज्वद्भावेभ्यो नुट् पूर्वविप्रतिषेधेन ॥	–	108	–	–	–	–	7-1-76 (वा-11)
101. पदाङ्गाधिकारे तस्य च तदन्तस्य च ॥	–	–	–	36	–	29	1-1-72 (वा-21)
102. परान्नित्यं बलवत् ॥	–	–	–	–	–	42	–
103. पर्जन्यवल्लक्षणप्रवृत्तिः ॥	64	86	87	111	90	111	1-2-9
104. पर्यायशब्दानां गुरुलाघवचर्चा नाद्रियते॥	–	–	122	116	124	115	–
105. पित्स्वरात्चित्स्वरो बलीयान् ॥	–	–	108	130	110	–	4-1-74
106. पुनःप्रसङ्गविज्ञानात् सिद्धम् ॥	82	40	21	26	21	39	7-4-10 (वा-3) 1-4-2
107. पुरस्तादपवादा अनन्तरान् विधीन् बाधन्ते नोत्तरान् ॥	9	8	44	49	46	59	6-1-89, 102

108. पूर्वं धातुरूपसर्गेण युज्यते पश्चात् साधनेनेत्याहुः ॥	–	–	129	28	–	–	6–1–135
109. पूर्वं धातुः साधनेन युज्यते पश्चादुपसर्गेण ॥	–	–	128	29	131	–	6–1–135
110. पूर्वं ह्यपवादा अभिनिविशन्ते पश्चादुत्सर्गाः ॥	–	–	–	–	–	62	2–3–46
111. पूर्वत्रासिद्धीयमद्विवत्वे ॥	–	110	97	126	99	117	8–1–1
112. पूर्वत्रासिद्धीये न स्थानिवत् ॥	–	112	92	128	95	–	1–1–58 (वा–3)
113. पूर्वपरनित्यान्तरङ्गापवादामुत्तरोत्तरं बलीयः ॥	–	–	–	–	–	38	–
114. पूर्वोत्तरनिमित्तकार्यात् पूर्वमन्तरङ्गोऽप्येकादेशो न ॥	–	–	–	–	–	53	6–1–85 1–4–2
115. प्रकल्प्य वापवादविषयं तत उत्सर्गोऽभिनिविशते ॥ (अथवा) परिहृत्यापवादविषयमुत्सर्गोऽभिनिविशते ॥	–	–	94	43	–	63	2–3–46
116. प्रकृतिग्रहणे ण्यधिकस्यापि ग्रहणम् ॥	70	73	90	85	93	91	
117. प्रकृतिग्रहणे यङ्लुगन्तस्यापि ग्रहणम् ॥	60	72	68	76	70	93.9	–
118. प्रकृतिवदनुकरणं भवति ॥	86	114	18	23	18	36	8–2–46
119. प्रतिपदविधानाद् योगविभागो बलीयान् ॥	74	98	110	138	112	–	–
120. प्रत्ययग्रहणे चापश्चम्याः ॥	–	–	–	32	–	24	1–1–72(वा–27)
121. प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य–ग्रहणम् ॥		44	25	31	25	23	1–4–13 (वा–7)
122. प्रत्ययाप्रत्यययोः प्रत्ययस्यैव ग्रहणम् ॥	–	92	114	98	116	102	6–4–1(वा–11)

123. प्रत्येकं वाक्यपरिसमाप्तिज्ञेया ॥	28	29	78	104	80	107	1-1-1 (वा-12)
124. प्रधानान्वाचयशिष्टयोः प्रधानशिष्टे०॥	67	–	–	–	–	–	–
125. प्रधानाप्रधानयोः प्रधाने कार्यसंप्रत्ययः ॥	–	–	102	89	104	97	–
126. प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् ॥	25	26	28	38	28	71	4-1-1 (वा-4)
127. बहुव्रीहौ तद्गुणसंविज्ञानमपि भवति ॥	8	6	42	56	44	77	6-1-1 (वा-15)
128. बाधकान्येव निपातनानि ॥	–	–	–	109	–	110	1-1-27 (वा-1)
129. भावाभावात्मको हि विकल्पः ॥	–	–	–	–	126	–	–
130. भाव्यमानोऽण् सवर्णान्न गृह्णाति ॥ (अथवा) भाव्यमानेन सवर्णानां ग्रहणं न ॥	30	31	11	16	11	19	1-1-69
131. भाव्यमानोऽप्युकारः सवर्णान् गृहणाति॥ (अथवा) उकार एवैको भाव्यमानोऽपि सवर्णान् गृहणाति ॥	31	–	–	–	–	20	6-1-185
132. मध्येऽपवादाः पूर्वान् विधीन् बाधन्ते नोत्तरान्	–	9	47	50	49	60	6-1-102
133. यं विधिं प्रत्युपदेशोऽनर्थकः स विधिर्बाध्यते ॥	48	–	–	–	–	–	8-2-72
134. यत्रानेकविधमान्तर्यं तत्र स्थानत आन्तर्यं बलीयः ॥	–	–	–	–	–	13	1-1-50
135. यथोद्देशं संज्ञापरिभाषम् ॥	–	105	116	117	118	2	1-1-11

136. यस्मिन् विधिस्तदादावल्ग्रहणे ॥	–	75	12	17	12	33	1-1-72 (वा-29)
137. यस्य च लक्षणान्तरेण निमित्तं विहन्यते तदप्यनित्यम् ॥ (अथवा) लक्षणान्तरेण प्राप्नुवन् विधिरनित्यः ॥	78	–	–	–	–	48	6-2-197
138. यस्य च लक्षणान्तरेण निमित्तं विहन्यते न तदनित्यम् ॥	–	–	–	–	–	47	3-2-3, 6-1-45
139. यस्य विधेर्निमित्तं नासौ बाध्यते ॥	49	–	–	–	–	–	8-2-72
140. युगपदधिकरणवचनो द्वन्द्वः ॥	–	–	127	–	130	–	2-2-29 (वा-2)
141. येन नाप्राप्ते यो विधिरारभ्यते स तस्य बाधको भवति ॥	42	–	–	47	–	(57)	6-1-2, 166
142. येन नाव्यवधानं तेन व्यवहितेऽपि वचनप्रामाण्यात् ॥	39	–	–	–	–	–	(7-3-44)
143. योगविभागादिष्टसिद्धिः ॥	68	100	121	115	123	114	1,,1-3 (वा-8)
144. यो ह्यनादिष्टादचः पूर्वस्तस्य विधिं प्रति स्थानिवद्भावः ॥	–	34	67	124	69	–	1-1-57 (वा-1)
145. लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणं, न तु लाक्षणिकस्य ॥	3	3	39	102	41	105	6-2-2 (वा-2)
146. लक्ष्ये लक्षणस्य सकृदेव प्रवृत्तिः ॥	–	–	–	112	–	–	6-1-84(वा-4,5)
147. लादेशेषु वासरूपविधिर्नास्ति ॥	–	–	–	–	–	69	3-1-94
148. लुग्विकरणालुगविकरणयोरलुग्विकरणस्यैव ग्रहणं भवति ॥	43	67	83	83	86	90	–

149. वर्णाश्रये प्रत्ययलोपलक्षणनिषेधः ॥	–	52	7	9	7	21	1-1-62, 1-1-58
150. वर्णाश्रये विधौ नान्तादिवत्त्वम् ॥	–	–	61	123	63	–	6-1-85 (वा-24)
151. वर्णैकदेश वर्णग्रहणेन गृह्यन्ते ॥	26	–	–	–	–	–	8-4-1, 7-3-59
152. वत्स्यत्प्रवृत्त्येह कार्याणि क्रियन्ते ॥	–	16	84	140	87	–	–
153. वसुप्रवृत्त्येह शास्त्रे कार्यं भवति ॥	15	–	–	–	–	–	–
154. वार्णादाङ्गं बलीयः ॥	–	74	66	60	68	55	6-4-78
155. विकरणेभ्यो नियमो बलीयान् ॥	–	58	19	24	19	41	1-3-12, 60
156. विधिनियमसंभवे विधिरेव ज्यायान् ॥	–	–	109	96	111	100	(6-4-49)
157. विधिविधानविधिभाजां त्रयाणां सन्निधाने तदन्तविधिर्भवति ॥	–	111	13	18	13	–	–
158. विधौ परिभाषोपतिष्ठते नानुवादे ॥	–	–	89	84	92	93.10	–
159. विभक्तौ लिङ्गविशिष्टग्रहणम् ॥	–	27	29	39	29	72	6-1-1 (वा-13)
160. व्यपदेशिवदेकस्मिन् ॥	–	–	–	–	–	30	1-1-21 (वा-2), 6-1-1 (वा-2
161. व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेन ॥	61	79	56	72	58	32	1-1-72
162. व्यवस्थितविभाषयापि कार्याणि क्रियन्ते ॥	32	62	124	93	125	99	7-4-41, 2-4-56
163. व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि सन्देहादलक्षणम् ॥	58	120	1	1	1	1	मा० सू० 6
164. शब्दान्तरस्य प्राप्नुवन् विधिरनित्यो भवति ॥	77	–	–	–	–	43	2-4-85

165. शब्दान्तरात्प्राप्नुवतः शब्दान्तरे प्राप्नुवतश्चानित्यत्वम् ॥	–	–	–	–	–	44	–
166. श्तिपा शपानुबन्धेन निर्दिष्टं यद्गणेन च ॥ यत्रैकाज्ग्रहणं चैव पञ्चैतानि न यङ्लुकि ॥	–	–	–	100	–	120.3	–
167. श्रुतानुमितयोः श्रौतः सम्बन्धोः बलीयान् ॥	–	102	107	100	109	104	–
168. श्रुतानुमितयोः श्रुतेनैव सम्बन्धः ॥	–	–	–	101	–	–	–
169. संज्ञापूर्वको विधिरनित्यः ॥	53	83	71	78	73	93.1	–
170. संज्ञाविधौ प्रत्ययग्रहणे तदन्तविधिर्नास्ति ॥	71	81	27	34	27	27	1–4–14 (वा–1)
171. संदेहे बहुवचनं प्रयोक्तव्यम् ॥	–	61	119	129	121	–	2–2–25
172. संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य ॥	10	10	64	75	66	85	1–1–39 (वा–3)
173. संनियोगशिष्टानामन्यतरापाये उभयोरप्यपायः ॥	41	65	72	77	74	86	4–1–36 6–4–153
174. संप्रसारणं संप्रसारणाश्रयं च कार्यं बलवत् ॥	–	103	59	133	61	119	6–1–17 (वा–2)
175. सकृद्गतौ विप्रतिषेधेन यद्बाधितं तद्बाधितमेव ॥	35,81	39	20	25	20	40	1–4–2
176. सत्यपि संभवे बाधनं भवति ॥	22	23	86	47	89	–	6–1–2
177. समानाश्रयमसिद्धं व्याश्रयं सिद्धं भवति	38	–	–	–	–	–	–
178. समासकृत्तद्धितेषु सम्बन्धाभिधानमन्यत्र रूढ्यभिन्नरूपाव्यभिचरितसम्बन्धेभ्यः ॥	–	–	130	त	132	–	–
179. समासप्रत्ययविधौ प्रतिषेधः, उगिद्वर्णग्रहणवर्जम् ॥	–	80	57	121	59	–	1–1–72,(वा–3,4)

180. समासान्तो विधिरनित्य ॥	75	82	63	74	65	84	6-2-197
181. समासश्च द्विपदाश्रयत्वाद्बहिरङ्गोऽपि ल्यप् बाधते ॥	–	–	–	–	35	–	–
182. समुदायेषु शब्दाः प्रवृत्ताः अवयवेष्वपि वर्तन्ते ॥	85	–	–	–	–	–	2-2-6, 24
183. सर्वविधिभ्य इड्विधिर्बलीयान् ॥	56	90	82	136	85	93.8	–
184. सर्वविधिभ्य लोपविधिर्बलवान् ॥	57	91	111	137	113	93.7	–
185. सर्वे विधयश्छन्दसि विकल्प्यन्ते ॥	–	56	24	30	24	35	3-1-85
186. सर्वो द्वन्द्वो विभाषयैकवद्भवति ॥	73	50	16	22	16	34	1-2-63
187. सहचरितासहचरितयोः सहचरितस्यैव ग्रहणम् ॥	–	49	115	99	117	103	(2-3-8)
188. सांप्रतिकाभावे भूतपूर्वगतिः ॥	14	15	37	55	39	76	7-1-10, 6-1-177
189. सामान्यातिदेशे विशेषस्यानतिदेशः ॥	91	64	106	97	108	101	6-3-67 (वा-3)
190. सूत्रे लिङ्गवचनमतन्त्रम् ॥	–	117	30	40	30	73	4-1-92 (वा-1)
191. स्त्रीप्रत्ययेनानुपसर्जनेन ॥ (अथवा) स्त्रीप्रत्यये चानुपसर्जने न ॥	–	45	26	33	26	26	6-1-13
192. स्वरभिन्नस्य प्राप्नुवन् विधिरनित्यो भवति ॥	–	–	–	–	–	49	2-4-85
193. स्वरविधौ व्यञ्जनमविद्यमानवत् ॥	33	32	53	67	55	79	6-1-223
194. स्वार्थिकाः प्रकृतितो लिङ्गवचनान्यतिवर्तन्तेऽपि ॥	–	58	58	73	60	–	5-3-68
195. हल्स्वरप्राप्तौ व्यञ्जनमविद्यमानवत् ॥	–	–	–	68	–	80	6-1-223

ग्रन्थ-सूचि

संस्कृत :

१. काशिकावृत्तिः (न्यास-पदमञ्जरीसहिता) ।
सं. द्वारिकादासः शास्त्री एवं० पं. कालिकाप्रसादशुक्लः ।
भाग : 1-6, वाराणसी, 1965.

२. काशिका (चौखम्बा संस्कृतसीरीझ), वाराणसी, 1952.

३. किरणावली । (काशीसंस्कृतसीरीझ) काशी, 1920.

४. किरातार्जुनीयम् । (चौखम्बा संस्कृत सीरीझ), वाराणसी, 1961.

५. कुमारसम्भवम् । सं. रेवाप्रसाद द्विवेदी, वाराणसी, 1966.

६. चान्द्र व्याकरणम् । (कर्ता-चन्द्रगोमिन्) भा. 1-2, सं. क्षितीशचन्द्र चैटर्जी, पूना, 1953-1961.

७. जैनेन्द्र (व्याकरण) महावृत्तिः । (भारतीय ज्ञानपीठ), सं. शंभुनाथ त्रिपाठी, काशी, 1956.

८. निरुक्तम् । सं. लक्ष्मण सरूप, दिल्ही, 1967.

९. परिभाषासंग्रहः सं. के. वी. अभ्यंकर, पूना, BORI, 1967.

१०. परिभाषेन्दुशेखरः । (वैद्यनाथपायगुण्डेकृतगदाटीकासंवलितः), आनन्दाश्रम प्रकाशन, 1913.

११. परिभाषेन्दुशेखरः । (तत्त्वादर्शाभिधया व्याख्यया समेतः), सं. के. वी. अभ्यंकर, BORI, पूना, 1962.

१२. पाणिनीयव्याकरणमहाभाष्यम् । (नवाहिनकरूपं प्रथमखण्डम्) निर्णयसागरमुद्रणालयतः, मुम्बय्यम्, 1932.

१३. पार्श्वनाथचरितम् । वादिराजसुरिकृतम् । माणिक्यचन्द्रदिगम्बर-ग्रन्थमाला । सं. मनोहरलाल शास्त्री, मुंबई. वि. सं. 1973.

१४. प्रौढमनोरमा । (शब्दरत्न सहिता) भाग-1, सं. वेङ्कटेश लक्ष्मण जोशी, पूना, 1966.

१५. बृहच्छब्देन्दुशेखरः । नागेशभट्टविरचितः । भाग-1-3, सं. सीतारामशास्त्री, वाराणसी, 1960.

१६. भट्टिकाव्यम् । (जयमङ्गला समेतम्) निर्णयसागरमुद्रणालये मुद्रितम्, मुम्बयी, 1928.

१७. भाषावृत्तिः । सं. श्रीशचन्द्र चक्रवर्ती, राजशाही, 1918,

१८. भाषावृत्तिः । (पुरुषोत्तमदेवविरचिता) सं. द्वारिकादासशास्त्री, वाराणसी, 1971.

१९. महाभाष्यदीपिका (भर्तृहरिविरचिता), सं. के. वी. अभ्यंकर एवं प्रा. वी. पी. लीमये, BORI, पूना, 1970.
२०. मीमांसादर्शनम् । (प्राज्ञपाठशाला मंडल ग्रन्थमाला), सं. केवलानन्दसरस्वती, वाई (सतारा) शक-1870.
२१. मीमांसादर्शनम् । (गुर्जर भाषाटीकायुतम्) भाष्यकारः मयाशंकरजी शर्मा, मुंबई, वि. सं. 2008.
२२. वाक्यपदीयम् । सं. के. राघवन पीलै, दिल्ही, 1971.
२३. वैयाकरणसिद्धान्तकौमुदी । भट्टोजि दीक्षितविरचिता । (बालमनोरमाख्यव्याख्यया तत्त्वबोधिन्याख्यव्याख्यया च सनाथिता) भा. 1-4, (प्रकाशकः मोतीलाल बनारसीदास) दिल्ही, 1975-1971-1965-1976.
२४. वैयाकरणसिद्धान्तकौमुदी । भट्टोजि दीक्षितवितविरचिता । (हिन्दी 'रत्नप्रभा' टीका सहिता) व्याख्याकारः पं. बालकृष्ण पञ्चोली, (चौखम्बा प्रकाशन), वाराणसी, 1969.
२५. व्याकरणमहाभाष्यम् । पतञ्जलिरचितम् । भा. 1-3, सं. कीलहोर्न, तृतीया आवृत्तिः पूना, 1962-1965-1972.
२६. व्याकरण-महाभाष्यम् । कैयटकृतप्रदीपेन नागोजी भट्टकृतेन भाष्यप्रदीपोद्योतेन व विभूषितम् । सं. वेदव्रत वर्णिन्, हरयाणा, 1963.
२७. राजतरङ्गिणी । कल्हणकृता । (हिन्दीप्रचारक संस्थान) सं. रघुनाथसिंह, वाराणसी, 1969.
२८. लौकिकन्यायाञ्जलिः । तृतीयो भागः, सं. जी. ए. जेकोब, (निर्णयसागर मुद्रणालयं मुद्रितम्), मुम्बई, 1911.
२९. शब्दभेदप्रकाशः एवं एकाक्षरकोषश्च । (निर्णयसागर मुद्रणालये मुद्रितम्) । सं. वासुदेव पणशीकर, मुंम्बई, 1929.
३०. शाकटायनव्याकरणम् । (भारतीय ज्ञानपीठ प्रकाशन) सं. शंभुनाथ त्रिपाठी, (प्रस्तावनाः विरवे आर), दिल्ही, 1971.
३१. शिशुपालवधम् । (काशी संस्कृतसीरीझ) सं. अनन्तराम शास्त्री, बनारस, सं. 1985.
३२. सार्थऋग्वेदप्रातिशाख्य, भा. 1-2, सं. पं. शिवरामशिंत्रे, मुंम्बई, 1969-1941.
३३. हारावली (संवादज्ञानरत्नाकर प्रेस) कलकत्ता, शक-1973.

English

1. A Dictionary of Sanskrit Gremmar,
   Prof. K. V. Abhyankar and Dr. J. M. Shukla, Baroda, 1977.
2. Pāṇini, Theodor Goldstücker, Varanasi, 1965.
3. Pāṇini, A Survey of Research, by George Cardona, University of Pensylvania, 1976. (Trends In Linguistics, State of the art reports–6, edited by W. Winter, University of Kiel Germany).
4. Paribhāṣeṇdus'ekhara of Nāgojibhaaṭ, Ed. F. Kielhorn, Part II, Translation and Notes, Poona, 1960.
5. A Critical Study of 'Sriharṣa's Naiṣadhiya–Caritam, A. N. Jani, M. S. University of Baroda, 1957, Baroda

हिन्दी

१. वैयाकरणसिद्धान्तकौमुदी, भट्टोजि दीक्षितकृता, पं. बालकृष्ण पञ्चोलीकृता "रत्नप्रभा" (हिन्दी) टीका समेता I, भा. 1–4, वाराणसी, 1969.

२. संस्कृत व्याकरणशास्त्रका इतिहास, लेखक : पं. युधिष्ठिर मीमांसक, भा. 1–3, हरयाणा, तृतीयसंस्करण, सं. 2030.

ગુજરાતી

૧. પાણિનીય સંસ્કૃત વ્યાકરણશાસ્ત્ર પરંપરાનો ઇતિહાસ, ડૉ. જયદેવભાઈ મા. શુક્લ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ ૧૯૭૫.

मराठी

१. परिभाषेन्दुशेखरः I, श्री ना. दा. वाडेगांवकरकृत मराठी अनुवाद, नागपुर, 1936.

२. व्याकरण–महाभाष्यम् । म. म. वासुदेवशास्त्री अभ्यंकरकृत मराठी अनुवादसहित, भा. 1–6, पूना, 1938–1951.

३. व्याकरण–महाभाष्यम् । म. म. काशीनाथ वा. अभ्यंकरकृत प्रस्तावना खण्ड, (मराठी), भाग–7 वा, पूना, 1954.

પુસ્તક વિશે

પ્રસ્તુત મહાનિબંધ–"પુરુષોત્તમદેવની લઘુ-પરિભાષાવૃત્તિનું વિવેચનાત્મક અધ્યયન"માં પાણિનિએ રચેલા સંસ્કૃત ભાષાના વ્યાકરણ ગ્રંથને ઉપકારક એવાં પરિભાષાવચનો (meta-rules) ઉપર વ્યાખ્યાન રજૂ કરતા બારમી સદીના પુરુષોત્તમદેવકૃત "લઘુપરિભાષાવૃત્તિ" ગ્રંથનો વિવેચનાત્મક અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે. પાણિનીય પરિભાષા વચનો ઉપર વ્યાખ્યાન રજૂ કરતા ગ્રંથોમાં પુરુષોત્તમદેવનો ગ્રંથ આદ્ય ગણાય છે. આ ગ્રંથના પગલે પગલે ચાલીને પાણિનીય વૈયાકરણપરંપરામાં બીજા અનેક પરિભાષાવૃત્તિ ગ્રંથો રચાયા છે. તે દરેકનો અહીં તાલનિક અને વિવેચનાત્મક અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે.